जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav™ NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

અનાદિકાલથી કર્મસંયોગને આધીન બની, અનેક ઉપમાઓ દ્વારા શાસ્ત્રકારોએ ભયંકર તરીકે ઓલખાવેલા દુઃખમય, દુઃખફલક, અને દુઃખાનુબંધી એવા આ સંસારમાં નિગોદ આદિ સ્થાનોમાં સુખાભિલાષુક હોવા છતાં દુઃખોને પ્રાપ્ત કરી પરિભ્રમણ કરતાં જીવોના એકાન્ત અને નિઃસ્વાર્થ ઉપકારના અર્થે શાસનની સ્થાપના કરતાં, અનંત ઉપકારી શ્રી જિનેશ્વર ભગવંતોએ, સર્વવિરતિ ધર્મ અને દેશવિરતિ ધર્મ–શ્રમણ અને શ્રાવક ધર્મનો ઉપદેશ કર્યો છે. સર્વારમ્ભના પરિત્યાગરૂપ અને ષટ્‌જીવનિકાયને અભયદાન આપવાસ્વરૂપ શ્રી શ્રમણ ધર્મને અંગીકાર સહુ કોઈ કરી શકે એ દુઃશક્ય છે. આ રીતિએ આરાધના કરવાને અસમર્થ પ્રાણીઓને માટે સર્વવિરતિરૂપ શ્રમણધર્મની ભૂમિકારૂપ સમ્યક્ત્વમૂલ દેશવિરતિરૂપ શ્રાવક ધર્મની પણ તે અનંત ઉપકારીઓએ પ્રરૂપણા કરી છે. મહાન્ પુણ્યોદયે પ્રાપ્ત થતા મનુષ્યભવને પામીને શ્રાવક ધર્મની આરાધના કરવાને ઉત્સુક આત્માઓને તે ધર્મમાં માર્ગદર્શન આપવાને અને ધર્મપાલનમાં સ્થિર કરવાને, અહીં રજૂ થતું સ્વોપજ્ઞવૃત્તિ સમલંકૃત શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ એક અનુપમ સાધન છે. કોઈ પણ ધર્મક્રિયાઓ તેનાં રહસ્યોને યથાર્થ રીતિએ સમજીને કરવામાં આવે તો અનેકગુણા ફલને અર્પનારી બને છે. આ ગ્રન્થરત્નમાં ફરમાવાયેલ જૈનત્વને જીવનારા સકલ જૈનો બની જાય તો સ્વાર્થ, પ્રપંચ અને હિંસાના ઝેરીલા વાતાવરણથી ખદબદતા આ વિશ્વમાં આદર્શ જીવનનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પડે.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

## શ્રાદ્ધવિધિ પ્રકરણ અને તેની સ્વોપજ્ઞ ટીકા.

શ્રાવક ધર્મને અંગે વિધિવાદનું નિરૂપણ કરતાં ગ્રન્થરત્નોમાં શ્રાદ્ધવિધિ પ્રકરણ અગ્રસ્થાન ધરાવે છે. તેની રચના પ્રાકૃત ભાષામાં થયેલી છે. તેની ફકત સત્તર જ ગાથાઓ છે. આ સત્તર ગાથાઓમાં પણ ગ્રન્થકારે, પ્રતિપાદ્ય વિષયોને અતિ સંક્ષેપથી છતાં સુસ્પષ્ટપણે સમાવી દીધા છે.

આ પ્રકરણના ઉપર ગ્રન્થકારે પોતે જ 'શ્રાદ્ધવિધિકૌમુદી' નામક છ હજાર સાતસો એકસઠ શ્લોકપ્રમાણ અતિ વિસ્તૃત વૃત્તિ સંસ્કૃત ભાષામાં રચી છે. મૂલ ગ્રન્થમાં નિર્દિષ્ટ વિષયો અને પ્રસંગાનુસાર પ્રાપ્ત થતા અનેકાનેક અન્ય વિષયોને, ટીકામાં વિસ્તૃત રીતિએ વિવેચવામાં આવ્યા છે. ૧ દિનકૃત્ય, ૨ રાત્રિકૃત્ય, ૩ પર્વકૃત્ય, ૪ ચાતુર્માસિકકૃત્ય, ૫ વર્ષકૃત્ય અને ૬ જન્મકૃત્ય એમ છ વિભાગ પાડી શ્રાવકની કરણીય ધર્મક્રિયાઓનો અને તેને લગતા વિધિવિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ક્રિયાઓ આદિને યથાર્થ રીતિએ સમજાવવા માટે, શંકાઓ ઉપસ્થિત કરી, તે શંકાઓના શાસ્ત્રાનુસારી અને યુક્તિપ્રચૂર સમાધાનો કરી નિરૂપિત વિષયોને દૃઢતર બનાવ્યા છે. ધર્મવિધિઓ બતાવવાનો જ મુખ્ય ઉદ્દેશ હોવા છતાં, પ્રસંગે વ્યાપારાદિ કેમ કરવાં? સગાસંબંધીઓ ... સ્ત્રીપુત્રાદિ પરિવાર,

માતા પિતા તથા બંધુઓ અને નગરજનો આદિ સાથે કેમ વર્તવું? ક્યારે કેવું ભોજન લેવું? મલ-મૂત્રાદિ ક્યાં ક્યારે અને કયી રીતિએ કરવા? સ્વપ્નોનું ફલવર્ણન, સ્વરોદય જ્ઞાન ઈત્યાદિ વિવિધ વ્યાવહારિક વિષયો પણ પ્રરૂપ્યા છે. સ્થલે સ્થલે નીતિવચનો અને વ્યવહાર વચનોનો ઉલ્લેખ કરી કથિતવ્યને અતિ બલવત્તર બનાવવાનો ભગીરથ પ્રયત્ન પણ ગ્રંથકારે કર્યો છે. તેમજ યથાવસર જિનાગમાદિ પંચાંગી, પૂર્વાચાર્યો કૃત પ્રકરણાદિ ગ્રંથો તથા વેદ, સ્મૃતિ, પુરાણ આદિ અનેકાનેક ગ્રંથોના પ્રમાણો આપી પોતાની બહુશ્રુતતા, વિદ્વત્તા તથા સ્વપરશાસ્ત્રવેદિતાનો અચ્છો પરિચય પણ કરાવ્યો છે. સાથે સાથે તે તે ગ્રંથોના મૂલપાઠોને ઉધ્ધૃત કરી પ્રતિપાદ્ય વિષયોના પ્રામાણ્ય પ્રત્યે શંકાશીલ બનતાં વાંચકોને નિ:શંક કરી દીધા છે.

આ શ્રાદ્ધવિધિ કૌમુદી નામક અતિવિસ્તૃત વૃત્તિની રચના વિ. સં. ૧૫૦૬માં કરવામાં આવી છે. રચનાસ્થલનો નિર્દેશ ગ્રન્થકારે કર્યો નથી. મૂલના રચનાસમયનો નિર્દેશ પણ મલતો નથી. વૃત્તિની રચના પૂર્ણ કરતાં એકાદ વર્ષનો સમય ગણીએ તો મૂલનો રચનાસમય વિ. સં. ૧૫૦૪ અથવા વિ. સં. ૧૫૦૫ અનુમાની શકાય. એ પણ સંભવિત છે કે-મૂલની રચના ઘણા વર્ષો અગાઉ થઈ હોય અને વૃત્તિ પાછલથી રચવામાં આવી હોય. વૃત્તિના સંશોધનાદિકમાં જિનહંસગણિ આદિએ સાહાય્ય કર્યાનું ગ્રન્થકારે પોતે જ અન્તપ્રશસ્તિમાં ઉલ્લેખ્યું છે.

जैन साईट

## ગ્રન્થકાર શ્રી રત્નશેખરસૂરિજી

JAINSITE

આ ગ્રન્થના કર્તા તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિજી છે. તેઓ શ્રીમદે પોતાના પૂનિત જન્મથી કયા નગર કે ગામને પવિત્ર કર્યું હતું? કયા માતાપિતાદિના કુલવંશને અલંકૃત કર્યા હતા? તેમના માતા-પિતાદિનું પુણ્ય અભિધાન તથા તેમનું સંસારાવસ્થાનું અભિધાન શું હતું? તે વિગેરે કશાનો ઉલ્લેખ ગ્રન્થકારે કર્યો નથી. આ જિજ્ઞાસાની તૃપ્તિ કરનારા અન્ય સાધનો પણ ઉપલબ્ધ થતા નથી. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીકૃત સ્વોપજ્ઞ ટીકા વિભૂષિત 'શ્રી તપાગચ્છપટ્ટાવલી' આદિ જે સાધનો પ્રાપ્ત થાય છે તેના ઉપર જ સંતોષ માનવો પડે છે.

તેઓશ્રીનો જન્મ વિ. સં ૧૪૫૭માં થયો હતો.[૧] વિ. સં. ૧૪૬૩માં દીક્ષા અંગીકાર કરી હતી. વિ. સં. ૧૪૮૩માં પંડિતપદ, વિ. સં. ૧૪૯૩માં ઉપાધ્યાયપદ અને વિ. સં. ૧૫૦૨માં સૂરિપદ પ્રાપ્ત થયું હતું. તેઓશ્રીનો કાલધર્મ (સ્વર્ગ-ગમન) વિ. સં. ૧૫૧૭ના પોષ વદ છઠના દિવસે થયો હતો.[૨] આથી એ ફલિત થાય છે કે, ૭ વર્ષની બાલ્યવયે તેઓશ્રીએ દીક્ષા અંગીકાર કરી હતી. ૨૬ વર્ષની

---

૧ તપાગચ્છપટ્ટાવલીમાં તેઓના જન્મસમયને અંગે બે મત દર્શાવ્યા છે. ૧૪૫૭ અને ૧૪૫૨ પણ તેમાંથી ૧૪૫૭ વાલો મત અધિક પ્રચલિત હોય તેમ લાગે છે, કારણ કે, તે પછીના પટ્ટાવલીકારોએ ઉક્ત બે મતોમાંથી ૧૪૫૭ ના એક જ મતનો ઉલ્લેખ કર્યો છે. જુઓ ઉપાધ્યાય શ્રી વીરવર્ધનગણિકૃત પટ્ટાવલીસારોદ્ધાર (પટ્ટાવલીસમુચ્ચય ભા. ૧, પૃ. ૧૫૬) અને અજ્ઞાતકર્તૃક શ્રી ગુરૂપટ્ટાવલી (પટ્ટાવલીસમુચ્ચય ભા. ૧, પૃ. ૧૭૨).

૨ તેમણે કરાવેલ પ્રતિષ્ઠાનો લેખ વિ. સં. ૧૫૧૭ ચૈત્ર શુદિ ૧૩નો મલે છે, તો તે પણ વિચારણીય છે. ચૈત્રાદિ હિન્દી કે ગુજરાતી વર્ષગણના ને લીધે જે ફરક પડે છે તેને લીધે પણ આમ બનવાજોગ છે. પ્રતિષ્ઠાના લેખનો સંવત હિન્દી અને સ્વર્ગગમનનો સંવત ગુજરાતી હોય તો કશી જ હરકત આવતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વયે પંડિતપદ મળ્યું હતું. ૩૬ વર્ષની વયે ઉપાધ્યાયપદ અને ૪૫ વર્ષની વયે સૂરિપદારોપણ થયું હતું. તેઓશ્રીનો સમગ્ર જીવન-કાલ ૬૦ વર્ષનો હતો.

સ્તંભતીર્થ( ખંભાત )માં બામ્બી નામના ભટ્ટે તેમને 'બાલસરસ્વતી' એવું બિરુદ આપ્યું હતું.[3]

બેદરપુર( દક્ષિણ )માં મહાન્ બ્રાહ્મણ ભટ્ટનો તેમણે પરાજય કર્યો હતો.[4]

સોમસૌભાગ્ય કાવ્ય( સર્ગ ૧૦ )માં લખ્યું છે કે–તેમને આચાર્યપદ દેવગિરિ( દોલતાબાદ )ના વ્યાપારી મહાદેવે અપાવ્યું હતું. તેમજ તેમણે સૂરિપદ–પંડિતપદ–મુનિપદ આપવાના, જિનમન્દિરોની પ્રતિષ્ઠાના, માલારોપણના તથા યોગવિધિ કરાવવા આદિ અનેક શુભ કાર્યો કર્યાં હતાં.

તેઓ યુગપ્રધાનશ્રી સોમસુન્દરસૂરિજીના શિષ્ય હતા.[5] સંતિકરં સ્તોત્રના રચયિતા સહસ્રાવધાની શ્રી મુનિસુન્દરસૂરિજીના પટ્ટધર બન્યા હતા. શ્રી ભુવનસુન્દરસૂરિજી પાસે તેમણે જ્ઞાનાભ્યાસ કર્યો હતો. શ્રી સાધુરત્નસૂરિજીના સદુપદેશથી તેમને વૈરાગ્યરંગ લાગ્યો હતો.

તેમના અસ્તિત્વ સમય દરમિયાન વિ. સં. ૧૫૦૮માં, જિનપ્રતિમા આદિનું ઉત્થાપન કરનાર લુંકા-મત પ્રવર્ત્યો હતો. લુંકામતમાં પ્રથમ વેષધારી વિ. સં. ૧૫૩૩ માં ભાણા નામક થયા હતા.

પ્રસ્તુત શ્રી રત્નશેખરસૂરિજી સિવાય બીજા પણ ત્રણ સમાન નામક આચાર્યો થયા છે. ૧ શ્રીપાલ-ચરિત્ર પ્રાકૃત તથા ગુણસ્થાનક્રમારોહ ઇત્યાદિ ગ્રન્થોના કર્તા, હેમતિલકસૂરિના શિષ્ય, બૃહદ્ગચ્છીય શ્રી રત્નશેખરસૂરિ, ૨ નાગેન્દ્રગચ્છીય શ્રી રત્નશેખરસૂરિ, ૩ પીપ્પલગચ્છીય શ્રી રત્નશેખરસૂરિ.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ગુજરાતી અનુવાદનું પ્રસ્તુત પ્રકાશન.

આ ગ્રન્થના ગુજરાતી અનુવાદના પ્રકાશનો, આ પહેલાં ૧ સુબાજી રવચંદ જેચંદ જૈનવિદ્યાશાલા, ૨ ચીમનલાલ સાંકલચંદ મારફતીયા, તથા ૩ ભગુભાઇ ફત્તેચંદ કારભારી (જૈન પત્રની કચેરી) એમ ત્રણ સ્થલેથી થયાં છે. જૈનોને જૈનમાર્ગની આરાધનામાં અનન્ય સાહાય્યક આ ગ્રન્થરત્ન, તેમ છતાં દુષ્પ્રાપ્ય હોવાથી, અનેક મહાનુભાવો તરફથી તેના સુસંસ્કૃત પુનઃ પ્રકાશન માટે ઇચ્છા વ્યક્ત થઇ રહી હતી. તેથી આ અનુવાદના સંપાદનને લગતા કાર્યનો આરમ્ભ અમે કર્યો હતો. મૂલ સંસ્કૃતગ્રન્થની સાથે શ્રી મારફતીયા અને શ્રી કારભારીના પ્રકાશનોને અર્થસંગતિ આદની દૃષ્ટિએ અક્ષરશઃ મેલવતા જે અનુવાદ અમને યોગ્ય અને મૂલાનુસારી જણાયો તેનો અમે અહીં સંપાદનમાં ઉપયોગ કર્યો છે.

---

૩ આ ઉલ્લેખનું સમર્થન શ્રી દેવવિમલગણિએ હીરસૌભાગ્ય સર્ગ ૪ શ્લોક ૧૨૮માં કર્યું છે.

૪ જુઓ સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૦ તથા ગુરુગુણરત્નાકર કાવ્ય સર્ગ ૧.

૫ શ્રી રત્નશેખસૂરિજીએ, પોતાના ગુરુ તરીકે, શ્રાદ્ધવિધિ પ્રકરણમાં, સોમસુન્દરસૂરિજીનો તથા શ્રાદ્ધપ્રતિક્રમણ-સૂત્રવૃત્તિમાં ભુવનસુન્દરસૂરિજીનો નામોલ્લેખ કર્યો છે. તેમણે કરાવેલ પ્રતિષ્ઠાના અનેકાનેક લેખોમાં 'श्री सोम सुन्दर-सूरिशिष्य श्रीरत्नशेखरसूरि' એવો ઉલ્લેખ પ્રાપ્ત થતો હોવાથી તેમના ગુરુ તરીકે ઉપર અમે શ્રી સોમસુન્દરસૂરિ-જીનો ઉલ્લેખ કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંપાદનમાં બન્ને અનુવાદોનું મિશ્રણ કરવામાં આવ્યું છે. આમાં આપવામાં આવેલા આગમાદિ સાક્ષીપાઠોના અર્થ અંગે જ્યાં અમને સંગતિ ન જણાઇ ત્યાં તેના મૂલગ્રન્થોનુ પર્યવેક્ષણ કરી તથા ટીકાદિ સાહિત્યને અવલોકી અનુવાદને શુદ્ધ અને પ્રામાણિક બનાવવાનો યથાસાધ્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે. અર્થ કરવામાં પણ ઉક્ત બન્ને અનુવાદમાં ભૂલો હતી તેનું પરિમાર્જન આ સંપાદનમાં કર્યું છે. તદુપરાંત ભાષાનો ઘટતો ફેરફાર કરીને અનુવાદને સુસ્પષ્ટ, સુવાચ્ય અને સરલ બનાવવાનો યથામતિ–યથાશક્ય પ્રયત્ન અમે કર્યો છે. તેમ છતાં આમાં રહેલી ઊણપોનો અમને ખ્યાલ છે. અને અમારી ધારણા મુજબનું સંપાદન થઇ શક્યું નથી તેની અમને દિલગીરી પણ છે જ.

આના સંપાદન-સંશોધનમાં અમૂલ્ય સહાય્ય કરનાર, પૂ. ગુરૂદેવ શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના તો અમે સદાય ઋણી છીએ જ.

ગુજરાતી અનુવાદના સંપાદન–સંશોધનનું અમારું આ પ્રથમજ કાર્ય હોઇ, આમાં રહેલી અપૂર્ણતાઓ અને અશુદ્ધિઓને દરગુજર કરી, વિરતિધર્મની યથાર્થ આરાધનાદ્વારા, ભવ્યાત્માઓ અનન્ત અને શાશ્વત સુખના ભોક્તા બનો એ શુભાભિલાષા સાથે આ પ્રસ્તાવનાને અહિં જ વિરામ આપીયે છીએ.

પૂના કેમ્પ
પોષ વદ ૬ ગુરૂવાર
વિ. સં. ૨૦૦૫

પૂ. આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વર–ચરણચંચરીક
મુનિ વિક્રમવિજય.
મુનિ ભાસ્કરવિજય.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### શ્રાદ્ધવિધિ પ્રકરણ–સટીકના ગુજરાતી અનુવાદની

# વિષય-સૂચી.

## પ્રથમ-પ્રકાશ : : દિનકૃત્ય.


ટીકાનું મંગલાચરણ ... ... ... ૧
ટીકા કરવાનું પ્રયોજન ... ... ... ૨
ગ્રન્થનું મંગલાચરણ ... ... ... ૨
આ ગ્રન્થમાં જે જે દ્વારોનું વર્ણન કરવાનું છે, તેનાં નામ ... ... ... ૩
ગામડાના કુલપુત્રનું દૃષ્ટાંત ... ... ૪
શ્રાવકના એકવીશ ગુણ ... ... ... ૬
શુકરાજની કથા ... ... ... ... ૮
શુકરાજના પૂર્વભવનું વૃત્તાંત ... ... ૨૧
શત્રુંજયતીર્થના એક સો આઠ નામો ... ૨૫
કથાન્તર્ગત શ્રીદત્ત કેવલીનો પૂર્વભવ ... ૩૩
દશ પ્રકારના સત્ય ... ... ... ૪૮
શ્રાવકનું સ્વરૂપ ... ... ... ૬૯
ભાવ શ્રાવકના ત્રણ ભેદ... ... .... ૬૯
સુરસુન્દર કુમાર શેઠની પાંચ સ્ત્રીઓનાં દૃષ્ટાંત... ૭૦
શ્રાવકના પ્રકાર ... ... ... ૭૩
શ્રાવક શબ્દનો અર્થ ૭૫
જાગૃત થવાનો સમય અને પ્રાતઃ વિચારણા... ૭૭
જાગૃત થતાં તપાસવાનાં તત્ત્વ ... ... ૭૮
પાંચ તત્ત્વની સમજ ... ... ... ૭૯
તત્ત્વોનો અનુક્રમ ... ... ... ૮૦
તત્ત્વોનો કાલ ... ... ... ૮૦
તત્ત્વમાં કરવાનાં કાર્યો ... ... ... ૮૦
તત્ત્વોનું ફલ ... ... ... ૮૦
[illegible]નાડી વહેતે કરવા યોગ્ય કાર્યો ... ૮૧
સૂર્યનાડી વહેતે કરવા યોગ્ય કાર્યો ... ૮૧
સૂર્યનાડીમાં વિશેષ કરવા યોગ્ય કાર્યો ... ૮૨
નવકાર ગણવાની રીતિ ... ... ... ૮૩
કમલબંધ ગણવાની રીતિ ... ... ૮૩
પાંચ અક્ષરનો મંત્ર ગણવાનો વિધિ ... ૮૫
નવકારનો મહિમા અને ફલ ... ... ૮૭
નવકારથી થતા આ લોકના ફલ ઉપર શિવ-કુમારનું દૃષ્ટાંત ... ... ... ૮૭
નવકારથી થતા પરલોકના ફલ ઉપર વડની સમળીનું દૃષ્ટાંત ... ... ... ૮૮
કાયોત્સર્ગ કરવાની રીતિ ... ... ૮૯
નિયમ લેવાની વિધિ ... ... ... ૯૩
સચિત્ત, અચિત્ત અને મિશ્ર વસ્તુઓનું સ્વરૂપ ૯૪
સર્વ વસ્તુને સામાન્યથી પરિણમવા (બદલવા)ના કારણ ... ... ... ૯૬
આટો ( લોટ ) મિશ્ર થવાની રીતિ ... ૯૮
પકવાન આશ્રયી કાલ–નિયમ ... ... ૯૯
દહીં, દૂધ અને છાશનો વિનાશ કાલ ... ૯૯
દ્વિદલ કોને કહેવું ? ... ... ... ૯૯
અભક્ષ્ય કોને કહેવાં ? ... ... ... ૯૯
ઉકાળેલા પાણીની રીતિ ... ... ૧૦૦
અચિત્ત જલ કયાં સુધી રહે તેનું કાલમાન ૧૦૧
સર્વ સચિત્તનો ત્યાગ કરવા ઉપર અંબડ પરિવ્રાજક( તાપસ )ના સાતસો શિષ્યોનું દૃષ્ટાંત ૧૦૩
ચૌદ નિયમ ધારવાની વિગત ... ... ૧૦૪


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પચ્ચખ્ખાણ કરવાની રીતિ ... ... ૧૦૫
અશન, પાન, ખાદિમ સ્વાદિમનું સ્વરૂપ ... ૧૦૭
અણાહાર ચીજોના નામ ... ... ૧૦૮
પચ્ચખ્ખાણના પાંચ સ્થાન ( ભેદ ) ... ૧૦૯
જિનપૂજા કરવા માટે દ્રવ્યશુદ્ધિ ... ૧૧૦
લઘુનીતિ વડીનાતિ કરવાની દિશા ... ૧૧૦
પ્રભાતની સંધ્યાનું લક્ષણ ... ... ૧૧૦
સાયંકાલની સંધ્યાનું લક્ષણ ... ... ૧૧૦
મલમૂત્ર કરવાનાં સ્થાન ... ... ૧૧૧
દાતણ કરતાં શુભસૂચક અગમચેતી ... ૧૧૨
દાતણનું પ્રમાણ અને તે કરવાની રીતિ ... ૧૧૨
દાતણ ન કરવા વિષે ... ... ૧૧૩
વગર દાતણે મુખશુદ્ધિ કરવાની રીતિ ... ૧૧૩
દાતણની ચીરી ફેંકવાથી જણાતી અગમચેતી... ૧૧૩
દાતણ કરવાના નિષેધ વિષે ... ... ૧૧૩
વાળ સમારવા વિષે ... ... ૧૧૩
દર્પણ જોવાથી અગમચેતી ... ... ૧૧૩
સ્નાન કરતાં જણાતી અગમચેતીઓ ... ૧૧૪
સ્નાન કરવાનો જરૂરી સમય ... ... ૧૧૪
હજામત ન કરાવવા વિષે ... ... ૧૧૫
સ્નાન વિષે ... ... ... ૧૧૫
ગંગા કોને શુદ્ધ કરે છે તેનું ઉદાહરણ ... ૧૧૬
ભાવસ્નાનનું સ્વરૂપ ... ... ... ૧૧૬
પૂજા વિષે ... ... ... ... ૧૧૭
આશાતના કરવાથી થતા નુકશાન વિષે દૃષ્ટાંત... ૧૧૭
પૂજા કરતી વખતે કેવા વસ્ત્ર જોઇએ .... ૧૧૮
ઉત્તરાસણ કેવું વાપરવું ... ... ૧૧૯
બીજાનું વાપરેલું વસ્ત્ર ન વાપરવાનું દૃષ્ટાંત... ૧૧૯
પૂજામાં દ્રવ્યશુદ્ધિ ... ... ... ૧૨૦
પૂજા માટે ભાવશુદ્ધિ ... ... ... ૧૨૦
દેરાસરમાં પ્રવેશ કરવાનો ક્રમ ... ... ૧૨૦
જિનમન્દિર જવાનો વિધિ ... ... ૧૨૧
દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાંત ... ... ૧૨૧
બત્રીશબદ્ધ નાટકનાં નામ ... ... ૧૨૪
સામાન્ય પુરૂષોને દેરાસરે જવાની વિધિ ... ૧૨૫
શ્રાવકના પંચાભિગમ ... ... ૧૨૫
રાજાના પંચાભિગમ ... ... ... ૧૨૫
પ્રદક્ષિણા દેવાની રીત ... ... ૧૨૬
નવઅંગની ચંદનાદિકથી પૂજા ... ... ૧૨૭
પહેલાની કરેલી પૂજા કે આંગી ઉતારી પૂજા થાય કે નહી ? ... ... ... ૧૨૭
નિર્માલ્યનું લક્ષણ ... ... ... ૧૨૮
પૂજાના ત્રણ પ્રકાર ... .... ... ૧૨૯
દેવપૂજા વખતે સંજ્ઞા કરવાથી પણ પાપ લાગે છે તે ઉપર જીર્ણહાકનું દૃષ્ટાંત... ... ૧૩૦
દ્વારબિંબ અને સમવસરણબિંબ પૂજા ... ૧૩૨
મૂલનાયકની પ્રથમ પૂજા કરવા સંબંધે શંકાકારનો પ્રશ્ન ... ... ... ૧૩૨
મૂલનાયકની પહેલી પૂજા કરવાનો દોષ ન હોવા સંબંધી ઉત્તર... ... ... ૧૩૩
અગ્રપૂજા અધિકાર ... ... ... ૧૩૫
નૈવેદ્યપૂજા દરરોજ પોતાને ઘેર રાંધેલા અન્નથી પણ કરવા વિષે ... ... ... ૧૩૬
નૈવેદ્યપૂજાના ફલ ઉપર દૃષ્ટાંત ... ... ૧૩૬
નૈવેદ્ય ચઢાવવા સંબંધી શાસ્ત્રોનાં પ્રમાણ ... ૧૩૭
ભાવપૂજાનો અધિકાર ... ... ૧૩૮
ચૈત્યવન્દનના ભેદ ... ... ... ૧૩૮
સાત વખત કરાતા ચૈત્યવન્દન ... ... ૧૩૯
સામગ્રીના ભેદે પૂજાના પ્રકારો ... ... ૧૪૦
પંચોપચારિકી પૂજા ... ... ... ૧૪૦
અષ્ટોપચારિકી પૂજા ... ... ... ૧૪૧
સર્વોપચારિકી પૂજા ... ... ... ૧૪૧
પૂજાના સત્તર ભેદ ... ... ... ૧૪૧
એકવીશ પ્રકારી પૂજાનો વિધિ ... ... ૧૪૨
એકવીશ પ્રકારી પૂજાનાં નામ ... ... ૧૪૩
સ્નાત્રપૂજા ભણાવવાની રીતિ ... ... ૧૪૩
કેવી પ્રતિમા પૂજવી ? ... ... ... ૧૪૭
પૂજામાં ધારવા યોગ્ય બે હજાર ચુમ્મોતેર બાબતો ૧૫૦
ચિત્રકારનું દૃષ્ટાંત ... ... ... ૧૫૦
અવિધિથી થતા અલ્પ લાભ ઉપર દૃષ્ટાંત ... ૧૫૩
ત્રણ પ્રકારની પૂજાનું ફલ ... ... ૧૫૩
દ્રવ્ય સ્તવના બે ભેદ ... ... ... ૧૫૪


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પારકી પૂજા ઉપર દ્વેષ રાખવા સંબંધી ... કુંતલારાણીનું દૃષ્ટાંત ... ... ૧૫૫
ભાવસ્તવનો અધિકાર ... ... ... ૧૫૬
દ્રવ્ય અને ભાવ સ્તવનું ફલ ... ... ૧૫૭
દ્રવ્યસ્તવમાં થતો આશ્રવ ગણવા લાયક નથી ૧૫૭
પૂજાના મનોરથથી પણ થતા પુણ્ય ... ૧૫૭
પૂજામાં વિધિ બહુમાન ઉપર ચોભંગી ... ૧૫૮
વિધિ અને બહુમાન ઉપર ધર્મદત્ત નૃપની કથા ૧૬૦
ધર્મદત્તનો પૂર્વભવ ... ... ... ૧૬૩
દેરાસરની ઉચિત સારસંભાલ ... ૧૭૧
આશાતનાના પ્રકાર ... ... ... ૧૭૨
જ્ઞાનની આશાતના ... ... ... ૧૭૨
દેવની આશાતના ... ... ... ૧૭૩
દેવની જઘન્ય ૧૦ આશાતનાઓ ... ૧૭૩
દેવની મધ્યમ ૪૦ આશાતનાઓ .. ૧૭૩
દેવની ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ ... ... ૧૭૪
બૃહત્ભાષ્યમાં બતાવેલી પાંચ આશાતનાઓ... ૧૭૬
ગુરૂની તેત્રીશ આશાતના ... ... ૧૭૭
સ્થાપનાચાર્યની આશાતના ... ... ૧૭૮
ઉત્સૂત્ર ભાષણ આશાતના વિષે ... ... ૧૭૯
દેવદ્રવ્યાદિનો નાશ–આશાતના કરવાનું ફલ ... ૧૭૯
સાધારણ દ્રવ્યનું લક્ષણ... ... ... ૧૮૦
દેવદ્રવ્યની વૃદ્ધિ કેવી રીતે કરવી?... ... ૧૮૧
દેવદ્રવ્યના ભક્ષણ રક્ષણ ઉપર સાગરશ્રેષ્ઠીનું દૃષ્ટાંત ... ... ... ... ૧૮૨
જ્ઞાન દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય ઉપર કર્મસાર પુણ્યસારનું દૃષ્ટાંત... ... ... ૧૮૫
દેવું રાખવાથી લાગતા દોષ અંગે ઋષભદત્તનું દૃષ્ટાંત ... ... ... ૧૮૮
દેવદ્રવ્યના સંભાલનારને લાગતા દોષ અંગે દૃષ્ટાંત ... ... ... ... ૧૯૦
મન્દિરનો દીવો વાપરવા અંગે ઉંટડીનું દૃષ્ટાંત ૧૯૦
ઘર દહેરાસરમાં ચઢાવેલ અક્ષતાદિની વ્યવસ્થા ૧૯૩
પારકું દ્રવ્ય ન વાપરવું... ... ... ૧૯૪
પુણ્યાર્થે કાઢેલું દ્રવ્ય કેમ વાપરવું ? ... ૧૯૪
સાધારણ દ્રવ્ય વાપરવામાં વિવેક... ... ૧૯૫
માતા પિતાદિ અંગે તો પુણ્ય જીવતાંજ કરવું ૧૯૫
તીર્થયાત્રા અંગે કાઢેલું દ્રવ્ય ... ... ૧૯૫
પચ્ચખ્ખાણનો વિધિ ... ... ... ૧૯૬
ગુરૂવન્દનનું ફલ ... ... ... ૧૯૬
ગુરૂવન્દનના પ્રકાર અને વિધિ ... ... ૧૯૭
પચ્ચખ્ખાણનું ફલ .... ... ... ૧૯૮
ગુરૂ પાસે કેમ બેસવું ?... ... ... ૧૯૮
દેશના સાંભળવાની રીતિ ... ... ૧૯૯
દેશના શ્રવણના લાભો ... ... ... ૧૯૯
પ્રદેશી રાજાનું દૃષ્ટાંત ... ... ... ૧૯૯
થાવચ્ચા પુત્રની કથા ... ... ... ૨૦૧
ક્રિયા અને જ્ઞાન વિષે ... ... ... ૨૦૩
સાધુને સુખશાતા પૂછવી તથા વહોરાવવા વિષે ૨૦૪
દાનની નિમંત્રણા ઉપર જીર્ણ શેઠનું દૃષ્ટાંત... ૨૦૫
ગ્લાન સાધુની વૈયાવચ્ચ વિષે .... ... ૨૦૬
જૈનોના દ્વેષી અને સાધુનિંદકને આપવાની શિક્ષા ૨૦૬
સાધુને સુખશાતા પૂછવી ... ... ૨૦૭
ગુરૂ પાસે અભ્યાસ કરવો ... ... ૨૦૭
દ્રવ્ય–ઉપાર્જન વિધિ ... ... ... ૨૦૮
ન્યાય ઉપર દૃષ્ટાંત ... ... ૨૦૮
વ્યાપાર વિધિ... ... ... ... ૨૧૦
આજીવિકાના સાત ઉપાય ... ... ૨૧૧
બુદ્ધિથી કમાવનારનું દૃષ્ટાંત ... ... ૨૧૩
સેવા કોની કરવી ? ... ... ... ૨૧૪
રાજાને વશ કરવાની રીતિ ... ... ૨૧૫
સ્વામી આદિને વિનંતિ ક્યારે કરવી ? ... ૨૧૫
રાજસેવાની શ્રેષ્ઠતા ... ... ... ૨૧૬
ભિક્ષાનું ખાવાથી થતો અનર્થ ... ... ૨૧૭
ભિક્ષાના ત્રણ ભેદ ... ... ... ૨૧૭
ક્ષેત્રશુદ્ધિ ... ... ... ૨૨૦
કાલશુદ્ધિ ... ... ... ૨૨૦
ભાવશુદ્ધિ ... ... ... ૨૨૦
મુગ્ધ શેઠનું દૃષ્ટાંત ... ... ... ૨૨૦
ઉત્તમ લેણદાર કોણ ? ... ... ... ૨૨૨
લાવડ શેઠનું દૃષ્ટાંત ... ... ... ૨૨૨
આભડ શેઠનું દૃષ્ટાંત ... ... ... ૨૨૪


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગીદારના ભાગ્યથી થતા લાભનું દૃષ્ટાંત ૨૨૬
અહંકાર ન કરવો ... ... ... ૨૨૬
ઉઘરાણી કેમ કરવી? ... ... ... ૨૨૭
શેઠની પુત્રીનું દૃષ્ટાંત ... ... ... ૨૨૮
કોઇની ઇર્ષ્યા ન કરવી... ... ... ૨૨૯
મન મલિન અંગે બે મિત્રનું દૃષ્ટાંત ... ૨૨૯
ખોટાં માપ તોલ ન રાખવા ... ... ૨૩૦
વ્યવહારશુદ્ધિ અંગે હેલાક શેઠનું દૃષ્ટાંત ... ૨૩૦
અત્રશ્ય ત્યાં જય પામો ... ... ૨૩૧
વિશ્વાસઘાત ઉપર ' વિશ્વમેરા 'નું દૃષ્ટાંત ... ૨૩૧
પાપનાં પ્રકાર ... ... ... ૨૩૩
ન્યાય માર્ગનેજ અનુસરો ! ... ... ૨૩૪
સત્ય વચન ઉપર મહણસિંહનું દૃષ્ટાંત ... ૨૩૬
ભીમસોનીનું દૃષ્ટાંત ... ... ... ૨૩૬
મિત્ર કેવો કરવો... ... ... ... ૨૩૬
દુર્જનો સાથે કેવી રીતે વર્તવું ? ... ૨૩૭
પ્રીત હોય ત્યાં લેણુ-દેણ ન કરવી ... ૨૩૮
ધનેશ્વર શેઠનું દૃષ્ટાંત ... ... ... ૨૩૮
ધન આપતાં સાક્ષી રાખવાથી થતો લાભ ... ૨૩૯
થાપણ કેમ રાખવી અને કેમ વાપરવી ? ... ૨૩૯
ધર્માદિના સોગન ન ખાવા ... ... ૨૪૦
પરદેશ આદિમાં વ્યાપાર કરવા અંગે ... ૨૪૦
અન્યના ભાગ્યથી ઉપદ્રવ દૂર થવા અંગે દૃષ્ટાંત ૨૪૧
પરદેશ આદિમાં ધ્યાન રાખવા લાયક નીતિ-
વચનો ... ... ... ૨૪૧
સત્કાર્યોના મનોરથો કરવા જોઇએ ... ૨૪૩
પાપઋદ્ધિ અંગે દૃષ્ટાંત ... ... ૨૪૪
દ્રવ્યોપાર્જનનો યત્ન નિરંતર કરવો ... ૨૪૫
અતિ લોભ પણ ન કરવો ... ... ૨૪૫
ધર્મ, અર્થ અને કામનું સેવન ... ૨૪૫
આવક મુજબ ખર્ચનું પ્રમાણ ... ૨૪૭
નવી વહુનું દૃષ્ટાંત ... ... ... ૨૪૭
વિદ્યાપતિનું દૃષ્ટાંત ... ... ... ૨૪૮
ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનથી થતા લાભ ... ૨૪૮
દેવ અને યશ શેઠનું દૃષ્ટાંત ... ... ૨૪૯
સોમરાજાનું દૃષ્ટાંત ... ... ... ૨૪૯
દાન આપતા થતી ચોભંગી ... ... ૨૫૦
અન્યાયથી મેળવેલ ધનથી દુઃખી થનાર રંક-
શેઠનું દૃષ્ટાંત ... ... ... ૨૫૨
વ્યવહાર શુદ્ધિનું સ્વરૂપ ... ... ૨૫૪
દેશ વિરૂદ્ધ ... ... ... ... ૨૫૪
કાલ વિરૂદ્ધ ... ... ... ૨૫૫
રાજ વિરૂદ્ધ ... ... ... ૨૫૫
પરનિંદા અને સ્વસ્તુતિ ન કરવી ... ૨૫૬
પરનિંદા કરનાર વૃદ્ધ ડોશીનું દૃષ્ટાંત ... ૨૫૬
સાચા દોષો પણ ન બોલવા અંગે ત્રણ પુત-
લીનું દૃષ્ટાંત ... ... ... ૨૫૭
લોકવિરૂદ્ધ આચરવું નહીં ... ... ૨૫૭
ધર્મ વિરૂદ્ધ ... ... ... ૨૫૭
ઉચિત આચારો અને તેના નવ ભેદ ... ૨૫૮
પિતાનું ઉચિત ... ... ... ૨૫૮
માતા પિતાદિકના ઉપકારનો બદલો ... ૨૬૦
સ્વામિના ઉપકારનો બદલો ... ... ૨૬૦
ધર્માચાર્યનો ઉપકારનો બદલો ... ૨૬૦
માતાના ઉચિતની વિશેષતા ... ... ૨૬૧
ભાઇઓનું ઉચિત ... ... ... ૨૬૨
ભાઇને શિખામણ ... ... ... ૨૬૨
સ્ત્રીનું ઉચિત ... ... ... ૨૬૩
મંથર કોળીનું દૃષ્ટાંત ... ... ... ૨૬૫
પુત્રનું ઉચિત ... ... ... ૨૬૬
કજોડાનું દૃષ્ટાંત ... ... ... ૨૬૭
સગાસંબંધીઓનું દૃષ્ટાંત ... ... ૨૬૯
સંપ ઉપર પાંચ આંગલીઓનું દૃષ્ટાંત ... ૨૭૦
ગુરૂનું ઉચિત ... ... ... ૨૭૦
સ્વનગરનિવાસીઓનું ઉચિત ... ... ૨૭૧
અન્યધર્મીઓનું ઉચિત ... ... ૨૭૩
આચાર ... ... ... ... ૨૭૪
અવસરોચિત વચનથી થતો લાભ ... ૨૭૬
મૂર્ખના સો લક્ષણ ... ... ... ૨૭૬
અન્ય હિતવચનો ... ... ... ૨૭૭
પશુ અને પંખીઓથી લેવાનાં ગુણો ... ૨૮૧
વ્યવહાર શુદ્ધિ ઉપર ધનમિત્રની કથા ... ૨૮૨


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુપાત્રે દાન આદિ કરવાની રીત ... ૨૮૪
સુપાત્ર દાન અને પરિગ્રહપરિમાણ ઉપર રત્નસારની કથા ... ... ... ૨૮૫
ભોજનાવસરે સુપાત્ર દાન વિગેરે ... ... ૩૩૦
પ્રકૃતિને યોગ્ય અને પરિમિત ભોજન કરવું ૩૩૨
ભોજનની વિધિ ... ... ... ૩૩૨
કેવું ભોજન કરવું ? ... ... ... ૩૩૩
પાણી કેમ અને કયારે પીવું ? ... ... ૩૩૪
સિદ્ધાન્તમાં કહેલી ભોજન વિધિ ... ... ૩૩૪
સ્વાધ્યાયના ભેદ ... ... ... ૩૩૪
૩૩૫


## દ્વિતીયપ્રકાશ : : રાત્રિકૃત્ય.


સામાયિક અને પ્રતિક્રમણની ભિન્નતા વિષે શંકા અને સમાધાન ... ... ૩૩૮
પ્રતિક્રમણના ભેદ અને તેનો સમય ... ૩૪૦
દેવસીય પ્રતિક્રમણની વિધિ ... ... ૩૪૧
રાઈય પ્રતિક્રમણની વિધિ ... ... ૩૪૨
પક્ખીપ્રતિક્રમણની વિધિ ... ... ૩૪૩
ચઉમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણની વિધિ ૩૪૩
ગુરુની વિશ્રામણા ... ... ... ૩૪૪
સ્વાધ્યાય કરવો ... ... ... ૩૪૪
૧૮ હજાર શીલાંગ રથનું સ્વરૂપ ... ૩૪૪
નવકાર આદિની અનાનુપૂર્વી અને તેનું ફલ... ૩૪૫
ધર્મદાસનું દૃષ્ટાંત ... ... ... ૩૪૬
સ્વજનો આદિને ધર્મોપદેશ ... ... ૩૪૬
ધન્ય શેઠનું દૃષ્ટાંત ... ... ... ૩૪૭
નિદ્રાની વિધિ ... ... ... ૩૪૮
કામરાગનો વિજય કેવી રીતે કરવો ? ... ૩૫૦
કષાય આદિને જીતવાની પદ્ધતિ ... ... ૩૫૧
નારકી આદિના વેદનાઓ ... ... ૩૫૨
ધર્મના મનોરથો ... ... ... ૩૫૩


## તૃતીયપ્રકાશ : : પર્વકૃત્ય.


પર્વદિવસો અને તેનું ફલ ... ... ૩૫૪
આરંભ અને સચિત્તાહારનો ત્યાગ... ... ૩૫૫
અઠ્ઠાઇઓની વિચારણા ... ... ... ૩૫૫
ઉદય તિથિનું પ્રામાણ્ય... ... ... ૩૫૬
જિનકલ્યાણકાદિ પર્વોની આરાધના ... ૩૫૭
પૌષધ વ્રતના ભેદો અને તેની વિધિ ... ૩૫૮
પૌષધ વ્રત ઉપર ધર્મેશ્વર શેઠનું દૃષ્ટાંત ... ૩૬૧


## ચતુર્થ પ્રકાશ : : ચાતુર્માસિક કૃત્ય


બે પ્રકારના નિયમ ... .... ... ૩૬૬
અછતી વસ્તુના ત્યાગ વિષે દ્રમકમુનિનું દૃષ્ટાંત ૩૬૭
પૂર્વાચાર્યોએ કરેલા ચાતુર્માસિક અભિગ્રહો... ૩૬૯
રાજકુમારનું કથાનક ... ... ... ૩૭૦
ચાતુર્માસિક કૃત્યો અંગે લૌકિક શાસ્ત્રોનું સમર્થન ૩૭૧


## પંચમ પ્રકાશ : : વર્ષકૃત્ય.


સાધર્મિક વાત્સલ્ય ... ... ... ૩૭૪
શ્રાવિકાઓનું સાધર્મિક વાત્સલ્ય અને સ્ત્રીઓની ઊંચનીચતા ... ... ... ૩૭૫
દંડવીર્ય રાજાનું દૃષ્ટાંત ... ... ... ૩૭૬
સંભવનાથ ભગવાન આદિનાં દૃષ્ટાંતો ... ૩૭૭
યાત્રાઓ ... ... ... ... ૩૭૮


જૈન સાહિત્ય JAINSITE.com જૈનં જયતિ શાસનમ્

સંપ્રતિ રાજાની રથયાત્રા ... ... ૩૭૮
કુમારપાલે કરેલી રથયાત્રા .... .... ૩૭૯
તીર્થયાત્રા અને તેની વિધિ ... ... ૩૭૯
વિક્રમરાજા આદિના સંઘનું વૃત્તાન્ત ... ૩૮૨
સ્નાત્ર મહોત્સવ ... ... ... ૩૮૨
દેવદ્રવ્યની વૃદ્ધિ ... ... ... ૩૮૨
શ્રુતજ્ઞાનની આરાધના ... ... ... ૩૮૩
ઉદ્યાપન મહોત્સવ ... ... ... ૩૮૩
શાસનની પ્રભાવના ... ... ...
આલોયણા ... ... ... ...
આલોયણા અર્પનાર ગુરુનું લક્ષણ ..
આલોયણા કોની પાસે લેવી? ... ...
આલોચના સમયની શુદ્ધિ ... ...
આલોયણા લેનારના દશ દોષ ... ...
આલોયણા લેવાના ફાયદા ... ...
લક્ષ્મણા આર્યાનું દૃષ્ટાંત ... ...

## છઠ્ઠો પ્રકાશ : : જન્મકૃત્ય.

નિવાસસ્થાન કેવું અને ક્યાં રાખવું ... ૩૯૨
સારા નરસા પાડોશીની લાભહાનિ ... ૩૯૩
ભૂમિની પરીક્ષા ... ... ... ૩૯૪
ધ્યાનમાં લેવા યોગ્ય કેટલીક વાતો ... ૩૯૫
જિનમન્દિરની વસ્તુઓના ઉપયોગથી થતી
હાનિ અને તે અંગે દૃષ્ટાંત ... ... ૩૯૫
ઘરનું માપ વિગેરે ... ... ... ૩૯૬
શુભ અને અશુભ ચિત્રો ... ... ૩૯૬
વૃક્ષોથી થતી લાભ હાનિ ... ... ૩૯૭
ઘરની બાંધણી ... ... ... ૩૯૭
વિધિપૂર્વક બંધાયેલા ઘરના લાભ અંગે દૃષ્ટાંત ૩૯૮
ઉચિત વિદ્યાનું ગ્રહણ ... ... ... ૩૯૮
પાણિગ્રહણ ... ... ... ... ૩૯૯
વર અને કન્યાના ગુણદોષ ... ... ૪૦૦
વિવાહના આઠ ભેદ ... ... ... ૪૦૦
સ્ત્રીનું રક્ષણ ... ... ... ૪૦૧
યોગ્ય મિત્રો ... ... ... ૪૦૧
જિનમન્દિર ... ... ... ... ૪૦૨
જીર્ણોદ્ધાર ... ... ... ...
ઉદાયન રાજા તથા જીવતસ્વામીની પ્રતિમાનું
દૃષ્ટાંત ... ... ... ...
જિનબિંબ ... ... ... ...
પ્રતિમાની અંજનશલાકા અને પ્રતિષ્ઠા ...
પુત્રાદિકનો દીક્ષા મહોત્સવ ... ...
પદસ્થાપના ... ... ... ...
શ્રુતજ્ઞાનની ભક્તિ ... ... ...
પૌષધશાલા ... ... ... ...
સમ્યક્ત્વ અને અણુવ્રતો ... ...
દીક્ષાનો સ્વીકાર ... ... ...
ભાવ શ્રાવકો કેવા હોય? ... ...
આરંભનો ત્યાગ ... ... ...
બ્રહ્મચર્ય વ્રતપાલન ... ... ...
શ્રાવકની ૧૧ પ્રતિમાઓ ... ...
અંતિમ આરાધના ... ... ...
ગ્રન્થકારની પ્રશસ્તિ ... ... ...

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એવો; ૬ **ભીરુ**-પાપથી, લોકનિંદાથી, તેમ જ અપયશથી ડરતો જ રહે એવો; ૭ **અશઠ**-કપટી [ પારકાને ઠગે ] નહીં તે; ૮ **સદાક્ષિણ્ય**-પ્રાર્થનાભંગથી ભીરુ, શરણે આવ્યાને હિત-વત્સલ; ૯ **લજ્જાલુ**-અકાર્યવર્જક, (અકાર્ય [ન કરવા જેવું કાર્ય] કરતાં પહેલાં જ બીએ); ૧૦ **દયાળુ**-સર્વ પર કૃપાવંત; ૧૧ **મધ્યસ્થ**-રાગ-દ્વેષ રહિત અથવા સૌમ્યદૃષ્ટિ. પોતાનાં કે પારકાંનો વિચાર કર્યા વગર ન્યાયમાર્ગમાં સર્વનું સરખું હિત કરનાર, યથાર્થ તત્ત્વના જાણપણાથી એક ઉપર રાગ તેમ બીજા ઉપર દ્વેષ રાખે નહીં, માટે મધ્યસ્થ ગણાય છે. મધ્યસ્થ અને સૌમ્યદૃષ્ટિ એ બન્ને એક ગુણ છે. ૧૨ **ગુણરાગી**-ગુણવંતનો જ પક્ષ કરે અને અવગુણીને ઉવેખે તે; ૧૩ **સત્કથ**-સત્યવાદી અથવા ધર્મ-સંબંધી ( ઉચિત ) જ કથા ( વાર્તા ) પ્રિય છે જેને; ૧૪ **સુપક્ષયુક્ત**-ન્યાયનો જ પક્ષપાતી અથવા સુશીલ, અનુકૂલ અને સભ્ય સમુદાયવંત ( સુપરિવારયુક્ત ); ૧૫ **સુદીર્ઘદર્શિ**-સર્વ કાર્યોમાં લાંબો વિચાર કરી લાભાલાભ સમજી શકે ( બહુ લાભ અને અલ્પ ક્લેશના કાર્યનો કર્તા ); ૧૬ **વિશેષજ્ઞ**-તત્ત્વના અભિપ્રાયનો જાણ ( પક્ષપાત રહિત હોવાથી ગુણદોષનું અંતર સમજી શકે એવો ); ૧૭ **વૃદ્ધાનુગ**-વૃદ્ધ સંપ્રદાય પ્રમાણે પ્રવર્ત્તક (આચારવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ એ ત્રણે વૃદ્ધોની શૈલી (પરંપરા) પ્રમાણે પ્રવર્ત્તનાર) ૧૮ **વિનીત**-ગુણીનું બહુમાન કરનાર; ૧૯ **કૃતજ્ઞ**-કર્યા ગુણને ભૂલે નહીં એવો; ૨૦ **પરહિતાર્થકારી**-નિઃસ્પૃહપણે પર [ પારકાના ] હિતનો કર્તા; ૨૧ **લબ્ધલક્ષ**-ધર્માદિ કૃત્યોમાં સંપૂર્ણ અભ્યાસ કરેલા પુરુષોના પરિચયવાળો ( સર્વ [ ધર્મ ] કાર્યમાં સાવધાન હોય ).

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે એકવીસ ગુણો અન્ય શાસ્ત્રો (બીજાં પ્રકરણોમાં) વર્ણવેલા છે, પરંતુ આ ગ્રંથના કર્ત્તાએ જે મુખ્ય ચાર ગુણો ગ્રહણ કર્યા છે તેમાં ઘણું કરીને સર્વ ગુણોનો સમાવેશ થઈ શકે છે. તે આ રીતે:—

પહેલા **ભદ્રકપ્રકૃતિ ગુણમાં**:—૧ અતુચ્છ [ અક્ષુદ્ર ] પણું,[1] ૨ પ્રકૃતિસૌમ્ય,[3] ૩ અક્રૂરત્વ,[5] ૪ સદાક્ષિણ્યત્વ,[8] ૫ દયાળુત્વ,[10] ૬ મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિત્વ,[11] ૭ વૃદ્ધાનુગત્વ,[17] ૮ વિનીતત્વ,[18] એમ આઠ. બીજા **વિશેષ નિપુણમતિ ગુણમાં**—૯ રૂપવંતપણું,[2] ૧૦ સુદીર્ઘદર્શિત્વ,[15] ૧૧ વિશેષજ્ઞત્વ,[16] ૧૨ કૃતજ્ઞત્વ,[19] ૧૩ પરહિતાર્થકૃતત્વ,[20] ૧૪ લબ્ધલક્ષત્વ,[21] એમ છ. ત્રીજા **ન્યાયમાર્ગરતિ ગુણમાં**—૧૫ ભીરૂત્વ,[6] ૧૬ અશઠત્વ,[7] ૧૭ લજ્જાલુત્વ,[9] ૧૮ ગુણરાગીત્વ,[12] ૧૯ સત્કથત્વ,[13] એમ પાંચ. ચોથા **દૃઢ-નિજવચન-સ્થિતિ ગુણમાં**—૨૦ લોકપ્રિયત્વ,[4] ૨૧ સુપક્ષયુક્તત્વ,[14] એમ બે. એ પ્રકારે એકવીસ ગુણોનો ચાર ગુણોમાં પ્રાયે સમાવેશ થઈ શકે છે. માટે જ આ શાસ્ત્રકર્ત્તાએ ચાર જ ગુણ મુખ્ય લીધા છે.[1]

---

૧ પ્રકરણ માત્ર સત્તર ગાથાનું હોવાથી કર્તાએ માત્ર ચાર ગુણોમાં બધા ગુણો સમાવ્યા હોય એમ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ચાર ગુણોમાં પણ અનુક્રમથી પહેલાના ત્રણ* ગુણ વિનાનો પુરુષ હઠીલો, મૂર્ખ અને અન્યાયી હોય છે તેથી તે [ શ્રાવક ] ધર્મને યોગ્ય જ નથી; અને ચોથા+ ગુણ વિનાનો માણસ તો ધર્મને અંગીકાર કરે ખરો, પણ [ જેમ ધૂર્તની મૈત્રી ] અશીલ ( ગાંડા ) બનેલા માણસનો સુવેષ [ સારાં વસ્ત્રો ] અને વાનરના ગળામાં મોતીની માળા જેમ વધારે વખત ટકી ન શકે તેમ તે થોડા જ વખતમાં પાછો ધર્મભ્રષ્ટ થઇ જાય છે.

જેમ સારી સુધારેલી ( લીસી ) ભીંત ઉપર ચિત્ર, દૃઢપીઠ ( મજબૂત પાયો ) ઉપર બાંધેલું ઘર, અને સારા ઘડેલા સોના વચ્ચે જડેલું માણેક ઘણો વખત ટકી શકે છે, તેમ ૬૯ ગુણયુક્ત પુરુષમાં જ સમ્યગ્દર્શનાદિ ધર્મ યાવજ્જિવ સુધી ટકી શકે છે. એમ જણાવવાથી એ વાત સિદ્ધ જ થાય છે કે, પૂર્વોક્ત ચાર ગુણ યુક્ત જ પુરુષ શ્રાવક ધર્મ ( સમ્યક્ત્વાદિ )ના અધિકારી ( યોગ્ય ) છે. સમ્યગ્દર્શનાદિ શ્રાવક ધર્મ ચુલ્લકાદિ દશે દૃષ્ટાંતે દુર્લભ છતાં પણ ગુરુ વગેરેના યોગથી પામી શકાય છે, પણ તેનો આ જીવન પર્યંત નિર્વાહ તો શુકરાજાએ જેમ પૂર્વ ભવમાં કર્યો હતો તેમ કરવો તે અત્યંત આવશ્યક હોવાથી તેમનું તમામ વૃત્તાંત અહીંયાં બતાવે છે.

અહીં પહેલી ત્રણ ગાથાનો અર્થ પૂરો થાય છે.

## શુકરાજાની કથા

ધાન્યની સંપદાના સ્થાનભૂત આ દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પૂર્વે ક્ષિતિપ્રતિષ્ઠિત નામે પ્રસિદ્ધ નગર હતું. તે નગરમાં નિર્દયપણું તો ફક્ત તલવારમાં જ, કુશીલતા ( વાંકાઇ ) તો હળમાં જ, જડતા તો જળમાં જ, અને બંધન તો ફક્ત ફૂલની માળામાં જ ગણાતું; પરન્તુ લોકોમાં તો એ કંઇ હતું જ નહીં. રૂપમાં કામદેવ સમાન અને શત્રુઓને માટે સાક્ષાત્ અગ્નિ સમાન તથા અનુક્રમે એકેક વધતી એવી રાજ્યલક્ષ્મી, ન્યાયલક્ષ્મી અને ધર્મલક્ષ્મી, એમ ત્રણે પ્રકારની લક્ષ્મી આપસમાં હરીફાઇ કરતી ન હોય તેમ પોતાની મેળે જ સ્વયંવરા બની જે રાજાને વરી છે એવો ઋતુધ્વજ રાજાનો પ્રતાપી પુત્ર મૃગધ્વજ નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો.

એક વખત ક્રીડારસપૂર્ણ વસંતઋતુમાં તે રાજા પોતાની રાણીઓ સહિત ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયો. હાથણી સાથે જેમ હાથી ક્રીડા કરે તેમ રાણીઓ સહ તે રાજા જળક્રીડા, પુષ્પક્રીડા વગેરે વિધવિધ પ્રકારની ક્રીડા કરી રહ્યો હતો. તે ઉદ્યાનમાં પૃથ્વી પર ભૂમિરૂપ સ્ત્રીને ઓઢવાનું એક છત્ર જ હોય એવા સુંદર આકારવાળા એક આમ્ર-વૃક્ષને જોઇ તે સર્વ પ્રકારે વર્ણન કરવા યોગ્ય જાણીને વિદ્વાન્ એવો તે મૃગધ્વજ રાજા આ પ્રમાણે વર્ણવવા લાગ્યો.—

* ત્રણ ગુણ—૧ ભદ્રક પ્રકૃતિ, ૨ વિશેષ નિપુણમતિ, ૩ ન્યાયમાર્ગમાં રતિ

\+ દૃઢપ્રતિજ્ઞ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

छाया कापि जगत्प्रिया दलततिर्वृत्तेऽतुलं मङ्गलं
मञ्जर्युद्गम एष निस्तुलफलस्फातेर्निमित्तं परम् ।
आकारश्च मनोहरस्तरुवरश्रेणीषु तन्मुख्यतां
पृथ्व्याः कल्पतरो ! रसालफलद ! ब्रूमस्तवैव ध्रुवम् ॥ १ ॥

ખરેખર આ પોપટ કુવાના દેડકા સમાન મને ગણીને અન્યોક્તિવડે મને જ કહે છે. આ આશ્ચર્યકારક હકીકત ઉપરથી ખરેખર આ પોપટ કોઇક જ્ઞાનીની પેઠે મહાવિલક્ષણ માલમ પડે છે. રાજા એમ વિચારે છે એટલામાં વળી ફરીને પોપટ બોલ્યો કે,

ग्रामीणस्य जडाऽग्रिमस्य नितमां ग्रामीणता कापि यः
स्वं ग्रामं दिविषत्पुरीयति कुटीं मानी विमानीयति ।
स्वर्भक्ष्यीयति च स्वभक्ष्यमखिलं वेषं सुवेषीयति
स्वं शक्रीयति चात्मनः परिजनं सर्वं सुपर्वीयति ॥ २३ ॥

મૂર્ખમાં સરદાર એવા ગામડિયા માણસોની કલ્પનાઓ પણ ગામડિયાપણા જેવી જ હોય છે. કેમકે, તેઓ પોતાના ગામડાને સ્વર્ગપુરી સમાન માને છે, પોતાની ઝુંપડીને વિમાન સરખી માને છે, પોતાના ઘેંસ રાબના ભોજનને જ અમૃત માને છે, પોતાના ગામડિયા વસ્ત્રને દિવ્ય વસ્ત્ર સમાન માને છે, પોતાને જ ઇંદ્ર સમાન ગણે છે અને પોતાના પરિવારને જ સર્વસામાન્ય દેવ સમાન જુએ છે.

આટલું જ માત્ર સાંભળીને રાજાએ વિચાર્યું કે, બોલવામાં વિચક્ષણ આ પોપટે ખરેખર મને ગામડિયા સમાન ગણ્યો, અને તેથી એમ વિતર્ક થાય છે કે, મારી રાણીઓ કરતાં પણ અત્યંત સ્વરૂપવંતી સ્ત્રી એણે કયાંય પણ દેખી હોવી જોઇએ, આ પ્રમાણે તે પોતાના મનમાં વિચાર કરે છે, તેટલામાં અધૂરી વાત કોઇને સંતોષી શકતી નથી, એમ ધારી આકાર અને વાણી બંનેથી મનોહર એ પોપટ બોલવા લાગ્યો કે, "જ્યાં સુધી ગાંગીલેય ઋષિની કન્યાને તેં જોઈ નથી, ત્યાં સુધી જ આ પોતાની રાણીઓને, હે રાજા, તું ઉત્કૃષ્ટ માને છે. સર્વાંગસુંદર આખા જગતની શોભારૂપ, અને વિધાતાના સૃષ્ટિ–રચનાના પરિશ્રમના એક ફળરૂપ તે કન્યા છે. એ કન્યા જેણે જોઈ નથી, તેનું જીવિત પણ નિષ્ફળ છે, અને કદાચિત્ જોઇ હોય, પણ તેને જો આલિંગન ન કર્યું, તો નિશ્ચે કરી તેનું જીવિત પણ વ્યર્થ જ છે. જેમ ભ્રમર નવ–માલતીને દેખીને બીજાં પુષ્પોની સુગંધીને છોડી દે છે, તેમ એ કન્યાને જે જુએ તે પુરુષ કોઈ પણ બીજી સ્ત્રી સાથે પ્રીતિ કરે જ નહિ. એવી સૂર્યની પુત્રી જેવી એ કમલમાલા નામની કન્યાને જોવાની તેમ જ મેળવવાની જો તને ઇચ્છા હોય તો, હે રાજા, તું મારી પાછળ પાછળ આવ."

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ કહીને અત્યંત ઉતાવળો તે પોપટ આકાશમાર્ગે ઊડીને જાય છે તેટલામાં ઘણી જ ઉત્સુકતાપૂર્વક રાજાએ પોતાના સેવકોને બોલાવી હૂકમ કર્યો કે, “ અરે ! અરે ! સેવકો ! પવનના સમાન ગતિવાળા પવનવેગ નામના ઘોડાને તૈયાર કરીને જલ્દી લાવો, જલ્દી લાવો. ” નોકરોએ તત્કાળ જ તે અશ્વને સાજસહિત હાજર કર્યો. તેના પર કોડો રાજાનો આગેવાન તે રાજા સ્વાર થઇ, પોપટની પાછળ પાછળ ચાલ્યો. અહીંયાં આટલું આશ્ચર્ય છે કે, તે પોપટની વાત માત્ર રાજાએ જ સાંભળી, પણ દૂર રહેલા માણસો જેમ ન સાંભળે, તેમ સમીપ રહેલા તે રાજાના સેવકો, અને રાણી પ્રમુખ બીજા કોઇએ પણ તે વાત સાંભળી જ નહીં. આ હકીકતથી અજાણ મંત્રીવર્ગ રાજાના અકસ્માત કહ્યા વગર ચાલ્યા જવાથી આકુળવ્યાકુળ થતો બોલવા લાગ્યો કે, “ આજે રાજાને આ શું થયું ? અને એ કયાં જાય છે, એ જાણવા તે લોકોમાંના કેટલાક માણસો અશ્વો પર સ્વાર થઈ રાજાની પાછળ દોડ્યા, પરંતુ રાજા એટલો તો ઝડપથી આગળ નીકળી ગયો, કે તે કયે માર્ગે દૂર નીકળી ગયો, તેનો પતો પણ લાગ્યો નહીં; તેથી અંતે રખડી રખડીને તે સર્વે પાછા આવ્યા. પેલો પોપટ આગળ અને રાજા પાછળ એમ માર્ગ કાપતા પળવારમાં પવનની પેઠે તેઓ પાંચસો યોજન ઉલ્લંઘન કરી ગયા. આ પ્રમાણે કોઈ દૈવિ પ્રભાવથી જ રાજા, અશ્વ અને શુકરાજ એ ત્રણે જણ ક્ષણવારમાં આટલી ભૂમિ ઉલ્લંઘન કરી ગયા, તથાપિ તેમને જરા માત્ર થાક લાગ્યો નહીં. જેમ કર્મ–સંબંધથી ખેંચાયેલો પ્રાણી સમયમાત્રમાં ભવાંતર જઇ પહોંચે છે, તેમ વિઘ્નનિવારક શુકરાજથી ખેંચાયેલો રાજા પણ ક્ષણવારમાં એક મહાવિકટ અટવીમાં જઈ પહોંચ્યો. એ પણ એક આશ્ચર્ય જ છે કે, પૂર્વભવના સ્નેહસંબંધ કે સંસ્કારથી તે રાજા કમલમાલાની પ્રાપ્તિને વાસ્તે આટલો બધો માર્ગ ઉલ્લંઘી દોડી આવ્યો. જો એમ ન હોય તો સ્થાનાદિકની માહિતી વગર તે સ્થાનમાં જવા સત્પુરુષ એકાએક પ્રવૃત્તિ જ કેમ કરે ?

તે અટવીના મધ્યમાં મનોહર, સૂર્ય કિરણથી ઝળકતું, મેરુપર્વતનું એક શિખર ન હોય શું ? એવું ઊંચું, દર્શનથી પણ કલ્યાણકર, રત્નજડિત સુવર્ણમય શ્રી ઋષભદેવસ્વામીનું એક દેવાલય હતું. તે પ્રાસાદના કલશ ઉપર બેસીને મધુર વાણીથી પેલો શુકરાજ બોલવા લાગ્યો કે, “હે રાજન્ ! જન્મથી માંડીને કરેલા પાપની શુદ્ધિને સારુ આ શ્રી ઋષભદેવ-સ્વામીને તું નમન કર.” રાજાએ તે વચન સાંભળી, શુકરાજ રખે નાસી જશે, એ ભયથી અશ્વ ઉપર બેઠા બેઠા જ પ્રથમ તીર્થંકરની મૂર્તિને નમસ્કાર કર્યો. રાજાના મનની આ શંકાના જાણનાર, સ્વપરહિતાભિલાષી શુકરાજે તત્કાળ કળશ પરથી ઊડીને તે દેવાલયમાં આવી પરમાત્માની મૂર્તિને નમન કર્યું. તે જોઇ રાજા પણ અશ્વ પરથી ઊતરીને દેવા-લયમાં આવી તે શુકરાજની પાછળ જ રહીને વિવેકસહિત તે અલૌકિક રત્નમણિમયી શ્રી ઋષભદેવસ્વામીની પ્રતિમાને વંદન–નમન કરીને, ચિત્ત પ્રસન્ન થાય, એવી સ્તવના કરવા લાગ્યો. હે પ્રભુ ! હું તમારી સ્તુતિ કરવા ઉત્સુક છું, પરંતુ તમારી સંપૂર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્તવના કરવા જેટલી મારામાં શક્તિ નથી. તમારી ભક્તિ કરવાની અશક્તિને લીધે મારું ચિત્ત અસ્થિર બને છે, તથાપિ જેમ મચ્છર પોતાની શક્તિ પ્રમાણે આકાશમાં ઉદ્યમ કરે છે, તેમ હું પણ યથાશક્તિ તમારી સ્તવના કરવાને પ્રવર્ત્તમાન થાઉં છું. અગણિત સુખના આપનાર ! હે પ્રભુ ! ગણિત સુખના આપનાર કલ્પવૃક્ષાદિની ઉપમા તમને કેમ આપી શકાય ? તમે કોઇ પર પ્રસન્ન પણ થતા નથી, તેમ કાંઇ આપતા પણ નથી, છતાં ય સર્વે તમારી સેવા કરે છે, અહો ! તમારી રીતિ આશ્ચર્યકારક છે. તમે મમતારહિત છતાં પણ જગત્રય-રક્ષક છો, નિ:સંગી છતાં પણ જગત્પ્રભુ છો, લોકોત્તર સ્વરૂપ છતાં રૂપરહિત છો, એવા હે પરમેશ્વર ! તમને નમસ્કાર હો." મિષ્ટાન્નનાં જાણે ઓડકાર જ ન હોય ? એવી પ્રભુની ઉદાર સ્તુતિ દેવાલયની પાસે આવેલા આશ્રમમાં વસતા ગાંગીલ નામના મહર્ષિએ સાંભળી, પછી પહેલેથી જ જાણે કોઇએ સંકેત કરી રાખ્યો ન હોય ? તેમ શંકર સ્વરૂપ, મોટી જટાવાળો, વૃક્ષની છાલને પહેરનાર અને મૃગચર્મ રાખનાર એવો તે ગાંગીલ મહર્ષિ, તે દેવાલયમાં પ્રવેશી, શ્રી ઋષભદેવસ્વામીની મૂર્તિને ભક્તિપૂર્વક અભિવંદન કરીને, નિર્મળજ્ઞાનયુક્ત હૃદયે તત્કાળ પોતે બનાવેલી ગદ્યાત્મક અને દોષરહિત ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો: " ત્રણ જગતના એક જ અને અદ્વિતીય નાથ ! હે પ્રભુ ! ત્રણે જગતનો ઉપકાર કરવામાં સમર્થ તથા અનંતાતિશયની શોભાએ યુક્ત આપ જયવંતા વર્તો ! નાભિરાજાના વિપુલ કુળરૂપ કમળને પ્રફુલ્લિત કરવાને સૂર્ય સમાન તથા ત્રણે ભુવનના જીવોને સ્તવવા યોગ્ય, શ્રી મરુદેવા માતાના કુક્ષીરૂપ મનોહર સરોવરને શોભાવનાર, રાજહંસ એવા આપ, જય પામો, ત્રણે જગતના ઘણા ભવ્ય જીવોના ચિત્તરૂપી ચક્રવાકને શોક રહિત કરવા સૂર્ય સમાન, સર્વ દેવોના ગર્વને સકળ પ્રકારે દૂર કરવાને સમર્થ એવી નિર્મળ, નિ:સીમ અને અદ્વિતીય મહિમારૂપ લક્ષ્મીના વિલાસ માટે સરોવર સરખા ! હે પ્રભુ ! તમે જયવંતા વર્તો. સુંદર ભક્તિરસમાં લીન બની ગયેલા અને દેદીપ્યમાન તથા સેવનાર્થે સ્પર્ધાયુક્ત બની નમસ્કાર કરવામાં તત્પર એવા અમર( દેવતા ) અને નર( મનુષ્ય )ના સમૂહના મસ્તકે રહેલા મુકુટના માણિક્યની કાંતિરૂપ પાણીની લહેરોથી ધોવાયેલા ચરણારવિંદવાળા હે પ્રભુ ! જયવંતા વર્તો. સર્વ રાગ, દ્વેષ, મત્સર, કામ, ક્રોધાદિ દોષરૂપ મલનો નાશ કરનાર અપાર સંસારરૂપ સમુદ્રમાં ડુબતા પ્રાણીઓને પંચમ ગતિ( મોક્ષ )રૂપ તીર પર પહોંચાડવાને જહાજ સમાન એવા હે પ્રભુ ! તમે જયવંતા વર્તો. સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી મુક્તિરૂપી વધૂના હે પ્રભુ ! તમે સ્વામી છો; અજર, અમર, અચર ( અચળ ), અદર ( ભયરહિત ), અપર ( જેથી વધારે બીજો પરોપકારી નહીં એવા ), અપરંપર (સર્વોત્કૃષ્ટ) પરમેશ્વર, પરમ યોગીશ્વર, હે શ્રી યુગાદિ જિનેશ્વર ! તમને નમસ્કાર થાઓ."

એ પ્રકારે મનોહર ગદ્યાત્મક વાણીવડે હર્ષભર જિનરાજની સ્તુતિ કરીને તે ગાંગીલ મહર્ષિ નિષ્કપટપણે મૃગધ્વજ રાજા પ્રત્યે બોલવા લાગ્યો, " ઋતુધ્વજ રાજાના કુળમાં ધ્વજા સમાન, હે મૃગધ્વજ રાજા ! તું ભલે આવ્યો. હે વત્સ ! અકસ્માત્ તારા આગમનથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને દર્શનથી હું અત્યંત આનંદ પામ્યો છું. તું આજે અમારો અતિથિ છે, માટે આ દેવાલયની પાસે આવેલા અમારા આશ્રમમાં ચાલ, એટલે અમે તારો યોગ્ય અતિથિ-સત્કાર કરીએ, કેમ કે, તારા જેવા પરોણા ભાગ્યે જ મળે."

કોણ આ મહર્ષિ? શામાટે મને આટલા આગ્રહપૂર્વક બોલાવે છે? અને એ મારું નામ પણ ક્યાંથી જાણી શકયા? એમ વિચાર કરતો વિસ્મિત થએલો મૃગધ્વજ રાજા તે મહર્ષિના આશ્રમે ઘણી ખુશીની સાથે ગયો, કારણ કે ગુણી હોય તે કોઈ સત્પુરુષની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. પછી મહાપ્રતાપી એવા તે રાજાની તાપસો સર્વ પ્રકારે બરદાસ કરવા લાગ્યા. ત્યાર પછી ગાંગીલ ઋષિ બોલ્યા કે, "અહીં આમ અચાનક આજે આવીને તમે અમોને ખરેખર કૃતાર્થ કર્યા છે. માટે અમારા કુળમાં ભૂષણ સમાન તથા સમસ્ત વિશ્વના નેત્રોને વશ કરવામાં કામણ સમાન, વળી અમારા સાક્ષાત્ જીવિત સમી, તથા દિવ્ય પુષ્પોની માળા જેવી અમારી કન્યા કમલમાલાને તમે જ યોગ્ય છો; ચક્ષુને પણ એક કામણગારી, અમારા જીવિતના પણ જંગમ જીવિતસમી આ કન્યાનું પાણિગ્રહણ કરીને અમને કૃતાર્થ કરો." આવું તે ગાંગીલ ઋષિનું બોલવું સાંભળીને ભાવતું તુંને વૈદ્યે બતાવ્યું હોય તેમ તે મનગમતી વાત છતાં તે રાજાએ ઘણા આગ્રહ પછી તે કબૂલ કર્યું. કેમ કે, સત્પુરુષની રીત એવી જ અહુમાનભરી હોય છે. તે પછી ગાંગીલ ઋષિએ પ્રફુલ્લિત થતાં નવ યૌવન વાલી પોતાની 'કમલમાલા' કન્યાનું તત્કાળ તે રાજા સાથે પાણિ-ગ્રહણ કરાવ્યું. ખરે જ, ઇષ્ટ કાર્યમાં કોણ વિલંબ કરે? જેમ રાજહંસ કમળની પંક્તિને દેખીને પ્રસન્ન થાય, તેમ કેવલ વલ્કલ(વૃક્ષની છાલ)ના વસ્ત્રોને ધારણ કરનારી તે કમલમાલાને પ્રાપ્ત કરવાથી રાજા અત્યંત પ્રસન્ન થયો. આનંદપૂર્વક તાપસીઓના વૃંદ ધવલમંગલ ગીતો ગાવા માંડયાં અને ગાંગીલ ઋષિએ પોતે જ યોગ્ય વિધિથી કમલ-માલાને તે રાજા સાથે પરણાવી. ત્યારપછી કરમોચન(હાથ છોડાવતી) વખતે તે રાજાને આપવા યોગ્ય તે ઋષિની પાસે બીજું શું હોય? તથાપિ તેણે તે દંપતિને પુત્ર થાય એવો મંત્ર સમર્પણ કર્યો. લગ્ન થયા પછી મૃગધ્વજ રાજાએ ગાંગીલ મહર્ષિને કહ્યું કે, "અમોને વિદાય કરવાની જે કાંઇ તમારે તૈયારી કરવી હોય, તે સત્વર કરી અમને વિદાય કરો; કારણ કે, હું મારું રાજ્ય કોઇને સોંપ્યા વગર જ આવ્યો છું." તેના જવાબમાં ઋષિ બોલ્યા કે, "દિશારૂપ જ (દિગંબર) વસ્ત્રના પહેરનારા અમો, તમોને વિદાય કરવાની તૈયારી શું કરીએ? કયાં તમારો દેવતાઈ વેષ અને કયાં અમારો વનવાસ(વૃક્ષની છાલ)નો વેષ! આ અમારી કન્યા પોતાના પિયરનાં સામાન્ય વેષને દેખીને લજવાતી નથી શું? વળી આ અમારી કમલમાલાએ, જન્મી ત્યારથી ફક્ત આ તાપસી પ્રવૃત્તિ જ નજરે દીઠી છે; એટલે આ વૃક્ષોને પાણી સીંચવાની કળા સિવાય બીજી કાંઈપણ કળા તે જાણતી નથી. માત્ર તમારા ઉપર અત્યંત સ્નેહ રાખનારી આ ભોળીને શોકયો (તમારી બીજી સ્ત્રીઓ) તરફથી ઈર્ષારૂપ પીડા થવા દેશો નહીં." રાજાએ ઉત્તર વાળ્યો કે, "એને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોકયો તરફથી "પરાભૂતિ" ( ઘણી ઋદ્ધિ ) થશે પણ "પરાભુતિ" ( તિરસ્કાર ) નહિ થાય. હું પણ એનું વચન ઉત્થાપીશ નહીં. અહીંયાં તો હું એને અલંકાર( દાગીના ) તથા સુવસ્ત્ર વેષવડે શોભાવી શકતો નથી, પરંતુ સ્વસ્થાનકે ગયા પછી હું એના સંપૂર્ણ મનોરથોને પૂરા પાડીશ." આવા વચનો સાંભળી ગાંગીલ ઋષિ ખેદ પામીને બોલવા લાગ્યા કે, "ધિક્કાર છે મને કે હું આજન્મદરિદ્રીની પેઠે સાસરે વળાવતી વખતે પણ આ મારી પુત્રીને વસ્ત્રવેષ સરખો પણ સમર્પણ કરી શકતો નથી." આમ બોલતા બોલતા ઋષિવરના નેત્રમાંથી અશ્રુધારા વહેવા લાગી, એટલામાં પાસે રહેલા એક આમ્રવૃક્ષમાંથી નિર્મળ(સ્વચ્છ) રેશમી વસ્ત્ર અને અત્યુત્તમ આભૂષણોની પરંપરા આકાશમાંથી જાણે મેઘવૃષ્ટિ થતી હોય તેમ ચમત્કારિક રીતે પડવા લાગી. આ પ્રમાણે આભૂષણાદિકની વૃષ્ટિ થવાથી તેમણે અત્યંત ચમત્કાર પામી નિશ્ચય કર્યો કે, ખરેખર આ ઉત્કૃષ્ટ ભાગ્યશાળી કન્યાના ભાગ્યોદયથી જ એની ભાગ્યદેવીએ આ વૃષ્ટિ કરી છે. ફળદાયક વૃક્ષો ફળ આપી શકે છે, મેઘ જળવૃષ્ટિ કરી શકે છે, પણ આશ્ચર્ય છે કે, આ ભાગ્યશાળી કન્યાના ભાગ્યોદથી વૃક્ષે પણ વસ્ત્રાલંકારની વૃષ્ટિ કરી, માટે ધન્ય છે એ કન્યાના ભાગ્યને ! કહ્યું છે કે, "પુણ્યવંતના ભાગ્યોદયથી અસંભવિત પણ સંભવિત થઈ જાય છે. જેમ રામચંદ્રજીના પુણ્યોદયે સમુદ્રમાં પથ્થર પણ તરી શકતા હતા, તો વૃક્ષો વસ્ત્રાલંકાર આપી શકે એમાં શંકા જેવું શું છે ?" ત્યાર પછી હર્ષિત થયેલા મહર્ષિને સાથે લઇને મૃગધ્વજ રાજા કમલમાલા સહિત ચિત્તને પ્રસન્ન કરનારા જિનપ્રાસાદ ભણી આવ્યો. ત્યાં ઋષભદેવસ્વામિને વિધિપૂર્વક વંદન કરીને સ્તવના કરવા લાગ્યો કે, "હે પ્રભુ ! જેમ શિલામાં કોતરેલી મૂર્તિ તેમાં સ્થિર થઈને રહે છે, તેમ મારા હૃદયમાં પણ તમારું સ્વરૂપ સ્થિર થઇ રહ્યું છે, માટે હે ભગવન્ ! તમારું પવિત્ર દર્શન મને ફરીને સત્વર થજો" એમ પ્રથમ તીર્થંકરને વિનયપૂર્વક વંદન-સ્તવન કરીને કમલમાળા સહિત તે રાજા, દેવ પ્રાસાદની બહાર આવીને ગાંગીલ ઋષિને માર્ગ પૂછવા લાગ્યો. ત્યારે મહર્ષિ બોલ્યા કે, "તમારા નગરનો માર્ગ હું જાણતો નથી." ત્યારે રાજાએ કહ્યું-"અમારા નગરનો માર્ગ પણ તમે જાણતા નથી તો તમે મારું નામ કયાંથી જાણ્યું ?" મહર્ષિએ જવાબ આપ્યો, "સાંભળો, એક દિવસ આ મારી નવયૌવના કન્યાને જોઈ હું વિચારતો હતો કે, આ મારી રૂપવતી કન્યાને યોગ્ય વર કોણ હશે ? તેટલામાં આ આમ્રવૃક્ષ ઉપર બેઠેલા કોઇ શુકરાજે મને કહ્યું, કે, "ઋષિવર ! એના વર માટે તું ફોગટ ચિંતા કરીશ નહીં, ઋતુધ્વજ રાજાના પુત્ર મૃગધ્વજ રાજાને આજે જ હું આ ઋષભદેવના પ્રાસાદમાં લાવીશ. કલ્પવલ્લિને યોગ્ય તો કલ્પવૃક્ષ જ હોય, તેમ આ કન્યાને યોગ્ય તે જ સર્વોત્કૃષ્ટ વર છે, માટે એની ચિંતા ન કર." એમ કહીને તે શુકરાજ તત્કાળ ઊડી ગયો, પછી થોડા જ સમયમાં આપ અહીં પધાર્યા. અનામત થાપણ તરીકે રાખેલી વસ્તુ જેમ પાછી અપાય તેમ મેં એના કહેવાથી જ આ કન્યા તમને આપી છે. આ સિવાય બીજી વધારે વાત હું જાણતો નથી." એમ બોલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાંગીલ ઋષિ મૌન રહ્યા. હવે શું કરવું? એ ચિંતામાં રાજા આમ તેમ જુએ છે, તેવામાં અવસરનો જાણ ન હોય શું? તેમ પેલો પોપટ ઝટ પાસે આવી બોલવા લાગ્યો કે, "હે રાજન્! તું મારી પાછળ આવ. હું તને માર્ગ દેખાડું. જો કે હું એક પક્ષી છું, છતાં પણ મારા પર વિશ્વાસ રાખનારને નિરાશ ન કરું. ચંદ્રમા સસલાને નિરંતર પોતાની પાસે જ નથી રાખતો શું? કોઇ સામાન્ય માણસ પણ મારે આશ્રયે આવ્યો હોય તો તેને નિરાશ ન કરું; તો તમારા જેવા મહાન્ પુરુષને નિરાશ કેમ કરી શકું? હે આર્યશ્રેષ્ઠ રાજેંદ્ર! હું ક્ષુદ્ર પ્રાણી છું, એમ સમજી તમે મને ભૂલી ગયા, પરંતુ હું તો તમને ભૂલનાર નથી." આવાં પ્રિય વાક્યો સાંભળતાં જ રાજા આશ્ચર્ય પામ્યો અને ગાંગીલ ઋષિની રજા લઇ સ્ત્રી સહિત અશ્વ પર ચડીને તે પોપટ પાછળ ચાલ્યો. શીઘ્ર ગતિથી પોપટ પાછળ ચાલતો, પોતાના રાજ્યની ચિંતાથી વ્યગ્ર થયેલો તે રાજા, થોડા જ વખતમાં પોતાના ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરને દૂરથી દેખી શકાય, તેટલો નજીક આવી પહોંચ્યો, અને શુકરાજ ત્યાં પાસે રહેલા એક વૃક્ષની ટોચ પર બેસી ગયો. તે જોઇ ચિંતાતુર રાજા તેને આગ્રહપૂર્વક કહેવા લાગ્યો-"જો કે સામે નગરના કીલ્લા, મહેલ પ્રમુખ દેખાય છે, તો પણ નગર હજી ઘણું દૂર છે, માટે હે શુકરાજ! રીસાયેલા માણસની પેઠે અહીંયાં જ કેમ બેસી ગયો?" હુંકારપૂર્વક તેણે પ્રત્યુત્તર આપ્યો "ડાહ્યા પુરુષો જે કંઇ કાર્ય કરે છે, તે કંઇ કારણ વગર કરતા નથી, તેનું સબળ કારણ હોય છે. આગળ ન જતાં અહીંયાં જ અટકી રહેવાનું પણ એક સબળ કારણ છે, માટે જ હું અહીંથી આગળ જતો નથી." આથી અત્યંત ગભરાઇને રાજા પૂછવા લાગ્યો કે "એવું શું કારણ છે? તે સત્વર મને કહી દે." તેણે કહ્યું, "સાંભળો, મહારાજ! ચંદ્રપુરી નગરીના ચંદ્રશેખર રાજાની બેન ચંદ્રાવતી નામે તમારી જે વ્હાલામાં વ્હાલી રાણી છે, તે બહારથી જ મધુર ભાષણ કરનારી છે પણ અંદરથી કપટી અને તમારા પ્રત્યે દુષ્ટ વૃત્તિ રાખનારી છે. ખરેખર! એ રાણી ગોમુખ જેવી છતાં વાઘણ જેવી દેખાય છે. પાણીની માફક નારીની પણ નીચી જ ગતિ હોય છે. તમે જ્યારે આ કમલમાળાના મેળાપને માટે મારી સાથે રાજ્ય સૂનું મૂકી આવતા રહ્યા, ત્યારે તે રાણીએ ડાકણની પેઠે છલ કરીને પોતાના ભાઈ ચંદ્રશેખરને તમારું રાજ્ય તાબે કરવાનો આ અનુકૂલ અવસર છે એમ જણાવ્યું. પોતાના ધારેલા કામને પાર પાડવામાં સ્ત્રીઓમાં કપટ એ જ મોટું બળ હોય છે. સહેજમાં આવી મળતા રાજ્યને લેવા કોણ ન ઉત્સુક હોય? તેમ તે ચંદ્રશેખર પોતાનું ચતુરંગ સૈન્ય લઇ તમારું રાજ્ય લેવાની આશાથી સત્વર તમારા નગર સમીપ આવી પહોંચ્યો છે. પણ અંદર રહેલા તમારા પ્રધાનો અને સેનાપતિ આદિએ ત્વરાથી નગરના દરવાજા બંધ કરી દીધા હોવાથી, ખજાના પર જેમ સર્પ વીંટાઇ જાય, તેમ આ તમારા નગરને ચોતરફ પોતાના સૈન્યથી ઘેરીને તે રાજા નગરની બહાર જ સમુદ્ર સરખી સેના લઇ પડ્યો છે. કિલ્લા પર ચડીને તારા વીર તેજસ્વી સુભટો અભિમાનપૂર્વક ચંદ્રશેખરના સૈન્ય સાથે યુદ્ધ કરી રહ્યા છે. પરંતુ લોકમાં કહેવત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે નાયક વિનાનું સૈન્ય હાર જ પામે, માટે તારા વિના શત્રુઓને તેઓ શી રીતે જીતી શકે ? વળી આવું યુદ્ધ મચી રહ્યું છે, ત્યાં આપણે પણ એકદમ શી રીતે જઇ શકીએ ? એ વિચારે જ મનમાં ખેદ ધરતો હું આ વૃક્ષ પર બેઠો છું અને વૃક્ષ પર બેસી જવાનું પણ એ જ કારણ છે." આવી હૃદય વિદારનારી વાર્તા સાંભળતાં જ અતિ ક્ષુબ્ધ થયેલા રાજાના અંતઃકરણમાં જાણે પ્રવેશ માર્ગ મળ્યો હોય તેમ તીવ્ર સંતાપે પ્રવેશ કર્યો. આ વખતે તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, "ધિક્કાર થાઓ આવી દુરાચારિણી સ્ત્રીના દુષ્ટ હૃદયને ! આશ્ચર્ય છે એ ચંદ્રશેખરની સાહસિકતાને તેમજ એની નિર્ભયતાને ! પોતાના સ્વામિના રાજ્યની પણ તૃષ્ણા કરી. જુઓ તો ખરા, આ કેટલો અન્યાય પણ એમાં એનો શો દોષ છે ? સૂનું રાજ્ય લેવા કોણ ઇચ્છા ન કરે ? ધણી વગરના ક્ષેત્રમાંથી દાણા પણ ચોરાઇ જાય છે, તો પછી સૂના રાજ્યનું શું કહેવું ? ધિક્કાર થાઓ મને, કેમકે, હું પોતે જ વગરવિચારે મોહગ્રસ્ત, તેમ જ અવિવેકી બની રાજ્ય સૂનું મૂકી ચાલ્યો ગયો. પરિણામે આવી આપદામાં આવી પડું એમાં શી નવાઇ ! કોઇ પણ બાબતમાં વગર વિચારે ઉતાવળ કરાય, કંઇ મુકાઇ જાય કે વિશ્વાસ રખાય, અપાય, લેવાય, બોલાય, ખવાય કે વિનાશ કરાય તો પરિણામે પશ્ચાતાપ કરવાનો જ સમય આવે. કહ્યું છે કે, "સારું કે નરસું કાંઇ પણ કામ કરતાં પહેલાં જ પંડિતોએ તેના પરિણામનો વિચાર કરવો જોઇએ. કેમ કે અસ્થિર ચિત્તથી વગર વિચારે ઉતાવળું કામ કર્યું હોય તો તેમાં એટલી બધી આપત્તિઓ આવી પડે છે કે જેમ મર્મસ્થલમાં પેઠેલું શલ્ય મરણ સુધી દાહ કરનારી પીડા આપે છે, તેમ તેવા વગર વિચારે કરેલાં કાર્યોના પરિણામ મરણ પર્યન્ત કલેશ આપે છે." રાજ્ય મળવાની આશા જેણે છોડી દીધી છે એવા પશ્ચાતાપમાં પડેલા રાજાને શુકરાજ કહેવા લાગ્યો કે, "પુરુષમાં પ્રવર ! હે રાજા ! તું તારા મનમાં ફોકટ ચિંતા ન કર. વૈદ્યના બતાવ્યા પ્રમાણે વર્તનારનો વ્યાધિ શું ગયા વિના રહે ? તેમ હું પણ તને એક ઉપાય બતાવું છું, તે ઉપાય અજમાવતાની સાથે જ તારું શ્રેય થશે. તું એમ ન જાણીશ કે મારું રાજ્ય ગયું. હજી તો તું ઘણાં વર્ષ સુધી સુખપૂર્વક રાજ્ય કરશે." આવું તેનું બોલવું સાંભળીને નિમિત્તિયાના વચન પર જેમ આશા રાખી શકાય તેમ આ રાજાને પણ તે શુકરાજના વચનથી રાજ્ય પાછું મળશે એમ આશા બંધાઇ. તેટલામાં અકસ્માત્ જાણે દાવાનલ જ સામે આવતો ન હોય એમ સશસ્ત્ર ચતુરંગી સૈન્ય પોતાની સામે ઝડપથી આવતું દેખીને તે સભય બનીને વિચારવા લાગ્યો કે, જે ચંદ્રશેખર રાજાની મારા મનમાં ઉદાસી આવી છે એ જ સેના મને હણવાને મારી સામે આવે છે. હા ! હા ! ! હવે શું થશે ! ખરેખર ! આ વખતે આ કમલમાલાનો કેવી રીતે બચાવ કરી શકીશ. અને આ શત્રુઓની સામે હું એકલો કેમ કરી યુદ્ધ કરી શકીશ ? આવી પરિસ્થિતિથી મુંઝાયલો તે રાજા સ્તબ્ધ બની વિચાર કરે છે તેટલામાં "જયજય ચિરંજીવો હે મહારાજ ! જયવંતા વર્તો હે મહારાજ ! આ અણીને વખતે તમે ઠીક જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી પહોંચ્યા. જેમ હાથમાંથી નિધાન ખોઈ બેઠેલાને તે પાછું આવી મળે, તેમ મહારાજ ! આજે અમને તમારું દર્શન થયું. હવે અમને આદેશ આપો. ” સ્વપરિચિત એવા પોતાના સૈનિકોનું જ આ વચન છે, એમ તેની ખાતરી થઈ ત્યારે તે અત્યંત વિસ્મય પામી પ્રસન્ન ચિત્તે તેઓને પૂછવા લાગ્યો કે, “ અરે, આ વખતે તમે અહીંયાં ક્યાંથી આવ્યા ?” તેઓએ ઉત્તર વાળ્યો કે, “સ્વામિન્ ! તમે આવ્યા છો એમ જાણીને જ અમો અહીં તમારા દર્શનને માટે તેમજ તમારી પાસે તમારો આદેશ લેવા આવ્યા છીએ. આવા અવસર પર આજે અમને તમારું દર્શન થયું તે તો ખરેખર ભાગ્યયોગથી જ બન્યું છે.” શ્રોતા, વક્તા અને જોનારને પણ ચમત્કાર ઉત્પન્ન કરે એવા આ સમાચાર સાંભળી રાજા વિચાર કરીને બોલવા લાગ્યો કે, “આપ્તવાક્ય અવિસંવાદથી પરસ્પર વિરુદ્ધતાના અભાવથી એટલે કે સત્ય, સર્વ પ્રકારે જેમ માનવા યોગ્ય હોય છે, તેમ આ શુકરાજનું વાક્ય પણ અનેક પ્રકારના મારા પર ઉપકાર કરવાથી સર્વ પ્રકારે માનવા યોગ્ય છે. એ શુકરાજના ઉપકારનો બદલો હું કેમ વાળી શકીશ ? એને શી શી વસ્તુની ઈચ્છા છે, તે કેમ જાણી શકાય ? ગમે તેટલો એના પર ઉપકાર કરીએ, પણ એને કરેલા ઉપકારનો બદલો વાળી શકાય એમ નથી. કેમકે એણે પ્રથમથી સમયાનુસાર યથાયોગ્ય ઇચ્છિત વસ્તુપ્રાપ્તિ વગેરેના અનેક પ્રકારના ઉપકાર મારા પર કર્યા છે. કહ્યું છે કે,

प्रत्युपकुर्वन् बह्वपि न भवति पूर्वोपकारिणस्तुल्यः ।
एकोऽनुकरोति कृतं निष्कारणमेव कुरुतेऽन्यः ॥ २१ ॥

“ પ્રત્યુપકાર ગમે તેટલો કરો પણ પહેલા કરેલા ઉપકારીના ઉપકારની તુલના થતી નથી, કારણ કે તે ઉપકાર કરનારના કાર્યનું અનુકરણ કરે છે ત્યારે પ્રથમ ઉપકાર કરનારનું કાર્ય બદલાની આશા વગર કરાયલું હોય છે.

આમ વિચાર કરતો તે રાજા પ્રીતિપૂર્વક તે શુકરાજના સન્મુખ જોવા જાય છે, તેટલામાં જેમ સૂર્યોદય થતાં બુધનો તારો અદૃશ્ય થાય તેમ તે અલોપ થઈ ગયો. જાણે રાજા પાછો ઉપકારનો બદલો વાળશે, એવા ભયથી જ તે સંતાઈ રિસાઈ ગયો હોય તેમ. થોડા વખતમાં તો તે કેટલેક દૂર નીકળી ગયો. કહ્યું છે કે, “ સજ્જન પુરુષોની કોઈક એવી અલૌકિક કઠોર ચિત્તવૃત્તિ છે કે, તેઓ ઉપકાર કરીને પ્રત્યુપકારના ભયથી તરત જ દૂર ખસી જાય છે. ”

આવો જ્ઞાનનિધિ જો નિરંતર મારી પાસે રહે તો, મુશ્કેલી શી વસ્તુ છે એની મને ખબર જ ન પડે; કેમ કે, સર્વ કાર્ય યથાસમય કરવાનું તે જાણી શકે છે. એવા સહાયકારીનો યોગ, પ્રાયઃ સર્વ કાળે સર્વત્ર સર્વને હોય જ નહીં. કદાચિત્ કોઇને તેવાનો યોગ મળી જાય તો પણ નિર્ભાગીના હાથમાં આવેલા ધનની પેઠે ચિરંકાળ રહે નહીં. પણ એ પોપટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોણ હતો ? તેને આટલું જ્ઞાન ક્યાંથી ? મારા પર આટલી બધી મમતા શા માટે ? એ ક્યાંથી આવ્યો ? ને ક્યાં ગયો ? વળી એ વૃક્ષ પરથી વસ્ત્રાલંકારાદિકની વૃષ્ટિ કેમ થઈ ? આ સેના કેમ આવી ? ઇત્યાદિક જે મારા મનમાં સંદેહ છે, તે જેમ ગુફાના અંધકારને દીપક જ દૂર કરવાને સમર્થ છે, તેમ જ્ઞાની વિના બીજો કોણ દૂર કરી શકે ?

સર્વ રાજામાં મુખ્ય તે મૃગધ્વજ રાજા આ પ્રમાણે વિચારમાં વ્યગ્રચિત્ત થયેલો આમ તેમ જુએ છે, તેટલામાં સેનાધિપતિએ રાજાને પૂછ્યું "સ્વામિન્ ! આ બધું શું બન્યું ?" ત્યારે તેણે તે સૈનિકોની પાસે શુકરાજ મળ્યો હતો ત્યાંથી માંડી છેવટે તે અદૃશ્ય થયો, ત્યાં સુધીની બધી વાર્તા કહી સંભળાવી, તે સાંભળી લગભગ બધા સૈનિકો આશ્ચર્ય પામીને બોલવા લાગ્યા કે, "મહારાજ ! એ પોપટ તમારા ઉપર અત્યંત ભાવ રાખે છે, માટે તે તમને પાછો ક્યારેક પણ જરૂર મળશે અને તમારા મનની ચિંતા દૂર કરશે; કારણ કે આવો હિત-વત્સલ છેવટે એમ ઉવેખીને હંમેશ માટે જાય જ નહીં. વળી તમારા મનનો સંદેહ પણ એ જ આવીને દૂર કરશે, કારણ કે એ પોપટ જ્ઞાની જણાય છે, અને જ્ઞાનીને શંકા દૂર કરતાં કેટલી વાર ? હાલ આપ આ સર્વ ચિન્તા છોડી દઇને આપણા નગરમાં પધારી તેને પવિત્ર કરો. આપનાં દર્શન માટે અધીરાં બનેલા નગર જનોને આપના દર્શન આપીને આનંદિત કરો."

जैन साहित्य JAINSITE.com जयति शासनम्

રાજાએ તેમનું કહેલું માન્ય કર્યું. સમયોચિત બોલેલું અને સમય પર કરેલું કોને સ્વીકારવા યોગ્ય ન થાય ? મહામંગલિક વાજિંત્રોની મધુર ધ્વનિથી સર્વ દિશાઓને ગજાવનાર મહોત્સવપૂર્વક તે રાજાએ સપરિવાર સ્વનગર તરફ પ્રયાણ કર્યું. તે મૃગધ્વજ રાજાને આવતો જોઇને 'મોટી પાંખવાળા ગરુડને જોઇને પોતાના દરમાં બેઠા બેઠા પણ જેમ સર્પનો ગર્વ ગળી જાય તેમ' ચંદ્રશેખરનો સર્વ ગર્વ ગળી ગયો. તેણે તે વખતે પોતાનું સ્વામિદ્રોહીપણું ઢાંકવાને સમયસૂચક બુદ્ધિથી એક દૂતને ભેટ સાથે મૃગધ્વજ રાજાની પાસે તરત જ મોકલ્યો. રાજા પાસે આવીને પ્રણામ કરી તે બોલ્યો કે-"હે મહારાજ ! આપની પ્રસન્નતાને માટે તથા સઘળી વસ્તુસ્થિતિ આપને જણાવવા માટે ચંદ્રશેખર રાજાએ મને આપની પાસે મોકલ્યો છે. આપ કોઈ ધૂર્તના પ્રપંચને પરિણામે રાજ્ય સૂનું મૂકી, તેની પાછળ પાછળ ચાલ્યા ગયા છો એમ જાણી, અમારા રાજા ચંદ્રશેખર, આપના નગરની રક્ષા કરવા સારુ, પોતાના સૈન્ય સહિત આવ્યા અને કેવળ રક્ષણ કરવાની જ મતલબથી નગરની ચારે બાજુથી વિંટાઇ વળ્યા. આ વસ્તુસ્થિતિને નહિ જાણતા આપના સુભટોએ હથિયાર સજી જેમ કોઈ શત્રુની સાથે કરે તેમ યુદ્ધ શરુ કરી દીધું. મહારાજ ! અમે તો આપના રાજ્યનો બીજા કોઇ શત્રુથી પરાભવ ન થાય તે હેતુથી રક્ષા કરવા આવેલા તેમ છતાં અમારે આપના સૈનિકો તરફથી કેટલાય પ્રહાર સહન કરવા પડ્યા છે. તથાપિ સ્વામિનું કાર્ય સુધારવા જતાં મુસીબતો સહન કરવી પડે એમાં શું આશ્ચર્ય

છે ? પિતાના કાર્યમાં પુત્ર, ગુરુના કાર્યમાં શિષ્ય, પતિના કાર્યમાં સ્ત્રી અને સ્વામીના કાર્યમાં સેવક, પોતાના પ્રાણુને પણ તૃણ સમાન ગણે છે તે યોગ્ય જ છે. ”

તે દૂતના આવા દાંભિક વચન સાંભળીને રાજા મૃગધ્વજને તેની વાત વિષે સંશય તો ઉત્પન્ન થયો, પરંતુ સરળ સ્વભાવથી એ સાચું કહે છે એમ તે વખતે માની લીધું. કેટલી દક્ષતા, સરળતા અને ગંભીરપણું ! પછી તે રાજાએ પોતાની પાસે આવતા તે ચંદ્રશેખર રાજાનો યોગ્ય સત્કાર કર્યો. ત્યારપછી લક્ષ્મી સરખી કમલમાલા સાથે વિષ્ણુની જેમ શોભતા મૃગધ્વજ રાજાએ મોટા મહોત્સવપૂર્વક નગર–પ્રવેશ કર્યો. અને જેમ અદ્વિતીય એવી ચંદ્રકલાને મહાદેવે પોતાના ભાલસ્થળ( કપાળ )પર સ્થાપન કરી તેમ કમલમાલાને પોતાના રાજ્યસિંહાસને પોતાની પાસે પટ્ટરાણી પદે બેસાડી.

જો કે પુણ્ય જ પુત્રાદિક પ્રાપ્તિનું મુખ્ય કારણ છે, અને પુણ્યથી જ સંગ્રામમાં રાજાને જયની પ્રાપ્તિ થાય છે. સહાય કરનારા સૈનિકો તો નિમિત્ત માત્ર છે તેમ પુત્રાદિક પ્રાપ્તિમાં મંત્ર પણ માત્ર સહાય કરે છે, એમ વિચારી, પુત્રપ્રાપ્તિ માટે ગાંગીલ ઋષિએ આપેલા મંત્રને તે રાજાએ બતાવેલી વિધિ પ્રમાણે સાધ્યો. તેના પ્રભાવથી તેની સર્વ રાણીઓને એક એક પુત્ર થયો. સર્વ કારણોનો બરાબર યોગ મળી જાય તો કાર્યની જરૂર સિદ્ધિ થઈ શકે છે. જો કે ચંદ્રાવતી રાણી રાજાને ઘણી માનીતી હતી છતાં પણ પ્રથમ પતિદ્રોહ કર્યો હતો તેના પાપે માત્ર તેને પુત્ર થયો નહીં.

जैन साईट JAINSITE .com जयति शासनम्

એક વખત મધ્યરાત્રિએ અર્ધ નિદ્રાવસ્થામાં સુખે સૂતેલી કમલમાલા રાણીએ દિવ્ય પ્રભાવથી એક સ્વપ્ન જોયું. રાણી જાગીને પ્રાતઃકાળે રાજા પાસે આવીને કહેવા લાગી કે–“હે પ્રાણનાથ ! આજે મધ્યરાત્રો વ્યતીત થયા પછી, અર્ધનિદ્રાવસ્થામાં હું સુખે સૂતી હતી તે સમયે મેં એક સ્વપ્ન જોયું. તેમાં મારા પિતા ગાંગીલ ઋષિના તપોવનમાં આવેલા પ્રાસાદમાં આપણે સાથે પ્રયાણ કરતાં પહેલાં જેનાં છેલ્લાં દર્શન કર્યા હતા તે શ્રી ઋષભદેવ પ્રભુનાં દર્શન થયાં. તેમણે મને કહ્યું કે–“ હે કલ્યાણિ ! હાલ તું આ પોપટને લઈ જા, પછી કોઈક વખતે વળી હંસ આપીશ.” એટલું કહીને પ્રભુએ મને હાથોહાથ સર્વાંગસુલભ દિવ્ય વસ્તુના જેવો દેદીપ્યમાન પોપટ ભેટ આપ્યો. ” પ્રભુના પોતાના હસ્તનો પ્રસાદ પામીને આખા જગતની જાણે ઐશ્વર્યતા પામી હોઉં એમ હું અત્યંત પ્રસન્ન થતી જાગૃત થઈ ગઈ. અણધાર્યા આવી મળેલા કલ્પવૃક્ષનું જ ફળ હોય તેમ હે પ્રાણનાથ ! એ સ્વપ્નનું શું ફળ હશે ?” રાણીનું વચન સાંભળીને, આનંદરૂપ કંદને નવપલ્લવિત કરવાને મેઘરૂપ મીઠી વાણીથી તે રાજા સ્વપ્નના ફળને વિચારી કહેવા લાગ્યો કે, “ હે પ્રિયે ! જેમ દેવ–દર્શન અત્યંત દુર્લભ હોય છે, તેમ એવા ઉત્તમ સ્વપ્ન પણ કોઈક ભાગ્યોદયથી જ પામી શકાય છે. એવું દિવ્ય સ્વપ્ન દેખવાથી દિવ્ય રૂપ અને દિવ્ય

સ્વભાવવાળા ઉદય થતા ચંદ્ર અને સૂર્ય જ ન હોય શું એવા બે પુત્રો તને અનુક્રમે થશે. પક્ષી કુળમાં પોપટ અને રાજહંસ અત્યુત્તમ છે અને તેની તને સ્વપ્નમાં પ્રાપ્તિ થઇ, તો હે સુંદરી ! ક્ષત્રિય કુળમાં ઉત્કૃષ્ટ એવા બે પુત્રોની આપણને પ્રાપ્તિ થશે. પરમેશ્વરે સ્વપ્નમાં સ્વહસ્તે જ તને પ્રસન્નતાપૂર્વક પ્રસાદ આપ્યો છે, તો તેમના જેવો જ પ્રતાપી પુત્ર આપણને મળશે, એમાં કાંઈ પણ સંશય નથી. ”

એવાં વચન સાંભળીને અત્યાનંદિત થયેલી તે કમલમાલા રાણી રત્નપ્રભા પૃથ્વી જેમ અમૂલ્ય રત્નોને ધારણ કરે છે, અને આકાશ જેમ જગતચક્ષુ સૂર્યને ધારણ કરે છે, તેમ ગર્ભને ધારણ કરવા લાગી. તે દિવસથી ઉત્તમ રસના સિંચનથી જેમ મેરુપર્વતની પૃથ્વીમાં રહેલો કલ્પવૃક્ષનો કંદ પ્રતિદિન વધે, તેમ તે રાણીનો ગર્ભ પ્રતિદિન વધવા લાગ્યો, અને તેના પ્રભાવે ઉત્પન્ન થતા પ્રશસ્ત-શુભ મનોરથોને રાજા સંપૂર્ણ સન્માનપૂર્વક પૂર્ણ કરવા લાગ્યો. શુભ દિવસે અને શુભ લગ્ન-લગ્નાંશે, પૂર્વ દિશા જેમ પુનમના ચંદ્રનો પ્રસવ કરે તેમ, તે રાણીએ અત્યુત્તમ એવા પુત્રને સુખ-સમાધિપૂર્વક જન્મ આપ્યો. રાજકુલની એવી રીત હોય છે કે, પટ્ટરાણીના પ્રથમ પુત્રનો જન્મ-મહોત્સવ અત્યંત વૈભવપૂર્વક કરવો; અને તે પ્રમાણે આ કમલમાલા રાણી પટ્ટરાણીપદે હોવાથી તેના પ્રથમ પુત્રનો જન્મમહોત્સવ અત્યુત્તમ રીતે રાજાએ કર્યો. ત્યાર બાદ ત્રીજે દિવસે તે બાલકને ચંદ્ર-સૂર્યના દર્શન કરાવવાનો મહોત્સવ તેમણે અત્યંત ઉમંગથી કર્યો. છઠે દિવસે છઠ્ઠી-જાગરણનો મહોત્સવ પોતાની રાજ્યઋદ્ધિને અનુસારે યથોચિત રીતે કરાવ્યો. સ્વપ્નાનુસાર પુત્રની પ્રાપ્તિ થઇ માટે તે પુત્રનું ‘ શુકરાજ ’ એવું નામ મહોત્સવપૂર્વક આનંદથી શુભ દિવસે પાડવામાં આવ્યું. પાંચ સમિતિથી રક્ષાયલો સંયમ જેમ વૃદ્ધિ પામે તેમ ધવરાવવા, રમાડવા, હસાવવા, નવડાવવા તથા પાલણ કરવા રાખવામાં આવેલી પાંચ ધાવમાતાઓથી સ્નેહપૂર્વક રક્ષાયલો શુકરાજ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. માતાપિતાને આનંદ આપનારૂં અન્નપ્રાસન, લક્ષ્મીની સુદૃષ્ટિ સમું રિંખણ ( રમવું ), હર્ષ ઉપજાવે તેવું ક્રમણ ( ચાલવું ), શુભ વચન, ચિત્તાકર્ષક વસ્ત્રપરિધાન તથા પ્રેમગ્રંથિના બંધન સમી વર્ષગાંઠ વગેરે શુભ પ્રસંગો અત્યંત ધામધૂમથી રાજાએ નિર્વિઘ્ને ઉજવ્યા. જુઓ તો ખરા ભાગ્યની દશા ! ભાગ્યશાળીનું ભાગ્ય એવું જ હોય છે. એ પ્રમાણે ઉલ્લાસપૂર્વક વૃદ્ધિ પામતો શુકરાજકુમાર પાંચ વર્ષનો થયો. પાંચમે વર્ષે જેમ આંબો સર્વ રીતે ખીલે-ફળે, તેમ તે કુમાર, રૂપ, સંપદા, પરાક્રમ વગેરે સર્વોત્તમ ગુણોવડે જાણે બીજો ઇંદ્રપુત્ર જયંત ન હોય ? તેમ શોભવા લાગ્યો. બાળક છતાં બોલવામાં જાણે પ્રૌઢ પુરુષ ન હોય શું તેવી ચતુરાઇ તથા મીઠાશ તેના વચનમાં હોવાથી સર્વને તે પ્રિય થઇ પડ્યો.

એકદા વસંતઋતુનાં પુષ્પોની સૌરભથી મ્હેકી રહેલા તથા ફૂલફુલોથી રમ્ય બાગની શોભા જોવાને રાજા પોતાની પટ્ટરાણી કમલમાલા અને શુકરાજ કુમારને સાથે લઇને નગરના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્યાનમાં આવી આમ્રવૃક્ષની નીચે બેઠો. તે સમયે તેને પૂર્વની બનેલી સઘળી બીના યાદ આવવાથી પ્રસન્ન થઇને કમલમાલાને કહેવા લાગ્યો કે, "હે પ્રિયે ! તે જ આ આમ્રવૃક્ષ છે, કે જેની નીચે હું વસંતઋતુમાં આવીને બેઠો હતો, અને શુકરાજ–પોપટની વાણીથી તારા રૂપનું વર્ણન સાંભળીને અતિશય વેગથી તેની પાછળ પાછળ ચાલી નીકળ્યો અને તારા પિતાના આશ્રમ સુધી જઇ પહોંચ્યો. ત્યાં તારી સાથે લગ્ન કરી હું કૃતાર્થ થયો." આ બધી વાર્તા પિતાના ખોળામાં બેઠો બેઠો કુમાર સાંભળતો હતો અને એ સાંભળતાં જ કલ્પવૃક્ષની શાખા જેમ છેદાવાથી ધરતી પર તૂટી પડે તેમ શુકરાજકુમાર મૂર્છા યુક્ત થઇ નીચે ઢળી પડ્યો. માતપિતાના હર્ષ વૃક્ષની શાખા છેદાઇ ઢળી પડી ન હોય તેમ આ જોઇ અતિશય ગભરાઇ ગયેલા માતાપિતાએ કોલાહલ મચાવી મૂકયો, તે સાંભળી સર્વે અનુચરો ત્યાં ભેગા થઇ ગયા અને કુમારની આવી હાલત જોઇ શોકપૂર્ણ સ્વરે બોલી ઉઠયા: "અરે રે ! આ શું થયું ?" એમ ઊંચે શબ્દે બોલતાં સર્વે આકુળવ્યાકુળ થઇ ગયાં; કારણ કે મોટાનાં સુખદુઃખની સાથે સર્વ સામાન્ય જનોનાં પણ સુખ દુઃખ સંકળાયલા જ હોય છે. ચંદનનું શીતળ જળ છાંટવાથી તેમજ કેળનાં પત્રનો પવન વીંઝવાથી તેમજ બીજા યોગ્ય ઉપચારો( ઉપાયો ) કરવાથી કેટલોક વખત ગયા બાદ તે શુકરાજ કુમારને ભાન આવ્યું. ચેતના આવવાથી કમળની પાંખડીઓની પેઠે પ્રકાશતી નેત્રરૂપ પાંખડી ઉઘડી, પણ મુખકમળ વિકસ્વર થયું નહીં. વિચારપૂર્વક તે ચારે બાજુ જોવા લાગ્યો પણ ઘણી રીતે બોલાવવા છતાં જરી પણ બોલ્યો નહિ. તીર્થંકરદેવ છદ્મસ્થાવસ્થામાં જેમ મૌન ધારણ કરે તેમ તે જરીપણ બોલ્યો નહી. રાજકુમારનું આવું મૌન જોઇ સર્વે જન ધારવા લાગ્યા કે, ખરેખર આને કોઇક દેવની અવકૃપાથી આમ બન્યું હોવું જોઇએ. તે કાંઇક શાંત થયો છે પણ અરે રે ! મહાખેદ કરવા લાયક એ છે કે–અમારા કોઇક દુષ્ટકર્મના ઉદયથી એની જીભ ઝલાઇ ગઇ છે.

આમ મહા ચિંતામાં નિમગ્ન બનેલા તેના માતા પિતા તેને પોતાના મહેલમાં લઇ ગયા. ત્યાં તેમણે કુમારને બોલતો કરવા વિવિધ પ્રકારના ઉપાયો કરાવ્યા, પણ દુર્જન પર કરેલા ઉપકારની પેઠે તે સર્વ ઉપચારો નિષ્ફળ ગયા. એ સ્થિતિમાં છ માસ વીતિ ગયા છતાં પણ કુમારનું મૌન તૂટયું નહિ, તેમજ તેનું રહસ્ય પણ કોઇ શોધી શકયું નહિ. અરેરે ! વિધાતાએ રત્નસમાન શ્રેષ્ઠ વસ્તુઓમાં પણ કંઇ ને કંઇ દોષ મૂકયો છે. ચંદ્રમાં કલંક, સૂર્યમાં ઉગ્ર તેજ, આકાશમાં શૂન્યતા, વાયુમાં ચંચલપણું, કૌસ્તુભ મણિમાં પાષાણપણું, કલ્પવૃક્ષમાં કાષ્ઠપણું, પૃથ્વીમાં રજકણ, સમુદ્રમાં ખારાશ, મેઘમાં શ્યામતા, અગ્નિમાં દાહકતા, જળમાં નીચગતિ, સુવર્ણના મેરુમાં કઠોરપણું, સુવાસિત કર્પૂરમાં અસ્થિરતા, કસ્તૂરીમાં કાળાશ, સજ્જનોમાં નિર્ધનતા, ધનિકોમાં મૂર્ખતા, રાજાઓમાં લોભ હોય તેમ આ રાજકુમારમાં મૌન પ્રવેશ્યું છે. મોટા ભાગ્યશાળી પુરુષોની દુર્દશા કયા સજ્જનના મનમાં ન ખટકે ? તે સમયે મળેલા સર્વ નગરજનો પણ અત્યંત શોક કરવા લાગ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવામાં ક્રીડારસના સાગર સમાન અને જગજ્જનના નેત્રોને અત્યંત આનંદકારી કૌમુદી-મહોત્સવ-શરદ પુનમના ચંદ્રનો મહોત્સવ-માણિકઠારી પુનમનો દિવસ આવ્યો. તે સમયે ફરી નગરજનો સાથે તે રાજા પોતાની કમલમાલા મહારાણી અને શુકરાજને લઈને ઉદ્યાનમાં ગયો અને તે જ આંબાના વૃક્ષને જોઇને ખિન્ન ચિત્તથી રાણીને કહેવા લાગ્યો કે-"હે દેવિ, જેમ વિષવૃક્ષ સર્વથા દૂરથી જ તજવા યોગ્ય હોય છે, તેમ આપણા આ શુકરાજ કુમારને આવું વિષમ દુઃખ આ આમ્રવૃક્ષથી જ ઉત્પન્ન થયું છે, માટે એ પણ દૂરથી જ તજવા યોગ્ય છે." આટલું બોલીને તે વૃક્ષ છોડીને બીજે સ્થાનકે જવાને તે તત્પર થાય છે, તેટલામાં અકસ્માત તે જ આમ્રવૃક્ષની નીચે અત્યંત પ્રમોદકારક દેવદુંદુભિનો નાદ થવા લાગ્યો. આવો ચમત્કાર જોઇને રાજા પૂછવા લાગ્યો કે, આ દિવ્ય ધ્વનિ ક્યાંથી ઉત્પન્ન થયો ? ત્યારે કોઇકે આવીને કહ્યું કે, "મહારાજેંદ્ર ! અહીંયાં શ્રીદત્ત નામા મુનિ તપશ્ચર્યા કરતા હતા, તેમને હમણાં જ કેવળજ્ઞાન થયું છે અને તેથી દેવતાઓ દિવ્ય વાજિંત્રોના નાદથી તેનો મહોત્સવ ઉજવે છે." એ સાંભળતાં જ રાજા પ્રસન્ન થઇ બોલ્યો "આ મારા પુત્રરત્ને જે મૌન ધારણ કર્યું છે, તેનું રહસ્ય કેવળી જ કહી શકશે, માટે ત્યાં જવું યોગ્ય છે." એમ વિચારી તે પુત્ર તથા રાણી અને મોટા પરિવાર સાથે ત્યાં જઇ વંદનાદિક ભક્તિ કરીને કેવળી સન્મુખ આવી બેઠો. ત્યારે કેવળીએ કલેશનો નાશ કરનારી અમૃત સમાન દેશના દીધી. ત્યાર બાદ વિનયપૂર્વક રાજા પૂછવા લાગ્યો કે-"હે પ્રભો ! આ શુકરાજ કુમારની વાચા શા કારણથી બંધ થઇ ?" ઋષિમુખ્ય કેવળી મહારાજે જવાબ આપ્યો કે-"એ બાળક હમણાં જ બોલશે." તે સાંભળીને પ્રસન્નતા-પૂર્વક રાજા બોલવા લાગ્યો કે-"મહારાજ, અમારે એ બાળક બોલે તો પછી શું જોઇએ ? અમે એ જ ઇચ્છીએ છીએ." એટલે કેવળી બોલ્યા, "હે શુકરાજ ! આ સર્વના દેખતાં અમને વંદનાદિક કેમ કરતો નથી ?" આ સાંભળતાં જ તે શુકરાજે ઊઠીને સર્વજન સમક્ષ તે કેવળી ભગવાનને ઇચ્છામિ ખમાસમણો સૂત્રના ઉચ્ચારપૂર્વક ખમાસણા દેઇ, વિધિપૂર્વક વંદન કર્યું. આ મહા ચમત્કાર દેખીને રાજા પ્રમુખ સર્વ ચકિત થઇ બોલવા લાગ્યા કે-ખરેખર આ મહામુનિનો મોટો મહિમા પ્રગટ જોયો, કારણ કે જેને સેંકડો પુરુષો મંત્ર તંત્રાદિકથી પણ બોલાવવા શક્તિમાન થયા નહીં એવા આ બાળકને તેમના વાક્યામૃતથી જ વાચા પ્રગટી. અહીંયાં ચિત્તને વિષે ચમત્કાર પામવામાં લીન બની ગયેલા લોકોની વચ્ચે રાજા સાશ્ચર્ય પૂછવા લાગ્યો કે, "સ્વામિન્ ! આ શું ?" ત્યારે કેવળીએ જણાવ્યું કે, "આ બાળકને મૌન રહેવાનું મુખ્ય કારણ પૂર્વભવનું જ છે; હે ભવ્યજનો, સાવધાનતા પૂર્વક તે સાંભળો:—

## શુકરાજના પૂર્વભવનું વૃત્તાંત

પૂર્વે મલય દેશમાં ભદ્દીલપુર નામનું એક નગર હતું. ત્યાં આશ્ચર્યકારી ચરિત્ર વાળો જિતારિ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજા એવો તો દાનવીર અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યુદ્ધવીર હતો કે તેણે પોતાના સર્વ યાચકોને અલંકારયુક્ત અને સર્વ શત્રુઓને કેદ કર્યા હતા. વળી ચાતુર્ય, ઔદાર્ય અને શૌર્યાદિક ગુણોનો તે ભંડાર હતો. એક વખતે તે પોતાના રાજ્ય સિંહાસન પર બેઠો હતો, તેવામાં છડીદારે આવી એવી વિનંતી કરી કે, "મહારાજ ! વિજયદેવ નામના રાજાનો દૂત આપને મળવાની ઇચ્છાથી દરવાજા આગળ આવીને ઊભો છે; આપની આજ્ઞા હોય તો અહીં આવે." રાજાએ તે દૂતને સત્વર બોલાવી લાવવાની દ્વારપાળને આજ્ઞા કરી. ત્યારે તે સ્વકર્તવ્યને જાણનારો દૂત રાજા પાસે આવી વિનયપૂર્વક વંદન કરીને કહેવા લાગ્યો કે, "મહારાજ ! સાક્ષાત્ દેવનગરી સમાન દેવપુર નગરમાં વિજયદેવ નામે રાજા રાજ્ય કરે છે; તે વાસુદેવના જેવો પરાક્રમી છે. જેમ યોગ્ય રાજનીતિથી શામ, દામ, ભેદ અને દંડ એ ચાર ઉપાય પેદા થાય, તેમ તેની પ્રીતિમતી નામે સતી મહારાણીએ ચાર પુત્ર પ્રસવ્યા. પછી જેમ હંસલીની બંને પાંખો ઉજ્વળ હોય તેમ માતપિતાના બન્ને કુળની ઉદ્યોતક 'હંસી' નામે એક કન્યા પ્રસવી છે. એ નિયમ છે કે, જે વસ્તુ સ્વલ્પ હોય તે અતિશય પ્રિય લાગે, તેમ આ પુત્રી પણ માતાપિતાને અત્યંત પ્રિય છે. તે હંસી બાલ્યાવસ્થાનો ત્યાગ કરીને જ્યારે આઠ વર્ષની થઇ ત્યારે પ્રીતિમતી મહારાણીને 'સારસી' નામે વળી બીજી કન્યા ઉત્પન્ન થઇ. સાક્ષાત્ જળાશયને શોભાવનારી જાણે બીજી સારસી જ ન હોય ને શું ? પૃથ્વીમાં જે સાર સાર નિર્મળ પદાર્થો હતા તે જ લઇને જાણે વિધાતાએ તેને ઘડી ન હોય શું ? એવી તે બંને બાળિકાઓ એટલી બધી સ્વરૂપવતી હતી કે, તે બન્નેનો પરસ્પર તેમનાં સિવાય જગતની બીજી ઉપમાઓ આપી શકાય નહીં. વળી તે બંનેની પરસ્પર એવી તો અલૌકિક પ્રીતિ છે કે, બન્નેના શરીર જુદાં દેખાય છે, તે પણ તેમને ખેદકારક થઇ પડ્યાં છે. કામરૂપ હસ્તિના ક્રીડાવન સમાન યૌવન વયને પ્રાપ્ત થયેલી હંસીએ પોતાની લઘુ બેન સારસીનો વિયોગ થવાના ભયથી પોતાના વિવાહની વાત જ માંડી વાળી. જ્યારે સારસી યૌવનાવસ્થાની સન્મુખ આવી પહોંચી ત્યારે બન્ને જણીઓએ પ્રીતિપૂર્વક એવી પ્રતિજ્ઞા કરી કે, આપણાથી એક બીજાનો વિયોગ વેઠી શકાશે નહીં, માટે આપણે એક જ વરને વરવું. તે બન્નેએ એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી એટલે માતાપિતાએ તેમને મનગમતો વર મેળવવા માટે ત્યાં યથાવિધ સ્વયંવર-મંડપ રચ્યો. તેમાં એવી તો અલૌકિક મંચ-રચના કરવામાં આવી છે કે, જેનું વર્ણન મોટા કવિઓ પણ કરવાને અસમર્થ છે. ટૂંકમાં એટલું કે ત્યાં આપના જેવા બીજા પણ ઘણા રાજાઓ આવશે અને તે નિમિત્તે ત્યાં ઘાસ તેમ જ ધાન્યના એવા તો પુંજ ખડકાવ્યા છે, કે જેની આગળ મોટા પર્વતોની પણ શી ગણના ! અંગ, બંગ, કલિંગ, આંધ્ર, જાલંધર, મારવાડ, લાટ, ભોટ, મહાભોટ, મેદપાટ(મેવાડ), વિરાટ, ગૌડ, ચૌડ, મહારાષ્ટ્ર, કુરુ, ગુજરાત, આભીર, કાશ્મીર, ગોયલ્લ, પંચાલ, માલવ, હૂણ, ચીન, મહાચીન, કચ્છ, વચ્છ, કર્ણાટક, કોંકણ, નેપાળ, કાન્યકુબ્જ, કુંતલ, મગધ, નૈષધ, વિદર્ભ, સિંધ, દ્રાવિડ, ઇત્યાદિક અનેક દેશોના રાજા ત્યાં આવનાર છે; માટે મારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામિએ આપ( મલય દેશના મહારાજા )ને પણ નિમંત્રણ આપવા મને મોકલ્યો છે, તેથી આપ ત્યાં પધારી તે સ્વયંવરને શોભાવશો એવી આશા છે. ”

દૂતનાં આવાં વાક્યો સાંભળતાં તેમનું ચિત્ત પ્રસન્ન થયું. પણ સ્વયંવરમાં મળેલા ઘણા રાજાઓ વચ્ચે એ કન્યાઓ મને પરણશે કે બીજાને, એવા સંશયરૂપ હિંડોળામાં મનરૂપ માંકડું હિંચકવા લાગ્યું. પછી પંચ વચ્ચે મારે પણ જવું એ જ વધારે સારૂં છે એમ ધારી છેવટ તે જવાને તૈયાર થયો. પક્ષીઓના શુભ શુકનથી ઉત્સાહિત થયેલો તે દેવપુર નગરમાં જઈ પહોંચ્યો; ત્યાં બીજા પણ ઘણા રાજાઓ આવી પહોંચ્યા. વિજયદેવ રાજાએ બહુમાનપૂર્વક તેઓનો નગરપ્રવેશ કરાવ્યો. નિર્ધારેલા દિવસે અતિ આદરસહિત યથાયોગ્ય ઉચ્ચ માંચડાઓ ઉપર સર્વ રાજાઓએ બેસીને દેવના વિમાનની જેમ તે સ્વયંવર–મંડપને શોભાયુક્ત કર્યો. ત્યાર બાદ શુભ સ્નાનપૂર્વક શરીર પર ચંદન વગેરે ચર્ચીને અને સ્વચ્છ વસ્ત્રે વિભૂષિત થઇ, સરસ્વતી અને લક્ષ્મીના જેવી તે બન્ને બેનો હંસી અને સારસી પાલખમાં બેસીને તે સ્વયંવર–મંડપમાં જ્યારે આવી ત્યારે અત્યુત્તમ કરિયાણા પર જેમ ઘણા ગ્રાહકોનાં દૃષ્ટિ ને મન ખેંચાય તેમ, તે કન્યાઓ પર સર્વ રાજાઓનાં દૃષ્ટિ અને મન એકાગ્ર થવા લાગ્યાં. તેમનાં મન તથા દૃષ્ટિ કન્યાઓ તરફજ દોડવા લાગ્યાં, અને કામથી પરવશ બની વિવિધ પ્રકારની ચેષ્ટાઓ દ્વારા પોતાના અંતરના આશયને જણાવવાના કાર્યમાં ગુંથાઈ ગયા. જ્યારે વરમાળા લઇને બન્ને કન્યાઓ સ્વયંવર મંડપના મધ્યગત ભાગમાં આવી ઊભી રહી, ત્યારે સુવર્ણ છડીની ધારનારી તથા પ્રથમથી સર્વ વૃત્તાંતની જાણનારી કુલમહત્તરા સર્વ રાજાઓનું વર્ણન કરવા લાગી. “ હે સખી ! આ રાજાધિરાજ રાજગૃહીના સ્વામિ છે; શત્રુના સુખનો ધ્વંસ કરવાના કાર્યમાં અત્યંત કુશળ એવા આ કોશલદેશ-( અયોધ્યા )ના રાજા છે; સ્વયંવર–મંડપની શોભા વડે શોભતા આ ગુર્જર દેશના રાજા છે; ઈંદ્રપુત્ર જયંતના વૈભવને પણ ટપી જાય એવા વૈભવથી વિરાજતો આ સિંધુ દેશાધિપતિ છે; શૌર્ય તેમજ ઔદાર્યના ક્રીડાસ્થાન સમા આ અંગાધીશ છે; પોતાના રૂપથી કામદેવના અભિમાનને ચૂર્ણ કરનાર આ વંગ નરેશ છે; આ સદા સૌમ્ય અને મનોહર ઋદ્ધિ યુક્ત કલિંગ દેશના રાજા છે; જેની લક્ષ્મીનો પાર નથી એવા આ માળવા દેશના રાજા છે; પ્રજા પાળવામાં દયાળુ આ નેપાળ દેશના રાજા છે; જેના સદ્ગુણોનું વર્ણન ન થઇ શકે એવા આ કુરુ દેશના રાજા છે; શત્રુની શોભાને નિષેધનાર આ નૈષેધના રાજા છે; યશરૂપ સુગંધિની વૃદ્ધિ કરનાર આ મલય દેશના રાજા છે. ”

એવી રીતે સખીઓએ દરેક રાજાઓના નામ તથા ગુણ વર્ણન વડે ઓળખાવ્યા બાદ જેમ ઇંદુમતી અજ રાજાને વરી તેમ આ બન્ને કન્યાઓ હંસી અને સારસીએ જિતારિ રાજાને વરમાળા આરોપી. આ વખતે મહેચ્છા, ઉત્સુકતા, સંશય, હર્ષ, વિષાદ, લજ્જા, પશ્ચાત્તાપ, ઈર્ષાપ્રમુખ મનોવિકારથી કેટલાક રાજાઓ વ્યાપ્ત થઇ ગયા. આવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વયંવરમાં કોઇ રાજા પોતાના આગમનને, કોઈ દૈવને (ભાગ્યને) અને કોઇ અવતારને ધિક્કારવા લાગ્યા.

વિજયદેવ રાજાએ જિતારિ રાજા સાથે કન્યાઓનો મહોત્સવ, સન્માન અને દાનપૂર્વક શુભ સમયે લગ્ન સમારંભ કર્યો. ભાગ્ય વિના મનોવાંછિતની પ્રાપ્તિ થાય જ નહીં, એ નક્કી છતાં પણ કેટલાય પરાક્રમી રાજા આશા ન ફળતા ઉદાસ થઈ ગયા. કેટલાક રાજાઓ ઈર્ષા ધરીને જિતારિ રાજાને મારી નાખવાના કાર્યોમાં પ્રવર્ત્તવા લાગ્યા, પણ તે યથાર્થ નામવાળા જિતારિનો કોણ પરાભવ કરી શકે? કોઈપણ તેને કાંઇ કરી શકયું નહીં. રતિ પ્રીતિ જેવી બે સ્ત્રીઓથી કામદેવને પણ શરમાવતો તે જિતારિ રાજા પોતાના શત્રુરૂપ બનેલા સર્વે રાજમંડળના ગર્વને પણ જીતતો પોતાની બંને સ્ત્રીઓ (હંસ, સારસી) સહિત નિર્વિઘ્ને પોતાની રાજધાનીમાં જઇ પહોંચ્યો. પછી અતિ આડંબરપૂર્વક તે બે રાણીઓનો દેવીઓની પેઠે રાજ્યાભિષેકનો મહોત્સવ કરી તેમને પોતાની બે ચક્ષુની માફક સમાન માનીને રાજા સુખ ભોગવવા લાગ્યો. હંસી રાણી પ્રકૃતિથી સરળ-સ્વભાવી હતી, પણ સારસી રાણી તો રાજાને પ્રસન્ન કરવા માટે કોઈ કોઇ વાર કપટ કરતી હતી. જો કે તે પોતાના પતિને પ્રસન્ન કરવા માટેજ કપટ કેળવતી હતી, તો પણ તેથી તેણે સ્ત્રી વેદકર્મ દૃઢપણે બાંધ્યું, અને હંસીએ તો પોતાના સરળ સ્વભાવથી સ્ત્રીવેદ વિચ્છેદ કરી નાંખ્યો, એટલું જ નહીં પણ રાજાને અત્યંત માન્ય થઇ. આશ્ચર્ય છે કે જીવો પોતાની મૂર્ખતાથી ફોકટ પોતાના આત્માને માયા (કપટ) કરવાથી નીચ ગતિમાં લઇ જાય છે.

એક વખત તે રાજા પોતાની આ બે રાણીઓની સાથે રાજમહેલના ગોખમાં ઊભો ઉભો નગરની શોભા જોતો હતો, તેટલામાં મનુષ્યના મોટા સમુદાયને નગરમાંથી બહાર જતો જોયો. તેજ વખતે તેણે તે વિષે તપાસ કરવા સેવકને આજ્ઞા કરી. તેણે તપાસ કરી આવી કહ્યું કે,--રાજેંદ્ર ! શંખપુરી નગરથી એક મોટો સંઘ આવ્યો છે, તે સિદ્ધાચલ તીર્થની યાત્રા કરવા જાય છે, તે સાંભળી કૌતુકથી રાજા સંઘના ઉતારે ગયો, અને ત્યાં રહેલા શ્રી શ્રુતસાગરસૂરિને વંદન કર્યું. પછી સરલ આશયવાલા તે રાજાએ આચાર્યશ્રીને પૂછયું કે, એ સિદ્ધાચલ તે કયો ? તે તીર્થ કેમ ? અને તે તીર્થનું મહાત્મ્ય શું છે? ક્ષીરાશ્રવલબ્ધિના* ધારક તે આચાર્યશ્રી બોલ્યા કે-રાજન્! આ લોકમાં ધર્મથીજ સર્વ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને આ વિશ્વમાં ધર્મ એ જ સર્વ સારમાં સારભૂત છે. નામધર્મ [જેનું માત્ર નામ ધર્મ હોય, પણ જેમાં ધર્મત્વ ન હોય તે] તો ઘણા છે પણ અર્હંત્-પ્રણીત ધર્મ જ અત્યંત શ્રેયસ્કર-કલ્યાણ કરનાર છે; કેમ કે, સમ્યક્ત્વ (તત્ત્વશ્રદ્ધા), એ જ જેનું મૂળ છે, તેના વિના પ્રાણી જે તપ, જપ, વ્રત, કષ્ટ-

---

* ક્ષીરાશ્રવલબ્ધિ—દૂધપાકના જેવી જેના વચનમાં મધુરતા (મીઠાશ) હોય તેવી શક્તિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નુષ્ઠાનાદિક કરે છે, તે સર્વે ફૂળહીન વૃક્ષની જેમ વ્યર્થ છે. તે સમ્યકત્વ પણ ત્રણ તત્ત્વના ગ્રહણ કરવારૂપ છે; તે વીતરાગ દેવ, શુદ્ધ પ્રરૂપક ગુરુ અને કેવલિભાષિત ધર્મરૂપ છે. તે ત્રણ તત્ત્વમાં પણ પ્રથમ 'દેવતત્ત્વ' અરિહંત જાણવા. અરિહંત દેવમાં પણ પ્રથમ અરિહંત 'શ્રી યુગાદિદેવ ઋષભદેવ' છે. એ અત્યંત મહિમાવંત દેવ જે તીર્થ પર બિરાજે છે, તે "સિદ્ધાચલ" નામનું તીર્થ પણ મહાપ્રભાવિક છે. એ વિમળાચળ તીર્થ સર્વે તીર્થોમાં મુખ્ય છે; એ તીર્થનાં નામ પણ જુદાં જુદાં કારણે અનેક નામો છે. જેમ કે, ૧ સિદ્ધક્ષેત્ર, ૨ તીર્થરાજ, ૩ મરુદેવ, ૪ ભગીરથ, ૫ વિમલાચલ, ૬ બાહુબલિ, ૭ સહસ્રકમલ, ૮ તાલધ્વજ, ૯ કદંબગિરિ, ૧૦ શતપત્ર, ૧૧ નગાધિરાજ, ૧૨ અષ્ટોત્તરશતકુલ, ૧૩ સહસ્રપત્ર, ૧૪ ઢંક, ૧૫ લોહિત્ય, ૧૬ કપર્દિનિવાસ, ૧૭ સિદ્ધિશેખર, ૧૮ પુંડરીક, ૧૯ મુક્તિનિલય, ૨૦ સિદ્ધિપર્વત, ૨૧ શત્રુંજય, એવાં એકવીશ નામ છે. તે પૈકી કેટલાક મનુષ્યકૃત, કેટલાંક દેવકૃત અને કેટલાંક ઋષિકૃત મળી આ ૨૧ નામોમાંથી કેટલાંક આ અવસર્પિણીમાં થયાં છે; અને કેટલાંક હવે પછી થશે. આ વર્તમાન અવસર્પિણીનાં જે એકવીશ નામ મેં તને કહ્યાં, તેમાંનું "શત્રુંજય" એવું એકવીશમું જે નામ આવેલું છે, તે આવતા ભવે તારાથી જ પ્રસિદ્ધ થશે એમ અમે જ્ઞાની પાસેથી સાંભળેલું છે. વળી સુધર્માસ્વામીના રચેલા "મહાકલ્પ" નામના ગ્રંથમાં આ તીર્થના અષ્ટોત્તરશત (એકસો આઠ) નામ પણ કહેલાં છે. તે આ પ્રમાણે :—

૧. વિમળાચળ, ૨ સૂરશૈલ, ૩ સિદ્ધક્ષેત્ર, ૪ મહાચળ, ૫ શત્રુંજય, ૬ પુંડરીક, ૭ પુણ્યરાશિ, ૮ શ્રીપદ, ૯ સુભદ્ર, ૧૦ પર્વતેંદ્ર, ૧૧ દઢશક્તિ, ૧૨ અકર્મક, ૧૩ મહાપદ્મ, ૧૪ પુષ્પદંત, ૧૫ શાશ્વત, ૧૬ સર્વકામદ, ૧૭ મુક્તિગેહ, ૧૮ મહાતીર્થ, ૧૯ પૃથ્વીપીઠ, ૨૦ પ્રભુપદ, ૨૧ પાતાલમૂળ, ૨૨ કૈલાસ, ૨૩ ક્ષિતિમંડન, ૨૪ રૈવતગિરિ, ૨૫ મહાગિરિ, ૨૬ શ્રીપદગિરિ, ૨૭ ઇંદ્રપ્રકાશ, ૨૮ મહાપર્વ, ૨૯ મુક્તિનિલય, ૩૦ મહાનંદ, ૩૧ કર્મસૂદન, ૩૨ અકલંક, ૩૩ સૌંદર્ય, ૩૪ વિભાસન, ૩૫, અમરકેતુ, ૩૬ મહાકર્મસૂદન, ૩૭ મહોદય, ૩૮ રાજરાજેશ્વર, ૩૯ ઢીંક, ૪૦ માલવતોય, ૪૧ સુરગિરિ, ૪૨ આનંદમંદિર, ૪૩ મહાયશ, ૪૪ વિજયભદ્ર, ૪૫ અનંતશક્તિ, ૪૬ વિજયાનંદ, ૪૭ મહાશૈલ, ૪૮ ભદ્રંકર, ૪૯ અજરામર, ૫૦ મહાપીઠ, ૫૧ સુદર્શન, ૫૨ ચર્ચગિરિ, ૫૩ તાલધ્વજ, ૫૪ ક્ષેમંકર, ૫૫ અનંતગુણાકર, ૫૬ શિવંકર, ૫૭ કેવળદાયક, ૫૮ કર્મક્ષય, ૫૯ જ્યોતિસ્વરૂપ, ૬૦ હિમગિરિ, ૬૧ નગાધિરાજ, ૬૨ અચલ, ૬૩ અભિનંદ, ૬૪, સુવર્ણ, ૬૫ પરમબ્રહ્મ, ૬૬ મહેંદ્રધ્વજ, ૬૭ વિશ્વાધીશ, ૬૮ કદંબક, ૬૯ મહીધર, ૭૦ હસ્તગિરી, ૭૧ પ્રિયંકર, ૭૨ દુઃખહર, ૭૩ જયાનંદ, ૭૪ આનંદઘર, ૭૫ યશોધર, ૭૬ સહસ્રકમલ, ૭૭ વિશ્વપ્રભાવક, ૭૮ તમોકંદ, ૭૯ વિશાલગિરિ, ૮૦ હરિપ્રિય, ૮૧ સુરકાંત, ૮૨ પુણ્યકેશ, ૮૩ વિજય, ૮૪ ત્રિભુવનપતિ, ૮૫ વૈજયંત, ૮૬ જયંત, ૮૭ સર્વાર્થસિદ્ધ, ૮૮ ભવતારણ, ૮૯ પ્રિયંકર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯૦ પુરુષોત્તમ, ૯૧ કયંબૂ, ૯૨ લોહિતાક્ષ, ૯૩ મણિકાંત, ૯૪ પ્રત્યક્ષ, ૯૫ અસીવિહાર, ૯૬ ગુણકંદ, ૯૭ ગજચંદ્ર, ૯૮ જગતરણી, ૯૯ અનંતગુણાકર, ૧૦૦ નગશ્રેષ્ઠ, ૧૦૧ સહજાનંદ, ૧૦૨ સુમતિ, ૧૦૩ અભય, ૧૦૪ ભવ્યગિરિ, ૧૦૫ સિદ્ધશેખર, ૧૦૬ અનંતરલેશ, ૧૦૭ શ્રેષ્ઠગિરિ, ૧૦૮ સિદ્ધાચળ. *

આ અવસર્પિણીમાં પહેલા ચાર તીર્થંકર ભગવંતો( ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ અને અભિનંદનસ્વામિ )નાં સમવસરણ આ તીર્થ ઉપર થયાં છે; વળી ઓગણીસ તીર્થંકરો ( સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વસ્વામી, ચંદ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી )ના સમવસરણ પણ થનાર છે. એક નેમિનાથ વિના આ ચોવીસીના બીજા બધા તીર્થંકરો અહીંયાં સમોસરશે. આ તીર્થ ઉપર અનંતા મુનિઓ સિદ્ધિપદને પામ્યા છે–પામશે, માટે આ તીર્થનું નામ સિદ્ધક્ષેત્ર પ્રસિદ્ધ થયું છે. વિશ્વમાં પ્રશંસનીય શ્રી તીર્થંકરભગવંતોએ પણ આ તીર્થની પ્રશંસા કરી છે, તેમને મહાવિદેહમાં રહેલા ભવ્યપ્રાણીઓ જેનું નિરંતર સ્મરણ કરે છે. ( જેમ સારી ભૂમિમાં વાવેલું બીજ અત્યુત્તમ ફળ આપે તેમ પ્રાયઃ શાશ્વત એવા આ તીર્થ ઉપર કરેલાં જપ, તપ, પૂજા, સ્નાત્ર, દાનાદિક અનંત ફળને આપે છે ). કહ્યું છે કે:—

पल्योपमसहस्रं च ध्यानाल्लक्षमभिग्रहात् ।
दुष्कर्म क्षीयते मार्गे सागरोपमसम्मीतम् ॥
शत्रुञ्जये जिने दृष्टे दुर्गतिद्वितयं क्षिपेत् ।
सागराणां सहस्रं च पूजास्नात्रविधानतः ॥

( પોતાના ઘરમાં બેઠાં પણ ) શત્રુંજયતીર્થનું ધ્યાન ધરવાથી એક હજાર પલ્યોપમનાં પાપ જતાં રહે છે, અને તે તીર્થયાત્રાનો કાંઈ અભિગ્રહ ધારણ કરે તો એક લાખ પલ્યોપમનાં દુષ્કર્મો ક્ષય થાય છે. વળી તે તીર્થની યાત્રા કરવાને નિમિત્તે તે તરફ પ્રયાણ કરે તો એક સાગરોપમનાં પાપ નાશ થાય છે. તીર્થ ઉપર ચઢીને મૂળનાયકનાં દર્શન કરે તો તિર્યંચ અને નરક એ બે દુર્ગતિઓનો નાશ થાય છે. અને જો ત્યાં પૂજા તથા સ્નાત્ર ભણાવે તો એક હજાર સાગરોપમનાં અશુભ કર્મો ક્ષય થાય છે. એ તીર્થની યાત્રા કરવાને તેની સન્મુખ એક એક ડગલું ભરે તો દરેક ડગલે ડગલે કરોડો ભવના પાપથી મુક્ત

* સિદ્ધગિરિ [શત્રુંજય]નાં એકસો આઠ નામ મધ્યે ત્રેવીશ નામ ટીકાકારે મૂકેલાં છે. [ અને 'આદિ એકસો આઠ નામ જાણવા' એમ વર્ણવેલું છે ] તે જ અનુક્રમે [ એ ત્રેવીશ નામો ] મૂકી મહાકલ્પનામા ગ્રંથ નહીં મળવાથી [ બાકીનાં ] નામો ખમાસમણામાં નમસ્કાર કરવામાં આવતાં દુહા તથા પૂજાદિકમાંથી શોધી મૂકયાં છે, જેથી બીજાં પાઠાંતર હશે એમ સંભવે છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

થાય છે. કોઈ ભવ્ય જીવ શુદ્ધબુદ્ધિવાલો બીજા સ્થાન પર ક્રોડપૂર્વ વર્ષ સુધી ક્રિયા કરતાં જેટલાં શુભ ફળને પામે તેટલું જ ફળ આ તીર્થ પર નિર્મળતાથી કરે તો અંતર્મુહૂર્ત્તમાં પામી શકે. કહ્યું છે કે,

जं कोडिए पुण्णं कामिअआहारभोइआए उ।
तं लहइ तित्थपुण्णं एगोवासेण सेत्तुंजे ॥ २८६ ॥

ક્રોડવાર ઇચ્છિત આહાર ભોજન સાધર્મીને કરાવતાં જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય શત્રુંજય તીર્થ ઉપર એક ઉપવાસ કરવાથી થાય છે.

जं किंचि नामतित्थं, सग्गे पायालि माणुसे लोए।
तं सव्वमेव दिट्ठं पुंडरिए वंदिए संते ॥ २८७ ॥

સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં જેટલાંયે તીર્થ નામે છે, તે બધાંના દર્શન બરાબરનું ફળ એક સિદ્ધાચલને વંદન કરવાથી પામી શકાય છે.

पडिलंभंते संघं, दिट्ठमदिट्ठे अ साहू सित्तुंजे।
कोडिगुणं च अदिट्ठे, दिट्ठे अणंतगं होइ ॥ २८८ ॥

ભવ્યજીવ શ્રેષ્ઠ એવા શત્રુંજયના દર્શન કરે અથવા ન કરે તો પણ શત્રુંજયે જતા સંઘનું વાત્સલ્ય કરે તો ઘણું પુણ્ય ઉપાર્જન કરે છે. શત્રુંજય પર્વતને જોયા વગર જ શત્રુંજય જતા સંઘનું વાત્સલ્ય કરે તો ક્રોડગુણું ફળ થાય અને તીર્થયાત્રા કરીને સ્વામિવાત્સલ્ય કરે તો અનંતગુણું ફળ થાય.

नवकारसहिए[1], पुरिमड्ढेगासणं च आयामं।
पुंडरियं च समरंतो, फलकंखी कुणइ अभत्तट्ठं ॥ २८९ ॥
छट्ठट्ठमदसमदुवालसाण मासद्धमासखमणाणं।
तिगरणसुद्धो[2] लहए सत्तुंजे[3] संभरंतो अ ॥ २९० ॥

શ્રી શત્રુંજયનું સ્મરણ કરતો, મન, વચન અને કાયા એમ ત્રિકરણ શુદ્ધિવાલો ભવ્ય પ્રાણી નવકારસીથી છઠ્ઠનું, પોરસીથી અઠ્ઠમનું, પુરીમઢથી ચાર ઉપવાસનું, એકાસણાથી છ ઉપવાસનું, આંબીલથી પંદર ઉપવાસનું અને ઉપવાસથી માસખમણ ( મહિનાના ઉપવાસ ) નું ફળ પામે છે.

---

1 पोरसीए. २ सुद्धो. ३ सित्तुंजं.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नवि तं सुवण्णभूमिभूसणदाणेण अन्नतित्थेसु ।
जं पावइ पुण्णफलं, पूआण्हवणेण सत्तुंजे ॥ २९१ ॥

શત્રુંજય તીર્થ ઉપર મૂળનાયકને સ્નાત્ર પૂજા નમસ્કાર કરતાં જેટલું પુણ્ય ઉત્પન્ન થાય, તેટલું પુણ્ય બીજા તીર્થ ઉપર સુવર્ણનું, ભૂમિનું તથા આભૂષણનું દાન કરવાથી પણ પામી શકાતું નથી.

धूवे पक्खुववासो, मासक्खवणं कपूरधूवंमि ।
कत्तियमासक्खवणं, साहू पडिलाभीए लहइ ॥ २९२ ॥

એ તીર્થ ઉપર ધૂપપૂજા કરે તો પંદર ઉપવાસનું ફળ થાય, કપૂરનો ધૂપ કરતાં માસખમણનું ફળ થાય, અને એક પણ સાધુને પડિલાભે (વહોરાવે) તો કેટલાયે માસખમણનું ફળ થાય છે.

તળાવ, સરોવર, નદીઓ વગેરે જેવાં પાણીનાં સ્થાન તો ઘણાંયે છે પણ સર્વથી અધિક તો સમુદ્ર જ છે; તેમ બીજા સર્વ તીર્થ લઘુ છે, સર્વથી અધિક તીર્થ તો સિદ્ધક્ષેત્રજ છે. જે એ તીર્થની યાત્રા કરી કૃતકૃત્ય થયો નથી તે મનુષ્યના ધન અને જીવિત શા કામના? તેમનું કુટુંબ ગૌરવ પણ શા કામનું? જે મનુષ્યે એ તીર્થની યાત્રા ન કરી તે જન્મ્યો એ ન જન્મ્યા બરાબર સમજવો; જીવ્યો પણ ન જીવ્યો જાણવો અને જ્ઞાની છતાં અજ્ઞાની જાણવો. દાન, શીલ, તપ વગેરે ધર્મક્રિયા એ સર્વ કષ્ટસાધ્ય છે માટે બને તેટલી યાત્રા કરવા યોગ્ય છે, તથાપિ સુખે કરી થઇ શકે એવી આ તીર્થની યાત્રા શા માટે આદરપૂર્વક ન કરવી? (જે પુરુષો પોતાને પગે ચાલીને શત્રુંજય તીર્થની યથાવિધિ સાત યાત્રાઓ કરે છે તે ધન્ય છે, અને જગતમાં સર્વમાન્ય છે.) પૂર્વાચાર્યોએ પણ કહેલું છે કે—

छट्ठेणं भत्तेणं, अपाणएणं तु सत्त जत्ताओ ।
जो कुणइ सित्तुंजे, सो तइअभवे लहइ सिद्धिं ॥ २९८ ॥

જે ચોવિહારો છઠ્ઠ કરી શત્રુંજય તીર્થની સાત વાર યાત્રા કરે, તે પ્રાણી ત્રીજે ભવે સિદ્ધિપદને પામે છે.

તે ગુરુની વાણીએ, જેમ કાળી માટી વર્ષા પડવાથી પલળી જાય, તેમ ભદ્રકત્વાદિ ગુણયુક્ત તે જિતારી રાજાના હૃદયને કોમળ કરી નાંખ્યું. જગતમિત્ર સરખા એ ગુરુની વાણી એવી છે કે, જેણે તે રાજાને ક્ષીણકર્મવંત કરીને તેજ વખતે સમ્યકત્વ સહિત કર્યો. તે સમયે તેના એવા તો શુભ પરિણામ થયા કે, તત્કાળ જ તે તીર્થની યાત્રા કરવાની અભિરૂચિ (ઇચ્છા) ઉત્પન્ન થતાં તેણે પોતાના પ્રધાનાદિકને બોલાવીને એવી આજ્ઞા કરી

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે, હાલ તરતજ યાત્રા જવાની સામગ્રી તૈયાર કરો. તે વખતે વળી તેણે એવો કઠોર અભિગ્રહ ધારણ કર્યો કે, "જ્યાંસુધી એ તીર્થનાં પગે ચાલતો જઇ દર્શન ન કરી શકું, ત્યાંસુધી મારે અન્ન પાણીનો સર્વથા ( બીલકુલ ) ત્યાગ છે." રાજાની આવી આકરી પ્રતિજ્ઞા સાંભળીને હંસી તથા સારસીએ પણ એવીજ કાંઇક પ્રતિજ્ઞા તત્કાળ ગ્રહણ કરી. જેમ રાજા કરે તેમ પ્રજા પણ કરે એવોજ ન્યાય છે માટે પ્રજાવર્ગમાંના કેટલાકે પણ તેવીજ પ્રકારાંતરની પ્રતિજ્ઞા ધારણ કરી. એવો કોઇ બનવા કાળ કે, લાંબો કાંઇપણ વિચાર કર્યા વિના આવો અત્યંત આકરો અભિગ્રહ તેણે ગ્રહણ કર્યો! અહો અહો! મહાખેદ સરખી આ વાત બની કે, એ સિદ્ધાચળ તીર્થ ક્યાં રહ્યું ? અને કેટલું બધું દૂર છતાં આવો અભિગ્રહ રાજાએ કેમ ગ્રહણ કર્યો ? એમ પ્રધાનાદિક શોચ કરવા લાગ્યા. મંત્રી પ્રમુખ આમ ખેદ કરવા લાગ્યા ત્યારે ગુરુ પણ બોલવા લાગ્યા કે, જે જે અભિગ્રહ ગ્રહણ કરવા તે તે પૂર્વાપર વિચાર કરીને કરવા જ યોગ્ય છે. વિચાર્યા વિનાનું કાર્ય કરતાં પાછળથી ઘણો જ પશ્ચાત્તાપ થાય છે, અને તેથી તે કાર્યમાં લાભની પ્રાપ્તિ તો ક્યાંથીજ થાય ? પણ તેનાથી ઉલટું નુકશાન ભોગવવું પડે છે. તે સાંભળી અતિશય ઉત્સાહી રાજા બોલવા લાગ્યો કે, હે મહારાજ ! અભિગ્રહ ધારણ કર્યા પહેલાં જ વિચાર કરવાનો હતો, પણ હવે તો જે વિચાર કરવો તે બધો ફોકટ જ છે. પાણી પીધા પછી નાતિ જાતિ પૂછવી અથવા મસ્તક મુંડન કરાવ્યા પછી તિથિ, વાર, નક્ષત્ર પૂછવાં, એ સર્વ ફોકટ જ છે. હવે તો જે થયું તે થયું, હું તો પશ્ચાત્તાપ વિના જ એ અભિગ્રહને ગુરુના ચરણ પસાયથી નિર્વાહ કરીશ. જોકે સૂર્યનો સારથી પાંગળો છે, તો પણ આકાશનાં અંતને તે શું પામી શકતો નથી ? એમ કહીને શ્રી સંઘની સાથે ચતુરંગીણી સેના લઇને તે યાત્રાના માર્ગે ચાલવા લાગ્યો. કર્મરૂપ શત્રુનેજ જાણે લૂંટવાને જતો હોય શું ? એમ ઉતાવળે ચાલતાં કેટલેક દિવસે કાશ્મીર દેશની એક અટવીમાં જઇ પહોંચ્યા. ક્ષુધા ( ભૂખ ), તૃષા ( તરસ ), પગથી ચાલવું, તેમ માર્ગમાં ચાલવાથી થતા પરિશ્રમને લીધે રાજા રાણી અત્યંત આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. ત્યારે સિંહ નામે વિચક્ષણ મંત્રીશ્વર ( દિવાન ) ચિંતાતુર થયેલો ગુરુ પાસે આવીને કહેવા લાગ્યો કે, મહારાજ ! રાજાને હરકોઇ પ્રકારે પણ સમજાવો. ધર્મના કાર્યમાં જો સમજણ નહીંજ રાખે તો પછી જૈન શાસનની ઉલટી નિંદા થશે. એમ બોલતો તે દિવાન ત્યાંથી રાજા પાસે આવીને કહેવા લાગ્યો કે, હે રાજન્ ! લાભા-લાભનો તો વિચાર કરો, સહસાત્કાર ( ઉતાવળ ) થી જે કાંઇ કામ અવિચારથી કરવામાં આવે તે પ્રાયે અપ્રમાણજ હોય છે. ઉત્સર્ગમાં પણ અપવાદ માર્ગ સેવન કરવો પડે છે, તેટલા જ માટે "**सहस्सागारेणं**" એવો આગાર ( પાઠ ) સિદ્ધાંતકારોએ દર્શાવેલો છે. આવાં દિવાનનાં વચન સાંભળીને શરીરથી અતિશય આકુળ થયો છતાં પણ મનથી તો સર્વથા અકળાણોજ નથી એવો તે રાજા ગુરુ પ્રત્યે બોલવા લાગ્યો કે, હે પ્રભુ ! અસમર્થ પરિણામવંત હોય તેનેજ એવો ઉપદેશ આપવો, પણ હું તો મારૂં બોલેલું વચન પાળવાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરેખર શૂરવીર છું. જો કે કદાચિત્ હું પ્રાણથી રહિત થઇ જઉં તોપણ ભલે, પણ મારી પ્રતિજ્ઞા તો નિશ્ચયથી અભંગ જ રહેશે. અહિંયાં પોતાના પતિનો ઉત્સાહ વધારવાને તે વીર પત્ની ( રાણીઓ ) પણ તેવાજ ઉત્સાહવર્ધક વચનો બોલવા લાગી. દંપતીનાં આવાં વચન સાંભળીને, " અહો મહા આશ્ચર્ય કે આવું ધર્મમાં એકાગ્ર ચિત્ત છે, અહો આશ્ચર્ય કે કેવું ધર્મી કુટુંબ છે? કેવા સાત્વિક છે, " એવી પ્રશંસા સર્વ જન કરવા લાગ્યા. હવે શું થશે અથવા શું કરવું ? એવી ઊંડી આલોચનામાં આકુળ થવાથી જેનું હૃદયકમળ તપ્ત થયું છે એવા સિંહ નામના દિવાનને, વિમલાચલ તીર્થનો અધિષ્ઠાયક ગોમુખ નામે યક્ષ રાત્રિના સ્વપ્નમાં પ્રગટ થઈ કહેવા લાગ્યો કે, " હે મંત્રીશ, તું શા માટે ચિંતા કરે છે ? જિતારી રાજાના ધૈર્યથી વશ થયેલો હું પ્રસન્ન થઇને વિમલાચળ તીર્થને અહિંયાં જ સમીપપણે લાવીશ, માટે તું તારી ચિંતા દૂર કર. આવતી કાલે પ્રભાત સમયે વિમળાચળ તીર્થના સન્મુખ ચાલતાં સર્વ શ્રી સંઘને વિમળાચળ તીર્થની યાત્રા કરાવીશ; જેથી સર્વના અભિગ્રહ પૂર્ણ થઇ શકશે. "

આવાં હર્ષદાયક તેનાં વચન સાંભળીને દિવાન તેને પ્રણામપૂર્વક કહેવા લાગ્યો કે, " હે શાસનસંરક્ષક, આ વખતે આવીને તમોએ જેમ મને સ્વપ્નમાં આનંદકારક વચનો કહ્યાં, તેમ આ સંઘમાં ગુરુ પ્રમુખ બીજા પણ કેટલાક લોકોને સ્વપ્ન આપીને આવાંજ હર્ષદાયક વચનો સંભળાવો, કે જેથી સંપૂર્ણ લોકને નિશ્ચય થાય. " એવાં વચનથી ગોમુખયક્ષે તેવી રીતે શ્રી સંઘમાં તેવાંજ સ્વપ્ન આપ્યાં. ત્યારપછી તેણે તે મહાભયંકર અટવીમાં જ એક મોટા પર્વત ઉપર કૃત્રિમ વિમળાચળ તીર્થની રચના રચી, કેમકે દેવતાને દૈવિક શક્તિથી શું અસંભવિત છે ? દેવતાની વૈક્રિયથી રચિત વસ્તુ માત્ર પંદર જ દિવસ રહી શકે છે, પણ ઓદારિક પરિણામથી પરિણમાવેલી હોય તો ગિરનાર તીર્થ પર શ્રી નેમનાથસ્વામીની મૂર્તિની પેઠે અસંખ્યાતા કાળપર્યંત પણ રહી શકે છે. પ્રભાત સમયે રાજા, આચાર્ય, દિવાનો તેમજ બીજા પણ ઘણા લોકો પરસ્પર પોતાના સ્વપ્ન સંબંધી વાતો કરવા લાગ્યા. ત્યારપછી ખુશી થયેલા બધા લોકો તીર્થ ભણી ચાલતા થોડા વખતમાં રસ્તામાં જ વિમલાચળ તીર્થને દેખતાં જ અત્યંત હર્ષિત થયા. પછી તે તીર્થ પર ચડીને દર્શન પૂજા કરીને પોતાના અભિગ્રહ પૂર્ણ કરવા લાગ્યા. તેમજ હર્ષથી શરીરને રોમાંચિત કરતા પોતાના આત્માને પુણ્યરૂપ અમૃતથી પૂર્ણ પુષ્ટ કરવા લાગ્યા. ત્યાં વળી સ્નાત્રપૂજા, ધ્વજપૂજા પ્રમુખ કરણીઓ કરતા માળ પ્રમુખ પહેરીને પોતાને ધન્ય માનતા ત્યાંથી મૂળ ( ખરા ) શત્રુંજય ભણી યાત્રા માટે ચાલવા લાગ્યા. પણ રાજા તો ભગવંતના ગુણરૂપ ચૂર્ણથી જાણે કામણ જ ન કરાયું હોય ! એમ ફરી ફરીને પાછો ત્યાંજ આવીને મૂળનાયકને નમન વંદન કરે છે; તેમ કરતાં પોતાના આત્માને સાતે નરકમાં પડતાં રોકવાને જ જેમ પ્રવર્ત્યો હોય તેમ તે રાજા સાત વાર તીર્થ પરથી ઉતરીને સાતમી વાર ફરીને ચડ્યો. ત્યારે સિંહ મંત્રીએ પૂછ્યું કે, હે રાજેંદ્ર ! આમ કેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વારંવાર ઉતરીને પાછા ચડો છો ? રાજાએ જવાબ આપ્યો કે, જેમ માતાને બાળક મૂકી શકતો નથી તેમ આ તીર્થને પણ હું મૂકવા સમર્થ નથી; માટે અહિંયાં જ નવું નગર વસાવીને આપણે તો રહીશું, કેમકે નિધાન સરખું આ સ્થાન પામીને કોણ પાછું મૂકે !!

પોતાના સ્વામીની આજ્ઞા, વિચક્ષણ વિવેકી કોણ લોપી સકે ! માટે જ તે દિવાને રાજાની આજ્ઞાથી તેજ પર્વતની પાસે વાસ્તુક શાસ્ત્રની વિધિપૂર્વક નગર વસાવ્યું. “આ નગરમાં જે નિવાસ કરશે તેમની પાસેથી કાંઇ પણ કર લેવામાં આવશે નહીં.” એવી વાણી સાંભળીને કેટલાક લોભથી, કેટલાક તીર્થ ભક્તિ ભારથી, તેમ કેટલાક સહજ સ્વભાવથી પણ તે સંઘ મધ્યેના તેમજ બીજા લોક પણ આવીને વસ્યા. પાસેજ નવીન વિમલાચલ તીર્થ હોવાથી અને વિમળ( નિર્મળ ) પરિણામીનો જ ઘણો ભાગ આવીને નિવાસ કરવાથી જ તે નગરનું નામ પણ “વિમલપુર” સાર્થક થયું. નવી દ્વારામતી નગરી વસાવીને જેમ શ્રીકૃષ્ણ વાસુદેવ વસ્યા તેમ મોટી રાજ્યઋદ્ધિને ભોગવતો અને શ્રી જિનેશ્વરના ધર્મધ્યાનથી યુક્ત આ રાજા પણ સુખરૂપ ત્યાં નિવાસ કરવા લાગ્યો.

તે નગરના ચૈત્ય ઉપર જેમ મીષ્ટ સ્વરનો બોલનારો એક પોપટ રાજહંસની જેમ તે જિતારી રાજાને પરમાનંદકારી ક્રીડાના સ્થાનરૂપ થયો. જ્યારે જ્યારે તે રાજા જિનાલયમાં આવીને અર્હંત પ્રભુના દર્શન તથા ધ્યાનમાં નિમગ્ન થાય ત્યારે ત્યારે તે શુકનાં મીષ્ટ વચન સાંભળવામાં તેનું મન લાગતું; જેથી જેમ ચિત્રામણ પર ધુમ લાગવાથી કાળાશ લાગી જાય તેમ, તેના શુભ ધ્યાનમાં તે પોપટનાં મિષ્ટ વચન પર( પ્રીતિ ) થવાથી મલિનતા લાગી જતી. એમ કેટલોક કાળ ગયા પછી તેણે એક સમયે શ્રી ઋષભસ્વામિના સન્મુખ અણુસણ કર્યું; કેમકે એવા વિવેકી પુરુષો છેલ્લી અવસ્થામાં સમાધિમરણની જ ચાહના રાખે છે. સમયની જાણ અને ધૈર્યવંતી તે હંસી અને સારસી બન્ને રાણીઓ તે વખતે રાજાને નિર્યામણા કરાવતી નવકાર શ્રવણ કરાવવા લાગી. તે સમયે પેલો પોપટ તે જ દેરાસરના શિખર પર ચડીને મીષ્ટ વચનનો ઉચ્ચાર કરવા લાગ્યો જેથી રાજાનું ધ્યાન તે પોપટ પર જ લાગી ગયું. તેજ સમયે રાજાનું આયુષ્ય પણ પરિપૂર્ણ થવાથી શુકવચનના રાગને લીધે પોપટની જાતિમાં ઉત્પન્ન થયો. અહાહા !! ભવિતવ્યતા પોતાના શરીરની છાયાની માફક દુર્લંઘ્ય છે. છેલ્લા( અંત ) સમયે જે મતિ હોય તેજ આ આત્માની ગતિ થાય એવી જે પંડિત જનની ઉક્તિ તેને આ રાજાએ પોપટની જાતિમાં જન્મી સિદ્ધ કરી કે, પોપટ, મેના, હંસ અને કુતરા પ્રમુખ ક્રીડા સર્વથા તીર્થંકરોએ અનર્થદંડપણે બતાવી છે તે સત્ય જ છે; નહીં તો આવા સમકીતિ રાજાની આવી નીચ ગતિ કેમ થાય ? એ જીવોમાં રહેલી વિચિત્રતા સ્યાદ્વાદને જ સિદ્ધ કરે છે. તેવા પ્રકારનો આ રાજાને ધર્મનો યોગ છતાં પણ જ્યારે આવી દુષ્ટ ગતિ થઇ, નર્ક અને તિર્યંચ એ બે ગતિઓ જે દુષ્ટ કર્મથી પ્રાણીએ બાંધેલી હોય, તેનો ક્ષય વિમલાચળ તીર્થની યાત્રાથી થઇ જાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, પણ એમાં વિશેષ એટલું જ વિચારવા યોગ્ય છે કે, ફરીને પણ તિર્યંચનો બંધ પડે તો તેને ભોગવે છે. અહિંયાં એટલું જરૂર યાદ રાખવાનું છે કે, "તીર્થની ભક્તિસેવાથી દુર્ગતિ નહીં પણ શુભ ગતિજ થાય, એવો આ તીર્થનો મહિમા હોવા છતાં પણ આ જિતારી રાજાની તિર્યંચ ગતિ થવારૂપ દુર્ગતિ થઇ તેમાં કાંઇ તીર્થના મહિમાની હાનિ થતી નથી, કેમકે એ તો પ્રમાદાચરણનું લક્ષણ જ છે કે, તુરત દુર્ગતિ પતન થાય. જેમકે કોઇપણ રોગીને વૈદ્યે ઔષધાદિકથી નિરોગી કર્યા છતાં પણ કુપથ્યાદિકનું સેવન કરે અને તેથી ફરીને રોગીષ્ટ થાય તેમાં વૈદ્યનો કાંઈપણ દોષ નથી; દોષ તો કુપથ્યનો જ છે, તેમ આ રાજાની પણ પ્રમાદના ફળથી દુર્ગતિ થઈ. જો કે પૂર્વભવકૃત કર્મયોગથી ઉત્પન્ન થયેલા દુર્ધ્યાનથી કદાચિત્ તે શુકરૂપ તિર્યંચ થયો, તો પણ સર્વજ્ઞ વાક્ય એવું છે કે, એક વાર પણ સમ્યક્ત્વ લાભ થયો છે તે સર્વોત્કૃષ્ટ સફળ છે, માટે તેનું ફળ એને મળ્યા વિના રહેનાર નથી."

ત્યારપછી આ જિતારી રાજાની પાછળ સર્વ સંસ્કાર કરાવ્યા પછી તેની બન્ને રાણીઓ ( હંસી અને સારસી ) દીક્ષા અંગીકાર કરીને તપશ્ચર્યા કરી સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવીઓપણે ઉત્પન્ન થઈ. ત્યાં દેવલોકમાં બન્ને દેવીઓને અવધિજ્ઞાનથી તપાસ કરતાં જણાયું કે, અમારો પૂર્વભવપતિ તિર્યંચપણે ઉત્પન્ન થયો છે; જેથી તેણીઓએ તે શુક( પોપટ ) પાસે આવીને તેને પ્રતિબોધ પમાડ્યો. છેવટે તેજ નવિન વિમળાચળ તીર્થના તેજ દેરાસરમાં તેને તેમજ અણુસણ કરાવ્યું; જેથી તેજ દેવીઓના પતિપણે તે ( પોપટ–જિતારી રાજાનો જીવ ) તેજ દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયો. તેણે પોતાની બન્ને દેવીઓ દેવલોકથી ચવ્યા પહેલાં જ કોઇક કેવળીને પૂછ્યું કે, સ્વામી, હું સુલભબોધી છું કે દુર્લભબોધી છું ? કેવળીએ કહ્યું કે, સુલભબોધી છે. તેણે પૂછ્યું કે, મહારાજ, હું કેવી રીતે સુલભબોધી થઇ શકીશ ? કેવળી બોલ્યા કે, આ તારી દેવીઓ મધ્યેની પહેલી દેવી જે હંસીનો જીવ છે તે ચવીને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે ઋતુધ્વજ રાજાનો મૃગધ્વજ નામે પુત્ર થયો છે, અને બીજી સારસીનો જીવ ચવીને કાશ્મીર દેશમાં આવેલા નવિન વિમળાચળ તીર્થની સમીપેજ થયેલા તાપસોના આશ્રમમાં પૂર્વભવમાં કરેલાં કપટના સ્વભાવથી ગાંગીલ નામે ઋષિની કમલમાલા નામની કન્યા થઇ છે. એ બન્નેના પરણ્યા પછી તું ચવીને તેમનો જાતિસ્મરણને પામનારો પુત્ર થઇશ. કેવલીભગવંતની આ પ્રકારની વાણી સાંભળીને દેવતાએ શુકનું રૂપ બનાવીને મીષ્ટ વાણીથી તને તાપસોના આશ્રમમાં લઇ જઇ તને કન્યા અને તેને લાયક અલંકારો આપ્યાં. ત્યાંથી વળી તને પાછો લાવી તારા સૈન્ય સાથે મેળવીને તે સ્વર્ગમાં જતો રહ્યો. ત્યારપછી દેવલોકમાંથી ચવીને તેજ દેવતા આ તમારો "શુકરાજ" કુમાર ઉત્પન્ન થયો. તે પુત્રને લઇને તું આ આંબા નીચે બેસી કમલમાળાની સાથે શુકવાણી સંબંધી વાત કરવા લાગ્યો, તે સાંભળતાં તેને ( શુકરાજને ) જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી તે વિચારવા લાગ્યો કે, હાલ મારા માતાપિતાપણે છે, પરંતુ પૂર્વભવમાં તો એ બન્ને મારી સ્ત્રીઓ હતી માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓને માતાપિતા કેમ કહી શકાય? તેથી મૌન કરવું જ શ્રેયસ્કર છે. ભૂતાદિક દોષ વિના પણ શુકરાજે એટલા માટે મૌન ધારણ કર્યું હતું. પણ આ મારું વચન તેનાથી ઉલ્લંઘન કરી શકાય નહીં તેથી જ તે અમારા બોલાવવાથી બોલ્યો. એ બાળક છતાં પણ પૂર્વભવના અભ્યાસને લીધે નિશ્ચયથી સમ્યકત્વ પામ્યો છે. શુકરાજ કુમારે પણ તેમજ સર્વ કબૂલ કર્યું. વળી શ્રીદત્ત કેવળી બોલ્યા કે, હે શુકરાજ, એમાં શું આશ્ચર્ય છે? આ સંસારરૂપ નાટક એવું જ છે; કેમકે, આ જીવે અનંતા ભવ ભમતાં એકેક જીવોની સાથે અનંતાનંત સંબંધ કરેલા છે. શાસ્ત્રમાં કહેલું છે કે, જે પિતા તે પુત્ર થાય છે, ને પુત્ર છે તે પિતા થાય છે, જે સ્ત્રી છે તે માતા થાય છે, અને જે માતા છે તે સ્ત્રી થાય છે. એવી કોઇ જાતિ, જોણી (યોની), સ્થાન, કુળ કાંઈપણ નથી કે જેમાં સર્વ જીવો અનંતી વાર જન્મેલ કે મરણ પામેલ ન હોય. તેટલા માટે કોઇ ઉપર રાગ-દ્વેષ કરવો નહીં. સમતાને ધારણ કરી પુરૂષોએ માત્ર વ્યવહાર માર્ગને અનુસરવો. ત્યાપછી તે (શ્રીદત્ત કેવળી) કહે છે કે, મારે પણ એવો જ કેવળ વૈરાગ્યના કારણભૂત સંબંધ બન્યો છે, તે વિશેષથી જેમ બન્યો છે તેમ જ કહી બતાવું છું, તે તમે સાંભળો.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## કથાંતર્ગત શ્રીદત્ત કેવળીનો પૂર્વભવ

લક્ષ્મીના સ્થાનકરૂપ શ્રીમંદિર નામે નગરમાં દુઃખે દમી શકાય એવો સ્ત્રીલંપટી અને કપટપ્રિય સુરકાંત નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્યાં દાનીઓમાં અને ધનાઢ્યોમાં મુખ્ય એવો રાજમાન્ય સોમશેઠ નામે નગરશેઠ રહેતો હતો. તેને લક્ષ્મીના રૂપને પણ પોતાના રૂપથી જીતનારી સોમશ્રી નામની સ્ત્રી હતી. તેમને શ્રીદત્ત નામનો પુત્ર અને તેને શ્રીમતી નામે સ્ત્રી હતી. એ ચારે જણાનો યોગ તે ખરેખરા પુણ્યના જ સંયોગથી થયો હતો. કહ્યું છે કે, "જેને પુત્ર વશ( કહ્યાગરો ) અને ભક્તિવંત હોય, સ્ત્રી પોતાના ચિત્તને અનુકૂળ પ્રવર્ત્તતી હોય, અને દ્રવ્ય વિષે સંતોષ હોય, તેને ખરેખર આ લોકમાં જ સ્વર્ગ છે."

એક દિવસ સોમશેઠ પોતાની સોમશ્રી સ્ત્રીને સાથે લઈ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા, તે વખતે સુરકાંત રાજા પણ દૈવયોગથી ત્યાં આવી ચઢ્યો. તે સોમશ્રીને દેખીને તત્કાળ રાગરૂપ સમુદ્રમાં તણાવા લાગ્યો; જેથી તે જ વખતે તેણીને બળાત્કારથી તે પોતાના અંતઃપુરમાં લઇ ગયો. કહ્યું છે કે,

"યૌવન, ધન-સંપદા, મોટાઈ, અવિવેકતા, એ એક એક પણ અનર્થકારક હોય છે, ત્યારે એ ચારે એકઠાં મળ્યાં હોય તો તે પ્રાણીને શું ન કરાવે? અર્થાત્ મહા અનર્થ કરાવી શકે છે."

રાજ્યલક્ષ્મીરૂપ લતાને અન્યાયરૂપ અગ્નિ તો ભસ્મકારક જ કહેલી છે, ત્યારે રાજ્યની વૃદ્ધિને ઇચ્છનાર તો પરસ્ત્રી પર ચાહના પણ કેમ કરે? બીજા કોઇક લોકો અન્યાયમાં પ્રવર્ત્તતા હોય તેઓને અટકાવનારજ રાજા હોય છે, તેમ છતાં જ્યારે રાજા પોતેજ અન્યાય પ્રવર્તાવે ત્યારે તો ખરેખર મચ્છગળાગળ ન્યાય* ના જેમજ ગણી શકાય. ત્યાર પછી સોમશેઠના કહેવાથી પ્રધાન વિગેરે લોકોએ શાસ્ત્રોક્તિ તેમજ લોકોક્તિથી રાજાને સમજાવવાને પ્રયત્ન કર્યો, પણ તે અન્યાયી રાજા તેવા વચનથી તો ઉલટો દુર્વાક્યો (ગાળો) બોલવા લાગ્યો, પરંતુ તે સ્ત્રીને પાછી સમર્પણ કરી નહિ. ખરેખર રાજાનું આવું દુર્ન્યાયીપણું મહાખેદ કરવા અને ધિક્કારવા યોગ્ય છે. અરે! શિખામણ દેનારના ઉપર પણ છેવટ તે (રાજા) સૂર્યના કિરણની માફક અગ્નિનો વરસાદ વરસાવવા લાગ્યો. તેજ વખતે પ્રધાન પ્રમુખ શેઠને કહેવા લાગ્યા કે, "જેમ હસ્તિનો કે સિંહનો કાન ન પકડી શકાય તેમ, આ અન્યાયી રાજાને પણ કાંઇ સમજાવી શકવાનો ઉપાય નથી. ચીભડાં સાચવવાને માટે જે વાડ કરવામાં આવે છે તેજ વાડ ચીભડાં ખાય તો પછી તે( ચીભડાં ) નો કેવી રીતે બચાવ કરી શકાય? લોકમાં પણ કહેલ છે કે,

"માતાજ પોતે પુત્રને વિષ આપે, પિતાજ પુત્રને વેચે અને રાજા સર્વસ્વ લૂંટી લે, ત્યારે ક્યાં પોકાર કરવો.

શ્રેષ્ઠીમુખ્ય સોમશેઠ ઉદાસ થઇને પોતાના પુત્રની પાસે આવીને કહેવા લાગ્યો કે, ખરેખર આપણું દુર્ભાગ્ય કે જેથી મોટી વિટંબના આવી પડી છે. કહ્યું છે કે,

सह्यन्ते प्राणिभिर्बाढं, पितृमातृपराभवाः ।
भार्यापरिभवं सोढुं तिर्यञ्चोऽपि न हि क्षमाः ॥ ४ ॥

"પ્રાણીઓ પોતાના માતાપિતાના વિયોગ પ્રમુખ ઘણા દુઃખોને સહન કરી શકે છે, પરંતુ તિર્યંચ સરખા પણ પોતાની સ્ત્રીનો પરાભવ ખમી શકતા નથી, તો પછી પુરૂષ પોતાની સ્ત્રીનો પરાભવ કેમ સહી શકે?"

હરકોઇ પ્રકારે એ રાજાને શિક્ષા કરીને પણ સોમશ્રીને પાછી મેળવવી જોઇએ, અને તેનો ઉપાય માત્ર એટલોજ છે કે, તેમાં કેટલાક દ્રવ્યનો વ્યય થશે. આપણી પાસે છ લાખ દ્રવ્ય છે તેમાંથી પાંચ લાખ દ્રવ્ય લઇ હું ક્યાંક દૂર જઇ કોઇ અતિશય પરાક્રમી (બળવંત) રાજાની સેવા કરી તે રાજાના બળની સહાયતાથી તમારી માતાને જરૂર પાછી છોડાવી લાવીશ.

* મચ્છગળાગળ ન્યાય—પાણીમાં રહેનારા મચ્છાદિ જીવો (જળચરો) જેમ એક બીજા પોતાની જાતિનાજ પોતાનાથી નાના જીવો(ખપિલા જીવો)ને ખાઇ (ગળી) જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના હસ્તમાં એવી કાંઇ મોટી સત્તા હોય, કે પોતેજ સમર્થ હોય, છતાં પણ બીજા મોટા પુરૂષનો આશ્રય લીધા વિના પોતાના મહાન્ કાર્યની સિદ્ધિ અશકય છે. જેમકે પોતે ગમે તેવો સમર્થ હોય, તો પણ વહાણ કે તેવાજ બીજા કોઇ સાધનનો આશ્રય લીધા વગર શું મોટો સમુદ્ર તરી શકાય છે ?

એમ કહીને તે શેઠ પાંચ લાખ દ્રવ્ય સાથે લઇને કોઇક દિશા ભણી ગુપ્ત રીતે ચાલ્યો ગયો; કેમકે, પુરૂષો પોતાની સ્ત્રીને વાસ્તે શું શું કામ કરતા નથી ? કહ્યું છે કે,

પ્રાણીઓ પોતાની પ્રાણપ્રિયાને માટે દુષ્કર પણ કાર્યો કરે છે. પાંડવોએ દ્રોપદીને માટે શું સમુદ્ર ઉલ્લંઘન કર્યો નથી ?

હવે સોમશેઠ પરદેશ ગયા પછી શ્રીદત્તની સ્ત્રીએ પુત્રીને જન્મ આપ્યો. અહો અફ્સોસ ! દુઃખ સમયે પણ દૈવ કેવો વાંકો થયો ? શ્રીદત્ત અતિ શોકાતુર થઇ વિચારવા લાગ્યો કે, “ધિક્કાર થાઓ મારા દુઃખની પરંપરાને ! કે માતાપિતાનો વિયોગ થયો, લક્ષ્મીની હાનિ થઇ, રાજા દ્વેષી થયો અને છેવટે પુત્રી જન્મી. પારકાં દુઃખને દેખી સંતોષ માનનાર આ દૈવ ખરેખર મારી ઉપર હજુ શું શું કરશે ? શ્રીદત્તે એવી રીતે ચિંતામાં પોતાના દશ દિવસો નિર્ગમન કર્યા. શ્રીદત્તને એક શંખદત્ત નામે મિત્ર હતો, તે તેને શિખામણ દઇ કહેવા લાગ્યો કે, હે મિત્ર ! લક્ષ્મીને માટે આટલી બધી ચિંતા શું કરવા કરે છે ? ચાલો આપણે મોટો સમુદ્ર ઓળંગી, દ્વીપાન્તર જઇ વ્યાપાર કરી દ્રવ્ય સંપાદન કરી અર્દ્ધો અર્દ્ધ વહેંચી લઇશું. આવો નિશ્ચય કરી પોતાની સ્ત્રી તેમ પુત્રી પોતાના સગાવહાલાંને સોંપી શ્રીદત્ત પોતાના મિત્રની સાથે વહાણમાં બેસી સિંહલ નામના દ્વીપમાં ગયો. ત્યાં બન્ને જણે નવ વર્ષ સુધી વ્યાપાર કરી અતિશય લાભ મેળવી પુષ્કળ દ્રવ્ય સંપાદન કર્યું. વળી વધારે લાભની આશાએ તેઓ ત્યાંથી કટાહ નામે દ્વીપમાં ગયા અને ત્યાં પણ બે વર્ષ સુધી હર્ષથી રહી પ્રામાણિકપણે ઉદ્યમ કરતાં તેમણે આઠ ક્રોડ દ્રવ્ય મેળવ્યું; કેમકે, કર્મ અને ઉદ્યમ, એ બે કારણ બળવંત થયા, તો પછી ધન ઉપાર્જન કરતાં શી વાર લાગે ?

તે બન્ને મિત્રો, વહાણોને પર્વત જેવા હાથીઓથી અને સરસ કરીયાણાંથી ભરી હર્ષવંત થતા પાછા ફર્યા. તેમણે વહાણની અટારીમાં બેઠા બેઠા દરીયામાં તરતી એક પેટી જોઇ, તે ખલાસી પાસેથી મંગાવી લઇ વહાણ મધ્યેના સર્વ મનુષ્યોને સાક્ષી રાખી તે પેટીમાંનું દ્રવ્ય બન્ને વચ્ચે અર્દ્ધોઅર્દ્ધ વહેંચી લેવાનું ઠરાવી, તે પેટી ઉઘાડે છે, એટલામાં લીંબ( લીંમડા )ના પાનમાં વિંટાયેલી, ઝેરને લીધે લીલું[illegible] શરીર થઇ ગયું છે એવી અને મૂર્છાને લીધે બેભાન થઇ ગયેલી, એવી એક કન્યાને જોઇ. સર્વ મનુષ્યો આશ્ચર્ય પામ્યા. તેમને શંખદત્તે કહ્યું કે, “ખરેખર એ કન્યાને કોઇ દુષ્ટ સર્પે ડંસેલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી કોઇએ તેણીને પેટીમાં ઘાલી તે પાણીમાં તરતી મૂકેલી હોય એમ જણાય છે." ત્યારપછી તેણે પાણી છાંટયું કે તરત જ તે કન્યાની મૂર્ચ્છા વળી. તે સ્વસ્થ થઇ. પછી શંખદત્ત ખુશી થઇ કહેવા લાગ્યો કે, "આ મનોહર સ્વરૂપવંતી કન્યાને મેં સજીવન કરી છે, માટે હું તેને પરણીશ." ત્યારે શ્રીદત્ત તેને કહેવા લાગ્યો કે, "એમ ના બોલ. આપણે બન્ને જણે પેટીનાંથી જે નીકળે તે અર્દ્ધોઅર્દ્ધ વહેંચી લેવાનો ઠરાવ કર્યો છે, માટે તારા ભાગ બદલ તું મારૂં સર્વ દ્રવ્ય ગ્રહણ કર અને કન્યા મને આપ." એવી રીતે પરસ્પર વિવાદ કરવાથી જેમ મીંઢળ ખાવાથી પેટનું અન્ન બહાર નીકળી જાય છે તેમ, આ કન્યાના અભિલાષથી બન્નેની અરસ-પરસની પ્રીતિ તૂટી ગઇ. કહ્યું છે કે,

'જેમ કુચી વાસેલા તાળાને ઉઘાડી નાંખે છે, તેમ ખરા સ્નેહવંત પુરુષોના મનની પ્રીતિમાં સ્ત્રી સિવાય કોઇ ભેદ પડાવી શકતું નથી.'

આવી રીતે બન્ને મિત્રો વિવાદ કરવા લાગ્યા. ત્યારે ખલાસીઓએ તેમને શિખામણ દીધી કે, "હમણાં ધીરજ ધરો. અહીંથી નજીક સુવર્ણકૂલ નામનું બંદર છે, ત્યાં આપણાં વહાણો બે દિવસે જઇ પહોંચશે ને ત્યાંના બુદ્ધિવંત પુરુષોની પાસે તમારો ન્યાય તમે લેજો." ખલાસીઓની શિખામણ સાંભળી શંખદત્ત તો શાંત થયો, પરંતુ શ્રીદત્ત મનમાં વિચાર કરવા લાગ્યો કે, "જ્યાં ન્યાય કરાવીશું ત્યાંના લોકો એણે (શંખદત્તે) સજીવન કરી છે, માટે એને જ અપાવશે; તેથી ત્યાં પહોંચતાં જ હું એનો ઘાટ ઘડી નાંખું." એવા દુષ્ટ પરિણામથી કેટલાક પ્રપંચ કરી પોતાના ઉપર વિશ્વાસ બેસાડી એક વખતે રાત્રીના સમયે શ્રીદત્ત વહાણના ગોખ ઉપર ચઢી શંખદત્તને કહેવા લાગ્યો કે, "હે મિત્ર ! જો ! જો ! આ અષ્ટમુખનો મચ્છ જાય છે, આવો મગરમચ્છ તેં ક્યાંય પણ દીઠો છે ?" આ કૌતુક જોવાને શંખદત્ત ગોખ ઉપર ચઢે છે, એટલામાં તેણે શત્રુની પેઠે એવો તો ધક્કો માર્યો કે, તે તત્કાળ સમુદ્રમાં જઇ પડ્યો. અહો આશ્ચર્ય ! સુમુખી ગણાતી છતાં પણ દુર્મુખી સ્ત્રીઓને ધિક્કાર છે ! ધિક્કાર છે ! કેમકે, આ સ્ત્રીને માટે તદ્ભવમોક્ષગામી છતાં પણ શ્રીદત્તે મિત્રનો આવો દ્રોહ કર્યો ! પોતાના ઇચ્છિત કાર્યોની સિદ્ધિ થવાથી તે દુર્બુદ્ધિ શ્રીદત્ત હર્ષવંત થઇ પ્રાતઃકાળે ઉઠી કૃત્રિમ (લોકોને દેખાડવ રૂપ) પોકાર કરી કહેવા લાગ્યો કે, "અરે લોકો ! મારો મિત્ર કેમ ક્યાંય પણ દેખાતો નથી ?" ઇત્યાદિક અનેક કપટનાં આડંબરો નિર્વિષ સર્પની ફણાના આટોપની માફક કૃત્રિમ કર્યાં. છેવટ તે સુવર્ણકૂલ બંદરે આવી પહોંચ્યો. તેણે મોટા મોટા હાથીઓ તે ગામના રાજાને અર્પણ કર્યાં. તે રાજાએ તેનું મૂલ્ય આપી બીજાં કરિયાણાં વિગેરેનું દાણ છોડી દઇ તેનું સન્માન કર્યું; તેથી શ્રીદત્ત ત્યાં વખારોમાં માલ ભરી આનંદ સહિત વ્યાપાર વણજ કરવા લાગ્યો. પછી તે કન્યાની સાથે લગ્ન કરવા ધારી, સુખ વિલાસમાં દિવસો ગુજારતાં તે રાજાનાં દરબારમાં નિરંતર આવ જાવ કરતો હતો, ત્યાં તેની ચામર વિંઝનારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાક્ષાત્ લક્ષ્મીના જેવી રૂપવાળી મનોહર ગણિકાને દેખી તેણીના ઉપર મોહિત થઈને શ્રીદત્તે કોઈક પુરુષને પૂછયું કે, "આ કોણ છે ?" ત્યારે તેણે જવાબ આપ્યો કે, "આ રાજાની રાખેલી સુવર્ણરેખા નામની માનવંતી ગણિકા છે, પરંતુ તે અર્દ્ધ લાખ દ્રવ્ય લીધા સિવાય કોઈની સાથે વાતચીત પણ કરતી નથી." ત્યારપછી શ્રીદત્તે અર્દ્ધ લાખ દ્રવ્ય આપીને તે ગણિકાને બોલાવી. તેને તથા પોતાની સ્ત્રીને સાથે લઇ વનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં બન્નેને પોતાની આજુબાજુ બેસાડી એક ચંપાના વૃક્ષની ઉત્તમ છાયા તળે વિશ્રામ લઈને તે બન્ને સ્ત્રીઓ સાથે કામકેલિ સ્વચ્છંદ હાસ્ય વિનોદ કરવા માંડે છે, એટલામાં અનેક વાનરીઓના ટોળાંની સાથે કામકેલિમાં રસિક એક વિચક્ષણ વાનર પોતાની વાનરીઓ સાથે યથેચ્છ કામક્રીડા કરતો ત્યાં આવ્યો. તેને જોઇ શ્રીદત્ત, ગણિકાને પૂછવા લાગ્યો કે, "શું આ વાનર સાથેની બધી વાનરીઓ એની પોતાની સ્ત્રીઓ હશે ?" ત્યારે ગણિકાએ કહ્યું કે–"તિર્યંચોના માટે આમાં શું પૂછવું ? કેમકે આમાં કેટલીક તેની માતાઓ છે, કેટલીક બહેનો છે, કેટલીક છોકરીની છોકરીઓ છે અને કેટલીક બીજી પણ છે." ગણિકાનું આવું વાકય સાંભળીને શ્રીદત્ત ઉચ્ચસ્વરે કહેવા લાગ્યો કે, "જો ખરેખર એમ જ હોય તો તેઓ અત્યંત નિંદવા લાયક ઠરે છે. હા ! હા ! ધિક્કાર ! ધિક્કાર ! ! એ તિર્યંચો એટલા બધા અવિવેકી છે કે જેઓને પોતાની માતા, બહેન કે પુત્રીનું પણ ભાન નથી ? અરે એ એટલા બધા મૂર્ખ છે કે જેઓને કૃત્યાકૃત્યનું ભાન પણ નથી ? ત્યારે એવા પાપીઓનો અવતાર કે જન્મ શા કામનો છે ?" શ્રીદત્તનાં આવાં વચન સાંભળીને જતાં જતાં પાછો ખચકાઇ જતો હોય એમ વાનરીઓની સાથે જતાં, પાછો અટકી પાછું જોઇને તે વાનર શ્રીદત્તને કહેવા લાગ્યો કે, 'અરે ! અરે ! દુષ્ટ દુરાચારી ! પારકાં દૂષણો શોધી કાઢી બોલવામાં જ તું વાચાળ જણાય છે, ડુંગર ઉપર બળતું દેખે છે, પણ પોતાના પગ તળે બળતું દેખતો નથી. કહ્યું છે કે—

રાઇ–સરસવ જેવાં પારકાં લઘુ છિદ્રો જોવાને મૂર્ખ પ્રાણી યત્ન કરે છે, પણ બીલાંના ફળ જેવાં પોતાનાં મોટાં મોટાં છિદ્રો દેખાતાં છતાં પણ તે દેખતો નથી.

અરે મૂર્ખ, પોતાની જ માતા અને પુત્રીને બે બાજુ પર બેસાડી તેમની સાથે કામક્રીડા કરે છે અને વળી પોતાના મિત્રને પોતે જ સમુદ્રમાં નાંખી દીધો એવો તું પોતેજ પાપી છતાં અમને નિરપરાધીને કેમ નિંદે છે ? ધિક્કાર છે તને !" આમ કહીને ફાળ મારી તે વાનર પોતાની વાનરીઓ સહિત ચાલતો થયો. આ વચનો શ્રીદત્તને છાતીમાં વજ્ર વાગ્યું હોય, તેવાં લાગ્યાં. ત્યારપછી તે પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, એ વાનર એવાં અયોગ્ય વાકય કેમ બોલી ગયો ? એ કન્યા તો મને સમુદ્રમાંથી મળી આવેલી છે, ત્યારે એ મારી પુત્રી કેમ થાય ! તેમજ આ સુવર્ણરેખા ગણિકા મારી જનેતા પણ શી રીતે થઇ શકે ? મારી માતા સોમશ્રી તો આનાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાંઇક ઉંચી અને શામળી છે. વચનના અનુમાનથી કદાપિ આ કન્યા મારી પુત્રી થઇ શકે, પરંતુ આ ગણિકા તો મારી માતા સર્વથા હોયજ નહીં. સંશયસાગરમાં ડૂબેલા તે શ્રીદત્તે ગણિકાને પૂછવાથી તેણીએ ઉત્તર વાળ્યો કે, "તું તો મૂર્ખ દેખાય છે, મેં તો તને આજેજ જોયો છે, અગાઉ કદાપિ તું મારા જોવામાં આવેલ નથી, છતાં પણ આવા પશુનાં વચનથી શંકાશીલ થાય છે, ત્યારે તું પણ પશુના જેવોજ મુગ્ધ દેખાય છે." ગણિકાનાં વચન સાંભળીને પણ તેના મનનો સંશય દૂર ન થયો; કેમકે, "જ્યાંસુધી પાણીનું ગંભીરપણું (ઊંડાઇ) જાણી શકાય નહીં, ત્યાંસુધી પોતાનું કલ્યાણ ઇચ્છનાર પુરૂષ તેમાં પ્રવેશ કરી શકતો નથી; તેમજ બુદ્ધિવંત પુરૂષ કોઇપણ કાર્યનો સંશય દૂર ન થાય, ત્યાંસુધી તેમાં પ્રવૃત્તિ કરી શકતો નથી." આવી રીતે સંશયમાં ગરક થયેલા શ્રીદત્તે આમતેમ ફરતાં તે જ વનમાં એક જૈનમુનિને જોઇ નમસ્કાર કરી પૂછ્યું કે, "મહારાજ ! વાનરે મને જે સંશયરૂપ સમુદ્રમાં નાંખેલો છે, તે તમારા જ્ઞાનથી ટાળી મારો ઉદ્ધાર કરો." મુનિમહારાજે કહ્યું કે, "સૂર્યની માફક ભવ્ય પ્રાણીરૂપી પૃથ્વીમાં ઉદ્યોત કરનાર મારા કેવળજ્ઞાની ગુરૂ આ પાસેના પ્રદેશમાં છે, તેમની પાસે જઇ તું તારા સંશયથી મુક્ત થા. પરંતુ તેમની પાસે જવાનું બની શકે તેમ ન હોય તો હું મારા અવધિજ્ઞાનના બળથી તને કહું છું કે, "જે વાક્ય વાનરે તને કહ્યું છે, તે સર્વજ્ઞના વાક્યની જેમ સત્ય છે." ત્યારે શ્રીદત્તે પૂછ્યું કે, "એમ કેમ બન્યું હશે ?" મુનિમહારાજે જવાબ દીધો કે, "પહેલાં તારી પુત્રીનો સંબંધ તને કહું છું, તે તું સાવધાન થઇને સાંભળ :–

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

"તારો પિતા સોમશેઠ પોતાની સ્ત્રી(સોમશ્રી)ને છોડાવવાને બળવંતની મદદ માટે છુપી રીતે જતો હતો, ત્યારે રસ્તામાં સંગ્રામમાં ક્રૂર એવા સમર નામના પલ્લીપતિ-(ભીલના રાજા)ને જોઇ, તેને સમર્થ જાણી, સાડા પાંચ લાખ દ્રવ્ય આપીને પ્રસન્ન કરી, ઘણા સૈન્ય સહિત તેને સાથે લઇ શ્રીમંદિરપુર ભણી પાછો આવ્યો. સમુદ્રરૂપ સૈન્ય આવેલું જોઇ તે નગરના લોકો ભયથી ત્રાસ પામી, જેમ સંસારરૂપ કેદખાનામાંથી ખેદ પામીને ભવ્ય પ્રાણી મોક્ષે જવાનો ઉદ્યમ કરે તેમ, તેમાંથી મુક્ત થવાને નિરૂપદ્રવ સ્થાન ભણી નાસવા લાગ્યા. તે વખતે તારી સુમુખી મનોહર સ્ત્રી ગંગા મહાનદીના કાંઠે આવેલા સિંહપુર નગરને વિષે પોતાની પુત્રી સહિત પોતાના પિતાને ઘેર જઇને રહી. કેમકે, પતિવ્રતા સ્ત્રીઓને પોતાના ભર્તારના વિયોગ વખતે ભાઈ કે પિતા સિવાય બીજો કાંઇ આશ્રય કરવા યોગ્ય નથી, માટે તે પીયરમાં પોતાના દિવસો ગુજારતી હતી. એકદા અષાઢ માસમાં ધિક્કારવા યોગ્ય દુષ્કર્મના યોગે દુરાત્મા ઝેરી સર્પે તારી પુત્રીને ડંસ કર્યો, તેથી ચેતના રહિત બની ગયેલી તે કન્યાને તેની માતા તથા મામા પ્રમુખે ઘણાં પ્રકારનાં ઉપચારો કર્યા છતાં પણ જેમ વંધ્યા (વાંઝણી) સ્ત્રીને પુત્રપ્રાપ્તિ ન થાય તેમ તે ચેતના ન પામી; ત્યારે તેના મામા પ્રમુખોએ વિચાર કર્યો કે, સર્પદંશીતો દીર્ઘ આયુષ્યવાળા હોય તો પ્રાયે જીવી શકે છે, માટે આને અકસ્માત અગ્નિદાહ કરવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં લીંબપત્ર વચ્ચે વીંટાળીને એક સુંદર પેટીમાં મૂકી ગંગા નદીના પ્રવાહમાં તરતી મૂકવી એ શ્રેયસ્કર છે. એમ ધારી તેમણે તેમજ કર્યું, પરંતુ ચોમાસાના દિવસને લીધે અતિશય વરસાદ પડવાથી ગંગા નદીના પૂરે પવન જેમ વહાણુને ખેંચી લઈ જાય તેમ કાંઠાના વૃક્ષોની સાથે તે પેટીને સમુદ્રમાં તાણી. તે પેટી તરતી તરતી તારે હાથ આવી. ત્યારપછીનો વૃત્તાંત તો તું જાણે છે, માટે ખરેખર એ તારી પુત્રીજ છે."

હવે તારી માતાનું આશ્ચર્યજનક વૃત્તાંત તું સાવધાન થઈ સાંભળ:—

"તે સમર નામા પલ્લીપતિના સૈન્યથી જેમ સૂર્યકાંતમણિ પાસે આવવાથી દુઃસહ દાવાનળ (વનનો અગ્નિ) પણ ઝાંખો પડી જાય તેમ, સૂરકાંત રાજા પણ નિસ્તેજ બની ગયો, એટલે તેની સામે યુદ્ધ કરવા સમર્થ ન થઈ શક્યો. તેણે પોતાના નગરના દરવાજા બંધ કરીને પર્વત જેટલા ઊંચા ગઢ (કીલ્લા) સજ્જ કરી જળ, ઈંધણ, ધાન્ય, તૃણાદિકનો નગરમાં સંગ્રહ કરી લઇ ગઢના ઉપર એવા તો શૂરવીર સુભટો આયુધ સહિત ગોઠવી ઊભા રાખ્યા કે, કોઇપણ સાહસિક થઇ ખરેખર નગર સામે હલ્લો કરવા આવી શકે નહિ. જો કે આવી રીતનો સૂરકાંત રાજાએ પોતાના નગરનો જાપતો રાખ્યો છે, તોપણ તે પલ્લીપતિના સુભટો જેમ મહામુનિ મોહરાજાને ભેદવા દાવ તપાસે છે, તેમ તે નગરને ભેદવા દાવ તકાસવા લાગ્યા. યદ્યપિ તે કિલ્લા ઉપર રહેલા સુભટો ઉપરથી બાણુનો વરસાદ વરસાવતા હતા, તો પણ જેમ હાથી અંકુશને ન ગણકારે તેમ, સમરનું સૈન્ય તેને (બાણુના વરસાદને) તૃણુ બરાબર ગણી એકદમ સામા ધસી આવી, જેમ જૂનાં માટીનાં વાસણને એક પથ્થરવડે ભાંગી નાખે, તેમ તે નગરના મોટા પણ દરવાજાના ભારે લોખંડના ઘણુવડે તત્કાળ ચૂરેચૂરા કરી નદીના પૂરની પેઠે એકદમ નગરમાં પ્રવેશ કરવા લાગ્યું. તે વખતે તારો પિતા સોમ શેઠ પોતાની સ્ત્રીને મેળવવાની ઉત્કંઠાને લીધે સૈન્યના અગ્ર ભાગમાં હોવાથી તેમાં પ્રવેશ કરતાં જ શત્રુસૈન્ય તરફથી આવતાં બાણુના પ્રહારથી તત્કાળ મરણ પામ્યો. મનમાં શું ધારેલું હોય, પણ દૈવ કંઇનું કંઇ કરી નાંખે છે. સ્ત્રીને માટે આટલો બધો સમારંભ (ઉદ્યમ) કર્યો પરંતુ તેમાંથી પોતાનું જ મરણ નિપજ્યું. કથાસંગ્રહમાં ગ્રંથકારે કહેલું છે કે,

अन्नं गयस्स हियए अन्नं वाहस्स उरगस्स ।
अन्नं सियालहियए अन्नं हियए कयंतस्स ॥ १ ॥

હસ્તિ, પારધી, સર્પ અને શિયાળના મનમાં ચાહાય તે વિચાર ધારેલો હોય, પણ યમના હૃદયમાં જુદું જ હોય છે.

હવે ભયથી અત્યન્ત વિહ્વલ હૃદયવાળો સૂરકાંત રાજા પણ પોતાનું નગર છોડીને તરત જ ક્યાંક નાશી ગયો; કેમકે પાપીઓનો જય ક્યાંથી હોય? જેમ શિકારીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રાસથી મૃગલી કંપાયમાન થાય, તેમ સુભટોના ભયથી ધ્રૂજતી સોમશ્રીને, જેમ સ્મશાનના કૂતરાઓ મૃતક( મડદાં )ને ઝપાટામાં પકડી પાડે તેમ, પલ્લીપતિના સુભટોએ પકડી પાડી. ત્યાર પછી સમસ્ત નગરના લોકોને લૂંટીને સુભટો પોતાના દેશ ભણી જવાની તૈયારી કરતા હતા ત્યારે સોમશ્રી પણ લઘુલાઘવી કળાથી છટકી જઇ દૈવયોગથી વનમાં નાશી ગઇ. ત્યાં ભ્રમણ કરતાં નાના પ્રકારના વૃક્ષોનાં ફળોનું ભક્ષણ કરવાથી તે થોડા વખતમાં નવયૌવના અને ગૌરાંગી બની ગઇ. ખરેખર મણિમંત્ર ઓષધીઓનો મહિમા અચિંત્ય ( ન જાણી શકાય તેવો ) છે. હવે કેટલાએક વટેમાર્ગુ વ્યાપારીઓ તે માર્ગથી જતા હતા, તેમણે સોમશ્રીને જોઇ આશ્ચર્ય પામી પૂછ્યું કે, " તું દેવાંગના, નાગકન્યા, જળદેવી કે સ્થળદેવી, કે કોણ છો ? કેમકે, મનુષ્યપ્રાણીમાં તો તારા જેવી મનોહર સૌંદર્યવાન કન્યા કોઇ હોય જ નહીં." ત્યારે તેણીએ ગદગદિત થઇને જવાબ આપ્યો કે, " હું દેવાંગના કે નાગકન્યા નથી, પણ હે વિચક્ષણો, હું તો મનુષ્યપ્રાણી છું. દૈવ જ મારા પર કોપાયમાન થયો છે, કારણ કે મારા રૂપે જ મને આ દુઃખરૂપી કૂપમાં ઊતારી છે. ખરેખર ! નસીબ અવળું હોય ત્યારે ગુણ પણ દોષરૂપ થઇ પડે છે." આવાં તેણીનાં કરુણાજનક વચનો સાંભળીને તે વ્યાપારીઓએ કહ્યું કે—" જ્યારે તું આવી રૂપવતી છતાં દુઃખી છે, ત્યારે અમારી સાથે સુખેથી દિવસો નિર્ગમન કર." તેણીએ તેમની સાથે ઘણી ખુશીની સાથે રહેવાનું કબૂલ કર્યા પછી તેઓ તેણીને ઘણા જ યત્નથી રત્નની પેઠે સાચવતાં સાથે લઇ પોતાના ધારેલા ગામ ભણી જવા નીકળ્યા.

જતાં જતાં તેણીના રૂપ, લાવણ્યતાદિક ગુણોથી રંજિત થએલા તેઓ તેણીને પોતાની સ્ત્રી કરવાની અભિલાષા કરવા લાગ્યા, કેમકે, ભક્ષણ કરવા લાયક પદાર્થને દેખીને કયો ભૂખ્યો માણસ ભક્ષણ કરવાની વાંચ્છા ન કરે ? દરેક જણ તેણીના ઉપર મનમાં ને મનમાં અભિલાષા કરતાં કરતાં સુવર્ણકુલ નામના બંદરે આવી પહોંચ્યા. તે બંદર વ્યાપારનું ખરેખરૂં મથક હોવાથી તેઓ માલ લેવા વેચવાના કામમાં ગુંથાઇ ગયા, કેમકે, તેઓ એટલાજ માટે ત્યાં અતિશય પ્રયાસ કરી આવ્યા હતા. જે માલ સારો ને સોંઘો મળવા લાગ્યો તે લેવાને તેઓ એકદમ મંડી પડ્યા. વ્યાપારીઓની એજ રીતિ છે કે, જે સસ્તુ મળે તેના ઉપર ઘણાની રૂચિ ઉત્પન્ન થાય છે. પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પુણ્ય પ્રમાણે જેની પાસે જેટલું ધન હતું, તે સર્વ માલ ખરીદ કરતાં ખૂટી જવાથી તેમણે વિચાર કર્યો કે, માલ તો હજુ ઘણો લેવાનો બાકી છે, ને ધન તો ખૂટી ગયું, માટે તેનું કેમ કરવું ? છેવટે તેઓ એ નિશ્ચય પર આવ્યા કે આ સોમશ્રીને કોઇક ગણિકાને ઘેર વેચી તેણીનું જે દ્રવ્ય આવે તે વહેંચી લઇએ. લોભ એ કોઇક અલૌકિક વસ્તુ છે, કે જેને વશ પ્રાણી તત્કાળ થઇ જાય છે. પછી તેમણે તે નગરમાં રહેનારી વિભ્રમમતી નામની ગણિકાને ઘેર સોમશ્રીને એક લાખ દ્રવ્ય લઇ વેચી નાંખી. તેઓ તે ધનનો માલ લઇ હર્ષભેર પોતાના સ્વદેશ ગયા.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

આ સોમશ્રીનું નામ ગણિકાએ બદલાવી બીજું નામ સુવર્ણરેખા પાડયું છે, કેમકે સ્ત્રીઓ એક ઘેરથી બીજે ઘેર જાય તો ત્યાં પ્રાયઃ તેનું બીજું નામ પાડવામાં આવે છે. પોતાની કળા શિખવવામાં વિચક્ષણ વિભ્રમવતી ગણિકાએ, સુવર્ણરેખાને થોડા વખતમાં ગીત, નૃત્ય, હાવભાવ, કટાક્ષવિક્ષેપાદિક અનેક કળાઓ શિખવી દીધી; કેમકે ગણિકાઓના ઘરમાં કે દુકાનમાં તેના જ રસિયા લોકો આવે છે. જેમ ગણિકાઓના ઘરમાં જન્મેલી ને નાનપણમાં જ સંસ્કાર થયેલા હોવાથી તે પ્રથમથી જ કુટિલ વિગેરે હોય છે, તેમ નહીં હોવા છતાં પણ આ સુવર્ણરેખા થોડા જ વખતમાં જન્મથી જ વેશ્યા ન હોય તેવી થઇ ગઇ. કેમકે, પાણીમાં જે વસ્તુ મેળવીએ તે તદ્રૂપ જ બની જાય છે. ધિક્કાર છે એવી કુસંગતિને ! કે જેથી સોમશ્રી તે જ ભવમાં પણ દુષ્ટ દૈવના યોગથી ખરેખરા ગણિકાના વ્યવહારવાળી બની ગઇ. તે એવી તો કળાકુશળ નીવડી કે, રાજાએ તેણીનાં ગીત, નૃત્યાદિક કળાથી અત્યંત પ્રસન્ન થઇ તેણીને બહુ સત્કારપૂર્વક પોતાની માનવંતી ચામર વીંઝનારી કરી રાખી.

મુનિ મહારાજ શ્રીદત્તને કહે છે કે, “ હે શ્રીદત્ત ! એ જ તારી માતા છે, કે જે ભવાંતરને જ પામી ન હોય તેમ આકાર, રૂપ, રંગ વિગેરે સર્વ પ્રકારને લીધે જુદી જણાય છે, પણ તે તો સર્વ ઓષધીઓનો અચિંત્ય મહિમા છે, એમાં કાંઇ સંશય ન રાખીશ. તને ઓળખવા છતાં પણ લજ્જા અને લોભને લીધે તેણીએ તે વિષેની તને જાણ કરી નથી. અહો ! આ જગતમાં લોભરાજાનું પણ ખરેખરું પ્રબળ બળ વર્તે છે.

ખરેખર ધિક્કારવા યોગ્ય છે ગણિકાઓનો વહેવાર કે જેમાં માઠાં કૃત્યની કંઇપણ મર્યાદા નથી. વળી તેમાં એવો લોભ છે કે, પોતાના પુત્રની સાથે કુકર્મ કરવા કંઇપણ શરમાતી નથી. અહર્નિશ નિંદવા યોગ્ય અને તજવા યોગ્ય કરણીઓ કરતાં પણ વિશેષ તજવા યોગ્ય વારાંગનાઓ છે, એમ પંડિત પુરુષોએ તેમનાં દુરાચરણ દેખાડીને તેણીઓને અયોગ્ય અને અમર્યાદાવાળી જણાવી છે. ”

આવાં મુનિનાં વાકયો સાંભળીને ખરેખર ખેદયુક્ત વિસ્મય પામીને શ્રીદત્ત પૂછવા લાગ્યો કે, “ હે ત્રિકાળજ્ઞાની મહારાજ ! આ વાનર કોણ હતો અને એને શું જ્ઞાન હતું ? કે જેથી તેણે આ મારી પુત્રી અને માતાને જાણી તેણે મારી હાંસી કરીને પણ સહૃ- દયતાની પેઠે વાકયો બોલી ગયો ? કે જે ખરેખર ઉપકારીની પેઠે મને અંધ કૂપમાં પડતાને બચાવનાર થયો. વળી એને મનુષ્યવાચા કયાંથી ? ” મુનિ મહારાજે જવાબ આપ્યો કે, “ હે ભવ્ય ! શ્રીદત્ત ! સાંભળ.

“ સોમશ્રીમાં એકાગ્ર ચિત્ત થયેલો તારો પિતા શ્રીમંદિર નગરમાં પ્રવેશ

૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં શત્રુના બાણુના પ્રહારથી મરણ પામીને તત્કાળ વ્યંતરિક દેવપણે ઉત્પન્ન થયો. તે વનમાં ભ્રમરની પેઠે ફરતાં અહીંયા આવ્યો હતો. તેણે તને જોઇ વિભંગજ્ઞાનથી ઓળખીને કુકર્મમાં ગરક થયેલા તને ભવાંતર થયો હતો, તો પણ પોતાના પુત્ર ઉપર પિતા સદા હિતકારક હોય, માટે તારો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી તે કોઇ વાનરમાં અધિષ્ઠિત થઇ તને આ દેખાવ દેખાડી બોધ કરી જતો રહ્યો છે, પરંતુ આ તારી માતા સોમશ્રી ઉપર એને પૂર્વભવનો ધાડો પ્રેમ હોવાથી હમણાંજ એ અત્ર આવી તારી સમક્ષ તેણીને સ્કંધ પર બેસાડી કયાંક લઇ જશે. ”

આ વાકય મુનિરાજ બોલી રહ્યા કે તરતજ તે જ વાનર ત્યાં આવી જેમ સિંહ અંબિકાને પોતાના સ્કંધ પર ચડાવી લઇ જાય, તેમ તેણીને સ્કંધ ઉપર બેસાડી ચાલતો થયો. મોહરાજાનું કર્ત્તવ્ય કેવું છે ! આ નજરોનજર જોઇને, અહો સંસારની વિટંબના ! એમ ખેદયુક્ત બોલતો અને માથુ ધુણાવતો શ્રીદત્ત ત્યાંથી મુનિને નમસ્કારાદિ કરીને પોતાની પુત્રીને સાથે લઇ નગરમાં ગયો. ત્યારબાદ સુવર્ણરેખાની અક્કા( વિભ્રમવતી ગણિકા )એ દાસીઓને પૂછ્યું કે, આજે સુવર્ણરેખા કયાં ગઇ છે ? દાસીઓએ ઉત્તર આપ્યો કે, શ્રીદત્ત શેઠ અર્ધલાખ દ્રવ્ય આપી સુવર્ણરેખાને સાથે લઇ બાગબગીચામાં ફરવા ગયા છે. પછી અક્કાએ સુવર્ણરેખાને બોલાવવા માટે શ્રીદત્તને ઘેર દાસી મોકલી. તે શ્રીદત્તની દુકાન પર જઇને તેને પૂછવા લાગી કે, અમારી બાઇ સુવર્ણરેખા કયાં છે તેણે કહ્યું કે, શું અમે તમારા ચાકર છીએ, કે તેની તપાસ રાખીએ ? કોણ જાણે કયાં ગઇ હશે ? આ વચનો સાંભળીને દોષના ભંડાર જેવી દાસીએ જઇ અક્કાને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો, કે જેથી તે સાક્ષાત્ રાક્ષસની માફક ક્રોધાયમાન થઇ રાજા પાસે જઇ ખેદ યુક્ત પોકાર કરવા લાગી. રાજાએ પૂછ્યું કે, તું શા માટે ખેદકારક પોકાર કરે છે ? તેણીએ જવાબ આપ્યો કે, ચોરમાં શિરોમણી શ્રીદત્તે સુવર્ણરેખાને ચોરી લીધી છે. રાજા વિચારવા લાગ્યો કે, જેમ ઉંટની ચોરી છાની રહે નહીં, તેમ ગણિકાની ચોરી પણ બીલકુલ છુપાવી છુપેજ નહી ! પછી રાજાએ શ્રીદત્તને બોલાવી પૂછ્યું, ત્યારે તે પણ કાંઇ ખરેખરો ઉત્તર ન દેતાં ગુંચવાડામાં પડ્યો. કહ્યું છે કે. “ વાનર તાલ સુર સાથે સંગીત ગાય છે અને પથ્થરની શિલા પાણીમાં તરે છે, તેના જેવું અસંભવિત ( કોઇને વિશ્વાસ ન આવે તેવું ) વાકય પ્રત્યક્ષ ખરૂં દેખાતું હોય તોપણુ ન જ બોલવું. ”

ખરેખરો ઉત્તર શ્રીદત્ત આપતો નથી, માટે આમાં કાંઇ પણ કાવતરૂં હોવું જ જોઇએ, એવું મનમાં વિચારીને રાજાએ જેમ પરમાધામી પાપીને નરકમાં નાંખે તેમ, તેને કેદમાં પૂર્યો, એટલુંજ નહીં પણ ક્રોધાયમાન થયેલા રાજાએ તેની માલ મિલકત જપ્ત કરવા ઉપરાંત તેની પુત્રી, દાસ, દાસી પ્રમુખને પોતાના સ્વાધીન કરી લીધા; કેમકે, જેના ઉપર દૈવનો કોપ થયો, તેની ઉપર રાજાની કૃપા પણ કયાંથી હોય ? નરકાવાસ સમાન કારાગારના દુઃખ ભોગવતાં શ્રીદત્તે વિચાર કર્યો કે, જ્યારે મેં ખરેખરો વૃત્તાંત જાહેર કર્યો નહીં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારેજ મારા પર તેના ક્રોધરૂપ અગ્નિનો દુઃખરૂપ વરસાદ વરસી રહ્યો છે; પરંતુ જો હું ખરેખરી હકીકત તેને નિવેદન કરૂં તો તેનો ક્રોધાગ્નિ શમી જઈ મને કારાગારના દુઃખમાંથી મુક્ત કરશે. આમ ધારીને તેણે કોટવાળ મારફત રાજાને કહેવરાવ્યું કે, હું મારી ખરેખરી બીના જણાવવા માગું છું. રાજાએ તેને બોલાવી પૂછયું, ત્યારે તેણે સર્વ હકીકત જેમ બની હતી તેમ કહી, અને છેવટમાં જણાવ્યું કે, સુવર્ણરેખાને વાનર તેના સ્કંધ પર ચઢાવીને લઇ ગયો છે. આ વાત સાંભળીને સભાના લોકો વિસ્મય પામી ખડખડ હસી પડી કહેવા લાગ્યા કે, જુઓ, જુઓ! આ કપટીની સત્યતા! કેવી ચાલાકીથી પોતે છટકી જવા માંગે છે? રાજાએ પણ ક્રોધાયમાન થઈ તેનો વધ કરવાની કોટવાળને તત્કાળ આજ્ઞા કરી દીધી; કેમકે, મોટા પુરુષોનો રોષ અને તોષ ( મહેરબાની ) તત્કાળ ફળ આપનારજ હોય છે. જેમ કસાઈ બકરાંને વધસ્થાને લઇ જાય તેમ કોટવાળના દુષ્ટ સુભટો શ્રીદત્તને વધસ્થાને લઇ જાય છે તે વખતે તે વિચારવા લાગ્યો કે, માતા અને પુત્રીની સાથે સંયોગ કરવાની ઈચ્છાથી તેમજ મિત્રનો વધ કરવાથી ઉત્પન્ન થયેલાં પાપનુંજ આ ફળ મને મળે છે, માટે ધિઃકાર છે મારા દુષ્કર્મને! વળી આ પણ આશ્ચર્ય છે કે, સત્ય બોલવાથી પણ અસત્યના જેવું ફળ મળે છે, પરંતુ વિચાર કરતાં એમ માલમ પડે છે કે, કર્મે જેના પર સમુદ્રની પેઠે ઉછાળો માર્યો તેને રોકવાને કોણ સમર્થ છે? કહ્યું છે કે, "જેના કલ્લોલથી પર્વતોના મોટા પાષાણો પણ ભાંગી જાય આવા સમુદ્રને પણ સામો આવતાં પાછો વાળી શકાય, પણ પૂર્વભવમાં ઉપાર્જન કરેલા સારા અને નરસાં કર્મોનું દૈવિક પરિણામ દૂર કરવાને કોઇ સમર્થ થઈ શકતું નથી."

આ વખતે શ્રીદત્તનાં પુણ્યથી જ ન ખેંચાયા હોય તેમ મુનિચંદ્ર નામના કેવલી ભગવંત વિહાર કરતા ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાનપાલકે રાજાને તે વિષે વધામણી આપવાથી તે પોતાના પરિવાર સહિત કેવલી સન્મુખ આવી વંદન કરીને બેઠા પછી જેમ ભૂખ્યો માણસ ભોજનની વાંચ્છા કરે તેમ, તે દેશનાની યાચના કરવા લાગ્યો. જગદ્બંધુ કેવલી મહારાજે કહ્યું કે, "જે પુરુષમાં ધર્મ કે ન્યાય નથી તે અન્યાયીને વાંદરાની ડોકમાં જેમ રત્નની માળા શોભે નહીં તેમ, દેશના શા કામની?" ચકિત થઇ રાજાએ પૂછયું કે, "મને અન્યાયી કેમ કહો છો?" કેવલી મહારાજે ઉત્તર આપ્યો કે, "સત્યવક્તા શ્રીદત્તનો વધ કરવાની આજ્ઞા આપી માટે." આ વચન સાંભળીને લજ્જિત થયેલા રાજાએ આદરમાનથી તેને ( શ્રીદત્તને ) પોતાની પાસે બેસાડીને પૂછયું કે, તું તારી ખરેખરી હકીકત જાહેર કર. તે પોતાની સાચી બીના કહેવા માંડે છે, તેટલામાં સુવર્ણરેખા જેના પીઠ પર બેઠેલી છે એવો તેજ વાનર ત્યાં આવી તેણીને નીચે ઉતારી કેવલી ભગવાનને નમસ્કારાદિ કરી સભા વચ્ચે બેસવાથી, સર્વ લોકો તેને જોઇ આશ્ચર્ય પામીને પ્રશંસા કરી બોલવા લાગ્યા કે, ખરેખર શ્રીદત્ત સત્યવાદી છે. અહિંયાં આ સર્વ વૃત્તાંતમાં જે જે સંશયો જેને રહ્યા હતા, તે તે કેવલી મહારાજને પૂછીને દૂર કર્યા. આ સમયે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરળપરિણામી શ્રીદત્ત તેમને ( કેવલી ભગવાનને ) વંદન કરી પૂછવા લાગ્યો કે, હે જગદ્બંધુ ! મારી પુત્રી અને માતા ઉપર મને સ્નેહરાગ કેમ ઉત્પન્ન થયો તે કૃપા કરી કહેશો. તેમણે કહ્યું કે, પૂર્વભવનો વૃત્તાંત સાંભળવાથી સર્વ તને સ્પષ્ટપણે સમજવામાં આવશે.

પંચાળ દેશના કંપીલપુર નામના નગરમાં અગ્નિશર્મા બ્રાહ્મણને ચૈત્ર નામનો પુત્ર હતો. મહાદેવની પેઠે તેને ( ચૈત્રને ) ગૌરી અને ગંગા નામની બે સ્ત્રીઓ હતી. હમેશાં બ્રાહ્મણોને ભિક્ષા વિશેષ વ્હાલી હોય છે, માટે એક દિવસ ચૈત્ર પોતાના મૈત્ર નામના બ્રાહ્મણ મિત્રની સાથે કોંકણ દેશમાં ભિક્ષા માગવા ગયો. ત્યાં ઘણાં ગામડાંઓ ફરી ધન ઉપાર્જન કરી તે બન્ને જણ સ્વદેશ ભણી આવવા નિકળ્યા. રસ્તામાં લક્ષ્મીથી લોભાઈ માઠા પરિણામથી એક વખત ચૈત્રને સૂતો જોઈ મૈત્ર વિચાર કરવા લાગ્યો કે, આને મારી નાંખીને હમણાંજ હું સર્વ ધન લઇ લઉં તો ઠીક થાય. આમ ધારીને તેનો વધ કરવા તે ઊઠ્યો; કેમકે, જે અર્થ ( દ્રવ્ય ) છે, તે અનર્થનું મૂળ છે. જેમ દુષ્ટ વાયુ મેઘનો નાશ કરે છે તેમ લોભી પુરુષ તત્કાળ વિવેક, સત્ય, સંતોષ, લજ્જા, પ્રેમ, કૃપા, પ્રમુખનો નાશ કરે છે. વળી તેજ વખતે દૈવયોગે તેના હૃદયમાં વિવેકરૂપ સૂર્યોદય થવાથી લોભરૂપી અંધકારનો નાશ થતાં તે ( મૈત્ર ) વિચારવા લાગ્યો કે, ધિક્કાર છે, ધિક્કાર છે મને, કે જે મારા ઉપર સંપૂર્ણ ખરો વિશ્વાસ રાખનાર છે તેને વિષે આવો અત્યંત નિંદનીય અને દુષ્ટ સંકલ્પ કર્યો ! માટે મને તેમજ મારા દુષ્કૃત્યને ધિક્કાર છે. એવી રીતે કેટલીક વાર સુધી પશ્ચાત્તાપ કર્યા પછી તેણે પોતાના ઘાતકીપણાની ધારણા ફેરવી નાંખી. કહ્યું છે કે, " જેમ જેમ ખરજ ( વલુર–ચુંટ ) ખણીએ તેમ તેમ તે વૃદ્ધિજ પામતી જાય; તેમ જેમ જેમ લાભ મળતો જાય તેમ તેમ લોભ પણ વૃદ્ધિજ પામતો જાય છે. " ત્યારપછી બન્ને જણના મનમાં કેટલીક વખત ઘાતકીપણું પ્રગટ થાય ને વળી વિરામ પામી જાય. એવા વિચારમાં ને વિચારમાં કેટલાક દિવસ સુધી તેઓ કેટલીક પૃથ્વી ભમ્યા. વળી કહ્યું છે કે, " અતિ લોભ એજ ખરેખર આલોકમાં પણ કષ્ટકારી જ છે. " એમ અતિ લોભમાં અંધ થયેલા તે બન્ને જણા છેવટે વૈતરણી નદીના પૂરમાં તણાવા લાગ્યા. જોકે પહેલાં લોભના પૂરમાં તણાયેલા હતા અને પાછળથી વૈતરણી નદીના પૂરમાં સપડાયા તેથી તેઓ આર્ત્તધ્યાનને લીધે પરદેશમાં જ મૃત્યુ પામી તિર્યંચપણું પામી કેટલાક ભવ સુધી ભમ્યા. પછી તમે બન્ને જણ શ્રીદત્ત અને શંખદત્ત ઉત્પન્ન થયા, એટલે મૈત્ર શંખદત્ત અને ચૈત્ર તું ( શ્રીદત્ત ) થયો. પૂર્વભવના મૈત્રે તને પહેલો મારી નાંખવાનો સંકલ્પ કરેલ હોવાથી તેં આ ભવમાં શંખદત્તને પ્રથમથી જ સમુદ્રમાં ફેંકી દીધો. જેણે જેવા પ્રકારનું કર્મ કર્યું હોય છે, તેને તેવાજ પ્રકારનું કર્મ ભોગવવું પડે છે, એટલુંજ નહીં પણ દેવા યોગ્ય દેવું હોય તે જેમ વ્યાજ સહિત આપવું પડે છે તેમ તેનાં સુખ કે દુઃખ તેથી વધારે ભોગવવાં પડે છે. તારી પૂર્વભવની ગંગા અને ગૌરી નામની બે સ્ત્રીઓ તારા મરણ પછી તારા વિયોગને લીધે વૈરાગ્ય પામી એવી તો તાપસણીઓ થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે, મહિના મહિનાના ઉપવાસ કરીને પારણાં કરતી હતી; કેમકે, કુળવંતી સ્ત્રીઓનો તો ખરેખર એજ આચાર છે કે, વિધવાપણું પામ્યા પછી ધર્મનો જ આશ્રય કરે, કારણકે તેથી તેમના આ ભવ અને પરભવ એમ બન્ને ભવ સુધરે છે; અને તેમ જો ન કરે તો તેમને બન્ને ભવમાં દુ:ખની પ્રાપ્તિ થાય છે. તે બન્ને તાપસણીઓમાંથી ગૌરીને એક દિવસે મધ્યાહ્ન સમયે પાણીની આકરી તૃષા લાગવાથી તેણીએ પોતાની કામ કરનારી દાસી પાસે પાણી માંગ્યું, પરંતુ મધ્યાહ્ન સમય હોવાથી નિદ્રાવસ્થાને લીધે મીંચાઇ ગયેલા લોચનવાળી દાસી આલસ્યમાં પડી રહી, પણ તેને ઉત્તર કે પાણી દુર્વિનયીની પેઠે ન આપી શકી. તપસ્વી, વ્યાધિવંત( રોગી ), ક્ષુધાવંત( ભૂખ્યો ), તૃષાવંત ( તરસ્યો ) અને દરિદ્રી એટલા જણને પ્રાયે ક્રોધ અધિક હોય છે, તેથી તે દાસી પર ગૌરી એકદમ કોપાયમાન થઇ તેણીને કહેવા લાગી કે, " શું તને કાળા સર્પે કરડી છે, કે તું મુડદાંની પેઠે પડી રહીને પાણી કે જવાબ પણ આપતી નથી ? " ત્યારે તેણીએ તત્કાળ ઉઠીને મીઠાં વચન બોલી પ્રસન્નતાપૂર્વક પાણી લાવી આપીને માફી માંગી. પરંતુ ગૌરીએ તેને દુર્વચન કહેવાથી મહાદુષ્ટ( નિકાચિત ) કર્મ બાંધ્યું; કેમકે, હાસ્યથી પણ જો કોઇને દુર્વચન કહેલું હોય તો તેથી પણ ખરેખર દુષ્ટ કર્મ ભોગવવું પડે છે, તો પછી ક્રોધાવેશમાં બોલેલું હોય તેનું તો કહેવુંજ શું ? વળી ગંગા તાપસણી પણ એક દિવસ પોતાને પરવા છતાં દાસી બહાર ગયેલી હોવાથી તે કામ પોતાને હાથે કરવું પડ્યાથી પછી જ્યારે દાસી આવી ત્યારે તેને ક્રોધાયમાન થઇ કહેવા લાગી કે, " શું તને કોઇએ કેદખાનામાં ઘાલી હતી, કે કામ વખતે પણ હાજર ન રહી શકી ? " આમ કહેવાથી ગૌરીની ઇર્ષાથીજ જાણે એણે પણ નિકાચિક કર્મ બાંધ્યું હોયની ! એમ ગંગાએ પણ મહા અનિષ્ટ કર્મ બાંધ્યું. એક સમયે કોઇક ગણિકાને કામી પુરુષની સાથે વિલાસ( કામભોગ ) કરતી દેખીને ગંગા પોતાના મનમાં વિચાર કરવા કરવા લાગી કે, " ધન્ય છે આ ગણિકાને, કે જે અત્યંત પ્રશંસનીય કામી પુરુષોની સાથે નિરંતર ભોગવિલાસ કરે છે ! ભ્રમરના સેવવાથી જાણે માલતી કેમ શોભનીક દેખાતી હોય ! એમ કેવી આ ગણિકા શોભી રહી છે, અને હું તો કેવી નિર્ભાગિણીમાં પણ નિર્ભાગિણી છું ! ધિક્કાર છે કે મને, પોતાના ભર્તારથી પણ સંપૂર્ણ સુખ ભોગવી શકી નહીં ! અને છેવટે વિધવા બનીને આવી વિયોગાવસ્થા ભોગવુ છું. " આવાં દુર્ધ્યાનથી તે દુર્બુદ્ધિ ગંગાએ, જેમ વર્ષાઋતુમાં લોખંડ મલિનતાને પામે* તેમ, દુષ્ટ કર્મ બાંધ્યું. અનુક્રમે તે બન્ને સ્ત્રીઓ મરણ પામીને જ્યોતિષી દેવતાના વિમાનમાં દેવીઓપણે ઉત્પન્ન થઇ. ત્યાંથી ચવીને ગૌરી તારી પુત્રી અને ગંગા તારી માતાપણે ઉત્પન્ન થયાં. ગૌરીએ પૂર્વભવમાં દાસીને દુર્વચન કહેલુ હતું તેથી તે આ ભવમાં થએલી તારી પુત્રીને સર્પનો ઉપદ્રવ થયો, અને પૂર્વભવમાં ગંગાએ દુર્વચન કહેલ હતું, તેથી તે પલ્લીપતિના કબજામાં કેટલાક દિવસ સુધી કેદખાનામાં રહી

* મલિનતાને પામે-કાટ ચડી જાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા ગણિકાની પ્રશંસા કરી હતી તેથી આ ભવમાં તારી માતા છતાં ગણિકાપણું પામી; કેમકે કર્મને શું અસંભવિત છે ? કર્મ ધારે તે કરી શકે છે. આશ્ચર્ય છે કે, વચન કે મનથી બાંધેલું કર્મ આલોવ્યું ( વોસરાવ્યું–ખમાવ્યું ) ન હોય તો ભવાંતરમાં કાયાથી અચ્ચિત ભોગવવું પડે છે. તારી પુત્રી અને માતા પૂર્વભવમાં તારી સ્ત્રીઓ હતી અને તેણીઓના પર તને ઘણો પ્રેમ હતો, તેથી આ ભવમાં પણ તેણીઓને ભોગવવાની તેં મનથી વાંચ્છા કરી. કેમકે, પૂર્વભવમાં જે પાપારંભ સંબંધી સંસ્કાર હોય, તે જ સંસ્કાર ભવાંતરમાં પણ તેને ઘણું કરીને ઉદય આવે છે, પરંતુ આ વિષયમાં વધારે એટલું સમજવાનું કે, ધર્મ સંબંધી સંસ્કારો મંદ પરિણામથી થયેલા હોય તો તે કોઇકને ઉદય આવે ને કોઇકને ન પણ આવે, અને તીવ્ર પરિણામથી થયેલા સંસ્કારો તો ભવાંતરમાં સાથે આવે જ છે. આવાં કેવલી મહારાજનાં વચન સાંભળીને સંસાર ઉપર ખેદ અને વૈરાગ્ય પામેલા શ્રીદત્તે તેમને વિનંતી કરી કે, હે જગન્નિસ્તારક, જે સંસારમાં આવી દુર્ઘટ વિટંબનાઓ વારંવાર ભોગવવી પડે છે, ત્યારે તેવા સ્મશાનરૂપ સંસારને વિષે કયો વિચક્ષણ પુરુષ સુખ પામે ? માટે હે જગદુદ્ધારક, સંસારરૂપી અંધકૂપમાં પડતા એવા મને ઉદ્ધરવાના ઉદ્યમરૂપ કાંઇ ઉપાય બતાવો. ત્યારે કેવલી ભગવાને કહ્યું કે, પારાવાર એવી સંસારરૂપ અટવીનો પાર પામવાની તારી ઇચ્છા હોય તો એક મોટા બળવંત ચારિત્રરૂપ સૈન્યનો આશ્રય કર. ત્યારે તેણે કહ્યું કે, હે મહારાજ, તમે જે કહો છો, તે મને ખરેખર પ્રિય છે, પરંતુ આ કન્યા કોને આપવી ? કેમકે સંસારસમુદ્રથી તરવાની ઉત્કંઠાવાળા મને આ કન્યાની ચિંતારૂપ પાષાણુની શિલા કંઠે વળગી છે. જ્ઞાની બોલ્યા કે, તારી પુત્રી માટે તું જે ચિંતા કરે છે તે નિરર્થક છે; કેમકે, તારો મિત્ર શંખદત્ત જ તારી પુત્રીને પરણનાર છે. ત્યારે ખેદ પામતો ગદ્ગદિત કંઠે ચક્ષુઓમાંથી અશ્રુની ધારા વહાવતો શ્રીદત્ત કહેવા લાગ્યો કે, હે જગદ્બંધુ, મેં દુષ્ટ, નિર્દયી અને મહાપાપીએ શંખદત્તને સમુદ્રમાં ફેંકી દીધો છે, તો હવે તેને મળવાની શી આશા ? જ્ઞાનીએ કહ્યું કે, હે ભદ્ર, આમ તું ખેદ ન કર. બહુમાનથી તેં બોલાવ્યો જ હોયની ! એમ તે તારો મિત્ર હમણાં જ અહિં આવશે. આવી વાત સાંભળીને તે આશ્ચર્યપૂર્વક વિચાર કરે છે, એટલામાં તો શંખદત્ત ત્યાં તત્કાળ આવ્યો અને શ્રીદત્તને દેખતાં જ વિકરાળ વદને ક્રોધાયમાન થતો યમરાજાની પેઠે તેને મારવા દોડ્યો પરંતુ રાજા પ્રમુખની મોટી સભા જોઇને તેનાં નેત્ર ક્ષોભાયમાન થવાથી તે જરા અચકયો, કે તર્ત જ તેને કેવળી મહારાજ કહેવા લાગ્યા કે, હે શંખદત્ત, આ ક્રોધાગ્નિની તીવ્રતા પરના હૃદયને બાળે તેમાં શી નવાઇ ? માટે તું એવા ક્રોધને દૂર કર. ક્રોધી પુરુષ ચંડાળના જેવો ગણાય છે, અને ચંડાળ સર્વ પ્રાણીઓને સ્પર્શ કરવા યોગ્ય નથી. લૌકિક શાસ્ત્રમાં પણ એમ જણાવેલું છે કે, જાતિ ચંડાળ ગંગામાં સ્નાન કરે તો તે કાંઇક પવિત્ર થાય, પણ ચંડાળ તો બીલકુલ પવિત્ર થઇ શકતો નથી. જેમ જાંગુલી વિદ્યાના પ્રભાવથી સર્પનું ઝેર ઉતરી જાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, તેમ કેવળી મહારાજની આવી તત્ત્વ સંબંધી વાણી સાંભળીને તેનો (શંખદત્ત) ક્રોધ તરત જ શમી ગયો. ત્યાર પછી શ્રીદત્તે, શંખદત્તનો હાથ ઝાલીને પોતાની પાસે બેસાડ્યો.

ત્યારબાદ જ્ઞાનમાં શ્રેષ્ઠ એવા તે મુનિને શ્રીદત્તે પૂછ્યું કે, હે પૂજ્ય, આ શંખદત્ત સમુદ્રમાં પડ્યા પછી કેવી રીતે નીકળીને અહિંયા આવ્યો ? તે કૃપા કરી કહેશો. મુનિમાં શ્રેષ્ઠ જ્ઞાની ગુરુએ તેના ઉત્તરમાં જણાવ્યું કે, આ શંખદત્ત સમુદ્રમાં પડ્યો કે તરત જ જેમ ક્ષુધાતુરને ખાવાના ફળ મળે તેમ એને હાથ એક પાટિયું આવ્યું; કેમકે જેની આયુષ્યરૂપ દોરી ત્રુટી નથી તેને આવું અકસ્માત મૃત્યુ કેમ થાય ? અનુકૂળ પવનની પ્રેરણાથી સમુદ્રમાં તરતો તરતો, જેમ અનુભવી વૈદ્યના બતાવેલા ઉપાય પ્રમાણે વર્તવાથી રોગ મટી જાય છે તેમ, તે સાતમે દિવસે સમુદ્રનો પાર પામી કાંઠે આવ્યો. ત્યાં નજીક સારસ્વત નામના ગામમાં આવી વિશ્રામ લેવાની તૈયારી કરે છે, તેટલામાં સમુદ્રના પાણીથી શ્યામ અને નિસ્તેજ શરીરવાળા તે શંખદત્તને પોતાના સ્નેહવંત સંવર નામનો મામો મળ્યો. તે તેને ઓળખવાથી તરત જ પોતાના ઘેર લઈ ગયો અને ખાનપાન ઓષધાદિ તેમજ તેલ વિગેરેનું મર્દન કરી, તેનું અંગ જો કે બળી ગયા જેવું કે ખવાઇ ગયા જેવું થએલું હતું તો પણ જેમ જડ શિષ્યને ગુરુ ઉપદેશરૂપી ઉપાયથી સુશિક્ષિત કરે તેમ, સાજો કર્યો. ત્યાર પછી તેણે પોતાના મામાને પૂછ્યું કે, અહિંથી સુવર્ણકૂલ બંદર કેટલું દૂર છે ? ત્યારે તેણે જવાબ આપ્યો કે, વીસ જોજન દૂર છે, અને ત્યાં હાલ મોટા ધનવાન વેપારીનાં કરિયાણાં વિગેરે માલભરેલાં વહાણો આવેલાં છે. આવું સાંભળતાં માત્ર તે રોષ અને તોષભર્યો પોતાના મામાની રજા લઇ અહીં સત્વર આવ્યો, અને તને દેખીને ક્રોધાયમાન થયો. પણ નિશ્ચયે કરી સંસારમાં સંયોગ અને વિયોગ કર્માધીન છે. દયાના જ એક મોટા સાગરરૂપ તે કેવલી મહારાજ પૂર્વભવનો સંબંધ કહી શંખદત્તને શાંત કરી ફરીથી કહે છે. જેમ કોઇ ગાળ દે તેને સામી ગાળ દેવાય તેમ તેં પૂર્વભવે તેને હણવાની ઇચ્છા કરી હતી તેથી આ ભવે તેણે તને ધક્કો મારી સમુદ્રમાં ફેંકી દીધો. હવે પછી બંને જણ પરસ્પર એવી પ્રીતિ રાખજો, કે જેથી તમોને આ ભવ અને પરભવ સુખની પ્રાપ્તિ થાય; કેમકે સર્વ પ્રાણી પર મૈત્રી રાખવી એ ખરેખર સર્વાર્થની સિદ્ધિ કરનારી છે.

આવાં જ્ઞાની ગુરુના વચન સાંભળીને તે બંને જણ પોતપોતાના અપરાધ ખમાવી નિરપરાધી બનીને તે દિવસ સફળ ગણવા લાગ્યા. કેમકે ગુરુનાં વચનથી શું ન થાય ? કેવલી મહારાજ ધર્મ દેશના આપતા કહેવા લાગ્યા કે, હે ભવ્ય જીવો ! જેના પસાયથી સર્વ પ્રકારની ઇષ્ટ સિદ્ધિ પમાય છે, એવા સમ્યક્ત્વ ગુણોનો અભ્યાસ કરો; કેમકે, અન્ય દર્શનીઓની ઉત્કૃષ્ટ ક્રિયાનું સેવન આંબા પ્રમુખના ફળની પેઠે સ્વલ્પ અને સંખ્યાબદ્ધ સાંસારિક સુખરૂપ ફળ આપે છે, અને જૈન ધર્મ તો કલ્પવૃક્ષના ફળની પેઠે સર્વ પ્રકારનાં પૌદ્ગલિક અને આત્મિક સુખો આપવાને સમર્થ છે. આવી દેશના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંભળીને તે બંને જણુ સહિત રાજા વિગેરે બીજા કેટલાએક પણુ મોક્ષાભિલાષી થયેલા સમ્યક્ત્વ મૂળ શ્રાવકના ધર્મને પામ્યા, એટલું જ નહીં પણુ વાનર રૂપે બની આવેલો વ્યંતર પણ સમ્યક્ત્વ પામ્યો. ત્યાર પછી જ્ઞાનીએ જણાવ્યું કે, સુવર્ણરેખાનું ઔદારિક અને વ્યંતરનું વૈક્રિય શરીર છે તો પણ પૂર્વભવના સ્નેહને લીધે તેમને પરસ્પર ઘણો કાળ સુધી સ્નેહભાવ રહેશે. ત્યારબાદ રાજાએ પણ જેનું સન્માન કીધું છે એવા શ્રીદત્તે નગરમાં આવી પોતાની અર્દ્ધઋદ્ધિ અને પુત્રી શંખદત્તને આપીને નિર્મળ બુદ્ધિથી બાકીનું દ્રવ્ય સાત ક્ષેત્રમાં વાવરી( ખરચી )ને તેજ જ્ઞાનીની પાસે આવી મહોત્સવથી દીક્ષા ગ્રહણ કરી, ત્યાર પછી ચારિત્ર પાળવાથી મોહને જીતી હું કેવળજ્ઞાન પામ્યો છું; માટે હે શુકરાજ મને પણ પૂર્વભવના માતા અને પુત્રી ઉપર સ્નેહભાવ ઉત્પન્ન થવાથી માનસિક દોષ લાગ્યો હતો. તેટલા માટે સંસારમાં જે કાંઇ આશ્ચર્યકારી સ્વરૂપ હોય, તે મનમાં રાખીને વ્યવહારપણે જે સત્ય ગણાતું હોય તેજ પ્રમાણે વર્તવું; કેમકે, જગતના વ્યવહાર છે તે પણ સત્ય છે.

સિદ્ધાંતમાં દશ પ્રકારનાં સત્ય નીચે પ્રમાણે બતાવેલાં છે.

जणवय संमय ठवणा नामे रूवे पडुच्च सच्चे अ ॥
ववहार भावयोगे दसमे उवम्म सच्चे अ ॥ १ ॥

( ૧ ) જનપદ સત્ય—કોંકણુ દેશમાં પાણીને પિચ્ચ, નીર અને ઉદક કહે છે, માટે જે દેશમાં જે વસ્તુને જે નામથી બોલાવતા હોય તે દેશની અપેક્ષાએ જે બોલાય છે તે સત્યને “ જનપદ સત્ય ” કહેવાય છે.

( ૨ ) સંમત સત્ય—કુમુદ, કુવલય પ્રમુખ અનેક જાતના કમળો કાદવમાં ઉત્પન્ન થયેલાં હોય છે, તે સર્વેને પંકજ કહેવા જોઇએ, પરંતુ લૌકિક શાસ્ત્રે અરવિંદને પંકજ ગણ્યું છે, બીજા કમળોને પણ પંકજપણે ગણ્યા નથી. તે સત્યને “ સમંત સત્ય ” કહેવાય છે.

( ૩ ) સ્થાપના સત્ય—કાષ્ઠ, પાષાણુ વિગેરેમાં અરિહંત પ્રમુખની સ્થાપના; અથવા એક, બે, ત્રણુ, ચાર વિગેરે આંકની સ્થાપના; અથવા પૈ, પૈસા, રૂપિઆ, મોહોર વિગેરેમાં રાજા પ્રમુખના સિક્કા; તે સત્યને “ સ્થાપના સત્ય ” કહેવાય છે.

( ૪ ) નામ સત્ય—અપુત્ર છતાં કુળવર્ધન નામ ધરાવતો હોય; તે સત્યને “ નામ સત્ય ” કહેવાય છે.

( ૫ ) રૂપ સત્ય—વેષ માત્રના ધરનાર યતિને પણ વ્રતી કહેવાય. તે સત્યને “ રૂપ સત્ય ” કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( ૬ ) પ્રતીત્યસત્ય—જેમ ટચલી અંગુલિની અપેક્ષાયે અનામિકા લાંબી છે, અને અનામિકાની અપેક્ષાયે ટચલી ટૂંકી છે, એમ એકેકની અપેક્ષાયે જે વાક્યાર્થ બોલવામાં આવે; તે "પ્રતિત્ય સત્ય" કહેવાય છે.

( ૭ ) વ્યવહારસત્ય—પર્વતના ઉપર ઘાસ બળતું હોય, તો પણ પર્વત બળે છે, માટલીમાંથી પાણી ઝમતું હોય પણ પાણી ઝમે છે, તેમજ અનુદરા (કન્યા) અલોમિકા (એડકા) કહેવાય છે, એમ જે બોલવાનો વ્યવહાર છે તે "વ્યવહાર સત્ય" કહેવાય છે.

( ૮ ) ભાવસત્ય—બગલીને થોડા ઘણા પાંચે રંગ હોય છે, પરંતુ સફેદ રંગની અધિકતાથી તે સફેદ ગણાય છે, એમ વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ જેમાં અધિક હોય તેથી તેને તે રૂપે ગણી શકાય. તે "ભાવ સત્ય" કહેવાય છે.

( ૯ ) યોગસત્ય—જેના હાથમાં દંડ હોય તે દંડી અને જેની પાસે ધન હોય તે ધની કહેવાય, તેમ જેની પાસે જે વસ્તુ હોય તેના ઉપરથી તેને તે નામે બોલાવી શકાતો હોય; તે "યોગ સત્ય" કહેવાય છે.

(૧૦) ઓપમ્યસત્ય—આ તળાવ સમુદ્રના જેવું છે, એમ જેને ઉપમા અપાય; તે "ઉપમા સત્ય" કહેવાય છે.

जैन साहित्य JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આવાં પ્રકારનાં કેવલી મહારાજનાં વચન સાંભળીને સાવધાન થઇ તે શુકરાજ કુમાર પોતાના માતપિતાને પ્રગટપણે માતા, પિતા કહી બોલવા લાગ્યો, કે જે સાંભળીને તે રાજા પ્રમુખ સર્વ પ્રસન્ન થયા. હવે રાજા શ્રીદત્ત કેવલીને કહેવા લાગ્યો કે, હે સ્વામિન્! ધન્ય છે તમોને કે જેમને આવી યુવાવસ્થામાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. એવો વૈરાગ્ય મને ક્યારે ઉત્પન્ન થશે? ત્યારે મુનિ શ્રેષ્ઠ કેવલી મહારાજે કહ્યું કે, હે રાજન્! તારી ચંદ્રવતી રાણીનો* પુત્ર તારી દૃષ્ટિએ પડશે કે તત્કાળ તને દૃઢપણે વૈરાગ્ય ઉત્પન્ન થશે. પછી કેવલીના વચનને વધાવી, પ્રણામ કરી પોતાના પરિવાર સહિત પ્રસન્નતાપૂર્વક રાજા પોતાના રાજ્યમહેલમાં આવ્યો. દયા અને સમ્યક્ત્વરૂપ બે નેત્રોથી જાણે અમૃતની વર્ષાજ વર્ષાવતો ન હોય! એવો શુકરાજ જ્યારે દશ વર્ષનો થયો, ત્યારે કમલમાળા રાણીએ બીજા પુત્રને પ્રસવ્યો. અને તેની માતાને દેવતાએ આપેલા સ્વપ્નને અનુસારે તેનું નામ રાજાએ મોટા મહોત્સવ સહિત 'હંસરાજ' પાડ્યું. અમૃતના કિરણજને હોય! એવા ઉજ્વળ જેના માતા પિતારૂપ બન્ને પક્ષ છે એવો હંસરાજકુમાર, રૂપ કળા અને વચના સંપદારૂપ

* પ્રથમ જે રાણીને પુત્ર થયો નહીં એમ કહેવામાં આવેલું છે તે રાણી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણોથી વૃદ્ધિ પામવા લાગ્યો. જ્યારે તે પાંચ વર્ષની ઉમરનો થયો, ત્યારે સર્વ જનને આનંદિત કરતો જેમ રામચંદ્રજીની સાથે લક્ષ્મણ રમે, તેમ શુકરાજ કુમારની સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરતો હતો. અર્થવર્ગ અને કામવર્ગની સાથે ક્રીડા કરતા બન્ને પુત્રોએ ધર્મવર્ગ પણ મુખ્યપણે સેવવોજ જોઈએ એમ જણાવવાનેજ આવતા ન હોય એમ એકદા રાજસભામાં સિંહાસન પર બિરાજમાન થયેલા રાજાની પાસે છડીદારે વિનયપૂર્વક આવી કહ્યું કે, મહારાજ, દરબારના દરવાજા આગળ ગાંગીલ નામા ઋષીશ્વર સુશિષ્યની સાથે આપને મળવા માટે પધારેલા છે, તેમને જો આપની આજ્ઞા હોય તો પ્રવેશ કરાવું. આ સાંભળતાં ચકિત થયેલા રાજાએ તેને હુકમ કર્યો કે, તેમને પ્રવેશ કરાવ. પછી ગાંગીલઋષિ રાજસભામાં પધાર્યા કે તરત જ રાજાએ ઉઠી સન્માન આપી આસન પર બેસાડ્યા ને ક્ષેમકુશળ પૂછવા પૂર્વક તેમને અત્યંત આનંદ પમાડ્યો. ત્યાર પછી પુરોહિત જેવા ઋષીશ્વર પણ રાજાને આશીર્વાદ આપીને કહેવા લાગ્યા કે, તીર્થ, આશ્રમ તેમજ તાપસ પ્રમુખને ક્ષેમકુશળ છે. રાજાએ પૂછ્યું કે, હે મહારાજ! અત્રે આપનું આગમન શા માટે થયું છે? ત્યારે કમલમાલાને પડદાની અંદર બોલાવી ગાંગીલ ઋષીશ્વર તેને કહેવા લાગ્યા કે, ગોમુખ નામના યક્ષરાજે આજ રાત્રિએ મને સ્વપ્ન આપીને જણાવ્યું કે, હું મૂળ શત્રુંજય તીર્થે જાઉં છું. ત્યારે મેં પૂછ્યું કે, આ કૃત્રિમ શત્રુંજય તીર્થનું કોણ રક્ષણ કરશે? ત્યારે તેણે કહ્યું કે, જેમનું ચરિત્ર લોકોત્તર છે એવા તારા બે દોહીત્રા [ દીકરી( કમલમાલા )ના દીકરા ] ભીમ અને અર્જુન જેવા બળવંત શુકરાજ અને હંસરાજ નામના છે તેમાંથી એકને અહિંયાં લાવી રક્ષણ કરવા રાખીશ તો તેના મહાત્મ્યથી આ તીર્થ નિરુપદ્રવ રહેશે; કેમકે, લોકોત્તર ચરિત્રવાળા મોટા મહિમાવંતનો મહિમા ખરેખર મોટો જ હોય છે. ત્યારે મેં તેને ( ગોમુખ યક્ષને ) પૂછ્યું કે, તે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો માર્ગ ઘણો દૂર હોવાથી મને ત્યાં પહોંચતાં ઘણા દિવસો નીકળી જશે માટે ત્યાંથી તેને બોલાવી લાવું ત્યાં સુધી આ શત્રુંજય તીર્થનું રક્ષણ કોણ કરશે? ત્યારે ગોમુખ યક્ષે કહ્યું કે, ત્યાં જઇ આવતાં ઘણો વિલંબ લાગે તેમ છે, તો પણ તું સવારે નીકળીને જઇશ તો બપોરે જ મારા પ્રભાવ ( દૈવિક શક્તિ )થી તેને લઈ તું અહિયાં પાછો આવતો રહીશ. એમ કહીને તે યક્ષ તો ચાલ્યો ગયો. હું તે વાત સાંભળીને અજાયબ થયો. પછી આજ સવારે ત્યાંથી નીકળી હજુ સુધી એક પહોર દિવસ ચઢ્યો નથી એટલામાં તો અત્રે આવી પહોંચ્યો છું; કેમકે, દૈવી મહિમાથી શું બની શકતું નથી? માટે હે દક્ષદંપતિ! દક્ષિણા આપ્યાની પેઠે આ તમારા બે પુત્રરત્નમાંથી એક પુત્ર મને તીર્થ રક્ષણ નિમિત્તે આપો, કે જેથી અમો બપોર થયાં પહેલાં ઠંડા પહોરે વગર પરિશ્રમે અમારા આશ્રમે જઇ પહોંચીએ. આ વચન સાંભળીને બીજાની અપેક્ષાએ બાળ છે તો પણ પરાક્રમે કરી અબાળ હંસરાજ હંસના જેવી ધ્વનિથી બોલ્યો કે, હે પિતાજી, એ તીર્થની રક્ષા કરવા તો હું જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઇશ, માટે મને ખુશીથી રજા આપો. આવા તેના ઉદ્ગારો સાંભળીને તેના માતાપિતાએ કહ્યું કે, "હે પુત્ર, તારાં આવાં સાહસિક વચનને અમો અમારું શરીરનું લુંછણું કરીએ, અર્થાત્ તારાં વચનને વારી જઈએ. હે વહાલા પુત્ર! આટલી તારી લઘુવય છતાં પણ આવાં તારાં સાહસિક વચન ક્યાંથી?" તે વખતે ગાંગીલ ઋષીશ્વર બોલ્યા કે, "ક્ષત્રીય વંશનું આવું વીર્ય, અને બાલ્યાવસ્થામાં પણ આવું તેજ એ ખરેખર આશ્ચર્યકારક છતાં સત્ય જ છે, કારણ કે, સત્પુરુષ કે સૂર્યની મહત્તાની આડે તેની વય આવતી જ નથી. રાજાએ કહ્યું કે, "હે મહારાજ, આટલા નાના બાળકને ત્યાં કેમ મોકલી શકાય? જો કે એ બાળક શક્તિમાન છે, તો પણ માતાપિતાનો જીવ મોકલવાને કેમ ચાલે? શું એ તીર્થનું સંરક્ષણ કરવામાં કાંઇ ભય નથી? 'જેમ સિંહણ જાણે છે કે, મારી ગુફામાંથી મારા બચ્ચાંને લઈ જાય એવો બીજો કોઇપણ બળીઓ આવી શકે તેમ નથી, તો પણ તે પોતાનાં બચ્ચાંને કોઈપણ વખતે બીજું કોઇ લઇ જશે એવા ભયથી જરા માત્ર પણ દૂર મૂકતી નથી; તેમ સ્નેહીઓને સ્નેહી વિષે ખરેખર ડગલે ડગલે ભય માલૂમ પડ્યા વિના રહેતો નથી; માટે આવા લઘુ બાળકને કેમ મોકલી શકાય?" આવાં માતાપિતાનાં વચન સાંભળી સમયસૂચક શુકરાજ ઉત્સાહપૂર્વક તેમને કહેવા લાગ્યો કે, "હે પૂજ્ય, મને રજા આપો તો હું એ તીર્થની રક્ષા સારુ જાઉં. નાચનારને મૃદંગનો શબ્દ, ક્ષુધાતુરને ભોજન-નિમંત્રણ, નિદ્રાળુ(ઊંઘણસી)ને શય્યા, જેમ મળે ને પ્રસન્ન થાય તેમ ત્યાં રક્ષણ કરવા જવાનું મારે માથે આવે છે, એ વાત સાંભળતાંજ હું ઘણો પ્રસન્ન થયો છું; માટે મારા વહાલા માતાપિતા, તમો મને ભક્તિ કરનારને આજ્ઞા આપી તીર્થભક્તિમાં સહાયક થાઓ." આવાં વચન સાંભળીને રાજા દીવાનની સામે જોવા લાગ્યો, ત્યારે તેણે કહ્યું કે, આજ્ઞા આપનાર તમો છો, લઇ જનાર ઋષીશ્વર છે, રક્ષા પણ તીર્થનીજ કરવી છે, રક્ષણ કરનાર શૂરવીર પરાક્રમી શુકરાજ કુમાર છે, ગોમુખ યક્ષની સમ્મતિ પણ થઇ ચૂકી છે, આ તો ક્ષીરમાં ઘી અને સાકર નાખવા જેવું છે, છતાં તમે કેમ વાર લગાડો છો? આવું સાંભળીને માતાપિતાએ તેને રજા આપી, એટલે પ્રસન્ન થયેલો શુકરાજ સ્નેહાળાં નેત્રથી આંસુ ઝરતાં માતાપિતાને નમી સાહસિક બનીને તે ગાંગીલ મુનિની સાથે ચાલતો થયો.

મહાપરાક્રમી ધનુર્ધર અર્જુનની પેઠે બાણ નાખેલા ભાથાને સ્કંધ પાછળ બાંધીને તેની સાથે તત્કાળ ત્યાં જઇ પહોંચી શુકરાજ કુમાર શત્રુંજય તીર્થની સેવા, આરાધના અને રક્ષણ માટે સાવધાન રહેવા લાગ્યો. ત્યાં તેના મહિમાથી તે ઋષિઓનાં આશ્રમના બાગ બગીચામાં ઘણાં ફૂલફળની વૃદ્ધિ થઇ, એટલું જ નહિં પણ વાઘ, સૂવર, ચિત્તા, વરુ, દાવાનળ આદિ સર્વ પ્રકારના ઉપદ્રવો તેના પ્રભાવથી શાંત થઈ ગયા. ખરેખર આશ્ચર્ય છે કે, પૂર્વભવમાં સેવન કરેલા ધર્મના પ્રભાવથી આ શુકરાજનો આવો કોઇ અલૌકિક મહિમા છે. તીર્થંકરના મહિમાથી જેમ ઉપદ્રવની શાંતિ થાય, તેમ આ શુકરાજ

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્ય હોવા છતાં પણ તેનો મહિમા તેમના તુલ્ય જ થવા લાગ્યો. તાપસોની સાથે સુખે દિવસો નિર્ગમન કરતાં એકદા રાત્રિના સમયે એક રુદન કરતી સ્ત્રીના શબ્દો સાંભળી દયાના દરિયા અને ધૈર્યના નિધાન તે શુકરાજે તેની પાસે જઇ મધુર વચનથી તેને બોલાવી દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે તેણીએ કહ્યું કે,

"ચંપા નગરીમાં નિર્ભયમાં પણ નિર્ભય શત્રુઓને મર્દન કરનાર અરિમર્દન નામે રાજા છે. તેની ગુણયુક્ત સાક્ષાત્ લક્ષ્મીના જેવી પદ્માવતી નામની પુત્રીની હું ધાવ-માતા છું. એ પુત્રીને હું ખોળામાં લઇ રમાડતી હતી, તે વખતે જેમ કેસરી વાછડી સહિત ગાયને લઇ જાય તેમ કોઇક પાપી વિદ્યાધરે વિદ્યાના બળથી પુત્રી સહિત મને ત્યાંથી ઉઠાવી અહિંયાં ફક્ત મને ફેંકી દઇ જેમ કાગડો ખાવાનું લઇ નાશી જાય તેમ તે પદ્મા રાજપુત્રીને લઇ કોણ જાણે ક્યાંય નાશી ગયો છે, તેના દુઃખને લીધે હું રુદન કરું છું. આ વચન સાંભળી શુકરાજે તેને આશ્વાસન આપીને ત્યાંજ રાખી અને પાછલી રાત્રે પોતે કેટલાંક ઘાસનાં ઝુંપડાંઓમાં વિદ્યાધરને શોધવા લાગ્યો, તેટલામાં ત્યાં રુદન કરતા કોઇક પુરુષને દેખી તેની પાસે જઇ દયાથી તેને તેના દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે 'દયાળુને કહ્યા વિના દુઃખનો અંત આવનાર નથી' એમ જાણીને તેણે કહ્યું કે, "હે વીરકુમાર! હું ગગનવલ્લભપુર નગરના રાજાનો વાયુ સમાન ગતિવાળો વાયુવેગ નામનો પુત્ર છું. કોઇક રાજાની પદ્માવતી નામની કન્યાને હરણ કરી લઇ જતાં તીર્થના મંદિર ઉપર આવતાં તીર્થના મહિમાને લીધે તે હું ઉલ્લંઘન ન કરી શક્યો એટલું જ નહીં પણ મારી વિદ્યા જૂઠી પડી જવાથી હું તત્કાળ ધરતી પર પડી ગયો છું. પારકી કન્યા હરણ કરવાના પાપને લીધે હું પુણ્ય પરવારેલાની પેઠે પડ્યો કે તરતજ મેં તે કન્યાને મૂકી દીધી; ત્યારે જેમ સમળીના મુખમાંથી છૂટી પડેલી પંખીણી જીવ લઇ નાશી જાય તેમ તે નાશી ગઇ. ધિક્કાર છે મને પાપીને, કે અઘટિત લાભની વાંછાથી ઉદ્યમ કર્યો તો મૂળ વસ્તુનેજ ખોઇ બેઠો." આ વિદ્યાધરનાં આવાં વચન સાંભળીને સર્વ વૃત્તાંતની માહિતગારી મળવાથી પ્રસન્ન થયેલો શુકરાજ તે કન્યાને ત્યાંજ શોધવા લાગ્યો, એટલામાં તો જાણે કોઇ દેવાંગનાજ ન હોય! એવી તે કન્યા તે મંદિરમાંથીજ તેને મળી. ત્યારપછી તે કન્યાને તેની ધાવમાતાનો મેળાપ કરાવી આપ્યો, અને તે વિદ્યાધરને પણ નાના પ્રકારના ઔષધાદિક ઉપચાર કરી સાજો કર્યો. વિદ્યાધરે પોતાને જીવિતદાન મળ્યું તેથી પ્રીતિપૂર્વક ઉપકાર માની કહ્યું કે, હું જીવીશ ત્યાંસુધી તમારો ચાકર થઇને રહીશ. ખરેખર પુણ્યનો મહિમા કેવો આશ્ચર્યજનક છે! પછી શુકરાજે પૂછ્યું કે, તારી પાસે આકાશગામિની વિદ્યા વિદ્યમાન (હયાત) છે કે નહીં? ત્યારે તેણે કહ્યું કે, વિદ્યા તો અક્ષર માત્ર છે, પરંતુ ચાલતી નથી, પણ જે પુરુષે એ વિદ્યા સિદ્ધ કરેલી હોય, તે પુરુષ જો મારે માથે હાથ મૂકી ફરીથી શરૂ કરાવે તો ચાલે, નહિં તો હવે એ મારી વિદ્યા ચાલનારી નથી. ત્યારે સમયસૂચક શુકરાજે કહ્યું કે, એવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હમણાં અહિંયાં બીજો કોણ છે ? માટે એ તારી વિદ્યા પ્રથમ મને શિખવ, પછી તારા બતાવ્યા પ્રમાણે તે વિદ્યા સિદ્ધ કરી જેમ કોઇનું કંઈ ઉછીતું લીધું હોય તે પાછું અપાય તેમ તને હુંજ પાછી આપીશ; એટલે તને તે જ વિદ્યા ફલિભૂત થશે. પછી પ્રસન્ન થઈને તે વિદ્યા તેણે શુકરાજ કુમારને શિખવી. તેણે તે વિદ્યાને વિમળાચળના અને પોતાના પુણ્યબળથી તત્કાળ સિદ્ધ કરીને પાછી તે વિદ્યાધરને શિખવી જેથી તેને તે પાઠસિદ્ધ વિદ્યાની પેઠે તત્કાળ સિદ્ધ થઇ ગઇ. પછી તે બન્ને જણ ખેચર ને ભૂચર સિદ્ધ વિદ્યાવાળા બન્યા. બીજી પણ કેટલીક વિદ્યાઓ વિદ્યાધરે શુકરાજ કુમારને શિખવી. અગણિત પુણ્યનો જેને સંયોગ થયો તેને શું દુર્લભ છે ? પછી શુકરાજ કુમાર ગાંગીલ ઋષિની રજા લઇ નવા રચેલા વિમાનમાં તે બંને સ્ત્રીઓ( રાજકન્યા પદ્માવતી તથા તેની ધાવમાતા )ને બેસાડી વિદ્યાધરને સાથે લઇ ચંપા નગરીએ આવ્યા, અને કન્યાને કોઈ હરણ કરી લઇ ગયું છે એમ સાંભળવાથી ઉત્પન્ન થયેલા ચિંતારૂપ અંધકારમાં રાહુની જેમ વ્યાપ્ત થયેલા રાજાની પાસે જઇ બુધ ને ચંદ્ર સમાન તે બન્ને જણે તેની ચિંતા દૂર કરી. તે અરિમર્દન રાજાને સર્વ વૃત્તાંત નિવેદન કર્યા પછી તેણે જાણ્યું કે, શુકરાજ મારા મિત્રરાજાનો પુત્ર છે. જ્યોતિષ શાસ્ત્રમાં એવું છે કે, મિત્રપુત્ર[ શનિને સંસ્કૃતમાં મિત્રપુત્ર કહે છે ]ના ઉપર રાજા[ ચંદ્રનું સંસ્કૃત નામ ]ને દ્વેષ હોય છે પણ આ શુકરાજ મિત્રપુત્ર હોવા છતાં તેના ઉપર હું રાજા હોવા છતાં મને અત્યન્ત પ્રેમ ઉત્પન્ન થયો, તે મહાવિચક્ષણ, શૂરવીર અને મહોપકારી શુકરાજને અત્યંત હર્ષ અને ઉલ્લાસ સહિત પોતાની પદ્માવતી પુત્રી પરણાવી દીધી. કેમકે એમ કરવાથી જ પરમાનંદ અને પ્રીતિની વૃદ્ધિ થાય છે. લગ્ન વખતે શુકરાજને ઘણું દ્રવ્ય આપી રાજાએ પ્રીતિમાં વધારો કર્યો. રાજાની પ્રાર્થનાથી ઇંદ્ર સમાન શુકરાજે કેટલાક દિવસ લીલા સહિત પદ્માવતી સાથે સંસારસુખ ભોગવતાં ત્યાંજ નિર્ગમન કર્યા. લૂણ વિના સ્વાદિષ્ટ ભોજન જેમ બેસ્વાદ લાગે છે, તેમ પુણ્યની કરણી વિના આ લોક સંબંધી કેવળ સાંસારિક કરણીઓ સત્ફળને આપનારી થતી નથી; માટે સાંસારિક કરણીઓ કરતાં પણ વિવેકી પુરુષે વચ્ચે વચ્ચે ધર્મ કર્તવ્ય કરતાં જ રહેવું એ શ્રેયસ્કર છે. આવો મનમાં વિચાર કરીને શુકરાજ થોડાક દિવસ પછી રાજાની રજા લઈ અને પોતાની સ્ત્રીને પૂછીને વિદ્યાધરની સાથે જિનપ્રતિમાને વંદન કરવા વૈતાઢ્ય પર્વત ઉપર ગયો. ત્યાંની અલૌકિક રચનાઓ જોતાં તેઓ ખુશીની સાથે ગગનવલ્લભ નગરે જઈ પહોંચ્યા. ત્યાં વાયુવેગ વિદ્યાધરે પોતાના માતાપિતાને શુકરાજે કરેલો ઉપકાર કહ્યો, તેથી તેમણે હર્ષ પામીને તેને પોતાની વાયુવેગા નામની કન્યા પરણાવી. જો કે શુકરાજને તીર્થયાત્રા કરવા જવાની ઘણી ઉતાવળ હતી, તોપણ લગ્ન કર્યા પછી અંતરંગ પ્રીતિપૂર્વક ઘણા આગ્રહથી તેને કેટલાક દિવસ સુધી તેમણે પોતાને ઘેર રાખ્યો. કહ્યું છે કે, ભાગ્યહીન પુરુષો જ્યાં જાય ત્યાં પગલે પગલે તિરસ્કાર પામે છે, તેમ ભાગ્યશાળીને પગલે પગલે સત્કાર ( માન) મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક દિવસ અઠ્ઠાઈમાં યાત્રા કરવાનો નિશ્ચય કરીને દેવતાની જેમ શોભતા એવા સાળા બનેવી વિમાનમાં બેસી તીર્થ વંદન કરવા નીકળ્યા. રસ્તામાં હે શુકરાજ! હે શુકરાજ! એવો કોઈ સ્ત્રીનો શબ્દ સાંભળીને તે બંને જણે વિસ્મય પામી તેની પાસે જઈ પૂછ્યું કે, તું કોણ છે? ત્યારે તેણીએ જવાબ આપ્યો કે, "હું ચક્રને ધારણ કરનારી ચક્રેશ્વરી દેવી છું. ગુરુની શિક્ષાથી જેમ શિષ્ય પ્રવર્તે તેમ ગોમુખ નામના યક્ષના કહેવાથી કાશ્મીર દેશમાં રહેલા શત્રુંજય તીર્થની રક્ષા કરવા સારું હું જતી હતી, તેવામાં વચ્ચે માર્ગમાં આવેલા ક્ષિતિપ્રતિષ્ઠિતપુર નગરે આવી પહોંચી ત્યારે ઉચ્ચસ્વરે રૂદન કરતી એક સ્ત્રીને જોઇ, તેથી તેના દુઃખે દુઃખી થયેલી હું આકાશથી હેઠે ઊતરી તેની પાસે ગઇ, કેમકે દુઃખીયાના દુઃખમાં જે કોઇ ભાગ ન લે, તે શું જીવતો છે? પોતાના મહેલની પાસે આવેલા બાગમાં સાક્ષાત્ લક્ષ્મીના જેવી પણ શોકથી આકુળવ્યાકુળ બની ગયેલી તે સ્ત્રીને મેં પૂછ્યું કે, હે કમળાક્ષી! તને શું દુઃખ છે? ત્યારે તેણીએ કહ્યું કે, "ગાંગિલ નામના ઋષિ મારા શુકરાજ નામના પુત્રને શત્રુંજય તીર્થની રક્ષા કરવા સારું ઘણા દિવસ થયા લઇ ગયા છે, પરંતુ તેના કુશળ સમાચાર હજુ સુધી પણ મને કાંઇ મળ્યા નથી, તેટલા માટે તેના વિયોગને લીધે હું રુદન કરું છું." ત્યારે મેં કહ્યું કે, "હે ભદ્રે! તું રૂદન કરીશ નહીં. હું ત્યાંજ જાઉં છું. ત્યાંથી પાછા વળતાં તારા પુત્રના કુશળ સમાચાર તને હું કહેતી જઈશ." એમ તેની આશ્વાસના કરીને ત્યાંથી હું કાશ્મીરના શત્રુંજય તીર્થે ગઇ, પરંતુ ત્યાં તને નહીં દેખવાથી અવધિજ્ઞાનથી તારો વૃત્તાંત જાણીને અત્રે કહેવા આવી છું, માટે હે વિચક્ષણ, તારા વિયોગથી પીડાતી તારી માતાને અમૃતના વર્ષાદની જેમ પોતાના દર્શન રૂપ અમૃતરસથી શાંત કર. જેમ સેવકો સ્વામીના વિચારને અનુસરીનેજ વર્તે, તેમ સુપુત્ર, સુશિષ્ય અને સારી વહુઓ પણ તેમજ વર્તે છે. માતાપિતાને પુત્રો સુખને માટેજ હોય છે, પણ જ્યારે તેમના તરફથી દુઃખ ઉત્પન્ન થાય, તો પછી પાણીમાંથી અગ્નિ ઉત્પન્ન થયા જેવું ગણાય. પિતાના કરતાં માતા વિશેષ કરીને પૂજવા યોગ્ય છે. જ્ઞાનીઓ પણ કહે છે કે, પિતાના કરતાં માતા સહસ્રગણી વિશિષ્ટ માનવા યોગ્ય છે. કહ્યું છે કે,

**ऊढो गर्भः प्रसवसमये सोढमत्युग्रशूलं, पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ।**
**विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्य सद्यः, त्रातः पुत्रः कथमपि यया स्तूयतां सैव माता ॥१॥**

"નવ માસ પર્યંત ગર્ભમાં ધારણ કર્યો, પ્રસવસમયે અતિશય આકરી શૂળ વિગેરેની દુસ્સહ વેદના સહન કરી, રોગાદિકના વખતે નાના પ્રકારનાં પથ્ય સેવન કર્યાં, નવરાવવામાં, ધવરાવવામાં અને રડતાં છાનાં રાખવામાં ઘણો પ્રયાસ કર્યો, તથા મળમૂત્રાદિ ધોવા વિગેરે ઘણાં કષ્ટો સહન કરી જેણે પોતાનો બાળક અહર્નિશ પાળ્યો એવી માતાનીજ ખરેખર સ્તવના કરો."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવાં વચન સાંભળીને જાણે શેકનાં કણિયાજ ન હોય એવાં આંસુ ઝરાવતો ચતુર શુકરાજ બોલ્યો કે, "આ અમૂલ્ય તીર્થોની પાસે આવીને તેની યાત્રા કર્યા વગર કેવી રીતે પાછો ફરી શકું? ગમે તેવું ઉતાવળનું કામ હોય, તો પણ યથોચિત અવસર પર આવેલું ભોજન નહીંજ મૂકવું જોઇયે, તેમ યથોચિત ધર્મકાર્ય પણ મૂકવું નહીં જ જોઈએ. વળી માતા તો આ લોકના સ્વાર્થનું કારણ છે, પરંતુ તીર્થસેવન તો આ લોક અને પરલોકના અર્થનું કારણ છે, માટે તીર્થયાત્રા કરીને તરત જ મારી માતાને મળવા આવીશ. તું હવે અહિંયાંથી પાછી વળ. હું તારે પાછલે પગલેજ આવી પહોંચીશ. મારી માતાને પણ એમજ કહેજે કે, હમણાંજ આવે છે." આમ કહેવાથી તે દેવી ક્ષિતિપ્રતિષ્ઠિત ભણી ગઈ, અને શુકરાજ કુમારે તીર્થયાત્રા કરવા જ્યાં શાશ્વતી પ્રતિમાઓ છે ત્યાં જઇ ત્યાંનાં ચૈત્યોને મોટા આશ્ચર્યપૂર્વક વંદન પૂજન કરીને પોતાના આત્માને કૃતાર્થ કર્યો. ત્યારપછી ત્યાંથી પાછા વળીને સત્વર પોતાની બન્ને સ્ત્રીઓને સાથે લઈ પોતાના સસરાની તેમજ ગાંગીલ ઋષિની રજા લઈને, શ્રી આદીશ્વરપ્રભુને નમીને, અનુપમેય અતિશય વિશાળ વિમાનમાં બેસીને ઘણા વિદ્યાધરોનાં સમુદાયથી પરિવરેલો શુકરાજ મોટા આડંબર સહિત પોતાના નગર સમીપ આવી પહોંચ્યો. નગરના ઘણા લોકો સામે આવી પગલે પગલે પોતાના મુખથી જેની પ્રશંસા કરી રહ્યા છે એવો, સાક્ષાત્ ઇંદ્રમહારાજનો પુત્ર જયંત જ ન હોય એવો શુકરાજ નગરમાં પ્રવેશ કરે છે, ત્યારે તેના પિતાના હુકમથી નગરવાસીઓએ તેના નગરપ્રવેશ સંબંધી મહોત્સવ કર્યો; કેમકે, તેનું આગમન વરસાદની પેઠે સર્વને અત્યાનંદકારી થયું. ત્યારપછી શુકરાજ યુવરાજની પેઠે પોતાના પિતાનું રાજ્ય સંભાળવા લાગ્યો. શું એવો સામર્થ્યવાન હોવા છતાં પણ પોતાના પિતાની રાજ્યધુરા ન સંભાળે? સર્વ લોકને ક્રીડાનંદમયસમુદ્રસમાન વસંતઋતુ આવી ત્યારે તે રાજા પોતાના બન્ને પુત્રો તેમજ પરિવાર સહિત બાગ બગીચામાં ક્રીડાર્થે આવ્યો. ત્યાં સર્વ જન સ્વસમુદાયથી સ્વચ્છંદ ક્રીડામાં પ્રવર્તવા માંડે છે, એટલામાં અકસ્માત મોટો કળકળાટ શબ્દ સાંભળવાથી રાજાએ પૂછ્યું કે, આવો ભયંકર શબ્દ કયાંથી થયો? ત્યારે તે શબ્દ થયાના પ્રયોજનનો માહિતગાર એક સુભટ આવી કહેવા લાગ્યો કે, "હે મહારાજ! સારંગપુર નગરના વીરાંગ નામના રાજાનો પરાક્રમી સૂર નામનો પુત્ર, પૂર્વભવના વૈરભાવને લીધે ક્રોધાયમાન થયેલો જાણે હાથી જ આવતો ન હોય! એમ બનીને હંસરાજ કુમાર સાથે લડાઇ કરવા આવ્યો છે.' આ વાત સાંભળતાં રાજા વિચારવા લાગ્યો કે, "હું તો માત્ર નામનોજ રાજા છું, રાજ્યકારભાર અને તેની સારસંભાળ તો શુકરાજ કરે છે, વળી આશ્ચર્ય છે કે એ વીરાંગ રાજા તો મારો સેવક છતાં તેના પુત્રને મારા પુત્ર પર શું વૈરભાવ?" પછી તે રાજા હંસરાજ તથા શુકરાજને સાથે લઇ તેની સામે ત્વરાથી દોડવા ધારે છે, એટલામાં એક ભાટ આવી તેને કહેવા લાગ્યો કે, "હે મહારાજ! પૂર્વભવમાં હંસરાજે એને કંઇક પીડા ઉપજાવેલી છે, તેના વૈરભાવથી એ તેની જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે યુદ્ધ કરવા માગે છે." તે સાંભળી યુદ્ધ કરવા તત્પર થયેલા પોતાના પિતા તથા ભાઇને અટકાવી વીરશીરોમણી હંસરાજ પોતે સન્નદ્ધબદ્ધ થઈને તેની સામે યુદ્ધ કરવા ધસ્યો. ક્ષત્રીયપુત્ર કેમ છાનો રહે ? તેમ સૂર રાજકુમાર પણ ઘણાં શસ્ત્ર જેમાં ભરેલાં છે એવા સંગ્રામના રથ ઉપર બેસીને અભિમાનથી રણભૂમિએ આવ્યો. ત્યાં સર્વનાં દેખતાં ખરેખર આશ્ચર્યજનક અર્જુન અને કર્ણના સરખું તે બન્નેનું શસ્ત્રાશસ્ત્રી યુદ્ધ થયું. શ્રાદ્ધનાં ભોજન કરનારા બ્રાહ્મણોને જેમ ભોજનની તૃપ્તિ ન થાય તેમ તે બન્ને જણાને કેટલાક વખત સુધી યુદ્ધની તૃપ્તિ ન થઈ, કે જેથી બન્ને સમાન બળવાળા મહોત્સાહી ધૈર્યવાન શૂરવીરોની જયશ્રી પણ કેટલાક વખત સુધી સંશયપણાને ભજવા લાગી*. કેટલીક વાર પછી ઈંદ્ર મહારાજ જેમ પર્વતની પાંખો છેદી નાંખે તેમ હંસરાજે સૂર કુમારના સર્વ શસ્ત્રો છેદી નાંખ્યા. ત્યારે મદોન્મત્ત હસ્તિની પેઠે મહાક્રોધાયમાન થઈને હંસરાજને મારવાને સૂરકુમાર વજ્રના જેવી કઠણ મુઠી ઉપાડીને તેની સામે ધસ્યો. આ વખતે શંકિત રાજાએ તત્કાળ શુકરાજની સામે જોયું, ત્યારે અવસરના જાણ શુકરાજે હંસરાજ કુમારના શરીરમાં મોટી બળવંતી વિદ્યા સંક્રમણ કરી.× તેના બળથી હંસરાજે કંદુકની જેમ સૂરકુમારને તિરસ્કાર સહિત ઉઠાવી એટલો બધો દૂર ફેંક્યો કે, તે તેના (સૂરના) સૈન્યનું ઉલ્લંઘન કરીને તેની પેલી તરફની જમીનપર જઇ પડ્યો. તે જાણે તેણે (સૂરે) પોતાના સૈન્યનું લુંછણું જ કર્યું ન હોય ! એમ દેખાવા લાગ્યો. પેલી તરફ પડતાં જ તેણે એવી તો મૂર્છા ખાધી કે, તેના સેવકોએ કેટલીક વાર સુધી સારવાર કરી ત્યારે જ તે સાવધ થયો. પરંતુ અંતરંગ ક્રોધાગ્નિ ન શમવાથી આત્મિક ચેતના(જ્ઞાન) ન પામ્યો. છેવટે તેને વિચાર ઉત્પન્ન થયો કે, ધિ:કાર છે મને, કે મેં ફોકટ આની સાથે ક્રોધ કર્યો, આવા રૌદ્ર ધ્યાનથી તો હું ખરેખર અનંત ભવ રખડીશ. પછી તે નિર્મળ બુદ્ધિવાન ક્રોધના વિરોધની (ક્રોધને લીધે થયેલી ઇર્ષાની) બુદ્ધિ તજી દઇ બે પુત્રો સહિત પાસે ઉભેલા મૃગધ્વજ રાજાની પાસે જઈ પોતાનો અપરાધ ખમાવવા લાગ્યો. તેથી ચકિત થઇને રાજાએ પૂછયું કે, "તેં પૂર્વભવવૈર શી રીતે જાણ્યું ?" ત્યારે તેણે કહ્યું કે, જ્યારે જ્ઞાનદિવાકર શ્રીદત્ત કેવળી મારે ગામ પધાર્યા હતા, ત્યારે મેં મારો પૂર્વભવ પૂછયો હતો, તેથી તેમણે મને કહ્યું હતું કે :—

"હે સૂર ! ભદ્દિલપુર નગરમાં જિતારી નામનો રાજા હતો. તેને હંસી તથા સારસી નામની બે રાણીઓ તથા સિંહ નામનો પ્રધાન હતો. તેમને સાથે લઈ જિતારી રાજા આકરો અભિગ્રહ ધારીને સિદ્ધાચલની યાત્રા કરવા જતાં માર્ગમાં ગોમુખ નામના યક્ષે કાશ્મીર દેશમાં અવતારેલા (બનાવેલા) સિદ્ધાચલની યાત્રા કરી, ત્યાં વિમલપુર નગર વસાવીને કેટલોક કાળ સુધી રહી, છેવટે ત્યાં જ મૃત્યુ પામ્યો. ત્યારપછી સિંહ નામનો

* સંશયપણાને ભજવા લાગી–સંશયમાં પડી. × સંક્રમણ કરી–મૂકી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રધાન, જનેતા ( જન્મ આપનારી–માતા ), જન્મભૂમિ, પાછલી રાત્રિની નિદ્રા, વહાલાનો મેળાપ અને સુગોષ્ઠી ( સારી વાર્તા ) એ પાંચે વસ્તુઓ દુઃખે કરી મૂકાય છે માટે તે વિમળપુરીના લોકોને સાથે લઇ પોતાના ભદ્દિલપુર નગર તરફ જવા નીકળ્યો. અર્દ્ધ માર્ગે જઇ પહોંચ્યો ત્યારે કાંઇક સાર વસ્તુ વિસરી ગયેલ યાદ આવવાથી તેણે પોતાના ચરક નામના સેવકને આજ્ઞા આપી કે વિમળપુર નગરે અમુક સ્થાનકે અમુક વસ્તુ આપણે ભૂલી આવ્યા છીએ, તે તું ત્યાં જઇને સત્વર લઇ પાછો આવ. ત્યારે તેણે કહ્યું કે, હે સ્વામિન્! હું એકલો જ તે [illegible] સ્થાનકે શી રીતે જઇ શકીશ ? આવું વાકય સાંભળીને પ્રધાને તેના પર ક્રોધ કર્યો તેથી તે ત્યાં ગયો. બતાવેલા સ્થાનકે તે વસ્તુની ઘણીજ તપાસ કરી, પણ કોઇક ભીલ તરત જ લઇ ગયેલ હોવાથી તે વસ્તુ તેને મળી નહીં, તેથી તેણે પાછા આવીને પ્રધાનને કહ્યું કે, ત્યાંથી તે વસ્તુ કોઇક લઇ ગયેલ હોવાથી મને મળી નહીં. ત્યારે પ્રધાને ક્રોધ કરી કહ્યું કે, " તું જ ચોર છે, તેં જ લીધી છે. " એમ કહી તેને પોતાના સુભટો પાસે ખૂબ માર મરાવ્યો, જેથી તે કેટલાક વખત સુધી અચેતન થઇ ગયો. હા ! હા ! જુઓ તો ખરા, લોભની મૂર્છા કેવી છે ! તે મૂર્છાવંતને ત્યાં જ પડતો મૂકી સર્વ લોક પ્રધાનની સાથે ભદ્દિલપુર ભણી ચાલ્યા ગયા. જ્યારે તેને શીતલ પવનથી કેટલીક વારે ચેતના આવી ત્યારે સ્વાર્થતત્પર સર્વ સાર્થને ગયેલો જોઇને વિચાર કરવા લાગ્યો કે–ધિક્કાર છે એવા પ્રભુતા( મોટાઇ )ના ગર્વમાં ગર્વિત પ્રધાનને ! કહ્યું છે કે—

**चोरा चिल्लकाइ गंधिअ, भट्टा य विज्ज पाहुणया ।**
**वेसा धूआ नरिंदा, परस्स पीडं न याणंति ॥ १ ॥**

" ચોર, બાળક, ગાંધી, માંગણ, વૈદ્ય, પરોણા, વેશ્યા, દીકરી, રાજા એટલા જણ પારકી પીડા જાણતા નથી. "

એવી રીતે વિચાર કર્યા પછી ચરક ભદ્દીલપુરના માર્ગના અજાણપણાને લીધે માર્ગમાં ને માર્ગમાં ભમી ભમીને ભૂખ તરસથી પીડાતો આર્ત–રૌદ્ર ધ્યાનથી વનમાં ને વનમાં મરણ પામીને ભદ્દીલપુર નગરની નજીકના વનમાં દેદીપ્યમાન વિષયુક્ત સર્પપણે ઉત્પન્ન થયો. તેણે એક વખતે તેજ સિંહ પ્રધાનને પૂર્વભવના વૈરથી દંશ કર્યો તેથી તે તત્કાળ મરણ પામ્યો. સર્પ પણ મરણ પામીને નર્કમાં પડી ત્યાં ઘણી દુઃસહ વેદનાઓ ભોગવી આવીને વીરાંગ રાજાનો સૂર નામે તું પુત્ર થયો છે, અને સિંહ પ્રધાન મરણ પામીને કાશ્મીરના વિમળાચળ તીર્થ ઉપરની વાવમાં હંસપણે ઉત્પન્ન થયો. ત્યાં તેણે જાતિસ્મરણ થવાથી વિચાર્યું કે, " પૂર્વે પ્રધાનના ભવમાં શત્રુંજય તીર્થની પૂર્ણ ભાવયુક્ત સેવા ન કરી, તેથી આ તિર્યંચપણે ઉત્પન્ન થયો માટે હવે તીર્થનું પૂર્ણ સેવન કરું. "

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ ધારી તે ચાંચમાં પુષ્પ લઇ પ્રભુજીનું પૂજન કરતો, વળી બે પાંખોમાં પાણી ભરી પ્રભુજીને પખાલ કરતો. એવી રીતે અનેક પ્રકારે પ્રભુભક્તિ કરી છેવટે મરણ પામી સૌધર્મ દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને તે પૂર્વ પુણ્યપ્રભાવથી મૃગધ્વજ રાજાનો હંસરાજ નામનો પુત્ર થયો છે."

આ પ્રમાણે કેવળીનાં વચન સાંભળીને પૂર્વભવનો વૈરભાવ યાદ આવવાથી. હંસરાજને મારી નાંખવાની બુદ્ધિ સુઝી હતી તેથી હું અહિંયાં આવ્યો હતો. જો કે મારા પિતાએ મને ત્યાંથી નીકળતાં ઘણો વાર્યો હતો, તો પણ હું વાર્યો ન રહ્યો તેથી છેવટે આ તમારા હંસરાજ પુત્રે મને સંગ્રામમાં જીતી લીધો. એટલા જ માટે પૂર્વ પુણ્યથી હવે મને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, તેથી હું તેજ શ્રીદત્ત નામના કેવળી ભગવાન પાસે જઇ દીક્ષા ગ્રહણ કરીશ. એમ કહી નમીને અજ્ઞાનરૂપ અંધકારથી દૂર થયેલા સૂરકુમારે પોતાને સ્થાનકે જઈ માતપિતાની રજા લઇ, તત્કાળ દીક્ષા લીધી. કહ્યું છે કે, "धर्मस्य त्वरिता गतिः" ધર્મ તરતજ કરવો."

જેનું મન જેમાં લાગેલું હોય તેને તેજ વસ્તુ ઉપર અભિરુચિ થાય છે. મને પણ દીક્ષા લેવાની અભિરુચિ છે. પણ તેવો ઉત્કટ વૈરાગ્ય મને કેમ ઉત્પન્ન થતો નહીં હોય ! એવી રીતે વિચાર કરતો મૃગધ્વજ રાજા મનમાં સમજ્યો કે, મને કેવળીએ કહેલુંજ છે કે, "જ્યારે ચંદ્રવતીના પુત્રને જોઇશ કે તત્કાળ તને વૈરાગ્ય થશે." પણ તેને તો હજી વાંઝણીની પેઠે પુત્ર થયોજ નથી, ત્યારે હવે મારે શું કરવું ? આમ મનમાં ધારે છે, તેવામાં એક પુણ્યશાળી યુવાન પુરુષ રાજા પાસે આવી નમસ્કાર કરી ઊભો. ત્યારે રાજાએ પૂછ્યું કે, તું કોણ છે ? તે પુરુષ રાજાને ઉત્તર આપવા માંડે છે, એટલામાં તો આકાશવાણી થઈ કે, "હે રાજા ! ખરેખર આ ચંદ્રવતીનો જ પુત્ર છે. એમાં જો તને સંશય રહેતો હોય તો અહિંયાંથી ઇશાન કોણમાં પાંચ યોજન ઉપર એક પર્વત છે તેના પર કદલી નામનું એક વન છે. ત્યાં જઇ યશોમતી નામની જ્ઞાનવતી જોગણીને પૂછીશ એટલે તે તને સર્વ વૃત્તાંત તને કહેશે." આવી દેવવાણી સાંભળીને સાશ્ચર્ય મૃગધ્વજ રાજા તે પુરુષને સાથે લઈ વનમાં ગયો. ત્યાં જોગણીએ પણ રાજાને કહ્યું કે, હે રાજન્ ! જે દેવવાણી થઈ છે, તે સત્ય જ છે. આ સંસારરૂપ અટવીનો માર્ગ મહાવિકટ છે, કે જેમાં તમારા જેવા વસ્તુ સ્વરૂપનાં જાણ પુરુષો પણ મુંઝાઇ જાય છે. પહેલેથી છેવટ સુધી આનો વૃત્તાંત તું ધ્યાનપૂર્વક સાંભળ :—

"ચંદ્રપુરી નગરીમાં ચંદ્ર સમાન ઉજ્વળ યશસ્વી સોમચંદ્ર નામા રાજાની ભાનુમતી નામની રાણીની કુખે હેમવંત નામા ક્ષેત્રથી યુગલ સૌધર્મ દેવલોકે જઇ ત્યાં સુખ ભોગવી ચવી આવી ઉત્પન્ન થયું. નવ માસે એક સ્ત્રી અને એક પુરુષપણે જન્મ્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમનાં ચંદ્રશેખર અને ચંદ્રવતી નામ આપ્યાં. શરીરની શોભાની સાથે પરસ્પર સ્પર્ધા કરતા બન્ને વધવા લાગ્યા. યૌવનાવસ્થાને પ્રાપ્ત થયેલા તેઓને પૂર્વભવ યાદ આવ્યો. પછી ચંદ્રવતીને તારી સાથે અને ચંદ્રશેખરને યશોમતી સાથે પરણાવ્યાં. પણ પૂર્વભવના સ્નેહ ભાવથી તે બંને ( ચંદ્રશેખર અને ચંદ્રવતી ) આ ભવમાં ભાઇ બહેનપણે હોવા છતાં પણ તેઓનો પરસ્પર રાગ બંધાયેલો હતો. ધિ:કાર છે કામને ! જીવની ગતિ કોઇક અલૌકિક છે ! હાહા ! ! ભવરૂપ કૂપની કુવાસના ! કે જેથી આવી કુપ્રવૃત્તિ એવા ઉત્તમ બન્ને ભાઈ બહેનમાં પણ થઇ ગઇ. તું જ્યારે પ્રથમ ગાંગીલ ઋષિના આશ્રમે ગયો હતો ત્યારે ચંદ્રવતીએ ચંદ્રશેખરને પોતાનું વાંછિત પાર પાડવાને બોલાવ્યો હતો. તે તો તારું રાજ્ય લેઇ લેવાની જ બુદ્ધિથી આવ્યો હતો પણ તારા પુન્યરૂપ જળથી જેમ અગ્નિ ઓલવાય તેમ તેનું ધારેલું પાર ન પડવાથી પોતાનો પ્રયાસ વૃથા ગયો ગણીને ચાલ્યો ગયો. વળી તે વખતે તે બંને જણાએ વિચક્ષણ એવા પણ તને કેવી નાના પ્રકારની વચનયુક્તિથી તારો ક્રોધ શમાવવા માટે સમજાવ્યો હતો, તે તું જાણે છે. ત્યાર પછી ચંદ્રશેખરે કામદેવ નામના યક્ષનું આરાધન કર્યું તેથી તે પ્રત્યક્ષ થઇ પૂછવા લાગ્યો કે, મને તેં કેમ બોલાવ્યો ? ચંદ્રશેખરે ચંદ્રવતીનો મેલાપ કરાવવા કહ્યું. ત્યારે યક્ષે તેને અદૃશ્ય બનવાનું અંજન આપ્યું, અને કહ્યું કે, “ તમારા બંને જણાની ગુપ્ત પ્રીતિ જ્યાંસુધી ચંદ્રવતીના પુત્રને મૃગધ્વજ રાજા દેખશે નહીં ત્યાંસુધી કોઇપણ જાણશે નહીં. જ્યારે તે તેને દેખશે ત્યારે તો તમારી તમામ ગુપ્ત વાત ખુલ્લી થઈ જશે. ” એવાં યક્ષનાં વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થએલો ચંદ્રશેખર ચંદ્રવતીની પાસે ગયો, અને ઘણા કાળ સુધી તેની સાથે કામક્રીડા કરી; પરંતુ અદૃશ્ય અંજનના પ્રભાવથી તે તારા તેમજ બીજા કોઈના, પણ જાણવામાં બીલકુલ આવ્યું નહીં. વળી એ ચંદ્રશેખરની સંમતિથી ચંદ્રવતીને ચંદ્રાંક નામનો પુત્ર થયો તથાપિ યક્ષના પ્રભાવથી તેના ગર્ભનાં ચિન્હ પણ કોઈએ દીઠાં નહીં. એ બાળકને જાતમાત્ર ( જન્મના વખતથીજ ) લઇને તેણે પોતાની સ્ત્રી યશોમતીને પાળવા આપ્યો હતો. તેણીએ પણ તેને પોતાનાજ બાળકની પેઠે પાળ્યો. ખરેખર સ્ત્રીઓનો પ્રેમ પોતાના પતિના વચન ઉપર કોઇક અલૌકિકજ હોય છે. પછી પ્રતિદિન દેદીપ્યમાન વિસ્તાર પામતા યૌવનવાળા ચંદ્રાંકને દેખી પતિવિયોગિની તે યશોમતી વિચારવા લાગી કે, “ મારો ભર્તાર તો પોતાની બેન ચંદ્રવતીની સાથે એવો આસક્ત થયો છે કે, તેનું મુખ પણ હું દેખી શકતી નથી; ત્યારે પોતાના વાવેલા આંબાનાં ફળ પોતાનેજ ચાખવાં યોગ્ય જ છે, એમ અતિશય રમણિક એવા આ ચંદ્રાંકની સાથેજ હું પણ કામક્રીડા કરું. ” આમ મનમાં વિચારી વિવેકને દૂર મૂકી તેણીએ તેને એક વખત મીષ્ટવચનથી કહ્યું કે, “ હે કલ્યાણકારી પુરુષરત્ન, તું મને આદર ( અંગીકાર કર ), કે જેથી તું જ આ મોટા રાજ્યનો સ્વામી થઈશ. ” છાતીમાં જાણે કોઇક વજ્રનો ઘાવજ લાગ્યો હોય નહીં ? એવાં આ વચનો સાંભળીને તે તેણીને કહેવા લાગ્યો કે, “ હે માતા,

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહીં સાંભળવા યોગ્ય વચન મને કેમ સંભળાવે છે, અને નહીં બોલવા યોગ્ય વચન કેમ બોલે છે ? " ત્યારે યશોમતી બોલી કે, હે પ્રિય, હું તારી જનેતા માતા નથી, તને જણનારી તો મૃગધ્વજ રાજાની રાણી ચંદ્રવતી છે. આ સત્ય છે કે અસત્ય છે, એનો નિર્ણય કરવાને ઉત્સુક બનેલો ચંદ્રાંક યશોમતીનું વચન (કહેલું) નહીં કબૂલ કરતાં પોતાના માતાપિતાની શોધ સારુ નીકળ્યો હતો તેવામાં તે જ તમને મળ્યો. બન્નેથી ભ્રષ્ટ થએલી યશોમતી પતિપુત્રના વિયોગથી વૈરાગ્ય પામીને કોઈ જૈની સાધ્વીનો યોગ ન બનવાથી યોગણનો વેષ ધારણ કરી ફરનારી હું પોતેજ (યશોમતી) છું. ખરેખર ધિક્કારવા યોગ્ય સ્વરૂપને વિચારવાથી મને કેટલુંક જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી હું જાણીને કહું છું કે, હે મૃગધ્વજ રાજેંદ્ર ! આ ચંદ્રાંક જયારે તમને મળ્યો ત્યારે તેજ યક્ષે તમને આકાશથી વાણી કરી કહ્યું કે, " આ તારોજ પુત્ર છે. " વળી તે સંબંધી સત્ય વાતથી વાકેફ થવા માટે તેણે તમને મારી પાસે મોકલ્યા છે, માટે તું નિશ્ચિત જાણ કે એ તારી સ્ત્રી ચંદ્રવતીના ઉદરથી પેદા થએલો તારોજ પુત્ર છે. "

યોગિણીનાં આવાં વચન સાંભળવાથી તેને અત્યંત ક્રોધ અને ખેદ ઉત્પન્ન થયો, કેમકે પોતાના ઘરનો દુરાચાર દેખીને કે સાંભળીને કોનું મન ન બળે ! ત્યારપછી તે રાજાને પ્રતિબોધવા માટે યોગિણી ગાયન કરતી બોધક વચનથી ગીત ગાતાં બોલી કે:-

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ગીત.

કવણ કેરા પુત્ર મીત્રા રે, કવણ કેરી નારી;
સુહિયાં મોહિઓ મેરી મેરી, મૂઢ ભણઇ અવિચારી. ૧
જાગિ ન જોગિ હો હો, જાઈન જોગ વિચારા; ( એ આંચલી. )
મહ્હી અમારગ મારગ આદરી, જિમ પામીએ ભવ પારા. જાગિ૦ ૨
અતિહિં ગહના અતિહિં કુડા, અતિહિં અથિર સંસારા;
ભાંમઓ છાંડી જોગણુ માંડી, કીજઇ જિન ધર્મ સારા. જાગિ૦ ૩
મોહેઇ મોહિઓ કોહિઇ[1] ખોહિઓ[2], લોહિઇ[3] વાહિઓ[4] ધાઇ;
મુસિઆ[5] બિહું ભવિ અવરાકારણી,[6] મૂરખ દુખીયો[7] થાઇ. જાગિ૦ ૪
એકને[8] જિઇ બિહને[9] ખેંચે[10], ત્રિણી[11] સંચે ચારિ[12] વારે;
પાંચેઇ[13] પાળે છઇને[14] ટાળે,[15] આપી આપ ઉતારે. જાગિ૦ ૫

આવું વૈરાગ્યમય તેનું ગાયન સાંભળીને વૈરાગ્યવંત અને શાંતકષાય થઇને તેને જણાવ

---

૧ ક્રોધે, ૨ દુઃખી થયો, ૩ લોભથી, ૪ વળગ્યો, ૫ ફોકટ, ૬ અજ્ઞાનથી, ૭ દુખી, આત્મા શુદ્ધ કરવા, ૯ રાગ દ્વેષને, ૧૦ છાંડી દે, ૧૧ રત્નત્રયી, ૧૨ કષાય, ૧૩ મહાવ્રત, ૧૪ ક્રો લોભ, મોહ, હાસ્ય, માન, હર્ષ, ૧૫ એ અંતરંગ શત્રુને ટાળવાથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રાંકને સાથે લઈ મૃગધ્વજ રાજા પોતાની નગરીના ઉદ્યાને આવ્યો. નગર બહાર રહીને સંસારથી વિરક્ત અને વસ્તુસ્વરૂપમાં નિમગ્ન તે રાજા પોતાના બે પુત્રો તથા પ્રધાનને ચંદ્રાંકને મોકલી ઉદ્યાનમાંજ બોલાવી કહેવા લાગ્યો કે, " મારું ચિત્ત સંસારથી ઉદ્વિગ્ન થયું છે, અને તેનાથી હું ઘણો પીડાયો છું, માટે મારું આ રાજ્ય શુકરાજ કુમારને આપજો અને હું તો અહિંયાંથી જ દીક્ષા લઈને ચાલતો થઈશ. ઘેર હું આવનારજ નથી. " આવી વાણી સાંભળી દીવાન પ્રમુખ બોલવા લાગ્યા કે, "સ્વામિન્, આપ ઘેર તો પધારો, ઘરે આપનો શો દોષ ( ગુન્હો ) કર્યો છે ? કેમકે, બંધ તો પરિણામથીજ થાય છે; જેમકે, નિર્મોહી પરિણામવાળાને ઘર પણ અરણ્ય (વન) સમાન છે, અને મોહવંતને તો અરણ્ય પણ ઘર સમાન જ છે. " આવા તે લોકોનાં આગ્રહથી રાજા પોતાના પરિવાર તથા ચંદ્રાંક સહિત નગરમાં આવ્યો. રાજાની સાથે ચંદ્રાંકને આવેલો દેખીને કામદેવ યક્ષે કહેલું વચન યાદ આવવાથી કોઈપણ જાણી શકે નહીં એમ સભય પ્રચ્છન્નપણે ચંદ્રવતી પાસે અદૃશ્ય અંજને કરી રહેલો ચંદ્રશેખર જીવ લઈને તત્કાળ ત્યાંથી પોતાના નગરે નાશી ગયો. મોટા મહોત્સવ સહિત મૃગધ્વજ રાજાએ શુકરાજને રાજ્યાભિષેક કર્યો, અને તેની પાસે પોતે દીક્ષા લેવાની રજા માંગી. હા ના થતાં પણ જેમ તેમ કરીને તેની રજા મળ્યાથી જેમ રાત્રિ ગયાથી પ્રાતઃકાળે સૂર્યનો ઉદય થાય તેમ તે અલૌકિકજ શોભાને પામવા લાગ્યો. જો કે રાત્રિના ગયા પછી સૂર્ય ઉદય થાય તેમાં કાંઈ આશ્ચર્યરૂપ નથી, પરંતુ આ મૃગધ્વજ રાજાને તો રાત્રિને સમયે પણ દીક્ષાના અધ્યવસાયરૂપ હૃદયમાં જ્ઞાનરૂપ એવો સૂર્યોદય થયો છે કે જેની શોભા એક અપૂર્વજ બની રહી છે. તે પોતાના મનમાં વિચાર કરે છે કે, કયારે પ્રાતઃકાળ થશે અને કયારે દીક્ષા અંગીકાર કરીશ; વળી કયારે હું નિરતિચાર ચારિત્રવંત બનીને વિચરીશ, અને કયારે આ સર્વ કર્મનો ક્ષય કરીશ. એમ ઉત્કૃષ્ટ શુભ ધ્યાનના ચઢતા પરિણામના એક તાનમાં એવી કોઈક અલૌકિક ભાવના ભાવવા લાગ્યો કે, જેમ પ્રાતઃકાળ થતાં રાત્રિ ગઈ તેની સાથે સ્પર્દ્ધાથીજ ગયાં ન હોય ! એમ પ્રાતઃકાળ થતાંજ તેને ભાવનારૂપ લીલાથી કઠિન ચાર ઘાતિકર્મના ક્ષયથી કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. આશ્ચર્ય છે કે, આ લોકને માટે કરેલો મહાન્ યત્ન પણ નિષ્ફળ જાય છે ત્યારે ધર્મના સંકલ્પમાત્રથી આ મૃગધ્વજ રાજાને કૈવલ્યની પ્રાપ્તિ થઈ. લોકાલોક સમસ્ત વસ્તુના જાણનારા મૃગધ્વજ કેવળીને તત્કાળ કેવળજ્ઞાનના મહિમા( મહોત્સવ ) કરનારા દેવોએ મોટા હર્ષથી સાધુ વેષ લાવીને આપ્યો. તે સાંભળીને આશ્ચર્ય અને હર્ષ પામતાં શુકરાજ પ્રમુખ સર્વ પરિવાર આવીને તત્કાળ તેઓને વંદન કરવા લાગ્યા. તે વખતે તેઓને કેવળી મહારાજ અમૃત સમાન દેશના દેવા લાગ્યા કે, " હે ભવ્ય જીવો, સાધુ અને શ્રાવકનો ધર્મ, એ બે સંસારરૂપ સમુદ્રથી તરીને પેલે પાર પહોંચવાને એક પૂલ સમાન છે, સાધુનો માર્ગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરળ, અને શ્રાવકનો માર્ગ વક્ર છે. સાધુ ધર્મ કઠિન અને શ્રાવક ધર્મ સુકોમળ છે; માટે એ બે ધર્મ( માર્ગ )માંથી જેનાથી જે બની શકે તેના ઉપર આદર કરો. આવી પવિત્ર વાણી સાંભળીને કમળમાળા રાણી, હંસ સમાન સ્વચ્છ સ્વભાવવાળો હંસરાજ, અને ચંદ્રાંક, એ ત્રણે જણ ઉત્કટ ( તીવ્ર ) વૈરાગ્ય પામીને તત્કાળ તેમની પાસે દીક્ષા લઇને આયુ પૂર્ણ થયે મોક્ષે ગયા. શુકરાજ પ્રમુખ સર્વ પરિવારે પણ સાધુ ધર્મ ઉપર પ્રીતિ રાખી સમ્યકત્વ મૂળ શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં. દુરાચારિણી ચંદ્રાવતીનો દુરાચાર મૃગધ્વજ કેવળી અને તેવા વૈરાગી ચંદ્રાંક મુનિએ પણ પ્રકાશ્યો નહીં, કારણ કે પારકાં દૂષણ પ્રગટ કરવાનો સ્વભાવ ખરેખર ભવાભિનંદીનોજ છે, માટે એવા વૈરાગ્યવંત અને જ્ઞાની છતાં તે પારકાં દૂષણ કેમ પ્રગટ કરે ? કહ્યું છે કે, “ સ્વશ્લાઘા ( પોતાની મોટાઇ ) અને પરનિંદા કરવી એ લક્ષણ નિર્ગુણીનાં અને પરશ્લાઘા ( પારકી પ્રશંસા ) અને સ્વનિંદા એ લક્ષણ સદ્ગુણીનાં છે. ” ત્યારપછી સૂર્ય જેમ પોતાના કિરણે કરી પૃથ્વીને પવિત્ર કરે છે તેમ તે મૃગધ્વજ કેવળી પોતાના ચરણથી પૃથ્વીને પવિત્ર કરતા અન્યત્ર વિચરવા લાગ્યા અને ઇંદ્ર સમાન પરાક્રમી શુકરાજ પોતાના રાજ્યને પાળવા લાગ્યો.

जैन साईट JAINSITE.com जयतु ज्ञान शासनम्

ધિક્કાર છે કામી પુરુષોના કદાગ્રહને ! કેમકે ત્યારપછી પણ ચંદ્રાવતી ઉપર અત્યંત સ્નેહરાગ રાખનાર અન્યાયીશિરોમણી ચંદ્રશેખર શુકરાજ કુમારના ઉપર દ્રોહ કરવાને પોતાની કુળદેવી પાસે ઘણા કષ્ટો કરીને વળી પણ યાચના કરવા લાગ્યો. દેવીએ પ્રસન્ન થઇ પૂછયું કે, તું શું માગે છે ? તેણે કહ્યું–શુકરાજનું રાજ્ય મને આપ. ત્યારે તે કહેવા લાગી કે, શુકરાજ દૃઢ સમ્યક્ત્વધારી છે તેથી સિંહનો વિનાશ જેમ મૃગલી કરી શકે નહીં તેમ હું પણ તેનું રાજ્ય આપવા સમર્થ નથી. તે બોલ્યો કે, તું અચિંત્ય શક્તિમાન દેવી છો તો બળથી કે છળથી પણ એનું રાજ્ય મને જરુર આપ. આવાં અત્યંત ભક્તિનાં વચનથી સુપ્રસન્ન થયેલી દેવી બોલી કે, “ છળ કરીને એનું રાજ્ય લેવાનો એક ઉપાય છે, પણ બળથી લેવાનો ઉપાય એકેય નથી. જો શુકરાજ કોઇ કામના પ્રસંગથી બીજે સ્થાનકે જાય તો તે વખતે તું ત્યાં જઈ એના સિંહાસન પર ચઢી બેસજે. એટલે મારી દેવી શક્તિથી શુકરાજના સરખું તારું રૂપ બની જશે. પછી ત્યાં સુખેથી સ્વેચ્છાચારી સુખ ભોગવજે. ” એમ કહીને દેવી અલોપ થઈ ગઇ. ત્યારપછી ચંદ્રશેખરે ચંદ્રવતીને આ તમામ વાતથી વાકેફ કરી. એકદા શુકરાજને શત્રુંજય તીર્થની યાત્રા કરવા જવાની ઉત્કંઠા થવાથી તે પોતાની રાણીઓને કહેવા લાગ્યો કે, “ હું શત્રુંજય તીર્થની યાત્રા કરવા તે મુનિઓના આશ્રમે જઉં છું. ” ત્યારે રાણીઓ બોલી કે, “ અમો પણ તમારી સાથે આવીશું, કેમકે, અમારે તો વળી ‘ એક પંથ દો કાજ ’ ના જેમ તીર્થની યાત્રા અને વળી અમારા માતાપિતાનો મેળાપ થશે. ” પછી પ્રધાન પ્રમુખ બીજા કોઇને પણ કહ્યા વગર પોતાની સ્ત્રીઓને સાથે લઇ શુકરાજ વિમાનમાં બેસીને તીર્થયાત્રા કરવા નીકળ્યો. આ વૃત્તાંત ચંદ્રવતીને

માલૂમ પડતાં તરત જ તેણીએ તે ચંદ્રશેખરને જણાવ્યો કે તત્કાળ તે ત્યાં આવીને રાજ્યસિંહાસન પર પરકાયપ્રવેશવિદ્યામાન બેસે તેમ ચઢી બેઠો. રામચંદ્રના વખતમાં ચક્રાંક વિદ્યાધરનો પુત્ર સાહસગતિ જેમ સુગ્રીવ બન્યો હતો તેમ આ વખતે આ ચંદ્રશેખર શુકરાજના રૂપે બન્યો. બધા લોકો પણ એમજ જાણે છે કે, એજ શુકરાજ રાજા છે. તે એક રાત્રે અકસ્માત્ એવો પોકાર કરી ઊઠ્યો કે–"અરે સુભટો, ધાઓ–ધાઓ, આ કોઇક વિદ્યાધર મારી રાણીઓને લઇ નાશી જાય છે." તે સાંભળી સુભટો આમતેમ દોડવા લાગ્યા, પણ પ્રધાન પ્રમુખ તો તેમની જ પાસે આવીને બોલવા લાગ્યા કે–"સ્વામિન્ ! તમારી તે બધી વિદ્યાઓ ક્યાં ગઇ ?" ત્યારે તે કૃત્રિમ શુકરાજ ખેદ કરતો કહેવા લાગ્યો કે, હાં હાં ! ! શું કરીએ ! એ દુષ્ટ વિદ્યાધર મારી સ્ત્રીઓના સાથે પ્રાણના જેવી મારી વિદ્યાઓ પણ હરી ગયો. તે વખતે તેઓએ કીધું કે, મહારાજ, તમારી સ્ત્રીઓ સહિત વિદ્યાઓ ગઇ તો ખેર. જવા દ્યો; તમારા પોતાના અંગને કુશળ છે તો બસ છે. આમ તે કપટીએ સર્વ રાજ્યમંડળ પોતાના પ્રપંચથી વશ કરી લીધું, અને ચંદ્રવતીની સાથે પૂર્વવત્ રમણ ક્રીડા કરતો રાજ્ય કરવા લાગ્યો.

ત્યારબાદ કેટલેક દિવસે ખરો શુકરાજ તે તીર્થની યાત્રા કરીને વળતાં પોતાના સસરા વિગેરેને મળીને પાછો પોતાના નગરના ઉદ્યાનમાં સ્ત્રીઓ સહિત આવ્યો. આ વખતે પોતે કરેલા કુકર્મથી શંકા પામતો ચંદ્રશેખર પોતાના ગવાક્ષમાં બેઠો હતો, તે ખરા શુકરાજને આવતો જોઇ કપટથી અકસ્માત્ વ્યાકુળ બનીને કોલાહલ ( પોકાર ) કરવા લાગ્યો કે, અરે સુભટો, પ્રધાનો, દરબારીઓ જુઓ–સાંભળો–જે દુષ્ટ મારી વિદ્યાઓ અને સ્ત્રીઓનું હરણ કરી ગયો છે તેજ દુષ્ટ વિદ્યાધર મારું રૂપ બનાવીને ( ધારણ કરીને ) મને ઉપદ્રવમાં નાંખવા આવે છે; માટે તમો તેની પાસે જલ્દી જાઓ અને પ્રથમ જ તેને શામ વચનથી સમજાવી પાછો વાળો. કેમકે, કોઇક કાર્ય સુસાધ્ય હોય છે અને કોઇક કાર્ય દુઃસાધ્ય પણ હોય છે, માટે આવા અવસરે તો ઘણાજ યત્નથી કે યુક્તિથી જ લાભ મેળવી શકાય છે. તેણે પ્રધાનાદિને આવાં વચનો કહીને તેની સામે મોકલ્યા. તેઓને આવતા જોઇ ખરા શુકરાજે પોતાના મનમાં ધાર્યું કે, આ પ્રધાન પ્રમુખ બધા મારા માનને ખાતર આવે છે તો તેઓને મારે પણ માન આપવું ઉચિત છે, તેથી તે તત્કાળ પોતાના વિમાનમાંથી ઉતરીને એક આમ્ર વૃક્ષની તળે જઇ બેઠો. તેની પાસે જઇ પ્રધાન પ્રમુખ નમી સ્તવીને કહેવા લાગ્યા કે, "હે વિદ્યાધર ! વાદકારકના જેવી તમારી વિદ્યાશક્તિ હવે રહેવા દ્યો. અમારા સ્વામીની વિદ્યા અને સ્ત્રીઓ પણ તમે જ હરી ગયા છો તે સંબંધે હાલ અમો તમોને કાંઇ કહેતા નથી તો અમારા ઉપર દયા કરીને તત્કાળ પોતાના સ્થાને ચાલ્યા જાઓ" આ શું કાંઇક વહેમમાં પડ્યા છે ? શૂન્યચિત્ત બન્યા છે ? વાયુ થયો છે ? કે ભૂત પ્રેત પિશાચથી છલાણા છે ? કે શું ? આવા અનેક પ્રકારના સંકલ્પ કરતો વિસ્મય પામીને શુકરાજ બોલવા લાગ્યો કે, "હાહા ! પ્રધાન, હું પોતેજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુકરાજ છું, અને મને આ તું શું કહે છે." પ્રધાન બોલ્યો, "મને પણ ઠગવા ધારે છે કે શું? મૃગધ્વજ રાજાના વંશરૂપ સહકારમાં રમણ કરનાર શુકરાજ (પોપટ) સમાન અમારો સ્વામી શુકરાજ રાજા તો આ નગરમાં રહેલા મહેલમાં છે, અને તમે તો તેજ શુકરાજનું રૂપ ધારણ કરનાર કોઇક વિદ્યાધર છો. વધારે શું કહીયે? પણ ખરો શુકરાજ તો બીલાડીને દેખીને જેમ પોપટ ભય પામે તેમ તમારા દર્શન માત્રનો પણ ભય રાખે છે; માટે હે વિદ્યાધરશ્રેષ્ઠ, હવે ઘણું થયું, તમો તમારે સ્થાન જેમ આવ્યા તેમ ચાલ્યા જાઓ."

આવાં પ્રધાનનાં વચનો સાંભળી ચિત્તમાં ખેદ પામતો ખરો શુકરાજ વિચારવા લાગ્યો કે, ખરેખર કોઈક કપટી મારું રૂપ ધારણ કરીને શૂન્યનો સ્વામી બની બેઠો દેખાય છે. રાજ્ય, ભોજન, શય્યા, સુંદર સ્ત્રી, સુંદર મહેલ, અને ધન, એટલી વસ્તુ શૂન્ય રાખવાની શાસ્ત્રમાં મનાઈ કરી છે, કેમકે એ વસ્તુ જો સૂની રહે તો તત્કાળ તેને કોઇક પણ દબાવી સ્વામી બની બેસે છે. પણ હવે મારે શું કરવું? ખરેખર એને હણીને મારું રાજ્ય પાછું લેવું યોગ્ય છે; કેમકે જો એમ નહીં કરું તો લોકમાં મારો એવો અપવાદ થશે કે, "મૃગરાજના પુત્ર શુકરાજને કોઇક પાપી ધૂતારાએ મારી નાંખીને તેનું રાજ્ય પોતે પોતાના બળથી લઇ લીધું, તો તે મારાથી કેમ સાંભળી શકાશે? ખરેખરો આ વિકટ સંકટનો વખત આવી પહોંચ્યો છે; કેમકે મેં તથા મારી બંને સ્ત્રીઓએ ઘણી નિશાનીઓ આપી, પરંતુ તે કોઇ પણ પ્રધાને માન્ય કરી નહીં. હાહા! ધિ:કાર છે એ કપટીની કપટજાળને! આમ વિચારતો કાંઇક બીજો મનસૂબો મનમાં ધારીને ખેદ પામતો શુકરાજ પોતાના વિમાનમાં બેસીને આકાશમાર્ગે પાછો ક્યાંક ચાલ્યો ગયો. તે દેખી નગરમાં રહેલા શુકરાજને પ્રધાન કહેવા લાગ્યો કે, સ્વામી, આ કપટી વિદ્યાધર વિમાનમાં બેસી પાછો જાય છે. એમ સાંભળીને તે કામમાં વ્યાપેલો પોતાના ચિત્તમાં ઘણોજ પ્રસન્ન થયો. ઉદાસ ચિત્તવાળો (ખરો) શુકરાજ શુડાની પેઠે વનમાં ભમવા લાગ્યો, તેને તેની સ્ત્રીઓએ ઘણી પ્રેરણા કરી તો પણ તે પોતાના સસરાને ઘેર ગયો નહીં; કેમકે, પોતાને કાંઇક પણ દુ:ખ પડયું હોય ત્યારે પંડિત પુરુષોએ પોતાના કોઇપણ સ્વજન વર્ગીને ત્યાં જવું જ ન જોઈએ, અને સસરાને ઘેર તો આડંબર વિના જવું જ નહીં, એમ નીતિશાસ્ત્રમાં કહ્યું છે માટે કેમ જવાય. વળી કહેલ છે કે, "સભામાં, વ્યાપારીઓમાં, દુશ્મનોમાં, સસરાને ઘેર, સ્ત્રીમંડળમાં અને રાજદરબારમાં, (એટલાં સ્થાનકે) આડંબર વિના માન ન પામીએ."

શૂન્ય વનના વાસમાં પણ વિદ્યાબળથી સર્વ સુખભોગની સામગ્રી તૈયાર કરી લીધી છે તો પણ પોતાનું રાજ્ય પારકો પચાવી પડ્યાની ચિંતામાં શુકરાજે છ મહિના મહાદુ:ખમાં ને દુ:ખમાં નિર્વાહ કર્યો. અતિ ખેદકારક વાત છે કે, આવા મહાન્ પુરુષોને

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ મોટો ઉપદ્રવ ભોગવવો પડ્યો. કયા પુરુષને સર્વ દિવસ સરખા સુખમય હશે! કહ્યું છે કે,

कस्य वक्तव्यता नास्ति, को न जातो मरिष्यति ।
केन न व्यसनं प्राप्तम्, कस्य सौख्यं निरन्तरम् ॥ १ ॥

"કોને કહેણી નથી, જન્મેલો કોણ મરણ પામતો નથી, કોણ કષ્ટ (દુઃખ) નથી પામ્યો, અને કોને સદાય સુખ હોય છે?"

એક દિવસ સોરઠ દેશમાં વિચરતાં જેમ નદીનું પૂર પર્વતથી અટકે તેમ તેનું (શુકરાજનું) વિમાન આકાશે જતાં અટક્યું; ત્યારે બળ્યાનો ફોલ્લો, દાઝ્યા ઉપર ડામ, પડ્યા ઉપર પાટું, ચાંદા ઉપર ક્ષારક્ષેપ, જેમ દુઃખદાયી હોય તેમ તેથી તેનું ચિત્ત શૂન્ય બની ગયું. પછી તે પરાક્રમી તત્કાળ નીચે ઉતરીને વિમાન ચાલતું અટકવાનું કારણ શું છે, તે તપાસવા લાગ્યો કે, તરત જ ત્યાંની જમીન પર જેમ મેરુપર્વત ઉપર કલ્પવૃક્ષ શોભતું હોય તેમ સુવર્ણકમળ ઉપર બેઠેલા દેવતાઓએ સેવિત પોતાના પિતા મૃગધ્વજ નામા કેવળીને તેણે દીઠા. તત્કાળ જ ખરી ભક્તિથી તેમને પ્રણામ કરીને તેણે આશ્રિત જનનું દુઃખ માતા, પિતા, વ્હાલા મિત્ર કે સ્વામીને નિવેદન કરવાથી એક વાર (કાંઈક) શાંત થાય છે માટે પોતાનું રાજ્ય ગયા સંબંધી વૃત્તાંત જણાવ્યો. કેવળી મહારાજે કહ્યું કે, એ પણ તને પૂર્વભવના પાપકર્મનો વિપાક ઉદય થવાથીજ થયું છે. મને કયા કર્મનો વિપાક ઉદય આવ્યો છે, એમ તેણે પૂછ્યાથી ઉત્તર આપતાં ગુરુ બોલ્યા કે, "હે શુકરાજ સાંભળ:—

તારા પૂર્વના જીતારીના ભવથી પણ પહેલાં કોઇક ભવમાં તું ભદ્રિક પ્રકૃતિવાન્ ન્યાયનિષ્ઠ શ્રીનામના ગામમાં એક ઠાકોર હતો. તને તારા પિતાએ પોતાનું રાજ્ય સોંપ્યું હતું, અને તારાથી નાનો આતંકનિષ્ઠ નામે તારો ઓરમાન ભાઇ પ્રકૃતિયે ક્રૂર હતો તેને કેટલાંએક ગામ આપ્યાં હતાં. પોતાના ગામથી બીજે ગામ જતાં એક વખત આતંકનિષ્ઠ તને તારા નગરમાં મળવા આવ્યો તેં તેને પ્રેમપૂર્વક બહુમાન આપી કેટલાક દિવસ પોતાની પાસે રાખ્યો. દરમ્યાન એક દિવસ હાંસીમાં તેં તેને એમ કહ્યું કે, "તું કેવો મારી પાસે કેદીની જેમ પકડાયો છે! હવે તારે મારા બેઠાં શી રાજ્યની ચિંતા છે? હાલ તું અહિંયાંજ રહે, કેમકે મોટા ભાઇ બેઠાં નાના ભાઇએ શા માટે કલેશકારક રાજ્યની ખટપટ રાખવી જોઇએ! ઓરમાન ભાઇનાં આવાં વચન સાંભળતાં તે બીકણ હોવાથી મનમાં વિચારવા લાગ્યો કે, "અરે! આ મારું રાજ્ય તો ગયું કે શું! હાહા! મહાખેદની વાત બની કે હું અહિંયાં આવ્યો. હાય! હાય!! હવે હું કેમ કરીશ? મારું રાજ્ય મારે હાથ રહેશે કે જતું રહેશે?" એમ આકુળવ્યાકુળ થઇને વારંવાર તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટા ભાઇ પાસે પોતાને ગામ જવાની રજા માગવા લાગ્યો. કેટલીક વાર પછી ·
જ્યારે જવાની રજા આપી ત્યારે જાણે જીવતોજ રહ્યો હોય નહીં ( નવે અવતારે
આવ્યો હોય નહીં ) એમ પોતાના આત્માને માની તે ત્યાંથી જીવ લઇને નાઠો. જ·
તેં એને એવાં વચનો હાસ્યથી કહ્યાં ત્યારે ( એ પૂર્વભવને વિષે ) તેં એ નિકાચિત ક·
બાંધ્યું તેના ઉદયથી જ રાજ્યથી ભ્રષ્ટ થયો, જેમ વાનરો ફાળ ચૂકવાથી દીન ·
જાય છે તેમ પ્રાણી સંસારી ક્રિયા કરી કર્મબંધન કરે છે તે વખતે ગર્વિત હોય છે, ·
જ્યારે તેનો ઉદય આવે છે ત્યારે ખરેખર દીન બની જાય છે.

જો કે, તે ચંદ્રશેખર રાજાનું દુરાચરણ કેવળી મહારાજ સર્વ જાણે છે, તેણે પૂ·
ન હોવાથી તેઓએ કાંઇપણ કહ્યું નહીં. એવો કોઇનો પણ દુરાચાર કેવળી પ્રકટ ક·
નહીં. સાંસારિક કાર્યોમાં સ્વભાવથીજ ઉદાસ હોવાને લીધે અને જ્ઞાનનું એ જ ફળ ગ·
વાને લીધે કેવળી પોતાની જ્ઞાનશક્તિથી અનેક જનોનાં દુરાચાર સાક્ષાત્પણે જાણ·
છતાં પણ વગરપૂછયે કોઇને કહેતાજ નથી.

બાળકની જેમ પોતાના પિતા મૃગધ્વજ કેવળીના પગે વળગીને શુકરાજ ક·
લાગ્યો કે, "હે સ્વામિન્! તમારા દેખતાં આ રાજ્ય કેમ જાય? ધન્વંતરી વૈદ્ય મ·
છતાં રોગનો ઉપદ્રવ કેમ ટકે? આંગણાં આગળ કલ્પવૃક્ષની હયાતિમાં ઘરમાં દારિદ્ર ક·
થાય? સૂર્ય ઉદય થયે અંધકાર ક્યાં સુધી ટકે? માટે એવો કોઇક ઉપાય બતાવો
જેથી આ મારું કષ્ટ દૂર થાય." એવી અનેક પ્રાર્થના કરી ત્યારે કેવળી બોલ્યા કે, "·
તે દુઃસાધ્ય કાર્ય હોય તોપણ ધર્મ ક્રિયાથી સુસાધ્ય બની શકે છે; માટે અહિંયાં નજી·
આવેલા વિમળાચળ નામના તીર્થ ઉપર રહેલા શ્રીઋષભદેવસ્વામીની યાત્રા ભક્તિ સ·
કરીને એજ પર્વતની ગુફામાં સર્વ કાર્યની સિદ્ધિ આપવામાં સમર્થ એવા પંચ પર·
નવકાર મંત્રનું છ મહિના પર્યંત ધ્યાન કર, કે જેથી જેમ સિંહને દેખી શિયાળ ન·
તેમ તારો શત્રુ પોતાનું કપટ ખુલ્લું થઇ જવાથી પોતાની મેળે જ નાસી ·
ગુફામાં રહીને ધ્યાન ધરતાં જ્યારે વિસ્તાર પામતું મોટું તેજ પ્રગટ થાય ત્યારે ત·
કાર્ય સિદ્ધ થયું ( શત્રુ નાસી ગયો ) એમ જાણજે. દુર્જય એવા પણ શત્રુને ·
વાનો ખરો ઉપાય એજ છે." અપુત્રિયો પુત્રની પ્રાપ્તિ સાંભળી પ્રસન્ન થાય તેમ શુક·
કેવળી મહારાજનાં વચનો સાંભળી પ્રસન્ન થયો. ત્યાર પછી તેમને વિનયપૂર્વક વંદન ક·
વિમાનમાં બેસી તે વિમળાચળ તીર્થે ગયો. ત્યાં પ્રથમ તીર્થનાથ શ્રીઋષભસ્વામીની ·
ભક્તિ સહિત યાત્રા કરીને સર્વ પાપનો ઉચ્છેદક નવકાર મંત્ર યોગીની જેમ નિ·
વૃત્તિથી તેમના બતાવ્યા પ્રમાણે એવો જપવા લાગ્યો કે, અનુક્રમે છ માસે અકસ·
જાણે પોતાનું જ તેજ ન હોય એમ વિસ્તાર પામતું તેજ પ્રગટ થવા લાગ્યું. ·
અવસરે ચંદ્રશેખરની ગોત્રદેવી તેની પાસે આવી કહેવા લાગી કે, "હે ચંદ્રશેખર,
ઘણું થયું, તું તારા સ્થાનકે ચાલ્યો જા. કેમકે મારા પ્રભાવથી શુકરાજના જેવું

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

તારું રૂપ બનેલું હતું, તેવું રૂપ રાખી શકું, એવી હવે મારામાં શક્તિ રહી નથી. હું પોતે પણ નિઃશક્તા બની જવાથી મારે સ્થાને જઉં છું, અને તું પણ ઘણું થયું માટે ઉતાવળો તારા સ્થાનકે ચાલ્યો જા. હવે તત્કાળ જ તારું મૂળ રૂપ બની જશે." એમ કહીને જેટલામાં દેવી જાય છે એટલામાં તો તરત જ તેનું રૂપ બદલાઇ ગયું. આવાં વચન સાંભળનાર ચંદ્રશેખર લક્ષ્મીથી ભ્રષ્ટ થએલાની પેઠે હર્ષ રહિત ચિંતામાં પડેલો ચોરની માફક જેવામાં ત્યાંથી નાઠો એવામાં તો તત્કાળ ત્યાં શુકરાજ આવી પહોંચ્યો. પહેલાનાં શુકરાજના જ જેવું આ ખરા શુકરાજનું રૂપ દેખીને દીવાન પ્રમુખ સર્વે તેને બહુમાન આપીને તેના વધારે સ્વરૂપથી વાકેફ ન હોવા છતાં પણ હર્ષથી વિચારવા લાગ્યા કે, ખરેખર કોઇક કપટી જ આ શુકરાજનું રૂપ ધારણ કરી આવેલો હતો તે હમણાં જ જતો રહ્યો.

શુકરાજને પોતાનું રાજ્ય પ્રાપ્ત થયું એટલે તે નિશ્ચિંત થઈને પૂર્વની પેઠે પોતાની પ્રજાને પાળવા લાગ્યો. પછી પ્રગટપણે પોતે ( શત્રુંજયસેવનનું ) ફળ જોયેલ હોવાથી રાજ્ય કરતાં તે ઇંદ્ર જેવો સંપત્તિવાન્ બનીને દૈવિક કાંતિવાળા નવા બનાવેલા વેણુવાદાદિકના આડંબર સહિત સર્વ સામંત, પ્રધાન, વિદ્યાધરો વગેરેના મોટા પરિવાર મંડળને સાથે લઇ મહોત્સવપૂર્વક વિમળાચળ તીર્થ ઉપર યાત્રા કરવાને આવ્યો. તેની સાથે સદાચાર સેવવાથી જાણે કોઇએ મારો દુરાચાર તો જાણ્યો જ નથી, એમ ધારતો શંકા રહિત ચંદ્રશેખર પણ વિમળાચળની યાત્રા કરવા આવ્યો હતો. શુકરાજ સિદ્ધાચળે આવી તીર્થનાયક( શ્રીઋષભદેવસ્વામી )ને નમી, સ્તવી, પૂજીને મોટા મહોત્સવ કરી સર્વ સમક્ષ એમ બોલવા લાગ્યો કે, "આ તીર્થ ઉપર પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરવાથી મને શત્રુનો જય થયો ( હું શત્રુથી મુક્ત–ભય રહિત થયો ) માટે આ તીર્થનું "શત્રુંજય" એવું નામ અર્થ સહિત જ છે. એ નામથી આ તીર્થ મહામહિમાવંત થશે." ત્યાર પછી એ તીર્થ એ ( શત્રુંજય ) નામથી પૃથ્વીમાં ઘણું જ પ્રસિદ્ધ થયું છે. આવા અવસરે ચંદ્રશેખર પણ શીતળ પરિણામથી તીર્થનાયકને દેખીને અત્યંત ઉલ્લસાયમાન ( રોમાંચિત ) થવાથી પોતે કરેલાં કપટ અને પાપને નિંદવા લાગ્યો. ત્યારે તેને મહોદય પદધારી મૃગધ્વજ કેવળી મહારાજ મળ્યા ત્યારે તેમને મોક્ષાર્થી તે પૂછવા લાગ્યો કે, "સ્વામિન્ ! કોઇ પણ પ્રકારે કર્મથી મારો છુટકો થશે કે કેમ ?" ત્યારે કેવળી મહારાજે જણાવ્યું કે, "આ તીર્થ ઉપર મન, વચન, કાયાની શુદ્ધિથી આલોયણ લઇ, પશ્ચાત્તાપ કરી ઘણાં આકરાં તપ કરીશ તો તારાં પણ પાપ તીર્થમહિમાથી છૂટાં રહેશે. કહ્યું છે કે :—

जन्मकोटिकृतमेकहेलया, कर्म तीव्रतपसा विलीयते ॥
किं न दाह्यमतिबह्वपि क्षणादुच्छिखेन शिखिनाऽत्र दह्यते ॥ १ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"તીવ્ર ( આકરાં ) તપ કરવાથી કરોડો ભવમાં કરેલાં કર્મ( પાપ ) લીલા માત્રમાં જતાં રહે છે. ઊંચી અગ્નિની શિખામાં શું મોટાં કાષ્ઠ ( લાકડાં ) બળ્યા વિના રહે છે?" ( અર્થાત્ નથી રહેતાં એટલે બળી જાય છે તેમ જ તપથી પાપ નાશ પામે છે. )

આવાં વચન સાંભળીને તે જ મૃગધ્વજ કેવળીની પાસે પોતાનાં સર્વ પાપની આલોયણ લઈ, માસખમણ વગેરે ઘણાં આકરાં તપ તપીને તે જ તીર્થે ચંદ્રશેખર મોક્ષપદ પામ્યો.

નિષ્કંટક રાજ્યસુખ ભોગવતો શુકરાજ રાજા પરમાર્હત પુરુષોમાં એક જ દૃષ્ટાંતરૂપ થયો. વળી તેણે બાહ્ય ( રાજાઓ ) અભ્યંતર ( ક્રોધાદિક ) બે પ્રકારના શત્રુઓને જીત્યા; રથયાત્રા, તીર્થયાત્રા, સંઘયાત્રા, એમ ત્રણ પ્રકારની યાત્રા ઘણી વાર કરી; સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એમ ચાર પ્રકારના શ્રી સંઘની સમયે સમયે ભક્તિ કરી. એમ અનેક પ્રકારે વારંવાર તેણે ધર્મસેવન કર્યું. પદ્માવતી પટરાણી, વાયુવેગા લઘુ પટરાણી, એમ જ બીજી પણ ઘણી વિદ્યાધરની પુત્રીઓ તેને રાણીઓપણે થઈ ( અર્થાત્ તે ઘણી સ્ત્રીઓનો સ્વામી થયો ). પદ્માવતી પટરાણીની કુખે પદ્માકર નામનો લક્ષ્મીના સ્થાન સમાન અને વાયુવેગાની કુખે વાયુસાર નામે પુત્ર પેદા થયો. તે બન્ને જણા કૃષ્ણના પુત્ર સામ્બ અને પ્રદ્યુમ્નકુમારની જેમ પોતાના ગુણે કરીને પોતાના પિતા( શુકરાજ )ના જેવા જ થયા. તેથી શુકરાજે પદ્માકરને રાજ્ય અને વાયુસારને યુવરાજપદ ખુશીથી સોંપ્યાં. પછી બન્ને રાણીઓ સહિત દીક્ષા લેઈને તે ભાવ શત્રુનો જય અને ચિત્તને સ્થિર કરવા માટે શત્રુંજય તીર્થે આવ્યો. પણ આશ્ચર્ય છે કે, તે મહાત્મા ( શુકરાજ ) જેમ પર્વત પર પગથિયાં ચઢવા લાગ્યો, તેમ જ શુક્લ ધ્યાનમાં આગલ વધતાં કેવળજ્ઞાન પામ્યો. ત્યારપછી ઘણા કાળ સુધી પૃથ્વી પર વિચરતો અનેક પ્રાણીઓના અજ્ઞાન અને મોહરૂપ અંધકાર દૂર કરીને અનુક્રમે બન્ને સાધ્વીઓ સહિત શુકરાજ કેવળી મોક્ષસંપદા પામ્યા.

ભદ્રક પ્રકૃતિ, ન્યાયમાર્ગરતિ, વિશેષનિપુણમતિ, દૃઢનિજવચનસ્થિતિ, એ ચારે ગુણ પ્રથમથી જ પામ્યાને લીધે સમ્યક્ત્વારોહણ કરીને શુકરાજે તેનો નિર્વાહ કર્યો, જેવડે તે પરંપરાએ શિવવધૂ વર્યો.

આ આશ્ચર્યકારક શુકરાજનું ચરિત્ર સાંભળીને હે ભવ્ય પ્રાણીઓ! પૂર્વોક્ત ચાર ગુણ પાળવાને ઉદ્યમવંત થાઓ.

ઈતિ ભદ્રત્વાદિગુણેષુ શુકરાજ કથા સમાપ્તા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રાવકનું સ્વરૂપ

नामाई चउभेओ सड्ढो भावेण इथ्थ अहिगारो ॥
तिविहो अ भावसड्ढो दंसण–वय–उत्तरगुणेहिं ॥ ४ ॥

શ્રાવક ચાર પ્રકારના છે. ૧ નામ શ્રાવક, ૨ સ્થાપના શ્રાવક, ૩ દ્રવ્ય શ્રાવક અને ૪ ભાવ શ્રાવક. ( આ ચાર નિક્ષેપા* ગણાય છે.)

૧ લો—નામ શ્રાવક: શ્રાવક શબ્દના અર્થથી રહિત, જે કેવલ 'શ્રાવક' એવા નામને ધારણ કરનારો હોય તે, જેમ કોઈનું ઈશ્વર નામ હોય પણ તે દરિદ્ર હોય તેમ તે નામ નિક્ષેપો ગણાય છે.

૨ જો—સ્થાપના શ્રાવક: કોઇક ગુણવંત શ્રાવકની કાષ્ઠ કે પાષાણાદિકની પ્રતિમા કે છબી બનાવી હોય તે સમજવી. અર્થાત્ તેવી પ્રતિમા કે છબીને સ્થાપના શ્રાવક સમજવા. એ સ્થાપના નિક્ષેપો ગણાય છે.

૩ જો—દ્રવ્ય શ્રાવક: ભાવ ન હોવા છતાં, શ્રાવકની ક્રિયા કરનારો દ્રવ્ય શ્રાવક કહેવાય છે. જેમ ચંડપ્રદ્યોત રાજાની આજ્ઞાથી અભયકુમારને બાંધવા માટે વેશ્યાઓએ શ્રાવિકા ધર્મની ક્રિયા કરી હતી. આ દ્રવ્યનિક્ષેપો ગણાય છે.

૪ થો—ભાવ શ્રાવક: ભાવપૂર્વક શ્રાવકની ક્રિયામાં તત્પર હોય તે ભાવ શ્રાવક કહેવાય છે. આ ભાવનિક્ષેપો ગણાય છે.

જેમ નામ ગાય, સ્થાપના ગાય અને દ્રવ્ય ગાયથી દૂધની પ્રાપ્તિ થતી નથી તેમ નામ શ્રાવક, ભાવ શ્રાવક અને દ્રવ્ય શ્રાવકપણું મુક્તિનું સાધક થતું નથી. આ ગ્રંથમાં ભાવ શ્રાવકનો અધિકાર કથન કરવામાં આવશે. ( ભાવ શ્રાવકપણું પ્રાપ્ત કરવાના ઉપાય રૂપ આ ગ્રંથ છે. )

## ભાવ શ્રાવકના ત્રણ ભેદ.

ભાવ શ્રાવકના ત્રણ ભેદ છે. ૧ દર્શન શ્રાવક, ૨ વ્રત શ્રાવક અને ૩ ઉત્તરગુણ શ્રાવક.

---

* નિક્ષેપ—અતિશયે કરીને વસ્તુનું સ્થાપન કરવું, એટલે ઉપચાર ઘટના; અર્થાત ઉપચારે કરીને વસ્તુને ઘટાવવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ દર્શન શ્રાવક તે, કેવળ સમ્યક્ત્વધારી ચતુર્થ ગુણસ્થાનકવર્તી; શ્રેણિક તથા કૃષ્ણાદિકના જેવા પુરુષો સમજવા.

૨ વ્રત શ્રાવક તે, સમ્યક્ત્વમૂળ સ્થૂળ અણુવ્રતધારી. ( પાંચ અણુવ્રત ધરનારા: ૧ પ્રાણાતિપાત ત્યાગ, ૨ અસત્ય ત્યાગ, ૩ ચોરી ત્યાગ, ૪ મૈથુન ત્યાગ, ૫ પરિગ્રહ ત્યાગ, એ પાંચે સ્થૂળથી તજાય છે માટે એને અણુવ્રત કહેવાય, તેના ત્યાગી તે વ્રત શ્રાવક. ) આ વ્રત શ્રાવક સંબંધમાં સુરસુંદરકુમારની પાંચ સ્ત્રીઓનું વૃત્તાંત જાણવા યોગ્ય હોવાથી તે દૃષ્ટાંત રૂપે બતાવે છે.

## સુરસુંદરકુમાર શેઠની પાંચ સ્ત્રીઓનાં દૃષ્ટાંત.

સુરસુંદરકુમાર એક વખત પોતાની પાંચ સ્ત્રીઓની પરીક્ષા માટે ગુપ્ત રહીને છિદ્રમાંથી તેઓનાં ચરિત્ર જોતો હતો. તેવામાં ત્યાં ગોચરી ફરતા એક મુનિ આવ્યા. તેમણે ઉપદેશ કરતા તેણીઓને કહ્યું કે, “ તમે અમારાં પાંચ વચન અંગીકાર કરો તો તમારાં સર્વ દુઃખ દૂર થશે. ” આ વખતે ગુપ્તપણે રહેલા સુરસુંદરકુમાર આ હકીકત સાંભળી પોતાના મનમાં વિચાર કર્યો કે, “ આ કોઈક ઉદ્ધંઠ મુનિ માલમ પડે છે; કેમકે, જ્યારે મારી સ્ત્રીઓએ તેને પોતાનું દુઃખ મટાડવાનો ઉપાય પૂછ્યો ત્યારે તે તેણીઓને વચનમાં બાંધી લેવા ધારે છે, માટે એ ઉદ્ધંઠને હું પાંચે અંગે પાંચ પાંચ દંડના પ્રહાર કરીશ. સ્ત્રીઓએ પૂછ્યું કે. તમો કયાં પાંચ વચન અંગીકાર કરાવવા માંગો છો ? મુનિએ કહ્યું—પહેલું, તમારે કોઇ પણ ત્રસ ( હાલીચાલી શકે એવા ) જીવને યાવજ્જીવ સુધી મારવો નહીં, એવું દૃષ્ટાન્તપૂર્વક કહેવાથી તે પાંચે સ્ત્રીઓએ એ પહેલું વ્રત અંગીકાર કર્યું. આ જાણી સુંદરકુમાર વિચારવા લાગ્યો કે, ખરેખર આ કાંઇ ઉદ્ધંઠ દેખાતો નથી, આ તો મારી સ્ત્રીઓને કાંઈક શિખામણ આપે છે. આથી તો મને પણ ફાયદો મળશે, કેમકે તેઓ રિસાવાથી કોઇ પણ વખતે મને મારી શકે નહીં. માટે એણે મને ઉપકાર કર્યો, તેના બદલામાં મેં જે તેને પાંચ દંડના પ્રહાર કરવા ધારેલા છે તેમાંથી એક ઓછો એટલે ચાર મારીશ. બીજું મુનિ બોલ્યા કે, “ તમારે કોઇ પણ વખતે જૂઠું બોલવું નહીં; એવું પચ્ચખાણ લો. તેણીઓએ તે કબૂલ કીધું ( આ વખતે શેઠે પણ પહેલાંની યુક્તિ પૂર્વક એક એક દંડ પ્રહાર ઓછો કરી ત્રણ ત્રણ મારવા ધાર્યું. ) ત્રીજું મુનિએ કહ્યું કે તમારે ચોરી–અદત્ત લેવું નહીં. આનું પણ પચ્ચખાણ તે સ્ત્રીઓએ કર્યું. ( ત્યારે વળી સરસુંદરકુમારે એક એક પ્રહાર ઓછો મારવાનું ધારી બે બે બાકી રાખ્યા. ) ચોથું, શીયળ પાળવા વિષે મુનિએ કીધું; તે પણ તેણીઓએ સ્વીકાર્યું. ( આ સાંભળી શેઠે એક એક પ્રહાર ઓછો કરી ફક્ત એક એક કરવા નક્કી કર્યું. ) પાંચમું પરિગ્રહનું ( દ્રવ્યાદિક વિગેરે હરેક વસ્તુ પ્રમાણથી વધારે ન રાખવાનું ) પચ્ચખાણ કરવાનું મુનિએ જણાવ્યું તે પણ તેણીઓએ અંગીકાર કર્યું. ( એક એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

करवा धारेलो बाकी रहेलो प्रहार पण सुंदर शेठे आ वखते मांडी वाळ्यो. ) એम पांचे स्त्रीओने मुनिએ पांचे व्रत ઉच्चराव्यां, જેथी तेओना भर्तारे पांचे दंड प्रहार बंध कर्यां अने वळी विचारवा लाग्यो के, हा ! हा ! हुं महापापी थयो; केमके जे मारा ઉपकारी तेनाज ઉपर में आवी वात चिंतवी. એम पश्चात्ताप करतो तत्काळ ते मुनि पासे आवी नमस्कार करीने पोतानो अपराध खमावी पांचे स्त्रीઓ सहित संयम लई स्वर्गे गयो.

आ दृष्टांतमां समजवानुं એ छे के, पांचे स्त्रीઓએ पांचे व्रत अंगीकार कर्यां तेथी भर्तारे पण व्रत लीधां. એ प्रमाणे जे व्रत अंगीकार करे ते " व्रत श्रावक " समजवा.

३ ઉत्तरगुण श्रावक ते, व्रत श्रावकना अधिकारमां बताव्या मुजबनां पांच अणुव्रत, छठ्ठुं दिक्‌परिमाण व्रत, सातमुं भोगोपभोग व्रत, आठमुं अनर्थदंडपरिहार व्रत; ( એ त्रण गुणव्रत कहेवाय छे. ) नवमुं सामायिक व्रत, दशमुं देशावगासिक व्रत, अगी-आरमुं पौषधोपवास व्रत, बारमुं अतिथिसंविभाग व्रत; ( એ चार शिक्षाव्रत कहेवाय छे ) એम बारे व्रत એटले पांच अणुव्रत, त्रण गुणव्रत अने चार शिक्षाव्रत सम्यक्त्व सहित धारण करे ते सुदर्शनना जेम " ઉत्तरगुण श्रावक " कहेवाय छे.

अथवा ઉपर कहेलां बार व्रत मध्येनां सम्यक्त्व सहित એક, બे, अगर गमे तेथी वधारे लेवां होय तेटलां के तमाम बारे व्रत धारण करे तेने " व्रत श्रावक " समजवा, अने " ઉत्तरगुण श्रावक " तो नीचे लख्या मुजब समजवा.

सम्यक्त्व सहित बार व्रतधारी, सर्वथा सचित्त परिहारी, એकाहारी, ( એकज वार भोजन करे ) तिविहार, चઉविहार पच्चखाण करनार, ब्रह्मचारी, भूमिशयनकारी, श्रावकनी अगियार पडिमा* ( प्रतिमा ) वहनार, तेमज बीजा पण केटलाक अभिग्रहना धारण करनार; आनंद कामदेव अने कार्तिक शेठादि जेवाने " ઉत्तरगुण श्रावक " समजवा.

" व्रत श्रावक " मां विशेष बतावे छे के, द्विविध એटले करुं नहीं, करावुं नहीं, त्रिविध એटले मनथी, वचनथी अने कायाथी; એम भंगनी योजना करतां; तेमज ઉत्तर-गुण अविरतिना भांगाथी योजन करतां, એक संयोगी, द्विक संयोगी, त्रिक संयोगी अने चतुष्क संयोगी, એम श्रावकना बारे व्रतना मळी नीचे मुजब भांगा थाय छे.

* श्रावकनी पडिमा ( प्रतिमा ) એटले श्रावकपणामां अडगपणे अभिग्रह विशेषनुं पालन करवुं तेना अगियार प्रकार छे. १ समकित प्रतिमा, २ व्रतप्रतिमा, ३ सामायिक प्रतिमा, ४ पौषध प्रतिमा, ५ कायोत्सर्ग प्रतिमा, ६ अब्रह्म वर्जक प्रतिमा ( ब्रह्मव्रत पाळे ) ७ सचित्त वर्जक प्रतिमा ( सचित्त आहार न करे ), ८ आरंभ वर्जक प्रतिमा, ९ प्रेष्य वर्जक प्रतिमा, १० ઉद्दिष्ट वर्जक प्रतिमा, ११ श्रमणभूत प्रतिमा.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तेरस कोडी सयाइं, चुलसीइ जुयाइं बारस य लख्खा ।
सत्तासीइ सहस्सा, दुन्नि सया तह दुग्गाय ॥

તેરસે ચોરાસી ક્રોડ, બાર લાખ, સત્યાસી હજાર, બસે ને બે ભાંગા જાણવા.

અહિં કોઈકને કદાચ એવી શંકા ઉત્પન્ન થાય કે, મનથી, વચનથી, કાયાથી, કાં નહીં, કરાવું નહીં, કરતાં પ્રત્યે અનુમોદું નહીં, એવો નવ કોટીનો ભાંગો ઉપરના કોઈપ ભાંગામાં કેમ કહ્યો નહીં? તેને ઉત્તર બતાવે છે. શ્રાવકને દ્વિવિધ ત્રિવિધ ભાંગે પચ્ચખા હોય છે પણ ત્રિવિધ ત્રિવિધ ભાંગે પચ્ચખાણ હોય નહીં. કેમકે વ્રત લીધા પહેલાં જે કાર્ય જોડી રાખેલાં હોય તથા દીકરા પ્રમુખે વ્યાપારમાં ઘણો લાભ મેળવ્યો હોય તેમ કોઈએ એવો મોટો અલભ્ય લાભ મેળવ્યો હોય તો શ્રાવકથી અંતર્જલ્પરૂપ અનુમોદ થયા વિના રહેતું નથી માટે ત્રિવિધ ત્રિવિધ ભાંગો નિષેધ્યો છે, છતાં પણ "પ્રજ્ઞપ્તિ ગ્રંથમાં ત્રિવિધે ત્રિવિધે શ્રાવક માટે પચ્ચખાણ કહેલાં છે, તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આશ્રી વિશેષ પચ્ચખાણ ગણાવેલાં છે. મહાભાષ્યમાં પણ કહ્યું છે કે:—

केइ मणंति गीहिणो, तिविहं तिविहेण नत्थि संवरणं ।
तं न जओ निद्दिठं, पन्नत्तीए विसेसोउं ॥ १ ॥

કેટલાક આચાર્યો એમ કહે છે કે, ગૃહસ્થને ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ નથી પ "પન્નતી" માં નીચે લખેલા કારણે શ્રાવકને 'ત્રિવિધ' પચખાણ કરવાની જરૂર હો તો કરવાં કહ્યાં છે.

पुत्ताइ संतति निमित्तमत्तमेक्कारसिं पवण्णस्स ।
जंपंति केइ गीहिणो, दिख्खाभिमुहस्स तिविहंपि ॥ २ ॥

કેટલાક આચાર્યો એમ કહે છે કે, ગૃહસ્થને દીક્ષા લેવાની ઈચ્છા થઈ હોય પ કોઈક કારણથી કે કોઈકના આગ્રહથી પુત્રાદિક સંતતિ પાળવા માટે જો કાળ વિલં કરવો પડે એમ હોય તો શ્રાવકની અગિયારમી પ્રતિમા વહે ત્યારે વચલા કાળમાં કાંઈપણ ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણ લેવાં હોય તો લેવાય છે.

जइ किंचिदप्पओअण–मप्पप्पं वा विसेसवथ्थुं ।
पचक्खेज्ज न दोसो, सयंभूरमणादि मच्छुव्व ॥ ३ ॥

જે કાંઈ અપ્રયોજનીય વસ્તુ એટલે કાગડા પ્રમુખના માંસનું પચ્ચખાણ, તેમ અપ્રાપ્ય વસ્તુ, જેમકે મનુષ્ય ક્ષેત્રથી બહાર રહેલા હાથીઓના દાંત કે ત્યાંના ચિ પ્રમુખના ચર્મ વાપરવાનું કે સ્વયંભૂરમણ સમુદ્રમાં ઉત્પન્ન થયેલા મચ્છોનાં માંસનું ભક્ષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાનું પચ્ચખાણ જો ત્રિવિધે ત્રિવિધે કરે તો તે કરવાની છુટ છે. કેમકે, એ વિશેષ પચ્ચખાણ ગણાય છે, માટે તે કરવાં કલ્પે ( કરી શકાય ). વળી આગમમાં બીજા પણ કેટલાક પ્રકારના શ્રાવકો કહ્યા છે.

## શ્રાવકના પ્રકાર.

ઠાણાંગ ( સ્થાનાંગ ) સૂત્રમાં કહ્યું છે કેઃ—

चउव्विहा समणोवासगा पन्नता तं जहा ।
१ अम्मापिइसमाणे २ भायसमाणे ३ मित्तसमाणे ४ सवत्तिसमाणे ॥

૧ માતા પિતા સમાન, એટલે માતાપિતા જેમ પુત્ર ઉપર હિતકારી હોય તેમ સાધુ ઉપર હિતકર્ત્તા; ૨ ભાઇ સમાન, એટલે સાધુને ભાઇની પેઠે સર્વ કાર્યમાં સહાયક હોય; ૩ મિત્ર સમાન, એટલે મિત્ર જેમ મિત્રથી કંઇપણ અંતર ન રાખે તેમ સાધુથી કંઇપણ અંતર ન રાખે; અને ૪ શોકય સમાન, એટલે સોકય જેમ શોકયની સાથે સર્વ વાતે ઇર્ષા જ કર્યા કરે તેમ એવા પણ શ્રાવક હોય છે કે, સાધુનાં સર્વ પ્રકારે છળ-છિદ્ર તાકયા જ કરે.

JAINSITE .com जैनं जयति शासनम्

વળી પણ પ્રકારાંતરે શ્રાવક ચાર પ્રકારના કહ્યા છે.

चउव्विहा समणोवासगा पन्नता तं जहा ।
१ आयंसमाणे २ पडागसमाणे ३ थाणुसमाणे ४ खरंटयसमाणे ॥

૧ દર્પણ સમાન શ્રાવક–"તે, જેમ દર્પણમાં સર્વ વસ્તુ સાર દેખાય" તેમ સાધુનો ઉપદેશ સાંભળી પોતાના ચિત્તમાં ઉતારી લે; ૨ પતાકા સમાન શ્રાવક–તે, જેમ પતાકા પવનથી હાલતી હોય તેમ દેશના સાંભળતાં પણ જેનું ચિત્ત સ્થિર ન હોય; ૩ ખાણુ સમાન શ્રાવક–તે ખીલા જેવા, જેમ ખીલો કાઢી ન શકીયે તેમ સાધુને કોઇક એવા કદાગ્રહમાં નાંખી દે કે તેમાંથી પાછું નીકળવું મુશ્કેલ થાય; અને ૪ ખરંટક સમાન એટલે અશુચિ સરખો શ્રાવક–તે, પોતાના કદાગ્રહરૂપ અશુચિને છાંડે નહીં અને ગુરુને દુર્વચનરૂપ અશુચિથી ખરડે.

આ ચાર પ્રકારના શ્રાવકો કયા નયમાં ગણી શકાય? એમ જો કોઇ પૂછે તો તેને આચાર્ય ઉત્તર આપે છે કે, વ્યવહાર નયમતે તો તેવા પ્રકારનો વ્યવહાર હોવાથીએ ચારે શ્રાવકપણે ગણાય છે, અને નિશ્ચય નયને મતે તો શોકય સમાન તથા ખરંટક સમાન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બે પ્રકારના શ્રાવકો મિથ્યાત્વી પ્રાય ગણાવ્યાથી દ્રવ્ય શ્રાવક જાણવા અને બીજા પ્રકારના શ્રાવકોને ભાવશ્રાવક સમજવા. કહ્યું છે કે:—

चिंतइ जइ कज्जाइ, न दिठ्ठ खलिओ न होई निन्नेहो ।
एगंत वच्छलो जइ, जणस्स जणणि समो सड्ढो ॥ १ ॥

સાધુનાં કામ (સેવાભક્તિ) કરે, સાધુનું પ્રમાદાચરણ દેખી સ્નેહ રહિત થાય • તેમજ સાધુ લોકો ઉપર સદાય હિતવત્સલ રહે તે "માતા સમાન શ્રાવક" જાણ

हियए ससिणेहोच्चिअ, मुणिजणमंदायरो विणयकम्मे ।
भायसमो साहूणं, पराभवे होई सुसहाओ ॥ २ ॥

સાધુનો વિનય વૈયાવચ્ચ કરવામાં અનાદર હોય પણ હૃદયમાં સ્નેહવંત હોય કષ્ટ વખતે ખરેખર સહાયકારી થાય એવા શ્રાવકને "ભાઇ સમાન શ્રાવક" જાણવા.

मित्तसमाणो माणा, इसिं रूसई अपुच्छिओ कज्जे ।
मन्नंतो अप्पाणं, मुणीण सयणाओ अब्भहिअं ॥ ३ ॥

સાધુ ઉપર ભાવ (પ્રીતિ) રાખે, સાધુ અપમાન કરે તથા વગર પૂછયે કામ કરે તેમનાથી રીસાય ખરો પણ પોતાનાં સગાંવહાલાં કરતાં પણ તેમને (સાધુને) અ ગણે તેને "મિત્ર સમાન શ્રાવક" સમજવો.

थद्धो छिद्दप्पेही, पमायखलियाइ निच्चमुच्चरइ ।
सड्ढो सवत्ति कप्पो, साहूजणं तणसमं गणइ ॥ ४ ॥

પોતે અભિમાની હોય, સાધુનાં છિદ્ર જોતો રહે અને જરા માત્ર પણ દીઠું હોય તો સર્વ સાંભળે તેમ બોલતો રહે, સાધુને તૃણ સમાન ગણે તે "શ સમાન શ્રાવક" સમજવો.

બીજા ચતુષ્કમાં કહેલા આદર્શ શ્રાવકનું વર્ણન—

गुरुभणिओ सुत्तत्थो, बिंबिज्जइ अवितहे मणे जस्स ।
सो आयंस समाणो, सुसावओ वन्निओ समए ॥ १ ॥

ગુરુએ દેશનામાં સૂત્ર અથવા અર્થ જે કહેલાં હોય તે હૃદયમાં ખરેખરો ગુરુ ઉપર સ્વચ્છ હૃદય રાખે; એવા જે શ્રાવક હોય તેને જૈન શાસનમાં "દર્પણ સ સુશ્રાવક" કહ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पवणेण पडागा इव, भामिज्जइ जो जणेण मूढेण ।
अविणिच्छिअ गुरुवयणो, सो होइ पडाइआ तुल्लो ॥ २ ॥

પવનવડે જેમ ધ્વજા હાલ્યા કરે તેમ જે મૂઢ માણસોથી ફરમાઈ જાય અને ગુરુનાં કહેલાં વચનનો વિશ્વાસ રાખે નહીં તે "પતાકા સમાન શ્રાવક" જાણવો.

पडिवन्नमसग्गाहं, न मुअइ गीयथ्थसमणुसिट्ठो वि ।
थाणु समाणो एसो, अपओसि मुणिजणे नवरं ॥ ३ ॥

આમાં એટલું વિશેષ છે કે, ગીતાર્થે ઘણો સમજાવ્યો થકો પણ પોતે લીધેલો કદાગ્રહ (હઠ) કદી છોડેજ નહીં. તે "ખીલા સરખો શ્રાવક" સમજવો. વિશેષ એ છે કે મુનિજન ઉપર દ્વેષ ન કરે.

उमग्गदेसओ निह्नवोसि, मूढोसि मंदधम्मोसि ।
इय सम्मंपि कहंतं, खरंटए सो खरंटसमो ॥ ४ ॥

ગુરૂ જો કે ખરો અર્થ કહેતા હોય તોપણ તે ન માનતાં છેવટ તેમને (ગુરૂને) એમ પણ બોલવા મંડી પડે કે "તું ઉન્માર્ગદર્શક છે, નિન્હવ છે, મૂર્ખ છે, ધર્મથી શિથિલપરિણામી છે." એમ દુર્વચનરૂપ મળથી ગુરૂને ખરડે તે "ખરંટક શ્રાવક" સમજવો.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

जह सिढिलमसूई दव्वं, छुप्पं तं पिहु नरं खरंटेई ।
एवमणुसासगंपिहु, दुसंतो भन्नई खरंटो ॥ ५ ॥

જેમ પ્રવાહી (નરમ) અશુચિ પદાર્થને અડકતાં ખરેખર પણ માણસ ખરડાય છે તેમ શિખામણને આપનારને જ જે દુર્વચન બોલે તે "ખરંટક શ્રાવક" સમજવો.

निच्छयओ मिच्छत्ती, खरंटतुल्लो सवित्ति तुल्लोवि ।
ववहारओ य सड्ढा, वयंति जिणवरा ईमु ॥ ६ ॥

ખરંટક અને સપત્ની (શોક્ય સમાન) શ્રાવક એ બન્નેને શાસ્ત્રકારે તો નિશ્ચય નયમતથી મિથ્યાત્વી જ કહ્યા છે; પરંતુ જિનેશ્વર ભગવંતના દહેરાસર પ્રમુખની સારસંભાળ રાખે છે તેથી તેને વ્યવહારે શ્રાવક કહેવા.

## શ્રાવક શબ્દનો અર્થ.

દાન, શીલ, તપ અને ભાવનાદિક શુભ યોગે કરીને અષ્ટ પ્રકારનાં કર્મ સમયે સમયે નિર્જરાવે (પાતળાં કરે, કે ઓછાં કરે, કે નિર્બળ કરે) તેને અને યતિ (સાધુ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસેથી સમ્યક્ સમાચારી સાંભળે તેને "શ્રાવક" કહીએ. અહિંયાં "શ્રાવક" શબ્દ અભિપ્રાય ( અર્થ ) પણ "ભાવ શ્રાવક"માં જ ઘટે છે. કહેલું છે કે:—

श्रवन्ति यस्य पापानि, पूर्वबद्धान्यनेकशः ।
आवृतश्च व्रतैर्नित्यं, श्रावकः सोऽभिधीयते ॥ १ ॥

પૂર્વનાં બાંધેલાં ઘણાં પાપને શ્રવે ( ઓછાં કરે ), અને વ્રત પચ્ચખાણથી નિરં પરિવર્યો જ ( વીંટાએલો જ ) રહે તે શ્રાવક કહેવાય છે.

सम्मत्तदंसणाइ, पइदीअहं जई जणा सुणेइ अ ।
सामायारी परमं, जो खलु तं सावगं बिंति ॥ २ ॥

સમ્યક્ત્વાદિવાલો અને પ્રતિદિન સાધુજનોની સમાચારી સાંભલનારો ભાવ શ્રા કહેવાય છે.

श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद्धनानि पात्रेषु वपत्यनारतम् ।
कृन्तत्यपुण्यानि सुसाधुसेवनादतोऽपि तं श्रावकमाहुरुत्तमाः ॥ ३ ॥

નવે તત્વના ચિંતવનથી શ્રદ્ધાને પાકી કરે, આત્મ સ્વરૂપનું ચિંતવન કરે, પાત્ર નિરંતર ધન વાપરે, સુસાધુની સેવા કરી પાપને કાપી નાંખે, ( એટલાં આચરણ ક તેને પણ શ્રાવક કહેવાય છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

श्रद्धालुतां श्राति श्रृणोति शासनम्, दानं वपत्याशु वृणोति दर्शनम् ।
कृन्तत्यपुण्यानि करोति संयमम्, तं श्रावकं प्राहुरमी विचक्षणाः ॥ ४ ॥

શ્રદ્ધા પાકી કરે, પ્રવચન સાંભલે, દાન દે, દર્શનને વરે પાપને કાપે અને સંય કરે તેને વિચક્ષણો શ્રાવક કહે છે.

ધર્મમાં સારી રીતે શ્રદ્ધા એ શ્રાદ્ધ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ છે. અને તે પણ શ્રાવકની અપેક્ષાએ છે તેથી જ અંહિ ભાવ શ્રાવકનો અધિકાર છે તેમ કહ્યું છે.

એવી રીતે "શ્રાવક"નું સ્વરૂપ જણાવ્યા પછી દિનકૃત્યાદિ છ કૃત્યમાંથી પ્ર દિન-કૃત્ય કહે છે.

## પ્રથમ દિનકૃત્ય.

**नवकारेण विबुद्धो, सरेई सो सकुल–धम्म–निअमाई ।**
**पडिक्कमिअ सुई पूईअ, गिहे जिणं कुणइ संवरणं ॥ ५ ॥**

' નમો અરિહંતાણં ' ઈત્યાદિ પદોથી જાગ્રત થયેલો શ્રાવક પોતાના કુળને યોગ્ય ધર્મકૃત્ય નિયમાદિક યાદ કરે. અહિંયાં એમ સમજવું કે-પ્રથમથી જ શ્રાવકે સ્વલ્પ નિદ્રાવંત થઈને રહેવું જોઈએ. પાછલી એક પહોર રાત્રી રહે ત્યારે અથવા સવાર થતાં પહેલાં ઉઠવું. એમ કરવાથી આ લોકમાં યશ, કીર્તિ, બુદ્ધિ, શરીર, ધન, વ્યાપારાદિકનો અને પારલૌકિક ધર્મકૃત્ય, વ્રત, પચ્ચખાણ, નિયમ પ્રમુખનો દેખીતો જ લાભ થાય છે. જો તેમ ન કરે તો ઉપરોક્ત લાભની હાનિ થાય છે.

લૌકિક શાસ્ત્રમાં પણ એમ જ કહ્યું છે:—

कम्मीणां धनसंपडइ, धम्मीणां परलोअ ॥
जिहिं सूत्तां रवि उगमई, तिहिं नर आओ न होय ॥

" કામકાજ કરનારા લોકો જો વહેલા ઊઠે તો તેઓને ધનની પ્રાપ્તિ થાય, અને ધર્મી પુરુષ જો વહેલા ઊઠે તો તેઓને પોતાના પારલૌકિક કૃત્યો શાંતિથી બની શકે છે. જે પ્રાણીને ઊંઘતાં જ સૂર્ય ઉદય થાય છે તેમને બુદ્ધિ, ઋદ્ધિ અને આયુષ્યની હાનિ થાય છે. "

કોઈકથી નિદ્રા ઘણી હોવાને લીધે કે બીજા કંઇ કારણથી જો પાછલી પહોર રાત્રી રહેતાં ઊઠી ન શકાય તોપણ તેણે છેવટ ચાર ઘડી રાત્રી બાકી રહે ત્યારે નવકાર ઉચ્ચાર કરતાં ઊઠીને પ્રથમથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો ઉપયોગ કરવો. એટલે દ્રવ્યથી વિચારવું કે, " હું કોણ છું, શ્રાવક છું કે કેમ ? " ક્ષેત્રથી વિચાર કરે કે, " શું હું પોતાને ઘેર છું કે પરઘેર છું ? દેશમાં છું કે પરદેશમાં છું ? માળ ઉપર સૂતો છું કે નીચે સૂતો છું ? " કાળથી વિચાર કરે કે, " અવશેષ રાત્રિ કેટલી છે, સૂર્ય ઊગ્યો છે કે નહીં ? " ભાવથી વિચાર કરે કે, લઘુનીતિ વડીનીતિની પીડાયુક્ત થયો છું કે કેમ ? " એમ વિચાર કરવાપૂર્વક નિદ્રા રહિત થાય. આ પ્રમાણે વિચારવા છતાં જો નિદ્રા ન રોકાય તો નાકના શ્વાસને રોકીને નિદ્રામુક્ત બને. ત્યારપછી દરવાજો કઇ દિશાએ છે, લઘુનીતિ કરવાનું ક્યાં છે ? એવો વિચાર કર્યા પછી વડીનીતિ લઘુનીતિ-ઝાડો પેશાબ કરે.

સાધુ આશ્રયી ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે:—

दव्वाइ उवओगं उस्सासनिरुंभणालोयं ॥

લઘુનીતિ પાછલી રાત્રે કરવી હોય ત્યારે જાગૃત થઇને દ્રવ્યાદિક( દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ )નો ઉપયોગ દેવો પછી નાસિકા બંધ કરીને શ્વાસોશ્વાસ દબાવે જેથી નિદ્રા વિચ્છિન્ન થયા પછી લઘુનીતિ કરે. રાત્રે જો કાંઇપણ કાર્ય કોઈકને જણાવવા વિગેરેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયોજન પડે તો મંદસ્વરે ( હળવેથી ) બોલે. વળી રાત્રે ખાંસી આવી કે ખુંખારો આવો કે હુંકારો કરવો પડે તોપણ ધીમેથી જ કરવું, મોટા અવાજથી કરવું નહીં. કેમકે, એમ કરવાથી જાગેલાં ઘરોળી, પ્રમુખ હિંસક જીવો માખી પ્રમુખને હણવાનો ઉદ્યમ કરે; પાડોસી જાગે તો પોતાનો આરંભ આચરે; પાણીવાળી, રાંધનારી, વ્યાપાર કરનાર, મુસાફરો, ખેતી ખેડનારા, વનમાં જઇ પાન, ફૂલ, ફળ છેદનારા, રહેંટના વહેનારા, કોસના વહેનારા, ઘાણી પીલનારા, શીલાવટ, રેંટિયા ફેરવનારા, ધોબી, કુંભાર, સુથાર, જુગારી, શસ્ત્રકાર, દારૂની ભઠ્ઠી કરનારા, માછી, ખાટકી, વાઘરી–મૃગજાળ નાંખનારા, પારધી, વાટપાડા, લૂંટારા, પારદારિક તસ્કર, ધાડ પાડનાર વગેરે એક એકની પરંપરાથી જાગૃત થઇ પોતાના હિંસાના કામમાં પ્રવર્તે; તેથી પરંપરાએ આ બધા દોષોના ભાગી બનાય છે અને એ રીતે અનર્થદંડની પ્રાપ્તિ થાય છે.

શ્રી ભગવતી સૂત્રમાં કહેલું છે કે:—

जागरिआ धम्मीणं, अधम्मीणं तु सुत्तया सेया ॥
वच्छाहिव भयणीए, अकहिंसु जिणो जयंतीए ॥ १ ॥

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

વચ્છ દેશના અધિપતિની બહેન જયંતી શ્રાવિકાને શ્રી વર્દ્ધમાનસ્વામીએ કહ્યું કે: “ધર્મવંત પ્રાણીઓનું જાગવું અને પાપી પ્રાણીઓનું ઊંઘવું કલ્યાણકારી હોય છે.”

નિદ્રામાંથી જાગતાં જ તપાસવું કે, કયા તત્ત્વના ચાલતાં નિદ્રા વિચ્છેદ થાય છે! કહ્યું છે કે:—

अम्भोभूतत्त्वयोर्निद्रा विच्छेदः शुभहेतवे ॥
व्योमवाय्वग्नितत्त्वेषु स पुनर्दुःखदायकः ॥ १ ॥

જળ અને પૃથ્વીતત્ત્વમાં નિદ્રા વિચ્છેદ થાય તો સારું, અને આકાશ, વાયુ ને અગ્નિતત્ત્વમાં નિદ્રાવિચ્છેદ થાય તો દુઃખદાયી જાણવું.

वामा शस्तोदये सिते कृष्णे तु दक्षिणा ॥
त्रीणि त्रीणि दिनानींदुसूर्ययोरुदयः शुभः ॥ २ ॥

શુકલપક્ષમાં પડવેથી ત્રણ દિન પ્રાતઃકાળે સૂર્યોદય વખતે ચંદ્રનાડી સારી અને કૃષ્ણપક્ષમાં પડવેથી ત્રણ દિન સૂર્યોદય વખતે સૂર્યનાડી સારી જાણવી.

शुक्लप्रतिपदो वायुश्चन्द्रेऽथार्के त्र्यहं त्र्यहम् ॥
वहन् शस्तोऽनया वृत्त्या, विपर्यासे तु दुःखदः ॥ ३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડવેથી ત્રણ ત્રણ દિવસ શુક્લ પક્ષે સૂર્યોદયે ચંદ્રનાડી વહે અને કૃષ્ણ પક્ષે સૂર્યનાડી વહે, તે વખતે જો વાયુતત્ત્વ હોય તો તે દિવસ શુભકારી જાણવા અને તેથી વિપરીત હોય તો દુઃખદાયી સમજવા.

शशाङ्केनोदयो वाय्वोः सूर्येणास्तं शुभावहम् ॥
उदये रविणा त्वस्य, शशिनास्तं शुभावहम् ॥ ४ ॥

વાયુતત્ત્વમાં ચંદ્રનાડી વહે ને સૂર્યોદય અને સૂર્યનાડી વહે ને સૂર્યાસ્ત થાય; તેમજ સૂર્યનાડી વહે ને સૂર્યોદય અને ચંદ્રનાડી વહે ને સૂર્યાસ્ત થાય તો સુખકારી સમજવું.

કેટલાએક શાસ્ત્રકારોએ તો વારનો પણ અનુક્રમ બાંધેલો છે. તે આવી રીતે:—રવિ, મંગળ, ગુરુ અને શનિ એ ચાર સૂર્યનાડીના વાર અને સોમ, બુધ અને શુક્ર એ ત્રણ ચંદ્રનાડીના વાર સમજવા.

કેટલાક શાસ્ત્રકારોએ સંક્રાંતિનો પણ અનુક્રમ બાંધેલો છે. મેષ સંક્રાંતિ સૂર્યનાડીની અને વૃષ સંક્રાંતિ ચંદ્રનાડીની, એમ અનુક્રમથી બારે સંક્રાંતિ સાથે સૂર્ય અને ચંદ્ર-નાડીની ગણના કરવી.

JAINSITE.com जैनम् जयति शासनम्

सार्द्धघटीद्वयं, नाडिरेकैकार्कोदयाद्वहेत् ॥
अरघट्टघटीभ्रान्तिन्यायो नाड्योः पुनः पुनः ॥ ५ ॥

સૂર્યોદય વખતે જે નાડી વહેતી હોય તે અઢી ઘડી પછી બદલાઈ જાય છે. ચંદ્રથી સૂર્ય અને સૂર્યથી ચંદ્ર, એમ કુવાના રેંટની જેમ આખો દિવસ નાડી ફર્યા કરે છે.

षट्त्रिंशद्गुरुवर्णानां या वेला भणने भवेत् ॥
सा वेला मरुतो नाड्या नाड्यो सञ्चरतो लगेत् ॥ ६ ॥

છત્રીસ ગુરુ અક્ષર ઉચ્ચાર કરતાં જેટલો વખત લાગે છે તેટલો વખત એક નાડીથી બીજી નાડીમાં વાયુને જતાં લાગે છે.

## પાંચ તત્ત્વની સમજ

ऊर्ध्वं वह्निरधस्तोयं, तिरश्चीनः समीरणः ॥
भूमिर्मध्यपुटे व्योम, सर्वगं वहते पुनः ॥ ७ ॥

ઊંચો પવન ચડે ત્યારે અગ્નિતત્ત્વ, નીચો પવન ઊતરે ત્યારે જળતત્ત્વ, તિર્છો પવન

વહે ત્યારે વાયુતત્ત્વ, નાશિકાનાં બે પડમાં પવન વહે ત્યારે પૃથ્વીતત્ત્વ અને સર્વ દિશાએ જ્યારે પવન ફેલાઇ જાય ત્યારે આકાશ તત્ત્વ સમજવું.

## તત્ત્વોનો અનુક્રમ

वायोर्वह्नेरपां पृथ्व्या–व्योम्नस्तत्त्वं वहेत् क्रमात् ॥
वहन्त्योरुभयोर्नाड्यो र्ज्ञातव्योऽयं क्रमः सदा ॥ ८ ॥

સૂર્યનાડી અને ચંદ્રનાડીમાં વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી અને આકાશ એ અનુક્રમથી તત્ત્વો નિરંતર વહે છે.

## તત્ત્વોનો કાળ

पृथ्व्याः पलानि पञ्चाशच्चत्वारिंशत्तथाऽम्भसः ॥
अग्नेस्त्रिंशत्पुनर्वायोर्विंशतिर्नभसो दशः ॥ ९ ॥

પૃથ્વીતત્ત્વ પચાસ પળ, જળતત્ત્વ ચાલીસ પળ, અગ્નિતત્ત્વ ત્રીસ પળ, વાયુતત્ત્વ વીસ પળ, આકાશતત્ત્વ દશ પળ એમ તત્ત્વો અદલબદલ થયા કરે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## તત્ત્વમાં કરવાનાં કાર્યો.

तत्त्वाभ्यां भूजलाभ्यां स्याच्छान्ते कार्ये फलोन्नतिः ॥
दीप्तास्थिरादिके कृत्ये तेजो वाय्वम्बरैः शुभम् ॥ १० ॥

પૃથ્વી અને જળતત્ત્વમાં શાંતિ કાર્યો કરતાં ફળની પ્રાપ્તિ થાય છે, અને અગ્નિ વાયુ ને આકાશતત્ત્વમાં તીવ્ર–તેજસ્વી, અસ્થિર અને સ્થિર કાર્ય કરવાં સારાં છે.

## તત્ત્વોનું ફળ.

जीवितव्ये जये लाभे सस्योत्पत्तौ च वर्षणे ॥
पुत्रार्थे युद्धप्रश्ने च गमनागमने तथा ॥ ११ ॥
पृथ्व्यप्तत्त्वे शुभे स्यातां वह्निवातौ च नो शुभौ ॥
अर्थसिद्धिस्थिरोर्व्यां तु शीघ्रमम्भसि निर्दिशेत् ॥ १२ ॥

જીવિતવ્ય, જય, લાભ, વર્ષા, ધાન્યની ઉત્પત્તિ, પુત્રપ્રાપ્તિ, યુદ્ધ, ગમન, આગમન વિગેરેના પ્રશ્ન વખતે જો પૃથ્વી કે જળતત્ત્વ હોય તો શ્રેયકારી અને જો વાયુ, અગ્નિ આકાશતત્ત્વ હોય તો અશુભ સમજવાં. વળી અર્થસિદ્ધિ કે સ્થિર કાર્યમાં પૃથ્વીતત્ત્વ અને શીઘ્ર કાર્યમાં જળતત્ત્વ શ્રેયકારી સમજવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચંદ્રનાડી વહેતે કરવા યોગ્ય કાર્યો.

पूजाद्रव्यार्जनोद्वाहे दुर्गादिसरिदागमे ॥
गमागमे जीविते च, गृहे क्षेत्रादिसंग्रहे ॥ १३ ॥
क्रयविक्रयणे वृष्टौ, सेवाकृषीद्विषज्जये ॥
विद्यापट्टाभिषेकादौ, शुभेऽर्थे च शुभः शशी ॥ १४ ॥

દેવપૂજન, દ્રવ્યોપાર્જન-વ્યાપાર, લગ્ન, રાજ્યકિલ્લા લેવા, નદી ઉતરવી, જવા આવવાના પ્રશ્ન, જીવિતના પ્રશ્ન, ઘર ક્ષેત્ર લેવાં, બાંધવાં, કોઇ વસ્તુ લેવા વેચવાનાં પ્રશ્ન, વર્ષા આવવાનાં પ્રશ્ન, નોકરી, ખેતીવાડી, શત્રુનો જય કરવો, વિદ્યાભ્યાસ, પટ્ટાભિષેક-પદપ્રાપ્તિ એવાં શુભ કાર્યો વખતે ચંદ્રનાડી વહેતી હોય તો લાભકારી સમજવી.

प्रश्ने प्रारम्भणे चापि कार्याणां वामनासिका ॥
पूर्णा वायोः प्रवेशश्चेत्तदा सिद्धिरसंशयम् ॥ १५ ॥

કોઇપણ કાર્યનો પ્રારંભ કરતાં કે પ્રશ્ન કરતાં જો પોતાની ચંદ્રનાડી વહેતી હોય કે નાસિકામાં પવન પ્રવેશ કરતો હોય તો તે કાર્યની તત્કાળ નિઃસંશય સિદ્ધિજ સમજવી.

## સૂર્યનાડી વહેતે કરવાં યોગ્ય કાર્યો.

बद्धानां रोगितानां च, प्रभ्रष्टानां निजात्पदात् ॥
प्रश्ने युद्धविधौ वैरिसङ्गमे सहसा भये ॥ १६ ॥
स्नाने पानेऽशने नष्टान्वेषपुत्रार्थमैथुने ॥
विवादे दारूणेर्थे च, सूर्यनाडी प्रशस्यते ॥ १७ ॥

કેદમાં પડવાનાં, રોગીનાં, પોતાનાં પદ ખોવામાં, ભ્રષ્ટ-થવામાં, યુદ્ધ કરવામાં, શત્રુને મળવામાં, અકસ્માત્ ભયમાં, સ્નાન કરવામાં, પાણી પીવામાં, ભોજન કરવામાં, ગઇ વસ્તુ ખોળવામાં, પુત્રને વાસ્તે મૈથુન કરવામાં, વિવાદ કરવામાં, કષ્ટ પામવામાં એટલાં ઠામે સૂર્યનાડી સારી સમજવી.

કેટલાક આચાર્યો એમ પણ કહે છે કે :-

विद्यारम्भे च दीक्षायां, शस्त्राभ्यासविवादयोः ॥
राजदर्शनगीतादौ, मन्त्रयन्त्रादि साधने ॥ १८ ॥ (सूर्यनाडी शुभा)

વિદ્યારંભ, દીક્ષા, શસ્ત્રાભ્યાસ, વિવાદ, રાજદર્શન, ગાયનારંભ, મંત્ર, યંત્રાદિ સાધનમાં સૂર્યનાડી શુભ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સૂર્ય ચંદ્રનાડીમાં વિશેષ કરવા યોગ્ય કાર્યો.

दक्षिणे यदि वा वामे, यत्र वायु निरन्तरम् ॥
तं पादमग्रतः कृत्वा, निःसरेन्निजमन्दिरात् ॥ १९ ॥

ડાબી નાશિકાના પવન ચાલતા હાય તા ડાબો પગ, અને જમણી નાસિકાને પવન ચાલતા હાય તા જમણો પગ પ્રથમ ઉપાડી પોતાના ઘરથી નીકલે.

अधमर्णारिचौराद्या विग्रहोत्पातिनोऽपि च ॥
शून्याङ्गे स्वस्य कर्त्तव्याः सुखलाभजयार्थिभिः ॥ २० ॥

દેવાદાર, શત્રુ–ચોર વિગેરે અને લડાઈ કરનારને શૂન્યાંગ (ડાબા) કરવાથી પોતા સુખ, લાભ અને જયની પ્રાપ્તિ થાય છે.

स्वजनस्वामिगुर्वाद्या ये चान्ये हितचिन्तकाः ॥
जीवाङ्गे ते ध्रुवं कार्या, कार्यसिद्धिमभीप्सुभिः ॥ २१ ॥

સ્વજન, સ્વામી, ગુરુ, માતા, પિતા પ્રમુખ જે આપણા હિતચિંતક હોય તેમ કાર્યસિદ્ધિના ઇચ્છુકે જમણી તરફ રાખવા જોઇએ.

प्रविशत्पवनापूर्णनासिकापक्षमाश्रितम् ॥
पादं शय्योत्थितो दद्यात्प्रथमं पृथिवीतले ॥ २२ ॥

શુકલપક્ષ હોય કે કૃષ્ણપક્ષ હોય પણ દક્ષિણ કે વામ (જમણી કે ડાબી) નાસિકા પવનથી ભરાઇ પૂર્ણ થતી હોય, તે જ પગ ધરતી ઉપર પહેલાં મૂકી શય્યાથી ઉઠવું.

ઉપર બતાવેલી રીતિ પ્રમાણે નિદ્રા તજીને શ્રાવક અત્યંત બહુમાનથી પરમમંગળકા નવકાર મંત્ર મનમાં સ્મરણ કરે. કહ્યું છે કેઃ—

परमिट्ठिचिंतणं माणसंमि, सिज्जागएण कायव्वं ।
सुत्ता विणयपवित्ती, निवारिया होइ एवं तु ॥

શય્યામાં રહ્યા રહ્યા નવકાર મંત્ર ગણવો હોય તો, સૂત્રનો અવિનય નિવારવાને મ મનમાંજ ચિંતવનરૂપે ગણવો.

કેટલાક આચાર્ય તો એમ કહે છે કે, કોઇપણ એવી અવસ્થા નથી કે જેમાં નવક મંત્ર ગણવાનો અધિકાર ન હોય, માટે (એમ માનીને) જ્યારે ત્યારે વગર અચકા નવકારનો પાઠ કરવો શ્રેયકારી છે. (આવા બે મત પહેલા પંચાશકની વૃત્તિમાં લખેલા છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

શ્રાદ્ધદિનકૃત્યમાં તો એમ કહ્યું છે કે:—

सिज्जाट्ठाणं पमत्तुणं चिट्ठिज्जा धरणियले ।
भावबंधु जगन्नाहं नमुक्कारं तओ पढे ॥

શય્યાસ્થાનકને મૂકી દઇ ભૂમિ પર બેસીને પછી ભાવધર્મબંધુ, જગન્નાથ, નવકાર મંત્ર ભણવો.

યતિદિનચર્યામાં વળી એમ લખેલું છે કે:—

जामिणिपच्छिमजामे, सव्वे जग्गंति बालवुड्ढाई ।
परमिट्ठिपरममंतं, भणंति सत्तट्ठ वाराओ ॥

રાત્રિના પાછલા પહોરે બાળ, વૃદ્ધ વિગેરે સર્વ લોકો જાગે છે ત્યારે પરમેષ્ઠી પરમ-મંત્રને સાત આઠ વાર ભણે ( ગણે ).

## નવકાર ગણવાની રીતિ.

મનમાં નવકાર મંત્રને યાદ કરતો ઊઠીને ( પલંગ ) વિગેરેથી નીચે ઉતરી, પવિત્ર ભૂમિએ ઊભો રહીને કે પદ્માસન વિગેરે આસને અથવા જેમ સુખે બેસી શકાય એવા સુખાસને બેસીને પૂર્વ અગર ઉત્તર દિશાએ જિનપ્રતિમા કે સ્થાપનાચાર્યની સન્મુખ મનની એકાગ્રતા નિમિત્તે કમળબંધે અને કરજાપ આદિથી નવકાર ગણવો.

## કમળબંધ ગણવાની રીત.

આઠ પાંખડીવાળાં કમળની કલ્પના હૃદય ઉપર કરે, તેમાં વચલી કર્ણિકા ઉપર "નમો અરિહંતાણં" પદ સ્થાપન કરે, પૂર્વાદિ ચાર દિશામાં "નમો સિદ્ધાણં, નમો આયરિઆણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં" એ પદ સ્થાપે અને ચાર ચૂલિકાનાં પદો ( એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં ) ચાર કોણ ( વિદિશા ) માં સ્થાપીને ગણે એવી રીતે ગણવાથી કમળબંધ જાપ કર્યો કહેવાય છે.

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના અષ્ટમ પ્રકાશમાં પણ ઉપર પ્રમાણેજ બતાવી એટલું વિશેષ કહેલું છે કે:—

त्रिशुद्धया चिन्तयन्नस्य शतमष्टोत्तरं मुनिः ।
भुञ्जानोऽपि लभेतैव चतुर्थतपसः फलम् ॥

મન, વચન, કાયાની એકાગ્રતાથી જે મુનિ એ નવકારનો એક સો આઠ વાર જાપ કરે તે ભોજન કરતાં છતાં પણ ઉપવાસ તપનું ફળ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"नंदावर्त्त" "शंखावर्त्त" आदिथी वांछित सिद्धि विगेरे घणा लाभ आपनारे छे कह्युं छे केः—

करआवत्ते जो पंचमंगलं, साहूपडिम संखाए ।
नववारा आवत्तइ, छलंति तं नो पिसायाई ॥

कर आवर्त्ते (आंगुलीथी) नवकारने बारनी संख्याथी नव वार गणे तेने पिशाचादिक छळी शके नहीं.

शंखावर्त्त, नंदावर्त्त, विपरीताक्षर, विपरीत पद, अने विपरीत नवकार लक्ष वा गणे तो बंधन, शत्रुभय प्रमुख कष्ट सत्वर जाय छे.

जेनाथी करजाप न थई शके तेणे सूतर, रत्न, रुद्राक्ष, विगेरेनी जपमाळा पोतान हृदय पासे समश्रेणीये राखी शरीरने के पहेरेलां वस्त्रने स्पर्शे नहि ते रीते तेमज मेरुने नहीं उल्लंघन करतां जपवाथी महालाभ थाय छे. कह्युं छे केः—

अङ्गुल्यग्रेण यज्जप्तम्, यज्जप्तं मेरुलङ्घने ।
व्यग्रचित्तेन यज्जप्तम्, तत्प्रायोऽल्पफलं भवेत् ॥ १ ॥

आंगळीना अग्रभागथी, मेरु उल्लंघन करवाथी, अने व्यग्रचित्तथी करायेलो जा प्राये अल्प फल आपनार होय छे.

सङ्कुलाद्विजने भव्यः, सशब्दात्मौनवान् शुभः ।
मौनजान्मानसः श्रेष्ठो, जापः श्लाघ्यपरः परः ॥ २ ॥

घणां माणस वच्चे बेसी जाप करवा करतां एकांते करवो श्रेयकारी छे. बोलतां जा करवा करतां मौन जाप करवो श्रेयस्कर छे मौन जाप करतां मानसिक जाप श्रेयस्कर एम एक एकथी अधिक फळदायी छे.

जापश्रान्तो विशेद्ध्यानम्, ध्यानश्रान्तो विशेज्जपम् ।
द्वाभ्यां श्रान्तः पठेत्स्तोत्र—मित्येवं गुरुभिः स्मृतम् ॥ ३ ॥

जाप करतां थाके तो ध्यान करे, ध्यान करतां थाके तो जाप करे, अने बन्नेथी थ तो स्तोत्र गणे एम गुरुए कहेलुं छे.

श्रीपादलिप्तसूरि महाराजे करेली प्रतिष्ठापद्धतिमां कह्युं छे केः—

जाप त्रण प्रकारना छे. १ मानसजाप, २ उपांसुजाप, ३ भाष्यजाप. मानसजा एटले मौनपणे पोताना मनमां ज विचारणारूप जाप, उपांसु जाप एटले बीजो को सांभळी न शके पण अंतर्जल्परूप (अंदरथी बोलतो होय एवो) जाप अने भाष्यजा

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

એટલે બીજા બધા સાંભળી શકે એવો જાપ. આ ત્રણ પ્રકારના જાપમાં ભાષ્યથી ઊપાંસુ અધિક અને ઊપાંસુથી માનસ અધિક છે. એવીજ રીતે તે શાંતિક, પુષ્ટિક, આકર્ષણાદિક કાર્યોની સિદ્ધિ કરાવે છે. માનસજાપ ઘણા પ્રયાસથી સાધી શકાય એવો છે, અને ભાષ્યજાપ સંપૂર્ણ ફળ આપી શકતો નથી માટે ઊપાંસુ જાપ સહેલાઇથી બની શકે એવો હોવાને લીધે તે કરવામાં ઉદ્યમ કરવો શ્રેયકારી છે.

નવકારની પાંચ પદની કે નવપદની અનુપૂર્વી ચિત્તની એકાગ્રતા રાખવા માટે સાધનભૂત હોવાથી ગણવી કહેલી છે. યોગપ્રકાશના આઠમા પ્રકાશમાં કહેલું છે કેઃ—

गुरुपञ्चकनामोत्था, विद्या स्यात् षोडशाक्षरा ॥
जपन् शतद्वयं तस्या-श्चतुर्थस्याप्नुयात्फलम् ॥ १ ॥

"અરિહંત, સિદ્ધ, આયરિય, ઉવજ્ઝાય, સાહુ," એ સોળ અક્ષરની વિદ્યા બસેંવાર જપે તો એક ઉપવાસનું ફળ પામે છે.

शतानि त्रीणि षड्वर्णं, चत्वारि चतुरक्षरम् ॥
पञ्चाऽवर्णंजपन् योगी, चतुर्थफलमश्नुते ॥ २ ॥

"અરિહંત, સિદ્ધ" એ છ અક્ષરનો મંત્ર ત્રણસેંવાર અને "અરિહંત" એ ચાર અક્ષરનો મંત્ર ચારસેં વાર અને 'અવર્ણ' એટલે કેવલ ( અરિહંતમાં રહેલો પ્રથમવર્ણ ) 'અ' ને પાંચસો વાર ગણનારો યોગી એક ઉપવાસનું ફળ પામે છે.

प्रवृत्तिहेतुरेवैत-दमीषां कथितं फलम् ॥
फलं स्वर्गापवर्गौ, तु वदन्ति परमार्थतः ॥ ३ ॥

આ બધા જાપનું આ ફલ પ્રવૃત્તિ થાય તે હેતુએજ કહેવાયું છે. ખરી રીતે તો તેનું ફલ સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્તિ છે.

## પાંચ અક્ષરનો મંત્ર ગણવાનો વિધિ.

नाभिपद्मे स्थितं ध्यायेदकारं विश्वतोमुखम् ॥
सिवर्णं मस्तकाम्भोजे, आकारं वदनाम्बुजे ॥ ४ ॥

उकारं हृदयाम्भोजे, साकारं कण्ठपञ्जरे ॥
सर्वकल्याणकारीणि, बीजान्यन्यानपि स्मरेत् ॥ ५ ॥

નાભિકમલમાં સ્થાપેલા 'અ' કારને ધ્યાવો, મસ્તકરૂપ કમળમાં વિશ્વમાં મુખ્ય એવા 'સિ' અક્ષરને ધ્યાવો, અને મુખરૂપ કમળમાં 'આ' કારને ધ્યાવો.

जैन साईट JAINSITE.com जयतु शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હૃદયરૂપ કમળમાં 'ઉ' કાર ચિંતવવો અને કંઠ પિંજરમાં 'સા'કાર ચિંતવવો. સર્વ કલ્યાણકારી 'અસિઆઉસા' આવા બીજાક્ષર મંત્ર તથા બીજા 'સર્વસિદ્ધેભ્યઃ' એવા પણ મંત્રાક્ષર સ્મરણ કરવા.

मन्त्रः प्रणवपूर्वोऽयं, फलमैहिकमिच्छुभिः ॥
ध्येयः प्रणवहीनस्तु, निर्वाणपदकाङ्क्षिभिः ॥ ६ ॥

આ લોકના ફળની વાંછા રાખનાર સાધક પુરુષે નવકાર મંત્રની આદિમાં ૐ અક્ષર ઉચ્ચાર કરવો અને મોક્ષપદની આકાંક્ષા રાખનારે ૐકાર રહિત જાપ કરવો.

एवं च मन्त्रविद्यानां, वर्णेषु च पदेषु च ॥
विश्लेषः क्रमशः कुर्याल्लक्ष्यभावोपपत्तये ॥ ७ ॥

એવી રીતે મંત્રવિદ્યાના વર્ણમાં અને પદમાં ક્રમથી વિશ્લેષ અરિહંતાદિકના ધ્યાનમાં લીન થવા માટે કરવો.

જાપાદિક કરવાથી મહાલાભની પ્રાપ્તિ થાય છે. કહેલુંજ છે કેઃ—

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ॥
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥ १ ॥

પૂજા કરતાં ક્રોડગણો લાભ સ્તોત્ર ગણવામાં, સ્તોત્રથી ક્રોડગણો લાભ જાપ કરવામાં, જાપથી ક્રોડગણો લાભ ધ્યાનમાં અને ધ્યાનથી ક્રોડગણો વધારે લાભ લય [ લીન થવા ]માં છે.

ધ્યાનની સિદ્ધિ માટે જ્યાં જિનેશ્વર ભગવાનનાં જન્મકલ્યાણક થયા હોય તે રૂપ તીર્થસ્થાન તથા હરકોઇ સ્થાન કે જ્યાં ધ્યાન સ્થિર થાય એવા એકાંત સ્થાનકે જઇ ધ્યાન કરવું.

ધ્યાનશતકમાં કહેલું છે કેઃ—" ધ્યાનના સમયે સાધુપુરુષે નિશ્ચયથી ખરેખર સ્ત્રી, પશુ, નપુંસક, કુશીલ ( વેશ્યા, રંડા, નટ, વિટ, લંપટ )વર્જિત એકાંત સ્થાનને આશ્રય લેવો. જેણે યોગ સ્થિર કીધા છે એવા નિશ્ચળ મનવાળા મુનિએ જનાકીર્ણ હોય એવાં ગામ, અટવી, [ રણ ] વન અને શૂન્ય સ્થાનક જે ધ્યાન કરવાં યોગ્ય હોય તેનો આશ્રય લેવો. જ્યાં પોતાના મનની સ્થિરતા થતી હોય, યોગ* સ્થિર રહેતા હોય, વળી જ્યાં ઘણા જીવોનો ઘાત થતો ન હોય એવા સ્થાને રહીને ધ્યાન કરવું. ધ્યાન કરવાનો વખત પણ એજ છે કે, જે વખતે પોતાનો યોગ સ્થિર રહે, બાકી ધ્યાન કરનારને મનની સ્થિરતા રાખવા માટે રાત્રિદિવસનો કાંઇ કાળ

* યોગ–મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણ પ્રકારે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિયમ નથી. શરીરની જે અવસ્થાએ જિનેશ્વર ભગવાનનું ધ્યાન કરી શકાય એમ હોય તે અવસ્થામાં ધ્યાન કરવું. સૂતાં, બેઠાં કે ઊભાનો કાંઇ ખરેખરો નિયમ નથી. દેશ, કાળની ચેષ્ટાથી સર્વે અવસ્થાએ મુનિઓ ઉત્તમ કેવળજ્ઞાનાદિકનો લાભ કરી પાપ રહિત થયા, માટે ધ્યાન કરવામાં દેશકાળનો કાંઇ ખરેખર નિયમ નથી. જ્યાં જે સમયે ત્રિકરણ યોગ સ્થિર હોય ત્યાં તે વખતે ધ્યાનમાં વર્ત્તવું શ્રેયસ્કર છે. ”

## નવકારનો મહિમા અને ફળ.

નવકાર મંત્ર આ લોક અને પરલોક એમ બન્ને લોકમાં અત્યંત ઉપકારી છે. મહાનિશીથ સૂત્રમાં કહેલું છે કે:—

नासेइ चोर-सावय-विसहर-जल-जलण-बंधण-भयाइं ।
चिंतिज्जंतो रक्खस-रण-राय-भयाइं भावेण ॥ १ ॥

ભાવથી નવકાર ગણતાં ચોર, સિંહ, સર્પ, પાણી, અગ્નિ, બંધન, રાક્ષસ, સંગ્રામ, રાજ ભય વિગેરે ભયો જતાં રહે છે.

બીજા ગ્રંથોમાં પણ કહેલું છે કે:—“ પુત્રાદિકના જન્મવખતે પણ નવકાર ગણવો કે જેથી તે નવકારના ફળથી ઋદ્ધિવંત થાય, અને મરણવખતે પણ નવકાર સંભળાવવો કે જેથી મરનાર જરૂર સદ્‌ગતિ જાય છે. આપદા વખતે પણ નવકાર ગણવો કે જેથી સેંકડો આપદાઓ જતી રહે છે. ધનવંતે પણ નવકાર ગણવો કે જેથી તેની ઋદ્ધિ વિસ્તાર પામે. નવકારનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ દૂર કરે છે, નવકારના એક પદથી પચાસ સાગરોપમમાં કરેલાં પાપનો ક્ષય થાય છે અને આખો નવકાર ગણવાથી પાંચસો સાગરોપમનું પાપ નાશ પામે છે. વિધિપૂર્વક જિનેશ્વર ભગવંતની પૂજા કરીને જે ભવ્ય જીવ એક લાખ નવકાર ગણે તો તે પ્રાણી વગર શંકાએ તીર્થંકરનામગોત્રબાંધે છે, આઠ ક્રોડ આઠ લાખ આઠ હજાર આઠસેં આઠ ( ८०८०८८०८ ) નવકાર ગણે તે પ્રાણી ખરેખર ત્રીજે ભવે મોક્ષપદને પામે છે. ”

## નવકારથી થતા આ લોકના ફળ ઉપર શિવકુમારનું દૃષ્ટાંત.

જુગાર આદિ વ્યસનમાં આસક્ત થયેલા શિવકુમારને તેના પિતાએ પોતાના મૃત્યુસમયે શિખામણ દીધી કે—“ કષ્ટ પડે ત્યારે નવકાર ગણજે. ” પછી પિતાના મરણ પામ્યા બાદ તે પોતાના દુર્વ્યસનથી નિર્ધન થયેલો ધનાર્થી કોઇક દુષ્ટ પરિણામવાળા યોગીના કહેવાથી તેનો ઉત્તરસાધક બનીને કાળી ચઉદશની રાત્રે તેની સાથે સ્મશાનમાં આવી, હાથમાં ખડ્ગ લઇ ત્યાં તે યોગીએ તૈયાર રાખેલા મડદાના પગને મસળતો હતો; તે વખતે પોતાના મનમાં ભય લાગતાં તે નવકારનું સ્મરણ કરવા લાગ્યો. બે ત્રણ વાર તે

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ ઊભું થઇ તેને મારવા આવ્યું પણ નવકાર મંત્રના પ્રભાવથી તેને મારી શક્યું નહીં છેવટે ત્રીજી વારે તે શબે પેલા યોગીનો જ વધ કર્યો કે જેથી તે યોગી જ સુવર્ણ પુરુષ બની ગયો, તેથી તેણે ઘણી રિદ્ધિ મેળવી. તેવડે તેણે જિનચૈત્યાદિ ઘણાં ધર્મકૃત્ય કર્યાં

## નવકારથી થતા પરલોકના ફળ ઉપર વડની સમળીનું દૃષ્ટાંત.

ભરૂચની પાસે આવેલા વનમાં વડના ઝાડ ઉપર બેઠેલી કોઇક સમળીને પારધીએ બાણથી વીંધી નાંખી હતી. તેને પાસે રહેલા કોઇક સાધુએ નવકાર સંભળાવ્યો તેથી તે મરણ પામ્યા પછી સિંહલ દેશના રાજાની માનવંતી પુત્રીપણે ઉત્પન્ન થઇ. તે તરુણ અવસ્થા પામી તે વખતે એકદા તેને છીંક આવતાં પાસે રહેલા કોઈકે "નમો અરિહંતાણં" એવો ઉચ્ચાર કર્યો, જેથી તે રાજકુમારીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેણીએ પોતાના પિતાને કહી પાંચસો વહાણ માલના ભરીને આવી ભરૂચ નગરીની પાસે આવેલા વનમાં, તેજ વડના ઝાડ આગળ ( જ્યાં પોતે મરણ પામી હતી ત્યાંજ ) "સમળીવિહાર ઉદ્ધાર" એવા નામનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું મોટું દેવાલય કરાવ્યું. એમ જે પ્રાણી મરણ પામતી વખતે પણ નવકારનું સ્મરણ કરે છે તેને પરલોકમાં પણ સુખની ને ધર્મની પ્રાપ્તિ થાય છે.

તે માટે સૂતાં ઊઠીને તત્કાળ નવકાર મંત્રનું ધ્યાન કરવું શ્રેયસ્કર છે. વળી ધર્મ જાગરિકા કરવી ( પાછલી રાત્રે વિચાર કરવો ) તે પણ મહાલાભકારક છે. કહેલું છે કે:—

> कोहं का मम जाई, किं च कुलं देवया च के गुरुणो।
> को मह धम्मो के वा अभिग्गहा का अवत्था मे ॥ १ ॥
> किं मे कडं किच्चं मे किच्चं च किं सेसं, किं सक्कणिज्जं न समायरामि ।
> किं मे परो पासइ किं च अप्पा, किं वाहं खलिअं न विवज्जयामि ॥ २ ॥

હું કોણ છું, મારી કઇ જાત છે? મારું કયું કુળ છે? મારે દેવ કોણ છે? ગુરુ કોણ છે? મારો ધર્મ કયો છે? મારો અભિગ્રહ કયો? મારી અવસ્થા શું છે? શું મેં મારું કર્ત્તવ્ય કર્યું કે નહી? કાંઇ ન કરવા યોગ્ય કર્યું કે શું? મારે કાંઇ કર્ત્તવ્ય કરવાનું બાકી રહ્યું છે કે શું? કરવાની શક્તિ છતાં પ્રમાદથી હું કરતો નથી શું? અન્ય જન મારું સારું કે ખરાબ શું જુવે છે? અને હું પોતાનું સારું ખરાબ શું જોઉં છું? મારામાં રહેલો હું કયો દોષ છોડતો નથી?

એમજ આજે કયી તિથી છે અથવા અરિહંત ભગવંતના કલ્યાણકોમાં કયું કલ્યાણક છે? અથવા આજે મારે શું શું કરવું જોઇએ ઈત્યાદિ વિચાર કરે.

આ ધર્મજાગરિકામાં ભાવથી પોતાનું કુલ, ધર્મ, વ્રત ઈત્યાદિકનું ચિંતવન દ્રવ્યથી સદ્ગુરુ આદિનું ચિંતવન, ક્ષેત્રથી હું કયા દેશમાં? પુરમાં? ગામમાં? અથવા સ્થાનમાં છું? કાલથી હમણાં પ્રભાત કે રાત્રિ બાકી છે? ઈત્યાદિ વિચાર કરવો. પ્રસ્તુત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાથાના 'सकुलधम्मनियमाइ' એ પદમાં આદિ શબ્દ છે તેથી ઉપર કહેલ વિચારનો અહિં સંગ્રહ કર્યો છે.

એવી ધર્મજાગરિકા કરવાથી પોતાનો જીવ સાવધાન થાય છે. પોતાનાં કરેલાં પાપ, દોષ યાદ આવવાથી તેને તજવાની તથા પોતે ગ્રહણ કરેલા નિયમને પાલન કરવાની અને નવા ગુણ તથા ધર્મને ઉપાર્જન કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, એમ કરતાં મહાલાભની પ્રાપ્તિ થાય છે. સંભળાય છે કે, આનંદ, કામદેવાદિક શ્રાવકો પણ પાછલી રાત્રે ધર્મ-જાગરિકા કરતાં પ્રતિબોધ પામીને શ્રાવકની પડિમા વહેવાની વિચારણા કરવાથી તેના લાભને પણ પામ્યા માટે "ધર્મજાગરિકા" જરૂર કરવી. ધર્મ જાગરિકા કર્યા પછી જો પડિક્કમણું કરતો હોય તો તે કરે; પડિક્કમણું ન કરતો હોય તેણે પણ "રાગ" એટલે મોહ, માયા અને લોભથી ઉત્પન્ન થયેલા તે "કુસ્વપ્ન" અને "દ્વેષ" એટલે ક્રોધ, માન, ઇર્ષ્યા અને વિષાદથી ઉત્પન્ન થયેલ તે "દુસ્વપ્ન" તથા ખરાબ ફળનું સૂચક સ્વપ્ન એ ત્રણમાં પહેલાના પરિહાર માટે એકસો આઠ શ્વાસોશ્વાસનો અને બાકીના બેના પરિહાર માટે સો શ્વાસો-શ્વાસનો કાઉસ્સગ્ગ કરવો. વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે,-પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તા-દાન, અને પરિગ્રહ આ સંબંધી સ્વપ્ન આવ્યું હોય તો સંપૂર્ણ સો શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવો. તેમજ જો સ્વપ્નમાં મૈથુન સેવ્યું હોય તો એક સો આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવો.

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## કાયોત્સર્ગ કરવાની રીતિ.

"ચંદેસુ નિમ્મલયરા" સુધી એક લોગસ્સના પચીસ શ્વાસોશ્વાસ ગણાય છે. એવા ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરવાથી એક સો શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ કર્યો ગણાય છે. એક સો આઠ શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ કરવો હોય તો લોગસ્સ ચાર વાર 'સાગરવરગંભીરા' સુધી ગણવો જોઇએ."

અથવા દસવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં કહેલાં પાંચ મહાવ્રત ચિંતવવાં અથવા હરકોઇ પણ સજ્ઝાય કરવા યોગ્ય પચીશ શ્લોકનું ધ્યાન કરવું એ પ્રમાણે વ્યવહાર ભાષ્યની વૃત્તિમાં લખેલું છે. પહેલા પંચાશકની વૃત્તિમાં તો એમ લખેલું છે કે—કદાચિત મોહના ઉદયથી સ્ત્રી સેવવારૂપ કુસ્વપ્ન આવ્યું હોય તો તત્કાળ ઊઠીને ઇર્યાવહી પડિક્કમી-ને એક સો આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કર્યા પછી અને રાત્રિ પ્રતિક્રમણની વેલા થાય ત્યાં સુધી ઘણી નિદ્રા વિગેરે પ્રમાદ થાય તો ફરીવાર કાઉસગ્ગ કરવો. કદાપિ દિવસે સૂતાં જો કુસ્વપ્ન થયું હોય તો પણ કાયોત્સર્ગ કરવો. પણ તે જ વખતે કરવો કે સંધ્યાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિક્રમણ વખતે કરવો તેનો નિર્ણય કોઈ ગ્રંથમાં ન દેખવાથી (લખ્યો નથી) તેથી બહુશ્રુતો પાસે જાણવા યોગ્ય છે.

વિવેકવિલાસમાં તો વળી સ્વપ્નવિચાર વિષે એમ લખેલું છે કે:—

"સારું સ્વપ્ન દેખવામાં આવ્યા પછી સૂવું નહીં ને દિવસ ઊગ્યા પછી ઉત્ત ગુરુની પાસે જઈને સ્વપ્ન કહેવું; અને નઠારું સ્વપ્ન દેખીને પાછું તરત સૂઈ જવું ને કોઇને પણ કહેવું નહીં. સમધાતુ (વાયુ, પિત્ત, કફ એ ત્રણે જેને બરોબર) હો પ્રશાંત (શીતળ પરિણામી) હોય, ધર્મપ્રિય હોય, નીરોગી હોય, જિતેંદ્રિય હોય, એ પુરુષને સારાં કે નઠારાં સ્વપ્નો ફળ આપે છે. ૧ અનુભવેલું, ૨ સાંભળેલું, ૩ દીઠેલું, ૪ પ્રકૃતિ બદલાવાથી, ૫ સ્વભાવથી, ૬ ઘણી ચિંતાથી, ૭ દેવના પ્રભાવથી, ૮ ધર્મના મહિમાથ ૯ પાપની અધિકતાથી, એમ નવ પ્રકારનાં સ્વપ્ન આવે છે. આ નવ પ્રકારનાં સ્વપ્ન માંથી પહેલાંનાં છ પ્રકારનાં સ્વપ્નો શુભ હોય કે અશુભ હોય પણ તે બધાં નિરર્થ સમજવાં અને પાછળનાં ત્રણ પ્રકારનાં સ્વપ્નો ફળ આપે છે. રાત્રિના પહેલા પ્રહરે સ્વ જોયું હોય તો બાર માસે ફળ આપે; બીજે પ્રહરે જોયું હોય તો છ માસે ફળ આ ત્રીજે પ્રહરે જોયું હોય તો ત્રણ માસે ફળ આપે; અને ચોથે પ્રહરે જોયું હોય એક માસે ફળ આપે છે. પાછલી બે ઘડી રાત્રે સ્વપ્ન જોયું હોય તો બરેખર દશ દિવ માં ફળ આપે, અને સૂર્યોદય વખતે આવ્યું હોય તો તત્કાળ ફળ આપે. એકી સ ઘણાં સ્વપ્ન જોયાં હોય, દિવસે સ્વપ્ન જોયું હોય, ચિંતા અથવા વ્યાધિથી જોયું હ અને મળમૂત્રાદિકની પીડાથી ઉત્પન્ન થયું હોય તો તે સર્વ (સ્વપ્ન) નિરર્થક જાણ પહેલાં અશુભ દેખીને પછી શુભ અથવા પહેલાં શુભ અને પાછળથી અશુભ સ્વપ્ન દે તો તેમાં પાછળનું જ સ્વપ્ન ફળ આપે છે. અશુભ સ્વપ્ન દીઠું હોય તો શાંતિક કુ કરવાં." સ્વપ્નચિંતામણિ શાસ્ત્રમાં પણ એમ લખેલું છે કે:—'નઠારું સ્વપ્ન દેખ થોડી રાત્રિ હોય તો પણ પાછું સૂઇ જવું અને તે કોઈની પાસે કોઇપણ વખતે કહે નહીં, તેથી તે ફળતું નથી." સ્વપ્ન દીઠા પછી તરત જ ઊઠીને જિનેશ્વર ભગવાનનું ધ્ય કરે અથવા નવકાર ગણે તો તે સારું ફળ આપે. ભગવાનની પૂજા રચાવે, ગુરુભ કરે, શક્તિ પ્રમાણે નિરંતર ધર્મમાં તત્પર થઇને તપ કરે તો નઠારું સ્વપ્ન હોય તો સારું સ્વપ્ન થાય છે (અર્થાત્ તેનું શુભ સ્વપ્ન જેવું ફળ થાય છે.). દેવ, ગુરૂ, તી અને આચાર્યનું નામ દઇ સ્મરણ કરી જે નિરંતર સૂવે તે કોઈ દિવસે પણ નઠ સ્વપ્ન દેખે નહીં. પોતાને દાદર (Ringworm) વિગેરે થયું હોય તો થૂંક ઘસવું. શરીરના અવયવો દૃઢ થાય તે માટે બે હાથથી અંગમર્દન કરવું. પ્રાતઃકાળે પુરૂષ પોતા જમણો હાથ અને સ્ત્રી પોતાનો ડાબો હાથ પુણ્ય પ્રકાશક હોવાથી જુએ."

માતા, પિતા અને વૃદ્ધ ભાઇ પ્રમુખને જે નમસ્કાર કરે તેને તીર્થયાત્રાનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે, માટે દરરોજ વૃદ્ધવંદન કરવું. જેમનાથી વૃદ્ધ પુરુષોની સેવા કરતા નથી તેઓ ધર્મ, જેણે રાજાની સેવા કરી નથી તેનાથી સંપદા, અને ઘણા માણસોએ સત્કારેલી વેશ્યાની મિત્રતા રાખતા નથી તેમનાથી આનન્દ દૂર રહે છે.

પ્રતિક્રમણ કરનારને પચ્ચખ્ખાણ કર્યાં પહેલાં ચૌદ નિયમ ધારવાનાં હોય છે. તે ધારે તેમજ પ્રતિક્રમણ ન કરતો હોય તેણે પણ સૂર્યોદયથી પહેલાં ચૌદ નિયમ ગ્રહણ કરવા. શક્તિ પ્રમાણે નમુક્કાર સહિ આદિ ગંઠસહિ, એકાસણુ, બેયાસણુ પચખ્ખાણ કરવાં, ચૌદ નિયમ ધારેલા હોય તેણે દેસાવગાસીકનું પચખ્ખાણ કરવું. વિવેકી પુરુષે સદ્‌ગુરુની પાસે સમ્યક્ત્વમૂળ શ્રાવકના યથાશક્તિ બાર વ્રત અંગીકાર કરવાં. એ બારવ્રતને અંગીકાર કરવાથી સર્વ પ્રકારથી વિરતીપણું મળવાનો સંભવ રહે છે. વિરતીને મહા ફળની પ્રાપ્તિ થાય છે. અવિરતીને તો નિગોદીયા જીવોની પેઠે મન, વચન, કાયાના વ્યાપાર ન હોવા છતાં પણ બહુ કર્મબંધાદિ મહાદોષનો સંભવ થાય છે. કહ્યું છે કેઃ—"જે ભાવવાળા ભવ્ય પ્રાણીએ થોડી પણ વિરતી કરી છે તેને દેવતા પણ ચાહે છે, કેમકે તે વિરતી ( પચખ્ખાણ ) દેવતા પોતે કરી શકતા નથી. એકેંદ્રિય જીવો કવળાહાર નથી કરતા પણ વિરતી પરિણામના અભાવથી તેઓને ઉપવાસનું ફળ મળતું નથી. મન, વચન, કાયાથી પાપ કરતા નથી તો પણ અનંત કાળ સુધી એકેંદ્રિય જીવો એકેંદ્રિયપણે જે રહે છે તે પણ અવિરતીનુંજ ફળ છે. તિર્યંચો ( અશ્વાદિક ) કોરડા, આર, ભારવહન, વધ, બંધન વિગેરે સેંકડો દુઃખ પામે છે, તે જો પૂર્વ ભવમાં વિરતી કરી હોત તો પામતજ નહીં."

અવિરતી નામકર્મના ઉદયથી દેવતાઓની પેઠે ગુરૂ ઉપદેશાદિકનો યોગ છતાં પણ નવકારસી માત્રનું પચખાણ ન કીધું એવા શ્રેણિક રાજાએ ક્ષાયિક સમકિત હોવા છતાં અને વળી ભગવંત મહાવીરસ્વામીની વારંવાર વાણી સાંભળવા છતાં પણ કાગડા પ્રમુખના માંસ માત્રનું પચખ્ખાણ ન કીધું. પચખ્ખાણ કરવાથીજ અવિરતિને જીતાય છે. પચખ્ખાણ વળી અભ્યાસથી થાય છે. અભ્યાસથીજ સર્વ ક્રિયામાં કુશળપણું આવે છે. અનુભવસિદ્ધ છે કે, લેખનકળા, પઠનકળા, ગણિતકળા, ગીતકળા, નૃત્યકળા પ્રમુખ સર્વ કળાઓ અભ્યાસ વિના સિદ્ધ થતી નથી; માટે અભ્યાસ કરવો શ્રેયસ્કર છે. કહેલું છે કેઃ—

अभ्यासेन क्रियाः सर्वाअभ्यासात्सकलाः कलाः ॥
अभ्यासाद्ध्यानमौनादिः, किमभ्यासस्य दुष्करम् ? ॥ १ ॥

અભ્યાસથી સર્વ ક્રિયા, સર્વકળા અને ધ્યાન મૌનાદિક સિદ્ધ થાય છે. અભ્યાસને શું દુષ્કર છે ?

. નિરંતર વિરતી પરિણામનો અભ્યાસ રાખ્યો હોય તો પરલોકમાં પણ તે પાછળ આવે છે. કહેલ છે કેઃ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जं अब्भसेइ जीवो, गुणं च दोसं च एत्थ जम्मंमि ॥
तं पावइ परलोए, तेणय अब्भासजोएण ॥ १ ॥

ગુણ અથવા દોષનો જેવો અભ્યાસ જીવ આ ભવમાં કરે તે ગુણ અને દોષ અભ્યાસ ના લીધે પરભવમાં પણ આવે છે. આ સ્થળને વિષે શ્રાવકે અને શ્રાવિકાએ પોતાની ઇચ્છાથી પરિમાણ કેટલું રાખવું ? તેની સવિસ્તર વ્યાખ્યા કરવી જોઇએ જેથી સારી પેઠે જાણી, ઇચ્છા માફક પરિમાણ રાખી નિયમનો સ્વીકાર કરે તો તેનો ભંગ ન થાય, નિયમ તો વિચાર કરીને એવી રીતે જ લેવો કે, જે રીતે આપણે પાળી શકીએ, સર્વ નિયમોમાં [1]સહસાનાભોગાદિ ચાર આગાર છે એ ધ્યાનમાં રાખવા, માટે અનુપયોગથી અથવા સહસાગારાદિકથી નિયમમાં રાખેલી વસ્તુ નિયમથી વધારે લેવાય, તે પણ નિયમનો ભંગ થતો નથી, પણ અતિચાર માત્ર થાય છે. જાણી જોઇને નિયમ કરતા વધારે લેશ માત્ર પણ ગ્રહણ કરે તો નિયમનો ભંગ થાય છે. કોઇ સમયે પાપકર્મને વશે જાણતાં નિયમનો ભંગ થાય, તો પણ ધર્માર્થી જીવે આગળ નિયમ અવશ્ય પાળવો પાંચમ અને ચૌદશ ઇત્યાદિ પર્વતિથીએ જેણે ઉપવાસ કરવાનો નિયમ લીધો હોય, તેણે કોઇ સમયે તપસ્યાની તિથીએ બીજી તિથીની ભ્રાન્તિ વિગેરે થવાથી, જો સચિત્ત જલ પાન, તાંબૂલભક્ષણ, કાંઇક ભોજન વગેરે થાય, અને પછી તપસ્યાનો દિવસ જણાય, તે મુખમાં કોળીયો હોય તે ગળી જવો નહિ પણ તે કાઢી નાંખીને પ્રાસુક જળથી મુખ શુદ્ધિ કરવી અને તપસ્યાની રીતિ પ્રમાણે રહેવું. જો કદાચિત્ ભ્રાંતિથી તપસ્યાને દિવ પૂરેપુરું ભોજન થયું હોય તો બીજે દિવસે દંડનિમિત્તે તપસ્યા કરવી, અને સમાપ્તિ અવસરે તે તપ વર્ધમાન ( જેટલા દિવસ પડયા હોય તેટલા વધારે કરીને ) કરવું. એ કરે તો અતિચાર માત્ર લાગે, પણ નિયમનો ભંગ થાય નહીં. 'આજે તપસ્યાનો દિવ છે' એમ જાણવા છતાં જો એક પણ દાણો ગળી લેવામાં આવે તો નિયમ ભંગ થવા નરકગતિનું કારણ થાય છે. આજે તપસ્યાનો દિવસ છે કે નહીં ? અથવા એ વસ્તુ લેવા કે નહીં ? એવો મનમાં સંશય આવે અને એ વસ્તુ લે તો નિયમભંગાદિ દોષ લાગે ઘણો મંદવાડ, ભૂત પિશાચાદિકના ઉપદ્રવ થવાથી થયેલું પરવશપણું અને સર્પ દંશાદિ કથી અસમાધિપણું થવાને લીધે તપ ન થાય તો પણ ચોથા આગારનો ઉચ્ચાર ક છે તેથી નિયમનો ભંગ થાય નહિ. એવી રીતે સર્વે નિયમને વિષે જાણવું. જો નિયમ ભંગ થાય તો મ્હોટો દોષ લાગે છે માટે થોડો નિયમ લઇને તે બરાબર પાળવામાં ઘણો ગુણ છે. ધર્મનાં સંબંધમાં તારતમ્ય અવશ્ય જાણવું જોઇએ માટે જ પચ્ચકખાણ આગાર રાખેલા છે.

જો કે કમલશ્રેષ્ઠીએ સમીપમાં રહેલા કુંભારના માથાની ટાલ જોયા વિના ભોજ

---

[1] અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન કરવું એવો નિયમ, માત્ર કૌતુકથી જ લીધો હતો તો પણ તેથી તેને અર્ધ નિધાનની પ્રાપ્તિ થઈ અને તેથી નિયમ સફળ થયો. જો પુણ્યને અર્થે નિયમ લે તો તેનું કેટલું ફળ કહેવું ? કહ્યું છે કે પુણ્યની ઇચ્છા કરનાર પુરુષે ગમે તે નિયમ પણ અવશ્ય ગ્રહણ કરવો. તે ગમે તેટલો નાનો હોય તો પણ કમલશ્રેષ્ઠીની માફક ઘણા લાભને માટે થાય છે. પરિગ્રહ પરિમાણ વ્રતને વિષે દૃઢતા રાખવા ઉપર રત્નસાર શ્રેષ્ઠીનું દૃષ્ટાન્ત આગળ કહીશું.

## નિયમ લેવાની વિધિ.

પ્રથમથી મિથ્યાત્વનો ત્યાગ કરવો, જૈન ધર્મ સત્ય કરી માનવો, દરરોજ યથાશક્તિ ત્રણ વાર કે બે વાર કે એક વાર જિનપૂજા કે જિનેશ્વર ભગવંતનાં દર્શન કરવાં કે આઠે થોયે કે ચારે થોયે ચૈત્યવંદન કરવા વિગેરેનો નિયમ લેવો. એવી રીતે કરીને જો ગુરુની જોગવાઇ હોય તો તેમને વૃદ્ધવંદન, *લઘુવંદનથી વાંદવા અને ગુરુની જોગવાઈ ન હોય તો પણ પોતાના ધર્માચાર્ય( જેનાથી ધર્મનો બોધ થયેલો હોય તે )ને તેમનું નામ દઇ દરરોજ વંદન કરવાનો નિયમ રાખવો. ચોમાસામાં, પાંચ પર્વણીમાં અષ્ટ પ્રકારી પૂજા અથવા સ્નાત્ર પૂજા કરવાનો; યાવજ્જીવ દર વર્ષે નવું અન્ન આવે તેનું નૈવેદ્ય કરી પ્રભુ આગળ ધરી પછીથી ખાવાનો; તેમજ દરવર્ષે જે નવાં ફળફૂલ આવે તે પ્રભુને ચડાવ્યા પછી વાપરવાનો; દરરોજ સોપારી બદામ વિગેરે ફળ ( ચડાવવાનો ); આષાઢી, કાર્તિકી અને ફાગણની પુનમ તથા દીવાળી પર્યુષણ વિગેરે મોટી પર્વણીમાં પ્રભુ આગળ અષ્ટ મંગલિક ( અક્ષતની ઢગલીઓ ) કાઢવાનો, નિરંતર પર્વણીમાં કે વર્ષમાં કેટલીક વાર હરેક માસે ખાદિમ, સ્વાદિમાદિક ઉત્તમ વસ્તુઓ જિનરાજની પાસે ચડાવીને કે ગુરુને વહોરાવીને પછીજ ભોજન કરવાનો; દરમાસે કે દરવર્ષે કે દેરાસરની વર્ષગાંઠ કે પ્રભુના જન્મ કલ્યાણકાદિકે દેરાસરે મોટા આડંબર મહોત્સવપૂર્વક ધ્વજા ચડાવવાનો; પ્રતિવર્ષે સ્નાત્ર પૂજા, અષ્ટ પ્રકારી તથા મોટી પૂજા ( અષ્ટોત્તરી પ્રમુખ ) ભણાવવાનો; તેમજ રાત્રિજાગરણ કરવાનો; નિરંતર કે ચોમાસામાં કેટલીક વાર દેરાસરમાં પ્રમાર્જન કરાવવાનો, ચુનો ધોળાવવાનો, તથા ચિત્રામણ કરાવવાનો; પ્રતિવર્ષે કે પ્રતિમાસે દેરાસરમાં અંગલુછણા, દીવા માટે સુતર કે રૂની પુણી, દેરાસરના ગભારાની બહારના કામ માટે તેલ, ગભારાના અંદરના માટે ઘી અને દીવાઢાંકણાં, પુંજણી, ધોતીયાં, અંતરાસણ, વાળાકુંચી, ચંદન, કેસર, અગર, અગરબત્તી વિગેરે કેટલીક વસ્તુઓ સર્વ જનના સાધારણ ઉપયોગ માટે મૂકવાનો; પોષધશાળા ઉપાશ્રયમાં કેટલાંક ધોતીયાં, અંતરાસણ, કટાસણાં (મુહપત્તિ), નવકારવાળી, ચરવળા, સુતર, કંદોરા, રૂ, કાંબળી પ્રમુખ મૂકવાનો; વરસાદના વખતે શ્રાવક વિગેરેને બેસવા માટે કેટલાક પાટ, પાટલા, બાજોઠ કરી શાળામાં મૂકવાનો; પ્રતિવર્ષે વસ્ત્ર આભૂષણાદિકથી કે વધારે ન બની શકે તો છેવટે સુતરની નવકારવાળીથી

*ગુરુનો વંદન વિધિ આ ગ્રંથમાં આગળ કહેવામાં આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ સંઘપૂજા કરવાનો; પ્રતિવર્ષે પ્રભાવના કરીને કે પોસાતી જમાડીને કે કેટલાક શ્રાવકને જમાડીને યથાશક્તિ સાધર્મિક વાત્સલ્ય કરવાનો,—કે પ્રતિવર્ષે દીન હીન દુ:ખીયા શ્રાવકને યથાશક્તિ ઉદ્ધરવાનો; દરરોજ કેટલાક લોગસ્સનો કાયોત્સર્ગ કરવાનો; નવા જ્ઞાનને અભ્યાસ કરવાનો કે તેમ ન બની શકે તો ત્રણુસેં પ્રમુખ સ્વાધ્યાય કરવાનો; નિરંતર દિવસે નવકારસી પ્રમુખ અને રાત્રે દિવસચરિમ (ચોવીહાર) વિગેરે પચ્ચખાણનો કરવાનો; બે ટંકના પ્રતિક્રમણ કરવાનો; એ વિગેરે નિયમો શરૂમાં લેવા જોઈએ.

ત્યારપછી યથાશક્તિ શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરવાં, તેમાં સાતમા ભોગોપભોગ વ્રતમાં સચિત્ત અચિત્ત મિશ્ર વસ્તુનું યથાર્થ જાણપણું રાખવું.

## સચિત્ત, અચિત્ત અને મિશ્ર વસ્તુઓનું સ્વરૂપ.

પ્રાય: સર્વ ધાન્ય ધાણા, જીરૂં, અજમો, વરીયાળી, સુવા, રાઈ, ખસખસ, આદિ સર્વ જાતિના દાણા સર્વ જાતિનાં ફળ, પત્ર, લુણ, ખારી (ધુળીઓ ખારો), પાપડખાર રાતો સિંધવ, સંચળ (ખાણમાં પાકેલો પણ બનાવટનો નહીં), માટી, ખડી [1]રમચી લીલાં દાતણ એ બધાં વ્યવહારથી સચિત્ત જાણવાં. પાણીમાં પલાળેલા ચણા ઘઉં વિગેરે કણ તથા મગ, અડદ, ચણા આદિકની દાળ પણ જો પાણીમાં પલાળી હોય તો મિશ્ર જાણવાં; કેમકે, કેટલીક વાર પલાળેલી દાળ વિગેરેમાં થોડા વખત પછી ફણગા ફૂટે છે તેમજ પહેલાં લુણ દીધા વિના કે બાફ પ્રમુખ દીધા વિના કે રેતી વગર સેકેલા ચણા, ઘઉં, જવાર વિગેરે ધાન્ય; ખાર વિગેરે દીધા વિનાના ફક્ત શેકેલા તલ, ઓળા (પોપટા–લીલા ચણા) પોંહાંક, સેકેલી ફળી, પાપડી; તેમજ મરી, રાઇ, હીંગ પ્રમુખન વઘારવા માટે રાંધેલાં ચીભડાં, કાકડી તથા સચિત્ત બીજ જેમાં હોય એવાં સર્વ જાતિન પાકેલાં ફલ; એ બધાં મિશ્ર જાણવાં. જે દિવસે તલપાપડી કરી હોય તે દિવસે મિશ્ર જાણવી. પણ રોટલી, રોટલા, પુરી વિગેરેમાં જો તલપાપડી નાંખી હોય તો તે રોટલી પ્રમુખ બે ઘડી પછી અચિત્ત સમજવા. વળી દક્ષિણ દેશ માળવા વિગેરે દેશોમાં ઘણો ગોળ નાખીને તલપાપડી બનાવે છે તેથી તેને અચિત્ત ગણવાનો વ્યવહાર છે. વળી વૃક્ષથી તત્કાળ લીધેલા ગુંદ, લાખ, છાલ, તથા નાળિયર, લીંબુ, જાંબુ, આંબા, નારંગી, દાડમ, સેલડી વિગેરેનો તત્કાળનો કાઢેલો રસ કે પાણી; તત્કાળ કાઢેલું તલ વિગેરેનું તેલ; તત્કાળ ભાંગેલ નાળિયર, સીંગોડાં, સોપારી પ્રમુખ ફળ; બીજ તત્કાળ કાઢી નાખેલાં પાકેલાં ફળ, ઘણા દબાવીને કણીયા રહિત કરેલ જીરૂં, અજમો વિગેરે, બે ઘડી વાર સુધી મિશ્ર જાણવાં, ત્યારપછી અચિત્ત થાય એવો વ્યવહાર છે. બીજા પણ કેટલાક પદાર્થ પ્રબળ અગ્નિના યોગ વિના જે પ્રાયે અચિત્ત કીધેલા હોય તે પણ બે ઘડી સુધી મિશ્ર અને ત્યારપછી અચિત્ત જાણવા એવો વ્યવહાર છે. જેમકે, કાચું પાણી, કાચાં ફળ,

---

૧ કેટલેક સ્થળોએ, ગામડાઓમાં, પશુઓને શણગારવા જે લાલ માટીનો ઉપયોગ થાય છે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાચાં ધાન્ય, એઓને ઘણું ઝીણું વાટેલું મીઠું દઇ ખુબ મર્દન કીધેલ હોય તો પણ પ્રાયે અગ્નિ વિગેરે પ્રબળ શસ્ત્ર વિના અચિત્ત નથી થતાં જે માટે ભગવતી સૂત્રના એકવીશમા શતકે ત્રીજા ઉદ્દેશામાં કહેલ છે કે, "વજ્રમય શિલા ઉપર વજ્રમય વાટવાના પથ્થરથી પૃથ્વીકાયનો ખંડ (કાચી માટી વિગેરેનો કટકો) બળવંત પુરુષ એકવીસ વાર જોરથી વાટે તોપણ કેટલાક જીવ ચંપાણા ને કેટલાક જીવને ખબર પણ પડી નથી" (એવું સૂક્ષ્મપણું હોય છે, માટે પ્રબળ અગ્નિના શસ્ત્ર વિના અચિત્ત થતાં નથી.) વળી સો યોજનથી આવેલ હરડે, ખારેક, લાલ દ્રાક્ષ, કીસમીસ, (ઝીણી દ્રાક્ષ), ખજુર, મરી, પીપર, જાયફળ, બદામ, વાવડંગ, અખોડ, તીમજાં, જળદાણુ, પીસ્તાં, ચણકબાબા (કબાબચીની), સ્ફટિક જેવો ઉજ્વળ સિંધવ પ્રમુખ ખાર, સાજીખાર, બીડવણ (ભઠ્ઠીમાં પાકેલું લુણ) બનાવટથી બનાવેલ હરકોઈ જાતિનો ખાર, કુંભારે મર્દન કરેલી માટી, એલચી, લવંગ, જાવંત્રી, સુકેલી મોથ, કુંકણ દેશના પાકેલાં કેળાં, ઉકાળેલ સીંગોડાં અને સોપારી પ્રમુખ સર્વ અચિત્ત સમજવાં એવો વ્યવહાર છે.

બૃહત્કલ્પસૂત્રમાં પણ કહેલ છે કે:—

जोयणसयं तु गंतुं, अणहारेणं तु भंडसंकती ॥
वायागणिधूमेण य, विद्धत्थं होइ लोणाई ॥ १ ॥

"લુણ વિગેરે સચિત્ત વસ્તુઓ જ્યાં ઉત્પન્ન થઇ હોય ત્યાંથી એકસો યોજન ઉપરાંત જમીન ઉલ્લંઘન કરી જાય ત્યારે પોતાની મેળે અચિત્ત બની જાય છે." અહિંયાં કોઇ એવી શંકા કરે કે, કોઈ પ્રબળ અગ્નિના શસ્ત્ર વિના માત્ર સો યોજન ઉપરાંત ગમન કરવાથી જ સચિત્ત વસ્તુઓ અચિત્ત કેમ થઇ શકે? તેને ઉત્તર આપતાં કહે છે–જે સ્થાનકે જે જે જીવો ઉપજેલા છે તે તે તે દેશમાં જ જીવે છે, ત્યાંનાં હવા પાણી બદલાવાથી તેઓ વિનાશ પામે છે. વળી માર્ગમાં આવતાં આહારનો અભાવ થવાથી અચિત્ત થાય છે. તેના ઉત્પત્તિ સ્થાનકે તેને જે પુષ્ટિ મળે છે તેવી તેને માર્ગમાં મળતી નથી તેથી અચિત્ત થાય છે. વળી એક સ્થાનકેથી બીજે સ્થાનકે નાંખતાં પછાડતાં અથડાવા પછડાવાથી ખરેખર અચિત્ત થાય છે; અથવા એક વખારથી બીજી વખારમાં નાખતાં ઉથલપાથલ થવાથી અચિત્ત થાય છે. વળી સો યોજન ઉપરથી આવતાં વચમાં ઘણા ઘણા પવનથી, તાપથી તથા ધૂમાડા વિગેરેથી અચિત્ત થાય છે. 'લવણાદિ' એ પદમાં આદિ શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી હરતાલ, મણસીલ, પીપર, ખજુર, દ્રાક્ષ, હરડાં એ વસ્તુ પણ સો યોજન ઉપરાંતથી આવી હોય તો અચિત્ત થાય છે એમ જાણવું, પણ તેમાં કેટલાંક અનાચીર્ણ છે. પીપર, હરડે વિગેરે આચીર્ણ અને ખજુર, દ્રાક્ષ વિગેરે અનાચીર્ણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સર્વ વસ્તુને સામાન્યથી પરિણમવા( બદલાવા )ના કારણ.

आरुहणे ओरूहणे, निसिअण गोणाईणं च गाउन्हा ॥
भूमाहारच्छेए, उवक्कमेणं च परिणामो ॥ १ ॥

ગાડાં ઉપર કે પોઠીયાની પીઠ ઉપર વારંવાર ચડાવવાથી, ઉતારવાથી અથવા તે કરીયાણાં ઉપર બીજા ભાર થવાથી કે તેના ઉપર બીજા માણસોના ચડવા બેસવાથી તેમજ તે પોઠીયાના શરીરના બાફથી અથવા તેઓના આહારનો વિચ્છેદ થવાથી તે કરીયાણાં રૂપ વસ્તુઓનું પરિણામ ( બદલાવું ) થાય છે.

જ્યારે જેને કાંઈપણ ઉપક્રમ ( શસ્ત્ર ) લાગે ત્યારે પરિણામાંતર થાય છે. તે શસ્ત્ર ત્રણ પ્રકારના હોય છે. ૧ સ્વકાય શસ્ત્ર, ૨ પરકાય શસ્ત્ર, ૩ ઉભયકાય શસ્ત્ર. સ્વકાય શસ્ત્ર જેમકે, ખારૂં પાણી મીઠા પાણીનું શસ્ત્ર, કાળી માટી તે પીળી માટીનું શસ્ત્ર, પરકાય શસ્ત્ર–જેમકે, પાણીનું શસ્ત્ર અગ્નિ અને અગ્નિનું શસ્ત્ર પાણી. ઉભયકાય શસ્ત્ર–જેમકે, માટીમાં મળેલ પાણી નિર્મળ જળનું શસ્ત્ર. એવી રીતે સચિત્તને અચિત્ત થવાનાં કારણ જાણવાં. વળી પણ કહેલ છે કે:—

उप्पल पउमाई पुण, उन्हें दिन्नाइं जाम न धरंति;
मोग्गरग जुहिआओ, उन्हेंच्छूढा चिरं हुंति ॥ १ ॥
मगदंति अ पुप्फाइं, उदयेच्छूढाई जाम न धरंति;
उप्पल पउमाइपुण, उदयेच्छूढा चिरं हुंति ॥ २ ॥

ઉત્પલ કમળ ઉદકયોનીય હોવાથી એક પ્રહર માત્ર પણ આતપ( તડકા )ને સહન કરી શકતા નથી કિંતુ એક પ્રહરની અંદર જ અચિત્ત થઈ જાય છે ( કરમાય છે ). મોગરો, મચકુંદ, જુઈનાં ફૂલ ઉષ્ણ યોનીક હોવાથી આતપમાં ઘણી વાર રહી શકે છે ( સચિત્ત રહે છે ). મોગરાનાં ફૂલ પાણીમાં નાંખ્યા હોય તો પ્રહર માત્ર પણ રહેતા નથી, કરમાઈ જાય છે. ઉત્પલ કમલ ( નીલ કમળ ) પદ્મ કમળ ( ચંદ્રવિકાસી ) પાણીમાં નાખ્યા હોય તો ઘણા વખત સુધી રહે છે ( સચિત્ત રહે છે પણ કરમાતા નથી ). લખેલ છે કે:—

पत्ताणं पुप्फाणं सरडु फलाणं तहेव हरिआणं ॥
बिंटंमि मिलाणंमि नायव्वं जीव विप्पजढं ॥

પત્રનાં, પુષ્પનાં, સરડુફળ( જેની કાતલી, ગોટલી, છાલ કઠણ બંધાણી ન હોય એવાં ફળ )નાં તેમજ વાથુલા પ્રમુખ સર્વ ભાજીઓનાં, અને સામાન્યથી સર્વ વનસ્પતિઓનાં બીંટ ( ડાલમાંથી ઊગતો ફણસલો ), મૂળ નાળ ( વચલી થડની દાંડી ) કરમાય એટલે જાણવું કે હવે આ વનસ્પતિ અચિત્ત થઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી શાલી પ્રમુખ ધાન્ય વાસ્તે તો ભગવતીસૂત્રના છઠ્ઠા શતકે પાંચમા ઉદ્દેશમાં સચિત્ત અચિત્તના વિભાગ બતાવતાં એમ કહેલ છે કેઃ—

( ભગવંતને ગૌતમે પૂછયું કે ) " હે ભગવાન, શાલિ કમોદના ચોખા કલમશાળી ચોખા, વ્રીહિ એટલે સામાન્યથી સર્વ જાતિના ચોખા, ઘઉં, જવ એટલે નાના જવ, જવજવ એટલે મોટા જવ, એ ધાન્યને કોઠારમાં ભરી રાખ્યાં હોય, કોઠીમાં ભરી રાખ્યાં હોય, માંચા ઉપર બાંધી રાખ્યાં હોય, માળા બાંધીને તેમાં ભરી રાખ્યાં હોય, કોઠીમાં ઘાલી કોઠીનાં મુખ લીંપી લીધાં હોય, ચોતરફથી લીંપી લીધેલ હોય, ઢાંકણાંથી મજબૂત કીધેલાં હોય, મોહોર કરી મૂકયાં હોય, કે ઉપર નિશાન કીધાં હોય, એવાં સંચય કરી રાખેલાં ધાન્યની યોનિ ( ઉગવાની શકિત ) કેટલા વખત સુધી રહે છે ? " ( ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે ) " હે ગૌતમ ! જઘન્યથી ( ઓછામાં ઓછી ) અંતર્મુહૂર્ત ( કાચી બે ઘડી વાર ) યોનિ રહે, અને ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ સુધી કોઇકમાં યોનિ રહે છે. ત્યારપછી યોનિ કરમાઈ જાય છે, નાશ પામે છે, બીજ અબીજરૂપ બની જાય છે. " વળી પૂછે છે કે—

अह भंते कलाय[1]—मसूर—तिल—मुग्ग—मास—निप्फाव—कुलथ्थ—अलिसंदग—सइण—पलिमं-थग—माइण—एएसिणं—धन्नाणं—अहा सालीणं तहा एयाणवि णवरं पंच संवच्छराइं सेसं तं चेव ॥

" હે ભગવન્, વટાણાં, મસુર, તલ, મગ, અડદ, વાલ, કલથી, ચોળા, તુવેર, ચણા, એટલા ધાન્યને પૂર્વોકત રીતે રાખી મૂકયાં હોય તો કેટલો કાળ એઓની યોનિ રહે છે ? " ઉત્તર-જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પાંચ વર્ષ સુધી રહે છે. ત્યારપછી પૂર્વોક્તવત અચિત્ત થઈ જાય છે.

હે ભગવન્ ! અળસી, કુસુંબો, કોદરા, કાંગ, બંટી, રાલો, કોડુસગ, સણ, સરસવ, મૂળાનાં બીજ એ વિગેરે ધાન્યની યોનિ કેટલાક વર્ષ રહે છે ? ઉત્તર—હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે રહે તો સાત વર્ષ સુધી યોનિ સચિત્ત રહે છે. ત્યારપછી બીજ અબીજરૂપ થાય છે. ( આ વિષયમાં પૂર્વાચાર્યોએ પણ ઉપર પ્રમાણેનાજ અર્થની ત્રણ ગાથાઓ બનાવેલી છે. )

કપાસના બીજ ( કપાસીયા ) ત્રણ વર્ષ સુધી સચિત્ત રહે છે. એ માટે બૃહત્કલ્પના ભાષ્યમાં લખેલ છે કે, सेडुगं तिवारिसाइयं गिण्हंति सेडुकं त्रिवर्षातीतं विध्वस्तयोनिकमेव ग्रहितुं कल्पते । सेंडुकः कर्पास इति तद्वृत्तौ ॥

---

[1] પ્રાકૃત કલાય શબ્દનો પર્યાય લખનાર શ્રાદ્ધવિધિના ટીકાકારે 'त्रिपुट' એવો પર્યાય લખ્યો. એનો અર્થ 'મક્કાઇ' થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કપાસિયા ત્રણ વર્ષના થયા પછી અચિત્ત થાય છે. ત્યારપછી ગ્રહણ કરાય.

## આટો (લોટ) મિશ્ર થવાની રીતિ.

"નહિં ચાળેલો આટો શ્રાવણ અને ભાદરવા માસમાં પાંચ દિવસ સુધી, આસો અને કાર્તિકમાં ચાર દિવસ સુધી, માગસર અને પોસમાં ત્રણ દિવસ સુધી, મહા અને ફાગણમાં પાંચ પોહોર સુધી, ચૈત્ર અને વૈશાખમાં ચાર પ્રહર સુધી, જેઠ ને અષાઢમાં ત્રણ પ્રહર સુધી મિશ્ર રહે, ત્યારપછી અચિત્ત ગણાય છે અને ચાળેલો આટો તો બે ઘડી વાર પછી અચિત્ત થઇ જાય છે."

અહિંયાં કોઇ શંકાકાર એમ પૂછે કે, અચિત્ત થયેલ આટો અચિત્ત ભોજન કરનારને કેટલાક દિવસ સુધી કલ્પે ? (ઉત્તર આપતાં ગુરુ શ્રાવક આશ્રયી કહે છે કે એમાં દિવસનો કાંઇ નિયમ નથી, પણ સિદ્ધાંતોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આશ્રયી નીચે મુજબ વ્યવહાર બતાવેલ છે. "દ્રવ્યથી નવાં જૂનાં ધાન્ય, ક્ષેત્રથી સારાં નરસાં ક્ષેત્રમાં ઊગેલાં ધાન્ય, કાળથી વર્ષા, શીત, ઉષ્ણ કાળમાં ઉત્પન્ન થયેલાં ધાન્ય, ભાવથી વસ્તુનાં તે તે પરિણામથી પક્ષમાસાદિકની અવધિ જ્યાં સુધી વર્ણ, ગંધ, રસ આદિમાં ફેરફાર થાય નહી અને ઇયલ વિગેરે જીવો પડે નહી ત્યાં સુધી છે. આ અવધિના પહેલાં પણ જો વર્ણાદિનો ફેરફાર થાય તો ન કલ્પે. અને અવધિ પૂરી થયાં છતાં, વર્ણાદિ ન ફર્યાં હોય તો પણ કલ્પે નહી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સાધુને આશ્રીને સાથવાની (શેકેલા ધાન્યના લોટની) યતના કલ્પવૃત્તિના ચોથા ખંડમાં આ પ્રમાણે કહી છે. જે દેશ નગર ઇત્યાદિકમાં સાથવામાં જીવોત્પત્તિ થતી હોય ત્યાં તે લેવો નહીં. લીધા વિના નિર્વાહ ન થતો હોય તો તે દિવસનો કરેલો લેવો. તેમ છતાં પણ નિર્વાહ ન થાય તો બે ત્રણ દિવસનો કરેલો ને ચાર પાંચ દિવસનો કરેલો હોય તો તે સર્વ ભેગો લેવો. તે લેવાનો વિધિ આ પ્રમાણે છે. ઝીણું કપડું નીચે પાથરીને તે ઉપર પાત્ર કંબલ રાખી તેના ઉપર સાથવાને વિખેરવો. પછી ઊંચા મુખે પાત્ર બંધન કરીને, એક બાજુ જઇને જે જીવવિશેષ જ્યાં વળગ્યું હોય તે ઉપાડીને ઠીકરામાં મૂકવું એમ નવ વાર પ્રતિલેખન કરતાં જો જીવ ન દેખાય તો તે સાથવો વાપરવો. અને જો જીવ દેખાય તો ફરી નવ વાર પ્રતિલેખન કરવું. તો પણ જીવ દેખાય તો ફરી નવ વખત પ્રતિલેખન કરવું. એ રીતે શુદ્ધ થાય તો વાપરવો અને ન થાય તો પરઠવવો તેમ છતાં નિર્વાહ ન થતો હોય તો, જ્યાં સુધી શુદ્ધ ન થાય ત્યાં સુધી પ્રતિલેખન કરવું અને શુદ્ધ થતાં વાપરવો. કાઢી નાંખેલી ઇયલ વિગેરે જીવ ઘરટ્ટ વિગેરેની પાસે ફોતરાને મ્હોટો ઢગલો હોય ત્યાં મૂકવા, તેવો ઢગલો ન હોય તો, ઠીકરામાં થોડો સાથવો નાખી બાધા ન થાય તેમ મૂકવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પકવાન આશ્રયી કાળ નિયમ.

"સર્વ જાતિનાં પકવાન વર્ષાઋતુ( ચોમાસા )માં બનાવ્યાથી પંદર દિવસ સુધી, શીત ઋતુ( શીયાળા )માં એક મહિનો અને ઉષ્ણ કાળ( ઉનાળા )માં વીસ દિવસ સુધી કલ્પે એવો વ્યવહાર છે." આ ગાથા કયા ગ્રંથની છે એનો નિશ્ચય ન થવાથી કેટલાક આચાર્ય તો એમ કહે છે કે-જ્યાં સુધી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બદલાય નહીં ત્યાંસુધી કલ્પનીય છે, બાકી દિવસનો કાંઇપણ નિયમ નથી.

## દહિં, દૂધ અને છાશનો વિનાશકાળ.

જો કાચા ( ઉકાળ્યા વગરના ) ગોરસ ( દૂધ, દહિં, છાશ ) માં મગ, અડદ, ચોળા, વટાણાં, વાલ, વિગેરે દ્વિદલ પડે તો તત્કાળ તેમાં ત્રસ જીવની ઉત્પત્તિ થાય છે અને દહીં તો બે દિવસ ઉપરાંતનું થયું કે તેમાં ત્રસ જીવની ઉત્પત્તિ થાય છે. આ ગાથામાં '**दुदिणुवरि**' (બે દિવસ ઉપરાંત) ને બદલે '**तिदुणवरि**' ( ત્રણ દિવસ ઉપરાંત ) એવો પાઠ કવચિત છે પણ તે ઠીક નથી તેમ જણાય છે; કારણ કે, '**दध्यहर्द्वितयातीतमिति**' એવું શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યનું વચન છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## દ્વિદળ કોને કહેવું ?

જે ધાન્યને પીલવાથી તેલ ન નીકળે અને સરખા બે ફાડચાં થઇ જાય તેને દ્વિદળ કહે છે. બે ફાડચાં થતાં હોય પણ જેમાંથી ચીકણો રસ ( તેલ ) નીકળે તે દ્વિદળ ન કહેવાય.

## અભક્ષ્ય કોને કહેવાં ?

વાસી અન્ન, દ્વિદળ, નરમ પુરી, વિગેરે એકલા પાણીથી રાંધેલો ભાત વિગેરે બીજે દિવસે, બીજાં સર્વ જાતિનાં કોહેલાં અન્ન જેમાં ફુગ વળી ગઇ હોય તેવાં ઓદન પકવાન્નાદિ બાવીસ અભક્ષ્ય, બત્રીસ અનંતકાય-એ સર્વનું સ્વરૂપ અમારી કરેલી વંદિત્તા સૂત્રની વૃત્તિથી જાણવું.

વિવેકવંત પ્રાણીએ જેમ અભક્ષ્ય વર્જવાં, તેમજ ઘણા જીવથી વ્યાપેલાં બહુબીજ વાળાં વેંગણ, કાય, માટી, ટીંબરૂ, જાંબુ, લીલાં પીલુ, પાકા કરમદા, બિલીફલ, ગુંદા, પીચુ, મહુડાં, આંબા વિગેરેના મહોર, શેકેલા ઓળા, મોટાં બોર, કાચા કોઠીંબડાં, ખસખસ, તલ, સચિત્ત લુણ પણ વર્જન કરવાં; તેમજ લાલ વિગેરે હોવાથી જેના ઉપર બરાબર તેજ નથી એવા પાકાં ગોલાં, પાકાં કંકોડા, ફણુસ ફળ, વળી જે દેશમાં જે જે વિરુદ્ધ કહેવાતાં હોય, કડવાં તુંબડાં, કોહલાં, વિગેરે પણ તે દેશમાં વર્જવાં. તે દેશમાં ન વર્જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો ફોકટ જૈનધર્મની નિંદા થાય; અને અનંતકાય તો પારકે ઘેર રંધાઇ અચિત્ત થયા હોય તો પણ નિઃશૂકતાના પ્રસંગની અથવા ખાનારા લોકોની વૃદ્ધિ થવાના ભયથી ન જ ગ્રહણ કરવાં. જૈનધર્મની નિંદા ન થવા દેવા માટે રાંધેલું સુરણ, આદુ, વેંગણ વિગેરે જો કે અચિત્ત થયાં હોય અને પોતાને પચ્ચખાણ ન હોય તો પણ વર્જન જ કરવાં અને વળી મૂળો તો પંચાંગથી તજવા યોગ્ય છે. સુંઠ, હળદર તો નામ સ્વાદના બદલવાથી સુકાયા પછી કલ્પે છે.

## ઉકાળેલા પાણીની રીતિ.

ઉનું પાણી ત્રણ વાર ઉકાળા ન આવે ત્યાં સુધી તો મિશ્ર ગણાય છે એટલા માટે પિંડનિર્યુક્તિમાં કહેલ છે કેઃ—

જ્યાં સુધી ત્રણ વાર ઉકાળા આવ્યા ન હોય ત્યાંસુધીનું ઊનું પાણી પણ મિશ્ર ગણાય છે (ત્યારપછી અચિત્ત ગણાય). જ્યાં ઘણા માણસોની આવજાવ થયા કરતી હોય એવી ભૂમિ ઉપર પડેલું વરસાદનું પાણી જ્યાંસુધી ત્યાંની જમીનની સાથે ન પરિણમે, ત્યાં સુધી તે પાણી મિશ્ર ગણાય. ત્યારપછી અચિત્ત થઇ જાય છે; અને અરણ્ય ભૂમિ (વગડાની જમીન) ઉપર વરસાદનું જળ પડતાં માત્ર મિશ્ર છે. પછી પડતું વર્ષાનું પાણી સચિત્ત બની જાય છે. ચોખાના ધોવણમાં આદેશ ત્રિક (આગળ કહેવાશે તે)ને મૂકીને તંદુલોદક જ્યાં સુધી ડહોળું હોય ત્યાં સુધી મિશ્ર ગણાય છે, પણ જ્યારે નિર્મળ થાય ત્યારથી અચિત્ત ગણાય છે, (આદેશત્રિક બતાવે છે) કોઇ આચાર્ય એમ કહે છે કે, ચોખાનું ધોવણ એક વાસણમાંથી બીજા વાસણમાં નાંખતાં જે છાંટા ઊડે છે, તે બીજા વાસણને લાગે તે છાંટા જ્યાંસુધી ન સુકાય ત્યાંસુધી ચોખાનું ધોવણ મિશ્ર ગણવું. બીજા કોઇક આચાર્ય એમ કહે છે કે તે ધોવણ એક વાસણમાંથી બીજા વાસણમાં ઊંચેથી નાંખતાં પરપોટા વળે છે તે જ્યાંસુધી ન ફુટી જાય ત્યાંસુધી મિશ્ર ગણવું. ત્રીજા કોઇ આચાર્ય એમ કહે છે કે, જ્યાંસુધી તે ચોખા ચડે નહીં ત્યાંસુધી ચોખાનું મિશ્ર ગણાય છે. એ ત્રણે આદેશ પ્રમાણ ગણાય એમ નથી જણાતા; કેમકે કોઇ વાસણ કોરૂં હોય તો તેને સુકાતા વધારે વાર લાગે નહિ, તેમજ કોઇ વાસણ પવનમાં કે અગ્નિ પાસે રાખેલું હોય તો તત્કાળ સુકાઇ જાય અને બીજું વાસણ પણ તેમ ન હોય તો ઘણીવારે સુકાઇ શકે, માટે એ પ્રમાણે અસિદ્ધ ગણાય છે. ઘણા ઊંચેથી ધોવણ વાસણમાં નાંખે તો પરપોટા ઘણા થાય, નીચેથી નાંખે તો થોડા થાય, તે થોડા વખતમાં ફુટી જાય કે ઘણા વખતે ફુટે તેથી એ હેતુ પણ સિદ્ધ થઇ શકતો નથી. તેમજ ચૂલામાં અગ્નિ પ્રબળ હોય તો થોડી વારમાં ચોખા ચડે ને મંદ હોય તો ઘણી વારે ચોખા ચડે તેથી એ હેતુ પણ અસિદ્ધ છે, કેમકે એ ત્રણે હેતુમાં કાળનો નિયમ નથી રહી શકતો; માટે એ ત્રણે અસિદ્ધ સમજવા. ખરો હેતુ તો એજ છે કે,—જ્યાંસુધી ચોખાનું ધોવણ અતિ નિર્મળ ન થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાંસુધી મિશ્ર ગણવું ને ત્યારબાદ તેને અચિત્ત ગણવું. ઘણા આચાર્યોનો એ જ મત હોવાથી એજ વ્યવહારશુદ્ધ છે.

ધૂમાડાથી ધૂમ્ર વર્ણ થયેલાં અને સૂર્યના કિરણોથી ગરમ થયેલાં નેવાંના સંપર્કથી અચિત્ત થયેલા નેવાંના પાણીને ગ્રહણ કરવામાં કંઇ વિરાધના થતી નથી. કેટલાક આચાર્ય એમ કહે છે કે-ઉપર લખેલું પાણી પોતાના પાત્રમાં ગ્રહણ કરવું. આ વિષયમાં ઘણા વિચાર હોવાથી આચાર્ય ઉત્તર આપે છે કે, પાણીમાં અશુચિપણું છે માટે પોતાના પાત્રમાં લેવાનો નિષેધ છે; એટલા માટે ગૃહસ્થની કુંડી વિગેરે ભાજનમાં લેવું. વળી વરસાદ વરસતો હો તે વખતે મિશ્ર ગણવાથી તે પાણી લેવું નહીં, પરંતુ વરસાદ રહી ગયા પછી પણ અંતર્મુહૂર્ત કાળ વીત્યા પછી ગ્રહણ કરવા યોગ્ય છે. જે પાણી નિઃકેવળ પ્રાસુક થયેલું છે ( અચિત્ત થયેલું છે ) પણ ચોમાસામાં ત્રણ પ્રહર ઉપરાંત ફરીને સચિત્ત થઇ જાય છે. એટલા માટે તે ત્રણ પ્રહરની અંદર પણ તે અચિત્ત જળમાં ક્ષાર વિગેરે નાખવું કે જેથી પાણી પણ નિર્મળ થઇ રહે છે.

ચોખાનું ધોવણ પહેલું, બીજું, ત્રીજું, તત્કાળનું હોય તો અચિત્ત થાય છે, પરંતુ ચોથું, પાંચમું વિગેરે ધોવણ ઘણા કાળનું હોવા છતાંય સચિત્ત રહે છે.

## અચિત્ત જળ ક્યાંસુધી રહે તેનું કાળમાન.

“ત્રણ ઉકાળે ઉકાળેલું પાણી અને પ્રાસુક જળ સાધુજનને કલ્પે છે, પણ ઉષ્ણકાળ ઘણો લૂખો હોવાથી ઉનાળાના દિવસોમાં પાંચ પ્રહર ઉપરાંત કાળ થતાં તે જળ પાછું સચિત્ત થઇ જાય છે, પણ કદાપિ રોગાદિકના કારણથી પાંચ પ્રહર ઉપરાંત પણ સાધુને રાખવું પડે તો રખાય અને શીતકાળ સ્નિગ્ધ હોવાથી ચોમાસામાં તે ત્રણ પ્રહર ઉપરાંત સચિત્ત થાય છે, માટે ઉપર લખેલા કાળ ઉપરાંત કોઇને અચિત્ત જળ રાખવાની ઇચ્છા હોય તો તેમાં ખારપદાર્થ નાખી રાખવો, કે જેથી તે સચિત્ત થઇ શકે નહીં ” કોઇપણ બાહ્ય શસ્ત્ર લાગ્યા વિના સ્વભાવથીજ અચિત્ત જળ છે એમ જો કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, કે શ્રુતજ્ઞાની પોતાના જાણપણાથી જાણતા હોય તો પણ તે અવ્યવસ્થા-પ્રસંગના ( મર્યાદા તૂટવાના ) ભયથી વાપરતા નથી, તેમ બીજા કોઇને પણ વાપરવાની આજ્ઞા આપતા નથી. વળી સંભળાય છે કે, ભગવાન વર્દ્ધમાનસ્વામીએ “ આ દ્રહ સ્વભાવથી અચિત્ત જળ ભરેલ છે અને વળી સેવાળ કે મત્સ્ય, કચ્છપાદિક ત્રસ જીવથી પણ રહિત છે. ” કેવલજ્ઞાનથી એમ જાણવા છતાં પણ પોતાના કેટલાક શિષ્યો તૃષા પીડિત થયેલા પ્રાણ સંશયમાં હતા તોપણ તે વાપરવાની આજ્ઞા ન આપી. એમજ કોઇક વખતે શિષ્યો ભૂખની પીડાથી પીડિત થયા હતા તે વખતે અચિત્ત ( તલનાં ગાડાં ) નજીક છતાં પણ અનવસ્થાદોષરક્ષા ( બંદોબસ્ત રાખવા ) માટે તેમજ શ્રુતજ્ઞાનનું પ્રમાણિક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણું બતાવવા માટે તે તે વાપરવાની આજ્ઞા ન આપી. જેમકે, પૂર્વધર વિના સામાન્ય શ્રુતજ્ઞાની બાહ્યશસ્ત્રના સ્પર્શ થયા વિના પાણી પ્રમુખ અચિત્ત થયું છે એમ જાણી શકતા નથી. એટલાજ માટે બાહ્યશસ્ત્રના પ્રયોગથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પરિણામાંતર પામ્યા પછી પાણી પ્રમુખ અચિત્ત થયા પછીજ વાપરવાં. વળી કોરડુ મગ, હરડેના ઠળિયા વિગેરે જો નિર્જીવ છે તો પણ તેની યોનિ નષ્ટ થઇ નથી. તેને રાખવા માટે કે નિઃશુકતા પરિણામ નિવારવા માટે તેઓને દાંત વિગેરેથી (મુખમાં ઘાલી) ભાંગવાં નહીં. જે માટે ઓઘનિર્યુક્તિની પંચોતેરમી ગાથાની વૃત્તિમાં કોઇકે પ્રશ્ન કરેલ છે કે, મહારાજ, અચિત્ત વનસ્પતિની યતના કરવાનું શા માટે કહો છો? ત્યારે આચાર્યે ઉત્તર આપ્યો કે,–એ પણ અચિત્ત વનસ્પતિ છે તો પણ કેટલીક વનસ્પતિઓની યોનિ અવિનષ્ટ હોય છે કેમકે ગળો, કોરડુ મગ આદિને અવિનષ્ટ યોનિ કહ્યા માટે ( ગળો સુકેલી હોય તો પણ તે ઉપર પાણી સીંચીએ તો પાછી લીલી થઇ શકે છે ). યોની રક્ષા નિમિત્તે અચિત્ત વનસ્પતિની યતના પાળવી પણ ફળવતી છે.

એમ સચિત્ત અચિત્તનું સ્વરૂપ સમજીને પછી સપ્તમ વ્રત ગ્રહણ કરવાના વખંતે બધાનાં જુદાં જુદાં નામ દઇ સચિત્તાદિ જે જે વસ્તુ ભોગવવા યોગ્ય હોય તેનો નિશ્ચય કરીને, પછી જેમ આનંદ કામદેવાદિક શ્રાવકોએ ગ્રહણ કર્યું તેમ સપ્તમ વ્રત અંગીકાર કરવું. કદાપિ તેમ કરવાનું બની શકે નહીં; તો પણ સામાન્યથી હરરોજ એક બે ચાર સચિત્ત, દશ બાર પ્રમુખ દ્રવ્ય, એક બે ચાર વિગય પ્રમુખનો નિયમ કરવો. એમ હરરોજ સચિત્તાદિકનો અભિગ્રહ રાખતાં જુદા જુદા દિવસે હરરોજ ફેરવવાથી સર્વ સચિત્તના ત્યાગનું પણ ફળ મળી શકે છે. એકદમ સર્વ સચિત્તનો ત્યાગ થઇ શકતો નથી, પણ થોડા થોડા અદલબદલ ત્યાગ કરવાથી યાવજ્જીવ સર્વ સચિત્તના ત્યાગનું ફળ પામી શકાય છે.

ફુલ ફળના રસને, માંસ મદિરાદિકના સ્વાદને તથા સ્ત્રીસેવનની ક્રિયાને જાણતા છતાં જે વૈરાગી થયા એવા દુષ્કરકારકને વંદન કરું છું.

સચિત્ત વસ્તુઓમાં પણ નાગરવેલનાં પાન દુસ્ત્યાજ્ય છે; બીજાં બધાં સચિત્તને અચિત કર્યાં હોય તોપણ તેનો સ્વાદ પામી શકીએ છીએ. વળી કેરીનો સ્વાદ પણ સુકાયા પછીએ પામી શકીયે છીએ, પરંતુ નાગરવેલનાં પાન તો નિરંતર પાણીમાં લાગેલાં જ રહેવાથી નીલ ફુલ કંથુવાદિકની વિરાધના ઘણી જ થાય છે, માટે પાપથી ભય રાખનારા પ્રાણીએ રાત્રિએ પાન સર્વથા ખાવાં નહીં. કદાપિ કોઇને વાપરવાની જરૂર હોય તો, તેણે આગળથી દિવસે શુદ્ધ કર્યા સિવાય વાપરવાં નહીં. વળી પાન તો કામદેવને ઉત્પન્ન થવા માટે એક અંગરૂપ હોવાથી અને તેઓનાં પ્રત્યેક પત્રમાં અસંખ્ય જીવની વિરાધના

जैन साइट JAINSITE विनय जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી બ્રહ્મચારીઓને તો ખરેખર ત્યજવા યોગ્ય છે. જે માટે આગમમાં પણ એમ લખેલું છે કે :—

"જે એમ કહેલું છે કે, પર્યાપ્તાની નિશ્રાયે ( સાથે જ ) અપર્યાપ્તા ઉપજે છે, તે પણ જ્યાં એક પર્યાપ્તો ઉપજે ત્યાં અસંખ્યાતા અપર્યાપ્તા થાય છે." જ્યારે બાદર એકેંદ્રિયમાં એમ કહેલું છે તેમજ સૂક્ષ્મ એકેંદ્રિયમાં જ્યાં તેના નિશ્રાએ એક અપર્યાપ્તો હોય ત્યાં તે નિશ્રામાં અસંખ્યાત પર્યાપ્ત હોય છે એમ આચારાંગ સૂત્રની વૃત્તિમાં કહેલું છે. એમ એક પત્રાદિકથી અસંખ્ય જીવની વિરાધના થાય છે, એટલું જ નહીં પણ તે પાનને આશ્રયે રહેલા જળમાં નીલ ફૂલનો સંભવ હોવાથી અનંત જીવનો વિઘાત પણ થઈ શકે છે. કેમકે, જળ, લવણાદિક અસંખ્ય જીવાત્મક જ છે; તેમાં જો સેવાળ પ્રમુખ હોય તો અનંત જીવાત્મક પણ સમજવાં. જે માટે સિદ્ધાંતોમાં કહેલું છે કે:—

એક પાણીના બિંદુમાં તીર્થંકરે જેટલા જીવ કહ્યા છે તે જીવો જો સરસવ પ્રમાણે શરીર ધારણ કરે તો આખા જંબૂદ્વીપમાં સમાઈ શકે નહીં.

લીલા આમળા પ્રમાણે પૃથ્વીકાયના ખંડમાં જેટલા જીવ હોય છે તે કદાપિ પારેવા જેવડાં શરીર કરે તો આખા જંબૂદ્વીપમાં સમાઈ શકે નહીં.

जैन साईट JAINSITE.com जिनम् जयति शासनम्

પૃથ્વીકાય અને અપ્કાયમાં એવા સૂક્ષ્મ જીવ રહેલા છે માટે પાન ખાવાથી અસંખ્યાતા જીવોની વિરાધના થાય છે માટે વિવેકી પુરુષે પાન સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે.

## સર્વ સચિત્તનો ત્યાગ કરવા ઉપર અંબડ પરિવ્રાજક( તાપસ )ના સાતસો શિષ્યનું દૃષ્ટાંત.

અંબડ નામ પરિવ્રાજકને સાતસો શિષ્યો હતા. તેમણે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરતાં એવો નિયમ લીધો હતો કે—અચિત્ત અને કોઇએ આપેલ હોય એવાં અન્નપાણી વાપરવાં, પણ સચિત્ત અને કોઇએ આપ્યું ન હોય એવું અન્નજળ લેવું નહીં. તેઓ એક વખત ગંગાનદીના કિનારે થઇ ઊનાળાના દિવસમાં ચાલતા કોઈક ગામ જતા હતા, તે વખતે બધાઓની પાસે પાણી ખૂટી ગયું તેથી પાણીની ઘણી આકરી તૃષાથી પીડાયા. પણ નદીકિનારે તડકાથી તપેલાં પાણી અચિત્ત થયેલાં હતાં છતાં કોઇના આપ્યા સિવાય તેમણે ઉપર જણાવ્યા પ્રમાણે વાપરવાનો નિયમ હતો તેથી તે કેમ વાપરી શકાય ? અર્થાત્ ન વાપરતાં તે તમામ સાતસો પરિવ્રાજકોએ ત્યાં જ અણસણ કર્યાં. એ પ્રમાણે અદત્ત કે સચિત્ત કોઇએ વાપર્યું નહીં. છેવટે ત્યાં જ તે બધા કાળ કરી બ્રહ્મદેવલોકે ( પાંચમે દેવલોકે ) ઇન્દ્રના સામાનિકપણે ઉત્પન્ન થયા. એમ જે પ્રાણી સર્વ સચિત્તનો ત્યાગ કરે છે તે મહાત્મા મહાસુખને પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચૌદ નિયમ ધારવાની વિગત.

જેણે ચોદ નિયમ પહેલાં અંગીકાર કર્યા હોય તેણે દરરોજ સંક્ષેપ કરવા જોઇએ અને જેણે ચોદ નિયમ લીધેલા ન હોય તેણે પણ ધારીને દરરોજ સંક્ષેપ કરવા, તેની રીતિ નીચે મુજબ છે.

૧ સચિત્ત–મુખ્ય વૃત્તિએ સુશ્રાવકે સચિત્તનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. તેમ ન બની શકે તો સામાન્યથી એક બે ત્રણ પ્રમુખ સચિત્ત વાપરવાની છૂટ રાખીને બાકીના સર્વ સચિત્તનો દરરોજ ત્યાગ કરે. કેમકે, શાસ્ત્રમાં લખેલું જ છે કે, " પ્રમાણુવંત નિર્જીવ પાપ રહિત આહાર કરવાથી પોતાના આત્માનો ઉદ્ધાર કરવામાં તત્પર એવા સુશ્રાવકો હોય છે. "

૨ દ્રવ્ય સચિત્ત (માંસ) ખાવાની ઇચ્છાથી માછલાં (તંદુલીઆ આદિ) સાતમી નારકીમાં જાય છે એટલે સચિત્ત (માંસ) આહાર મનથી પણ ઇચ્છનીય નથી. સચિત્ત વિગય(માંસ) છોડીને જે કાંઇ મુખમાં નખાય તે સર્વ દ્રવ્યમાં ગણાય છે. જેમકે, ખીચડી, રોટલી, રોટલો, નીવીયાતાનો લાડુ, લાપસી, પાપડી, ચુરમુ, કરંબો, પુરી, ક્ષીર, દુધપાક, એમ ઘણા પદાર્થ મળવાથી પણ જેનું એક નામ ગણાતું હોય તે એકદ્રવ્ય ગણાય છે. વળી એક ધાન્યના ઘણા પદાર્થ બનેલા હોય તો પણ તે જુદા જુદા દ્રવ્ય ગણાય છે. જેમકે, રોટલો, રોટલી, પોળી, માંડા, ખાખરા, ઘુઘરી, ઢોકળા, થુલી, બાંટ, કણુક, આટો, એક જાતિના ધાન્યનાં હોય છતાં પણ જુદા જુદા સ્વાદ અને નામ હોવાથી જુદા જુદા દ્રવ્ય ગણાય છે. વળી ફલા, ફલીકા, એવા નામ એક છે પણ સ્વાદની ભિન્નતાથી કે પરિણામાંતર થવાથી જુદા જુદા દ્રવ્ય ગણાય છે. એમ દ્રવ્ય ગણવાની રીતિ નિયમ લેનારના અભિપ્રાય તથા સંપ્રદાયના પ્રસંગથી ભિન્ન ભિન્ન હોય છે તે ગુરુપરંપરાથી જાણી લેવી. ધાતુની સળી તથા હાથની આંગલી દ્રવ્યમાં ગણાતા નથી. ( એ દ્રવ્યમાંથી એક બે ચાર જે વાપરવા હોય તેની છૂટ રાખી બીજા બધાનો ત્યાગ કરવો. )

૩ વિગઇન ( વિગય )–વિગઇઓ ખાવા યોગ્ય છ પ્રકારની છે. ૧ દુધ, ૨ દહીં, ૩ ઘી, ૪ તેલ, ૫ ગોળ, ૬ કઢા વિગય ( એ છ પ્રકારની વિગઇમાંથી જે જે વિગઇ વાપરવી હોય તે છૂટી રાખી બીજીનો દરરોજ ત્યાગ કરવો. )

૪ ઉવાણહ ( ઉપાનહ )–પગમાં પહેરવાના જોડા તથા કપડાના મોજાં. કાષ્ઠની પાવડી તો ઘણા જીવની વિરાધના થવાના ભયથી શ્રાવકને પહેરવી જ યોગ્ય નથી.

૫ તંબોલ ( તાંબૂલ )–પાન, સોપારી, ખેરસાર કે કાથો વિગેરે સ્વાદીય વસ્તુઓનો નિયમ કરવો.

૬ વથ્થ ( વસ્ત્ર )—પાંચે અંગે પહેરવાનાં વેષ–વસ્ત્રનું પરિમાણ કરવું, ઉપરાંતનો ત્યાગ કરવો. એમાં રાત્રે પોતીઊં કે ધોતીઊં અને રાત્રિના પહેરવાના વસ્ત્રાદિ ગણાતા નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭ કુસુમ-અનેક જાતિનાં ફૂલ સુંઘવાનો, માળા પહેરવાનો, કે મસ્તક ઉપર ઘાલવાનો, કે શય્યામાં રાખવાનો નિયમ કરવો. ફૂલનો પોતાના સુખભોગને માટે નિયમ થાય છે, પણ દેવપૂજામાં વાપરવાનો નિયમ કરાતો નથી.

૮ વાહણ-રથ, અશ્વ, પોઠીયો, પાલખી, વિગેરે ઉપર બેસીને જવા-આવવાનો નિયમ કરવો.[1]

૯ સયણ (શય્યા)-ખાટલા, પલંગ, ખુરસી, કોચ, બાંક વિગેરે ઉપર બેસવાનો નિયમ રાખવો.

૧૦ વિલેવણ (વિલેપન)-પોતાના શરીરને શોભાવવા માટે ચંદન, જવા, ચુઆ, કસ્તૂરી વિગેરેનો નિયમ કરવો. નિયમ કીધા ઉપરાંત પણ દેવપૂજામાં તિલક, હસ્ત, કંકણ, ધૂપ વિગેરે કલ્પે છે.

૧૧ બંભ (બ્રહ્મચર્ય)-દિવસે કે રાત્રે સ્રીસેવનનો ત્યાગ.

૧૨ દિસિ (દિશાપરિમાણ)-અમુક અમુક દિશાએ આટલાં કોશ અથવા યોજનથી આગલ ન જવાનો નિયમ કરવો.

૧૩ ન્હાણ (સ્નાન)-તેલ ચોળીને ન્હાવું તે કેટલી વાર સ્નાન કરવું તેની મર્યાદા બાંધવી.

૧૪ ભાત-રાંધેલ ધાન્ય અને સુખડી વિગેરે ત્રણ અથવા ચાર શેર આદિનું પરિમાણ કરવું. આમાં ખડબુચ આદિ લેવામાં આવે તો ઘણાં શેર થાય. પ્રમુખનો શેર-બશેર નિયમ રાખવો.

અહિંયાં સચિત્ત કે અચિત્ત વસ્તુઓ ખાવાની જુદાં જુદાં નામ દઈ છૂટ રાખીને જેમ બની શકે એમ યથાશક્તિ નિયમ રાખવો. ઉપલક્ષણથી બીજાં પણ ફળ, શાક વિગેરેનો યથાશક્તિ નિયમ કરવો.

## પચ્ચખ્ખાણ કરવાની રીતિ.

એવી રીતે નિયમ ધાર્યા પછી પચ્ચકખાણ કરવાં. તે નવકારશી પોરસી વિગેરે કાલપચ્ચકખાણ જો સૂર્યોદય પહેલાં ઉચ્ચર્યું હોય તો શુદ્ધ થાય; નહી તો નહી. બાકીનાં પચ્ચખાણ સૂર્યોદય પછી પણ કરાય છે. નવકારસહી જો સૂર્યના ઉદય પહેલાં ઉચ્ચરેલી હોય તો તે પૂરી થયા પછી પણ પોરસી સાઢપોરસી પ્રમુખ કાળપચ્ચખાણ પણ જે જે પચ્ચખાણનો જેટલો જેટલો કાળ છે તેની અંદર કરાય છે. નમુક્કારસી ઉચ્ચાર કર્યા વગર

[1] રેલ્વે, મોટર, વિમાન, ટ્રામ, બસ, સાયકલ વિગેરે આધુનિક વાહનો પણ આ નિયમમાં [illegible] જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂર્યના ઉદય પછી કાળપચ્ચખાણ શુદ્ધ થતું નથી. જો સૂર્યના ઉદય પહેલાં નમુકારસહી વિના પોરસી આદિ પચ્ચખાણ કર્યાં હોય તો તે પચ્ચખાણની પૂર્ત્તિ ઉપર બીજું કાળપચ્ચખાણ શુદ્ધ થતું નથી, અને તેની અંદર તો શુદ્ધ થાય છે. એવી રીતે વૃદ્ધવ્યવહાર છે. નવકારસહી પચખ્ખાણનું પ્રમાણ તેના આગાર થોડા હોવાથી મુહૂર્તમાત્ર( બે ઘડી )નું છે. અને બે ઘડી કાળ વિત્યા પછી પણ જો નવકાર ગણ્યા વિના ભોજન કરે છે તો તેના પચ્ચખાણનો ભંગ થાય છે. કેમકે "**उग्गए सुरे नमुक्कारसहिअं**" એમ પાઠમાં નવકાર ગણવાનું અંગીકાર કરેલું છે.

પ્રમાદનો ત્યાગ કરવાવાળાએ ક્ષણમાત્ર પણ પચકખાણ વિના નહીં જ રહેવું. નવકારશી પ્રમુખ કાળપચકખાણ પૂરું થાય તે વખતે જ ગ્રંથીસહિતાદિ પચચ્ખાણ કરવાં. ગ્રંથીસહિત પચ્ચખાણ બહુ વાર ઔષધ ખાનારા તથા બાળગ્લાનાદિક( માંદા વિગેરે )થી પણ સુખે બની શકે એવું છે. વળી નિરંતર અપ્રમાદપણાનું નિમિત્ત હોવાથી મહાલાભકારક છે. જેમકે, નિત્ય માંસાદિકમાં આસક્ત એવા વણકરે માત્ર એક વાર ગ્રંથીસહિત પચ્ચખાણ કર્યું હતું તેથી તે કપર્દિક નામનો યક્ષ થયો. કહેલું છે કેઃ—"જે પ્રાણી નિત્ય અપ્રમાદી ગણાતા ગ્રંથીસહિત પચ્ચખાણ પારવા માટે ગ્રંથી બાંધે છે તે પ્રાણીએ સ્વર્ગ અને મોક્ષનું સુખ પોતાની ગાંઠે બાંધ્યું છે. જે પ્રાણીઓ અચૂક નવકાર ગણીને ગંઠસહિત પચ્ચખાણ પાળે છે ( પારે છે ) તેઓને ધન્ય છે; કેમકે તેઓ ગંઠસહિત પચ્ચખાણને પાળતા પોતાના કર્મની ગાંઠને પણ છોડે છે. જો મુક્તિનગરે જવાના ઉદ્યમને વાંછતો હોય તો ગ્રંથી સહિત પચખાણ કર. કેમકે, જૈન સિદ્ધાંતના જાણ પુરુષો ગ્રંથીસહિત પચ્ચખાણનું અણસણના જેટલું પુણ્ય પામવાનું બતાવે છે."

રાત્રે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરનાર એક આસને બેસી ભોજન સાથે જ તાંબુલ કે મુખવાસ વાપરી વિધિપૂર્વક મુખશુદ્ધિ કીધા પછી જે ગ્રંથી સહિત પચ્ચખાણ પાળવા ગ્રંથી બાંધે છે, તેમાં દરરોજ એક વાર ભોજન કરનારને દર માસે ઓગણત્રીસ અને બેવાર ભોજન કરનારને અઠાવીસ ચોવિહારા ઉપવાસનું ફળ મળે એવો વૃદ્ધવાદ છે. ( ભોજન સાથે તાંબૂલ, પાણી વિગેરે વાપરતાં દરરોજ ખરેખર બે ઘડી વાર લાગે છે તેથી એક વાર ભોજન કરનારને દરેક માસે ઓગણત્રીસ ઉપવાસનું ફળ મળે છે, અને બેવાર ભોજન કરનારને દરરોજ ચાર ઘડી વાર જમતાં લાગવાથી દરેક માસે અઠાવીસ ઉપવાસનો લાભ થાય, એમ વૃદ્ધ પુરુષો ગણાવે છે.) જે માટે 'પઉમચરિય' માં કહેલ છે કેઃ—

"જે પ્રાણી સ્વભાવથી નિરંતર બે વાર જ ભોજન કરે છે તેને દર માસે અઠાવીસ ઉપવાસનું ફળ મળે છે. જે પ્રાણી દરરોજ એક મુહૂર્ત્ત ( બે ઘડીવાર ) માત્ર ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે છે તેને દર માસે એક ઉપવાસનું ફળ મળે છે. અન્ય દેવોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભક્ત જે તપ દ્વારા દસ હજાર વર્ષની આયુઃ-સ્થિતિ પ્રાપ્ત કરે છે, તેટલાજ તપથી જિનવરનો ભક્ત, પલ્યોપમ કોટી પ્રમાણ આયુઃસ્થિતિને દેવલોકમાં પ્રાપ્ત કરે છે. એમ દરરોજ એક, બે કે ત્રણ મુહૂર્તની વૃદ્ધિ કરવાથી એક ઉપવાસ, બે ઉપવાસ અને ત્રણ ઉપવાસનું ફળ બતાવ્યું છે."

એવી રીતે યથાશક્તિ જે તપ કરે તેને તેવું ફળ બતાવ્યું છે. એ યુક્તિપૂર્વક ગ્રંથીસહિત પચકખાણનું ફળ ઉપર પ્રમાણે સમજવું.

જે જે પચકખાણ કરેલાં હોય તે તે વારંવાર યાદ કરવાં. તેમજ જે જે પચ્ચખાણ હોય તેનો વખત પૂરો થવાથી આ અમુક પચકખાણ પૂરું થયું એમ વિચારવું. વળી ભોજન વખતે પણ યાદ કરવું. જો ભોજન વખતે પચકખાણને યાદ ન કરે તો કદાપિ પચ્ચખાણનો ભંગ થઇ જાય છે.

## અશન, પાન, ખાદિમ, સ્વાદિમનું સ્વરૂપ.

૧ અશન–અન્ન, પકવાન, માંડા, સાથુઓ વિગેરે જે ખાવાથી ક્ષુધા (ભૂખ) શમે તે અશન કહેવાય. ૨ પાન–છાસ, મદિરા, પાણી તે પાણી કે પાન કહેવાય. ૩ ખાદિમ (ખાદ્ય)–સર્વ જાતિનાં ફળ, મેવા, સુખડી, સેલડી, પોંખ, વીગેરે ખાદિમ ગણાય છે. ૪ સ્વાદિમ (સ્વાદ્ય)–સુંઠ, હરડે, પીંપર, મરી, જીરૂ, અજમો, જાયફળ, જાવંત્રી, કસેલો, કાથો, ખેરસાર, જેઠીમધ, તજ, તમાલપત્ર, એલચી, લવંગ, કુઠ, વાવડંગ, બીડલવણ, અજમોદ, કુલિંજન (પાનની જડ), પીપળીમુળ, ચણકબાબ, કચુરો, મોથ, કાંટાસેળીઓ, કપુર, સંચળ, હરડાં, બેહેડાં, કુંભઠ (કુમઠીયા), બાવળ, ધવ (ધાવડી), ખેર, ખીજડો, પુષ્કરમૂળ, જવાસો, બાવચી, તુળસી, કપુર, સોપારી, વિગેરે વૃક્ષોની છાલ અને પત્ર એ ભાષ્ય તથા પ્રવચનસારોદ્ધારાદિકના અભિપ્રાયથી સ્વાદીમ ગણાય છે અને કલ્પવ્યવહારની વૃત્તિના અભિપ્રાયથી ખાદિમ ગણાય છે. કેટલાક આચાર્ય એમ જ કહે છે કે અજમો એ ખાદિમ જ છે.

સર્વ જાતિના સ્વાદિમ, એલચી કે કપુરથી વાસિત કરેલ પાણી દુવિહારના પચ્ચખાણમાં કલ્પે (વાપરી શકાય). વેસણ, વરીયાળી, શોવા (સુઆ) આમલગંઠી, આંબાગોટી, કોઠાપત્ર, લીંબુપત્ર, પ્રમુખ ખાદિમ હોવાથી પણ દુવિહારમાં કલ્પે નહીં. તિવિહારમાં તો ફક્ત પાણી જ કલ્પે છે. પણ ફુકારેલ પાણી, ઝામેલ પાણી, તથા કપુર, એલચી, કાથો, ખેરસાર, સેલ્લક, વાળો, પાડળ વીગેરેથી વાસેલ પાણી નીતરેલ (સ્વચ્છ થયેલ) ગાળેલું હોય તો કલ્પે, પણ ગાળેલ ન હોય તો ન કલ્પે.

યદ્યપિ શાસ્ત્રોમાં મધ, ગોળ, સાકર, ખાંડ, પતાસાં સ્વાદિમપણે ગણાવેલાં છે, અને દ્રાક્ષનું પાણી, સાકરનું પાણી, અને છાસ પાનકમાં (પાણીમાં) ગણાવેલ છે; પણ દુવિહાર પ્રમુખમાં ન કલ્પે એવો વ્યવહાર છે. નાગપુરીયગચ્છના ભાષ્યમાં કહેલ છે કે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्राक्षनुं पाणी ते पाणी (पान), अने गोळ विगेरेने स्वादिम एम सिद्धांतमां कहेल छे तोपण तृप्ति करनार होवाथी वापरवानी आज्ञा नथी आपी.

स्त्रीसंभोग करवाथी चोविहार भांगतो नथी पण बाळक प्रमुखना होठना चर्वणथी चोविहार[1] भांगे छे. दुविहारवाळाने कल्पे छे. केमके, पच्चखाण जे छे ते लोम आहार-(शरीरनी त्वचाथी शरीरमां आहारनुं प्रवेश थवुं) थी नथी पण फक्त कवळ आहार (कोळीया करी मुखमां आहार प्रवेश करावाय छे ते) नुं ज पचकखाण कराय छे. जो एम न होय तो उपवास, आंबिल अने एकासणमां पण शरीर उपर तेल मर्दन करवाथी के गांठ गुमडा उपर आटानी पोटीस प्रमुख बांधवाथी पण पचकखाण भंग थवानो प्रसंग आवशे, पण तेवो तो व्यवहार नथी. वळी लोम आहारनो तो निरंतर संभव थया ज करे छे, त्यारे पच्चखाण करवाना अभावनो प्रसंग आवशे.

## अणाहार चीजोना नाम.

लींबडानुं पंचांग (मूळ, पत्र, फूल, फळ अने छाल), पेसाब, गळो, कडु, करियातुं, अतिविष, कुडो, चीड, चंदन, राख, हळदर, रोहिणी (एक जातनी वनस्पति छे), उपलोट, घोडा, वज, त्रिफळा, बावळीआनी छाल (कोइक आचार्य कहे छे), धमासो, नाव्य (कोइक दवा छे), आसंघ, रींगणी (उभी बेठी), एळीयो, गुगळ, हरडेदळ, वण (कपासनुं झाड), बोरडी, कंथेरी, केरडा मूळ, पुंआड, बोडथोडी, आछी, मजीठ, बोळ, बीओ (काष्ठ), कुंआर, चित्रो, कंदरुक, विगेरे के जेनो स्वाद मुखने गमे नहीं एवो होय ते अणाहार जाणवां, ते चउविहारमां पण रोगादिक कारणे वावरवां कल्पे छे. कल्पनी वृत्तिना चोथा खंडमां कहेल छे के—

सर्वथा एकलो जे भूखने शमावे तेने आहार कहे छे. ते अशन, पान, खादिम अने स्वादिम एम चार प्रकारनो छे. तथा ते आहारमां लूण विगेरे जे नंखाय ते पण आहार कहेवाय छे.

कूर (भात) सर्व प्रकारे क्षुधा शमावे छे, छास मदिरादिक ते पान (पाणी), खादिम ते फळ मांसादिक, स्वादिम ते मध, ए चार प्रकारनो आहार समजवो.

वळी क्षुधा शमाववा असमर्थ आहारमां मळेल के नहीं मळेल होय एवां जे लूण, हींग, जीरुं विगेरे सर्व होय ते आहार समजवां.

पाणीमां कपुरादिक, केरी विगेरे फळमां, सुक्त आदि अने सुंठमां गोळ नांखेल होय ते कांइ क्षुधा शमावी शकतां नथी पण आहारने उपकार करनार होवाथी आहारमां गणावेल छे.

१. तिविहार पण ओष्ठचर्वणथी भांगे छे. २. गोळनो विकार, ढीलो गोळ, उकाळेलो शेरडीनो रस.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અથવા ભૂખથી પીડાયેલો જીવ જે કાંઈ કાદવ સરખી ચીજ પેટમાં નાંખે તે સર્વ આહાર જાણવો. ઔષધ વિગેરેની ભજના છે. ઔષધાદિક કોઈ આહારરૂપ છે અને કોઇક અણાહારરૂપ છે.

ઔષધાદિકમાં કેટલાક સાકર પ્રમુખ હોય છે તે આહાર ગણાય છે અને સર્પ કરડેલાને માટીઆદિક ઔષધ અપાય છે તે અણાહાર છે.

અથવા જે પદાર્થ ક્ષુધાવંતને પોતાની મરજીથી ખાતાં સ્વાદ આપે છે તે સર્વે આહાર ગણાય છે, અને ક્ષુધાવંતને જે ખાતાં પોતાના મનને અપ્રિય લાગે છે તે અણાહાર કહેવાય છે.

મૂત્ર, નીંબડાની છાલ અને મૂળ તે પંચ મૂળનો કાઢો ( ઘણો કડવો હોય છે તે ), ફળ તે આમળાં, હરડે, બહેડાદિક, એ સર્વ અણાહાર ગણવાં, એમ ચૂર્ણીમાં કહેલ છે. નીશીથ ચૂર્ણીમાં એવી રીતે લખેલ છે કે, "મૂળ, છાલ, ફળ અને પત્ર એ સર્વ લીંબડાના અણાહાર સમજવાં."

## પચ્ચખ્ખાણના પાંચ સ્થાન ( ભેદ. )

પચ્ચખાણમાં પાંચ સ્થાન ( ભેદ ) કહેલા છે. તેમાં પહેલા સ્થાનમાં નવકારસહિ, પોરસી વિગેરે કાળ પચ્ચખાણ પ્રાયઃ ચોવિહાર કરવા. બીજા સ્થાનમાં વિગઈનું, આંબિલનું, નીવીનું, પચ્ચખાણ કરવું, તેમાં જેને વિગઈનો ત્યાગ ન કરવો હોય તેણે પણ વિગઈનું પચ્ચખાણ લેવું; કેમકે, પચ્ચખાણ કરનારને પ્રાયે મહાવિગઈ ( દારૂ, માંસ, માખણ, મધ, ) નો ત્યાગજ હોય છે, તેથી વિગઈનું પચ્ચખાણ સર્વને લેવા યોગ્ય જ છે. ત્રીજા સ્થાનમાં એકાસણું, બીયાસણું ( બેસણું ), દુવિહાર, તિવિહાર, ચોવિહારનું પચ્ચખાણ કરવું. ચોથા સ્થાનમાં પાણસ પાણસ [ પાણીના આગારો ( પાઠ ) લેવા ] નું પચ્ચખાણ કરવું. પાંચમા સ્થાનમાં પહેલાં ગ્રહણ કરેલા સચિત્તાદિક ચૌદ નિયમ સાંઝ સવારે સંક્ષેપ કરવારૂપ દેશાવગાસિકનું પચ્ચખાણ લેવું. ઉપવાસ, આંબિલ, નીવી પ્રાયે તિવિહાર ચોવીહાર થાય છે, પણ અપવાદથી તો નીવી પ્રમુખ પોરસી પ્રમુખનાં પચ્ચખાણ દુવિહારાં પણ થાય છે. કહેલું છે કે :—

સાધુને રાત્રિએ ચોવિહાર હોય અને નવકારશી ચોવિહાર હોય. ભવચરિમ, ઉપવાસ અને આયંબિલ તિવિહાર અને ચોવિહાર બન્ને હોય છે. બાકીના પચ્ચકખાણો દુવિહાર, તિવિહાર અને ચોવિહાર હોય છે.

નીવી અને આયંબિલ આદિનો કલ્પ્યાકલ્પ્ય વિભાગ, સિદ્ધાન્તના અનુસારે પોતપોતાની સમાચારીવડે જાણવો. તેમજ પચ્ચખાણ ભાષ્યથી **अनाभोग** ( અજાણતાં મુખમાં પડેલ ) **सहस्सागारेणं** ( અકસ્માત મુખમાં પડેલ ) એવા પાઠનો આશય સમજવો. એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો ન કરે તો પચ્ચખાણુની નિર્મળતા ન થાય. એમ **पडिक्कामिय** એ પદનું પ્રાસંગિક વ્યાખ્યાન કર્યું. હવે "**सुइ पुइअ**" એ પદનું વ્યાખ્યાન બતાવે છે.

## જિનપૂજા કરવા માટે દ્રવ્યશુદ્ધિ.

શુચિ એટલે મળોત્સર્ગ (લઘુનીતિ વડીનીતિ) કરવાં, દાતણુ કરવું, જીભની ઉલ ઉતારવી, કોગળા કરવા, સર્વ સ્નાન દેશસ્નાનાદિકે કરી પવિત્ર થવું, આ અનુવાદવાક્ય છે, કારણુ કે-મલમૂત્રત્યાગ વિગેરે પ્રકાર લોકપ્રસિદ્ધ હોવાથી શાસ્ત્ર તે કરવા માટે ઉપદેશ કરતું નથી, જે વસ્તુ લોકસંજ્ઞાથી પ્રાપ્ત થતી નથી, તે જ વસ્તુનો ઉપદેશ કરવો એમાં જ શાસ્ત્રનું સાફલ્ય છે. મલિન પુરુષે ન્હાવું, ભૂખ્યાએ ખાવું એમાં શાસ્ત્ર ઉપદેશની આવશ્યકતા નથી. લોકસંજ્ઞાથી અપ્રાપ્ત એવા ઇહ-પરલોક હિતકારી ધર્મમાર્ગને ઉપદેશવાથી જ તેની સફલતા છે. એ મુજબ અન્ય સ્થલોએ પણુ જાણવું. શાસ્ત્રકારને સાવદ્ય આરંભમાં વાચિક અનુમોદના કરવી યોગ્ય નથી. કહેલું છે કે:—

પાપ વર્જિત વચનનું અધિકું ઓછું અંતર સમજી શકે નહીં એટલે આ બોલવાથી મને પાપ લાગશે કે નહીં લાગે એવું સમજી શકે નહીં તેને બોલવું પણ યોગ્ય નથી તો પછી ઉપદેશ આપવો કેમ યોગ્ય હોય ?

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

મલોત્સર્ગનો ત્યાગ મોનધારી થઈને નિર્દૂષણ યોગ્ય સ્થાનકે વિધિપૂર્વક કરવો ઉચિત છે. કહેલું છે કે:—

લઘુનીતિ, વડીનીતિ, મૈથુન, સ્નાન, ભોજન, સંધ્યાદિકની ક્રિયા, પૂજા અને જાપ, એટલા મોન થઈને કરવાં.

વિવેકવિલાસમાં પણ કહ્યું છે કે:—

## લઘુ નીતિ વડીનીતિ કરવાની દિશા.

વસ્ત્ર પહેરી મોનપણે દિવસે અને બન્ને સંધ્યા વખતે (સવારે સાંઝે) જો મળ મૂત્ર કરવા હોય તો ઉત્તર દિશા સન્મુખ કરવાં અને રાત્રે કરવાં હોય તો દક્ષિણુ દિશા સામે કરવાં.

## પ્રભાતની સંધ્યાનું લક્ષણ.

સર્વ નક્ષત્ર તેજ રહિત બની જાય અને જ્યાંસુધી સૂર્યનો અર્ધ ઉદય ન થાય ત્યાંસુધી પ્રભાતની સંધ્યાનો કાળ ગણાય છે.

## સાયંકાળની સંધ્યાનું લક્ષણ.

જે વખતે અર્ધ સૂર્ય અસ્ત થયો હોય અને આકાશતળમાં જ્યાંસુધી બે ત્રણ નક્ષત્રો દેખાતાં ન હોય ત્યાંસુધી સાયંકાળ (સંધ્યા) ગણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મળમૂત્ર કરવાનાં સ્થાન.

રાખનો કે છાણનો ઢગલો પડયો હોય તેમાં ગાયને બેસવા બાંધવાનાં ઠેકાણામાં રાફડા ઉપર, ઘણાં માણસે જ્યાં મળમૂત્ર કીધા હોય તેમાં, આંબા ગુલાબ પ્રમુખનાં થડમાં, અગ્નિમાં, સૂર્ય સામે, માર્ગ વચ્ચે, પાણીના સ્થાનમાં સ્મશાન પ્રમુખ ભયંકર સ્થાનમાં, નદીને કાંઠે, નદીમાં, સ્ત્રી તથા પોતાના પૂજ્યના દેખતાં, એટલાં ઠેકાણાં મૂકીને મળમૂત્ર કરવાં; પરંતુ આકરી પીડા થઈ હોય તો એટલા ઠેકાણે પણ મળમૂત્ર કરવાં.

ઓઘનિર્યુક્તિ પ્રમુખ આગમમાં પણ સાધુ આશ્રયીને એમ કહેલું છે કે:—

જ્યાં બીજા કોઇ આવી ન ચડે તેમજ બીજો કોઈ દેખી ન શકે એવા સ્થાનકે; જ્યાં બેસતાં નિંદા ન થાય કે કોઇ સાથે લડાઇ ન થાય એવા સ્થાનકે; સરખી ભૂમિમાં એટલે પડી ન જવાય એવા સ્થાનકે; ઘાસ પ્રમુખે ઢાંકેલી ભૂમિ વર્જિત સ્થાને કેમકે એવી ભૂમિમાં બેસતાં ઘાસ વિગેરેમાં જો કદાપિ વીંછી, સર્પ, કીડા, પ્રમુખ હોય તો વ્યાઘાતનો સંભવ થાય; અને કીડી વિગેરે હોય તો મરી જાય. થોડા કાળની કરેલી ભૂમિકામાં; વિસ્તીર્ણ ભૂમિમાં જઘન્યથી પણ એક હાથની જમીનમાં; જઘન્યથી પણ ચાર અંગુલ જમીન અગ્નિ તાપાદિકથી અચિત્ત થઇ હોય એવા સ્થાનમાં; અતિશય આસન ( પાસે ) નહીં ( દ્રવ્યથી ધવળ ઘર આરામાદિકને નજીક નહીં અને ભાવથી આકરી પીડા થઈ હોય તો તેવા સ્થાન પાસે પણ વોસરાવે ); બીલ વર્જિત સ્થાનકે; બીજ, લીલોતરી, ત્રસ જીવ રહિત સ્થાનકે; એવાં સ્થાનકે મળમૂત્ર વોસરાવે ( ત્યાગ કરે ).

દિશી, પવન, ગ્રામ, સૂર્ય, છાયા પ્રમુખના સન્મુખ વર્જીને તેમજ ત્રણ વાર પ્રમાર્જીને ત્રણવાર **अणुजाणह जस्सग्गो** એવો પાઠ કહીને શરીરની શુદ્ધિ થવા માટે વોસરાવે અને શુદ્ધિ કરે.

ઉત્તર અને પૂર્વ દિશા પૂજ્ય છે માટે તેના સન્મુખ મળમૂત્ર ન કરવો. દક્ષિણ દિશા સામે બેસતાં ભૂત પિશાચાદિકનો ભય થાય છે. પવન સન્મુખ બેસતાં નાશિકામાં પવન આવવાથી અર્શ થાય છે. સૂર્ય તથા ગામના સન્મુખ બેસવાથી તેની નિન્દા થાય છે.

જેને કૃમિ નિકલતાં હોય તે છાયામાં મલ ત્યાગ કરે પણ જો તડકામાં બેસવું જ પડે તો, બે ઘડી પર્યન્ત છાયા કરી ત્યાં ઊભો રહે.

મૂત્ર રોકવાથી ચક્ષુ જાય, મલ રોકવાથી જીવિતવ્યથી રહિત થાય, ઉલટી આદિને રોકવાથી કોઢ થાય અને એ ત્રણેને રોકવાથી ગ્લાન( મંદવાડ )ની પ્રાપ્તિ થાય છે.

મળ, મૂત્ર, થૂંક, બળખો, સલેખમાદિ જ્યાં નાખવાં હોય ત્યાં પહેલાંથી **अणुजाणह जस्सग्गो** એમ કહીને વોસરાવવો, અને વોસરાવ્યા પછી તત્કાળ વોસરે એમ ત્રણ વાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિંતવવું. વળી સલેખમાદિને તો તત્કાળ ધૂળ, રાખ, વિગેરેથી યતનાપૂર્વક ઢાંકવાં. જો એમ ધૂળ વિગેરેથી ઢાંકે નહીં ને ખુલ્લાં પડયાં રહે તો તેમાં અસંખ્ય સંમૂર્ચ્છિમ (માતા પિતા સંયોગ વિના ઉપજનારા નવ પ્રાણવાળા મનુષ્ય) જીવ ઉત્પન્ન થાય અને તેનો નાશ થવાનો દોષ લાગે છે. જે માટે પન્નવણા સૂત્રના પ્રથમ પદમાં કહેલું છે કે, "હે ભગવાન્! સંમૂર્ચ્છિમ મનુષ્ય કયાં ઉપજે? (ઉત્તર) હે ગૌતમ, મનુષ્યક્ષેત્રમાં; પીસ્તાળીસ લાખ યોજનમાં અઢીદ્વીપમાં જે દ્વીપ સમુદ્રો છે તેમાં આવેલા પંદર કર્મભૂમિ (જ્યાં અસી, મસી, કૃષિ કર્મ કરી લોકો આજીવિકા કરે છે) માં; છપ્પન અંતરદ્વીપ મનુષ્ય (યુગલીયા), ગર્ભજ મનુષ્યના મળમાં, પેશાબમાં, મેલમાં, બળખામાં, નાશિકામાં, વમન-(ઓકેલા)માં, પિત્તમાં, વીર્યમાં, વીર્ય અને રૂધિર ભેગાં મળેલાં હોય તેમાં, બહાર કાઢી નાખેલ વીર્યના પુદ્ગલમાં, નિર્જીવ કલેવરમાં, સ્ત્રીપુરુષના સંયોગમાં, નગરના ખાળમાં, સર્વ અપવિત્ર સ્થાનમાં, સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. (પણ તે કેવા ઉત્પન્ન થાય? તેનો ઉત્તર) એક અંગુળના અસંખ્ય ભાગ માત્ર શરીરની અવગાહના(દેખાવ)વાળા, અસંજ્ઞી (મનવગરના), મિથ્યાત્વી, અજ્ઞાની, સર્વ પર્યાપ્તીથી અપર્યાપ્તા અને અંતર્મુહૂર્તનું આયુષ્ય ભોગવી કાળ કરનારા એવા સંમૂર્ચ્છિમ જીવ ઉપજે છે, માટે બળખા, શલેખમ ઉપર ધૂળ કે રાખ નાંખીને તેને જરૂર ઢાંકવા."

દાતણ વિગેરે કરવું હોય તો નિર્દોષ સ્થાનમાં જાણીતા વૃક્ષના પ્રાસુક અને કોમલ દંતકાષ્ઠથી, અથવા દાંતની દ્રઢતા કરનાર તર્જની આંગલીથી કરવું. દાંત આદિના મલ ઉપર ધૂળ નાખવી.

વ્યવહારશાસ્ત્રમાં આ પ્રમાણે કહેલું છે કેઃ—

"દાંત દ્રઢ કરવા માટે દાંતની પીઠિકા(પેઢીયાં-પેઢાં) પ્રથમ તર્જની અંગુલીથી ઘસવી, પછી આદરપૂર્વક (જરૂર) દાતણ કરવું."

## દાતણ કરતાં શુભસુચક અગમચેતી.

દાતણ કરતી વખતે જે પાણીના કોગળા કરવામાં આવે છે તેમાં પહેલો કોગળો કરતાં તેમાંથી જો એક બિંદુ ગળામાં ઊતરી જાય તો તે દિવસે તુરત ઉત્તમ ભોજન પામે.

## દાતણનું પ્રમાણ અને તે કરવાની રીતિ.

વાંકું નહીં, વચ્ચે ગાંઠ વિનાનું, જેનો કૂચો સારો થઇ શકે એવું, જેની અણી પાતળી હોય, દશ આંગળ લાંબું, પોતાની ટચલી આંગુળીના અગ્રભાગ જેટલું જાડું, જાણીતા ઝાડનું, સારી જમીનમાં ઉત્પન્ન થએલાં દાતણથી ટચલી અને દેવપૂજણી અંગુલીની વચ્ચે રાખીને પહેલાં ઉપલી જમણી દાઢ અને પછીથી ઉપલી ડાબી દાઢને ઘસીને પછી બન્ને નીચેની દાઢને ઘસવી. ઉત્તર કે પૂર્વ દિશા સામે સ્થિર આસને દાતણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

...વામાં જ ચિત્ત સ્થાપીને દાંતને કાંઈ પીડા ન થાય તેમ મોન રહી દાતણ કરવું. ...ન્ધવાલું, પોલું, સુકું, મીઠું, ખાટું અને ખારું દાતણ ઉપયોગમાં લેવું નહીં.

## દાતણ ન કરવા વિષે.

વ્યતિપાતમાં, રવિવારે, સંક્રાંતિને દિને, ગ્રહણ દિને અને પડવો, પાંચમ, આઠમ, ...વમી, પુનમ, અમાવાસ્યા એ છ તિથિઓએ દાતણ ન કરવું.

## વગર દાતણે મુખશુદ્ધિ કરવાની રીતિ.

દાતણ ન હોય તો મુખશુદ્ધિ કરવાનો વિધિ એવો છે કે, બાર કોગળા પાણીના ...રવા અને જીભની ઊલ તો જરૂર હરરોજ ઉતારવી. જીભ ઉપરથી ઊલ ઉતારવાની ...ાતણની ચીર, જીભને ધીરે ધીરે ઘસીને, તે ચીર, પોતાની સન્મુખ પવિત્ર જગ્યાએ ...ંકવી.

## દાતણની ચીરી ફેંકવાથી જણાતી અગમચેતી.

જો દાતણની ચીર પોતાની સામે પડે તો સર્વ દિશાઓમાં સુખશાંતિ પામે. વળી દાતણની ચીર ઊભી રહે તો સુખ માટે થાય, એથી વિરૂદ્ધ હોય તો દુઃખદાયી સમજવું. ...ણવાર ઊભી રહીને પછી જો દાતણની ચીર પડી જાય તો શાસ્ત્ર જાણનારે એમ કહેવું ... આજે જરૂર મીષ્ટ આહાર મળશે.

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

## દાતણ કરવાના નિષેધ વિષે.

ખાંસી, શ્વાસ, અજીર્ણ, શોક, તૃષા, મોઢું આવવું, મસ્તક, નેત્ર, હૃદય, કર્ણ એટલા ...ગવાળાઓએ દાતણ કરવું નહીં.

## વાળ સમારવા વિષે.

માથાના વાળ નિત્ય સ્થિર થઇને કોઈની પાસે સાફ કરાવવા, પણ પોતે એક સાથે ... હાથવડે વાળ સમારવા નહીં.

## દર્પણ જોવાથી અગમચેતી.

તીલક કરવાને કે મંગળ માટે હરરોજ દર્પણ જોવું, પણ દર્પણમાં જે દિવસે પોતાના ...સ્તક વિનાનું પોતાનું ધડ દેખાય તે દિવસથી પંદર દિવસે પોતાનું મૃત્યુ જાણવું.

જે દિવસે ઉપવાસ, આંબીલ અને એકાસણાદિકનું પચ્ચખાણ કરેલ હોય તે દિવસે ...ું, દાતણ કે મુખશુદ્ધિ કીધા વિના પણ શુદ્ધજ સમજવું; કેમકે, તપ એ જ મહાફળ·

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારી છે. લૌકિકમાં પણ એજ વ્યવહાર છે કે, “ ઉપવાસાદિક તપમાં દાતણ કીધા વિના પણ દેવપૂજા કરવી. ” ઉપવાસાદિકમાં દાતણનો નિષેધ લૌકિકશાસ્ત્રમાં પણ કહેલ છે. વિષ્ણુભક્તિચંદ્રોદયમાં કહેલું છે કે:—

પડવો, અમાવાસ્યા, છઠ્ઠ, મધ્યાહ્ન, નવમી અને સંક્રાંતિને દહાડે દાતણ કરવું નહી. ઉપવાસમાં કે શ્રાદ્ધમાં દાતણ ન કરવું, કેમકે દાંતને દાતણનો સંયોગ સાત કુળને હણે છે. બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય, માંસત્યાગ, એ ચાર વાનાં કોઇપણ વ્રતમાં જરૂર પાળવાં. વારંવાર પાણી પીવાથી, તાંબૂલ ખાવાથી, દિવસે સુવાથી અને મૈથુન સેવવાથી ઉપવાસનું ફળ હણાય છે. સ્નાન કરવું હોય તોપણ જ્યાં કીડીનું દર, નીલફૂલ, સેવાલ, કુંથું જીવ વિગેરે ઘણા થતા ન હોય, જ્યાં વિષમ ભૂમિ ન હોય, જ્યાં જમીનમાં પોલાણ ન હોય, એવી જમીન ઉપર, ઉપરથી ઊડીને આવી પડતા જીવોની યતનાપૂર્વક ગળણાથી ગળેલા પરિમિત પાણીથી સ્નાન કરવું. શ્રાવકદિનકૃત્યમાં કહેલ છે કે:—

ત્રસાદિક જીવરહિત પવિત્ર ભૂમિ ઉપર અચિત્ત કે સચિત્ત અને ગળેલા પ્રમાણવંત પાણીથી વિધિપૂર્વક સ્નાન કરે.

વ્યવહારમાં કહેલું છે કે:—

નગ્ન થઇને, રોગી હોય ત્યારે પરદેશથી આવીને, બધા વસ્ત્ર સહિત, ભોજન કીધા પછી, આભૂષણ પહેરીને, અને ભાઇ પ્રમુખ સગાંવહાલાંને મંગળ માટે વળાવી આવીને તરત સ્નાન ન કરવું. અજાણ્યા પાણીથી, જેમાં પ્રવેશ કરવો મુશ્કેલ હોય એવા પાણીમાં પેસીને, મલિન લોકોએ મલિન કરેલા પાણીમાં, અને સેવાળ કે ઝાડના ગુચ્છથી ઢંકાયલા પાણીમાં પેસીને સ્નાન કરવું એ યોગ્ય નથી. શીતળ જળથી સ્નાન કરીને તરત ઉષ્ણ ભોજન, તેમજ ઉષ્ણ જળથી સ્નાન કરીને તરત શીતળ અન્ન ખાવું નહીં. અને સ્નાન કરીને તેલ માલીસ કરવું નહીં.

## સ્નાન કરતાં જણાતી અગમચેતીઓ.

સ્નાન કરીને ઊઠ્યા પછી તરતજ પોતાના શરીરની કાંતિ બદલાઇ જાય, માંહોમાંહે દાંત ઘસવા લાગી જાય, અને શરીરમાંથી મૃતકના જેવી ગંધ છૂટે તો તે પુરુષ ત્રીજે દિવસે મરણ પામે. સ્નાન કરી રહ્યા કે તરતજ જો હૃદય અને બે પગ એકદમ સુકાઇ જાય તો તે છઠ્ઠે દિવસે મરણ પામે એમાં સંદેહ નથી.

## સ્નાન કરવાનો જરૂરી સમય.

મૈથુન સેવ્યા પછી, ઉલટી કર્યા પછી, સ્મસાનના ધૂમ્રનો સ્પર્શ થયા પછી, નઠારું સ્વપ્ન દીઠા પછી અને ક્ષૌરકર્મ ( હજામત કરાવ્યા ) પછી શુદ્ધ નિર્મળ પવિત્ર જળથી જરૂર સ્નાન કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હજામત ન કરાવવા વિષે.

તૈલાદિ મર્દન કીધા પછી, સ્નાન કીધા પછી, ભોજન કીધા પછી, વસ્ત્રાભૂષણ પહેર્યા પછી, પ્રયાણ કરવાને દિવસે, રણમાં જવા વખતે, વિદ્યા યંત્ર મંત્રાદિકનો પ્રારંભ કરવા વખતે, રાત્રે, સંધ્યાકાળે, પર્વને દિવસે અને નવમે દિવસે (જે દિવસે હજામત કરાવી હોય તે દિવસથી નવમે દિવસે) હજામત કરાવવી નહીં.

ઉત્તમ પુરુષે દાઢી અને મુંછના વાળ તથા નખ એક પક્ષમાં એક જ વાર લેવરાવવા (ઉતરાવવા); અને પોતાના દાંતવડે કે હાથવડે પોતાના નખ ચાવવા કે ઉચ્છેદ કરવા નહીં.

## સ્નાન વિષે.

સ્નાન એ શરીરને પવિત્રતાનું અને સુખનું, તેમજ પરંપરાએ ભાવશુદ્ધિનું કારણ છે. બીજા અષ્ટક પ્રકરણમાં કહેલું છે કે:—

પાણીથી કેવલ શરીરની ચામડીની જ થોડા સમય પૂરતી શુદ્ધિ થાય છે અને તેના સ્નાનથી એકાંતે શુદ્ધિ જ થાય છે એવું પણ નથી; કારણ કે-તેવા પ્રકારના રોગીઓને જરાપણ શુદ્ધિ હોતી નથી. શરીરમાં રહેલાં અન્ય કાન, નાક આદિમાં રહેલા મેલને દૂર ન કરતું હોવાથી, અથવા તો પાણીમાં રહેલાં અપ્કાય સિવાયના બીજા જીવોને ઉપદ્રવ કરનાર ન હોવાથી જલસ્નાન દ્રવ્યસ્નાન (બાહ્યસ્નાન) કહેવાય છે.

જે ગૃહસ્થ ઉપર લખેલી વિધિવડે દેવગુરુની પૂજા કરવા માટે જ દ્રવ્ય સ્નાન કરે છે તેને તે પણ શોભનીય છે. દ્રવ્ય સ્નાન શોભનીય છે, તેનો હેતુ બતાવે છે.

દ્રવ્યસ્નાન એ ભાવશુદ્ધિનું નિમિત્ત છે એ અનુભવસિદ્ધ છે. અપ્કાયની વિરાધનાનો દોષ હોવા છતાં, સમ્યક્ત્વશુદ્ધિ આદિ ગુણો પ્રાપ્ત થતા હોવાથી શુભ છે.

પૂજા કરવામાં અપ્કાયાદિનો વધ થાય છે એટલા જ માટે પૂજા ન કરવી એવી શંકા રાખનારાઓને ઉત્તર આપતાં ગુરુ કહે છે કે, "પૂજા એ સમકિતની શુદ્ધિ કરનારી છે, માટે "પૂજા" એ ભાવનયથી દોષ રહિત જ સમજવી."

ઉપર લખ્યા પ્રમાણે દેવપૂજા માટે ગૃહસ્થને દ્રવ્ય સ્નાન કરવાની આજ્ઞા છે, તેથી "દ્રવ્યસ્નાન પુણ્યને માટે છે." એવું બોલવાવાળા લોકોનો મત અસત્ય છે.

તીર્થ ઉપર સ્નાન કર્યું હોય તો ફક્ત દેહની કાંઇક શુદ્ધિ થાય છે, પરંતુ આત્માની તો એક અંશ માત્ર પણ શુદ્ધિ થતી નથી. જે માટે સ્કંદપુરાણના કાશીખંડમાં છઠ્ઠા અધ્યાયમાં કહેલું છે કે:—

હજારો ભાર માટીથી, પાણીના ભરેલા સેંકડો ઘડાથી, કે સેંકડો તીર્થના સ્નાન કરવાથી પણ દુરાચારી પુરુષો શુદ્ધ થતા નથી. જળજંતુઓ (મચ્છાદિક) જળમાં જ ઉત્પન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે અને તેમાં જ પાછા મરણ પામે છે, પણ તેઓ, મનનો મેલ દૂર થયો ન હોવાથી સ્વર્ગમાં જતા નથી. ગંગાના સ્નાન વિના પણ શમ, દમ, સંતોષાદિકથી મન નિર્મળ થાય છે, સત્ય બોલવાથી મુખ શુદ્ધ થાય છે, બ્રહ્મચર્યાદિકથી શરીર શુદ્ધ થાય છે. રાગાદિકથી મન મલિન થાય છે, અસત્ય બોલવાથી મુખ મલિન થાય છે, અને જીવહિંસાદિકથી કાયા મલિન થાય છે, તો તેથી ગંગા પણ દૂર જ રહે છે. ગંગા પણ એમ જ કહે છે કે–પરસ્ત્રીથી, પરદ્રવ્યથી અને પરદ્રોહથી દૂર રહેનારા પુરુષો મારી પાસે આવીને મને પાવન કરશે.

## ગંગા કોને શુદ્ધ કરે છે તેનું ઉદાહરણ.

કોઈક કુળપુત્ર ગંગા પ્રમુખ તીર્થ કરવા જવા લાગ્યો ત્યારે તેની માતાએ તેને કહ્યું કે–હે પુત્ર! આ મારું તુંબ(તુંબડું) તું સાથે લઇ જા, અને જ્યાં જ્યાં તું સ્નાન કરે, ત્યાં ત્યાં તેને પણ નવરાવજે. કુળપુત્રે માનું કહેવું માન્ય કરી, જે જે તીર્થે ગયો, તે તે તીર્થે તુંબડાને નવરાવ્યું. છેવટ ગંગા પ્રમુખ તીર્થની યાત્રા કરી, પોતાને ઘેર આવ્યો અને માતાનું તુંબ તેને પાછું સમર્પણ કર્યું. ત્યારે તેણીએ તે જ તુંબડાનું શાક કરીને પુત્રને જ પીરસ્યું. મુખમાં નાંખતાં તે તરત જ બોલ્યો, અરે! આટલું બધું કડવું શાક ક્યાંથી કાઢયું? માતાએ કહ્યું કે–શું હજી એની કડવાશ ગઈ નહીં? તેં તો ખરેખર સ્નાન કરાવ્યું જ નહીં હોય. પુત્ર બોલ્યો કે–નહીં, નહીં, મેં તો એને બધા તીર્થ ઉપર મારી જેમ જ નવરાવ્યું હતું. માતા બોલી કે–જો એટલા બધા તીર્થ ઉપર એને સ્નાન કરાવવા છતાં એની કડવાશ ગઈ નહીં, ત્યારે તો ખરેખર તારું પાપ પણ કેવી રીતે ગયું? પાપ તો ખરેખર ધર્મક્રિયા અને જપ તપવડે જ જાય છે. જો એમ ન હોય તો આ તુંબડાનું કડવાપણું કેમ ગયું નહીં? ત્યારે તે પણ પ્રતિબોધ પામ્યો અને જપ તપ કરવા શ્રદ્ધાવંત થયો.

સ્નાન કરવામાં અસંખ્ય જીવમય જળની અને શેવાળ પ્રમુખ જો હોય તો અનંત જંતુની વિરાધના અને અણગળ જળમાં રહેલાં પોરા પ્રમુખ ત્રસ જીવની વિરાધનાનો સંભવ હોવાથી સ્નાન કરવામાં દોષ પ્રખ્યાતજ છે.

જળ એ જીવમયજ છે એ વિષે ઉત્તરમીમાંસામાં કહ્યું છે કેઃ–

કરોળીઆના મુખમાં જે તંતુ છે, તે તંતુમાં પડેલા પાણી મધ્યેના એક બિંદુમાં જેટલા જીવો છે, તે જીવોની સૂક્ષ્મ ભ્રમરના પ્રમાણે કલ્પના કરી હોય તો ત્રણે જગતમાં પણ સમાઈ શકે નહીં.

## ભાવસ્નાનનું સ્વરૂપ.

ધ્યાનરૂપ જળે કરીને જીવને સદાય જે શુદ્ધિનું કારણ થાય અને જેનો આશ્રય લઇને કર્મરૂપ મેલ ધોવાય તેને ભાવસ્નાન કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પૂજા વિષે.

જે કોઈક પ્રાણીને સ્નાન કરવાથી પણ જો ગુમડું, ચાઠું, ઘાવ વિગેરેમાંથી પરૂ કે રસી ઝરતાં બંધ ન થવાને લીધે દ્રવ્યશુદ્ધિ ન થાય તો તે પુરુષે અંગપૂજા માટેના પોતાના ફૂલ ચંદનાદિક બીજા કોઈને આપીને તેની પાસે ભગવાનની પૂજા કરાવવી, અને પોતે દૂરથી અગ્રપૂજા ( ધૂપ, અક્ષત, ફળ ચડાવીને ) તથા ભાવપૂજા કરવી. કેમકે, શરીર અપવિત્ર હોય ત્યારે પૂજા કરે તો લાભને બદલે આશાતનાનો સંભવ થાય છે, માટે તેને અંગપૂજા કરવાનો નિષેધ છે. કહ્યું છે. કે:—

આશાતના થવાનો ભય ન રાખતાં અપવિત્ર અંગે ( શરીરના કોઈપણ ભાગમાંથી પરૂ કે રસી વિગેરે વહેતી હોય તો ) દેવપૂજા કરે, અથવા જમીન ઉપર પડી ગયેલાં ફૂલથી પૂજા કરે, તો તે ભવાંતરમાં ચંડાળની ગતિને પામે.

## આશાતના કરવાથી થતા નુકશાન વિષે દૃષ્ટાંત.

કામરૂપ નગરમાં કોઈક ચંડાળને ઘેર એક પુત્ર ઉત્પન્ન થયો. તેનો જન્મ થતાં જ, તેના પૂર્વભવના વૈરી વ્યંતર દેવતાએ, ત્યાંથી હરણ કરીને તેને વનમાં મૂકયો. એ વખતે કામરૂપ પટ્ટણનો રાજા, વનમાં ફરવા નીકળેલો હતો, તેણે તે બાળકને વનમાં પડેલો દેખી પોતે અપુત્રીઓ હોવાથી, તેને પોતાના દરબારમાં લાવીને, પુણ્યસાર એવું નામ આપી, પાળીપોષીને યોવનાવસ્થા સુધી પહોંચાડ્યો. છેવટે તેને રાજ્ય આપી, રાજાએ દીક્ષા લીધી અને સંજમ પાળતાં વિચરીને, કેટલેક કાળે તે કેવળજ્ઞાન પામી, પાછા કામરૂપ પટ્ટણે આવ્યા ત્યારે પુણ્યસાર રાજા તેમજ નગર લોકો તેમને વંદન કરવા આવ્યા. આ અવસરે પુણ્યસારને જન્મ આપનારી, જે તેની ચંડાળણી માતા હતી, તે પણ ત્યાં આવી. સર્વ સભા સમક્ષ રાજાને દીઠો કે, તરત જ તેણીના સ્તનમાંથી દૂધની ધારા છૂટી, ધરતી પર પડવા લાગી. આ જોઈ રાજાના મનમાં ઘણું આશ્ચર્ય લાગવાથી, તે કેવળી મહારાજને પૂછવા લાગ્યો કે-હે મહારાજ ! આ ચંડાળણીના સ્તનમાંથી મને દેખીને દૂધની ધારા કેમ છૂટી ? કેવળીએ કહ્યું કે-રાજન્ ! એ તારી માતા છે, મેં તો તને વનમાં પડેલો દેખી ત્યાંથી ઉઠાવી લીધો હતો. રાજા પૂછવા લાગ્યો કે-સ્વામિન્ ! શા કર્મથી હું ચંડાળના કુળમાં ઉત્પન્ન થયો ? ઉત્તર આપતાં કેવળીએ જણાવ્યું કે-પૂર્વભવમાં તું વ્યાપારી હતો. તેં એકદા જિનેશ્વરની પૂજા કરતાં પુષ્પ જમીન ઉપર પડેલું હતું તે ચડાવવા લાયક નથી એમ જાણતાં છતાં પણ એમાં શું થયું ? એમ અવજ્ઞા કરીને પ્રભુને તેં ચડાવ્યું હતું, તેથી તું ચંડાલ થયો છે. કહેલું છે કે:—અયોગ્ય ફળફુલ કે નૈવેદ્ય ભગવાનને ચડાવે તો તે પ્રાયઃ પરલોકમાં નીચ કુળમાં ઉત્પન્ન થવાનું કર્મ બાંધે છે.

તારા પૂર્વભવની જે માતા હતી તેણીએ એક દિવસ અધર્મ( રજસ્વળા )માં આવેલી છતાં પણ દેવપૂજા કરી; તે કર્મથી મરણ પામ્યા પછી ચંડાળણી થઈ છે. આવાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચન સાંભળીને રાજાએ વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરી. અપવિત્રતામાં અને જમીન પર પડેલાં પુષ્પથી પૂજા કરવાને લીધે નીચ ગોત્ર બાંધ્યું તે ઉપર માતંગની કથા કહી.

ઉપરના દૃષ્ટાંતમાં બતાવ્યા મુજબ નીચ ગોત્ર બંધાય છે, માટે પડી ગયેલ પુષ્પ સુગંધીયુક્ત હોય તોપણ પ્રભુને ચડાવવું નહીં. જરા માત્ર પણ અપવિત્રતા હોય, તો પ્રભુપૂજા કરવી નહીં. ખાસ કરીને સ્ત્રીધર્મમાં આવેલી સ્ત્રીએ મોટી આશાતનાઓનો દોષ હોવાથી પૂજા કરવી નહીં.

## પૂજા કરતી વખતે કેવાં વસ્ત્ર જોઇએ.

પૂર્વોક્ત રીતે સ્નાન કર્યા પછી, પવિત્ર, સુકુમાળ, સુગંધી, રેશમી કે સુતરાઉ સુંદર વસ્ત્ર, રૂમાલ પ્રમુખથી અંગલુંહણ કરી, બીજું શુદ્ધ વસ્ત્ર પહેરતાં ભીનું વસ્ત્ર યુક્તિપૂર્વક ઉતારીને ભીના પગથી મલિન જમીનને નહીં ફરસતાં પવિત્ર સ્થાનકે આવીને ઉત્તર દિશા સામે ઊભા રહીને મનોહર, નવાં, ફાટેલાં નહીં, સાંધેલાં નહીં, તેમજ પહોળાં અને સફેદ બે વસ્ત્ર પહેરવા.

શાસ્ત્રમાં કહેલું છે કે—યથાયોગ નિર્મળ જળથી શરીરને શુદ્ધ કરીને પછી નિર્મળ ધૂપથી ધૂપેલા અને ધોએલાં બે વસ્ત્ર પહેરે. લૌકિકમાં પણ કહેલું છે કે–હે રાજન્! દેવપૂજાના કાર્યમાં સાંધેલું, બળેલું, ફાટેલું કે પારકું વસ્ત્ર પહેરવું નહીં. એક વાર પણ પહેરેલું, જે પહેરીને વડીનીતિ, લઘુનીતિ કે મૈથુન કીધું હોય તેવું વસ્ત્ર ન પહેરવું. એકજ વસ્ત્ર પહેરીને ભોજન કરવું નહીં, તેમજ દેવની પૂજા પણ કરવી નહીં. સ્ત્રીઓએ પણ કંચુકી( કાંચળી ) પહેર્યા વિના પૂજા ન કરવી.

એવી રીતે પુરૂષને બે અને સ્ત્રીને ત્રણ વસ્ત્ર પહેર્યા વિના પૂજા કરવી કલ્પે નહીં. દેવપૂજા પ્રમુખમાં ધોએલાં વસ્ત્ર મુખ્ય વૃત્તિએ અતિવિશિષ્ટ ( સારાં ) ક્ષીરોદકાદિક જેવાં ધોળાંજ વાપરવાં. ઉદયન રાજાની રાણી પ્રભાવતી આદિનાં સફેદ અને ધોળાં જ વસ્ત્ર· નિશીથ આદિમાં કહેલાં છે. " सेअवच्छंनिअंसणो " સફેદ વસ્ત્ર પહેરીને ( પૂજા કરવી ) એમ શ્રાવકદિનકૃત્યમાં પણ કહેલું છે.

ક્ષીરોદક વસ્ત્ર પહેરવાની શક્તિ ન હોય તો રેશમી ધોતીયાં સુંદર વાપરવાં. પૂજાષોડશકમાં પણ " सितशुभवस्त्रेण " " સફેત શુભ વસ્ત્રો " એમ લખ્યું છે. તેની ( પૂજાષોડશકની ) વૃત્તિમાં કહ્યું છે કે, सितवस्त्रेण शुभवस्त्रेण च शुभमिह सितादन्यदपि पट्टयुग्मादिरक्तपीतादिवर्णं परिगृह्यते સફેત અને શુભ વસ્ત્રો વાપરવાં, શુભ અહિંયાં કોને ગણવાં ? તો કે, સફેત કરતાં જુદાં પણ પટોળાં વિગેરે કલ્પે. રાતાં પીળાં વિગેરે વર્ણવાળાં પણ ગ્રહણ કરાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉત્તરાસણ કેવું વાપરવું.

**पगसाडिअं उत्तरासंगं करेइ** એવા આગમના પ્રમાણથી ઉત્તરાસણ અખંડ એકજ કરવું. પણ એ ખંડ જોડીને કરેલું ન જોઇએ. રેશમી વસ્ત્ર ભોજનાદિ કરવા છતાં પણ હંમેશા પવિત્ર જ છે એ લોકોક્તિ જિનપૂજામાં અપ્રામાણિક છે. રેશમી વસ્ત્રો પણ બીજા વસ્ત્રોની માફક, ભોજન, મલસૂત્ર, અશુચીસ્પર્શવર્જન આદિથી સાચવવાં. દેવપૂજામાં વાપરવાનાં વસ્ત્ર વારંવાર ધોવાં ધુપવાં વિગેરેથી સાફ રાખવાં. થોડી વારજ વાપરવાં. તેમજ પરસેવો, સલેખમ, થુંક, બળખો એ વસ્ત્રથી ન લુછવાં, તેમજ વળી હાથ, પગ, નાક, મસ્તક પણ નહીંજ લુંછવા, તેમજ પોતાના સંસારિક કામનાં વસ્ત્રની સાથે કે પારકાં બાળ, વૃદ્ધ, સ્ત્રી પ્રમુખનાં વસ્ત્રની સાથે ન મૂકવાં, તથા પ્રાયે પારકાં વસ્ત્ર પહેરવાં જ નહીં. જો વારંવાર એમ યુક્તિથી ન સાચવે તો અપવિત્ર થવાના દોષનો સંભવ થાય છે.

## બીજાનું વાપરેલું વસ્ત્ર ન વાપરવાનું દૃષ્ટાંત.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

સંભળાય છે કે, કુમારપાલ રાજાના પૂજા માટેના વસ્ત્રો બાહડ મંત્રીના નાના ભાઇ ચાહડે વાપર્યાં ત્યારે રાજાએ કહ્યું કે-નવું વસ્ત્ર મને આપ, ત્યારે તેણે કહ્યું કે, મહારાજ, એવું સાફ નવું રેશમી વસ્ત્ર તો અહિયાં મળતું જ નથી. પણ સવાલાખ દ્રવ્યના મૂલથી નવા વસ્ત્ર બંબેરા નગરીમાં બને છે, પરંતુ ત્યાંનો રાજા તે એક દિવસ પહેરીને પછીજ અહિંયાં મોકલાવે છે. આવાં વચન સાંભળીને કુમારપાળ રાજાએ બંબેરા નગરીના અધિપતિને સવાલાખ દ્રવ્ય આપવાનું જણાવી તદ્દન નવું પહેર્યા વગરનું વસ્ત્ર મોકલવાને કહેવરાવ્યું. તેણે તે આપવાની ના પાડી, તેથી કુમારપાળ રાજા તેના પર કોપાયમાન થયો; જેથી તેણે ચાહડને બોલાવી કહ્યું કે, આપણું મોટું સૈન્ય લઇને તું બંબેરા નગરે જઇ જય કરીને ત્યાંના પટોળાં અને પટોળાંના કારીગરોને અહિંયાં લઇ આવ. તું દાન આપવામાં ઉદાર છે તે ખરૂં પણ વિશેષ ખરચ ન કરતો. તે વચન અંગીકાર કરીને ત્યાંથી મોટું સૈન્ય લઇ ત્રીજે પ્રયાણે ચાહડ બંબેરે જઇ પહોંચ્યો. બંબેરાના સ્વામીએ તેની પાસે લાખ દ્રવ્ય માંગ્યું પરંતુ કુમાળપાળે ના પાડેલી હોવાથી તેણે આપ્યું નહીં, અને છેવટે રાજાના ભંડારના દ્રવ્યનો વ્યય કરીને (જેણે જેમ માંગ્યું તેને તેમ આપીને) ચોદસેં ઉંટડીઓ ઉપર ચડેલા બે બે શસ્ત્રધારી સુભટોને સાથે લઇ અકસ્માત્ રાત્રિને સમયે બંબેરા નગરને વીંટીને સંગ્રામ કરવા ધાર્યું. પણ તે રાતે ત્યાંના લોકોમાં સાતસો કન્યાઓનાં લગ્ન હતાં તે સાંભળીને તેઓને વિઘ્ન થાય નહીં માટે રાત્રે વિલંબ કરી સવારના પહોરમાં પોતાના સૈનિક બળથી તેણે ત્યાંના કીલ્લાના ચુરેચુરા કરી નાંખીને અંદર પેસી ત્યાંના અધિપતિનો-દરબારનો ગઢ તાબે કર્યો. પછી પોતાના રાજા કુમારપાળની આણ મનાવીને ત્યાંના ખજાનામાંથી સાત કરોડ સોના મહોર અને અગીઆરસે ઘોડા તથા ત્યાંનાં સાતસો સાળવીઓને સાથે લઇ તે મોટા મહોત્સવ સહિત પાટણ નગરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી કુમારપાળ રાજાને નમ્યો. કુમારપાળ બોલ્યો કે, તારી નજર મોટી તે મોટીજ રહી. કેમકે તેં તો મારા કરતાં પણ ઘણો ખરચ કીધો, એટલો ખરચ તો હું પોતે ગયો હોત તોપણ થાત નહીં. આવાં વચન સાંભળીને ચાહડ બોલ્યો કે, મહારાજ, જે ખરચ થયું તે તમારીજ મોટાઇ છે. મેં જે ખર્ચ કર્યું છે, તે તમારાજ બળથી કીધું છે; કેમકે, મોટા સ્વામીના કામ પણ મોટા ખર્ચથીજ થાય છે. જે ખર્ચ થાય તે મોટાનીજ મોટાઇ છે. મેં જે ખર્ચ કર્યું તે મારા માથે મોટા સ્વામી છે ત્યારેજ થયું ને ? આવાં વચન સાંભળીને રાજા ઘણોજ ખુશી થયો અને 'રાજ્યઘરટ્ટ' એવું બિરદ આપી મોટો માનશાળી કર્યો.

## પૂજામાં દ્રવ્ય શુદ્ધિ.

અને પોતેજ સારા સ્થાનથી અથવા જેના ગુણ જાણતો હોય એવા સારા માણસ પાસેથી પાત્ર, ઢાંકણું, લાવનાર માણસ અને માર્ગ એ બધાની પવિત્રતાની યતના રાખી વિધિપૂર્વક પાણી, ફુલ આદિ વસ્તુ લાવવી. ફુલો વિગેરે આપનારને સારૂં મૂલ્ય આપી ખુશ કરવો. સારો મુખકોશ બાંધી પવિત્ર ભૂમિ જોઇ, જીવાદિરહિત સારૂં કેશર કપૂર વિગેરે વસ્તુથી મિશ્ર કરેલું ચંદન ઘસવું, વીણેલાં અને ઉંચા આખા ચોખા, શોધેલો ધૂપ અને દીપ, સરસ નૈવેદ્ય તથા મનોહર ફલો ઇત્યાદિ સામગ્રી એકઠી કરવી. એ રીતિએ દ્રવ્યશુદ્ધિ કહી છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## પૂજા માટે ભાવશુદ્ધિ.

કોઇ ઉપર રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષા, આલોક-પરલોકનાં સુખની ઇચ્છા, યશ અને કીર્તિની વાંછા, કોતુક, વ્યાકૂલતા, વિગેરે ટાળીને ચિત્તની એકાગ્રતા રાખીને જે પૂજા કરવી તે ભાવશુદ્ધિ કહેવાય છે. કહ્યું છે કે-

મનની શુદ્ધિ, વચનની શુદ્ધિ, કાયાની શુદ્ધિ, વસ્ત્રની શુદ્ધિ, ભૂમિની શુદ્ધિ, પૂજાના ઉપકરણની શુદ્ધિ, સ્થિતિ શુદ્ધિ એમ ભગવંતની પૂજાના અવસરે સાત પ્રકારની શુદ્ધિ કરવી. એમ દ્રવ્યથી અને ભાવથી શુદ્ધિ કરીને પવિત્રપણે દેરાસરમાં પ્રવેશ કરે. આ વિધિ ગૃહચૈત્ય માટે પણ સમજવી.

## દેરાસરમાં પ્રવેશ કરવાનો ક્રમ.

દેરાસરની જમણી દિશાની શાખાને આશ્રયીને (જમણા પડખાથી) પુરૂષે દેરાસરમાં પ્રવેશ કરવો, અને ડાબી બાજુની શાખાને આશ્રયીને સ્ત્રીએ દેરાસરમાં પ્રવેશ કરવો. પણ દેરાસરના દરવાજા આગળનાં પહેલા પગથીયા ઉપર સ્ત્રી અથવા પુરૂષે જમણો જ પગ મુકીને ઉપર ચઢવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વદિશા કે ઉત્તરદિશા સામે બેસીને ચંદ્રનાડી વહેતાં સુગંધવાળા મીઠા પદાર્થોથી દેવની પૂજા કરે. સમુચ્ચયથી કેવી યુક્તિપૂર્વક દેવની પૂજા કરવી તે વિધિ બતાવે છે–ત્રણ નિસ્સહિ ચિંતવવી, ત્રણ પ્રદક્ષિણા ફરવી, ત્રિકરણ ( મન. વચન, કાયા ) શુદ્ધિ કરવી એ વિધિથી શુદ્ધ પવિત્ર પાટલા પ્રમુખપર પદ્માસનાદિક સુખે બેસી શકાય એવા આસને બેસીને ચંદનના વાસણમાંથી બીજા વાસણ ( વાટકી ) વિગેરેમાં કે હાથની હથેળીમાં ચંદન લઈને કપાળમાં તિલક કરી હાથમાં કંકણ કે નાડાછડી બાંધીને હાથની હથેલી વળી ચંદનના રસથી વિલેપનવાળી કરી ધૂપથી ધૂપી પછી ભગવંતની ( આ પુસ્તકમાં આગળ કહેવાશે તે વિધિપૂર્વક પૂજાત્રિક ( અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા ) કરીને પહેલાં કર્યું હોય ન કર્યું હોય પણ પ્રભુ સાક્ષીએ પચ્ચકખાણ કરે.

( મૂળ ગ્રંથ ગાથા ૬ટ્ઠી )

**विहिणा जिणं जिणगेहे गंतुं अच्चेइ उचियचिंतरओ ॥**
**उच्चरइ पच्चक्खाणं दढपंचाचारगुरुपासे ॥ ६ ॥**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

વિધિપૂર્વક જિનેશ્વર ભગવંતને દેરે જઈ વિધિપૂર્વક ઉચિત ચિંતવણા કરીને ( દેરાસરની દેખરેખ કરીને ) વિધિપૂર્વક જિનની પૂજા કરે. એમ સામાન્ય અર્થ બતાવી વિશેષ અર્થ બતાવે છે.

## જિનમન્દિર જવાનો વિધિ.

મન્દિર જનાર જો રાજા પ્રમુખ મહર્દ્ધિક હોય તો સર્વ ઋદ્ધિથી, સર્વ ઐશ્વર્યથી સર્વ યુક્તિથી, સર્વ બળથી, સર્વ પરાક્રમથી, જૈન શાસનનો મહિમા વધારવા માટે મોટી ઋદ્ધિપૂર્વક મન્દિર જાય. જેમ દશાર્ણભદ્ર રાજા શ્રી વીતરાગને વંદન કરવા ગયો હતો તેવી રીતે જાય.

## દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાંત.

દશાર્ણભદ્ર રાજાએ અભિમાનથી એવો વિચાર કર્યો કે, જેવી રીતે કોઈએ પણ મહાવીરને વાંદ્યા ન હોય એવા ઠાઠમાઠથી હું વાંદવા જાઉં. એમ ધારી તે પોતાની સર્વ ઋદ્ધિ સહિત, પોતાના સર્વ પુરૂષોને યથાયોગ્ય શૃંગાર પહેરાવીને તથા દરેક હાથીના કુંભસ્થળ ઉપર સોના રૂપાના શંગાર પહેરાવીને ચતુરંગિની સેના સહિત પોતાની અંતેઉરીઓને સોના રૂપાની પાલખીઓ કે અંબાડીઓમાં બેસારીને સર્વને સાથે લેઇ

ઘણાજ ઠાઠથી ભગવંતને વાંદવા આવ્યો. તે વખતે તેને ઘણુંજ અભિમાન થયેલ જાણ તેનો મદ ઉતારવા માટે સૌધર્મેંદ્રે શ્રીવીરને વાંદવા આવતાં દિવ્ય ઋદ્ધિની રચના કરી તે વૃદ્ધ ઋષિમંડળ સ્તોત્રવૃત્તિથી અહિંયાં બતાવે છે.

પાંચસે ને બાર મસ્તકવાલા, એવા ચોસઠ હજાર હાથી બનાવ્યા. તેના એકે મસ્તકે ( કુંભસ્થળે ) આઠ આઠ દંતુશળ, એકેક દંતુશળે આઠ આઠ વાવડીઓ, એકેક વાવમાં લાખ પાંખડીવાળા આઠ આઠ કમળ, અને દરેક પાંખડીમાં બત્રિસ દિવ્ય નાટક, દરે કર્ણિકામાં એકેક દિવ્ય પ્રાસાદ અને દરેક પ્રાસાદમાં અગ્રમહિષીની સાથે ઇન્દ્ર ભગવાનન ગુણ થાય છે, એવી ઋદ્ધિથી ઐરાવત હાથી ઉપર બેસી આવતા ઇન્દ્રને જોઇ, દશાર્ણ ભદ્ર રાજાએ દીક્ષા ગ્રહણ કરી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી.

શક્રેન્દ્રે બનાવેલા હાથીઓના મુખની, કમળની, તેમજ કમળની પાંખડીની સંખ્યા પૂર્વાચાર્યોએ આવી રીતે બતાવી છે.

તે એક હાથીને ચાર હજાર ને છન્નું દંતુશળ, બત્રીસ હજાર સાતસેં ને અડસઠ વાવો, બે લાખ બાસઠ હજાર એકસો ચુમાલીસ કમળ, અને તેટલીજ સંખ્યા કર્ણિકામાં રહેલાં પ્રાસાદાવતંસકમાં થતા નાટકની છે. ૨૬ અબજ, એકવીસ કરોડ, ચુમાલીસ લાખ કમળની પાંખડીઓ જાણવી. એવા ચોસઠ હજાર ઐરાવણ હાથી હતા, તેમનાં મુખ વિગેરેની સર્વ સંખ્યા આ મુજબ છે. તેના કુલ ત્રણ કરોડ, સત્તાવીસ લાખ ને અડસઠ હજાર મુખની સંખ્યા સમજવી અને છવીસ કરોડ, એકવીસ લાખ, ચુમાલીશ હજાર કુલ દાંતની સંખ્યા જાણવી. કુલ વાવો –બસો નવ કરોડ, ઇકોતેર લાખ, બાવન હજાર; કુલ કમળ બારસેં સીત્તોતેર કરોડ, બહોંતર લાખ, સોળ હજાર; કર્ણિકા નાટક અને પાંખડી–સોળ કોડાકોડી, સીત્તોતેર લાખ કરોડ, બહોંતર હજાર કરોડ, એકસો સાઠ કરોડ; અને કુલ નાટકમાં બનેલા રૂપની સંખ્યા પાંચસેં કોડાકોડી, છત્રીસ કોડાકોડી, સત્યાસી લાખ કોડી, નવ હજાર કોડી, સો કોડી વીસ કરોડ જાણવી. એમ આવશ્યક સૂત્રની ચૂર્ણીમાં કહેલું છે. વળી એકેકા પ્રાસાદાવતંસકમાં આઠ આઠ અગ્રમહિષીની સાથે તે સર્વ ઇંદ્રની સંખ્યા સર્વ કમળના બરાબર સમજવી, અને સર્વ ઇંદ્રાણીની સંખ્યા તેર હજાર, ચારસેં એકવીસ કરોડ, સીત્તોતેર લાખ, અઠાવીસ હજાર જાણવી. અને એકેક નાટકમાં સર્વ સરખા શૃંગારના ધારણ કરનારાં એકસો આઠ દેવકુમાર, ને એકસો આઠ દેવકુમારી જાણવી.

વાજિંત્રની જાત તથા સંખ્યાઃ—૧ શંખ, ૨ શૃંગિકા ( સીંગડી ), ૩ શંખિકા, ૪ પેયા, ૫ પરિપરિકા, ૬ પણવ, ૭ પટહ, ૮ ભંભા, ૯ હોરંભા, ૧૦ ભેરી, ૧૧ ઝલરી, ૧૨ દુંદુભિ, ૧૩ મુરજ ૧૪ મૃદંગ ૧૫ નાંદી મૃદંગ ૧૬ આલિંગ, ૧૭ કુસ્તુમ્બ, ૧૮ ગોમુખ, ૧૯ મરદલ, ૨૦ વિપંચી, ૨૧ વલ્લકી, ૨૨ ભ્રામરી, ૨૩ ષડ્ ભ્રામરી, ૨૪ પરિવાદિની, ૨૫ બબ્બીવિશા, ૨૬ સુઘોષા, ૨૭ નંદિઘોષા, ૨૮ મહતી, ૨૯ કચ્છપી, ૩૦ ચિત્રવીણા, ૩૧ આમોટ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૨ ઝંઝા, ૩૩ નકુલ, ૩૪ તૂણા, ૩૫ તુંબવીણા, ૩૬ મુકુંદ ૩૭ હુડુક્કા, ૩૮ ચિરચિકી, ૩૯ કરટી, ૪૦ ડિંડિમ, ૪૧ કિણિત, ૪૨ કડંબ, ૪૩ દર્દરક, ૪૪ દર્દરિકા, ૪૫ કુસ્તુંબર, ૪૬ કળશિકા, ૪૭ તળ, ૪૮ તાળ, ૪૯ કરતાલ, ૫૦ રિંગીશીકા, ૫૧ મકરિકા ૫૨ શિશુમારિકા, ૫૩ વંશ, ૫૪ વાલી, ૫૫ વેણુ, ૫૬ પરીલી, ૫૭ બંધુકા, એ આદિક વાજિંત્રોની સમજુતી નીચે મુજબ જાણવી. દરેક વાજિંત્રના વજાડનારા એકસો ને આઠ આઠ સમજવા.

૧ શંખ એ તીક્ષ્ણ સ્વરનું વાજિંત્ર છે, મોટો શંખ સમજવો. ૨ શૃંગીકા (સીંગડી)–એ વાજિંત્ર પ્રસિદ્ધ છે. ૩ શંખિકા–નાનો શંખ–એ ગંભીર સ્વરનું વાજિંત્ર છે. ૪ પેયા–મોટી કાહલા વાજિંત્ર વિશેષ છે. ૫ પરિપરિકા–એ કરોળીઆના પડની પેઠે બહારથી ચામડું મઢેલું અને પાછળથી ખાલી એવું વાજિંત્ર, જે લોકોમાં ડફ નામથી ઓળખાય છે. ૬–૭ પણવ તથા પટહ એ બન્ને એકજ જાતિના છે, નાનો તે પણવ અને મોટો તે પટહ ગણાય છે. પાલી જેવા લાંબા ભાજન ઉપર ચર્મવેષ્ટિત હોય છે એને પડો વાજિત્ર કહે છે. ૮–૯–૧૦—ભંભા હોરંભા ભેરી એ ત્રણ વાદિત્ર એકજ સરખા હોય છે, ઢોલના આકારે હોય છે. ૧૧ ઝલ્લરી તે ચર્મથી વેષ્ટિત વિસ્તીર્ણ વંશવાળી ગોળ આકારે હોય છે. ૧૨ દુંદુભી—તે ઢોલને આકારે સાંકડે મુખે હોય છે એ દેવ વાજિંત્ર છે. ૧૩ મુરજ તે મોટો મર્દલ. ૧૪ મૃદંગ તે લઘુ મર્દલ. ૧૫ નાંદિ મર્દલ તે એક તરફ સાંકડું મુખ અને બીજી તરફ પહોળું મુખ હોય છે, એને લોકોમાં મૃદંગ કહે છે. ૧૬ આલીંગ તે મોટો મૃદંગ પ્રમાન છે. ૧૭ કુસ્તુંબ તે ચર્મ વેષ્ટિત ઘુડ નામનું વાજિંત્ર છે. ૧૯ મર્દલ તે બન્ને તરફ સરખું હોય છે. ૨૦ વિપંચી તે ત્રણ તંતુવાળી વીણા સમજવી. ૨૧ વલ્લકી તે સામાન્ય વીણા. ૨૪ પરિવાદિની તે સાત તંતુવાળી વીણા. ૨૮ મહતીત સોતંતુવાળી વીણા, ૩૫ કુસ્તુમ્બ–તુંબ વીણા–તંબુરો તુંબ યુક્ત વીણા ૩૬ મુકુંદ તે મુરજ વિશેષ છે, જે પ્રાયઃ અતિલીન થવાય તે પ્રમાણે વગાડાય છે. ૩૭ હુડુક્કા એવા નામનું વાજિંત્ર વિશેષ છે ૪૦ ડિંડિમ તે અવસરને જણાવનાર પણવ જેવો છે ૪૨ કડંબા, કરટિકા, ૪૩ દર્દરક, એ પ્રસિદ્ધ ૪૪ નાના દર્દરકને દર્દરિકા કહેવાય છે. ૪૭ તળ એ હાથથી વગાડવાનું એક જાતિનું તાલ છે. ૫૪ વાલી એ મુખથી વગાડવાનું તુણવિશેષ વાજિંત્ર છે. ૫૭ બંધુક એ પણ તુણને મળતું વાજિંત્ર મુખથી ફુંકીને વગાડવાનું છે. બાકીના બીજા લોકથી જાણી લેવાં. વધારે નામ ગણાવેલાં છતાં પણ ઓગણપચાસ વાજિંત્રોમાં સર્વનો સમાવેશ થઈ જાય છે. જેમ વેણુ, વીણા, વાલી, પરલી, બંધુકા એ બધાંનો શંખમાં સમાવેશ થાય છે. શંખ, શંખિકા, શૃંગી, ખરમુખી, પેયા, પરપરીકા એ બધા ફુંકવાથી વાગે છે. પટહ, પણવ એ દાંડીથી વગાડવામાં આવે છે. ભંભા, હોરંભા એ બન્ને અફાળતાં (ઘાવ કરતાં) વાગે છે. ભેરી, ઝલ્લરી, દુંદુભી તાડના કરતાં વાગે છે. મુરજ, મૃદંગ, નાંદિ, મૃદંગ એ આલાપ કરતાં આંગળીઓથી વાગે છે. આલીંગ કુસ્તુમ્બ, ગોમુખી, મર્દલ એ જોરથી તાડતાં આંગળીથી વાગે છે. વિપંચી, વીણા અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वल्लकी मूर्च्छना करतां वागे छे. भ्रामरी, षड् भ्रामरी, परिवादिनी ए त्रण हलावतां वागे छे. बब्बीसा, सुघोषा, नंदिघोषा, तारना फेरववाथी वागे छे. महती, कच्छपी, चित्रवीणा ए तारने कूटतां वागे छे. आमोट, झंझा, नकुल, ए वाजित्र तारने मरडतां वागे छे. तुण, तुंबवीणा ए स्पर्श करतां वागे छे. मुकुंद, हुडुक्का, चिच्चिकी ए मुर्च्छना करतां वागे छे. करटी, डिंडिम, किणत, कडंब वगाडतां वागे छे. दर्दर, दर्दरी, कुस्तुंबर, कलशिका ए घणुं ताडन करता वागे छे. तळ ताळ, कांसा ताळ ए वगाडतां वागे छे. रीगिसिका, लत्तिका, मकरिका, शिशुमारिका ए घसवाथी वागे छे. वंश, वेणु, वाली, पिरीली, बंधुक ए फुंकतां वागे छे. आ सर्व वाजिंत्र देवकुमार अने देवकुमारीओ एकी साथे वगाडे छे अने गाय छे.

## बत्रीसबद्ध नाटकनां नाम.

अष्ट मंगळिक प्रविभक्तिचित्र ( स्वस्तिकने आकारे नाचवुं, एमज श्री वच्छ, नंदावर्त्त, सरावसंपुट, भद्रासन, कळस, मत्स अने दर्पण, एओना आकारे नाटक करवुं; एने अष्ट मंगळिक प्रविभक्तिचित्र नामा नाटक कहे छे.) २ वासंती लता पद्मलता प्रविभक्तिचित्र. ( आववुं, जवुं, पाछुं जवुं, हारबंध थवुं, सामसामा हारबंध थवुं, स्वस्तिकने आकारे बनी जवुं, पुष्पमान, सराव संपुट, मत्सनुं इंडुं, मघर मत्सनुं इंडुं, जारमार, पुष्पश्रेणि, कमळपत्र, सागरतरंग ). ३ इहा मृग, वृषभ, तुरग, नर, मकर, पक्षी, सर्प, किन्नर, रुरु, चमरी, अष्टापद, कुंजर, वनलता, पद्मलता, प्रविभक्तिचित्र नामा नाटक. ४ एक तरफ वक्र, बीजी तरफ खडग, एक तरफ चक्रवाळ, द्विधा चक्रवाळ, चक्रार्द्ध चक्रवाळ प्रविभक्तिचित्र नामा नाटक. ५ चंद्राकार, सूर्याकार, वलयाकार, ताराकार, हंसाकार, मुक्ताकार, हाराकार, कनकावळी, रत्नावळी, अभिनयात्मक आवली प्रविभक्तिचित्र नामनुं नाटक. ६ चंद्र ऊगवाना आकारनो देखाव, सूर्य ऊगवाना आकारनो देखाव ते चंद्र सूर्योदय प्रविभक्तिचित्र नामा नाटक. ७ चंद्रना अने सूर्यना आगमननी रचना ते गमनागमन प्रविभक्ति नामनुं नाटक. ८ चंद्र सूर्य अवतरण प्रविभक्तिचित्र नामा नाटक. ९ चंद्र अने सूर्यना अस्तना आकारना देखावरूप प्रविभक्तिचित्र नामा नाटक. १० चंद्र, सूर्य, नाग, यक्ष, भूत, राक्षस, महोरग, गांधर्व, मंडळाकार प्रविभक्तिचित्र नामा नाटक. ११ वृषभ सिंहनां ललित, गज अश्वनां विलसित, मदोन्मत्त हाथी घोडानां विलसित, मदोन्मत्त हाथी घोडाना विलंबित, रूप द्रुत विलंबित प्रविभक्तिचित्र. १२ सागर नागर प्रविभक्ति चित्र. १३ नंदा चंपा प्रविभक्तिचित्र. १४ मत्सांडक, मकरांडक, जारमार प्रविभक्तिचित्र. १५ क ख ग घ ङ. प्रविभक्तिचित्र. १६ च छ ज झ ञ प्रविभक्तिचित्र. १७ ट ठ ड ढ ण प्रविभक्तिचित्र १८ त थ द ध न प्रविभक्तिचित्र. १९ प फ ब भ म प्रविभक्तिचित्र २० अशोक आम्र, जंबु, कोशंब, पल्लव प्रविभक्तिचित्र. २१ पद्मलता, नागलता,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશોકલતા, ચંપકલતા, આમ્રલતા, વનલતા, અતિમુકતલતા, શ્યામલતા પ્રવિભકિતચિત્ર ૨૨ દ્રુત પ્રવિભકિતચિત્ર. ૨૩ વિલંબિત પ્રવિભકિતચિત્ર ૨૪ દ્રુતવિલંબિત પ્રવિભકિતચિત્ર ૨૫ અંચિત પ્રવિભકિતચિત્ર ૨૬ રિંભિત પ્રવિભકિતચિત્ર. ૨૭ અંચિત્ત રિંભિત પ્રવિભકિતચિત્ર. ૨૮ આરભટ પ્રવિભકિતચિત્ર. ૨૯ ભશોળ પ્રવિભકિતચિત્ર. ૩૦ આરભટ ભશોળ પ્રવિભકિત-ચિત્ર. ૩૧ ઉત્પાત, નિપાત, પ્રવૃત્ત, સંકુચિત, પ્રસારિત, રેચક, રંચિત, ભ્રાંત, સંભ્રાંત પ્રવિભકિતચિત્ર. ૩૨ તીર્થંકરાદિ મહાપુરૂષ ચરિત્રાભિનય નિબદ્ધ પ્રવિભકિતચિત્ર એ પ્રકારે બત્રીસબદ્ધ નાટકનાં નામ જાણવાં. એ પ્રમાણે રાયપ્પસેણીય સૂત્રમાં છે.

ઋદ્ધિવંત હોય તે ઉપર બતાવેલી રીતિ પ્રમાણે પોતાના આડંબર સહિત દેરાસરે દર્શન કરવા જાય.

## સામાન્ય પુરૂષોને દેરાસરે જવાની વિધિ.

સામાન્ય સંપદાવાળા પુરૂષો ઉદ્ધતાઇને ત્યજી લોકો હાંસી ન કરે એવા પોતાના કુળાચારને કે પોતાના સંપદાને અનુસરતા વેષ( વસ્ત્રઆભૂષણ )નો આડંબર કરીને પોતાના ભાઈ, મિત્ર, પુત્ર, સ્વજન સમુદાયને સાથે લઇ દેરે દર્શન કરવા જાય.

## શ્રાવકના પંચાભિગમ.

૧ પુષ્પ, તાંબુળ, સરસવ, દૂર્વા, છરી વિગેરે સર્વ જાતિનાં શસ્ત્ર, મુકુટ, પાદુકા, પગમાં પહેરવાના બુટ, હાથી, ઘોડા, ગાડી, વિગેરે સચિત્ત અચિત્ત વસ્તુઓ છોડીને. ૨ મુકુટ મૂકીને બાકીના બીજા સર્વ આભૂષણ પ્રમુખ અચિત્ત દ્રવ્યને સાથે રાખીને, ૩ એક પનાના વસ્ત્રનું ઉત્તરાસણ કરીને, ૪ ભગવંતને દેખતાં તત્કાળ બે હાથ જોડી કાંઇક મસ્તક નમાવતાં नमो जिणाणं એમ બોલતો ૫ મનની એકાગ્રતા કરતો ઉપર જણાવ્યા મુજબ પાંચ પ્રકારના અભિગમ સાચવતો "નિસિહિ" એ પદને ઉચ્ચારતો દેરામાં પેસે મહર્ષિઓએ પણ એમ જ કહેલું છે.

## રાજાના પંચાભિગમ.

રાજા જ્યારે દેરાસરમાં જાય ત્યારે રાજ્યનાં પાંચ ચિહ્ન—૧ ખડ્ગાદિ સર્વ શસ્ત્ર, ૨ છત્ર, ૩ વાહન, ૪ મુકુટ, ૫ બે ચામર, બહાર મૂકે.

અહિંયાં એમ સમજવાનું છે કે, દેરાસરને દરવાજે શ્રાવક આવ્યો ત્યારે મન, વચન, કાયાથી પોતાના ઘરના વ્યાપાર ( ચિંતવન ) છોડી દે છે એમ જણાવવા ( સમજવા ) દેહેરાસરના દરવાજા આગળ ચઢતાં જ પ્રથમ નિસિહિ ત્રણ વાર કહેવી એવો વિધિ છે, પણ તેને એક જ ( નિસિહિ ) ગણાય છે; કેમકે, આ પ્રથમ નિસિહિથી ગૃહસ્થનો ફક્ત ઘરનો જ વ્યાપાર ત્યજાય છે, માટે બોલાય ત્રણ વાર પણ આ નિસિહિ એક જ ગણાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારપછી મૂળનાયકને પ્રણામ કરીને જેમ વિચક્ષણ પુરૂષો હરકોઇ પણ શુભ કાર્ય કરવું હોય તે ઘણું કરીને તેને (જેથી લાભ મેળવવો હોય તેને) જમણે હાથે રાખીને કરે છે, તેમ પોતાને જમણે અંગે પ્રભુને રાખીને જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ માટે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપે. શાસ્ત્રોમાં પણ કહેલું છે કે:—

ત્યારપછી **नमो जिणाणं** બોલીને અર્ધો અવનત (જરા નીચો વળી) પ્રણામ કરીને અગર પંચાંગ નમસ્કાર કરીને ભક્તિના સમુદાયથી અત્યંત ઉલ્લસિત મનવાલો બની પંચાંગ પ્રણામ કરીને પૂજાના ઉપકરણ જે કેસર, ચંદનાદિક તે સર્વ સાથે લઇને ઘણી વાર ગંભીર મધુર ધ્વનિથી જિનેશ્વર ભગવંતના ગુણના સમુદાયથી બંધાયેલા એવા મંગળ સ્તુતિસ્તોત્ર બોલતો બે હાથ જોડીને પગલે પગલે જીવરક્ષાનો ઉપયોગ રાખતો જિનેશ્વર ભગવંતના ગુણમાં એકાગ્ર મનવાળો થઇને ત્રણ પ્રદક્ષિણા દે. જોકે પ્રદક્ષિણા પોતાના ઘર દેરાસરમાં ભમતી ન હોવાને લીધે ન બની શકે અથવા બીજા દેરાસરમાં પણ કોઇ કાર્યની ઉતાવળથી પ્રદક્ષિણા કરી ન શકે તો બુદ્ધિમાન પુરૂષ સદાય તેવો વિધિ કરવાના પરિણામને તો છોડે જ નહી.

## પ્રદક્ષિણા દેવાની રીત.

પ્રદક્ષિણા દેતાં સમવસરણમાં રહેલા ચાર રૂપે શ્રી વીતરાગને ધ્યાવતો, ગભારામાં રહેલા પાછળ તેમજ જમણા ડાબા પાસામાં ત્રણ દિશે રહ્યા ત્રણ બિંબને વંદન કરે. એટલા જ માટે સમવસરણના સ્થાનભૂત સર્વ દેરાસરના મૂળ ગભારાના બહારના ભાગમાં ત્રણ દિશાએ મૂળનાયકના નામના બિંબ ઘણું કરી સ્થાપન કરેલા હોય છે. '**वर्जयेदर्हतः पृष्टं**' ભગવાનની પીઠ વર્જવી જોઇએ એવું જે શાસ્ત્રવાક્ય છે તે પણ જો ભમતીમાં ત્રણે દિશાએ બિંબ સ્થાપન કરેલા હોય તો તે દોષ ચારે દિશામાંથી ટળે છે.

ત્યારપછી દેરાસરનું પ્રમાર્જન, પોતીયા વિગેરેનું નામું લખવું, તે વિગેરે આગળ કહેવાશે, તે પ્રમાણે યથાયોગ્ય ચિંતાપૂર્વક પૂજા વિગેરે સામગ્રી તૈયાર કરી, દેરાસરના કામકાજ ત્યજવારૂપ બીજી "નિસિહિ" દેરાસરના મુખ્ય મંડપ આદિમાં કહે. ત્યારપછી મૂળનાયકને ત્રણ વાર પ્રણામ કરી પૂજા કરે. ભાષ્યમાં કહેલું છે કે:—

"ત્યારપછી નિસિહિ કહીને દેરાસરમાં પ્રવેશ કરીને મૂળ મંડપમાં આવી પ્રભુ આગળ પંચાંગ નમાવીને વિધિપૂર્વક ત્રણ વાર પ્રણામ કરે. ત્યારપછી હર્ષના વશથી ઉલ્લાસ પામતો મુખકોશ બાંધીને જિનરાજની પ્રતિમાના આગલા દિવસના ચડેલા નિર્માલ્ય ઉતારે. ત્યારપછી મોરપીછીથી પ્રભુને પ્રમાર્જના કરે. ત્યારપછી જિનેશ્વર ભગવંતના દેરાસરની પ્રમાર્જના પોતે કરે તથા બીજા પાસે કરાવીને વિધિપૂર્વક યથાયોગ્ય અષ્ટપડ મુખકોશ બાંધીને જિનબિંબની પૂજા કરે." મુખનો શ્વાસ નિશ્વાસ દુર્ગંધ તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાસિકાના શ્વાસ નિશ્વાસ દુર્ગંધ રોકવા નિમિત્તે અષ્ટપટ મુખકોશ બાંધવાની આવશ્યકતા છે. આગલા દિવસના નિર્માલ્ય જે ઉતાર્યા હોય તે પવિત્ર નિર્જીવ સ્થાનકે નખાવવા. વર્ષા રૂતુમાં કુંથુ પ્રમુખની ઘણી ઉત્પત્તિ થાય છે, તેથી નિર્માલ્ય તથા સ્નાત્રજળ જુદા જુદા ઠેકાણે એકાન્ત અને પવિત્ર જગ્યાએ નખાવવાનો ઉપયોગ કરવો કે જેથી આશાતનાનો સંભવ ન થાય.

ઘર દેરાસરે પૂજા કરવી હોય તો પ્રતિમાને પવિત્ર ઉચ્ચ સ્થાનકે સ્થાપીને ભોજન પ્રમુખમાં ન વપરાતાં હોય એવા પવિત્ર વાસણ–રકેબી પ્રમુખમાં પ્રભુને સ્થાપીને સન્મુખ ઊભો રહી હાથમાં કળશ ધારીને શુભ પરિણામથી નીચે લખેલી ગાથા પ્રમાણે ચિંતવના કરતો અભિષેક કરે.

बालत्तणंमि सामिअ सुमेरुसिहरंमि कणयकलसेहिं ।
तिअसासुरेहिं न्हवीओ ते धन्ना जेहिं दीट्ठोसि ॥

“ હે સ્વામી ! બાલ્યાવસ્થામાં મેરુશિખર ઉપર સોનાનાં કળસોથી સુરઅસુરોએ તમને અભિષેક કર્યો તે વખતે જેણે તમારાં દર્શન કીધાં છે તેને ધન્ય છે. ” ઉપર લખેલી ગાથા બોલી તેનો અભિપ્રાય ચિંતવી મૌનપણે ભગવંતને અભિષેક કરવો. અભિષેક કરતાં પોતાના મનમાં જન્માભિષેક સંબંધી સર્વ ચિતાર ચિંતવવો, ત્યારપછી ઘણા યત્નથી વાળાકુંચીથી ચંદન કેસર આગલા દિવસના હોય તે સર્વ ઉતારવાં. વળી બીજી વાર પણ જળથી પખાળીને બે સુંવાળા અંગલુછણાથી પ્રભુનું અંગ નિર્જળ કરવું સર્વાંગ નિર્જળ કરીને એક અંગ પછી બીજે અંગે એમ નીચે મુજબ અનુક્રમે પૂજા કરવી.

## નવ અંગની ચંદનાદિકથી પૂજા.

બે અંગુઠા, બે ઢીંચણ, બે હાથ, બે ખભા, એક મસ્તક એમ નવ અંગે, જમણી બાજુથી ભગવંતની કેસર, ચંદન, બરાસ, કસ્તુરીથી પૂજા કરે. કેટલાક આચાર્ય એમ કહે છે કે, પ્રથમ ભાળસ્થળે તિલક કરી પછી બીજે અંગે પૂજા કરવી. શ્રી જિનપ્રભસૂરિ-કૃત પૂજાવિધિમાં તો નીચે લખેલી ગાથા પ્રમાણે અભિપ્રાય છે.

“ સરસ સુગંધીવંત ચંદનાદિકે કરી દેવાધિદેવને પ્રથમ જમણા ઢીંચણે પૂજા કરવી, ત્યારપછી જમણે ખભે, ત્યારપછી ભાળસ્થળે, પછી ડાબે ખભે, પછી ડાબે ઢીંચણે, એ પાંચે અંગે તથા હૃદયે તિલક કરે તો છ અંગે એમ સર્વાંગે પૂજા કરીને તાજાં વિકસ્વર પુષ્પથી સુગંધીવાલા વાસથી પ્રભુની પૂજા કરે. ”

## પહેલાંની કરેલી પૂજા કે આંગી ઉતારી પૂજા થાય કે નહીં ?

જો કોઇકે પહેલાં પૂજા કીધેલી હોય કે આંગીની રચના કીધેલી હોય અને તેવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજા કે આંગી બની શકે એવી પૂજાની સામગ્રી પોતાની પાસે ન હોય તો તે આંગીના દર્શનનો લાભ લેવાથી ઉત્પન્ન થતા પુણ્યાનુબંધી પુણ્યના અંતરાય થવાના કારણે તે પૂર્વની આંગી ઉતારે નહીં. પણ તે આંગી પૂજાની વિશેષ શોભા બની શકે એમ હોય તો પૂર્વપૂજા ઉપર વિશેષ રચના કરે પણ પૂર્વપૂજા વિચ્છિન્ન કરે નહીં. એ માટે બૃહદ્ ભાષ્યમાં કહેલું છે કે:—

"હવે કોઇ ભવ્યજીવે ઘણો દ્રવ્યવ્યય કરી દેવાધિદેવની પૂજા કરેલી હોય તે તેજ પૂજાને વિશેષ શોભા થાય તેમ જો હોય તો તેમ કરે." અહિંયાં કોઇ એમ શંકા કરે કે, પૂર્વની આંગી ઉપર બીજી આંગી કરે તો પૂર્વની આંગી નિર્માલ્ય થઇ. તેને ઉત્તર આપતાં બતાવે છે કે,—

"નિર્માલ્યના લક્ષણનો અહિંયાં અભાવ હોવાથી પૂર્વની આંગી ઉપર બીજી આંગી કરે તો તે પૂર્વની આંગી નિર્માલ્ય ન ગણાય. નિર્માલ્ય કોને ગણાય તે બતાવે છે–જે દ્રવ્ય પૂજા કીધા પછી વિનાશ પામ્યું, પૂજા કરવા યોગ્ય ન રહ્યું તે નિર્માલ્ય ગણાય છે, એમ સૂત્રના અર્થને જાણનારા ગીતાર્થો કહે છે."

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

"જેમ એક દિવસે ચડાવેલાં વસ્ત્ર, આભૂષણાદિક કુંડળ જોડી તેમજ કડાં વિગેરે બીજે દિવસે પણ ફરીથી આરોપણ કરાય છે, તેમજ આંગીની રચના કે પુષ્પાદિક પણ એક વાર ચડાવેલી હોય તે ઉપર ફરીથી બીજા ચડાવવાં હોય તો પણ ચડાવાય છે. અને તે ચડાવતાં છતાં પણ પૂર્વનાં ચડાવેલાં પુષ્પાદિક નિર્માલ્ય ગણાતાં નથી. જો એમ ન હોય તો એકજ રેશમી વસ્ત્રથી એકસો આઠ જિનેશ્વર ભગવંતની પ્રતિમાને અંગલુંછન કરનારા વિજયાદિક દેવતા જંબુદ્વીપપન્નતીમાં કેમ વર્ણન કરેલા હોય?

## નિર્માલ્યનું લક્ષણ.

જે કોઇ વસ્તુ એક વાર ચડાવેલી શોભા રહિત થઇ જાય, અથવા ગંધરહિત અને કાન્તિ રહિત થયેલી હોય, દેખનારા ભવ્ય જીવોને આનંદાયક ન થઇ શકતી હોય તેને નિર્માલ્ય ગણવી. એમ બહુશ્રુત પૂર્વાચાર્યોએ સંઘાચારની વૃત્તિમાં કહેલું છે. વળી પ્રદ્યુમ્નસૂરિ મહારાજે કરેલા વિચારસારપ્રકરણમાં તો એમ પણ કહેલ છે કે:—

"દેવદ્રવ્યના બે ભેદ હોય છે. ૧ પૂજા માટે કલ્પેલું, ૨ નિર્માલ્ય થયેલું. ૧ જિનપૂજા કરવા માટે ચંદન, કેસર, પુષ્પ, પ્રમુખ તૈયાર કીધેલું દ્રવ્ય પૂજા માટે કલ્પેલું કહેવાય છે, એટલે પૂજા માટે કલ્પ્યા પછી બીજા ઉપયોગમાં વપરાય નહીં, પણ દેવની પૂજામાં ઉપયોગી છે. ૨ અક્ષત, ફળ (બદામ), નૈવેદ્ય, વસ્ત્રાદિક જો એક વાર પૂજાના ઉપયોગમાં આવી ગયું એવો દ્રવ્યનો સમુદાય તે પૂજા કીધા પછી નિર્માલ્ય ગણાય છે, અને તે દ્રવ્યનો દેરાસરમાં ઉપયોગ થાય છે.

અહિયાં પ્રભુ આગળ ચડાવેલા ચોખા, બદામ પણ નિર્માલ્ય થાય એમ કહ્યું, પણ બીજા કોઇપણ આગમમાં કે પ્રકરણમાં કે ચરિત્રોમાં કયાંય પણ એવો આશય બતાવેલ નથી, તેમજ વૃદ્ધ પુરુષોનો સંપ્રદાય પણ તેવો કોઇપણ ગચ્છમાં દેખાતો નથી. જે કોઇ ગામમાં આવકનો ઉપાય ન હોય, ત્યાં અક્ષત, બદામ, ફળાદિકથી ઉત્પન્ન થયેલ દ્રવ્યથી પ્રતિમાની પૂજા કરાવવાનો પણ વિધિ છે. જો અક્ષતાદિક પણ નિર્માલ્ય સિદ્ધ થતા હોય તો તેનાથી ઉત્પન્ન થયેલા દ્રવ્યથી જિનપૂજા પણ કેમ થાય? માટે અમો આગળ લખી ગયા છીએ કે, જે વાપરવા યોગ્ય ન રહ્યું, તે જ નિર્માલ્ય છે, એજ ઉક્તિ ખરી ઠરે છે; કેમકે શાસ્ત્રોમાં લખેલ જ છે કે, '**भोगविणट्ठं दव्वं निम्मल्लं बिंति गीयत्था,**' એ પાઠ ઉપરથી દેખાય છે કે, જે વાપરવા યોગ્ય ન રહ્યું તે નિર્માલ્ય. એ ઉપરાંત વિશેષ તત્વ તો સર્વજ્ઞ જાણે.

કેસર, ચંદન, પુષ્પાદિક પૂજા પણ એવી રીતે જ કરવી કે જેથી ચક્ષુ, મુખ, પ્રમુખ આચ્છાદન ન થાય અને શોભાની વૃદ્ધિ થાય. વળી દર્શન કરનારને અત્યંત આહ્લાદ થવાથી પુણ્યવૃદ્ધિનું કારણ બની શકે.

जैन साईट JAINSITE

## પૂજાના ત્રણ પ્રકાર.

અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા એમ ત્રણ પ્રકારની પૂજા કરવી. તેમાં પ્રથમથી નિર્માલ્ય દૂર કરવાં, પ્રમાર્જના કરવી, પ્રભુના અંગ પખાળવાં, વાળાકુંચી કરવી, ત્યારપછી પૂજન કરવું, સ્નાત્ર કરતાં કુસુમાંજલિ મૂકવી, પંચામૃત સ્નાત્ર કરવું, નિર્મળ જળધારા દેવી, ધૂપિત સ્વચ્છ મૃદુ ગંધ કાષાયિકાદિક વસ્ત્રે કરી અંગલુછણાં કરવાં, કેસર, ચાંદી, કપૂર આદિથી મિશ્ર ગોશીર્ષ ચંદનનું વિલેપન અને પ્રભુની આંગી કરવી, ગોચંદન, કસ્તુરી પ્રમુખે કરી તિલક કરવાં, પત્રરચના કરવી, વચમાં નાના પ્રકારની ભાતોની રચના કરવી, બહુ મૂલ્યવાળા રત્ન, સુવર્ણ, મોતીનાં આભુષણ અને સોના રૂપાનાં ફૂલથી આંગીની શોભનિક રચના કરવી; જેમકે, વસ્તુપાળ મંત્રીએ પોતાના ભરાવેલા સવા લાખ જિન-બિંબને તેમજ શત્રુંજય તીર્થ ઉપર રહેલાં સર્વ જિનબિંબોને રત્ન તથા સોનાનાં આભૂષણ કરાવ્યાં હતાં. વળી દમયંતીએ પૂર્વભવમાં અષ્ટાપદ પર્વત ઉપર રહેલા ચોવીસે તીર્થંકરો માટે રત્નનાં તિલક કરાવ્યાં હતાં. એવી રીતે જેમ ભાવવૃદ્ધિ થાય તેમ કરવું એ શ્રેયસ્કારી છે. કહેલું છે કે:—

ઉત્તમ કારણથી પ્રાયે કરી ઉત્તમ ભાવ થાય છે, તેમ દ્રવ્ય પૂજાની રચના અત્યુત્તમ હોય તો ઘણા ભવ્ય પ્રાણીઓને ભાવની અધિકતા થાય છે. એના સિવાય બીજો કાંઇ શ્રેષ્ઠતર ઉપયોગ નથી માટે એવા કારણનો સદાય ખપ કરવો જેથી પુષ્ટતર પુણ્ય બંધાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી દેરાસરમાં પૂજા વખતે વિચિત્ર ( નાના પ્રકારના ) ચંદરવા બાંધવા. ગ્રંથિમ ( ફૂલની સાથે ગુંથેલાં ), વેષ્ટિમ ( સુતરથી વીંટીને હાર પ્રમુખ બનાવેલાં ), પુરિમ ( પરોવેલાં ), સંઘાતિમ( ઢગલાં કરવા )રૂપ ચાર પ્રકારનાં વિકસ્વર, કરમાયેલા નહીં એવા, વિધિપૂર્વક યુક્તિથી મંગાવેલાં સેવતરા ( સેવતી ), કમળ, જાઇ, જુઇ, કેતકી, ચંપા પ્રમુખનાં ફૂલથી માળા, મુકુટ, શેખરા, પુષ્પ પગર ( ફૂલનાં ઘર ) વિગેરેની રચના કરવી. જિનેશ્વર ભગવંતના હાથમાં સોનાનાં બીજોરાં, નારીયળ, સોપારી, નાગરવેલનાં પાન, સોનામહોર, રૂપામહોર, વીંટી, મોદક પ્રમુખ મૂકવાં, ધૂપ ઉખેવવો, સુગંધવાસ પ્રક્ષેપ કરવો, એવા સર્વ કારણ છે, તે બધા અંગપૂજામાં ગણાય છે. બૃહત્ ભાષ્યમાં પણ કહેલું છે કેઃ—

“ સ્નાત્ર, વિલેપન, આભરણ, વસ્ત્ર, બરાસ, ગંધ, ધૂપ, પુષ્પ આદિથી પૂજા કરવી તે અંગપૂજામાં ગણાય છે. ત્યાં આ વિધિ છે. વસ્ત્રે કરીને નાસિકાને બાંધી જેમ ચિત્ત સ્થિર રહે તેમ વર્તવું. વળી દેરાસરમાં પૂજા વખતે પોતાના અંગને ખરજ પણ ખણવી નહીં. ” બીજા ઠેકાણે પણ કહેલું છે કેઃ—

“ જગદ્ગુરુની પૂજા કરતાં કે સ્તુતિ સ્તોત્ર ભણતાં, પોતાના શરીરે ખરજ ખણવી કે મુખથી થુંક, બળખો નાખવાં પ્રમુખ આશાતનાનાં કારણ વર્જે. ”

દેવ-પૂજાની વખતે મુખ્ય વૃત્તિયે તો મૌન જ રહેવું, જો તેમ બની શકે નહીં તો પણ પાપહેતુક વચન તો સર્વથા ત્યજવું; કેમકે, નિસીહી કહી ત્યાંથી ઘરનાં વ્યાપાર પણ ત્યાગ કરેલા છે, તેથી દોષ લાગે; માટે પાપ-હેતુક ( પાપ લાગે એવી ) કાયિક સંજ્ઞા ( હાથનો લહેકો કે આંખનું મચકાવવું આદિ ક્રિયા ) પણ વર્જવી. કેમકે, તેથી અનુચિતતાનો પ્રસંગ આવવાનો સંભવ રહે છે.

## દેવ-પૂજા વખતે સંજ્ઞા કરવાથી પણ પાપ લાગે છે તે ઉપર જીણહાકનું દૃષ્ટાંત

ધોળકાનો વાસી જીણહાક નામનો શ્રાવક દરિદ્રપણાથી ઘીનાં કુડલાં અને કપાસાદિનો ભાર વહીને ગુજરાન ચલાવતો હતો. તે ભક્તામરસ્તોત્ર ભણવાનો પાઠ એકાંત ચિત્તે કરતો હતો. તેની લયલીનતા દેખીને ચક્રેશ્વરી દેવીએ પ્રસન્ન થઇ તેને એક વશીકરણ કરનાર રત્ન આપ્યું, તેથી તે સુખી થયો. તેને એક દિવસે પાટણ જતાં માર્ગમાં ત્રણ પ્રસિદ્ધ ચોર મળ્યા. તેઓને રત્નના પ્રભાવથી વશ કરી હણીને તે પાટણ આવ્યો. ત્યારે ત્યાંના ભીમદેવ રાજાએ તે આશ્ચર્ય સરખી વાત સાંભળીને તેને બોલાવી પ્રસન્ન થઇને બહુમાન આપી દેહની રક્ષા નિમિત્તે તેને એક ખડ્ગ આપ્યું. તે દેખી અદેખાઇથી શત્રુશલ્ય નામનો સેનાપતિ બોલ્યો કે, મહારાજ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( સેનાપતિ )—[1]ખાંડઉ તાસુ સમપ્પિઇ, જસુ ખાંડેઇ અબ્યાસ;
જિણુહા ઇકકું સમપ્પિઇ તોલા ચેલઉ કપ્પાસ. ૧

( જીણુહો )—[2]અશિધર ધનુધર કુંતધર, સત્તીધરાય છે બહુઆ;
શત્રુશલ્ય રણી સૂરનર, જણુણીઅ વિરલ પસુય. ૩

ઘોડો, શસ્ત્ર, શાસ્ત્ર, વીણા, વાણી, પુરૂષ, નારી એટલાં વાનાં સારા પાસે આવે તો સારાં બને છે, અને નઠારા પાસે આવે તો નઠારાં બને. આવાં તેનાં વચન સાંભળીને પ્રસન્ન થઈને રાજાએ જીણુહાકને આખા દેશની કોટવાળની પદવી આપી. તેણે પણ એવું પરાક્રમ બતાવ્યું કે–આખા ગુજરાત દેશમાં 'ચોર' એવું નામ પણ ન રહ્યું. એક વખતે સોરઠ દેશનો ચારણ જીણુહાકની પરીક્ષા કરવા પાટણ આવ્યો. તેણે તે જ ગામમાંથી ઉંટની ચોરી કરી તેને પોતાના ઘાસના ઝુંપડા આગળ બાંધ્યું. છેવટે કોટવાળનો સુભટ તેને પકડી જીણુહાકની પાસે લાવ્યો. તે વખતે જીણુહાક દેવ–પૂજા કરવા લાગેલો હોવાથી મુખથી બોલ્યો નહીં પણ પોતાના હાથમાં ફૂલ લઇ તેને મશળી નાખી સુભટોને જણાવ્યું કે-એને મારી નાંખો. સુભટો તેને લઇ જવા લાગ્યા ત્યારે ચારણ બોલવા લાગ્યો કે—

જીણુહાનઇ, જીણુવરહ, ન મિલઇ તારોતાર;
જિણી કરી જિનવર પુજિઇ, તે કિમ મારણુહાર. ૧

ચારણનું આવું બોલવું સાંભળીને જીણુહાક લજવાઇ ગયો, અને તેનો ગુન્હો માફ કરી છોડી દઇને તેને કહ્યું કે, હવે પછી આવી ચોરી કરીશ નહીં. તે સાંભળી ચારણ બોલ્યો કે,

એક્કા ચોરી સા કીયા, જા ખોલડઇ ન માઇ;
બીજી ચોરી કિમ કરેઇ, ચારણ ચોર ન થાઇ. ૨

આવાં તેનાં વાકય સાંભળીને, આ તો ચારણ છે એમ ધારી તત્કાળ તેને બહુમાન આપીને પૂછયું કે, આ તું શું બોલે છે. તેણે જણાવ્યું કે ચોર હોય તે ઊંટની ચોરી કરે? કદાપિ કરે તો શું તેને પોતાને ખોલડઇ એટલે ઝુંપડે બાંધે? આ તો મેં તારી પાસે દાન લેવાને જ યુક્તિ કરી છે. ત્યારે તેણે ખુશી થઇને તેને દાન આપી વિદાય કર્યો. ત્યારપછી જીણુહાકે તીર્થયાત્રા, ચૈત્ય, પુસ્તકભંડાર પ્રમુખ ઘણાં શુભ કૃત્યો કર્યાં. એ વિગેરે વાત હજી સુધી લોકમાં ચાલે છે.

---

૧ ખાંડુ તેને જ આપવું જોઇએ જેને ખાંડાનો અભ્યાસ હોય. જિણુહાને તો તેલ કુડલાં અને કપાસજ આપવો જોઇએ.

૨ તલવાર, ધનુષ્ય અને ભાલાને પકડનાર તો જગમાં ઘણાં પુરૂષો હોય છે. પણ શત્રુઓને શલ્યરૂપ અને રણમાં શૂરવીર પુરૂષોને જણુનારી તો કોઇ વિરલ માતાજ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂળ બિંબની વિસ્તારપૂર્વક પૂજા પછી અનુક્રમે જેને જેમ ઘટે તેમ યથાશક્તિ સર્વ બિંબની પૂજા કરવી.

## દ્વાર બિંબ અને સમવસરણ બિંબપૂજા.

દ્વાર બિંબ અને સમવસરણ બિંબ( દરવાજા ઉપરની અને ચોમુખ પ્રતિમા )ની પૂજા મૂળનાયકની અને બીજા બિંબોની પૂજા કીધા પછીજ કરવી સંભવે છે, પણ ગભારામાં પ્રવેશ કરતાં સંભવતી નથી. કદાપિ ગભારામાં પ્રવેશ કરતાં જ દ્વાર બિંબની પૂજા કરે અને ત્યારપછી જેમ જેમ પ્રતિમાઓ અનુક્રમે હોય તેમ તેમ તેમની પૂજા કરતો જાય તો મોટા દેરાસરમાં ઘણો પરિવાર હોય તેથી ઘણા બિંબની પૂજા કરતાં પુષ્પ, ચંદન, ધૂપાદિક સર્વ પૂજન સામગ્રી સમાપ્ત થઈ જાય, ત્યારે મૂળનાયકની પ્રતિમાની પૂજા તો પૂજનની દ્રવ્ય સામગ્રી રહી ( બચી ) હોય તો થાય અને થઈ રહી હોય તો રહી પણ જાય. તેમ જો શત્રુંજય, ગિરનાર પ્રમુખ તીર્થે એમ કરવામાં આવે એટલે જે જે દેરાસર આવે ત્યાં ત્યાં પૂજા કરતો આગળ જાય તો છેવટે તીર્થનાયકના દેરાસરે પહોંચતાં સર્વ સામગ્રી ખલાસ થઈ જાય, ત્યારે તીર્થનાયકની પૂજા રહી જાય અને એ યુક્ત નથી માટે મૂળનાયકની પૂજા કરીને યથાયોગ્ય પૂજા કરતા જેવું યોગ્ય છે જે પહેલાં આવે તેની પૂજા પ્રથમ કરવી એમ માનીએ તો ઉપાશ્રયમાં પ્રવેશતાં ગુરૂને વંદતાં કરતા પહેલાં નજીક આવેલા સાધુઓને પ્રથમ વંદન કરવું પડે, માટે નજીકમાં આવતી પ્રતિમાઓને પ્રણામ કરી મૂલનાયકની પૂજા પ્રથમ કરી પછી અન્ય પ્રતિમાઓનું પૂજન યોગ્ય છે કેમકે, જીવાભિગમ સૂત્રમાં કહેલી રીતિ પ્રમાણે જ સંઘાચારમાં કહેલી વિજયદેવની વક્તવ્યતાને વિષે પણ દ્વારબિંબની અને સમવસરણ બિંબની પૂજા સર્વથી છેલ્લી જ બતાવેલી છે. તે બતાવે છે કે—

( ત્યારપછી ) સુધર્મા સભામાં જઈ ત્યાં જિનેશ્વર ભગવંતની દાઢાઓને દેખી પ્રણામ કરીને પછી ડાબડા ઉઘાડી મોરપીંછીથી પ્રમાર્જન કરે. ત્યારપછી સુગંધ જળથી એકવીશ વાર પખાળીને ગોશીર્ષચંદનનો લેપ કરી ફૂલથી પૂજા કરે. એમ પાંચે સભામાં પૂજા કરીને પછી ત્યાંની દ્વાર પ્રતિમાની પૂજા કરે એમ જીવાભિગમ સૂત્રમાં સ્પષ્ટાક્ષરથી કહેલું છે માટે દ્વારપ્રતિમાની પૂજા જેમ સર્વથી છેલ્લી કરવી તેમ મૂળનાયકની પૂજા સર્વથી પહેલાં અને સર્વથી વિશેષ કરવી–કહેલું છે કે–

પૂજા કરતાં વિશેષ પૂજા તો મૂળનાયક બિંબની ઘટે છે કેમકે, દેરાસરમાં પેસતાં પ્રથમથી જ મૂળનાયક પર સર્વ લોકની દૃષ્ટિ અને મનની એકતા થાય છે.

## મૂળનાયકની પ્રથમ પૂજા કરવા સંબંધે શંકાકારનો પ્રશ્ન.

શંકાકાર પ્રશ્ન કરતાં પુછે છે કે, જો મૂળનાયકની પૂજા પ્રથમ કરવી અને બીજા પરિવારની પૂજા પછી કરવી એમ છે તો, બધા તીર્થંકર તો સરખા જ છે, ત્યારે પ્રતિમામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામી સેવકભાવ કેમ હોવો જોઇએ ? જેમકે, એક બિંબની આદર, ભક્તિ, બહુમાનથી પૂજા કરવી અને બીજા બિંબની થોડી પૂજા કરવી જો એમજ હોય તો આ મોટી આશાતના છે; એમ નિપુણ બુદ્ધિવાળાના મનમાં આવ્યા વિના રહે જ નહીં. જો એમ કોઇ સમજે તો તેને ગુરુ ઉત્તર આપે છે.

## મૂળનાયકની પહેલી પૂજા કરવામાં દોષ ન હોવા સંબંધી ઉત્તર.

સર્વ જિનપ્રતિમાઓના પ્રાતિહાર્ય વિગેરે પરિવાર સરખા જ છે બુદ્ધિવંત પ્રાણીને સ્વામી સેવકભાવની બુદ્ધિ થતી જ નથી. નાયક ભાવે તો સર્વ તીર્થંકરો સમાન છતાં પણ સ્થાપન સમયે એવી કલ્પના કરી છે કે, આ તીર્થંકરને મૂળનાયક ગણવા, ત્યારે એજ વ્યવહારથી મૂળનાયક પ્રથમ પૂજાય છે, પરંતુ બીજા તીર્થંકરોની અવજ્ઞા કરવાની બુદ્ધિ બીલકુલ છે જ નહીં. એક તીર્થંકરની વંદના, સ્તવન, પુજા કરવાથી કે નૈવેદ્ય ચઢાવવાથી પણ ઉચિત પ્રવૃત્તિમાં પ્રવર્તતા પુરૂષોની આશાતના કાંઇ જ્ઞાનીએ દીઠી નથી. જેમ માટીની પ્રતિમાની પૂજા ખરેખર અક્ષત, પુષ્પાદિકથી જ કરવી ઉચિત સમજાય છે, પણ જળ, ચંદનાદિકથી કરવી ઉચિત સમજાતી નથી. અને સોનારૂપાદિક ધાતુની કે રત્ન પાષાણની પ્રતિમાની પુજા જળ, ચંદન, પુષ્પાદિકથી કરવી સમુચિત સમજાય છે, તેવાજ પ્રકારે મૂળનાનાયકની પ્રતિમાની પુજા પ્રથમ કરવી પણ સમુચિત સમજાય છે. જેમ ધર્મવંત પ્રાણીની પૂજા કરતાં બીજા લોકોનું અપમાન કર્યું ગણાતું નથી તેમ જે ભગવંતનું જે દિવસે કલ્યાણક હોય તે દિવસે તે ભગવંતની વિશેષ પૂજા કરતાં કાંઇ બીજા ભગવંતની પ્રતિમાઓનું અપમાન થતું નથી; કેમકે, બીજાની આશાતના કરવાનો પરિણામ નથી. ઉચિત પ્રવૃત્તિ કરતાં બીજા લોકોનું અપમાન ગણાતું નથી તેમ મૂળનાયકની વિશેષ પૂજા કરતાં બીજા જિનબિંબની અવજ્ઞા થતી નથી.

ભગવંતના દેરાસર તથા બિંબની પૂજા જે કરે છે તે તેઓને માટે નથી પણ શુભભાવનાના નિમિત્ત માટેજ કરે છે. જિનભવનાદિ નિમિત્તથી આત્માનું ઉપાદાન યાદ આવે છે. વળી અબોધ જીવને બોધની પ્રાપ્તિ થાય છે. વળી કેટલાક પ્રાણી દેરાસરની સુંદર રચના દેખી બોધ પામે છે. કેટલાક જિનેશ્વર ભગવંતની પ્રશાંત મુદ્રા દેખી બોધ પામે છે. કેટલાએક પૂજા આંગીનો મહિમા દેખીને અને સ્તવનાદિક સ્તવવાથી અને કેટલાએક ઉપદેશની પ્રેરણાથી પ્રતિબોધ પામે છે.

"સર્વ પ્રતિમાઓ એકસરખી પ્રશાંત મુદ્રાવાળી હોતી નથી, પણ મૂળનાયકની પ્રતિમા તો વિશેષે કરી પ્રશાંત મુદ્રાવાળી જ હોય છે તેથી ઝટ બોધ પામી શકાય છે માટે પ્રથમ મૂળનાયકની જ પૂજા કરવી એજ યોગ્ય છે." એટલા જ માટે ચૈત્ય ( દેરાસર ) ઘરદેરાસરની પ્રતિમા દેશકાળની અપેક્ષાએ જેમ બને તેમ યથાશક્તિયે અતિશય વિશિષ્ટ સુંદરાકારવાળી જ ભરાવવી. ઘર દેરાસરમાંહે તો પીતળ, તાંબા, રૂપા પ્રમુખનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનઘર( સિંહાસન ) હમણાં પણ કરાવી શકાય છે, પણ તેમ ન બની શકે તો હાથી-દાંતનાં કે આરસનાં ઘણા જ શોભાયમાન લાગે એવી કોરણી ચિત્રામણવાળાં કરાવવાં. તેમ ન બને તો પણ પીતળની જાળી પટીવાળી, હીંગળોક પ્રમુખ વિચિત્ર રંગચિત્રામણથી અત્યંત શોભાયમાન, અત્યુત્તમ કાષ્ઠનાં પણ કરાવવાં. તેમજ દેરાસર તથા ઘરદેરાસરે વારંવાર પ્રમાર્જના કરાવવી, ચુનો ધોળાવવો, રંગરોગાન કરાવવા, જિનેશ્વર ભગવંતના ચરિત્રો વિગેરેના વિચિત્ર ચિત્રામણ કરાવવાં, પૂજાનાં ઉપકરણો ઘણી ઘણી જાતિનાં સમારેલાં સ્વચ્છ રાખવાં. તેમજ પડદા, ચંદરવા, પુંઠીયાં પ્રમુખ એવા બાંધવા કે જેથી વિશિષ્ટ શોભાની અધિકતા થાય. ઘરદેરાસર ઉપર પોતાનાં પહેરવાનાં ધોતીયાં કે વાપરવાનાં વસ્ત્ર પ્રમુખ મૂકવાં નહીં. મોટા દેરાસરની પેઠે ઘર દેરાસરની પણ ચોરાશી આશાતના ટાળવી જોઈએ, પીતળ, પાષાણનો પ્રતિમાઓના અભિષેક કીધા પછી એક અંગલુંછણેથી લુછ્યા પછી ( નિર્જળ કીધા પછી ) પણ બીજી વાર કોમલ સ્વચ્છ અંગલુંછણાથી સર્વ પ્રતિમાને લુંછવાં એમ કરતાં સર્વ પ્રતિમાઓ ઉજ્વળ રહે. જે જગ્યાએ જરામાત્ર પણ પાણી રહી જાય તો પ્રતિમાને શ્યામતા લાગે છે, માટે સર્વથા નિર્જળ કરીને પછી જ કેસર ઘણું અને ચંદન થોડું એવા ચંદનથી વારંવાર પૂજા કરતાં પણ પ્રતિમાની અધિક ઉજ્વળતા થાય છે.

વળી એમ ધારવું જ નહીં કે ચોવીશવટો અને પંચતીર્થી પ્રતિમાનાં સ્નાત્ર કરતાં સ્નાત્રજળનો અરસપરસ સ્પર્શ થવાથી કાંઈ દોષ લાગે છે, કેમકે, જો એમ દોષ લાગતો હોય તો ચોવીશવટામાં કે પંચતીર્થીમાં ઉપર નીચેની પ્રતિમાઓનાં અભિષેક કરતાં એક બીજાના જળનો જરૂર સ્પર્શ થાય જ છે. રાયપસેણી સૂત્રમાં કહ્યું છે કે:—

राइप्पसेणाइज्जे, सोहम्मे सुरियाभदेवस्स; जीवाभिगमे विजयापूरीइ विजयाइ देवाणं. १ भिंगार लोमहथ्थय, लूहया धूव दहण माइअं; पडिमाणं सकहाणय पूआए इक्कयं भणियं. २ निव्वुअ जिणंद सकहा, सग्ग समुग्गेसु तिसुविलोएसु; अनोन्नं संलग्गा, नवणं जलाइंहि संपुट्ठा. ३ पुव्वधर कालविहिआ, पडिमाइ संति केसुविपुरेसु; वत्तख्खा खेतख्खा, महख्खया गंथ दिट्ठाय. ४ मालधराइआणवि, धुवण जलाइ फुसेइ जिण बिंबे; पुथ्थय पत्ताइणवि, उवरुवरिं फरिसणाइअ. ५ ता नज्जइ नो दोसो, करणे-चउविवस वट्ठयाइणं; आयरणाजुत्तीओ, गंथेसु अदिस्समाणत्ता. ६

રાયપસેણીસૂત્રમાં સૂર્યાભદેવનો અધિકાર છે, અને જીવાભિગમસૂત્ર તથા જંબૂદ્વીપપન્નતિ સૂત્રમાં વિજયાપુરી રાજધાની પોળીયાદેવનો અને વિજયાદિક દેવતાનો અધિકાર છે. (ત્યાં) નાના કળશ, મોરપીંછી, અંગલુછણા, ધૂપધાણા વિગેરે ઉપકરણ સર્વ જિનપ્રતિમા અને સર્વ જિનની દાઢાઓની પૂજા કરવા માટે એકેકાજ કહ્યા છે. મોક્ષ પામ્યા જે જિનવર, તેઓની દાઢા ઇંદ્ર લઇને દેવલોકમાં રહેલા સીકામાં ડાબડાઓ અને વળી ત્રણ લોકમાં જ્યાં જ્યાં જિનની દાઢાઓ છે તે

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

સર્વ ઉપરાઉપર મુકાય છે, એક બીજા માંહેમાંહે સંલગ્ન છે તેઓને એક બીજાઓને જળાદિકનો સ્પર્શ, અંગલુહણાનો સ્પર્શ એક બીજાને થયા પછી થાય છે ( ઉપરની દાઢાને સ્પર્શેલું પાણી નીચલી દાઢાને લાગે છે ). પૂર્વધર પૂર્વાચાર્યોએ પૂર્વકાળમાં પ્રતિષ્ઠા કરેલી એવી પ્રતિમા કેટલાએક ગ્રામ, નગર, તીર્થાદિક ઉપર છે તેમાં કેટલીક વકતા ( એકજ અરિહંતની ) નામે, અને બીજી ક્ષેત્રા ( એક પાષાણુ કે ધાતુમય પટ્ટક ઉપર ચોવીસ પ્રતિમા ભરત ક્ષેત્ર, ઐરાવર્ત્ત ક્ષેત્રની પ્રતિમાઓ કરી હોય તે ) નામે, વળી મહાખ્યા ( ઉત્કૃષ્ટ કાળની અપેક્ષાયે એકસો સીતેર પ્રતિમાઓ એકજ પટ્ટક ઉપર કરી હોય તે ) નામે, એમ ત્રણે પ્રકારની પ્રતિમાઓ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ જ છે. વળી પંચતીર્થી પ્રતિમાઓમાં ફૂલની વૃષ્ટિ કરનારા માળાધર દેવતાના રૂપ કરેલાં હોય છે, તે પ્રતિમાઓનો અભિષેક કરતાં માળાધર દેવતાના રૂપ કરેલાં હોય છે, તે પ્રતિમાઓનો અભિષેક કરતાં માળાધર દેવતાને સ્પર્શેલું પાણી જિનબિંબ ઉપર પડે છે; વળી પુસ્તકમાં પાનાં ઉપરાઉપરી રહે છે, પરસ્પર સંલગ્ન હોય છે, તેનો પણ દોષ લાગવો જોઇએ, પણ તેમ કાંઈ દોષ લાગતો નથી. તે માટે માળાધર દેવનું સ્પર્શેલું પાણી જિન ઉપર પડે તોપણ દોષ નથી લાગતો, એમ ચોવીસ વટ્ટામાં પણ ઉપરના જિનબિંબને સ્પર્શેલું પાણી નીચેના જિનબિંબને સ્પર્શે છે, તેમાં કાંઈ પૂજા કરનારને કે પ્રતિમા ભરાવનારને નિર્માલ્યતા પ્રમુખનો દોષ લાગતો નથી. એમ આચરણા અને યુક્તિઓ શાસ્ત્રોમાં દેખાય છે. વૃહત્ ભાષ્યમાં પણ કહેલું છે કે:—

કોઇક ભક્તિવંત શ્રાવક જિનેશ્વર ભગવંતની ઋદ્ધિ દેખાડવા અને દેવતાઓના આવાગમનનો પણ દેખાવ દેખાડવા માટે અષ્ટ મહાપ્રાતિહાર્યના ચિત્ર સહિત પ્રતિમા ભરાવે છે. વળી કોઇક દર્શન, જ્ઞાન, ચારિત્રના આરાધન નિમિત્તે એક પટ્ટકમાં ત્રણ પ્રતિમા ભરાવે છે. કોઇક પંચપરમેષ્ઠીના આરાધન નિમિત્તે એક પટ્ટક ઉપર પાંચ જિનની પ્રતિમા ભરાવે છે. કોઇક વળી ચોવીસ તીર્થંકરના કલ્યાણક તપના આરાધન નિમિત્તે એક પટ્ટક ઉપર ચોવીસે તીર્થંકરની ચોવીસી ભરાવે છે. કોઇક વળી અત્યંત ભક્તિની તીવ્રતાથી અઢીદ્વીપમાં ઉત્કૃષ્ટ કાળે વર્ત્તતા એકસો સીતેર તીર્થંકરની પ્રતિમા એક જ પટ્ટક ઉપર ધનવંત હોય તે ભરાવે છે.

તે માટે ત્રણ તીર્થી, પંચતીર્થી, ચોવીસી પ્રમુખમાં ઘણા તીર્થંકરોની પ્રતિમા હોય તે ન્યાયયુક્ત છે. એ અંગપૂજાનો અધિકાર સમાપ્ત થયો.

## અગ્રપૂજા અધિકાર.

સોના રૂપાના અક્ષત કરાવીને તેથી, કે ઉજ્વળ શાળી પ્રમુખના અખંડ ચોખાથી અથવા સફેત સરસવથી પ્રભુ આગળ અષ્ટ મંગલિક કરવાં જેમ શ્રેણિક રાજા હરરોજ સોનાના યવથી શ્રીવીર પ્રભુના સન્મુખ જઇ સ્વસ્તિક કરતા હતા અથવા રત્નત્રયી ( જ્ઞાન,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શન, ચારિત્ર )ના આરાધન નિમિત્તે પ્રભુ આગળ ત્રણ ઢગલી કરીને ઉત્તમ પાટલા ઉપર ઉત્તમ અક્ષત ચઢાવવા.

તેમજ વિવિધ પ્રકારનાં ભાત પ્રમુખ રાંધેલા અશન, સાકરનું પાણી, ગોળનું પાણી, વીગેરે પાણી, પકવાન, ફળાદિક ખાદિમ, તંબોળ પાનનાં બીડાં પ્રમુખ સ્વાદિમ, એમ ચાર પ્રકારના આહાર પવિત્ર હોય તે દરરોજ પ્રભુ આગળ ધરવા. તેમજ ગોશીર્ષચંદનના રસ કરી પંચાંગુળીના મંડળ તથા ફૂલના પગર ભરવાં, આરતી ઉતારવી, મંગળ દીપક કરવો, એ સર્વે અગ્રપૂજામાં ગણાય છે. ભાષ્યમાં કહેલ છે કે:–ગાયન કરવું, નાટક કરવું, વાજિંત્ર વગાડવા, લુણ ઉતારવું; પાણી ઉતારવું, આરતી ઉતારવી, દીવા કરવા, એવી જે કરણીઓ છે તે સર્વ અગ્રપૂજામાં અવતરે ( ગણાય ) છે.

## નૈવેદ્ય પૂજા દરરોજ પોતાને ઘેર રાંધેલા અન્નથી પણ કરવા વિષે.

નૈવેદ્ય પૂજા દરરોજ કરવી, કેમકે, એ સુખથી પણ થઇ શકે છે અને મહાફળદાયક છે. રાંધેલું અન્ન આખા જગતનું જીવન હોવાથી સર્વથી ઉત્કૃષ્ટ રત્ન ગણાય છે, એટલાજ માટે વનવાસથી આવીને શ્રી રામચંદ્રજીએ પોતાના મહાજનને અન્નનું કુશળપણું પૂછયું. વળી કલહની નિવૃત્તિ અને પ્રીતિની પરસ્પર વૃદ્ધિ પણ રાંધેલા અન્નનાં ભોજનથી થાય છે, રાંધેલા અન્નના નૈવેદ્યથી દેવતા પણ પ્રાયે પ્રસન્ન થાય છે. સંભળાય છે કે, આગીયો વૈતાળ દેવતા દરરોજના સોમુડા નૈવેદ્યના આપવાથી રાજા વિક્રમાદિત્યને વશ થયો હતો. ભૂતપ્રેતાદિક પણ રાંધેલા ખીર, ખીચડા, વડાં પ્રમુખનાં ભોજન કરવા માટેજ ઉત્તારણાદિમાં યાચના કરે છે. તેમજ દિક્પાળાદિકને જે બળી દેવાય છે તે તથા તીર્થંકરની દેશના થઇ રહ્યા પછી જે બળી દેવાય છે તે પણ અન્નથી જ થાય છે.

## નૈવેદ્ય પૂજાના ફળ ઉપર દૃષ્ટાંત.

એક સાધુના ઉપદેશથી એક નિર્ધન ખેડુતે એવો નિયમ લીધો હતો કે, આ ખેતરની નજીક આવેલા દેરાસરમાં દરરોજ નૈવેદ્ય ચઢાવ્યા પછીજ ભોજન કરીશ. કેટલોક કાળ પોતાના દૃઢ નિયમથી વિત્યા પછી એક દિવસ નૈવેદ્ય ચઢાવવાને મોડું થઇ ગયાથી અને ભોજનનો સમય થઇ જવાથી તેને ઉતાવળથી નૈવેદ્ય ચઢાવવા આવતાં માર્ગમાં સિંહરૂપથી ત્રણ ભિક્ષુ દેખાડી અધિષ્ઠાયકે પરીક્ષા કરી પણ તે ખેડુત પોતાના દૃઢ નિયમથી ચળ્યો નહીં, તે દેખીને તે અધિષ્ઠાયક તેના પર તુષ્ટમાન થઇ બોલવા લાગ્યો કે, "જા, તને આજથી સાતમે દિવસે રાજ્યની પ્રાપ્તિ થશે." સાતમે દિવસે તે ગામના રાજાની કન્યાનો સ્વયંવર મંડપ હતો, તેથી તે ખેડુત ત્યાં ગયો. એટલે દૈવિક પ્રભાવથી સ્વયંવરાએ તેનેજ વર્યો તેથી ઘણા રાજાઓ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. છેવટે તેણે દૈવિક પ્રભાવથી સર્વને જીતી તે ગામના અપુત્રિયા રાજાનું રાજ્ય મેળવ્યું. લોકોમાં પણ કહેવાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે, ધૂપપૂજાથી પાપ બળી જાય છે, દીપપૂજાથી અમર થાય છે, નૈવેદ્યથી રાજ્ય પામે છે, અને પ્રદક્ષિણાથી સિદ્ધિ પમાય છે."

અન્નાદિક સર્વ વસ્તુની ઉત્પત્તિના કારણરૂપ અને પકવાનાદિક ભોજનથી પણ અધિક અતિશયવાળું પાણી પણ જરૂર દરરોજ પ્રભુ આગળ બની શકે તો વાસણમાં ભરીને ચઢાવવું.

## નૈવેદ્ય અને આરતિ આદિ માટે આગમમાં પણ કહેલું છે, નૈવેદ્ય ચઢાવવા સંબંધી શાસ્ત્રોનાં પ્રમાણ.

આવશ્યકનિર્યુક્તિમાં કહેલ છે કે, "कीरइ बली" બળી ( નૈવેદ્ય ) કરાય છે. શ્રીનિશીથમાં પણ કહેલું છે કે—"( ત્યારપછી ) પ્રભાવતી રાણીએ સર્વે બળી આદિક નૈવેદ્ય વિગેરે આદિ શબ્દના ગ્રહણથી ધૂપ, દીપ, જળ, ચંદન તૈયાર કરાવીને ( તે કાષ્ઠની પેટી સન્મુખ મૂકીને ) 'દેવાધિદેવ વર્દ્ધમાનસ્વામીની પ્રતિમા પ્રગટ થાઓ.' એમ કહીને ત્રણ વાર ( પેટી પર ) કુહાડો માર્યો. ત્યારપછી તે પેટીના બે ભાગ થવાથી સર્વાલંકાર વિભૂષિત ભગવંતની પ્રતિમા જુવે છે."

નિશીથ સૂત્રની પીઠિકામાં પણ કહેલ છે કે, તે બળી કહેવાય છે, જે અશિવની ઉપશાંતિ નિમિત્તે રાંધેલા ચોખા કરાય છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

નિશીથની ચૂર્ણિમાં પણ કહેલ છે કે:—संपइराया रहग्गओ विविहफले खज्जग भुल्लगेअ कवडग वत्थमाइ उक्किरणे करेइ સંપ્રતિ રાજા તે રથજાત્રા આગળ વિવિધ પ્રકારનાં ફળ, ખાદ્ય, શેકેલાં ધાન્ય, કવડક( કોડાં ) વસ્ત્ર આદિનું ભેટણું કરે.

વૃહતકલ્પમાં પણ કહેલ છે કે, તીર્થંકરો સાધુના સાધર્મિક નથી તે કારણથી તીર્થંકરને અર્થે કરેલો આહાર સાધુને જ્યારે કલ્પે, ત્યારે પ્રતિમાને માટે કરેલા બળી નૈવેદ્યની તો શી વાત ?

પ્રતિષ્ઠાપાહુડથી શ્રી પાદલિપ્તસૂરિએ ઉદ્ધરેલી પ્રતિષ્ઠાપદ્ધતિમાં કહેલ છે કે—"આરતી ઉતારીને મંગળ દીવો કર્યા પછી ચાર ઉત્તમ સ્ત્રીઓએ મળી નિત્ય વિધિથી નૈવેદ્ય કરવો."

મહાનિશીથના ત્રીજા અધ્યયનમાં પણ કહેલ છે કે, "અરિહંત ભગવંતને બરાસ, ફુલમાળા, દીવો, મોરપીંછીથી પ્રમાર્જન, ચંદનાદિકે વિલેપન, વિવિધ પ્રકારના બલિ (નૈવેદ્ય), વસ્ત્ર, ધૂપાદિ પૂજા સત્કારે કરીને, પ્રતિદિન પૂજા કરતાં પણ તીર્થની ઉન્નતિ કીજીએ." આ મુજબ અગ્રપૂજાનો અધિકાર સમાપ્ત થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવપૂજાનો અધિકાર.

ભાવપૂજા તો જિનેશ્વર ભગવંતની દ્રવ્યપૂજાના વ્યાપાર નિષેધરૂપ ત્રીજી "નિસિહ" કરવાપૂર્વક કરવી. જિનેશ્વર ભગવંતથી જમણી તરફ પુરુષોએ અને ડાબી તરફ સ્ત્રીઓએ આશાતના દૂર કરવા માટે ઓછામાં ઓછું ઘર દેરાસરમાં એક હાથ કે અર્ધ હાથ અને મોટા દેરાસરમાં નવ હાથ અને વિશેષથી તો સાઠ હાથ તેમજ મધ્યમ ભેદ તો દશ હાથથી માંડી ઓગણસાઠ હાથનો અવગ્રહ રાખીને ( દૂર રહીને ) ચૈત્યવંદન કરવા બેસવું શાસ્ત્રમાં કહેલું છે કેઃ—

ત્રીજી ભાવપૂજામાં ચૈત્યવંદન કરવાના ઉચિત પ્રદેશે ( અવગ્રહ રાખી ) બેસીને યથાશક્તિ સ્તુતિ, સ્તોત્ર, સ્તવને કરી ચૈત્યવંદન કરે.

નિશીથસૂત્રમાં કહેલ છે કેઃ–"તે ગંધાર શ્રાવક સ્તવન સ્તુતિઓને ભણતો તે ગિરિગુફામાં રાતદિવસ રહ્યો."

વસુદેવહિંડીમાં પણ કહેલું છે કેઃ–"સમ્યક્ત્વને ધારણ કરનાર વસુદેવ પ્રાતઃકાળે શ્રાવકના સામાયિકાદિક પચ્ચખ્ખાણ લઇને, કર્યાં છે કાઉસગ્ગ સહિત થુઇ વંદન ( દેવવંદન ) જેણે એવો" એમ અનેક ઠેકાણે શ્રાવકાદિકે કાયોત્સર્ગ સ્તુતિ કરીને ચૈત્યવંદન કર્યાં છે. એમ ઘણે સ્થલે કહ્યું છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ચૈત્યવંદનના ભેદ.

જઘન્યાદિ ભેદથી ચૈત્યવંદનના ભેદ ત્રણ કહ્યા છે. ભાષ્યમાં કહેલું છે કે,—

બે હાથ જોડી શિરનમન આદિ સ્વરૂપ નમસ્કાર માત્રથી **नमो जिणाणं** એમ કહી પ્રભુને નમસ્કાર કરવો તે; અથવા **नमो अरिहंताणं** એમ આખો નવકાર કહીને, અથવા એક શ્લોક, સ્તવન વિગેરે કહેવાથી, નાના જાતિના શ્લોક કહેવાથી ઘણા નમસ્કારો પણ થાય; અથવા પ્રણિપાત એવું નામ **नमुत्थुणं**નું હોવાથી એક વાર **नमुत्थुणं** જેમાં આવે એવું ચૈત્યવંદન ( સર્વ સામાન્ય શ્રાવકો જેમ કરે છે તેમ ) એ જઘન્ય ચૈત્યવંદન કહેવાય છે.

મધ્યમ ચૈત્યવંદન તે પ્રથમથી **अरिहंतचेइयाणं** થી માંડી કાઉસ્સગ્ગ કરી એક થોઇ પહેલી પ્રગટપણે કહેવી. ફરીને ચૈત્યવંદન કરીને એક થોઇ છેલ્લી કહેવી તે મધ્યમ ચૈત્યવંદન કહેવાય છે

પંચદંડક તે, ૧ શક્રસ્તવ ( નમુત્થુણં ), ૨ ચૈત્યસ્તવ ( અરિહંતચેઇયાણં ), ૩ નામસ્તવ ( લોગસ્સ ), ૪ શ્રુતસ્તવ ( પુખ્ખરવરદીવડ્ઢે ), ૫ સિદ્ધસ્તવ ( સિદ્ધાણં બુદ્ધાણં ), એ પાંચ દંડક જેમાં આવે એવું જયવીયરાય સહિત જે પ્રણિધાન ( સિદ્ધાંતોમાં બતાવેલી રીતિ પ્રમાણે બનેલું અનુષ્ઠાન ) તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કહેવાય છે.

કેટલાક આચાર્યો એમ કહે છે કે, એક શક્રસ્તવે કરી જઘન્ય ચૈત્યવંદના કહેવાય છે;

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને બે ત્રણ વાર શક્રસ્તવ જેમાં આવે ત્યારે તે મધ્યમ ચૈત્યવંદના કહેવાય; તેમજ ચાર વાર કે પાંચ વાર શક્રસ્તવ આવે ત્યારે તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહેવાય છે. ઇરિયાવહી પહેલી પડિક્કમીને ચૈત્યવંદન કરે અને છેડે જય વીયરાય તે પ્રણિધાન, નમુત્થુણં કહી, પછી બમણું ચૈત્યવંદન કરે; ફરી ચૈત્યવંદન કહી નમુત્થુણં કહે, વળી અરિહંતચેઇયાણં કહી ચાર થુઇએ દેવ વાંદે, એટલે ફરી નમુત્થુણં કહે. તેમાં ત્રણ વાર નમુત્થુણં આવે એ મધ્યમ ચૈત્યવંદન કહેવાય છે. એક વાર દેવ વાંદે તેમાં શક્રસ્તવ બે વાર આવે, એક પહેલું અને એક છેલ્લું, એમ સર્વ મળી ચાર શક્રસ્તવ થયા. એમ બે વાર કરવાથી તો આઠ શક્રસ્તવ આવે છે, પણ ચાર જ ગણાય છે. એ પ્રમાણે ચૈત્યવંદન કરવાથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કરી કહેવાય છે. શક્રસ્તવ કહેવું, વળી ઇરિયાવહી પડિક્કમીને એક શક્રસ્તવ, એ બે વાર ચૈત્યવંદના કરે ત્યાં ત્રણ શક્રસ્તવ થાય, ફરી ચૈત્યવંદન કહી, નમુત્થુણં કહી, અરિહંતચેઇયાણં કહી, ચાર થોઇ કહે. ફરી ચૈત્યવંદન નમુત્થુણં કહી, ચાર થોઇ કહી, બેસી નમુત્થુણં કહી સ્તવન કહીને જય વીયરાય કહે, એમ પાંચ શક્રસ્તવ થવાથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહેવાય છે.

## સાત વખત કરાતાં ચૈત્યવંદન.

ચૈત્યવંદન સાત વાર દરરોજ સાધુને કરવાનું મહાનિશીથ સૂત્રમાં કહેલું છે. તેમજ શ્રાવકને પણ સાત વારનું ભાષ્યમાં કહેલ છે, તે બતાવે છે.

(૧) રાઇપડિક્કમણામાં, (૨) મન્દિરમાં, (૩) ભોજન પહેલાં (પચ્ચખ્ખાણ પારવાનું), (૪) દિવસચરિમનું, ( ગોચરી કર્યા પછી ) (૫) દેવસીપડિકમણામાં, (૬) શયનસમયે ( સંથારા પોરસી ભણાવતાં ) (૭) જાગીને, એમ દરરોજ સાધુને સાત વાર ચૈત્યવંદન કરવા કહ્યા છે. તેમજ શ્રાવકને પણ સાત વાર સમજવા તે નીચે મુજબઃ—જે શ્રાવક બે વાર પ્રતિક્રમણ કરનાર હોય તેને ઉપર લખેલી રીતિ પ્રમાણે અથવા બે વખતના આવશ્યકના બે સુવા જાગવાના તથા ત્રિકાળ દેવવંદના થાય, સૂવાની વખતે ન કરે તેને પાંચ વાર થાય, અને જાગવાની વખતે પણ ન કરે તેને ચાર વાર થાય. ઘણા દેરાસરના જુહાર કરનારને તો વળી ઘણીવાર ચૈત્યવંદના થાય છે. જેનાથી બીજા ન બને તથા જિનપૂજા પણ કરવાની જે દિવસે અડચણ હોય તોપણ ત્રિકાળ દેવ તો જરૂર વાંદવા. શ્રાવકને માટે આગમમાં કહેલું છે કેઃ—

“ હે દેવાનુપ્રિયો ! આજથી માંડીને જાવજીવ સુધી ત્રિકાળ અચૂક, નિશ્ચલ અને એકાગ્ર ચિત્તે કરી દેવ વાંદવા. હે પ્રાણીઓ ! અપવિત્ર, અશાશ્વત, ક્ષણભંગુર, એવા આ મનુષ્ય શરીરથી આ જ સાર છે. તેમાં પહેલા પહોરે જ્યાંસુધી દેવને અને સાધુને વાંદ્યા નહીં ત્યાંસુધી પાણી પણ પીવું નહીં. તેમજ મધ્યાહ્ને જ્યાંસુધી દેવ ન વાંદ્યા હોય ત્યાંસુધી ભોજન પણ ન કરવું. તેમજ પાછલે પહોરે ખરેખર તેમજ કરવું જ્યાંસુધી દેવ ન વાંદ્યા હોય ત્યાંસુધી રાત્રિયે શય્યા ઉપર સૂવું પણ નહીં. ”

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

બીજે સ્થલે પણ કહ્યું છે કે, " સવારે ચૈત્ય તથા સાધુઓને વિધિપૂર્વક વંદન કર્યા વગર પાણી પીવું, મધ્યાન્હે ફરીવાર વંદન કર્યા વગર બપોરનું ભોજન અને સાંજના વંદન કર્યા વગર શયન કલ્પતું નથી."

ગીત, નૃત્ય, વાજિંત્ર, સ્તુતિ, સ્તોત્ર, એ અગ્રપૂજામાં ગણાવેલા ભાવપૂજામાં પણ અવતરે છે. વળી એ મહાફળદાયી હોવાથી ઉદયનરાજા અને પ્રભાવતી રાણીની જેમ બને ત્યાંસુધી પોતેજ કરવાં.

નિશીથ ચૂર્ણિમાં કહેલું છે કે:—" સ્નાન કરીને કર્યા છે કૌતુકમંગળ જેણે એવી પ્રભાવતી રાણી સફેદ વસ્ત્ર પહેરીને, યાવત્ આઠમ ચૌદશના દિવસે ભક્તિ રાગે કરી પોતેજ નાટક કરતી હતી અને રાજા પણ તેની મરજી પ્રમાણે હોવાથી મૃદંગ વગાડતો."

જિનપૂજા કરવાના અવસરે અરિહંતની છદ્મસ્થ, કેવળી અને સિદ્ધ, એવી ત્રણ અવસ્થા ભાવવી. જે માટે ભાષ્યમાં કહેલું છે કે:—

ભગવંતને સ્નાન કરાવનારે, ભગવંતના પાસે રહેલા પરિકરમાં ઘડેલા હાથી ઉપર ચડેલા દેવના હાથમાં રહેલા કળશના દેખાવથી, તથા વળી પરિકરમાં રહેલા માળાધારી દેવના રૂપે કરી, ભગવંતની છદ્મસ્થાવસ્થા ભાવવી. ( છદ્મસ્થાવસ્થા એટલે કેવળજ્ઞાન પામ્યા પહેલાંની અવસ્થા ).

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

છદ્મસ્થાવસ્થા ત્રણ પ્રકારે છે. ( ૧ ) જન્મની અવસ્થા, ( ૨ ) રાજ્ય અવસ્થા, ( ૩ ) સાધુપણાની અવસ્થા. તેમાં ન્હવણ કરતી વખતે જન્માવસ્થા ભાવવી, માળાધારક દેવતાના રૂપ દેખી ફૂલમાળા પહેરવાના રૂપ દેખવાથી રાજ્યાવસ્થા ભાવવી, કેશ રહિત મસ્તક અને મુખ દેખવાથી સાધુપણાની અવસ્થા ભાવવી, પ્રાતિહાર્યમાં પરિકરના ઉપરના ભાગે કળશના બે તરફ રહેલા પત્રના આકારને દેખી અશોકવૃક્ષની ભાવના, માળાધારી દેવના દેખવાથી પુષ્પવૃષ્ટિ ભાવવી. પ્રતિમાની બે પાસે રહેલા બન્ને દેવતાના હાથમાં રહેલી બંસી વીણાના આકાર દેખી દિવ્ય ધ્વનિની ભાવના કરવી. એમ બીજી પણ યથાયોગ્ય સર્વ ભાવના પ્રગટપણેજ થઈ શકે એમ છે માટે તેની ભાવના કરવી. ભાવપૂજાનો વિચાર સંપૂર્ણ થયો.

## સામગ્રીના ભેદે પૂજાના પ્રકારો.

( ૧ ) પંચ ઉપચારિકી પૂજા, ( ૨ ) અષ્ટ ઉપચારિકી પૂજા ( ૩ ) ઋદ્ધિવંતને કરવા યોગ્ય સર્વોપચારિકી પૂજા, એમ ત્રણ પ્રકારની પૂજા શાસ્ત્રોમાં ગણાવી છે.

## પંચોપચારિકી પૂજા.

"પુષ્પપૂજા, અક્ષતપૂજા, ગંધપૂજા ધૂપપૂજા, દીપપૂજા, એમ પંચોપચારિકી પૂજા સમજવી."

## અષ્ટોપચારિકી પૂજા.

"જળપૂજા, ચંદનપૂજા, પુષ્પપૂજા, દીપપૂજા, ધૂપપૂજા, ફળપૂજા, નૈવેદ્યપૂજા, અક્ષતપૂજા, એ અષ્ટ પ્રકારના કર્મને હણનારી હોવાથી અષ્ટોપચારિકી પૂજા ગણાય છે."

## સર્વોપચારિકી પૂજા.

"જળપૂજા, ચંદનપૂજા, વસ્ત્રપૂજા, આભૂષણપૂજા, ફળપૂજા, નૈવેદ્યપૂજા, દીપપૂજા, નાટકપૂજા, ગીતપૂજા, આરતી ઉતારવી, તે સર્વોપચારિકી પૂજા સમજવી. એમ વૃહત્‌ભાષ્યમાં ઉપર બતાવ્યા પ્રમાણે ત્રણ પ્રકારની પૂજા કહેલી છે." કહેલું છે કે:—

પોતે પોતાના હાથે પૂજાના ઉપગરણો લાવે તે પ્રથમ પૂજા, બીજા પાસે પૂજાના ઉપગરણ મંગાવે તે બીજી પૂજા, અને મનથી પોતે ફળ ફૂલ પ્રમુખ પૂજા કરવાને મંગાવવાનો વિચાર કરવારૂપે ત્રીજી પૂજા સમજવી. અથવા એ મન, વચન અને કાયાના યોગથી કરવી કરાવવી અને અનુમોદવી, એમ પણ ત્રણ પ્રકાર થાય છે. તથા પુષ્પથી, નૈવેદ્યથી, સ્તુતિથી અને આજ્ઞાપાલન એમ ચાર પ્રકારની પૂજા યથાશક્તિ કરવી.

લલિતવિસ્તરામાં કહેલું છે કે:—પૂજામાં પુષ્પપૂજા, આમિષ (નૈવેદ્ય) પુજા, સ્તુતિ (ગાયન), પ્રતિપત્તિ (આરાધન અથવા વિધિ પ્રતિપાલના), એ ચાર વસ્તુઓ યથોત્તર અનુક્રમથી પ્રધાન છે. એમાં આમિષ શબ્દથી પ્રધાન અશનાદિ ભોગ્ય વસ્તુ સમજવી. જે માટે ગૌડકોશમાં લખેલ છે કે, 'આમિષ શબ્દથી ભોગવવા યોગ્ય અશનાદિક વસ્તુ સમજવી.'

**प्रतिपत्तिः पुनरविकलाप्तोपदेशपरिपालना** પ્રતિપત્તિ એટલે "સર્વજ્ઞના વચનનું યથાર્થ પાલન કરવું તે." એમ આગમોક્ત પૂજાના ચાર ભેદ સંપૂર્ણ થયા.

જિનેશ્વર ભગવંતની પૂજા બે પ્રકારની છે. એક દ્રવ્યપૂજા અને બીજી ભાવપૂજા. તેમાં દ્રવ્યપૂજા તે શુભ દ્રવ્યથી પૂજા કરવી અને ભાવપૂજા તે જિનેશ્વર ભગવંતની આજ્ઞા પાળવી. ફૂલ ચડાવવાં, સુગંધ વાસ ચડાવવો, એ આદિક સત્તર ભેદ, સ્નાત્ર પૂજા, એ આદિક એકવીસ પ્રકારની પૂજાના ભેદો. વળી અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા, એમ પૂજાના ત્રણ ભેદમાં સર્વ પૂજાના ભેદ અંતર્ભૂત થાય છે.

## પૂજાના સત્તર ભેદ.

૧ સ્નાત્રપૂજા, વિલેપનપૂજા, ૨ વાસપૂજા, ચક્ષુ જુગલપૂજા, (ચક્ષુયુગલ ચઢાવવા) ૩ ફૂલપૂજા, ૪ પુષ્પમાળ પૂજા, ૫ પંચરંગી છૂટાં ફૂલ ચઢાવવાની પૂજા, ૬ ચૂર્ણપૂજા (બરાસનું ચૂર્ણ ચઢાવવું), ધ્વજપૂજા, ૭ આભરણ (મુગટ) પૂજા, ૮ પુષ્પગૃહપૂજા, (ફૂલનું ઘર ચઢાવવું), ૯ પુષ્પ ફૂલપ્રગરપૂજા (છુટાંનો ઢગલો કરવો), ૧૦ આરતી ઉતારવી, મંગળ દીવો કરવો, અષ્ટ મંગલિક સ્થાપવા, ૧૧ દીપકપૂજા, ૧૨ ધૂપપૂજા, ૧૩ નૈવેદ્યપૂજા, ૧૪ ફળપૂજા, ૧૫ ગીત પૂજા, ૧૬ નાટકપૂજા, ૧૭ વાજિત્રપૂજા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# એકવીશ પ્રકારી પૂજાનો વિધિ.

ઉમાસ્વાતી વાચકે પૂજા પ્રકરણમાં એકવીસ પ્રકારી પૂજાનો વિધિ નીચે મુજબ લખેલ છે.

" પૂર્વદિશા સન્મુખ સ્નાન કરવું, પશ્ચિમદિશા સન્મુખ દાતણ કરવું, ઉત્તર દિશા સન્મુખ શ્વેત વસ્ત્ર પહેરવાં, પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ ઊભા રહી ભગવંતની પૂજા કરવી. ઘરમાં પેસતાં ડાબે ભાગે શલ્ય રહિત પોતાના ઘરના ઓટલાથી દોઢ હાથ ઊંચી જમીન ઉપર ઘરદેરાસર કરવું. પોતાના ઘરથી નીચી જમીન ઉપર ઘરદેરાસર કે દેરાસર કરે તો દિન પર દિન તેના વંશની અને સંતતિ–પુત્રપૌત્રાદિકની પરંપરા પણ સદાય નીચી પદ્ધતિને પામે છે. પૂજા કરનાર પુરુષ પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ ઉભા રહી પુજા કરે. દક્ષિણદિશા વર્જન કરવી અને વિદિશા તો સર્વથા વર્જનજ કરવી યોગ્ય છે. જો પશ્ચિમદિશા સન્મુખ ઉભા રહી ભગવંતની મૂર્ત્તિની પૂજા કરે તો ચોથી સંતતિથી ( ચોથી પેઢીથી ) વંશનો ઉચ્છેદ થાય, અને દક્ષિણદિશા સન્મુખ ઊભા રહી પૂજા કરે તો તેને સંતતિજ ન થાય ( નિર્વંશ થાય ). અગ્નિકોણમાં ઊભા રહી પૂજા કરે તો દિનદિન ધનની હાનિ થાય, વાયવ્યકોણમાં ઊભા રહી પૂજા કરે તો તેને પુત્રજ ન હોય ( થાય ), નૈઋત્યકોણમાં ઊભા રહી પૂજા કરવાથી કુળનો ક્ષય થાય, અને ઇશાનકોણમાં ઊભા રહી પૂજા કરે તો તે એક સ્થાનકે સુખે ઠરીને બેસી શકે નહીં.

બે પગે બે ઢીંચણે, બે હાથે, બે ખભે, એક મસ્તકે, એમ નવે અંગે પૂજા કરવી. ચંદન વિના કોઇપણ વખતે પૂજા કરવી નહીં. કપાળે, કંઠે હૃદયકમળે, ઉદરે, એ ચાર સ્થાનકે તિલક કરવાં. નવસ્થાનકે ( ૧ બે અંગુઠા, ૨ બે ઢીંચણ, ૩ બે હાથ, ૪ બે ખભે, ૫ મસ્તકે ૬ કપાળે, ૭ કંઠે, ૮ હૃદયકમળે, ૯ ઉદરે ) તિલક કરીને દરરોજ પૂજા કરવી. વિચક્ષણ પુરુષે પ્રભાતે વાસપૂજા, મધ્યાહ્નકાળે ફૂલપૂજા અને સંધ્યાકાળે ધૂપ દીપપૂજા કરવી. ભગવંતની ડાબી તરફ ધૂપ કરવો અને જલપાત્ર સન્મુખ મૂકવું તથા જમણી તરફ દીવો મૂકવો, અને ચૈત્યવંદન કે ધ્યાન પણ ભગવંતથી જમણી તરફ બેસીને કરવાં.

" હાથથી લેતાં અથડાઈને પડી ગયેલું, જમીન ઉપર પડેલું, પગ પ્રમુખ કોઇપણ અશુચિ અંગે લાગી ગયેલું, માથા ઉપર ઉપાડેલું, મલિન વસ્ત્રમાં રાખેલું, નાભિથી નીચે રાખેલું, દુષ્ટ લોક કે હિંસા કરનાર કોઇપણ જીવે સ્પર્શેલું, ઘણાક ઠેકાણે હણાયેલું ( ચુંથાયેલું ), કીડા પ્રમુખે કરડેલું, એવું ફૂલ, ફળ કે પત્ર ભકિતવંત પ્રાણીએ ભગવંતને ચઢાવવું નહીં. એક ફૂલના બે ભાગ કરવા નહીં; કળીને પણ છેદવી નહીં, ચંપાના કે કમળના ફૂલને જો ભાંગે તો તેથી પણ મોટો દોષ લાગે છે. ગંધ, ધૂપ, અક્ષત, ફૂલ, માળા, દીપ, નૈવેદ્ય, જળ અને ઉત્તમ ફળથી ભગવંતની પૂજા કરવી.

" શાંતિક કાર્યમાં શ્વેત, લાભકારી કાર્યમાં પીળાં, શત્રુના જયમાં શ્યામ, મંગળ કાર્યમાં રકત અને પાંચે વર્ણના કાર્યસિદ્ધિ માટે વાપરવાં; પંચામૃતનો અભિષેક કરવો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ી તથા ગોળનો દીવો કરવો, અગ્નિમાં લુણનિક્ષેપ કરવું એ શાંતિક પૌષ્ટિક કાર્યમાં ઉત્તમ જાણવાં. ફાટેલાં, સાંધેલાં, છેદેલાં, રાતા રંગવાળા, દેખીતાં ભયંકર વસ્ત્ર પહેરવાથી ાન, પુજા, તપ, જપ, હોમ, સામાયિક, પ્રતિક્રમણ પ્રમુખ સાંધ્ય કૃત્ય નિષ્ફળ થાય છે. ાસને સુખે બેસી શકાય એવા સુખાસને બેસી નાસિકાના અગ્રભાગે નયન સ્થાપી સ્ત્રથી ( મુખકોશથી ) મુખ ઢાંકીને મૌનપણે ભગવંતની પૂજા કરવી.

## એકવીશ પ્રકારી પૂજાનાં નામ.

" ૧ સ્નાત્ર પૂજા, ૨ વિલેપન પૂજા, ૩ આભૂષણ પૂજા, ૪ પુષ્પ પૂજા, ૫ વાસક્ષેપ ૂજા, ૬ ધૂપ પૂજા, ૭ દીપ પૂજા, ૮ ફળ પૂજા, ૯ તંદુલ ( અક્ષત ) પૂજા, ૧૦ નાગર- લના પાનની પૂજા, ૧૧ સોપારી પૂજા, ૧૨ નૈવેદ્ય પૂજા, ૧૩ જળ પૂજા, ૧૪ વસ્ત્ર પૂજા, ૫ ચામર પૂજા, ૧૬ છત્ર પૂજા, ૧૭ વાજિત્ર પૂજા, ૧૮ ગીત પૂજા, ૧૯ નાટક પૂજા, ૦ સ્તુતિ પૂજા, ૨૧ ભંડારવર્ધન પૂજા. "

" એમ એકવીશ પ્રકારની જિનરાજની પૂજા, સુરાસુરના સમુદાયે કરેલી સદાય પ્રસિદ્ધ , તેને કલિકાલના યોગથી કુમતિ લોકે ખંડન કરી છે, પણ જે જે વસ્તુ જેને પ્રિય હોય ને ભાવની વૃદ્ધિ માટે પૂજામાં યોજવી. "

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તેમજ ઈશાન દિશાએ દેવગૃહ હોય એમ વિવેકવિલાસમાં કહેલું છે. વળી વિવેક- વલાસમાં કહ્યું છે કે:—

" વિષમાસને બેસી, પગ ઉપર બેસી, ઉત્કટ આસને બેસી, ડાબો પગ ઊંચો રાખી ાબા હાથથી પૂજા કરવી નહીં, સુકેલાં, જમીન પર પડેલાં, પાંખડીઓ જેની વીખરાઇ ઈ હોય, જેને નીચ લોકો સ્પર્શેલાં હોય, વિકસ્વર થયેલાં ન હોય, એવાં પુષ્પથી પૂજા રવી નહીં. કીડા પડેલ, કીડે ખાધેલ, ડોડાથી છૂટું પડેલ, એક બીજાનાં લાગવાથી વિંધા- લ, સડેલ, વાસી, કરોળીઓ લાગેલ, નાભિને સ્પર્શેલું, હીન જાતિનું, દુર્ગંધવાળું, ુગંધ વિનાનું, ખાટી ગંધવાળું, મળમૂત્રવાળી જમીનમાં ઉત્પન્ન થયેલ, બીજા કોઇ દાર્થથી અપવિત્ર થયેલ હોય એવાં ફૂલ વર્જવાં. "

વિસ્તારથી પૂજાના અવસરે અથવા દરરોજ અને વિશેષથી પર્વ દિવસે ત્રણ, પાંચ, ાત કુસુમાંજલી ચઢાવવાપૂર્વક ભગવંતની સ્નાત્ર પૂજા ભણાવવી.

## સ્નાત્ર પૂજા ભણાવવાની રીતિ.

સવારમાં પહેલાં નિર્માલ્ય ઉતારવાં, પખાલ કરવો, આરતી, મંગળ દીવો કરવો. એ ંક્ષેપથી પૂજા છે. ત્યારપછી સ્નાત્રાદિ સવિસ્તર બીજી પૂજાના પ્રારંભમાં દેવની આગલ સરવાસિત જળે ભરેલો કળશ સન્મુખ સ્થાપન કરવો. ત્યાર પછી હાથ જોડીને નીચે ્માણે કહેવું—

"અલંકારના સંબંધ વિના અને ક્રોધાદિકના વિના સારભૂત સૌમ્ય કાન્તિથી મનોહર અને પોતાના સ્વાભાવિકરૂપવડે ત્રણ જગતને જીતનારૂં જિનબિંબ રક્ષણ કરો."

'ઉતાર્યાં છે કુસુમ અને આભૂષણ જેનાં એવું, અને વળી સહજ સ્વભાવથી પ્રગટ થયેલ છે ભવ્ય જીવના મનને હરનારી મનોહર છે શોભા જેની એવું સ્નાત્ર કરવાના બાજોઠ ઉપર રહેલું વીતરાગનું રૂપ તમને મોક્ષ આપો.' એમ કહીને નિર્માલ્ય ઉતારવું. ત્યારપછી પ્રથમથી તૈયાર રાખેલો કળશ કરવો, અંગલુછણુ કરી સંક્ષિપ્તથી પૂજા કરવી. ત્યારપછી નિર્મળ જળથી ધોયેલા અને ધૂપથી ધુપેલા કળશમાં સ્નાત્ર કરવા યોગ્ય સુગંધી જળ ભરી તે કળશોને શ્રેણીબંધ પ્રભુની સન્મુખ શુદ્ધ નિર્મળ વસ્ત્ર ઢાંકીને પાટલા ઉપર સ્થાપન કરવા. ત્યાર પછી પોતાનું ચંદન હાથમાં લઇને તિલક કરી, હાથ ધોઇ, પોતાના ચંદનથી હાથ લેપીને, હાથે કંકણ બાંધી, હાથ ધૂપીને શ્રેણીબદ્ધ સ્નાત્ર કરનાર શ્રાવક કુસુમાંજલિ ( કેસરથી વાસિત છૂટાં ફૂલ ) ભરેલી રકેબી હાથમાં લઈ ઊભો રહી કુસુમાંજલિનો પાઠ ઉચ્ચાર કરે.

"સેવંત્રા, મચકુંદ, માલતી વિગેરે પંચવર્ણા ઘણુ પ્રકારનાં ફૂલની કુસુમાંજલિ સ્નાત્રના અવસરે દેવાધિદેવને હર્ષિત થયેલા દેવતા સમર્પણ કરે છે." એમ કહીને પરમેશ્વરને મસ્તકે ફૂલ ચઢાવવાં.

"સુગંધના લોભથી ખેંચાઈ આવેલા ભમરાઓના ઝંકાર શબ્દથી ગાયન થતી જિનેશ્વર ભગવંતના ચરણ ઉપર મૂકેલી કુસુમાંજલિ તમારા પાપને દૂર કરો." એમ દરેક ગાથા ભણીને પ્રભુના ચરણકમળે શ્રાવક કુસુમાંજલિ પ્રક્ષેપ કરે. એવી રીતે કુસુમાંજલિએ તિલક, ધુપ, પાન, પ્રમુખનો આડંબર કરવો. ત્યારપછી મધુર અને ઉચ્ચ સ્વરે જે જિનેશ્વર પધરાવ્યા હોય તેમના નામનો જન્માભિષેકના કળશનો પાઠ બોલવો. ત્યારપછી ઘી, શેલડીનો રસ, દૂધ, દહીં, સુગંધી જળ, એ પંચામૃતથી અભિષેક કરવો. સ્નાત્ર કરતાં વચમાં ધૂપ દેવો અને સ્નાત્ર કરતાં ભગવંતનું મસ્તક ફૂલથી ઢાંકેલું રાખવું, પણ ઉઘાડું રાખવું નહીં, જે માટે વાદીવૈતાળ શ્રી શાંતિસૂરિએ કહેલ છે કે, "સ્નાત્રજળની ધારા જ્યાંસુધી પડે ત્યાંસુધી મસ્તક શૂન્ય ન રખાય, માટે મસ્તક ઉપર પુષ્પ ઢાંકી રાખવું." સ્નાત્ર કરતાં ( પખાલ કરતાં ) ચામર વીંઝવા, ગીત વાજિંત્રનો આડંબર સર્વ શક્તિથી કરવો. સ્નાત્ર કીધા પછી જો ફરીને સ્નાત્ર ન કરવું હોય તો શુદ્ધ જળથી ધારા દેવી અને આ પાઠ બોલવો.

"ધ્યાનરૂપ મંડળના અગ્ર ભાગની ધારા હોય જ નહીં શું ? એવી ભગવંતના અભિષેકના જળની જે ધારા છે તે સંસારરૂપ ઘરની ભીંતોના ભાગને ફરીને પણ ભેદ કરો." એમ કહીને ધારા દેવી. ત્યારપછી અંગલુછણા કરી વિલેપન આભૂષણ પ્રમુખથી આંગીની રચના કરી પહેલાં પૂજા કરી હતી તેથી પણ અધિક કરવી. સર્વ પ્રકારનાં ધાન્ય, પકવાન,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાક, વિગય, ઘી, ગોળ, સાકર, ફળાદિક બલિ ચઢાવવું. જ્ઞાનાદિક રત્નત્રયીની આરાધના નિમિત્તે અક્ષતની ત્રણ ઢગલી કરવી. સ્નાત્ર કરવામાં લઘુ વૃદ્ધ વ્યવહાર ઉલ્લંઘન કરવો નહીં. વૃદ્ધ પુરુષ પ્રથમ સ્નાત્ર કરે, ત્યારપછી બીજા સર્વ કરે અને સ્ત્રીઓ શ્રાવક પછી કરે. કેમકે, જિનેશ્વર ભગવંતના જન્માભિષેક વખતે પણ પ્રથમ અચ્યુતેંદ્ર, ત્યારપછી યથાનુક્રમથી છેલ્લો સૌધર્મેંદ્ર અભિષેક કરે છે. સ્નાત્ર થયા પછી અભિષેક જળ શેષની પેઠે મસ્તકે લગાડે તો તેમાં કાંઈપણ દોષ લાગવાનો સંભવ થતો નથી. જે માટે હેમચંદ્રાચાર્યે શ્રી વીરચરિત્રમાં કહેલું છે કે-દેવ, મનુષ્ય, અસુર અને નાગકુમાર દેવતાઓ પણ અભિષેક જળને વંદના કરીને વારંવાર પોતાને સર્વે અંગે હર્ષ સહિત સ્પર્શ કરાવતા હતા.

રામના ચરિત્રના ઓગણત્રીસમા ઉદ્દેશામાં અશાડ સુદ ૮ થી આરંભીને દશરથ રાજાએ કરાવેલા અષ્ટાહ્નિકા ( અઠ્ઠાઈ ) મહોત્સવના અધિકારમાં કહેલ છે કે-તે ન્હવણ શાંતિજળ, રાજાએ પોતાને મસ્તકે લગાડીને પછી તે તરૂણ સ્ત્રીઓ સાથે પોતાની રાણીઓને મોકલાવ્યું. અને તે રાણીઓએ પોતાના મસ્તકે ચઢાવ્યું. પણ પટરાણીને વૃદ્ધ કંચુકી સાથે મોકલાવ્યાથી તેને જતાં વાર લાગવાને લીધે પટરાણી શોક અને ક્રોધ પામવા લાગી. એટલામાં ઘણીવારે પણ વૃદ્ધ કંચુકીએ ન્હવણ જળ લાવીને પટરાણીને આપ્યું, અને કહેવા લાગ્યો કે, હું વૃદ્ધ છું તેથી વાર લાગી; તે માફ કરો. ત્યારપછી તે પટરાણીએ તે શાંતિજળ પોતાને મસ્તકે લગાવ્યું, તેથી તેનો માનરૂપી અગ્નિ શમી ગયો અને ત્યારપછી હૃદયમાં પ્રસન્નભાવને પામી.

जैनम् जयति शासनम्

વળી મોટી શાંતિમાં પણ કહેલ છે કે, शांतिपानीयं मस्तके दातव्यं શાંતિજળ મસ્તકે લગાડવું. વળી પણ સંભળાય છે કે, પ્રતિવાસુદેવ જરાસંઘે મૂકેલી જરાના ઉપદ્રવથી પોતાના સૈન્યને મુકાવવા શ્રી નેમિનાથના વચનથી શ્રીકૃષ્ણ મહારાજે અઠ્ઠમનો તપ કરી આરાધન કરેલા ધરણેંદ્ર પાસે પાતાળલોકમાંથી શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા શંખેશ્વર ગામમાં મંગાવી અને તે પાર્શ્વનાથના ન્હવણ જળથી ઉપદ્રવ શાંત થયો. વળી જિનેશ્વર ભગવંતની દેશના થઈ રહ્યા પછી તે ભૂમિના અધિપતિ પ્રમુખે ત્યાં ઉછાળેલી કૂરરૂપ બલિ અરધી ધરતી ઉપર નહીં પડતાં જ પ્રથમથી દેવતા લઈ જાય છે અને તેમાંથી અર્ધ રાજા લે છે, બાકીની સર્વ જન લે છે. બળિ મસ્તક ઉપર નાખવાના પ્રભાવથી પણ રોગોપદ્રવની શાંતિ થાય છે, એટલું જ નહિં પણ આવતા છ માસ સુધી તેને નવો રોગ ઉત્પન્ન થતો નથી એમ આગમમાં પણ પ્રસિદ્ધ છે. તે માટે સદ્ગુરુ પ્રતિષ્ઠિત મોટા મહોત્સવ કરી લાવેલા રેશમી ધ્વજપતાકાને દેરાસરને ત્રણ પ્રદક્ષિણા દેવરાવી દિક્પાળાદિકને બલિદાન આપી ચતુર્વિધ શ્રીસંઘ સહિત વાજતે ગાજતે ધ્વજ ચઢાવવો. પછી બધાએ યથાશક્તિ પહેરામણી કરવી. હવે આરતી ઉતારવા પ્રથમથી મંગળદીવો પ્રભુની સન્મુખ પ્રગટાવવો. મંગળદીવાની પાસે એક અગ્નિનું પાત્ર ભરીને મૂકવું. તેમાં લવણ જળ નાંખવું. ફૂલ લઇ ત્રણ વાર પ્રદક્ષિણા ભ્રમણ કરાવતાં નીચે પ્રમાણે બોલવું.

JAINSITE जैन साईट

"તીર્થ પ્રવર્તનના અવસરે જિનેશ્વર ભગવંતના સન્મુખ ઝંકાર શબ્દ કરતી ભ્રમરની પંક્તિ જેમાં છે એવી દેવતાની મૂકેલી (આકાશથી પડતી) કુસુમવૃષ્ટિ (ફૂલની વૃષ્ટિ) શ્રી સંઘને મંગળ પમાડો."

એમ કહીને પ્રભુના સન્મુખ પ્રથમ પુષ્પવૃષ્ટિ કરવી. ત્યારપછી લવણ, જળ, ફૂલ, હાથમાં લઈ પ્રદક્ષિણા ભ્રમણ કરાવતાં આ નીચે પ્રમાણે બોલવું.

"સર્વ પ્રકારે ભાગ્યો છે સંસારનો પ્રસાર જેથી એવી પ્રદક્ષિણા કરી શ્રી જિનરાજ ભગવંતના શરીરની અનુપમ લાવણ્યતા દેખીને લજવાયુંજ હોય નહીં! એવું લુણ અગ્નિમાં પડી બળી મરે છે તે જુઓ."

ઉપર પ્રમાણે કહીને જિનેશ્વર ભગવંતને ત્રણ વાર પુષ્પ સહિત લવણ જળ ઉતારવું. ત્યારપછી આરતી અને તે વખતે ધૂપ કરવો. બે બાજુએ ઊંચી અને અખંડ જલધારા કરવી. તે પછી શ્રાવકોએ ફૂલનાં પગર વિખેરવાં, પછી શ્રેષ્ઠ પાત્રમાં રાખેલી આરતિ આ પાઠ બોલવાપૂર્વક ઉત્સવ સહિત ત્રણ વાર ઉતારવી.

"મરકતરત્નના ઘડેલા વિશાળ થાળમાં માણેકના મંડિત મંગળ દીવાને સ્નાત્ર કરનારના હાથથી જેમ ભમાડાય છે, તેમ ભવ્ય પ્રાણી–જીવોની ભવની આરતી (ચિંતા) ભમો (દૂર થાઓ)."

ત્રિષષ્ટી શલાકા પુરુષના ચરિત્રમાં પણ કહેલું છે કેઃ—"કરવા યોગ્ય કરણી કરીને કૃતકૃત્ય થઈને ઇંદ્રે હવે કાંઈક પાછા ખસીને વળી ત્રણ જગતના નાથની આરતી ઉતારવા માટે હાથમાં આરતી ગ્રહણ કરી. જ્યોતિવંત ઔષધીઓના સમુદાયવાળા શિખરથી જેમ મેરુપર્વત શોભે તેમ તે આરતીના દીપકની કાંતિથી ઇંદ્ર પણ પોતે દીપવા લાગ્યો. શ્રદ્ધાળુ એવા જે બીજા ઇંદ્રોએ જે વખતે છૂટાં ફૂલોનો સમુદાય વિખેર્યો છે તે વખતે સૌધર્મેંદ્રે પોતે ત્રણ જગતના નાયકની ત્રણ વાર આરતી ઉતારી."

ત્યારપછી મંગળદીવો પણ આરતીની પેઠે પૂજવો, અને નીચે લખેલી ગાથાઓ બોલવી.

"ચંદ્ર સમાન સૌમ્ય છે દર્શન જેનું એવા હે નાથ! તમે જ્યારે કૌંસાંબી નગરીયે વિચરતા હતા, ત્યારે સંકોચાઈ ગયો છે પ્રતાપ જેનો એવો સૂર્ય પોતાના શાશ્વતા વિમાનથી આપનાં દર્શન કરવા આવ્યો ત્યારે તમને જેમ પ્રદક્ષિણા કરતો હતો તેમ આ મંગળદીવો પણ તમારી પ્રદક્ષિણા કરે છે. મેરુપર્વતને પ્રદક્ષિણા કરતાં જેમ સૂર્ય શોભે છે તેમ હે નાથ! સુરસુંદરીયે સંચરિત (પ્રદક્ષિણા કરતાં ભમાડેલો) આ મંગળદીપક પણ પ્રદક્ષિણા કરતો શોભે છે."

એમ પાઠ ઉચ્ચાર કરતાં ત્રણ વાર મંગળદીવો ઉતારી, પ્રભુના ચરણકમળ આગળ દીપાયમાન લાગે એમ સન્મુખ મૂકવો. મંગળદીવો ઉતારતાં આરતી જો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલવાઇ જાય તો કાંઇ દોષ લાગતો નથી. આરતી મંગળદીવામાં મુખ્ય વૃત્તિએ ( ઘણું કરી ) ઘી, ગોળ, કપૂર મૂકવો જેથી મહાલાભ પમાય.

લૌકિક શાસ્ત્રમાં કહેલ છે કે:—

'પરમેશ્વરની પાસે કપૂરથી દીવો કરે તો અશ્વમેધ યજ્ઞનું ફળ પામે, અને તેના કુળનો પણ ઉદ્ધાર થાય છે.'

"શ્રીહરિભદ્રસૂરિએ કરેલા સમરાદિત્ય કેવળીના ચરિત્રની આદિમાં 'लवणेउ मंगलं वा' એવો પાઠ દેખાય છે તેથી આ સ્નાત્ર વિધાનમાં દર્શાવેલી 'मुक्तालंकार' એ ગાથા તેમની ( શ્રીહરિભદ્રસૂરિની ) કરેલી સંભવે છે." આ સ્નાત્રવિધાનમાં જે જે ગાથા આવેલી છે તે બધી તપાગચ્છમાં પ્રસિદ્ધ છે તે માટે લખી નથી, પણ સ્નાત્રપૂજાના પાઠથી જોઇ લેવી.

વળી સ્નાત્રાદિકમાં સામાચારીના ભેદથી વિવિધ પ્રકારનો વિધિમાં પણ ભેદ દેખાય છે તો પણ તેમાં કાંઇ મુંઝાઇ જવું નહીં. કેમકે અરિહંતની ભક્તિથી સર્વને સામાન્ય મોક્ષફળનું સાધ્ય એક જ છે. વળી ગણધરાદિકની સામાચારીમાં પણ ઘણા ભેદ હોય છે તે માટે જે જે કાર્ય ધર્મથી અવિરુદ્ધ હોય અને અર્હંત ભગવંતની ભક્તિનું પોષક હોય તે કોઇ આચાર્યને અસંમત નથી, એમ સર્વ ધર્મકૃત્યમાં સમજી લેવું.

અહિંયાં જિનપૂજાના અધિકારમાં આરતી ઉતારવી, મંગળદીવો ઉતારવો, લુણ ઉતારવું એ વિગેરે કેટલીક કરણીઓ કેટલાક સંપ્રદાયથી સર્વ ગચ્છોમાં અને પરદર્શનમાં પણ જમણી બાજુથી કરાય છે.

શ્રી જિનપ્રભસૂરિકૃત પૂજાવિધિમાં તો એવી રીતે સ્પષ્ટાક્ષરથી લખેલું છે કે:—

लवणाई उत्तारणं पायलित्तसूरियाई पुव्वपुरिसेहिं संहारेण अणुन्नयंपि संपयं सिट्ठिए कारिज्जई ।

લવણ આરતીનું ઉતારવું પાદલિપ્ત સૂરિ આદિક પૂર્વપુરુષોથી સંહારથી કરવું અનુજ્ઞાત છે, પણ હમણાં તો જમણી બાજુથી કરાય છે.

સ્નાત્ર કરવામાં સર્વ પ્રકારે વિસ્તારથી પૂજા–પ્રભાવનાદિકના સંભવથી પરલોકના ઉત્તમ ફળની પ્રાપ્તિ સ્પષ્ટપણે દેખાય છે. વળી જિનજન્માદિ સ્નાત્ર ચોસઠ ઇંદ્રો પણ કરતા હતા તેમની જેમ આપણે પણ કરીએ તે તેમને અનુસારે કર્યું કહેવાય તેથી આલોકના ફળની પણ પ્રાપ્તિ જરૂર થાયજ છે એમ સમજવું.

## કેવી પ્રતિમા પૂજવી.

પ્રતિમાઓ વિવિધ પ્રકારની હોય છે તેના ભેદ પૂજાવિધિ સમ્યકત્વ પ્રકરણમાં કહેલ છે.

કેટલાક આચાર્યો એમ કહે છે કે 'ગુરુકારિતા'—ગુરુ જે માતાપિતા દાદા પડ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાદા પ્રમુખ તેણે ભરાવેલી ( કરાવેલી ) પ્રતિમા પૂજવી," કોઈક આચાર્ય એમ કહે છે કે "પોતે વિધિપૂર્વક પ્રતિમા ભરાવીને પ્રતિષ્ઠા કરાવીને પૂજવી," વળી કેટલાક આચાર્ય એમ કહે છે કે "વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઇ હોય એવી પ્રતિમાની પૂજા કરવી." એવી પ્રતિમાની પૂજા કરવાની રીતિમાં બતાવેલી વિધિપૂર્વક પૂજા કરવી.

માતાપિતા પ્રમુખે કરાવેલી પ્રતિમાજ પૂજવી એવો વિચાર ચિત્તમાં ધરવો નહીં. મમકાર કે આગ્રહ રાખીને અમુકજ પ્રતિમા પૂજવી. એવો આશય રાખવો નહીં. જ્યાં જ્યાં પ્રભુમુદ્રા સમ આકારવાળી દેખાય ત્યાં ત્યાં તે પ્રતિમા પૂજવી. કેમકે સર્વ પ્રતિમામાં તીર્થંકરનો આકાર દેખવાથી પરમેશ્વરની બુદ્ધિ ઉત્પન્ન થાય છે માટે, અને જો એમ ન હોય તો ખરેખર પોતાનો હઠવાદ કરવાથી અર્હત્ બિંબની અવગણના કરવાથી અનંત સંસાર પરિભ્રમણ કરવાનો બળાત્કારથી તેના ઉપર આવી પડે. વળી કોઇના મનમાં એવો વિચાર આવે કે, અવિધિકૃત પ્રતિમાપૂજનથી ઊલટો દોષ લાગે છે, પણ એમ ધારવું નહીં કે અવિધિની અનુમોદનાના પ્રકારથી આજ્ઞાભંગનો દોષ લાગે. અવિધિકૃત પ્રતિમા-પૂજનથી પણ કાંઇ દોષ લાગતો નથી એમ આગમમાં લખેલ છે. જે માટે કલ્પભાષ્યમાં કહેલ છે કે:—

નિશ્રાકૃત તે કોઇક ગચ્છનું ચૈત્ય, અનિશ્રાકૃત તે ગચ્છ વગરનું ( સર્વને સાધારણ) ચૈત્ય, એવા બન્ને પ્રકારના ચૈત્યે ત્રણ સ્તુતિ કહેવી. એમ કરતા જો ઘણી વાર લાગે અને તેટલી વાર ટકી શકાય એમ ન હોય તો એકેક થોય ( સ્તુતિ ) કહેવી. પણ જે જે દેરે ગયા ત્યાં સ્તુતિ કહ્યા વિના પાછું ન ફરવું માટે વિધિકૃત હોય કે ન હોય પણ જરૂર પૂજવા.

જે દેરાસરની સારસંભાળ કરનારા શ્રાવક પ્રમુખ ન હોય એવા દેરાસરને અસં-વિજ્ઞ દેવકુલિકા કહીએ. તેમાં ( અસંવિજ્ઞ દેવકુલિકા–દેરાસરમાં ) જો કરોળીયાએ જાળ બાંધેલ હોય, ધૂળ જામી ગઇ હોય, તો તે દેરાસરના સેવકોને સાધુ પ્રેરણા કરે કે મંખ ચિત્રામણના પાટીયાં પેટીમાં રાખીને તે ચિત્રામણનાં પાટીયાં બાળકોને દેખાડીને પૈસા લેનાર લોકોની જેમ તેના પાટીયાં રંગબેરંગી વિચિત્ર દેખાવના હોવાથી તેની આજી-વિકા સુખે ચાલે છે તેમ તમે પણ જો દેરાસરની સાર સંભાળ સારી રાખીને વર્ત્તશો તો તમારું માનસત્કાર થશે. વળી તે સેવકો એટલે દેરાસરના ચાકરો જો દેરાનો પગાર ખાતા હોય તો તથા તે દેરાસરની પાછળ ગામની લાગત ( લાગી ) ખાતા હોય કે ગામ ગરાસ જમીન ભોગવતા હોય તો તેને નિર્ભર્ત્સના પણ કરે ( ઠપકો આપે ) કે તમે દેરાસરની લાગત ખાઓ છો છતાં પણ તેની ( દેરાસરની ) સારસંભાળ સારી રાખતા નથી. એમ ઠપકો આપવાથી પણ તેની યતના ન કરે તો તેમાં દેખીતા જ્યારે જીવ ન હોય ત્યારે તે કરોળીયાના પડને સાધુ પોતાને હાથે ઉખેડી નાખે તો તેમાં તેને દોષ નથી. એમ વિનાશ પામતાં ચૈત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે સાધુએ પણ ઉવેખવાં નહીં ત્યારે શ્રાવકની શી વાત અર્થાત્ શ્રાવકોએ દેરાસરોની પૂરતી સારસંભાળ રાખવી જ જોઈએ અને તેમાં કોઇપણ પ્રકારની આશાતના થવા દેવી જોઇએ નહીં કેમકે ઉપર બતાવ્યા મુજબ સાધુને પણ શ્રાવક પ્રમુખના અભાવે છૂટ આપવામાં આવેલી છે તો તે કૃત્ય શ્રાવકનું છતાં શ્રાવકે કદીપણ વિસારી મૂકવું નહીં જરૂર યથાશક્તિ દેરાની સારસંભાળ કરવી જોઇએ. આ બધો પૂજાનો અધિકાર હોવાથી પ્રસંગથી આવેલો અધિકાર બતાવ્યો છે.

ઉપર લખેલી સ્નાત્રાદિકની વિધિનો વિસ્તાર તો ધનવાન શ્રાવકથી જ બની શકે એવો છે પણ ધન રહિત શ્રાવક તો સામયિક લઇને જો કોઇની પણ સાથે તકરાર પ્રમુખ કે પોતાને માથે ઋણ ( કરજ ) ન હોય તો ઇર્યાસમિતિ પ્રમુખનાં ઉપયોગ સહિત સાધુની પેઠે ત્રણ નિસીહિ પ્રમુખ ભાવપૂજાની રીતિ પ્રમાણે દેરે આવે. ત્યાં જો કદાચિત્ કોઇ ગૃહસ્થનું દેવપૂજાની સામગ્રીનું કાર્ય હોય તો સામાયિક પારીને તે ફુલ ગુંથવા પ્રમુખ કાર્યમાં પ્રવર્તે. કેમકે, એવી દ્રવ્યપૂજાની સામગ્રી પોતાની પાસે હોય નહીં અને એટલો ખર્ચ પોતાના નિર્ધનપણાને લીધે થઇ શકે એમ નથી તો પારકી સામગ્રીથી તેનો લાભ લઇ લે. અહિંયાં કોઇ એવો પ્રશ્ન કરે કે, સામાયિક ત્યાગીને દ્રવ્યસ્તવ કરવું કેમ ઘટમાન હોય ? તેનો ઉત્તર એમ છે કેઃ–સામાયિક તો પોતાને સ્વાધીન છે. તે તો જ્યારે ધારે ત્યારે બની શકે એમ છે, પરંતુ દેરાસરમાં આ ફુલ પ્રમુખ કૃત્ય તો પરાધિન છે, સામુદાયિક કામ છે, પોતાને સ્વાધીન નથી, અને કોઈક વખતે બીજો કોઈક દ્રવ્ય ખરચ કરનાર હોય, ત્યારે જ બની શકે એમ છે માટે સામાયિક કરતાં પણ એના આશયથી મહાલાભની પ્રાપ્તિ થતી હોવાથી સામાયિક પારીને પણ દ્રવ્ય સ્તવમાં પ્રવર્તવાથી કંઇ દોષ લાગતો નથી. તે માટે શાસ્ત્રમાં કહેલ છે કેઃ—

સમ્યગ્દૃષ્ટિ જીવને બોધીબીજની પ્રાપ્તિ થાય, સમ્યક્ત્વને હિતકારી થાય, આજ્ઞાનું પાલન થાય, ભગવંતની ભક્તિ થાય, જૈનશાસનની ઉન્નતિ થાય એમ અનેક ગુણની પ્રાપ્તિ થાય છે, માટે નિર્ધન શ્રાવકે સામાયિક પારીને પણ દ્રવ્યસ્તવ કરવું.

દિનકૃત્યસૂત્રમાં પણ કહેલું છે કેઃ–" એવા પ્રકારે આ સર્વ વિધિ ઋદ્ધિવંતને માટે કહી અને ધન રહિત શ્રાવક પોતાનાં ઘરમાં સામાયિક લઇ જો કોઇ માર્ગમાં લેણદાર કે કોઇની સાથે તકરાર ન હોય તો સુસાધુની જેમ ઉપયોગવંત થઇને જિનમંદિરે જાય. ત્યાં જિનમંદિરમાં જો કાંઇક કાયાથીજ બની શકે એવું દ્રવ્યસ્તવરૂપ કામ હોય તો સામાયક મૂકીને તે દ્રવ્યસ્તવરૂપ કરણી કરે. "

આ શ્રાદ્ધવિધિની મૂળ ગાથામાં " **विहिणा** " ( વિધિપૂર્વક ) એ પદથી દશ ત્રિક, પાંચ અભિગમ પ્રમુખ ચોવીસ મૂળદ્વારે કરી બે હજાર ચુમ્મોતેર બાબતો જે ભાષ્યમાં ગણાવી છે, તે સર્વ બાબતો ધારવી. જેમકે—

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પૂજામાં ધારવા યોગ્ય બે હજાર ચુમોતેર બાબતો.

(૧) ત્રણ ઠેકાણે ત્રણ વાર નિસીહિનું કહેવું, (૨) ત્રણ વાર પ્રદક્ષિણા દેવી, (૩) ત્રણ વાર પ્રણામ કરવા, (૪) ત્રણ પ્રકારની પૂજા કરવી, (૫) બિંબની ત્રણ પ્રકારની અવસ્થા વિચારવી, (૬) ત્રણ દિશામાં જોવાનો ત્યાગ કરવો, (૭) પગ મૂકવાની ભૂમિ ત્રણ વાર પુંજવી, (૮) વર્ણાદિક ત્રણ આલંબવા, (૯) ત્રણ પ્રકારની મુદ્રાઓ કરવી, (૧૦) ત્રણ પ્રકારનું પ્રણિધાન, એ દશત્રિક ગણાય છે. ઇત્યાદિક સમજવું. વિધિપૂર્વક કરાતું ધર્માનુષ્ઠાન મહાફળને આપનાર છે અને જો કોઇ વખત અવિધિથી કરાય તો અલ્પફલ આપનાર બને છે. કષ્ટની પ્રાપ્તિનો હેતુ પણ થાય છે. જે માટે શાસ્ત્રમાં કહેલ છે કેઃ—

જેમ ઓષધ અપથ્યથી ખાવામાં આવે તો તેથી મરણાદિક મહાકષ્ટની દેખીતી પ્રાપ્તિ થાય છે, તેમ ધર્માનુષ્ઠાન પણ જો વિપરીત કરવામાં આવે તો તેથી ભયંકર મહાકષ્ટ થાય છે.

ચૈત્યવંદનાદિક જો અવિધિથી થાય તો તેને ઊલટું પ્રાયશ્ચિત આવે છે. જે માટે મહાનિસીથ સૂત્રના સાતમા અધ્યયનમાં કહેલું પણ છે કેઃ—

"અવિધિથી ચૈત્યોને વાંદતાં બીજા ભવ્ય જીવોને અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે, એજ કારણ માટે અવિધિથી ચૈત્યને વાંદે, તેને પ્રાયશ્ચિત્ત આપવું."

દેવતા, વિદ્યા અને મંત્રાદિક પણ વિધિપૂર્વક આરાધે તોજ તેનું ફળ સિદ્ધ થાય. અન્યથા તેને તત્કાળ અનર્થની પ્રાપ્તિનો હેતુ થાય છે.

JAINSITE जैन साईट जयति शासनम्

## ચિત્રકારનું દૃષ્ટાંત.

અયોધ્યા નગરીમાં સુરપ્રિય નામા યક્ષ હતો, તેની દર વર્ષે વર્ષગાંઠની યાત્રા ભરાતી હતી. તેમાં એટલું આશ્ચર્ય હતું કે, જે દિવસે તેની યાત્રા ભરાવવાની હોય, તે દિવસે એક ચિતારો તેના મન્દિરમાં જઇ તેની મૂર્ત્તિ આલેખે, કે તત્કાળ તે ચિતારો મરણ પામે. જો કોઇ વરસે યાત્રાના દિવસે કોઈપણ ચિતારો ત્યાં મૂર્ત્તિ ચિતરવા ન જાય તો તે વર્ષે તે ગામના ઘણા લોકોને મરણ પમાડે. એથી કેટલાક ચિતારા તે ગામ મૂકી નાસવા લાગ્યા, તેથી જેમ સાંકળમાં બાંધી જ રાખ્યા ન હોય શું ? એમ તે રાજાએ બધા ચિતારાઓને પકડી અનુક્રમથી તેમના નામ ઉતારી લઇ તે દરેકના નામની ચીઠી કરી એક ગોળામાં ભરી રાખી અને એવો ઠરાવ કર્યો કે, દર વર્ષે એક ચીઠી કાઢવી. તેમાં જે નામની ચીઠી આવે, તે ચિતારો તે વર્ષે ચિતરવા જાય. એમ કરતાં કેટલાંક વર્ષ વીતી ગયા. બાદ એક વર્ષે એક વૃદ્ધા સ્ત્રીને એક જ પુત્ર હતો, તેના નામની ચીઠી નીકળવાથી તેને જવાનો વારો આવ્યો. ત્યારે તે વૃદ્ધા કકળવા લાગી, જેથી તે વૃદ્ધા સ્ત્રીને ઘેર એક ચિત્રકાર કે જે તેના ધણીનીજ પાસે ચિત્રકારની કળા શીખેલો હોવાથી તે વૃદ્ધાના પુત્રને પોતાના ભાઇ સમાન ગણીને તેને ફક્ત મળવા માટે જ આવેલો હતો;

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે તે કારણ જાણીને વિચાર કર્યો કે, ખરેખર આ બધા ચિત્રકાર અવિધિથી યક્ષની મૂર્ત્તિ ચિતરે છે કે જેથી તેના પર કોપાયમાન થઇને તે યક્ષ તેનો પ્રાણ લે છે, માટે આ વર્ષને વારે હું જ ત્યાં જઉં અને તે યક્ષની મૂર્ત્તિ યથાવિધિ કરૂં, જેથી મારા આ ગુરૂ ભાઇને બચાવી શકીશ અને જો મારી કલ્પના ખરી ઠરશે તો હું પણ બચીશ અને વળી તેથી આ ગામના બધા ચિતારાઓનું ચિરંકાળનું કષ્ટ કાપી નાખીશ. એમ ધારીને વૃદ્ધ સ્રીને કહેવા લાગ્યો કે, હે માતા! જો તને તારા પુત્ર માટે આટલું બધું દુઃખ થાય છે, તો આ વર્ષે તારા પુત્રને બદલે હું જ પોતે યક્ષની મૂર્ત્તિ ચિતરવા જઇશ. તેણીએ તેને ઘણું સમજાવ્યો, પરંતુ તેણે માન્યું નહીં. છેવટે જ્યારે ચિતરવાનો દિવસ આવ્યો, ત્યારે તે ચિતારાએ પ્રથમથી છઠ્ઠ તપ કર્યો અને શરીર સ્નાન કરી શુદ્ધ કર્યું. વળી શુદ્ધ વસ્ત્ર પહેરી ધૂપ, દીપ, નૈવેદ્ય, બલિદાન, રંગ, રોગાન, પીંછી, બધાં શુદ્ધ લઇ ત્યાં ગયો. અષ્ટપટનો મુખકોશ બાંધી પ્રથમથી દેરાસરની જમીનને નિર્મળ જળથી ધોવરાવી, પવિત્ર મૃતિકા( માટી ) અને ગોના છાણથી લીંપાવીને તેને ઉત્તમ ધૂપથી ધૂપીને મન, વચન, કાયા સ્થિર કરી શુભ નિમિત્ત કરીને પછી યક્ષને નમસ્કાર કરી સન્મુખ બેસીને યક્ષની મૂર્ત્તિ આલેખી ત્યારપછી ફળ, ફૂલ, નૈવેદ્ય, ધૂપ, દીપ પ્રમુખથી પૂજા કરી નમસ્કાર કરતો ખમાવવા લાગ્યો કે, "હે યક્ષરાજ! આ તમારી મૂર્તિ આલેખતાં જો કાંઇ મારી ભૂલ થઇ હોય તો ક્ષમા કરશો" તે વખતે યક્ષે આશ્ચર્ય પામીને પ્રસન્ન થઇ તેને કહ્યું કે, 'માંગ, માંગ, હું તારા ઉપર તુષ્ટમાન છું,' ત્યારે તે હાથ જોડીને બોલ્યો કે, 'યક્ષરાજ, જો તમે મારા ઉપર તુષ્ટમાન છો, તો આજ પછી કોઇપણ ચિતારાને મારવો નહીં.' તેણે તે કબૂલ કરી કહ્યું કે, 'એ તો તેં પરોપકાર માટે માગ્યું, પણ હવે તું તારા માટે કાંઇ માંગ' તેણે ફરીથી કાંઇ માંગ્યું નહીં. ત્યારે પ્રસન્ન થઇને યક્ષે કહ્યું કે, જેનું તેં એક અંશ અંગ દીઠું હશે, તેનું આખું અંગ તું ચીતરી શકીશ. એવી કળાની શક્તિ તને આપું છું. ત્યારપછી ચિતારો તેને પ્રણામ કરીને પોતાને સ્થાનકે ગયો. એક વખતે તે કોશંબીના રાજાની સભામાં ગયેલો તે વખતે રાજાની રાણીનો એક અંગુઠો જાળી વિગેરેમાંથી દીઠેલ હતો, તેથી તેણે તે મૃગાવતી રાણીનું આખું રૂપ ચીતર્યું. રાજા તે જોઇ ખુશી થયો, પણ છબી તપાસતાં રાણીની જંઘા ઉપર તિલક હતું, તે પણ તેમાં દેખીને તત્કાળ શંકા ઉત્પન્ન થવાથી તેને મારી નાખવાની આજ્ઞા આપી. ત્યારે તે ગામના સર્વ ચીતારા ભેગા થઇ રાજા પાસે આવી કહેવા લાગ્યા કે, સ્વામી, એને યક્ષે વરદાન આપ્યું છે, તેથી જેનું એક અંશ અંગ તેણે દીઠું હોય, તેનું આખું અંગ ચીતરી આપે છે. પછી રાજાએ તેની પરીક્ષા કરવા સારૂ એક કુબડી દાસીનો પડદામાંથી પગનો અંગુઠો દેખાડી તેનું ચિત્ર કરી લાવવા કહ્યું તેણે તે ચીતરી આપ્યું, તો પણ રાજાએ તેનો જમણો હાથ કાપી નાખવાની આજ્ઞા આપી, જેથી તે જમણા હાથ રહિત થયો. પછી તેણે તેજ યક્ષની પાસે જઇ ડાબા હાથથી ચીતરવાની કળા માંગી. યક્ષે તેને તે પણ આપી. ત્યાર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી તેણે પોતાનો હાથ કાપવાનું વેર વાળવા માટે ડાબા હાથથી મૃગાવતી રાણીની છબી ચીતરીને ચંડપ્રદ્યોત રાજાને દેખાડી. તે જોઈ તેને વશ થઇને તેણે કોસાંબીના શતાનીક રાજાને દૂત મોકલી કહેવરાવ્યું કે, તારી મૃગાવતી રાણી મને આપ, નહીં તો જબરજસ્તીથી લઇશ. તેણે તે ન માન્યું. છેવટે ચંડપ્રદ્યોત રાજા લશ્કર લઈ આવી કોસાંબી નગરીને વીંટીને પડ્યો, પછી શતાનીક રાજા મરણ પામ્યો, ત્યારે ચંડપ્રદ્યોતને મૃગાવતી રાણીએ કહેવરાવ્યું કે, 'હવે તું મારી સાથે પ્રીતિ કર.' તેણીએ કહેવરાવ્યું કે, "હું તારે વશ છું, પણ તારા સૈનીકોએ મારી નગરીનો કીલ્લો તોડી નાંખ્યો છે, તે ઉજ્જયિની નગરીથી ઈંટો મંગાવીને પાછો તૈયાર કરી આપે અને મારી નગરીમાં અન્ન પાણીની સગવડ કરી આપે તો હું તારી પાસે આવું." ત્યારે તેણે બહાર રહી તેમ કરી આપ્યું. એવામાં ભગવાન મહાવીર સ્વામી ત્યાં સમોસર્યા. તે જાણી મૃગાવતી રાણી, ચંડપ્રદ્યોતન રાજા પ્રમુખ વાંદવા આવ્યા. આ વખતે એક ભીલે આવી ભગવંતને પુછયું કે, "या सा" ભગવંતે ઉત્તર વાળ્યો કે, "सा सा" ત્યારપછી આશ્ચર્ય પામી તેણે સંબંધ પુછયો. ભગવંતે યથાવસ્થિત સંબંધ કહ્યો. તે સાંભળી વૈરાગ્ય પામી મૃગાવતી, અંગારવતી, તથા પ્રદ્યોતનની આઠે રાણીઓએ ભગવંત પાસે દીક્ષા લીધી.

જ્યારે અવિધિથી કરવાથી આવો અનર્થ થાય છે, ત્યારે તો તેના કરતાં ન કરવું એજ સારૂં છે એમ ધારવું નહીં. કેમકે શાસ્ત્રમાં કહેલું છે કે,

અવિધિથી કરવું તેના કરતાં ન કરવું એ સારૂં છે, એમ જે બોલે છે, તેણે જૈન શાસ્ત્રનો અભિપ્રાય જાણ્યો નથી તેથીજ એમ બોલે છે. કેમકે, પ્રાયશ્ચિત્ વિધાનમાં તો એમ છે કે, જેણે બીલકુલ નથી કીધું, તેને ભારે પ્રાયશ્ચિત્ આવે છે અને જેણે કીધું, પણ અવિધિથી કીધું છે, તો તેને હલકું પ્રાયશ્ચિત આવે છે, માટે સર્વથા ન કરવું તેના કરતાં અવિધિથી પણ કરવું સારૂ છે. માટે ધર્માનુષ્ઠાન દરરોજ કરતા જ રહેવું અને કરતાં કરતાં જેમ બને તેમ વિધિયુક્ત થાય તેવો ઉદ્યમ કરવો એ શ્રેયસ્કર છે. એજ શ્રદ્ધાવંતનુ લક્ષણ છે. જે માટે શાસ્ત્રમાં કહેલ છે કે,

"શ્રદ્ધાવંત શ્રાવક યથાશક્તિ વિધિમાર્ગને સેવવાના ઉદ્યમથી અનુષ્ઠાન કરતો રહે, નહિં તો કોઈક દ્રવ્યાદિક દોષથી હણાયો થકો ધર્મક્રિયામાં શત્રુભાવ પામે છે."

જેની ક્રિયા વિધિસંયુક્ત હોય તેમને ધન્ય છે, વિધિસંયુક્ત કરવા ધારતા હોય તેમને ધન્ય છે, વિધિમાર્ગના ઉપર આદર બહુમાન રાખનારને ધન્ય છે, વિધિમાર્ગને નિંદે નહીં એવા પુરૂષોને પણ ધન્ય છે.

થોડા ભવમાં મોક્ષપદ પામનારને વિધિ સંયુક્ત કરવાનો પરિણામ સદાકાળ હોય છે, અને અભવ્ય તથા દુર્ભવ્ય ( ઘણા ભવે મોક્ષપદ પામનાર ) ને વિધિમાર્ગનો ત્યાગ અને અવિધિમાર્ગનું આસેવન ઘણું જ પ્રિય હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખેતીવાડી, વ્યાપાર, નોકરી, ભોજન, શયન, ઉપવેશન, ગમન, આગમન, વચન વિગેરે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ પ્રમુખથી વિચારીને વિધિપૂર્વક ( રીતિ મુજબ ) સેવન કરે તો સંપૂર્ણ ફળદાયક થાય છે, અને જો વિધિ ઉલ્લંઘન કરીને સેવન કરે તો કેટલીક વખત અલ્પ લાભકારી થાય છે.

## અવિધિથી થતા અલ્પ લાભ ઉપર દૃષ્ટાંત.

સંભળાય છે કે, દ્રવ્યાર્થી કોઇ બે પુરૂષ દેશાંતરે જઇ કોઇક સિદ્ધપુરૂષની સેવા કરતા હતા. ઘણી સેવાથી તેઓના ઉપર તુષ્ટમાન થઈને સિદ્ધપુરૂષે તેઓને દેવાધિષ્ઠિત મહિમાવંત તુંબ ફળના બીજ આપી તેની આમ્નાય બતાવી કે, સો વાર ખેડેલા ખેતરમાં મંડપની છાયા કરી અમુક નક્ષત્ર, વાર, યોગે એને વાવવાં. જ્યારે તેનો વેલો ઉત્પન્ન થાય ત્યારે પ્રથમથી ફળનાં બીજ લઇ સંગ્રહ કરી રાખવો અને પછી પત્ર, પુષ્પ, ફળ, ડાંખળી સહિત તે વેલાને ખેતરમાં જ એમ ને એમ રાખી નીચે એવો કાંઇક સંસ્કાર કરવો કે જેથી એના ઉપર પડેલી રાખ વ્યર્થ ન જાય. પછી તે સુકેલા વેલાને બાળી નાંખવો. તેની જે રાખ થાય તે સિદ્ધ ભસ્મ ગણાય છે. ચોસઠ તોલા તામ્ર ગાળી તેમાં એક રતી સિદ્ધભસ્મ નાંખવી કે જેથી તે તત્કાળ સુવર્ણ બની જશે. એમ બંને જણને સરખી રીતે શિખવી રજા આપી. તે બંને જણ પોતપોતાને ઘેર ગયા. તે બેમાંથી એક જણે યથાવિધિ કરવાથી તેને તેના કહ્યા પ્રમાણે સુવર્ણ થયું અને બીજાએ તેની વિધિમાં કાંઇક ચૂક કરી તેથી તેને સુવર્ણને બદલે ચાંદી થઇ, પણ સુવર્ણ ન થયું, માટે યથાવિધિ થાય તોજ સંપૂર્ણ ફળદાયક નીવડે છે.

હરકોઇ પણ ધર્માનુષ્ઠાન પોતાની શકિત પ્રમાણે યથાવિધિ કરીને છેવટે અજાણતાં બનેલી અવિધિ આશાતનાનો દોષ દૂર કરવા માટે ' અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં ' એમ બોલવું કે જેથી તેનો વધારે દોષ લાગતો નથી.

## ત્રણ પ્રકારની પૂજાનું ફળ.

પહેલી અંગપૂજા વિઘ્નોપશામની ( વિઘ્ન કરનારી ); બીજી અગ્રપૂજા અભ્યુદય પ્રસાધની ( મોટો લાભ આપનારી ); અને ત્રીજી ભાવપૂજા નિર્વૃતિકારિણી (મોક્ષપદ આપનારી); એમ ત્રણેના અનુક્રમે નામથી ગુણ યથાર્થ જાણવા.

અહિં આગળ કહી ગયા છીએ કે, અંગપૂજા, અગ્રપૂજા, દેરાસર કરાવવાં, બિંબ ભરાવવાં, સંઘયાત્રા પ્રમુખનું કરવું એ બધાં દ્રવ્યસ્તવ છે. એ વિષે શાસ્ત્રમાં લખેલ છે કેઃ—

સૂત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે દેરાસર કરાવવાં, બિંબ ભરાવવાં, પ્રતિષ્ઠા સ્થાપના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવવી, તીર્થયાત્રા કરવી, પૂજા કરવી, એ દ્રવ્યસ્તવ છે એમ જાણવું. કેમકે એ સર્વ ભાવસ્તવનાં કારણ છે, માટે દ્રવ્યસ્તવ ગણાય છે.

જો દરરોજ સંપૂર્ણ પૂજા ન કરી શકાય તો પણ તે દિવસે અક્ષતપૂજા કરીને પણ તે પૂજાનું આચરણ કરવું.

જો મહાસમુદ્રમાં એક પાણીનું બિંદુ નાંખ્યું હોય તો તે અક્ષયપણે રહે છે, તેમ વીતરાગની પૂજા પણ જો ભાવથી થોડી પણ કરી હોય તો પણ લાભકારી થાય છે.

એ જિનપૂજાના કારણથી સંસારરૂપ અટવીમાં દુઃખાદિક ભોગવ્યા વિના ઉદાર ભોગોને ભોગવીને સર્વ જીવ સિદ્ધિને પામે છે.

પૂજા કરવાથી મન શાંત થાય છે, મન શાંત થવાથી વળી ઉત્તમ ધ્યાન થાય છે, ઉત્તમ ધ્યાનથી મોક્ષ મળે છે, અને મોક્ષમાં નિરાબાધિત સુખ છે.

पुष्पाद्यर्चा तदाज्ञा च, तद्द्रव्यपरिरक्षणं ॥
उत्सवा तीर्थयात्रा च, भक्तिः पंचविधा जिने ॥ ६ ॥

પુષ્પાદિકથી પૂજા કરવી, તીર્થંકરની આજ્ઞા પાળવી, દેવદ્રવ્યનું રક્ષણ કરવું; ઉત્સવ કરવા, તીર્થયાત્રા કરવી, એમ પાંચ પ્રકારે તીર્થંકરની ભક્તિ થાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## દ્રવ્યસ્તવના બે ભેદ.

દ્રવ્યસ્તવ બે પ્રકારે છે. આભોગ દ્રવ્યસ્તવ અને અનાભોગ દ્રવ્યસ્તવ. કહ્યું છે કેઃ—

વીતરાગના ગુણને જાણીને તે ગુણને યોગ્ય ઉત્તમ વિધિએ કરીને જે વીતરાગની પૂજા આચરવામાં આવે તે "આભોગ દ્રવ્યસ્તવ" ગણાય છે. એ આભોગ દ્રવ્યસ્તવથી ચારિત્રનો લાભ થાય છે, અને સકલ કર્મનું નિર્દલન જલ્દી થાય છે માટે 'આભોગ દ્રવ્યસ્તવ' કરવામાં સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ સારી રીતે ઉદ્યમ કરવો.

પૂજાની વિધિ જાણતો નથી તેમજ જિનેશ્વર ભગવંતમાં રહેલા ગુણના સમુદાયને પણ જાણતો નથી, એવા જે શુભ પરિણામથી જિનપૂજા કરે છે તે 'અનાભોગ દ્રવ્યસ્તવ' કહેવાય છે. એ રીતે કરેલી અનાભોગ દ્રવ્યસ્તવ પૂજા પણ ગુણસ્થાનકનું સ્થાનક હોવાથી ગુણકારી જ છે; કારણ કે એથી અનુક્રમે શુભ, શુભતર પરિણામ થાય છે અને સમ્યક્ત્વનો લાભ થાય છે. અશુભ કર્મના ક્ષય થવાથી આવતા ભવમાં કલ્યાણ ( મોક્ષ ) પામનારા કેટલાક ભવ્ય જીવોને વીતરાગના ગુણ જાણેલા નથી તોપણ પોપટના જોડલાને જિનબિંબ ઉપર પ્રીતિ ઉત્પન્ન થઇ તેમ ગુણ ઉપર પ્રીતિ ઉત્પન્ન થાય છે.

જેનું મરણ ખરેખર પાસેજ આવેલું હોય એવા રોગી પુરૂષને પથ્ય ભોજન ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ દ્વેષ ઉપજે છે, તેમ ભારેકર્મી કે ભવાભિનંદી (જેને સંસાર વધારે હોય એવા) જીવોને ધર્મ ઉપર પણ આકરો દ્વેષ હોય છે. એટલા જ માટે ખરેખર તત્ત્વના જાણ પુરુષો જિનબિંબ ઉપર કે જિનપ્રણીત ધર્મ ઉપર અનાદિકાળના અશુભ અભ્યાસના ભયથી દ્વેષનો લેશ પણ વર્જે છે.

## પારકી પૂજા ઉપર દ્વેષ રાખવા સંબંધી કુંતલા રાણીનું દૃષ્ટાંત.

પૃથ્વીપુર નામે નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તેને કુંતલા રાણી નામે પટરાણી હતી. તે જિનધર્મમાં દૃઢ હતી અને વળી બીજી રાણીઓને પણ વારંવાર ધર્મના કામમાં યોજનારી હતી. તેના ઉપદેશથી તેની સર્વ શોક્યો પણ ધર્મીષ્ઠ થઈને તેનું બહુમાન કરતી હતી.

એક વખતે રાણીઓએ પોતપોતાનાં નામનાં દેરાં, દેરીઓ, પ્રતિમાઓ ભરાવીને તેની પ્રતિષ્ઠાના મહોત્સવ કરવા શરૂ કર્યા. તેમાં દરરોજ ગીત, ગાયન, પ્રભાવના, સ્વામી-વાત્સલ્ય ઘણી ઘણી અધિકતાથી થવા લાગ્યાં. તે દેખી પટરાણી શોક્ય સ્વભાવથી પોતાના મનમાં ઘણી અદેખાઈ કરવા લાગી. પોતે પણ નવીન દેરાસર સર્વથી અધિક રચનાવંત કરાવેલ હોવાથી તેનો સર્વથી અધિક ઠાઠમાઠ કરાવે છે, પણ જ્યારે કોઈપણ શોકયોનાં દેરાં, દેરીઓનાં બહુમાન કે પ્રશંસા કરે ત્યારે તે ઘણી અદેખાઈ કરે છે. પોતાનાં દેરાંની પ્રશંસા કરે તે સાંભળી પ્રમોદ( હર્ષ ) પામે પણ શોકયોનાં દેરાંની કે મહોત્સવની કોઈપણ પ્રશંસા કરે તો તેથી તે બળી મરે છે. અહોહો ! મત્સરની દુરંતતા ! ધર્મ ઉપર પણ આટલો બધો દ્વેષ ! આવા દ્વેષનો પાર પણ પામવો અતિ દુઃસહ છે. એટલા જ માટે પૂર્વાચાર્યોએ શાસ્ત્રોમાં કહ્યું છે કે:—

ઇર્ષ્યારૂપ સમુદ્રમાં વહાણ પણ ડૂબી જાય છે ત્યારે તેમાં બીજા પાષાણ જેવાં ડૂબે તેમાં શું નવાઈ છે ? વિદ્યામાં, વ્યાપારમાં, વિશેષ જ્ઞાનની વૃદ્ધિમાં, સંપદામાં, રૂપાદિક ગુણોમાં, જાતિમાં, પ્રખ્યાતિમાં, ઉન્નતિમાં, મોટાઈમાં, એટલામાં લોકોને મત્સર હોય છે પણ ધિઃકાર છે કે ધર્મના કાર્યમાં પણ મત્સર છે !

બીજી રાણીઓ તો બિચારી સરળ સ્વભાવની હોવાથી પટરાણીનાં કૃત્યની અનુ-મોદના વારંવાર કરે છે, પણ આના ( પટરાણીના ) મનમાંથી ઇર્ષ્યા સ્વભાવ જતો નથી. ઇર્ષ્યામાં ને ઇર્ષ્યામાં રહેતાં તેને એવો કોઈક દુર્નિવાર રોગ ઉત્પન્ન થયો કે જેથી તે સર્વથા જીવવાની આશાથી નિરાશ થઈ. છેવટે રાજાએ પણ તેનાં સર્વ આભૂષણ લીધાં તેથી શોકયો ઉપરના દ્વેષભાવથી અત્યંત દુર્ધ્યાનમાં મરણ પામીને શોકયોનાં દેરાં, પ્રતિમા, મહોત્સવ, ગીતાદિકનાં ઇર્ષ્યા કરવાથી પોતાના બનાવેલા દેરાસરના બારણા આગળ ઉત્પન્ન થઈ. તે પૂર્વના અભ્યાસથી દેરાના દરવાજા આગળ જ બેસી રહે. તેને દેરાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નોકરો મારે કુટે તો પણ દેરાસર મૂકે નહીં. પાછી ફરી ફરીને ત્યાં ને ત્યાં જ આવીને બેસે. આમ કેટલોક કાળ વીત્યા પછી ત્યાં કોઇક કેવળજ્ઞાની આવ્યા, ત્યારે તેમને તે રાણીઓએ મળી પૂછયું કે, કુતલા મહારાણી મરણ પામી ક્યાં ઉત્પન્ન થયાં ? ત્યારે કેવળી મહારાજે યથાસ્થિત સ્વરૂપ કહ્યું. તે સાંભળી સર્વ રાણીઓ પરમ વૈરાગ્ય પામીને તે કુતરીને દરરોજ ખાવાનું નાખી પરમ સ્નેહથી કહેવા લાગી કે, હે મહાભાગ્યા ! તું પૂર્વભવે અમારી ધર્મદાત્રી, મહાધર્માત્મા હતી. હા હા ! તેં ફોકટ અમારી કરણી ઉપર દ્વેષ કર્યો, તેથી તું અહીં કુતરી તરીકે ઉત્પન્ન થઇ છે. તે સાંભળીને ચૈત્યાદિક દેખવાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થવાથી તે કુતરી વૈરાગ્ય પામી. સિદ્ધાદિકની સમક્ષ પોતે પોતાના દ્વેષભાવના કર્મને ખપાવી આલોવીને, અણસણ આદરી, છેવટે શુભ ધ્યાનથી મરણ પામી વૈમાનિક દેવી થઇ. માટે ધર્મ ઉપર દ્વેષ ન કરવો.

## ભાવસ્તવનો અધિકાર.

અહિંયાં પૂજાના અધિકારમાં ભાવપૂજા–જિનાજ્ઞા પાળવી, એ ભાવસ્તવમાં ગણાય છે. જિનાજ્ઞા બે પ્રકારની છે–(૧)સ્વીકારરૂપ, (૨) પરિહારરૂપ. સ્વીકારરૂપ એટલે શુભ કરણીનું આસેવન કરવું ( આચરવું ) અને પરિહારરૂપ એટલે નિષિદ્ધનો ત્યાગ કરવો. સ્વીકારપક્ષ કરતાં નિષિદ્ધપક્ષ ઘણો લાભકારી છે. કેમકે, જે જે તીર્થંકરે નિષેધ કરેલા કારણો છે, તેને સેવન કરતાં ઘણા સુકૃતનું આચરણ કરે તો પણ વિશેષ લાભકારી થતું નથી. જેમકે, વ્યાધિ દૂર કરવાના ઉપાય સ્વીકાર અને પરિહાર એમ બે પ્રકારના છે. એટલે કેટલાક ઓષધાદિકના સ્વીકારથી અને કેટલાક કુપથ્યોને દૂર કરવાથી રોગ જાય છે. તેમાં ઓષધ કરતાં પણ કુપથ્યનો ત્યાગ ન કરે તો કાંઇ રોગ જઇ શકતો નથી, તેમ શુભ કરણી ચાહે તેટલી કરે, પણ જ્યાં સુધી ત્યજવા યોગ્ય કરણીઓ ત્યાગે નહીં ત્યાં સુધી જેવું જોઈએ તેવું લાભકારક ફળ મળી શકતું નથી.

ઓષધ વગર પણ વ્યાધિ ફક્ત કુપથ્યના ત્યાગ કરવાથી જઈ શકે છે, પણ કુપથ્યનો ત્યાગ કર્યા વગર સેંકડો ઓષધો કરે, તો પણ તે રોગની શાંતિ થતી નથી.

એવી રીતે ભક્તિ ચાહે તેટલી કરે, તો પણ નિષેધ કરાયેલાં આચરણને આચરનારને વિશેષ લાભ પ્રાપ્ત થતો નથી. એટલે પથ્ય અને ઓષધ જેમ બન્ને ભેગા થઇને રોગને નાબૂદ કરે છે તેમ સ્વીકાર અને પરિહાર એ બન્ને આજ્ઞાઓનું પાલન થાય તો જ સંપૂર્ણ સિદ્ધિ થાય છે. શ્રી હેમચંદ્રાચાર્યે પણ કહેલું છે કેઃ—

હે વીતરાગ, તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞા પાળવી મહાલાભકારી છે, કેમકે તારી આજ્ઞા પાળવી અને વિરાધવી એ અનુક્રમે મોક્ષ અને સંસાર માટે થાય છે. પ્રભુ ! હંમેશાં તમારી આજ્ઞા હેય અને ઉપાદેય ને વિષય કરનારી હોય છે. આશ્રવ સર્વથા ત્યજવા યોગ્ય છે અને સંવર ગ્રહણ કરવા લાયક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દ્રવ્ય અને ભાવસ્તવનું ફળ.

ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવની આરાધના કરનારો વધારેમાં વધારે બારમા દેવલોકે જાય, અને ભાવસ્તવથી તો પ્રાણી અંતર્મુહૂર્ત્તમાં પણ નિર્વાણપદને પામે છે.

## દ્રવ્યસ્તવમાં થતો આશ્રવ ગણવા લાયક નથી.

દ્રવ્યસ્તવમાં જો કે ષટ્કાયના ઉપમર્દનરૂપ કોઈક વિરાધનાનો સંભવ છે. પણ કૂવાના દૃષ્ટાંતથી તે દ્રવ્યસ્તવ કરવો ઉચિત જ છે, કેમકે તેમાં કરનાર, જોનાર અને સાંભળનારને અગણિત પુણ્ય થાય છે. જેમ કોઈક નવા વસેલા ગામમાં સ્નાનપાનને માટે લોકોને કૂવો ખોદતાં તરસ, થાક, અંગમલિન થવું, ઈત્યાદિક થાય, પણ કૂવામાંથી પાણી નીકળ્યા પછી તેમને કે બીજા લોકોને તે કુવો સ્નાન, પાન, અંગશુચિ, તરસ થાક, અંગની મલીનતા વિગેરે ઉપશમાવી સર્વ કાળ સર્વ પ્રકારનાં સુખનો આપનાર થઇ પડે છે, તેમ દ્રવ્યસ્તવથી પણ સમજવું. તેમજ આવશ્યકનિર્યુક્તિમાં પણ કહેલ છે કેઃ–' સંપૂર્ણ માર્ગ સેવન નહીં કરી શકનારા, વિરતાવિરતી જે દેશવિરતિ ( શ્રાવક ) તેઓને કૂવાના દૃષ્ટાંતથી સંસારને પાતળો કરનાર એ દ્રવ્યસ્તવ કરવો યુક્ત છે. ' બીજે ઠેકાણે પણ કહેલ છે કેઃ– ' આરંભમાં પ્રસક્ત ( આરંભને વળગી રહેવા ), છ કાયના જીવના વધનો ત્યાગ કરી શકેલા નહીં એવા, સંસારરૂપ અટવીમાં પડેલા ગૃહસ્થોને દ્રવ્યસ્તવ જ આલંબન ( આધાર ) છે. '

JAINSITE जैनम् जयति शासनम्

વાયુના જેવા ચપળ, મોક્ષપદનો અંતરાય કરનાર, ઘણા છે સ્વામી જેના, એવા સાર વગરના થોડા ધનથી, સ્થિર ફલને આપનારી, નિર્વાણને સાધનારી, પોતાને આધીન એવી જિનેશ્વર ભગવંતની પૂજા કરીને જે વાણિયો સારમાં સાર, નિર્મળ પુણ્ય ગ્રહણ કરે છે, તેજ વાણિયો વ્યાપારના કામમાં નિપુણ ગણાય છે.

## પૂજાના મનોરથથી પણ થતાં પુણ્ય.

દેરે પૂજા કરવા જઉં એવું ચિંતવન કરતાં ચોથભક્ત( એક ઉપવાસ )નું ફળ, અને જવાને ઊઠે તો છઠ્ઠનું ફળ, ત્યાંથી ઊઠી પગલું ભરતાં અઠ્ઠમનું ફળ, માર્ગમાં ચાલતાં શ્રદ્ધાલુને દશમ( ચાર ઉપવાસ )નું ફળ, દેરાસરને દરવાજે આવે ત્યારે પાંચ ઉપવાસનું ફળ, દેરાસરમાં આવે ત્યારે પાક્ષિક( પંદર ઉપવાસ )નું ફળ, અને જિનેશ્વર ભગવંતને પોતાની દૃષ્ટિથી દેખતાં ( દર્શન કરતાં ) એક મહિનાના ઉપવાસનું ફળ પ્રાણી પામે છે.

પદ્મચરિત્રમાં પણ ઉપર પ્રમાણે કહેલું છે અને વિશેષ એટલું જ છે કેઃ–જિનેશ્વર ભગવંતના દેરાસરમાં ગયાથી છ માસના ઉપવાસનું ફળ, ગભારાનાં દરવાજા આગળ ઉભા રહેતાં એક વર્ષના ઉપવાસનું ફળ, પ્રદક્ષિણા કરતાં સો વર્ષના ઉપવાસનું ફળ, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારપછી ભગવંતની પૂજા કરતાં એક હજાર વર્ષના ઉપવાસનું ફળ અને સ્તવન કહેવાથી અનંત પુણ્ય પુરુષને મળે છે એમ ગણાવેલ છે.

પ્રભુને નિર્માલ્ય ઉતારી પ્રમાર્જના કરતાં સો ઉપવાસનું, ચંદનાદિકથી વિલેપન કરતાં હજાર ઉપવાસનું, માળાનું આરોપણ કરવાથી લાખ ઉપવાસનું ફળ પમાય છે. ગીતવાજિંત્ર કરતાં અનંત ઉપવાસનું ફળ થાય છે.

જિનેશ્વર ભગવંતની પૂજા ત્રણ સંધ્યાએ કરવી કહી છે. કહ્યું છે કેઃ—

પ્રાતઃકાળે જિનેશ્વર ભગવંતની વાસક્ષેપથી કરેલી પૂજા રાત્રીમાં કરેલા પાપને હણે છે, મધ્યાન્હકાળે ચંદનાદિકથી કરેલી પૂજા આ જન્મથી કરેલા પાપો હણી નાંખે છે, રાત્રિના સમયમાં ધૂપ દીપાદિકવડે કરેલી પૂજા સાત જન્મનાં પાપ દૂર કરે છે. જળપાન, આહાર, શયન, વિદ્યા, મળમૂત્રનો ત્યાગ, ખેતીવાડી, એ સર્વે કાળ પ્રમાણે સેવન કરેલા હોય તો જ સત્ફળના આપનાર હોય છે, તેમજ જિનેશ્વર ભગવંતની પૂજા પણ કાળે કરી હોય તો ફળ આપે છે.

જિનેશ્વર ભગવંતની પૂજા ત્રણે સંધ્યાયે કરતાં પ્રાણી સમ્યકત્વને શોભાવે છે, તેમજ તીર્થંકરનામ ગોત્રકર્મ શ્રેણિક રાજાની જેમ બાંધે છે. ગયા છે દોષ જેના એવા જિનેશ્વર ભગવંતની સદા ત્રિકાળ પૂજા કરે છે, તે પ્રાણી ત્રીજે ભવે અથવા સાતમે કે આઠમે ભવે સિદ્ધિપદને પામે છે. સર્વ આદરથી પૂજા કરવાને કદાપિ દેવેંદ્ર પ્રવર્તે તોપણ પૂજી ન શકે, કેમકે તીર્થંકરના અનંત ગુણ છે. એક એક ગુણને જુદા જુદા ગણીને પૂજા કરે તો આયુષ્ય સમાપ્તિપર્યંત પણ પૂજાનો કે ગુણનો અંત આવે નહીં, માટે સર્વ પ્રકારથી પૂજા કરવા કોઇ સમર્થ નથી, પણ યથાશક્તિ સર્વજન પૂજા કરે એમ બની શકે છે. હે પ્રભુ! તમે અદૃશ્ય છો એટલે આંખથી દેખાતા નથી, સર્વ પ્રકારે તમારી પૂજા કરવા ચાહિયે તો બની શકતી નથી, ત્યારે તો અત્યંત બહુમાનથી તમારા વચનને પરિપાલન કરવું એજ શ્રેયકારી છે.

## પૂજામાં વિધિ બહુમાન ઉપર ચોભંગી.

જિનેશ્વર ભગવંતની પૂજામાં યથાયોગ્ય બહુમાન અને સમ્યક્ વિધિ એ બન્ને હોય તોજ તે પૂજા મહાલાભકારી થાય છે. તે ઉપર ચોભંગી બતાવે છે.

૧ સાચું રૂપું અને સાચી મોહોર છાપ, ૨ સાચું રૂપું અને ખોટી મોહોર છાપ, ૩ સાચી મોહોર છાપ, પણ ખોટું રૂપું, ૪ ખોટી મોહોર છાપ અને રૂપું પણ ખોટું.

૧ દેવપૂજામાં પણ (૧) સાચું બહુમાન અને (૨) સાચી વિધિ. એ પહેલો ભાંગો સમજવો.

૨ સાચું બહુમાન છે, પણ વિધિ સાચી નથી એ બીજો ભાંગો સમજવો.

जैन साईट JAINSITE.com चैतन्य जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩ સાચી વિધિ છે, પણ સમ્યગ્ બહુમાન નથી, આદર નથી એ ત્રીજો ભાંગો સમજવો.
૪ સાચી વિધિ પણ નથી અને સમ્યગ્ બહુમાન પણ નથી એ ચોથો ભાંગો સમજવો.

ઉપર લખેલા ભાંગામાંથી પ્રથમ અને દ્વિતીય યથાનુક્રમ લાભકારી છે અને ત્રીજો તથા ચોથો ભાંગો બીલકુલ સેવન કરવા લાયક નથી.

એટલા જ માટે બૃહતૂભાષ્યમાં કહેલ છે કેઃ-વાંદણાના અધિકારમાં ( ભાવપૂજામાં ) રૂપા સમાન મનથી બહુમાન સમજવું અને મોહોર છાપ સમાન સર્વ બહારની ક્રિયાઓ સમજવી. બહુમાન અને ક્રિયા એ બન્નેનાં સંયોગ મળવાથી વંદના સત્ય જાણવી; જેમ રૂપું અને મોહોર સત્ય હોય તે રૂપીઓ બરોબર ચાલે છે, તેમ વંદના પણ બહુમાન અને ક્રિયા એ બન્ને હોવાથી સત્ય સમજવી. બીજા ભાંગા સરખી વંદના પ્રમાદિની ક્રિયા તેમાં બહુમાન અત્યંત હોય પણ ક્રિયા શુદ્ધ નથી તે પણ માનવા યોગ્ય છે. બહુમાન છે, ક્રિયા શુદ્ધ કરાવી શકે છે. એ બીજા ભાંગા સરખી સમજવી. કોઇક વસ્તુના લાભના નિમિત્તથી ક્રિયા અખંડ કરે, પણ અંતરંગ બહુમાન નથી તેથી ત્રીજા ભાંગાની વંદના કશા કામની નથી. કેમકે ભાવ વિનાની કેવળ ક્રિયા શા કામની છે ? એ તો કેવળ લોકોને દેખાડવા રૂપજ ગણાય છે, એ નામનીજ ક્રિયા છે, તેથી આત્માને કાંઇ ફળીભૂત થતી નથી. ચોથો ભાંગો પણ કશા કામનો નથી, કેમકે અંતરંગ બહુમાન પણ નથી અને ક્રિયા પણ શુદ્ધ નથી. એ ચોથા ભાંગાને તત્ત્વથી વિચારીએ તો વંદના જ ન ગણાય. દેશ કાળને આશ્રયીને થોડો અથવા ઘણો વિધિ અને બહુમાન સંયુક્ત એવો ભાવસ્તવ કરવો. વળી જિનશાસનમાં ૧ પ્રીતિઅનુષ્ઠાન, ૨ ભક્તિઅનુષ્ઠાન, ૩ વચનઅનુષ્ઠાન, ૪ અસંગઅનુષ્ઠાન, એમ ચાર પ્રકારનાં અનુષ્ઠાન કહેલાં છે. ભદ્રકપ્રકૃતિ સ્વભાવવાળા જીવને જે કાંઇ કામ કરતાં પ્રીતિનો સ્વાદ ઉત્પન્ન થાય છે, બાળકાદિકને જેમ રત્ન ઉપર પ્રીતિ ઉપજે છે, તેમ પ્રીતિઅનુષ્ઠાન સમજવું. શુદ્ધ વિવેકવંત ભવ્ય જીવને જે ક્રિયા ઉપર અધિક બહુમાન થવાથી ભક્તિ સહિત પ્રીતિ ઉત્પન્ન થાય છે, તેને ભક્તિ અનુષ્ઠાન પૂર્વાચાર્યો કહે છે. બંનેમાં ( પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનમાં ) પરિપાલણા ( લેવા દેવાની ક્રિયા ) સરખી છે, પણ જેમ સ્ત્રીમાં પ્રીતિરાગ અને માતામાં ભક્તિરાગ એમ બંનેમાં રાગ ભિન્ન ભિન્ન જાતિનો હોય છે, તેમ પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનમાં પણ એટલો જ તફાવત સમજવો. સૂત્રમાં કહેલી વિધિ પ્રમાણેજ જિનેશ્વર ભગવંતના ગુણ જાણે તથા વખાણે, ચૈત્યવંદન, દેવવંદન, પ્રમુખ સર્વ સૂત્રમાં કહેલી રીતિ મુજબ કરે, તેને વચનાનુષ્ઠાન કહેવાય; પણ આ વચનાનુષ્ઠાન ચારિત્રવંતને નિયમથી હોય છે પણ પાર્શ્વસ્થાદિને નહીં. ફલની આશા ન રાખનારો ભવ્યજીવ શ્રુતના આલંબન વગર કેવલ પૂર્વના અભ્યાસના રસથીજ જે અનુષ્ઠાન કરે તે નિપુણ પુરૂષોએ અસંગ અનુષ્ઠાન જાણવું અને તે જિનકલ્પી વિગેરેને હોય છે. જેમ કુંભારના ચક્રનું ભ્રમણ પ્રથમ દંડથી થાય છે તેમ વચન અનુષ્ઠાન આગમથી પ્રવર્તે છે અને જેમ દંડ કાઢી લીધા પછી પણ પૂર્વ પ્રયોગથી ચક્ર ભમ્યા કરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ અભ્યાસના રસથી આગમની અપેક્ષા વગર અસંગ અનુષ્ઠાન થાય છે. એમ આ બે (વચન અને અસંગ) અનુષ્ઠાન આ દૃષ્ટાંતથી ભિન્ન ભિન્ન સમજી લેવાં. બાળકની પેઠે પ્રથમથી પ્રીતિભાવ આવવાથી પ્રથમ પ્રીતિ અનુષ્ઠાન થાય છે, પછી ભકિત અનુષ્ઠાન, પછી વચનાનુષ્ઠાન, ત્યાર પછી અસંગાનુષ્ઠાન થાય. એમ એક એકથી અધિક ગુણની પ્રાપ્તિ થવાથી અનુષ્ઠાન પણ થાય છે. તેટલા માટે ચાર પ્રકારનું અનુષ્ઠાન પણ પ્રથમ રૂપીયાના સરખું સમજવું. વિધિ અને બહુમાન એ બન્નેના સંયોગથી અનુષ્ઠાન પણ સમજવાં, જે માટે મુનિ મહારાજે એ અનુષ્ઠાન પરમપદ પામવા કારણપણે બતાવેલ છે. બીજા ભાગના રૂપીયા સમાન (સાચું રૂપું પણ ખોટી મોહોર) અનુષ્ઠાન પણ સત્ય છે, તેટલા માટે પૂર્વાચાર્યોએ તેને એકાંતે દુષ્ટ ગણાવ્યું નથી. જ્ઞાનવંત પુરૂષોની ક્રિયા જો કે અતિચારથી મલિન હોય તો પણ શુદ્ધતાનું કારણ છે જેમકે, રત્ન ઉપર મેલ લાગેલો હોય, પણ જો અંદરથી શુદ્ધ છે, તો બહારનો મેલ સુખે કરી દૂર કરી શકાય છે. ત્રીજા ભાંગા સરખી ક્રિયા (મોહોર છાપ સાચી પણ રૂપું ખોટું) માયામૃષાદિક દોષથી બનેલી છે. જેમકે ભોળા લોકને ઠગવા માટે કોઇ ધૂર્તે શાહુકારનો વેષ લઇ વંચના જાળ માંડી હોય, તેની ક્રિયા બહારથી દેખાવમાં ઘણીજ આશ્ચર્યકારક હોય, પણ મનમાં અધ્યવસાય અશુદ્ધ હોય તેથી કદાપિ ઇહલોકમાં માન, યશ, કીર્તિ, ધન પ્રમુખનો તેને (ધૂર્તને) લાભ થાય પણ તે પરલોકમાં દુર્ગતિનેજ પામે છે, માટે એ ક્રિયા બહારના દેખાવરૂપ જ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય જ નથી. ચોથા ભાંગા જેવી ક્રિયા (બંને ખોટાં) પ્રાયે અજ્ઞાનપણાથી, અશ્રદ્ધાનપણાથી, કર્મના ભારેપણાથી, ભવાભિનંદી જીવોને હોય છે. શુદ્ધ અને અશુદ્ધ એ બન્નેથી રહિત એવી ક્રિયા ખરેખર આરાધના વિરાધના એ બન્નેથી શૂન્ય છે, પણ ધર્મના અભ્યાસ કરવાના ગુણથી કોઇક વખત શુભ નિમિત્તપણે થાય છે, જેમકે, કોઇ શ્રાવકનો પુત્ર ઘણીવાર જિનબિંબના દર્શન કરવાના ગુણથી, જોકે તે ભવમાં કાંઇ સુકૃત્ય કર્યાં નહોતાં, તો પણ મરણ પામીને મત્સ્યના ભવમાં સમકિત પામ્યો.

ઉપર બતાવેલી રીતિ પ્રમાણે એકાગ્ર ચિત્તથી બહુમાનપૂર્વક જો દેવની પૂજા થાય તો યથોકત ફળની પ્રાપ્તિ થાય છે માટે ઉપર જણાવેલા કારણમાં જરૂર ઉદ્યમ કરવો. આ નિયમ ઉપર ધર્મદત્ત નૃપની કથા બતાવે છે.

## વિધિ અને બહુમાન ઉપર ધર્મદત્ત નૃપની કથા.

રૂપાના જિનમંદિરથી શોભતા એવા રાજપુર નગરમાં ચંદ્રમાની પેઠે શીતકર અને ×કુવલયવિકાસી એવો રાજધર નામે રાજા હતો. જેમની પાસે દેવાંગનાઓએ પોતાની રૂપસંપદા જાણે થાપણુજ મૂકી હોયની! એવી તે રાજાની પ્રીતિમતી પ્રમુખ પાંચસે પરણેલી

× કમળને ખીલવનાર; પૃથ્વીને આનંદ પમાડનાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાણીઓ હતી. એક પ્રીતિમતી રાણી વર્જીને બાકી સર્વે રાણીઓ જગતને આનંદકારી પુત્રના લાભથી ચિત્તમાં સંતોષ પામી. પુત્ર ન હોવાથી વંધ્યા જેવી પ્રીતિમતી રાણી મનમાં ઘણોજ ખેદ પામી. પંક્તિભેદ સહન કરવો કઠણ છે, અને તેમાં પણ પ્રમુખ માણસને જો પંક્તિભેદ થાય તો તેનાથી તે સહન કરાય એ ઘણી જ કઠણ વાત છે. અથવા જે વસ્તુ દૈવના આધીનમાં રહી, તે વસ્તુની બાબતમાં મુખ્ય, અમુખ્યનો વિચાર કરવાથી શું લાભ થવાનો? એમ છતાં મનમાં તે વાતથી દુઃખ ધારણ કરનારા મૂઢ હૃદયવાળા લોકોની મૂઢતાને ધિક્કાર થાઓ. દેવતાઓને કરેલી વિવિધ પ્રકારની માનતાઓ પણ જ્યારે નિષ્ફળ નીવડી, ત્યારે તો પ્રીતિમતીનું દુઃખ ઘણું વૃદ્ધિ પામ્યું. ઉપાય નિષ્ફળ ઉતરે ત્યારે આશા સફળ ન થાય એમ જાણવું. એક સમયે એક હંસનું બચ્ચું ઘરમાં બાળકની પેઠે રમતું હતું, તે તેણે હાથ ઉપર લીધું. તો પણ મનમાં ભય ન રાખતાં હંસે મનુષ્ય વાણીથી તે રાણીને કહ્યું કે—"હે ભદ્રે! હું અહિં યથેચ્છ છૂટથી રમતો હતો, તે મને તું નિપુણ છતાં કેમ રમાડવાના રસથી પકડે છે? યથેચ્છ વિહાર કરનાર જીવોને બંધનમાં રહેવું નિરંતર મરણ સમાન છે. તું પોતે વંધ્યાપણું ભોગવતી છતી પાછું વળી એવું અશુભ કર્મ કેમ કરે છે? શુભ કર્મથી ધર્મ થાય છે. અને ધર્મથી પોતાનું વાંછિત સફળ થાય છે." પછી પ્રીતિમતીએ મનમાં ચમત્કાર અને ડર પામી હંસને કહ્યું કે, "હે ચતુરશિરોમણે! તું મને એમ કહે છે? તને હું થોડી વારમાં મૂકી દઉં. પણ તે પહેલાં એક વાત તને પૂછું છું કે, અનેક દેવતાઓની પૂજા, વિવિધ પ્રકારનાં દાન આદિ ઘણાં શુભ કર્મ હું હમેશાં કરૂં છું, તો પણ શાપ પામેલી સ્ત્રીની પેઠે મને સંસારમાં સુખકર પુત્ર કેમ નથી થતો! પુત્ર વિના હું દુઃખી છું, તે તું શી રીતે જાણે છે, અને મનુષ્યની વાણી શી રીતે બોલે છે?" હંસ બોલ્યો. "મ્હારી વાતચિત પૂછવાનું તને શું કારણ છે? હું તને લાભકારી વચન કહું છું. ધન, પુત્ર, સુખ આદિ સર્વે વસ્તુની પ્રાપ્તિ પૂર્વભવે કરેલા કર્મની આધીનતામાં છે. આ લોકમાં કરેલું શુભ કર્મ તો વચ્ચે આવતા અંતરાયોને દૂર કરે છે. બુદ્ધિહીન મનુષ્યો જે તે દેવતાની પૂજા કરે છે, તે મિથ્યા છે અને તેથી મિથ્યાત્વ લાગે છે. એક જિનપ્રણીત ધર્મજ જીવોને આ લોકમાં તથા પરલોકમાં વાંછિત વસ્તુનો દાતાર છે. જો જિનધર્મથી વિઘ્નની શાંતિ વગેરે ન થાય, તો તે બીજા ઉપાયથી ક્યાંથી થવાની? જે અંધકાર સૂર્યથી દૂર થઇ શકે નહીં, તે કાંઇ બીજા ગ્રહથી દૂર થાય? માટે તું કુપથ્ય સરખા મિથ્યાત્વને છોડી દે, અને રૂડા પથ્ય સમાન અર્હદ્ધર્મની આરાધના કર. તેથી આ લોકમાં તથા પરલોકમાં પણ ત્હારા મનોરથ ફળીભુત થશે."

હંસ આટલું કહી પારાની પેઠે ઝટ ક્યાંય ઊડી ગયો. પછી ચમત્કાર પામેલી પ્રીતિમતી રાણી પુત્રની આશા પાછી ઉત્પન્ન થવાથી હાસ્યમુખી થઇ. ચિત્તમાં કાંઈ પીડા થઇ હોય તો ધર્મ, ગુરૂ આદિ વસ્તુ ઉપર બહુ સ્થિર આસ્થા રહે છે. જીવનો એવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વભાવ હોવાથી પ્રીતિમતી રાણીએ સદ્‌ગુરૂ પાસેથી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. સમ્યક્‌ત્વ ધારણ કરનારી અને ત્રિકાળ જિનપૂજા કરનારી પ્રીતિમતી રાણી અનુક્રમે સુલસા શ્રાવિકા જેવી થઈ. હંસની વાણીનો એ કોઇ મ્હોટો ચમત્કારી ગુણ જાણવો. એક વખતે રાજધર રાજાના ચિત્તમાં એવી ચિંતા ઉત્પન્ન થઇ કે–" હજી પટ્ટરાણીને એકે પુત્ર થયો નથી, અને બીજી રાણીઓને તો સેંકડો પુત્ર છે. એમાં રાજ્યને યોગ્ય પુત્ર કોણ હશે ? " રાજા એવી ચિંતામાં છે, એટલામાં રાત્રે સ્વપ્નમાં જાણે સાક્ષાતજ હોયની ! એવા કોઇ દિવ્ય પુરૂષે આવી રાજાને કહ્યું. " હે રાજન્ ! પોતાના રાજ્યને યોગ્ય પુત્રની તું ફોકટ ચિંતા ન કર. દુનિયામાં કલ્પવૃક્ષ સમાન ફળદાયક એવા એક જિનધર્મનીજ વિધિપૂર્વક તું આરાધના કર, તેથી આ લોક પરલોકમાં ત્હારી ઇષ્ટ સિદ્ધિ થશે. " એવું સ્વપ્ન જોવાથી રાજધર રાજા પવિત્ર થઇ હર્ષથી જિનપૂજા આદિ કરવાથી જિનધર્મની આરાધના કરવા લાગ્યો. એવું સ્વપ્ન જોયા પછી કોણ આળસ્યમાં રહે ? પછી કોઇ ઉત્તમ જીવ હંસ જેમ સરોવરમાં અવતરે છે, તેમ પ્રથમ અરિહંતની પ્રતિમા સ્વપ્નમાં દેખાડી પ્રીતિમતીની કૂખમાં અવતર્યો. તેથી સર્વે લોક આનંદ પામ્યા. ગર્ભના પ્રભાવથી તે પ્રીતિમતી રાણીને મણિરત્નમય જિનમંદિર અને જિનપ્રતિમા કરાવવી તથા તેની પૂજા કરવી ઇત્યાદિ દોહલો ઉત્પન્ન થયો. ફૂલ ફળને અનુસરતું થાય તેમાં શી નવાઇ ? દેવતાઓની કાર્યસિદ્ધિ મનમાં ચિંતવતાંજ થઇ જાય છે, રાજાઓની કાર્યસિદ્ધિ મુખમાંથી વચન નિકળતાં થાય છે, ધનવંત લોકોની કાર્યસિદ્ધિ ધનથી તત્કાળ થાય છે, અને બાકી રહેલા મનુષ્યોની કાર્યસિદ્ધિ તે પોતે અંગમહેનત કરે ત્યારે થાય છે. પ્રીતિમતિનો દોહલો દુઃખથી પૂર્ણ કરાય એવો હતો, તો પણ રાજાએ ઘણા હર્ષથી તેનો સંપૂર્ણ દોહલો તત્કાળ પૂર્ણ કર્યો. જેમ મેરુપર્વત ઉપરની ભૂમિ પારિજાત કલ્પવૃક્ષને પ્રસવે, તેમ પ્રીતિમતી રાણીએ આગળથીજ શત્રુને નાશ કરનારો પુત્ર પ્રસવ્યો. તે પુત્ર અનુક્રમે મહિમાવંત થયો.

રાજધર રાજાને પુત્રજન્મ સાંભળી ઘણોજ હર્ષ થયો, તેથી તેણે પૂર્વે કોઇ સમયે નહિ કરેલો એવો તે પુત્રના જન્મોત્સવ વગેરે કાર્યો તે સમયે કર્યા, અને તે પુત્રનું શબ્દાર્થને અનુસરતું ધર્મદત્ત એવું નામ રાખ્યું. એક દિવસે નવનવા ઉત્સવ કરીને આનંદથી તે પુત્રને જિનમંદિરે લઇ જઇ અરિહંતની પ્રતિમાને નમસ્કાર કરાવી ભગવાન્ આગળ ભેટણા માફક મૂકયો, ત્યારે ઘણી સંતુષ્ટ થએલ પ્રીતિમતી રાણીએ પોતાની સખીને કહ્યું કે, " હે સખી ! તે ચતુર હંસે ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરે એવો ઘણોજ ઉપકાર મ્હારા ઉપર કર્યો તે હંસના વચન પ્રમાણે કરવાથી નિર્ધન પુરૂષ જેમ દૈવયોગથી પોતાથી મેળવી ન શકાય એવો નિધિ પામે, તેમ મ્હારાથી મેળવી ન શકાય એવું જિનધર્મરૂપ એક રત્ન અને બીજું આ પુત્રરત્ન હું પામી. પ્રીતમતિ આમ બોલે છે, એટલામાં માંદા માણસની પેઠે તે બાળક એકાએક આવેલી મૂર્છાથી તત્કાળ બેભાન થઇ ગયું, અને તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછળ તેની માતા પણ આકરા દુઃખથી મૂર્ચ્છા ખાઈ બેભાન થઈ જમીન પર ઢલી પડી. તુરત પરિવારના તથા આસપાસના લોકોએ 'દૃષ્ટિદોષ અથવા કોઈ દેવતાની પીડા વગેરે હશે,' એમ મનમાં કલ્પના કરી ઘણા ખેદથી ઊંચે સ્વરે પોકાર કર્યો કે "હાય હાય!! માતા અને પુત્ર એ બન્નેને એકદમ આ શું થયું?" ક્ષણમાત્રમાં રાજા, પ્રધાન પ્રમુખ લોકોએ ત્યાં આવી બન્ને માતા પુત્રને શીતળ ઉપચાર કર્યા, તેથી થોડી વારમાં જ બાળક અને તેની પાછળ તેની માતા પણ સચેતન થઇ. પૂર્વકર્મનો યોગ ઘણો આશ્ચર્યકારી છે, તે જ સમયે, સર્વત્ર આ વાતની વધામણી ગઈ. રાજપુત્રને ઉત્સવ સહિત લઈ ગયા. તે દિવસે રાજપુત્રની તબિયત સારી રહી. તેણે વારંવાર દૂધપાન વગેરે કર્યું પણ બીજે દિવસે શરીરની પ્રકૃતિ સારી છતાં અરૂચિવાળા માણસની માફક તે બાળકે દુધ પીધું નહીં, અને ચઉવિહાર પચ્ચખાણ કરનારની પેઠે ઔષધ વગેરે પણ ન લીધું. તેથી તે બાળકના માતાપિતા મંત્રી નગરના લોકો એ સર્વ ઘણા દુઃખી થયા અને શું કરવું? તે કોઇને સૂઝ પડતી નથી ત્યારે જાણે બાળકના પુણ્યથી ખેંચાયલાજ હોયની! એવા એક મુનિરાજ મધ્યાહ્ન સમયે આકાશમાંથી ઉતરચા. પ્રથમ પરમ પ્રીતિથી બાળકે અને તે પછી રાજા આદિ લોકોએ મુનિરાજને વંદના કરી. રાજાએ બાળકે દૂધ વગેરે ત્યાગ કરવાનું કારણ પૂછયું, ત્યારે મુનિરાજે સ્પષ્ટ કહ્યું કે, "હે રાજન્! આ બાળકને રોગાદિકની અથવા બીજી કાંઈ પણ પીડા નથી. એને તમે જિનપ્રતિમાના દર્શન કરાવો. એટલે એ હમણાં દૂધપાન વગેરે કરશે." મુનિરાજના વચન પ્રમાણે તે બાળકને જિનમંદિરે લઈ જઈ દર્શન નમસ્કાર આદિ કરાવ્યું ત્યારે પૂર્વની માફક દૂધ પીવા લાગ્યો. અને તેથી સર્વ લોકો આશ્ચર્ય અને સંતોષ પામ્યા. ફરીથી રાજાએ મુનિરાજને પૂછયું કે, "આ શું ચમત્કાર?" મુનિરાજે કહ્યું. હે રાજન્! તને એ વાત એના પૂર્વભવથી માંડીને કહું છું તે સાંભળ.

## ધર્મદત્તનો પૂર્વભવ.

જેમાં નિંદ્ય પુરૂષ થોડા અને ઉત્તમ પુરૂષ ઘણા એવી પુરિકા નામે નગરીમાં દીન જીવ ઉપર દયા અને શત્રુ ઉપર ક્રૂરદૃષ્ટિ રાખનારો કૃપ નામે રાજા હતો. બુદ્ધિથી બૃહસ્પતિની બરાબરી કરી શકે એવો તે રાજાનો ચિત્રમતિ નામે રાજા હતો; અને દ્રવ્યથી કુબેરની બરાબરી કરનારો વસુમિત્ર નામે શ્રેષ્ઠી તે મંત્રીનો મિત્ર હતો. નામથીજ એક અક્ષર ઓછો, પણ ઋદ્ધિથી બરાબરીનો એવો સુમિત્ર એક ધનાઢય વણિકપુત્ર વસુમિત્રનો મિત્ર હતો. વણિક પુત્ર પણ અનુક્રમે શ્રેષ્ઠીની બરાબરીનો અથવા તેના કરતાં અધિક ચઢતો પણ થાય છે. સારા કુળમાં જન્મ્યાથી પુત્ર સરખો માન્ય એવો એક ધન્ય નામે સુમિત્રનો સેવક હતો. તે ધન્ય એક દિવસે ન્હાવાને અર્થે ન્હાવા લાયક સરોવરે ગયો. સારાં કમળ, સારી શોભા અને સારૂં જળ ધરાવનારા તે સરોવરમાં હાથીના બચ્ચાની જેમ જળક્રીડા કરતાં તે ધન્યને દિવ્ય કમળ સરખું ઘણું સુગંધી હજાર પાંખડીવાળું કમળ મળ્યું. પછી તે ધન્ય સરોવરમાંથી બહાર નીકળી ઘણા હર્ષથી ચાલતો થયો. અનુક્રમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માર્ગે જતાં ફૂલ ઉતારીને જતી માલીની ચાર કન્યાઓ તેને મળી. પૂર્વનો ઘણો પરિચય હોવાથી તે કન્યાઓએ કમળના ગુણ જાણી ધન્યને કહ્યું કે, "હે ભદ્ર! ભદ્રશાલ વનમાંના વૃક્ષનું ફૂલ જેમ અહિં દુર્લભ છે, તેમ આ કમળ પણ દુર્લભ છે. આ ઉત્તમ વસ્તુ ઉત્તમ પુરૂષને માટે છે, માટે એનો ઉપયોગ જેવા તેવા પાત્રને વિષે કરીશ નહીં." ધન્યે કહ્યું. "આ કમળનો ઉત્તમ પુરૂષને વિષેજ મુકુટ સમાન ઉપયોગ કરીશ"

પછી ધન્યે વિચાર કર્યો કે, "સુમિત્ર જ સર્વે સજ્જનોમાં શ્રેષ્ઠ છે, અને તેથીજ તે મ્હારે પૂજ્ય છે." જેની આજીવિકા જે માણસથી ચાલતી હોય, તેને તે માણસ કરતાં બીજો કોણ વધુ સારો લાગે? હવે, ભોળા સ્વભાવના ધન્યે એમ વિચારી, જેમ કોઇ દેવતાને ભેટણું આપવું હોય, તેમ સુમિત્રની પાસે જઇ વિનયથી નમસ્કાર કરી અને યથાર્થ વાત હતી તે કહી, પેહું કમળ ભેટ કર્યું. ત્યારે સુમિત્રે કહ્યું કે, "મ્હારા શેઠ વસુમિત્ર સર્વે લોકોમાં ઉત્તમ હોવાથી તેમનેજ આ ઉત્તમ વસ્તુ વાપરવા યોગ્ય છે. તેમના મ્હારા ઉપર એટલા બધા ઉપકાર છે કે, હું અહોનિશ તેમનું દાસપણું કરૂં તોપણ તેમના ઋણમાંથી હું મુક્ત ન થઉં." સુમિત્રે એમ કહ્યાથી ધન્યે તે કમળ વસુમિત્રને ભેટ આપ્યું. ત્યારે વસુમિત્રે પણ કહ્યું કે—"આ લોકમાં મ્હારાં સર્વ કાર્ય સફળ કરનારો એક ચિત્રમતી મંત્રીજ સર્વમાં ઉત્તમ છે." વસુમિત્રનાં એવા વચનથી ધન્યે તે કમળ ચિત્રમતિ મંત્રીને નજરાણા તરીકે આપ્યું. ત્યારે ચિત્રમતિએ પણ કહ્યું કે—"મ્હારા કરતાં શ્રેષ્ઠ કૃપ રાજા છે, કારણ કે તે પૃથ્વીનો અને પ્રજાનો અધિપતિ હોવાથી તેની દૃષ્ટિનો પ્રભાવ પણ દેવ ગતિની પેઠે ઘણો અદ્ભુત છે. તેની ક્રૂરદૃષ્ટિ જે કોઈની ઉપર પડે તે ઘણો માતબર હોય તોપણ કંગાળ જેવો થઇ જાય, અને તેની કૃપાદૃષ્ટિ જેની ઉપર પડે તે કંગાળ હોય તો પણ માતબર થાય." ચિત્રમતિનાં એવાં વચનથી ધન્યે તે કમળ કૃપ રાજાને આપ્યું. કૃપ રાજા પણ જિનેશ્વર ભગવાનની અને સદ્ગુરૂની સેવા કરવામાં તત્પર હતો, તેથી તેણે કહ્યું કે, "જેના ચરણકમળને વિષે મ્હારા જેવા રાજાઓ ભ્રમરની પેઠે તલ્લીન રહે છે, તેજ સદ્ગુરૂ સર્વમાં શ્રેષ્ઠ છે, પણ તેમનો યોગ સ્વાતિ નક્ષત્રના જળની પેઠે સ્વલ્પ મળે"

કૃપ રાજા એમ કહે છે, એટલામાં સર્વ લોકોને આશ્ચર્ય પમાડનાર કોઇ ચારણ મુનિ દેવતાની પેઠે ત્યાં આકાશમાંથી ઉતર્યા. ઘણી આશ્ચર્યની વાત છે કે, આશારૂપ વેલડી કેવી રીતે સફળ થાય છે! કૃપ રાજા આદિ લોકો મુનિરાજને બહુમાનપૂર્વક આસન દઇ, વંદના આદિ કરી પોતપોતાને ઉચિત સ્થાનકે બેઠા. પછી ધન્યે વિનયથી તે કમળનું મુનિરાજ આગળ ભેટણું મૂક્યું. ત્યારે ચારણ મુનિએ કહ્યું કે, "જો તારતમ્યતાથી કોઇ પણ મનુષ્યને વિષે ઉત્કૃષ્ટપણું આવતું હોય તો તેનો છેડો અરિહંતને વિષેજ આવવો યોગ્ય છે, કારણ કે, અરિહંત ત્રણે લોકમાં પૂજ્ય છે. માટે ત્રણ જગત્માં ઉત્તમ એવા અરિહંતનેજ આ કમળ ધારણ કરવું ઉચિત છે. આ લોકમાં અને પરલોકમાં વાંછિત વસ્તુ આપનારી તે અરિહંતની પૂજા એક નવી ઉત્પન્ન થએલી કામધેનુ સમાન છે." ભદ્રક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વભાવનો ધન્ય, ચારણ મુનિના વચનથી હર્ષ પામ્યો, અને પવિત્ર થઈ જિનમંદિરે જઈ તેણે તે કમળ ભાવથી ભગવાનને મસ્તકે છત્રની માફક ચઢાવ્યું. તે કમળથી ભગવાનનું મસ્તક જેમ મુકુટ પહેરવાથી શોભે, તેમ શોભવા લાગ્યું. તેથી ધન્યના મનમાં ઘણોજ આનંદ ઉત્પન્ન થયો. પછી તે ધન્ય સ્વસ્થ મન કરી ક્ષણ માત્ર શુભ ભાવના ભાવવા લાગ્યો. એટલામાં તે માળીની ચારે કન્યાઓ ત્યાં ફૂલ વેચવા આવી. ત્યારે ધન્યે અરિહંતને મસ્તકે મૂકેલું તે કમળ તેમના જોવામાં આવ્યું. તે શુભ કર્મને અનુમોદના દઈ તે ચારે કન્યાઓએ જાણે સંપત્તિનું બીજજ હોયની! એવું એક એક ઉત્કૃષ્ટ ફૂલ ભગવાનની પ્રતિમા ઉપર સમકાળે ચઢાવ્યું. ઠીકજ છે, શુભ અથવા અશુભ કર્મ કરવું, ભણવું, ગણવું, દેવું, લેવું, કોઇને માન આપવું, શરીર સંબંધી અથવા ઘર સંબંધી કાંઈ કાર્ય કરવું, ઈત્યાદિ કૃત્યને વિષે ભવ્ય જીવની પ્રવૃત્તિ પ્રથમ ભગવાનનું દર્શન કરીને થાય છે.

પછી પોતાના જીવને ધન્ય માનતો ધન્ય અને તે ચાર કન્યાઓ પોતપોતાને ઘેર ગયાં. તે દિવસથી માંડી ધન્ય ભગવાનને બનતાં સુધી દરરોજ વંદના કરવા આવે, અને એવી ભાવના ભાવે કે "રાંક જાનવરની પેઠે અહોરાત્ર પરતંત્રતામાં રહેવાથી દરરોજ ભગવાનને વાંદવાનો નિયમ પણ લેવાતો નથી, એવો મને ધિક્કાર થાઓ."! કૃપ રાજા, ચિત્રમતિ મંત્રી, વસુમિત્ર શ્રેષ્ઠી અને સુમિત્ર વણિકપુત્ર એ ચારે જણાએ ચારણ મુનિના ઉપદેશથી શ્રાવક ધર્મ આદર્યો, અને અનુક્રમે તેઓ સૌધર્મ દેવલોકે ગયા. ધન્ય પણ અરિહંત ઉપર ભક્તિ રાખવાથી સૌધર્મ દેવલોકે મહર્દ્ધિક દેવતા થયો; અને તે ચારે માળીની કન્યાઓ તેના (ધન્યના) મિત્રદેવતા થઇ. કૃપ રાજાનો જીવ દેવલોકથી ચ્યવી જેમ સ્વર્ગમાં દેવતાઓનો રાજા ઇંદ્ર છે, તેમ વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા ગગનવલ્લભ નગરમાં તે ચિત્રગતિ નામે વિદ્યાધરનો રાજા થયો. મંત્રીનો જીવ દેવલોકથી ચ્યવીને ચિત્રગતિ વિદ્યાધરનો પુત્ર થયો. તેની ઉપર માતાપિતા ઘણી જ પ્રીતિ કરવા લાગ્યા. બાપથી વધારે તેજસ્વી એવા તે પુત્રનું વિચિત્રગતિ નામ રાખ્યું. વિચિત્રગતિએ યૌવન અવસ્થામાં આવી એક વખતે રાજ્યના લોભથી પોતાના બાપને મારી નાખવા માટે મજબૂત અને ગુપ્ત વિચાર કર્યો, લોભાંધ થઈ પિતાનું અનિષ્ટ કરવા ધારનાર એવા કુપુત્રને ધિક્કાર થાઓ! સારા દૈવયોગથી ગોત્રદેવીએ તે સર્વ ગુપ્ત વિચાર ચિત્રગતિને કહ્યો. એકાએક ઘણો ભય આવવાથી ચિત્રગતિ તે જ સમયે ઉજ્વલ વૈરાગ્ય પામ્યો અને વિચાર કરવા લાગ્યો કે, "હાય હાય! હવે હું શું કરું? કોને શરણ જાઉં? કોને શું કહું? પૂર્વભવે પુણ્ય ઉપાર્જ્યું નહીં, તેથી પોતાના પુત્રથી જ મ્હારા ભાગ્યમાં પશુની માફક મરણ અને માઠી ગતિ પામવાનો પ્રસંગ આવ્યો, તો હજી પણ હું ચેતી જઉં" એમ ચિંતવી મનના અધ્યવસાય નિર્મળ થવાથી તેણે તે જ વખતે પંચમુષ્ટિ લોચ કર્યો. દેવતાઓએ આવી સાધુનો વેષ આપ્યો. ત્યારે ઉત્તમ બુદ્ધિવાળા તે ચિત્રગતિએ પંચ મહાવ્રત આદર્યાં. પછી પશ્ચાત્તાપ પામેલા વિચિત્રગતિએ ચિત્રગતિને ખમાવ્યા; અને

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફરીથી રાજ્ય ઉપર બેસવા ઘણી વિનંતી કરી. ચિત્રગતિએ ચારિત્ર લેવાની વાત જેવી રીતે બની, તે સર્વ કહી પવનની પેઠે અપ્રતિબદ્ધ વિહાર કર્યો. સાધુના કલ્પને અનુસરી વિહાર કરતાં અને દુઃખથી આચરાય એવી તપસ્યા આચરતાં તે ચિત્રગતિ મુનિરાજને અવધિજ્ઞાન અને તેની પછવાડે તેની સ્પર્ધાથી જ કે શું ! મનઃપર્યવજ્ઞાન પણ ઉત્પન્ન થયું.

( ચિત્રગતિ મુનિ રાજા પ્રત્યે કહે છે કે, ) તે હું જ્ઞાનથી લાભ થાય એમ જાણીને તમારો મોહ દૂર કરવા માટે અહિં આવ્યો. હવે બાકીનો સમગ્ર સંબંધ કહું છું. વસુમિત્રનો જીવ દેવલોકથી ચ્યવીને તું રાજા થયો, અને સુમિત્રનો જીવ ચ્યવીને ત્હારી પ્રીતિમતી નામે રાણી થયો. એ રીતે તમારી બન્નેની પ્રીતિ પૂર્વભવથી દૃઢ થયેલી છે. પોતાનું ઉત્કૃષ્ટ શ્રાવકપણું જણાવવાને અર્થે કોઇ કોઇ વખત સુમિત્રે કપટ કર્યું, તેથી તે સ્ત્રીપણું પામ્યો. ઘણી ખેદની વાત છે કે, સમજુ મનુષ્યો પણ પોતાનું હિત અને અહિત જાણવામાં મુંઝાઇ જાય છે. “ મ્હારા કરતાં પહેલાં મ્હારા ન્હાના ભાઈને પુત્ર ન થાઓ. ” એમ ચિંતવ્યું, તેથી આ ભવમાં ઘણા વખત પછી પુત્ર થયો. એક વાર કોઇનું ખોટું ધાર્યું હોય તો પણ તે પોતાનું ઘણું જ આકરૂં ફળ આપ્યા વગર રહે નહીં. ધન્યના જીવે દેવતાના ભવમાં એક દિવસે સવિધ જિનેશ્વરને પૂછ્યું કે, “ હું અહિંથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થઇશ ? ” ત્યારે તે ભગવાને તમારા બન્નેના પુત્ર થવાની વાત ધન્યના જીવને કહી. પછી ધન્યના જીવે વિચાર કર્યો કે, “ માતા પિતા ધર્મ પામ્યા ન હોય, તો પુત્રને ધર્મની સામગ્રી ક્યાંથી મળે ? મૂળ કુવામાં જો પાણી હોય, તો જ પાસેના હવાડામાં સહજથી મળી આવે. ” એમ વિચારી પોતે બોધિબીજનો લાભ થવા માટે હંસનું રૂપ ધારણ કરી રાણીને પ્રસ્તાવને ઉચિત વચનથી અને તેને સ્વપ્ન દેખાડીને બોધ કર્યો. એ રીતે ભવ્ય જીવો દેવતાના ભવમાં છતાં પણ પરભવે બોધિલાભ થવાને અર્થે ઉદ્યમ કરે છે. બીજા કેટલાએક લોકો મનુષ્ય ભવમાં છતાં પણ પૂર્વે પામેલા ચિંતામણિરત્ન સમાન બોધિરત્નને ( સમ્યક્ત્વને ) ખોઇ બેસે છે.

તે સમ્યક્ત્વધારી દેવતા ( ધન્યનો જીવ ) સ્વર્ગથી ચ્યવીને તમારો બન્ને જણાનો પુત્ર થયો. હવે એની માતાને સારાં સ્વપ્ન આવ્યાં અને સારાં દોહલા ઉત્પન્ન થયા, તેનું કારણ એ જ છે કે, જેમ શરીર પછવાડે છાયા, પતિની પછવાડે પતિવ્રતા સ્ત્રી, ચંદ્રની પછવાડે ચંદ્રિકા, સૂર્યની પછવાડે તેનો પ્રકાશ, અને મેઘની પછવાડે વીજળી જાય છે, તેમ એની પછવાડે પૂર્વભવથી જિનભક્તિ આવેલી છે. તેથી દોહલા અને સ્વપ્નાં સારાં આવ્યાં. ગઇ કાલે એને જિનમંદિરે લઇ ગયા. ત્યારે ફરી ફરીને જિનપ્રતિમાને જોવાથી તથા હંસના આગમનની વાત સાંભળવાથી એને મૂર્છા આવી. અને તત્કાળ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પૂર્વભવનું સર્વ કૃત્ય એની યાદમાં આવ્યું. ત્યારે એણે પોતાના મનથીજ એવો નિયમ લીધો કે, “ જિનેશ્વર ભગવાનનું દર્શન અને વંદના કર્યા વિના મ્હારે યાવજ્જીવ સુધી મુખમાં કાંઇ પણ નાંખવું ન કલ્પે, ”

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિયમ રહિત ધર્મ કરતાં નિયમ સહિત ધર્મનું અનંતગણું અધિક ફળ છે. કહ્યું છે કે—નિયમ સહિત અને નિયમ રહિત એવો બે પ્રકારનો ધર્મ છે. તેમાં પહેલો ધર્મ થોડો ઉપાર્જ્યો હોય, તો પણ નિશ્ચયથી બીજા કરતાં અનંતગણું ફળ આપે છે. અને બીજો ધર્મ ઘણો ઉપાર્જ્યો હોય તો પણ પ્રમાણવાળું અને અનિશ્ચિત ફળ આપે છે. જો કાંઇ પણ ઠરાવ કર્યા વગર કોઇને ઘણા કાળ સુધી અને ઘણુંજ દ્રવ્ય ધીર્યું હોય, તો તેથી કિંચિત્‌માત્ર પણ વ્યાજ ઉત્પન્ન ન થાય. અને જો ધીરતી વખતે ઠરાવ કર્યો હોય તો ધીરેલા દ્રવ્યની પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. એમ ધર્મના વિષયમાં પણ નિયમ કરવાથી વિશેષ ફળવૃદ્ધિ જાણવી. તત્ત્વોનો જાણ પુરૂષ હોય. તો પણ અવિરતિનો ઉદય હોય તો શ્રેણિક રાજાની પેઠે તેનાથી નિયમ લેવાતો નથી. અને અવિરતિનો ઉદય ન હોય તો લેવાય છે. તો પણ કઠણ વખત આવતાં દઢતા રાખી નિયમનો ભંગ ન કરવો. એ વાત તો આસનસિદ્ધિ જીવથી બની શકે છે. એ ધર્મદત્ત પૂર્વભવથી આવેલી ધર્મરૂચિથી અને ભક્તિથી પોતાની એક મહિનાની ઉમ્મરે ગઇ કાલે નિયમ ગ્રહણ કર્યો. ગઇ કાલે જિનદર્શન અને જિનવંદના કર્યાં હતાં, માટે એણે દૂધ વગેરે પીધું. આજે ક્ષુધા તૃષાથી પીડાયો તો પણ દર્શનનો અને વંદનાનો યોગ ન મળવાથી એણે મન દઢ રાખી દૂધ ન પીધું. અમારા વચનથી એનો અભિગ્રહ પૂર્ણ થયો, ત્યારે એણે દૂધપાન વગેરે કર્યું. પૂર્વભવે જે શુભ અથવા અશુભ કર્મ કર્યું હોય. અથવા કરવા ધાર્યું હોય, તે સર્વ પરભવે પૂર્વભવની પેઠે મળી આવે છે. એ મહિમાવંત પુરૂષને પૂર્વભવે કરેલી જિનેશ્વર ભગવાનની અપ્રકટ ભક્તિથી પણ ચિત્તને ચમત્કાર ઉત્પન્ન કરનારી પરિપૂર્ણ સમૃદ્ધિ મળશે. માળીની ચારે કન્યાઓના જીવ સ્વર્ગથી ચ્યવીને જૂદા જૂદા મ્હોટા રાજકુળમાં અવતરી એની રાણીઓ થશે. સાથે સુકૃત કરનારાઓનો યોગ પણ સાથેજ જ રહે છે. ”

મુનિરાજની એવી વાણી સાંભળી તથા બાળકના નિયમની વાત પ્રત્યક્ષ જોઇ રાજા આદિ લોકો નિયમ સહિત ધર્મનો સ્વીકાર કરવામાં અગ્રેસર થયા. “ પુત્રને પ્રતિબોધ કરવાને અર્થે વિહાર કરૂં છું. ” એમ કહી તે મુનિરાજ ગરૂડની પેઠે વૈતાઢ્ય પર્વતે ઊડી ગયા. જગતને આશ્ચર્યકારી પોતાની રૂપ સંપત્તિથી કામદેવને પણ લજાવનાર એવો જાતિસ્મરણ પામેલો ધર્મદત્ત, ગ્રહણ કરેલા નિયમને મુનિરાજની પેઠે પાળતો દિવસ જતાં વૃદ્ધિ પામવા લાગ્યો. તેના સર્વોત્કૃષ્ટ શરીરની વૃદ્ધિ થતી હોવાથી તેના રૂપ, લાવણ્ય પ્રમુખ લોકોત્તર સદ્‌ગુણ જાણે માંહોમાંહે સ્પર્ધાથીજ વધતા હોય તેમ પ્રતિદિન વધવા લાગ્યા. તે ધર્મદત્તના સદ્‌ગુણોને ધર્મ કરવાથી વિશેષ શોભા આવી. કારણ કે, એણે ત્રણ વર્ષની ઉમ્મરેજ “ જિનેશ્વર ભગવાનની પૂજા કર્યા વગર જમવું નહીં. ” એવો અભિગ્રહ લીધો. નિપુણ ધર્મદત્તને લખવું, ભણવું આદિ બહોંતેર કળાઓ જાણે પૂર્વ લખેલી ભણેલીજ હોયની ! તેમ સહજમાત્ર લીધાથીજ શીઘ્ર આવડી ગઇ. પુણ્યનો મહિમા ઘણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચમત્કારી છે! પછી ધર્મદત્ત "પુણ્યાનુબંધી પુણ્યથી પરભવે પણ પુણ્યની પ્રાપ્તિ સુખે થાય છે." એમ વિચારી સદ્ગુરૂ પાસેથી પોતે સારા શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

"ધર્મકૃત્ય વિધિ વિના સફળ થતું નથી." એમ વિચારી તેણે ત્રિકાળ દેવપૂજા વગેરે શુભ કૃત્ય શ્રાવકની સામાચારીને અનુસરી કરવા માંડયું. હમેશાં ધર્મ ઉપર ઉત્કૃષ્ટ ભાવ રાખનારો તે ધર્મદત્ત, અનુક્રમે મધ્યમ વય પામ્યો. ત્યારે જાડી શેલડીની પેઠે તેનામાં લોકોત્તર મીઠાશ આવી. એક દિવસે કોઇ પરદેશી પુરૂષે ધર્મદત્તને અર્થે ઇંદ્રના અશ્વ સરખા લક્ષણવાળા એક અશ્વનું રાજાને ભેટણું કર્યું? જગતમાં તે અશ્વ પણ પોતાની માફક અસાધારણ છે, એમ જાણી યોગ્ય વસ્તુનો યોગ કરવાની ઇચ્છાથી તેજ સમયે પિતાની આજ્ઞા લઇને ધર્મદત્ત તે અશ્વ ઉપર ચઢ્યો. સમજુ માણસને પણ મોહ વશ કરી લે છે, એ ઘણી ખેદની વાત છે! ધર્મદત્તના ઉપર ચઢતાં જ પોતાનો અલૌકિક વેગ આકાશમાં પણ દેખાડવાને અર્થેજ હોય કે શું! અથવા ઇંદ્રના અશ્વને મળવાની ઉત્સુકતાથીજ કે શું! તે અશ્વ એકદમ આકાશમાં ઊડી ગયો. થોડી વારમાં દેખાતો હતો, તે ક્ષણમાત્રમાં અદૃશ્ય થયો, અને હજારો યોજન ઉલ્લંઘી તે ધર્મદત્તને ઘણી વિકટ અટવીમાં મૂકી ક્યાંય ચાલ્યો ગયો. સર્પના ફૂતકારથી, વાનરાના બુત્કારથી, સૂઅરના ઘુત્કારથી, દીપડાના ચીત્કારથી, ચમરી ગાયના ભોંકારથી, રોઝના ત્રટ્કારથી અને ખરાબ શિયાળીયાના ફેત્કારથી ઘણીજ ભયંકર એવી તે અટવીમાં પણ સ્વભાવથીજ ભય રહિત એવા ધર્મદત્તે લેશમાત્ર પણ ભય મનમાં રાખ્યો નહીં. એ તો ખરૂં છે કે સારા પુરૂષ વિપત્તિના વખતે ઘણીજ ધીરજ રાખે છે, અને સુખ આવે ત્યારે ગર્વ બિલકુલ કરતા નથી. હાથીની પેઠે અટવીમાં યથેષ્ટ ફરનારો ધર્મદત્ત તે શૂન્ય અટવીમાં પણ શૂન્ય ન રાખતાં જેમ પોતાના રાજમંદિરના ઉદ્યાનમાં રહેતો હોય, તેમ ત્યાં સ્વસ્થપણે રહ્યો. પરંતુ જિનપ્રતિમાનું પૂજન કરવાનો યોગ ન મળવાથીજ માત્ર દુઃખી થયો. તો પણ સમતા રાખી તે દિવસે ફળ આદિ વસ્તુ પણ તેણે ન ખાતાં પાપને ખપાવનારો નિર્જલ ચઉવિહારો ઉપવાસ કર્યો. શીતળ જળ અને જાતજાતનાં ફળ ઘણાં હોવા છતાં પણ ક્ષુધા તૃષાથી અતિશય પીડાયલા ધર્મદત્તને એ રીતે ત્રણ ઉપવાસ થયા. પોતાના આદરેલા નિયમ સહિત ધર્મને વિષે એ કેવી આશ્ચર્યકારી દૃઢતા છે! લૂ લાગવાથી અતિશય કરમાઇ ગએલી ફૂલની માળાની પેઠે ધર્મદત્તનું સર્વ શરીર કરમાઇ ગયું હતું, તો પણ ધર્મની દૃઢતા હોવાથી તેનું મન ઘણુંજ પ્રસન્ન જણાતું હતું. આથી એક દેવ પ્રકટ થઇ તેને કહેવા લાગ્યો. "અરે સત્પુરૂષ! બહુ સારૂં! કોઇથી સધાય નહીં એવું કાર્ય તેં સાધ્યું. આ તે કેવું ધૈર્ય! પોતાના જીવિતની અપેક્ષા ન રાખતાં આદરેલા નિયમને વિષેજ ત્હારી દૃઢતા નિરૂપમ છે. શક્રેંદ્રે ત્હારી પ્રકટ પ્રશંસા કરી તે યોગ્ય છે. તે વાત મ્હારાથી ખમાઈ નહિ, તેથી મેં અહિં અટવીમાં લાવીને ત્હારી ધર્મ મર્યાદાની પરીક્ષા કરી છે. હે સુજાણ! ત્હારી દૃઢતાથી હું પ્રસન્ન થયો છું, માટે મુખમાંથી એક વચન કાઢીને ત્હારે જે ઇષ્ટ માગવું હોય તે માગ."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવતાનું એવું વચન સાંભળી ધર્મદત્તે વિચાર કરી કહ્યું કે, "હે દેવ! જ્યારે તને યાદ કરૂં ત્યારે તું પાછો આવી જે હું કહું તે મ્હારૂં કાર્ય કરજે."

પછી તે દેવ "એ ધર્મદત્ત અદ્ભુત ભાગ્યનો નિધિ ખરો. કારણ કે, એણે મને એ રીતે તદ્દન વશ કરી લીધો." એમ કહેતો ધર્મદત્તનું વચન સ્વીકારી તેજ વખતે ત્યાંથી તે જતો રહ્યો. પછી "મને હવે મ્હારા રાજભુવનની પ્રાપ્તિ વગેરે શી રીતે થશે?" એવા વિચારમાં છે એટલામાં તેણે પોતાને પોતાના મહેલમાં જોયો. ત્યારે ધર્મદત્તે વિચાર્યું કે, "હમણાં મેં દેવતાનું સ્મરણ નહીં કર્યું હતું, તો પણ તેણે પોતાની શક્તિથી મને મ્હારે સ્થાનકે લાવી મૂકયો. અથવા પ્રસન્ન થએલા દેવતાને એટલું કાર્ય કરવું એમાં શું કઠણ છે?" હવે ધર્મદત્ત રાજપુત્રે પોતાના મેળાપથી માબાપને, બીજા સગાવહાલાને તથા પોતાના ચાકરોને આનંદ પમાડયો. પુણ્યનો મહિમા અદ્ભુત છે. પછી રાજપુત્રે પારણાને અર્થે ઘણી ઉત્સુકતા ન રાખતાં જિન-પ્રતિમાની પૂજા તે દિવસે પણ વિધિસર કરી, અને તે પછી પારણું કર્યું ધર્મનિષ્ઠ પુરૂષોનો આચાર ઘણો આશ્ચર્યકારી હોય છે.

હવે તે ચારે કન્યાઓના જીવ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર એ ચારે દિશાઓમાં આવેલા દેશના ચાર રાજાઓની સર્વને માન્ય એવી ઘણા પુત્ર ઉપર અનુક્રમે પુત્રીઓ થઇ. તેમાં પહેલીનું નામ ધર્મરતિ, બીજીનું ધર્મમતિ, ત્રીજીનું ધર્મશ્રી અને ચોથીનું ધર્મણી. આ નામ પ્રમાણે તેમનામાં ગુણ પણ હતા, તે ચારે કન્યાઓ વખત જતાં તરુણ અવસ્થામાં આવી ત્યારે જાણે લક્ષ્મીદેવીએ જ પોતાના ચાર રૂપ બનાવ્યાં હોયની! એવી રીતે તેઓ દેખાવા લાગી. એક દિવસે તે કન્યાઓ અનેક સુકૃતકારી ઉત્સવનું સ્થાનક એવા જિનમંદિરમાં આવી અને અરિહંતની પ્રતિમા જોઇને જાતિસ્મરણ જ્ઞાન પામી. તેથી "જિનપ્રતિમાની પૂજા કર્યા વગર અમારે ભોજન કરવું ન કલ્પે." એવો નિયમ લઇ હમેશાં જિનભક્તિ કરતી રહી. વળી તે ચારે કન્યાઓએ એક દિલ થઇ એવો નિયમ કર્યો કે, "આપણા પૂર્વભવનો મિલાપી ધનનો મિત્ર જ્યારે મળે ત્યારે તેનેજ આપણે વરીશું. અને બીજા કોઇને વરીશ નહીં. તે જાણી પૂર્વ દેશના રાજાએ પોતાની પુત્રી ધર્મરતિને અર્થે મ્હોટો સ્વયંવર મંડપ કરાવ્યો, અને તેમાં તમામ રાજાઓને તેડાવ્યા. પુત્ર સહિત રાજધર રાજાને આમંત્રણ આપ્યું હતું તો પણ ધર્મદત્ત ત્યાં ગયો નહીં, કારણ કે તેણે વિચાર્યું કે જ્યાં ફળ પ્રાપ્તિ થાય કે નહીં? તેનો નિશ્ચય નથી એવા કાર્યમાં કોણ સમજુ માણસ દોડતો જાય?" એટલામાં વિચિત્રગતિ નામા વિદ્યાધરનો રાજા ચારિત્રવંત થએલા પોતાના પિતાના ઉપદેશથી પંચ મહાવ્રત આદરવા તૈયાર થયો. તેને એક પુત્રી હતી, માટે તેણે પ્રજ્ઞપ્તિ વિદ્યાને પૂછયું કે "મ્હારી પુત્રીને પરણી મ્હારું રાજ્ય ચલાવવા યોગ્ય કોણ પુરુષ છે?" પ્રજ્ઞપ્તિએ કહ્યું. "તું ત્હારી પુત્રી અને રાજ્ય સુપાત્ર એવા ધર્મદત્ત

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારને આપજે." વિદ્યાનાં એવા વચનથી વિચિત્રગતિ ઘણો હર્ષ પામ્યો, અને ધર્મદત્તને બોલાવવાને અર્થે રાજપુર નગરે આવ્યો. ત્યાં ધર્મદત્તના મુખથી ધર્મરતિ કન્યાના સ્વયંવરના સમાચાર જાણી, તે વિચિત્રગતિ ધર્મદત્તને સાથે લઇ દેવતાની પેઠે અદૃશ્ય થઇ કૌતુકથી ધર્મરતિના સ્વયંવરમંડપે આવ્યો. અદૃશ્ય રહેલા તે બન્ને જણાએ આશ્ચર્યકારી તે સ્વયંવરમંડપમાં જોયું તો કન્યાએ અંગીકાર ન કરવાથી ઝાંખા પડી ગયેલા અને જાણે લૂંટાઇ ગયાં હોયની! એવા નિસ્તેજ થયેલા સર્વ રાજાઓ જોવામાં આવ્યા. સર્વ લોકો "હવે શું થશે ?" એમ મનમાં આકુળ વ્યાકુળ થઇ ગયા. એટલામાં વિચિત્રગતિએ અરુણ સહિત સૂર્ય જેમ પ્રાતઃકાળે પ્રગટ થાય છે, તેમ પોતે અને ધર્મદત્ત ત્યાં શીઘ્ર પ્રકટ થયા. ધર્મરતિ રાજકન્યા ધર્મદત્તને જોતાં વાર જ સંતોષ પામી, અને જેમ રોહિણી વસુદેવને વરી, તેમ તેણે ધર્મદત્તને વરમાળ આરોપી. પૂર્વભવનો પ્રેમ અથવા દ્વેષ એ બન્ને પોતપોતાને ઉચિત એવાં કૃત્યોને વિષે જીવને પ્રેરણા કરે છે. બાકી ત્રણે દિશાઓના રાજાઓ ત્યાં આવ્યા હતા. તેમણે વિદ્યાધરની સહાયથી પોતાની ત્રણે પુત્રીઓને વિમાનમાં બેસારી ત્યાં તેડાવી, અને ઘણા હર્ષથી તે જ સમયે ધર્મદત્તને આપી. પછી ધર્મદત્તે, વિદ્યાધરે કરેલા દિવ્ય ઉત્સવમાં તે ચારે કન્યાઓનું પાણિગ્રહણ કર્યું. તે પછી વિચિત્રગતિ વિદ્યાધર ધર્મદત્તને તથા સર્વ રાજાઓને વૈતાઢ્ય પર્વતે લઇ ગયો ત્યાં વિવિધ પ્રકારના ઉત્સવ કરી તેણે પોતાની પુત્રી અને રાજ્ય ધર્મદત્તને અર્પણ કર્યું. તથા તે જ સમયે વિદ્યાધરે આપેલી એક હજાર વિદ્યાઓ ધર્મદત્તને સિદ્ધ થઇ. એ રીતે વિચિત્રગતિ પ્રમુખ વિદ્યાધરોએ પાંચસે કન્યાઓનું વૈતાઢ્ય પર્વત ઉપર પાણિગ્રહણ કરી ધર્મદત્ત અનુક્રમે પોતાને નગરે આવ્યો. અને ત્યાં પણ રાજાઓની પાંચસે કન્યાઓ પરણ્યો. તે પછી રાજધર રાજાએ આશ્ચર્યકારી ઘણા ઉત્સવ કરીને જેમ વેલડી સારા ક્ષેત્રમાં વાવવી, તેમ પોતાની સમગ્ર રાજ્યસંપદા પોતાના સદ્ગુણી પુત્ર ધર્મદત્તને માથે વૃદ્ધિને અર્થે સોંપી; અને ચિત્રગતિ સદ્ગુરુની પાસે પોતાની પટ્ટરાણી પ્રીતિમતીની સાથે દીક્ષા લીધી. પોતાનો સુપુત્ર રાજ્ય ચલાવવા યોગ્ય થયા પછી કોણ પોતાના આત્માનું હિત ન કરે ? વિચિત્રગતિએ પણ ધર્મદત્તને પૂછીને દીક્ષા લીધી. અનુક્રમે ચિત્રગતિ, વિચિત્રગતિ, રાજધર રાજા અને પ્રીતિમતી રાણી એ ચારે મોક્ષે ગયાં.

ધર્મદત્તે રાજ્યની લગામ હાથમાં લીધા પછી હજારો રાજાઓને સહજમાં જીતી લીધા. અને તે દસ હજાર રથ, દસ હજાર હાથી, એક લાખ ઘોડા અને એક ક્રોડ પાયદલ એટલા સૈન્યનો સાહ્યબીવાળો થયો. ઘણા પ્રકારની વિદ્યાનો મદ ધરનારા હજારો વિદ્યાધરોના રાજાઓ ધર્મદત્તના તાબે થયા. એ રીતે ઘણા કાળ સુધી ઇંદ્રની પેઠે તેણે ઘણું રાજ્ય ભોગવ્યું. સ્મરણ કરતાં જ આવનારો જે પૂર્વે પ્રસન્ન થએલ દેવતા તેની સહાય્યથી ધર્મદત્તે પોતાના દેશને દેવકુરુ ક્ષેત્રની પેઠે મારી, દુર્ભિક્ષ વગેરેનું જેમાં નામ પણ ન જણાય એવો કર્યો. પૂર્વે ભગવાન્ની સહસ્રદળ કમળથી પૂજા કરી, તેથી એટલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંપદા પામ્યો.' પણ યથાવિધિ ત્રિકાળ પૂજા કરવામાં તે ઘણો તત્પર હતો. "પોતાના ઉપર ઉપકાર કરનારનું પોષણ અવશ્ય કરવું જોઇએ." એમ વિચારી તે ધર્મદત્તે નવા ચૈત્યમાં પ્રતિમા બેસારી તથા તીર્થયાત્રા, સ્નાત્રમહોત્સવ આદિ શુભ કૃત્ય કરીને પોતાની ઉપર ઉપકાર કરનારી જિનભક્તિનું ઘણું જ પોષણ કર્યું. તે ધર્મદત્તના રાજ્યમાં અઢારે વર્ણ "જેવો રાજા તેવી પ્રજા." એવી કહેવત પ્રમાણે ઘણાખરા જૈનધર્મી થયા. તે જૈન ધર્મથી જ આ ભવે તથા પરભવે ઉદય થાય છે. તે ધર્મદત્તે અવસર ઉપર પુત્રને રાજ્ય આપી પોતે રાણીઓની સાથે દીક્ષા લીધી, અને મનની એકાગ્રતાથી તથા અરિહંત ઉપર દૃઢ ભક્તિથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. અહીં બે લાખ પૂર્વનું આયુષ્ય ભોગવીને સહસ્રાર દેવલોકે દેવતા થયો. તથા તે ચારે રાણીઓ જિનભક્તિથી ગણધર કર્મ બાંધીને તે જ દેવલોકે ગઇ. પછી ધર્મદત્તનો જીવ ચારે રાણીઓના જીવની સાથે સ્વર્ગથી ચ્યવ્યો. ધર્મદત્તનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર દેવ થયો અને ચારે રાણીઓના જીવ તેના ગણધર થયા. ધર્મદત્તનો જીવ તીર્થંકર નામકર્મ વેદીને અનુક્રમે ગણધર કર્મ સહિત મુક્તિએ ગયો. આ ધર્મદત્તનો અને ચારે રાણીઓનો સંયોગ કેવો આશ્ચર્યકારી છે? સમજુ જીવોએ આ રીતે જિનભક્તિનું ઐશ્વર્ય જાણી ધર્મદત્ત રાજાની પેઠે જિનભક્તિ તથા બીજાં શુભ કૃત્ય કરવાને અર્થે હમેશાં તત્પર રહેવું. આ રીતે વિધિપૂર્વક જિનપૂજા કરવાથી ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે અને તે ઉપર આ ધર્મદત્ત રાજાની કથા છે.

## દેરાસરની ઉચિત ચિંતા-સારસંભાળ.

હવે "उचिअचिंतरओ" (ઉચિત ચિંતામાં રક્ત રહે) એ પદનું વ્યાખ્યાન બતાવે છે. દેરાસરની ઉચિત ચિંતા એટલે દેરાસરની પ્રમાર્જના કરવી કરાવવી; વિનાશ પામતા દેરાંના ખુણા-ખોચરા તથા પૂજાના ઉપકરણ, થાળી, વાટકા, રકેબી, કુંડી, લોટા, કળશ વિગેરેને સમારવા, મંજાવવા, શુદ્ધ કરાવવા; પ્રતિમા, પ્રતિમાના પરિકરને નિર્મળ કરવા; દીવા દીવીઓ પ્રમુખ ચોખ્ખા (સાફ) કરાવવા; આગળ કહેવાશે એવી આશાતના વર્જન કરવી; દેરાસરના બદામ, ચોખા, નૈવેદ્યને સંભાળવા, રાખવા, વેચવાની યોજના કરવી; ચંદન, કેશર, ધૂપ, ઘી, તેલ પ્રમુખનો સંગ્રહ કરવો; આગળ યુક્તિ કહેવાશે એવી ચૈત્યદ્રવ્યની રક્ષા( સંભાળ ) કરવી; ત્રણ ચાર અગર તેથી અધિક શ્રાવકને વચ્ચે સાક્ષી રાખીને દેરાસરનાં નામાં લેખાં અને ઉઘરાણી કરવી કરાવવી; તે દ્રવ્ય યતનાથી સર્વને સંમત થાય એવા ઉત્તમ સ્થાનકે સ્થાપન કરવું; તે દેવદ્રવ્યની આવક અને ખર્ચ વિગેરેનું સાફ ચોખ્ખી રીતે નામું લેખું કરવું કરાવવું; પોતે જઇને કરવું તથા દેવના કામ માટે રાખેલા ચાકરોને મોકલી દેવદ્રવ્ય વસુલ કરાવવા; તેમાં દેવદ્રવ્ય ખોટું ન થાય તેમ યતના કરવી; તે કામમાં યોગ્ય પુરુષોને રાખવા; ઉઘરાણીના યોગ્ય, દેવદ્રવ્ય સાચવવા યોગ્ય, દેવના કામ કરવા યોગ્ય પુરુષોને રાખી તેની તપાસ કરવી. એ સર્વે દેરાસરની ઉચિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિંતા ગણાય છે, તેમાં નિરંતર યત્ન કરવો. એ ચિંતા( સારસંભાળ ) અનેક પ્રકારની છે. જે સંપદાવંત શ્રાવક હોય તે પોતે તથા પોતાના દ્રવ્યથી તેમજ પોતાના નોકરોથી સુખે કરી તપાસ રખાવે અને દ્રવ્ય રહિત જે શ્રાવક હોય તે પોતાના શરીરથી દેરાસરનાં જે કાંઈપણ કામ બની શકે તે કરે અથવા પોતાના કુટુંબમાંથી કોઇકની પાસે કરાવવા યોગ્ય હોય તો તેની પાસે કરાવી આપે. જેવું સામર્થ્ય હોય તે પ્રમાણે કરીને કામ કરાવી આપે પણ યથાશક્તિને ઉલ્લંઘન ન કરે. થોડા વખતમાં બની શકે એવું કાંઇ કામ દેરાસરનું હોય તો તે બીજી નિસીહિ પહેલાં કરી લે, અને થોડા વખતમાં બની શકે એમ ન હોય તો બીજી નિસિહીની ક્રિયા કરી લીધા પછી યથાયોગ્ય યથાશક્તિ કરે. એવી જ રીતે ધર્મશાળા, પૌષધશાળા, ગુરુ, જ્ઞાન વિગેરેની સારસંભાળ પણ દરરોજ યથાશકિતયે કરવામાં ઉદ્યમ કરવો. કેમકે દેવ ગુરુ, ધર્મનાં કામની સારસંભાળ શ્રાવક વિના બીજો કોણ કરી શકે એમ છે? માટે શ્રાવકે જ જરૂર કરવી. પણ ચાર બ્રાહ્મણ વચ્ચે મળેલી એક સારણગોની પેઠે આળસમાં ઉવેખવાપણું કરવું નહીં. કેમકે દેવ, ગુરુ, ધર્મનાં કામને ઉવેખી નાંખે અને તેની બનતી મહેનતે સારસંભાળ ન કરે તો સમકિતમાં પણ દૂષણ લાગે છે. જ્યારે ધર્મના કામમાં આશાતના થતી હોય તોપણ તેને ટાળવા તૈયાર ન થાય અથવા આશાતના થતી જોઇને તેનું મન દુઃખાય નહીં, ત્યારે તેને અર્હંત ઉપર ભક્તિ છે એમ કેમ કહેવાય? લૌકિકમાં પણ એક દૃષ્ટાંત સંભળાય છે કે, "કોઇક મહાદેવની મૂર્તિ હતી તેમાંથી કોઈકે આંખ કાઢી નાખેલી, તેના ભક્ત ભીલે તે દેખી, મનમાં અત્યંત દુઃખ લાવીને તત્કાળ પોતાની આંખ કાઢીને તેમાં ચોડી." તે માટે પોતાનાં સગાંવહાલાંનાં કામ હોય તેના કરતાં પણ અત્યંત આદરપૂર્વક દેરાસર પ્રમુખનાં કામમાં નિત્ય પ્રવૃર્તમાન રહેવું યોગ્ય છે. કહેલ છે કે:—

શરીર ઉપર, દ્રવ્ય ઉપર અને કુટુંબ ઉપર, સર્વ પ્રાણીઓને સાધારણ પ્રીતિ રહે છે; પણ મોક્ષાભિલાષી પુરુષોને તો તીર્થંકર ઉપર, જિનશાસન ઉપર અને સંઘ ઉપર અત્યંત પ્રીતિ હોય છે.

## આશાતનાના પ્રકાર.

જ્ઞાનની, દેવની અને ગુરૂની, એ ત્રણેની આશાતના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારની છે.

## જ્ઞાનની આશાતના.

જ્ઞાનની જઘન્ય આશાતના–પુસ્તક, પાટી, ટીપણું, જપમાળા પ્રમુખને મુખમાંથી નિકળેલું થુંક લગાડવાથી; અક્ષરોના હીનાધિક ઉચ્ચાર કરવાથી; જ્ઞાન ઉપકરણ પોતાની પાસે છતાં અધોવાયુ સરવાથી થાય છે. એ સર્વ પ્રકારની જ્ઞાનની જઘન્ય આશાતના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજવી. જ્ઞાનની મધ્યમ આશાતના–અકાળે પઠન, પાઠન, શ્રવણ, મનન કરવું; ઉપધાન, યોગ વહ્યા વિના સૂત્રનું અધ્યયન કરવું; ભ્રાંતિથી અશુદ્ધ અર્થની કલ્પના કરવી; પુસ્તકાદિકને પ્રમાદથી પગ પ્રમુખનું લગાડવું, જમીન ઉપર પાડવું; જ્ઞાનનાં ઉપકરણ પોતાની પાસે છતાં આહાર ભોજન કરવું કે લઘુનીતિ કરવી; એ સર્વ પ્રકારની મધ્યમ આશાતના જ્ઞાનની જાણવી. જ્ઞાનની ઉત્કૃષ્ટ આશાતના–પાટી ઉપર લખેલા અક્ષરોને થુંક લગાડી ભૂંસી નાખવા, જ્ઞાનના ઉપકરણ ઉપર બેસવું, સૂવું; જ્ઞાન અથવા જ્ઞાનના ઉપકરણ પોતાની પાસે છતાં વડીનીતિ કરવી; જ્ઞાનની અથવા જ્ઞાનીની નિંદા કરવી, તેના સામા થવું; જ્ઞાનનો જ્ઞાનીનો નાશ કરવો; ઉત્સૂત્ર ભાષણ કરવું; એ સર્વ જ્ઞાનની ઉત્કૃષ્ટ આશાતના ગણાય છે.

## દેવની આશાતના.

દેવની જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, એમ ત્રણ પ્રકારની આશાતના છે. જઘન્ય આશાતના તે વાસક્ષેપની, બરાસની અને કેસરની ડબી તથા રકેબી, કળશ પ્રમુખ ભગવંતને અફાળવાં અથવા નાશિકા મુખને ફરસેલાં વસ્ત્ર પ્રભુને અડકાડવાં, મધ્યમ આશાતના તે ઉત્તમ નિર્મળ ધોતીયાં પહેર્યા વિના પ્રભુની પૂજા કરવી, પ્રભુની પ્રતિમા જમીન ઉપર પાડવી, અશુદ્ધ પૂજનદ્રવ્ય પ્રભુને ચડાવવાં, પૂજાની વિધિનો અનુક્રમ ઉલ્લંઘન કરવો. ઉત્કૃષ્ટ આશાતના તે પ્રભુની પ્રતિમાને પગ લગાડવો; શલેખમ, બળખો, થુંક વિગેરેનો છાંટો ઉડાડવો; નાશિકાના સલેખમથી મલિન થયેલા હાથ પ્રભુને લગાડવા; પ્રતિમા પોતાના હાથથી ભાંગવી, ચોરવી, ચોરાવવી; વચનથી પ્રતિમાના અવર્ણવાદ બોલવા વિગેરે.

બીજી રીતે દેરાસરની જઘન્યથી ૧૦ ભેદે, મધ્યમથી ૪૦ ભેદે અને ઉત્કૃષ્ટથી ૮૪ ભેદે આશાતના વર્જવી તે બતાવે છે.

## દેવની જઘન્ય ૧૦ આશાતના.

૧ દેરાસરમાં તંબોળ ( પાન સોપારી ) ખાવું, ૨ પાણી પીવું, ૩ ભોજન કરવું ૪ જોડા–બુટ પહેરીને જવું, ૫ સ્ત્રીભોગ કરવો, ૬ શયન કરવું, ૭ થુંકવું, ૮ પેશાબ કરવો, ૯ વડીનીતિ કરવી, ૧૦ જુગાર વિગેરે રમત કરવી. એ પ્રકારે દેરાસરની અંદરની દશ જઘન્ય આશાતના વર્જવી.

## દેવની મધ્યમ ૪૦ આશાતના.

૧ દેરાસરમાં પેશાબ કરવો, ૨ વડીનીતિ કરવી, ૩ જોડા બુટ પહેરવા, ૪ પાણી પીવું, ૫ ભોજન કરવું, ૬ શયન કરવું. ૭ સ્ત્રીસંભોગ કરવો, ૮ તંબોળ ખાવું, ૯ થુંકવું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦ જુગાર રમવું, ૧૧ જુ માંકડ જોવા વીણવા, ૧૨ વિકથા કરવી, ૧૩ પલાંઠીવાળીને બેસવું, ૧૪ જુદા જુદા પગ લાંબા કરીને બેસવું, ૧૫ પરસ્પર વિવાદ કરવો, ( બડાઈ કરવી ). ૧૬ કોઇની હાંસી( મશ્કરી ) કરવી, ૧૭ કોઈ પર ઈર્ષા કરવી, ૧૮ સિંહાસન પાટ, બાજોઠ વિગેરે ઊંચા આસન ઉપર બેસવું, ૧૯ કેશ શરીરની વિભૂષા( શોભા ) કરવી, ૨૦ છત્ર ધારવું, ૨૧ તલવાર રાખવી, ૨૨ મુગટ રાખવો, ૨૩ ચામર ધરાવવા, ૨૪ ધરણું નાખવું (કોઇની પાસે માંગતા હોઇએ તેને દેરાસરમાં પકડવો ), ૨૫ સ્ત્રીઓની સાથે કામવિકાર તથા હાસ્યવિનોદ કરવાં ( માત્ર વચનથી હાસ્ય કરવો ), ૨૭ કોઇપણ જાતિની ક્રીડા કરવી ( પાના, ગંજીફા વીગેરે રમવા ), ૨૭ મુખકોશ બાંધ્યા વિના પૂજા કરવી, ૨૮ મલિન વસ્ત્રે કે શરીરે પૂજા કરવી, ૨૯ ભગવંતની પૂજા વખતે પણ ચિત્તને ચપળ રાખવું, દેરામાં પ્રવેશ કરતી વખતે સચિત્ત વસ્તુને દૂર છોડે નહીં, ૩૧ અચિત્ત પદાર્થે શોભા કરી હોય તેને દૂર મૂકવા ( નિરંતર પહેરવાના દાગીના ઉતારી નાંખવા ), ૩૨ એકસાટિક( અખંડ વસ્ત્ર )નું ઊત્તરાસણ કર્યા વિના દેરામાં જવું, ૩૩ પ્રભુની પ્રતિમા દીઠે થકે પણ બે હાથ ન જોડવા, ૩૪ છતી શક્તિએ પ્રભુની પૂજા ન કરે, ૩૫ પ્રભુને ચઢાવવા યોગ્ય ન હોય એવાં પદાર્થ પ્રભુને ચડાવવા, ૩૬ પૂજા કરે પણ તેમાં અનાદર-પણું રાખે, ભક્તિબહુમાન ન રાખવા, ૩૭ ભગવંતની નિંદા કરનાર પુરુષોને અટકાવે નહીં, ૩૭ દેવદ્રવ્યનો વિનાશ થતો દેખી ઉવેખે, ૩૯ છતી શકિતએ દેરે જતા વાહનમાં બેસે, ૪૦ દેરામાં વડેરાથી પહેલા ચૈત્યવંદન કે પૂજા કરે. જિનભવનમાં રહેતાં ઊપર લખેલાં કારણમાંથી હરકોઇ પણ કારણને સેવે તો મધ્યમ આશાતના થાય છે. તે વર્જવી.

## દેવની ઉત્કૃષ્ટ ૮૪ આશાતના.

૧ ખેલ તે નાશિકાનું લીંટ દેરાસરમાં નાંખે, ૨ જુગાર, ગંજીફા, શેત્રંજ, ચોપાટ વિગેરેની રમત દેરામાં કરે, ૩ દેરામાં લડાઇ કરે, ૪ કળા તે ધનુષ વિગેરેની ( કળા ) દેરામાં શીખે, ૫ કોગળા કરે, ૬ તંબોળ ખાય, ૭ તંબોળ ખાયને કૂચો દેરામાં નાંખે, ૮ દેરામાં કોઈને ગાળ આપે, ૯ દેરામાં લઘુનીતિ વડીનીતિ કરે, ૧૦ હાથ પગ મુખ શરીર દેરામાં ધુવે, ૧૧ કેશ સમારે, ૧૨ નખ ઉતારે, ૧૩ લોહી પાડે, ૧૪ સુખડી વિગેરે દેરામાં ખાય, ૧૫ ગુમડા ચાઠાં વિગેરેની છાલ ચામડી ઉખેડી દેરામાં નાંખે, ૧૬ મુખમાંથી નીકળેલું પિત્ત દેરામાં નાંખે, ૧૭ દેરામાં ઊલટી કરે, ૧૮ દાંત પડી જાય તે દેરામાં પડવા દે, ૧૯ દેરામાં વિશ્રામ કરે (વિસામો લે), ૨૦ ગાય, ભેંસ, ઉંટ, ઘોડા, બકરાં, ઘેટાં, વિગેરે ઉપર મંદિરમાં દમન કરે, ૨૧ દાંતનો મેલ પાડે, ૨૨ આંખનો મેલ પાડે, ૨૩ નખ પાડે, ૨૪ ગાલનો મેલ નાંખે, ૨૫ નાશિકાનો મેલ નાંખે, ૨૬ મસ્તકનો મેલ નાંખે, ૨૭ કાનનો મેલ નાંખે, ૨૮ શરીરનો મેલ નાંખે, ૨૯ મંત્ર તે ભૂતાદિક નિગ્રહના મંત્ર સાધન દેરામાં કરે, અથવા રાજ્યના પ્રમુખ કાર્યનો વિચાર કરવા દેરાસરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચ ભેળાં થઇ બેસે, ૩૦ વિવાહ વિગેરેના સાંસારિક કાર્ય માટે દેરાસરમાં પંચ મળે, ૩૧ દેરાસરમાં બેસીને પોતાના ઘરના કે વેપારના નામાં લેખાં લખે, ૩૨ રાજાના વિભાગનો કર અથવા પોતાના સગાંવહાલાઓને આપવા યોગ્ય વિભાગની વહેંચણી દેરાસરમાં કરે, ૩૩ પોતાના ઘરનું દ્રવ્ય દેરાસરમાં મૂકે અથવા દેરાસરના ભંડારમાં પોતાનું દ્રવ્ય સાથે રાખે, ૩૪ પગ ઉપર પગ રાખી ( ચડાવો ) દેરાસરમાં બેસે, ૩૫ દેરાસરની ભીંત ઓટલા, જમીન ઉપર છાણાં થાપે સુકાવે, ૩૬ પોતાના વસ્ત્ર દેરામાં સુકાવે, ૩૭ મગ, ચણાં, મઠ, તુએરની દાળ કરવા દેરાસરમાં સુકાવે, ૩૮ પાપડ, ૩૯ વડી, ખેરો, શાક, અથાણા વિગેરે કરવા હરકોઈ પણ પદાર્થ સુકાવે, ૪૦ રાજા વિગેરેના ભયથી દેરાસરના ગભારા, ભોંયરા, ભંડાર વિગેરેમાં સંતાવું, ૪૧ દેરાસરમાં બેઠા હોય ત્યારે પોતાના કોઈ પણ સંબંધીનું મરણ સાંભળી રૂદન કરવું, ૪૨ સ્ત્રીકથા, રાજકથા, દેશકથા, ભોજનકથા, વિકથા દેરાસરમાં કરવી, ૪૩ પોતાના ઘર કામ સારૂ કોઇ પ્રકારના યંત્ર, ઘાણી વિગેરે શસ્ત્ર અસ્તરા વિગેરે દેરાસરમાં ઘડાવવા તૈયાર કરાવવા, ૪૪ ગૌ, ભેંસ, બળદ, ઘોડા, ઉંટ વિગેરે દેરાસરમાં રાખવા, ૪૫ ટાઢ પ્રમુખના કારણથી દેરાસરમાં બેસી તાપણી પ્રમુખનું સેવન કરવું, ૪૬ દેરાસરમાં પોતાના સાંસારિક કાર્ય માટે રાંધન કરવું, ૪૭ દેરાસરમાં બેસી રૂપીયા, મોહોર, ચાંદી, સોનું, રત્ન વિગેરેની પરીક્ષા કરવી, ૪૮ દેરાસરમાં પેસતા નિકળતાં નિસીહિ અને આવસહિ કહેવું ભૂલી જવું, ૪૯ છત્ર, ૫૦ પગરખાં, ૫૧ શસ્ત્ર ચામર એ વસ્તુઓ દેરાસરમાં લાવવી, ૫૨ મનને એકાગ્ર ન રાખવું, ૫૩ તેલ પ્રમુખ દેરાસરમાં ચોળાવવું, સચિત્ત ફૂલ વિગેરે જે કાંઇ હોઈ તે દેરાસરથી બહાર ન કાઢી નાખવાં, ૫૫ દરરોજ પહેરવાના દાગીના દેરે જતા ન પહેરવા, જેથી આશાતના થાય કેમકે લોકમાં પણ નિંદા થાય કે જુઓ આ કેવો ધર્મ કે દરરોજ પહેરવાના દાગીના પણ દેરે જતાં પહેરવાની મનાઇ છે, ૫૬ જિનપ્રતિમા દેખીને બે હાથ ન જોડવા, ૫૭ એક પનાવાળા ઉત્તમ વસ્ત્રનું ઉત્તરાસણ કીધા વિના દેરામાં જાય, ૫૮ મુકુટ મસ્તકે બાંધી રાખે. ૫૯ માથા ઉપર પાઘડીમાં કપડું વીંટવું, ૬૦ માથામાં પાઘડી વિગેરે ઉપર ઘાલેલું ફૂલ કાઢી ન નાંખે, ૬૧ હોડ પાડે( શરત કરે ) જેમકે મુઠીએ નાળીએર ભાંગી આપે તો અમુક આપું, ૬૨ દેરાસરમાં દડાગેડીથી રમત કરવી, ૬૩ દેરાસરમાં કોઇ પણ મોટા માણસને જુહાર( સલામ ) કરવી, ૬૪ દેરાસરમાં જેમ લોક હસી પડે એવી કોઈ પણ જાતની ભાંડચેષ્ટા કરવી જેમકે કે કાખ વગાડવી વિગેરે, ૬૫ કોઇને તિરસ્કાર વચન બોલવું જેમકે અરે ! અલ્યા, દુષ્ટ ચોર એમ બોલવું, ૬૬ કોઈની પાસે લેહેણું હોય તેને દેરાસર વિગેરેમાં પકડવો અથવા દેરાસરમાં લંઘન કરી તેની પાસેથી દ્રવ્ય લેવું, ૬૭ દેરાસરે રણસંગ્રામ કરવો, ૬૮ દેરાસરમાં ચોટલી વાળ ઓળવા, ૬૯ દેરાસરમાં પલાંઠી બાંધીને બેસવું, ૭૦ પગ સાફ રાખવા માટે દેરાસરમાં કાષ્ઠની પાવડી પહેરવી, ૭૧ દેરાસરમાં બીજા લોકોની અડચણની અવગણના કરીને પગ લાંબા કરી બેસવું, ૭૨ શરીરના સુખ માટે પગે પુડપુડી

Jain Education International
जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવરાવે ( પગચંપી કરાવે ), ૭૩ હાથ પગ ધોવા વિગેરે કારણથી દેરાસરમાં ઘણું પાણી ઢોળી દેરામાં જતાં જવાના માર્ગમાં કીચડ કરે, ૭૪ ધૂળવાળા પગથી આવી દેરાસરમાં પગ ઝાટકે જેથી દેરામાં ધૂળ પૂળ કરે-ધૂળ ઉડાડે, ૭૫ દેરાસરમાં મૈથુન સેવે-કામકેલી કરે, ૭૬ માથા ઉપર પહેરેલી પાઘડીમાંથી કે લુગડાંમાંથી માંકણ જૂ પ્રમુખ વીણીને દેરામાં નાખે અથવા વીણે, ૭૭ દેરાસરમાં બેસી ભોજન કરે, ૭૮ ગુહ્યસ્થાન બરોબર ઢાંકયા વિના જેમ તેમ બેસી લોકને ( ગુહ્યસ્થાન ) દેખાડે તથા દેરામાં દૃષ્ટિયુદ્ધ તથા બાહુયુદ્ધ કરે, ૭૯ દેરામાં બેસી વૈદું કરે ( ઓષધ વિગેરે દેરામાં કોઈને બતાવે ), ૮૦ દેરાસરમાં વેચાણ અથવા સાટું કરે, ૮૧ દેરામાં શય્યા કરી સુવે, ૮૨ દેરાસરમાં પાણી પીયે અથવા દેરાસરની અગાશી યા પરનાળથી પડતાં પાણી ઝીલે, ૮૩ દેરાસરમાં સ્થાન કરે, ૮૪ દેરાસરમાં સ્થિતિ કરે ( રહે ).

## બૃહત્‌ભાષ્યમાં બતાવેલી પાંચ આશાતના.

૧ કોઈપણ પ્રકારે દેરાસરમાં અવજ્ઞા કરવી, ૨ પૂજામાં આદર ન રાખવો, ૩ ભોગ, ૪ દુષ્ટ પ્રણિધાન કરવાં, ૫ અનુચિત પ્રવૃત્તિ કરવી. એમ પાંચે પ્રકારથી આશાતના થાય છે.

जैन साहित्य JAINSITE

૧ અવજ્ઞા આશાતના તે-પલાંઠી બાંધીને બેસવું, પ્રભુને પુંઠ કરવી, પુડપુડી દેવી ( પગચંપી કરવી ), પગ પસારવા, પ્રભુની સામે દુષ્ટ આસને બેસવું.

૨ આદર ન રાખવો ( અનાદર આશાતના ) તે-જેવા તેવા વેષથી પૂજા કરવી, જેવે તેવે વખતે પૂજા કરવી, શૂન્યચિત્તે પૂજા કરવી.

૩ ભોગ આશાતના તે-દેરાસરમાં તંબોળ ખાવો. જેથી અવશ્ય પ્રભુની આશાતના કરી કહેવાય; કેમકે તંબોળ ખાતાં જ્ઞાનાદિકના લાભનો નાશ કીધો માટે આશાતના કહેવાય છે.

૪ દુષ્ટ પ્રણિધાન-તે રાગદ્વેષ મોહથી મનોવૃત્તિ મલીન થઇ હોય એવા વખતે જે ક્રિયા કરવામાં આવે તેવું કાર્ય પ્રભુપૂજામાં ન કરવું.

૫ અનુચિત પ્રવૃત્તિ તે-કોઈના ઉપર ધરણું નાખવું, સંગ્રામ કરવો, રૂદન કરવું, વિકથા કરવી, જનાવર બાંધવાં, રાંધવું, ભોજન કરવું, ઘરની કાંઈપણ ક્રિયા કરવી, ગાળ દેવી, વૈદું કરવું, વ્યાપાર કરવો. એટલાં વાનાંમાંથી હરકોઇ કામ કરવું તેને અનુચિત પ્રવૃત્તિ નામની આશાતના કહેવાય છે તે તજવા યોગ્ય છે.

ઉપર લખેલી સર્વ પ્રકારની આશાતના અત્યન્ત હંમેશા અવિરતિ દેવતા પણ નિત્ય વર્જે છે. જે માટે કહેલું છે કેઃ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"વિષયરૂપ વિષથી મોહિત થઇ ગયેલા દેવતા પણ દેવાલયમાં કોઇપણ વખતે અપ્સરાઓની સાથે હાસ્યવિનોદ પણ, આશાતના થવાના ભયથી કરતા નથી."

## ગુરૂની તેત્રીશ આશાતના.

૧ ગુરૂની આગળ ચાલે તો આશાતના થાય, કેમકે માર્ગ દેખાડવા વિગેરે કોઈ પણ કામ વિના ગુરૂની આગળ ચાલવાથી અવિનયનો દોષ લાગે છે, માટે યોગ્ય નથી.
૨ ગુરૂના બે પાસે બરોબર ચાલે તો અવિનયીજ ગણાય માટે આશાતના થાય છે.
૩ ગુરૂની નજીક પછવાડે ચાલતાં પણ ખાંસી, છીંક વગેરે આવે તો તેમાંથી ઉછળેલા સલેખમ બળખાનો છાંટો ગુરૂને લાગવાની દોષનો સંભવ થવાથી આશાતના થાય છે.
૪ ગુરૂને પીઠ કરી બેસે તો અવિનય દોષ લાગવાથી આશાતના સમજવી.
૫ ગુરૂને બે પડખે બરોબર બેસે તોપણ અવિનયનો દોષ લાગવાથી આશાતના સમજવી.
૬ ગુરૂની પાછળ બેસવાથી થુંક બળખાના દોષનો સંભવ હોવાથી આશાતના થાય છે.
૭ ગુરૂની આગળ ઊભા રહે તો દર્શન કરનારને અડચણ થવાથી આશાતના સમજવી.
૮ ગુરૂની બે બાજુમાં ઊભા રહેવાથી સમાસન થાય તે અવિનય છે માટે આશતના સમજવી.
૯ ગુરૂની પાછળ ઊભા રહેવાથી થુંક બળખો લાગવાનો સંભવ થવાથી આશાતના થાય છે.
૧૦ આહારપાણી કરતાં ગુરૂથી પહેલાં ચળુ કરી ઊઠી જાય તો આશાતના ગણાય.
૧૧ ગુરૂથી પહેલાં ગમનાગમનની આલોચણા લે તો આશાતના સમજવી.
૧૨ રાતે સૂતા પછી ગુરૂ બોલે કે, કોઇ જાગે છે? એમ પૂછે થકે પોતે કાંઇક જાગતો હોય પણ આળસથી ઉત્તર ન અપાય તો આશાતના લાગે.
૧૩ ગુરૂ કાંઈક કહેતાજ હોય તે પહેલાં પોતે બોલી ઊઠે તો આશાતના લાગે.
૧૪ આહારપાણી લાવી પ્રથમ બીજા સાધુઓને કહી પછી ગુરૂને કહે તો આશાતના લાગે.
૧૫ આહારપાણી લાવી પ્રથમ બીજા સાધુઓને દેખાડી પછી ગુરૂને દેખાડે તો આશાતના સમજવી.
૧૬ આહારપાણીની નિમંત્રણા પ્રથમ બીજા સાધુઓને કરી પછી ગુરૂને કરે તો આશાતના લાગે.
૧૭ ગુરૂને પૂછ્યા વિના પોતાની મરજીથી સ્નિગ્ધ મધુર આહાર બીજા સાધુને આપે તો આશાતના લાગે.
૧૮ ગુરૂને આપ્યા પછી સ્નિગ્ધાદિક આહાર વગર પૂછે ભોજન કરી લે તો આશાતના લાગે.
૧૯ ગુરૂનું બોલ્યું, સાંભળ્યું અણસાંભળ્યું કરી જવાબ ન આપે તો આશાતના સમજવી.
૨૦ ગુરૂના સામે કઠણ કે ઉચ્ચ સ્વરથી બોલે-જવાબ આપે તો આશાતના લાગે.
૨૧ ગુરૂએ બોલાવ્યા છતાં પણ પોતાને સ્થાનકેજ બેઠાં ઉત્તર આપે તો આશાતના લાગે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૨ ગુરૂએ કંઇ કામ માટે બોલાવ્યા છતાં શું કહો છો ? એમ ઉત્તર કરે તો આશાતાના લાગે.
૨૩ ગુરૂએ કંઇ કહે થકે તેજ વચનથી જવાબ કરે કે તમેજ કરોને ? તો આશાતના લાગે.
૨૪ ગુરૂનું વ્યાખ્યાન સાંભળીને મનમાં રાજી ન થતાં ઉલટો મનમાં દુઃખ પામે તો આશાતના લાગે.
૨૫ ગુરૂ કંઇક કહેતા હોય તે વચ્ચે બોલવા લાગી જાય કે એ એમ નથી, હું કહું છું તેમ છે, એમ કહી ગુરૂ કરતાં અધિક વિસ્તારથી બોલવા મંડી જાય તો આશાતના લાગે.
૨૬ ગુરૂ કથા કહેતા હોય તેમાં ભંગાણ પાડીને પોતે વાત કહેવા મંડી જાય તો આશાતના લાગે.
૨૭ ગુરૂની પર્ષદા (પરખદા) ભાંગી નાખે, જેમકે હવે ગોચરીનો વખત થયો કે પડિલેહણ વેળા થઇ એમ કહી સર્વને ઉઠાડી મૂકે તો ગુરૂનું અપમાન કર્યું કહેવાય તેથી પણ આશાતના લાગે.
૨૮ ગુરૂએ કથા કહ્યા પછી સભા બરખાસ્ત થઇ હોય ત્યારે પોતાનું ડહાપણ જણાવવા માટે તે તે કથાને વિસ્તાર કરીને પોતે બોલવા મંડી જાય તો પણ અપમાન કીધું ગણાવાથી આશાતના સમજવી.
૨૯ ગુરૂની શય્યા(આસન)ને પગ લગાડવાથી આશાતના થાય.
૩૦ ગુરૂના સંથારા(સુવાના બીછાના)ને પગ લગાડવાથી આશાતના થાય છે.
૩૧ ગુરૂના આસન ઉપર પોતેજ બેસી જાય તો પણ આશાતના ગણાય છે.
૩૨ ગુરૂથી ઊંચા આસને બેસે તો આશાતના થાય.
૩૩ ગુરૂથી સરખે આસને બેસે તોપણ આશાતના થાય.

આવશ્યક ચૂર્ણીમાં તો " ગુરૂ કહેતા હોય તે સાંભળી વચમાં જ પોતે બોલે કે હા એમ છે " તોપણ આશાતના થાય. એ એક આશાતના વધી પણ તેના બદલામાં તેમાં ઉચ્ચાસન અને સમાસન (બત્રીસ અને તેત્રીસમી) એ બે આશાતનાને એક ગણાવી તેત્રીસજ રાખી જણાય છે.

ગુરૂની વળી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારની આશાતના છે.

૧ ગુરૂને પગ પ્રમુખથી સંઘટ્ટન કરવું તે જઘન્ય આશાતના; ૨ સળેખમ, બળખો અને થુંકનો છાંટો અડકાડવો એ મધ્યમ આશાતના; અને ૩ ગુરૂનો આદેશ માને નહીં, અથવા માન્ય કરે તોપણ વિપરીત કરે, કહેલું સાંભળે જ નહીં, અને સાંભળ્યું હોય તો પાછો ઉત્તર વાળે કે અપમાનપૂર્વક બોલે તે ઉત્કૃષ્ટ આશાતના.

## સ્થાપનાચાર્યની આશાતના

સ્થાપનાચાર્યની આશાતના પણ ત્રણ પ્રકારની છે. જ્યાં સ્થાપેલ હોય ત્યાંથી આમતેમ ફેરવતાં વસ્ત્રસ્પર્શ કે અંગસ્પર્શ કે પગનો સ્પર્શ કરવો તે જઘન્ય આશાતના; ૨

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂમિ પર પાડવા, જેમ તેમ મૂકવા, અવગણના કરવી વિગેરેથી મધ્યમ આશાતના સમજવી ૩ સ્થાપનાચાર્ય ગુમાવે, ભાંગે તો ઉત્કૃષ્ટ આશાતના સમજવી.

એવી રીતે જ્ઞાનના ઉપકરણની પેઠે દર્શન ચારિત્રના ઉપકરણની આશાતના પણ વર્જવી. જેમકે, રજોહરણ ( ઓઘો ), મુહપત્તિ, દાંડો, દાંડી પ્રમુખ પણ **अहवानाणाइत्तिअं** "અથવા જ્ઞાનાદિક ત્રણના ઉપકરણો પણ સ્થાપનાચાર્યને સ્થાનકે સ્થપાય" જો વધારે રાખે તો આશાતના થાય માટે યથાયોગ્યજ રાખવાં વધારે નહીં, તેમજ જેમ તેમ રખડતાં મૂકવાં નહીં, કેમકે રખડતાં મૂકતાં આશાતના લાગે છે અને તેની પાછી આલોયણ લેવી પડે છે. જે માટે મહાનિશીથસૂત્રમાં કહેલું છે કે "અવિધિથી ઉપર ઓઢવાનો કપડો ( કપડું ), રજોહરણ, દાંડો, જો વાવરે તો ઉપવાસની આલોયણ આવે છે." માટે શ્રાવકે ચરવલો, મુહપત્તિ પ્રમુખ વિધિપૂર્વકજ વાપરવાં, અને વાપરીને પાછાં યોગ્ય સ્થાનકે રાખવાં. જો અવિધિએ વાપરે અથવા જ્યાં ત્યાં રખડતાં મૂકે તો ચારિત્રના ઉપકરણની અવગણના કરી કહેવાય અને આશાતના લાગે વિગેરે દોષની ઉત્પત્તિ થાય, માટે વિવેકપૂર્વક વિચાર કરી વાપરવાં.

जैन साईट JAINSITE.com जनम् जयति शासनम्

## ઉત્સૂત્ર ભાષણ આશાતના વિષે

આશાતનાના વિષયમાં ઉત્સૂત્ર ( સૂત્રમાં કહેલા આશયથી વિરૂદ્ધ ) ભાષણ કરવાથી અરિહંતની કે ગુરૂની અવગણના કરવી એ મોટી આશાતનાઓ અનંત સંસારનો હેતુ છે. જેમકે ઉત્સૂત્ર પ્રરૂપણાથી સાવદ્યાચાર્ય, મરિચી, જમાલિ, કુળવાલક સાધુ વિગેરે ઘણા જીવોએ સંસાર વધાર્યો છે. વળી કહ્યું છે કે:—ઉત્સૂત્રના ભાષકને બોધિબીજનો નાશ થાય છે અને અનંત સંસારની વૃદ્ધિ થાય છે, માટે પ્રાણ જતાં પણ ધીર પુરૂષો ઉત્સૂત્ર વચન બોલતા નથી. તીર્થંકર, પ્રવચન ( જૈનશાસન ), જ્ઞાન, આચાર્ય, ગણધર, મહર્દ્ધિક એઓની આશાતના કરતાં પ્રાણી ઘણું કરીને અનંત સંસારી થાય છે.

## દેવદ્રવ્યાદિનો નાશ-આશાતના કરવાનું ફળ.

એવી જ રીતે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય તથા ગુરુદ્રવ્ય, વસ્ત્રપાત્રાદિકનો નાશ કરવાથી કે તેની ઉપેક્ષા કરવાથી પણ મોટી આશાતના થાય છે. કહેલું છે કે:—

દેવદ્રવ્યનો વિનાશ કરે, સાધુનો ઘાત કરે, જૈન શાસનની નિંદા કરાવે, સાધ્વીનું ચોથું વ્રત ભંગાવે તો તેના બોધિલાભ( ધર્મની પ્રાપ્તિ )રૂપ મૂળમાં અગ્નિ લાગે છે. દેવદ્રવ્યાદિકનો નાશ ભક્ષણ કરવાથી કે અવગણના કરવાથી સમજવો.

શ્રાવકદિનકૃત્ય અને દર્શનશુદ્ધિ પ્રકરણમાં તો એમ કહેલું છે કે:—

દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને મોહિત મતિવાલો દુભવે છે તે કાં તો ધર્મને જાણતો નથી અને કાં તો તેણે નારકીનું આયુષ્ય બાંધેલું હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સાધારણ દ્રવ્યનું લક્ષણ.

દેવદ્રવ્ય તો પ્રસિદ્ધ જ છે, પણ સાધારણ દ્રવ્ય તે-દેરું પુસ્તક, આપતગ્રસ્ત શ્રાવક વિગેરેને ઉદ્ધરવાને ( સહાય કરવાને ) યોગ્ય દ્રવ્ય ઋદ્ધિવંત શ્રાવકોએ મળી મેલવ્યું હોય તેનો વિનાશ કરવો અથવા વ્યાજ કે વ્યાપાર આદિવડે તેનો ઉપલોગ કરવો તે સાધારણ દ્રવ્યનો વિનાશ કર્યો કહેવાય છે. કહેલું છે કેઃ—

જેના બે બે પ્રકારના ભેદની કલ્પના કરાય છે, એવા દેવદ્રવ્યનો નાશ થતો દેખી સાધુ પણ જો ઉવેખણા કરે તો અનંત સંસારી થાય છે. અહિંયાં દેવદ્રવ્યના બે બે ભેદની કલ્પના કેમ કરવી તે બતાવે છે. દેવદ્રવ્ય, કાષ્ઠ, પાષાણ, ઈંટ, નળીયાં વિગેરે જે હોય ( જે દેવદ્રવ્ય કહેવાય ) તેનો વિનાશ, તેના પણ બે ભેદ છે. એક યોગ્ય અને બીજો અતીતભાવ. યોગ્ય તે નવાં લાવેલાં અને અતીતભાવ તે દેરાસરમાં લગાડેલાં. તેના પણ મૂળ અને ઉત્તર નામના બે ભેદ છે. મૂળ તે થંભ કુંભી વિગેરે, ઉત્તર તે છાજ નળીયા વિગેરે, તેના પણ સ્વપક્ષ અને પરપક્ષ નામના બે ભેદ છે. સ્વપક્ષ તે શ્રાવકાદિકોએ કરેલો વિનાશ, અને પરપક્ષ તે મિથ્યાત્વી વિગેરે લોકોએ કરેલો વિનાશ. એમ દેવદ્રવ્યના બે બે ભેદની કલ્પના અનેક પ્રકારની થાય છે. ઉપર લખેલી ગાથામાં " અપિ " ગ્રહણ કરેલ છે તેથી શ્રાવક પણ ગ્રહણ કરવા એટલે શ્રાવક કે સાધુ જો દેવદ્રવ્યનો વિનાશ થતો ઉવેખે તો અનંત સંસારી થાય છે.

અહિંયાં કોઈક એમ પૂછે કે, મન, વચન, કાયાથી સાવદ્ય કરવા, કરાવવા, અનુમોદવાનો પણ જેને ત્યાગ છે એવા સાધુઓએ દેવદ્રવ્યની રક્ષા શા માટે કરવી જોઈએ ? ઉત્તર આપતાં આચાર્ય કહે છે કે, સાધુ જો કોઇક રાજા, દીવાન, શેઠ પ્રમુખની પાસેથી યાચના કરી ઘર, હાટ, ગામ ગરાસ લઇ તેના દ્રવ્યથી જો નવું દેરાસર બંધાવે, તો તમે કહો છો તેમ દોષ લાગે, પણ કોઈક ભદ્રિક જીવોએ ધર્મના માટે પહેલાં આપેલું જિનદ્રવ્યનું અથવા બીજા કોઇ ચૈત્ય દ્રવ્યનું સાધુ રક્ષણ કરે તો કાંઇ દોષ નથી પરંતુ ચારિત્રની પુષ્ટિ છે, કારણ કે, જિનેશ્વરોની આજ્ઞાનું આરાધન થાય છે. જો દેરાસર નવીન બંધાવતા ન હોય પણ પૂર્વે કરાવેલાનો કે દેરાસર દ્વેષીનો તેને કષ્ટ આપીને પણ બચાવ કરવો તેમાં કાંઇ પ્રાયશ્ચિત્ત આવતું નથી. તેમ કાંઇ પ્રતિજ્ઞા પણ ભંગ થતી નથી. આગમમાં પણ એમ જ કહેલું છે કેઃ—

દેરાસરના કામને માટે દેવદ્રવ્યની વૃદ્ધિ કરતાં ખેતર, સુવર્ણ, ચાંદી, ગામ, ગરાસ, ગાય, બળદ, વિગેરે દેરાસરના નિમિત્તે ઉપજાવનાર સાધુને ત્રિકરણ યોગ ( મન, વચન, કાયા )ની શુદ્ધિ કયાંથી હોય ? એમ પ્રશ્ન કરવાથી આચાર્ય ઉત્તર આપે છે કે, ઉપર લખેલાં કારણ જો પોતે કરે એટલે દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પોતે યાચના કરે તો તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારિત્રની શુદ્ધિ ન કહેવાય; પણ તે દેવદ્રવ્યની ( ક્ષેત્ર ગામ ગરાસ વિગેરેની ) કોઈ ચોરી કરે, તે ખાઇ જાય, કે લઇ લેતો હોય તો તેને ઉવેખે ( અવગણના કરે ) તો ત્રિકરણ વિશુદ્ધિ ન કહેવાય; છતી શક્તિયે જો ન નિવારે તો અભક્તિ ગણાય છે, માટે જો દેવદ્રવ્યનો કોઇ વિનાશ કરતો હોય તો તેને સાધુ અવશ્ય નિવારે-અટકાવે; ન નિવારે તો દોષ લાગે છે. દેવદ્રવ્યના ભક્ષણ કરનાર પાસેથી દ્રવ્ય પાછું લેવાના કાર્યમાં કદાપિ સર્વ સંઘનું કામ પડે તો સાધુ શ્રાવકે પણ તે કાર્યમાં લાગીને ( તે કાર્ય ) પાર પાડવું, પણ ઉવેખવું નહીં. વળી બીજા ગ્રંથોમાં પણ કહેલું છે કે:—

દેવદ્રવ્યનું ભક્ષણ કરે કે ભક્ષણ કરનારને ઉવેખે તથા પ્રજ્ઞાહીનપણાથી દેવદ્રવ્યનો ઉપયોગ કરે તોપણ પાપકર્મથી લેપાય છે. પ્રજ્ઞાહીનપણું એટલે દેવદ્રવ્ય કોઇક અંગઉધાર આપે, થોડા મૂલ્યવાળા દાગીના રાખી વધારે દેવદ્રવ્ય આપે, આ પુરૂષ પાસેથી દેવદ્રવ્ય પાછું અમુક કારણથી વસુલ કરાવી શકીશું એવો વિચાર કર્યા વિનાજ આપે. આ કારણથી દેવદ્રવ્યના છેવટ વિનાશ થાય તે પ્રજ્ઞાહીનપણું ગણાય છે. પ્રજ્ઞાહીનપણું તે ખરેખરો વિચાર કીધા વિના આપે તે. જેથી છેવટ દેવદ્રવ્યનો વિનાશ થાય તે પ્રજ્ઞાહીન કહેવાય છે.

जैन साईट JAINSITE .com

જે શ્રાવક દેરાસરની આવકને ભાંગે, દેવદ્રવ્યમાં આપવું કબૂલ કરીને પછી આપેજ નહીં, દેવદ્રવ્યનો નાશ થતો દેખી ઉવેખી નાખે તો તે પણ સંસારમાં પરિભ્રમણ કરે છે.

જિન પ્રવચનની વૃદ્ધિ કરાવનારૂં, જ્ઞાન દર્શન ચારિત્ર વિગેરે ગુણોની વૃદ્ધિ કરાવનારૂં એવું જે દેવદ્રવ્ય છે તેનું જે પ્રાણી ભક્ષણ કરે તે અનંત સંસારી થાય છે. દેવદ્રવ્ય હોય તો મન્દિરનું સમારકામ તથા મહાપૂજા, સત્કાર આદિ થવાનો સંભવ છે. ત્યાં મુનિરાજનો પણ યોગ મલી આવે છે. વ્યાખ્યાન સાંભલવા આદિ જિન પ્રવચનની વૃદ્ધિ થાય છે. એવી રીતે જ્ઞાન દર્શન ગુણની પ્રભાવના થાય છે.

જિન પ્રવચનની વૃદ્ધિ કરાવનારૂં, જ્ઞાનદર્શન ગુણને દીપાવનારૂં એવું જે દેવદ્રવ્ય છે તેનું જે પ્રાણી રક્ષણ કરે છે તે અલ્પભવમાં મોક્ષપદને પામનાર થાય છે.

જિન પ્રવચનની વૃદ્ધિ કરાવનારૂં, જ્ઞાનદર્શનગુણને દીપાવનારૂં એવું જે દેવદ્રવ્ય છે તેની જે પ્રાણી વૃદ્ધિ કરે છે તે તીર્થંકરપદને પામે છે. વૃદ્ધિ કરવી એટલે જૂનાનું રક્ષણ અને નવું પ્રાપ્ત કરવું. દર્શનશુદ્ધિ પ્રકરણમાં એ પદની વૃત્તિમાં લખેલ છે કે, દેવદ્રવ્યના વધારનારને અર્હંત ઉપર ઘણીજ ભક્તિ હોય છે તેથી તેને તીર્થંકર ગોત્ર બંધાય છે.

## દેવદ્રવ્યની વૃદ્ધિ કેવી રીતે કરવી ?

પંદર કર્માદાનના કુવ્યાપાર છે, તેમાં દેવદ્રવ્યની ધીરધાર કરવી નહીં, પણ ખરા માલની લેવડદેવડ કરનારા સદ્વ્યાપારીઓના દાગીના રાખી તે ઉપર દેવદ્રવ્ય વ્યાજે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપીને વૃદ્ધિ વિધિપૂર્વક કરવી. જેમ તેમ અથવા વગર દાગીના રાખે કે પંદર કર્માદાનના વ્યાપારના કરનારને આપી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી નહીં. જે માટે શાસ્ત્રકારે લખેલ છે કે–

જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું ખંડન જેમાં થાય એવી રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ કરનારા પણ કેટલાક મૂર્ખ મોહમાં મુંઝાએલા અજ્ઞાની જીવો ભવસમુદ્રમાં ડૂબે છે.

કેટલાક આચાર્ય તો એમ કહે છે કે, શ્રાવક વગર બીજા કોઇને દેવદ્રવ્યની દ્રવ્યનું ધીરવું હોય તો સમાન અથવા અધિક મૂલ્યવાળા દાગીના રાખીને જ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, ઉચિત છે. વળી સમ્યક્ત્વ પચીસીની વૃત્તિમાં આવેલી શંકાસ શેઠની કથામાં પણ દાગીના ઉપર દેવદ્રવ્ય વૃદ્ધિ કરવાનું લખેલ છે.

## દેવદ્રવ્યના ભક્ષણ રક્ષણ ઉપર સાગરશ્રેષ્ઠીનું દૃષ્ટાંત.

સાકેતપુર નામના નગરમાં અરિહંતનો ભક્ત એવો સાગરશ્રેષ્ઠી નામનો એક સુશ્રાવક રહેતો હતો. ત્યાંના બીજા સર્વ શ્રાવકોએ સાગરશ્રેષ્ઠીને સુશ્રાવક જાણી સર્વ દેવદ્રવ્ય સોંપ્યું, અને કહ્યું કે "મંદિરનું કામ કરનારા સૂતાર આદિને આ દ્રવ્ય આપતા રહેજો." પછી સાગરશ્રેષ્ઠીએ લોભથી દેવદ્રવ્ય વાપરીને ધાન્ય, ગોળ, ઘી, તેલ, કપડાં આદિ ઘણી ચીજો વેચાતી લઇ મૂકી, અને તે સૂતાર વગેરેને રોકડનાણું ન આપતાં તેના બદલામાં ધાન્ય, ગોળ, ઘી આદિ વસ્તુ મોંઘે ભાવે આપે, અને એમ કરતાં લાભ મળે તે પોતે રાખે. એમ કરતાં તેણે રૂપિયાના એંશીમા ભાગરૂપ એક હજાર કાંકણીનો લાભ લીધો, અને તેથી મહાઘોર પાપકર્મ ઉપાર્જ્યું. તેની આલોચના ન કરતાં મરણ પામી સમુદ્રની અંદર જળમનુષ્ય થયો. ત્યાં જાત્ય રત્નના ગ્રાહકોએ જળના અને જલચર જીવોના ઉપદ્રવને ટાળનાર અંડગોલિકાનું ગ્રહણ કરવાને અર્થે તેને વજ્રઘરટ્ટમાં પીલ્યો. તે મહાવ્યથાથી મરણ પામી ત્રીજી નરકે નારકી થયો. વેદાંતમાં પણ કહ્યું છે કે–દેવદ્રવ્યથી તથા ગુરુદ્રવ્યથી થએલી દ્રવ્યની વૃદ્ધિ પરિણામે સારી નથી. કેમકે, તેથી ઇહલોકે કુલ નાશ અને મરણ પછી નરક ગતિ થાય છે. નરકમાંથી નીકળીને પાંચસે ધનુષ્ય લાંબો મહામત્સ્ય થયો. તે ભવે કોઇ મ્લેચ્છે તેના સર્વાંગે છેદ કરી મહાકદર્થના કરી. તેથી મરણ પામી ચોથી નરકે નારકી થયો. એમ એકેક અથવા બે બે ભવ વચ્ચે કરીને સાતે નરકોમાં બે બે વાર ઉત્પન્ન થયો. પછી તે સાગરશ્રેષ્ઠીના જીવે એક હજાર કાંકણી જેટલા દેવદ્રવ્યનો ઉપભોગ કર્યો હતો, તેથી લાગટ તથા આંતરાથી શ્વાન, ભૂંડ, ભેંસ, બોકડો, ઘેટો, હરિણ સસલો, સાબર, શિયાળિયો, બિલાડી, ઉંદર, નોળિયો, કોલ, ગિરોલી, સર્પ, વીંછી, વિષ્ઠાના કૃમિ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, શંખ, છીપ, જળો, કીડી, કીડા, પતંગ, માખી, ભમરો, મચ્છર, કાચબો, ગર્દભ, પાડો, બળદ, ઉંટ, ખચ્ચર, ઘોડા, હાથી વગેરે જીવયોનિમાં પ્રત્યેક જીવયોનિએ એકેક હજાર વાર ઉત્પન્ન થઇ સર્વ મળી લાખો ભવ સંસારમાં ભમતાં પૂરા કર્યા. પ્રાયે સર્વ ભવે શસ્ત્રઘાત આદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવ્યથા સહન કરીને તે મરણ પામ્યો. પછી ઘણું ખરૂં પાપ ક્ષીણ થયું ત્યારે વસંતપુર નગરમાં ક્રોડપતિ વસુદત્ત શ્રેષ્ઠીથી તેની સ્ત્રી વસુમતિની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો. તે ગર્ભમાં છતાં જ વસુદત્તશ્રેષ્ઠીનું સર્વ દ્રવ્ય નાશ પામ્યું. પુત્ર અવતર્યો તે જ દિવસે વસુદત્તશ્રેષ્ઠી મરણ પામ્યો, અને તેને પાંચમું વર્ષ બેસતાં વસુમતી પણ દેવગત થઈ. તેથી લોકોએ તેનું "નિષ્પુણ્યક" એવું નામ પાડયું. કોઇ રાંકની પેઠે જેમ તેમ નિર્વાહ કરી તે વૃદ્ધિ પામ્યો.

એક દિવસે તેનો મામો તેને સ્નેહથી પોતાને ઘેર લઈ ગયો. દૈવયોગે તે જ રાત્રિએ મામાનું ઘર પણ ચોરોએ લૂંટયું. એમ જેને જેને ઘેર તે એક દિવસ પણ રહ્યો. તે સર્વને ત્યાં ચોર, ધાડ, અગ્નિ વગેરે ઉપદ્રવ થયા. કોઇ ઠેકાણે ઘરધણી જ મરણ પામ્યો. "આ પારેવાનું બચ્ચું છે ? કે બળતી ગાડરી છે ? અથવા મૂર્તિમાન્ ઉત્પાત છે ?" એવી રીતે લોકો તેની નિંદા કરવા લાગ્યા. તેથી ઉદ્વેગ પામી તે નિષ્પુણ્યક નામા સાગર શ્રેષ્ઠીનો જીવ બહુ દેશાંતરે ભમતાં તામ્રલિપ્તિ નગરીએ ગયો. ત્યાં વિનયધર શ્રેષ્ઠીને ત્યાં ચાકરપણે રહ્યો. તે જ દિવસે વિનયધર શ્રેષ્ઠીનું ઘર સળગ્યું. તેથી તેણે પોતાના ઘરમાંથી હડકાયલા શ્વાનની પેઠે તેને કાઢી મૂકયો. પછી શું કરવું ? તે ન સૂઝવાથી પૂર્વભવે ઉપાર્જેલા દુષ્કર્મની નિંદા કરવા લાગ્યો. કહ્યું છે કે—સર્વે જીવ સ્વવશપણે કર્મ કરે છે, પણ તે ભોગવવાનો અવસર આવે ત્યારે પરવશ થઈને ભોગવે છે, જેમ માણસ પોતાની સ્વતંત્રતાથી વૃક્ષ ઉપર ચઢી જાય છે, પણ પડવાનો સમય આવે ત્યારે પરવશ થઈને નીચે પડે છે. નિષ્પુણ્યક "યોગ્ય સ્થાનનો લાભ ન થવાથી ભાગ્યના ઉદયને હરકત આવે છે." એમ વિચારી સમુદ્રતીરે ગયો, અને ધનાવહ શ્રેષ્ઠીની ચાકરી કરવી કબૂલ કરી તે દિવસે વહાણ ઉપર ચઢ્યો. શ્રેષ્ઠીની સાથે ક્ષેમ કુશળથી પરદ્વીપે ગયો, અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, મ્હારૂં ભાગ્ય ઉઘડયું. કારણ કે, હું અંદર બેઠા પછી પણ વહાણ ભાંગ્યું નહીં. અથવા મ્હારૂં દુર્દૈવ આ વખતે પોતાનું કામ ભૂલી ગયું. રખેને પાછા વળતાં તેને તે યાદ આવે !" નિષ્પુણ્યકના મનમાં આવેલી કલ્પના ખરી કરવાને અર્થેજ કે શું ? તેના દુર્દૈવે લાકડીનો પ્રહાર કરીને જેમ ઘડાના સેંકડો કડકા કરે, તેમ પાછા વળતાં તે વહાણના કકડા કર્યા. દૈવયોગથી નિષ્પુણ્યકને હાથે પાટિયું આવી ગયું તેની મદદથી તે સમુદ્રકાંઠાના એક ગામે આવ્યો, અને ત્યાંના ઠાકોરના આશ્રય તળે રહ્યો.

એક દિવસે ચોરોએ ઠાકોરના ઘર ઉપર ધાડ પાડી અને નિષ્પુણ્યકને ઠાકોરનો પુત્ર જાણી પકડી બાંધીને તેઓ પોતાની પલ્લીએ લઈ ગયા. તે જ દિવસે બીજા કોઇ પલ્લીપતિએ ધાડ પાડી તે પલ્લીનો મૂળથી નાશ કર્યો. પછી તે ચોરોએ પણ તે નિષ્પુણ્યકને કમનશીબ જાણીને કાઢી મૂકયો. કહ્યું છે કે—એક માથે ટાલવાળો પુરૂષ માથે તડકો લાગવાથી ઘણોજ તપી ગયો, અને શીતળ છાયાની ઇચ્છાથી દૈવયોગે બિલાના ઝાડ નીચે જઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહોંચ્યો. ત્યારે ત્યાં પણ ઉપરથી પડતા એક મ્હોટા બિલીનાં ફળથી તેનું માથું "કડાક" શબ્દ કરી ભાંગ્યું. મતલબ એ છે કે, કમનશીબ પુરૂષ જ્યાં જાય ત્યાં આપદા પણ તેની સાથે જ આવે છે. આ રીતે જૂદા જૂદા નવસો નવાણું સ્થળોના વિષે ચોર, જળ, અગ્નિ સ્વચક્ર, પરચક્ર, મરકી આદિ અનેક રોગ થવાથી તે નિષ્પુણ્યકને લોકોએ કાઢી મૂક્યો. ત્યારે તે મહા દુઃખી થઇ એક મ્હોટી અટવીમાં આરાધક જનોને પ્રત્યક્ષ ફળ આપનારા સેલક નામા યક્ષને મંદિરે આવ્યો. પોતાનું સર્વ દુઃખ યક્ષ આગળ કહી એકચિત્તથી તેની આરાધના કરવા લાગ્યો. એક વીસ ઉપવાસ કરવાથી પ્રસન્ન થએલા યક્ષે તેને કહ્યું કે, "દરરોજ" સંધ્યા સમયે મ્હારી આગળ સુવર્ણમય એક હજાર *ચંદ્રકને ધારણ કરનારો મોર નૃત્ય કરશે. તેનાં દરરોજ પડી ગએલાં પિચ્છા ત્હારે લેવાં." યક્ષના આવા વચનથી ખુશી થયેલા નિષ્પુણ્યકે કેટલાંક પિચ્છા સંધ્યા સમયે પડી ગયાં, તે એકઠાં કર્યાં. એમ દરરોજ એકઠાં કરતાં નવસો પિચ્છા ભેગાં થયાં. એકસો બાકી રહ્યાં. પછી નિષ્પુણ્યકે દુર્દૈવની પ્રેરણાથી મનમાં વિચાર્યું કે, "બાકી રહેલાં પિચ્છાં લેવાને માટે હવે કેટલાક દિવસ આ જંગલમાં રહેવું ? માટે બધાં પિચ્છાં સામટાં એક મૂઠીથી પકડીને ઉખેડી લેવાં એ ઠીક." એમ વિચારી તે દિવસે મોર નાચવા આવ્યો, ત્યારે એક મૂઠીથી તેનાં પિચ્છાં પકડવા ગયો. એટલામાં મોર કાગડાનું રૂપ કરીને ઉડી ગયો, અને પૂર્વે એકઠાં કરેલાં નવસો પિચ્છાં પણ જતાં રહ્યાં ! ખરૂં છે કે—દૈવની મર્યાદા ઉલ્લંઘીને જે કાર્ય કરવા જઈએ, તે સફળ થાય નહીં. જુઓ, ચાતકે ગ્રહણ કરેલું સરોવરનું જળ પેટમાં ન ઉતરતાં ગળામાં રહેલા છિદ્રથી બહાર જતું રહે છે. માટે "ધિક્કાર થાઓ મને ! કેમકે મેં ફોગટ એટલી ઉતાવળ કરી." એમ દીલગીરી કરતા નિષ્પુણ્યકે આમ તેમ ભમતાં એક જ્ઞાની ગુરૂને દીઠા. તેમની પાસે જઈ વંદના કરી. તેણે તેમને પોતાના પૂર્વકર્મનું સ્વરૂપ પૂછયું. જ્ઞાનીએ પણ તેના પૂર્વભવનું સ્વરૂપ જેવું હતું તેવું પ્રકટપણે કહી દીધું. તે સાંભળી પૂર્વે દેવદ્રવ્ય ઉપર પોતાની આજીવિકા કરી તેનું પ્રાયશ્ચિત મુનિરાજ પાસે માગ્યું. મુનિ મહારાજે કહ્યું કે, "જેટલું દેવદ્રવ્ય તેં પૂર્વભવે વાપર્યું, તે કરતાં વધારે દ્રવ્ય દેવદ્રવ્ય ખાતામાં આપ, અને દેવદ્રવ્યની રક્ષા તથા તેની વૃદ્ધિ વગેરે યથાશક્તિ કર. એટલે ત્હારૂં દુષ્કર્મ ટળશે. તથા પરિપૂર્ણ ભોગ, રૂદ્ધિ અને સુખનો લાભ થશે." તે સાંભળી નિષ્પુણ્યકે જ્ઞાની ગુરુ પાસે નિયમ લીધો કે, "મેં પૂર્વભવે જેટલું દેવદ્રવ્ય વાપર્યું હોય, તે કરતાં હજારગણું દ્રવ્ય દેવદ્રવ્ય ખાતે મ્હારાથી ન અપાય, ત્યાં સુધી અન્ન વસ્ત્ર ચાલે, તે કરતાં વધારે દ્રવ્યનો સંગ્રહ ન કરવો." એવા નિયમની સાથે શુદ્ધ શ્રાવક ધર્મ પણ તેણે ગુરુની સાખે આદર્યો. તે દિવસથી માંડી તેણે જે જે વ્યવહાર કર્યો, તે સર્વમાં તેને બહુ દ્રવ્યનો લાભ થયો. જેમ જેમ લાભ થયો, તેમ તેમ તે માથે રહેલું દેવદ્રવ્ય ઉતારતો ગયો. પૂર્વભવે વાપરેલી એક હજાર કાંકિણીના બદલામાં દસ લાખ કાંકિણી તેણે થોડા દિવસમાં દેવદ્રવ્ય ખાતે આપી. દેવદ્રવ્યના ઋણમાંથી છૂટ્યા પછી ઘણું દ્રવ્ય ઉપાર્જીને તે પોતાને નગરે આવ્યો. સર્વે મ્હોટા શેઠોમાં શેઠ થવાથી તે નિષ્પુણ્યક રાજાને પણ માન્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો. પછી તે પોતે કરાવેલા તથા બીજા પણ સર્વ જિનમંદિરોની સારસંભાળ પોતાની સર્વ શક્તિથી કરે, દરરોજ કરે, દરરોજ મ્હોટી પૂજા તથા પ્રભાવના કરાવે, અને દેવદ્રવ્યનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરી તેની યુક્તિથી વૃદ્ધિ કરે. એવા સત્કૃત્યથી ચિરકાલ પુણ્ય ઉપાર્જીને છેવટ તેણે જિનનામકર્મ બાંધ્યું. પછી તે નિષ્પુણ્યકે અવસરે દીક્ષા લઇ, ગીતાર્થ થઇ, યથાયોગ્ય ઘણી ધર્મદેશના આદિ દેવાથી જિનભક્તિરૂપ પ્રથમ સ્થાનકની આરાધના કરી, અને તેથી પૂર્વે બાંધેલું જિનનામકર્મ નિકાચિત કર્યું. તે ઉપરાંત સર્વાર્થસિદ્ધ મહાવિમાને દેવતાપણું તથા અનુક્રમે મહાવિદેહ ક્ષેત્રમાં અરિહંતની ઋદ્ધિ ભોગવી મોક્ષે જશે એમ સાગરશ્રેષ્ઠીની કથા કહી.

## જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય ઉપર કર્મસાર પુણ્યસારનું દ્રષ્ટાંત.

ભોગપુર નગરમાં ચોવીસ ક્રોડ સોનૈઇયાનો ધણી ધનાવહ નામે શેઠ હતો, તથા ધનવતી નામે તેની સ્ત્રી હતી. તે દંપતિને પુણ્યસાર અને કર્મસાર નામે બે સુંદર પુત્ર એક સાથે જન્મ્યા હતા. એક દિવસે ધનાવહ શ્રેષ્ઠીએ કોઇ નિમિત્તિયાને પૂછ્યું કે, "મ્હારા બન્ને પુત્રો આગળ જતાં કેવા નીવડશે ?" નિમિત્તિયાએ કહ્યું. "કર્મસાર જડ સ્વભાવનો અને ઘણો જ મંદમતિ હોવાથી આડું અવળું ડહાપણ વાપરીને ઘણો ઉદ્યમ કરશે; પણ પિતાનું સર્વ દ્રવ્ય ખોઇ દેવાથી અને નવું ન મેળવવાથી તે ઘણા કાળ સુધી દુઃખી અને દરિદ્રી રહેશે. પુણ્યસાર પણ પિતાનું તથા પોતે નવું કમાએલું સર્વ દ્રવ્ય વારંવાર જતું રહેવાથી કર્મસાર જેવોજ દુઃખી થશે; તથાપિ પુણ્યસાર વેપાર વગેરે કળામાં બહુ ડાહ્યો થશે. બન્ને પુત્રોને પાછલી અવસ્થામાં ધન, સુખ, સંતતિ વગેરેની ઘણી સમૃદ્ધિ થશે."

શેઠે બન્ને પુત્રોને એક પછી એક સર્વ વિદ્યા તથા કળામાં નિપુણ એવા ઉપાધ્યાય પાસે ભણવાને મૂકયા. પુણ્યસાર સુખથી સર્વે વિદ્યાઓ ભણ્યો. કર્મસારને તો ઘણો પરિશ્રમ કરે, પણ વાંચતાં એક અક્ષર આવડે નહીં. ઘણું શું કહીએ? લખતાં વાંચતાં વગેરે પણ ન આવડે. ત્યારે વિદ્યાગુરૂએ પણ "એ સર્વથા પશુ છે." એવો નિશ્ચય કરી તેને ભણાવવાનું મૂકી દીધું. પછી બન્ને પુત્ર યુવાવસ્થામાં આવ્યા ત્યારે માબાપે ધન ઘણું હોવાથી સુખે મળેલી બે શેઠની પુત્રીઓની સાથે બન્ને જણાને ગાજતે વાજતે પરણાવ્યા. "માંહોમાંહે કલહ ન થવો જોઇએ" એમ વિચારી ધનાવહ શેઠે એકેક પુત્રને બાર બાર ક્રોડ સોનૈયા જેટલો ભાગ વહેંચી આપી બન્ને પુત્રોને જૂદા રાખ્યા; અને ધનાવહ શેઠ પોતાની પત્ની સાથે દીક્ષા લઇ સ્વર્ગે ગયો.

હવે કર્મસાર પોતાના સ્વજન સંબંધીનું વચન ન માનતાં પોતાની કુબુદ્ધિથી એવા એવા વ્યાપાર કરવા લાગ્યો કે, જેમાં તેને પૈસે ટકે નુકશાન જ થયું. થોડા દિવસમાં પિતાએ આપેલા બાર ક્રોડ સોનૈયા તે ખોઇ બેઠો. પુણ્યસારના બાર ક્રોડ સોનૈયા તો ચોરોએ ખાતર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાડીને લૂંટી લીધા. બન્ને ભાઈ દરિદ્રી થયા. સ્વજન સંબંધી આદિ લોકોએ તેમનું નામ પણ મૂકી દીધું. બન્ને જણાની સ્ત્રીઓ અન્ન વસ્ત્ર પણ ન મળવાથી પોતાને પિયર ગઈ. કહ્યું છે કે—લોકો ધનવંત પુરૂષની સાથે પોતાનું ખોટું પણ સગપણ જગતમાં દેખાડે છે, અને કોઈ નિર્ધન પુરૂષની સાથે ખરેખર અને નજીકનું સગપણ હોય તે કહેતાં પણ શરમાય છે. ધન જતું રહે છે, ત્યારે ગુણવાન્ પુરૂષને પણ તેના પરિવારના લોકો તજી દે છે અને ધનવાન પુરૂષોનાં ગીત ગાય છે. "તમે બુદ્ધિહીણ તથા ભાગ્યહીણ છો." એમ લોકો ઘણી નિંદા કરવા લાગ્યા. ત્યારે લજ્જા પામીને તે બન્ને ભાઈ દેશાંતર ગયા. બીજો કાંઈ ઉપાય ન હોવાથી બન્ને જણા કોઈ મ્હોટા શેઠને ઘેર જૂદા જૂદા ચાકરી કરવા રહ્યા. જેને ઘેર કર્મસાર રહ્યો હતો. તે શેઠ કપટી અને અતિ કૃપણ હતો. ઠરાવેલો પગાર પણ આપે નહીં. "ફલાણે દિવસે આપીશ." એમ વારંવાર ઠગ્યા કરે. આમ હોવાથી કર્મસારે ઘણો વખત થયા છતાં કાંઈ પણ પૈસા એકઠા કર્યા નહીં. પુણ્યસારે તો થોડા ઘણા પૈસા ભેગા કર્યા અને તેનું પ્રયત્નથી રક્ષણ પણ કર્યું હતું, છતાં ધૂર્ત લોકો તે સર્વ હરણ કરી ગયા. પછી કર્મસાર જૂદા જૂદા ઘણા શેઠીઆની પાસે ચાકરીએ રહ્યો, તથા કિમિયા–ભૂમિમાંથી દ્રવ્ય કાઢવાની વિદ્યા, સિદ્ધ રસાયન, રોહણાચલે ગમન કરવાને અર્થે મંત્રસાધન, રૂદંતી આદિ ઔષધીની શોધખોળ વગેરે કૃત્યો તેણે મ્હોટા આરંભથી અગીઆર વાર કર્યાં, તો પણ પોતાની કુબુદ્ધિથી તથા વિધિવિધાનમાં વિપરીતપણું હોવાથી તે કિંચિત્માત્ર પણ ધન સંપાદન કરી શક્યો નહીં. ઊલટું ઉપર કહેલાં કામ કરતાં તેને નાનાવિધ દુઃખો ભોગવવાં પડ્યાં.

પુણ્યસારે તો અગીઆર વાર ધન મેળવ્યું અને તેટલી જ વાર પ્રમાદાદિકથી ખોયું. છેવટ બન્ને જણા બહુ ખેદ પામ્યા અને એક વહાણ ઉપર ચઢી રત્નદ્વીપે ગયા. ત્યાંની ભક્ત જનોને સાક્ષાત્ ફળ દેખાડનારી એક દેવી આગળ મૃત્યુ અંગીકાર કરી બન્ને જણા બેઠા. એમ કરતાં સાત ઉપવાસ થયા, ત્યારે આઠમે દિવસે દેવીએ કહ્યું કે, "તમે બન્ને ભાગ્યશાલી નથી." દેવીનું વચન સાંભળી કર્મસાર ઊઠયો. એકવીસ ઉપવાસ થયા ત્યારે દેવીએ પુણ્યસારને તો ચિંતામણિ રત્ન આપ્યું. કર્મસાર પશ્ચાત્તાપ કરવા લાગ્યો ત્યારે પુણ્યસારે કહ્યું "ભાઈ ખેદ કરીશ નહીં. આ ચિંતામણિરત્નથી તારી કાર્યસિદ્ધિ થશે." પછી બન્ને ભાઈ આનંદ પામી પાછા વળ્યા અને એક વહાણ ઉપર ચઢયા. રાત્રે પૂર્ણ ચંદ્રમાનો ઉદય થયો ત્યારે મ્હોટા ભાઈએ કહ્યું, "ભાઈ! ચિંતામણિરત્ન કાઢ. આપણે જોઈએ કે, તે રત્નનું તેજ વધારે છે કે, ચંદ્રમાનું તેજ વધારે છે?" પછી વહાણના કાંઠા ઉપર બેઠેલા ન્હાના ભાઈએ દુર્દૈવની પ્રેરણાથી ચિંતામણિરત્ન હાથમાં લીધું, અને ક્ષણમાત્ર રત્ન ઉપર તથા ક્ષણમાત્ર ચંદ્રમા ઉપર એમ આમતેમ દૃષ્ટિ ફેરવતાં તે રત્ન સાગરમાં પડયું. તેથી પુણ્યસારના સર્વ મનોરથનો ભંગ થયો. પછી એક સરખા દુઃખી થએલા બન્ને ભાઈ પોતાને ગામે આવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક સમયે તેમણે બન્ને જણાએ જ્ઞાની મુનિરાજને પોતાનો પૂર્વભવ પૂછયો ત્યારે જ્ઞાનીએ કહ્યું. "ચંદ્રપુર નગરમાં જિનદત્ત અને જિનદાસ નામે પરમ શ્રાવક શેઠ રહેતા હતા. એક સમયે શ્રાવકોએ ઘણું એકઠું થએલું જ્ઞાનદ્રવ્ય જિનદત્ત શેઠને અને સાધારણ દ્રવ્ય જિનદાસ શેઠને રાખવા માટે સોંપ્યું. તે બન્ને શેઠો સોંપેલા દ્રવ્યની ઉત્તમ પ્રકારે રક્ષા કરતા હતા. એક દિવસે જિનદત્ત શેઠે પોતાને માટે કોઈ લખનાર પાસે પુસ્તક લખાવ્યું અને પાસે બીજું દ્રવ્ય ન હોવાથી 'એ પણ જ્ઞાનનુંજ કામ છે' વિચારી જ્ઞાનદ્રવ્યમાંથી બાર *દ્રમ્મ લખનારને આપ્યા.

જિનદાસ શેઠે તો એક દિવસે વિચાર કર્યો કે, "સાધરણ દ્રવ્ય તો સાતે ક્ષેત્રે વપરાય છે, તેથી શ્રાવકથી પણ એ વાપરી શકાય એમ છે, અને હું પણ શ્રાવક છું. માટે હું મારા કામને અર્થે વાપરૂં તો શી હરકત છે?" એમ વિચારી કાંઇ ઘણું જરૂરનું કામ પડવાથી અને પાસે બીજું નાણું ન હોવાથી તેણે સાધારણ દ્રવ્યમાંના બાર દ્રમ્મ ઘરકામમાં વાપર્યા. પછી તે બન્ને જણા કાળક્રમે મરણ પામી તે પાપથી પહેલી નરકે ગયા. વેદાંતીઓએ પણ કહ્યું છે કે—પ્રાણ કંઠગત થાય, તો પણ સાધારણ દ્રવ્યનો અભિલાષ ન કરવો. અગ્નિથી બળી ગયેલ ભાગ રૂઝે છે, પણ સાધારણ દ્રવ્યના ભક્ષણથી જે દઝાણો તે પાછો રૂઝતો નથી. સાધરણ દ્રવ્ય, દરિદ્રીનું ધન, ગુરૂની સ્ત્રી અને દેવદ્રવ્ય એટલી વસ્તુ ભોગવનારને તથા બ્રહ્મહત્યા કરનારને સ્વર્ગમાંથી પણ નીચે ઉતારે છે. નરકમાંથી નીકળીને તે બન્ને જણા સર્પ થયા. ત્યાંથી નીકળી બીજી નરકે નારકી થયા. ત્યાંથી નીકળી ગીધ પક્ષી થયા. પછી ત્રીજી નરકમાં ગયાં. એ રીતે એક અથવા બે ભવ આંતરામાં કરીને સાતે નરકમાં ગયા. પછી એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિ અને પંચેંદ્રિય તથા તિર્યંચ્યોનિમાં બાર હજાર ભવ કરી તેમાં ઘણું જ અશાતાવેદનીય કર્મ ભોગવી ઘણુંખરૂં પાપ ક્ષીણ થયું, ત્યારે જિનદત્તનો જીવ કર્મસાર અને જિનદાસનો જીવ પુણ્યસાર એવા નામથી તમે ઉત્પન્ન થયા બાર દ્રમ્મ દ્રવ્ય વાપર્યું હતું, તેથી તમારે બન્ને જણાને બાર હજાર ભવમાં ઘણું દુઃખ ભોગવવું પડયું. આ ભવમાં પણ બાર ક્રોડ સોનૈયા જતા રહ્યા. બાર વાર ઘણો ઉદ્યમ કર્યો તોપણ એકને બિલકુલ ધનલાભની પ્રાપ્તિ થઇ નહીં, અને બીજાને જે દ્રવ્ય મળ્યું હતુ, તે પણ જતું રહ્યું, તેમજ પારકે ઘેર દાસપણું તથા ઘણું દુઃખ ભોગવવું પડયું. કર્મસારને તો પૂર્વભવે જ્ઞાનદ્રવ્ય વાપરવાથી બુદ્ધિની ઘણીજ મંદતા વગેરે માઠું ફળ થયું."

મુનિરાજનું એવું વચન સાંભળી બન્ને જણાએ શ્રાવકધર્મનો અંગીકાર કર્યો અને જ્ઞાનદ્રવ્ય તથા સાધારણ દ્રવ્ય લીધાના પ્રાયશ્ચિત તરીકે કર્મસારે બાર હજાર દ્રમ્મ જ્ઞાનખાતે તથા પુણ્યસારે બાર હજાર દ્રમ્મ સાધારણખાતે જેમ ઉત્પન્ન થતા જાય, તેમ

* વીશ કોડીયે એક કાંકિણી, ચાર કાંકિણીયે એક પણ, અને તેવા સોળ પણે એક દ્રમ્મ થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપવા એવો નિયમ લીધો. પછી પૂર્વભવના પાપનો ક્ષય થવાથી તે બન્ને જણાને પુષ્કળ નાણું મળ્યું. તેમણે જ્ઞાનદ્રવ્ય તથા સાધારણ દ્રવ્ય કબૂલ કર્યું હતું તેટલું આપ્યું. તે ઉપરાંત બન્ને ભાઈની પાસે થોડા વખતમાં બાર ક્રોડ સોનૈયા જેટલું ધન થયું, તેથી તે મ્હોટા શેઠ અને સુશ્રાવક થયા. તેમણે જ્ઞાનદ્રવ્યની તથા સાધારણ દ્રવ્યની સારી રક્ષા તથા વૃદ્ધિ વગેરે કરી. આ રીતે ઉત્તમ પ્રકારે શ્રાવકધર્મની આરાધના કરી તથા અંતે દીક્ષા લઈ તે બન્ને જણા સિદ્ધ થયા. આ રીતે જ્ઞાનદ્રવ્ય ઉપર કર્મસારની અને પુણ્યસારની કથા કહી.

જ્ઞાનદ્રવ્ય, દેવદ્રવ્યની પેઠે શ્રાવકને ન જ કલ્પે સાધારણદ્રવ્ય પણ સંઘે આપ્યું હોય તોજ વાપરવું કલ્પે, નહિ તો નહીં. સંઘે પણ સાધારણ દ્રવ્ય સાત ક્ષેત્રોને વિષેજ વાપરવું, પણ યાચકાદિકને આપવું નહીં. હાલના વ્યવહારથી તો જે દ્રવ્ય ગુરૂના *ન્યુંછનાદિકથી સાધારણ ખાતે એકઠું કરેલું હોય, તે શ્રાવક-શ્રાવિકાઓને આપવામાં કાંઇ પણ યુક્તિ દેખાતી નથી. અર્થાત્ તે દ્રવ્ય શ્રાવક શ્રાવિકાને અપાય નહીં. ધર્મશાળાદિકના કાર્યમાં તો તે શ્રાવકથી વપરાય. એવી રીતે જ્ઞાનદ્રવ્યમાંથી સાધુને આપેલા કાગળ પત્રાદિક શ્રાવકે પોતાના કામમાં ન વાપરવા તેમજ અધિક નકરો આપ્યા વિના તેમાંથી પોતાને માટે પણ પુસ્તક ન લખાવવું. સાધુ સંબંધી મુહપત્તિ વગેરેનું વાપરવું પણ યોગ્ય નથી. કારણ કે, તે ગુરૂદ્રવ્ય છે માટે. સ્થાપનાચાર્ય અને નોકારવાળી આદિ તો પ્રાયે શ્રાવકોને આપવા માટેજ ગુરૂએ વહોરી હોય છે, અને તે ગુરૂએ આપી હોય તો તે વાપરવાનો વ્યવહાર દેખાય છે. ગુરૂની આજ્ઞા વિના સાધુ, સાધ્વીને, લેખક પાસે લખાવવું અથવા વસ્ત્ર સૂત્રાદિકનું વહોરવું પણ ન કલ્પે. ઇત્યાદિક વાત જાણવી. આ રીતે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય આદિ થોડું પણ જો પોતાની આજીવિકાને અર્થે ઉપયોગમાં લે તો, તેનું પરિણામ દ્રવ્યના અંક પ્રમાણ કરતાં ઘણુંજ મ્હોટું અને ભયંકર થાય છે. તે જાણીને વિવેકી લોકોએ થોડા પણ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનો ઉપભોગ સર્વ પ્રકારે વર્જવો. માટેજ માળ પહેરાવવી, પહેરામણી, ન્યુંછન ઇત્યાદિકનું કબૂલ કરેલું દ્રવ્ય તેજ વખતે આપવું. કદાચિત્ તેમ ન થઇ શકે તો જેમ શીઘ્ર અપાય તેમ અધિક ગુણ છે. વિલંબ કરે તો વખતે દુર્દૈવથી સર્વ દ્રવ્યની હાનિ અથવા મરણ વગેરે થવાનો સંભવ છે, અને તેમ થાય તો સુશ્રાવકને પણ અવશ્ય નરકાદિ દુર્ગતિએ જવું પડે. આ વિષય ઉપર એવી વાત કહેવામાં આવે છે કેઃ—

## દેવું રાખવાથી લાગતા દોષ અંગે ઋષભદત્તનું દૃષ્ટાંત.

મહાપુર નામે નગરમાં અરિહંતનો ભક્ત એવો રૂષભદત્ત નામે મ્હોટો શેઠ રહેતો

* ગુરૂની સન્મુખ ઉભા રહી તેમના ઉપરથી ઉતારી ભેટ તરીકે મૂકેલું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો. તે કોઇ પર્વ આવતાં મંદિરે ગયો. પાસે દ્રવ્ય ન હોવાથી ઉધાર ખાતે પહેરામણીનું દ્રવ્ય આપવાનું કબૂલ કર્યું. જૂદા જૂદા કામમાં વળી જવાથી તેનાથી કબૂલ કરેલું દેવદ્રવ્ય શીઘ્ર અપાયું નહીં. એક સમયે દુર્દૈવથી તેના ઘર ઉપર ધાડ પડી. શસ્ત્રધારી ચોરોએ ઘરમાં હતું તેટલું સર્વ દ્રવ્ય લૂંટી લીધું, અને "શેઠ આગળ જતાં આપણે રાજદંડ વગેરે કરાવશે" એવો મનમાં ભય ઉત્પન્ન થવાથી તેમણે શસ્ત્રપ્રહારથી ઋષભદત્ત શ્રેષ્ઠીનો પ્રાણ લીધો. ઋષભદત્તનો જીવ મરણ પામી તેજ મહાપુર નગરમાં નિર્દય, દરિદ્રી અને કૃપણ એવા એક પખાલીના ઘરે પાડો થયો. તે નિત્ય જળાદિક ભાર ઘેર ઘેર ઉપાડે છે. તે નગર ઊંચું હતું, અને નદી ઘણી ઊંડાણમાં હતી. તેથી ઊંચી ભૂમિ ચઢવાની, અહોરાત્ર ભાર ઉપાડવાનો અને આકરી ક્ષુધા તથા પીઠ ઉપર પડતો માર સહવાનો. એવા એવા કારણથી તે પાડાએ ઘણા કાળ સુધી મહાવેદના સહન કરી. એક દિવસે નવા બનાવેલા જિનમંદિરનો કોટ બંધાતો હતો, તેને માટે પાણી ઉપાડતાં જિનમંદિર તથા જિનપ્રતિમા આદિ જોઇ તે પાડાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તે કોઇ પણ રીતે જિનમંદિર છોડીને જાય નહીં. પછી પૂર્વભવના પુત્રોએ જ્ઞાની ગુરૂના વચન ઉપરથી ભીસ્તીને દ્રવ્ય આપીને પાડાને છોડાવ્યો, અને તેણે પૂર્વભવે જેટલું દેવદ્રવ્ય આપવા કબૂલ કર્યું હતું, તે કરતાં હજારગણું દ્રવ્ય આપી પૂર્વભવના પોતાના પિતાને ઋણમાંથી મુક્ત કર્યો. પછી તે પાડો અનશન કરી સ્વર્ગે ગયો અને અનુક્રમે મુક્તિ પામ્યો. આ રીતે દેવદ્રવ્યાદિ આપતાં વિલંબ કરવા ઉપર ઋષભદત્ત શ્રેષ્ઠીનું દૃષ્ટાંત કહ્યું.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

આમ કબૂલ કરેલું દેવાદિદ્રવ્ય ક્ષણમાત્ર પણ ઘરમાં ન રાખવું. વિવેકી પુરૂષો બીજા કોઇનું દેવું હોય, તો પણ વ્યવહાર સાચવવાને અર્થે આપવાને વિલંબ નથી લગાડતા; તો પછી દેવાદિદ્રવ્ય આપવાને વિલંબ શી રીતે લગાડાય? તે કારણ માટે દેવ, જ્ઞાન, સાધારણ આદિ ખાતામાં, માલ, પહેરામણી વગેરેનું જેટલું દ્રવ્ય જે ખાતે આપવા કબૂલ કર્યું હોય, તેટલું દ્રવ્ય તે ખાતાનું થયું. માટે તે શી રીતે ભોગવાય? અથવા તે રકમથી ઉત્પન્ન થયેલું વ્યાજ આદિ પણ શી રીતે લેવાય? કારણ કે, તેમ કરે તો ઉપર કહેલો દેવાદિ દ્રવ્યોપભોગનો દોષ માથે આવે, માટે દેવાદિકનું દ્રવ્ય તત્કાળ આપવાનું ન બની શકે, તેણે પ્રથમથીજ પખવાડિયાની અથવા અઠવાડિયાની મુદત બાંધવી, અને મુદતની અંદર ઉઘરાણીની વાટ ન જોતાં પોતેજ આપી દેવું. મુદત વીતી જાય તો દેવાદિદ્રવ્યોપભોગનો દોષ લાગે. દેવદ્રવ્યાદિકની ઉઘરાણી પણ તે કામ કરનાર લોકોએ પોતાના પૈસાની ઉઘરાણીની માફક તાબડતોબ અને બરાબર મન દઈ કરવી. તેમ ન કરે અને આળસ કરે તો વખતે દુર્દૈવના યોગથી દુર્ભિક્ષ, દેશનો નાશ, દારિદ્ર પ્રાપ્તિ ઇત્યાદિક થાય, તો પછી ગમે તેટલું કરે તોપણ ઉઘરાણી ન થાય અને તેથી મ્હોટો દોષ લાગે. આ વિષય ઉપર એવું દૃષ્ટાંત છે કેઃ—

## દેવદ્રવ્યના સંભાલનારને લાગતા દોષ અંગે દૃષ્ટાંત

મહેંદ્ર નામા નગરમાં એક સુંદર જિનમંદિર હતું. તેમાં ચંદન, બરાસ, ફૂલ, ચોખા, ફળ, નૈવેદ્ય, દીવો, તેલ, ભંડાર, પૂજાની સામગ્રી, પૂજાની રચના, મંદિરનું સમારવું, દેવદ્રવ્યની ઉઘરાણી, તેનું નામું લખવું, સારી યતનાથી દેવદ્રવ્ય રાખવું, તેના જમે ખરચનો વિચાર કરવો, એટલાં કામ કરવાને અર્થે શ્રીસંઘે દરેક કામમાં ચાર ચાર માણસ રાખ્યા હતા. તે લોકો પોતપોતાનું કામ બરાબર કરતા. એક દિવસે ઉઘરાણી કરનાર પૈકીનો મુખ્ય માણસ એક ઠેકાણે ઉઘરાણી કરવા ગયો, ત્યાં ઉઘરાણી ન થતાં ઉલટાં દેણદારના મુખમાંથી નીકળેલી ગાળો સાંભળવાથી તે મનમાં ઘણો ખેદ પામ્યો. અને તે દિવસથી તે ઉઘરાણીના કામમાં આલસ કરવા લાગ્યો, "જેવો ઉપરી તેવા તેના હાથ નીચેના લોકો હોય છે," એવો લોક વ્યવહાર હોવાથી તેના હાથ નીચેના લોકો પણ આળસ કરવા લાગ્યા તેટલામાં દેશનો નાશ વગેરે થવાથી ઉધાર રહેલું ઘણું દેવદ્રવ્ય નાશ પામ્યું. પછી તે કર્મના દોષથી ઉઘરાણી કરનારનો ઉપરી અસંખ્યાતા ભવ ભમ્યો. આ રીતે દેવદ્રવ્યની ઉઘરાણી કરવાના કામમાં આલસ કરવા ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

તેમજ દેવદ્રવ્ય આદિ જે આપવાનું હોય તે સારું આપવું. ઘસાયેલું અથવા ખોટું નાણું વગેરે ન આપવું કારણ કે, તેમ કરવાથી કોઇ પણ રીતે દેવદ્રવ્યાદિકનો ઉપભોગ કર્યાનો દોષ માથે આવે છે. તેમજ દેવ, જ્ઞાન તથા સાધારણ દ્રવ્ય સંબંધી ઘર, દુકાન, ક્ષેત્ર, વાડી, પાષાણ, ઈંટ, કાષ્ઠ, વાંસ, નળીયાં, માટી, ખડી આદિ ચીજો તથા ચંદન, કેશર, બરાસ, ફૂલ છાબડીઓ, ચંગેરીઓ, ધૂપધાણું, કળશ, વાળાકુંચી, છત્રસહિત સિંહાસન, ચામર, ચંદ્રવાઓ ઝલ્લરી, ભેરી આદિ વાજિંત્ર, તંબુ કોડિયાં, પડદા, કાંબળ, સાદડી, કબાટ, પાટ, પાટલા, પાટલીઓ, કુંડી, ઘડા, ઓરસીઓ, કાજળ, જળ અને દીવા આદિ વસ્તુ તથા મંદિરની શાળામાં થઇને પરનાળાના માર્ગે આવેલું જળ વગેરે પણ પોતાના કામને માટે ન વાપરવું. કારણ કે, દેવદ્રવ્યની પેઠે તેના ઉપભોગથી પણ દોષ લાગે છે. ચામર, તંબુ આદિ વસ્તુ તો વાપરવાથી કદાચિત્ મલિન થવાનો તથા તૂટવાફાટવાનો પણ સંભવ છે, તેથી ઉપભોગ કરતાં પણ અધિક દોષ લાગે. કહ્યું છે કે ભગવાન્ આગળ દીવો કરીને તેજ દીવાથી ઘરનાં કામ ન કરવાં. તેમ કરે તો તિર્યંચ યોનિમાં જાય. એ ઉપર એવું દૃષ્ટાંત છે કેઃ—

## મન્દિરનો દીવો વાપરવા અંગે ઊંટડીનું દૃષ્ટાંત

ઇંદ્રપુર નગરમાં દેવસેન નામે એક વ્યવહારી હતો. અને ધનસેન નામે એક ઊંટસ્વાર તેનો સેવક હતો. ધનસેનના ઘરથી દરરોજ એક ઊંટડી દેવસેનને ઘેર આવતી. ધનસેન તેને મારીકૂટીને પાછી લઇ જાય, તો પણ તે સ્નેહને લીધે પાછી દેવસેનને ઘેર જ આવીને રહે. એમ થવા લાગ્યું ત્યારે દેવસેને તેને વેચાતી લઇને પોતાના ઘરમાં રાખી અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરસ્પર બંને પ્રીતિવાળાં થયાં. કોઇ સમયે જ્ઞાની મુનિરાજને ઊંટડીના સ્નેહનું કારણ પૂછતાં તેમણે કહ્યું કે, "એ ઊંટડી પૂર્વભવે તારી માતા હતી, એણે ભગવાન આગળ દીવો કરીને તેજ દીવાથી ઘરનાં કામ કર્યાં. ધુપધાણામાં રહેલા અંગારાથી ચૂલો સળગાવ્યો. તે પાપકર્મથી એ ઊંટડી થઇ. કહ્યું છે કે—જે મૂઢ મનુષ્ય ભગવાનને અર્થે દીવો તથા ધૂપ કરીને તેથીજ પોતાના ઘરનાં કામ મોહથી કરે છે, તે વારંવાર તિર્યંચપણું પામે છે. આ રીતે તમારો બન્નેનો સ્નેહ પૂર્વભવના સંબંધથી આવેલો છે. એ રીતે ભગવાન્ આગળ કરેલો દીવો વાપરવા ઉપર દૃષ્ટાંત છે.

માટે દેવની આગળ કરેલા દીવાના પ્રકાશમાં કાગળ ન વંચાય, કાંઇ પણ ઘરનું કામ ન કરાય, તથા નાણું ન પરખાય, દેવ આગળ કરેલા દીવાથી પોતાને અર્થે બીજો દીવો પણ સળગાવવો નહીં. ભગવાન્ના ચંદનથી પોતાના કપાળાદિકમાં તિલક ન કરવું, ભગવાન્ના જળથી હાથ પણ ધોવાય નહીં. દેવની શેષ ( નમણ ) પણ નીચે પડેલું કે પડતું સ્વલ્પ માત્ર લેવું પરંતુ પ્રભુના શરીરથી પોતાના હાથે લેવું નહીં. ભગવાન્નાં ભેરી, ઉલ્લરી વગેરે વાજિંત્ર પણ ગુરૂને અથવા સંઘને કામે વગાડાય નહીં. અહીં કેટલાંકનો મત એવો છે કે કાંઇ તેવું જરૂરનું કામ હોય તો દેવનાં ભેરી આદિ વાજિંત્ર વાપરવાં, પણ વાપરતાં પહેલાં તેના બદલામાં દેવદ્રવ્ય ખાતે મ્હોટો નકરો આપવો. કહ્યું છે કે—જે મૂઢ પુરૂષ જિનેશ્વર મહારાજનાં ચામર, છત્ર, કળશ આદિ ઉપકરણ પોતાને કામે કિમ્મત આપ્યા વિના વાપરે, તે દુઃખી થાય. આ નકરો આપીને વાપરવા લીધેલાં વાજિંત્ર કદાચિત્ ભાંગી તૂટી જાય તો પોતાના પૈસાથી તે સમારી આપવાં. ઘરકામ સારૂ કરેલો દીવો દર્શન કરવાને અર્થેજ જો જિનેશ્વર ભગવાન્ની પ્રતિમા આગળ આણેલો હોય, તો તે તેટલા કારણથી દેવદીપ થતો નથી. પૂજાને અર્થેજ ભગવાન્ આગળ મૂકયો હોય તો, તે દેવદીપ થાય. મુખ્યમાર્ગથી તો દેવદીપને અર્થે કોડીયાં, બત્તી અથવા ઘી, તેલ પોતાને કામે ન વાપરવાં. કોઇ માણસે પૂજા કરનાર લોકોને હાથ પગ ધોવાને માટે મંદિરે જુદું જળ રાખ્યું હોય, તો તે જળથી હાથ પગ ધોવાને કાંઇ હરકત નથી. છાબડિઓ, ચંગેરી, ઓરસીયા આદિ તથા ચંદન, કેશર, કપૂર, કસ્તૂરી આદિ વસ્તુ પોતાની નિશ્રાએ ન રાખવી. કારણ કે, દેવની નિશ્રાએ ન રાખી હોય તો પોતાના ઘરમાં કાંઈ પ્રયોજન પડે તો તે વાપરી શકાય છે. એજ રીતે ભેરી, ઝલ્લરી આદી વાજિંત્ર પણ સાધારણખાતે રાખ્યું હોય તો તે સર્વ ધર્મકૃત્યોમાં વાપરી શકાય છે. પોતાની નિશ્રાએ રાખેલો તંબુ, પડદા આદિ વસ્તુ દેવમંદિર વગેરેમાં વાપરવાને અર્થે કેટલાક દિવસ સુધી રાખ્યા હોય તોપણ તેટલા કારણથી તે વસ્તુ દેવદ્રવ્યમાં ગણાય નહીં. કારણ કે, મનના પરિણામજ પ્રમાણભૂત છે. એમ ન હોય તો, પોતાના પાત્રમાં રહેલું નૈવેદ્ય ભગવાન્ આગળ મૂકે છે, તેથી તે પાત્ર પણ દેવદ્રવ્ય ગણવું જોઇએ. શ્રાવકે દેરાસર ખાતાની અથવા જ્ઞાનખાતાની ઘર—પાટ આદિ વસ્તુ ભાડું આપીને પણ ન વાપરવી, કારણ કે, તેથી નિર્ધ્વંસ પરિણામ વગેરે દોષની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિ થાય છે. સાધારણ ખાતાની વસ્તુ સંઘની અનુમતિથી વાપરવી, તોપણ લોકવ્યવહારની રીતને અનુસરી ઓછું ન પડે એટલું ભાડું આપવું. અને તે પણ કહેલી મુદતની અંદર પોતેજ જઈને આપવું. તેમાં જો કદાચિત્ તે ઘરની ભીંત, કરા, આદિ પૂર્વના હોય, તે પડી જવાથી પાછા સમારવા પડે તો તેમાં જે કાંઇ ખરચ થયું હોય, તે ભાડામાં વાળી લેવું કારણ કે, તેવો લોકવ્યવહાર છે; પરંતુ જે પોતાના અર્થે એકાદ માળ નવો ચણાવ્યો અથવા તે ઘરમાં બીજું કાંઈ નવું કર્યું હોય તો તેમાં જે ખરચ થયું હોય, તે ભાડામાં વાળી લેવાય નહીં. કારણ કે તેથી સાધારણ દ્રવ્યનો ઉપયોગ કરવાનો દોષ આવે છે કોઇ સાધર્મીભાઇ સીદાતો હોય, તો તે સંઘની સમ્મતિથી સાધારણ ખાતાના ઘરમાં વગર ભાડે રહી શકે. તેમજ બીજું સ્થાનક ન મળવાથી તીર્થાદિકને વિષે તથા જિન-મંદિરમાંજ જો ઘણી વાર રહેવું પડે તથા નિદ્રા આદિ લેવી પડે તો જેટલું વાપરવામાં આવે, તે કરતાં પણ વધારે નકરો આપવો, થોડો નકરો આપે તો સાક્ષાત્ દોષજ છે. આ રીતે દેવ, જ્ઞાન અને સાધારણ એ ત્રણે ખાતાંના વસ્ત્ર, નાળીયેર, સોના રૂપાની પાટી, કળશ, ફુલ, પકવાન્ન, સુખડી વગેરે વસ્તુ ઉજમણામાં, નંદિમાં અને પુસ્તકપૂજા વગેરે કૃત્યોમાં સારો નકરો આપ્યા વિના ન મૂકવી. 'ઉજમણા આદિ કૃત્યોમાં પોતાના નામથી મ્હોટા આડંબરે માંડયા હોય તો લોકમાં ઘણી પ્રશંસા થાય' એવી ઇચ્છાથી થોડા નકરો આપીને ઘણી વસ્તુ મૂકવી એ યોગ્ય નથી. આ વાત ઉપર લક્ષ્મીવતીનું દૃષ્ટાંત છે જે નીચે લખ્યું છે:—

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## થોડા નકરાથી ઉજમણામાં વસ્તુઓ મૂકવા અંગે લક્ષ્મીવતીનું દૃષ્ટાન્ત.

કોઈ લક્ષ્મીવતી નામે શ્રાવિકા ઘણી દ્રવ્યવાન, ધર્મિષ્ઠ અને પોતાની મ્હોટાઇ ઇચ્છનારી હતી તે હમેશાં થોડો નકરો આપીને ઘણાં આડંબરથી વિવિધ પ્રકારના ઉજ-મણાં આદિ ધર્મકૃત્યો કરે અને કરાવે, તથા મનમાં એમ જાણે કે, "હું દેવદ્રવ્યની વૃદ્ધિ તથા પ્રભાવના કરૂં છું." એવી રીતે શ્રાવકધર્મ પાળીને તે મરણ પામીને સ્વર્ગે ગઇ, તો પણ બુદ્ધિપૂર્વક અપરાધના દોષથી ત્યાં નીચ દેવીપણે ઉત્પન્ન થઇ. કાળ થતાં સ્વર્ગ-થી ચ્યવી કોઇ ધનવાન તથા પુત્ર રહિત શેઠને ત્યાં માન્ય પુત્રીપણે ઉત્પન્ન થઇ. પણ તે ગર્ભમાં આવી ત્યારે ઓચિંતો પરચક્રનો મ્હોટો ભય આવ્યાથી તેની માતાનો સીમંતનો ઉત્સવ ન થયો, તથા જન્મોત્સવ, છઠીનો જાગરિકોત્સવ, નામ પાડવાનો ઉત્સવ આદિ ઉત્સવ પિતાએ મ્હોટા આડંબરથી કરવાની તૈયારી કરી હતી, તો પણ રાજા તથા મંત્રી આદિ મ્હોટા લોકના ઘરમાં શોક ઉત્પન્ન થવાથી તે ન થયા. તેમજ શેઠે રત્નજડિત સુવર્ણના સર્વ અંગે પહેરાય એટલા અલંકાર ઘણાં આદરથી કરાવ્યા હતા, તો પણ ચોરાદિકના ભયથી તે પુત્રી એક દિવસ પણ પહેરી શકી નહીં. તે માબાપને તથા બીજા લોકોને પણ ઘણી માન્ય હતી તો પણ પૂર્વકર્મના દોષથી તેને ખાવા પીવાની તથા પહે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રવા ઓઢવાની વસ્તુ ઘણે ભાગે એવી મળતી હતી કે, સામાન્ય માણસને પણ સુખે મળી શકે. કહ્યું છે કે સાગર! તું રત્નાકર કહેવાય છે, અને તેથી તું રત્નથી ભરેલો છે, છતાં મ્હારા હાથમાં દેડકો આવ્યો! એ ત્હારો દોષ નથી પણ મ્હારા પૂર્વકર્મનો દોષ છે પછી શેઠે "એ પુત્રીનો એકે ઉત્સવ થયો નથી માટે મ્હોટા આડંબરથી તેનો લગ્ન મહોત્સવ કરવા માંડયો. લગ્ન દિવસ નજીક આવ્યો, ત્યારે તે પુત્રીની માતા અકસ્માત મરણ પામી! ત્યારે બિલકુલ ઉત્સવ ન થતાં વરવહુનો હસ્તમેળાપ માત્ર રૂઢી પ્રમાણે કર્યો. મ્હોટા ધનવાન અને ઉદાર શેઠને ઘેર પડી હતી, અને સાસરા આદિ સર્વે લોકને માનીતી હતી, તો પણ પૂર્વની પેઠે નવા નવા ભય, શોક, માંદગી આદિ કારણ ઉત્પન્ન થવાથી તે પુત્રીને પોતાના મનગમતા વિષયસુખ, તથા ઉત્સવ ભોગવવાનો યોગ પ્રાયે ન જ મળ્યો તેથી તે મનમાં ઘણી ઉદ્વિગ્ન થઇ, અને સંવેગ પામી. એક દિવસે તેણે કેવળી મહારાજને એ વાતનું કારણ પૂછવાથી તેમણે કહ્યું છે કે, "પૂર્વભવે તે થોડો નકરો આપીને મંદિર આદિની ઘણી વસ્તુ વાપરી અને મ્હોટો આડંબર દેખાડયો. તેં જે દુષ્કર્મ ઉપાર્જ્યું તેનું આ ફળ છે." કેવળીના એવા વચન સાંભળી તે પ્રથમ આલોયણ અને પછી દીક્ષા લઇ અનુક્રમે નિર્વાણ પામી. એ રીતે લક્ષ્મીવતીની કથા છે.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

માટે ઉજમણા આદીમાં મૂકવા પાટલીઓ, નાળિએર, લાડુ, આદી વસ્તુ જેનું મૂલ્ય હોય, તથા તે તૈયાર કરતાં, લાવતા જે દ્રવ્ય બેઠું હોય તેથી પણ કાંઇક વધારે રકમ આપવી, એમ કરવાથી શુદ્ધ નકરો કહેવાય છે. કોઇએ પોતાના નામથી ઉજમણા વગેરે માંડયું હોય, પરંતુ અધિક શક્તિ આદિ ન હોવાથી માંડેલાં ઉજમણાની રીત બરાબર સાચવવાને અર્થે કોઇ બીજો માણસ કાંઇ મૂકે, તો તેથી કોઇ દોષની પ્રાપ્તિ થતી નથી.

## ઘરદેરાસરમાં ચઢાવેલ અક્ષતાદિની વ્યવસ્થા

પોતાના ઘરદેરાસરોમાં ભગવાન આગળ મૂકેલા ચોખા, સોપારી, નૈવેદ્ય આદિ વસ્તુ વેચવાથી નિપજેલી રકમમાંથી પુષ્પ, ભોગ ( કેસર, ચંદન ) વસ્તુ પોતાના ઘરદેરાસરમાં ન વાપરવી; અને બીજા જિનમંદિરમાં પણ પોતે ભગવાન્ ઉપર ન ચઢાવવી. પરંતુ ખરી વાત કહીને તે પૂજક લોકોના હાથથી ચઢાવે. જિનમંદિરે પૂજકનો યોગ ન હોય તો સર્વે લોકોને તે વસ્તુનું સ્વરૂપ પ્રકટ કહીને પોતે જ તે વસ્તુ ભગવાન ઉપર ચઢાવે. એમ ન કરે તો, ગાંઠનું ન ખરચતાં ફોગટ લોકો પાસેથી પોતાની પ્રશંસા કરાવ્યાનો દોષ માથે આવે છે. ઘરદેરાસરની નૈવેદ્ય આદિ વસ્તુ માળીને આપવી, પણ તે તેના માસિક પગારની રકમમાં ગણવી. જો પ્રથમથી માસિક પગારને બદલે નૈવેદ્ય આદિ આપવાનો ઠરાવ કર્યો હોય, તો કાંઇ દોષ નથી. મુખ્યમાર્ગે જોતાં માળીને માસિક પગાર જૂદો જ આપવો. ઘરદેરાસરમાં ભગવાન્ આગળ ધરેલા ચોખા, નૈવેદ્ય આદિ વસ્તુ મ્હોટા જિનમંદિરે મૂકવી,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહીં તો "ઘર દેરાસરની વસ્તુથી જ ઘરદેરાસરની પૂજા કરી, પણ ગાંઠના દ્રવ્યથી ન કરી" એમ થાય અને અનાદર, અવજ્ઞા આદિ દોષ પણ લાગે. એમ થવું યોગ્ય નથી.

પોતાના શરીર, કુટુંબ વગેરેને અર્થે ગૃહસ્થ માણુસ ગમે તેટલો દ્રવ્યવ્યય કરે છે. માટે જિનમંદિરે જિનપૂજા પણ શકિત પ્રમાણે પોતાના દ્રવ્યથી જ કરવી પણ પોતાના ઘરદેરાસરમાં ભગવાન્ આગળ ધરેલી નૈવેદ્ય આદિ વસ્તુ વેચીને નિપજેલા દ્રવ્યથી અથવા દેવદ્રવ્ય સંબંધી ફૂલ આદિ વસ્તુથી ન કરવી કારણ કે, તેમ કરવાથી ઉપર કહેલા દોષ આવે છે તેમજ જિનમંદિરે આવેલી નૈવેદ્ય, ચોખા, સોપારી આદિ વસ્તુની પોતાની વસ્તુની માફક સંભાળ લેવી. સારૂં મૂલ્ય ઉત્પન્ન થાય એવી રીતે વેચવી, પણ જેમ તેમ રખડતી રાખવી નહીં કારણ કે, તેમ કરવાથી દેવદ્રવ્યનો વિનાશ આદિ કર્યાનો દોષ આવે છે. સર્વ પ્રયત્નથી રક્ષણ આદિ ફીકર કરતાં છતાં પણ જો કદાચિત્ ચોર, અગ્નિ આદિના ઉપદ્રવથી દેવદ્રવ્યાદિકનો નાશ થઈ જાય, તો સારસંભાળ કરનારને માથે કાંઇ દોષ નથી; કારણ કે, અવશ્ય થનારી વાત ભવિષ્ય આગળ કોઇનો ઉપાય નથી.

## પારકું દ્રવ્ય ન વાપરવું.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

યાત્રા–તીર્થની અથવા સંઘની પૂજા, સાધર્મિક વાત્સલ્ય, સ્નાત્ર, પ્રભાવના, પુસ્તક લખાવવું, વાંચન આદિ ધર્મકૃત્યોમાં જો બીજા કોઇ ગૃહસ્થના દ્રવ્યની મદદ લેવાય તો, તે ચાર પાંચ પુરુષોને સાક્ષી રાખીને લેવી અને તે દ્રવ્ય ખરચવાને સમયે ગુરુ, સંઘ આદિ લોકોની આગળ તે દ્રવ્યનું ખરૂં સ્વરૂપ યથાસ્થિત કરી દેવું, એમ ન કરે તો દોષ લાગે. તીર્થ આદિ સ્થળને વિષે દેવપૂજા, સ્નાત્ર, ધ્વજારોપણ, પહેરામણી આદિ અવશ્ય કરવા યોગ્ય ધર્મકૃત્યો ગાંઠના દ્રવ્યથી જ કરવા અને તેમાં બીજા કોઇનું દ્રવ્ય ભેગું ન લેવું.

ઉપર કહેલાં ધર્મકૃત્યો ગાંઠના દ્રવ્યથી કરીને પછી બીજા કોઇએ ધર્મકૃત્યોમાં વાપરવા દ્રવ્ય આપ્યું હોય તો, તે મહાપૂજા, ભોગ, અંગપૂજા આદિ કૃત્યોમાં સર્વની સમક્ષ જૂદું વાપરવું. જ્યારે ઘણા ગૃહસ્થ ભેગા થઇને યાત્રા, સાધાર્મિક વાત્સલ્ય, સંઘપૂજા આદિ કૃત્ય કરે ત્યારે જેનો જેટલો ભાગ હોય, તેનો તેટલો ભાગ વગેરે સર્વ સમક્ષ કહી દેવો. એમ ન કરે તો પુણ્યનો નાશ, તથા ચોરી આદિનો દોષ માથે આવે.

## પુણ્યાર્થે કાઢેલું દ્રવ્ય કેમ વાપરવું ?

તેમજ માતા પિતા આદિ લોકોની આયુષ્યની છેલ્લી ઘડી આવે, ત્યારે જો તેના પુણ્યને અર્થે દ્રવ્ય ખરચવાનું હોય તો, મરનાર માણુસ શુદ્ધિમાં છતાં ગુરૂ તથા સાધર્મિક વગેરે સર્વ લોકોની સમક્ષ મરનારને કહેવું કે, "તમારા પુણ્યને અર્થે આટલા દિવસની અંદર આટલું દ્રવ્ય હું ખરચીશ. તેને તમે અનુમોદના કરો." એમ કહી તે દ્રવ્ય કહેલી મુદતમાં સર્વ લોકો જાણે એવી રીતે ખરચવું. પોતાના નામથી તે દ્રવ્યનો વ્યય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે તો પુણ્યને સ્થાનકે પણ ચોરી આદિ કર્યાનો દોષ આવે. પુણ્ય સ્થાનકે ચોરી વગેરે કરવાથી મુનિરાજને પણ હીણુતા આવે છે. કહ્યું છે કે—જે માણુસ ( સાધુ ) તપ, વ્રત, રૂપ, આચાર અને ભાવ એની ચોરી કરે તે કિલ્બિષી દેવતાનું આયુષ્ય બાંધે.

## સાધારણ દ્રવ્ય વાપરવામાં વિવેક.

મુખ્યવૃત્તિએ વિવેકી પુરૂષે ધર્મખાતે કાઢેલું દ્રવ્ય સાધારણ રાખવું. તેમ કરવાથી ધર્મસ્થાન બરાબર જોઇને તે ઠેકાણે તે દ્રવ્યનો વ્યય કરી શકાય છે. સાતે ક્ષેત્રમાં જે ક્ષેત્ર સીદાતું હોય તેને સહાય આપવામાં બહુ લાભ દેખાય છે. કોઈ શ્રાવક જ માઠી અવસ્થામાં હોય અને તેને જો તે દ્રવ્યથી સહાય કરાય, તો તે શ્રાવક આશ્રય મળવાથી ધનવાન થઇ સાતે ક્ષેત્રોની વૃદ્ધિ કરે એવો સંભવ રહે છે. લૌકિકમાં પણ કહ્યું છે કે—હે રાજેંદ્ર ! તું દરિદ્ર માણુસનું પોષણુ કર, પણ ધનવાન પુરુષનું કરીશ નહીં કારણ કે, રોગી માણુસને જ ઔષધ આપવું હિતકારી છે પણ નીરોગી માણુસને ઔષધ આપવાથી શું લાભ થવાનો ? માટે જ પ્રભાવના, સંઘની પહેરામણી, દ્રવ્ય સુક્ત મોદક ( લાડુ ) અને લ્હાણુા આદિ વસ્તુ સાધર્મિકોને આપવી હોય, ત્યારે નિર્ધન સાધર્મિકને સારામાં સારી વસ્તુ હોય તે જ આપવી યોગ્ય છે. એમ ન કરે તો ધર્મની અવજ્ઞા આદિ કર્યાનો દોષ આવે. યોગ હોય તો ધનવાન્ કરતાં નિર્ધન સાધર્મિકને વધારે આપવું; પણ યોગ ન હોય તો સર્વેને સમાન આપવું. સંભળાય છે કે, યમુનાપુરમાં જિનદાસ ઠકકુરે ધનવાન્ સાધર્મિને આપેલા સમકિત મોદકમાં એક એક સોનૈયો અંદર નાંખ્યો હતો, અને નિર્ધન સાધર્મિકને આપેલા મોદકમાં બે બે સોનૈયા નાંખ્યા હતા. ધર્મખાતે વાપરવા કબૂલ કરેલું સર્વ દ્રવ્ય તેજ ખાતે વાપરવું જોઇએ.

## માતાપિતાદિ અંગે તો પુણ્ય જીવતાં જ કરવું.

મુખ્યમાર્ગે જોતાં તો, પિતા આદિ લોકોએ પુત્ર વગેરે લોકોની પાછળ અથવા પુત્ર આદિ લોકોએ પિતા આદિની પાછળ જે પુણ્યમાર્ગે ખરચવું હોય, તે પ્રથમથી જ સર્વની સમક્ષ કરવું. કારણુ કે, કોણુ જાણે, કોનું કયાં અને શી રીતે મરણુ થશે ? માટે પ્રથમ નક્કી કરીને જેટલું કબૂલ કર્યું હોય, તેટલું અવસર ઉપર જૂદું જ વાપરવું, પણ પોતે કરેલા સાધર્મિક વાત્સલ્ય વગેરે કૃત્યોમાં ન ગણવું. કારણુ કે, તેથી ધર્મસ્થાનને વિષે વ્યર્થ દોષ આવે છે.

## તીર્થયાત્રા અંગે કાઢેલું દ્રવ્ય.

એમ છતાં કેટલાક લોકો યાત્રાને અર્થે 'આટલું દ્રવ્ય ખરચીશું' એમ કબૂલ કરીને તે કબૂલ કરેલી રકમમાંથીજ ગાડી ભાડું, ખાવુંપીવું, મોકલવું વગેરે માર્ગ આદિ સ્થાનકે લાગેલું ખરચ તે દ્રવ્યમાં ગણે છે, તે મૂઢલોકો કોણુ જાણે કે, કઇ ગતિ પામશે? યાત્રાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થે જેટલું દ્રવ્ય માન્યું હોય, તેટલું દેવ, ગુરુ આદિનું દ્રવ્ય થયું. તે દ્રવ્ય જો પોતાના ઉપભોગમાં વાપરે તો દેવાદિ દ્રવ્ય ભક્ષણ કર્યાનો દોષ કેમ ન લાગે?

એવી રીતે જાણતાં અથવા અજાણતાં જે કોઈ પ્રસંગે દેવાદિ દ્રવ્યનો ઉપભોગ થયો હોય, તેની આલોયણા તરીકે, જેટલા દ્રવ્યનો ઉપભોગ અનુમાનથી ધ્યાનમાં આવતો હોય, તેના પ્રમાણમાં પોતાની ગાંઠનું દ્રવ્ય દેવાદિ દ્રવ્યમાં નાંખે. એ આલોયણા મરણસમય નજીક આવે ત્યારે તો અવશ્ય કરવી. વિવેકી પુરૂષે પોતાની અલ્પ શકિત હોય તો ધર્મનાં સાત ક્ષેત્રોને વિષે પોતાની શકિત પ્રમાણે અલ્પ દ્રવ્ય વાપરવું, પણ માથે કોઈનું ઋણ રાખવું નહીં. પાઈએ પાઈ ચૂકતી કરવી. તેમાં પણ દેવ, જ્ઞાન અને સાધારણ એ ત્રણ ખાતાનું ઋણ તો બિલકુલ ન જ રાખવું. કહ્યું છે કે—શ્રેષ્ઠ પુરૂષે કોઈનું ઋણ એક ક્ષણમાત્ર પણ કોઈ કાળે ન રાખવું, તો પછી અતિ દુઃસહ દેવાદિકનું ઋણ કોણ માથે રાખે? માટે બુદ્ધિમાન્ પુરૂષે ધર્મનું સ્વરૂપ જાણીને સર્વ ઠેકાણે ચોખ્ખો વ્યવહાર રાખવો. કહ્યું છે કે—જેમ કમલ પડવેના ચંદ્રને, નોળિયો નોળિયણને, હંસ પાણીમાં રહેલા દૂધને અને પક્ષી ચિત્રાવેલને જાણે છે, તેમ બુદ્ધિમાન્ પુરૂષ સૂક્ષ્મધર્મ જાણે છે. હવે આ વિષયને આ કરતાં વધારે વિસ્તારની જરૂર નથી.

## પચ્ચક્ખાણની વિધિ.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

હવે ગાથાના ઉત્તરાર્દ્ધની વ્યાખ્યા વિષે કહીએ છીએ. આ રીતે જિનપૂજા કરીને જ્ઞાનાદિ પાંચ આચારને દૃઢપણે પાળનાર એવા ગુરૂની પાસે જઈ પોતે પૂર્વે કરેલું પચ્ચખાણ અથવા તેમાં કાંઈક વધારીને ગુરૂ પાસે ઉચ્ચરવું. જ્ઞાનાદિ પાંચ આચારની વ્યાખ્યા અમારા રચેલા આચારપ્રદીપ ગ્રંથથી જાણવી. પચ્ચખાણ ત્રણ પ્રકારનું છે. એક આત્મસાક્ષિક, બીજું દેવસાક્ષિક અને ત્રીજું ગુરૂસાક્ષિક, તેનો વિધિ આ પ્રમાણે:—જિનમંદિરે દેવવંદનને અર્થે, સ્નાત્રમહોત્સવના દર્શનને અર્થે અથવા દેશના આદિ કારણથી આવેલા સદ્‌ગુરૂની પાસે વંદના વગેરે કરી વિધિપૂર્વક પચ્ચખાણ લેવું. મંદિરે ન હોય તો ઉપાશ્રયમાં જિનમંદિરની પેઠે ત્રણ નિસિહી તથા પાંચ અભિગમ વગેરે યથાયોગ્ય વિધિથી પ્રવેશ કરી દેશનાથી પહેલા અથવા તે થઇ રહ્યા પછી સદ્‌ગુરૂને પચ્ચીશ આવશ્યકથી શુદ્ધ એવી દ્વાદશાવર્ત્ત વંદના કરે.

## ગુરૂવન્દનનું ફલ

એ વંદનાનું ફળ બહુ મ્હોટું છે. વળી કહ્યું છે કે—માણસ શ્રદ્ધાથી વંદના કરે તો, નીચગોત્ર કર્મને ખપાવે, ઉચ્ચગોત્ર કર્મ બાંધે, અને કર્મની દૃઢગ્રંથિ શિથિલ કરે. કૃષ્ણે ગુરૂવંદનાથી સાતમીને બદલે ત્રીજી નરકનું આયુષ્ય અને તીર્થંકરનામકર્મ બાંધ્યું, તથા તે ક્ષાયિક સમ્યકત્વ પામ્યો. શીતળાચાર્યને વંદના કરવા માટે આવેલા, રાત્રીએ બહાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેલા અને રાત્રે કેવળજ્ઞાન પામેલા પોતાના (શીતલાચાર્યના) ચાર ભાણેજોને પહેલા ક્રોધથી દ્રવ્ય વંદના કરી અને પછી તેમના વચનથી ભાવવંદના કરી ત્યારે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

## ગુરૂવન્દનના પ્રકાર અને વિધિ.

ગુરૂવંદન પણ ત્રણ પ્રકારના છે ભાષ્યમાં કહ્યું છે કે—ગુરૂવંદન ત્રણ પ્રકારનાં છે. એક ફેટાવંદન, બીજું થોભવંદન અને ત્રીજું દ્વાદશાવર્ત વંદન. એકલું માથું નમાવે, અથવા બે હાથ જોડે તે ફેટા વંદન જાણવું, બે ખમાસમણાં દે તે બીજું થોભવંદન જાણવું, અને બાર આવર્ત્ત, પચ્ચીશ આવશ્યક વગેરે વિધિ સહિત બે ખમાસમણાં દે, તે ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન જાણવું. તેમાં પ્રથમ ફેટા વંદન સર્વ સંઘે માંહોમાંહે કરવું. બીજું થોભવંદન ગચ્છમાં રહેલા રૂડા મુનિરાજને અથવા કારણથી લિંગમાત્રધારી સમકિતીને પણ કરવું. ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન તો આચાર્ય, ઉપાધ્યાય આદિ પદે રહેલા મુનિરાજનેજ કરવું. જે પુરૂષે પ્રતિક્રમણ કર્યું નથી, તેણે વિધિથી વંદના કરવી. ભાષ્યમાં કહ્યું છે કે—પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમીને "कुसुमिण दुसुमिण" ટાળવાને માટે ચાર લોગસ્સનો અથવા સો ઉચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે, દુઃસ્વપ્નાદિ પોતે અનુભવ્યાં હોય તો એકસો આઠ ઉચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરવો. પછી આદેશ માગીને ચૈત્યવંદન કરે, પછી આદેશ માગી મુહુપત્તિ પડિલેહે, પછી બે વાંદણા દેઈ, રાઈઅં આલોવે, પછી ફરીથી બે વાંદણાં દે, અબ્ભિંતર રાઈઅં ખમાવે, પછી વાંદણાં દેઈ, પચ્ચખાણ કરે, પછી भगवानहं ઇત્યાદિ ચાર ખમાસમણાં દેઈ, પછી સજ્ઝાય સંદિસાહુ ? અને સજ્ઝાય કરૂં ? એ બે ખમાસમણે બે આદેશ માગી સજ્ઝાય કરે. એ પ્રમાણે પ્રભાત વખતનો વંદન વિધિ કહ્યો છે.

સંધ્યા સમયે વન્દનનો વિધિ પ્રથમ ઇરિયાવહિ પ્રતિક્રમીને આદેશ માગી ચૈત્યવંદન કરે, પછી મુહુપત્તિ પડિલેહે, બે વાંદણાં દે, પછી દિવસચરિમ પચ્ચખાણ કરે, પછી બે વાંદણાં દેઇ દેવસિઅ આલોવે, પછી બે વાંદણાં દેઇ દેવસિઅ ખમાવે, પછી ચાર ખમાસમણાં દેઈ આચાર્યાદિકને વાંદીને આદેશ માગી દેવસિપાયચ્છિત્ત વિસોહણને અર્થે (ચાર લોગસ્સનો) કાયોત્સર્ગ કરે, પછી સજ્ઝાય સંદિસાહું ? અને સજ્ઝાય કરૂં ? એ પ્રમાણે આદેશ માગી બે ખમાસમણ દેઇ સજ્ઝાય કરે. એ સંધ્યાસમયનો વંદન વિધિ કહ્યો છે. ગુરૂ કોઇ કામમાં વ્યગ્ર હોવાથી જો દ્વાદશાવર્ત વંદના કરવાનો યોગ ન આવે તો, થોભ વંદનથીજ ગુરૂને વંદના કરવી. એવી રીતે વંદના કરી ગુરૂ પાસે પચ્ચખાણ કરવું. કહ્યું છે કેઃ—પોતે જે પહેલાં પચ્ચખાણ કર્યું હોય. તેજ અથવા તેથી વધારે ગુરૂ સાક્ષિએ ગ્રહણ કરવું. કારણ કે, ધર્મના સાક્ષી ગુરૂ છે. ધર્મકૃત્ય ગુરૂ સાક્ષિએ કરવામાં આટલા લાભ છે. એક તો (ગુરૂ સાક્ષિએ ધર્મ હોય છે.) એ જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે. બીજો, ગુરૂના વચનથી શુભ પરિણામ ઉત્પન્ન થવાથી અધિક ક્ષયોપશમ થાય છે. ત્રીજો, પૂર્વે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

धार्युं होय ते करतां पण वधारे पच्चखाण लेवाय छे. ए त्रण लाभ छे. श्रावकप्रज्ञप्तिमां कह्युं छे के—प्रथमथीज पच्चखाण वगेरे लेवाना परिणाम होय, तो पण गुरु पासे जवामां ए लाभ छे के, परिणामनी दृढता थाय छे, भगवान्‌नी आज्ञा पळाय छे अने कर्मना क्षयोपशमनी वृद्धि थाय छे. एमज दिवसना अथवा चातुर्मासना नियम आदि पण योग होय तो गुरु साक्षिएज ग्रहण करवा.

अहिं, पांच नामादि बावीस मूळद्वार तथा चारसो बाणुं प्रतिद्वार सहित द्वादशावर्त वंदननी विधि तथा दश प्रत्याख्यानादि नव मूळद्वार अने नेवुं प्रतिद्वार सहित पच्चखाण विधि पण भाष्य आदि ग्रंथमांथी जाणी लेवी. पच्चखाणनुं लेशमात्र स्वरूप पूर्वे कह्युं छे.

## पच्चक्खाणनुं फल.

हवे पच्चखाणना फळ विषे कहीए छीए. धम्मिल्लकुमार छ मास सुधी आंबिल तप करी म्होटा श्रेष्ठीओनी, राजाओनी अने विद्याधरोनी बत्रीश कन्या परण्यो, तथा घणी वृद्धि पाम्यो. ए इहलोकमां फळ जाणवुं. तथा चार हत्या आदिनो करनार दृढप्रहारी छ मास तप करीने तेज भवे मुक्ति जनारो थयो. ए परलोकनुं फळ जाणवुं. कह्युं छे के—पच्चखाण करवाथी आश्रव द्वारनो उच्छेद थाय छे. आश्रवना उच्छेदथी तृष्णानो उच्छेद थाय छे. तृष्णाना उच्छेदथी माणसोने घणो उपशम थाय छे. घणा उपशमथी पच्चखाण शुद्ध थाय छे. शुद्ध पच्चखाणथी चारित्रधर्मनी प्राप्ती थाय छे. चारित्रधर्मनी प्राप्तीथी कर्मनो क्षय थाय छे. कर्मना क्षयथी क्षपकश्रेणिनो प्रारंभ थाय छे अने तेथी केवळज्ञान उत्पन्न थाय छे. केवळज्ञान प्राप्त थयाथी सदाय सुखनुं दातार एवुं मोक्ष मळे छे.

## गुरु पासे केम बेसवुं ?

पछी श्रावके साधु साध्वी आदि चतुर्विध संघने वंदन करवुं. जिनमंदिर आदि स्थळे गुरुनुं आगमन थाय तो, तेमनो सारी पेठे आदरसत्कार साचववो अने वळी गुरुने जोतांज ऊभा थवुं. सामा आवता होय तो सन्मुख जवुं. बे हाथ जोडी माथे अंजळि करवी. पोते आसन आपवुं. गुरु आसने बेठा पछी पोते आसने बेसवुं. गुरुने भक्तिथी वंदना करवी. गुरुनी सेवापूजा करवी, अने गुरु जाय तेमनी पाछळ जवुं. ए रीते संक्षेपथी गुरुनो आदरसत्कार जाणवो. तेमज गुरुनी बे बाजुए मुख आगळ अथवा पूंठे पण न बेसवुं. गुरुना साथळने पोताना साथळ लगाडीने तेमनी पासे न बेसवुं. तेमज श्रावके गुरुनी पासे पगनी अथवा बाहुनी पलांठी वाळीने अथवा पग लांबा करीने पण न बेसवुं. बीजे ठेकाणे पण कह्युं छे के—पलांठी वाळवी, ओठिंगणुं देवुं, पग लांबा करवा, विकथा करवी, घणुं हसवुं एटलां वानां गुरु पासे वर्जवां.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દેશના સાંભલવાની રીતિ.

વળી કહ્યું છે કે—શ્રાવકે નિદ્રા તથા વિકથા વર્જી મન વચન કાયાની ગુપ્તિ રાખી હાથ જોડી અને બરાબર ઉપયોગ સહિત ભકિતથી બહુમાનપૂર્વક ગુરૂનો ઉપદેશ સાંભળવો. વળી સિદ્ધાંતમાં કહેલી રીત પ્રમાણે ગુરૂની આશાતના ટાળવાને માટે ગુરૂથી સાડાત્રણ હાથનું અવગ્રહ ક્ષેત્ર મૂકી તેને બહાર જીવજંતુ રહિત ભૂમીએ બેસીને ધર્મદેશના સાંભળવી.

## દેશના શ્રવણનાં લાભો.

કહ્યું છે કે—શાસ્ત્રથી નિંદિત આચરણ આચરવાથી ઉત્પન્ન થએલા તાપને નાશ કરનારૂં, સદ્ગુરૂના મુખરૂપ મલય પર્વતથી ઉત્પન્ન થએલું ચંદનરસ સરખું વચનરૂપી અમૃત ધન્ય પુરૂષનેજ મળે છે.

ધર્મદેશના સાંભળવાથી અજ્ઞાનો અને મિથ્યા જ્ઞાનનો નાશ થાય, સમ્યક્તત્વનું જ્ઞાન થાય, સંશય ટળે, ધર્મને વિષે દઢપણું થાય, વ્યસન આદિ કુમાર્ગની નિવૃત્તિ થાય, સન્માર્ગને વિષે પ્રવૃત્તિ થાય, કષાય આદિ દોષનો ઉપશમ થાય, વિનય આદિ ગુણોની પ્રાપ્તિ થાય, કુસંગતિનો ત્યાગ થાય, સત્સંગતિનો લાભ મળે, સંસારને વિષે વૈરાગ્ય ઉપજે મોક્ષની ઇચ્છા થાય, શકિત માફક દેશવિરતિ અથવા સર્વવિરતિની પ્રાપ્તિ થાય અને અંગીકાર કરેલી દેશવિરતિની અથવા સર્વવિરતિની સર્વ પ્રકારે એકાગ્ર મનથી આરાધના થાય. વગેરે અનેક ગુણ છે. તે નાસ્તિક એવો પ્રદેશી રાજા, આમ રાજા, કુમારપાળ, થાવચ્ચા-પુત્ર વગેરેના દષ્ટાંત ઉપરથી જાણવા. કહ્યું છે કે—જિનેશ્વર ભગવાનનું વચન સાંભળે તો બુદ્ધિનો મોહ જતો રહે, કુપંથનો ઉચ્છેદ થાય, મોક્ષની ઇચ્છા વૃદ્ધિ પામે, શાંતિ વિસ્તાર પામે, અધિક વૈરાગ્ય ઉપજે અને અતિશય હર્ષ થાય. એવી કઈ વસ્તુ છે કે, જે જિને-શ્વર ભગવાનનું વચન સાંભળવાથી ન મળે? પોતાનું શરીર ક્ષણભંગુર છે, બાંધવ બંધન સમાન છે. લક્ષ્મી વિવિધ અનર્થને ઉત્પન્ન કરનારી છે માટે જૈન સિદ્ધાંત સાંભળવો. તેથી સંવેગ વગેરે ઉત્પન્ન થાય છે, અને તે સિદ્ધાંત માણસ ઉપર કોઇ ઉપકાર કરવામાં ખામી રાખતો નથી. એ પ્રદેશી રાજાનું દષ્ટાંત ટુંકમાં નીચે પ્રમાણે છે:—

## પ્રદેશી રાજાનું સંક્ષિપ્ત દ્રષ્ટાંત.

શ્વેતાંબી નગરીમાં પ્રદેશી નામે રાજા અને ચિત્રસારથી નામે તેનો મંત્રી હતો. ચિત્રસારથી મંત્રીએ ચાર જ્ઞાનના ધારક શ્રીકેશિ ગણધર પાસે શ્રાવસ્તિ નગરીમાં શ્રેષ્ઠ શ્રાવકધર્મ સ્વીકાર્યો હતો. એક વખતે ચિત્રસારથી મંત્રીના આગ્રહથી કેશિ ગણધર શ્વેતાંબી નગરીએ પધાર્યા ચિત્રસારથી મંત્રી ઘોડા ઉપર બેસી ફરવાના બ્હાને પ્રદેશી રાજાને કેશિ ગણધર પાસે લઇ ગયો. ત્યારે સુનિરાજને કહ્યું કે—“ હે મુનિરાજ. તમે વૃથા કષ્ટ ન કરો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ કે ધર્મ વિગેરે જગતમાં સર્વથા છે જ નહિ, મ્હારી માતા શ્રાવિકા હતી અને પિતા નાસ્તિક હતો. મરણ સમયે મેં એમને કહ્યું કે, "મરણ થયા પછી સ્વર્ગમાં તમને જે સુખ અથવા નરકમાં દુઃખ થાય, તે મને જણાવજો" પણ મરણ પામ્યા પછી માતાએ સ્વર્ગ સુખ આદિ તથા પિતાએ નરક દુઃખ આદિ કાંઇ પણ મને જણાવ્યું નહીં. એમ ચોરના મેં નખ જેવડા કટકા કર્યા તો પણ કયાંય પણ મને જીવ દેખાયો નહીં. તેમજ જીવતા તથા મરણ પામેલા માણુસને તોલતાં ભારમાં કાંઇ પણ ફેર જણાયો નહીં. વળી મેં છિદ્ર વિનાની કોઠી અંદર એક માણુસને પૂર્યો, અને તે કોઠી ઉપર સજ્જડ ઢાંકણું ઢાંકયું. અંદર તે માણુસ મરી ગયો. તેના શરીરમાં પડેલા અસંખ્ય કીડા મેં જોયા, પણ તે માણુસનો જીવ બહાર જવાને તથા તે કીડાના જીવોને અંદર આવવાને વાળના અગ્રભાગ જેટલો પણ માર્ગ મારા જોવા આવ્યો નહીં. એવી રીતે ઘણી પરીક્ષા કરીને હું નાસ્તિક થયો છું."

શ્રી કેશિ ગણધરે કહ્યું "ત્હારી માતા સ્વર્ગસુખમાં નિમગ્ન હોવાથી તને કહેવા આવી નહીં. તથા ત્હારો પિતા પણ નરકની ઘોર વેદનાથી આકુળ હોવાથી અહિં આવી શકયો નહીં. અરણીના કાષ્ઠની અંદર અગ્નિ છતાં તેના ગમે તેટલા ઝીણા કટકા કરીએ, તો પણ તેમાં અગ્નિ દેખાય એમ નથી તેમજ શરીરના ગમે તેટલા ઝીણા કટકા કરો, તો પણ જીવ કયાં છે તે દેખાય નહીં. લુહારની ધમણ વાયુથી ભરેલી અથવા ખાલી તોળો, તથાપિ તોલમાં રતિમાત્ર પણ ફેર જણાશે નહીં. તેમજ શરીરની અંદર જીવ છતાં અથવા તે નીકળી ગયા પછી શરીર તોળશો, તો તોલમાં કાંઇ ફેર જણાશે નહીં. કોઠીની અંદર પૂરેલો માણુસ અંદર શંખ આદિ વગાડે તો શબ્દ બહાર સંભળાય, પણ તે શબ્દ કયે માર્ગે બહાર આવ્યો? તે જણાય નહીં તેમજ કુંભની અંદર પૂરેલા માણુસનો જીવ શી રીતે બહાર ગયો? અને કુંભીની અંદર થએલા કીડાના જીવ શી રીતે અંદર આવ્યા? તે પણ જણાય નહીં."

એવી રીતે શ્રીકેશિ ગણધરે યુક્તિથી બરાબર બોધ કર્યો, ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું. "આપ કહો છો તે વાત ખરી છે. પણ કુળપરંપરાએ આવેલું નાસ્તિકપણું શી રીતે છોડું?" શ્રી કેશિ ગણધરે કહ્યું. "જેમ કુળ પરંપરાથી આવેલા દારિદ્ર, રોગ, દુઃખ આદી મૂકાય છે, તેમ નાસ્તિકપણું પણ મૂકી દેવું જ." આ સાંભળી પ્રદેશી રાજા સુશ્રાવક થયો તે રાજાની સૂર્યકાંતા નામે એક રાણી હતી તેણે પરપુરૂષને વિષે આસકત થઇ એક દિવસે પૌષધને પારણે પ્રદેશી રાજાને ઝેર ખવરાવ્યું. તે વાત તુરત તે રાજાના ધ્યાનમાં આવી, ને તેણે ચિત્રસારથીને કહી તે પછી તેણે ચિત્રસારથી મંત્રીના વચનથી પોતાનું મન સમાધિમાં રાખ્યું, અને આરાધના તથા અનશન કરી તે સૌધર્મ દેવલોકે સૂર્યાભ વિમાનની અંદર દેવતા થયો. વિષપ્રયોગની વાત ખબર પડવાથી સૂર્યકાંતા ઘણી શરમાઇ, અને બીકથી જંગલમાં નાસી ગઇ, અને ત્યાં સર્પના દંશથી મરણ પામી નરકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહોંચી. એક વખત આમલકલ્પા નગરીમાં શ્રીવીરભગવાન્ સમવસર્યા. ત્યારે સૂર્યાભદેવતા ડાબા તથા જમણા હાથથી એકસો આઠ કુંવર તથા કુંવરીઓ પ્રકટ કરવા વગેરે પ્રકારથી ભગવાન્ આગળ આશ્ચર્યકારી દિવ્ય નાટક કરી સ્વર્ગે ગયો, ત્યારે ગૌતમસ્વામીના પૂછવાથી શ્રી વીરભગવાને સૂર્યાભ દેવતાનો પૂર્વભવ તથા દેવના ભવથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધિ પામશે વગેરે વાત કહી. આ રીતે પ્રદેશી રાજાનું દૃષ્ટાંત છે. આમરાજા બપ્પભટ્ટસૂરિના અને કુમારપાળરાજા શ્રી હેમચંદ્રસૂરિના સદુપદેશથી બોધ પામ્યા એ વાત પ્રસિદ્ધ છે. હવે થાવચ્ચાપુત્રની કથા સંક્ષેપથી નીચે લખી છે:—

## થાવચ્ચાપુત્રની કથા.

દ્વારિકા નગરીમાં કોઇ સાર્થવાહની થાવચ્ચા નામે સ્ત્રી ઘણી ધનવતી હતી. થાવચ્ચાપુત્ર એ નામે ઓળખાતો તેનો પુત્ર બત્રીશ કન્યા પરણ્યો હતો. એક સમયે શ્રી નેમિનાથ ભગવાનની દેશનાથી તે પ્રતિબોધ પામ્યો. થાવચ્ચા માતાએ ઘણો વાર્યો, તો પણ તેણે દીક્ષા લેવાનો વિચાર માંડી વાળ્યો નહિ. ત્યારે તે થાવચ્ચા માતા, પુત્રના દીક્ષા ઉત્સવને અર્થે કેટલાંક રાજચિહ્ન કૃષ્ણ પાસે માગવા ગઇ. કૃષ્ણે પણ થાવચ્ચાને ઘેર આવી તેના પુત્રને કહ્યું કે, "તું દીક્ષા લઇશ નહીં. વિષયસુખ ભોગવ." થાવચ્ચાપુત્રે કહ્યું કે, "ભય પામેલા માણસને વિષયભોગ ગમતા નથી." કૃષ્ણે પૂછ્યું. "મ્હારા છતાં તને ભય શાનો?" થાવચ્ચાપુત્રે કહ્યું. "મૃત્યુનો." પછી કૃષ્ણે પોતે તેનો દીક્ષા ઉત્સવ કર્યો. થાવચ્ચાપુત્રે એક હજાર શ્રેષ્ઠી આદિની સાથે દીક્ષા લીધી. અનુક્રમે તે ચૌદપૂર્વી થયો, અને સેલક રાજાને તથા તેના પાંચસે મંત્રીઓને શ્રાવક કરી સૌગંધિકા નગરીમાં આવ્યો. તે સમયે વ્યાસનો પુત્ર શુક નામે એક પરિવ્રાજક ત્યાં પોતાના એક હજાર શિષ્ય સહિત હતો. તે ત્રિદંડ, કમંડલું, છત્ર, ત્રિકાષ્ઠી, અંકુશ, પવિત્રક અને કેસરી નામા વસ્ત્ર એટલી વસ્તુ હાથમાં રાખતો હતો. તેનાં વસ્ત્ર ગેરૂથી રંગેલાં હતાં. તે સાંખ્ય શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ચાલનારો હોવાથી પ્રાણાતિપાતવિરમણાદિ પાંચ વ્રત અને શૌચ( પવિત્રતા), સંતોષ, તપ, સ્વાધ્યાય તથા ઇશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ મળીને દશ પ્રકારના શૌચમૂળ પરિવ્રાજક ધર્મની તથા દાનધર્મની પ્રરૂપણા કરતો હતો. તેણે પૂર્વે સુદર્શન નામે નગરશેઠ પાસે પોતાનો શૌચમૂળ ધર્મ લેવરાવ્યો હતો. થાવચ્ચાપુત્ર આચાર્યે તેનેજ ફરી પ્રતિબોધ કરી વિનયવાળા જિનધર્મનો અંગીકાર કરાવ્યો. પછી સુદર્શન શેઠના દેખતાં શુક પરિવ્રાજકને તથા થાવચ્ચાપુત્ર આચાર્યને એક બીજાને નીચે લખ્યા પ્રમાણે પ્રશ્નોત્તર થયા:—



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુક પરિવ્રાજક:—" હે ભગવાન્ ! *સરિસવય ભક્ષ્ય છે, કે અભક્ષ્ય છે ? " થાવચ્ચાપુત્ર—" હે શુક પરિવ્રાજક ! સરિસવય ભક્ષ્ય છે, અને અભક્ષ્ય પણ છે. તે આ રીતે:—સરિસવય બે પ્રકારના છે. મિત્ર સરિસવય ( સરખી ઉમ્મરના ) અને બીજા ધાન્ય સરિસવય ( શર્ષપ, શર્ષવ ). મિત્ર સરિસવય ત્રણ પ્રકારના છે, એક સાથે ઉત્પન્ન થયેલા, બીજા સાથે વૃદ્ધિ પામેલા અને ત્રીજા બાલ્યાવસ્થામાં સાથે ધૂળમાં રમેલા. એ ત્રણે પ્રકારના મિત્ર સરિસવય સાધુઓને અભક્ષ્ય છે, ધાન્ય સરિસવય બે પ્રકારના છે. એક શસ્ત્રથી પરિણમેલા અને બીજા શસ્ત્રથી ન પરિણમેલા. શસ્ત્ર પરિણમેલાથી સરિસવય બે પ્રકારના છે. એક પ્રાસુક અને બીજા અપ્રાસુક. પ્રાસુક સરિસવય પણ બે પ્રકારના છે. એક જાત અને બીજા અજાત. જાત સરિસવય પણ બે પ્રકારના છે. એક એષણીય અને બીજા અનેષણીય. એષણીય સરિસવય પણ બે પ્રકારના છે. એક લબ્ધ અને બીજા અલબ્ધ. ધાન્ય સરિસવયમાં અશસ્ત્રપરિણમેલા, અપ્રાસુક, અજાત, અનેષણીય અને અલબ્ધ એટલા પ્રકારના અભક્ષ્ય છે, અને બાકી રહેલા સર્વ પ્રકારના ધાન્ય સરિસવય સાધુઓને ભક્ષ્ય છે. એવી રીતે જ [1]કુલત્થ અને [2]માસ પણ જાણવા. તેમાં એટલો જ વિશેષ કે માસ ત્રણ પ્રકારના છે. એક કાલ માસ ( મહિનો ), બીજો અર્થ માસ ( સોના રૂપાના તોલમાં આવે છે તે ) અને ત્રીજો ધાન્યમાસ ( અડદ ).

એવી રીતે થાવચ્ચાપુત્ર આચાર્યે બોધ કર્યો ત્યારે પોતાના હજાર શિષ્યના પરિવાર સહિત શુક પરિવ્રાજકે દીક્ષા લીધી. થાવચ્ચાપુત્ર આચાર્ય પોતાના હજાર શિષ્યના પરિવાર સહિત શત્રુંજય તીર્થે સિદ્ધિ પામ્યા, પછી શુકાચાર્યે શેલકપુરના શેલક નામે રાજાને તથા તેના પાંચસો મંત્રીને પ્રતિબોધ કરી દીક્ષા આપી પોતે સિદ્ધિપદ પામ્યા. શેલક મુનિ અગિયાર અંગના જાણ થઇ પોતાના પાંચસો શિષ્યોની સાથે વિચરવા લાગ્યા. એટલામાં હમેશાં લૂખો આહાર ખાવામાં આવવાથી શેલક મુનિરાજને ખસ, પિત્ત આદિ રોગ થયા. પછી તે વિહાર કરતા પરિવાર સહિત શેલકપુરે આવ્યા, ત્યાં તેમનો ગૃહસ્થપણાનો પુત્ર મંડુક રાજા હતો, તેણે તેમને પોતાની વાહનશાળામાં રાખ્યા. પ્રાસુક ઓષધનો અને પથ્યનો સારો યોગ મળવાથી શેલક મુનિરાજ રોગ રહિત થયા, તો પણ સ્નિગ્ધ આહારની

---

* " **सरिसवय** " આ માગધી શબ્દ છે. " **सदृशवय** " અને " **सर्षप** " એ બે સંસ્કૃત, શબ્દનું માગધીમાં " **सरिसवय** " એવું રૂપ થાય છે. સદૃશવય એટલે સરખી ઉમરનો અને સર્ષપ એટલે સરસવ.

૧ " **कुलत्थ** " શબ્દ માગધી છે. " કુલત્થ " ( કલથી ) અને " કુલસ્થ " એ બે સંસ્કૃત શબ્દોનું " કુલત્થ " એવું માગધીમાં એકજ રૂપ થાય છે.

૨ **માસ** ( મહિનો ), **માષ** ( અડદ ) અને **માસ** ( તોલવાનું એક કાટલું ) એ ત્રણે શબ્દનું માગધીમાં " **मास** " એવું એક જ રૂપ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોલુપતાથી વિહાર ન કરતાં તે ત્યાંજ રહ્યા. પછી પંથક નામે એક સાધુને શેલક મુનિરાજની વૈયાવચ્ચ કરવા માટે રાખીને બીજા સર્વ સાધુઓએ વિહાર કર્યો.

એક સમયે કાર્તિક ચોમાસીને દિવસે શેલક મુનિરાજ યથેચ્છ સ્નિગ્ધ આહાર કરી સૂઇ રહ્યા. પ્રતિક્રમણનો સમય આવ્યો, ત્યારે પંથકે ખમાવવાને અર્થે તેમને પગે પોતાનું માથું અડાડયું, તેથી તેમની ( શેલક મુનિરાજની ) નિદ્રા ઊડી ગઇ. પોતાના ગુરુને રોષમાન થએલા જોઇને પંથકે કહ્યું. "ચાતુર્માસમાં થએલા અપરાધ ખમાવવાને અર્થે મેં આપસાહેબના ચરણને સ્પર્શ કર્યો." પંથકનું એવું વચન સાંભળી શેલક મુનિરાજ વૈરાગ્ય પામ્યા, અને મનમાં વિચાર કરવા લાગ્યા કે, "રસવિષયમાં લોલુપ થએલા મને ધિક્કાર થાઓ!" એમ વિચારી તેમણે તુરત વિહાર કર્યો. પછી બીજા શિષ્યો પણ શેલક મુનિરાજને મળ્યા. તેઓ શત્રુંજય પર્વત ઉપર પોતાના પરિવાર સહિત સિદ્ધ થયા. આ રીતે થાવચ્ચાપુત્રની કથા છે.

## ક્રિયા અને જ્ઞાન વિષે.

તે માટે દરરોજ ગુરૂ પાસે ધર્મોપદેશ સાંભળે. સાંભળીને તેજ પ્રમાણે યથાશક્તિ ઉદ્યમ કરવામાં પ્રવૃત્ત થવું કેમકે, ઔષધ કે ભોજનના જ્ઞાન માત્રથી આરોગ્ય અથવા તૃપ્તિ નથી થતી પણ તેનો ઉપયોગ કરાય તો જ આરોગ્ય કે તૃપ્તિ થાય છે. કહેલું છે કે, ક્રિયાજ ફળદાયક થાય છે, કેવળ જાણપણું ફળદાયક થઇ શકતું નથી. જેમકે, સ્ત્રી, ભક્ષ્ય, અને ભોગને જાણવાથી ( મનુષ્ય ) તેના સુખનો ભાગી થઇ શકતો નથી પણ ભોગવવાથી થાય છે. તરવાની ક્રિયા જાણનાર હોય તોપણ નદીમાં જો હાથ હલાવે નહીં તો તે ડુબી જાય છે અને પાછળથી પશ્ચાત્તાપ પામે છે, એમ જ્ઞાની પણ ક્રિયા વિના એવો બની જાય છે. દશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં પણ કહેલ છે કે જે અક્રિયાવાદી છે તે ભવી કે અભવી હોય તો પણ નિશ્ચયથી કૃષ્ણપક્ષીય ગણાય છે. ક્રિયાવાદી તો નિશ્ચયથી ભવીજ હોય, નિશ્ચયથી શુકલપક્ષીજ હોય, ને સમ્યક્ત્વ હોય કે મિથ્યાત્વી હોય પણ એક પુદ્ગળપરાવર્તમાંજ સિદ્ધિપદને પ્રાપ્ત થાય છે. માટે ક્રિયા કરવી શ્રેયકારી છે.

જ્ઞાન વિના ક્રિયા પણ પરિણામે ફળદાયક નીવડતી નથી. જે માટે કહેલું છે કે,

અજ્ઞાનથી કર્મક્ષય થયો હતો તે મંડુક( ડેડકા )નાં ચૂર્ણ સરખો જાણવો. ( જેમ કોઇ ડેડકો મરણ પામ્યા પછી સુકાઇ ગયેલો છતાં તેના કળેવરનું જો ચૂર્ણ કીધું હોય તો તેનાથી હજારો ડેડકાં થઇ શકે છે. તે ચૂર્ણ પાણીમાં નાખવાથી હજારો ડેડકાં તત્કાળ ઉત્પન્ન થઇ જાય છે. એટલે અજ્ઞાનથી કર્મક્ષય થાય તેમાં ભવપરંપરા વધી જાય છે), અને સમ્યક્ જ્ઞાન સહિત ક્રિયા તો મંડુકના ચૂર્ણની રાખ સરખી છે ( એટલે તેનાથી પાછી ભવની પરંપરાની વૃદ્ધિ થઇ શકતી નથી )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેટલાં કર્મ ઘણુા ક્રોડો વર્ષ તપ કરવાથી અજ્ઞાની ખપાવે છે, એટલાં ( કર્મ ) મન વચન કાયાની ગુપ્તિવાળો જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં ખપાવી દે છે. એટલા જ માટે તામલી, પૂરણાદિક તાપસ વિગેરેને ઘણો તપકલેશ કરતાં પણ ઇશાનેંદ્ર અને ચમરેંદ્રપણારૂપ અલ્પ ફળનીજ પ્રાપ્તિ થઇ. તેમજ શ્રદ્ધા વિના એકલા જ્ઞાનવાળા અંગારમર્દકાચાર્યની પેઠે સમ્યગ્ ક્રિયાની પ્રવૃત્તિ થાય નહીં. જે માટે કહેવાય છે કે,

જ્ઞાન રહિત પુરૂષની ક્રિયા કરવાની શકિત, ક્રિયા કરવાને અસમર્થ પુરૂષનું જ્ઞાન અને મનમાં શ્રદ્ધા નથી એવા પુરૂષની ક્રિયા કરવાની શક્તિ અને જ્ઞાન, એ સર્વ નિષ્ફલ છે. અહિં ચાલવાની શક્તિ ધરાવનાર પણ માર્ગના અજાણ આંધલાનું, માર્ગના જાણ તેમ ચાલવાની શક્તિ નહી ધરાવનાર પાંગળાનું અને માર્ગનું જ્ઞાન અને ચાલવાની શક્તિ ધરાવવા છતાં પણ ખોટે માર્ગે ચાલવા ઇચ્છા રાખનાર પુરૂષનું, એમ ત્રણ દૃષ્ટાન્ત એક પછી એક જાણવા; કારણ કે, દૃષ્ટાન્તમાં કહેલ ત્રણે પુરૂષો અંતરાય રહિત કોઇ ઠેકાણે જઇ શકતા નથી.

ઉપર બતાવેલા કારણ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, એ ત્રણનો સંયોગ થવાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે; માટે એ ત્રણની આરાધના કરવાનો ઉદ્યમ કરવો એ રહસ્ય છે.

## સાધુને સુખશાતા પૂછવી તથા વહોરવા વિગેરે વિષે.

એવી રીતે ગુરૂની વાણી સાંભળીને ઊઠતી વખતે સાધુના કાર્યનો નિર્વાહ કરનાર શ્રાવક એમ પૂછે કે–હે સ્વામી, આપને સંયમયાત્રા સુખે વર્તે છે ? અને ગઇ રાત્રી નિરાબાધ સુખે વરતી ? આપના શરીરમાં કાંઇ પીડા તો નથી ? આપના શરીરમાં કંઇ વ્યાધિ તો નથી ને ? કાંઇ વૈદ્ય કે ઓષધાદિકનું પ્રયોજન છે ? આજે આપને કાંઇ આહાર વિષયમાં પથ્ય રાખવા જેવું છે ? એમ પ્રશ્ન કરવાથી ( પૂછવાથી ) મહાનિર્જરા થાય છે. કહેલું છે કે,

ગુરૂને સામા જવું, વંદન કરવો, નમસ્કાર કરવો, સુખશાતા પૂછવી, એ પ્રમાણે કરવાથી ઘણાં વર્ષનાં કરેલાં પણ કર્મ એક ક્ષણ વારમાં વિખરાઇ જાય છે. ગુરૂવન્દનાવસરે પૂર્વમાં 'ઇચ્છકાર સુહરાઇ' ઇત્યાદિ પાઠવડે સુખશાતા પૂછેલી હોવા છતાં પણ, અહિં સમ્પૂર્ણપણે જાણવા માટે અને તેનો ઉપાય કરવા માટે પૂછાય છે. તેથી ગુરૂને પગે લાગીને નીચે પ્રમાણે પાઠ બોલવો.

ગુરૂને પહેલી વંદના બતાવ્યા પ્રમાણે સામાન્યથી કીધા પછી વિશેષથી કરવી. જેમકે, "સુહરાઇ સુહદેવસી સુખતપ નિરાબાધ ઇત્યાદિક" બોલી શાતા પૂછવાથી વિશેષ લાભ થાય છે. આ પ્રશ્ન ગુરૂના સમ્યક્ સ્વરૂપ જાણવા માટેનું છે તથા તેના ઉપાયની યોજના કરનાર શ્રાવકને માટે છે. ત્યારપછી પગે લાગીને, **इच्छकारी भगवन् पसाय करी फासुएणं एसणिज्जेणं असण पाण खाइम साइमेणं वथ्थपडिग्गहकंबलपायपुच्छणेणं पाडि-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**द्वारिअपीठफलगसिज्जासंथारयणं ओसहभेसज्जेणं भयवं अणुग्गहो कायव्वो.** હે ઇચ્છાકારી ભગવન્ ! મારા ઉપર દયા કરી, અચિત્ત અને સુઝતા આહાર, પાણી, ખાદિમ ( સુખડી વિગેરે ), સ્વાદિમ ( મુખવાસ ), વસ્ત્ર, પાત્ર, કંબળ, પાયપુંછણું પ્રાતિહાર્ય તે સર્વ કામમાં વાપરવા યોગ્ય બાજોઠ, પાછળ મૂકવાનું પાટિયું, શય્યા ( જેમાં પગ પસારીને સુવાય તે ), સંથારો ( શય્યાથી કાંઇક નાનો ), ઓષધ ( એક વસાણાનું ), ભેષજ ( ઘણા વસાણાવાળું ), તેણે કરીને હે ભગવન્ ! મારા ઉપર અનુગ્રહ કરવો ( મારી પાસેથી લેવું જોઇએ ), એમ પ્રગટપણે નિમંત્રણા કરવી. આવી નિમંત્રણા તો વર્ત્તમાનકાળે વૃહત્વંદન કીધા પછી શ્રાવકો કરે છે, પણ જેણે ગુરૂની સાથે પ્રતિક્રમણ કર્યું હોય તે તો સૂર્ય ઊગ્યા પછી જ્યારે પોતાને ઘેર જાય ત્યારે નિમંત્રણા કરે. જેને ગુરૂની પાસે પ્રતિક્રમણ કરવાનો યોગ બન્યો ન હોય તેણે તો જ્યારે ગુરૂને વાંદવા આવવાનું બની શકે ત્યારે આવી ઉપર લખ્યા પ્રમાણે નિમંત્રણા કરવી. ઘણેભાગે તો જ્યારે દેરાસરમાં જિનપૂજા કરી નૈવેદ્ય ચઢાવી ઘેર ભોજન કરવા જવાના અવસરે ફરી ગુરૂ પાસે ઉપાશ્રયે આવી નિમંત્રણા કરવી; એમ શ્રાદ્ધદિનકૃત્યમાં લખેલ છે. પછી યથાવસરે વૈદ્યાદિકની પાસે ચિકિત્સા ( રોગની પરીક્ષા ) કરાવી આપે, ઓષધાદિક આપે. જેમ યોગ્ય હોય એમ પથ્યાદિક વહોરાવે. જે જે કાંઇ કાર્ય હોય તે કરાવી આપે. જે માટે કહેલું છે કે,

જ્ઞાનાદિક ગુણવાળા સાધુઓને સહાયભૂત આહારાદિક, ઓષધ અને વસ્ત્ર વિગેરે જે જે જેમ યોગ્ય લાગે તેમ આપવું.

जैनम् जयति शासनम्

જ્યારે પોતાને ઘેર સાધુ વહોરવા આવે ત્યારે હમેશાં તેમના યોગ્ય જે જે પદાર્થો તૈયાર હોય તે નામ દઇ દઇને વહોરાવે. જો એમ ન કરે તો ઉપાશ્રયે કરેલી નિમંત્રણા નિષ્ફલ થાય છે, અને નામ દઇને વહોરાવતાં પણ જો સાધુ વહોરે નહીં તો પણ લાભ છે. એમ કહ્યું છે કે—

મનથી પણ પુન્ય થાય છે, વળી વચનથી ( નિમંત્રણા કરવાથી ) વધારે પુન્ય થાય છે, અને કાયાએ તેની જોગવાઇ મેળવી આપવાથી પણ પુન્ય થાય છે; માટે દાન તો કલ્પવૃક્ષની જેમ ફળદાયકજ છે.

ગુરૂને જો નિમંત્રણા ન કરીયે તો આપણા ઘરમાં તે પદાર્થ નજરે દેખવા છતાં પણ સાધુ તેને લોભી જાણી યાચતા નથી, માટે નિમંત્રણા ન કરવાથી મ્હોટી હાનિ થાય છે.

દરરોજ સાધુને નિમંત્રણા કરતાં પણ જો આપણે ઘેર વહોરવા ન આવે તો પણ તેથી પુન્યજ થાય છે. વળી ભાવની અધિકતાથી અધિક પુન્ય થાય છે.

## દાનની નિમંત્રણા ઉપર જીર્ણશેઠનું દૃષ્ટાંત

જેમ વિશાળા નગરીમાં છદ્મસ્થ અવસ્થામાં ચાર મહીનાના ઉપવાસ પારણુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી કાઉસગ્ગે ઊભા રહેલા ભગવાન મહાવીરસ્વામીને દરરોજ પારણાની નિમંત્રણા કરનાર જીર્ણશેઠ ચોમાસીને પારણે આજે તો જરૂરજ પારણું કરશે એમ ધારી ઘણી નિમંત્રણા કરી પોતાને ઘેર આવી, ઘરઆંગણે બેસી ભાવના ભાવવા લાગ્યો કે, અહો ધન્ય છું હું, આજે મારે ઘેર સ્વામી પધારશે, પારણું કરશે, ઇત્યાદિક ભાવના ભાવતાંજ તેણે અચ્યુતસ્વર્ગનું આયુષ્ય બાંધ્યું, અને પારણું તો પ્રભુએ મિથ્યાદૃષ્ટિ કોઇક (પુર્ણશેઠ)ને ઘેર ભીક્ષાચરની રીતે દાસીને હાથે અપાયેલા અડદના બાકળાથી કીધું. ત્યાં પંચદીવ્ય થયા, એટલોજ માત્ર તેને લાભ થયો. બાકી તે વખતે જો જીર્ણશેઠ દેવદુંદુભિનો શબ્દ ન સાંભળત તો તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થાત, એમ જ્ઞાનીયે કહ્યું. માટે ભાવનાથી અધિકતર ફળની પ્રાપ્તિ થાય છે.

આહારાદિક વહોરાવવા ઉપર શાળીભદ્રનું દૃષ્ટાંત તથા ઔષધના દાન ઉપર મહાવીર-સ્વામીને ઔષધ આપવાથી તીર્થંકર ગોત્રની બાંધનારી રેવતી શ્રાવિકાનું દૃષ્ટાંત જાણવું.

## ગ્લાન–સાધુની વૈયાવચ્ચ વિષે.

ગ્લાન(માંદા) સાધુની વૈયાવચ્ચ કરવામાં મહાલાભ છે. જે માટે આગમમાં કહેલું છે કે, હે ગૌતમ! જે ગ્લાન સાધુની સેવા કરે છે, તે મારા દર્શનને અંગીકાર કરે છે, જે મારા દર્શનને અંગીકાર કરે છે તે ગ્લાનની સેવા કર્યા વગર રહેજ નહીં. અર્હંતના દર્શ-નનો સાર એ છે કે, જિનઆણા પાળવી.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ગ્લાનની સેવા કરવા ઉપર કીડા અને કોઢથી પીડિત થયેલા સાધુનો ઉપાય કરનાર ઋષભદેવના જીવ જીવાનંદ નામા વૈદ્યનું દૃષ્ટાંત સમજવું તેમજ સુસ્થાનકે સાધુને ઊતરવા માટે ઉપાશ્રય વિગેરે આપે. જે માટે શાસ્ત્રમાં લખેલ છે કે,

વસતિ (ઉપાશ્રય), સૂવાનું આસન, ભાત, પાણી, ઔષધ, વસ્ત્ર, પાત્રાદિક, જો અધિક ધનવાન ન હોય તોય થોડામાંથી થોડું પણ આપે. તપનિયમના જોગથી યુક્ત મુનિવરોને જે ઉપાશ્રય આપે છે, તેણે વસ્ત્ર, અન્ન, પાન, શયણ અને આસન વિગેરે પણ આપ્યાં જ છે.

સાધુને ઉપાશ્રય આપવાથી જયંતી શ્રાવિકા, વંકચૂલ, અવંતીસુકુમાલ, કોશા શ્રાવિકા, વિગેરે સંસારરૂપ સમુદ્રને તર્યા છે.

## જૈનના દ્વેષી અને સાધુનિંદકને આપવાની શિક્ષા

શ્રાવક સર્વ પ્રકારના ઉદ્યમથી જિનપ્રવચનના પ્રત્યનીકો(જૈનના દ્વેષી)ને નિવારે અથવા સાધુ વિગેરેની નિંદા કરનારાઓને પણ યથાયોગ્ય શિક્ષા આપે, જે માટે કહેલું છે કે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છતી શક્તિયે આજ્ઞાભંગ કરનારને નિશ્ચયથી નહીં ઉવેખતાં મીઠાં વચનથી અથવા કઠણ વચનથી પણ તેઓને શિખામણ આપવી.

જેમ અભયકુમારે પોતાની બુદ્ધિથી જૈનમુનિ પાસે દીક્ષા લેનાર એક ભીખારીની નિંદા કરનારાઓને નિવાર્યા હતા તેમ વારવા.

## સાધ્વીને સુખશાતા પૂછવી.

જેમ સાધુને સુખશાતા પૂછવાનું બતાવ્યું તેમજ (સાધુની પેઠે) સાધ્વીને પણ સુખશાતા પૂછવી. વળી સાધ્વીમાં એટલું વિશેષ વિચારવાનું છે કે, તેમને કુશીળીયા અને નાસ્તિકોથી રક્ષણ આપવું. પોતાના ઘરની પાસે ચોતરફથી ગુપ્ત અને ગુપ્ત દરવાજાવાળા ઘરમાં વસવાને ઉપાશ્રય આપવો. પોતાની સ્ત્રીઓ પાસે સાધ્વીની સેવા-ભક્તિ કરાવવી. પોતાની દીકરીઓ પ્રમુખને તેમની પાસે નવા અભ્યાસ વિગેરે કરવાં રાખવી; તથા વ્રતની સન્મુખ થયેલી સ્ત્રી, પુત્રી, ભગિની પ્રમુખને તેઓની પાસે શિષ્યારૂપે સમર્પવી. વિસ્મૃત થઇ ગયેલી કરણીઓ તેઓને સ્મરણ કરાવી આપવી. અન્યાયની પ્રવૃત્તિથી તેઓને બચાવવાં. એક વાર અયોગ્ય વર્તણુક થયાનું જાણ્યું કે તત્કાળ તેમને શિખામણ આપીને વારવાં; બીજી વાર અયોગ્ય વર્તણુક થાય તો કઠણ નિષ્ઠુર વચન કહીને ધમકાવવાં; તેમ કરતાં પણ જો ન માને તો પછી કઠોર વચન કહીને પણ તાડના તર્જના કરવી. ઉચિત સેવા-ભક્તિમાં ઉચિત વસ્તુઓ આપીને તેમને સદાય વિશેષ પ્રસન્ન રાખવાં.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ગુરૂ પાસે અભ્યાસ કરવો.

ગુરૂ પાસે નિત્ય અપૂર્વ અભ્યાસ કરવો. જે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે,

આંખમાંથી અંજન ગયું તથા રાફડાનું વધવું દેખીને (એટલે સવાર થયો જાણીને), દાન આપવું, અને નવો અભ્યાસ કરવો, એવી કરણીયો કરવામાં દિવસ વાંઝીયો ન કરવો.

પોતાની સ્ત્રી, ભોજન અને ધન, એ ત્રણ પદાર્થમાં સંતોષ કરવો. પણ દાન, અધ્યયન, અને તપમાં સંતોષ કરવો જ નહીં. ધર્મસાધન કરવા વખતે એવી બુદ્ધિ રાખવી કે, જાણે યમરાજે મારા મસ્તકના કેશ પકડી લીધા છે તે છોડનાર નથી માટે જેટલું થાય તેટલું ત્વરાથી કરી લઉં; અને વિદ્યા તથા દ્રવ્ય ઉપાર્જન કરવા વખતે એવી બુદ્ધિ રાખવી કે, હું તો અજર અને અમર છું માટે જેટલું શીખાય એટલું શીખે જ જવું એવી બુદ્ધિ ન રાખે તો શીખી જ શકાય નહીં.

અતિશય રસના વિસ્તારથી ભરેલા અને આગળ કોઇ દિવસ શીખેલા નહીં એવા નવીન જ્ઞાનના અભ્યાસમાં જેમ જેમ પ્રવેશ કરે છે તેમ તેમ તે નવા અભ્યાસનો કરનાર મુનિ નવા નવા પ્રકારના સંવેગ (વૈરાગ) અને શ્રદ્ધાથી આનંદિત થાય છે. જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણી આ લોકમાં અપૂર્વ અભ્યાસ નિરંતર કરે છે તે પ્રાણી આવતા ભવમાં તીર્થંકરપદને પામે છે; અને જે પોતે બીજા શિષ્યાદિકને સમ્યક્ જ્ઞાન ભણાવે છે તેને તેથી કેટલો બધો લાભ થશે તેનું શું કહેવાય ?

ઘણીજ થોડી બુદ્ધિ હોય તો પણ નવો અભ્યાસ કરવામાં ઉદ્યમ રાખવાથી માષતુષાદિક મુનિઓની પેઠે તે જ ભવમાં કેવળજ્ઞાનાદિકનો લાભ પામી શકાય છે, માટે નવા અભ્યાસમાં નિરંતર પ્રવૃત્તિ રાખવી એજ શ્રેયસ્કર છે.

## દ્રવ્ય ઉપાર્જન વિધિ.

જિનપૂજા કરી ભોજન કર્યા પછી જો રાજા પ્રમુખ હોય તો કચેરીમાં, દીવાન પ્રમુખ મ્હોટો હોદ્દાદાર હોય તો રાજસભામાં, વ્યાપારી પ્રમુખ હોય તો બજાર કે દુકાને, અથવા પોતપોતાના યોગ્ય સ્થાનકે આવી ધર્મમાં વિરોધ ન પડે એવી રીતે દ્રવ્ય ઉપાર્જનનો વિચાર કરે. રાજાઓએ આ દરિદ્રી છે કે ધનવાન છે, આ માન્ય છે કે અમાન્ય છે, તથા ઉત્તમ, મધ્યમ, અધમ, જાતિકુળ સ્વભાવનો વિચાર કરીને ( સર્વની સાથે એકસરખો ખરેખર ) ન્યાય કરવો.

## ન્યાય ઉપર દૃષ્ટાંત.

કલ્યાણકટકપુર નગરને વિષે યશોવર્મા રાજા રાજ્ય કરતો હતો. તે ન્યાયમાં ખરો ન્યાય આપનાર છે એવી ખ્યાતિવાળો હોવાથી તેણે પોતાના ન્યાય કરવાના મહેલની આગળ એક ન્યાયઘંટો બાંધ્યો હતો. એક વખતે તેની રાજ્યઅધિષ્ઠાયકા દેવીને એવો વિચાર ઉત્પન્ન થયો કે, “ આ રાજાએ જે ન્યાયઘંટા બાંધ્યો છે, તે ખરો છે કે ખોટો છે તેની પરીક્ષા કરવી જોઇએ. ” એમ ધારીને પોતે જ ગાયનું રૂપ ધારણ કરી તત્કાળ ઉત્પન્ન થયેલા વત્સની સાથે ક્રીડા કરતી રાજમાર્ગ વચ્ચે ઊભી રહી. એવા અવસરમાં તેજ રાજાનો પુત્ર દોડતા ઘોડાવાળી ગાડીમાં બેસી અતિશય ઉતાવળ કરતો તેજ માર્ગે આવ્યો. ઘણા જ વેગથી આવતી ઘોડાગાડીનું ચક્ર ફરી જવાથી તે વાછડો તત્કાળ ત્યાં જ મરણ પામ્યો; જેથી ગાય પોકાર કરવા લાગી અને જેમ રોતી હોય એમ આમતેમ જોવા લાગી તેને આવજા કરતા કોઇક પુરુષે કહ્યું કે, રાજદરબારમાં જઇ તારો ન્યાય કરાવ. ત્યારે તે ગાય ચાલતી ચાલતી દરબાર આગળ જ્યાં ન્યાયઘંટા બાંધેલી છે ત્યાં આવી, અને પોતાનાં શીંગડાંના અગ્રભાગથી તે ઘંટાને હલાવીને વગાડી. આ વખતે રાજા ભોજન કરવા બેસતો હતો, છતાં તે ઘંટાનો શબ્દ સાંભળીને બોલ્યો કે, અરે ! કોણ ઘંટા વગાડે છે ? નોકરોએ તપાસ કરી કહ્યું કે, સ્વામી, કોઇ નથી, તમો સુખેથી ભોજન કરો. રાજા બોલ્યો, આ વાતનો નિર્ણય થયા વિના કેમ ભોજન કરાય ? એમ કહી ભોજન કરવાનો થાળ એમજ પડતો મૂકી પોતે ઊઠીને દરવાજા આગળ આવી જુવે છે તો ત્યાં બીજા કોઇને ન દેખતાં

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાયને દેખી, તેને કહેવા લાગ્યો કે શું કોઈએ તને પીડા ઉપજાવી છે ? તેણીએ માથું ધુણાવીને હા કહ્યાથી રાજા બોલ્યો.-ચાલ મને તે દેખાડ, કોણ છે ? આવું વચન સાંભળી ગાય ચાલવા લાગી. રાજા પણ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. જે જગાએ વાછડાનું કલેવર પડેલું હતું ત્યાં આવી ગાયે તે બતાવ્યું, ત્યારે તેના પર ચક્ર ફરી ગયેલું દેખી રાજાએ નોકરોને હુકમ કર્યો કે, જેણે આ વાછડા ઉપર ગાડીનું ચક્કર ચલાવ્યું હોય તેને પકડી લાવો. આ હકીકત કેટલાક લોકો જાણતા હતા પરંતુ તે ( વાછડા ઉપર ગાડીનું ચક્કર ચલાવનાર ) રાજપુત્ર હોવાથી તેને રાજા પાસે કોણ લાવી આપે ? એવું સમજી કોઈ બોલ્યું નહીં. તેથી રાજા બોલ્યો કે, જ્યારે આ વાતનો નિર્ણય અને ન્યાય થશે ત્યારેજ હું ભોજન કરનાર છું, તો પણ કોઈ બોલ્યું નહીં. જ્યારે રાજાને ત્યાં ને ત્યાં જ ઊભા એક લાંઘણ થઈ તથાપિ કોઇ બોલ્યું નહીં ત્યારે રાજપુત્ર પોતે જ આવી રાજાને કહેલા લાગ્યો કે, “ સ્વામી, હું એના ઉપર ચક્કર ચલાવનાર છું માટે જે દંડ કરવાનો હોય તે મારો કરો. ” રાજાએ તે જ વખતે સ્મૃતિઓના જાણનારાઓને બોલાવી પૂછયું કે, આ ગુન્હાનો શો દંડ કરવો ? તેઓ બોલ્યા કે, સ્વામી, રાજ્યપદના યોગ્ય એક જ આ પુત્ર હોવાથી એને શો દંડ દેવાય ? રાજા બોલ્યો કે, કોનું રાજ્ય ? કોનો પુત્ર ? મારે તો ન્યાયની સાથે સંબંધ છે. મારે એ ન્યાય જ પ્રાધાન્ય છે. હું કંઇ પુત્રને કે રાજ્યને માટે અચકાઉં એમ નથી. નીતિમાં કહ્યું છે કે, દુષ્ટનો દંડ, સજ્જનનો સત્કાર, ન્યાયમાર્ગથી ભંડારની વૃદ્ધિ, અપક્ષપાત, શત્રુઓથી પોતાના રાજ્યની રક્ષા, એ પાંચ પ્રકારના જ યજ્ઞ રાજાઓને માટે કહેલા છે.

સોમનીતિમાં પણ કહેલું છે કે, “ અપરાધના જ જેવો દંડ પુત્ર ઉપર પણ કરવો. ” માટે આને શું દંડ આપવો યોગ્ય લાગે છે તે કહો ? તો પણ તે કાયદાના જાણ પુરુષો કાંઇ પણ બોલ્યા નહીં—અણબોલ્યા રહ્યા. રાજા બોલ્યો-આમાં કોઇનો કંઇ પણ પક્ષપાત રાખવાની જરૂર નથી, ન્યાયથી જેણે જેવો અપરાધ કીધેલો હોય તેને તેવો દંડ આપવો જોઇએ. માટે આપણે આ વાછડા ઉપર ચક્કર ફેરવ્યું છે તો એના ઉપર પણ ચક્કર ફેરવવું યોગ્ય છે. એમ કહી રાજાયે ત્યાં ઘોડાગાડી મંગાવી પુત્રને કહ્યું કે, અહિયાં તું સુઇ જા. ત્યારે તેણે વિનીત હોવાથી તેમજ કર્યું. ઘોડાગાડી હાંકનારને રાજાએ કહ્યું કે, એના ઉપર ગાડીનું ચક્કર ચલાવો. પણ તેણે ગાડી ચલાવી નહીં; ત્યારે બધા લોકો ના પાડતા છતાં પણ રાજા પોતે તે ગાડી હાંકનારને દૂર કરી ગાડી ઉપર ચડીને તે ગાડીને ચલાવવા માટે ઘોડાને ચાબુક મારીને તેના ઉપર ચક્કર લાવવા ઉદ્યમ કરે છે તેજ વખતે તે ગાય મટલાઇ ગઈ અને રાજ્યાધિષ્ઠાયકા દેવી બની ( બનેલી ગાયને બદલે ખરી દેવીયે ) જય જય શબ્દ કરતાં તેના ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી કહ્યું કે, રાજન્ ! ધન્ય છે તને-તેં આવો ન્યાય અધિક પ્રિયતમ ગણ્યો. માટે ધન્ય છે તને, તું ચિરંકાળ પર્યંત નિર્વિઘ્ન રાજ્ય કર. હું ગાય કે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાછડો કંઈ નથી. પણ તારા રાજ્યની અધિષ્ઠાયકા દેવી છું. તારા ન્યાયની પરીક્ષા કરવા આવી હતી. તું એવુંજ ચિરંકાળ રાજ્ય નિર્વિઘ્ન ચલાવજે. એમ કહી દેવી અદશ્ય થઈ.

રાજાના કારભારીએ તો જેમ રાજા અને પ્રજાનો અર્થ સાધન થઇ શકે અને ધર્મમાં પણ વિરોધ ન આવે તેમ અભયકુમાર તથા ચાણુક્ય આદિની જેમ ન્યાય કરવો. કહ્યું છે કે,

રાજાનું હિત કરતાં લોકોથી વિરોધ થાય, લોકોનું હિત કરતાં રાજા રજા આપી દે; એમ બન્નેને રાજી રાખવામાં મ્હોટો વિરોધ થાય પણ રાજા અને પ્રજા, એ બન્નેના હિતના કાર્યનો કરનાર મળવો મુશ્કેલ છે. એમ બન્નેના હિતકારક બની પોતાનો ધર્મ સાચવીને ન્યાય કરવો.

## વ્યાપાર વિધિ

વ્યાપારીઓને ધર્મનો અવિરોધ તે વ્યવહારશુદ્ધિ વિગેરેથી થાય છે. વ્યાપારમાં નિર્મળતા હોય ( સત્યતાથી વ્યાપાર કરવામાં આવે ) તો તેના ધર્મમાં વિરોધ થતો નથી. તેજ વાત મૂલગાથામાં કહે છે.—

ववहारसुद्धि–देसाइ–विरुद्धचाय–उचिअचरणेहिं ।
तो कुणइ अत्थचिंतं, निव्वाहिंतो निअं धम्मं ॥ ७ ॥

વ્યવહારશુદ્ધિથી, દેશાદિકના વિરૂદ્ધના ત્યાગ કરવાથી, ઉચિત આચરણના આચરણ કરવાથી, પોતાના ધર્મનો નિર્વાહ કરતાં દ્રવ્યોપાર્જનની ચિંતા કરે.

વ્યવહારશુદ્ધિમાં ખરેખર વિચારતાં મન વચન કાયાની નિર્મળતા (સરળતા) છે તેજ નિર્દોષ વ્યાપારમાં મનથી, વચનથી, અને કાયાથી કપટ રાખવું નહીં, અસત્યતા રાખવી નહીં, અદેખાઇ રાખવી નહીં. આથી વ્યવહારશુદ્ધિ થાય છે તેથી તે રાખવાં નહીં. વળી દેશાદિક વિરૂદ્ધનો ત્યાગ કરીને વ્યાપાર કરતાં પણ જે દ્રવ્ય ઉપાર્જન કરાય છે તે પણ ન્યાયોપાર્જિત વિત્ત ગણાય છે. ઉચિત આચારના સેવન કરવાથી એટલે લેવડ-દેવડમાં જરામાત્ર કપટ ન રાખતાં જે દ્રવ્ય ઉપાર્જન થાય તે પણ ન્યાયોપાર્જિતવિત્ત ગણાય છે. ઉપર લખેલા ત્રણ કારણથી પોતાનો ધર્મ બચાવીને એટલે પોતે અંગીકાર કરેલા વ્રત પચ્ચખાણ અભિગ્રહનો બચાવ કરતાં ધન ઉપાર્જન કરવું, પણ ધર્મને દૂર મૂકીને ધન ઉપાર્જન કરવું નહીં. લોભમાં મુંઝાઇ જઇને પોતે લીધેલાં નિયમ વ્રત પચ્ચ-ખાણ ભૂલી જતાં ધન કમાવાની દૃષ્ટિ રાખવી નહીં, કેમકે ઘણા જણને પ્રાયે વ્યાપાર વખતે એમજ વિચાર આવી જાય છે કે,

એવું જગતમાં કંઈ નથી, કે જે ધનથી સાધી શકાતું ન હોય, તેટલા જ માટે બુદ્ધિવાન પુરૂષે ઘણાજ પ્રયત્નથી એક માત્ર દ્રવ્ય જ ઉપાર્જન કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ધન ઉપાર્જન કરવા કરતાં પણ પહેલાં ધર્મ ઉપાર્જન કરવાની જરૂર.

અહીં અર્થચિન્તા કરવી એમ આગમ કહેતું નથી, કારણ કે, માણુસ માત્ર અનાદિ કાલની પરિગ્રહની સંજ્ઞાથી પોતાની મેળેજ અર્થચિન્તા કરે છે. કેવલિભાષિત આગમ તેવા સાવદ્ય વ્યાપારમાં નિર્વાહની પ્રવૃત્તિ શામાટે કરાવે ? અનાદિ કાલની સંજ્ઞાથી સુશ્રાવકને અર્થચિન્તા કરવી પડે, ત્યારે તેણે ધર્મ વિગેરેને બાધ ન આવે તેવી રીતે એ કરવી, એટલીજ આગમની આજ્ઞા છે. લોકો જેમ સાંસારિક કાર્યોનાં આરંભ કરીને અહોરાત્ર ઉદ્યમ કરે છે, તેના એક લાખમા ભાગ જેટલો પણ ઉદ્યમ જો ધર્મમાં કરે તો શું મેલવવાનું બાકી રહે ?

## આજીવિકાના સાત ઉપાય.

માણસની આજીવિકા ૧ વ્યાપાર, ૨ વિદ્યા, ૩ ખેતી, ૪ ગાય બકરાં આદિ પશુનું રક્ષણ, ૫ કળાકૌશલ્ય, ૬ સેવા અને ૭ ભિક્ષા એ સાત ઉપાયથી થાય છે. તેમાં વણિકલોકો વ્યાપારથી, વૈદ્ય આદિ લોકો પોતાની વિદ્યાથી, કણબી લોકો ખેતીથી, ગોવાળ તથા ભરવાડ લોકો ગાય આદિના રક્ષણથી, ચિત્રકાર, સૂતાર વગેરે લોકો પોતાની કારીગરીથી, સેવક લોકો સેવાથી અને ભિખારી લોકો ભિક્ષાથી પોતાની આજીવિકા કરે છે. તેમાં ધાન્ય, ઘૃત, તેલ, કપાસ, સૂતર, કાપડ, તાંબા, પિતળ આદિ ધાતુ, મોતી, ઝવેરાત, નાણું વગેરે કરિયાણાના ભેદથી અનેક પ્રકારના વ્યાપાર છે. "ત્રણસો સાઠ પ્રકારનાં કરિયાણાં છે" એવી લોકોમાં પ્રસિદ્ધિ છે. પેટાના ભેદ જાણવા જોઈએ નહિ તો સંખ્યાનો પાર આવે એમ નથી. વ્યાજે ધીરવું એ પણ વ્યાપારની અંદરજ સમાય છે.

ઓષધ, રસ, રસાયન, ચૂર્ણ, અંજન, વાસ્તુ, શકુન, નિમિત્ત, સામુદ્રિક, ધર્મ, અર્થ, કામ, જ્યોતિષ, તર્ક વગેરે ભેદથી નાના પ્રકારની વિદ્યાઓ છે. તેમાં વૈદ્યવિદ્યા અને ગાંધીપણું એ બે વિદ્યાથી પ્રાયે માઠું ધ્યાન થવાનો સંભવ હોવાથી વિશેષ ગુણકારી નથી. કોઈ ધનવાન્ પુરુષ માંદો પડી જાય અથવા બીજા કોઈ એવા જ પ્રસંગે વૈદ્યને તથા ગાંધીને ઘણો લાભ થાય છે, ઠેકાણે ઠેકાણે બહુમાન મળે છે. કેમકે શરીરે રોગ થાય ત્યારે વૈદ્ય પિતા સરખો છે; તથા રોગિના મિત્ર વૈદ્ય, રાજાના મિત્ર હાજી હાજી કરી મીઠાં વચન બોલનારા, સંસારી દુઃખથી પીડાયલા માણસના મિત્ર મુનિરાજ અને લક્ષ્મી ખોઈને બેઠેલા પુરૂષોના મિત્ર જોશી જાણવા.

વ્યાપારમાં વ્યાપાર ગાંધીનોજ સરસ છે; કારણ કે, તે વ્યાપારમાં એક ટકે ખરીદેલી વસ્તુ સો ટકે વેચાય છે. આ સર્વ વાત સાચી છે. વૈદ્યને તથા ગાંધીને લાભ તથા માન ઘણું મળે છે; પરંતુ એમ છે કે, જેને જે કારણથી લાભ થાય છે, તે માણસ તેવું કારણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હમેશાં બની આવવાની ઇચ્છા રાખે છે. કહ્યું છે કે— સુભટો રણસંગ્રામની, વૈદ્યો મ્હોટા મ્હોટા ધનવંત લોકોની માંદગીની, બ્રાહ્મણો ઘણા મરણોની અને નિર્ગ્રંથ મુનિઓ લોકોમાં સુભિક્ષની તથા ક્ષેમકુશળની ઇચ્છા કરે છે. મનમાં ધન ઉપાર્જવાની ઇચ્છા રાખનાર જે વૈદ્ય લોકો માંદા પડવાની ઇચ્છા કરે છે, રોગી માણસના રોગને ઔષધથી સાજા થતા અટકાવી દ્રવ્યલોભથી ઉલટી તેની હાનિ કરે છે, એવા વૈદ્યના મનમાં દયા કયાંથી હોય ? કેટલાક વૈદ્ય તો પોતાના સાધર્મી, દરિદ્રી, અનાથ, મરણને કાંઠે આવેલા એવા લોકો પાસેથી પણ બળાત્કારે દ્રવ્ય લેવાને ઇચ્છે છે, અભક્ષ્ય વસ્તુ પણ ઔષધમાં નાંખી રોગીને ખવરાવે, અને દ્વારિકાના અભવ્ય વૈદ્ય ધન્વંતરિની પેઠે જાત જાતનાં ઔષધ આદિના કપટથી લોકોને ઠગે છે. હવે થોડા લોભ રાખનારા, પરોપકારી, સારી પ્રકૃતિના જે વૈદ્યો છે તેમની વૈદ્યવિદ્યા ઋષભદેવ ભગવાનના જીવ જીવાનંદ વૈદ્યની પેઠે ઇહલોકે તથા પરલોકે ગુણકારી જાણવી.

હવે, ખેતી ત્રણ પ્રકારની છે. એક વરસાદના પાણીથી થનારી, બીજી કૂવા આદિના પાણીથી તથા ત્રીજી બન્ને-વર્ષાદ તથા કુવાના પાણીથી-થનારી. ગાય, ભેંસ, બકરી, ઉંટ, બળદ, ઘોડા હાથી વગેરે જાનવરો પાળીને પોતાની આજીવિકા કરવી તે પશુરક્ષાવૃત્તિ કહેવાય છે. તે પાળવાનાં જાનવર જાતજાતનાં હોવાથી અનેક પ્રકારની છે. ખેતી અને પશુરક્ષાવૃત્તિ એ બન્ને વિવેકી માણસને કરવા યોગ્ય નથી. વળી કહ્યું છે કે-હાથીના દાંતને વિષે રાજાઓની લક્ષ્મી, બળદના ખંધ ઉપર પામર લોકોની, ખડગની ધારા ઉપર સુભટોની લક્ષ્મી તથા શ્રૃંગારેલા સ્તન ઉપર વેશ્યાઓની લક્ષ્મી રહે છે કદાચિત્ બીજી કાંઇ વૃત્તિ ન હોય, અને ખેતીજ કરવી પડે તો વાવવાનો સમય વગેરે બરાબર ધ્યાનમાં રાખવો. તથા પશુરક્ષાવૃત્તિ કરવી પડે તો મનમાં ઘણી દયા રાખવી કેમકે જે ખેડુત વાવવાનો વખત ભૂમિનો ભાગ કેવો છે ? તે, તથા તેમાં કયો પાક આવે ? તે જાણે, અને માર્ગમાં આવેલું ખેતર મૂકી દે, તેનેજ ઘણો લાભ થાય. તેમજ જે માણસ દ્રવ્યપ્રાપ્તિને અર્થે પશુરક્ષાવૃત્તિ કરતો હોય, તેણે પોતાના મનની અંદર રહેલો દયાભાવ છોડવો નહીં. તે કામમાં સર્વ ઠેકાણે પોતે જાગૃત રહી છવિચ્છેદ વગેરે વર્જવું.

હવે શિલ્પકળા સો જાતની છે, કહ્યું છે કે—કુંભાર, લુહાર, ચિત્રકાર, સુતાર અને હજામ એ પાંચના પાંચ શિલ્પજ ( કારીગરી ) મુખ્ય છે. પાછા એક એક શિલ્પના વીસ વીસ પેટાભેદ ગણતાં સર્વ મળી સો ભેદ થાય છે. પ્રત્યેક માણસની શિલ્પકળા એકની બીજાથી જૂદી પડનારી હોવાથી જૂદી ગણીએ તો ઘણા જ ભેદ થાય. આચાર્યના ઉપદેશથી થએલું તે શિલ્પ કહેવાય છે. ઉપર કહેલા પાંચ શિલ્પ ઋષભદેવ ભગવાનના ઉપદેશથી ચાલતાં આવેલા છે. આચાર્યના ઉપદેશ વિના જે કેવળ લોકપરંપરાથી ચાલતું આવેલું ખેતી વ્યાપાર વિગેરે તે કર્મ કહેવાય છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે—આચાર્યના ઉપદેશથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થએલું શિલ્પ અને ઉપદેશથી ન થએલું તે કર્મ કહેવાય છે. કુંભારનું, લુહારનું, ચિત્રકારનું વિગેરે શિલ્પના ભેદ છે, અને ખેતી, વ્યાપાર આદિ કર્મના ભેદ છે. ખેતી, વ્યાપાર અને પશુરક્ષાવૃત્તિ એ ત્રણ કર્મ અહિં પ્રત્યક્ષ કહ્યાં; બાકી રહેલા કર્મ પ્રાયે શિલ્પ વગેરેમાં સમાઇ જાય છે. પુરૂષોની તથા સ્ત્રીઓની કળાઓ કેટલીક વિદ્યામાં અને કેટલીક શિલ્પમાં સમાઇ જાય છે. કર્મના સામાન્યથી ચાર પ્રકાર છે કહ્યું છે. કે—બુદ્ધિથી કર્મ ( કાર્ય ) કરનારા ઉત્તમ, હાથથી કર્મ કરનારા મધ્યમ, પગથી કર્મ કરનારા અધમ અને મસ્તકથી ( ભાર ઉપાડીને ) કર્મ કરનારા અધમમાં અધમ જાણવા. બુદ્ધિથી કર્મ કરવા ઉપર નીચે પ્રમાણે એક દૃષ્ટાંત છેઃ—

## બુદ્ધિથી કમાનારનું દૃષ્ટાંત.

ચંપાનગરીમાં મદન નામે ધનશ્રેષ્ઠીનો પુત્ર હતો. તેમણે બુદ્ધિ આપનારા લોકની દુકાને જઈ પાંચસો રૂપૈયા આપી એક બુદ્ધિ લીધી કે બે જણા લઢતા હોય ત્યાં ઊભા રહેવું નહીં.” ઘેર આવ્યો ત્યારે મિત્રોએ પાંચસો રૂપૈયે બુદ્ધિ લીધી સાંભળી તેની ઘણી મશ્કરી કરી, તથા પિતાએ પણ ઘણો ઠપકો આપ્યો. તે મદન બુદ્ધિ પાછી આપી પોતાનાં નાણાં લેવા દુકાનવાળા પાસે આવ્યો ત્યારે દુકાનદારે કહ્યું કે “ જ્યાં બે જણાની લઢાઇ ચાલતી હોય ત્યાં અવશ્ય ઉભા રહેવું.” એમ તું કબૂલ કરતો હોય તો ત્હારા રૂપૈયા પાછા આપું. તે વાત કબુલ કરવાથી દુકાનદારે મદનને પાંચસો દ્રમ્મ પાછા આપ્યા. હવે એક સમયે માર્ગમાં બે સુભટોનો કાંઇ વિવાદ થતો હતો, ત્યારે મદન તેમની પાસે ઉભો રહ્યો. બન્ને સુભટોએ મદનને પોતાની સાક્ષી તરીકે કબુલ કર્યો. ન્યાય કરવાનો સમય આવ્યો ત્યારે રાજાએ મદનને સાક્ષી તરીકે બોલાવ્યો. ત્યારે બન્ને સુભટોએ મદનને કહ્યું કે, “ જો મ્હારી તરફેણમાં સાક્ષી નહીં પૂરે, તો ત્હારૂં આવી બન્યું એમ જાણજે.” એવી ધમકીથી આકુળવ્યાકુળ થએલા ધનશ્રેષ્ઠીએ પોતાના પુત્રના રક્ષણ માટે ક્રોડ દ્રમ્મ આપીને બુદ્ધિ દેનારની પાસેથી એક બુદ્ધિ લીધી કે, “ તું ત્હારા પુત્રને ગાંડો કર ” એમ કરવાથી ધનશ્રેષ્ઠી સુખી થયો. એ બુદ્ધિકર્મ ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

વ્યાપાર આદિ કરનારા લોકો હાથથી કામ કરનારા જાણવા. દૂતપણું વગેરે કામ કરનારા લોકો પગથી કામ કરનારા જાણવા. ભાર ઉપાડનારા વગેરે લોકો મસ્તકથી કામ કરનારા જાણવા. ૧ રાજાની, ૨ રાજાના અમલદાર લોકની, ૩ શ્રેષ્ઠીની અને ૪ બીજા લોકોની મળી ચાર પ્રકારની સેવા છે. રાજાદિકની સેવા અહોરાત્ર પરવશતા આદિ ભોગવવું પડતું હોવાથી જેવા તેવા માણસથી થાય તેમ નથી. કહ્યું છે કે—જો સેવક કાંઇ ન બોલે તો મૂંગો કહેવાય, જો છૂટથી બોલે તો બકનારો કહેવાય, જો આઘો બેસે તો બુદ્ધિહીન કહેવાય, જો સહન કરે તો હલકા કુળનો કહેવાય, માટે યોગીઓથી પણ ન જાણી શકાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો સેવાધર્મ બહુજ કઠણ છે. જે પોતાનાથી ઉન્નતિ થવાને અર્થે નીચું માથું નમાવે, પોતાની આજીવિકાને અર્થે પ્રાણ આપવા પણ તૈયાર થાય અને સુખપ્રાપ્તિને અર્થે દુ:ખી થાય એવા સેવક કરતાં બીજો કોણ મૂર્ખ હશે ?

પારકી સેવા કરવી તે શ્વાનવૃત્તિ સમાન છે, એમ કહેનારા લોકોએ બરાબર વિચાર કર્યો જણાતો નથી, કારણ કે, શ્વાન ધણીની ખુશામત માથું નમાવી નમાવીને કરે છે ત્યારે માણસને બહુ બહુ કરવું ને સહેવું પડે છે, માટે સેવકની વૃત્તિ શ્વાન કરતાં પણ નીચ છે. એમ છતાં પણ બીજી કોઇ રીતે નિર્વાહ કરવો. કેમકે—મ્હોટો શ્રીમાન્ હોય તેણે વ્યાપાર કરવો, અલ્પ ધનવાન્ હોય તેણે ખેતી કરવી અને સર્વ ઉદ્યમ જ્યારે ખૂટી પડે ત્યારે છેવટ સેવા કરવી.

## સેવા કોની કરવી ?

સમજુ, ઉપકારનો જાણ તથા જેનામાં બીજા એવાજ ગુણ હોય, તે ધણીની સેવા કરવી કેમકે—જે કાનનો કાચો ન હોય, તથા શૂરવીર, કરેલા ઉપકારનો જાણ, પોતાનું સત્ત્વ રાખનારો, ગુણી, દાતા, ગુણ ઉપર પ્રીતિ રાખનારો એવો ધણી સેવકને ભાગ્યથીજ મળે છે. ક્રૂર, વ્યસની, લોભી, નીચ, ઘણા કાળનો રોગી, મૂર્ખ અને અન્યાયી એવા માણસને કદિ પણ પોતાનો અધિપતિ ન કરવો. જે માણસ અવિવેકી રાજા પાસેથી પોતે ઋદ્ધિવંત થવાને ઇચ્છે છે, તે પંગુ છતાં પોતાને ઋદ્ધિ પ્રાપ્ત થવાને અર્થે સો યોજન પગે જવાની ધારણા કરે છે, અર્થાત્ તે નકામી એમ સમજવું. કામંદકીય નીતિસારમાં વળી કહ્યું છે કે—વૃદ્ધ પુરૂષોની સમ્મતિથી ચાલનારો રાજા સત્પુરૂષોને માન્ય થાય છે, કારણ કે, ખરાબ ચાલના લોકો કદાચિત તેને ખોટે માર્ગે દોરે, તો પણ તે જાય નહીં. ધણીએ પણ સેવકના ગુણ પ્રમાણે તેનો આદરસત્કાર કરવો જોઇએ. કહ્યું છે કે—જ્યારે રાજા સારા તથા નરસા સર્વે સેવકોને સરખી પંક્તિમાં ગણે ત્યારે ઉદ્યમ કરવાને સમર્થ એવા સેવકોનો ઉત્સાહ ભાગી જાય છે.

સેવકે પણ પોતાને વિષે ભક્તિ, ચતુરતા વગેરે અવશ્ય રાખવાંજ જોઇએ. કેમકે—સેવક ધણી ઉપર ઘણી પ્રીતિ રાખનારો હોય, તો પણ તે જો બુદ્ધિહીન અને કાયર હોય તો તેથી ધણીને શું લાભ થવાનો ? તથા સેવક બુદ્ધિશાલી અને પરાક્રમી હોય, તો પણ તે જો ધણી ઉપર પ્રીતિ રાખનારો ન હોય તો તેથી પણ શું લાભ થવાનો ? માટે જેમનામાં બુદ્ધિ, શૂરવીરપણું, અને પ્રીતિ એ ત્રણ ગુણ હોય, તેજ રાજાના સંપત્કાળમાં તથા વિપત્તિકાળમાં ઉપયોગી થઇ પડે એવા જાણવા, અને જેમનામાં એવા ગુણ ન હોય, તે સેવક સ્ત્રી સમાન સમજવા. કદાચિત રાજા પ્રસન્ન થાય તો તે સેવકને માનપત્ર આપે છે, પણ સેવકો તો તે માનના બદલામાં વખતે પોતાના પ્રાણ આપીને પણ રાજા ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપકાર કરે છે. સેવકે રાજાદિકની સેવા ઘણી ચતુરાઈથી કરવી. કેમકે—સેવકે સર્પ, વ્યાઘ્ર, હાથી અને સિંહ એવા ક્રૂર જીવોને પણ ઉપાયથી વશ કરેલા જોઈને મનમાં વિચારવું કે, બુદ્ધિશાળી અને ડાહ્યા પુરૂષોએ "રાજાને વશ કરવો." એ વાત સહેજ છે.

## રાજાને વશ કરવાની રીતિ.

રાજાદિકને વશ કરવાના પ્રકાર નીતિશાસ્ત્ર આદિ ગ્રંથોમાં કહ્યા છે, તે એ છે કે:— ડાહ્યા સેવકે ધણીની બાજૂએ બેસવું, તેના મુખ તરફ દૃષ્ટિ રાખવી, હાથ જોડવા અને ધણીનો સ્વભાવ જાણીને સર્વ કાર્યો સાધવાં. સેવકે સભામાં ધણીની પાસે બહુ નજીક ન બેસવું, તથા બહુ દૂર પણ ન બેસવું, ધણીના આસન જેટલા અથવા તેથી વધારે ઊંચા આસન ઉપર પણ ન બેસવું. ધણીની આગળ તેમ પાછળ પણ ન બેસવું, કારણ કે, બહુ પાસે બેસે તો ધણીને અકળામણ થાય, બહુ દૂર બેસે તો બુદ્ધિહીન કહેવાય, આગળ બેસે તો બીજા કોઇ માણસને ખોટું લાગે, અને પાછળ બેસે તો ધણીની દૃષ્ટિ ન પડે, માટે ઉપર કહ્યા પ્રમાણે બેસવું.

## સ્વામી આદિને વિનંતિ ક્યારે કરવી?

થાકી ગએલો, ક્ષુધાથી તથા તૃષાથી પીડાયલો, ક્રોધ પામેલો, કોઈ કાર્યમાં રોકાયલો, સુવાનો વિચાર કરનારો, તથા બીજા કોઈની વિનંતી સાંભળવામાં રોકાયલો એવી અવસ્થામાં ધણી હોય, તે સમયે સેવકે તેને કાંઈ વાત કહેવાની હોય તો કહેવી નહીં. સેવકે જેમ રાજાની સાથે તેમજ રાજમાતા, પટ્ટરાણી, પાટવી કુમાર, મુખ્યમંત્રી, રાજગુરૂ અને દ્વારપાળ એટલા માણસોની સાથે પણ વર્તવું. 'પૂર્વે મેં જ એ સળગાવ્યો છે, માટે હું એની અવહીલના કરૂં, તો પણ એ મને બાળશે નહીં" એવી ખોટી સમજથી જો કોઈ માણસ પોતાની આંગળી દીવા ઉપર ધરે, તો તે તત્કાળ બાળી નાંખે છે. તેમ "મેં જ એને હિકમતથી રાજપદવીએ પહોંચાડયો છે, માટે ગમે તે કરૂં તો પણ મ્હારા ઉપર એ રૂષ્ટ થાય નહીં. એવી ખોટી સમજથી જો કોઇ માણસ રાજાને આંગલી અડાડે, તો પણ તે રૂષ્ટ થયા વગર રહે નહીં. માટે તે રૂષ્ટ ન થાય તેમ ચાલવું કોઇ પુરૂષ રાજાને ઘણો માન્ય હોય, તો પણ મનમાં તેણે તે વાતનો ગર્વ ન કરવો. કારણ કે, "ગર્વ વિનાશનું મૂળ છે." એમ કહ્યું છે. આ વિષય ઉપર એક વાત એવી સંભળાય છે કે:—

દિલ્હી શહેરના બાદશાહના મ્હોટા પ્રધાનને ઘણો ગર્વ થયો. તે મનમાં એમ સમજવા લાગ્યો કે, "રાજ્ય મ્હારા આધાર ઉપરજ ટકી રહ્યું છે." એક સમયે કોઇ મ્હોટા માણસ આગળ તેણે તેવી ગર્વની વાત પણ કહી દીધી તે વાત બાદશાહને કાને પડતાંજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે મુખ્ય પ્રધાનને પદ ઉપરથી ઉતારી મૂકયો, અને તેની જગ્યા ઉપર હાથમાં રાંપડી રાખનારો એક નજીકમાં મોચી હતો, તેને રાખ્યો. તે કામકાજના કાગળ ઉપર સહીની નીશાની તરીકે રાંપડી લખતો હતો. તેનો વંશ હજી દિલ્હીમાં હયાત છે.

## રાજસેવાની શ્રેષ્ઠતા.

આ રીતે રાજાદિક પ્રસન્ન થાય તો ઐશ્વર્ય આદિનો લાભ થવો અશક્ય નથી. કહ્યું છે કે—શેલડીનું ખેતર, સમુદ્ર, યોનિપોષણ અને રાજાનો પ્રસાદ એટલા વાના તત્કાળ દારિદ્રપણું દૂર કરે છે. સુખની વાંછા કરનારા અભિમાની લોકો રાજ આદિ લોકોની સેવા કરવાની ભલે નિંદા કરો; પણ રાજસેવા કર્યા વગર સ્વજનનો ઉદ્ધાર અને શત્રુનો સંહાર થાય નહીં. કુમારપાળ નાશી ગયો, ત્યારે વોસિરી બ્રાહ્મણે તેને સહાયતા આપી, તેથી તેણે પ્રસન્ન થઇ અવસર આવતાં તે બ્રાહ્મણને લાટદેશનું રાજ્ય આપ્યું. કોઈ દેવરાજ નામે રાજપુત્ર જિતશત્રુ રાજાને ત્યાં પોલિયાનું કામ કરતો હતો. તેણે એક સમયે સર્પનો ઉપદ્રવ દૂર કર્યો, તેથી પ્રસન્ન થએલા જિતશત્રુ રાજા, તે દેવરાજને પોતાનું રાજ્ય આપી પોતે દીક્ષા લઇ સિદ્ધ થયો. મંત્રી, શ્રેષ્ઠી, સેનાપતિ આદિનાં સર્વ કામો પણ રાજસેવામાંજ સમાઈ જાય છે. એ મંત્રી આદિનાં કામો ઘણાં પાપમય છે, અને પરિણામે કડવાં છે માટે ખરેખર જોતાં શ્રાવકે તે વર્જવાં. કહ્યું છે કે જે માણસને જે અધિકાર ઉપર રાખીએ, તેમાં તે ચોરી કર્યા વગર રહે નહીં. જુઓ, ધોબી પોતાનાં પહેરવાનાં વસ્ત્ર વેચાતા લઇને પહેરે છે કે શું? મનમાં અધિક અધિક ચિંતા ઉત્પન્ન કરનારા અધિકાર કારાગૃહ સમાન છે. રાજાના અધિકારીઓને પ્રથમ નહીં પણ પરિણામે બંધન થાય છે.

હવે સુશ્રાવક સર્વથા રાજાઓનું કામકાજ કરવાનું મૂકી ન શકે, તો પણ ગુપ્તિપાળ, કોટવાલ, સીમાપાળ વગેરેના અધિકાર તો ઘણા પાપમય અને નિર્દય માણસથી બની શકે એવા છે, માટે શ્રદ્ધાવંત શ્રાવકે તે જરૂર તજવાં. કેમકે—તલાર, કોટવાલ, સીમાપાળ, પટેલ આદિ અધિકારી કોઇ માણસને પણ સુખ દેતા નથી. બાકીના અધિકાર કદાચિત્ કોઇ શ્રાવક સ્વીકારે તો, તેણે મંત્રી વસ્તુપાળ તથા પૃથ્વીધરની પેઠે શ્રાવકોની સુકૃતની કીર્તિ થાય તેવી રીતે તે અધિકાર ચલાવવા; કેમકે—જે માણસોએ પાપમય એવાં રાજકાર્યો કરવા છતાં, તેની સાથે ધર્મનાં કૃત્યો કરીને પુણ્ય ઉપાર્જ્યું નહીં, તે માણસોને દ્રવ્યને અર્થે ધૂળ ધોનારા લોકો કરતાં પણ હું મૂઢ જાણું છું. પોતાની ઉપર રાજાની ઘણી કૃપા હોય તો પણ તે શાશ્વતપણું ધારી રાજાના કોઈ પણ માણસને કોપાવવો નહીં. તથા રાજા આપણને કાંઇ કાર્ય કરવા સોંપે તો રાજા પાસે તે કામ ઉપર ઉપરી માણસ માગવો. સુશ્રાવકે આ રીતે રાજસેવા કરવી. તે બનતાં સુધી શ્રાવક રાજાની જ કરવી. એ ઉચિત છે. કહ્યું છે કે—જ્ઞાન, દર્શન અને ચારિત્રથી યુક્ત એવો હું, કોઈ શ્રાવકને ઘેર દાસ થાઉં તો પણ સારૂં, પણ મિથ્યાત્વથી મોહિત મતિવાળો રાજા કે ચક્ર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્તીને થાઉં. હવે કદાચિત્ બીજું કાંઇ નિર્વાહનું સાધન ન હોય, તો સમકિતના પચ્ચખાણમાં "વિત્તીકંતારેણં" એવો આગાર રાખ્યો છે, તેથી કોઇ શ્રાવક જો મિથ્યાદૃષ્ટિની સેવા કરે, તો પણ તેણે પોતાની શક્તિ અને યુક્તિથી કરી શકાય તેટલી સ્વધર્મની પીડા ટાળવી. તથા બીજા કોઇ પ્રકારે થોડો પણ શ્રાવકને ઘેર નિર્વાહ થવાનો યોગ મળે, તો મિથ્યાદૃષ્ટિની સેવા મૂકી દેવી. એ પ્રકારે સેવાવિધિ કહ્યો છે.

સોનું વગેરે ધાતુ, ધાન્ય, વસ્ત્ર ઇત્યાદિ વસ્તુના ભેદથી ભિક્ષા અનેક પ્રકારની છે. તેમાં સર્વસંગપરિત્યાગ કરનારા મુનિરાજના ધર્મકાર્યના રક્ષણને અર્થે આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે વસ્તુની ભિક્ષા ઉચિત છે; કેમકે—હે ભગવતિ ભિક્ષે ! તું પ્રતિદિન પરિશ્રમ વિના મળી શકે એવી છે, ભિક્ષુક લોકોની માતા સમાન છે, સાધુ મુનિરાજની તો કલ્પવલ્લી છે, રાજાઓ પણ તને નમે છે, તથા તું નરકને ટાળનારી છે, માટે હું તને નમસ્કાર કરૂં છું. બાકી સર્વ પ્રકારની ભિક્ષા માણસને અતિશય લઘુતા ઉત્પન્ન કરનારી છે કેમકે માણસ જ્યાં સુધી મ્હોંડેથી "આપો" એવો શબ્દ બોલે નહીં., એટલી માગણી કરે નહીં, ત્યાં સુધી તેનામાં રૂપ, ગુણ, લજ્જા, સત્યતા, કુલીનતા અને અહંકાર રહેલાં છે એમ જાણવું. તૃણ બીજી વસ્તુ કરતાં હલકું છે, રૂ તૃણ કરતાં હલકું છે, અને યાચક તો રૂ કરતાં પણ હલકો છે, ત્યારે એને પવન કેમ ઉડાડીને લઇ જતો નથી ? તેનું કારણ એ છે કે, પવનના મનમાં એવો ભય રહે છે કે, હું એને (યાચકને) લઇ જઉં તો મારી પાસે એ કાંઇ માગશે, રોગી, ઘણા કાળ સુધી પ્રવાસ કરનાર, નિત્ય પારકું અન્ન ભક્ષણ કરનાર અને પારકે ઘેર સુઇ રહેનાર એટલા માણસોનું જીવિત મરણ સમાન છે. એટલુંજ નહીં પણ મરણ પામવું તે એમને સારી વિશ્રાંતિ છે. ભિક્ષા માગીને નિર્વાહ કરનારો માણસ નિષ્કાળજી, બહુ ખાનારો, આળસુ અને ઘણી નિદ્રા લેનારો હોવાથી જગતમાં તદ્દન નકામો થાય છે. વળી એમ પણ વાર્તા કહેવાય છે કેઃ—

## ભીક્ષાનું ખાવાથી થતો અનર્થ.

કોઇ કાપાલિકના ભિક્ષા માગવાના ઠીકરામાં એક ઘાંચીના બળદે મ્હોડું ઘાલ્યું ત્યારે ઘણો કોલાહલ કરીને કાપાલિકે કહ્યું કે, "મને બીજી ઘણી ભિક્ષા મળશે, પણ એ બળદે ભિક્ષાના વાસણમાં મ્હોડું ઘાલ્યું, તેથી રખેને એનામાં ભિક્ષાચરના આળસ, બહુ નિદ્રા આદિ ગુણ આવેથી, આ નકામો થઇ પડે માટે મને બહુ દિલગીરી થાય છે.

## ભિક્ષાના ત્રણ ભેદ.

શ્રીહરિભદ્રસૂરિએ પાંચમા અષ્ટકમાં ત્રણ પ્રકારની ભિક્ષા કહી છે. તે એ કે—તત્ત્વના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ પુરુષોએ ૧ સર્વસંપત્કરી, ૨ પૌરુષઘ્ની, અને ૩ વૃત્તિભિક્ષા. આ રીતે ત્રણ પ્રકારની ભિક્ષા કહી છે. ગુરુની આજ્ઞામાં રહેલા, ધર્મધ્યાન આદિ શુભ ધ્યાન કરનારા અને યાવજ્જીવ સર્વ આરંભથી નિવૃત્તિ પામેલા સાધુઓની ભિક્ષા સર્વસંપત્કરી કહેવાય છે. જે પુરુષ પંચ મહાવ્રતને અંગીકાર કરીને યતિધર્મને વિરોધ આવે એવી રીતે ચાલે, તે ગૃહસ્થની પેઠે સાવદ્ય આરંભ કરનારા સાધુની ભિક્ષા પૌરુષઘ્ની કહેવાય છે. કારણ કે, ધર્મની લઘુતા ઉત્પન્ન કરનારો તે મૂઢ સાધુ, શરીરે પુષ્ટ છતાં દીન થઈ ભિક્ષા માગીને ઉદરપોષણ કરે, તેથી તેનો કેવળ પુરુષાર્થ નાશ પામે છે. દરિદ્રી, આંધળા, પાંગળા તથા બીજા પણ જેમનાથી કાંઈ ધંધો થઈ શકે એમ નથી; એ લોકો જે પોતાની આજીવિકાને અર્થે ભિક્ષા માગે છે તે વૃત્તિભિક્ષા કહેવાય છે. વૃત્તિભિક્ષામાં બહુ દોષ નથી, કારણ કે તેના માગનારા દરિદ્રી આદિ લોકો ધર્મને લઘુતા ઉપજાવતા નથી, મનમાં દયા લાવી લોકો તેમને ભિક્ષા આપે છે. માટે ગૃહસ્થે અને વિશેષ કરી ધર્મી શ્રાવકે ભિક્ષા માગવી વર્જવી.

બીજું કારણ એ છે કે, ભિક્ષા માગનાર પુરુષ ગમે તેટલું શ્રેષ્ઠ ધર્માનુષ્ઠાન કરે તો પણ જેમ દુર્જનની મૈત્રીથી દોષો છે તેમ તેનાથી લોકમાં અવજ્ઞા, નિંદા વગેરે થાય અને જે જીવ ધર્મની નિંદા કરાવનારો થાય, તેને સમ્યક્ત્વ પ્રાપ્તિ આદિ થવું મુશ્કેલ છે. ઓઘનિર્યુક્તિમાં સાધુ આશ્રયી કહ્યું છે કે, ષટ્જીવનિકાય ઉપર દયા રાખનાર સંયમી પણ, આહાર નિહાર કરતાં તથા ગોચરીએ અન્ન ગ્રહણ કરતાં જો કાંઈ ધર્મની નિંદા ઉપજાવે, તો બોધિલાભ દુર્લભ થાય. ભિક્ષા માગવાથી કોઈને લક્ષ્મી અને સુખ વગેરેની પ્રાપ્તિ થતી નથી. કહ્યું છે કે—પૂર્ણ લક્ષ્મી વ્યાપારની અંદર વસે છે, થોડી ખેતીમાં છે, સેવામાં નહીં જેવી છે અને ભિક્ષામાં તો બિલકુલ છે જ નહીં. ઉદરપોષણ માત્ર તો ભિક્ષાથી પણ થાય છે. તેથી અંધ પ્રમુખને તે આજીવિકાનું સાધન થઈ પડે છે. મનુસ્મૃતિના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે—ઋત, અમૃત, મૃત, પ્રમૃત અને સત્યાનૃત એટલા ઉપાયથી પોતાની આજીવિકા કરવી, પરંતુ નીચ સેવા કરી પોતાનો નિર્વાહ કદી પણ ન કરવો. ચોટામાં પડેલા દાણા વીણવા તે ઋત કહેવાય છે. યાચના કર્યા વગર મળેલું તે અમૃત અને યાચના કરવાથી મળેલું તે મૃત કહેવાય છે. પ્રમૃત તે ખેતી અને સત્યાનૃત એટલે વેપાર જાણવો. વણિક લોકોને તો દ્રવ્ય સંપાદન કરવાનો મુખ્ય માર્ગ વ્યાપાર જ છે. કહ્યું છે કે—લક્ષ્મી વિષ્ણુના વક્ષસ્થળે અથવા કમળ વનમાં રહેતી નથી, પણ પુરુષોના ઉદ્યમરૂપ સમુદ્રમાં તેનું મુખ્યસ્થાન છે. વિવેકી પુરુષે પોતાનો અને પોતાના સહાયક ધન, બળ, ભાગ્યોદય, દેશ, કાળ આદિનો વિચાર કરીને જ વ્યાપાર કરવો; નહીં તો ખોટ વગેરે આવવાનો સંભવ રહે છે. અમે કહ્યું છે કે—બુદ્ધિશાળી પુરુષે પોતાની શક્તિ હોય તે પ્રમાણેજ કાર્ય કરવું. તેમ ન કરે તો લોકમાં કાર્યની અસિદ્ધિ, લજ્જા, લોકમાં ઉપહાસ, હીલના તથા લક્ષ્મીની અને બળની હાનિ થાય. અન્ય ગ્રંથકારોએ પણ કહ્યું છે કે—દેશ કયો છે? મ્હારા સહાય્યકારી કેવા છે? કાળ કેવો છે? મ્હારે આવક તથા ખર્ચ કેટલું છે? હું કોણ છું અને મ્હારી શક્તિ કેટલી છે? એ વાતનો હરરોજ વારંવાર વિચાર કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીઘ્ર હાથ આવનારાં, વિઘ્ન વિનાનાં, પોતાની સિદ્ધિને અર્થે ઘણાં સાધનો ધરાવનારાં એવાં કારણો પ્રથમથી જ શીઘ્ર કાર્યની સિદ્ધિ સૂચવે છે. યત્ન વગર પ્રાપ્ત થનારી અને યત્નથી પણ પ્રાપ્ત ન થનારી લક્ષ્મી પુણ્ય અને પાપમાં કેટલો ભેદ છે ? તે જણાવે છે.

## વ્યાપારમાં વ્યવહારશુદ્ધિ અને તેના ભેદ.

વ્યાપારના વ્યવહારની શુદ્ધિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ભેદથી ચાર પ્રકારની છે.

## દ્રવ્યશુદ્ધિ.

તેમાં દ્રવ્યશુદ્ધિ તે પંદર કર્માદાન આદિનું કારણ એવું કરિયાણું સર્વથા વર્જવું. કહ્યું છે કે—ધર્મને પીડા કરનારૂં તથા લોકમાં અપયશ ઉત્પન્ન કરનારૂં કરિયાણું ઘણો લાભ થતો હોય, તો પણ પુણ્યાર્થી લોકોએ કદિ ન લેવું કે ન રાખવું. તૈયાર થએલાં વસ્ત્ર, સૂતર, નાણું, સુવર્ણ અને રૂપું વિગેરે વ્યાપારની ચીજ પ્રાયે નિર્દોષ હોય છે. વ્યાપારમાં જેમ આરંભ ઓછો થાય, તેમ હમેશાં ચાલવું. દુર્ભિક્ષ આદિ આવે છતે બીજી કોઇ રીતે નિર્વાહ ન થતો હોય તો, ઘણા આરંભથી થાય એવો વ્યાપાર તથા ખરકર્મ વગેરે પણ કરે. તથાપિ ખરકર્મ વગેરે કરવાની ઇચ્છા મનમાં ન રાખવી. તેવો પ્રસંગ આવે કરવું પડે તો પોતાના આત્માની અને ગુરૂની સાખે તેની નિંદા કરવી. તથા મનમાં લજ્જા રાખીને જ તેવાં કાર્ય કરવાં.

JAINSITE जैनम् जयति शासनम्

સિદ્ધાંતમાં ભાવ શ્રાવકના લક્ષણમાં કહ્યું છે કે—સુશ્રાવક તીવ્ર આરંભ વર્જે, અને તે વિના નિર્વાહ ન થતો હોય તો મનમાં તેવા આરંભની ઇચ્છા ન રાખતાં કેવળ નિર્વાહને અર્થેજ તીવ્ર આરંભ કરે; પણ આરંભ પરિગ્રહ રહિત એવા ધન્યવાદને લાયક જીવોની સ્તુતિ કરવી. તથા સર્વ જીવ ઉપર દયાભાવ રાખવો. જે મનથી પણ કોઇ જીવને પીડા ઉપજાવતા નથી અને જે આરંભના પાપથી વિરતિ પામેલા છે. એવા ધન્ય મહામુનિઓ ત્રણકોટિયે શુદ્ધ આહાર ગ્રહણ કરે છે.

## કેવા માલનો વ્યાપાર ન કરવો ?

નહીં દીઠેલું તથા નહીં પારખેલું કરિયાણું ગ્રહણ ન કરવું. તથા જેને વિષે લાભ થાય કે ન થાય ? એવી શંકા હોય, અથવા જેમાં બીજી ઘણી વસ્તુ ભેગી થએલી હોય એવું કરિયાણું ઘણા વ્યાપારીઓએ પાંતિથી લેવું. એટલે વખતે ખોટ આવે તો સર્વેને સરખે ભાગે આવે, કેમકે—વ્યાપારી પુરૂષ વ્યાપારમાં ધન મેળવવા ઇચ્છતો હોય તો, તેણે કરિયાણાં દીઠા વિના બાનું ન આપવું, અને આપવું હોય તો બીજા વ્યાપારીઓની સાથે આપવું.

## ક્ષેત્રશુદ્ધિ.

ક્ષેત્રથી તો જ્યાં સ્વચક્ર, પરચક્ર, માંદગી અને વ્યસન આદિનો ઉપદ્રવ ન હોય, તથા ધર્મની સર્વ સામગ્રી હોય, તે ક્ષેત્રમાં વ્યાપાર કરવો. બીજે બહુ લાભ થતો હોય તો પણ ન કરવો.

## કાલશુદ્ધિ.

કાળથી તો બાર માસની અંદર આવતી ત્રણ અઠ્ઠાઈઓ, પર્વતિથિ વ્યાપારમાં વર્જવી, અને વર્ષાદિ ઋતુ આશ્રયી જે જે વ્યાપારનો સિદ્ધાંતમાં નિષેધ કર્યો છે, તે તે વ્યાપાર પણ વર્જવો. કઈ ઋતુમાં કયો વ્યાપાર વર્જવો? તે આ ગ્રંથમાંજ કહીશું.

## ભાવશુદ્ધિ.

ભાવથી તો વ્યાપારના ઘણાં ભેદ છે. તે આ રીતેઃ—ક્ષત્રિય જાતના વ્યાપારી તથા રાજા વગેરે એમની સાથે થોડો વ્યવહાર કર્યો હોય તો પણ પ્રાયે તેથી લાભ થતો નથી. પોતાને હાથે આપેલું દ્રવ્ય માગતાં પણ જે લોકોથી ડર રાખવો પડે, તેવા શસ્ત્રધારી આદિ લોકોની સાથે થોડો વ્યવહાર કરવાથી પણ લાભ ક્યાંથી થાય? કહ્યું છે કે—ઉત્તમ વણિકે ક્ષત્રિય વ્યાપારી, બ્રાહ્મણ વ્યાપારી તથા શસ્ત્રધારી એમની સાથે કોઈ કાળે પણ વ્યવહાર ન રાખવો. તથા પાછળથી આડું બોલનાર લોકોની સાથે ઉધારનો વ્યાપાર પણ ન કરવો, કેમકે—વસ્તુ ઉધાર ન આપતાં સંગ્રહ કરી રાખે, તો પણ અવસર આવે તેના વેચવાથી મૂળ કિમ્મત જેટલું નાણું તો ઉપજશે. પણ આડું બોલનારા લોકોને ઉધાર આપ્યું હોય તો તેટલું દ્રવ્ય પણ ઉત્પન્ન ન થાય. તેમાં વિશેષે કરી નટ, વિટ ( વેશ્યાના દલાલ ), વેશ્યા તથા દ્યૂતકાર ( જુગારી ) એમની સાથે ઉધારનો વ્યાપાર થોડો પણ ન કરવો. કારણ કે, તેથી મૂળ દ્રવ્યનો પણ નાશ થાય છે. વ્યાજ વટાવનો વ્યાપાર પણ જેટલું દ્રવ્ય આપવું હોય, તે કરતાં અધિક મૂલ્યની વસ્તુ ગિરવી રાખીનેજ કરવો ઉચિત છે. તેમ ન કરે તો, ઉઘરાણી કરતાં ઘણો કલેશ તથા વિરોધ થાય. વખતે ધર્મની હાનિ થાય, તથા લાંઘવા બેસવા આદિ અનેક અનર્થ પણ ઉત્પન્ન થાય. આ વિષય ઉપર એક વાત એવી સંભળાય છે કે:—

## મુગ્ધશેઠનું દૃષ્ટાંત.

જિનદત્ત નામે એક શ્રેષ્ઠી તથા તેનો મુગ્ધ નામે એક પુત્ર હતો. મુગ્ધ પોતાના નામ પ્રમાણે ઘણો ભોળો હતો. પોતાના બાપની મહેરબાનીથી તે સુખમાં લીલાલહેર કરતો હતો. અવસર આવતાં જિનદત્ત શ્રેષ્ઠીએ દસ પેઢીથી શુદ્ધ કુળમાં ઉત્પન્ન થએલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નંદિવર્ધન શ્રેષ્ઠીની કન્યાની સાથે મ્હોટા ઉત્સવથી પોતાના પુત્રને પરણાવ્યો. આગળ જતાં પુત્રની ભલમનસાઇ જેવી અગાઉ હતી તેવીજ જોવામાં આવી, ત્યારે જિનદત્ત શ્રેષ્ઠીએ ગૂઢ અર્થના વચનથી તેને આ રીતે ઉપદેશ કર્યો. " હે વત્સ ! ૧ સર્વ ઠેકાણે દાંતની વાડ રાખવી. ૨ કોઇને વ્યાજે દ્રવ્ય ધીર્યા પછી તેની ઉઘરાણી ન કરવી. ૩ બંધનમાં પડેલી સ્રીને મારવી. ૪ મીઠુંજ ભોજન કરવું. ૫ સુખેજ નિદ્રા લેવી. ૬ ગામે ગામ ઘર કરવું. ૭ દરિદ્રાવસ્થા આવે તો ગંગાતટ ખોદવો. ૮ ઉપર કહેલી વાતમાં કાંઇ શંકા પડે તો પાટલિપુત્ર નગરે જઇ ત્યાં સોમદત્ત શ્રેષ્ઠી નામે મ્હારો સ્નેહી રહે છે તેને પૂછવું. મુગ્ધશ્રેષ્ઠીએ પિતાનો આ ઉપદેશ સાંભળ્યો પણ તેનો ભાવાર્થ તેના સમજવામાં આવ્યો નહીં. આગળ જતાં તે મુગ્ધશ્રેષ્ઠી ઘણો દુઃખી થયો. ભોળપણમાં સર્વ નાણું ખોયું. સ્રી આદિ લોકોને તે અપ્રિય લાગવા લાગ્યો. " એકે કામ એનું પાર પડતું નથી. એની પાસેનું નાણું પણ ખૂટી ગયું એ મહામૂર્ખ છે. " એવી રીતે લોકમાં તેની હાંસી થવા લાગી.

પછી તે ( મુગ્ધ શ્રેષ્ઠી ) પાટલીપુત્ર નગરે ગયો. સોમદત્ત શ્રેષ્ઠીને પિતાના ઉપદેશનો ભાવાર્થ પૂછ્યો. સોમદત્તે કહ્યું. " સર્વ ઠેકાણે દાંતની વાડ રાખવી એટલે મુખમાંથી ખોટું વચન બોલવું નહીં. અર્થાત્ સર્વ લોકને પ્રિય લાગે એવું વચન બોલવું. ૨ કોઇને વ્યાજે પૈસા ધીર્યા પછી તેની ઉઘરાણી ન કરવી. એટલે પ્રથમથીજ અધિકાર મૂલ્યવાળી વસ્તુ ગિરવી રાખીને દ્રવ્ય ધીરવું કે, જેથી દેણદાર પોતે આવીને વ્યાજ સહિત નાણું પાછું આપી જાય. ૩ બંધનમાં પડેલી સ્રીને મારવી એટલે પોતાની સ્રીને જો પુત્ર અથવા પુત્રી થઇ હોય, તો જ તેની તાડના કરવી. તેમ ન હોય તો તે તાડના કરવાથી રોષ કરીને પિયર અથવા બીજે કોઇ સ્થળે જાય. અથવા કૂવામાં પડીને કિંવા બીજી કોઇ રીતે આપઘાત કરે. ૪ મીઠુંજ ભોજન કરવું, એટલે જ્યાં પ્રીતિ તથા આદર દેખાય ત્યાંજ ભોજન કરવું. કારણ કે, પ્રીતિ તથા આદર એજ ભોજનની ખરેખર મીઠાશ છે. અથવા ભૂખ લાગે ત્યારેજ ખાવું એટલે સર્વ મીઠુંજ લાગે. ૫ સુખેજ નિદ્રા કરવી એટલે જ્યાં કોઇ પ્રકારની શંકા ન હોય, ત્યાંજ રહેવું એટલે ત્યાં સુખે નિદ્રા આવે. અથવા આંખમાં નિદ્રા આવે ત્યારેજ સૂઇ રહેવું, એટલે સુખે નિદ્રા આવે. ૬ ગામે ગામ ઘર કરવું એટલે ગામે ગામે એવી મૈત્રી કરવી કે, જેથી પોતાના ઘરની પેઠે ત્યાં ભોજનાદિક સુખે મળી શકે. ૭ દરિદ્રાવસ્થા આવે તો ગંગાતટ ખોદવો એટલે ત્હારા ઘરમાં જ્યાં ગંગા નામે ગાય બંધાય છે, તે ભૂમિ ખોદવી જેથી પિતાએ દાટી રાખેલું નિધાન તને ઝટ મળે. " સોમદત્ત શ્રેષ્ઠોના મુખથી એ ભાવાર્થ સાંભળી મુગ્ધશ્રેષ્ઠીએ તે પ્રમાણે કર્યું, તેથી તે દ્રવ્યવાન, સુખી અને લોકમાં માન્ય થયો. એ રીતે પુત્રશિક્ષાનું દૃષ્ટાંત કહ્યું છે.

માટે ઉધારનો વ્યવહાર ન જ રાખવો. કદાચિત્ તે વિના ન ચાલે તો સત્ય બોલનાર લોકોની સાથેજ રાખવો. વ્યાજ પણ દેશ, કાળ આદિનો વિચાર કરીનેજ એક, બે, ત્રણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર, પાંચ અથવા એથી વધારે ટકા લેવું, પણ તે એવી રીતે કે, જેથી શ્રેષ્ટ લોકોમાં આપણી હાંસી ન થાય. દેવાદારે પણ કહેલી મુદતની અંદરજ દેવું પાછું આપવું. કારણ કે, માણસની પ્રતિષ્ટા મુખમાંથી નીકળેલું વચન પાળવા ઉપરજ આધાર રાખે છે; કેમકે —જેટલાં વચનનો નિર્વાહ કરી શકો, તેટલાંજ વચન તમે મુખમાંથી બહાર કાઢો. અર્ધા માર્ગમાં મૂકવો ન પડે, તેટલોજ ભાર પ્રથમથી ઉપાડવો. કદાચિત્ કાંઇ ઓચિંતા કારણથી ધનની હાની થઇ જાય, અને તેથી કરેલી કાળ મર્યાદામાં ઋણ પાછું ન વાળી શકે, તો કટકે કટકે લેવાનું કબુલ કરાવી લેણદારને સંતોષ કરવો. એમ ન કરે તો વિશ્વાસ ઉઠી જવાથી વ્યવહારમાં વાંધો પડે.

વિવેકી પુરૂષે પોતાની સર્વ શક્તિથી ઋણ ઉતારવાનો પ્રયત્ન કરવો. આ ભવે અને પર ભવે દુઃખ દેનારૂં ઋણ ક્ષણ માત્ર પણ માથે રાખે એવો કોણ મૂઢમતિ હશે ? કહ્યું છે કે—ધર્મનો આરંભ, ઋણ ઉતારવું, કન્યાદાન, ધન મેળવવું, શત્રુનો ઉચ્છેદ, અને અગ્નિનો તથા રોગનો ઉપદ્રવ મટાડવો એટલાં વાનાં જેમ બને તેમ જલદીથી કરવાં. શરીરે તેલનું મર્દન કરવું, ઋણ ઉતારવું અને કન્યાનું ( દીકરીનું ) મરવું એ ત્રણ વાનાં પ્રથમ દુઃખ દઇને પાછલથી સુખ આપે છે. પોતાનું ઉદરપોષણ કરવાને પણ અસમર્થ હોવાથી જો ઋણ પાછું આપી ન શકાય તો, પોતાની યોગ્યતા માફક શાહુકારની સેવા કરીને પણ ઋણ ઉતારવું. એમ ન કરે તો આવતે ભવે શાહુકારને ત્યાં સેવક, પાડો, બળદ, ઉંટ, ગર્દભ, અચ્ચર, અશ્વ આદિ થવું પડે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ઉત્તમ લેણદાર કોણ ?

શાહુકારે પણ ઋણ પાછું વાળવા અસમર્થ હોય તેની પાસે માગવું નહીં. કારણ કે, તેથી ફોગટ સંકલેશ તથા પાપની વૃદ્ધિ માત્ર થવાનો સંભવ રહે છે. માટે એવા નાદારને શાહુકારે કહેવું કે, "તને આપવાની શક્તિ આવે ત્યારે મ્હારૂં ઋણ આપજે અને ન આવે તો મ્હારૂં એટલું દ્રવ્ય ધર્મખાતે થાઓ." દેવાદારે ઘણા કાળ સુધી ઋણનો સંબંધ માથે ન રાખવો; કારણ કે, તેમ કરવાથી વખતે આયુષ્ય પૂરું થઇ જાય તો, આવતે ભવે પાછો બે ઋણનો સંબંધ હોઇ વૈર વગેરે વધે છે. ભાવડ શ્રેષ્ઠીને પૂર્વભવના ઋણના સંબંધથીજ પુત્ર થયા એવી વાત સંભળાય છે, તે નીચે લખી છેઃ—

## ભાવડશેઠનું દૃષ્ટાંત.

ભાવડ નામે એક શ્રેષ્ઠી હતો. તેની સ્ત્રીને પેટે એક જીવ અવતર્યો તે વખતે ખોટાં સ્વપ્ન આવ્યાં, તથા શ્રેષ્ઠીની સ્ત્રીને દોહલા પણ ઘણા જ માઠા ઉત્પન્ન થયા. બીજા પણ ઘણા અપશુકન થયા. સમય પૂર્ણ થયે શ્રેષ્ઠીને મૃત્યુયોગ ઉપર દુષ્ટ પુત્ર થયો. તે ઘરમાં રખાય નહીં, તેથી માહણી નદીને કાંઠે એક સૂકાયલા વૃક્ષની નીચે તે બાળકને મૂક્યો.

ત્યારે તે બાળકે પ્રથમ રૂદન કરી અને પાછળથી હસીને કહ્યું કે, "એક લાખ સોનૈયા હું તમારી પાસે માગું છું, તે આપો; નહીં તો તમારા ઉપર ઘણા અનર્થ આવી પડશે." તે સાંભળી ભાવડ શ્રેષ્ઠીએ પુત્રનો જન્મોત્સવ કરી છઠ્ઠે દિવસે એક લાખ સોનૈયા વાવર્યા ત્યારે તે બાળક મરણ પામ્યો. એ જ રીતે બીજો પુત્ર પણ ત્રણ લાખ સોનયા આપ્યા ત્યારે મરણ પામ્યો. ત્રીજો પુત્ર થવાને અવસરે સ્વપ્ન તથા શકુન પણ સારા થયા. પુત્ર ઉત્પન્ન થયા પછી તેણે કહ્યું કે, "મ્હારે ઓગણીશ લાખ સોનૈયા લેવાના છે." એમ કહી તેણે માબાપ પાસેથી ઓગણીસ લાખ સોનૈયા ધર્મખાતે કઢાવ્યા. પછી તે નવ લાખ સોનૈયા ખરચીને કાશ્મીર દેશમાં શ્રી ઋષભદેવ ભગવાન્, શ્રી પુંડરીક ગણધર અને ચક્રેશ્વરી દેવી એ ત્રણની પ્રતિમા લઇ ગયો. દસ લાખ સોનૈયા ખરચીને ત્યાં પ્રતિમાઓના પ્રતિષ્ઠા કરાવી. પછી ઉપાર્જન કરેલું અસંખ્ય સુવર્ણ અઢાર વહાણમાં ભરીને તે શત્રુંજયે ગયો. ત્યાં લેપ્યમય પ્રતિમાઓ હતી, તે કાઢીને તેને ઠેકાણે તેણે મમ્માણી રત્નની પ્રતિમાઓ સ્થાપન કરી. આ રીતે ઋણ ભવાંતરે વાળવું પડે, એ વિષય ઉપર ભાવડ શ્રેષ્ઠીની કથા કહી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

ઋણના સંબંધમાં પ્રાયે કલહ તથા વૈરની વૃદ્ધિ વગેરે થાય છે, તે લોકમાં પ્રસિદ્ધ છે માટે ઋણનો સંબંધ ચાલતા ભવમાં જ ગમે તે ઉપાય કરીને વાળી નાંખવો. બીજું, વ્યવહાર કરતાં જો દ્રવ્ય પાછું ન આવે, તો મનમાં એમ જાણવું કે, તેટલું દ્રવ્ય મેં ધર્માર્થે વાપર્યું. આપેલું દ્રવ્ય ઉઘરાણી કરતાં પણ પાછું ન મળે તો, તે ધર્માર્થે ગણવાનો માર્ગ રહે, તે માટે જ વિવેકી પુરૂષે સાધર્મિક ભાઈઓની સાથેજ મુખ્ય માર્ગે વ્યવહાર કરવો, એ યોગ્ય છે. મ્લેચ્છ આદિ અનાર્ય લોકો પાસે લેણું હોય, અને તે જો પાછું ન આવે તો તે દ્રવ્ય ધર્માર્થે છે એવું ચિંતવવાને કાંઇ પણ રસ્તો નથી, માટે તેનો કેવળ ત્યાગ કરવો અર્થાત્ તેના ઉપરથી પોતાની મમતા છોડી દેવી. કદાચિત ત્યાગ કર્યા પછી તે દ્રવ્ય દેણદાર આપે તો તે શ્રીસંઘને ધર્માર્થે વાપરવાને અર્થે સોંપવું. તેમજ દ્રવ્ય, શસ્ત્ર આદિ આયુધ અથવા બીજી પણ કોઈ વસ્તુ ખોવાઇ જાય, અને પાછી મળવાનો સંભવ ન રહે, ત્યારે તેનો પણ ત્યાગ કરવો જોઇએ. એમ કરવાથી જો ચોર આદિ ચોરાઇ ગએલી વસ્તુનો ઉપયોગ પાપકર્મમાં કરે, તો તે દ્વારા થતાં, પાપના ભાગીયા આપણે થતા નથી એટલો લાભ છે. વિવેકી પુરુષે પાપનો અનુબંધ કરનારી, અનંતા ભવ સંબંધી શરીર, ગૃહ, કુટુંબ, દ્રવ્ય શસ્ત્ર, આદિ વસ્તુનો આ રીતે ત્યાગ કરવો. એમ ન કરે તો અનંતા ભવ સુધી તેમના (તે વસ્તુના) સંબંધથી થનારાં માઠાં ફળ ભોગવવાં પડે.

આ અમારૂં વચન સિદ્ધાંતથી વિરુદ્ધ છે, એમ નથી. શ્રી ભગવતી સૂત્રના પાંચમાં શતકના છઠ્ઠા ઉદ્દેશામાં શિકારીએ હરિણને માર્યો, ત્યારે જે ધનુષ્યથી, બાણથી, ધનુષ્યની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોરીથી તથા લોઢાથી હરિણ હણાયો તે ધનુષ્ય, બાણ વગેરેના મૂળ જીવોને પણ હિંસાદિ પાંચ ક્રિયા લાગે એમ કહ્યું છે. વિવેકી પુરુષે કોઇ ઠેકાણે કાંઇ ધનહાનિ આદિ થાય તો, તેથી મનમાં દિલગીર ન થવું. કારણ કે દિલગીરી ન કરવી એ જ લક્ષ્મીનું મૂળ છે. કહ્યું છે કે-દૃઢ નિશ્ચયવાળો કુશળ, ગમે તેટલા કલેશને ખમનારો અને અહોરાત્ર ઉદ્યમ કરનારો માણસ પાછળ લાગે તો લક્ષ્મી કેટલી દૂર જવાની? જ્યાં ધનનું ઉપાર્જન કરાય ત્યાં થોડું ઘણું પણ ધન તો નાશ પામે જ. ખેડૂતને વાવેલા બીજથી ઉત્પન્ન થએલા ધાન્યના પર્વત સરખા ઢગલા મળે, તો પણ વાવેલું બીજ તેને પાછું મળતું નથી. તેમ જ્યાં ઘણો લાભ થાય, ત્યાં થોડી પણ ખોટ ખમવીજ પડે. કોઇ સમયે દુર્દૈવથી ધનની ઘણી હાનિ થાય, તો પણ વિવેકી પુરુષે દીનતા ન કરવી; પણ ઉપર કહેલી રીત પ્રમાણે ખોટ ગએલું દ્રવ્ય ધર્માર્થે ચિંતવવું. તેમ કરવાને માર્ગ ન હોય તો તેનો મનથી ત્યાગ કરવો, અને લેશ માત્ર પણ ઉદાસીનતા ન રાખવી. કહ્યું છે કે—કરમાયેલું વૃક્ષ પાછું નવપલ્લવિત થાય છે, અને ક્ષીણ થએલો ચંદ્રમા પણ પાછો પરિપૂર્ણ દશામાં આવે છે. એમ વિચાર કરનારા સત્પુરુષો આપત્કાળ આવે મનમાં ખેદ કરતા નથી. સંપત્તિ અને વિપત્તિ એ બન્ને મ્હોટા પુરુષોને ભોગવવી પડે છે. જુઓ ચંદ્રમાને વિષે જ ક્ષય અને વૃદ્ધિ દેખાય છે, પણ નક્ષત્રોને વિષે દેખાતી નથી. હે આમ્રવૃક્ષ! "ફાગણ માસે મ્હારી સર્વ શોભા એકદમ હરણ કરી" એમ જાણી તું શા માટે ઝાંખો પડે છે? થોડા સમયમાં વસંતઋતુ આવતાં પાછી પૂર્વે હતી તેવીજ ત્હારી શોભા તને અવશ્ય મળશે. આ વિષય ઉપર દૃષ્ટાંત કહેવાય છે, જે નીચે પ્રમાણે છે—

## આભડ શેઠનું દૃષ્ટાંત.

પાટણમાં શ્રીમાળી નામનો નાગરાજ નામે એક કોટિધ્વજ શ્રેષ્ઠી હતો, અને મેલાદેવી નામે તેની સ્ત્રી હતી. એક સમયે મેલાદેવી ગર્ભવતી હતી ત્યારે નાગરાજ શ્રેષ્ઠી કોલેરાના રોગથી મરણ પામ્યો. 'શ્રેષ્ઠીને પુત્ર નથી' એમ જાણી રાજાએ તેનું સર્વ ધન પોતાના કબજામાં લઇ લીધું ત્યારે મેલાદેવી પોતાને પિયર ધોળકે ગઇ. ગર્ભના સુલક્ષણથી મેલાદેવીને અમારી પડહ વજડાવવાનો દોહલો ઉત્પન્ન થયો તે તેના પિતાએ પૂર્ણ કર્યો. અવસર આવ્યે પુત્ર થયો તેનુ અભય એવું નામ રાખ્યું. તે લોકોમાં "આભડ" એવા નામે પ્રખ્યાત થયો. પાંચ વર્ષનો થયો ત્યારે તેને નિશાળે ભણવા મોકલ્યો. એક વખતે સાથે ભણનાર બીજા બાળકોએ એને ઉપહાસથી "નબાપો, નબાપો." એમ કહ્યું. તેણે ઘેર આવી ઘણા આગ્રહથી માતાને પિતાનું સ્વરૂપ પૂછ્યું. માતાએ સત્ય વાત બની હતી તે આભડને કહી. પછી આભડ ઘણા આગ્રહથી અને હર્ષથી પાટણ ગયો, અને ત્યાં વ્યાપાર કરવા લાગ્યો. અનુક્રમે તે આભડ લાછલદેવી નામે કન્યા પરણ્યો. પિતાએ દાટેલું નિધાન આદિ મળવાથી તે પણ કોટીધ્વજ થયો. તેને ત્રણ પુત્ર થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુક્રમે સમય જતાં માઠા કર્મના ઉદયથી તે આભડ નિર્ધન થયો. પોતાના ત્રણ પુત્રો સહિત તેણે સ્ત્રીને પિયર મોકલી દીધી અને પોતે મણિહારની દુકાન ઉપર મણિ આદિ ઘસવાના કામ ઉપર રહ્યો. તેને એક માપ જવ મળતા હતા. તેને તે પોતે દળીને તથા રાંધીને ખાતો હતો. લક્ષ્મીની ગતિ એવી વિચિત્ર છે. કહ્યું છે કે—જે લક્ષ્મી સ્નેહથી ખોળામાં બેસારનાર સમુદ્રના અને કૃષ્ણના રાજમહેલમાં સ્થિર ન રહી, તે લક્ષ્મી બીજા ઉડાઉ લોકોના ઘરમાં શી રીતે સ્થિર રહે ? એક સમયે આભડ શ્રીહેમાચાર્યજી પાસેથી પરિગ્રહ પરિમાણ વ્રત લેવા ઉભો થયો. દ્રવ્ય પરિમાણનો બહુ જ સંક્ષેપ કરેલો જોઇ શ્રી હેમાચાર્યજીએ તેને તેમ કરતાં વાર્યો. ત્યારે નવ લાખ દ્રમ્મનું અને તેના અનુસારથી બીજી વસ્તુનું પણ તેણે પરિમાણ રાખ્યું. પરિમાણ કરતાં ધન આદિ વૃદ્ધિ પામે તો તેણે ધર્મકાર્યમાં વાપરવાનો નિશ્ચય કર્યો. આગળ જતાં પાંચ દ્રમ્મ એકઠા થયા.

એક સમયે આભડે પાંચ દ્રમ્મ આપી એક બકરીના ગળામાં મણિ બાંધ્યો હતો, તે આભડે ઓળખ્યો. તેના કટકા કરી એકેકનું લાખ લાખ મૂલ્ય ઉત્પન્ન થાય એવા મણિ તૈયાર કરાવ્યા તેથી અનુક્રમે તે પૂર્વે હતો તેવો દ્રવ્યવાન થયો. ત્યારે આભડના કુટુંબના સર્વ માણસો ભેગા થયા. તેના ઘરમાંથી હરરોજ સાધુ મુનિરાજને એક ઘડા જેટલું ઘૃત વહોરાવતા. પ્રતિદિન સાધર્મિવાત્સલ્ય, સદાવ્રત તથા મહાપૂજા આદિ આભડને ઘેર થતું હતું. વર્ષે વર્ષે સર્વ સંઘની પૂજા બે વાર થતી હતી. તથા નાના પ્રકારનાં પુસ્તક લખાતાં, તેમજ જીર્ણમંદિરના જીર્ણોદ્ધાર થતા હતા, તથા ભગવાનની મનોહર પ્રતિમાઓ પણ તૈયાર થતી હતી એવાં ધર્મકૃત્ય કરતાં આભડની ચોરાશી વર્ષની અવસ્થા થઇ. અંતસમય નજદીક આવ્યો ત્યારે આભડે ધર્મખાતાનો ચોપડો વંચાવ્યો, તેમાં ભીમરાજાના સમયના અઠાણું લાખ દ્રમ્મનો વ્યય થએલો તેના સાંભળવામાં આવ્યો. તેથી આભડે દિલગીર થઇને કહ્યું કે—" મેં કૃપણે એક ક્રોડ દ્રમ્મ પણ ધર્મકાર્યે વાપર્યા નહીં. " તે સાંભળી આભડના પુત્રોએ તે જ સમયે દશલાખ દ્રમ્મ ધર્મકૃત્યમાં વાપર્યા. તેથી સર્વ મળી એક ક્રોડ અને આઠ લાખ દ્રમ્મ ધર્મખાતે થયા. વળી બીજા આઠ લાખ દ્રમ્મ ધર્મને માટે વાપરવાનો આભડના પુત્રોએ નિશ્ચય કર્યો. પછી કાળ–સમય આવે આભડ અનશન કરી સ્વર્ગે ગયો. આ રીતે આભડનો પ્રબંધ કહ્યો છે.

પૂર્વ ભવે કરેલા દુષ્કૃતના ઉદયથી પૂર્વના સરખી અવસ્થા ફરીથી ન આવે, તો પણ મનમાં ધીરજ રાખવી, કારણ કે આપત્કાળરૂપ સમુદ્રમાં ડુબતા જીવને ધીરજ વહાણ સમાન છે. સર્વે દિવસ સરખા કોના રહે છે ? કહ્યું છે કે—આ જગતમાં સદાય સુખી કોણ છે ? લક્ષ્મી કોની પાસે સ્થિર રહી ? સ્થિર પ્રેમ કયાં છે ? મૃત્યુના વશમાં કોણ નથી ? અને વિષયાસક્ત કોણ નથી ? માઠી અવસ્થા આવે ત્યારે સર્વ સુખનું મૂળ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો સંતોષ જ નિત્ય મનમાં રાખવો. તેમ ન કરે તો ચિંતાથી આ લોકનાં તથા પરલોકનાં પણ તેનાં કાર્ય વિનાશ પામે. કહ્યું છે કે-ચિંતા નામે નદી આશારૂપ પાણીથી ભરપૂર ભરેલી વહે છે. હે મૂઢ જીવ! તે નદીમાં તું ડૂબે છે, માટે તને એમાંથી તારનાર સંતોષરૂપ જહાજનો આશ્રય લે. નાના પ્રકારના ઉપાય કર્યા પછી પણ જો એમ જણાય કે, "પોતાની ભાગ્યદશા જ હીણ છે." તો કોઇ ભાગ્યશાળી પુરુષનો સારી યુક્તિથી કોઇપણ રીતે આશ્રય કરવો. કારણ કે કાષ્ઠનો આધાર મળે તો લોઢું અને પથ્થર આદિ વસ્તુ પણ પાણીમાં તરે છે. એવી વાત સાંભળવામાં છે કે—

## ભાગીદારના ભાગ્યથી થતા લાભનું દૃષ્ટાન્ત.

એક ભાગ્યશાળી શેઠ હતો. તેનો વણિકપુત્ર ( મુનીમ ) ઘણો જ વિચક્ષણ હતો. તે પોતે ભાગ્યહીણ છતાં શેઠના સંબંધથી દ્રવ્યવાન થયો. અનુક્રમે શેઠ મરણ પામ્યો, ત્યારે તે પણ નિર્ધન થયો. પછી તે શેઠના પુત્રોની પાસે રહેવાની ઇચ્છા કરતો હતો, પણ નિર્ધન જાણી તેની સાથે શેઠના પુત્રો એક અક્ષર પણ બોલતા નહોતા. ત્યારે તેણે બે ત્રણ સારા માણસોને સાક્ષી રાખીને યુક્તિથી શેઠના જૂના ચોપડામાં પોતાના હાથ અક્ષરથી લખ્યું કે, "શેઠના બે હજાર ટંક મ્હારે દેવા છે." આ કામ તેણે ઘણી જ છૂપી રીતે કર્યું. એક વખતે શેઠના પુત્રોના જોવામાં તેના હાથ અક્ષર આવ્યા, ત્યારે તેમણે મુનીમ પાસે બે હજાર ટંકની માગણી કરી. તેણે કહ્યું, "વ્યાપારને અર્થે થોડું ધન મને આપો તો હું થોડા દિવસમાં તમારું દેવું આપું." પછી શેઠના પુત્રોએ તેને વ્યાપારને અર્થે દ્રવ્ય આપ્યું. અનુક્રમે મુનીમે ઘણું દ્રવ્ય સંપાદન કર્યું. ત્યારે શેઠના પુત્રોએ પોતાનું લહેણું તેની પાસે માગ્યું. મુનીમે સાક્ષી સહિત યથાર્થ વાત હતી તે કહી. આ રીતે શેઠના પુત્રોના આશ્રયથી તે મુનીમ ધનવાન્ થયો.

## અહંકાર ન કરવો.

નિર્દયપણું, અહંકાર, ઘણો લાભ, કઠોર ભાષણ અને નીચ વસ્તુ ઉપર પ્રીતિ રાખવી એ પાંચ વાનાં લક્ષ્મીની સાથે નિરંતર રહે છે. એવું એક વચન પ્રસિદ્ધ છે, પણ તે સજ્જન પુરુષોને લાગુ પડતું નથી. હલકા સ્વભાવના લોકોને ઉદ્દેશીને ઉપરનું વચન પ્રવૃત્ત થયું છે માટે વિવેકી પુરુષે દ્રવ્ય આદિ ઘણું મળે તો પણ અહંકાર વગેરે ન કરવો. કેમકે-જે સત્પુરુષોનું ચિત્ત આપદા આવે દીન થતું નથી, સંપદા ( લક્ષ્મી ) આવે અહંકાર પામતું નથી, પારકું દુઃખ જોઇને દુઃખી થાય, અને પોતે સંકટમાં આવે તો સુખી થાય, તેમને નમસ્કાર થાઓ. સામર્થ્ય છતાં પારકા ઉપદ્રવ ખમે, ધનવાન્ છતાં ગર્વ ન કરે અને વિદ્વાન્ છતાં પણ વિનય કરે, એ ત્રણ પુરુષો પૃથ્વીના ઉત્તમ અલંકાર છે. વિવેકી પુરુષે કોઇની સાથે સ્વલ્પમાત્ર પણ ક્લેશ ન કરવો. તેમાં પણ મ્હોટા પુરુષોની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે તો કયારે પણ ન જ કરવો. કહ્યું છે કે-જેને ખાંસીનો વિકાર હોય, તેણે ચોરી ન કરવી, જેને ઘણી નિદ્રા આવતી હોય, તેણે જારકર્મ ન કરવું, જેને રોગ થયો હોય તેણે મધુરાદિ રસ ઉપર આસક્તિ ન કરવી, પોતાની જીભ સ્વાધીનતામાં રાખવી, અને જેની પાસે ધન હોય તેણે કોઇની સાથે કલેશ ન કરવો. ભંડારી રાજા, ગુરુ અને તપસ્વી એમની સાથે તથા પક્ષપાતી, બલિષ્ટ, ક્રૂર અને નીચ એવા પુરુષની સાથે વિવેકી પુરુષે વાદ ન કરવો. કદાચિત્ કોઇ મ્હોટા પુરુષની સાથે દ્રવ્ય આદિનો વ્યવહાર થયો હોય, તો વિનયથીજ પોતાનું કાર્ય સાધવું. બળાત્કાર, કલેશ આદિ ન કરવો. પંચોપાખ્યાનમાં પણ કહ્યું છે કે-ઉત્તમ પુરુષને વિનયથી, શૂર પુરુષને ફિતુરીથી, નીચ પુરુષને અલ્પ દ્રવ્યાદિકના દાનથી અને આપણી બરાબરીનો હોય તેને પોતાનું પરાક્રમ દેખાડીને વશ કરવો.

ધનનો અર્થી અને ધનવાન્ એ બન્ને પુરુષોએ વિશેષે કરી ક્ષમા રાખવી જોઇએ; કારણ કે, ક્ષમા કરવાથી લક્ષ્મીની વૃદ્ધિ અને રક્ષણ થાય છે. કહ્યું છે કે-'બ્રાહ્મણનું બળ હોમમંત્ર, રાજાનું બળ, નીતિશાસ્ત્ર, અનાથ પ્રજાઓનું બળ રાજા અને વણિકપુત્રનું બળ ક્ષમા છે' મીઠું વચન અને ક્ષમા એ બે ધનનાં કારણ છે. ધન, શરીર અને યૌવન-અવસ્થા એ ત્રણ કામનાં કારણ છે. દાન, દયા અને ઇંદ્રિય નિગ્રહ એ ત્રણ ધર્મનાં કારણ છે, અને સર્વસંગ પરિત્યાગ કરવો એ મોક્ષનું કારણ છે. વચનકલેશ તો સર્વ ઠેકાણે સર્વથા વર્જવો. શ્રી દારિદ્રસંવાદમાં કહ્યું છે કે—(લક્ષ્મી કહે છે.) હે ઇંદ્ર ! જયાં મ્હોટા પુરુષોની પૂજા થાય છે; ન્યાયથી ધન ઉપાર્જે છે અને લેશમાત્ર પણ વચનકલહ નથી, ત્યાં હું રહું છું. (દરિદ્ર કહે છે.) હમેશાં દ્યૂત (જુગાર) રમનાર, સ્વજનની સાથે દ્વેષ કરનાર, ધાતુર્વાદ(કિમિયા) કરનાર, સર્વ કાળ આળસમાં ગુમાવનાર, અને પેદાશ તથા ખરચ તરફ દૃષ્ટિ ન રાખનાર એવા પુરુષની પાસે હું હમેશાં રહું છું.

## ઉઘરાણી કેમ કરવી ?

વિવેકી પુરુષે પોતાના લહેણાની ઉઘરાણી પણ કોમળતા રાખી, નિંદા ન થાય તેવી રીતે કરવી, એ જ યોગ્ય છે. એમ ન કરે તો દેવાદારની દાક્ષિણ્યતા, લજ્જા વગેરેનો લોપ થાય અને તેથી પોતાના ધન, ધર્મ અને પ્રતિષ્ઠા એ ત્રણેની હાનિ થવાનો સંભવ છે; માટે જ પોતે કદાચિત્ લાંઘણ કરે તો પણ બીજાને લાંઘણ ન કરાવવી, પોતે ભોજન કરીને બીજાને લાંઘણ કરાવવી, એ સર્વથા અયોગ્ય જ છે. ભોજન આદિનો અંતરાય કરવો, એ ઢુંઢણકુમારાદિકની પેઠે બહુ દુઃસહ છે.

સર્વ પુરુષોએ તથા ઘણું કરી વણિકજનોએ સર્વથા સંપ-સલાહથી જ પોતાનું સર્વ કામ સાધવું. કેમકે-સામ, દામ, ભેદ અને દંભ એ કાર્ય સાધન કરવાના ચાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાય પ્રસિદ્ધ છે, તો પણ સામથી જ સર્વત્ર કાર્યસિદ્ધિ થાય છે, અને બાકીના ઉપાય તો કેવળ નામના જ છે. કોઇ તીક્ષ્ણ તથા ઘણા ક્રૂર હોય, તો પણ તે સામથી વશ થાય છે. જુઓ, જિહ્વામાં ઘણી મીઠાશ હોવાથી કઠોર દાંત પણ દાસની પેઠે તેની (જીભની) સેવા કરે છે. લેહેણદેણના સંબંધમાં જો ભ્રાંતિથી અથવા વિસ્મરણ વગેરે થવાથી કાંઈ વાંધો પડે તો માંહોમાંહે નકામો વિવાદ (ઝઘડો) ન કરવો, પરંતુ ચતુર, લોકમાં પ્રતિષ્ઠા પામેલા, હિતકારી અને ન્યાય કરી શકે એવા ચાર પાંચ પુરુષો નિષ્પક્ષપાતથી જે કાંઈ કહે તે માન્ય કરવું. તેમ ન કરે તો ઝગડો ન પતે. વળી કહ્યું છે કે—સગા ભાઈઓમાં વિવાદ હોય તો પારકા પુરુષો જ મટાડી શકે. કારણ કે, ગુંચાઈ ગએલા વાળ કાંચકીથી જ જૂદા થઈ શકે છે. ન્યાય કરનારા પુરુષોએ પણ પક્ષપાત મૂકી મધ્યસ્થ વૃત્તિ રાખીને જ ન્યાય કરવો. અને તે પણ સ્વજનનું અથવા સ્વધર્મી આદિનું કાર્ય હોય તો જ સારી પેઠે સર્વ વાતનો વિચાર કરીને કરવો. જ્યાં ત્યાં ન્યાય કરવા ન બેસવું. કારણ કે લોભ ન રાખતાં સારી પેઠે ન્યાય કરવામાં આવે, તો પણ તેથી જેમ વિવાદનો ભંગ થાય છે અને ન્યાય કરનારને મ્હોટાઇ મળે છે, તેમ તેથી એક મ્હોટો દોષ ઉત્પન્ન થાય છે. તે આ કે,-વિવાદ ભાગતાં ન્યાય કરનારના ધ્યાનમાં વખતે ખરી બીના ન આવવાથી કોઈનું દેવું ન હોય તો તે માથે પડે છે, અને કોઇનું ખરૂં દેવું હોય તો તે ભાગી જાય છે. પ્રસ્તુત વિષય ઉપર એક વાત સંભળાય છે, તે એ છે કે:—

## શેઠની પુત્રીનું દૃષ્ટાંત.

એક ઋદ્ધિવંત શ્રેષ્ઠી લોકમાં બહુ પ્રખ્યાત હતો. તે મ્હોટાઇના અને બહુમાનના અભિમાનથી જ્યાં ત્યાં ન્યાય કરવા જાય. તેની વિધવા પણ ઘણી સમજુ એવી એક પુત્રી હતી; તે હમેશાં શ્રેષ્ઠીને તેમ કરતાં વારે, પણ તે તેનું કહ્યું માને નહીં. એક વખત શ્રેષ્ઠીને બોધ કરવાને અર્થે પુત્રીએ ખોટો ઝગડો માંડ્યો. તે એ રીતે કે, "પૂર્વે થાપણ મૂકેલા મ્હારા બે હજાર સોનૈયા આપો તો જ હું ભોજન કરું." એમ કહીને તે શ્રેષ્ઠી પુત્રી લાંઘણ કરવા લાગી. કોઇ પણ રીતે માને નહીં. "પિતાજી વૃદ્ધ થયા તો પણ મ્હારા ધનનો લોભ કરે છે." ઇત્યાદિ જેવાં તેવાં વચન બોલવા લાગી. પછી શ્રેષ્ઠીએ લજવાઇને ન્યાય કરનાર લોકોને બોલાવ્યા. તેમણે આવીને વિચાર કર્યો કે, "આ શ્રેષ્ઠીની પુત્રી છે, અને બાળવિધવા છે, માટે એની ઉપર દયા રાખવી જોઇએ." એમ વિચારી ન્યાય કરનાર પંચોએ શ્રેષ્ઠી પાસેથી બે હજાર સોનૈયા પુત્રીને અપાવ્યા. તેથી શ્રેષ્ઠી "એ પુત્રીએ ફોગટ મ્હારૂં ધન લીધું અને લોકમાં ખમાય નહીં એવો અપવાદ ફેલાયો." એવો વિચાર કરી મનમાં બહુ ખેદ પામ્યો. થોડીવાર પછી પુત્રીએ પોતાના સર્વ અભિપ્રાય શ્રેષ્ઠીને સારી પેઠે કહી સમજાવી સોનૈયા પાછા આપ્યા તેથી શ્રેષ્ઠીને હર્ષ થયો, અને ન્યાય કરવાના પરિણામ ધ્યાનમાં ઉતરવાથી જ્યાં ત્યાં ન્યાય કરવા જવાનું તેણે છોડી દીધું. આ રીતે ન્યાય કરનારનું દૃષ્ટાંત કહ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કોઇની ઈર્ષ્યા ન કરવી.

માટે ન્યાય કરનાર પંચોએ જ્યાં ત્યાં જેવો તેવો ન્યાય ન કરવો. સાધર્મીનું, સંઘનું, મ્હોટા ઉપકારનું અથવા એવું જ યોગ્ય કારણ હોય તો ન્યાય કરવો. તેમજ કોઈ જીવની સાથે મત્સર પણ ન કરવો. લક્ષ્મીની પ્રાપ્તિ કર્માધીન છે, માટે નકામો મત્સર કરવામાં શું લાભ છે? તેથી બન્ને ભવમાં દુઃખપાત્ર થાય છે. અમે કહ્યું છે કે—જેવું બીજાને ચિંતવે, તેવું પોતે પામે. એમ જાણતાં છતાં કયો માણસ બીજાની લક્ષ્મીની વૃદ્ધિ જોઇને મત્સર કરે? તેમજ ધાન્યના વેચાણમાં લાભ થવાને અર્થે દુર્ભિક્ષની, ઓષધમાં લાભ થવાને અર્થે રોગવૃદ્ધિની તથા વસ્ત્રમાં લાભ થવાને અર્થે અગ્નિ આદિથી વસ્ત્રના ક્ષયની ઈચ્છા ન કરવી; કારણ કે, જેથી લોકો સંકટમાં આવી પડે એવી ઈચ્છા કરવાથી કર્મબંધન થાય છે. દુર્દૈવના યોગથી કદાચિત્ દુર્ભિક્ષાદિ આવે તો પણ વિવેકી પુરૂષે "ઠીક થયું" એમ કહી અનુમોદના પણ ન કરવી. કારણ કે, તેથી વૃથા પોતાનું મન મલિન થાય છે. આ વિષય ઉપર ટૂંકમાં એક દૃષ્ટાંત છે, તે એ કે:—

## મન મલિન અંગે બે મિત્રોનું દૃષ્ટાંત.

બે મિત્ર હતા, તેમાં એક ઘૃતની અને બીજો ચામડાની ખરીદી કરવા જતા હતા. માર્ગમાં એક વૃદ્ધ સ્ત્રીને ત્યાં ભોજન કરવા રહ્યા. વૃદ્ધ સ્ત્રીએ તેમનો ભાવ જાણી ઘૃતના ખરીદનારને ઘરની અંદર અને બીજાને બહાર બેસારીને જમાડ્યા. બન્ને જણા ખરીદી કરીને પાછા તેજ વૃદ્ધ સ્ત્રીને ત્યાં આવ્યા. ત્યારે તે સ્ત્રીએ ચામડા ખરીદનારને અંદર અને બીજાને બહાર બેસારી જમાડ્યા. પછી તે બન્નેના પૂછવાથી વૃદ્ધ સ્ત્રીએ કહ્યું કે, જેનું મન શુદ્ધ હતું તેને અંદર બેસાર્યો, અને જેનું મન મલિન હતું તેને બહાર બેસાર્યો. આ રીતે મનની મલિનતા ન રાખવા ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

કહ્યું છે કે—

उचिअं मुत्तूण कलं, दव्वादिकमागयं च उक्करिसं ॥
निवडिअमविआणंतो, परस्स संतं न गिण्हिज्जा ॥ १ ॥

એની વ્યાખ્યા:—સો રૂપિયે ચાર પાંચ ટકા સુધી ઉચિત વ્યાજ અથવા "વ્યાજમાં બમણું મૂળ દ્રવ્ય થાય." એવું વચન છે, તેથી ધીરેલા દ્રવ્યની બમણી વૃદ્ધિ અને ધીરેલા ધાન્યની ત્રમણી વૃદ્ધિ થાય તેટલો લાભ વિવેકી પુરુષે લેવો. તથા જે ગણિમ, ધરિમાદિ વસ્તુનો સર્વત્ર કાંઈ કારણથી ક્ષય થઈ ગયો હોય, અને આપણી પાસે હોય તો તેનો ચઢતે ભાવે જેટલો ઉત્કૃષ્ટો લાભ થાય તેટલો લેવો; પણ એ વિના બીજો લાભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન લેવાય. તાત્પર્ય એ છે કે–જો કોઈ સમયે ભાવિભાવથી સોપારી આદિ વસ્તુનો નાશ થવાથી પોતાની પાસે સંગ્રહ કરેલી તે વસ્તુ વેચતાં બમણો અથવા તેથી વધારે લાભ થાય, તે મનના પરિણામ શુદ્ધ રાખીને લેવો, પણ "સોપારી આદિ વસ્તુનો જયાં ત્યાં નાશ થયો એ ઠીક થયું" એમ મનમાં ન ચિંતવે. તેમજ કોઈ પણ ઠેકાણે પડેલી વસ્તુ પારકી છે, આપણી નથી, એમ જાણતાં છતાં ઉપાડવી નહીં. વ્યાજવટાવ અથવા ક્રય–વિક્રય આદિ વ્યાપારમાં દેશ, કાળ વગરેની અપેક્ષાએ ઉચિત તથા સિષ્ટ જનોને નિંદાપાત્ર ન થાય તેવી રીતે જેટલો લાભ મળે તેટલો જ લેવો. એમ પ્રથમ પંચાશકની વૃત્તિમાં કહ્યું છે.

## ખોટાં માપ–તોલ ન રાખવાં.

તેમજ ખોટાં કાટલાં અથવા ખોટાં માપ રાખીને, ન્યૂનાધિક વ્યાપાર કરીને રસની અથવા બીજી વસ્તુની ભેળસેળ કરીને, મર્યાદા કરતાં અધિક અયોગ્ય મૂલ્ય વધારીને, અયોગ્ય રીતે વ્યાજ વધારીને, લાંચ આપીને અથવા લઇને, કૂડકપટ કરીને, ખોટું અથવા ઘસાયલું નાણું આપીને, કોઈના ખરીદ વેચાણનો ભંગ કરીને, પારકા ગ્રાહકો ભરમાવી ખેંચી લઇને, નમૂનો એક બતાવી બીજો માલ આપીને, જયાં બરાબર દેખાતું ન હોય એવા સ્થાનકે વસ્ત્રાદિકનો વ્યાપાર કરીને, લેખમાં ફેરફાર કરીને તથા બીજા એવાજ પ્રકારથી કોઇને પણ ઠગવું નહીં. કહ્યું છે કે—જે લોકો વિવિધ પ્રકારે કપટ કરીને પરને ઠગે છે, તે લોકો મોહજાળમાં પડી પોતાના જીવને જ ઠગે છે, કારણ કે, તે લોકો કૂડ–કપટ ન કરત તો વખતે સ્વર્ગનાં તથા મોક્ષનાં સુખ પામત. આ ઉપરથી એવો કુતર્ક ન કરવો કે—કૂડ–કપટ કર્યા વિના દરિદ્રી તથા ગરીબ લોકો વ્યાપાર ઉપર શી રીતે પોતાની આજીવિકા કરે? આજીવિકા તો કર્મને આધીન છે, તો પણ વ્યવહાર શુદ્ધ રાખે તો ઊલટા ગ્રાહકો વધારે આવે અને તેથી વિશેષ લાભ થાય આ વિષય ઉપર એક દૃષ્ટાંત છે, તે એ કે:—

## વ્યવહારશુદ્ધિ અંગે હેલાક શેઠનું દૃષ્ટાંત.

એક નગરમાં હેલાક નામે શેઠ હતો. તેને ચાર પુત્ર હતા. તથા તેનો બીજો પરિવાર પણ મ્હોટો હતો. હેલાક શ્રેષ્ઠીએ ત્રણ શેર, પાંચ શેર આદિ ખોટાં કાટલાં વગેરે રાખ્યાં હતાં. તથા ત્રિપુષ્કર, પંચપુષ્કર આદિ સંજ્ઞા કહી પુત્રને ગાળ દેવાના બહાનાથી ખોટાં તોલ માપ વાપરીને તે લોકોને ઠગતો હતો. તેના ચોથા પુત્રની સ્ત્રી બહુ સમજુ હતી. તેણે તે વાત જાણી એક સમયે શ્રેષ્ઠીને ઘણો ઠપકો દીધો. ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે, "શું કરીએ? એમ ન કરીએ તો નિર્વાહ શી રીતે થાય? કહ્યું છે કે—ભૂખ્યો માણસ શું પાપ ન કરે?" તે સાંભળી પુત્રની સ્ત્રીએ કહ્યું કે, "હે તાત! એમ ન કહો કારણ કે, વ્યવહાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુદ્ધ રાખવામાં જ સર્વ લાભ રહ્યો છે કહ્યું છે કે—લક્ષ્મીના અર્થી સારાં માણસો ધર્મને તથા નીતિને અનુસરીને ચાલે તો તેમનાં સર્વ કાર્ય ધર્મથી જ સિદ્ધ થાય છે. ધર્મ વિના કોઇ પણ રીતે કર્મની સિદ્ધિ થતી નથી, માટે હે તાત! પરીક્ષા જોવાને અર્થે છ માસ સુધી શુદ્ધ વ્યવહાર કરો. તેથી ધનની વૃદ્ધિ થશે. અને તેટલામાં સાબિતિ થાય તો આગળ પણ તેમજ ચલાવજો.” પુત્રની સ્ત્રીનાં એવાં વચનથી શ્રેષ્ઠીએ તેમ કરવા માંડયું.

વખત જતાં ગ્રાહક ઘણા આવવા લાગ્યા, આજીવિકા સુખે થઈ અને ગાંઠે ચાર તોલા સોનું થયું. પછી “ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ખોવાય તો પણ તે પાછું હાથ આવે છે.” એ વાતની પરીક્ષા કરવાને અર્થે પુત્રની સ્ત્રીના વચનથી શ્રેષ્ઠીએ ચાર તોલા સોના ઉપર લોઢું મઢાવીને તેનું એક કાટલું પોતાના નામનું બનાવ્યું અને છ માસ સુધી તે વાપરીને એક નદીમાં નાંખી દીધું. એક માછલી “કાંઇ ભક્ષ્ય વસ્તુ છે” એમ જાણી તે ગળી ગઇ. ધીવરે તે માછલી પકડી ત્યારે તેના પેટમાંથી પેલું કાટલું નીકળ્યું. નામ ઉપરથી ઓળખીને ધીવરે તે કાટલું શ્રેષ્ઠીને આપ્યું. તેથી શ્રેષ્ઠીને તથા તેના પરિવારનાં સર્વ માણસોને શુદ્ધ વ્યવહાર ઉપર વિશ્વાસ ઉત્પન્ન થયો. આ રીતે શ્રેષ્ઠીને બોધ થયો ત્યારે તે સમ્યક્ પ્રકારે શુદ્ધ વ્યવહાર કરી મ્હોટો ધનવાન થયો. રાજદ્વારમાં તેને માન મળવા લાગ્યું અને તે શ્રાવકોમાં અગ્રેસર અને સર્વ લોકોમાં એટલો પ્રખ્યાત થયો કે—તેનું નામ લીધાથી પણ વિઘ્ન-ઉપદ્રવ ટળવા લાગ્યાં. હાલના વખતમાં પણ ચલાવનારા લોકો વહાણ ચલાવવાની વખતે “હેલા હેલા” એમ કહે છે તે સંભળાય છે. આ રીતે વ્યવહારશુદ્ધિ ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

## અવશ્ય ત્યાં જય પામો.

વિવેકી પુરુષે સર્વ પાપકર્મ તજવાં, તેમાં પણ પોતાના સ્વામી, મિત્ર, આપણા ઉપર વિશ્વાસ રાખનાર, દેવ, ગુરુ, વૃદ્ધ તથા બાળક એટલાની સાથે વેર કરવું, અથવા તેમની થાપણ ઓળવવી એ તેમની હત્યા કરવા સમાન છે; માટે એ તથા બીજાં મહાપાતકો વિવેકી પુરુષે અવશ્ય વર્જવાં. કહ્યું છે કે—ખોટી સાક્ષી પૂરનાર, ઘણા કાળ સુધી રોષ રાખનાર, વિશ્વાસઘાતી અને કૃતઘ્ન એ ચાર કર્મચાંડાળ કહેવાય છે અને પાંચમો જાતિ-ચાંડાળ જાણવો. અહિં વિસેમોરાનો સંબંધ કહીએ છીએ, તે એ કેઃ—

## વિશ્વાસઘાત ઉપર વિશ્વમેરાનું દૃષ્ટાંત.

વિશાલા નગરીમાં નંદ નામે રાજા, ભાનુમતી નામે રાણી, વિજયપાળ નામે પુત્ર અને બહુશ્રુત નામે દિવાન હતા. નંદરાજા ભાનુમતી રાણીને વિષે ઘણો મોહિત હોવાથી તે રાજ્યસભામાં પણ રાણીને પાસે બેસાડતો હતો. જે રાજાના વૈદ્ય, ગુરુ અને દિવાન પ્રસન્નતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખવાને અર્થે કેવળ મધુર વચન બોલનારા જ હોય, રાજાનો કોપ થાય એવા ભયથી સત્ય વાત પણ કહે નહીં, તે રાજાના શરીરનો, ધર્મનો અને ભંડારનો વખત જતાં નાશ થાય. એવું નીતિશાસ્ત્રનું વચન હોવાથી રાજાને સત્ય વાત કહેવી એ આપણું કર્તવ્ય છે, એમ વિચારી દિવાને રાજાને કહ્યું કે, " મહારાજ ! સભામાં રાણી સાહેબને પાસે રાખવાં એ ઘટિત નથી. કેમકે—રાજા, અગ્નિ, ગુરુ અને સ્ત્રીઓ એ ચાર વસ્તુ બહુ પાસે હોય તો વિનાશ કરે છે, અને બહુ દૂર હોય તો તે પોતાનું ફળ બરાબર આપી શકતી નથી; માટે ઉપર કહેલી ચારે વસ્તુ બહુ પાસે અથવા બહુ દૂર ન રાખતાં સેવવી. માટે રાણીની એક સારી છબી ચિતરાવી તે પાસે રાખો. " નંદરાજાએ દીવાનની વાત સ્વીકારી. એક છબી ચિતરાવી શારદાનંદન નામે એક પોતાના ગુરુને દેખાડી. શારદાનંદને પોતાની વિદ્વત્તા બતાવવાને અર્થે કહ્યું કે, " રાણીના ડાબા સાથળ ઉપર તલ છે. તે આ ચિત્રમાં બતાવ્યો નથી. " ગુરુના આ વચનથી રાજાના મનમાં રાણીના શીલને વિષે શક આવ્યો, અને તેથી તેણે શારદાનંદને મારી નાંખવા દિવાનને હુકમ આપ્યો.

લાંબી નજરવાળા દિવાને વિચાર કર્યો કે કોઈ સહસા કાર્ય ન કરવું. વિચાર ન કરવો એ મ્હોટા સંકટોનું સ્થાનક છે. સદ્ગુણોથી લલચાયેલી સંપદાઓ પ્રથમ પૂર્ણ વિચાર કરીને પછી કાર્ય કરનાર પુરુષને પોતે આવીને વરે છે. પંડિત પુરુષોએ શુભ અથવા અશુભ કાર્ય કરતાં પહેલાં તેના પરિણામનો યત્નથી નિર્ણય કરવો; કારણ કે, અતિશય ઉતાવળથી કરેલા કામનું પરિણામ શલ્યની પેઠે મરણ સુધી હૃદયમાં વેદના ઉત્પન્ન કરનારૂં થાય છે.

એવાં નીતિશાસ્ત્રનાં વચન તેને યાદ આવ્યાં, તેથી તેણે પોતાના ઘરમાં શારદા-નંદનને છાનો રાખ્યો. એક વખતે વિજયપાળ રાજપુત્ર શિકાર રમતાં એક સૂઅરની પછ-વાડે બહુ દૂર ગયો. સંધ્યાસમયે એક સરોવરનું પાણી પીને રાજપુત્ર વાઘના ભયથી એક ઝાડ ઉપર ચઢ્યો. ત્યાં વ્યંતરાધિષ્ઠિત વાનર હતો, તેના ખોળામાં પહેલાં રાજપુત્ર સુઈ રહ્યો અને પછી રાજપુત્રના ખોળામાં વાનર સૂતો હતો; એટલામાં ભૂખથી પીડાયેલા વાઘના વચનથી રાજપુત્રે વાનરને નીચે નાંખ્યો. વાનર વાઘના મુખમાં પડયો હતો, પણ વાઘ હસ્યો, ત્યારે તે મુખમાંથી બહાર નીકળ્યો અને રૂદન કરવા લાગ્યો. વાઘે રૂદન કરવાનું કારણ પૂછવાથી વાનરે કહ્યું કે, " હે વાઘ ! પોતાની જાતિ મૂકીને જે લોકો પરજાતિને વિષે આસક્ત થાય, તેમને ઉદ્દેશીને હું એટલા માટે રૂદન કરૂં છું કે, તે જડ લોકોની શી ગતિ થશે ? "

પછી એવા વચનથી તથા પોતાના કૃત્યથી શરમાયેલા રાજપુત્રને તેણે ગાંડો કર્યો. ત્યારે રાજપુત્ર **विस्वमेरा, विस्वमेरा** એમ કહેતો જંગલમાં ભટકવા લાગ્યો. રાજપુત્રનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘોડો એકલો જ નગરમાં જઈ પહોંચ્યો. તે ઉપરથી નંદરાજાએ શોધખોળ કરાવી પોતાના પુત્રને ઘેર આણ્યો. ઘણા ઉપાય કર્યા, તો પણ રાજપુત્રને લેશમાત્ર પણ ફાયદો થયો નહીં. ત્યારે નંદરાજાને શારદાનંદન યાદ આવ્યો. "જે રાજપુત્રને સાજો કરે તેને હું મ્હારૂં અર્ધ રાજ્ય આપીશ." એવો ઢંઢેરો પીટાવવાનો રાજાએ વિચાર કર્યો, ત્યારે દીવાને કહ્યું, "મહારાજ! મ્હારી પુત્રી થોડું ઘણું જાણે છે." તે સાંભળી નંદરાજા પુત્ર સહિત દીવાનને ઘેર આવ્યો. ત્યારે પડદાની અંદર બેસી રહેલા શારદાનંદને કહ્યું કે, "વિશ્વાસ રાખનારને ઠગવો એમાં શી ચતુરાઇ? તથા ખોળામાં સૂતેલાને મારવો એમાં પણ શું પરાક્રમ?"

શારદાનંદનનું એ વચન સાંભળી રાજપુત્રે "વિસેમિરા" એ ચાર અક્ષરમાંથી પ્રથમ વિ મૂકયો. "સેતુ (રામે બંધાવેલી સમુદ્રની પાળ) જોવાથી તથા ગંગાના અને સાગરના સંગમને વિષે સ્નાન કરવાથી બ્રહ્મહત્યા કરનાર પોતાના પાપથી છૂટે છે, પણ મિત્રને હણવાની ઇચ્છા કરનાર માણસ પાળને જોવાથી અથવા સંગમ સ્નાનથી શુદ્ધ થતો નથી." આ બીજું વચન સાંભળી રાજપુત્રે બીજો સે અક્ષર મૂકી દીધો. "મિત્રને હણવાની ઇચ્છા કરનાર, કૃતઘ્ન, ચોર અને વિશ્વાસઘાત કરનાર એ ચારે જણા જ્યાં ચંદ્ર સૂર્ય છે ત્યાં સુધી નરકગતિમાં રહે છે." આ ત્રીજું વચન સાંભળી રાજપુત્રે ત્રીજો મિ અક્ષર મૂકયો. "રાજન્! તું રાજપુત્રનું કલ્યાણ ઇચ્છતો હોય તો સુપાત્રે દાન આપ કારણ કે, ગૃહસ્થ માણસ દાન આપવાથી શુદ્ધ થાય છે." એ ચોથું વચન સાંભળી રાજપુત્રે ચોથો રા અક્ષર મૂકયો. પછી સ્વસ્થ થયેલા રાજપુત્રે વાઘ અને વાનર આદિનું સર્વ વૃત્તાંત કહ્યું. રાજા પડદાની અંદર રહેલા શારદાનંદનને દીવાનની પુત્રી સમજતો હતો, તેથી તેણે તેને પૂછ્યું કે, "હે બાળા! તું ગામમાં રહે છે, તેમ છતાં જંગલમાં થયેલી વાઘની, વાનરની અને માણસની વાત શી રીતે જાણે છે?" રાજાએ એમ પૂછ્યું ત્યારે શારદાનંદને કહ્યું કે, "હે રાજન્! દેવગુરુના પ્રસાદથી મારી જીભની અણી ઉપર સરસ્વતી વસે છે, તેથી જેમ મેં ભાનુમતી રાણીનો તલ જાણ્યો તેમ આ વાત પણ હું સમજું છું."

આ સાંભળી રાજા અજાયબ થયો અને કહેવા લાગ્યો કે, "શું શારદાનંદન!" સામે હાનો જવાબ મળતાં બન્નેનો મેળાપ થયો, અને તેથી બન્ને જણાને ઘણો આનંદ થયો. આ રીતે વિશ્વાસઘાત ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

## પાપનાં પ્રકાર.

આ લોકમાં પાપ બે પ્રકારનું છે. એક ગુપ્ત અને બીજું જાહેર. ગુપ્ત પાપ પણ બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારનું છે. એક લઘુ પાપ અને બીજું મહાપાપ. ખોટાં ત્રાજવાં તથા ખોટાં માપ વગેરે રાખવાં એ ગુપ્ત લઘુ પાપ અને વિશ્વાસઘાત વગેરે કરવો એ ગુપ્ત મહાપાપ કહેવાય છે. જાહેર પાપના પણ બે પ્રકાર છે. એક કુળાચારથી કરવું તે અને બીજું લોકલજ્જા મૂકીને કરવું તે. ગૃહસ્થ લોકો કુળાચારથી આરંભસમારંભ કરે છે, તથા મ્લેચ્છ લોકો કુળાચારથી જ હિંસા આદિ કરે છે, તે જાહેર લઘુ પાપ જાણવું; અને સાધુનો વેષ પહેરી નિર્લજ્જપણાથી હિંસા આદિ કરે તે જાહેર મહાપાપ જાણવું. લજ્જા મૂકીને કરેલા જાહેર મહાપાપથી અનંતસંસારીપણું વગેરે થાય છે, કારણ કે, જાહેર મહાપાપથી શાસનનો ઉડ્ડાહ આદિ થાય છે. કુળાચારથી જાહેર લઘુ પાપ કરે તો થોડો કર્મબંધ થાય અને જો ગુપ્ત લઘુ પાપ કરે તો તીવ્ર કર્મબંધ થાય છે. કારણકે, તેવું પાપ કરનાર માણસ અસત્ય વ્યવહાર કરે છે. મન-વચન-કાયાથી અસત્ય વ્યવહાર કરવો એ ઘણુંજ મ્હોટું પાપ કહેવાય છે; અને અસત્ય વ્યવહાર કરનારા માણસો ગુપ્ત લઘુ પાપ કરે છે.

અસત્યનો ત્યાગ કરનાર માણસ કોઈ સમયે પણ ગુપ્ત પાપ કરવાને પ્રવૃત્ત થાય નહીં. જેની પ્રવૃત્તિ અસત્ય તરફ થઇ તે માણસ નિર્લજ્જ થાય છે અને નિર્લજ્જ થએલો માણસ શેઠ, દોસ્ત, મિત્ર અને પોતાના ઉપર વિશ્વાસ રાખનારનો ઘાત કરવો આદિ ગુપ્ત મહાપાપ કરે છે. એ જ વાત યોગશાસ્ત્રમાં કહી છે. તે એ કે-એક બાજુએ ત્રાજવામાં અસત્ય રાખીએ અને બીજી બાજુએ સર્વ પાતક મૂકીએ તો તે એમાં પહેલું જ તોલમાં વધારે ઉતરશે. તેથી કોઇને ઠગવો એ અસત્યમય ગુપ્ત લઘુ પાપની અંદર સમાય છે માટે કોઈને ઠગવાનું સર્વથા તજવું.

## ન્યાયમાર્ગનેજ અનુસરો.

ન્યાયમાર્ગે ચાલવું એ જ દ્રવ્યની પ્રાપ્તિ કરાવનાર એક ગુપ્ત મહામંત્ર છે. હમણાં પણ જણાય છે કે-ન્યાયમાર્ગને અનુસરનારા કેટલાક લોકો થોડું થોડું ધન ઉપાર્જન કરે, તો પણ તેઓ ધર્મસ્થાનકે નિત્ય ખરચે છે. તેમ છતાં જેમ કૂવાનું પાણી નીકળે થોડું, પણ કોઇ વખત બંધ પડે નહિ, તેમ તેમનો પૈસો નાશ પામતો નથી. બીજા પાપકર્મ કરનારા લોકો ઘણા પૈસા પેદા કરે છે તથા બહુ ખરચ કરતા નથી, તો પણ મરુદેશનાં સરોવર થોડા વખતમાં સૂકાઇ જાય છે, તેમ તે લોકો થોડા વખતમાં નિર્ધન થાય છે, કેમકે પારકાં છિદ્ર કાઢીને સ્વાર્થ સાધવાથી પોતાની ઉન્નતિ થતી નથી, પણ ઊલટો પોતાનો નાશજ થાય છે. જુઓ, રહેંટના ઘડા છિદ્રથી પોતામાં જળ ભરી લે છે, તેથી તેમાં જળ ભરાએલું રહેતું નથી, પણ વારંવાર ખાલી થઈને તેને જળમાં ડુબવું પડે છે.

શંકાઃ—ન્યાયવાન એવા પણ કેટલાક લોકો નિર્ધનતા આદિ દુઃખથી ઘણા પીડાયેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેખાય છે, તેમજ બીજા અન્યાયથી ચાલનારા લોકો પણ ઐશ્વર્ય આદિ ઘણું હોવાથી સુખી દેખાય છે. ત્યારે ન્યાયથી સુખ થાય એમ આપ કહો છો તે પ્રમાણભૂત કેમ મનાય ?

**સમાધાન:**—ન્યાયથી ચાલનારા લોકોને દુઃખ અને અન્યાયથી ચાલનારા લોકોને સુખ દેખાય છે, તે પૂર્વભવનાં કર્મનાં ફળ છે, પણ આ ભવમાં કરેલા કર્મનાં ફળ નથી. પૂર્વકૃત કર્મના ચાર પ્રકાર છે. શ્રી ધર્મઘોષસૂરિજીએ કહ્યું છે કે–૧ પુણ્યાનુબંધી પુણ્ય, ૨ પાપાનુબંધી પુણ્ય, ૩ પુણ્યાનુબંધી પાપ અને ૪ પાપાનુબંધી પાપ, એવા પૂર્વકર્મના ચાર પ્રકાર છે. જિનધર્મની વિરાધના ન કરનારા જીવો ભરત ચક્રવર્તીની પેઠે સંસારમાં દુઃખ રહિત નિરૂપમ સુખ પામે છે, તે પુણ્યાનુબંધી પુણ્ય જાણવું. અજ્ઞાન કષ્ટ કરનારા જીવો કોણિક રાજાની પેઠે મ્હોટી ઋદ્ધિ તથા રોગ રહિત કાયા આદિ ધર્મસામગ્રી છતાં પણ ધર્મકૃત્ય કરે નહિ, અને પાપકર્મને વિષે રક્ત થાય, તે પાપાનુબંધી પુણ્ય જાણવું. જે જીવો દ્રમક મુનિની પેઠે પાપના ઉદયથી દરિદ્રી અને દુઃખી છતાં પણ લેશ માત્ર દયા આદિ હોવાથી જિનધર્મ પામે છે, તે પુણ્યાનુબંધી પાપ જાણવું. જે જીવો કાલશૌકરિકની પેઠે પાપી, ઘાતકી કર્મ કરનારા, અધર્મી, નિર્દય, કરેલા પાપનો પસ્તાવો ન કરનાર અને જેમ જેમ દુઃખી થતા જાય, તેમ તેમ અધિક અધિક પાપકર્મ કરતા જાય એવા છે, તે પાપાનુબંધી પાપનું ફળ જાણવું. પુણ્યાનુબંધી પુણ્યથી બાહ્ય ઋદ્ધિ અને અંતરંગ ઋદ્ધિ પણ પમાય છે. તે બે ઋદ્ધિમાં એક પણ ઋદ્ધિ જે માણસ ન પામ્યો તેના મનુષ્યભવને ધિક્કાર થાઓ ! જે જીવો પ્રથમ શુભ પરિણામથી ધર્મકૃત્યનો આરંભ કરે પણ પાછળથી શુભ પરિણામ ખંડિત થવાથી પરિપૂર્ણ ધર્મ કરે નહીં; તે જીવો પરભવે આપદા સહિત સંપદા પામે. આ રીતે કોઇ જીવને પાપાનુબંધી પુણ્યના ઉદયથી આ લોકમાં દુઃખ જણાતું નથી, તો પણ તેને આવતા ભવમાં પરિણામે નિશ્ચયથી પાપકર્મનું ફળ મળવાનું એમાં કાંઈ શક નથી. કેમકે–દ્રવ્ય સંપાદન કરવાની બહુ ઇચ્છાથી અંધ થએલો માણસ પાપકર્મ કરીને જે કાંઇ દ્રવ્ય વગેરે પામે, તે દ્રવ્ય આદિ વસ્તુ માંસમાં પરોવેલા લોઢાના કાંટાની પેઠે તે માણસનો નાશ કર્યા વગર પચતી નથી, માટે જેથી સ્વામિદ્રોહ થાય એવાં દાણચોરી વગેરે અકાર્ય સર્વથા તજવાં. કેમકે, તેથી આ લોકમાં તથા પરલોકમાં અનર્થ પેદા થાય છે. જેથી કોઇને સ્વલ્પ માત્ર પણ તાપ ઉત્પન્ન થતો હોય તે વ્યવહાર, તથા ઘર, હાટ કરાવવાં, તથા લેવાં તથા તેમાં રહેવું વગેરે સર્વ છોડવું; કારણ કે, કોઇને તાપ ઉત્પન્ન કરવાથી પોતાની સુખાદિ ઋદ્ધિ વધતી નથી. કેમકે–જે લોકો મૂર્ખતાથી મિત્રને, કપટથી ધર્મને, સુખથી વિદ્યાને અને ક્રૂરપણાથી સ્ત્રીને વશ કરવા તથા પરને તાપ ઉપજાવી પોતે સુખી થવા ઇચ્છતા હોય, તે મૂર્ખ જાણવા.

વિવેકી પુરુષે જેમ લોકો આપણા ઉપર પ્રીતિ કરે તેમ પોતે વર્તવું. કહ્યું છે કે–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇંદ્રિયો જીતવાથી વિનય ગુણુ ઉત્પન્ન થાય છે, વિનયથી ઘણા સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે; ઘણા સદ્‌ગુણોથી લોકોના મનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે અને લોકોના અનુરાગથી સર્વ સંપત્તિ ઉત્પન્ન થાય છે. વિવેકી પુરુષે પોતાના ધનની હાનિ, વૃદ્ધિ અથવા કરેલો સંગ્રહ વગેરે વાત કોઇની આગળ ખુલ્લી ન કરવી, કેમકે–જાણુ પુરુષે સ્ત્રી, આહાર, પુણ્ય, ધન, ગુણ, દુરાચાર, મર્મ અને મંત્ર એ આઠ પોતાની વસ્તુ ગુપ્ત રાખવી. કોઇ અજાણ્યો માણસ ઉપર કહેલી આઠ વસ્તુનું સ્વરૂપ પૂછે તો, અસત્ય ન બોલવું; પણ એમ કહેવું કે, " એવા સવાલનું શું કારણ છે ? " વગેરે જવાબ ભાષાસમિતિથી આપવો. રાજા, ગુરુ વગેરે મ્હોટા પુરુષો ઉપર કહેલી આઠ વસ્તુ વિષે પૂછે તો, પરમાર્થથી જે વસ્તુ જેવી હોય તેવી કહી દેવી. કેમકે–મિત્રોની સાથે સત્ય વચન બોલવું, સ્ત્રીની સાથે મધુર વચન બોલવું, શત્રુની સાથે અસત્ય પણ મધુર વચન બોલવું અને પોતાના સ્વામીની સાથે તેને અનુકૂળ પડે એવું સત્ય વચન બોલવું. સત્ય વચન એ એક માણસને મ્હોટો આધાર છે, કારણ કે સત્ય વચનથી જ વિશ્વાસ આદિ ઉત્પન્ન થાય છે. આ વિષય ઉપર એક દૃષ્ટાંત સંભળાય છે, તે એ કે:—

## સત્યવચન ઉપર મહણસિંહનું દૃષ્ટાંત.

દિલ્લી નગરીમાં મહણસિંહ નામે એક શેઠ રહેતો હતો. તેની સત્યવાદીપણાની કીર્તિ સઘળે સ્થળે જાહેર હતી. બાદશાહે એક દિવસે મહણસિંહની પરીક્ષા કરવાને અર્થે તેને પૂછ્યું કે, "ત્હારી પાસે કેટલું ધન છે ? " ત્યારે મહણસિંહે કહ્યું કે—" હું ચોપડામાં લેખ જોઇને પછી કહીશ. " એમ કહી મહણસિંહે સર્વ લેખ સમ્યક્ પ્રકારે જોઇ બાદશાહને સાચે સાચું કહ્યું કે, " મ્હારી પાસે આશરે ચોરાશી લાખ ટંક હશે. " " મેં થોડું ધન સાંભળ્યું હતું અને એણે તો બહુ કહ્યું. " એમ વિચાર કરી બાદશાહ ઘણો પ્રસન્ન થયો અને તેણે મહણસિંહને પોતાનો ભંડારી બનાવ્યો.

## ભીમ સોનીનું દૃષ્ટાંત.

આવી જ રીતે ખંભાત નગરમાં વિષમ દશામાં આવે તો પણ સત્ય વચનને ન છોડે એવો શ્રી જગચ્ચંદ્રસૂરિનો શિષ્ય ભીમ નામે સોની રહેતો હતો. એક વખતે શસ્ત્રધારી યવનોએ શ્રી મલ્લિનાથજીના મંદિરમાંથી ભીમને પકડી બંદીખાનામાં રાખ્યો. ત્યારે ભીમના પુત્રોએ પોતાના પિતાજીને છોડાવવાને માટે ચાર હજાર ખોટા ટંકનું તે લોકોને ભેટણું કર્યું. યવનોએ તે ટંકની પરીક્ષા ભીમ પાસે કરાવી. ત્યારે ભીમે જે હતું તે કહ્યું. તેથી પ્રસન્ન થઇ તેમણે ભીમને છોડી દીધો.

## મિત્ર કેવો કરવો ?

વિવેકી પુરુષે આપત્તિ વખતે મદદ મળે તે સારુ એવો એક મિત્ર કરવો કે જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મથી, ધનથી, પ્રતિષ્ઠાથી તથા બીજા એવા જ સદ્દગુણોથી આપણી બરાબરીનો, બુદ્ધિશાળી તથા નિર્લોભી હોય. રઘુકાવ્યમાં કહ્યું છે કે—રાજાનો મિત્ર તદ્દન શકિત વિનાનો હોય તો પ્રસંગ આવે રાજા ઉપર ઉપકાર કરી ન શકે. તથા તે મિત્ર રાજાથી વધારે શક્તિમાન હોય તો તે રાજાની સાથે સ્પર્ધાથી વેર વગેરે કરે, માટે રાજાના મિત્ર મધ્યમ શક્તિના ધારણ કરનારા જોઈએ. બીજા એક સ્થળને વિષે પણ કહ્યું છે કે—આવેલી આપદાને દૂર કરનાર મિત્ર, માણસને એવી અવસ્થામાં સહાય્ય કરે છે કે જે અવસ્થામાં માણસનો સગો ભાઇ, પ્રત્યક્ષ પિતા અથવા બીજા સ્વજન પણ તેની પાસે ઊભા રહી ન શકે. હે લક્ષ્મણ ! આપણા કરતાં મ્હોટા-સમર્થની સાથે પ્રીતિ રાખવી એ મને ઠીક લાગતું નથી, કેમકે તેને ઘેર આપણે જઈએ, તો આપણો કાંઇ પણ આદર-સત્કાર થાય નહીં, અને તે જો આપણે ઘેર આવે તો આપણે શકિત કરતાં વધારે ધન ખરચીને તેની પરોણાગત કરવી પડે. એવી રીતે આ વાત યુકિતવાળી છે ખરી, તો પણ કોઈ પ્રકારે જો મ્હોટાની સાથે પ્રીતિ થાય તો તેથી બીજાથી ન સધાય એવા આપણાં કાર્યો બની શકે છે, તથા બીજા પણ કેટલાક લાભ થાય છે. કેમકે-ભાષામાં પણ કહેલું છે કે:—પોતે જ સમર્થ થઇને રહેવું અગર કોઇ મ્હોટો પોતાને હાથ કરી રાખવો. આમ કરવાથી ધારેલું કામ પાર પડી શકાય છે, કામ કાઢી લેવાનો આ ઉત્તમ ઉપાય છે.

મ્હોટા પુરૂષે હલકા માણસની સાથે પણ મૈત્રી કરવી, કારણ કે, મ્હોટા પુરૂષ ઉપર કોઇ વખત આવે હલકા માણસ પણ સહાય્ય કરી શકે છે. પંચાખ્યાનમાં કહ્યું છે કે:—બળવાન્ અને દુર્બળ એવા બન્ને પ્રકારના મિત્રો કરવા. જુઓ, અટવીની અંદર બંધનમાં પડેલા હાથીના ટોળાને ઉંદરડે છોડાવ્યું. ક્ષુદ્ર જીવથી થઇ શકે એવાં કામો સર્વે મ્હોટા લોકો એકત્ર થાય, તો પણ તેમનાથી તે થઈ શકે નહીં. સોયનું કાર્ય સોયજ કરી શકે, પણ તે ખડ્ગ આદિ શસ્ત્રોથી થાય નહીં. તૃણનું કાર્ય તૃણજ કરી શકે, પણ તે હાથી વગેરેથી થાય નહીં. તેમજ કહ્યું છે કે—તૃણ, ધાન્ય, મીઠું, અગ્નિ, જળ, કાજળ, છાણ, માટી, પત્થર, રક્ષા, લોઢું, સોય, ઔષધીચૂર્ણ અને કૂંચી વગેરે વસ્તુઓ પોતાનું કાર્ય પોતે જ કરી શકે, પણ બીજી વસ્તુથી થાય નહીં.

## દુર્જનો સાથે કેવી રીતે વર્તવું ?

દુર્જનની સાથે પણ વચનની સરળતા આદિ દાક્ષિણ્યતા રાખવી. કહ્યું છે કે—મિત્રને શુદ્ધ મનથી, બાંધવોને સન્માનથી, સ્ત્રીઓને પ્રેમથી, સેવકોને દાનથી અને બીજા લોકોને દાક્ષિણ્યતાથી વશ કરવા.

કોઇ વખતે પોતાની કાર્યસિદ્ધિને અર્થે ખળ પુરુષોને પણ અગ્રેસર કરવા. કેમકે-કોઇ સ્થળે ખળ પુરુષોને પણ અગ્રેસર કરીને જાણ પુરુષે સ્વકાર્ય સાધવું. રસને ચાખ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારી જિહ્વા કલહ કલેશ કરવામાં નિપુણ એવા દાંતોને અગ્રેસર કરી પોતાનું કાર્ય સાધે છે. કાંટાનો સંબંધ કર્યા વિના પ્રાયઃ નિર્વાહ થતો નથી. જુઓ, ક્ષેત્ર, ગ્રામ, ગૃહ, બગીચા આદિ વસ્તુની રક્ષા કાંટાવડે જ થાય છે.

## પ્રીતિ હોય ત્યાં લેણ-દેણ ન કરવી.

જ્યાં પ્રીતિ હોય ત્યાં દ્રવ્ય સંબંધ આદિ રાખવા જ નહીં. જ્યાં મૈત્રી કરવાની ઈચ્છા ન હોય ત્યાં દ્રવ્ય સંબંધ કરવો અને પોતાની પ્રતિષ્ઠાનો ભંગ થાય એવા ભયથી જ્યાં ત્યાં ઊભા ન રહેવું. સોમનીતિને વિષે પણ કહ્યું છે કે-જ્યાં દ્રવ્યસંબંધ અને સહવાસ એ બે હોય ત્યાં કલહ થયા વિના રહે નહીં. પોતાના મિત્રને ઘેર પણ કોઈ સાક્ષી રાખ્યા વિના થાપણ મૂકવી નહીં. તેમજ પોતાના મિત્રને હાથે દ્રવ્ય મોકલવું પણ નહીં; કારણ કે-અવિશ્વાસ ધનનું મૂલ છે અને વિશ્વાસ અનર્થનું મૂલ છે. કહ્યું છે કે-વિશ્વાસુ તથા અવિશ્વાસુ બન્ને માણસો ઉપર વિશ્વાસ ન રાખવો, કારણ કે-વિશ્વાસથી ઉત્પન્ન થએલો ભય મૂળથી નાશ કરે છે. એવો કોણ મિત્ર છે કે જે ગુપ્ત થાપણ મૂકી હોય તો તેનો લોભ ન કરે? કહ્યું છે કે-શેઠ પોતાના ઘરમાં કોઈની થાપણ આવી પડે ત્યારે તે પોતાના દેવતાની સ્તુતિ કરીને કહે કે-"જો એ થાપણનો સ્વામી શીઘ્ર મરણ પામે તો તને માનેલી વસ્તુ આપીશ." વળી એમ પણ કહ્યું છે કે-ધન અનર્થનું મૂળ છે, પણ જેમ અગ્નિ વિના, તેમ તે ધન વિના ગૃહસ્થનો નિર્વાહ કોઈ પણ રીતે થાય નહીં; માટે વિવેકી પુરુષે ધનનું અગ્નિની પેઠે રક્ષણ કરવું. આ વિષય ઉપર ધનેશ્વર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત નીચે આપ્યું છે.

## ધનેશ્વર શેઠનું દૃષ્ટાંત.

ધનેશ્વર નામે એક શેઠ હતો. તેણે પોતાના ઘરમાંની સર્વ સાર વસ્તુ એકઠી કરી તેનું રોકડું નાણું કરી એકેકનું ક્રોડક્રોડ સોનૈયા દામ ઉપજે, એવાં આઠ રત્ન વેચાતાં લીધાં, અને કોઈ ન જાણે તેવી રીતે પોતાના એક મિત્રને ત્યાં અનામત મૂકયાં. પછી પોતે ધન મેળવવા માટે પરદેશ ગયો. ત્યાં બહુ કાળ રહ્યા પછી દુર્દૈવના યોગથી ઓચિંતી શરીરે માંદગી થઈ અને મરણ પામ્યો. કહ્યું છે કે-પુરુષ મુચકુંદના ફૂલ સરખા શુદ્ધ મનમાં કાંઈ જૂદું જ ચિંતવે છે, અને દૈવયોગથી કાંઈ જુદું જ થાય છે. ધનેશ્વર શ્રેષ્ઠીનો અંતસમય સમીપ આવ્યો ત્યારે પાસે સ્વજન સંબંધી હતા. તેમણે શ્રેષ્ઠીને દ્રવ્ય આદિનું સ્વરૂપ પૂછયું. શ્રેષ્ઠીએ કહ્યું કે—"પરદેશે ઉપાર્જન કરેલું બહુ દ્રવ્ય છે, તો પણ તે જ્યાં ત્યાં વિખરાયેલું હોવાથી મ્હારા પુત્રોથી તે લેવાય તેમ નથી; પણ મ્હારાં એક મિત્રની પાસે મેં આઠ રત્ન અનામત મૂકયાં છે, તે મ્હારા સ્ત્રી પુત્રાદિકને અપાવજો." એમ કહી ધનેશ્વર શેઠ મરણ પામ્યો. પછી સ્વજનોએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી ધનેશ્વર શેઠના પુત્રાદિકને એ વાત કહી ત્યારે તેમણે પોતાના પિતાના મિત્રને વિનયથી, પ્રેમથી અને બહુમાનથી ઘેર બોલાવ્યો અને અભયદાનાદિ અનેક પ્રકારની યુક્તિથી રત્નોની માગણી કરી; તો પણ લોભી મિત્રે તે વાત માની નહીં અને રત્ન પણ આપ્યાં નહીં. પછી તે વિવાદ ન્યાયસભામાં ગયો. સાક્ષી, લેખ વગેરે પુરાવો નહીં હોવાથી રાજા, મંત્રી વગેરે ન્યાયધીશો રત્નો અપાવી શક્યા નહીં. આ રીતે સાક્ષી રાખીને દ્રવ્ય આપવા ઉપર ધનેશ્વર શેઠનું દૃષ્ટાંત કહ્યું છે.

## ધન આપતાં સાક્ષી રાખવાથી થતો લાભ.

માટે કોઇને પણ સાક્ષી રાખીને દ્રવ્ય આપવું. સાક્ષી રાખ્યો હોય તો ચોરને આપેલું દ્રવ્ય પણ પાછું મળે છે. એ ઉપર એક દૃષ્ટાંત કહે છે:—

એક વણિક ધનવાન તેમજ બહુ ઠગ હતો. પરદેશ જતાં માર્ગમાં તેને ચોરોની ધાડ નડી. ચોરોએ જુહાર કરીને તેની પાસે દ્રવ્ય માગ્યું. વણિકે કહ્યું "સાક્ષી રાખીને આ સર્વ દ્રવ્ય તમે ગ્રહણ કરો અને અવસર આવે પાછું આપજો, પણ મને મારશો નહીં." પછી ચોરોએ "આ કોઇ પરદેશી મૂર્ખ માણસ છે." એમ ધારી એક જંગલી કાબરચિત્ર વર્ણના બિલાડાને સાક્ષી રાખી સર્વ દ્રવ્ય લઇ વણિકને છોડી દીધો. તે વણિક અનુક્રમે તે સ્થાન બરાબર ધ્યાનમાં રાખીને પાછો પોતાને ગામ ગયો. કેટલોક વખત જતાં એક દિવસે તે ચોરો વણિકના ગામના કેટલાક ચોરોની સાથે ઘણી વસ્તુ લઇને (વણિકના ગામમાં) આવ્યા. તે વણિકે ચોરોને ઓળખી પોતાના દ્રવ્યની માગણી કરી તેથી કલહ થયો, અને છેવટ તે વાત રાજદ્વારે ચઢી. ન્યાયાધીશોએ વણિકને પૂછ્યું. "દ્રવ્ય આપ્યું તે વખતે કોઇ સાક્ષી હતું ?" વણિકે પાંજરામાં રાખેલા એક કાળા બિલાડાને આગળ મૂકીને કહ્યું. "આ મ્હારો સાક્ષી છે." ચોરોએ કહ્યું. "ત્હારો કેવો સાક્ષી છે તે દેખાડ." વણિકે દેખાડયો. ત્યારે ચોરોએ કહ્યું. "તે આ નથી. તે કાબરચિત્ર વર્ણનો હતો અને આ તો કાળો છે." આ રીતે પોતાને મુખે જ ચોરોએ કબૂલ કર્યું ત્યારે ન્યાયાધીશોએ તેમની પાસેથી વણિકને તેનું સર્વ ધન પાછું અપાવ્યું. એ પ્રકારે સાક્ષી રાખવા ઉપર દૃષ્ટાંત છે.

## થાપણ કેમ રાખવી અને કેમ વાપરવી ?

માટે થાપણ મૂકવી તથા લેવી હોય તો છાની મૂકવી નહીં, તેમ લેવી પણ નહીં. પણ સ્વજનોને સાક્ષી રાખીનેજ મૂકવી તથા લેવી. ધણીની સમ્મતિ વિના થાપણ હલાવવી-ચલાવવી પણ નહીં. તો પછી વાપરવાની તો વાત જ શી ? કદાચિત્ થાપણ મૂકનાર માણસ પરદેશે મરણ પામે તો તે થાપણ તેના પુત્રોને આપવી. તેને પુત્ર આદિ ન હોય તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ સંઘના સમક્ષ તે ધર્મસ્થાને વાપરવી. ઉધાર થાપણુ આદિની નોંધ તેજ વખતે કરવામાં, લેશમાત્ર પણુ આળસ ન કરવી. કહ્યું છે કે—ગાંઠમાં દ્રવ્ય રાખવામાં, વસ્તુની પરીક્ષા કરવામાં, ગણુવામાં, છાનું રાખવામાં, ખરચ કરવામાં અને નામું રાખવામાં જે માણુસ આળસ કરે તે શીઘ્ર વિનાશ પામે છે. પાછળથી માણુસના ધ્યાનમાં સર્વ વાત રહેતી નથી, બહુ ભૂલી જવાય છે, અને ભૂલી જવાથી વૃથા કર્મબંધ આદિ દોષ માથે આવે છે. પોતાના નિર્વાહને અર્થે ચંદ્રમા જેમ રવિને અનુસરે છે તેમ રાજા તથા મંત્રી આદિને અનુસરવું. નહીં તો વખતે વખતે પરાભવ આદિ થવાનો સંભવ છે. કહ્યું છે કે—ડાહ્યા પુરુષો પોતાના મિત્રજન ઉપર ઉપકાર કરવાને માટે તથા શત્રુજનનો નાશ કરવાને માટે રાજાનો આશ્રય માગે છે, પણુ પોતાના ઉદરપોષણુને અર્થે નહિ; કારણુ કે રાજાના આશ્રય વિના કોણુ પોતાનું ઉદરપોષણુ કરતું નથી ? ઘણા કરે છે. વસ્તુપાળ મંત્રી, પેથડશ્રેષ્ઠી આદિ લોકોએ પણુ રાજાના આશ્રયથી જિનમંદિર આદિ અનેક પુણ્યકૃત્ય કર્યાં છે.

## ધર્માદિના સોગન ન ખાવા.

હવે, વિવેકી પુરુષે જુગાર, કિમિયા આદિ વ્યસનોનો દૂરથી જ ત્યાગ કરવો. કહ્યું છે કે—દૈવનો કોપ થાય ત્યારેજ દ્યૂત, ધાતુર્વાદ, અંજનસિદ્ધિ, રસાયન અને યક્ષિણીની ગુફામાં પ્રવેશ—એટલાં વાનાં કરવાની બુદ્ધિ થાય છે. તેમજ સહજ કામમાં જેમ તેમ સોગન વગેરે પણુ ન ખાવા, અને તેમાં પણુ વિશેષે કરીને દેવ, ગુરૂ, જ્ઞાન આદિના તો નજ ખાવા. કહ્યું છે કે-જે મૂઢ પુરુષ ચૈત્ય( દેવ )ના સાચા અથવા જૂઠા સમ ખાય તે બોધિબીજ વમે અને અનંતસંસારી થાય. જાણુ પુરુષે કોઇના જામીન થવા વગેરેના સંકટમાં ન પડવું. કાર્પાસિકે કહ્યું છે કે-દરિદ્રીને બે સ્ત્રીઓ, માર્ગમાં ક્ષેત્ર, બે પ્રકારની ખેતી, જામીનપણું અને સાક્ષીપણું એ પાંચ અનર્થ માણુસોએ પોતે ઉત્પન્ન કરેલાં હોય છે.

## પરદેશ આદિમાં વ્યાપાર કરવા અંગે.

તેમજ વિવેકી પુરુષે બનતાં સુધી જે ગામમાં પોતાનું રહેવાનું સ્થળ હોય તેજ ગામમાં વ્યાપાર આદિ કરવો, તેથી પોતાના કુટુંબના માણુસોનો વિયોગ થતો નથી, ઘરનાં તથા ધર્મનાં કામો યથાસ્થિત થાય છે. આ આદિ ગુણુ પોતાના ગામમાંજ વ્યાપાર વગેરે કરવામાં છે. પોતાના ગામમાં નિર્વાહ ન થતો હોય તો પોતાના દેશમાં વ્યાપાર વગેરે કરવો, પણુ પરદેશે ન જવું. પોતાના દેશમાં વ્યાપાર કરવાથી શીઘ્ર તથા વારે વારે પોતાને ગામે જવાય છે, તથા ઘરનાં કામો વિગેરે પણુ જોવાય છે. કોણુ દરિદ્રી માણુસ પોતાના ગામમાં અથવા દેશમાં નિર્વાહ થવાનો સંભવ છતાં પરદેશે જવાનો કલેશ માથે લે ? કહ્યું છે કે—હે અર્જુન ! દરિદ્રી, રોગી, મૂર્ખ, મુસાફર અને નિત્ય સેવા કરનારો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પાંચ જણા જીવતા છતાં પણ મરણ પામ્યા જેવા છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે. હવે જો પરદેશ ગયા વિના નિર્વાહ ન ચાલતો હોય, તેથી પરદેશમાં વ્યાપાર કરવો પડે તો પોતે વ્યાપાર ન કરવો, તથા પુત્રાદિક પાસે પણ ન કરાવવો; પરંતુ સમ્યક્ પ્રકારે પરીક્ષા કરવાથી વિશ્વાસપાત્ર થએલા મુનિમો પાસે વ્યાપાર ચલાવવો. જો કોઈ સમયે પોતાને પરદેશે જવું પડે તો સારૂં મુહૂર્ત, સારા શકુન આદિ જોઇ તથા ગુરુવંદન વગેરે માંગલિક કરી ભાગ્યશાળી પુરુષોની સાથેજ જવું. અને સાથે પોતાની જ્ઞાતિના કેટલાએક ઓળખીતા લોકો પણ લેવા અને માર્ગમાં નિદ્રાદિ પ્રમાદ લેશમાત્ર પણ કરવો નહિ. તથા ઘણા યત્નથી જવું. પરદેશમાં વ્યાપાર કરવો પડે અથવા રહેવું પડે તો પણ આ રીતેજ કરવું, કારણ કે, એક ભાગ્યશાળી સાથે હોય તો સર્વ લોકોનું વિઘ્ન ટળે છે. આ વિષય ઉપર દૃષ્ટાંત છે, તે આ રીતેઃ—

## અન્યના ભાગ્યથી ઉપદ્રવ દૂર થવા અંગે દૃષ્ટાંત.

એકવીસ માણસો ચોમાસામાં કોઈ ગામે જતા હતા. તેઓ સંધ્યાસમયે એક મંદિરે ઉતર્યા. ત્યાં વારે વારે વિજળી મંદિરના બારણા સુધી આવે ને જાય. તે સર્વ જણાએ મનમાં ભય થવાથી કહ્યું કે, “ આપણામાં કોઈ અભાગી પુરુષ છે, માટે એકેક જણાએ મંદિરને ફરતી પ્રદક્ષિણા દઈને પાછું અહિં જ આવવું.” તેમ કરતાં વીસ જણાએ એક પછી એક એમ પ્રદક્ષિણા દઇ મંદિરમાં પાછો પ્રવેશ કર્યો એકવીશમો પુરુષ બહાર નીકળતો નહોતો. તેને વીશ જણાએ બળાત્કારથી ખેંચીને બહાર કાઢ્યો. ત્યારે વીસ જણા ઉપર વીજળી પડી. તેઓમાં એક જ ભાગ્યશાળી હતો. આ રીતે ભાગ્યવાન પુરુષની સાથે જવા ઉપર દૃષ્ટાંત છે.

માટે ભાગ્યશાળી પુરુષોની સંગાથે જવું, તથા જે કાંઇ લેણદેણ હોય, અથવા નિધિ આદિ રાખ્યો હોય તો તે સર્વ પિતા, ભાઈ અથવા પુત્ર આદિને નિત્ય જણાવવું. તેમાં પણ પરગામ જતી વખતે તો અવશ્ય જણાવવું જ. તેમ ન કરે તો દુર્દૈવના યોગથી જો કદાચિત્ પરગામમાં અથવા માર્ગમાં પોતે મરણ પામે તો ધન છતાં પિતા, ભાઈ, પુત્ર વગેરેને વૃથા દુઃખ ભોગવવું પડે.

## પરદેશ આદિમાં ધ્યાન રાખવા લાયક નીતિવચનો.

વિવેકી પુરુષે પરગામ જતી વખતે ધનાદિકની યથાયોગ્ય ચિંતા કરવાને અર્થે કુટુંબના સર્વે લોકોને સારી શિખામણ દેવી, તથા બહુમાનથી સર્વ સ્વજનોની સાથે વાત કરી વિદાય થવું. કહ્યું છે કે-જેને જગતમાં જીવવાની ઇચ્છા હોય, તે માણસે પૂજ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરુષોનું અપમાન કરી, પોતાની સ્ત્રીને કટુ વચન કહી, કોઈને તાડના કરી તથા બાળકને રોવરાવી પરગામે ગમન ન કરવું. પરગામ જવાનો વિચાર કરતાં જો પાસે કાંઇ પર્વ અથવા ઉત્સવ આદિ આવ્યો હોય તો તે કરીને જવું. કહ્યું છે કે-ઉત્સવ, ભોજન, મ્હોટું પર્વ તથા બીજાં પણ સર્વ મંગળ કાર્યની ઉપેક્ષા કરીને તથા જન્મનાં અને મરણનાં મળી બે પ્રકારનાં સૂતક હોય તો અને પોતાની સ્ત્રી રજસ્વલા હોય તો પરગામે ગમન ન કરવું. એમજ બીજી વાતોનો પણ શાસ્ત્રાનુસારથી વિચાર કરવો. વળી કહ્યું છે કે-દૂધનું ભક્ષણ, સ્ત્રીસંભોગ, સ્નાન, પોતાની સ્ત્રીને તાડના, વમન તથા થૂંકવું એટલાં વાનાં કરીને તથા આક્રોશ વચન સાંભળીને પરગામે ન જવું. હજામત કરાવીને, નેત્રમાંથી આંસુ ગાળીને તથા સારા શકુન થતાં ન હોય તો પરગામે ન જવું. પોતાના સ્થાનકથી કાંઇ કાર્યને અર્થે બહાર જતાં જે ભાગની નાડી વહેતી હોય, તે બાજુનો પગ આગળ મૂકવો. તેમ કરવાથી માણસના વાંછિત કાર્યની સિદ્ધિ થાય છે. જાણ પુરુષે માર્ગે જતાં સામા આવેલા રોગી, વૃદ્ધ, બ્રાહ્મણ, અંધ, ગાય, પૂજ્ય પુરુષ, રાજા, ગર્ભિણી સ્ત્રી અને માથે ભાર હોવાથી નમી ગએલો માણસ એટલા લોકોને પ્રથમ માર્ગ આપીને પછી પોતે જવું. પકવ અથવા અપકવ ધાન્ય, પૂજવા યોગ્ય મંત્રનું મંડળ, નાંખી દીધેલ ઉવટણું, સ્નાનનું ઉદક, રુધિર અને મડદું એટલાં વાનાં ઉલ્લંઘીને ગમન ન કરવું. થૂંક, શ્લેષ્મ, વિષ્ટા, મૂત્ર, પ્રજ્વલિત અગ્નિ, સર્પ, માણસ અને આયુધ એટલાં વાનાં બુદ્ધિશાળી પુરુષે કોઇ કાળે પણ ઉલ્લંઘન ન કરવાં. વિવેકી પુરુષે નદીના કાંઠા સુધી, ગાયો બાંધવાના સ્થાનક સુધી, વડ આદિ વૃક્ષ, તળાવ, સરોવર, કૂવા, આરામ વગેરે આવે ત્યાં સુધી પોતાના બંધુને વળાવવા જવું.

કલ્યાણના અર્થી પુરુષે રાત્રિને વખતે ઝાડની નીચે રહેવું નહીં. ઉત્સવ તથા સૂતક સમાપ્ત થયા પહેલાં કોઈ દૂર પ્રદેશે જવું નહીં. જાણ પુરુષે એકલા અજાણ્યા માણસોની સાથે અથવા દાસની સાથે ગમન ન કરવું. તથા મધ્યાહ્ન સમયે અથવા મધ્ય રાત્રિએ પણ માર્ગે ગમન ન કરવું. ક્રૂર પુરુષ, રખવાળ, ચાડીયા, કારુ લોક અને અયોગ્ય મિત્ર એટલાની સાથે ઘણી વાતો ન કરવી. તથા અકાળે એમની સાથે કયાંય પણ ગમન ન કરવું. લક્ષ્મીની ઇચ્છા કરનાર માણસે માર્ગમાં ગમે તેટલો થાક લાગે તો પણ પાડા, ગર્દભ અને ગાય એમની ઉપર બેસવું નહિ. માણસે માર્ગે જતાં હસ્તિથી એક હજાર, ગાડાથી પાંચ, તથા શિંગડાવાળા પશુથી અને અશ્વથી દશ હાથને છેટે ચાલવું. બુદ્ધિશાળી પુરુષે ભાતું લીધા વિના માર્ગે ગમન ન કરવું. મુકામ કર્યો હોય ત્યાં ઘણી નિદ્રા ન લેવી. તથા સાથે આવનારા લોકો ઉપર વિશ્વાસ ન રાખવો. સેંકડો કાર્ય હોય તો પણ કયાંય એકલા ન જવું. જુઓ-એકલા કાકીડા સરખા તિર્યંચ જીવે બ્રાહ્મણની રક્ષા કરી. એકલા માણસે કોઇ પણ માણસને ઘેર ગમન ન કરવું. કોઈના ઘરમાં આડે માર્ગે પણ પ્રવેશ ન કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બુદ્ધિમાન્ પુરુષે જીર્ણ નાવમાં ન બેસવું, એકલાએ નદીમાં પ્રવેશ ન કરવો અને સગા ભાઈની સાથે માર્ગે જવું નહીં વિવેકી પુરુષે પોતાની પાસે સાધન ન હોય તો જળના અને સ્થળના વિષમ પ્રદેશ, ઘોર અટવી તથા ઊંડું જળ એટલાં વાનાનું ઉલ્લંઘન ન કરવું. જેમાં ઘણાખરા લોકો ક્રોધી, સુખના અભિલાષી અને કૃપણ હોય, તે સમુદાય પોતાનો સ્વાર્થ ખોઇ બેસે છે. જેમાંના સર્વે લોકો નાયકપણું ધરાવે છે, સર્વે પોતાને પંડિત માને છે અને મ્હોટાઇ ઈચ્છે છે, તે સમુદાય ખરાબ અવસ્થામાં આવી પડે છે. જ્યાં બંદીવાનોને તથા ફાંસીની શિક્ષા પામેલા લોકોને રાખતા હોય, જ્યાં જુગાર રમાતો હોય, જ્યાં પોતાનો અનાદર થતો હોય ત્યાં તથા કોઇના ખજાનામાં અને અંતઃપુરમાં ગમન ન કરવું, જાણુ પુરુષે મનને ગમે નહીં તેવા સ્થળે, સ્મશાન, શૂન્ય સ્થાન, ચઉટું, ફોતરા તથા જ્યાં સૂકું ઘાસ ઘણું પથરાયેલું હોય, જ્યાં પ્રવેશ કરતાં ઘણું દુઃખ થાય, તથા જ્યાં કચરો નંખાતો હોય એવું સ્થાનક, ખારી ભૂમિ, વૃક્ષનો અગ્રભાગ, પર્વતની ટૂંક, નદીનો તથા કૂવાનો કાંઠો અને જ્યાં ભસ્મ, કોયલા, વાળ અને માથાની ખોપરીઓ પડેલી હોય એટલી જગ્યાએ ઘણીવાર ઊભા ન રહેવું, ઘણો પરિશ્રમ થાય તો પણ જે જે કૃત્ય કરવાનું હોય તે ન મૂકવું. કલેશને વશ થએલો પુરુષ પુરુષાર્થના ફળરૂપ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે મેળવી શકતો નથી.

## સત્કાર્યોના મનોરથો કરવા જોઇએ.

માણસ છેક આડંબર રહિત હોય તો તેનો જ્યાં ત્યાં અનાદર થાય છે, માટે બુદ્ધિશાળી પુરુષે કોઇ પણ સ્થળે વિશેષ આડંબર છોડવો નહીં. વિવેકી પુરુષે પરદેશ ગયા પછી પોતાની યોગ્યતા માફક સર્વાંગે વિશેષ આડંબર તથા સ્વધર્મને વિષે પરિપૂર્ણ નિષ્ઠા રાખવી, કારણ કે તેમ કરવાથીજ મ્હોટાઇ, બહુમાન તથા ધારેલા કાર્યની સિદ્ધિ આદિ થવાનો સંભવ છે. પરદેશે, બહુ લાભ થાય તો પણ ઘણા કાળ સુધી ન રહેવું, કારણ કે તેમ કરવાથી ગૃહકાર્યની અવ્યવસ્થા આદિ દોષ ઉત્પન્ન થાય છે. કાષ્ઠ શ્રેષ્ઠિ આદિની પેઠે લેવા વેચવા આદે કાર્યના આરંભમાં, વિઘ્નનો નાશ અને ઇચ્છિત લાભ વગેરે કામ સિદ્ધ થવાને અર્થે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવું, ગૌતમાદિકનું નામ ઉચ્ચારવું તથા કેટલીએક વસ્તુ દેવના, ગુરુના અને જ્ઞાન આદિના ઉપયોગમાં આવે એવી રીતે રાખવી. કારણ કે, ધર્મની પ્રધાનતા રાખવાથી જ સર્વ કાર્ય સફળ થાય છે. ધનનું ઉપાર્જન કરવાને અર્થે જેને આરંભસમારંભ કરવો પડે તે શ્રાવકે સાત ક્ષેત્રમાં ધન વાપરવાના તથા બીજા એવા જ ધર્મકૃત્યના નિત્ય મ્હોટા મનોરથ કરવા. કહ્યું છે કે—વિચારવાળા પુરુષે નિત્ય મ્હોટા મ્હોટા મનોરથ કરવા, કારણ કે પોતાનું ભાગ્ય જેવા મનોરથ હોય તે પ્રમાણે કાર્યસિદ્ધિ કરવામાં યત્ન કરે છે. ધન, કામ અને યશ એ ત્રણ વસ્તુની પ્રાપ્તિને અર્થે કરેલો યત્ન વખતે નિષ્ફળ થાય છે; પરંતુ ધર્મકૃત્ય કરવાનો કેવળ મનમાં કરેલો સંકલ્પ પણ નિષ્ફળ જતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાભ થાય ત્યારે પૂર્વે કરેલા મનોરથ લાભના અનુસારથી સફળ કરવાં, કેમ કે— ઉદ્યમનું ફળ લક્ષ્મી છે, અને લક્ષ્મીનું ફળ સુપાત્રે દાન દેવું એ છે; માટે જો સુપાત્રે દાન ન કરે તો ઉદ્યમ અને લક્ષ્મી બન્ને દુર્ગતિનાં કારણ થાય છે. સુપાત્રે દાન દે, તો જ પોતે ઉપાર્જન કરેલી લક્ષ્મી તે ધર્મની ઋદ્ધિ કહેવાય, નહીં તો પાપની ઋદ્ધિ કહેવાય. કહ્યું છે કે—ઋદ્ધિ ત્રણ પ્રકારની છે: એક ધર્મઋદ્ધિ, બીજી ભોગઋદ્ધિ અને ત્રીજી પાપ-ઋદ્ધિ. તેમાં જે ધર્મકૃત્યને વિષે વપરાય છે તે ધર્મઋદ્ધિ, જે શરીર સુખને અર્થે વપરાય તે ભોગઋદ્ધિ અને જે દાનના તથા ભોગના કામમાં આવતી નથી તે અનર્થ ઉત્પન્ન કર-નારી પાપઋદ્ધિ કહેવાય છે. પૂર્વભવે કરેલા પાપકર્મથી અથવા ભાવી પાપથી પાપઋદ્ધિ પમાય છે. આ વિષય ઉપર નીચેનું દૃષ્ટાંત વિચારો :—

## પાપઋદ્ધિ અંગે દૃષ્ટાંત.

વસંતપુર નગરમાં એક બ્રાહ્મણ, એક ક્ષત્રિય, એક વણિક્ અને એક સોની—એ ચાર જણા મિત્ર હતા. તેઓ દ્રવ્ય ઉપાર્જન કરવાને અર્થે સાથે પરદેશ જવાને નીકળ્યા. રાત્રિએ એક ઉદ્યાનમાં રહ્યા. ત્યાં વૃક્ષની શાખાએ લટકતો એક સુવર્ણ પુરુષ તેમણે દીઠો. ચાર-માંથી એક જણે કહ્યું. "દ્રવ્ય છે." સુવર્ણપુરુષે કહ્યું, "દ્રવ્ય અનર્થ આપનારૂં છે." તે સાંભળી સર્વે જણાએ ભયથી સુવર્ણપુરુષને તજ્યો પણ સોનીએ સુવર્ણપુરુષને કહ્યું. "નીચે પડ." ત્યારે સુવર્ણપુરુષ નીચે પડ્યો. પછી સોનીએ તેની એક આંગળી કાપી લીધી અને બાકી સર્વ સુવર્ણપુરુષને એક ખાડામાં ફેંક્યો. તે સર્વેએ દીઠો. પછી તે ચાર જણામાંથી બે જણા ભોજન લાવવાને અર્થે ગામમાં ગયા અને બે જણા બહાર રહ્યા. ગામમાં ગએલા બે જણા બહાર રહેલાને મારવાને અર્થે વિષ મિશ્રિત અન્ન લાવ્યા. બહાર રહેલા બે જણાએ ગામમાંથી આવતા બે જણાને ખડ્ગપ્રહારથી મારી નાંખી પોતે વિષ-મિશ્રિત અન્ન ભક્ષણ કર્યું. આ રીતે ચાર જણા મરણ પામ્યા. એ પાપઋદ્ધિ ઉપર દૃષ્ટાંત છે.

માટે દરરોજ દેવપૂજા, અન્નદાન આદિ પુણ્ય તથા સંઘપૂજા, સાધર્મિકવાત્સલ્ય વગેરે અવસરે પુણ્ય કરીને પોતાની લક્ષ્મી ધર્મકૃત્યે લગાડવી. સાધર્મિકવાત્સલ્ય વગેરે અવસરના પુણ્યો ઘણા દ્રવ્યનો વ્યય કરવાથી થાય છે અને તેથી તે શ્રેષ્ઠ પણ કહે-વાય છે અને દરરોજ થતાં પુણ્યો ન્હાનાં કહેવાય છે. એ વાત સત્ય છે, તો પણ દરરોજ-નાં પુણ્યો નિત્ય કરતા રહીએ તો તેથી પણ મ્હોટું ફળ ઉત્પન્ન થાય છે. માટે દરરોજનાં પુણ્ય કરીને જ અવસરનાં પુણ્ય કરવાં એ ઉચિત છે. ધન અલ્પ હોય તથા બીજા એવાં જ કારણ હોય તો પણ ધર્મકૃત્ય કરવામાં વિલંબાદિક ન કરવો. કહ્યું છે કે—થોડું ધન હોય તો થોડામાંથી થોડું પણ આપવું, પણ મ્હોટા ઉદયની અપેક્ષા ન રાખવી. ઇચ્છા માફક દાન આપવાની શક્તિ ક્યારે કોને મળવાની? આવતી કાલે કરવા ધારેલું ધર્મકાર્ય આજેજ કરવું. પાછલે પહોરે કરવા ધારેલું ધર્મકાર્ય બપોર પહેલાં જ કરવું; કારણ કે મૃત્યુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવશે ત્યારે એમ નહીં વિચાર કરે કે, "એણે પોતાનું કર્તવ્ય કેટલું કર્યું છે અને કેટલું બાકી રાખ્યું છે?"

## દ્રવ્યોપાર્જનનો યત્ન નિરંતર કરવો.

દ્રવ્ય ઉપાર્જન કરવાનો પણ યથાયોગ્ય ઉદ્યમ પ્રતિદિન કરવો, કેમકે—વણિક્, વેશ્યા, કવિ, ભટ્ટ, ચોર, ઠગારા, બ્રાહ્મણ એટલા લોકો જે દિવસે કાંઇ પણ લાભ ન થાય તે દિવસ નકામો માને છે. થોડી લક્ષ્મી મળવાથી ઉદ્યમ છોડી ન દેવો. માઘ કવિએ કહ્યું છે કે—જે પુરુષ થોડા પૈસા મળવાથી પોતાને સારી સ્થિતિમાં આવેલો માને, તેનું દૈવ પણ પોતાનું કર્તવ્ય કર્યું એમ જાણી તેની સંપત્તિ વધારતું નથી એમ મને લાગે છે.

## અતિલોભ પણ ન કરવો.

અતિ લોભ પણ ન કરવો. લોકમાં પણ કહ્યું છે કે-અતિ લોભ ન કરવો. તથા લોભનો સમૂળ ત્યાગ પણ ન કરવો. અતિ લોભને વશ થએલો સાગરશ્રેષ્ઠી સમુદ્રમાં બુડીને મરણ પામ્યો.

હદ્દ વિનાની ઇચ્છા જેટલું ધન કોઇને પણ મળવાનો સંભવ નથી. રંક પુરુષ ચક્રવર્તિપણું વગેરે ઉચ્ચ પદવીની ઇચ્છા કરે, તો પણ તે તેને કોઇ વખતે મળવાનું નથી, ભોજન, વસ્ત્ર આદિ તો ઇચ્છા પ્રમાણે મળી શકે. કહ્યું છે કે—ઇચ્છા માફક ફળ મેળવનાર પુરુષે પોતાની યોગ્યતા માફક ઇચ્છા કરવી. લોકમાં પણ પરિમિત (પ્રમાણવાળી) વસ્તુ માગે તો મળે છે અને અપરિમિત (પ્રમાણ વિનાની) માગે તો મળતી નથી. માટે પોતાના ભાગ્ય આદિના અનુસારથી જ ઇચ્છા રાખવી. જે માણસ પોતાની યોગ્યતા કરતાં અધિક ને અધિકજ ઇચ્છા કર્યા કરે, તેને ઇચ્છિત વસ્તુનો લાભ ન થવાથી હંમેશાં દુઃખી જ રહેવું પડે છે. નવાણું લાખ ટંકનો અધિપતિ છતાં ક્રોડપતિ થવાને અર્થે અહોનિશ ઘણી ચિંતા કરનાર ધનશ્રેષ્ઠીનાં તથા એવાં જ બીજાં દૃષ્ટાંત અહિં જાણવા. વળી કહ્યું છે કે—માણસોના મનોરથ જેમ જેમ પૂર્ણ થતા જાય તેમ તેમ તેનું મન વધુ લાભને માટે દુઃખી થતું જાય છે. જે માણસ આશાનો દાસ થયો તે ત્રણે જગતનો દાસ સમજવો, અને જેણે આશાને પોતાની દાસી કરી તેણે ત્રણે જગતને પોતાના દાસ કર્યા.

## ધર્મ, અર્થ અને કામનું સેવન.

ગૃહસ્થ પુરુષે ધર્મ અર્થ અને કામ એ ત્રણેનું એક બીજાને બાધ ન થાય તેવી રીતે સેવન કરવું. કેમકે—ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ લોકમાં મુખ્ય ગણાય છે. ડાહ્યા પુરુષો અવસર જોઇ ત્રણેનું સેવન કરે છે તેમાં જંગલી હાથીની પેઠે ધર્મનો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થનો ત્યાગ કરીને ક્ષણિક વિષયસુખથી આસક્ત થયેલો કયો માણસ આપદામાં નથી પડતો ? જે માણસ વિષયસુખને વિષે ઘણી આસક્તિ રાખે છે તેના ધનની, ધર્મની અને શરીરની પણ હાનિ થાય છે. ધર્મને અને કામને છોડી દઇને મળેલું ધન પારકા લોકો ભોગવે છે અને મેળવનાર પોતે હાથીને મારનાર સિંહની પેઠે માત્ર પાપનો ભાગી થાય છે. અર્થ અને કામ છોડીને એકલા ધર્મની જ સેવા કરવી એ તો સાધુ મુનિરાજનો ધર્મ છે, પણ ગૃહસ્થનો નથી. ગૃહસ્થે પણ ધર્મને બાધા ઉપજાવીને અર્થનું તથા કામનું સેવન ન કરવું; કારણ કે–બીજભોજી (વાવવાને અર્થે રાખેલા દાણા ભક્ષણ કરનાર) કણબીની પેઠે અધાર્મિક પુરુષનું પરિણામે કાંઇ પણ કલ્યાણ થતું નથી સોમનીતિમાં પણ કહ્યું છે કે—જે માણસ પરલોકના સુખને બાધા ન આવે તેવી રીતે આ લોકનું સુખ ભોગવે તે જ સુખી કહેવાય. તેમજ અર્થને બાધા ઉપજાવીને ધર્મનું અને અર્થનું સેવન કરનારને સંસારી સુખનો લાભ ન થાય. આ રીતે ક્ષણિક વિષયસુખને વિષે આસક્ત થએલા, મૂળભોજી ( મૂળને ખાઇ જનાર ) અને કૃપણ એ ત્રણે પુરૂષના ધર્મ, અર્થ તથા કામને બાધા ઉત્પન્ન થાય છે.

જે માણસ કાંઇ પણ એકઠું નહીં કરતાં જેટલું ધન મળે તેટલું વિષય સુખને અર્થે જ ખરચે, તે ક્ષણિક વિષયસુખને વિષે આસક્ત કહેવાય. જે માણસ પોતાના બાપદાદાનું કરેલું નાણું અન્યાયથી ભક્ષણ કરે તે બીજભોજી કહેવાય અને જે માણસ પોતાના જીવને, કુટુંબને તથા સેવક વર્ગને દુઃખ દઇને દ્રવ્યનો સંગ્રહ કરે, પણ યોગ્ય-જેટલું ખરચવું જોઇએ તેટલું પણ ન ખરચે તે કૃપણ કહેવાય. તેમાં ક્ષણિક વિષયસુખને વિષે આસક્ત થએલા અને મૂળભોજી એ બન્ને જણાનું નાણું નાશ પામે છે, તેથી તેમનાથી ધર્મ અને કામ સચવાતાં નથી, માટે એ બન્ને જણાનું કલ્યાણ થતું નથી. હવે કૃપણે કરેલો દ્રવ્યનો સંગ્રહ પારકો કહેવાય છે રાજા, ભાયાત, ભૂમિ, ચોર આદિ લોકો કૃપણના ધનના ધણી થાય છે, તેથી તેનું ધન ધર્મના અથવા કામના ઉપયોગમાં આવતું નથી. કેમકે—જે ધનને ભાંડુ ઇચ્છે, ચોર લૂંટે, કાંઇ છળભેદ કરી રાજાઓ હરણ કરે, ક્ષણમાત્રમાં અગ્નિ ભસ્મ કરી નાખે, જળ ડુબાવે, ભૂમિમાં દાટયું હોય તો યક્ષ હરણ કરે, પુત્રો દુરાચારી હોય તો બલાત્કારથી ખોટે માર્ગે ઉડાડે, તે ધણીના તાબામાં રહેલા ધનને ધિક્કાર થાઓ. પોતાના પુત્રને લાડ લડાવનાર પતિને જેમ દુરાચારિણી સ્ત્રી હસે છે તેમ મૃત્યુ શરીરની રક્ષા કરનારને અને પૃથ્વી ધનની રક્ષા કરનારને હસે છે. કીડિઓએ સંગ્રહ કરેલું ધાન્ય, મધમાખીઓએ ભેગું કરેલું મધ અને કૃપણે મેળવેલું ધન એ ત્રણે વસ્તુ પારકાના ઉપભોગમાં જ આવે છે; માટે ધર્મ, અર્થ અને કામને બાધા ઉત્પન્ન કરવી એ વાત ગૃહસ્થને ઉચિત નથી. જ્યારે પૂર્વકર્મના યોગથી તેમ થાય, ત્યારે ઉત્તરોત્તરથી બાધા થાય તો પણ પૂર્વ પૂર્વનું રક્ષણ કરવું. તે આ રીતેઃ—

કામને બાધા થાય તો પણ ધર્મનું અને અર્થનું રક્ષણ કરવું કારણ, કે ધર્મ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થની સારી રીતે રક્ષા કરી હશે તો કામ-ઇચ્છા સુખેથી પૂર્ણ થઇ શકશે. વળી અર્થ અને કામ એ બન્નેને બાધા થાય તો પણ સર્વ પ્રકારે ધર્મની રક્ષા કરવી, કેમકે અર્થનું અને કામનું મૂળ ધર્મ છે. કેમકે—ગમે તો કોપરીમાં ભિક્ષા માગીને પોતાની આજીવિકા ચલાવતો હોય, તો પણ માણસ જો પોતાના ધર્મને બાધા ન ઉપજાવે, તો તેણે એમ જાણવું કે, "હું મ્હોટો ધનવાન્ છું." કારણ કે, ધર્મ તે જ સત્પુરુષોનું ધન છે. જે માણસ મનુષ્યભવ પામીને ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનું સાધન ન કરે, તેનું આયુષ્ય પશુના આયુષ્યની પેઠે વૃથા જાણવું. તે ત્રણમાં પણ ધર્મ શ્રેષ્ઠ ગણાય છે, કારણ કે તે વિના અર્થ અને કામ ઉત્પન્ન થતા નથી.

## આવક મુજબ ખર્ચનું પ્રમાણ.

દ્રવ્યની પ્રાપ્તિના પ્રમાણમાં ઉચિત ખરચ કરવું. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે:—જેટલી નાણાંની પેદાશ હોય તેના ચોથા ભાગનો સંચય કરવો; બીજો ચોથો ભાગ વ્યાપારમાં અથવા વ્યાજે લગાડવો; ત્રીજો ચોથો ભાગ ધર્મકૃત્યમાં તથા પોતાના ઉપભોગમાં લગાડવો; અને ચોથો ચતુર્થ ભાગ કુટુંબના પોષણને અર્થે ખરચવો. કેટલાક એમ કહે છે કે—પ્રાપ્તિનો અર્ધો અથવા તે કરતાં પણ અધિક ભાગ ધર્મકૃત્યમાં વાપરવો અને બાકી રહેલા દ્રવ્યમાં બાકીનાં સર્વ કાર્યો કરવાં, કારણ કે, એક ધર્મ વિના બાકીનાં કાર્યો નકામાં છે.

કેટલાક લોકો કહે છે કે—ઉપર આપેલાં બે વચનોમાં પહેલું વચન ગરીબ ગૃહસ્થને તથા બીજું ધનવાન્ ગૃહસ્થને માટે કહ્યું છે એમ સમજવું. તથા જીવિત અને લક્ષ્મી કોને વલ્લભ નથી ? પણ અવસર આવે સત્પુરુષો તે બન્નેને તણખલા કરતાં પણ હલકાં ગણે છે. ૧ યશનો ફેલાવ કરવો હોય, ૨ મિત્રતા કરવી હોય, ૩ પોતાની પ્રિય સ્ત્રીને માટે કાંઇ કરવું હોય, ૪ પોતાના નિર્ધન બાંધવોને સહાય કરવી હોય, ૫ ધર્મકૃત્ય કરવું હોય, ૬ વિવાહ કરવો હોય, ૭ શત્રુનો ક્ષય કરવો હોય અથવા ૮ કાંઇ સંકટ આવ્યું હોય તો ડાહ્યા પુરુષો ( એ આઠ કૃત્યોમાં ) ધનના ખરચની ગણત્રી રાખતા નથી. જે પુરુષ એક કાંકિણી ( પૈસાનો ચોથો ભાગ ) પણ ખોટે માર્ગે જાય તો એક હજાર સોનયા ગયા એમ સમજે છે, તે જ પુરુષ યોગ્ય અવસર આવે, જો ક્રોડો ધનનું છુટા હાથથી ખરચ કરે, તો લક્ષ્મી તેને કોઇ વખતે પણ છોડે નહીં. આ વિષય ઉપર એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

## નવી વહુનું દૃષ્ટાંત.

એક શેઠના પુત્રની વહુ નવી પરણેલી હતી. તેણે એક દિવસે પોતાના સસરાને દીવામાંથી નીચે પડેલાં તેલના છાંટાવડે પગરખાને ચોપડતાં જોયો. તે જોઇને તે મનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારવા લાગી કે, "મ્હારા સસરાની એ કૃપણતા છે કે ઘણી કરકસર છે?" એવો સંશય આવ્યાથી તેણે સસરાની પરીક્ષા કરવાનું ધાર્યું. એક દિવસે "મ્હારૂં માથું દુઃખે છે." એવા બ્હાનાથી તે સૂઈ રહી, અને ઘણી ઘણી બૂમો પાડવા લાગી. સસરાએ ઘણા ઉપાય કર્યા ત્યારે તેણે કહ્યું. "મને પહેલાં પણ કોઇ કોઈ વખતે એવો દુખાવો થતો હતો ત્યારે ઊંચાં મોતીના ચુર્ણના લેપથી તે મટતો." તે સાંભળી સસરાને ઘણો હર્ષ થયો. તેણે તુરત ઊંચાં મોતી મંગાવી વાટવાની તૈયારી કરી, એટલામાં વહુએ જે ખરી વાત હતી તે કહી.

ધર્મકૃત્યમાં ખરચ કરવું એ એક લક્ષ્મીનું વશીકરણ છે. કારણ કે તેમ કરવાથીજ તે સ્થિર થાય છે. કહ્યું છે કે—દાનથી ધનનો નાશ થાય છે, એમ તું કોઇ કાળે પણ સમજીશ નહીં. જુઓ કુવા, બગીચા, ગાય વગેરે જેમ જેમ દેતા જાય છે, તેમ તેમ તેમની સંપદા વૃદ્ધિ પામે છે. આ વિષય ઉપર નીચે પ્રમાણે દૃષ્ટાંત છે:—

## વિદ્યાપતિનું દૃષ્ટાંત.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

વિદ્યાપતિ નામે એક શ્રેષ્ઠી ઘણો ધનવાન્ હતો. લક્ષ્મીએ સ્વપ્નમાં આવી તેને કહ્યું કે, "હું આજથી દશમે દિવસે ત્હારા ઘરમાંથી નીકળી જવાની છું." પછી શ્રેષ્ઠીએ પોતાની સ્ત્રીના કહેવાથી સર્વ ધન તેજ દિવસે ધર્મના સાત ક્ષેત્રોમાં વાપર્યું, અને તે ગુરૂ પાસેથી પરિગ્રહનું પ્રમાણ કરીને રાત્રે સુખે સુઇ રહ્યો. પ્રભાત સમયે જોયું તો પાછું ઘરમાં પહેલાંની માફક પરિપૂર્ણ ધન તેના જોવામાં આવ્યું. ત્યારે ફરીથી તેણે સર્વ ધન ધર્મકૃત્યમાં વાપર્યું. એમ કરતાં નવ દિવસ ગયા. દશમે દિવસે ફરી સ્વપ્નમાં આવી લક્ષ્મીએ કહ્યું કે, "ત્હારા પુણ્યને લીધે હું ત્હારા ઘરમાંજ ટકી રહી છું." લક્ષ્મીનું આ વચન સાંભળી વિદ્યાપતિ શ્રેષ્ઠી પરિગ્રહ પરિણામ વ્રતનો કદાચ ભંગ થાય, એવા ભયથી નગર મૂકી બ્હાર જઇ રહ્યો. એટલામાં કોઈ એક રાજા પછવાડે પુત્ર ન મૂકતાં મરી ગયો હતો, તેની ગાદીએ યોગ્ય પુરૂષને બેસારવાને માટે પટ્ટહસ્તીની શૂંઢમાં મંત્રી વગેરે લોકોએ અભિષેક કળશ રાખ્યો હતો. તે હાથીએ આવી આ વિદ્યાપતિ શ્રેષ્ઠીને અભિષેક કર્યો. પછી આકાશવાણી થવા પ્રમાણે વિદ્યાપતિએ રાજા તરીકે જિનપ્રતિમાની સ્થાપના કરી રાજ્ય ચલાવ્યું, અને છેવટ તે પાંચમે ભવે મોક્ષ પામ્યો.

## ન્યાયથી પ્રાપ્ત કરેલા ધનથી થતા લાભ.

ન્યાયથી ધનનું ઉપાર્જન કરનાર માણસ ઉપર કોઈ શક રાખતું નથી, પણ જ્યાં ત્યાં તેની પ્રશંસા થાય છે. પ્રાયે તેની કોઈ પ્રકારની હાનિ થતી નથી, અને તેની સુખ-સમૃદ્ધિ વગેરે દિવસે દિવસે વૃદ્ધિ પામે છે. માટે ધનનું ઉપાર્જન કરવું તે ઉપર કહેલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે આ લોકમાં તથા પરલોકમાં લાભકારી છે. કેમકે—પવિત્ર પુરૂષો પોતાની શુદ્ધ ચાલ-ચલગતના બળની મગરૂરી હોવાથી સર્વ ઠેકાણે ધીરજથી વર્તે છે, પણ પાપી પુરૂષો પોતાના કુકર્મથી હણાયેલા હોવાને લીધે સર્વ ઠેકાણે મનમાં શંકા રાખીને ચાલે છે. આ વિષય ઉપર નીચે પ્રમાણે એક કથા છે:—

## દેવ અને યશ શેઠનું દૃષ્ટાંત.

દેવ અને યશ નામે શેઠ બહુ પ્રીતિથી સાથે ફરતા હતા. કોઇ નગરને વિષે માર્ગમાં પડેલું રત્નજડિત કુંડલ તેમના જોવામાં આવ્યું. દેવશ્રેષ્ઠી સુશ્રાવક, પોતાના વ્રતને દૃઢ વળગી રહેલો અને પરધનને સર્વ અનર્થ સમાન ગણનારો હોવાથી પાછો વળ્યો. યશ-શ્રેષ્ઠી પણ તેની સાથે પાછો વળ્યો, પણ "પડેલી વસ્તુ લેવામાં બહુ દોષ નથી." એમ વિચારી તેણે દેવશ્રેષ્ઠીની નજર ચૂકાવીને કુંડલ ઉપાડયું. અને પાછું મનમાં વિચાર્યું કે, "એવા ( દેવશ્રેષ્ઠી ) મ્હારા મિત્રને ધન્ય છે, કારણ કે, એનામાં એવી અલૌકિક નિર્લો-ભતા વસે છે. તો પણ યુક્તિથી હું એને આ કુંડલમાં ભાગીદાર કરીશ." આમ વિચારી યશશ્રેષ્ઠીએ કુંડલ છુપું રાખ્યું અને બીજે શહેરે જઇ તે કુંડલના દ્રવ્યથી ઘણું કરીયાણું ખરીધું અનુક્રમે બન્ને શ્રેષ્ઠી પોતાને ગામે આવ્યા. લાવેલા કરીયાણાની વહેંચણી કરવાનો અવસર આવ્યો ત્યારે ઘણું કરીયાણું જોઇ દેવશ્રેષ્ઠીએ ઘણા આગ્રહથી તેનું કારણ પૂછ્યું. યશશ્રેષ્ઠીએ પણ જે વાત હતી તે કહી. પછી દેવશ્રેષ્ઠીએ કહ્યું. "અન્યાયથી મેળવેલું એ કોઇ પણ રીતે સંઘરવા યોગ્ય નથી; કેમકે, જેમ ખાટી કાંજી અંદર પડે તો દૂધનો નાશ થાય છે, તેમ એ ધન લીધાથી પોતાનું ન્યાયથી ઉપાર્જેલું ધન પણ એની સાથે અવશ્ય નાશ પામે છે." એમ કહી દેવશ્રેષ્ઠીએ તે સર્વ અધિક કરિયાણું હતું તે જુદું કરી યશશ્રેષ્ઠીને આપ્યું. "પોતાની મેળે ચાલ્યું આવેલું ધન કોણ મૂકે ?" એવા લોભથી યશશ્રેષ્ઠી તે સર્વ કરીયાણું પોતાની વખારે લઇ ગયો. તે જ દિવસની રાત્રિએ ચોરોએ યશશ્રેષ્ઠીની વખારે ધાડ પાડી સર્વ કરિયાણું લઇ ગયા. પ્રભાતકાળમાં કરીયાણાના ગ્રાહક ઘણા આવ્યા, તેથી બમણું તથા તેથી પણ વધારે મૂલ્ય મળવાથી દેવશ્રેષ્ઠીને લાભ થયો. પછી યશશ્રેષ્ઠી પણ પસ્તાવો થવાથી સુશ્રાવક થયો, અને શુદ્ધ વ્યવહારથી ધન ઉપાર્જીને સુખ પામ્યો. આ રીતે ન્યાયથી તથા અન્યાયથી ધન ઉપાર્જન કરવા ઉપર બે મિત્રોની કથા કહી છે.

આ વિષય ઉપર લૌકિક શાસ્ત્રમાં કહેલી એક વાર્તા નીચે પ્રમાણે છે.

## સોમરાજાનું દૃષ્ટાંત.

ચંપાનગરીમાં સોમ નામે રાજા હતો. તેણે "સુપર્વને વિષે દાન આપવા યોગ્ય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારૂં દ્રવ્ય કયું ? અને દાન લેવાને સુપાત્ર કોણ ? " એવું મંત્રીને પૂછ્યું. મંત્રીએ કહ્યું. આ નગરમાં એક સુપાત્ર બ્રાહ્મણ છે, પણ ન્યાયથી ઉપાર્જન કરેલા શુભ દ્રવ્યનો યોગ મળવો સર્વ લોકોને અને વિશેષે કરી રાજાને દુર્લભ છે. કેમ કે—જેમ સારા બીજનો અને સારા ક્ષેત્રનો યોગ મળવો કઠણ છે, તેમ શુદ્ધ મનનો દાતા અને યોગ્ય ગુણને ધરાવનાર પાત્ર એ બન્નેનો યોગ મળવો પણ દુર્લભ છે. તે સાંભળી સોમ રાજાએ પર્વ ઉપર પાત્રે દાન દેવાના હેતુથી કોઇ ન જાણે તેવી રીતે વેષ બદલીને રાત્રિને સમયે વણિક લોકોની દુકાને જઈ સાધારણ વણિક પુરુષને કરવા યોગ્ય કામ આઠ દિવસ સુધી કર્યું, અને તેના બદલામાં આઠ દ્રવ્ય ઉપાર્જન કર્યાં. પર્વ આવેથી સર્વ બ્રાહ્મણોને નિમંત્રણ કરી સુપાત્ર બ્રાહ્મણને બોલાવવા સારુ મંત્રીને મોકલ્યો. મંત્રીએ તે બ્રાહ્મણને બોલાવતાં તેને કહ્યું કે, " જે બ્રાહ્મણ લોભથી મોહમાં સપડાઇને રાજા પાસેથી દાન લે, તે તમિસ્રાદિક ઘોર નરકમાં પડી દુઃખી થાય. રાજાનું દાન મધમાં મિશ્ર કરેલા ઝેર સરખું છે. અવસર આવ્યે ભલે પોતાના પુત્રનું માંસ ખાવું તે સારું પણ રાજા પાસેથી દાન ન લેવું. દસ કસાઇ સમાન કુંભાર છે. દસ કુંભાર સમાન કલાલ છે. દસ કલાલ સમાન વેશ્યા છે અને દસ વેશ્યા સમાન રાજા છે. એવાં સ્મૃતિનાં તથા પુરાણ આદિનાં વચનોમાં રાજા પાસેથી દાન લેવામાં દોષ કહ્યો છે માટે હું રાજદાન નહીં લઉં. " પછી મંત્રીએ કહ્યું, " રાજા પોતાના ભુજાબળથી ન્યાયમાર્ગે મેળવેલું સારૂં નાણું તમને આપશે, માટે તે લેવામાં કાંઇ પાપ નથી. " વગેરે વચનોથી ઘણું સમજાવી મંત્રી તે સુપાત્ર બ્રાહ્મણને રાજાની પાસે લઇ ગયો. તેથી રાજાએ ઘણા હર્ષથી બ્રાહ્મણને બેસવા સારુ આસન આપ્યું. પગ ધોઇ વિનયથી તેની પૂજા કરી, અને ન્યાયથી ઉપાર્જેલા આઠ દ્રમ્મ તેને દક્ષિણા તરીકે કોઇ ન જોઇ શકે એવી રીતે તેની મૂઠીમાં આપ્યા. બીજા બ્રાહ્મણો તે જોઇ થોડા ગુસ્સે થયા. તેમના મનમાં એવો વહેમ આવ્યો કે, " રાજાએ કાંઇ સાર વસ્તુ છાની રીતે એને આપી. " પછી રાજાએ સુવર્ણ વગેરે આપી બીજા બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા. સર્વની રાજા તરફથી વિદાયગીરી થઇ. બીજા સર્વે બ્રાહ્મણોનું રાજાએ આપેલું ધન કોઈનું છ માસમાં, તો કોઇનું તેથી થોડી વધુ મુદતમાં ખપી ગયું. પણ સુપાત્ર બ્રાહ્મણને આપેલા આઠ દ્રમ્મ, અન્ન, વસ્ત્ર આદિ કાર્યમાં વાપર્યા, તો પણ ન્યાયથી ઊપાર્જેલા તેથી ખુટયા નહીં. પણ અક્ષય નિધિની પેઠે તથા ક્ષેત્રમાં વાવેલા સારા બીજની પેઠે લક્ષ્મીની વૃદ્ધિ ઘણા કાળ સુધી થતી રહી. આ રીતે ન્યાયાર્જિત ધન ઉપર સોમ રાજાની કથા છે.

## દાન આપતાં થતી ચોભંગી.

૧ ન્યાયથી મેળવેલું ધન અને સુપાત્રે દાન એ એના સંબંધથી ચઉભંગી ( ચાર ભાંગા ) થાય છે. તેમાં ૧ ન્યાયથી મેળવેલું ધન અને સુપાત્ર દાન એ એના યોગથી પ્રથમ ભાંગો થાય છે, એ પુણ્યાનુબંધિ પુણ્યનું કારણ હોવાથી એથી ઉત્કૃષ્ટ દેવતાપણું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યુગલિયાપણું તથા સમકિત વગેરેનો લાભ થાય છે, અને એવી સામગ્રીના લાભને અંતે મોક્ષ પણ થોડા વખતમાં પ્રાપ્ત થાય છે. અહિં ધનસાર્થવાહ તથા શાલિભદ્ર વગેરેનું દૃષ્ટાંત જાણવું.

૨ ન્યાયથી મેળવેલું ધન પણ કુપાત્ર દાન એ બેનો યોગ થવાથી બીજો ભાંગો થાય છે. એ પાપાનુબંધિ પુણ્યનું કારણ હોવાથી એથી કોઇ કોઇ ભવમાં વિષયસુખનો દેખીતો લાભ થાય છે; તો પણ અંતે તેનું પરિણામ કડવુંજ નિપજે છે. અહિં લાખ બ્રાહ્મણોને ભોજન આપનાર બ્રાહ્મણનું દૃષ્ટાંત છે, જે નીચે પ્રમાણે છે:—

એક બ્રાહ્મણે લાખ બ્રાહ્મણોને ભોજન આપ્યું. તેથી તે કેટલાક ભવોમાં વિષયભોગ આદિ સુખ ભોગવી મરીને સર્વે સુંદર અને સુલક્ષણ અવયવોને ધારણ કરનારો સેચનક નામે ભદ્ર જાતિનો હાથી થયો. તેણે લાખ બ્રાહ્મણોને જમાડયા ત્યારે બ્રાહ્મણોને જમતાં ઉગરેલું અન્ન ભેગું કરી સુપાત્રે દાન આપનારો બીજો એક દરિદ્રી બ્રાહ્મણ હતો. તે સુપાત્રદાનના પ્રભાવથી સૌધર્મ દેવલોકે જઇ ત્યાંથી ચ્યવી પાંચસો રાજકન્યાઓને પરણનાર નંદિષેણ નામે શ્રેણિક પુત્ર થયો. તેને જોઇ સેચનકને જાતિસ્મરણ જ્ઞાન થયું તો પણ અંતે તે પહેલી નરકે ગયો.

૩ અન્યાયથી ઉપાર્જેલું ધન અને સુપાત્ર દાન એ બેના મળવાથી ત્રીજો ભાંગો થાય છે. સારા ક્ષેત્રમાં હલકું બી જ વાવવાથી જેમ અંકુર માત્ર ઊગે છે, પણ ધાન્ય નિપજતું નથી, તેમ એથી પરિણામે સુખનો સંબંધ થાય છે તેથી રાજાઓ, વ્યાપારિયો અને ઘણા આરંભથી ધન મેળવનાર લોકોને તે માનવા લાયક થાય છે. કેમકે—એ લક્ષ્મી *કાશયષ્ટિની પેઠે શોભા વિનાની અને રસ વિનાની છતાં પણ ધન્યપુરૂષોએ તેને સાત ક્ષેત્રોમાં લાવીને શેલડી સમાન કરી, ગાયને ખોળ આપતાં તેનું પરિણામ દૂધ જેવું થાય છે, અને દૂધ સર્પને આપતાં તેનું ઝેરના રૂપમાં પરિણામ આવે છે. સુપાત્રે છતાં કુપાત્રે વસ્તુનો ઉપયોગ કરવાથી એવાં ભિન્ન ભિન્ન પરિણામ નિપજે છે, માટે સુપાત્રે દાન કરવું એ જ ઉત્તમ છે. સ્વાતિ નક્ષત્રનું જળ સર્પના મુખમાં પડે તો ઝેર અને છીપના સંપુટમાં પડે તો મોતી થાય છે. જુઓ, તે જ સ્વાતિ નક્ષત્ર અને તે જ જળ પણ પાત્રના ફેરફારથી પરિણામમાં કેટલો ફેર પડે છે ? આ વિષય ઉપર આબૂ પર્વત ઉપર જિનમંદિર કરાવનાર વિમળમંત્રી વગેરેના દૃષ્ટાંત લોકપ્રસિદ્ધ છે. મ્હોટા આરંભ સમારંભ વગેરે અનુચિત કર્મ કરીને ભેગું કરેલું ધન ધર્મકૃત્યમાં ન વાપરે તો, તે ધનથી આ લોકમાં અપયશ અને પરલોકમાં નરક જ પ્રાપ્ત થાય. અહિં મમ્મણશ્રેષ્ઠી વગેરેનાં દૃષ્ટાંત જાણવાં.

---

*એક જાતના ઘાસની સાઠી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪ અન્યાયથી મેળવેલું ધન અને કુપાત્ર દાન એ બેના યોગથી ચોથો ભાંગો થાય છે. એથી માણુસ આ લોકમાં સત્પુરુષોને ધિક્કારવા યોગ્ય થાય છે, અને પરલોકમાં નરકાદિક દુર્ગતિમાં જાય છે માટે એ ચોથો ભાંગો વિવેકી પુરુષોએ અવશ્ય તજવો. કેમકે— અન્યાયથી મેળવેલા ધનનું દાન આપવામાં બહુ દોષ છે. ગાયને મારી તેના માંસથી કાગડાને તૃપ્ત કરવા જેવી આ વાત છે. અન્યાયે મેળવેલા ધનથી લોકો જે શ્રાદ્ધ કરે છે, તેથી ચંડાલ, ભિલ્લ અને એવા જ (બુક્કસ) હલકી જાતના લોકો ધરાઇ રહે છે. ન્યાયથી મેળવેલું થોડું પણ ધન જો સુપાત્રે આપે તો, તેથી કલ્યાણુ થાય છે. પરંતુ અન્યાયથી મેળવેલું ઘણું ધન આપે તો પણ તેથી કાંઇ ખરૂં ફળ નીપજવાનું નથી. અન્યાયે મેળવેલા ધનથી જે માણુસ પોતાના કલ્યાણુની ઇચ્છા રાખતો હોય તે કાલકૂટ નામે ઝેર ભક્ષણુ કરી જીવવાની આશા રાખે છે. અન્યાયે મેળવેલા ધન ઉપર પોતાનો નિર્વાહ ચલાવનાર ગૃહસ્થ પ્રાયે અન્યાય માર્ગે ચાલનારો, કલહ કરનારો, અહંકારી અને પાપકર્મી હોય છે. અહિં રંકશ્રેષ્ઠી વગેરેનાં દષ્ટાંત જાણુવાં. રંકશ્રેષ્ઠીની કથા નીચે પ્રમાણે છે.

## અન્યાયથી મેળવેલ ધનથી દુઃખી થનાર રંકશેઠનું દષ્ટાંત.

મારવાડ દેશમાં પાલી ગામમાં કાકૂયાક અને પાતાક નામે બે ભાઇ હતા. તેમાં ન્હાનો ભાઇ પાતક ધનવંત અને મ્હોટો ભાઇ કાકૂયાક બહુ દરિદ્રી હતો. મ્હોટો ભાઇ દરિદ્રી હોવાથી ન્હાનાને ઘેર ચાકરી કરી પોતાનો નિર્વાહ કરે. એક સમયે વર્ષાકાળમાં દિવસે બહુ મહેનત કરવાથી થાકી ગએલો કાકૂયાક રાત્રિએ સૂઇ રહ્યો. એટલામાં પાતાકે ઓલંભા દઈને કહ્યું કે, “ ભાઇ ! આપણા ખેતરોના કયારામાં પાણી ઘણું ભરાઇ ગયાથી ફાટી ગયા, છતાં તને કાંઇ તેની ચિંતા નથી ? ” એવો ઠપકો સાંભળી તુરત પોતાની પથારી છોડી કાકૂયાક દરિદ્રી પારકે ઘેર ચાકરી કરનાર પોતાના જીવની નિંદા કરતો છતો કોદાળા લઇ ખેતરે ગયો; અને કેટલાક લોકોને ફાટી ગએલા કયારડાને ફરીથી સમા કરતા જોઇ તેણે પૂછ્યું કે, “ તમે કોણુ છે ? ” તેના જવાબમાં તેમણે કહ્યું કે “ અમે ત્હારા ભાઇના ચાકર છીએ. ” પાછું કાકૂયાકે પૂછ્યું કે, “મ્હારા ચાકર કોઇ ઠેકાણે છે ?” તેમણે કહ્યું કે, “વલભીપુરમાં છે” અનુક્રમે કેટલોક સમય ગયા પછી અવસર મળતાં જ કાકૂયાક પોતાનો પરિવાર સાથે લઇ વલભીપુરે ગયો. ત્યાં ગોપુરમાં ભરવાડ લોકો રહેતા હતા, તેમની પાસે એક ઘાસનું ઝુંપડું બાંધી તથા તે લોકોની મદદથી જ એક ન્હાની દુકાન કાઢીને રહ્યો. કાકૂયાક શરીરે બહુ દુબળો હોવાથી ભરવાડ લોકો તેને “ રંકશ્રેષ્ઠી ” એવા નામથી કહેવા લાગ્યા. એક સમયે કોઇ કાર્પટિક શાસ્ત્રમાં કહેલા કલ્પ પ્રમાણે ગિરનાર પર્વત ઉપર સિદ્ધ કરેલો કલ્યાણુરસ તુંબડીમાં લઇ આવતો હતો. એટલામાં વલભીપુરના નજદીક ભાગમાં આવતાં “ કાકૂ તુંબડી ” એવી વાણી કલ્યાણુરસમાંથી નીકળી. તે સાંભળી ડરી ગએલા કાર્પટિકે વલભીપુરના પરામાં કપટી એવા કાકૂયાકના ઘરમાં કલ્યાણુરસની તુંબડી થાપણુ મૂકી, અને તે પોતે સોમનાથની યાત્રાએ ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વખતે કોઇ પર્વ આવે કાકૂયાકના ઘરમાં પાકવિશેષ વસ્તુ તૈયાર કરવાની હોવાથી ચુલા ઉપર તાવડી મૂકી. તે તાવડી ઉપર પેલા તુંબડીના કાણામાંથી એક ટપકું પડી ગયું હતું. અગ્નિનો સંયોગ થતાં જ તે તાવડી સુવર્ણમય થએલી જોઇ કાકૂયાકે નિશ્ચયથી જાણ્યું કે, "આ તુંબડીમાં કલ્યાણરસ છે." પછી તેણે ઘરમાંની સર્વ સાર વસ્તુ અને તે તુંબડી બીજે કોઇ સ્થળે રાખી તે ઝુંપડું સળગાવી દીધું, અને બીજે ગોપુરે એક ઘર બંધાવીને રહ્યો. ત્યાં રહેતાં છતાં એક સ્ત્રી ઘી વેચવા આવી. તેનું ઘી તોળી લેતાં કાકૂયાકની નજરમાં એમ આવ્યું કે, "ગમે તેટલું ઘી કાઢતાં પણ એ ઘીનું પાત્ર ખાલી થતું નથી." તે ઉપરથી કાકૂયાકે નિશ્ચય કર્યો કે, "એ પાત્રની નીચે ઉઢાણી છે, તે કાળી ચિત્રવેલીની છે." પછી તેણે કોઈ બહાનું કરીને તે કુંડલિકા લીધી. આ રીતે જ કપટ કરી તેણે ખોટાં ત્રાજવાંથી અને ખોટાં માપથી વ્યાપાર કર્યો. પાપાનુબંધિ પુણ્ય જોરાવર હોવાથી તેવા વ્યાપારમાં પણ રંકશ્રેષ્ઠીને ઘણા ધનનો લાભ થયો. એક સમયે કોઇ સુવર્ણસિદ્ધિ કરનાર પુરુષ તેને મળ્યો ત્યારે તેણે છળભેદ કરી તેને ઠગીને સુવર્ણસિદ્ધિ ગ્રહણ કરી. આ રીતે ત્રણ પ્રકારની સિદ્ધિ હાથ આવવાથી રંક શ્રેષ્ઠી કેટલાક કરોડો ધનનો માલીક થયો. પોતાનું ધન કોઇ તીર્થે, સુપાત્રે તથા અનુકંપા દાનમાં યથેચ્છ વાપરવાનું દૂર રહ્યું પણ અન્યાયથી મેળવેલા ધન ઉપર નિર્વાહ કરવાનું તથા પૂર્વની ગરીબ સ્થિતિ અને પાછળથી મળેલી ધનસંપદાનો પાર વિનાનો અહંકાર એવા કારણોથી રંકશ્રેષ્ઠીએ, સર્વ લોકોને ઊખેડી નાંખ્યા, નવા નવા કર વધારવા, બીજા ધનવાન લોકોની સાથે હરીફાઇ તથા મત્સર વગેરે કરવાં વગેરે દુષ્ટ કામો કરી પોતાની લક્ષ્મી લોકોને પ્રલયકાળની રાત્રી સરખી ભયંકર દેખાડી.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

એક સમયે રંકશ્રેષ્ઠીની પુત્રીની રત્નજડિત કાંસકી બહુ સુંદર હોવાથી રાજાએ પોતાની પુત્રી માટે માગી, પણ તે શેઠે આપી નહીં. ત્યારે રાજાએ બળાત્કારથી તે કાંસકી લીધી. તેથી રાજા ઉપર રોષ કરી રંકશ્રેષ્ઠી મ્લેચ્છ લોકોના રાજ્યમાં ગયો, અને ત્યાં ક્રોડો સોનૈયા ખરચી મોગલ લોકોને વલ્લભીપુર ઉપર ચઢાઇ કરવા લઈ આવ્યો. મોગલોએ વલ્લભીપુરના રાજ્યના તાબાનો દેશ ભાંગી નાંખ્યો, ત્યારે રંકશ્રેષ્ઠીએ સૂર્યમંડળથી આવેલા અશ્વના રખવાળ લોકોને છાનું દ્રવ્ય આપી તેમને ફોડી કપટક્રિયાનો પ્રપંચ કરાવ્યો. પૂર્વે વલ્લભીપુરમાં એવો નિયમ હતો કે,–સંગ્રામનો પ્રવેશ આવે એટલે રાજા સૂર્યના વચનથી આવેલા ઘોડા ઉપર ચઢે, અને પછી પહેલેથી જ તે કામ માટે ઠરાવી રાખેલા લોકો પંચવાજિંત્રો વગાડે, એટલે તે ઘોડો આકાશમાં ઊડી જાય. પછી ઘોડા ઉપર સ્વાર થયેલો રાજા શત્રુઓને હણે, અને સંગ્રામની સમાપ્તિ થાય ત્યારે ઘોડો પાછો સૂર્યમંડળે જાય. આ પ્રસંગે રંકશ્રેષ્ઠીએ પંચવાજિંત્રો વગાડનાર લોકોને ફોડયા હતા, તેથી તેમણે રાજા ઘોડા ઉપર ચઢયા પહેલાં જ પંચવાજિંત્રો વગાડયા. એટલે ઘોડો આકાશમાં ઊડી ગયો. શિલાદિત્ય રાજાને તે સમયે શું કરવું તે સૂજ્યું નહીં. ત્યારે શત્રુઓએ શિલાદિત્યને

મારી નાંખ્યો અને સુખે વલ્લભીપુરનો ભંગ કર્યો. કહ્યું છે કે—વિક્રમ સંવત્ ૩૭૫ વરસ ગયા પછી વલ્લભીપુર ભાંગ્યું. રંકશ્રેષ્ઠીએ મોગલોને પણ જળ વિનાના પ્રદેશમાં પાડીને મારી નાંખ્યા. એ રીતે રંકશ્રેષ્ઠીનો સંબંધ કહ્યો.

## વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ.

અન્યાયથી મેળવેલા ધનનું એવું પરિણામ ધ્યાનમાં લઇ ન્યાયથી ધન મેળવવાને સારૂ ઉદ્યમ કરવો. કેમકે—સાધુઓના વિહાર, આહાર, વ્યવહાર અને વચન એ ચારે વાનાં શુદ્ધ છે કે નહીં તે જોવાય છે. પણ ગૃહસ્થનો તો માત્ર એક વ્યવહારજ શુદ્ધ છે કે નહિ તે જોવાય છે. વ્યવહાર શુદ્ધ હોય તો સર્વે ધર્મકૃત્યો સફળ થાય છે. દિનકૃત્યકારે કહ્યું છે કે,–વ્યવહાર શુદ્ધ રાખવો એ ધર્મનું મૂળ છે. કેમકે વ્યવહાર શુદ્ધ હોય તો તેથી મેળવેલું ધન શુદ્ધ હોય છે. ધન શુદ્ધ હોય તો આહાર શુદ્ધ હોય છે. આહાર શુદ્ધ હોય તો દેહ શુદ્ધ હોય છે, અને દેહ શુદ્ધ હોય તો માણુસ ધર્મકૃત્ય કરવાને ઉચિત થાય છે; તથા તે માણુસ જે જે કાંઇ કૃત્ય કરે છે, તે તે કૃત્ય તેનું સફળ થાય છે. પરંતુ વ્યવહાર શુદ્ધ ન હોય તો, માણુસ જે જે કાંઇ કૃત્ય કરે તે સર્વ તેનું નકામું છે. કેમકે, વ્યવહાર શુદ્ધ ન રાખનાર માણુસ ધર્મની નિંદા કરાવે છે, અને ધર્મની નિંદા કરાવનાર માણુસ પોતાને તથા પરને અતિશય દુર્લભબોધિ કરે છે, એમ સૂત્રમાં કહ્યું છે. માટે વિચક્ષણ પુરૂષે બની શકે તેટલો પ્રયત્ન કરી એવાં કૃત્યો કરવાં કે,–જેથી મૂર્ખજનો ધર્મની નિંદા કરે નહીં. લોકમાં પણ આહાર માફક શરીરપ્રકૃતિ બંધાય છે, એ વાત પ્રકટ દેખાય છે. જેમ પોતાની બાલ્યાવસ્થામાં ભેંશનું દૂધ પીનારા ઘોડાઓ જળમાં સુખે પડયા રહે છે, અને ગાયનું દૂધ પીનારા ઘોડાઓ જળથી દૂર રહે છે. તેમ માણુસ પણ નાનપણ આદિ અવસ્થામાં જેવો આહાર ભોગવે છે, તેવી તેમની પ્રકૃતિ બંધાય છે માટે વ્યવહાર શુદ્ધ રાખવાને માટે સારો પ્રયત્ન કરવો. આ રીતે વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ કહ્યું છે.

## દેશવિરૂદ્ધ.

વળી દેશાદિ વિરૂદ્ધ વાતનો ત્યાગ કરવો. એટલે જે વાત દેશવિરૂદ્ધ ( દેશની રૂઢીને મળતી ન આવે એવી ) અથવા સમયને અનુસરતી ન હોય એવી કિંવા રાજાદિકને ન ગમે એવી હોય, તે છોડી દેવી. હિતોપદેશમાળામાં કહ્યું છે કે, જે માણુસ દેશ, કાળ, રાજા, લોક તથા ધર્મ એટલામાં કોઇને પણ પ્રતિકૂળ આવે તેવી વાત જો વર્જે, તો તે સમકિત અને ધર્મ પામે. તેમાં સિંધ દેશમાં ખેતી અને લાટ દેશમાં દારૂ નિપજાવવો એ દેશવિરૂદ્ધ છે. બીજું પણ જે દેશમાં શિષ્ટ લોકોએ જે વર્જ્યું હોય તે તે દેશમાં દેશવિરૂદ્ધ જાણવું. અથવા જાતિ, કુળ વગેરેની રીતભાતને જે અનુચિત હોય તે દેશ વિરૂદ્ધ કહેવાય. જેમ બ્રાહ્મણે મદ્યપાન કરવું, તથા તલ, લવણ

વગેરે વસ્તુનો વિક્રય કરવો એ દેશવિરુદ્ધ છે. તેમના શાસ્ત્રમાં કહ્યું છે કે—તલનો વ્યાપાર કરનારા બ્રાહ્મણો જગતમાં તલ માફક હલકા તથા કાળું કામ કરનારા હોવાથી કાળા ગણાય છે, તથા પરલોકે તલની પેઠે ઘાણીમાં પીલાય છે. કુળની રીતભાત પ્રમાણે તો ચૌલુક્ય વગેરે કુળમાં થએલા લોકોને મદ્યપાન કરવું તે દેશવિરુદ્ધ છે; અથવા પરદેશી લોકો આગળ તેમના દેશની નિંદા કરવી વગેરે દેશવિરુદ્ધ કહેવાય છે.

## કાલવિરુદ્ધ..

હવે કાળવિરુદ્ધ આ રીતે:—શિયાળામાં હિમાલય પર્વતના આસપાસના પ્રદેશમાં જ્યાં ઘણી ટાઢ પડતી હોય ત્યાં, અથવા ગરમીની મોસમમાં મારવાડ જેવા અતિશય નિર્જળ દેશમાં, અથવા વર્ષાકાળમાં જ્યાં ઘણું પાણી, ભેજ અને ઘણોજ ચીકણો કાદવ રહે છે, એવા પશ્ચિમ તથા દક્ષિણ સમુદ્રને કાંઠે આવેલા કોંકણ વગેરે દેશોમાં પોતાની સારી શક્તિ તથા કોઇની સારી સહાય્ય વગેરે ન છતાં જવું; તથા ભયંકર દુકાળ પડ્યો હોય ત્યાં, બે રાજાઓની માંહોમાંહે તકરાર ચાલતી હોય ત્યાં, ધાડ વગેરે પડવાથી માર્ગ બંધ પડ્યો હોય ત્યાં, અથવા પાર ન જઇ શકાય એવા મ્હોટા જંગલમાં, તથા સમીસાંઝ વગેરે ભયંકર સમયમાં પોતાની તેવી શક્તિ વિના તથા કોઇની તેવી સહાય્ય વગેરે વિના જવું, કે જેથી પ્રાણની અથવા ધનની હાનિ થાય, નહીં તો બીજો કોઇ અનર્થ સામો આવે, તે કાળવિરુદ્ધ કહેવાય. અથવા ફાગણ માસ ઉતરી ગયા પછી તલ પિલવા, તિલનો વ્યાપાર કરવો, અથવા તિલ ભક્ષણ કરવા વગેરે, વર્ષાકાળમાં તાંદલજા વગેરેની ભાજી લેવી વગેરે, તથા જ્યાં ઘણી જીવાકુળભૂમિ હોય ત્યાં ગાડી ગાડાં ખેડવાં વગેરે. એવો મ્હોટો દોષ ઉપજાવનાર કૃત્ય કરવું તે કાળવિરુદ્ધ કહેવાય.

## રાજવિરુદ્ધ.

હવે રાજવિરુદ્ધ આ રીતે:—રાજા વગેરેના દોષ કાઢવા, રાજાના માનનીક મંત્રી વગેરેનું આદરમાન ન કરવું, રાજાથી વિપરીત એવા લોકોની સોબત કરવી, વૈરીના સ્થાનકમાં લોભથી જવું, વૈરીના સ્થાનકથી આવેલાની સાથે વ્યવહાર વગેરે રાખવો, રાજાની મહેરબાની છે એમ સમજી રાજાના કરેલા કામમાં પણ ફેરફાર કરવો, નગરના આગેવાન લોકોથી વિપરીત ચાલવું, પોતાના ધણીની સાથે નીમકહરામી કરવી, વગેરે રાજવિરુદ્ધ કહેવાય છે. તેનું પરિણામ ઘણું દુઃસહ છે. જેમ ભુવનભાનુ કેવળીના જીવરૂપ રોહિણીનું થયું તેમ. તે રોહિણી નિષ્ઠાવાળી તથા ભણેલી, સ્વાધ્યાય ઉપર લક્ષ રાખનારી એવી હતી; તોપણ વિકથાના રસથી વૃથા રાણીનું કુશળપણું વગેરે દોષો બોલવાથી રાજાને તેના ઉપર રોષ ચડ્યો, તેથી ઉત્તમ શ્રેષ્ઠીની પુત્રી હોવાથી માનીતી એવી રોહિણીની જીભના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ કટકે કટકા કર્યા, અને દેશ બહાર કાઢી મૂકી. તેથી દુઃખી થએલી રોહિણીએ અનેક ભવોમાં જિહ્વાછેદ વગેરે દુઃખો સહ્યાં.

## પરનિંદા અને સ્વસ્તુતિ ન કરવી.

લોકની તથા વિશેષે કરીને ગુણી જનોની નિંદા ન કરવી, કેમકે લોકની નિંદા કરવી અને પોતાનાં વખાણ કરવાં એ બન્ને લોકવિરૂદ્ધ કહેવાય છે. કેમકે–ખરા ખોટા પારકા દોષ બોલવામાં શું લાભ છે? તેથી ધનનો અથવા યશનો લાભ થતો નથી, એટલુંજ નહીં પણ જેના દોષ કાઢિયે, તે એક પોતાનો નવો શત્રુ ઉત્પન્ન કર્યો એમ થાય છે. ૧ પોતાની સ્તુતિ, ૨ પારકી નિંદા, ૩ વશ ન રાખેલી જીભ, ૪ સારાં વસ્ત્ર અને ૫ કષાય આ પાંચ વાનાં સંયમ પાળવાને અર્થે સારો ઉદ્યમ કરનારા એવા મુનિરાજને પણ ખાલી કરે છે. જો પુરુષમાં ખરેખરા ઘણા ગુણ હોય, તો તે ગુણો વગર કહ્યે પોતાનો ઉત્કર્ષ કરશેજ, અને જો તે ( ગુણો ) ન હોય તો ફોગટ પોતાનાં પોતે કરેલાં વખાણથી શું થાય? પોતે પોતાનાં બહુ વખાણ કરનારા સારા માણસને તેના મિત્ર હસે છે, બાંધવજનો નિંદા કરે છે, મ્હોટા લોકો તેને કોરે મૂકે છે, અને તેનાં માબાપ પણ તેને બહુ માનતા નથી. બીજાનો પરાભવ અથવા નિંદા કરવાથી તથા પોતાની મ્હોટાઇ પોતે પ્રકટ કરવાથી ભવે ભવે નીચ ગોત્ર કર્મ બંધાય છે. તે કર્મ કરોડો ભવ થએ પણ છૂટવું મુશ્કેલ છે. પારકી નિંદા કરવી એ મહા પાપ છે. કારણ ઘણો ખેદની વાત છે કે, નિંદા કરવાથી પારકાં પાપો વગર કરે માત્ર નિંદા કરનારને ખાડામાં ઉતારે છે. એક નિંદક વૃદ્ધ સ્ત્રીનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

## પર નિંદા કરનાર વૃદ્ધ ડોશીનું દૃષ્ટાંત.

સુગ્રામ નામના ગામમાં સુંદર નામનો એક શ્રેષ્ઠી હતો. તે મ્હોટો ધર્મી અને મુસાફર વગેરે લોકોને ભોજન, વસ્ત્ર, રહેવાનું સ્થાનક વગેરે આપી તેમના ઉપર મ્હોટો ઉપકાર કરતો હતો. તેની પડોશમાં એક વૃદ્ધ બ્રાહ્મણી રહેતી હતી. તે શેઠની હમ્મેશાં નિંદા કર્યા કરે અને કહે કે, “ મુસાફર લોકો પરદેશમાં મરણ પામે છે, તેમની થાપણ વગેરે મળવાની લાલચથી એ શ્રેષ્ઠી પોતાની સચ્ચાઇ બતાવે છે વગેરે. ” એક વખતે ભૂખ તરસથી પીડાએલો એક કાર્પટિક આવ્યો. તેને ઘરમાં ન હોવાથી ભરવાડણ પાસે છાશ મંગાવીને પાઇ, અને તેથી તે મરી ગયો. કારણકે ભરવાડણે માથે રાખેલા છાશના વાસણમાં ઉપરથી જતી સમડીએ મોઢામાં પકડેલા સર્પના મુખમાંથી ઝેર પડ્યું હતું. કાર્પટિક મરણ પામ્યો તેથી ઘણી ખુશી થએલી બ્રાહ્મણીએ કહ્યું કે, “ જુઓ, આ કેવું ધર્મિપણું ! ! ” તે સમયે આકાશમાં ઉભી રહેલી હત્યાએ વિચાર કર્યો કે, “ દાતાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( શ્રેષ્ઠી ) નિરપરાધી છે. સર્પ અજ્ઞાની તથા સમડીના મોઢામાં સપડાયેલો હોવાથી પરવશ છે, સમડીની જાત જ સર્પને ભક્ષણ કરનારી છે, અને ભરવાડણ પણ એ વાતમાં અજાણ છે. માટે હવે હું કોને વળગું !" એમ વિચારી છેવટે તે હત્યા વૃદ્ધ બ્રાહ્મણીને વળગી તેથી તે કાળી કૂબડી અને કોઢ રોગવાળી થઇ. આ રીતે પારકા ખોટા દોષ બોલવા ઉપર લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

## સાચા દોષો પણ ન બોલવા અંગે ત્રણ પુતળીનું દૃષ્ટાંત.

હવે કોઈ રાજાની આગળ કોઈ પરદેશીએ લાવેલી ત્રણ પુતળીઓની પંડિતોએ પરીક્ષા કરી. તે એમ કેઃ—એકના કાનમાં દોરો નાખ્યો, તે તેના મુખમાંથી બહાર નીકળ્યો. તે સાંભળ્યું હોય તેટલું મોઢે બકનારી-પુતળીની કિમ્મત ફુટી કોડીની કરી. બીજી પુતળીના કાનમાં નાંખેલો દોરો તેના બીજા કાનમાંથી બહાર નીકળ્યો. તે એક કાને સાંભળી બીજે કાને બહાર નાંખી દેનારીની કિમ્મત લાખ સોનૈયા કરી. ત્રીજીના કાનમાં નાંખેલો દોરો તેના ગળામાં ઉતર્યો. તે સાંભળેલી વાત મનમાં રાખનારીની કિમ્મત પંડિતો કરી શકયા નહીં. એ સાચા દોષો પણ ન કહેવા ઉપર દૃષ્ટાંત છે.

## લોકવિરૂદ્ધ આચરવું નહી.

તેમજ સરળ લોકોની મશ્કરી કરવી, ગુણવાન લોકોની અદેખાઈ કરવી, કૃતઘ્ન થવું, ઘણા લોકની સાથે વિરોધ રાખનારની સોબત કરવી, લોકમાં પૂજાએલાનું અપમાન કરવું, સદાચારી લોકો સંકટમાં આવે રાજી થવું, આપણામાં શક્તિ છતાં આફતમાં સપડાયલા સારા માણસને મદદ ન કરવી, દેશ વગેરેની ઉચિત રીતભાત છોડવી, ધનના પ્રમાણથી ઘણો ઉજળો અથવા ઘણો મલિન વેષ વગેરે કરવો. એ સર્વ લોકવિરૂદ્ધ કહેવાય છે. એથી આ લોકમાં અપયશ વગેરે થાય છે. વાચકશિરોમણિ શ્રીઉમાસ્વાતિ વાચકજીએ કહ્યું છે કે, સર્વ ધર્મી લોકોનો આધાર લોક છે, માટે જે વાત લોકવિરૂદ્ધ અને ધર્મવિરૂદ્ધ હોય તે સર્વથા છોડવી. લોકવિરૂદ્ધ તથા ધર્મવિરૂદ્ધ વાત છોડવામાં લોકની આપણા ઉપર પ્રીતિ ઉપજે છે, સ્વધર્મ સચવાય છે, અને સુખે નિર્વાહ થાય છે, વગેરે ગુણ રહેલા છે. કહ્યું છે કે—લોકવિરૂદ્ધ છોડનાર માણસ સર્વ લોકને પ્રિય થાય છે અને લોકપ્રિય થવું એ સમકિત વૃક્ષનું મૂળ છે.

## ધર્મવિરૂદ્ધ.

હવે ધર્મવિરૂદ્ધ કહીએ છીએ. મિથ્યાત્વ કૃત્ય કરવું, મનમાં દયા ન રાખતાં બળદ વગેરેને મારવો, બાંધવો વગેરે. જૂ તથા માંકડ વગેરે તડકે નાંખવા, માથાના વાળ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મ્હોટી કાંશકીથી સમારવા, લીખો વગેરે ફોડવી, ઉષ્ણકાળમાં ત્રણ વાર અને બાકીના કાળમાં બે વાર મજબૂત મ્હોટા જાડા ગળણાથી સંખારો વગેરે સાચવવાની યુક્તિ પાણી ગાળવામાં તથા ધાન્ય, છાણાં, શાક, ખાવાનાં પાન ફળ વગેરે તપાસવામાં સમ્યક્ પ્રકારે ઉપયોગ ન રાખવો. આખી સોપારી, ખારેક, વાલોળ, ફળી, વગેરે મોઢામાં એમની એમ નાંખવી, નાળવાનું અથવા ધારાનું જળ વગેરે પીવું, ચાલતાં, બેસતાં, સુતાં, ન્હાતા, કાંઈ વસ્તુ મૂકતાં અથવા લેતાં, રાંધતાં, ખાંડતાં, દળતાં અને મળમૂત્ર, બડખો, કોગળો, વગેરેનું પાણી તાંબુલ, નાંખતા બરાબર યત્ના ન રાખવી. ધર્મમાં આદર ન રાખવો. દેવ, ગુરૂ તથા સાધર્મિ એમની સાથે દ્વેષ કરવો, દેવદ્રવ્ય વગેરે સારા લોકોની મશ્કરી કરવી, કષાયનો ઉદય બહુ રાખવો, બહુ દોષથી ભરેલું ખરીદ વેચાણ કરવું, ખરકર્મ તથા પાપમય અધિકાર આદિ કાર્ય વિષે પ્રવર્તવું. એ સર્વ ધર્મવિરૂદ્ધ કહેવાય છે. ઉપર આવેલાં મિથ્યાત્વ વગેરે ઘણાંખરાં પદોની વ્યાખ્યા અર્થદીપિકામાં કરી છે. ધર્મી લોકો દેશવિરૂદ્ધ, કાળવિરૂદ્ધ, રાજવિરૂદ્ધ અથવા લોકવિરૂદ્ધ આચરણ કરે તો તેથી ધર્મની નિંદા થાય છે, માટે તે સર્વ ધર્મવિરૂદ્ધ સમજવું. ઉપર કહેલું પાંચ પ્રકારનું વિરુદ્ધકર્મ શ્રાવકે છોડવું. આ રીતે દેશાદિ પાંચ વિરુદ્ધકર્મનો ત્યાગ કરવાનું કહ્યું છે.

## ઉચિત આચારો અને તેના નવ ભેદ.

હવે ઉચિતકર્મ કહીએ છીએ. ઉચિતાચરણના પિતા સંબંધી, માતા સંબંધી વગેરે નવ પ્રકાર છે. ઉચિતાચરણથી આ લોકમાં પણ સ્નેહની વૃદ્ધિ તથા યશ વગેરેની પ્રાપ્તિ થાય છે. તે હિતોપદેશમાળામાં જે ગાથાઓવડે દેખાડયું છે, તે અહીં લખીએ છીએ. માણસ માત્રનું માણસપણું સરખું છતાં કેટલાક માણસોજ આ લોકમાં યશ પામે છે, તે ઉચિત આચરણનો મહિમા છે એમ નક્કી જાણવું.

તે ઉચિત આચરણના નવ પ્રકાર છે, તે એ કે:—૧ પોતાના પિતા સંબંધી, ૨ માતા સંબંધી, ૩ સગા ભાઈ સંબંધી, ૪ સ્ત્રી સંબંધી, ૫ પુત્ર પુત્રી સંબંધી, ૬ સગાંવહાલાં સંબંધી, ૭ વડીલ લોકો સંબંધી, ૮ શહેરના રહીશ લોકો સંબંધી, તથા ૯ અન્યદર્શની સંબંધી. એ નવ પ્રકારનું ઉચિત આચરણ દરેક માણસે કરવું જોઇએ.

હવે પિતાના સંબંધમાં મન વચન કાયાથી ત્રણ પ્રકારે ઉચિત આચરણ કરવું પડે છે, તે સંબંધે હિતોપદેશમાળાના કર્તા કહે છે કે—

## પિતાનું ઉચિત.

પિતાની શરીર સેવા ચાકરની પેઠે પોતે વિનયથી કરવી. તે એમ કે-તેમના પગ ધોવા તથા દાબવા, વૃદ્ધ અવસ્થામાં તેમને ઉઠાડવા તથા બેસાડવા, દેશના અને કાળના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુસારથી તેમને સદે એવું ભોજન, બિછાનું, વસ્ત્રો, ઉવટણું વગેરે ચીજો આપવી. એ તથા એવાં બીજાં પિતાજીનાં કામ સુપુત્રે વિનયથી કરવાં, પણ કોઇના કહેવાથી પરાણે અથવા કચવાતા મને તિરસ્કાર વગેરેથી ન કરવાં. અને તે પોતે કરવાં, પણ ચાકર વગેરે પાસે ન કરાવવાં. કહ્યું છે કે–પુત્ર પિતા આગળ બેઠો હોય ત્યારે તેની જે શોભા દેખાય છે, તે શોભાનો સોમો ભાગ પણ તે ઊંચા સિંહાસન ઉપર બેસે તો પણ કયાંથી આવે ? તથા મુખમાંથી બહાર પડયું ન પડયું એટલામાં પિતાનું વચન ઉઠાવી લેવું. એટલે પિતાનું વચન સત્ય કરવાને અર્થે રાજ્યાભિષેકને અવસરેજ વનવાસને અર્થે નીકળેલા રામચંદ્રજીની પેઠે સુપુત્રે પિતાના મુખમાંથી વચન નીકળતાંજ "હાજી, આપની આજ્ઞા પ્રમાણ છે. આજ્ઞા માફક હમણાંજ કરૂં છું." એમ કહી ઘણા માનથી તે વચન સ્વીકારવું; પણ સાંભળ્યું ન સાંભળ્યું કરી, માથું ધુણાવી, કહ્યા માફક કરતાં ઘણીવાર લગાડવી અથવા કહેલું કામ અધુરૂં મૂકીને પિતાના વચનની અવજ્ઞા કરવી નહીં.

સુપુત્રે દરેક કામમાં હરેક રીતે પિતાના મનને પસંદ પડે તેમ કરવું, કેમકે પોતાની બુદ્ધિથી કાંઈ ખાસ કરવા જેવું કામ ધાર્યું હોય તો પણ તે પિતાને મનગમતું હોય તોજ કરવું. તથા સેવા, ગ્રહણ આદિ તથા લૌકિક અને અલૌકિક સર્વ વ્યવહારમાં આવનારા બીજા સર્વ જે બુદ્ધિના ગુણો તેમનો અભ્યાસ કરવો. બુદ્ધિનો પહેલો ગુણ માબાપ વગેરેની સેવા કરવી એ છે. બહુ જાણ એવા માબાપ વગેરેની સારી સેવા કરી હોય તો, તેઓ દરેક કાર્યનાં રહસ્ય અવશ્ય પ્રકટ કરે છે. કહ્યું છે કે–જ્ઞાનવૃદ્ધ લોકોની સેવા ન કરનારા અને પુરાણ તથા આગમ વિના પોતાની બુદ્ધિથી જૂદી જૂદી કલ્પના કરનારા લોકોની બુદ્ધિ ઘણી પ્રસન્ન થતી નથી. એક અનુભવી વૃદ્ધ જે જાણે છે, તે કરોડો તરૂણ લોકો પણ જાણી શકતા નથી. જુઓ, રાજાને લાત મારનાર માણસ વૃદ્ધના વચનથી પૂજાય છે. વૃદ્ધ પુરુષોનું વચન સાંભળવું તથા કામ પડે બહુશ્રુત એવા વૃદ્ધનેજ પૂછવું. જુઓ, વનમાં હંસનું ટોળું બંધનમાં પડયું હતું તે વૃદ્ધના વચનથી છૂટયું. તેમજ પોતાનો મનમાંનો અભિપ્રાય પિતાની આગળ જાહેર રીતે કહેવો.

પિતાને પૂછીને જ દરેક કામને વિષે પ્રવર્ત્તે. જો કદાચ પિતા કોઈ કામ કરવાની ના કહે તો તે ન કરે, કોઈ ગુન્હો થયે પિતાજી કઠણ શબ્દ બોલે તો પણ પોતાનું વિનીતપણું ન મૂકે, અર્થાત્ મર્યાદા મૂકીને ગમે તેમ દુરુત્તર ન કરે.

જેમ અભયકુમારે શ્રેણિક રાજાના તથા ચિલ્લણા માતાના મનોરથ પૂર્ણ કર્યા તેમ સુપુત્રે પિતાના સાધારણ લૌકિક મનોરથ પણ પૂર્ણ કરવા તેમાં પણ દેવપૂજા કરવી, સદ્ગુરુની સેવા કરવી, ધર્મ સાંભળવો, વ્રત પચ્ચખાણ કરવું, ષડાવશ્યક વિષે પ્રવર્ત્તવું, સાત ક્ષેત્રમાં ધન વાપરવું, તીર્થયાત્રા કરવી, અને દીન તથા અનાથ લોકોનો ઉદ્ધાર કરવો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે જે ઇચ્છા થાય તે ધર્મ મનોરથ કહેવાય છે. પિતાના ધર્મ મનોરથ ઘણા જ આદરથી પૂર્ણ કરવા, કેમકે, આ લોકમાં મોટા એવા માબાપના સંબંધમાં સુપુત્રોનું એ કર્ત્તવ્ય જ છે. કોઇ પણ રીતે જેમના ઉપકારનો માથે રહેલો ભાગ ઉતારી શકાય નહીં, એવા માબાપ વગેરે ગુરુજનોને કેવલિભાષિત સદ્ધર્મને વિષે જોડ્યા વિના બીજો ઉપકારનો ભાર હલકો કરવાનો ઉપાય જ નથી.

શ્રી સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે, ત્રણ જણના ઉપકાર ઉતારી ન શકાય એવા છે.

## માતાપિતાદિના ઉપકારનો બદલો.

તે આ રીતઃ—૧ માબાપના, ૨ ધણીના અને ૩ ધર્માચાર્યના.

કોઇ પુરુષ જાવજ્જીવ સુધી પ્રભાત કાળમાં પોતાના માબાપને શતપાક તથા સહસ્રપાક તેલવડે અભ્યંગન કરે, સુગંધી પીઠી ચોળે, ગંધોદક, ઉષ્ણોદક, અને શીતોદક એ ત્રણ જાતના પાણીથી ન્હવરાવે, સર્વે વસ્ત્ર પહેરાવી સુશોભિત કરે, પાકશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે બરોબર રાંધેલું, અઢાર જાતિનાં શાક સહીત મનગમતું અન્ન જમાડે, અને જાવજ્જીવ પોતાના ખભા ઉપર ધારણ કરે તો પણ તેનાથી પોતાનાં માબાપના ઉપકારનો બદલો વાળી ન શકાય; પરંતુ જો તે પુરુષ પોતાનાં માબાપને કેવલિભાષિત ધર્મ સંભળાવી, મનમાં બરોબર ઉતારી તથા ધર્મના મૂળ ભેદની અને ઉત્તર ભેદની પ્રરૂપણા કરી તે ધર્મને વિષે સ્થાપન કરનારો થાય તો જ તે પુરુષથી પોતાનાં માબાપના ઉપકારનો બદલો વાળી શકાય.

## સ્વામિના ઉપકારનો બદલો.

કોઇ મહાન ધનવાન પુરુષ એકાદ દરિદ્રી માણસને ધન વગેરે આપીને સારી અવસ્થામાં લાવે, અને તે માણસ સારી અવસ્થામાં આવ્યો તે વખતની પેઠે તે પછી પણ ઘણી ભોગ્ય વસ્તુના સંગ્રહનો ભોગવનારો એવો રહે. પછી તે માણસને સારી સ્થિતિમાં લાવનાર ધનવાન પુરુષ કોઇ વખતે પોતે દરિદ્રી થઇ પૂર્વે જે દરિદ્રી હતો તે માણસ પાસે શીઘ્ર આવે ત્યારે તે માણસ પોતાના તે ધણીને જો સર્વસ્વ આપે, તો પણ તેનાથી તે ધણીના ઉપકારનો બદલો વાળી શકાય નહીં; પરંતુ જો તે માણસ પોતાના ધણીને કેવલિભાષિત ધર્મ કહી, સમજાવી અને અંતર્ભેદ સહિત પ્રરૂપીને તે ધર્મને વિષે સ્થાપન કરનારો થાય, તો જ તેનાથી ધણીના ઉપકારનો બદલો વાળી શકાય.

## ધર્માચાર્યના ઉપકારનો બદલો.

કોઇ પુરૂષ સિદ્ધાંતમાં કહેલા લક્ષણવાળા એવા શ્રમણ ધર્માચાર્યની પાસે જો ધર્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધી ઉત્તમ એક જ વચન સાંભળી મનમાં તેનો બરાબર વિચાર કરી મરણનો સમય આવે મરણ પામી કોઇ દેવલોકને વિષે દેવતાપણે પેદા થાય. પછી તે દેવતા પોતાના તે ધર્માચાર્યને જો દુર્ભિક્ષવાળા દેશમાંથી સુભિક્ષ દેશમાં લાવી મૂકે, વિકરાલ જંગલમાંથી પાર ઉતારે, અથવા કોઇ દીર્ઘકાળના રોગથી પીડાતા તે ધર્માચાર્યને તેમાંથી મૂકાવે, તો પણ તેનાથી તે ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળી ન શકાય; તો પણ તે પુરૂષ કેવળિ-ભાષિત ધર્મથી ભ્રષ્ટ થએલા તે પોતાના ધર્માચાર્યને કેવળિભાષિત ધર્મ કહી સમજાવી, અંતર્ભેદ સહિત પ્રરૂપી ફરી વાર તે ધર્મને વિષે સ્થાપન કરનારો થાય, તો જ તે પુરૂષથી તે ધર્માચાર્યના ઉપકારને બદલો વાળી શકાય."

માતપિતાની સેવા કરવા ઉપર, પોતાના આંધળા માબાપને કાવડમાં બેસારી કાવડ પોતે ઉપાડી તેમને તીર્થયાત્રા કરાવનાર શ્રવણનું દૃષ્ટાંત જાણવું. માબાપને કેવળી-ભાષિત ધર્મને વિષે સ્થાપન કરવા ઉપર પોતાના પિતાજીને દીક્ષા દેનાર શ્રી આર્યરક્ષિત સૂરિનું અથવા કેવળજ્ઞાન ઉત્પન્ન થએ છતે પણ માબાપને પ્રતિબોધ થાય ત્યાં સુધી નિરવદ્ય વૃત્તિએ ઘરમાં રહેલા કૂર્માપુત્રનું દૃષ્ટાંત જાણવું. પોતાના શેઠને ધર્મને વિષે સ્થાપન કરવા ઉપર પ્રથમ કોઇ મિથ્યાત્વી શ્રેષ્ઠીના મુનીમપણાથી પોતે મ્હોટો શેઠ થએલો, અને વખત જતાં દુર્ભાગ્યથી દરિદ્રી થએલા તે મિથ્યાત્વી શેઠને પૈસા વગેરે આપીને ફરીથી તેને મ્હોટો શેઠ બનાવનાર અને શ્રાવક ધર્મને વિષે સ્થાપન કરનાર જિનદાસ શેઠનું દૃષ્ટાંત જાણવું. પોતાના ધર્માચાર્યને ફરીથી ધર્મને વિષે સ્થાપન કરવા ઉપર નિદ્રા વિગેરે પ્રમાદમાં પડેલા સેલકાચાર્યને બોધ કરનાર પંથક શિષ્યનું દૃષ્ટાંત જાણવું. આ વગેરે પિતા સંબંધી ઉચિત આચરણ છે. માતા સંબંધી ઉચિત આચરણ પણ પિતાની પેઠેજ સમજવું.

## માતાના ઉચિતની વિશેષતા.

હવે માતા સંબંધી ઉચિત આચરણમાં કહેવા યોગ્ય છે તે કહે છે.

માતા સંબંધી ઉચિત આચરણ પિતા સરખું છે. છતાં પણ તેમાં એટલું વિશેષ છે કે, માતા જાતે સ્ત્રી હોય છે અને સ્ત્રીનો સ્વભાવ એવો હોય છે કે, નજીવી બાબતમાં તે પોતાનું અપમાન થયું એમ માની લે છે. માતા પોતાના મનમાં સ્ત્રીસ્વભાવથી કાંઇ પણ અપમાન ન લાવે એવી રીતે સુપુત્રે તેમની ઇચ્છા પ્રમાણે પિતાજી કરતાં પણ વધારે ચાલવું. વધારે કહેવાનું કારણ એ છે કે, માતા, પિતાજી કરતાં અધિક પૂજ્ય છે. મનુએ કહ્યું છે કે—ઉપાધ્યાયથી દસગણો શ્રેષ્ઠ આચાર્ય છે, આચાર્યથી સોગણો શ્રેષ્ઠ પિતા છે, અને પિતાથી હજારગણી શ્રેષ્ઠ માતા છે. બીજાઓએ પણ કહ્યું છે કે—પશુઓ દૂધ-પાન કરવું હોય ત્યાં સુધી માતાને માને છે, અધમ પુરૂષો સ્ત્રી મળે ત્યાં સુધી માને છે, મધ્યમ પુરૂષો ઘરનું કામકાજ તેને હાથે ચાલતું હોય ત્યાં સુધી માને છે અને સારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરૂષો તો જાવજ્જીવ તીર્થની પેઠે માને છે. પશુઓની માતા પુત્રને જીવતો જોઇને ફક્ત સંતોષ માને છે, મધ્યમ પુરૂષોની માતા પુત્રની કમાઇથી રાજી થાય છે, ઉત્તમ પુરૂષોની માતા પુત્રના શૂરવીરપણાનાં કૃત્યોથી સંતોષ થાય છે અને લોકોત્તર પુરૂષોની માતા પુત્રના પવિત્ર આચરણથી ખુશી થાય છે.

હવે ભાઈભાંડુ સંબંધી ઉચિત આચરણ કહે છે.

## ભાઇઓનું ઉચિત.

પોતાના સગા ભાઈના સંબંધમાં યોગ્ય આચરણ એ છે કે-તેને પોતાની માફક જાણવો, ન્હાના ભાઇને પણ મ્હોટા ભાઇ માફક સર્વ કાર્યમાં બહુ માનવો. "મ્હોટા ભાઈ માફક" એમ કહેવાનું કારણ એ છે કે, "**ज्येष्ठो भ्राता पितुः समः**" એટલે મ્હોટા ભાઇ પિતા સમાન છે, એમ કહ્યું છે માટે મ્હોટા ભાઇ માફક એમ કહ્યું. જેમ લક્ષ્મણ શ્રી રામને પ્રસન્ન રાખતો હતો, તેમ સાવકા એવા ન્હાના ભાઇએ પણ મ્હોટા ભાઈની મરજી માફક ચાલવું. એ રીતે જ ન્હાના મ્હોટા ભાઇઓનાં સ્ત્રી પુત્ર વગેરે લોકોએ પણ ઉચિત આચરણ ધ્યાનમાં રાખવું ભાઇ પોતાના ભાઈને જૂદો ભાવ ન દેખાડે, મનમાંનો સારો અભિપ્રાય પૂછે, તેને વ્યાપારમાં પ્રવર્તાવે, તથા થોડું પણ ધન છાનું ન રાખે. **વ્યાપારમાં પ્રવર્તાવે** એટલે જેથી તે વ્યાપારમાં હોંશિયાર થાય, તથા ઠગ લોકોથી ઠગાય નહીં. **ધન છાનું ન રાખે** એટલે મનમાં દગો રાખીને ધન ન છુપાવે; પણ ભવિષ્યમાં કાંઈ દુઃખ પડશે ત્યારે ઉપયોગી થશે તે ખ્યાલથી કાંઇ ધનનો સંગ્રહ કરવો જોઈએ એમ ધારી જો કાંઇ છુપું ધન રાખે તો તેમાં કાંઇ દોષ નથી.

## ભાઇને શિખામણ

હવે નઠારી સોબતથી પોતાનો ભાઇ ખરાબ રસ્તે ચડે તો શું કરવું તે વિષે કહે છે.

વિનય રહિત થએલા પોતાના ભાઈને તેના દોસ્તો પાસે સમજાવે, પછી પોતે એકાંતમાં તેને તેના કાકા, મામા, સસરો, સાળા, વગેરે લોકો પાસે શીખામણ દેવરાવે, પણ પોતે તેનો તિરસ્કાર કરે નહી. કારણ કે તેમ કરવાથી તે કદાચ બેશરમ થાય અને મર્યાદા મૂકી દે. હૃદયમાં સારો ભાવ હોય તો પણ બહારથી તેને પોતાનું સ્વરૂપ ક્રોધી જેવું દેખાડે, અને જ્યારે તે ભાઇ વિનય માર્ગ સ્વીકારે ત્યારે તેની સાથે ખરા પ્રેમથી વાત કરે. ઉપર કહેલા ઉપાય કર્યા પછી પણ જો તે ભાઇ ઠેકાણે ન આવે તો "તેનો એ સ્વભાવજ છે" એવું તત્વ સમજી તેની ઉપેક્ષા કરે.

ભાઈની સ્ત્રી, પુત્ર વગેરેને વિષે દાન, આદર વગેરે બાબતમાં સમાન દૃષ્ટિ રાખવી, એટલે પોતાનાં સ્ત્રી, પુત્ર વગેરેની માફક તેમની પણ આસના વાસના કરવી. તથા સાવકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાઇનાં સ્ત્રી પુત્ર વગેરેનાં જ્ઞાન વગેરે સર્વ ઉપચાર તો પોતાનાં સ્ત્રી, પુત્ર કરતાં પણ વધુ કરવાં કારણ કે, સાવકા ભાઇના સંબંધમાં થોડો પણ ભેદ રાખવામાં આવે તો તેમનાં મન બગડે છે, અને લોકમાં પણ અપવાદ થાય છે. એ રીતે પોતાના પિતા સમાન, માતા સમાન તથા ભાઇ સમાન લોકોના સંબંધમાં પણ ઉચિત આચરણ તેમની યોગ્યતા પ્રમાણે ધ્યાનમાં લેવું. કેમ કે— ૧ ઉત્પન્ન કરનાર, ૨ ઉછેરનાર, ૩ વિદ્યા આપનાર, ૪ અન્ન વસ્ત્ર દેનાર અને ૫ જીવને બચાવનાર, એ પાંચે **પિતા** કહેવાય છે. ૧ રાજાની સ્ત્રી, ૨ ગુરુની સ્ત્રી, ૩ પોતાની સ્ત્રીની માતા, ૪ પોતાની માતા અને ૫ પોતાની ધાવમાતા એ પાંચે **માતા** કહેવાય છે. ૧ સગો ભાઇ, ૨ સાથે ભણનાર, ૩ મિત્ર, ૪ માંદગીમાં માવજત રાખનાર અને ૫ માર્ગમાં વાતચીત કરી મૈત્રી કરનાર એ પાંચે **ભાઇ** કહેવાય છે. ભાઇઓએ માંહોમાંહે ધર્મકરણીની એક બીજાને સારી પેઠે યાદ કરાવવી. કેમ કે—જે પુરૂષ, પ્રમાદરૂપ અગ્નિથી સળગેલા સંસારરૂપ ઘરમાં મોહનિદ્રાથી સૂતેલા માણસને જગાડે તે તેનો પરમ બંધુ કહેવાય. ભાઇઓની માંહોમાંહે પ્રીતિ ઉપર ભરતનો દૂત આવે શ્રીઋષભદેવ ભગવાનને સાથે પૂછવા ગયેલા અઠાણું ભાઇઓનું દૃષ્ટાંત જાણવું. ભાઇ માફક દોસ્તની સાથે પણ ચાલવું.

## સ્ત્રીનું ઉચિત.

આ રીતે ભાઇના સંબંધમાં ઉચિત આચરણ કહ્યું. હવે સ્ત્રીની બાબતમાં પણ કાંઇક કહીએ છીએ. પુરુષે પ્રીતિવચન કહી, સારૂં માન રાખી પોતાની સ્ત્રીને સ્વકાર્યમાં ઉત્સાહવંત રાખવી. પતિનું પ્રીતિવચન તે એક સંજીવની વિદ્યા છે તેથી બાકીની સર્વ પ્રીતિઓ સજીવ થાય છે. યોગ્ય અવસરે પ્રીતિવચનનો ઉપયોગ કર્યો હોય તો તે દાનાદિકથી પણ ઘણુંજ વધારે ગૌરવ પેદા કરે છે. કેમકે—પ્રીતિવચન જેવું બીજું વશીકરણ નથી, કળાકૌશલ્ય જેવું બીજું ધન નથી, અહિંસા જેવો બીજો ધર્મ નથી અને સંતોષ સમાન બીજું સુખ નથી.

પુરુષ પોતાની સ્ત્રીને ન્હવરાવવું, પગ દબાવવા વગેરે પોતાની કાયસેવામાં પ્રવર્તાવે. દેશ, કાળ, પોતાનું કુટુંબ, ધન વગેરેનો વિચાર કરી ઉચિત એવાં વસ્ત્ર, આભુષણ આદિ તેને આપે, તથા જ્યાં નાટક, નૃત્ય વગેરે જોવાય છે, એવા ઘણા લોકોના મેળાવડામાં તેને જતાં અટકાવે. પોતાની કાયસેવામાં સ્ત્રીને જોડવાનું કારણ એ છે કે—તેમ કરવાથી તેનો પતિ ઉપર સારો વિશ્વાસ રહે છે, તેના મનમાં સ્વાભાવિક રીતે પ્રેમ ઉપજે છે અને તેથી તે કોઇ સમયે પણ પતિને અણગમતું લાગે તેવું કામ કરે નહીં. આભૂષણ આદિ આપવાનું કારણ એ છે કે—સ્ત્રીઓ આભૂષણ વગેરેથી શોભતી હોય તો તેથી ગૃહસ્થની લક્ષ્મી વધે છે. કેમકે—લક્ષ્મી સારાં કાર્ય કરવાથી પેદા થાય છે, ધીરજથી વધે છે, દક્ષતાથી પોતાનું જડમૂળ કરીને રહે છે, અને ઇંદ્રિયો વશ રાખવાથી સ્થિર રહે છે. નાટક વગેરેના મેળાવડામાં સ્ત્રીઓને જતાં અટકાવવાનું કારણ એ છે કે—ત્યાં

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

હલકા લોકોનાં અટકચાળા, મર્યાદા વગરનાં હલકાં વચન તથા બીજી પણ ખરાબ ચેષ્ટાઓ જોવાથી મૂળથી નિર્મળ એવું પણ સ્ત્રીઓનું મન વરસાદના પવનથી શુદ્ધ આરિસાની પેઠે પ્રાયે બગડે છે માટે નાટક જોવા વગેરે કામો તજવાં.

પુરુષ પોતાની સ્ત્રીને રાત્રિએ બહાર રાજમાર્ગે અથવા કોઇને ઘેર જતાં અટકાવે, કુશીલની તથા પાખંડીની સોબતથી દૂર રાખે, દેવું લેવું, સગાં વહાલાનું આદરમાન કરવું, રસોઇ કરવી વગેરે ગૃહકાર્યમાં તેને અવશ્ય જોડે, તથા આપણાથી છૂટી–એકલી ને જૂદી ન રાખે. સ્ત્રીને રાત્રિએ બહાર જતાં અટકાવવાનું કારણ એ છે કે, મુનિરાજની પેઠે કુલીન સ્ત્રીઓને પણ રાત્રિએ ફરવુંહરવું ઘણું નુકશાનકારી છે. ધર્મ સંબંધી આવશ્યક વગેરે કામને અર્થે મોકલવી હોય તો મા, બ્હેન વગેરે સુશીલ સ્ત્રીઓના સમુદાયની સાથેજ જવાની આજ્ઞા આપવી. સ્ત્રીઓએ ઘરમાં કયા કયા કામ કરવાં એ વિષે કહે છે કે–પથારી વગેરે ઉપાડવી, ઘર સાફ કરવું, પાણી ગળવું, ચૂલો તૈયાર કરવો, થાળી આદિ વાસણ ધોવાં, ધાન્ય દળવાં તથા ખાંડવાં, ગાયો દોહવી, દહીં વલોવવું, પાક કરવો, જમનારાંઓને ઉચિતપણે અન્ન પિરસવું, વાસણ વગેરે ચોખ્ખાં કરવાં, તથા સાસુ, ભરથાર, નણંદ, દીયર વગેરેનો વિનય સાચવવો. એ રીતે કુલવધુનાં ગૃહકૃત્યો જાણવાં. સ્ત્રીને ગૃહકૃત્યોમાં અવશ્ય જોડવાનું કારણ એ છે કે, તેમ ન કરે તો સ્ત્રી સર્વદા ઉદાસ રહે. સ્ત્રી ઉદાસીન હોય તો ગૃહકૃત્યો બગડે છે. સ્ત્રીને કાંઇ ઉદ્યમ ન હોય તો તે ચપળ સ્વભાવથી બગડે છે. ગૃહકૃત્યોમાં સ્ત્રીઓનું મન વળગાડવાથી જ તેમનું રક્ષણ થાય છે. શ્રી ઉમાસ્વાતિવાચકજીએ પ્રશમરતિ ગ્રંથમાં કહ્યું છે કે–પુરુષે પિશાચનું આખ્યાન સાંભળીને કુળસ્ત્રીનું હમેશાં રક્ષણ કરવું, અને પોતાનો આત્મા સંયમ યોગવડે હમેશાં ઉદ્યમમાં રાખવો. સ્ત્રીને આપણાથી છૂટી ન રાખવી એમ કહ્યું એનું કારણ એ છે કે–પ્રાયે માંહોમાંહે જોવા ઉપર જ પ્રેમ રહ્યો છે. કહ્યું છે કે–જોવાથી, વાર્તાલાપ કરવાથી, ગુણનાં વખાણ કરવાથી, સારી વસ્તુ આપવાથી, અને મન માફક કામ કરવાથી પુરુષને વિષે સ્ત્રીનો દૃઢ પ્રેમ થાય છે. ન જોવાથી, અતિશય જોવાથી, ભેગા થયે ન બોલવાથી, અહંકારથી અને અપમાનથી એ પાંચ કારણથી પ્રેમ ઘટે છે. પુરુષ હમેશાં મુસાફરી કરતો રહે તો સ્ત્રીનું મન તેના ઉપરથી ઉતરી જાય, અને તેથી કદાચ વિપરીત કામ પણ કરે; માટે સ્ત્રીને આપણાથી બહુ દિવસ છૂટી ન રાખવી.

પુરુષ વગર કારણે ક્રોધાદિકથી પોતાની સ્ત્રીની આગળ "ત્હારા ઉપર બીજી પરણીશ" એવાં અપમાન વચન ન કહે. કાંઇક અપરાધ થયો હોય તો તેને એકાંતમાં એવી શિખામણ દે કે, પાછો તે એવો અપરાધ ન કરે. ઘણી ક્રોધે ભરાણી હોય તો તેને સમજાવે, ધનના લાભની અથવા નુકશાનની વાત તથા ઘરમાંની ગુપ્ત મસલતો તેની આગળ કહે નહીં." "ત્હારા ઉપર બીજી પરણી લાવીશ" એવાં વચન ન બોલવાં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનું કારણ એ છે કે, કોણ એવો મૂર્ખ છે કે, જે સ્ત્રી ઉપર ક્રોધ વગેરે આવ્યાથી બીજી સ્ત્રી પરણવાના સંકટમાં પડે ! કેમકે–બે સ્ત્રીના વશમાં પડેલો પુરુષ ઘરમાંથી ભૂખ્યો બહાર જાય, ઘરમાં પાણીનો છાંટો પણ ન પામે, અને પગ ધોયા વિના જ સુઈ રહે. પુરુષ કારાગૃહમાં નંખાય, દેશાંતરમાં ભટકતો રહે, અથવા નરકાવાસ ભોગવે તે કાંઇક ઠીક, પણ તેણે બે સ્ત્રીઓનો ભર્તાર થવું, એ ઠીક નથી. કદાચ કાંઇ યોગ્ય કારણથી પુરુષને બે સ્ત્રીઓ પરણવી પડે, તો તે બન્નેને વિષે તથા બન્નેના પુત્રાદિકને વિષે સમદૃષ્ટિ વગેરે રાખવી; પરંતુ બેમાંથી કોઇનો વારો ખંડિત ન કરવો. કારણ કે શોકયનો વારો તોડાવીને પોતાના પતિની સાથે કામસંભોગ કરનાર સ્ત્રીને ચોથા વ્રતનો બીજો અતિચાર લાગે છે એમ કહ્યું છે. ઘણી ક્રોધે ભરાણી હોય તો તેને સમજાવવાનું કારણ એ છે કે, તેમ ન કરે તો તે કદાચ સોમભટ્ટની સ્ત્રીની પેઠે સહસાત્કારથી કૂવામાં પડે, અથવા બીજું એવું જ કાંઇ અકૃત્ય કરે, માટે સ્ત્રીઓની સાથે હંમેશાં નરમાશથી વર્તવું. કોઇ કાળે પણ કઠોરપણું ન બતાવવું. કેમકે, **पाञ्चालः स्त्रीषु मार्दवम्** પાંચાલ ઋષિ કહે છે કે, સ્ત્રીઓને વિષે નરમાશ રાખવી, નરમાશથી જ સ્ત્રીઓ વશ થાય છે, અને તે રીતે જ તેમનાથી સર્વત્ર સર્વ કામ સિદ્ધ થએલાં દેખાય છે. અને નરમાશ ન હોય તો કાર્યસિદ્ધિને બદલે કાર્યમાં બગાડ થએલો પણ અનુભવમાં આવે છે. નગુણી સ્ત્રી હોય તો બહુ જ નરમાશથી કામ લેવાની કાળજી રાખવી જોઇએ. દેહમાં જીવ છે ત્યાં સુધી મજબૂત બેડી સરખી વળગેલી તે નગુણી સ્ત્રીથી જ કોઇ પણ રીતે પોતાનું ગૃહસૂત્ર ચલાવવું. અને સર્વ પ્રકારનો નિર્વાહ કરી લેવો. કારણ કે "ગૃહિણી તે જ ઘર." એવું શાસ્ત્રનું વચન છે. "ધનના લાભની અથવા નુકશાનની વાત ન કરવી." એમ કહેવાનું કારણ એ છે કે, પુરુષ ધનનો લાભ સ્ત્રી આગળ કરે, તો તે તુચ્છપણાથી જ્યાં ત્યાં તે વાત કરે અને તેથી ભર્તારની ઘણા કાળથી મેળવેલી મ્હોટાઇ ગુમાવે, તથા ઘરમાંની છાની વાતો તેની આગળ નહીં કહેવાનું કારણ એ છે કે, સ્ત્રી સ્વભાવથી જ કોમળ હૃદયની હોવાથી તેના મુખમાં છાની વાત ટકે નહીં. તે પોતાની બ્હેનપણીઓ વગેરેની આગળ તે વાત જાહેર કરે, અને તેથી આગળથી ધારેલાં કાર્યો નિષ્ફળ કરી નાંખે. કદાચ કોઇ છાની વાત તેને મુખે જાહેર થવાથી રાજદ્રોહનો વાંક પણ ઊભો થાય, માટે જ ઘરમાં સ્ત્રીનું મુખ્ય ચલણ ન રાખવું. કહ્યું છે કે—"**स्त्री पुंवच्च प्रभवति यदा तद्धि गेहं विनष्टम्**" સ્ત્રી, પુરુષ જેવી પ્રબળ થાય તો તે ઘર ધૂળ બરાબર મળી ગયું એમ સમજવું. આ વિષય ઉપર નીચે લખેલી એક કથા છે.

## મંથર કોળીનું દ્રષ્ટાંત.

કોઇ નગરમાં મંથર નામનો એક કોળી હતો. તે વણવાના દાંડા વગેરે કરવાને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થે લાકડાં લાવવા જંગલમાં ગયો. ત્યાં એક સીસમના ઝાડને કાપતાં તેના અધિષ્ઠાયક વ્યંતરે ના પાડી, તો પણ તે સાહસથી તોડવા લાગ્યો. ત્યારે વ્યંતરે કોળીને કહ્યું "વર માગ" તે કોળીના ઘરમાં તેની સ્ત્રીનું જોર હોવાથી તે સ્ત્રીને પૂછવા ગયો. માર્ગમાં તેનો એક (ઘાંયજો) દોસ્ત મળ્યો, તેણે કહ્યું. "તું રાજ્ય માગ." તો પણ તેણે સ્ત્રીને પૂછ્યું. સ્ત્રી તુચ્છ સ્વભાવની હતી, તેથી એક વચન તેની યાદમાં આવ્યું કે—

"પુરુષ લક્ષ્મીના લાભથી ઘણો વધી જાય ત્યારે પોતાના જૂના દોસ્ત, સ્ત્રી અને ઘર એ ત્રણ વસ્તુને છોડી દે છે એમ વિચારી તેણે ભર્તારને કહ્યું કે, "ઘણું દુઃખદાયી રાજ્યને લઈને શું કરવું છે ? બીજા બે હાથ અને એક મસ્તક માગ એટલે ત્હારાથી બે વસ્ત્ર સાથે વણાશે." પછી કોળીએ સ્ત્રીના કહ્યા પ્રમાણે માગ્યું અને વ્યંતરે આપ્યું. પણ લોકોએ તેવા વિચિત્ર સ્વરૂપે ગામમાં પેસનારા તે કોળીને રાક્ષસ સમજી લાકડાથી અને પથ્થરથી મારી નાંખ્યો. અર્થાત્–જેને પોતાને અક્કલ નથી, તથા જે મિત્રનું કહેલું પણ માને નહિ અને સ્ત્રીના વશમાં રહે, તે મંથર કોળીની પેઠે નાશ પામે. ઉપર કહેલો પ્રકાર ક્વચિત્ બને છે, માટે સુશિક્ષિત અને બુદ્ધિશાળી સ્ત્રી હોય તો તેની સલાહ લેવાથી ઉલટો ઘણો ફાયદો જ થાય છે. આ વાતમાં અનુપમાદેવી અને વસ્તુપાળ તેજપાલનું દૃષ્ટાંત જાણવું.

સારા કુળમાં પેદા થએલી, પાકી વયની, કપટ વિનાની, ધર્મકરણી કરવામાં તત્પર, પોતાની સાધાર્મિક અને પોતાનાં સગાંવહાલાંમાં આવેલી એવી સ્ત્રીઓની સાથે પોતાની સ્ત્રીની પ્રીતિ કરાવવી. સારા કુળમાં પેદા થયેલી સ્ત્રીની સાથે પ્રીતિ કરવાનું કારણ એ છે કે–ખરાબ કુળમાં પેદા થયેલી સ્ત્રીની સાથે સોબત કરવી એ કુળવાન સ્ત્રીઓને અપવાદનું મૂળ છે. સ્ત્રીને રોગાદિક થાય તો તેની ઉપેક્ષા પુરૂષ ન કરે, તપસ્યા, ઉજમણું, દાન, દેવપૂજા, તીર્થયાત્રા આદી ધર્મકૃત્યોમાં સ્ત્રીને તેનો ઉત્સાહ વધારી ધન વગેરે આપીને સહાય્ય કરે, પણ અંતરાય ન કરે. કારણ કે પુરૂષ સ્ત્રીના પુણ્યનો ભાગ લેનારો છે; તથા ધર્મકૃત્ય કરાવવું એજ પરમ ઉપકાર છે. પુરૂષનું સ્ત્રીના સંબંધમાં આ વિગેરે ઉચિત આચરણ પ્રાયે જાણવું.

## પુત્રનું ઉચિત.

હવે પુત્રના સંબંધમાં પિતાનું ઉચિત આચરણ કહીએ છીએ. પિતા બાલ્યાવસ્થામાં પૌષ્ટિક અન્ન, સ્વેચ્છાથી હરવુંફરવું, ભાતભાતનાં રમકડાં વગેરે ઉપાયથી પુત્રનું લાલન–પાલન કરે, અને તેના બુદ્ધિના ગુણ ખીલી નીકળે ત્યારે તેને કલામાં કુશળ કરે. બાલ્યા-વસ્થામાં પુત્રનું લાલનપાલન કરવાનું કારણ એ છે કે, તે અવસ્થામાં તેનું શરીર જો સંકડાએલું અને દુર્બળ રહે તો તે કોઈ કાળે પણ પુષ્ટ ન થાય. માટે જ કહ્યું છે કે, પુત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ વર્ષનો થાય ત્યાં સુધી તેનું લાલનપાલન કરવું, તે પછી દસ વર્ષ સુધી અર્થાત પંદર વર્ષનો થાય ત્યાં સુધી તાડના કરવી, અને સોળમું વર્ષ બેઠા પછી પિતાએ પુત્રની સાથે મિત્રની પેઠે વર્તવું. પિતાએ પુત્રને ગુરુ, દેવ, ધર્મ, સુખી, તથા સ્વજન એમનો હમેશાં પરિચય કરાવવો. તથા સારા માણસોની સાથે તેને મૈત્રી કરાવવી. ગુરુ આદિકનો પરિચય બાલ્યાવસ્થાથી જ હોય તો વલ્કલચીરિની પેઠે હમેશાં મનમાં સારી વાસના જ રહે છે. ઉત્તમ જાતના, કુલીન તથા સુશીલ લોકોની સાથે મૈત્રી કરી હોય તો કદાચ નશીબના વાંકથી ધન ન મળે તો પણ આવનારાં અનર્થ તો ટળી જાય જ એમાં શક નથી. અનાર્ય દેશમાં થએલા એવા પણ આર્દ્રકુમારને અભયકુમારની મૈત્રી તે જ ભવમાં સિદ્ધિને અર્થે થઇ.

પિતાએ પુત્રને કુળથી, જન્મથી અને રૂપથી બરાબર હોય એવી કન્યા પરણાવવી. તેને ઘરના કાર્યભારમાં જોડવો, તથા અનુક્રમે તેને ઘરની માલકી સોંપવી. " કુળથી, જન્મથી અને રૂપથી બરાબર હોય એવી કન્યા પરણાવવી " એમ કહેવાનું કારણ એ છે કે-કજોડાવાળી સ્ત્રી સાથે ભર્તારનો યોગ થાય તો તેમનો તે ગૃહવાસ નથી, પણ માત્ર વિટંબણા છે; તથા એક બીજા ઉપરનો રાગ ઉતરી જાય તો કદાચ બન્ને જણા અનુચિત કૃત્ય કરે એવો પણ સંભવ છે. આ વિષય ઉપર એક દૃષ્ટાંત સંભળાય છે. તે એ કે:—

## કજોડાંનું દૃષ્ટાંત.

JAINSITE .com जैन साईट જયતિ શાસનમ્

ભોજરાજાના રાજ્યમાં આવેલી ધારાનગરીની અંદર એક ઘરમાં ઘણો કુરૂપ અને નિર્ગુણી એવો પુરૂષ તથા અતિ રૂપવતી અને ગુણવાન એવી સ્ત્રી હતી. બીજા ઘરમાં તેથી ઉલટું એટલે પુરૂષ સારો અને સ્ત્રી બેશીકલ હતી. એક સમયે બન્ને જણાના ઘરમાં ચોરે ખાતર પાડયું, અને બન્ને કજોડાને જોઇ કાંઇ ન બોલતાં સુરૂપ સ્ત્રી સુરૂપ પુરૂષ પાસે, અને કુરૂપ સ્ત્રી કુરૂપ પુરૂષ પાસે ફેરવી નાંખી. જ્યાં સુરૂપનો યોગ થયો, તે બન્ને સ્ત્રી પુરૂષ પ્રથમ ઘણા ઉદ્વિગ્ન રહેતા હતા તે હર્ષ પામ્યા; પણ જેને કુરૂપ સ્ત્રીનો યોગ થયો, તેણે રાજસભામાં વિવાદ ચલાવ્યો. રાજાએ ઢંઢેરો પીટાવ્યો ત્યારે ચોરોએ આવીને કહ્યું કે, "હે મહારાજ ! રાત્રિને વિષે પરદ્રવ્યનો અપહાર કરનારા અમે વિધાતાની ભૂલ સુધારી, એક રત્નનો બીજા રત્નની સાથે યોગ કર્યો." ચોરનું વચન સાંભળી હસનારા રાજાએ તેજ વાત પ્રમાણ કરી.

વિવાહના ભેદ વગેરે આગળ કહેવાશે. " તેને ઘરના કાર્યભારમાં જોડવો. " એમ કહેવાનું કારણ એ છે કે, ઘરના કારભારમાં જોડાયલો પુત્ર હમેશાં ઘરની ચિંતામાં રહેવાથી સ્વચ્છંદી અથવા મદોન્મત્ત ન થાય તેમજ ઘણાં દુઃખ સહન કરી ધન કમાવવું પડે છે, એ વાતનો જાણ થઇ અનુચિત વ્યય કરવાનું મનમાં ન લાવે. " ઘરની માલકી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોંપવી" એમ કહ્યું તેનું કારણ એ છે કે મ્હોટા લોકોએ યોગ્ય કાર્ય ન્હાનાને માથે નાખવાથી ન્હાનાની પ્રતિષ્ઠા થાય છે. ઘરનો કાર્યભાર સારી પરીક્ષા કરીને ન્હાનો પુત્ર યોગ્ય હોય તો તેને માથે જ નાંખવો. કારણ કે, તેમ કરવાથી જ નિર્વાહ થવાનો, તથા તેથી શોભા વગેરે વધવાનો પણ સંભવ છે. પ્રસેનજિત રાજાએ પહેલા સર્વે પુત્રોની પરીક્ષા કરી સોમો પુત્ર જે શ્રેણિક તેને માથે જ રાજ્ય સોંપ્યું. પુત્રની પેઠેજ પુત્રી, ભત્રીજા વગેરેના સંબંધમાં પણ યોગ્યતા માફક ઉચિત આચરણ કરવાનું જાણવું. તેમજ પુત્રની વહુના સંબંધમાં પણ સમજવું. જેમ ધનશ્રેષ્ઠીએ ચોખાના પાંચ દાણા આપી પરીક્ષા કરી, ચોથી વહૂ રોહિણીનેજ ઘરની સ્વામિની કરી, તથા ઉજ્ઝિતા, ભોગવતી અને રક્ષિતા એ ત્રણે મ્હોટી વહૂઓને અનુક્રમે છાણ વગેરે કાઢવાનું, રાંધવાનું તથા ભંડારનું કામ સોંપ્યું.

પિતા પુત્રની તેના દેખતાં પ્રશંસા ન કરે, કદાચ પુત્ર વ્યસનમાં સપડાય એમ હોય તો તેને દ્યૂતાદિ વ્યસનથી થતો ધનનો નાશ, લોકમાં અપમાન, તર્જના, તાડના આદિ દુર્દશા સંભળાવે, તેથી તે વ્યસનમાં સપડાતો અટકે છે. તથા લાભ, ખરચ અને શિલક એ ત્રણે પુત્ર પાસેથી તપાસી લે. તેથી તે સ્વચ્છંદી થતો નથી, તથા પોતાની મહોટાઈ રહે છે. "પુત્રની પ્રશંસા જ ન કરે" એમ કહેવાનું કારણ એ છે કે, પહેલાં તો પુત્રની પ્રશંસા જ ન કરવી. કહ્યું છે કે—ગુરૂની તેમના મુખ આગળ, મિત્રોની તથા બાંધવોની પછવાડે, દાસની તથા ચાકરની તેમનું કામ સારૂં નીવડે ત્યારે, તથા સ્ત્રીઓની તેઓ મરી ગયા પછી સ્તુતિ કરવી. પણ પુત્રની તો બિલકુલ સ્તુતિ કરવી જ નહીં. એમ છતાં તે વગર ન ચાલે તો સ્તુતિ કરવી; પણ પ્રત્યક્ષ ન કરવી કારણ કે, તેથી તેના ગુણ આગળ વધતા અટકે છે અને વૃથા અહંકાર વગેરે આવે છે.

પિતાએ પુત્રને રાજસભા દેખાડવી, તથા પરદેશના આચાર અને વ્યવહાર પણ પ્રકટપણે દેખાડવા. પિતાનું પુત્રના સંબંધમાં આ વગેરે ઉચિત આચરણ જાણવું. રાજસભા દેખાડવાનું કારણ એ છે કે–રાજસભાનો પરિચય ન હોય તો કોઈ વખતે દુર્દૈવથી ઓચિંતું કાંઇ દુઃખ આવી પડે ત્યારે તે કાયર થાય, તથા પારકી લક્ષ્મી જોઈ અદેખાઇ કરનારા શત્રુઓ તેને નુકશાનમાં નાંખે. કેમ કે—રાજદરબારમાં જવું, રાજાના માનીતા લોકો જોવા, તેથી કાંઇ અર્થલાભ ન થાય તો પણ અનર્થનો નાશ તો થાય જ. માટે રાજસભાનો અવશ્ય પરિચય કરાવવો. પરદેશના આચાર તથા વ્યવહાર દેખાડવાનું કારણ એ છે કે, પરદેશના આચાર વ્યવહારનું જ્ઞાન ન હોય, અને કારણ પડેથી ત્યાં જવું પડે તો ત્યાંના લોકો એને પરદેશી જાણીને સહજ વારમાં વ્યસનના ખાડામાં નાંખી દે, માટે પરદેશના આચાર વ્યવહાર દેખાડવા. પિતાની પેઠે માતાએ પણ પુત્રના સંબંધમાં તથા પુત્રની વહુના સંબંધમાં સંભવ માફક ઉચિત આચરણ સાચવવું. માતાએ ઓરમાન પુત્રના સંબંધમાં વિશેષ ઉચિત આચરણ સાચવવું, કારણ કે, તે પ્રાયે સહજમાં પોતાને કાંઇ ઓછું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડ્યું એમ માનનારો હોય છે. આ વિષયમાં સાવકી માએ આપેલી અડદની રાબડી ઓકનાર પુત્રનો દાખલો જાણવો.

## સગાં સંબંધીઓનું ઉચિત.

પિતાના, માતાના તથા સ્ત્રીના પક્ષના લોકો સ્વજન કહેવાય છે. તેમના સંબંધમાં પુરૂષનું ઉચિત આચરણ આ રીતે છે. પોતાના ઘરમાં પુત્રજન્મ તથા વિવાહ સગાઇ આદિ મંગળકાર્ય હોય ત્યારે તેમનો હમેશાં આદરસત્કાર કરવો. તેમજ તેમને માથે કાંઇ નુકસાન આવી પડે તો તેમને પોતાની પાસે રાખવા. સ્વજનોને માથે કાંઇ સંકટ આવે, અથવા તેમને ત્યાં કાંઇ ઉત્સવ હોય તો પોતે પણ હમેશાં ત્યાં જવું તથા તેઓ નિર્ધન અથવા રોગાતુર થાય તો તેમનો તે સંકટમાંથી ઉદ્ધાર કરવો. કેમકે-રોગ, આપદા-દુકાળ તથા શત્રુનું સંકટ માથે આવે છતે તથા રાજદ્વારે અને સ્મશાને જવાને અવસરે જે સાથે રહે તે બાંધવ કહેવાય. સ્વજનનો ઉદ્ધાર કરવો તે ખરેખર જોતાં પોતાનોજ ઉદ્ધાર કરવા બરાબર છે, કેમકે રહેંટના ઘડા જેમ ભરાય છે અને ખાલી થાય છે તેમજ માણસ પણ પૈસાદાર અને દરિદ્રી થાય છે. કોઇની દરિદ્રી અથવા પૈસાવાળી અવસ્થા ચિરકાળ ટકતી નથી, માટે કદાચ દુર્દૈવથી આપણે માથે માઠી અવસ્થા આવી પડે તો પૂર્વે આપણે જેમના ઉપર ઉપકાર કર્યો હોય, તેઓ જ આપણો આપદાથી ઉદ્ધાર કરે. માટે અવસર આવે સ્વજનોનો સંકટમાંથી ઉદ્ધાર કરવો જ.

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પુરુષે સ્વજનોની પૂંઠે નિંદા ન કરવી; તેમની સાથે મશ્કરી વગેરેમાં પણ વગર કારણે શુષ્ક વાદ ન કરવો; કારણ કે તેથી ઘણા કાળની પણ પ્રીતિ તૂટી જાય છે. તેમના શત્રુની સાથે દોસ્તી ન કરે, તથા તેમના મિત્રની સાથે મૈત્રી કરે. પુરૂષે સ્વજન ઘરમાં ન હોય અને તેના કુટુંબની એકલી સ્ત્રીઓજ ઘરમાં હોય, તો તેના ઘરમાં પ્રવેશ ન કરવો, તેમની સાથે પૈસાનો વ્યવહાર ન કરવો, તથા દેવનું, ગુરુનું અથવા ધર્મનું કાર્ય હોય તો તેમની સાથે એકદિલ થવું. સ્વજનોની સાથે પૈસાનો વ્યવહાર ન કરવાનું કારણ એ છે કે તેમની સાથે વ્યવહાર કરતાં પ્રથમ જરાક એમ લાગે છે કે, એથી પ્રીતિ વધે છે; પણ પરિણામે તેથી પ્રીતિને બદલે શત્રુપણું વધે છે. કહ્યું છે કે-જ્યાં ઘણી પ્રીતિ રાખવાની ઇચ્છા હોય ત્યાં ત્રણ વાનાં ન કરવાં. એક વાદવિવાદ, બીજો પૈસાનો વ્યવહાર અને ત્રીજું તેની પછવાડે તેની સ્ત્રીની સાથે ભાષણ. ધર્માદિક કાર્યમાં એકદિલ થવાનું કારણ એ છે કે-સંસારી કામમાં પણ સ્વજનોની સાથે એકદિલપણું રાખવાથીજ પરિણામ સારું આવે છે, તો પછી જિનમંદિર આદિ દેવાદિકના કાર્યમાં તો જરૂર એકદિલપણું હોવું જ જોઇએ, કેમ કે, તેવાં કાર્યોનો આધાર સર્વ સંઘના ઉપર છે. અને તે સર્વ સંઘના કાર્યો એકદિલથી થાય તેમાં જ નિર્વાહ તથા શોભા વગેરેનો સંભવ છે, માટે તે કાર્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વની સંમતિથી કરવાં. સ્વજનોની સાથે એકદિલ રાખવા ઉપર પાંચ આંગળીઓનો દાખલો છે, તે નીચે પ્રમાણે છે:—

## સંપ ઉપર પાંચ આંગળીઓનું દૃષ્ટાંત.

પ્રથમ તર્જની ( અંગૂઠાની જોડેની ) આંગળી લખવામાં તથા ચિત્રકલા વગેરે સર્વ કાર્યોમાં પ્રથમ હોવાથી તથા વસ્તુ દેખાડવામાં, ઉત્તમ વસ્તુનાં વખાણ કરવામાં, વાળવામાં અને ચપટી વગેરે ભરવામાં ડાહી હોવાથી અહંકાર પામી મધ્યમા ( વચલી ) આંગળીને કહે છે. "ત્હારામાં શા ગુણ છે ?" મધ્યમાએ કહ્યું. "હું સર્વે આંગળીઓમાં મુખ્ય, મ્હોટી અને મધ્ય ભાગમાં રહેનારી છું. તંત્રી, ગીત, તાલ, વગેરે કળામાં કુશળ છું. કાર્યની ઉતાવળ જણાવવા માટે અથવા દોષ, છળ વગેરેનો નાશ કરવાને માટે ચપટી વગાડું છું અને ટચકારાથી શિક્ષા કરનારી છું." એમજ ત્રીજી આંગળીને પૂછયું ત્યારે તેણે કહ્યું, "દેવ, ગુરુ, સ્થાપનાચાર્ય, સાધર્મિક વિગેરેની નવાંગ ચંદનપૂજા, મંગલિક, સ્વસ્તિક, નંદ્યાવર્ત વગેરે કરવાનું; તથા જળ, ચંદન, વાસક્ષેપ, ચૂર્ણ વગેરેનું અભિમંત્રણ કરવું મ્હારા તાબામાં છે." પછી ચોથી આંગળીને પૂછયું ત્યારે તેણે કહ્યું કે, "હું પાતળી હોવાથી કાનની અંદર ખણવા આદિ ઝીણાં કામો કરી શકું છું, શરીરે દુઃખ આવે છેદાદિ પીડા સહું છું, શાકિની વગેરેના ઉપદ્રવ દૂર કરું છું, જપ સંખ્યા વગેરે કરવામાં પણ અગ્રેસર છું." તે સાંભળી ચારે આંગળીઓએ માંહોમાંહે મિત્રતા કરી અંગૂઠાને પૂછયું કે, "ત્હારામાં શા ગુણ છે?" અંગૂઠે કહ્યું, "અરે ઓ ! હું તો તમારો ધણી છું ! જુઓ લખવું, ચિત્રામણ કરવું, કોળીયો વાળવો, ચપટી વગાડવી, ટચકારો કરવો, મૂઠી વાળવી, ગાંઠ વાળવી, હથિયાર વગેરે વાપરવાં, દાડી મૂછ સમારવી, તથા કાતરવી, કાતરવું, લોચ કરવો, પીંજવું, વણવું, ધોવું, ખાંડવું. દળવું, પિરસવું, કાંટો કાઢવો, ગાયો વગેરે દોહવી, જપની સંખ્યા કરવી, વાળ અથવા ફૂલ ગૂંથવાં, પુષ્પપૂજા કરવી, વગેરે કાર્યો મ્હારા વિના થતા નથી. તેમજ વૈરીનું ગળું પકડવું, તિલક કરવું, શ્રીજિનામૃતનું પાન કરવું, અંગૂઠ પ્રશ્ન કરવો વગેરે કાર્યો એકલા મ્હારાથી જ થાય છે." તે સાંભળી ચારે આંગળીઓ અંગૂઠાનો આશ્રય કરી સર્વ કાર્યો કરવા લાગી.

## ગુરૂનું ઉચિત.

સ્વજનના સંબંધમાં ઉપર કહ્યું વગેરે ઉચિત આચરણ જાણવું. હવે ધર્માચાર્યના સંબંધમાં ઉચિત આચરણ કહીએ છીએ. પુરૂષે દરરોજ ત્રણ ટંક ભક્તિથી તથા શરીરવડે અને વચનવડે બહુમાનથી ધર્માચાર્યને વંદના કરવી. ધર્માચાર્યે દેખાડેલી રીત પ્રમાણે આવશ્યક વગેરે કામો કરવાં, તથા તેમની પાસે શુદ્ધ શ્રદ્ધાથી ધર્મોપદેશ સાંભળવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્માચાર્યના આદેશનું બહુમાન કરે, એમની મનથી પણ અવજ્ઞા ન કરે. અધર્મી લોકોએ કરેલા ધર્માચાર્યના અવર્ણવાદને પોતાની શકિત માફક રોકે; પણ ઉપેક્ષા ન કરે. કહ્યું છે કે—મ્હોટાઓની નિંદા કરનારજ કેવળ પાપી નથી, પણ તે નિંદા સાંભળનાર પણ પાપી છે. તથા ધર્માચાર્યનો સ્તુતિવાદ હમેશાં કરે, કારણ કે, સમક્ષ અથવા પાછળ ધર્માચાર્યની પ્રશંસા કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. ધર્માચાર્યના છિદ્ર ન જોવાં, સુખમાં તથા દુઃખમાં મિત્રની પેઠે તેમને અનુવર્તવું, તથા પ્રત્યનીક લોકોએ કરેલા ઉપદ્રવને પોતામાં જેટલી શકિત હોય, તેટલી શકિતથી વારવા. અહીં કોઇ શંકા કરે કે, “ પ્રમાદથી રહિત એવા ધર્માચાર્યમાં છિદ્રો જ ન હોય, ત્યારે તે ન જોવાં એમ કહેવું વ્યર્થ છે. તથા મમતા રહિત ધર્માચાર્યની સાથે મિત્રની પેઠે શી રીતે વર્તવું ? ” ખરી વાત છે, ધર્માચાર્ય તો પ્રમાદથી અને મમતાથી રહિત જ છે, પણ જૂદી જૂદી પ્રકૃતિના શ્રાવકોને પોતાની પ્રકૃતિના અનુસારથી ધર્માચાર્યને વિષે પણ જૂદો જૂદો ભાવ ઉત્પન્ન થાય છે. સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે—“ હે ગૌતમ ! ચાર પ્રકારના શ્રાવક કહ્યા છે, એક માતાપિતા સમાન, બીજા ભાઇ સમાન, ત્રીજા મિત્ર સમાન, ચોથા શોકય સમાન. ” વગેરે આ ગ્રંથમાં પૂર્વે કહી ગયા છીએ. પ્રત્યનીક લોકોએ કરેલો ઉપદ્રવ દૂર કરવાના સંબંધમાં કહ્યું છે કે, સાધુઓનો, જિનમંદિરનો તથા વિશેષે કરી જિનશાસનનો કોઇ વિરોધી હોય, અથવા કોઇ અવર્ણવાદ બોલતો હોય, તો તેને સર્વ શકિતથી વારવો. ” આ વિષય ઉપર ભગીરથ નામના સગર ચક્રવર્તીના પૌત્ર જયકુમાર, કે જેણે પ્રાંત ગામના રહીશ સાઠ હજાર લોકોએ કરેલા ઉપદ્રવથી પીડાયેલા યાત્રાએ જનાર સંઘનો ઉપદ્રવ ટાળ્યો હતો તેનો દાખલો જાણવો.

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પુરુષે પોતાનો કાંઇ અપરાધ થએ છતે ધર્માચાર્ય શિખામણ દે ત્યારે “ આપ કહો તે યોગ્ય છે ” એમ કહી સર્વ કબૂલ કરવું. કદાચ ધર્માચાર્યની કંઇક ભૂલ જણાય તો તેમને એકાંતમાં “ મહારાજ, આપ જેવા ચારિત્રવંતને આ વાત ઉચિત છે કે ? ” એમ કહે. શિષ્યે સામું આવવું, ગુરુ આવે ત્યારે ઉઠવું, આસન આપવું, પગચંપી કરવી, તથા શુદ્ધ એવાં વસ્ત્ર, પાત્ર, આહાર આદિનું દાન વગેરે સમયને ઉચિત એવો સર્વ વિનય સંબંધી ઉપચાર ભકિતથી કરવો. અને પોતાના હૃદયમાં ધર્માચાર્યને વિષે દૃઢ તથા કપટ રહિત અનુસંગ ધારણ કરવો. પુરુષ પરદેશમાં હોય તો પણ ધર્માચાર્યે કરેલા સમ્યકત્વ દાન આદિ ઉપકારને નિરંતર સંભારે ધર્માચાર્યના સંબંધમાં ઇત્યાદિ ઉચિત આચરણ જાણવું.

## સ્વનગરનિવાસીઓનું ઉચિત.

પુરુષ જે નગરમાં પોતે રહેતો હોય, તેજ નગરમાં બીજા જે વણિકવૃત્તિએ આજીવિકા કરનારા લોકો રહેતા હોય, તે “ નાગર ” એવા નામથી કહેવાય છે. નાગર લોકોના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધમાં યોગ્ય આચરણ આ રીતે જાણવું. પુરુષે તમને-નગરમાં રહેનાર લોકોને દુઃખ આવે પોતે દુઃખી થવું, તથા સુખ આવે પોતે સુખી થવું તેમજ તેઓ સંકટમાં હોય તો પોતે પણ સંકટમાં પડ્યા હોય એમ વર્તવું. તથા તેઓ ઉત્સવમાં હોય તો પોતે પણ ઉત્સવમાં રહેવું. એમ ન કરતાં એક નગરમાં રહેલા સરખા ધંધાના લોકો જો કુસંપમાં રહે, તો રાજાના અધિકારીઓ તેમને, શીકારીઓ જેમ મૃગલાઓને જાળમાં ફસાવે છે, તેમ સંકટમાં ઉતારે. મ્હોટું કાર્ય હોય તો પણ પોતાની મ્હોટાઈ વધારવા સારૂ સર્વે નાગરોએ રાજાની ભેટ લેવા જૂદા જૂદા ન જવું. કાંઇ કામની છાની મસલત કરી હોય તો તે ઉઘાડી ન પાડવી. તથા કોઇએ કોઇની ચાડી ન કરવી. એકેક જણ જૂદો જૂદો રાજાને મળવા જાય તો તેથી બીજાના મનમાં વૈર વગેરે પેદા થાય છે, માટે સર્વેએ ભેગા થઇને જવું. તથા સર્વેની યોગ્યતા સરખી હોય તો પણ યવનની પેઠે કોઇને પણ મુખ્ય કરી સર્વેએ તેની પછવાડે રહેવું; પણ રાજાના હુકમથી મંત્રીએ પરીક્ષા કરવાને અર્થે આપેલી એક શય્યા ઉપર સર્વે સુવાને માટે વિવાદ કરનારા પાંચસો મૂર્ખની પેઠે કુસંપથી રાજાની ભેટ લેવા અથવા તેને વિનંતિ વગેરે કરવા ન જવું. કેમકે ગમે એવી અસાર વસ્તુ હોય તો પણ તે જો ઘણી ભેગી થાય, તો તેથી જય થાય છે. જુઓ તૃણના સમુદાયથી બનેલું દોરડું હાથીને પણ બાંધે છે. મસલત બહાર પાડવાથી કાર્ય ભાંગી પડે છે, તથા વખતે રાજાનો કોપ વગેરે પણ થાય છે, માટે ગુપ્ત મસલત બહાર ન પાડવી. માંહોમાંહે ચાડી કરવાથી રાજા આદિ અપમાન તથા વખતે દંડ વગેરે પણ કરે. તથા સરખા ધંધાવાળા લોકોનું કુસંપમાં રહેવું નાશનું કારણ છે. કહ્યું છે કે-એક પેટવાળા, બે ડોકવાળા અને જૂદાં જૂદાં ફળની ઇચ્છા કરનારા ભારંડ પક્ષીની પેઠે કુસંપમાં રહેનારા લોકોનો નાશ થાય છે. જે લોકો એક બીજાનાં મર્મોનું રક્ષણ કરતા નથી તે રાફડામાં રહેલા સર્પની પેઠે મરણ પર્યંત દુઃખ પામે છે.

કાંઇ વિવાદ ઉત્પન્ન થાય તો ત્રાજુઆં સમાન રહેવું; પણ સ્વજન સંબંધી તથા પોતાની જ્ઞાતિના લોકો ઉપર ઉપકાર કરવાની અથવા લાંચ ખાવાની ઇચ્છાએ ન્યાયમાર્ગનું ઉલ્લંઘન ન કરવું. પ્રબળ લોકોએ દુર્બળ લોકોને ઘણા દાણ, કર, રાજદંડ વગેરેથી સતાવવા નહીં. તથા થોડો અપરાધ હોય તો એકદમ તેનો દંડ ન કરવો. દાણ, કર વગેરેથી પીડાયેલા લોકો માંહેમાંહે પ્રીતિ ન હોવાથી સંપ મૂકી દે છે. સંપ ન હોય તો ઘણા બલિષ્ઠ લોકો પણ વગડામાંથી જૂદા પડેલા સિંહની પેઠે જ્યાં ત્યાં પરાભવ જ પામે છે માટે માંહેમાંહે સંપ રાખવો એજ સારૂં છે. કેમકે—માણસોનો સંપ સુખકારી છે. તેમાં પણ પોતપોતાના પક્ષમાં તો અવશ્ય સંપ હોવો જ જોઇએ. જુઓ ફોતરાથી પણ જૂદા પડેલા ચોખા ઊગતા નથી. જે પર્વતોને ફોડી નાંખે છે તથા ભુમિને પણ વિદારે છે, તે જળના પ્રવાહને તૃણનો સમુદાય રોકે છે. એ સંપનો મહિમા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાનું હિત ઇચ્છનારા લોકોએ ધનનો વ્યય કરનારા, રાજાના, દેવસ્થાનના અથવા ધર્મખાતાના અધિકારી તથા તેમના હાથ નીચેના લોકોની સાથે લેણદેણનો વ્યવહાર ન કરવો, અને જ્યારે આમ છે તો રાજાની સાથે વ્યવહાર ન જ કરવો એમાં તો કહેવું જ શું ? રાજાના અધિકારીઓ વગેરેની સાથે વ્યવહાર ન કરવાનું કારણ એ છે કે, તે લોકો ધન લેવું હોય તે વખતે માત્ર પ્રાયે પ્રસન્ન મુખથી વાર્તાલાપ કરી તથા તેમને ત્યાં ગએ બેસવા આસન, પાનબીડાં આદિ આપી ખોટો-દેખાડવાનો ભભકો દેખાડે છે, અને ભલાઇ ઉઘાડી કરે છે. પણ અવસર આવે ખરૂં લહેણું માગીએ, ત્યારે " અમે ફલાણું તમારૂં કામ નહોતું કર્યું ? " એમ કહી પોતે કરેલો તલના ફોતરા સરખો યત્કિંચિત્ માત્ર ઉપકાર પ્રકટ કરે છે, અને પૂર્વના દાક્ષિણ્યને તેજ વખતે મૂકી દે છે. એવો તેમનો સ્વભાવ જ છે. કહ્યું છે કે—૧ બ્રાહ્મણમાં ક્ષમા, ૨ માતામાં દ્વેષ, ૩ ગણિકામાં પ્રેમ અને ૪ અધિકારીઓમાં દાક્ષિણ્યપણું એ ચારે અનિષ્ટ જાણવાં. એટલું જ નહીં, પણ તે ઉલટા લેણદારને ખોટા તહોમતમાં લાવી રાજા પાસે શિક્ષા કરાવે છે. કહ્યું છે કે—લોકો પૈસાદાર માણસ ઉપર ખોટાં તહોમત મૂકી તેને હેરાન કરે છે; પણ નિર્ધન માણસ અપરાધી હોય તો પણ તેને કોઇ ઠેકાણે નુકસાન થતું નથી. રાજાની સાથે ધનનો વ્યવહાર ન રાખવાનું કારણ એ કે, કોઇ સામાન્ય ક્ષત્રિય પાસે પણ લહેણું માગીએ તો તરવાર દેખાડે છે, તો પછી સ્વભાવથી જ ક્રોધી એવા રાજાઓની શી વાત કહેવી ? આ રીતે સરખો ધંધો કરનારા નાગર લોકના સંબંધમાં ઉચિત આચરણ કહ્યું. સરખો ધંધો ન કરનારા નાગર લોકોની સાથે પણ ઉપર કહ્યા પ્રમાણે જ યથાયોગ્ય રીતે વર્તવું.

JAINSITE.com जैनम् जयति शासनम्

## અન્યધર્મીઓનું ઉચિત.

નાગર લોકોએ એક બીજાની સાથે શી રીતે ઉચિત આચરણ કરવું, તે કહ્યું. હવે, અન્યદર્શની લોકોની સાથે શી રીતે ઉચિત આચરણ કરવું તે કહીએ છીએ.

અન્યદર્શની ભિક્ષુકો આપણે ઘેર ભિક્ષાને અર્થે આવે તો તેમને યથાયોગ્ય દાન આદિ આપવું. તેમાં પણ રાજાના માનનીય એવા અન્યદર્શની ભિક્ષાને અર્થે આવે તો તેને વિશેષે કરી દાન અવશ્ય આપવું.

જો કે શ્રાવકના મનમાં અન્યદર્શનીને વિષે ભક્તિ નથી, તેના ગુણને વિષે પક્ષપાત નથી તો પણ ઘેર આવેલાનું યોગ્ય આદરમાન કરવું એ ગૃહસ્થનો ધર્મ છે.

## આચાર.

ઘેર આવેલાની સાથે ઉચિત આચરણ કરવું, એટલે જેની જેવી યોગ્યતા હોય તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે તેની સાથે મધુર ભાષણ કરવું, તેને બેસવા આસન આપવું, આસનાદિકને માટે નિમંત્રણ કરવું, કયા કારણથી આવવું થયું ? તે પૂછવું તથા તેનું કામ કરવું, વગેરે યોગ્ય આચરણ જાણવું. તથા સંકટમાં પડેલા લોકોને તેમાંથી કાઢવા. અને દીન, અનાથ, આંધળા, બહેરા, રોગી વગેરે દુઃખી લોકો ઉપર દયા કરવી, તથા તેમને પોતાની શક્તિ પ્રમાણે મદદ કરી તે દુઃખમાંથી કાઢવા. એ ધર્મ સર્વ દર્શનીઓને સમ્મત છે. અહિં શ્રાવકોને એ લૌકિક ઉચિત આચરણ કરવાનું કહ્યું, એનું કારણ એ છે કે—જે માણસો ઉપર કહેલું લૌકિક ઉચિત આચરણ કરવામાં પણ કુશળ નથી, તેઓ લોકોત્તર પુરુષની સૂક્ષ્મ બુદ્ધિથી ગ્રહણ કરાય એવા જૈનધર્મને વિષે શી રીતે કુશળ થાય ? માટે ધર્માર્થી લોકોએ અવશ્ય ઉચિત આચરણ કરવામાં નિપુણ થવું. બીજે સ્થળે પણ કહ્યું છે કે,–સર્વ ઠેકાણે ઉચિત આચરણ કરવું, ગુણ ઉપર અનુરાગ રાખવો, દોષને વિષે મધ્યસ્થપણું રાખવું અને જિનવચનને વિષે રુચિ રાખવી, એ સમ્યગ્દૃષ્ટિનાં લક્ષણ છે. સમુદ્રો પોતાની મર્યાદા મૂકતા નથી, પર્વતો ચલાયમાન થતા નથી, તેમ ઉત્તમ પુરુષો પણ કોઈ વખતે ઉચિત આચરણો છોડતા નથી; માટે જગતના ગુરુ એવા તીર્થંકરો પણ ગૃહસ્થપણામાં માતાપિતાના સંબંધમાં અભ્યુત્થાન ( મ્હોટા પુરુષ આવે ત્યારે આદરથી ઊભું રહેવું ) વગેરે કરે છે." આ રીતે નવ પ્રકારનું ઉચિત આચરણ કહ્યું.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## અવસરોચિત વચનથી થતો લાભ.

અવસરે કહેલાં યોગ્ય વચનથી ઘણો લાભ થાય છે. જેમ આંબડ મંત્રીએ મલ્લિકાર્જુનને જીતીને ચૌદ કરોડ મૂલ્યના મોતીના ભરેલા છ મૂડા, એકેક તોલમાં ચૌદ ભાર જેટલો એવા ધનના બત્રીશ કુંભ, શૃંગારના રત્નજડિત ક્રોડ વસ્ત્ર, તથા વિષને હરણ કરનાર શુક્તિ ( છીપ ) વગેરે વસ્તુ કુમારપાળના ભંડારમાં ઉમેરી, તેથી તેણે ( રાજાએ ) સંતુષ્ટ થઈ આંબડ મંત્રીને **राजापितामह** એ બિરૂદ, ક્રોડ દ્રવ્ય, ચોવીશ સારા જાતિવંત અશ્વ વગેરે ઋદ્ધિ આપી. ત્યારે આંબડ મંત્રીએ પોતાના ઘર સુધી પહોંચતાં પહેલાં જ માર્ગમાં તે સર્વ ઋદ્ધિ યાચક જનોને આપી. એ વાતની રાજા પાસે કોઈએ ચાડી ખાધી ત્યારે મનમાં માઠા અધ્યવસાય આવ્યાથી કુમારપાળ રાજાએ ક્રોધથી આંબડ મંત્રીને કહ્યું કે,– "કેમ તું મ્હારા કરતાં પણ વધારે દાન આપે છે ?" આંબડે કહ્યું, "મહારાજ ! આપના પિતાજી દશ ગામડાના ધણી હતા અને આપ તો અઢાર દેશના ધણી છો, એમાં આપ તરફથી પિતાજીનો કાંઈ અવિનય થએલો ગણાય ?" વગેરે ઉચિત વચનથી રાજાએ રાજી થઈ આંબડને રાજપુત્ર એવો કિતાબ અને પૂર્વે આપી હતી તે કરતાં બમણી ઋદ્ધિ આપી. ગ્રંથાંતરમાં કહ્યું છે કે,—દાન દેતાં, ગમન કરતાં, સૂતાં, બેસતાં, ભોજન પાન કરતાં, બોલતાં તથા બીજે સર્વ સ્થાનકે અવસર હોય તોજ તે મહારસમય લાગે છે માટે સમયનો જાણ પુરુષ સર્વ ઠેકાણે ઉચિત આચરણ કરે છે. કેમકે—એક તરફ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક ઉચિત આચરણ અને બીજી તરફ બીજા ક્રોડો ગુણો છે. એક ઉચિત આચરણ ન હોય તો સર્વ ગુણોનો સમુદાય ઝેર માફક છે, માટે પુરુષે સર્વ અનુચિત આચરણ છોડી દેવું. તેમજ જે આચરવાથી પોતાની મૂર્ખમાં ગણતરી થાય તે સર્વે અનુચિત આચરણમાં સમાય છે. તે સર્વ લૌકિક શાસ્ત્રમાં કહ્યું છે, તે ઉપકારનું કારણ હોવાથી અહિં દેખાડીએ છીએ.

## મૂર્ખનાં સો લક્ષણ.

"રાજા! સો મૂર્ખ કયા? તે સાંભળ, અને તે તે મૂર્ખપણાનાં કારણ મૂક. તેમ કરવાથી તું આ જગતમાં નિર્દોષ રત્નની પેઠે શોભા પામીશ. ૧ છતી શક્તિએ ઉદ્યમ ન કરે, ૨ પંડિતોની સભામાં પોતાનાં વખાણ કરે, ૩ ગણિકાના વચન ઉપર વિશ્વાસ રાખે, ૪ દંભ તથા આડંબર ઉપર ભરોસો રાખે, ૫ જુગાર, કિમિયા વગેરેથી ધન મેળવવાની આશા રાખે, ૬ ખેતી આદિ લાભના સાધનોથી લાભ થશે કે નહીં? એવો શક રાખે, ૭ બુદ્ધિ નહીં છતાં મ્હોટું કામ કરવા ધારે, ૮ વણિક થઇ એકાંતવાસ કરવામાં રુચિ રાખે, ૯ માથે દેવું કરી ઘરબાર વગેરે ખરીદે, ૧૦ પોતે વૃદ્ધ થઇ કન્યા પરણે, ૧૧ ગુરુ પાસે ન ધારેલા ગ્રંથની વ્યાખ્યા કરે, ૧૨ ખુલ્લી વાત ઢાંકવાનો પ્રયત્ન કરે, ૧૩ ચંચળ સ્ત્રીનો ભર્તાર થઇ ઈર્ષ્યા રાખે, ૧૪ શત્રુ સમર્થ છતાં મનમાં તેની શંકા ન રાખે, ૧૫ પ્રથમ ધન આપીને પાછળથી પશ્ચાત્તાપ કરે, ૧૬ અભણ છતાં મ્હોટા સ્વરથી કવિતા બોલે, ૧૭ અવસર નહીં છતાં બોલવાની ચતુરતા દેખાડે, ૧૮ બોલવાનો અવસર આવે મોન રાખે, ૧૯ લાભને અવસરે કલહ-કલેશ કરે, ૨૦ ભોજનને સમયે ક્રોધ કરે, ૨૧ મ્હોટા લાભની આશાથી ધન વિખેરે, ૨૨ સાધારણ બોલવામાં કિલષ્ટ એવા સંસ્કૃત શબ્દ વાપરે, ૨૩ પુત્રના હાથમાં સર્વ ધન આપી પોતે દીન થાય, ૨૪ સ્ત્રી પક્ષના લોકો પાસે યાચના કરે, ૨૫ સ્ત્રીની સાથે ટંટો થવાથી બીજી સ્ત્રી પરણે, ૨૬ પુત્ર ઉપર ક્રોધ કરી તેનું નુકશાન કરે, ૨૭ કામી પુરુષોની સાથે હરીફાઇ કરી ધન ઉડાવે, ૨૮ યાચકોએ કરેલી સ્તુતિથી મનમાં અહંકાર લાવે, ૨૯ પોતાની બુદ્ધિના અહંકારથી બીજાનાં હિત વચન ન સાંભળે, ૩૦ અમારું મ્હોટું કુળ એવા અહંકારથી કોઇની ચાકરી ન કરે, ૩૧ દુર્લભ એવું દ્રવ્ય આપીને કામભોગ સેવે, ૩૨ મૂલ્ય આપીને ખરાબ માર્ગે જાય, ૩૩ રાજા લોભી છતાં તેની પાસેથી લાભ થવાની આશા રાખે, ૩૪ અધિકારી દુષ્ટ છતાં ન્યાયની આશા રાખે, ૩૫ કાયસ્થને વિષે સ્નેહની આશા રાખે, ૩૬ મંત્રી ક્રૂર છતાં ભય ન રાખે, ૩૭ કૃતઘ્ન પાસે ઉપકારના બદલાની આશા રાખે, ૩૮ અરસિક પુરુષ આગળ પોતાના ગુણ જાહેર કરે, ૩૯ શરીર નિરોગી છતાં વહેમથી દવા ખાય, ૪૦ રોગી છતાં પરેજી ન પાળે, ૪૧ લોભથી સ્વજનને છોડી દે, ૪૨ મિત્રના મનમાંથી રાગ ઉતરી જાય એવાં વચન બોલે, ૪૩ લાભનો અવસર આવે આળસ કરે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૪ મ્હોટો ઋદ્ધિવંત છતાં કલહ-કલેશ કરે, ૪૫ જોષીના વચન ઉપર ભરોસો રાખી રાજ્યની ઇચ્છા કરે, ૪૬ મૂર્ખની સાથે મસલત કરવામાં આદર રાખે, ૪૭ દુર્બળ લોકોને ઉપદ્રવ કરવામાં શૂરવીરપણું બતાવે, ૪૮ જેના દોષ જાહેર દેખાય છે, એવી સ્ત્રી ઉપર પ્રીતિ રાખે, ૪૯ ગુણનો અભ્યાસ કરવામાં ક્ષણ માત્ર રુચિ ન રાખે, ૫૦ બીજાએ સંચય કરેલું ધન ઉડાવે, ૫૧ માન રાખી રાજા જેવા ડોળ ઘાલે, ૫૨ લોકમાં રાજાદિકની જાહેર નિંદા કરે, ૫૩ દુઃખ આવે દીનતા બતાવે, ૫૪ સુખ આવે ભાવિ કાળે થનારી દુર્ગતિ ભૂલી જાય, ૫૫ થોડા બચાવને અર્થે ઘણો વ્યય કરે, ૫૬ પરીક્ષાને અર્થે ઝેર ખાય, ૫૭ કિમિયામાં ધન હોમે, ૫૮ ક્ષય રોગ છતાં રસાયન ખાય, ૫૯ પોતે પોતાની મ્હોટાઇનો અહંકાર રાખે, ૬૦ ક્રોધથી આત્મઘાત કરવા તૈયાર થાય, ૬૧ નિરંતર વગર કારણે આમ તેમ ભટકતો રહે, ૬૨ બાણના પ્રહાર થયા હોય તો પણ યુદ્ધ જુએ, ૬૩ મ્હોટાની સાથે વિરોધ કરી નુકશાનમાં ઉતરે, ૬૪ થોડું ધન છતાં આડંબર મ્હોટો રાખે, ૬૫ હું પંડિત છું એમ સમજી બહુ બકબકાટ કરે, ૬૬ પોતાને શૂરવીર સમજી કોઇની બીક ન રાખે, ૬૭ ઘણાં વખાણ કરી સામા માણસને ત્રાસ ઉપજાવે, ૬૮ હાંસી કરતાં મર્મ વચન બોલે, ૬૯ દરિદ્રીના હાથમાં પોતાનું ધન આપે, ૭૦ લાભ નક્કી નહીં છતાં ખરચ કરે, ૭૧ પોતાના ખરચનો હિસાબ રાખવાનો પોતે કંટાળો કરે, ૭૨ નશીબ ઉપર ભરોસો રાખી ઉદ્યમ ન કરે, ૭૩ પોતે દરિદ્રી થઇ વાતો કરવામાં વખત ગુમાવે, ૭૪ વ્યસનાસક્ત થઇ ભોજન કરવાનું પણ ભૂલી જાય, ૭૫ પોતે નિર્ગુણી છતાં પોતાના કુળની ઘણી પ્રશંસા કરે, ૭૬ કઠોર સ્વર છતાં ગીત ગાય, ૭૭ સ્ત્રીના ભયથી યાચકને દાન આપે નહીં, ૭૮ કૃપણતા કરવાથી માઠી અવસ્થા પામે, ૭૯ જેના દોષ ખુલ્લા દેખાતા હોય તેનાં વખાણ કરે, ૮૦ સભાનું કામ પૂરું થયા વિના ઘરમાંથી ઉઠી જાય, ૮૧ દૂત થઇ સંદેશો ભૂલી જાય, ૮૨ ખાંસીનો રોગ છતાં ચોરી કરવા જાય, ૮૩ યશને અર્થે ભોજનનું ખર્ચ મ્હોટું રાખે, ૮૪ લોક વખાણ કરે એવી આશાથી થોડો આહાર કરે, ૮૫ જે વસ્તુ થોડી હોય તે ઘણી ભક્ષણ કરવાની મરજી રાખે, ૮૬ કપટી અને મીઠાબોલા લોકોના પાસમાં સપડાય, ૮૭ વેશ્યાના યારની સાથે કલહ કરે, ૮૮ બે જણા કાંઇ મસલત કરતા હોય તો વચ્ચે ત્રીજો જાય, ૮૯ આપણા ઉપર રાજાની મહેરબાની હમેશાં રહેશે એવી ખાત્રી રાખે, ૯૦ અન્યાયથી સારી અવસ્થામાં આવવાની ઇચ્છા કરે, ૯૧ ધન પાસે નહીં છતાં ધનથી થનારાં કામો કરવા જાય, ૯૨ લોકમાં ગુપ્ત વાત જાહેર કરે, ૯૩ યશને અર્થે અજાણ માણસનો જામીન થાય, ૯૪ હિતનાં વચન કહેનારની સાથે વેર કરે, ૯૫ બધે ભરોસો રાખે, ૯૬ લોક વ્યવહાર ન જાણે, ૯૭ યાચક થઇ ઉન્હું ભોજન જમવાની ટેવ રાખે, ૯૮ મુનિરાજ થઇ ક્રિયા પાળવામાં શિથિલતા રાખે, ૯૯ કુકર્મ કરતાં શરમાય નહીં, અને બોલતાં બહુ હસે, ૧૦૦ તે મૂર્ખ જાણવો. ” આ રીતે સો પ્રકારના મૂર્ખ કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અન્ય હિતવચનો.

વળી જેથી આપણો અપયશ થાય તે છોડવું. વિવેકવિલાસ નામના ગ્રંથમાં કહ્યું છે કે—વિવેકી પુરૂષે સભામાં બગાસું, છીંક, ઓડકાર, હાસ્ય વિગેરે કરવાં પડે તો મોં આગળ લુગડું ઢાંકીને કરવાં, તથા સભામાં નાક ખોતરવું નહીં અને હાથ મરડવા નહીં. પલાંઠી ન વાળવી, પગ લાંબા ન કરવા, તથા નિદ્રા, વિકથા અને ખરાબ ચેષ્ટા ન કરવી. અવસર આવે કુલીન પુરૂષોનું હસવું માત્ર હોઠ પહોળા થાય એટલું જ હોય છે, પણ ખડખડ હસવું અથવા ઘણું હસવું સર્વથા અનુચિત છે. બગલમાં સીસોટી વગાડવા આદિ અંગવાદ્ય, વગર પ્રયોજને તૃણના કટકા કરવા, પગે અથવા હાથે જમીન ખોતરવી, નખથી નખ અથવા દાંત ઘસવા, એટલી ચેષ્ટાઓ કરવી નહીં, વિવેકી પુરૂષે ભાટ, ચારણ અને બ્રાહ્મણ વગેરે લોકોએ કરેલી પોતાની પ્રશંસા સાંભળી મનમાં અહંકાર ન લાવવો. તથા સમજુ લોકો વખાણ કરે તો તે ઉપરથી આપણામાં ગુણ છે એટલો નિશ્ચય ફક્ત કરવો, પણ અહંકાર ન કરવો. વિચક્ષણ પુરૂષોએ પારકા વચનનો અભિપ્રાય બરાબર ધારવો. તથા નીચ માણસ હલકાં વચન બોલે તો તેનો બદલો વાળવા તેવાં વચન મુખમાંથી કાઢવાં નહીં. ડાહ્યા પુરૂષે જે વાત અતીત, અનાગત તથા વર્તમાન કાળમાં ભરોસો રાખવા યોગ્ય ન હોય, તે વાતમાં એ એમજ છે એવો સ્પષ્ટ પોતાનો અભિપ્રાય ન જણાવવો. વિવેકી પુરૂષોએ પારકા માણસ પાસેથી શરૂ કરાવવા ધારેલું કામ તે માણસ આગળ પહેલેથીજ કાંઇ દાખલાદલીલથી અથવા વિશેષ વચનથી જણાવવું. આપણા ધારેલા કાર્યને અનુકૂળ એવું કોઇનું વચન હોય તો તે આપણા કાર્યની સિદ્ધિને અર્થે અવશ્ય કબૂલ કરવું. જેનું કાર્ય આપણાથી ન બની શકે એમ હોય તેને પહેલેથીજ તેમ કહી દેવું, પણ મિથ્યા વચન કહીને ખાલી કોઈને ધક્કા ન ખવરાવવા.

સમજુ લોકોએ કોઇએ કડવાં વચન ન સંભળાવવાં. પોતાના શત્રુઓને તેવાં વચન સંભળાવવાં પડે તો તે પણ અન્યોક્તિથી અથવા બીજા કોઇ બહાનાથી સંભળાવવાં. જે પુરૂષ માતા, પિતા, રોગી, આચાર્ય, પરોણા, ભાઇ, તપસ્વી, વૃદ્ધ, બાળક, દુર્બળ માણસ, વૈદ્ય, પોતાની સંતતિ, ભાઈયાત, ચાકર, બ્હેન, આશ્રિત લોકો, સગાસંબંધી અને મિત્ર એટલાની સાથે જે કલહ ન કરે તે ત્રણે જગતને વશ કરે છે. એક સરખું સૂર્ય તરફ ન જોવું તેમજ ચંદ્ર સૂર્યનું ગ્રહણ, મ્હોટા કૂવાનું પાણી અને સંધ્યા સમયે આકાશ ન જોવું. સ્ત્રી પુરૂષનો સંભોગ, મૃગયા, તરૂણ અવસ્થામાં આવેલ નગ્ન સ્ત્રી, જાનવરોની ક્રીડા અને કન્યાની યોની એટલા વાનાં ન જોવાં. વિદ્વાન્ પુરૂષ પોતાના મુખનો પડછાયો તેલમાં, જળમાં, હથિયારમાં, મૂત્રમાં તથા લોહીમાં ન જુએ. કારણ કે, એમ કરવાથી આયુષ્ય ઘટે છે. સારા માણસે કબૂલ કરેલ વચનનો ભંગ, ગઇ વસ્તુનો શોક તથા કોઈનો નિદ્રાભંગ કોઈ કાળે પણ ન કરવો. ઘણાની સાથે વેર ન કરતાં ઘણા મતમાં પોતાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મત આપવો. જેમાં સ્વાદ નથી એવાં કાર્યો પણ સમુદાયની સાથે કરવાં. સુજ્ઞ પુરૂષોએ સર્વે સારાં કાર્યમાં અગ્રેસર થવું. માણસો કપટથી પણ નિસ્પૃહપણું દેખાડે તો પણ તેથી ફળ નીપજે છે. પુરૂષોએ જે કૃત્ય કરવાથી કોઇનું નુકસાન નીપજે એવું કામ કરવા તત્પર ન થવું. તથા સુપાત્ર માણસોની કોઇ કાળે અદેખાઇ કરવી નહીં. પોતાની જાતિ ઉપર આવેલા સંકટની ઉપેક્ષા ન કરવી, પણ ઘણા આદરથી જાતિનો સંપ થાય તેમ કરવું, કારણ કે એમ ન કરે તો માન્ય પુરૂષોની માનખંડના અને અપયશ થાય. પોતાની જાતિ છોડીને પરજાતિને વિષે આસક્ત થએલા લોકો કુકર્દમ રાજાની પેઠે મરણ પર્યંત દુઃખ પામે છે. જ્ઞાતિયો માંહોમાંહે કલહ કરવાથી પ્રાયે નાશ પામે છે, અને સંપમાં રહે તો, જેમ જળમાં કમળિની વધે છે તેમ વૃદ્ધિ પામે. સમજુ માણસે દરિદ્રી અવસ્થામાં આવેલો પોતાનો મિત્ર, સાધર્મી, જ્ઞાતિનો આગેવાન, મ્હોટા ગુણી તથા પુત્ર વિનાની પોતાની બ્હેન એટલા લોકોનું અવશ્ય પોષણ કરવું. જેને મ્હોટાઇ ગમતી હોય, એવા પુરૂષે સારથિનું કામ, પારકી વસ્તુનું ખરીદ વેચાણ તથા પોતાના કુળને અનુચિત કાર્ય કરવા તૈયાર ન થવું.

મહાભારત વગેરે ગ્રંથોમાં પણ કહ્યું છે કે-પુરૂષે બ્રાહ્મ મુહૂર્તને વિષે ઉઠવું અને ધર્મનો તથા અર્થનો વિચાર કરવો. સૂર્યને ઉગતાં તથા આથમતાં કોઇ વખતે પણ ન જોવો. પુરૂષે દિવસે ઉત્તર દિશાએ તથા રાત્રિએ દક્ષિણ દિશાએ અને કાંઇ હરકત હોય તો ગમે તે દિશાએ મુખ કરીને મળમુત્રનો ત્યાગ કરવો. આચમન કરીને દેવની પૂજા વગેરે કરવી, ગુરૂને વંદના કરવી, તેમજ ભોજન કરવું. હે રાજા ! જાણ પુરૂષે ધન સંપાદન કરવાને પ્રયત્ન અવશ્ય કરવોજ, કારણ કે તે હોય તોજ ધર્મ, કામ વગેરે થાય છે. જેટલો ધનનો લાભ હોય તેનો ચોથો ભાગ ધર્મકૃત્યમાં, ચોથો ભાગ સંગ્રહમાં અને બાકી રહેલા બે ચોથા ભાગમાં પોતાનું પોષણ ચલાવવું અને નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ કરવી. વાળ સમારવા, આરિસામાં મુખ જોવું, તથા દાતણ અને દેવની પૂજા કરવી એટલાં વાનાં બપોર પહેલાં જ કરવાં. પોતાના હિતની વાંછા કરનાર પુરૂષે હમેશાં ઘરથી આઘે જઇ મળ મૂત્ર કરવું, પગ ધોવા, તથા એંઠવાડ નાંખવો. જે પુરૂષ માટીના ગાંગડા ભાગે, તૃણના કટકા કરે, દાંતવડે નખ ઉતારે, તથા મળ મૂત્ર કર્યા પછી બરાબર શુદ્ધિ ન કરે. તે આ લોકમાં લાંબું આયુષ્ય ન પામે. ભાંગેલા આસન ઉપર ન બેસવું, ભાંગેલું કાસાનું પાત્ર રાખવું નહીં. વાળ છુટા મૂકી ભોજન ન કરવું તથા નગ્ન થઇને ન ન્હાવું, નગ્નપણે સુઇ ન રહેવું, ઘણી વાર એંઠા હાથ વગેરે ન રાખવા, મસ્તકના આશ્રયતળે સર્વ પ્રાણ રહે છે, માટે એંઠા હાથ ન લગાડવા, માથાના વાળ ન પકડવા, તથા મસ્તકને વિષે પ્રહાર પણ ન કરવો. પુત્ર તથા શિષ્ય વિના શીખામણને અર્થે કોઇને તાડના પણ ન કરવી. પુરૂષોએ કોઇ કાળે પણ બે હાથે મસ્તક ન ખણવું, તથા વગર કારણે વારંવાર માથે ન્હાવું નહીં. ગ્રહણ વિના રાત્રીએ ન્હાવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારૂં નથી, તથા ભોજન કરી રહ્યા પછી અને ઊંડા ઘરમાં પણ ન ન્હાવું. ગુરૂને દોષ ન કહેવા, ગુરૂ ક્રોધ કરે તો તેમને પ્રસન્ન કરવા. તથા બીજા લોકો આપણા ગુરૂની નિંદા કરતા હોય તો તે સાંભળવી પણ નહીં.

હે ભારત! ગુરૂ, સતી સ્ત્રીઓ, ધર્મી પુરૂષો તથા તપસ્વીઓ, એમની મશ્કરીમાં પણ નિંદા ન કરવી. કોઇ પણ પારકી વસ્તુ ચોરવી નહીં, કિંચિત્માત્ર પણ કડવું વચન ન બોલવું, મધુર વચન પણ વગર કારણે બોલવું નહીં. પારકા દોષ ન કહેવા. મહાપાપ કરવાથી પતિત થએલા લોકોની સાથે વાર્તાલાપ પણ ન કરવો, તેમના હાથનું અન્ન ન લેવું, તથા તેમની સાથે કાંઇ પણ કામ કરવું નહી. એક આસન ઉપર ન બેસવું, ડાહ્યા માણસે લોકમાં નિંદા પામેલા, પતિત, ઉન્મત્ત, ઘણા લોકની સાથે વેર કરનારા, અને મૂર્ખ એટલાની દોસ્તી કરવી નહીં. તથા એકલા મુસાફરી કરવી નહીં. હે રાજા! દુષ્ટ વાહનમાં ન ચઢવું, કિનારા ઉપર આવેલી છાયામાં ન બેસવું, તથા આગળ પડી જળના પ્રવાહની સામા જવું નહીં, સળગેલા ઘરમાં દાખલ થવું નહીં, પર્વતની ટુંક ઉપર ન ચડવું, મુખ ઢાંકયા વિના બગાસું, ઉધરસ તથા શ્વાસ ખાવાં નહીં. ડાહ્યા માણસે ચાલતાં ઊંચી, આડીઅવળી અથવા દૂર દૃષ્ટિ ન રાખવી, પણ આગળ ચાર હાથ જેટલી ભૂમિ ઉપર નજર રાખીને ચાલવું. ડાહ્યા માણસે ખડખડ હસવું નહીં, સીસોટી ન વગાડવી, દાંત તથા નખ ન છેદવા, તથા પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહીં. દાઢી મૂછના વાળ ચાવવા નહીં, હોઠ દાંતમાં વારંવાર ન પકડવા, એઠું હોય તે કાંઇ ભક્ષણ ન કરવું, તથા કોઇ પણ ઠેકાણે દ્વાર ન હોય તો ચોરમાર્ગે જવું નહીં. ઉનાળાની તથા ચોમાસાની રૂતુમાં છત્ર લઇને તથા રાત્રીએ અથવા વગડામાં જવું હોય તો લાકડી લઈને જવું. પગરખાં, વસ્ત્ર અને માળા એ ત્રણ વાનાં કોઇએ પહેરેલાં હોય તો પહેરવાં નહીં. સ્ત્રીઓને વિષે ઇર્ષ્યા કરવી નહીં, તથા પોતાની સ્ત્રીનું પ્રયત્નથી રક્ષણ કરવું. ઇર્ષ્યા કરવાથી આયુષ્ય ઘટે છે માટે ઇર્ષ્યા કરવી નહીં.

હે મહારાજ! રાત્રીએ જળનો વ્યાપાર, દહીં અને સાથવો તેમજ મધ્યરાત્રિએ ભોજન કરવું નહીં. ડાહ્યા માણસે ઘણીવાર સુધી ઢીંચણ ઊંચા કરીને ન સૂવું. ગોદોહિકા આસને ન બેસવું, તથા પગે આસન ખેંચીને પણ ન બેસવું. પુરૂષે તદ્દન પ્રાતઃકાળમાં તદ્દન સંધ્યાને વિષે તથા તદ્દન બપોરમાં તથા એકાકીપણે અથવા ઘણા અજાણ લોકોની સાથે જવું નહીં. હે મહારાજ! બુદ્ધિશાળી પુરૂષોએ મલિન દર્પણમાં પોતાનું મુખ વગેરે ન જોવું. તથા દીર્ઘાયુષ્યની વાંચ્છા કરનાર પુરૂષે રાત્રિએ પણ દર્પણમાં પોતાનું મોં જોવું નહીં. હે રાજા! પંડિત પુરૂષે એક કમળ અને કુવલય* વર્જીને રાતી માળા ધારણ

* રાતું કમળ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવી નહીં, પણ સફેદ ધારણ કરવી. હે રાજન ! સૂતાં, દેવપૂજા કરતાં તથા સભામાં જતાં પહેરવાનાં વસ્ત્ર જૂદાં જૂદાં રાખવાં. બોલવાની તથા હાથપગની ચપળતા, અતિશય ભોજન, શય્યા ઉપર દીવો, તથા અધમ પુરૂષની અને થાંભલાની છાયા એટલાં વાનાં અવશ્ય તજવાં. નાક ખોતરવું નહીં, પોતે પોતાનાં પગરખાં ન ઉપાડવા, માથે ભાર ન ઉપાડવો, તથા વરસાદ વરસતો હોય ત્યારે દોડવું નહીં. પાત્ર ભાંગે તો પ્રાયે કલહ થાય છે, અને ખાટ ભાંગે તો વાહનનો ક્ષય થાય. જ્યાં શ્વાન અને કૂકડો વસતા હોય ત્યાં પિતરાઈઓ પોતાનો પિંડ લેતા નથી.

ગૃહસ્થે તૈયાર કરેલા અન્નથી પહેલા સુવાસિની સ્ત્રી, ગર્ભિણી, વૃદ્ધ, બાળક અને રોગી એમને જમાડવા અને પછી જમવું. હે પાંડવ ! શ્રેષ્ઠ ગાય, બળદ આદિ ઘરમાં બંધમાં રાખી તથા જોનારા માણસોને કાંઈક ભાગ ન આપી પોતે જ એકલો જે માણસ ભોજન કરે, તે કેવળ પાપ ભક્ષણ કરે છે. ગૃહની વૃદ્ધિ વાંછનાર ગૃહસ્થે પોતાની જ્ઞાતિનો ઘરડો થએલો માણસ અને પોતાનો દરિદ્રી થએલો મિત્ર એમને ઘરમાં રાખવા. ડાહ્યા માણસે અપમાન આગળ કરી તથા માન પાછળ રાખી સ્વાર્થ સાધવો, કારણ કે, સ્વાર્થથી ભ્રષ્ટ થવું એ મૂર્ખતા છે. થોડા લાભને અર્થે ઘણું નુકશાન ખમવું નહી. થોડું ખરચી ઘણાનો બચાવ કરવો એમાં જ ડહાપણ છે. લેણું, દેણું તથા બીજાં કર્ત્તવ્ય કર્મ જે સમયે કરવાં જોઇએ, તે સમયે જો શીઘ્ર ન કરાય તો તેની અંદર રહેલો રસ કાળ ચૂસી લે છે. જ્યાં જતાં આદર સત્કાર ન મળે, મધુર વાર્તાલાપ ન થાય, ગુણ દોષની પણ વાત ન થાય, તેને ઘેર જવું નહીં. હે અર્જુન ! વગર બોલાવે ઘરમાં પ્રવેશ કરે, વગર પૂછે બહુ બોલે, તથા ન આપેલા આસને પોતે જ બેસે, તે પુરુષ અધમ જાણવો. અંગમાં શક્તિ નહીં છતાં કોપ કરે, નિર્ધન છતાં ધનને વાંછે, અને પોતે નિર્ગુણી છતાં ગુણીનો દ્વેષ કરે, એ ત્રણે પુરુષ જગતમાં લાકડી સમાન સમજવા.

માતાપિતાનું પોષણ ન કરનારો, ક્રિયાને ઉદ્દેશીને યાચના કરનારો અને મૃત પુરુષનું શય્યાદાન લેનારો એ ત્રણે જણાને ફરીથી મનુષ્યનો અવતાર દુર્લભ છે. કોઇ કાળે પાછી ન જાય એવી લક્ષ્મીની ઇચ્છા કરનાર પુરુષે પોતે બલિષ્ઠ પુરુષના સપાટામાં આવતાં નેતરની પેઠે નમ્ર થવું, પણ સર્પની પેઠે કદાપિ ધસી ન જવું. નેતર માફક નમ્ર રહેનારો પુરુષ અવસર આવે અનુક્રમે ફરીથી મ્હોટી લક્ષ્મી પેદા કરે છે, પણ સર્પની પેઠે ધસી જનાર માણસ કેવળ વધ માત્ર પામવા યોગ્ય થાય છે. બુદ્ધિશાળી પુરુષે અવસર આવે કાચબાની પેઠે અંગોપાંગનો સંકોચ કરી તાડનાઓ સહન કરી, અને તેવો અવસર આવે કાળા સાપની માફક ધસી જવું. એક સંપમાં રહેલા ગમે તેવા તુચ્છ લોકો હોય તો પણ તેમને બલિષ્ટ લોકો ઉપદ્રવ કરી શકતા નથી. જુઓ, સામો પવન હોય તો પણ એક જથામાં રહેલી વેલડીઓને તે કાંઇ પણ બાધા ઉત્પન્ન કરી શકતો નથી. વિદ્વાન્ પુરુષો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુને એક વાર વધારીને પછી તેનો લહ્દન નાશ કરે છે, કારણ કે, પ્રથમ ગોળ ખાઈને સારી પેઠે વધારેલો કફ, સુખે બહાર કાઢી શકાય છે. જેમ સમુદ્ર વડવાનળને દરરોજ નિયમિત જળ આપે છે, તેમ બુદ્ધિશાળી પુરુષો સર્વસ્વ હરણ કરવા સમર્થ એવા શત્રુને અલ્પ અલ્પ દાન કરીને પ્રસન્ન કરે છે. લોકો પગમાં લાગેલા કાંટાને જેમ હાથમાંના કાંટાથી કાઢી નાંખે છે, તેમ ડાહ્યો પુરુષ એક તીક્ષ્ણ શત્રુથી બીજા તીક્ષ્ણ શત્રુને જીતી શકે છે. જેમ અષ્ટાપદ પક્ષી મેઘનો શબ્દ સાંભળી તેની તરફ કૂદકા મારી પોતાનું અંગ ભાંગી નાંખે છે, તેમ પોતાની તથા શત્રુની શક્તિનો વિચાર ન કરતાં જે મનુષ્ય શત્રુ ઉપર દોડે છે તે નાશ પામે છે. જેમ કાગડીએ સુવર્ણસૂત્રથી કૃષ્ણ સર્પને નીચે પાડ્યો, તેમ ડાહ્યા પુરુષે બળથી નહી થઇ શકે એવું કાર્ય યુક્તિથી કરવું. નખવાળા અને શીંગડા-વાળા જાનવરો, નદીઓ, શસ્ત્રધારી પુરુષો, સ્ત્રીઓ અને રાજાઓ એમનો વિશ્વાસ કોઇ કાળે કરવો નહીં.

## પશુ અને પંખીઓથી લેવાનાં ગુણો.

સિંહથી એક, બગલાથી એક, કૂકડાથી ચાર, કાગડાથી પાંચ, કૂતરાથી છ અને ગધેડાથી ત્રણ શિખામણો લેવી. સિંહ જેમ સર્વ શક્તિવડે એક ફાળ મારી પોતાનું કામ સાધે છે તેમ ડાહ્યા પુરુષે થોડું અથવા ઘણું જે કામ કરવું હોય તે સર્વ શક્તિથી કરવું. બગલાની પેઠે અર્થનો વિચાર કરવો, સિંહની પેઠે પરાક્રમ કરવું, વરુની માફક લૂંટવું, અને સસલાની પેઠે નાસી જવું. ૧ સૌના પહેલાં ઊઠવું, ૨ લઢવું, ૩ બંધુવર્ગમાં ખાવાની વસ્તુ વહેંચવી અને ૪ સ્ત્રીને પ્રથમ તાબામાં લઇ પછી ભોગવવી, એ ચાર શિખામણો કૂકડા પાસેથી લેવી. ૧ એકાંતમાં સ્ત્રીસંભોગ કરવો, ૨ ધિઠાઇ રાખવી, ૩ અવસર આવે ઘર બાંધવું, ૪ પ્રમાદ ન કરવો અને ૫ કોઇ ઉપર વિશ્વાસ ન રાખવો, એ પાંચ શિખામણો કાગડા પાસેથી લેવી. ૧ મરજી માફક ભોજન કરવું, ૨ અવસરે અલ્પ માત્રમાં સંતોષ રાખવો, ૩ સુખે નિદ્રા લેવી, ૪ સહજમાં જાગૃત થવું, ૫ સ્વામી ઉપર ભક્તિ રાખવી અને ૬ શૂરવીર રહેવું એ છ શીખામણો કૂતરા પાસેથી લેવી. ૧ ઉપાડેલો ભાર વહેવો, ૨ તાઢની તથા તાપની પરવા રાખવી નહીં અને ૩ હમેશાં સંતુષ્ટ રહેવું, એ ત્રણ શિખામણો ગધેડા પાસેથી લેવી.”

આ વગેરે નીતિશાસ્ત્રમાં કહેલા સર્વ ઉચિત આચરણનો સુશ્રાવકે સમ્યક્ પ્રકારે વિચાર કરવો. કહ્યું છે કે–જે માણસ હિત કયું ? અહિત કયું ? ઉચિત વાત કઇ ? અનુચિત કઇ ? વસ્તુ કઇ ? અવસ્તુ કઇ ? એ પોતે જાણી શકતો નથી, તે શિંગડા વિનાનો પશુ, સંસારરૂપી વનમાં ભટકે છે. જે માણસ બોલવામાં, જોવામાં, રમવામાં, પ્રેરણા કરવામાં, રહેવામાં પરીક્ષા કરવામાં, વ્યવહાર કરવામાં, શોભવામાં, પૈસા મેળવવામાં, દાન દેવામાં,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાલચાલ કરવામાં, અભ્યાસ કરવામાં, ખુશી થવામાં અને વૃદ્ધિ પામવામાં કાંઇ જાણતો નથી, તે બેશરમ શિરોમણિ દુનિયામાં શા માટે જીવતો હશે ? જે માણસ પોતાને અને પારકે ઠેકાણે બેસવું, સૂવું, ભોગવવું, પહેરવું, બોલવું, એ સર્વ બરાબર જાણે તે ઉત્તમ વિદ્વાન્ જાણવો. આ સંબંધી વિસ્તારથી લખવાની કાંઇ વિશેષ જરૂર જણાતી નથી.

## વ્યવહાર શુદ્ધિ ઉપર ધનમિત્રની કથા.

વ્યવહારશુદ્ધિ વગેરે ત્રણ શુદ્ધિથી પૈસા મેળવવા સંબંધી આ પ્રમાણે દૃષ્ટાંત છેઃ—વિનયપુર નગરમાં ધનવાન એવો વસુભદ્રનો ધનમિત્ર નામનો પુત્ર હતો. નાનપણમાં તેના માતપિતા મરણ પામવાથી તે ઘણો દુઃખી તથા ધનની હાનિ થવાથી ઘણો દરિદ્રી થયો. તરૂણ અવસ્થામાં પણ તેને કન્યા મળી નહીં. ત્યારે તે શરમાઇને ધન મેળવવા માટે પરદેશ ગયો. જમીનમાં દાટેલું ધન કાઢવાના ઉપાય, કિમિયા, સિદ્ધરસ, મંત્ર, જળની તથા સ્થળની મુસાફરી, જાતજાતના વ્યાપાર, રાજાદિકની સેવા વગેરે ઘણા ઉપાય કર્યા, તો પણ તે ધનમિત્રને ધન મળ્યું નહીં. તેથી તેણે અતિશય ઉદ્વિગ્ન થઇ, ગજપુર નગરમાં કેવળી ભગવાનને પોતાનો પૂર્વભવ પૂછયો. કેવળી ભગવાને કહ્યું, "વિજયપુર નગરમાં ઘણો કૃપણ એવો ગંગદત્ત નામનો ગૃહપતિ રહેતો હતો. તે ઘણો મત્સરી તથા બીજાને દાન મળતું હોય અથવા બીજા કોઇને લાભ થતો હોય તો તેમાં પણ અંતરાય કરતો હતો. એક વખતે સુંદર નામનો શ્રાવક તેને મુનિરાજ પાસે લઇ ગયો. કાંઇક ભાવથી તથા કાંઇક દાક્ષિણ્યથી તેણે દરરોજ ચૈત્યવંદન કરવાનો અભિગ્રહ બરાબર પાળ્યો. તે પુણ્યથી હે ધનમિત્ર ! તું ધનવાન વણિકનો પુત્ર થયો અને અમને મળ્યો. તથા પૂર્વભવે કરેલા પાપથી ઘણો દરિદ્રી અને દુઃખી થયો. જે જે રીતે કર્મ કરાય છે, તે જ તેના કરતાં હજારગણું તેજ રીતે ભોગવવું પડે છે, એમ જાણીને ઉચિત હોય તે આચરવું."

કેવળીના એવા વચનથી પ્રતિબોધ પામેલા ધનમિત્રે શ્રાવકપણું સ્વીકાર્યું. તથા રાત્રિના અને દિવસના પહેલા પહોરમાં ધર્મ જ આચરવો, એવો અભિગ્રહ પણ ગ્રહણ કર્યો. પછી એક શ્રાવકને ઘેર તે ઉતર્યો. પ્રભાતકાળમાં માળીની સાથે બાગમાં ફૂલ ભેગાં કરીને તે ઘરદેરાસરમાં ભગવાનની પરમ ભકિતથી પૂજા કરતો હતો. તથા બીજા, ત્રીજા વગેરે પહોરમાં દેશવિરૂદ્ધ, રાજવિરૂદ્ધ વગેરેને છોડી દઇને વ્યવહારશુદ્ધિથી તથા ઉચિત આચરણથી શાસ્ત્રોકત રીતિ પ્રમાણે તે ધનમિત્ર વ્યાપાર કરતો હતો. તેથી તેને નિર્વાહ જેટલું સુખે મળવા લાગ્યું. એમ કરતાં જેમ જેમ તેની ધર્મને વિષે દૃઢતા થઇ તેમ તેમ તેને વધુ ને વધુ ધન મળવા લાગ્યું, અને ધર્મકરણીમાં વધુ ને વધુ વ્યય કરવા લાગ્યો. આગળ જતાં ધનમિત્ર જૂદા ઘરમાં રહ્યો અને ધર્મિષ્ટ જાણીને કોઇ શેઠે તેને પોતાની કન્યા પણ આપી. એક વખતે ગાયોનો સમુદાય વગડામાં જવા નીકળ્યો ત્યારે ગોળ, તેલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ વસ્તુ વેચવા તે જતો હતો. ગાયોના સમુદાયનો ધણી ગોવાળિયો 'આ અંગારા છે.' એમ સમજીને સોનાનો નિધિ નાંખી દેતો હતો, તેને જોઇ ધનમિત્રે કહ્યું. "સોનું છે, કેમ નાંખી દ્યો છો ?" ગોકુળના ધણીએ કહ્યું, "પૂર્વે પણ અમારા પિતાજીએ 'આ સોનું છે' એમ કહી અમને ઠગ્યા, તેમ તું પણ અમને ઠગવા આવ્યો છે." ધનમિત્રે કહ્યું. "હું ખોટું કહેતો નથી." ગોકુળના ધણીએ કહ્યું, "એમ હોય તો અમને ગોળ વગેરે આપીને તું જ આ સોનું લે." પછી ધનમિત્રે તે પ્રમાણે કર્યું અને તેથી તેને ત્રીશ હજાર સોનૈયા મળ્યા. તથા બીજું પણ તેણે ઘણું ધન મેળવ્યું તેથી તે મ્હોટો શેઠ થયો. તે જ ભવમાં ધર્મનું માહાત્મ્ય કેટલું સાક્ષાત દેખાય છે ? એક દિવસે ધનમિત્ર કર્મને વશ થઈ સુમિત્ર શેઠને ઘેર એકલો જ ગયો. ત્યારે સુમિત્ર શેઠ ક્રોડ મૂલ્યનો રત્નનો હાર બહાર મૂકીને કાંઇ કાર્યને અંગે ઘરમાં ગયો અને તુરત પાછો આવ્યો. એટલામાં રત્નનો હાર ક્યાંય જતો રહ્યો. ત્યારે "અહિં બીજો કોઇ આવ્યો નથી માટે તેં જ લીધો." એમ કહી સુમિત્ર, ધનમિત્રને રાજસભામાં લઇ ગયો. ધનમિત્રે જિનપ્રતિમાના અધિષ્ઠાયક સમકિતી દેવતાનો કાઉસ્સગ કરી પ્રતિજ્ઞા કરવા માંડી. એટલામાં સુમિત્રની ઓટીમાંથી જ રત્નનો હાર નીકળ્યો તેથી સર્વ લોકોને અચરજ થઇ. આ વાત જ્ઞાનીને પૂછતાં તેમણે યથાયોગ્ય રીતે કહ્યું, "ગંગદત્ત નામનો ગૃહપતિ અને મગધા નામની તેની સ્ત્રી હતી. ગંગદત્તે પોતાના શેઠની સ્ત્રીનું એક લાખ રૂપિયાની કિમ્મતનું રત્ન કોઈ ન જાણે એવી ગુપ્ત રીતે મેળવ્યું. શેઠની સ્ત્રીએ ઘણી માગણી કરી, તો પણ પોતાની સ્ત્રીને વિષે મોહ હોવાથી ગંગદત્તે તેને "ત્હારા સગાંવ્હાલાંએ જ તે રત્ન ચોર્યું છે," એમ કહી ખોટું આળ દીધું. પછી શેઠની સ્ત્રી બહુ દિલગીર થઈ. તાપસી થઇ અને મરણ પામી વ્યંતર થઈ. મગધા મરણ પામી સુમિત્ર થઇ, અને ગંગદત્ત મરણ પામીને ધનમિત્ર થયો. તે વ્યંતરે ક્રોધથી સુમિત્રના આઠ પુત્ર મારી નાખ્યા. હમણાં રત્નનો હાર હરણ કર્યો. હજી પણ સર્વસ્વ હરણ કરશે અને ઘણા ભવ સુધી વેરનો બદલો વાળશે. અરે રે ! વેરનું પરિણામ કેવું પાર વિનાનું અને અસહ્ય આવે છે ? આળ દીધાથી ધનમિત્રને માથે આળ આવ્યું. ધનમિત્રના પુણ્યથી સમ્યગ્દૃષ્ટિ દેવતાએ વ્યંતર પાસેથી રત્નાવળી હાર બળાત્કારથી છોડાવ્યો."

જ્ઞાનીનાં એવાં વચન સાંભળી સંવેગ પામેલો રાજા તથા ધનમિત્ર મ્હોટા પુત્રને પોતાની ગાદીએ બેસાડી દીક્ષા લઇ સિદ્ધ થયો. આ રીતે વ્યવહારશુદ્ધિ આદિ ઉપર ધનમિત્રની કથા છે.

**मज्झण्हे जिणपूआ, सुपत्तदाणाइजुत्ति भुंजित्ता ॥**
**पच्चक्खाइ अ गीअत्थअंतिए कुणइ सज्झायं ॥ ८ ॥**

મધ્યાન્હે પૂર્વોક્ત વિધિએ વળી વિશેષથી ઉત્તમ ભાત પાણી વિગેરે જેટલા પદાર્થ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજન માટે નીપજાવેલા હોય તે સંપૂર્ણ પ્રભુની આગળ ચઢાવવાની યુક્તિનો અનુક્રમ ઉલ્લંઘન નહીં કરતાં પછી ભોજન કરવું અહિં ભોજન કરવું એ અનુવાદ છે. મધ્યાન્હની પૂજા અને ભોજનના કાળનો કંઇ નિયમ નથી, કેમકે ખરેખરી ક્ષુધા લાગે એ જ ભોજનનો કાળ છે. એ જ રૂઢી છે. મધ્યાન્હ થયાં પહેલાં પણ જો પ્રત્યાખ્યાન પારીને દેવપૂજાપૂર્વક ભોજન કરે તો તેમાં કંઇ બાધ આવતો નથી. આયુર્વેદમાં તો વળી આવી રીતે બતાવેલું છે કે પહેલા પહોરમાં ભોજન કરવું નહીં, બે પહોર ઉલ્લંઘન કરવા નહીં (ત્રીજો પહોર થયાં પહેલાં ભોજન કરી લેવું). પહેલા પહોરમાં ભોજન કરે તો રસની ઉત્પત્તિ થાય છે અને બે પહોર ઉલ્લંઘન કરે તો બળની હાનિ થાય છે.

## સુપાત્રે દાન આદિ કરવાની રીત આ પ્રમાણે છે.

શ્રાવકે ભોજનને અવસરે પરમ ભક્તિથી મુનિરાજને નિમંત્રી તેમને પોતાને ઘેર લાવવા. અથવા શ્રાવકે પોતાની ઇચ્છાએ આવતા મુનિરાજને જોઇ તેમની આગળ જવું. પછી ક્ષેત્ર સંવેગીનું ભાવિત છે કે અભાવિત છે ? કાળ સુભિક્ષનો છે કે દુર્ભિક્ષનો છે ? આપવાની વસ્તુ સુલભ છે કે દુર્લભ છે ? તથા પાત્ર (મુનિરાજ) આચાર્ય છે, અથવા ઉપાધ્યાય, ગીતાર્થ, તપસ્વી, બાળ, વૃદ્ધ, રોગી, સમર્થ કિંવા અસમર્થ છે ? ઇત્યાદિ વિચાર મનમાં કરવો અને હરીફાઇ, મ્હોટાઇ, અદેખાઇ, પ્રીતિ, લજ્જા, દાક્ષિણ્ય, "બીજા લોકો દાન આપે છે માટે મ્હારે પણ તે પ્રમાણે કરવું જોઇએ." એવી ઇચ્છા, ઉપકારનો બદલો વાળવાની ઇચ્છા, કપટ, વિલંબ, અનાદર, કડવું ભાષણ, પશ્ચાત્તાપ વગેરે દાનના દોષ તજવા. પછી કેવળ પોતાના જીવ ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી બેંતાળીસ તથા બીજા દોષથી રહિત એવી પોતાની સંપૂર્ણ અન્ન, પાન, વસ્ત્ર આદિ વસ્તુ; પ્રથમ ભોજન, પછી બીજી વસ્તુ એવા અનુક્રમથી પોતે મુનિરાજને વિનયથી આપવી, અથવા પોતે પોતાના હાથમાં પાત્ર વગેરે ધારણ કરી પાસે ઊભો રહી પોતાની સ્ત્રી વગેરે પાસેથી અપાવવું. આહારના બેંતાળીશ દોષ પિંડવિશુદ્ધિ નામના ગ્રંથમાં જોઇ લેવા. દાન દીધા પછી મુનિરાજને વંદના કરી તેમને પોતાના ઘરના બારણા સુધી પહોંચાડી પાછું વળવું. મુનિરાજનો યોગ ન હોય તો, "મેઘ વિનાની વૃષ્ટિ માફક જો કદાચ મુનિરાજ ક્યાંયથી પધારે તો હું કૃતાર્થ થઉં" એવી ભાવના કરી મુનિરાજની આવવાની દિશા તરફ જોવું. કેમકે—જે વસ્તુ સાધુ મુનિરાજને ન અપાઇ, તે વસ્તુ કોઇપણ રીતે સુશ્રાવકો ભક્ષણ કરતા નથી; માટે ભોજનનો અવસર આવે દ્વાર તરફ નજર રાખવી.

મુનિરાજનો નિર્વાહ બીજી રીતે થતો હોય તો અશુદ્ધ આહાર આપનાર ગૃહસ્થ તથા લેનાર મુનિરાજને હિતકારી નથી; પરંતુ દુર્ભિક્ષ આદિ હોવાથી જો નિર્વાહ ન થતો હોય, આતુરના દૃષ્ટાંતથી તેજ આહાર બન્નેને હિતકારી છે. તેમજ માર્ગ કાપવાથી થાકી ગએલા, ગ્લાન થએલા, લોચ કરેલા એવા આગમ શુદ્ધ વસ્તુનું ગ્રહણ કરનાર મુનિરાજને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તરવારણાને વિષે દાન આપ્યું હોય, તે દાનથી બહુ ફળ મળે છે. આ રીતે શ્રાવક દેશ તથા ક્ષેત્ર જાણીને પ્રાસુક અને એષણીય એવો આહાર જેને જે યોગ્ય હોય તે તેને આપે. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ઓષધ ( એક વસ્તુથી બનેલું ) અને ભૈષજ્ય ઘણા દ્રવ્યના મિશ્રણથી બનેલું એ સર્વે વસ્તુ પ્રાસુક અને એષણીય હોય તે મુનિરાજને આપે. મુનિરાજને શી રીતે નિમંત્રણા કરવી ? તથા ગોચરી શી રીતે આપવી ? ઈત્યાદિક વિધિ મેં બનાવેલ શ્રાદ્ધપ્રતિક્રમણ વૃત્તિથી જાણી લેવો. એ સુપાત્ર દાનજ અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે. કહ્યું છે કે—ન્યાયથી ઉપાર્જન કરેલા તથા કલ્પનીય એવા અન્ન પાન આદિ વસ્તુનું દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમ સાચવીને પરમ ભક્તિએ પોતાના આત્મા ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિએ સાધુ મુનિરાજને દાન આપવું, તેજ અતિથિસંવિભાગ કહેવાય છે. સુપાત્રદાનથી દિવ્ય તથા ઓદારિક વગેરે વાંછિત ભોગની પ્રાપ્તિ થાય છે, સર્વ સુખની સમૃદ્ધિ થાય છે, તથા ચક્રવર્ત્તિ વગેરેની પદવી પણ મળે છે, અને અંતે થોડા સમયમાં જ નિર્વાણ સુખનો લાભ થાય છે. કહ્યું છે કે—૧ અભયદાન, ૨ સુપાત્રદાન, ૩ અનુકંપાદાન, ૪ ઉચિતદાન અને ૫ કીર્તિદાન એવા દાનના પાંચ પ્રકાર છે. તેમાં પહેલા બે પ્રકારના દાનથી ભોગ અને સુખપૂર્વક મોક્ષની પ્રાપ્તિ થાય છે, અને છેલ્લા ત્રણ પ્રકારના દાનથી માત્ર ભોગ સુખાદિક વગેરે મળે છે. સુપાત્રનું લક્ષણ આ રીતે કહ્યું છે. ઉત્તમ પાત્ર સાધુ, મધ્યમ પાત્ર શ્રાવકો અને જઘન્ય પાત્ર અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જાણવા. તેમજ કહ્યું છે કે—હજારો મિથ્યાદૃષ્ટિ કરતાં એક બાર વ્રતધારી શ્રાવક ઉત્તમ છે, અને હજારો બાર વ્રતધારી શ્રાવકો કરતાં એક પંચ મહાવ્રતધારી મુનિરાજ ઉત્તમ છે. હજારો મુનિરાજ કરતાં એક તત્ત્વજ્ઞાની ઉત્તમ છે. તત્ત્વજ્ઞાની જેવું પાત્ર થયું નથી અને થશે પણ નહીં. સત્પાત્ર, મ્હોટી શ્રદ્ધા, યોગ્ય કાળ, ઉચિત એવી આપવાની વસ્તુ, એવી ધર્મસાધનની સામગ્રી ઘણા પુણ્યથી મેળવાય છે. ૧ અનાદર, ૨ વિલંબ, ૩ પરાઙ્મુખપણું, ૪ કડવું વચન અને ૫ પશ્ચાત્તાપ એ પાંચ વાનાં શુદ્ધ દાનને પણ દૂષિત કરે છે. ૧ ભમર ઊંચી ચઢાવવી, ૨ દૃષ્ટિ ઊંચી કરવી, ૩ અંતર્વૃત્તિ રાખવી, ૪ પરાઙ્મુખ થવું, ૫ મોન કરવું અને ૬ કાળવિલંબ કરવો, એ છ પ્રકારનો નાકારો કહેવાય છે. ૧ આંખમાં આનંદનાં આંસુ, ૨ શરીરના રૂવાટાં ઊંચાં થવાં, ૩ બહુમાન, ૪ પ્રિય વચન અને ૫ અનુમોદના એ પાંચ પાત્રદાનનાં ભૂષણ કહેવાય છે. સુપાત્રદાન ઉપર અને પરિગ્રહ પરિમાણવ્રત પાળવા ઉપર નીચે પ્રમાણે રત્નસાર કુમારની કથા છેઃ—

## સુપાત્રદાન અને પરિગ્રહ પરિમાણ ઉપર રત્નસારની કથા.

સંપત્તિના મ્હોટા નિવાસસ્થાનરૂપ રત્નવિશાળા નામની નગરી હતી. તેમાં સમરસિંહ એવું યથાર્થ નામ ધારણ કરનારો રાજા રાજ્ય કરતો હતો. માઠી અવસ્થામાં આવી પડેલા લોકોનાં દુઃખોને હરણ કરનારો વસુસાર નામનો એક મ્હોટો ધનાઢ્ય વ્યાપારી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નવિશાળામાં રહેતો હતો. તેની વસુંધરા નામે સ્ત્રી હતી. તેમને રત્ન સરખા ઉત્કૃષ્ટ ગુણોને ધારણ કરનાર રત્નસાર નામે એક પુત્ર હતો. તે એક વખતે પોતાના દોસ્તો સાથે વનમાં ગયો. વિચક્ષણ રત્નસારે ત્યાં વિનયંધર આચાર્યને જોઈ વંદન કરી તેમને પૂછ્યું કે, "હે મહારાજ ! આલોકમાં પણ સુખ શી રીતે મળે છે ?" વિનયંધર આચાર્યે કહ્યું, "હે દક્ષ ! જીવ સંતોષની વૃદ્ધિ રાખવાથી આ લોકમાં સુખી થવાય છે; પરંતુ બીજી કોઈ રીતે નથી થતો. સંતોષ દેશથી અને સર્વથી એવા બે પ્રકારનો છે. તેમાં દેશ સંતોષથી ગૃહસ્થ પુરૂષોને સુખ મળે છે. પરિગ્રહપરિમાણ વ્રતના અંગીકારથી ગૃહસ્થ પુરુષોને દેશથી સંતોષ વૃદ્ધિ પામે છે; કારણ કે, પરિગ્રહ પરિમાણ કરવાથી પાર વિનાની આશા મર્યાદામાં આવી રહે છે. સર્વથી સંતોષની વૃદ્ધિ તો મુનિરાજથી જ કરી શકાય છે, તેથી અનુત્તર વિમાનવાસી દેવતા કરતાં પણ સારૂં સુખ આલોકમાં જ મળે છે.

ભગવતી સૂત્રમાં કહ્યું છે કે—"એક માસ સુધી દીક્ષાપર્યાય પાળનારા સાધુ આદરેલા ચારિત્રના વિશુદ્ધ પરિણામથી વાણમંતરની, બે માસ સુધી પાળનારા ભવનપતિની, ત્રણ માસ સુધી પાળનારા અસુરકુમારની, ચાર માસ સુધી પાળનારા જ્યોતિષીની, પાંચ માસ સુધી પાળનારા ચંદ્ર સૂર્યની, છ માસ સુધી પાળનારા સૌધર્મ તથા ઇશાન દેવતાની, સાત માસ સુધી પાળનારા સનત્કુમારવાસી દેવતાની, આઠ માસ સુધી પાળનારા બ્રહ્મવાસી તથા લાંતકવાસી તથા માહેન્દ્ર દેવતાની, નવ માસ સુધી પાળનારા શુક્રવાસી તથા સહસ્રારવાસી દેવતાની, દશ માસ સુધી પાળનારા આનત આદિ ચાર દેવલોકમાં રહેનાર દેવતાની, અગીઆર માસ સુધી પાળનારા ગ્રૈવેયકવાસી દેવતાની તથા બાર માસ સુધી પાળનારા અનુત્તરોપપાતિક દેવતાની મનમાં ઉત્પન્ન થયેલી સુખની પ્રાપ્તિનું ઉલ્લંઘન કરે છે."

જે માણસ સંતોષી નથી, તેને ઘણા ચક્રવર્તિ રાજ્યોથી, અખૂટ ધનથી, તથા સર્વે ભોગોપભોગનાં સાધનોથી પણ સુખ પ્રાપ્ત થતું નથી. સુભૂમ ચક્રવર્તી, કોણિક રાજા, મમ્મણ શેઠ, હાસા પ્રહાસાનો પતિ વગેરે મનુષ્યો સંતોષ ન રાખવાથીજ દુઃખી થયા. કેમકે—અભયકુમારની પેઠે સંતોષ રાખનારને જે કાંઈ સુખ મળે છે, તે સુખ અસંતોષી એવા ચક્રવર્તીને તથા ઇંદ્રને પણ મળી શકતું નથી. ઉપર ઉપર જોનારા સર્વે દરિદ્રી થાય છે; પણ નીચે નીચે જોનાર કયા માણસની મ્હોટાઇ વૃદ્ધિ ન પામી ? માટે સુખને પુષ્ટિ આપનાર એવા સંતોષને સાધવાને અર્થે તું પોતાની ઇચ્છા માફક ધન ધાન્ય આદિ પરિગ્રહનું પરિમાણ કર. ધર્મ, નિયમપૂર્વક લેશ માત્ર આચર્યો હોય, તો પણ તેથી પાર વિનાનું ફળ મળે છે; પરંતુ નિયમ લીધા વિના ઘણો ધર્મ આચર્યો હોય છે, તો પણ તેથી સ્વલ્પ માત્ર ફળ મળે છે. જુઓ ! કૂવામાં સ્વલ્પ માત્ર ઝરણું હોય છે, તો પણ તે નિયમિત હોવાથી તેનું જળ કોઇ કાળે ખૂટતું નથી, અને સરોવરનું જળ કાંઠા સુધી ભર્યું હોય તો પણ તે નિયમ વિનાનું હોવાથી ખૂટે છે. માણસે નિયમ લીધો હોય તો સંકટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમય આવે પણ તે ન મૂકાય અને નિયમનું બંધન ન હોય તો સારી અવસ્થામાં હોવા છતાં પણ કદાચ ધર્મકૃત્ય મૂકાય છે. તેમજ નિયમ લીધો હોય તો જ માણસની ધર્મને વિષે દઢતા થાય છે. જુઓ! દોરડું બાંધવાથી જ જાનવરો પણ ઊભાં રહે છે. ધર્મનું જીવિત દઢતા, વૃક્ષનું જીવિત ફળ, નદીનું જીવિત જળ, સુભટનું જીવિત બળ, ઠગ માણસનું જીવિત જૂઠ, જળનું જીવિત શીતળપણું અને ભક્ષ્યનું જીવિત ઘૃત છે; માટે ડાહ્યા પુરૂષોએ ધર્મકરણીનો નિયમ લેવામાં તથા લીધેલા નિયમને વિષે દઢતા રાખવામાં ઘણો જ મજબૂત પ્રયત્ન કરવો; કારણ કે, તેમ કરવાથી વાંછિત સુખની સુખે પ્રાપ્તિ થાય છે."

રત્નસાર કુમારે સદ્દગુરૂની એવી વાણી સાંભળીને સમ્યકત્વ સહિત પરિગ્રહ પરિમાણ-વ્રત લીધું. તે એ રીતે કેઃ—"મ્હારે મ્હારી માલિકીમાં એક લાખ રત્ન, દસ લાખ સુવર્ણ, મોતીના અને પરવાળાના એમ એકેકના આઠ આઠ મૂડા, નાણાબંધ આઠ ક્રોડ સોનૈયા, દસ હજાર ભાર રૂપું વગેરે ધાતુઓ, સો મૂડા ધાન્ય, એક લાખભાર બાકીનાં કરીયાણાં, ૬૦ હજાર ગાયો, પાંચસો ઘર તથા દુકાનો, ચારસો વાહન, એક હજાર ઘોડા અને સો હાથી રાખવા. એથી વધારે સંગ્રહ ન કરવો. તથા મ્હારે રાજ્ય અને રાજ્યનો વ્યાપાર પણ ન સ્વીકારવો. શ્રદ્ધાવંત એવો તે રત્નસાર કુમાર આ રીતે પાંચ અતિચારથી રહિત એવા પાંચમા અણુવ્રતનો અંગીકાર કરી શ્રાવક ધર્મ પાળવા લાગ્યો.

બીજે કોઈ વખતે તે પાછો પોતાના શુદ્ધ મનવાળા દોસ્તોની સાથે ફરતાં ફરતાં "રોલંબલોલ" નામના બગીચામાં આવ્યો. બગીચાની શોભા જોતો તે ક્રીડા પર્વત ઉપર ગયો. ત્યાં કુમારે દિવ્ય રૂપ અને દિવ્ય વેષ ધારણ કરનારૂં તથા દિવ્ય ગાયન કરી રહેલું એક કિન્નરનું જોડલું જોયું. તે બન્નેનું મુખ ઘોડા જેવું અને બાકીના શરીરનો તમામ ભાગ માણસ સરખો એવું કોઇ દિવસે ન જોએલું સ્વરૂપ જોઇ ચમત્કાર પામેલા કુમારે હાસ્ય કરીને કહ્યું કે, "જો એ માણસ અથવા દેવતા હોત તો એનું મુખ ઘોડા જેવું કેમ હોય? માટે એ માણસ નથી, અને દેવતા પણ નથી. પરંતુ કોઇ બીજા દ્વીપમાં ઉત્પન્ન થએલો કોઇ દેવતાનું એ વાહન હશે" તે કુમારનું કાનને કડવું લાગે એવું વચન સાંભળી દુઃખ પામેલા કિન્નરે કહ્યું "હે કુમાર! તું કુકલ્પના કરીને મ્હારી ફોગટ વિડંબના શું કરવા કરે છે? જગત્‌માં પોતાની ઇચ્છા પ્રમાણે કામવિલાસ કરનારો હું વ્યન્તર દેવતા છું, પણ તું માત્ર તિર્યંચ સરખો છે; કારણ કે, ત્હારા પિતાએ તને દેવતાઓને પણ ન મળી શકે એવી એક દિવ્ય વસ્તુથી એકાદ ચાકરની માફક દૂર રાખ્યો છે.

અરે કુમાર! સમરાંધકાર નામનો એક નીલવર્ણ ધારણ કરનારો ઉત્તમ ઘોડો ત્હારા પિતાને કોઇ દૂર દ્વીપાંતરમાં પૂર્વે મળ્યો. જેમ ખરાબ રાજા કુશ અને વક્ર મુખને ધારણ કરનારો, હલકા કાનનો, ઠેકાણા વગરનો, પગે પગે દંડ કરનારો અને ક્રોધી હોય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ તે અશ્વ પણ કૃશ અને વાંકા મુખને ધારણ કરનારો, ટુંકા કાનને ધારણ કરનારો, બહુજ ચપળ, સ્કંધને વિષે બેડીરૂપ ચિન્હ ધારણ કરનારો અને પ્રહાર ન ખમી શકે એવો છે. આ રીતે ખરાબ રાજા સરખો તે અશ્વ છે ખરો તો પણ એ આશ્ચર્ય છે કે– તે સર્વ લોકોના મનને ખેંચનારો તથા પોતાની અને પોતાના ધણીની સર્વ પ્રકારે ઋદ્ધિને વધારનારો છે. કેમકે—કૃશ મુખવાળા, નહીં બહુ જાડા તથા નહી બહુ પાતળા એવા, મધ્યભાગને ધારણ કરનારા ટુંકા કાનવાળા ઉંચા ખંધને અને પહોળી છાતીને ધારણ કરનારા, સ્નિગ્ધ રોમરાજીવાળા પુષ્ટ એવા પાછલા બે પાસાને ધારણ કરનારા, પૃષ્ઠભાગને ઘણા જ વિશાળ, અને ઘણા વેગવાળા એવા સર્વ ઉત્તમ ગુણોને ધારણ કરનાર ઘોડા ઉપર રાજાએ બેસવું.” પવન કરતાં પણ ચપળ એવો તે ઘોડો “અસવારનું મન વધારે આગળ દોડે છે કે, હું દોડું છું” એવી હરીફાઈથી જ કે શું? એક દિવસમાં સો ગાઉ જાય છે. જાણે લક્ષ્મીનો અંકુર જ હોયની! એવા બેસવા લાયક ઘોડા ઉપર જે પુરૂષ અસવાર થાય, તે સાત દિવસમાં જગતમાં શ્રેષ્ઠ એવી વસ્તુ મેળવે છે, એ ઘણી આશ્ચર્યની વાત છે! અરે કુમાર! તું પોતાના ઘરમાંની છાની વાત જાણતો નથી, અને પોતે પંડિતાઈનો મ્હોટો અહંકાર ધારણ કરી માત્ર અજ્ઞાનથી મ્હારી વગર કારણે નિંદા કરે છે! જો તું તે ઘોડા મેળવીશ, તો ત્હારૂં ધૈર્ય, શૂરવીરપણું અને ડહાપણ જણાશે.” એમ કહી કિન્નર, કિન્નરીની સાથે આકાશમાં ઉડી ગયો.

રત્નસાર કુમાર ઘણી અપૂર્વ વાત સાંભળી ઘેર આવ્યો, અને પોતાને ઘણોજ ઠગાયલો માની આમણોદૂમણો થઈ શોક કરવા લાગ્યો. પછી ઘરના મધ્ય ભાગમાં જઈ બારણાં દઈ પલંગ ઉપર બેઠો. ત્યારે દીલગીર થએલા પિતાએ આવી તેને કહ્યું કે, “હે વત્સ! તને શું દુ:ખ થયું? કાંઈ મનને અથવા શરીરને પીડા તો થઇ નથી? આના ઉત્તરમાં તેણે કહ્યું કે, જો કાંઇ તેવું હોય તો હું તેનો અવશ્ય ઉપાય કરૂં. જે હોય તે વાત મને કહે, કેમકે મોતીની પણ કિમ્મત વિંધ્યા વિના થતી નથી.” પિતાનાં એવાં વચનથી સંતોષ પામેલા રત્નસારે શીઘ્ર બારણાં ઉઘાડયાં, અને જે વાત બની ગઇ હતી અને જે મનમાં હતી, તે સર્વ પિતાજીને કહી. પિતાએ ઘણું આશ્ચર્ય પામીને કહ્યું કે, “હેવત્સ! એ અમારો પુત્ર આ સર્વોત્તમ અશ્વ ઉપર બેસી ભૂતળને વિષે ચિરકાલ ફરતાં રખે અમને પોતાના વિયોગથી દુ:ખ કરે.” એવી કલ્પનાથી મેં આજ સુધી તે ઘોડો ઘણી મહેનતે ગુપ્ત રાખ્યો, પણ તે હવે ત્હારા હાથમાં સોંપવોજ પડશે, પરંતુ તને યોગ્ય લાગે તે જ કર. એમ કહી પિતાએ હર્ષથી રત્નસાર કુમારને તે ઘોડો આપ્યો. માગ્યા પછી પણ ન આપવું એ પ્રીતિ ઉપર અગ્નિ મૂકવા સરખું છે. જેમ નિધાન મળવાથી નિર્ધનને આનંદ થાય છે, તેમ રત્નસાર કુમારને ઘોડો મેળવવાથી ઘણો આનંદ થયો. શ્રેષ્ઠ વાંછિત વસ્તુ મળે ત્યારે કોને આનંદ ન થાય? પછી ઘણો બુદ્ધિશાળી કુમાર, સૂર્ય જેમ ઉદયાચલ પર્વત ઉપર આવે છે, તેમ રત્નજડિત સુવર્ણનું પલાણ ચડાવેલા તે ઘોડા ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અઢચો, અને વયથી તથા શીળથી સરખા એવા શોભતા ઘોડા ઉપર બેઠેલા શ્રેષ્ઠ મિત્રોની સાથે નગરથી બહાર નીકળ્યો. ઇંદ્ર જેમ પોતાના ઉચ્ચૈઃશ્રવા નામના અશ્વને ચલાવે છે, તેમ તે કુમાર, જેની બરાબરીનો અથવા જેથી ચઢિયાતા લક્ષણવાળો ઘોડો જગત્‌માં પણ નથી, એવા ઉચ્ચૈઃશ્રવા સમાન તે ઘોડારૂપી રત્નને ઘોડા ફેરવવાના મેદાનમાં ફેરવવા લાગ્યો.

ડાહ્યા એવા કુમારે તે ઘોડાને આક્ષેપથી અનુક્રમે થોરિત, વલ્ગિત, પ્લુત, અને ઉત્તેજિત એ ચાર ગતિમાં ( ચાર પ્રકારની ચાલમાં ) ચલાવ્યો. પછી શુકલધ્યાન જીવને પાંચમી ગતિએ પહોંચાડે છે ત્યારે તે જીવ જેમ બીજા સર્વ જીવને પાછળ મૂકે છે, તેમ કુમારે તે ઘોડાને આસ્કંદિત નામની પાંચમી ગતિએ પહોંચાડ્યો, ત્યારે તે ઘોડાએ બીજા સર્વ ઘોડાને પાછળ મૂકયા. એટલામાં શેઠના ઘરને વિષે પાંજરામાં રાખેલો એક બુદ્ધિશાળી પોપટ હતો, તેણે કાર્યનો પાર ધ્યાનમાં લઇ વસુસાર શેઠને કહ્યું કે, "હે તાત! આ મ્હારો ભાઈ રત્નસાર કુમાર હાલમાં અશ્વરત્ન ઉપર બેસીને ઘણા વેગથી જાય છે. કૌતુકનો ઘણો રસિક એવો કુમાર ચાલાક મનનો છે; ઘોડો પણ હરિણ સરખો ઘણો ચાલાક અને ચાલતાં જબરા કુદકા મારનારો છે, અને દૈવની ગતિ વીજળીના ચમકારા કરતાં પણ ઘણી વિચિત્ર છે, તેથી અમે જાણી શકતા નથી કે, આ કામનું પરિણામ કેવું આવશે ? સારા ભાગ્યનો જાણે એક સમુદ્ર જ હોયની ! એવા મ્હારા ભાઈનું અશુભ તો કોઇ ઠેકાણે થાય જ નહીં, તથાપિ સ્નેહવાળા લોકોના મનમાં પોતાની જેના ઉપર પ્રીતિ હોય, તેવી બાબતમાં અશુભ કલ્પનાઓ આવ્યા વિના રહેતી નથી. સિંહ જ્યાં જાય ત્યાં પોતાની પ્રભુતા જ ચલાવે છે, તથાપિ તેની માતા સિંહણીનું મન પોતાના પુત્રના સંબંધમાં અશુભ કલ્પના કરી અવશ્ય દુઃખી થાય છે. એમ છતાં પણ પહેલાથી જ પોતાની શક્તિ પ્રમાણે યત્ના રાખવી એ બહુ સારી વાત છે. તળાવ મજબૂત હોય, તેવામાં જ પાળ બાંધવી, એ યુક્તિથી બહુ સારૂં દેખાય છે, માટે હે તાત ! હે સ્વામિન્ ! આપની આજ્ઞા થાય તો હું કુમારની ખોળ માટે એક પાળાની માફક તુરત જઉં. દૈવ ન કરે, અને કદાચ કુમાર ઉપર કાંઇ આપદા આવી પડે તો, હું હર્ષ ઉત્પન્ન કરનારાં વચનો વગેરે સંભળાવી તેને સહાય પણ કરૂં."

પછી શેઠના મનમાં જે અભિપ્રાય હતો તેને મળતી વાત કરનાર પોપટને શેઠે કહ્યું કે, "હે ભલા પોપટ ! તેં બહુ સારૂં કહ્યું. ત્હારૂં મન બહુ શુદ્ધ છે, માટે હે વત્સ ! હવે તું શીઘ્ર જા. અને ઘણા વેગથી ગમન કરનાર એવા રત્નસાર કુમારને વિકટ માર્ગમાં સહાય કર. લક્ષ્મણ સાથે હોવાથી રામ જેમ સુખે પાછા આવ્યા, તેમ ત્હારા જેવા પ્રિય મિત્ર સાથે હોવાથી તે કુમાર પોતાની વાંછા પૂર્ણ કરીને સુખે નિશ્ચયથી પાછો પોતાને સ્થાનકે આવશે." શેઠનાં એવાં વચન સાંભળી પોતાને કૃતાર્થ માનનારો તે માનવંત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોપટ શેઠની આજ્ઞા મળતાં જ, સંસારમાંથી જેમ સદ્બુદ્ધિ માણસ બહાર નીકળે છે, તેમ શીઘ્ર પાંજરામાંથી બહાર નીકળ્યો. બાણની પેઠે ગમન કરનાર તે પોપટ તુરત જ કુમારને આવી મળ્યો. કુમારે પોતાના ન્હાના ભાઇની પેઠે પ્રેમથી બોલાવી ખોળામાં બેસાર્યો. જાણે મનુષ્ય રત્નની ( રત્નસારની ) પ્રાપ્તિ હોવાથી પ્રમાણ વિનાના અહંકારમાં આવ્યો હોયની ! એવા તે અશ્વરત્ને વેગથી ગમન કરતાં રત્નસારના મિત્રના અશ્વોને નગરની પાછળ ભાગોળના ભાગમાં જ મૂકયા. બુદ્ધિશાળી પુરુષ મતિમંદ પુરુષોને જેમ પાછળ મૂકે છે, તેમ કુમારના અશ્વરત્ને પાછળ મૂકેલા બાકીના ઘોડા પ્રથમથી જ નિરુત્સાહ હતા, તે થાકી ત્યાં જ ઊભા રહ્યા.

હવે અતિશય કૂદકા મારનારો, શરીરથી પ્રાયે અદ્ધર ચાલનારો કુમારનો ઘોડો જાણે શરીરે રજ લાગવાની બીકથી જ કે શું ભૂમિને સ્પર્શ પણ કરતો નહોતો. તે સમયે નદીઓ, પર્વતો, જંગલની ભૂમીઓ વગેરે સર્વ વસ્તુ જાણે કુમારના અશ્વની સાથે હરીફાઈથી જ કે શું ! વેગથી ચાલતી હોય એવી ચારે તરફ દેખાતી હતી ! ઝડપથી ભૂમિનું ઉલ્લંઘન કરનાર તે શ્રેષ્ઠ ઘોડો કૌતુકથી ઉત્સુક થએલા કુમારના મનની પ્રેરણાથી જ કે શું ! પોતાને થતા શ્રમ તરફ કોઈ સ્થળે પણ બિલકુલ ધ્યાન નહીં પહોંચાડયું. એમ કરતાં તે ઘોડો અનુક્રમે વારંવાર ફરતી ભિલ્લની સેનાથી ઘણી ભયંકર એવી શબરસેના નામની મ્હોટી અટવીમાં આવ્યો. તે મ્હોટી અટવી સંભાળનારને ભય અને ઘેલછા ઉત્પન્ન કરનાર, તથા ન સંભળાય એવા જંગલી ક્રૂર જાનવરોની ગર્જનાઓના બહાનાથી જાણે "હું સર્વ અટવીઓમાં અગ્રેસર છું" એવા અહંકારવડે ગર્જના જ કરતી ન હોય ! એમ લાગતું હતું. ગજ, સિંહ, વાઘ, સૂઅર, પાડા વગેરે જાનવરો કુમારને કૌતુક દેખાડવાને અર્થે જ કે શું ! ચારે તરફ પરસ્પર લડતા હતા. તે મહા અટવી શિયાળીઆના શબ્દના બહાનાથી "અપૂર્વ વસ્તુના લાભની તથા કૌતુક જોવાની ઇચ્છા હોય તો શીઘ્ર આમ આવ." એમ કહી કુમારને બોલાવતી જ ન હોય ? એવી દેખાતી હતી. તે મ્હોટી અટવીમાંનાં વૃક્ષ ધ્રૂજતી શાખાઓના ટુંકના બહાનાથી જાણે તે અશ્વરત્નનો વેગ જોઇ, ચમત્કાર પામી પોતાનાં મસ્તક ધુણાવતાં ન હોય ? એવાં દેખાતાં હતાં. તે મહાઅટવીમાં ભિલ્લની સ્ત્રીઓ જાણે કુમારનું મનરંજન કરવાને અર્થે જ કે શું ! કિન્નરીની પેઠે મધુર સ્વરથી ઉદ્ભટ ગીતો ગાતી હતી.

આગળ જતાં રત્નસાર કુમારે હિંડોળા ઉપર હિંચકા ખાતા એક તાપસ કુમારને સ્નેહવાળી નજરથી જોયો. તે તાપસ કુમાર મર્ત્યલોકમાં આવેલા નાગકુમાર જેવો સુંદર હતો; પ્રિય બાંધવ સરખી તેની દૃષ્ટિ જોતાંવેંત જ સ્નેહવાળી દેખાતી હતી; અને તેને જોતાંજ એમ જણાતું હતું કે, હવે જોવા જેવું કાંઇ પણ રહ્યું નથી. તે તાપસ કુમાર પણ કામદેવ સરખા સુંદર રત્નસાર કુમારને જોઇને, જેમ વરને જોવાથી કન્યાના મનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લજ્જા વગેરે પેદા થાય છે, તેમ તે તાપસ કુમારના મનમાં લજ્જા, ઉત્સુકતા, હર્ષ વગેરે મનોવિકાર ઉત્પન્ન થયા. ઘણા મનોવિકારથી ઉત્તમ એવો તાપસ કુમાર મનમાં શૂન્ય જેવો થયો હતો, તથાપિ કોઇપણ રીતે ધૈર્ય પકડીને તેણે હિંડોળા ઉપરથી ઉતરી રત્નસાર કુમારને આ રીતે સવાલ કર્યો. "હે જગતવલ્લભ ! હે સૌભાગ્યનિધે ! અમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખ, સ્થિરતા ધારણ કર, પ્રમાદ ન કર, અને અમારી સાથે વાતચીત કર. ત્હારા નિવાસથી કયો દેશ અને કયું નગર જગત્માં ઉત્તમ અને પ્રશંસા કરવા યોગ્ય થયું ? ત્હારા જન્મથી કયું કુળ ઉત્સવથી પરિપૂર્ણ થયું ? ત્હારા સંબંધથી કઇ જાતિ જાઇના પુષ્પ પેઠે સુગંધીવાળી થઇ ? કે જેની અમે પ્રશંસા કરીએ ? એવો ત્રૈલોકયને આનંદ પમાડનારો ત્હારો પિતા કયો ? તને પણ પૂજવા યોગ્ય એવી ત્હારી માન્ય માતા કોણ ? સમગ્ર સુંદર વસ્તુમાં શ્રેષ્ઠ એવો તું જેમની સાથે સગાઈ સંબંધ રાખે છે, તે સજ્જનની પેઠે જગતને આનંદ પમાડનારાં ત્હારાં સ્વજન કયાં ? જે વડે જગત્માં તું ઓળખાય છે, તે મ્હોટાઇનું સ્થાનક એવું ત્હારૂં નામ કયું ? ત્હારે પોતાના ઇષ્ટ માણસને દૂર રાખવાનું શું કારણ બન્યું ? કેમકે, તું કોઈ પણ મિત્ર વિના એકલો જ દેખાય છે. બીજાનો તિરસ્કાર કરનારી એવી આ અતિશય ઉતાવળ કરવાનું પ્રયોજન શું ? અને મ્હારી સાથે તું પ્રીતિ કરવા ઇચ્છે છે, તેનું પણ કારણ શું ?"

તાપસ કુમારનું એવું મનોહર ભાષણ પૂર્ણપણે સાંભળતાં એકલો રત્નસાર જ નહીં, પરંતુ ઘોડો પણ ઉત્સુક થયો. તેથી કુમારનું મન જેમ ત્યાં સ્થિર થયું, તેમ તે અશ્વ પણ ત્યાં સ્થિર ઉભો રહ્યો. ઉત્તમ અશ્વોનું વર્તન અસવારની મરજી માફક જ હોય છે. રત્નસાર તાપસ કુમારના સૌંદર્યથી અને બોલવાની ચતુરાઈથી મોહિત થવાથી તથા ઉત્તર આપવા જેવી બાબત ન હોવાથી કાંઇ ઉત્તર આપી શકયો નહીં. એટલામાં તે ભલો પોપટ વાચાળ માણસની માફક ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યો. જે સર્વ અવસરનો જાણ હોય, તે અવસર મળે કાંઇ વિલંબ કરે ? પોપટ કહે છે. "હે તાપસ કુમાર ! કુમારનું કુળ વગેરે પૂછવાનું પ્રયોજન શું છે ? હાલમાં તેં અહિં કાંઇ વિવાહ માંડ્યો નથી. ઉચિત આચરણ આચરવામાં તું ચતુરજ છે, તથાપિ તે તને કહું છું. સર્વે વ્રતધારીઓને ઘેર આવેલો અતિથી સર્વ પ્રકારે પૂજવા લાયક છે. લૌકિક શાસ્ત્રકારોએ કહ્યું છે કે—ચારે વર્ણોનો ગુરુ બ્રાહ્મણ છે, અને બ્રાહ્મણનો ગુરુ અગ્નિ છે, સ્ત્રીઓનો ભરથાર એ જ એક ગુરુ છે, અને સર્વે લોકોનો ગુરૂ ઘેર આવેલો અતિથિ છે; માટે હે તાપસ કુમાર ! જો ત્હારૂં ચિત્ત આ કુમાર ઉપર હોય તો, એની ઘણી પરોણાગત કર. બીજા સર્વ વિચાર કોરે મૂકી દે." પોપટની એવી ચતુર ઉક્તિથી રાજી થએલા તાપસ કુમારે રત્નના હાર સરખી પોતાની કમળમાળા ઝટ પોપટના ગળામાં પહેરાવી. અને રત્નસારને કહ્યું કે— "હે શ્રેષ્ઠ કુમાર ! તુંજ જગત્માં વખાણવા લાયક છે, કારણકે, ત્હારો પોપટ પણ વચન ચાતુરીમાં ઘણોજ નિપુણ છે. ત્હારૂં સૌભાગ્ય સર્વે કરતાં ઉત્તમ છે; માટે હે કુમાર !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ઘોડા ઉપરથી ઉતર, મ્હારો ભાવ ધ્યાનમાં લઈ મ્હારો પરોણો થા, અને અમને કૃતાર્થ કર. વિકાસ પામેલાં કમળોથી શોભતું અને નિર્મળ જળને ધારણ કરનારૂં એવું આ ન્હાનું સરખું એક તળાવ છે. આ સઘળો સુંદર વનનો સમુદાય છે, અને અમે ત્હારા તાબેદાર છીએ. મ્હારા જેવા તાપસથી ત્હારી પરોણાગત તે શી થવાની ? નગ્ન તપસ્વીના મઠમાં રાજાની આસનાવાસના તે શી થાય ? તથાપિ હું મ્હારી શક્તિ પ્રમાણે તને કાંઇક ભક્તિ દેખાડું. કોઈ સ્થળે વરખડાનું ઝાડ પોતાની છાયાથી નીચે બેસનારને વિશ્રાંતિ સુખ નથી આપતું ? માટે શીઘ્ર મહેરબાની કરી આજ મ્હારી વિનતિ કબૂલ કર. મુસાફરી કરનારા સત્પુરુષો કોઈની વિનંતિ કોઇ પણ વખતે ફોગટ જવા દેતા નથી.”

રત્નસારના મનમાં ઘોડા ઉપરથી ઉતરવાનો વિચાર પહેલેથી જ આવ્યો હતો. પાછળથી જાણે સારા શકુનો જ ન હોય એવાં તાપસ કુમારનાં વચનથી તે નીચે ઉતર્યો. પછી તે બન્ને કુમારો જાણે જન્મથી માંડીને જ મિત્ર ન હોય ! તે રીતે પ્રથમ મનથી મળ્યા હતા; તે હમણાં પ્રીતિથી એક બીજાને સુખ ઉત્પન્ન કરનાર શરીરવડે પણ માંહો-માંહે આલિંગન કરીને મળ્યા. પછી માંહોમાંહે દૃઢ થએલી પ્રીતિ તેવી ને તેવી જ રાખવાને અર્થે તે બન્ને જણા એક બીજાનો હાથ પકડી થોડી વાર ત્યાં આમતેમ ફરવા લાગ્યા. પ્રીતિથી માંહોમાંહે હસ્તમેલાપ કરનારા બન્ને કુમાર જંગલની અંદર ક્રીડા કરનાર બે હાથીના બચ્ચાંની પેઠે શોભવા લાગ્યા. તાપસ કુમારે જેમ પોતાનું સર્વસ્વ દેખાડ્યું, તેમ તે અટવીમાં પર્વત, નદીઓ, તળાવો, ક્રીડા કરવાનાં સ્થાનકો વગેરે સર્વ રત્નસારને દેખાડ્યાં. ફળોની તથા ફૂલોની ઘણી સમૃદ્ધિ થવાથી નમી ગએલાં એવાં, પૂર્વે કોઇ સમયે જોવામાં ન આવેલાં કેટલાંક વૃક્ષો નામ દઇ દઇને તાપસ કુમારે રત્નસારને પોતાના ગુરુ માફક ઓળખાવ્યાં. પછી રત્નસાર, તાપસ કુમારના કહેવાથી થાક દૂર કરવાને માટે અને કૌતુકને અર્થે હાથીની પેઠે એક ન્હાના સરોવરમાં ન્હાયો. તાપસ કુમારે રત્નસારને સારી પેઠે ન્હાયાની વાત પૂછીને તેની આગળ ફૂલફળાદિ લાવી મૂકયાં. તે આ પ્રમાણે:- જાણે પ્રત્યક્ષ અમૃત જ ન હોય ! એવી પાકી તથા કાંઇક કાચી દ્રાક્ષ, વ્રતધારી લોકોનાં મન પણ જેમને નજરે જોતાં જ ભક્ષણ કરવાને અર્થે અધીર થઇ જાય એવાં પાકેલાં સુંદર આમ્રફળો, ઘણાં નાળીયેર, કેળાં, પાકાં ક્ષુધાકરીનાં ફળો, ખજૂરનાં ફળો, મીઠાશનું માપજ જ ન હોય ! એવાં ઘણાં રાયણનાં ફળો, પાકાં ક્ષીરામલકીનાં ફળો, જેની અંદર સ્નિગ્ધ બીજ છે એવા હારબંધ ચારોળીનાં ફળ, સારાં બીજવાળાં સુંદર બીજફળો, સારાં મધુર બીજોરાં, સુંદર નારંગીઓ, સર્વોત્કૃષ્ટ દાડમો, પાકાં સાકરનિંબૂ, જાંબૂડા, બોર, ગૂંદાં, પીલુ, ફણુસ, શીંગોડા, સકરટેટી, ચીભડાં, પાકાં તથા કાચાં એવાં જૂદાં જૂદાં વાલુક વગેરે ફળો, કમળપત્રના દડાથી પીવાય એવાં દ્રાખ વગેરેના સરસ શરબતો, નાળિયેરનું તથા સ્વચ્છ સરોવરનું જળ, શાકને ઠેકાણે કાચાં આમ્લવેતસ, આમલી, નિંબૂ વિગેરે; સ્વાદિમને ઠેકાણે કાંઇક લીલી તથા કાંઇક સૂકી હારબંધ સોપારીઓ, પહોળા અને નિર્મળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાન, એલચી, લવિંગ, લવલીફળ, જાયફળ વગેરે, તથા ભોગ સુખને અર્થે શતપત્ર બકુલ, ચંપક, કેતકી, માલતી, મોગરા, કુંદ, મુચકુંદ, ઘણાં જ સુગંધી જાતજાતનાં કમળો, હર્ષ ઉત્પન્ન કરનારા ડમરો આદિ પુષ્પો તથા પત્રો; તેમજ કર્પૂરવૃક્ષથી ઉત્પન્ન થએલાં કપૂરનાં રજકરણ અને જેટલી મળી તેટલી કસ્તૂરી, વગેરે તાપસ કુમારે ઉપર કહેલી સર્વ ઉત્તમ વસ્તુઓ બરોબર ગોઠવીને રત્નસાર કુમારની આગળ મૂકી. એટલી બધી વસ્તુઓ મૂકવાનું કારણ એમ છે કે, તે અટવીમાં સર્વે ઋતુનાં ફળ ફૂલ હંમેશાં સુખે મળતાં હતાં. તથા પ્રત્યેક માણસના મનની રુચિ ભિન્ન ભિન્ન હોય છે, માટે વિસ્તારથી સર્વે વસ્તુ તાપસ કુમારે મૂકી.

પછી મ્હોટા મનને ધારણ કરનારા રત્નસાર કુમારે તાપસ કુમારે કરેલી ભક્તિની રચના અંગીકાર કરવાને માટે તે સર્વે વસ્તુઓ ઉપર ઘણા આદરથી એક વાર નજર ફેરવી, અને જાણે પૂર્વે કોઈ વખતે ભક્ષણ કરી જ ન હોય ! એવી તે સર્વ વસ્તુઓ ઉપયોગમાં આવી તે રીતે થોડી થોડી ભક્ષણ કરી. દાતાર પુરુષની એવી જ મહેરબાની હોય છે ! પછી તાપસ કુમારે, રાજા ભોજન કરી રહ્યા પછી જેમ તેના સેવકને જમાડવો તેમ તે પોપટને તેની જાતને ઉચિત એવાં ફળોથી તૃપ્ત કર્યો. ઘોડાને પણ તેની જાતિને લાયક આસનાવાસના કરી, તથા યોગ્ય વસ્તુ ખવરાવી તાપસ કુમારે થાક વિનાનો તથા તૃપ્ત કર્યો. ઠીક જ છે. મ્હોટા મનવાળો પોપટ રત્નસાર કુમારનો અભિપ્રાય સમ્યક્ પ્રકારે જાણી પ્રીતિથી તાપસ કુમારને પૂછવા લાગ્યો કે-હે તાપસ કુમાર ! જેને જોતાં જ રોમરાજી વિકસ્વર થાય એવા આ નવયૌવનમાં કલ્પના પણ ન કરી શકાય એવું આ વ્રત તેં કેમ આદર્યું ? સર્વે સંપદાઓનો જાણે એક સુરક્ષિત કોટ જ ન હોય ! એવું આ ત્હારૂં સ્વરૂપ ક્યાં, અને સંસાર ઉપર તિરસ્કાર ઉત્પન્ન કરનારૂં એવું આ તાપસ વ્રત તે ક્યાં ? જેમ અરણ્યમાં માલતીનું પુષ્પ કોઈના ભોગમાં ન આવતાં વ્યર્થ સૂકાઈ જાય છે, તેમ તેં ત્હારૂં આ ચાતુર્ય અને સૌંદર્ય પ્રથમથીજ તાપસ વ્રત લઈ નિષ્ફળ કેમ કરી નાંખ્યું ? દિવ્ય અલંકાર અને દિવ્ય વેષ પહેરવા લાયક એવું આ કમળ કરતાં પણ કોમળ શરીર અતિશય કઠોર એવાં વલ્કલોને શી રીતે સહન કરી શકે ? જોનારની નજરે મૃગજાળ પેઠે બંધનમાં નાંખનાર એવો આ ત્હારો કેશપાશ ક્રૂર એવા જટાબંધનો સંબંધ સહેવા લાયક નથી. આ ત્હારૂં સુંદર તારૂણ્ય અને પવિત્ર લાવણ્ય તેને યોગ્ય એવા નવનવા ભોગોપભોગે શૂન્ય હોવાથી હાલમાં અમને ઘણી દયા ઉત્પન્ન કરે છે, માટે હે તાપસ કુમાર ! વૈરાગ્યથી, કપટ કરવામાં ડહાપણ હોવાથી, ભાગ્યયોગથી, માઠા કર્મથી, કોઈના બલાત્કારથી, કોઈ મહાતપસ્વીનો શાપ હોવાથી અથવા કોઈ બીજા કારણથી આ કઠણ તપસ્યાનો સ્વીકાર કર્યો તે-કહે, ”

પોપટ આ રીતે પ્રશ્ન કરી રહ્યા પછી તાપસ કુમાર એક સરખી નેત્રમાંથી ઝરતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આંસુધારાના બહાનાથી અંદર રહેલા દુઃખને વમતો ન હોય! તેવી રીતે ગદ્ગદ સ્વરથી કહેવા લાગ્યો.–" હે ભલા પોપટ! હે ઉત્તમ કુમાર! તમારી બરાબરી કરી શકે એવો જગતમાં કોણ છે? કારણ કે અનુકંપાપાત્ર એવા મ્હારે વિષે એવી તમારી દયા સાક્ષાત્ દેખાય છે. પોતાને અથવા પોતાના કુટુંબીઓને દુઃખી જોઈ દુઃખી થયેલા કોણ દેખાતા નથી? પણ પારકા દુઃખથી દુઃખી થનારા પુરૂષો ત્રણે જગત્માં હશે તો માત્ર બે ત્રણજ હશે. કહ્યું છે કે–શૂરવીર, પંડિત તથા પોતાની લક્ષ્મીથી કુબેરને પણ ખરીદ કરે એવા ધનાઢ્ય લોકો, પૃથ્વી ઉપર પગલે પગલે હજારો જોવામાં આવશે, પણ જે પુરૂષનું મન પારકા દુઃખી માણસને પ્રત્યક્ષ જોઈ અથવા કાને સાંભળી તેના દુઃખથી દુઃખી થાય એવા સત્પુરૂષો જગત્માં પાંચ કે છ જ હશે. સ્ત્રીઓ, અનાથ, દીન, દુઃખી અને ભયથી પરાભવ પામેલા એમને સત્પુરૂષ સિવાય બીજો કોણ રક્ષણ કરનારો છે? માટે હે કુમાર! મ્હારી જે હકીકત છે તે હું ત્હારી આગળ કહું છું. મનથી ખરેખર પ્રેમ રાખનાર માણસ આગળ છાનું રખાય એવું તે શું હોય?" તાપસ કુમાર આમ બોલે છે, એટલામાં મદોન્મત્ત હાથીની પેઠે વનને વેગથી સમૂળ ઉખેડી નાંખનારો, એક સરખી ઉછળતી ધૂળના ઢગલાથી ત્રણે જગત્ને કોઈ વખતે જોવામાં ન આવેલા ઘનઘોર ધૂમાડામાં અતિશય ગર્ક કરનારો, ન સંભળાય એવા મહાભયંકર ધુત્કાર શબ્દથી દિશાઓમાં રહેનારા માણસોના કાનને પણ જર્જર કરનારો, તાપસ કુમારના પોતાનો વૃત્તાંત કહેવાના મનોરથરૂપ રથને બળાત્કારથી ભાંગી નાંખી પોતાના પ્રભંજન એવા નામને યથાર્થ કરનારો, અકસ્માત્ ચઢી આવેલા મહાનદીના પૂરની પેઠે સમગ્ર વસ્તુને ડુબાડનારો તથા તોફાની દુષ્ટ ઉત્પાત પવનની પેઠે ખમી ન શકાય એવો પવન સખત વેગથી વાવા લાગ્યો. પછી કાબેલ ચોરની માફક મંત્રથીજ કે શું! રત્નસારની અને પોપટની આંખ ધૂળવડે બંધ કરીને તે પવને તાપસ કુમારને હરણ કર્યો. ત્યારે પોપટે અને રત્નસાર કુમારે કાને ન સંભળાય એવો તાપસ કુમારનો વિલાપ માત્ર સાંભળ્યો તે નીચે પ્રમાણેઃ—

"હાય હાય! ઘણી વિપત્તિ આવી પડી!! સકળ લોકોના આધાર, અતિશય સુંદર સંપૂર્ણ લોકોના મનનું વિશ્રાંતિ સ્થાનક, મ્હોટા પરાક્રમી, જગત્ની રક્ષા કરવામાં દક્ષ એવા હે કુમાર! આ દુઃખમાંથી મને બચાવ, બચાવ!" ક્રોધથી યુદ્ધ કરવા સનદ્ધ થએલો રત્નસાર. "અરે પાપી! મ્હારા જીવિતના જીવન એવા તાપસ કુમારને હરણ કરીને ક્યાં જાય છે?" એમ ઉચ્ચ સ્વરે કહી તથા દૃષ્ટિવિષ સર્પ સરખી વિકરાળ તરવાર મ્યાનમાંથી કાઢીને હાથમાં લઇ વેગથી તેની પછવાડે દોડયો. ભલે, પોતાને શૂરવીર સમજનાર લોકોની રીતિ એવી જ છે. વીજળીની પેઠે અતિશય વેગથી રત્નસાર થોડોક દૂર ગયો, એટલામાં રત્નસારના અદ્ભુત ચરિત્રથી અજાયબ થયેલા પોપટે કહ્યું કે, "હે રત્નસાર કુમાર! તું ચતુર છતાં મુગ્ધ માણસની પેઠે કેમ પાછળ દોડે છે? તાપસ કુમાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્યાં અને આ તોફાની પવન ક્યાં? યમ જેમ જીવિત લઇ જાય તેમ આ તોફાની તાપસ કુમારને હરણ કરી, કૃતાર્થ થઇ કોણ જાણે તેને પવન ક્યાં અને કેવી રીતે લઇ ગયો? હે કુમાર! એટલી વારમાં તે પવન તાપસ કુમારને અસંખ્ય લક્ષ યોજન દૂર લઇ જઇને ક્યાંય સંતાઇ ગયો, માટે તું હવે શીઘ્ર પાછો ફર."

ઘણા વેગથી કરવા માંડેલું કામ નિષ્ફળ જવાથી શરમાયેલો રત્નસાર પોપટના વચનથી પાછો આવ્યો, અને ઘણો ખિન્ન થઇ વિલાપ કરવા લાગ્યો કે:—"હે પવન! મ્હારા પ્રેમનું સર્વસ્વ એવા તાપસ કુમારને હરણ કરી તેં દાવાગ્નિ સરખું ક્રૂર વર્ત્તન કેમ કર્યું? હાય હાય! તાપસ કુમારનો મુખચંદ્રમા જોઇ મ્હારા નેત્રરૂપ નીલકમળો ક્યારે વિકસ્વર થશે? અમૃતની લહેરી સરખાં સ્નિગ્ધ, મુગ્ધ અને મધુર એવા તે મનને પ્રસન્ન કરનારા દૃષ્ટિવિલાસ ફરીથી મને શી રીતે મળશે? રાંક સરખો હું તેનાં કલ્પવૃક્ષના પુષ્પ સરખાં, અમૃતને પણ તુચ્છ કરનારાં વારંવાર મોંમાંથી નીકળતાં મધુર વચન હવે શી રીતે સાંભળીશ?" સ્ત્રીના વિયોગથી દુઃખી થએલા પુરૂષની માફક એવા નાનાવિધ વિલાપ કરનાર રત્નસાર કુમારને પોપટે યથાર્થ જે વાત હતી તે આ રીતે કહી:—"હે રત્નસાર! જેને માટે તું શોક કરે છે, તે નક્કી તાપસ કુમાર નથી, પણ કોઇ પુરૂષે પોતાની શક્તિથી રૂપાંતર ફેરવી નાંખેલી એ કાંઇક વસ્તુ છે, એવું મ્હારી ધારણામાં આવે છે. તેના દેખાયલાં જૂદા જૂદા મનોવિકારથી, મનોહર વચન બોલવાના પ્રકારથી, કટાક્ષવાળી ખેંચાયલી નજરથી અને બીજાં એવાં જ લક્ષણોથી હું તો નક્કી એમ અનુમાન કરૂં છું કે, તે એક કન્યા છે. એમ ન હોત તો તેં પૂછ્યું ત્યારે તેના નેત્ર આંસુથી કેમ પૂરેપૂરાં ભરાઇ ગયાં? એ તો સ્ત્રીજાતિનું લક્ષણ છે. ઉત્તમ પુરૂષને વિષે એવા લક્ષણનો સંભવ જ નથી. તે ઘનઘોર પવન નહોતો, પણ તે કાંઇક દિવ્ય સ્વરૂપ હતું. એમ ન હોત તો તે પવને પેલા તાપસ કુમારને જ હરણ કર્યો, અને આપણ બે જણાને કેમ છોડી દીધાં? હું તો નક્કી કહી શકું છું કે, તે કોઇક બિચારી ભલી કન્યા છે, અને તેને કોઇ પાપી દેવતા, પિશાચ વગેરે હેરાન કરે છે. ખરે એમજ છે. દુષ્ટ દેવ આગળ કોનું ચાલે એમ છે? તે કન્યા દુષ્ટ પિશાચના હાથમાંથી છૂટશે, ત્યારે જરૂર તને જ વરશે. કેમ કે, કલ્પવૃક્ષ જોયું છે, તેની બીજા ઝાડ ઉપર પ્રીતિ શી રીતે રહે? જેમ સૂર્યનો ઉદય થએ રાત્રિરૂપ પિશાચિકાના હાથમાંથી કમલિની છૂટે છે, તેમ તે કન્યા પણ ત્હારા શુભ કર્મનો ઉદય થએ દુષ્ટ પિશાચના હાથમાંથી છૂટશે, એમ હું ધારૂં છું. પછી સારા ભાગ્યના વશથી તે કન્યા તને ક્યાંય પણ શીઘ્ર મળશે. કેમ કે, ભાગ્યશાળી પુરૂષોને જોઇતી ચીજની પ્રાપ્તિ જરૂર થાય છે. હે કુમાર! હું જો કલ્પના કરીને કહું છું તો ત્હારે તે કબૂલ રાખવી. એ તો સત્યપણું અથવા અસત્યપણું થોડા કાળમાં જણાઇ જશે, માટે હે કુમાર! તું ઉત્તમ વિચારવાળો છતાં મુખમાંથી ન ઉચ્ચરાય એવો આ વિલાપ કેમ કરે છે? આ વાત વીર પુરૂષને કામની નથી."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્તવ્યના જાણુ એવા રત્નસાર કુમારે એવી યુક્તિથી પરિપૂર્ણ ભરેલી પોપટની વાણી મનમાં ધારીને શોક કરવો મૂકી દીધો. જાણુ પુરૂષનું વચન શું ન કરી શકે? પછી રત્નસાર કુમાર અને પોપટ તાપસ કુમારને ઇષ્ટદેવની પેઠે સંભારતા છતાં અશ્વરત્ન ઉપર બેસી પૂર્વની પેઠે માર્ગે ચાલવા લાગ્યા. તે બન્ને જણાએ એક સરખું પ્રયાણ કરતાં અનુક્રમે હજારો મ્હોટાં વનો, પર્વતો, ખીણો, નગરો, સરોવરો અને નદીઓ ઉલ્લંઘી આગળ આવેલું એક અતિશય મનોહર ઝાડોથી શોભતું ઉદ્યાન જોયું. તે ઉદ્યાન, બીજે સ્થળે ન મળી શકે એવાં સુગંધી પુષ્પોને વિષે ભમતા ભ્રમરોના ઝંકાર શબ્દવડે જાણે રત્નસાર કુમારને ઘણા આદરથી માન ન આપતું હોય! એવું દેખાતું હતું. પછી બન્ને જણા તે ઉદ્યાનમાં જતાં ઘણો હર્ષ પામ્યા, એટલામાં નવનવાં રત્નોથી શોભતું શ્રીઆદિનાથનું મંદિર તેમણે જોયું. એ મંદિર પોતાની ફરકતી ધ્વજાથી 'હે કુમાર! આ ઠેકાણે તને આ ભવની તથા પરભવની ઇષ્ટ વસ્તુનો લાભ થશે." એમ કહી રત્નસાર કુમારને જાણે દૂરથી બોલાવતુંજ ન હોય! એવું લાગતું હતું. કુમાર અશ્વ ઉપરથી ઉતરી, તેને તિલકવૃક્ષને થડે બાંધી, તથા કેટલાક સુગંધી પુષ્પ ભેગાં કરી પોપટની સાથે મંદિરમાં ગયો. પૂજાવિધિના જાણુ એવા રત્નસાર કુમારે શ્રી આદિનાથ ભગવાનની જાતજાતના ફૂલોવડે યથાવિધિ પૂજા કરીને જાગૃત બુદ્ધિથી આ રીતે સ્તુતિ કરવા માંડી. "સંપૂર્ણ જગતને જાણનારા અને દેવતાઓ પણ જેમની સેવા કરવા ઘણા તત્પર થઇ રહે છે, એવા શ્રી દેવાધિદેવ શ્રીઆદિનાથ ભગવાનને મ્હારો નમસ્કાર થાઓ. પરમ આનંદકંદ સરખા, પરમાર્થનો ઉપદેશ કરનારા, પરબ્રહ્મ સ્વરૂપવાન, અને પરમ યોગી એવા શ્રી આદિનાથ ભગવાનને નમસ્કાર થાઓ. પરમાત્મ સ્વરૂપ, પરમ આનંદના દાતાર, ત્રણે જગતના સ્વામિ અને ભવ્ય જીવના રક્ષક એવા શ્રી યુગાદિ દેવને મ્હારો નમસ્કાર થાઓ. મહાત્મા વંદન કરવા યોગ્ય, લક્ષ્મીનું અને મંગળનું સ્થાનક તથા યોગિઓને પુરુષોને પણ જેમના સ્વરૂપનું જ્ઞાન થતું નથી એવા શ્રી આદિનાથ ભગવાનને મ્હારો નમસ્કાર થાઓ." ઉલ્લાસથી જેના શરીર ઉપર ફણસના ફળ માફક રોમરાજી વિકસ્વર થઇ છે, એવા રત્નસાર કુમારે જિનેશ્વર ભગવાનની આ રીતે સ્તુતિ કરી, તત્ત્વાર્થની પ્રાપ્તિ હોવાથી એમ માન્યું કે "મને સુસાફરીનું પૂરેપૂરું ફળ આજે મળ્યું."

પછી રત્નસાર કુમારે તૃષાથી મંદિરના આગલા ભાગમાં રહેલી શોભારૂપ પીડાયલા માણસની પેઠે ઉત્તમ અમૃતનું વારંવાર પાન કરીને તૃપ્તિ સુખ ભોગવ્યું. તે ઉપરાંત, શ્રેષ્ઠ શોભાનું સ્થાનક એવા મંદિરના ઓટલા ઉપર બેઠેલો રત્નસાર, મદોન્મત્ત ઐરાવત હાથી ઉપર બેઠેલા ઇંદ્રની પેઠે શોભવા લાગ્યો. પછી રત્નસાર કુમારે પોપટને કહ્યું કે, "તાપસ કુમારની હર્ષ ઉત્પન્ન કરનાર કાંઇ પણ શુદ્ધિ હજી કેમ નથી મળતી?" પોપટે કહ્યું કે, "હે મિત્ર! વિષાદ ન કર. હર્ષ ધારણ કર. આગલા ભાગમાં શકુન દેખાય છે, તેથી નિશ્ચે આજ તને તે તાપસ કુમાર મળશે." એટલામાં, સર્વ અંગે પહેરેલાં સુશોભિત આભૂ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ણુથી સર્વ દિશાઓને પ્રકાશિત કરતી એક સુંદર સ્ત્રી સામી આવી. મસ્તકે રત્ન સરખી શિખા ધારણ કરનાર, જોનાર લોકોને ઘણો આનંદ પેદા કરનાર, મનોહર પિચ્છના સમુદાયથી શોભાને ધારણ કરનાર, મુખે મધુર કેકારવ કરનાર, બીજા મયૂરાને પાતાની અલૌકિક શોભાથી હરાવનાર અને ઇંદ્રના અશ્વને પણ પાતાના વેગથી તુચ્છ ગણનાર એવા એક દિવ્ય મયૂરપક્ષી ઉપર તે સ્ત્રી બેઠી હતી. તેના શરીરની કાંતિ દીવ્ય હતી. શ્રીધર્મની આરાધના કરવામાં નિપુણ એવી તે સ્ત્રી પ્રજ્ઞપ્તિ દેવી માફક દેખાતી હતી. કમલિનીની પેઠે પાતાના સર્વ શરીરમાંથી તે કમળ પુષ્પ-જેવી સુગંધીની વૃષ્ટિ કરતી હતી. તેની સુંદર તરુણ અવસ્થા દીપતી હતી, અને તેનું લાવણ્ય અમૃતની નીક સરખું જણાતું હતું. જાણે રંભા જ પૃથ્વી ઉપર આવેલી ન હોય ! એવી તે સ્ત્રીએ આદિનાથ ભગવાનને ભક્તિથી વંદના કરી, મયૂર ઉપર બેસીને જ નૃત્ય કરવા લાગી. એકાદ નિપુણ નર્તકી માફક તેણે મનને આકર્ષણ કરનારા હસ્તપલ્લવના કંપાવવાથી, અનેક પ્રકારના અંગવિક્ષેપથી, મનના અભિપ્રાય વ્યક્ત કરનારી અનેક ચેષ્ટાથી તથા બીજા પણ નૃત્યના જુદા જુદા પ્રકારથી મનોહર નૃત્ય કર્યું. જાણે સર્વ વાત ભૂલી જઇ તન્મય જ થઇ ગયાં ન હોય ! એવી રીતે કુમારનું અને પોપટનું ચિત્ત તે નૃત્યથી ચકિત થયું. હરણી જેવાં ચાલાક નેત્રને ધારણ કરનારી તે સ્ત્રી પણ આ સુંદર કુમારને જોઇને ઉલ્લાસથી વિલાસ કરતી અને ઘણા કાળ સુધી ચમત્કાર પામેલી હોય તેવી દેખાઇ. પછી રત્નસાર કુમારે તે સ્ત્રીને કહ્યું, “ હે સુંદર સ્ત્રી ! જો ત્હારા મનને કાંઇ પણ ખેદ ન થતા હોય તો હું કાંઇક પૂછું છું. ” તે સ્ત્રીએ “ પૂછો, કાંઇ હરકત નથી. ” એમ કહ્યું. ત્યારે કુમારે તેની સર્વ હકીકત પૂછી. બોલવામાં ચતુર એવી તે સ્ત્રીએ મૂળથી છેડા સુધી પાતાના મનોવેધક વૃત્તાંત નીચે પ્રમાણે કહ્યો:—

“ ઘણા સુવર્ણની શોભાથી અલૌકિક શોભાને ધારણ કરનારી કનકપુરી નગરીમાં પાતાના કુળને દીપાવનાર સુવર્ણની ધ્વજા જેવા કનકધ્વજ નામે રાજા હતા. તે રાજાએ પાતાની અમી નજરથી તણખલાને પણ અમૃત સમાન કર્યાં. એમ ન હોત તો તેનાં શત્રુઓ દાંતમાં તણખલાં પકડી તેના સ્વાદ લેવાથી શી રીતે મરણ ટાળીને જીવતા રહેત ? પ્રશંસા કરવા જેવા ગુણોને ધારણ કરનારી અને સ્વરૂપથી ઇંદ્રાણી જેવી સુંદર એવી કુસુમસુંદરી નામે ઉત્તમ રાણી કનકધ્વજના અંતઃપુરમાં હતી. તે સુંદર સ્ત્રી એક વખતે સુખનિદ્રામાં સૂતી હતી, એટલામાં જાગૃત અવસ્થામાં સ્પષ્ટ દેખાતું એવું કન્યાની પ્રાપ્તિ કરાવનારૂં સ્વપ્ન તેના જોવામાં આવ્યું. મનમાં રતિ અને પ્રીતિ ઉત્પન્ન કરનારૂં, રતિ અને પ્રીતિ એ બન્નેનું જોડું કામદેવના ખોળામાંથી ઉઠીને પ્રીતિથી મ્હારા ખોળામાં આવીને બેઠું. તેના સ્વપ્નમાં એવા સંબંધ હતા. શીઘ્ર જાગૃત થયેલી કુસુમસુંદરીએ વિકસ્વર કમળ સરખાં પાતાનાં નેત્ર ઉઘાડયાં. જેમ મ્હોટા પૂરથી નદી ભરાય છે તેમ કહી ન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકાય એવા આનંદપૂરથી તે પરિપૂર્ણ ભરાઇ ગઈ. પછી તેણે કનકધ્વજ રાજા પાસે જઇને જેવું જોયું હતું, તેવું સ્વપ્ન કહ્યું. સ્વપ્નવિચારના જાણ એવા રાજાએ પણ સ્વપ્નનું ફળ કહ્યું. તે નીચે પ્રમાણે:—

"હે સુંદરી! વિધાતાની સૃષ્ટિને શ્રેષ્ઠ પંક્તિએ ચઢાવનારૂં અને જગતમાં સારભૂત એવું એક કન્યાનું જોડું તને થશે." એવું વચન સાંભળી કન્યાનો લાભ થવાનો છતાં પણ કુસુમસુંદરીને ઘણો જ હર્ષ થયો. ઠીકજ છે, પુત્ર અથવા પુત્રી ગમે તે બીજા સર્વ કરતાં ઉત્તમ હોય તો કોને નં ગમે? પછી કુસુમસુંદરી ગર્ભવતી થઈ. વખત જતાં ગર્ભના પ્રભાવથી તેનું શરીર ફીકું થઇ ગયું. જાણે ગર્ભ પવિત્ર હોવાને લીધે પાંડુવર્ણના મિષથી તે નિર્મળ થઈ ન હોય! ગર્ભમાં જડને રાખનારી કાદંબિની (મેઘની પંકિત) જો કૃષ્ણવર્ણ થાય છે, તો ગર્ભમાં મૂઢને ન રાખનારી કુસુમસુંદરી પાંડુવર્ણ થઇ તે ઠીક જ છે. સારી નીતિ જેમ કીર્તિ અને લક્ષ્મીરૂપ જોડાને પ્રસવે છે, તેમ અવસર આવે કુસુમસુંદરીને એક વખતે બે પુત્રીનું જોડું અવતર્યું. રાજાએ પહેલી પુત્રીનું અશોકમંજરી અને બીજીનું તિલકમંજરી એવું નામ રાખ્યું. જેમ મેરૂપર્વત ઉપર કલ્પલતાઓ વૃદ્ધિ પામે છે, તેમ પાંચ ધાવમાતાઓએ લાલનપાલન કરાતી બન્ને કન્યાઓ ત્યાં મોટી થવા લાગી. તે બન્ને થોડા દિવસમાં સર્વે કળાઓમાં નિપુણ થઈ. બુદ્ધિશાળી મનુષ્યોને બુદ્ધિથી બની શકે એવું કાર્ય કરતાં શી વાર? પહેલેથી તે કન્યાઓની રૂપસંપદામાં કાંઇ ખામી નહોતી, તથાપિ સ્વભાવથીજ સુંદર વનશ્રી જેમ વસંતઋતુ આવે ત્યારે વિશેષ શોભે છે, તેમ તે નવી યૌવનદશા આવ્યે વધારે શોભવા લાગી. કામદેવે જગતને જીતવા માટે બે હાથમાં પકડવાનાં બે ખડ્ગજ ઉજ્જવળ કરી રાખ્યાં ન હોય! એવી તે કન્યાઓની શોભા દેખાતી હતી. સર્પની બે જિહ્વા માફક અથવા ક્રૂર ગ્રહનાં બે નેત્ર માફક જગતને કામવિકાર કરનારી તે કન્યાઓની આગળ પોતાનું મન વશ રાખવામાં કોઇનું ધૈર્ય ટકી ન રહ્યું. સુખમાં, દુઃખમાં, આનંદમાં અથવા વિષાદમાં એક બીજીથી જુદી ન પડનારી, સર્વે કાર્યોમાં અને સર્વ વ્યાપારોમાં સાથે રહેતી, રૂપ તથા શીલથી માંહોમાંહે સરખી એવી તે કન્યાઓની જન્મથી બંધાયલી પરસ્પર પ્રીતિને જો કદાચ ઉપમા આપી શકાય તો બે આંખની જ આપી શકાય. કહ્યું છે કે—"સાથે જાગનારી, સાથે સૂઇ રહેનારી, સાથે હર્ષ પામનારી અને સાથે શોક કરનારી બે આંખોની પેઠે જન્મથી માંડીને નિશ્ચળ પ્રેમને ધારણ કરનારાઓને ધન્ય છે."

કન્યાઓ યૌવનદશામાં આવી ત્યારે કનકધ્વજ રાજા મનમાં વિચારવા લાગ્યો કે,—"એમને એમના જેવો વર કોણ મળશે? રતિ પ્રીતિનો જેમ એક કામદેવ વર છે, તેમ એ બન્નેનો એક જ વર શોધી કાઢવો જોઇએ. જો કદાચ એમને જૂદા વર થશે, તો માંહોમાંહે બન્નેનો વિરહ થવાથી મરણાંત કષ્ટ થશે. એમને આ જગતમાં કયો ભાગ્ય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાળી તરૂણ વર ઉચિત છે ? એક કલ્પલતાને ધારણ કરી શકે એવું એક પણ કલ્પવૃક્ષ નથી, તો બન્નેને ધારણ કરનારો ક્યાંથી મળી શકે ? જગતમાં એમાંથી એકને પણ પરણવા જેવો એવો વર નથી. હાય હાય ! હે કનકધ્વજ ! તું એ કન્યાઓનો પિતા થઇને હવે શું કરીશ ? યોગ્ય વરનો લાભ ન થવાથી આધાર વિનાની કલ્પલતા જેવી થએલી આ કન્યાઓની શી ગતિ થશે ?" એવી રીતે અતિશય ચિંતાના તાપથી તપી ગયેલો કનકધ્વજ રાજા મહિનાઓને વર્ષ માફક અને વર્ષોને યુગ માફક કાઢવા લાગ્યો. શંકરની દૃષ્ટિ સામા પુરૂષને જેમ દુઃખદાયક થાય છે, તેમ કન્યા કેટલીય સારી હોય, તો પણ તે પોતાના પિતાને દુઃખ આપનારી તો ખરીજ ! કહ્યું છે કે—પિતાને કન્યા ઉત્પન્ન થતાં જ કન્યા થઇ એવી મ્હોટી ચિંતા મનમાં રહે છે. પછી હવે તે કોને આપવી ? એવી ચિંતા મનમાં રહે છે. લગ્ન કર્યા પછી પણ "ભર્ત્તારને ઘેર સુખે રહેશે કે નહીં." એવી ચિંતા રહે છે, માટે કન્યાના પિતા થવું એ ઘણું કષ્ટકારી છે, એમાં સંશય નથી. હવે કામદેવ રાજાનો મહિમા જગતમાં અતિશય પ્રસિદ્ધ કરવાને અર્થે પોતાની પરિપૂર્ણ ઋદ્ધિ સાથે લઇ વસંતઋતુ વનની અંદર ઊતરી. તે વસંતઋતુ જેનો અહંકાર સર્વત્ર પ્રસરી રહ્યો છે, એવા કામદેવ રાજાનો ત્રણ જગતને જિતવાથી ઉત્પન્ન થએલો જશ મનોહર ત્રણ ગીતોવડે ગાતી જ ન હોય ! એમ લાગતી હતી. ત્રણ ગીતોમાં મલયપર્વત ઉપરથી આવતા પવનનો સત્કાર શબ્દ એ પહેલું ગીત, ભ્રમરોના ઝંકાર શબ્દ એ બીજું ગીત અને કોકિલ પક્ષીઓના મધુર શબ્દ એ ત્રીજું ગીત જાણવું.

તે સમયે ક્રીડા કરવાના રસવડે ઘણી ઉત્સુક થએલી તે બન્ને રાજકન્યાઓ મનનું આકર્ષણ થવાથી હર્ષ પામી વનમાં ગઇ. કોઇ હાથીના બચ્ચા ઉપર તો કોઇ ઘોડા ઉપર, કોઇ ખચ્ચર જાતિના ઘોડા ઉપર, તો કોઇ પાલખી અથવા રથ વગેરેમાં એવી રીતે જાતજાતના વાહનમાં બેસી ઘણો સખીઓનો પરિવાર તેમની સાથે નીકળ્યો. પાલખીમાં સુખે બેઠેલી સખીઓના પરિવારથી બન્ને રાજકન્યાઓ, વિમાનમાં બેઠેલી અને દેવીઓના પરિવારથી શોભતી એવી લક્ષ્મી અને સરસ્વતી માફક શોભવા લાગી. શોકનો સમૂળ નાશ કરનારા ઘણા અશોકવૃક્ષો જેમાં સર્વત્ર વ્યાપી રહ્યા છે, એવા અશોકવન નામના ઉદ્યાનમાં તે રાજકન્યાઓ આવી પહોંચી. અંદર કીકી સરખા ભ્રમર હોવાથી નેત્ર સમાન દેખાતાં પુષ્પોની સાથે જાણે પ્રીતિથી જ કે શું ! પોતાના નેત્રોનો મેળાપ કરનારી રાજકન્યાઓ ઉદ્યાનમાં જાવા લાગી. યૌવનદશામાં આવેલી અશોકમંજરી ક્રીડા કરનાર સ્ત્રીના ચિત્તને ઉત્સુક કરનારી, રક્ત અશોકવૃક્ષની શાખાએ મજબૂત બાંધેલા હિંડોળા ઉપર ચઢી. અશોકમંજરી ઉપર દૃઢ પ્રેમ રાખનારી સુંદર તિલકમંજરીએ પ્રથમ હિંડોળાને હિંચકા નાખ્યા. સ્ત્રીના વશમાં પડેલો ભર્તાર જેમ સ્ત્રીના પાદપ્રહારથી હર્ષ પામી શરીરે વિકસ્વર થયેલા રોમાંચ ધારણ કરે છે, તેમ અશોકમંજરીના પાદપ્રહારથી સંતુષ્ટ થએલો અશોકવૃક્ષ વિકસ્વર પુષ્પોના મિષથી પોતાની રોમરાજી વિકસ્વર કરવા લાગ્યો કે શું ! એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યું. આશ્ચર્યની વાત એ છે કે-હિંડોળા ઉપર બેસી હીંચકા ખાનારી અશોકમંજરી તરુણ પુરુષોના મનમાં નાનાવિધ વિકાર ઉત્પન્ન કરી તેમનાં મનને અને નેત્રોને પણ હિંડોળે ચઢ્યાં હોય તેમ હીંચકા ખવરાવવા લાગી. તે વખતે રણઝણ શબ્દ કરનારાં અશોકમંજરીના રત્નજડિત મેખળા આદિ આભૂષણો જાણે પોતે ત્રુટી જશે એવા ભયથી રુદન કરવા લાગ્યાં કે શું ! એમ લાગ્યું.

ક્રીડારસમાં નિમગ્ન થએલી અશોકમંજરી તરફ તરુણ પુરુષો વિકસ્વર રોમરાજીવાળા થઈ અને તરુણ સ્ત્રીઓ મનમાં ઈર્ષ્યા આણી ક્ષણ માત્ર જોતાં હતાં, તેટલામાં દુર્ભાગ્યથી પ્રચંડ પવનના વેગવડે હિંડોળો ત્રટ ત્રટ શબ્દ કરી અકસ્માત્ ત્રુટી ગયો, અને તેની સાથે લોકોના મનમાંનો ક્રીડારસ પણ જતો રહ્યો. શરીરમાંની નાડી તૂટતાં જેમ લોકો આકુળવ્યાકુળ થાય છે, તેમ હિંડોળો તૂટતાં જ સર્વે લોકો "આનું હવે શું થશે ?" એમ કહી આકુળવ્યાકુળ થઈ હાહાકાર કરવા લાગ્યા. એટલામાં જાણે કૌતુકથી આકાશમાં ગમન કરતી ન હોય ! એવી તે અશોકમંજરી હિંડોળા સહિત આકાશમાં વેગથી જતી વ્યાકુળ થએલા સર્વે લોકોના જોવામાં આવી. તે વખતે લોકોએ, "હાય હાય ! કોઈ યમ સરખો અદૃશ્ય પુરુષ એને હરણ કરી જાય છે ! !" એવા ઉચ્ચ સ્વરે ઘણો કોલાહલ કર્યો. પ્રચંડ ધનુષ્યો અને બાણના સમુદાયોને ધારણ કરનારા શત્રુને આગળ ટકવા ન દેનારા એવા શૂરવીર પુરુષો ઝડપથી ત્યાં આવી પાસે ઉભા રહી અશોકમંજરીનું હરણ ઊંચી દૃષ્ટિએ જોતા હતા; પરંતુ તેઓ કાંઈ પણ કરી શકયા નહીં. ઠીક જ છે. અદૃશ્ય અપરાધીને કોણ શિક્ષા કરી શકે ?

કનકધ્વજ રાજા કાનમાં શૂળ પેદા કરે એવું કન્યાનું હરણ સાંભળીને ક્ષણ માત્ર વજ્રપ્રહાર થયાની માફક ઘણો દુઃખી થયો. "હે વત્સે ! તું કયાં ગઈ ! તું મને કેમ પોતાનું દર્શન દેતી નથી ? હે શુદ્ધ મનવાળી ! પૂર્વનો અતિશય પ્રેમ તેં છોડી દીધો કે શું ? હાય હાય ! !" કનકધ્વજ રાજા વિરહાતુર થઈ આ રીતે શોક કરતો હતો, એટલામાં એક સેવકે આવીને કહ્યું કે, "હાય હાય ! હે સ્વામિન્ ! અશોકમંજરીના શોકથી જર્જર મનવાળી થએલી તિલકમંજરી જેમ વૃક્ષની મંજરી પ્રચંડ પવનથી પડે છે, તેમ જબરી મૂર્છા ખાઈને પડી, તે જાણે કંઠમાં પ્રાણ રાખી શરણ વિનાની થઈ ગઈ ન હોય ! એવી જણાય છે." કનકધ્વજ રાજા ઘા ઉપર ખાર નાંખ્યા જેવું અથવા શરીરના બળી ગએલા ભાગ ઉપર ફોલ્લો થાય તેવું આ વચન સાંભળી કેટલાક માણસોની સાથે શીઘ્ર તિલકમંજરી પાસે આવ્યો. પછી તિલકમંજરી ચંદનનો રસ છાંટવા આદિ ઠંડા ઉપચારો કરવાથી મહામહેનતે સચેતન થઈ, અને વિલાપ કરવા લાગી. "મદોન્મત્ત હસ્તિ પેઠે ગમન કરનારી મ્હારી સ્વામિનિ ! તું કયાં છે ? તું મ્હારા ઉપર ઘણો પ્રેમ રાખનારી છતાં મને અહિં મૂકીને કયાં ગઈ ? હાય હાય ! ભાગ્ય વિનાની મ્હારા પ્રાણ ત્હારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિયોગથી શરણુ વિનાના અને ચારે બાજુથી બાણુવડે વીંધાયલા જેવા થએલા હવે શી રીતે ટકી શકશે ? હે તાત ! હું જીવતી રહી એ કરતાં બીજી શી ખરાબ વાત છે ? સહન કરી ન શકાય એવો મ્હારી બ્હેનનો વિયોગ હું હવે શી રીતે સહન કરૂં ? ” એવો વિલાપ કરનારી તિલકમંજરી ઘેલી થયાની માફક ધૂળમાં આળોટવા અને જળમાં માછલી-ની માફક ઉછળવા લાગી.

જેમ દવના સ્પર્શથી વેલડી સૂકાઇ જાય છે, તેમ તે ઉભીને ઉભી જ એટલી સૂકાઈ ગઇ કે, કોઇને પણ તેના જીવવાની આશા ન રહી. એટલામાં તેની માતા પણ ત્યાં આવીને આ રીતે વિલાપ કરવા લાગી. “ હે દુર્દૈવ ! તેં નિર્દય થઇ એવું દુઃખ મને શા સારૂ આપ્યું ? તું એક મ્હારી પુત્રીને હરણ કરી ગયો અને આ બીજી પુત્રી તેના વિરહથી દુઃખી થઇ મ્હારા દેખતાં મરણ પામશે ! હાય હાય ! નિર્ભાગી એવી હું હણાણી ! ! ! હે ગોત્રદેવીઓ ! વનદેવીઓ ! આકાશદેવીઓ ! તમે હવે તુરતજ પાસે આવો, અને એ મ્હારી પુત્રીને કોઇ પણ રીતે લાંબા આયુષ્યવાળી કરો. ” રાણીની સખીઓ, દાસીઓ અને નગરની સતી સ્ત્રીઓ ત્યાં આવી રાણીના દુઃખથી પોતે દુઃખી થઈ ઉચ્ચસ્વરે અતિ-શય વિલાપ કરવા લાગી. તે વખતે ત્યાંના સર્વ લોકોને શોક થયો એમાં શું કહેવું ? અશોક એવું નામ ધરાવનારા ઝાડો પણ ચારે તરફથી શોક કરતા હોય એમ લાગ્યું. તે વખતે તે લોકોના દુઃખથી જાણે અતિશય દુઃખી થઇ ત્યાં રહી ન શકતો ન હોય ! એવો સૂર્ય પણ પશ્ચિમ સમુદ્રમાં ડૂબી ગયો. પૂર્વદિશા તરફથી ફેલાતા અંધકારને અશો-કમંજરીના વિરહથી થએલા શોકે માર્ગ દેખાડયો તેથી તે સુખે ઝડપથી ત્યાં સર્વ ઠેકાણે પ્રસરી રહ્યો. મનની અંદર શોક હોવાથી પ્રથમથી જ ઘણા આકુળવ્યાકુળ થએલા સર્વ લોકો, બહાર અંધકાર થઇ ગયો ત્યારે ઘણાજ અકળાણા. મલિન વસ્તુનાં કૃત્ય એવાં જ હોય છે. પછી અમૃત સરખા સુખદાયી છે. કિરણ જેનાં એવો ચંદ્રમા ત્રૈલોકયને મલિન કરનારા અંધકારને દૂર કરતો છતો જાહેર થયો. જેમ સજળ મેઘ વેલડીને તૃપ્ત કરે છે, તેમ ચંદ્રમાએ મનમાં દયા લાવીનેજ કે શું ! પોતાની ચંદ્રિકારૂપ અમૃતરસની વૃષ્ટિથી તિલકમંજરીને પ્રસન્ન કરી.

પછી રાત્રિને પાછલે પહોરે જેમ માર્ગની જાણ પથિક મુસાફર સ્ત્રી ઊઠે છે, તેમ જાણમાં ઉત્તમ એવી તિલકમંજરી મનમાં કાંઇક વિચાર કરીને ઊઠી, અને મનમાં કપટ ન રાખતાં સખીઓનો પરિવાર સાથે લઇ ઉદ્યાનની અંદર આવેલા ગોત્રદેવી ચક્રેશ્વરીના મંદિરમાં શીઘ્ર ગઇ. મહિમાનું સ્થાનક એવી ચક્રેશ્વરી દેવીની પરમ ભક્તિવડે સારા કમ-ળોની માળાઓથી પૂજા કરીને તિલકમંજરીએ તેને નીચે પ્રમાણે વિનતિ કરીઃ—“ હે સ્વામિનિ ! મેં જો મનમાં કપટ રહિત ભક્તિ રાખીને સર્વ કાળ ત્હારી પૂજા, વંદના અને સ્તુતિ કરી હોય, તો આજ મ્હારા ઉપર પ્રસાદ કરી પોતાની પવિત્ર વાણીથી દીન મ્હારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્હેનની શુદ્ધિ કહે. હે માતાજી! એ વાત ત્હારાથી ન બને તો, "મેં ભોજનનો આ જન્મ છે ત્યાંસુધી ત્યાગ કર્યો એમ માનજે. કેમકે નીતિનો જાણુ માણુસ પોતાના ઇષ્ટ માણુસના અનિષ્ટની કલ્પના મનમાં આવે તો શું ભોજન કરે?"

તિલકમંજરીની ભક્તિ, શક્તિ અને બોલવાની યુક્તિ જોઇ ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થઇ શીઘ્ર જાહેર થઇ. માણુસ મનની એકાગ્રતા કરે તો શું ન થાય? ચક્રેશ્વરીએ હર્ષથી કહ્યું કે, "હે તિલકમંજરી! ત્હારી બ્હેન સારી પેઠે છે. હે વત્સે! તું મનમાં ખેદ કરે છે તે છોડી દે, અને ભોજન કર. અશોકમંજરીની શુદ્ધિ એક માસમાં તને એની મેળે મળશે, અને તેજ વખતે દૈવયોગે તેનો અને ત્હારો મેળાપ પણ થશે. "મ્હારો મ્હારી બ્હેનની સાથે મેળાપ કયાં, કયારે અને કેવી રીતે થશે?" એમ જો તું પૂછતી હોય તો સાંભળ. વૃક્ષોની બહુ ભીડ હોવાને લીધે કાયર માણુસથી ઉલ્લંઘન ન કરી શકાય એવી એક મ્હોટી અટવી આ નગરીની પશ્ચિમ દિશાએ દૂર આવેલી છે. તે સમૃદ્ધ અટવીમાં કોઇ ઠેકાણે પણ રાજાનો હાથ પેસી શકતો નથી. તથા સૂર્યનાં કિરણુ પણ પ્રવેશ કરી શકતાં નથી. ત્યાંનાં (શિયાળીઆં) પણ અંતઃપુરમાં રહેલી રાણીઓની પેઠે સૂર્યને કોઇ કાળે જોઇ શકતાં નથી. ત્યાં જાણે સૂર્યનું વિમાન જ પૃથ્વી ઉપર ઉતર્યું ન હોય! એવું શ્રી રૂષભદેવ ભગવાનનું શોભીતું એક રત્નજડિત મ્હોટું મંદિર છે. આકાશમાં જેમ પૂર્ણ ચંદ્રમા શોભતો રહે છે, તેમ તે મંદિરમાં શ્રેષ્ઠ ચંદ્રકાંત મણિની જિનપ્રતિમા શોભે છે. વિધાતાએ કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ વગેરે વસ્તુથી મહિમાનો સાર લઇને તે પ્રતિમાં ઘડી કે શું કોણુ જાણે! હે તિલકમંજરી! તું તે પ્રશસ્ત અને અતિશયથી જાગતી પ્રતિમાની પૂજા કર, તેથી ત્હારી બ્હેનનો પત્તો મળશે અને મેળાપ પણ થશે. તેમજ તારૂં બીજું પણ સર્વ સારૂંજ થશે. દેવાધિદેવ જિનેશ્વર મહારાજની સેવાથી શું ન થાય? જો તું એમ કહીશ કે. "તે દૂર મંદિરે પૂજા કરવા દરરોજ હું શી રીતે જઉં? અને પાછી શી રીતે આવું?" તો હે સુંદરી! હું તેનો પણ ઉપાય કહું છું તે તું સાંભળ. કાર્યનો ઉપાય ગડબડમાં પૂરેપૂરો ન કહ્યો હોય તો કાર્ય સફળ થતું નથી. શંકરની પેઠે ગમે તે કાર્ય કરવા સમર્થ અને કહેલું ગમે તે કાર્ય કરવા તૈયાર એવો એક મ્હારો ચંદ્રચૂડ નામે સેવક દેવતા છે. જેમ બ્રહ્માના આદેશથી હંસ સરસ્વતીને લઇ જાય છે, તેમ મ્હારા આદેશથી તે દેવ મયૂરપક્ષીનું રૂપ કરીને તને વાંછિત જગ્યાએ લઇ જશે."

ચક્રેશ્વરી દેવીએ એમ કહેતાંની સાથે જ જાણે આકાશમાંથી જ પડયો કે શું? કોણુ જાણે. એવો મધુર કેકારવ કરનારો એક સુંદર પિંછાવાળો મયરપક્ષી કયાંકથી પ્રકટ થયો. જેની ગતિની કોઇ બરોબરી ન કરી શકે એવા તે દિવ્ય મયૂરપક્ષી ઉપર બેસીને તિલકમંજરી દેવીની પેઠે જિનમહારાજની પૂજા કરવા ક્ષણુમાત્રમાં આવે છે અને પાછી જાય છે. જ્યાં તિલકમંજરી આવે છે, તેજ આ મનને આનંદ ઉત્પન્ન કરનારી અટવી, તે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ મંદિર, તે જ હું તિલકમંજરી અને તે જ એ મ્હારો વિવેકી મયૂરપક્ષી છે. હે કુમાર ! આ મ્હારો વૃતાંત મેં તને કહ્યો. હે ભાગ્યશાળી ! હવે હું શુદ્ધ મનથી તને કાંઇક પૂછું છું. આજ એક માસ પૂરો થયો. હું દરરોજ અહિં આવું છું. મારવાડ દેશમાં જેમ ગંગા નદીનું નામ પણ ન મળે, તેમ મેં મ્હારી બ્હેનનું હજી સુધી નામ પણ સાંભળ્યું નહીં. હે જગતમાં શ્રેષ્ઠ ! હે કુમાર ! રૂપ વગેરેથી મ્હારા સરખી એવી કોઇ કન્યા જગતની અંદર ભ્રમણ કરતાં કોઇ સ્થળે ત્હારા જોવામાં આવી ? ”

તિલકમંજરીએ એવો પ્રશ્ન કર્યો ત્યારે રત્નસાર કુમારે વશ થયાની પેઠે મધુર સ્વરથી કહ્યું કે, “ બીક પામેલી હરણીની પેઠે ચંચળ નેત્રવાળી ત્રૈલોકયની અંદર રહેલી સર્વ સ્રીઓમાં શિરોમણી એવી હે તિલકમંજરી ! જગતમાં ભ્રમણ કરતાં મેં તદ્દન ત્હારા જેવી તો કયાંથી ? પરંતુ એક અંશથી પણ ત્હારા જેવી કન્યા જોઇ નહિ, અને જોવામાં આવશે પણ નહીં. કેમકે, જગતમાં જે વસ્તુ હોય, તે જ જોવામાં આવે, ન હોય તે કયાંથી આવે ? તથાપિ હે સુંદરી ! દિવ્ય દેહને ધારણ કરનારો, હિંડોળા ઉપર ચઢી બેઠેલો, શોભતી ભરજવાનીની અવસ્થામાં આવી પહોંચેલો, લક્ષ્મી દેવી સરખો મનોહર એવો એક તાપસકુમાર શબરસેના અટવીમાં મ્હારા જોવામાં આવ્યો. તે માત્ર વચનની મધુરતા, રૂપ, આકાર વગેરેથી ત્હારા જેવો જ હતો. મ્હોટા મનવાળી હે તિલકમંજરી ! તે તાપસ કુમારે સ્વાભાવિક પ્રેમથી જે મ્હારો આદરસત્કાર કર્યો, તે સર્વ વાતનો સ્વપ્ન માફક વિરહ થયો. એ વાત જયારે જયારે યાદ આવે છે ત્યારે ત્યારે મ્હારૂં મન હજી પણ કટકે કટકા થતું હોય, અથવા બળતું હોય એમ મને લાગે છે. તે તાપસ કુમારજ તું છે. અથવા તો તમારી બ્હેન હશે, એમ મને લાગે છે; કેમ કે, દૈવની ગતિ મુખથી કહી ન શકાય એવી હોય છે. ” કુમાર એમ કહે છે એટલામાં બોલવામાં ચતુર એવો પોપટ કલકલ શબ્દ કરી કહેવા લાગ્યો કે, “ હે કુમાર ! એ વાત પહેલેથી જ મેં જાણી હતી. અને તને કહી પણ હતી. હું નિશ્ચયથી કહું છું કે તે તાપસકુમાર ખરેખર કન્યા જ છે છે અને તે પણ એની બ્હેન જ છે. મ્હારી સમજ પ્રમાણે માસ પૂર્ણ થયો છે, તેથી આજ કોઇ પણ રીતે તેનો મેળાપ થશે. ” તિલકમંજરીએ પોપટના એવા વચન સાંભળી કહ્યું કે, “ હે શુક !! જગતમાં સારભૂત એવી મ્હારી બ્હેનને જો હું આજે જોઇશ, તો હું નિમિત્તના જાણ એવા ત્હારી કમળવડે પૂજા કરીશ. ”

આ રીતે તિલકમંજરીએ અને કુમારે પણ આદરથી “ હે ચતુર બહુ સારૂં વચન કહ્યું ” આ પ્રમાણે તે પોપટના વખાણ કર્યા. એટલામાં મધુર શબ્દ કરનારા નૂપુરથી શોભતી, જાણે આકાશમાંથી ચંદ્રમંડળી જ પડતી ન હોય ! એવી ભ્રાંતિ ઉત્પન્ન કરનારી, અતિશય લાંબો આકાશપંથ કાપવાથી થાકી ગએલી તથા બીજી હંસીઓ અદેખાઇથી, હંસો અનુરાગ દૃષ્ટિથી અને કુમાર વગેરે લોકો આશ્ચર્યથી તથા પ્રીતિથી જેની તરફ જોતા રહ્યા છે, એવી એક દિવ્ય હંસી રત્નસાર કુમારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખોળામાં પડી આળોટવા લાગી, અને ઘણી પ્રીતિથી જ કે શું ? કુમારના મોં તરફ ન જોતા તથા ભયથી ધ્રૂજતી છતાં મનુષ્ય ભાષાએ બોલવા લાગી. "સત્ત્વશાળી લોકોની પંક્તિમાં માણિક્યરત્ન સમાન, શરણે આવેલા જીવો ઉપર દયા કરનાર અને તેમની રક્ષા કરનાર એવા હે કુમાર ! તું મારી રક્ષા કર. શરણની અર્થી એવી હું શરણે જવા યોગ્ય એવા ત્હારા શરણે આવી છું. કેમકે, મ્હોટા પુરુષો શરણે આવેલા લોકોને વજ્રના પાંજરા સમાન છે. કોઇ વખતે અથવા કોઈ સ્થળે પવન સ્થિર થાય, પર્વત હાલે, જળ તપાવ્યા વગર સ્વાભાવિક રીતે અગ્નિની માફક બળવા લાગે, અગ્નિ બરફ સરખો શીતળ થાય, પરમાણુનો મેરુ થાય, મેરુનો પરમાણુ થાય, આકાશમાં અદ્ધર કમળ ઊગે, તથા ગર્દભને શીંગડાં આવે, તથાપિ ધીર પુરુષો શરણે આવેલા જીવને કલ્પાંત થયે પણ છોડતા નથી. ધીર પુરુષો શરણે આવેલા જીવોની રક્ષા કરવાના માટે વિશાલ રાજ્યને રજકણ જેવા ગણે છે, ધનનો નાશ કરે છે, અને પ્રાણને પણ તણખલા જેવો ગણે છે." પછી રત્નસાર કુમાર કમળ સરખા કોમળ એવા તે હંસીના પિચ્છ ઉપર હાથ ફેરવી કહેવા લાગ્યો. "હે હંસિ ! બીકણની માફક મનમાં બીક ન રાખ. કોઇ મનુષ્યોનો રાજા, વિદ્યાધરોનો રાજા, તથા વૈમાનિક દેવતાનો અથવા ભવનપતિનો ઇંદ્ર પણ મ્હારા ખોળામાં બેઠેલી તને હરણ કરવા સમર્થ નથી. હે હંસિ ! મ્હારા ખોળામાં બેઠી છતાં ધ્રૂજનારી તું શેષનાગની કાંચળી જેવા સફેદ એવા પોતાના પિચ્છના જોડાને કેમ ધ્રૂજાવે છે ?" એમ કહી દયાળુ રત્નસાર કુમારે આકુળવ્યાકુળ થએલી હંસીને સરોવરમાંથી નિર્મળ જળ અને સરસ કમળતંતુ મંગાવી આપીને સંતુષ્ટ કરી.

આ કોણ છે ? ક્યાંથી આવી ? કોનાથી ભય પામી ? અને મનુષ્ય વાણીથી શી રીતે બોલે છે ? એવો સંશય કુમાર વગેરે લોકોના મનમાં આવે છે, એટલામાં શત્રુનાં ક્રોડો સુભટોનાં ભયંકર વચન તેમને કાને પડ્યાં. તે એવી રીતે કે-"કોણ ત્રૈલોક્યનો અંત કરનારા યમને કોપાવે ? કોણ પોતાના જીવિતની દરકાર ન રાખતાં શેષનાગના મસ્તકે રહેલા મણિને સ્પર્શ કરે ? તથા કોણ પ્રલય કાળના અગ્નિની જ્વાળાઓમાં વગર વિચારે પ્રવેશ કરે ?" એવાં વચન સાંભળતાં જ ચતુર પોપટના મનમાં શંકા આવી, અને તે શીઘ્ર મંદિરના દ્વારમાં આવી શું બનાવ બને છે, તે જોવા લાગ્યો. એટલામાં ગંગા નદીના પૂરની માફક આકાશમાર્ગે આવતી વિદ્યાધર રાજાની ઘણી શૂરવીર સેના તેના જોવામાં આવી. તીર્થના પ્રભાવથી, કાંઇ દૈવિક પ્રભાવથી, ભાગ્યશાળી રત્નસારના આશ્ચર્યકારી ભાગ્યથી અથવા રત્નસારના પરિચયથી કોણ જાણે કયા કારણથી પોપટ શૂરવીર પુરુષોનું વ્રત પાળવામાં અગ્રેસર થયો. તેણે ગંભીર અને ઉચ્ચ સ્વરથી શત્રુની સેનાને હોંકારો કરીને કહ્યું કે, "અરે વિદ્યાધર સુભટો ! દુષ્ટ બુદ્ધિથી ક્યાં દોડો છો ? દેવતાથી પણ ન જીતાય એવો કુમાર આગળ બેઠો છે તેને નથી જોતા ? સુવર્ણ સરખી તેજસ્વી કાયાને ધારણ કરનાર એ કુમાર જેમ ગરૂડ ચારે તરફ દોડનારા સર્પનો મદ ઉતારે છે, તેમ મદોન્મત્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા તમારો અહંકાર ક્ષણમાત્રમાં ઉતારશે. આ કુમારને જો ક્રોધ ચઢશે તો યુદ્ધની વાર્ત્તા તો દૂર રહી! પણ તમને નાસતાં નાસતાં પણ ભૂમિનો છેડો નહીં આવે." વિદ્યાધરના સુભટો વીરપુરુષ સરખો પોપટનો એવો હોંકારો સાંભળીને વિલખા થયા, આશ્ચર્ય પામ્યા, ડરી ગયા, અને મનમાં વિચારવા લાગ્યા કે, "એ કોઇ દેવતા અથવા ભવનપતિ પોપટના રૂપે બેઠો છે. એમ ન હોય તો એ આ રીતે વિદ્યાધરોને પણ હોંકારથી શી રીતે બોલાવે? આગળ રહેલો કુમાર કેવો ભયંકર છે? કોણ જાણે આજ સુધી વિદ્યાધરોના ઘણા સિંહનાદ પણ અમે સહન કર્યાં છે. એમ છતાં આજ આ એક પોપટનો તુચ્છ હોંકારો અમારાથી કેમ સહન કરાતો નથી? વિદ્યાધરોને પણ ભય ઉત્પન્ન કરે એવો જેનો પોપટ પણ શૂરવીર છે, તો આગળ રહેલો કુમાર કોણ જાણે કેવો હશે? યુદ્ધ કરવામાં નિપુણ હોય તો પણ અજાણ્યાની સાથે કોણ યુદ્ધ કરે! કાંઇ તરવાનો અહંકાર રાખતો હોય તો પણ તે પાર વિનાના સમુદ્રને તરી શકે કે શું?"

બીક પામેલા, આકુળવ્યાકુળ થએલા અને પરાક્રમથી ભ્રષ્ટ થએલા સર્વે વિદ્યાધરના સુભટો પોપટનો હોંકારો સાંભળતાં જ ઉપર પ્રમાણે વિચારી શિયાળિયાની માફક એકદમ ભાગી ગયા! જેમ બાળકો પિતા પાસે જઇને કહે, તેમ તે સુભટોએ પોતાના રાજા પાસે જઇ યથાર્થ વાત હતી તે કહી. ઠીક જ છે, પોતાના સ્વામી આગળ કાંઇ ગુપ્ત રખાય? સુભટોનું વચન સાંભળતાં જ વિદ્યાધર રાજાનાં નેત્ર રોષથી રક્તવર્ણ થયાં, અને વિજળીની પેઠે આમતેમ ચમકારો મારવા લાગ્યાં, અને તેનું મુખ લલાટ ઉપર ચઢાવેલ ભ્રમરથી ભયંકર દેખાવા લાગ્યું. પછી સિંહ સરખા બલિષ્ટ અને કીર્તિમાન તે રાજાએ કહ્યું કે; "અરે સુભટો! શૂરવીરતાનો અહંકાર ધારણ કરનારા પણ ખરેખર જોતાં કાયર અને વગર કારણે ડર રાખનારા તમને ધિક્કાર થાઓ! પોપટ, કુમાર અથવા બીજો કોઇ દેવતા કે ભવનપતિ તે શું? અરે રાંક સુભટો! તમે હવે મ્હારૂં પરાક્રમ જોતા રહો." આ રીતે ઉચ્ચ સ્વરથી ધિક્કારયુક્ત વચન કહી વિદ્યાધર રાજાએ દશ મુખવાળું અને વીશ હાથવાળું રૂપ પ્રગટ કર્યું. એક જમણા હાથમાં શત્રુના બખતરને સહજમાં કાપી નાંખનાર ખડ્ગ, અને એક ડાબા હાથમાં ઢાલ, એક હાથમાં મણિધર સર્પ સરખો બાણનો સમુદાય અને બીજા હાથમાં યમના બાહુદંડની માફક ભય ઉત્પન્ન કરનારૂં ધનુષ્ય, એક હાથમાં જાણે પોતાનો મૂર્તિમંત યશ જ ન હોય! એવો ગંભીર સ્વરવાળો શંખ અને બીજા હાથમાં શત્રુના યશરૂપ નામને બંધનમાં નાંખનારો નાગપાસ, એક હાથમાં યમરૂપ હાથીના દંત સરખો શત્રુનો નાશ કરનાર ભાલો અને બીજા હાથમાં શત્રુથી દેખી ન શકાય એવી ફરસી, એક હાથમાં પર્વત સરખો મ્હોટો મુદ્ગર અને બીજા હાથમાં ભયંકર પત્રપાળ, એક હાથમાં બળતી કાંતિવાળો ભિંદિપાળ, અને બીજા હાથમાં તીક્ષ્ણપણાથી જેની કોઇ બરોબરી ન કરી શકે એવું શલ્ય, એક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથમાં મ્હોટું ભયંકર તોમર અને બીજા હાથમાં શત્રુને શૂળ ઉત્પન્ન કરનારૂં ત્રિશૂળ, એક હાથમાં પ્રચંડ લોહદંડ અને બીજા હાથમાં મૂર્તિમંત પોતાની શક્તિ જ ન હોય ! એવી શક્તિ, એક હાથમાં શત્રુનો નાશ કરવામાં ઘણો નિપુણ એવો પટ્ટીશ અને બીજા હાથમાં કોઇ પણ રીતે ફૂટી ન શકે એવો દુસ્ફોટ, એક હાથમાં વૈરી લોકોને વિઘ્ન કરનારી શતઘ્ની અને બીજા હાથમાં પરચક્ર ને કાળચક્ર સમાન ચક્ર; આ રીતે વીસ હાથમાં અનુક્રમે વીસ આયુધો ધારણ કરી તે વિદ્યાધર રાજા જગતને ભય ઉત્પન્ન કરનારો થયો. તેવી જ રીતે એક મુખથી સાંઢ જેમ ત્રાટકાર શબ્દ કરે તેમ હોંકારો કરતો, બીજા મુખથી તોફાની સમુદ્રની પેઠે ગર્જના કરતો, ત્રીજા મુખથી સિંહ સરખો સિંહનાદ કરતો, ચોથા મુખથી અટ્ટહાસ્ય કરનાર પુરુષની માફક શત્રુને ભય પેદા કરનારું અટ્ટહાસ્ય કરતો, પાંચમા મુખથી વાસુદેવની માફક મ્હોટો શંખ વગાડતો, છઠ્ઠા મુખથી મંત્રસાધક પુરુષની પેઠે દિવ્ય મંત્રોનો જાપ કરતો, સાતમા મુખથી મ્હોટો વાનરો જેમ બુક્કારવ કરે છે, તેમ બુક્કારવ કરતો, આઠમા મુખથી પિશાચની પેઠે ઉચ્ચ સ્વરે ભયંકર કિલકિલ શબ્દ કરતો, નવમા મુખથી ગુરૂ જેમ કુશિષ્યોને તર્જના કરે છે, તેમ પોતાની સેનાને તર્જના કરતો, તથા દશમા મુખથી વાદી જેમ પ્રતિવાદીનો તિરસ્કાર કરે, તેમ રત્નસાર કુમારનો તિરસ્કાર કરતો એવો તે વિદ્યાધર રાજા જૂદી જૂદી ચેષ્ટા કરનારાં દશ મુખથી જાણે દશે દિશાઓને સમકાળે ભક્ષણ કરવા જ તૈયાર ન થયો હોય ! એવો દેખાતો હતો. એક જમણી અને એક ડાબી એવી બે આંખોવડે પોતાની સેના તરફ અવજ્ઞાથી અને ધિક્કારથી જોતો, બે આંખવડે પોતાની વીસ ભુજાઓને અહંકારથી અને ઉત્સાહથી જોતો, બે આંખવડે પોતાના આયુધોને હર્ષથી અને ઉત્કર્ષથી જોતો, બે આંખવડે પોપટને આક્ષેપથી અને દયાથી જોતો, બે આંખવડે હંસી તરફ પ્રેમથી અને સમજાવટથી જોતો, બે આંખવડે તિલકમંજરી તરફ અભિલાષથી અને ઉત્સુકતાથી જોતો, બે આંખવડે મયૂરપક્ષી તરફ ઇચ્છાથી અને કૌતુકથી જોતો, બે આંખવડે જિનેશ્વર ભગવાનની પ્રતિમા તરફ ઉલ્લાસથી અને ભક્તિથી જોતો, બે આંખવડે કુમારને અદેખાઇથી અને રોષથી જોતો, બે આંખવડે કુમારના તેજ તરફ ભયથી અને આશ્ચર્યથી જોતો એવો તે વિદ્યાધર રાજા પોતાની વીસ ભુજાની હરિફાઇથી જ કે શું ! પોતાની વીસ આંખવડે ઉપર કહ્યા મુજબ જૂદા જૂદા વીસ મનોવિકાર પેદા કરતો હતો. પછી તે વિદ્યાધર રાજા યમની માફક કોઇને વશ ન થાય એવો, પ્રલય કાળની પેઠે કોઇથી ન ખમાય એવો અને ઉત્પાતની પેઠે જગતને ક્ષોભ ઉત્પન્ન કરનાર એવો થઇ આકાશમાં ઉછળ્યો. વાનર સરખો પોપટ ભયંકરમાં ભયંકર અને જોઇ ન શકાય એવા સાક્ષાત્ રાવણ સરખા વિદ્યાધર રાજાને જોઇને શીઘ્ર બીક પામ્યો.

ઠીક જ છે, તેવા ક્રૂર સ્વરૂપ આગલ કોણ સામો ઊભો રહે ? કોણ પુરૂષ દાવાગ્નિની બળતી જ્વાલાને પીવા ઇચ્છે ? હશે, બીક પામેલો પોપટ શ્રીરામ સરખા રત્નસાર કુમાર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ને શરણે ગયો. તેવો ભય આવે બીજો કોણુ શરણ લેવા યોગ્ય છે ? પછી વિદ્યાધર રાજાએ આ રીતે હોંકારા કરી બોલાવ્યો. “ અરે કુમાર ! છેટે ચાલ્યો જા, નહિ તો હમણાં નાશ પામીશ. અરે દુષ્ટ ! નિર્લજ્જ ! અમર્યાદ ! નિરંકુશ ! તું મારા જીવિતનું સર્વસ્વ એવી હંસીને ખોળામાં લઇને બેઠો છે ? અરે ! તને બિલકુલ કોઇની બીક કે શંકા નથી ? જેથી તું મ્હારા આગળ હજી ઊભો છે. હે મૂર્ખ ! હમેશાં દુ:ખી જીવની માફક તું તરત જ મરણને શરણ થઇશ. ”

આ પ્રમાણે વિદ્યાધર રાજા તિરસ્કાર વચન બોલી રહ્યો, ત્યારે પોપટ શંકાથી, મયૂરપક્ષી કૌતુકથી, કમળ સમા નેત્ર ધારણ કરનારી તિલકમંજરી ત્રાસથી અને હંસી સંશયથી કુમારના મુખ તરફ નીહાળતી હતી. એટલામાં કુમારે કિંચિત હાસ્ય કરીને કહ્યું. “ અરે ! તું વગર પ્રયોજને કેમ બ્હીવરાવે છે ? એ બ્હીવરાવવું કોઇ બાળક આગળ ચાલશે, પણ શૂરવીર આગળ નહિ ચાલે. બીજા પક્ષીઓ તાળી વગાડવાથી ડરે છે, પરંતુ પડહ વાગે તો પણ ધીઠાઇ રાખનારો મઠમાંનો કપોતપક્ષી બિલકુલ નહીં બીએ. એ શરણે આવેલી હંસીને કલ્પાંત થાય તો પણ હું નહીં મૂકી દઉં. એમ છતાં સાપના માથામાં રહેલા મણિની પેઠે તું એની ઇચ્છા કરે છે માટે તને ધિક્કાર થાઓ. અરે ! એની આશા છોડીને તું શીઘ્ર અહિંથી દૂર થા. નહીં તો હું ત્હારા દશ મસ્તકથી દસ દિકપાળોને બળી આપીશ. ”

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

એટલામાં રત્નસાર કુમારને પોતે સહાય્ય કરવાની ઇચ્છા કરનારા ચંદ્રચૂડ દેવતાએ મયૂરપક્ષીનું રૂપ મૂકી શીઘ્ર પોતાનું દેવતાઇ રૂપ લીધું, અને હાથમાં જાતજાતનાં આયુધ ધારણ કરીને જાણે કુમારે બોલાવ્યો જ ન હોય ! તેમ કુમારની પાસે આવ્યો. પૂર્વભવે કરેલા પુણ્યોની બલિહારી છે ! પછી ચંદ્રચૂડે કુમારને કહ્યું કે, “ હે કુમાર ! તું ત્હારી મરજી પ્રમાણે લડાઇ કર, હું તને હથિયાર પૂરાં પાડું, અને ત્હારા શત્રુના ચૂરેચૂરા કરી નાંખું. ” ચંદ્રચૂડનું એવું વચન સાંભળી લોઢાનું કવચ તથા કુબેરનો પક્ષ મળવાથી તક્ષકાદિકની માફક કુમાર બમણો ઉત્સાહ પામ્યો, અને તિલકમંજરીના હાથમાં હંસીને આપી પોતે તેયાર થઇ વિષ્ણુ જેમ ગરૂડ ઉપર ચઢે છે તેમ સમરાંધકાર અશ્વ ઉપર ચઢયો ત્યારે ચંદ્રચૂડે શીઘ્ર એકાદ ચાકરની માફક કુમારને ગાંડીવને તુચ્છ કરનારૂં ધનુષ્ય અને બાણનાં ભાથાં આપ્યાં. તે વખતે રત્નસાર કુમાર દેદીપ્યમાન કાળની માફક પ્રચંડ ભુજાદંડને વિષે ધારણ કરેલા ધનુષ્યોના મ્હોટો ટંકાર શબ્દ કરતો આગળ આવ્યો. પછી બન્ને મહાન યોદ્ધાઓએ ધનુષ્યના ટંકારથી દશે દિશાઓને બ્હેરી કરી નાંખે એવું બાણયુદ્ધ ચલાવ્યું. બન્ને જણા ચાલાક હસ્તવાળા હોવાથી તેમનું બાણનું ભાથામાંથી કાઢવું, ધનુષ્યે જોડવું અને છોડવું દક્ષ પુરૂષોથી પણ દેખાયું નહીં. માત્ર બાણની વૃષ્ટિ એક સરખી થતી હતી તે પોપટ વગેરે સર્વના જોવામાં આવી.

ઠીક જ છે. જળથી ભરેલો નવો મેઘ વૃષ્ટિ કરે, ત્યારે વૃષ્ટિની ધારાનો પૂર્વાપર ક્રમ કયાંથી જણાય? બાણ ફેંકવામાં સ્વાભાવિક હસ્તચાતુર્ય ધારણ કરનારા અને કોઇ કાળે પણ આકુળવ્યાકુળ ન થાય એવા તે બન્ને વીરોનાં બાણ જ માંહોમાંહે એક બીજાને પ્રહાર કરતાં હતાં, પરંતુ તેમને શરીરે એક પણ બાણ લાગ્યું નહીં. ઘણો ક્રોધ પામેલા તે બન્ને મહાયોદ્ધાઓનું ઘણા કાળ સુધી સેલ્લ, બાવલ્લ, તીરી, તોમર, તબલ, અર્ધચંદ્ર, અર્ધનારાચ, નારાચ વગેરે–જાતજાતનાં તીક્ષ્ણ બાણોથી યુદ્ધ ચાલ્યું. સંગ્રામ કરવામાં કુશળ એવા તે બન્ને જણા ઘણો કાળ સંગ્રામ થયો તો પણ થાકયા નહીં. સરખે સરખા બે જબ્બર જુગારી હોય તો તેમનામાં માંહોમાંહે કોણ કોને જીતે? તેનો જેમ સંશય રહે છે, તેમ તે બંને જણામાં કોણ જીતશે? તેનો સંશય રહ્યો. ઠીક જ છે, એક વિદ્યાના બળથી અને બીજો દેવતાના બળથી બલિષ્ઠ થએલા, વાલિ અને રાવણ સરખા તે બન્ને યોદ્ધાઓમાં કોનો જય થાય, તે શીઘ્ર શી રીતે નક્કી કરાય? સારી નીતિથી ઉપાર્જન કરેલું ધન જેમ વખત જતાં ચઢતી દશામાં આવે છે, તેમ નીતિનું અને ધર્મનું બળ ઘણું હોવાથી રત્નસાર કુમારનો અનુક્રમે જય થયો. તેથી વિલખા થએલા વિદ્યાધર રાજાએ પોતાનો પરાજય થયો એમ જાણીને સંગ્રામ કરવાની સીધી રીતિ છોડી દીધી, અને તે પોતાની સર્વ શક્તિથી કુમાર ઉપર ધસી આવ્યો. વીસ ભુજાઓમાં ધારણ કરેલાં વિવિધ પ્રકારનાં શસ્ત્રોથી કુમારને પ્રહાર કરનારો તે વિદ્યાધર રાજા, સહસ્રાર્જુનની માફક કોઇથી ન ખમાય એવો થયો. મનમાં શુદ્ધ વિચાર રાખનારો રત્નસાર કુમાર " અન્યાયથી સંગ્રામ કરનાર કોઇપણ પુરુષની કોઇ કાળે જીત ન થાય " એમ ધારી ઘણો ઉત્સાહવંત થયો.

વિદ્યાધર રાજાએ કરેલા સર્વ પ્રહારથી અશ્વરત્નની ચાલાકીવડે પોતાનો બચાવ કરનારા કુમારે તુરતજ ક્ષુરપ્ર નામે બાણ હાથમાં લીધું. શસ્ત્રો શી રીતે તોડવાં? તેનો મર્મ જાણનાર કુમારે, અસ્ત્રાવડે જેમ વાળ કાપે તેમ તેના સર્વ શસ્ત્રો તોડી નાંખ્યાં. પછી કુમારે સંગ્રામમાં એક બારીક અર્ધચંદ્ર બાણવડે વિદ્યાધર રાજાના ધનુષ્યના પણ શીઘ્ર બે કટકા કર્યા. અને બીજા અર્ધચંદ્ર બાણવડે કોઇથી ન ભેદાય એવા વિદ્યાધર રાજાની છાતીમાં પ્રહાર કર્યો. ઘણું અજાયબ છે કે, એક વણિક્કુમારમાં પણ એવું અલૌકિક પરાક્રમ હતું. લાખના રસ સરખો લોહીનો ઝરનારો અને છાતીમાં થએલા પ્રહારથી દુઃખી થએલો વિદ્યાધર રાજા હથિયાર વિનાનો હોવાથી પાનખર ઋતુમાં પાંદડાં વિનાના થએલા પીપળાના ઝાડ જેવો થયો. વિદ્યાધર રાજા તેવી સ્થિતિમાં હતો, તો પણ ક્રોધાંધ થઇ તેણે વેગ બહુ હોવાને લીધે કોઇથી પકડાય નહીં એવાં અનેક જાતનાં રૂપ બહુરૂપિણી વિદ્યાવડે કર્યાં. વિદ્યાધર રાજાએ આકાશમાં પ્રકટ કરેલાં તે લાખો રૂપો પવનના તોફાનની માફક સંપૂર્ણ જગતને ભયકારી થયાં. તે સમયે પ્રલયકાળનાં ભયંકર વાદળાં સરખાં તે રૂપોથી સર્વ પ્રદેશ રોકાયલો હોવાથી આકાશ ન જોવાય એવું ભયંકર થયું. રત્નસાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારે જ્યાં જ્યાં પોતાની નજર ફેરવી, ત્યાં ત્યાં ભયંકર ભુજાના સમુદાયથી ન જોવાય એવો વિદ્યાધર રાજા જ તેના જોવામાં આવ્યો. એટલું થયું તો પણ કુમારને અજાયબ ન લાગ્યું, અને કિંચિત્માત્ર પણ ભય ન લાગ્યો. ધીર પુરુષો કલ્પાંતકાળ આવી પડે તો પણ કાયર થતા નથી.

પછી કુમારે નિશાન કર્યા વિના ચારે તરફ બાણની વૃષ્ટિ શરૂ કરી. ઠીક જ છે, સંકટનો વખત આવે ધીર પુરુષો અધિક પરાક્રમ પ્રકટ કરે છે. કુમારને ભયંકર સંકટમાં સપડાયલો જોઇને ચંદ્રચૂડ દેવતા હાથમાં મ્હોટો મુદ્ગર લઇ વિદ્યાધર રાજાને પ્રહાર કરવા ઊઠ્યો. હાથમાં ગદા ધારણ કરનાર ભીમસેનની માફક ભયંકર સ્વરૂપ ધારણ કરીને આવતા ચંદ્રચૂડને જોઇ દુઃશાસન સરખો વિદ્યાધર રાજા શીઘ્ર ક્ષોભ પામ્યો. તથાપિ તે ઘણું ધૈર્ય પકડી પોતાના સર્વ રૂપથી, સર્વ ભુજાઓથી, સર્વ શક્તિથી અને બધી તરફથી દેવતાને પ્રહાર કરવા લાગ્યો. દેવતાની શક્તિ અચિંત્ય અને કુમારનું ભાગ્ય અદ્ભુત હોવાથી ચંદ્રચૂડ ઉપર થયેલા શત્રુના સર્વે પ્રહાર, કૃતઘ્ન માણસ ઉપર કરેલા ઉપકારની માફક નિષ્ફળ ગયા. જેમ ઇંદ્ર વજ્રવડે પર્વતને તોડી પાડે, તેમ ક્રોધથી દુર્ધર થએલા ચંદ્રચૂડે મુદ્ગરવડે વિદ્યાધર રાજાના મુખ્ય સ્વરૂપ ઉપર પ્રહાર કર્યો. ચંદ્રચૂડે પોતાની સર્વ શક્તિથી વિદ્યાધર રાજા ઉપર પ્રહાર કર્યો ત્યારે કાયર માણસના પ્રાણ નીકળી જાય એવો ભયંકર અવાજ થયો. વિદ્યાબળથી અહંકારી થએલા, ત્રૈલોક્યને જીતવાની સત્તા રાખનારા એવા વાસુદેવ જેવા વિદ્યાધર રાજાનું વજ્ર સરખું મજબૂત માથું તે પ્રહારથી છેદાયું નહિ. તથાપિ તેની બહુરૂપ ધારણ કરનારી મહોવિદ્યા ભય પામીનેજ કે શું ! કાગડાની પેઠે શીઘ્ર નાસી ગઇ. દેવતાનું સહાય્ય આશ્ચર્યકારી હોય એમાં શક નથી.

"આ કુમાર સ્વભાવથી જ શત્રુઓને રાક્ષસ સરખો ભયંકર લાગતો હતો, અને તેમાં અગ્નિને સહાય્યકારી જેમ વાયુ મળે, તેમ તેને જેનો પરાભવ ન કરાય એવો દેવતા સહાય્યકારી મળ્યો." એમ વિચારી બીકણની માફક વિદ્યાધર રાજા નાસી ગયો. કહ્યું છે કે–જે ભાગે તે જીવે. પાયદળનો સ્વામી તે વિદ્યાધર રાજા પોતાની ભાગી ગએલી ઇષ્ટ વિદ્યાને જોવાને અર્થે તેની પાછળ શીઘ્ર વેગથી દોડતો ગયો. સંનિયોગ શિષ્ટ ( પરસ્પર સંયોગથી બની ગએલાં ) બે કાર્યોમાં જેમ એકનો નાશ થવાથી બીજાનો પણ નાશ થાય છે, તેમ વિદ્યાનો લોપ થતાં જ વિદ્યાધર રાજાનો પણ લોપ થયો. સુકુમાર કુમાર ક્યાં ? અને કઠોર વિદ્યાધર ક્યાં ? તથાપિ કુમારે વિદ્યાધરને જીત્યો. એનું કારણ કે, જ્યાં ધર્મ હોય, ત્યાં જય છે. વિદ્યાધર રાજાના સેવક જે વિદ્યાધરો હતા, તે પણ તેની સાથે જ નાસી ગયા ! ઠીક જ છે, દીવો બુઝાઇ ગયા પછી તેનો પ્રકાશ પાછળ શું રહે ? જેમ રાજા સેવકની સાથે મહેલમાં આવે, તેમ કુમાર દુર્જય શત્રુને જીતવાથી ઉત્કર્ષ પામેલા દેવતાની સાથે મહેલમાં આવ્યો. અતિશય ચમત્કાર

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન કરનારૂં કુમારનું એવું ચરિત્ર જોઇને તિલકમંજરી હર્ષથી વિકસ્વર થએલી રોમરાજીને ધારણ કરતી છતી મનમાં વિચાર કરવા લાગી કે, " ત્રણે લોકમાં શ્રેષ્ઠ એવો એ તરૂણ કુમાર પુરૂષમાં એક રત્ન છે, માટે ભાગ્યથી જો મ્હારી બ્હેન હમણાં મળે તો એવા ભર્થારનો લાભ થાય." એમ વિચારી મનમાં ઉત્સુકતા, લજ્જા અને ચિંતા ધારણ કરનારી તિલકમંજરી પાસેથી કુમારે બાળકની માફક હંસીને ઉપાડી લીધી, અને તેથી હંસી કહે છે કે:—" ધીર પુરૂષોમાં અગ્રેસર, કાર્યભાર ચલાવવા સમર્થ, વીર પુરૂષોની ગણતરીમાં મુખ્ય એવા હે કુમારરાજ ! તું ચિરકાળ જીવતો અને જયવંતો રહે. હે ક્ષમાશીળ કુમાર ! દીન, રાંક, અતિશય બીકણ અને અકાર્ય એવી મેં મ્હારે માટે તને ઘણો ખેદ આપ્યો, તેની ક્ષમા કર. ખરેખર જોતાં વિદ્યાધર રાજા જેવો મ્હારા ઉપર ઉપકાર કરનારો બીજો કોઇ નથી. કેમકે, જેની બીકથી હું અનંત પુણ્યોથી પણ ન મળી શકે એવા ત્હારા ખોળામાં આવીને બેઠી. ધનવાન પુરૂષના પ્રસાદથી જેમ નિર્ધન પુરૂષ સુખી થાય છે, તેમ અમારા જેવા પરાધીન અને દુ:ખી જીવ ત્હારા યોગથી ચિરકાળ સુખી થાઓ." કુમારે કહ્યું. " મીઠું બોલનારી હે હંસી ! તું કોણ છે ? વિદ્યાધરે તને શી રીતે હરણ કરી ? અને આ મનુષ્યની વાણી તું શી રીતે બોલે છે તે કહે." પછી તે ઉત્તમ હંસી કહેવા લાગી:—

" મ્હોટા જિનમંદિરથી શોભતા વૈતાઢય પર્વતના ઉચ્ચ શિખરને અલંકારભૂત એવા રથનૂપુરચક્રવાળ નામે નગરની રક્ષા કરનારો અને સ્ત્રીઓને વિષે આસક્ત એવો તરૂણીમૃગાંક નામે વિદ્યાધર રાજા છે. એક વખત તેણે આકાશમાર્ગે જતાં કનકપુરીમાં મનોવેધક અંગચેષ્ટા કરનારી અશોકમંજરી નામે રાજકન્યા જોઇ. સમુદ્ર ચંદ્રમાને જોતાં જ જેમ ખળભળે છે, તેમ હિંડોળા ઉપર ક્રીડા કરનારી સાક્ષાત્ દેવાંગના સરખી તે કન્યાને જોઇ વિદ્યાધર રાજા ક્ષોભ પામ્યો. પછી તેણે તોફાની પવન વિકુર્વીને હિંડોળા સાથે રાજકન્યાને હરણ કરી. અથવા પોતાની મતલબ સાધવા યથાશક્તિ કોણ પ્રયત્ન કરતો નથી ? વિદ્યાધર રાજાએ રાજકન્યાને હરણ કરી શબરસેના નામે મ્હોટી અટવીમાં મૂકી. ત્યાં તે હરિણીની પેઠે બીક પામવા લાગી, અને ટીટોડીની માફક આક્રંદ કરવા લાગી. વિદ્યાધર રાજાએ તેને કહ્યું " હે સુંદર સ્ત્રી ! તું કેમ બીકથી ધ્રૂજે છે ? દિશાઓને વિષે નજર કેમ ફેંકે છે ? અને હે સુંદરિ ! આક્રંદ પણ કેમ કરે છે ? હું કોઇ બંદીખાનામાં રાખનારો કે પરસ્ત્રીલંપટ નથી, પણ ત્હારા પાર વિનાના ભાગ્યથી તને વશ થએલો એક વિદ્યાધર રાજા છું. હું ત્હારો દાસ થઇ ત્હારી પ્રાર્થના કરૂં છું માટે મ્હારી સાથે પાણિગ્રહણ કર, અને તમામ વિદ્યાધરોની તું સ્વામિની થા." " અગ્નિની માફક બીજાને ઉપદ્રવ કરનારા કામાંધ લોકો એવી દુષ્ટ અને અનિષ્ટ ચેષ્ટા કરીને પાણિગ્રહણ કરવા ઇચ્છે છે, એમને અતિશય ધિક્કાર થાઓ ! ! " મનમાં એવો વિચાર કરનારી અશોકમંજરીએ વિદ્યાધર રાજાને કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં. અનિષ્ટ

JAINSITE જૈન સાઈટ www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચેષ્ટા પ્રકટ દેખાતી હોય તે પુરૂષને કોણ સત્પુરૂષ મોઢે ના હા નો જવાબ સરખો આપે! "માતા પિતા તથા સ્વજનના વિરહથી હાલમાં એને નવું દુઃખ થયું છે, તથાપિ અનુક્રમે સુખેથી એ મ્હારી ઇચ્છા ફળીભૂત કરશે." મનમાં એવી આશા રાખીને વિદ્યાધર રાજાએ શાસ્ત્રી જેમ પોતાના શાસ્ત્રનું સ્મરણ કરે છે, તેમ પોતાનું સર્વ કામ પરિપૂર્ણ કરનારી સુંદર વિદ્યાને સંભારીને તેનું સ્મરણ કર્યું.

કન્યાનું સ્વરૂપ ગુપ્ત રાખવા માટે વિદ્યાના પ્રભાવથી તે વિદ્યાધર રાજાએ રાજકન્યાને નટની માફક એક તાપસ કુમારના સ્વરૂપમાં પ્રકટ કરી. જેનામાં બિલકુલ સત્ત્વ નથી, તથા બાળક જેવી બુદ્ધિવાળો એવો વિદ્યાધર રાજા કેટલીક વાર સુધી અશોકમંજરીને મનાવતો હતો. મનાવતાં તેણે જે આદરસત્કારનાં વચન કહ્યા, તે અશોકમંજરીને તિરસ્કારરૂપ લાગ્યા. બીજા સારા ઉપચાર કર્યા તે આપદાની પ્રાપ્તિ જેવા લાગ્યા અને પ્રેમપૂર્વક આલાપ કર્યા તે પાપની વાણી સરખા લાગ્યા. રાખમાં હોમ કરવો, જળના પ્રવાહમાં પેશાબ કરવો અથવા ખારી ભૂમિમાં વાવવું, સીંચવું, વગેરે જેમ નકામું છે, તેમ વિદ્યાધર રાજાના સર્વ મનાવવાના પ્રકાર અશોકમંજરીને વિષે નકામા થયા, તો પણ વિદ્યાધર રાજાએ મનાવવાના નિષ્ફળ પ્રકાર બંધ કર્યા નહીં. ચિત્તભ્રમ રોગવાળા પુરૂષની માફક કામી પુરૂષોનો દુરાગ્રહ કહી ન શકાય એવા હોય છે. તે પાપી વિદ્યાધર રાજા એક વખતે કાંઇ કાર્યને બહાને પોતાને શહેર ગયો. ત્યારે વેષધારી તાપસ કુમારે હિંડોળાની ક્રીડા કરતાં તને જોયો. તે તાપસ કુમાર ત્હારા ઉપર ભરૂસો રાખી, પોતાની હકીકત કહે છે, એટલામાં વિદ્યાધર રાજા ત્યાં આવી, પવન જેમ આકડાના કપાસને હરણ કરે છે, તેમ તેને હરણ કરી ગયો, અને મણિરત્નોથી દેદીપ્યમાન પોતાના દિવ્ય મંદિરમાં લઇ જઇ તેણે ક્રોધથી તેને કહ્યું કે, "અરે દેખાતી ભોળી! ખરેખર ચતુર! અને બોલવામાં ડાહી! એવી હે સ્ત્રી! તું કુમારની તથા બીજા કોઇની સાથે પ્રેમથી વાર્તાલાપ કરે છે, અને ત્હારા વશમાં પડેલા મને ઉત્તર સરખો પણ આપતી નથી! હજી મ્હારી વાત કબૂલ કર, દુરાગ્રહ મૂકી દે, નહીં તો દુઃખદાયી યમ સરખો હું ત્હારા ઉપર રૂષ્ટ થયો એમ સમજ."

એવું વચન સાંભળી, મનમાં ધૈર્ય પકડી અશોકમંજરીએ કહ્યું. "અરે વિદ્યાધર રાજા! છળબળથી શું લાભ થાય! છળવંત તથા બળવંત લોકોથી કદાચ રાજ્યઋદ્ધિ આદિ સધાય, પરંતુ કોઇ કાળે પણ છળબળથી પ્રેમ ન સધાય. બન્ને જણાનાં ચિત્ત પ્રસન્ન હોય તોજ ચિત્તરૂપ ભૂમિમાં પ્રેમરૂપ અંકુર ઉત્પન્ન થાય છે. જેમ ઘી વિના લાડવા બાંધવા, તેમ સ્નેહ વિનાનો સ્ત્રી પુરૂષોનો પ્રેમ શા કામનો? એવો સ્નેહ વિનાનો સંબંધ તો જંગલમાં બે લાકડાઓનો પણ માંહોમાંહે થાય છે, માટે મૂર્ખ વિના બીજો કોણ પુરૂષ સ્નેહ રહિત બીજા માણસની મનવાર કરે? સ્નેહનું સ્થાનક જોયા વિના દુરાગ્રહ પકડનારા મતિમંદ માણસને ધિક્કાર થાઓ."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંકુશ વિનાનો વિદ્યાધર રાજા અશોકમંજરીનાં એવાં વચન સાંભળી ઘણો રોષ પામ્યો અને મ્યાનમાંથી શીઘ્ર ખડ્ગ બહાર કાઢી કહેવા લાગ્યો કે, "અરેરે! હમણાં હું તને મારી નાંખું! મ્હારી પણ નિંદા કરે છે!" અશોકમંજરીએ કહ્યું, "અનિષ્ટ માણસની સાથે સંબંધ કરવા કરતાં મરવું એ મને વધુ પસંદ છે. જો મને છોડવાની ત્હારી ઈચ્છા ન હોય તો તું બીજો કાંઇ પણ વિચાર ન કરતાં અત્યારેજ મને મારી નાંખ."

પછી અશોકમંજરીના પુણ્યના ઉદયથી વિદ્યાધર રાજાના મનમાં વિચાર આવ્યો કે, "હાય હાય! ધિક્કાર થાઓ!! આ શું મેં દુષ્ટ બુદ્ધિનું કામ માંડયું? પોતાનું જીવિત જેના હાથમાં હોવાથી જે જીવિતની માલીક કહેવાય છે, તે પ્રિય સ્ત્રીને માટે કયો પુરૂષ ક્રોધથી એવું ઘાતકીપણાનું આચરણ કરે? શમોપચારથી જ સર્વ ઠેકાણે પ્રેમ ઉત્પન્ન થવાનો સંભવ છે. તેમાં પણ સ્ત્રીને વિષે એ નિયમ વિશેષે કરી લાગુ પડે છે. પાંચાળ નામે નીતિશાસ્ત્રના કર્તાએ કહ્યું છે કે—"સ્ત્રીઓની સાથે ઘણી સરળતાથી કામ લેવું." કૃપણનો સરદાર જેમ પોતાનું ધન ભંડારમાં રાખે છે, તેમ વિદ્યાધર રાજાએ એમ વિચારી, મનમાં ઉલ્લાસ લાવી પોતાનું ખડ્ગ પાછું શીઘ્ર મ્યાનમાં રાખ્યું; અને નવી સૃષ્ટિકર્તા જેવો થઇ કામકરી વિદ્યાથી અશોકમંજરીને મનુષ્યની ભાષા બોલનારી હંસી બનાવી. પછી માણિકયરત્નમય મજબૂત પાંજરામાં હંસીને રાખી તે પૂર્વની માફક આદરથી તેને સારી રીતે પ્રસન્ન કરતો રહ્યો. વિદ્યાધર રાજાની કમળા નામે સ્ત્રી હતી. તેના મનમાં કાંઇક શંકા આવી તેથી, તેણે સાવચેત રહી એક વખતે પોતાના ભર્થારને હંસીની સાથે ડહાપણથી ભરેલાં ચાટુ વચન બોલતાં પ્રકટપણે દીઠો. તે કમળા, મનમાં અદેખાઇ ઉત્પન્ન થવાથી સામું જોવાય નહીં એવી તથા મત્સર ઉત્પન્ન થવાથી કોઇથી મનાવી શકાય નહીં એવી થઇ. એમાં કાંઇ નવાઇ નથી; સ્ત્રીઓનો સ્વભાવ એવો જ હોય છે.

કમળાએ પોતાની સખી જેવી વિદ્યાની મદદથી હંસીનું વૃત્તાંત મૂળથી જાણ્યું, અને હૃદયમાં ખૂંચેલું શલ્ય જેમ કાઢે, તેમ તે હંસીને પાંજરામાંથી કાઢી છૂટી મૂકી. કમળાએ શોકયભાવથી હંસીને કાઢી મૂકી પણ તે જ હંસીને ભાગ્યયોગથી અનુકૂળ પડયું. નરકમાંથી બહાર નીકળવા પ્રમાણે તે વિદ્યાધર રાજાના ઘરમાંથી બહાર પડેલી હંસી શબરસેના અટવી તરફ ચાલી. પાછળ 'વિદ્યાધર આવશે' એવી બ્હીકથી ઘણી આકૂળવ્યાકૂળ થએલી હંસી ધનુષ્યથી છૂટેલા બાણની માફક વેગથી ગમન કરતાં થાકી ગઇ, અને પોતાના ભાગ્યોદયથી વિશ્રાંતિ લેવા અહિં ઉતરી. તેમજ કમળમાં જેમ સંતાઇ જાય, તેમ તને જોઇ ત્હારા ખોળામાં સંતાઇ ગઇ. હે કુમારરાજ! તે હંસી હું જ છું અને જે મ્હારી પાછળ આવ્યો, અને જેને તેં જીત્યો, તેજ હું કહું છું તે વિદ્યાધર છે."

તિલકમંજરી પોતાની બ્હેનની એવી હકીકત જાણી, બ્હેનના દુઃખથી દુઃખી થઇ ઘણો જ વિલાપ કરવા લાગી. સ્ત્રીઓની રીતિ એવી જ હોય છે. તિલકમંજરીએ કહ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હાય હાય! હે સ્વામિનિ! ભયની જાણે રાજધાનીજ ન હોય! એવી અટવીમાં એકલી તાપસપણામાં શી રીતે રહી? દૈવની વિચિત્ર ગતિને ધિક્કાર હોજો. બ્હેન! આજ સુધી સુખમાં રહેલી તેં દેવાંગનાએ જેમ તિર્યંચના ગર્ભમાં રહેવું, કોઇથી સહન ન કરાય એવો ઘણો દુઃખદાયક પંજરવાસ શી રીતે સહન કર્યો! હાય હાય! વડી બ્હેન! આ ભવમાંજ તને તિર્યંચપણું પ્રાપ્ત થયું! દૈવ નટની માફક સુપાત્રની પણ વિડંબના કરે છે માટે તને ધિક્કાર થાઓ! બ્હેન! પૂર્વભવે તેં કૌતુકથી કોઈને વિયોગ પડાવ્યો હશે અને મેં તે વાતની ઉપેક્ષા કરી હશે, તેનું આ કહી ન શકાય તેવું માઠું ફળ મળ્યું. હાય હાય! દુર્દૈવથી ઉત્પન્ન થએલું અથવા જાણે મૂર્તિમંત દુર્ભાગ્યજ ન હોય! એવું ત્હારૂં તિર્યંચપણું હવે શી રીતે દૂર થશે!" તિલકમંજરી એવો વિલાપ કરે છે એટલામાં સન્મિત્રની માફક ખેદ દૂર કરનાર ચંદ્રચૂડ દેવતાએ તે હંસી ઉપર જળ છાંટીને પોતાની શકિતથી તેને પૂર્વ પ્રમાણે કન્યા બનાવી. જાણે નવી સરસ્વતીજ ઉત્પન્ન થઇ કે શું! અથવા લક્ષ્મી જ સમુદ્રમાંથી નીકળી કે શું! એવી કુમાર વગેરેને ઘણો હર્ષ ઉત્પન્ન કરનારી કન્યા તે વખતે બહુ શોભવા લાગી. વિકસ્વર રોમરાજીના બહાનાથી જેમના શરીર ઉપર હર્ષના અંકુરો જ ઉત્પન્ન થયા ન હોય એવી તે બન્ને બ્હેનો ઉતાવળથી એક બીજીને આલિંગન કરી રહી. પ્રેમનો મહિમા એવોજ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પછી રત્નસાર કુમારે કૌતુકથી કહ્યું. "તિલકમંજરી! અમને આ કામમાં ઇનામ અવશ્ય મળવું જોઇએ. હે ચંદ્રમુખી! કહે, શું આપવા યોગ્ય છે? જે આપવા યોગ્ય હોય તુરત જ આપ. ધર્મની માફક ઔચિત્ય દાન વગેરે લેવામાં વિલંબ કોણ કરે? ઔચિત્યાદિ દાન, રૂણ ઉતારવું, હોડ ઠરાવેલો પગાર લેવો, ધર્મ કરવો અને રોગ તથા શત્રુનો ઉચ્છેદ કરવો હોય તો બિલકુલ વખત ન ગાળવો. ક્રોધનો જુસ્સો આવ્યો હોય, નદીના પૂરમાં પ્રવેશ કરવો હોય, કાંઇ પાપકર્મ કરવું હોય, અજીર્ણ ઉપર ભોજન કરવું હોય, તથા ભયવાળી જગ્યાએ જવું હોય તો વખત ગાળવો એ જ ઉત્તમ છે. એટલે આ બધાં વાનાં કરવાં હોય તો આજનું કાલ ઉપર મુલત્વી રાખવું."

કુમારનાં વિનોદવચન સાંભળી તિલકમંજરીના મનમાં લજ્જા ઉત્પન્ન થઇ, શરીરે કંપ છૂટયો, પરસેવો વળ્યો અને રોમરાજિ વિકસ્વર થઈ. સ્ત્રીઓની લીલા અને વિલાસ તેણે પ્રગટ કર્યા, તથા કામવિકારથી ઘણી પીડાઇ તો પણ તેણે ધૈર્ય પકડીને કહ્યું કે, "અમારા ઉપર સર્વ પ્રકારે ઉપકાર કરનારને હું સર્વસ્વ આપવા યોગ્ય છે એમ માનું છું માટે હે સ્વામિન્! હું આપને દાનનું એક આ બ્યાનું આપું છું. એમ આપ નક્કી જાણજો." એમ કહી ખુશી થયેલી તિલકમંજરીએ જાણે પોતાનું મૂર્તિમંત મન જ ન હોય! એવો મોતીનો મનોહર હાર કુમારના ગળામાં પહેરાવ્યો. ઇચ્છા વિનાના એવા કુમારે પણ તે

હાર ઘણા જ માનથી સ્વીકાર્યો. પોતાના ઇષ્ટ માણસે આપેલી વસ્તુ સ્વીકારવા પ્રેરણા કરનારી પ્રીતિ જ હોય છે. હવે, તિલકમંજરીએ શીઘ્ર પોપટની પણ પૂજા કરી. ઉત્તમ પુરુષોનું સાધારણ વચન પણ કોઇ જગ્યાએ મિથ્યા ન થાય. ઉચિત આચરણ કરવામાં નિપુણ એવા ચંદ્રચૂડે તે વખતે કહ્યું કે, “ હે કુમાર ! પહેલેથી જ તને હારા ભાગ્યે આપેલી બે કન્યાઓ હું હમણાં તને આપું છું, સારા કાર્યોમાં વિઘ્ન ઘણાં આવે છે, માટે તું પ્રથમથીજ મનમાં સ્વીકારેલી એ બન્ને કન્યાઓનું તુરત જ પાણિગ્રહણ કર. ”

ચંદ્રચૂડ દેવતા એમ કહી વર અને કન્યાઓને જાણે શોભાનો સમુદાય જ ન હોય ! એવા તિલકવૃક્ષના કુંજમાં પરણવાને માટે હર્ષથી લઇ ગયો. ચક્રેશ્વરી દેવીએ રૂપ ફેરવી શીઘ્ર ત્યાં જઇ મૂળથી છેડા સુધી એ સર્વ ઉત્તમ વૃત્તાંત પ્રથમથી જ જાણ્યું હતું, માટે વેગથી પવનને પણ જીતે એવા અતિશય મ્હોટા વિમાનમાં ઘણાં હર્ષથી બેઠી. તે વિમાન રત્નોની પહોળી ઘંટાઓથી ટંકાર શબ્દ કરતું હતું, રત્નમય શોભતી ઘુઘરીઓવડે શબ્દ કરનારી સેંકડો ધ્વજાઓ તે વિમાનને વિષે ફરકતી હતી. મનોહર માણિકય રત્નોવડે જડેલા તોરણથી તેને ઘણી શોભા આવી હતી. નૃત્યના, ગીતના અને વાજિંત્રના શબ્દથી તે વિમાનની પૂતળીઓ જાણે બોલતી જ ન હોય ! એવો ભાસ થતો હતો. પાર વિનાની પારિજાત વગેરે પુષ્પોની માળાઓ તેમાં ઠેકાણે ઠેકાણે ટંગાયલી હતી. હાર, અર્ધહાર વગેરેથી એક ઉત્તમ શોભા તેને આવી હતી, સુંદર ચામરો તેને વિષે ઉછળતાં હતાં, તેની રચનામાં બધી જાતનાં મણિરત્નો આવેલાં હોવાથી તે પોતાના પ્રકાશથી સાક્ષાત્ સૂર્યમંડળની માફક નીબિડ અંધકારને પણ કાપી નાંખતું હતું. એવા વિમાનમાં ચક્રેશ્વરી દેવી બેઠી, ત્યારે બીજી તેની બરાબરીની ઘણી દેવીઓ પોતપોતાના વિવિધ પ્રકારના વિમાનમાં બેસી તેની સાથે ચાલવા લાગી, અને બીજા ઘણા દેવતાઓ તેની સેવામાં તત્પર રહ્યા. આ રીતે ચક્રેશ્વરી દેવી તિલકવૃક્ષના કુંજમાં આવી પહોંચી. વર તથા કન્યાઓ ગોત્રદેવીની માફક તેને નમ્યાં. ત્યારે ચક્રેશ્વરીએ પતિ પુત્રવાળી વૃદ્ધ સ્ત્રી જેમ આશિષ આપે છે, તેમ વરને તથા કન્યાઓને આશીષ આપી કે:—“ હે વધૂવર ! તમે હમેશાં પ્રીતિથી સાથે રહો અને ચિરકાર સુખ ભોગવો. પુત્ર–પૌત્રાદિ સંતતિવડે તમારો જગત્માં ઉત્કર્ષ થાઓ. ”

પછી ઉચિત આચરણ કરવામાં ચતુર એવી ચક્રેશ્વરી દેવીએ પોતે અગ્રેસર થઇ ચોરી આદિ સર્વ વિવાહની સામગ્રી તૈયાર કરી, અને દેવાંગનાઓના ધવલ ગીતો પૂર્વક યથાવિધિ તેમનો વિવાહોત્સવ મ્હોટા આડંબરથી પૂર્ણ થયો. તે વખતે દેવાંગનાઓએ પોપટને વરના ન્હાનાભાઇ તરીકે માનીને તેના નામથી ધવલ ગીતો ગાયાં. મ્હોટા પુરુષોની સોબતનું ફળ એવું આશ્ચર્યકારી થાય છે. જેમનું વિવાહમંગળ સાક્ષાત્ ચક્રેશ્વરીએ કર્યું, તે કન્યાઓનો અને કુમારનો પુણ્યનો ઉદય અદ્ભુત છે. પછી ચક્રેશ્વરી દેવીએ બીજું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌધર્માવતંસક વિમાન જ ન હોય ! એવો સર્વ રત્નમય મહેલ ત્યાં બનાવીને તેમને રહેવાને અર્થે આપ્યો. વિવિધ પ્રકારની ક્રીડા કરવાનાં સારાં સ્થાનક જૂદાં જૂદાં કરેલાં હોવાથી મનોહર દેખાતો, સાત માળ હોવાથી સાત દ્વીપોની સાત લક્ષ્મીઓનું નિવાસ-સ્થાનજ ન હોય ! એવો જોવામાં આવતો, હજારો ઉત્કૃષ્ટ ગોખથી હજાર નેત્રવાળા ઇંદ્રજ ન હોય ! એવી શોભા ધારણ કરતો, મનનું આકર્ષણ કરનાર એવા ગોખથી વિંધ્યપર્વત સરખો દેખાતો, કોઇ સ્થળે કર્કેતન રત્નોના સમુદાય જડેલા હતા તેથી વિશાળ ગંગા નદી સરખો દેખાતો, કોઈ સ્થળે ઊંચી જાતનાં વૈડૂર્ય રત્નો જડેલાં હોવાથી યમુના નદીના જળ જેવો દેખાતો, કોઇ ભાગમાં પદ્મરાગ રત્નો જડેલાં હોવાથી સંધ્યાકાળના જેવો રક્તવર્ણ દેખાતો, કોઈ ઠેકાણે હરિત રત્ન જડેલાં હોવાથી લીલા ઘાસવાળી ભૂમિ સરખી મનોવેધક શોભા ધારણ કરતો, કોઈ સ્થળે આકાશ જેવા પારદર્શક સ્ફટિક રત્ન જડેલાં હોવાથી સ્થળ છતાં આકાશ છે એવી ભ્રાંતિ ઉત્પન્ન કરનારો, કોઈ સ્થળે સૂર્યકાંત મણિ જડેલા હોવાથી સૂર્યકિરણના સ્પર્શવડે ઉત્પન્ન થએલા અગ્નિને ધારણ કરતો, કોઇ સ્થળે ચંદ્રકાંતમણિ જડેલા હોવાથી ચંદ્રકિરણના સ્પર્શવડે અમૃતની વૃષ્ટિ કરનારો એવો તે મહેલ હતો.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

પુણ્યનો ઘણો ઉદય હોવાથી ચક્રેશ્વરી દેવીએ જેનું વાંછિત પૂર્ણ કર્યું છે એવો રત્નસાર કુમાર, બે સ્ત્રીઓની સાથે મહેલમાં એવું સર્વોત્કૃષ્ટ અને સર્વ પ્રકારનું વિષયસુખ ભોગવવા લાગ્યો કે, કેટલાક તપસ્વીઓ પણ પોતાની તપસ્યા વેચીને તે સુખની વાંછા કરતા રહ્યા. સર્વાર્થસિદ્ધ વૈમાનનું સુખ મનુષ્ય ભવમાં પામવું દુર્લભ છે, તથાપિ રત્નસાર કુમારે તે તીર્થની ભક્તિથી, દિવ્ય ઋદ્ધિના ભોગવવાથી અને બે સુંદર સ્ત્રીઓના લાભથી ચાલતા ભવમાં જ સર્વાર્થસિદ્ધપણું મેળવ્યું. ગોભદ્ર દેવતાએ શાલિભદ્રને પિતાના સંબંધથી સંપૂર્ણ ભોગ આપ્યા એમાં શું નવાઈ ! પણ એ ઘણી અજાયબ વાત છે કે, ચક્રેશ્વરીની સાથે કુમારનો માતા, પુત્ર વગેરે કોઇ જાતનો સંબંધ નહીં છતાં દેવીએ કુમારને વાંછિત ભોગ પરિપૂર્ણ આપ્યા. અથવા પૂર્વ ભવના પ્રબળ પુણ્યનો ઉદય હોય ત્યાં આશ્ચર્ય શું છે ! ભરત ચક્રવર્તીએ મનુષ્ય ભવમાં જ ગંગાદેવીની સાથે ચિરકાળ કામભોગ શું નથી ભોગવ્યા ?

એક વખતે ચંદ્રચૂડ દેવતાએ ચક્રેશ્વરીની આજ્ઞાથી કનકધ્વજ રાજાને વધૂ વરની શુભ વાર્તાની વધામણી આપી. ઘણા હર્ષવાળો કનકધ્વજ રાજા પુત્રીઓને જોવાની ઘણા કાળની ઉત્કંઠાએ તથા પુત્રીઓ ઉપર રહેલી ઘણી પ્રીતિએ શીઘ્ર પ્રેરણા કરવાને લીધે સાથે સેનાનો પરિવાર લઇ નીકળ્યો. થોડા દિવસમાં કનકધ્વજ રાજા અંતઃપુર, માંડલિક રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ વગેરે પરિવાર સહિત તથા સેના સહિત ત્યાં આવી પહોંચ્યો.

શ્રેષ્ઠ શિષ્યો જેમ ગુરૂને નમસ્કાર કરે છે, તેમ કુમાર, પોપટ, કન્યાઓ વગેરે લોકોએ શીઘ્ર સન્મુખ આવી ઉતાવળથી રાજાને પ્રણામ કર્યો. ઘણા કાળથી માતાને જોવા ઉત્સુક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થએલી બન્ને કન્યાઓ, વાછરડીઓ પોતાની માતાને જેવા પ્રેમથી આવી મળે છે, તેવા કહી ન શકાય એવા અતિ પ્રેમથી આવી મળી. જગત્‌માં ઉત્તમ એવા કુમારને તથા તે દિવ્યઋદ્ધિને જોઇ પરિવાર સહિત કનકધ્વજ રાજાએ તે દિવસ ઘણો કિંમતી માન્યો. પછી રત્નસાર કુમારે કામધેનુ સરખી ચક્રેશ્વરી દેવીના પ્રસાદથી પરિવાર સહિત કનકધ્વજ રાજાની સારી રીતે પરોણાગત કરી. કનકધ્વજ રાજા પાછો પોતાની નગરીએ જવા પહેલાં ઉત્સુક હતો તો પણ કુમારે કરેલી પરોણાગત જોઇ તેની ઉત્સુકતા જતી રહી ઠીક જ છે, દિવ્ય ઋદ્ધિ જોઇ કોનું મન ઠંડું ન થાય ? કનકધ્વજ રાજાને તથા તેના પરિવારને કુમારે કરેલી નવનવા પ્રકારની પરોણાગતનો લાભ મળવાથી તથા તીર્થની સેવા પણ થતી હોવાથી પોતાના દિવસ લેખે લાગે છે, એમ જણાયું.

એક વખતે સ્વાર્થના જાણ એવા કનકધ્વજ રાજાએ કુમારને પ્રાર્થના કરી કે, " હે સત્પુરૂષ ! ધન્ય એવા તેં જેમ મ્હારી આ બે કન્યા કૃતાર્થ કરી, તેમ જાતે આવીને અમારી નગરી પણ કૃતાર્થ કર. " એવી ઘણી વિનતિ કરી ત્યારે કુમારે કબૂલ કરી. પછી રત્નસાર કુમાર, કન્યાઓ તથા બીજા પરિવાર સાથે રાજા પોતાની નગરી તરફ ચાલ્યો. તે વખતે વિમાનમાં બેસી સાથે ચાલનાર ચક્રેશ્વરી, ચંદ્રચૂડ વગેરે દેવતાઓએ ભૂમિને વ્યાપનારી સેનાની સ્પર્ધાથી જ ન હોય તેમ પોતે આકાશ વ્યાપી નાખ્યું. સૂર્યનાં કિરણ જ્યાં પ્રવેશ કરી શકતાં નથી એવી ભૂમિ જેમ તાપ પામતી નથી, તેમ ઉપર વિમાન ચાલતાં હોવાથી એ સર્વેએ જાણે માથે એક છત્ર જ ધારણ કર્યું ન હોય ! તેમ કોઇને પણ તાપ લાગ્યો નહીં. કનકધ્વજ રાજા કુમારની સાથે અનુક્રમે નગરીના નજીક ભાગમાં આવ્યો ત્યારે વધૂવરોને જોવા માટે ઉત્સુક થએલા શહેરી લોકોને ઘણો હર્ષ થયો. પછી કનકધ્વજ રાજાએ શક્તિથી અને નીતિએ જેમ ઉત્સાહ શોભે છે, તેમ બે પ્રિય સ્ત્રીથી શોભતા રત્નસાર કુમારનો ઘણા ઉત્સવથી પોતાની નગરીમાં પ્રવેશ કરાવ્યો. તે નગરી જ્યાં ત્યાં કેસરના છંટકાવ કરેલા હોવાથી તરૂણ સ્ત્રી સરખી શોભતી, ઢીંચણ સુધી ફૂલ પાથરેલાં હોવાથી તીર્થંકરની સમવસરણ ભૂમિ સરખી દેખાતી, ઉછળતી ધ્વજા-રૂપ ભુજાથી જાણે હર્ષવડે નાચતીજ ન હોય ! એવી દેખાતી, ધ્વજાની ઘુઘરીઓના મધુર સ્વરથી જાણે ગીત ગાતી ન હોય ! એવી દેખાતી હતી. તથા તે નગરીની દેદીપ્યમાન તોરણની પંક્તિ જગત્‌ની લક્ષ્મીનું ક્રીડાસ્થાનજ ન હોય ! એવી હતી. ત્યાંનાં માણસો ઊંચા ખાટલા ઉપર બેસી સુંદર ગીતો ગાતાં હતાં. પતિ પુત્રવાળી સ્ત્રીઓના હસતાં મુખોથી પદ્મસરોવરની શોભા તે નગરીને આવી હતી. તથા સ્ત્રીઓનાં કમળપત્ર સરખાં નેત્રોથી નીલ કમળના વન સરખી તે નગરી દેખાતી હતી.

એવી નગરીમાં પ્રવેશ થયા પછી રાજાએ માનનીય પુરૂષોમાં શ્રેષ્ઠ એવા કુમારને હર્ષથી અનેક જાતના ઘોડા, દાસ, દાસીઓ, ધન વગેરે ઘણી વસ્તુ આપી. રીતભાતના જાણ પુરૂષોની એવીજ રીત હોય છે. પછી જેને વિલાસ પ્રિય છે એવો રત્નસાર કુમાર

જૈન સાઈટ JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

પુણ્યના ઉદયથી સસરાએ આપેલા મહેલમાં બીજા રાજાની માફક બે સ્ત્રીઓની સાથે કામ-વિલાસ ભોગવવા લાગ્યો. સોનાના પાંજરામાં રહેલો પોપટ ઘણો કૌતુકી હોવાથી વ્યાસની માફક કુમારની સાથે હમેશાં સમસ્યાપૂર્તિ, આખ્યાયિકા, પ્રહેલિકા વગેરે વિનોદના પ્રકાર કરતો હતો. ત્યાં રહેલા કુમારે દેદીપ્યમાન શ્રેષ્ઠ લક્ષ્મીની પ્રાપ્તિ હોવાથી જાણે માણસ કાયાથીજ સ્વર્ગે ગયો ન હોય ! તેમ પૂર્વની કોઇ પણ વાત સંભારી નહીં. એવા સુખમાં કુમારે એક વર્ષ એક ક્ષણની માફક ગાળ્યું. તેવામાં દૈવયોગથી જે વાત થઇ તે કહું છું.

એક વખત હલકા લોકોને હર્ષ આપનારી રાત્રિના વખતે કુમાર પોપટની સાથે ઘણી વાર સુધી વાર્તાલાપરૂપ અમૃતપાન કરી રત્નજડિત ઉત્તમ શય્યાગૃહમાં બિછાના ઉપર સૂતો હતો, અને નિદ્રાવશ થઇ ગયો. અંધકારથી સર્વ લોકોની દૃષ્ટિને દુઃખ દેનારો મધ્ય રાત્રિનો વખત થયો. ત્યારે સર્વે પહેરાયત લોકો પણ નિદ્રાવશ થયા. એટલામાં દિવ્ય આકાર ધારણ કરનારો, દેદીપ્યમાન અને મૂલ્યવાન શૃંગારથી શોભતો, ચોર ગતિએ ચાલનારો અને મ્યાનમાંથી બહાર કાઢેલી તરવાર હાથમાં ધારણ કરનારો એવો કોઇક ક્રોધી પુરૂષ લોકોનાં નેત્રોની માફક મહેલનાં સર્વે દ્વાર ચારે તરફથી બંધ થયાં છતાં પણ કોણ જાણે ક્યાંથી ત્યાં આવી પહોંચ્યો ! તે પુરૂષ છુપી રીતે શય્યાગૃહમાં પેઠો, તો પણ દૈવ અનુકૂળ હોવાથી કુમાર શીઘ્ર જાગ્યો. ઠીકજ છે, સત્પુરૂષોની નિદ્રા થોડા સમયમાં તુરતજ જાગૃત થાય એવી હોય છે. "આ કોણ છે ? અને શા માટે અને શી રીતે શય્યાગૃહમાં પેઠો ?" એવો વિચાર કુમારના મનમાં આવે છે, એટલામાં ક્રોધથી કોઇને ન ગણે એવા તે પુરૂષે ઉચ્ચ સ્વરે કહ્યું કે, "અરે કુમાર ! જો તું શૂરો હોય તો સંગ્રામ કરવા તૈયાર થા. સિંહ જેમ ધૂતારા શિયાળિયાના ખોટા પરાક્રમને સહન ન કરે, તેમ હું ત્હારા જેવા એક વણિકના ખોટા ફેલા-ચલા પરાક્રમને સહન કરૂં કે શું ?" એમ બોલતાં બોલતાં જ તે પુરૂષ પોપટનું સુંદર પાંજરૂં ઉપાડી ઉતાવળથી ચાલવા લાગ્યો. કપટી લોકોના કપટ આગળ અક્કલ કામ કરતી નથી. હશે, કુમાર પણ મનમાં રોષનો આવેશ આવ્યાથી, બિલમાંથી જેમ સર્પ બહાર નીકળે તેમ મ્યાનમાંથી ખડ્ગ બહાર કાઢીને તે પુરૂષ પાછળ દોડ્યો. તે પુરૂષ આગળ અને કુમાર પાછળ એ રીતે ઉતાવળા ચાલતા અને એક બીજાને જોતા એવા તે બન્ને જણા વચ્ચે આવેલા કઠણ પ્રદેશ, ઘર વગેરે વસ્તુને સહજ ઉલ્લંઘન કરતા ચાલ્યા.

દુષ્ટ ભોમિયો જેમ મુસાફરને આડે માર્ગે લઇ જાય છે, તેમ તે દિવ્ય પુરૂષના તેજનાં અનુસારથી તેની પાછળ જનારા કુમારને તે પુરૂષ ઘણેજ દૂર ક્યાંય લઇ ગયો. પછી કોઇ પણ રીતે તે દાવાગ્નિ સરખો પુરૂષ કુમારને મળ્યો. કુમાર ક્રોધથી શીઘ્ર ચોરની માફક તેને જીવતો પકડવા લાગ્યો એટલામાં તે ચોર પુરૂષ, કુમારના જોતાં જોતાં જ ગરૂડ પક્ષીની માફક આકાશમાં ઊડી ગયો ! કુમારે આકાશમાં ગમન કરનાર તે પુરૂષને કેટલેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દૂર સુધી જોયો. તે ઉપરાંત તે અદૃશ્ય થયો. કુમારના ભયથી નાસી ગયો કે શું ? કોણ જાણે ! પછી કુમાર આશ્ચર્યથી મનમાં વિચારે છે કે, “ એ કોઇ નક્કી મ્હારો વૈરી છે. કોણ જાણે વિદ્યાધર, દેવ કે દાનવ હશે ! જે કોઇ હશે. એ શું મ્હારૂં નુકશાન કરનારો હતો ? પણ મ્હારૂં પોપટરૂપી રત્ન હરણ કરવાથી એ આજ સુધી મ્હારો શત્રુ હતો, તે હવે ચોર પણ થયો. હાય હાય ! જાણ પુરૂષોની પંક્તિમાં અગ્રેસર, ધીર, શૂર, એવા હે પોપટ ! વ્હાલા દોસ્ત એવા ત્હારા વિના મને હવે સુભાષિત સંભળાવી કાનને સુખ કોણ આપશે ! અને હે ધીરશિરોમણે ! મને માઠી અવસ્થામાં ત્હારા વિના બીજો કોણ મદદ આપશે ! ”

એવો ક્ષણમાત્ર મનમાં ખેદ કરીને પાછો કુમાર વિચાર કરવા લાગ્યો કે, “ વિષભક્ષણ કરવા જેવો આ ખેદ કરવાથી શું સારૂં પરિણામ નીપજવાનું ? નાશ પામેલી વસ્તુની પ્રાપ્તિ કદાચ થાય તો તે યોગ્ય ઉપાયની યોજનાથીજ થાય. ઉપાયની યોજના પણ ચિત્તની સ્થિરતા હોય તો જ સફળ થાય છે, નહીં તો થતી નથી. મંત્ર વગેરે પણ ચિત્તની સ્થિરતા વિના કોઈ કાળે પણ સિદ્ધ થતા નથી, માટે હું હવે એવો નિર્ધાર કરૂં છું કે, “ મ્હારો પોપટ મને મળ્યા વિના હું પાછો વળું નહીં. ” પોતાના કર્તવ્યને જાણ રત્નસાર કુમાર એવો નિશ્ચય કરી પોપટની શોધમાં ભમવા લાગ્યો. ચોર જે દિશાએ આકાશમાં ગયો, તે દિશાએ થાક વિના ઘણે દૂર સુધી કુમાર ગયો, પરંતુ ચોરનો કાંઇ પણ પત્તો લાગ્યો નહીં. ઠીકજ છે, આકાશમાર્ગે ગએલાનો પત્તો જમીન ઉપર ક્યાંથી લાગે ? હશે, તથાપિ “ કોઇ પણ ઠેકાણે કોઇ રીતે પોપટનો પત્તો લાગશે ” મનમાં એવી આશા રાખી કુમારે તપાસ કરવામાં કંટાળો નહીં કર્યો. સત્પુરૂષોની પોતાના આશ્રિતને વિષે કેવી લાગણી હોય છે ? પોપટે મુસાફરીમાં સાથે રહી અવસરને ઉચિત મધુર સુભાષિત કહી કુમારને માથે જે ઋણ ચઢાવ્યું હતું. તે ઋણ પોપટની તપાસ કરતાં અનેક ક્લેશ સહન કરનાર કુમારે ઉતારી નાંખ્યું. કુમારે આ રીતે પોપટની શોધમાં ભમતાં એક આખો દિવસ ગાળ્યો.

બીજે દિવસે આગળ સ્વર્ગ સમાન એક નગર તેના જોવામાં આવ્યું, તે નગર આકાશ સુધી ઊંચા સ્ફટિકમય દેદીપ્યમાન કોટવડે ચારે તરફથી વીંટાયલું હતું, તેની દરેક પોળને વિષે માણિક્ય રત્નના દરવાજા હતા, રત્નજડિત મ્હોટા મહેલોના સમુદાયોથી તે નગર રોહણ પર્વતની બરાબરી કરતું હતું, મહેલ ઉપર હજારો સફેદ ધ્વજાઓ ફરકતી હતી, તેથી તે સહસ્રમુખી ગંગા નદી જેવું દેખાતું હતું. ભ્રમર જેમ કમળની સુગંધથી ખેંચાય છે તેમ નગરની વિશેષ શોભાથી ખેંચાયલો રત્નસાર કુમાર તેની પાસે આવ્યો. બાવના ચંદનનાં બારણાં હોવાથી જેની સુગંધી આસપાસ ફેલાઈ રહી છે એવા તથા જગતની લક્ષ્મીનું જાણે મુખ જ ન હોય ! એવા ગોપુરદ્વારમાં કુમાર દાખલ થવા લાગ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલામાં દ્વારપાલિકાની માફક કોટ ઉપર બેઠેલી એક સુંદર મેનાએ કુમારને અંદર જતાં અટકાવ્યો. કુમારને એથી ઘણું અજાયબ લાગ્યું. તેણે ઉચ્ચ સ્વરથી પૂછયું કે, "હે સુંદર સારિકે ! તું શા માટે મને વારે છે ?" મેનાએ કહ્યું "હે મહાપંડિત ! ત્હારા ભલાને માટે રોકું છું. જો ત્હારે જીવવાની મરજી હોય તો આ નગરની અંદર ન જા. તું એમ ન સમજ કે, એ મેના વૃથા મને વારે છે. અમે જાતનાં તો પક્ષી છીએ, તો પણ પક્ષી જાતિમાં ઉત્તમપણું હોતું જ નથી એમ નથી. ઉત્તમ જીવો હેતુ વિના એક વચન પણ બોલતા નથી. હવે તને હું રોકું છું, તેનો હેતુ જાણવાની ઇચ્છા હોય તો સાંભળ.

આ રત્નપુર નગરમાં પરાક્રમ અને પ્રભુતાથી બીજો ઇંદ્ર જ ન હોય ! એવો પુરંદર નામે રાજા પૂર્વે થયો. કોઇથી ન પકડાય એવો હોવાથી જાણે નગરનું એક મૂર્તિમંત દુર્ભાગ્ય જ ન હોય ! એવો કોઇક ચોર જાતજાતના વેષ કરીને આખા શહેરમાં ચોરીઓ કરતો હતો. તે મનમાનતા વિચિત્ર પ્રકારનાં ખાતર પાડતો હતો, અને ધનનાં ભરેલાં પાર વિનાનાં પાત્રો ઉપાડી જતો હતો. કાંઠાનાં ઝાડો જેમ નદીના મહાપુરને રોકી શકતાં નથી, તેમ તલારવ તથા બીજા રખવાળ વગેરે મ્હોટા સુભટો તેને અટકાવી શકયા નહિ. એક દિવસે રાજા સભામાં બેઠો હતો એટલામાં નગરવાસી લોકોએ આવી પ્રણામ કરી ચોરના ઉપદ્રવ સંબંધી હકીકત રાજાને સંભળાવી, તેથી રાજાને રોષ ચઢ્યો, તેનાં નેત્ર રાતાં થયાં, અને તે જ વખતે તેણે મુખ્ય તલારવને બોલાવી ઘણો ઠપકો દીધો. તલારવે કહ્યું. "હે સ્વામિન્ ! અસાધ્ય રોગ આગળ જેમ કોઇ ઇલાજ ચાલતો નથી, તેમ મ્હારો અથવા મ્હારા હાથ નીચેના અમલદારોનો તે ચોર આગળ કોઇ પણ ઉપાય ચાલતો નથી; માટે આપને ઉચિત લાગે તે કરો." પછી મ્હોટો પરાક્રમી અને યશસ્વી પુરંદર રાજા પોતે રાત્રિએ છુપી રીતે ચોરની ખોળ કરવા લાગ્યો.

એક વખતે રાજાએ કોઇ ઠેકાણે ખાત્ર દઇ પાછો જતા તે ચોરને ચોરીના માલ સુદ્ધાં જોયો. ઠીક જ છે, પ્રમાદ મૂકીને પ્રયત્ન કરનારા પુરુષો શું ન કરી શકે ? ધૂતારો બગલો જેમ માછલી પાછળ છાનોમાનો જાય છે, તેમ રાજા છુપી રીતે તે વાતનો બરાબર નિર્ણય કરવાને સારૂ તથા તેનું સ્થાનક પણ જાણવાને માટે તેની પાછળ જવા લાગ્યો. તે ધૂર્ત ચોરે પાછળ પડેલા રાજાને કોઇ પણ રીતે તુરત જ ઓળખ્યો. દૈવ અનુકૂળ હોય તો શું ન થાય ? ધીઠો અને તરતબુદ્ધિ એવો તે ચોર ક્ષણમાત્રમાં રાજાની નજર ચૂકવીને એક મઠમાં ગયો. તે મઠમાં રૂડી તપસ્યા કરનાર કુમુદ નામે એક શ્રેષ્ઠ તાપસ નિદ્રામાં હતો. તે મહાશઠ ચોર તાપસ નિદ્રામાં હતો તેનો લાભ લઇ પોતાના જીવને ભારભૂત થએલો ચોરીનો માલ ત્યાં મૂકી ક્યાંક નાશી ગયો. ખાત્રપાડુ ચોરીની શોધખોળ કરનાર રાજા આમતેમ તેને ખોળતો મઠમાં ગયો. એટલે ત્યાં ચોરીના માલ સહિત તાપસ તેના જોવામાં આવ્યો. રાજાએ ક્રોધથી તાપસને કહ્યું, "દુષ્ટ અને ચોર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા હે દંડચર્મધારી તાપસ ! ચોરી કરી હમણાં જ તું કપટથી સૂઈ રહ્યો છે ! ખોટી નિદ્રા લેનાર તને હું હમણાં જ મરણને શરણ કરીશ એટલે કે મહાનિદ્રા લાવીશ."

રાજાનાં વજ્રપાત સરખાં આવાં કઠીણ વચનથી તાપસ ભયભીત થયો, ગભરાયો અને જાગૃત થયો હતો, તો પણ ઉત્તર દઈ શક્યો નહિ. નિર્દય રાજાએ સુભટો પાસે બંધાવીને તેને સવારમાં શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. અરે રે ! અવિચારી કૃત્યને ધિક્કાર થાઓ ! ! ! તાપસે કહ્યું. "હાય હાય ! હે આર્ય પુરુષો ! હું ચોરી કર્યા વિના તપાસ ન કરવાને લીધે માર્યો જઉં છું." તાપસનું એ કહેવું સાચું હતું, તો પણ તે વખતે અધિક ધિક્કારને પાત્ર થયું. જ્યારે દૈવ પ્રતિકૂળ થાય ત્યારે અનુકૂળ કોણ રહે ? જુઓ રાહુ ચંદ્રમાને એકલો જોઇ તેનો ગ્રાસ કરે છે ત્યારે તેની મદદમાં કોઇ પણ આવતું નથી. પછી યમના વિકરાળ દૂત સરખા તે સુભટોએ તે તાપસને મુંડાવી, ગર્દભ ઉપર ચઢાવી તથા બીજી પણ ઘણી વિટંબણા કરી પ્રાણઘાતક સૂળી ઉપર ચઢાવ્યો. અરેરે ! પૂર્વભવે કરેલાં ખોટાં કર્મોનું પરિણામ કેવું ભયંકર આવે છે ! ! તાપસ સ્વભાવથી શાંત હતો, તો પણ તેને તે વખતે ઘણો ક્રોધ આવ્યો. જળ સ્વભાવથી શીતળ છે, તો પણ તેને તપાવીએ તો તે ઘણું જ ગરમ શું ન થાય ? તાપસ તત્કાળ મરણ પામીને રાક્ષસ યોનિમાં ગયો. મરણ વખતે તેવી અવસ્થામાં ( રૌદ્રધ્યાનમાં ) રહેનારા જીવોને વ્યંતરની ગતિ મળે છે. હીન યોનિમાં ઉત્પન્ન થએલા તે દુષ્ટ રાક્ષસે રોષથી ક્ષણમાત્રમાં એકલા રાજાને મારી નાંખ્યો. અરેરે ! અણવિચાર્યું કાર્ય કરવાથી કેવું માઠું પરિણામ આવે છે ! ! પછી રાક્ષસે નગરવાસી બધા લોકોને બહાર કાઢી મૂકયા. રાજાના અવિચારી કૃત્યથી પ્રજાઓ પણ પીડાય છે. તે રાક્ષસ હજી પણ જે કોઈ નગરની અંદર પ્રવેશ કરે છે, તેને ક્ષણમાત્રમાં હણે છે. અથવા અંતઃપુરમાં પ્રવેશ કરનારની કોણ ક્ષમા કરે ? માટે હે વીરપુરૂષ ! ત્હારૂં શુભ ઇચ્છનારી હું તને યમના મુખ સરખી એ નગરીમાં પ્રવેશ કરતાં અટકાવું છું."

રત્નસાર કુમારને મેનાનું એવું હિતકારી વચન સાંભળી અને તેની વાક્ચાતુર્ય જોઇ આશ્ચર્ય લાગ્યું તો પણ રાક્ષસથી તે લેશમાત્ર પણ ડર્યો નહિ. વિવેકી પુરૂષે કોઇ કાર્ય કરતાં ઉત્સુક, કાયર તથા આળસુ ન થવું. એમ છતાં કુમાર તે નગરની અંદર પ્રવેશ કરવા ઘણો જ ઉત્સુક થયો. પછી કોઈનો ડર ન રાખનાર શૂરવીર કુમાર રાક્ષસનું પરાક્રમ જોવાના કૌતુકથી જેમ સંગ્રામ ભૂમિમાં ઉતરવું, તેમ શીઘ્ર તે નગરીમાં ગયો. આગળ જતાં કુમારે જોયું તો, કોઇ ઠેકાણે મલય પર્વત સરખા ચંદન કાષ્ઠના ઢગલા પડ્યા હતા; યુગલિયાને જોઇએ તેવાં પાત્ર આપનાર ભૃંગાંગ કલ્પવૃક્ષની પેઠે, કોઈ ઠેકાણે સુવર્ણના, રૂપાના તથા બીજા પાત્રના ઢગલા પડ્યા હતા; ખેતરના ખળામાં જેમ અનાજના ઢગલા પડેલા હોય છે, તેમ ત્યાં કોઇ ઠેકાણે કપૂર સાલ આદિ ધાન્યના ઢગલા પડેલા હતા; કોઈ ઠેકાણે સાર્થના નિવાસ સ્થળની માફક સોપારી વગેરે પાર વિનાનાં કરિયાણાં પડ્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતાં. સરોવર જેમ સરસ જળવાળું હોય છે, તેમ કોઈ ઠેકાણે સરસ લાડવાવાળી એવી કંદોઇની દુકાનોની શ્રેણિ હતી; કોઇ ઠેકાણે સફેદ કિરણવાળા ચંદ્રમાની માફક સફેદ કપડાંવાળી કાપડિયાની દુકાનો હતી; કોઈ ઠેકાણે સોના રૂપા આદી ઉત્તમ વસ્તુવાળા નિધિની માફક કપૂર આદિ સુગંધી વસ્તુવાળી સુગંધીની દુકાનો હતી. કોઇ ઠેકાણે હિમવંત પર્વતની માફક જાતજાતની ઓષધીનો સંગ્રહ રાખનારી ગાંધીની દુકાનો હતી. અભવ્ય જીવોની ધર્મક્રિયા જેમ ભાવવિનાની હોય છે, તેમ કોઇ ઠેકાણે ભાવ વિનાની અક્કલની દુકાનો હતી; સિદ્ધાંતનાં પુસ્તક જેમ સુવર્ણથી (અક્ષરથી) ભરેલાં હોય છે, તેમ કોઇ ઠેકાણે સુવર્ણથી (સોનાથી) ભરેલી સરાફોની દુકાનો હતી; મુક્તિપદ જેમ અનંત મુક્તાઢ્ય (અનંતા સિદ્ધોથી શોભતું) છે, તેમ કોઈ ઠેકાણે અનંત મુક્તાઢ્ય (પાર વિનાના મોતીથી શોભતી) એવી મોતીની દુકાનો હતી; વનો જેમ વિદ્રુમપૂર્ણ (સારા વૃક્ષથી વ્યાપ્ત) હોય છે, તેમ કોઈ ઠેકાણે વિદ્રુમપૂર્ણ (પરવાળાથી વ્યાપ્ત) એવી પરવાળાની દુકાનો હતી; કોઈ ઠેકાણે રોહણ પર્વતની માફક ઉત્તમ રત્નવાળી જવેરાતની દુકાનો હતી; કોઈ ઠેકાણે આકાશની માફક દેવતાધિષ્ઠિત એવા કુત્રિકાપણ હતા; સુતેલા અથવા પ્રમાદી પુરૂષનું ચિત્ત જેમ શૂન્ય દેખાય છે તેમ તે નગરીમાં સર્વ ઠેકાણે શૂન્ય દેખાય છે, તેમ તે નગરીમાં સર્વ ઠેકાણે શૂન્યતા દેખાતી હતી; પણ વિષ્ણુ જ્યાં જાય ત્યાં જેમ તેની સાથે લક્ષ્મી હોય છે, તેમ ત્યાં સર્વ ઠેકાણે ઘણી લક્ષ્મી દેખાતી હતી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

બુદ્ધિશાળી રત્નસાર કુમાર સર્વ રત્નમય નગરીને અનુક્રમે જોતો હતો. ઇંદ્ર જેમ પોતાના વિમાનમાં જાય તેમ રાજમહેલમાં ગયો. એક પછી એક ગજશાળા, અશ્વશાળા, શસ્ત્રશાળા વગેરેને ઉલ્લંઘન કરતો કુમાર ચક્રવર્તીની માફક ચંદ્રશાળાએ (છેલ્લે મજલે) ગયો. પછી તેણે ત્યાં એક ઇંદ્રની શય્યા સરખી ઘણી જ મનોહર રત્નજડિત શય્યા દીઠી. ઇંદ્ર સરખો સાહસી અને ભય રહિત એવો કુમાર ઘણી નિદ્રા આવતી હોવાથી તથા થાક દૂર કરવાને માટે શય્યા ઉપર પોતાના ઘરની માફક હર્ષવડે સૂઈ રહ્યો એટલામાં રાક્ષસ માણસના પગની હાલચાલ જાણી ક્રોધ પામ્યો, અને મ્હોટો વ્યાઘ્ર જેમ સિંહની પાછળ જાય, તેમ કુમારની પાસે આવ્યો. અને કુમાર સુખે સૂતો છે એમ જોઇ તેણે મનમાં વિચાર્યું કે, "જે વાત બીજો કોઈ મનમાં પણ આણી ન શકે, તે વાત એણે સહજ લીલાથી કરી. ધિઠાઇનાં કામ કાંઈ વિચિત્ર પ્રકારનાં હોય છે. આ મ્હારા વૈરીને હવે કયા મારથી મારૂં? જેમ નખથી ફળ તોડે છે, તેમ એનું મસ્તક નખથી તોડું કે કેમ? અથવા એને ગદાવડે મારી એકદમ ચૂરેચૂરા કરી નાંખું? કિંવા છરીવડે ચીભડાની માફક એના કટકા કરી નાંખું? અથવા બળતા નેત્રથી નીકળેલા અગ્નિથી શંકરે જેમ કામદેવને બાળી નાંખ્યો, તેમ એને બાળી નાંખું? કિંવા આકાશમાં જેમ દડો ફેંકે છે, તેમ એને ઊંચો ફેંકી દઉં? અથવા મહેલમાં સૂતાં છતાં જ એને ઉપાડી સ્વયંભૂરમણ સમુદ્રમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાંખી દઉં ? અથવા એને સૂતેલાને જ અજગરની માફક ગળી જાઉં ? અથવા અહિં આવીને સૂતેલા પુરૂષને હું શી રીતે મારૂં ? શત્રુ પણ ઘેર આવે તો તેની પરોણાગત કરવી યોગ્ય છે; કેમકે—સત્પુરૂષો આપણે ઘેર આવેલા શત્રુની પણ પરોણાગત કરે છે. શુક્ર ગુરૂનો શત્રુ છે, અને મિનરાશી એ ગુરૂનું સ્વગૃહ કહેવાય છે, એમ છતાં પણ શુક્ર જ્યારે મીનરાશિએ આવે ત્યારે ગુરૂ તેને ઉચ્ચ સ્થાન આપે છે, માટે એ પુરૂષ જાગૃત થાય ત્યાં સુધી પોતાના ભૂતોના ટોળાંને બોલાવું. પછી જે ઉચિત લાગશે તે કરીશ."

રાક્ષસ એમ વિચાર કરીને ગયો, અને પાયદળનો ઉપરી જેમ તેને લઇ આવે, તેમ ઘણાં ભૂતોનાં ટોળાંને તેડી લાવ્યો, તો પણ કન્યાનો પિતા જેમ કન્યાદાન કરી વગર ધાસ્તીએ સૂઇ રહે છે, તેમ તે પુરૂષ પહેલાની માફકજ સૂતો હતો. તેને જોઇ રાક્ષસે તિરસ્કારથી કહ્યું. "અરે અમર્યાદ ! મૂઢ ! બેશરમ ! નિડર ! તું મારા મહેલમાંથી ઝટ નીકળ ! નહીં તો મ્હારી સાથે લડાઇ કર." રાક્ષસનાં એવાં તિરસ્કારભરેલાં વચનથી અને ભુતોનાં કિલકિલ ધ્વનિથી કુમારની ઊંઘ ઊડી ગઇ. પછી કુમારે સુસ્તીમાં છતાં જ કહ્યું કે, "અરે રાક્ષસ ! જેમ ભોજન કરતા માણસના ભોજનમાં અંતરાય કરવો, તેમ સુખે સૂતેલા મ્હારા જેવા એક પરદેશી માણસની નિદ્રામાં તેં કેમ ભંગ કર્યો ? ૧ ધર્મની નિંદા કરનારો, ૨ પંક્તિનો ભેદ કરનારો, ૩ વગર કારણે નિદ્રાનો છેદ કરનારો, ૪ ચાલતી કથામાં અંતરાય કરનારો અને ૫ વગર કારણે રસોઇ કરનારો એ પાંચે પુરુષો અતિશય પાતકી છે, માટે મને ફરી ઝટ નિદ્રા આવે તે માટે મ્હારા પગનાં તળિયાં તાજા ઘીના મિશ્રણવાળા ઠંડા પાણીથી મસળ." કુમારનાં એવાં વચન સાંભળી રાક્ષસે મનમાં વિચાર્યું કે, "આ પુરૂષનું ચરિત્ર જગત્ કરતાં કાંઇ જૂદા પ્રકારનું દેખાય છે ! એના ચરિત્રથી ઇંદ્રનું હૃદય થરથર ધ્રુજે, તો પછી બીજા સાધારણ જીવોની શી વાત ! ઘણી આશ્ચર્યની વાત છે કે, એ મ્હારી પાસેથી પોતાનાં તળિયાં મસળવાની ધારણા રાખે છે ! એ વાત સિંહ ઉપર સવારી કરીને જવા જેવી છે. એનું નિડરપણું કાંઇ અજબ પ્રકારનું છે એમાં કાંઇ શક નથી. એનું કેવું જબરૂં સાહસિકપણું ! કેવું જબરૂં પરાક્રમ ! કેવી ધીઠાઇ ! અને કેવું નિડરપણું ? અથવા ઘણો વિચાર કરવામાં શું લાભ છે ? સંપૂર્ણ જગતને શિરોમણિ સમાન એવો સત્પુરૂષ આજ મ્હારો અતિથિ થયો છે, માટે એના કહ્યા પ્રમાણે હું એક વાર કરૂં."

એમ ચિંતવી રાક્ષસે કુમારના પગનાં તળિયાં પોતાના કોમળ હાથે ઘી સહિત ઠંડા પાણીવડે થોડી વાર મસળ્યાં. કોઇ કાળે જોવાય, સંભળાય કે કલ્પના પણ કરાય નહીં, તેજ પુણ્યશાળી પુરૂષોને સહજમાં મળી આવે છે. પુણ્યની લીલા કાંઇ જૂદા પ્રકારની છે ! "રાક્ષસ ચાકરની માફક પોતાનાં પગનાં તળિયાં થાક વિના મસળે છે" એમ જોઇ કુમારે તુરતજ ઊઠીને પ્રીતિથી રાક્ષસને કહ્યું કે, "હે રાક્ષસરાજ ! તું મ્હોટો સહનશીલ છે, માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે કાંઇ મનુષ્યમાત્ર અને અજાણુ એવા મેં કરેલા અપમાનથી મને માફી આપ. હે રાક્ષસરાજ ! ત્હારી ભક્તિ જોઇ હું મનમાં ઘણો ખુશી થયો, માટે તું વર માગ. ત્હારૂં કાંઇ કષ્ટસાધ્ય કાર્ય હશે તે પણ હું ક્ષણુમાત્રમાં કરીશ એમાં શક નથી." કુમારનાં એવાં વચનથી અજાયબ પામેલો રાક્ષસ મનમાં વિચારવા લાગ્યો કે, "અરે ! આ તો વિપરીત વાત થઇ ! હું દેવતાં છતાં મ્હારા ઉપર એ મનુષ્ય પ્રાણી પ્રસન્ન થયો ! મ્હારાથી ન બની શકે એવું કષ્ટસાધ્ય એ સહજમાં સાધવા ઇચ્છે છે ! ઘણી આશ્ચર્યની વાત છે. નવાણનું જળ કૂવામાં પ્રવેશ કરવા ઇચ્છે છે ! આજ કલ્પવૃક્ષ પોતાની સેવા કરનાર પાસે પોતાનું વાંછિત મેળવવા ઇચ્છે છે ! આજ સૂર્ય પણ પ્રકાશને અર્થે બીજા કોઇની પ્રાર્થના કરવા લાગ્યો ! હું શ્રેષ્ઠ દેવતા છું. મને એ જે કોઇ માનવી છે તે શું આપવાનો હતો ? તથા મ્હારા જેવા દેવતાને માનવી પાસે માગવા જેવું તે શું હોય ? તો પણ કાંઇક માગું. મનમાં એમ વિચારી રાક્ષસે ઉચ્ચ સ્વરથી જાહેર રીતે કહ્યું કે, "જે બીજાનું વાંછિત આપે, એવો પુરુષ ત્રૈલોકયમાં પણ દુર્લભ છે, તેથી હું માગવાની ઇચ્છા છતાં પણ શી રીતે માગું ?" માગું એવો વિચાર મનમાં આવતાં જ મનમાંના સર્વે સદ્ગુણો અને "મને આપો" એવું વચન મુખમાંથી કાઢતાં જ શરીરમાંના સર્વ સદ્ગુણો કોણ જાણે ભયથી જ ન જતા હોય તેમ જતા રહે છે.

બન્ને પ્રકારના માર્ગણો ( બાણ અને યાચક ) બીજાને પીડા કરનારા તો ખરા જ; પણ તેમાં અજાયબી એ છે કે, પહેલો શરીરમાં પેસે ત્યારે જ પીડા કરે છે, અને બીજો તો જોતાં વાર જ પીડા ઉપજાવે છે. બીજી વસ્તુ કરતાં ધૂળ હલકી, ધૂળ કરતાં તૃણ હલકું, તૃણ કરતાં કપાસ ( રૂ ) હલકું, કપાસ કરતાં પવન હલકો; પવન કરતાં યાચક હલકો અને યાચક કરતાં યાચકને ઠગનારો હલકો છે. કેમકે—હે માતા ! બીજા પાસે માગવા જાય એવા પુત્રને તું જણીશ નહીં, તથા કોઇ માગવા આવે તેની આશાનો ભંગ કરનાર એવા પુત્રને તો તું ગર્ભમાં પણ ધારણ ન કરીશ. લોકનો આધાર, ઉદાર એવા હે રત્નસાર કુમાર ! તેટલા સારૂ મ્હારી માગણી જો ફોકટ ન જાય એમ હોય તો હું કાંઇક ત્હારી પાસે માગું."

રત્નસારે કહ્યું. "અરે રાક્ષસરાજ ! મનથી, વચનથી, કાયાથી, ધનથી, પરાક્રમથી, ઉદ્યમથી, અથવા જીવનો ભોગ આપવાથી, પણ ત્હારૂં કાર્ય સધાય એવું હોય તે હું જરૂર કરીશ." તે સાંભળી રાક્ષસે આદરથી કહ્યું. "હે ભાગ્યશાળી શ્રેષ્ઠિપુત્ર ! એમ હોય તો તું આ નગરીનો રાજા થા. હે કુમાર ! ત્હારામાં સર્વે સદ્ગુણો ઉત્કર્ષથી રહ્યા છે એમ જોઇ હું તને હર્ષથી આ સમૃદ્ધ રાજ્ય આપું છું. તે તું પોતાની મરજી પ્રમાણે ભોગવ. હું ત્હારે વશ થએલો છું, માટે હંમેશાં ત્હારી પાસે ચાકર જેવો થઇને રહીશ, અને દિવ્ય ઋદ્ધિ, દિવ્ય ભોગ, સેનાનો પરિવાર તથા બીજી જે વસ્તુ જોઇએ તે આપીશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનમાં શત્રુતા રાખનારા સર્વે રાજાઓને મેં જડમૂળથી ઉખેડી નાંખ્યા છે, માટે બીજા અગ્નિ તો જળથી ઓલવાય છે, પણ ત્હારા પ્રતાપ રૂપ નવા અગ્નિ શત્રુની સ્રીઓના આંસુના જળથી વૃદ્ધિ પામો. હે કુમારરાજ ! મ્હારા તથા બીજા દેવતાની સહાય્યથી સંપૂર્ણ જગતને વિષે ત્હારૂં ઇંદ્રની માફક એક છત્ર રાજ્ય થાઓ. લક્ષ્મીથી ઇંદ્રની બરાબરી કરનારા તું આ લોકમાં સામ્રાજ્ય ભોગવતાં છતાં, દેવનાંગનાઓ પણ સ્વર્ગમાં ત્હારી કીર્તિનાં ગીત ગાતી રહો. ''

હવે રત્નસાર કુમાર મનમાં વિચાર કરવા લાગ્યો કે, '' એ રાક્ષસ મ્હારા પુણ્યના ઉદયથી મને રાજ્ય આપે છે. પૂર્વે મેં તો સાધુ મુનિરાજની આગળ પરિગ્રહ પરિમાણ નામે પાંચમું અણુવ્રત લીધું, ત્યારે રાજ્યના ગ્રહણનો નિયમ કર્યો છે; અને હમણાં મેં એ રાક્ષસની આગળ પોતે કબૂલ કર્યું છે, કે, '' જે તું કહીશ, તે હું કરીશ. '' આ મ્હાટું સંકટ આવી પડયું ! એક તરફ ખાડો અને બીજી તરફ ધાડ, એક તરફ વાઘ અને બીજી તરફ નદી, એક તરફ પારધી અને એક તરફ ફાંસો એવી કહેવતો પ્રમાણે હાલ મ્હારી સ્થિતિ થઇ છે. પોતાના વ્રતને વળગી રહીશ તો રાક્ષસની માગણી ફોકટ જશે, અને રાક્ષસની માગણી સ્વીકારીશ તો સ્વીકારેલા વ્રતનો ભંગ થશે. હાય હાય ! અરે રત્નસાર ! તું ઘણા સંકટમાં પડ્યો ! ! અથવા બીજો ગમે તેવી માગણી કરે તો કોઇ પણ ઉત્તમ પુરુષ, જેથી પોતાના વ્રતનો ભંગ ન થાય તે જ વાત કબૂલ કરશે, કારણ કે, પોતાના વ્રતનો ભંગ ન થાય, ત્યારે બાકી શું રહ્યું ! જેથી ધર્મને બાધ આવે એવી સરળતા શા કામની ? જેથી કાન તૂટી જાય, એવું સોનું પહેરવું તે શા કામનું ? જ્યાં સુધી દાંત પડવાની વાત બનવાનો સંભવ નથી, ત્યાં સુધી જ વિચક્ષણ પુરુષે કપૂર ભક્ષણ કરવું. વિચક્ષણ પુરુષોએ સરલતા, શરમ, લોભ વગેરે ગુણો શરીર માફક બાહ્ય જાણવા; અને સ્વીકારેલું વ્રત પોતાના જીવ સરખું જાણવું. તુંબનો નાશ થએ આરાનું શું પ્રયોજન ? રાજાનો નાશ થએ સુભટોનું શું પ્રયોજન ! મૂળ બળી ગયે શાખાનું શું પ્રયોજન ? પુણ્યનો ક્ષય થયે ઔષધનું શું પ્રયોજન ? ચિત્ત શૂન્ય થએ શાસ્રોનું શું પ્રયોજન ? હાથ કપાઇ ગએ શસ્રોનું શું પ્રયોજન ? તેમજ પોતાનું સ્વીકારેલું વ્રત ખંડિત થએ દિવ્ય ઐશ્વર્ય, સુખ વગેરેનું શું પ્રયોજન ? ''

રત્નસાર કુમારે એવો વિચાર કરી રાક્ષસને પરમ આદરથી તેજદાર અને સારભૂત આ રીતે વચન કહ્યું. '' હે રાક્ષસરાજ ! તેં કહ્યું તે ઉચિત છે, પણ પૂર્વે ગુરુ પાસે મેં નિયમ સ્વીકાર્યો છે કે, ઘણા પાપોનું સ્થાનક એવું રાજ્ય મ્હારે ન સ્વીકારવું. યમ અને નિયમ એ બન્ને વિરાધ્યા હોય તો તીવ્ર દુઃખ આપે છે. તેમાં યમ તો આયુષ્યને અંતે જ દુઃખદાયી છે પણ નિયમ જન્મથી માંડીને હમેશાં દુઃખદાયી છે, માટે હે સત્પુરુષ ! મ્હારા નિયમને બિલકુલ ભંગ ન લાગે એવું ગમે તે દુઃખમય કાર્ય મને કહે, હું તે શીઘ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરૂં." પછી રાક્ષસે ક્રોધથી કહ્યું. "અરે ! ફોકટ કેમ બકબક કરે છે ? પહેલી માગણી નિષ્ફળ ગુમાવી હવે મ્હારી પાસે બીજી માગણી કરાવે છે ? અરે પાપી ! જેને માટે સંગ્રામ આદિ પાપકર્મ કરવું પડે તે રાજ્યનો ત્યાગ કરવો ઉચિત છે, પણ દેવોએ આપેલા રાજ્યમાં પાપ તે ક્યાંથી હોય ? અરે મૂઢ ! હું સમૃદ્ધ રાજ્ય દેવા છતાં તું લેવા આળસ કરે છે ? અરે ! સુગંધી ઘૃત પાવા છતાં ખાલી 'છીં. છીં' એવો શબ્દ કરે છે. અરે મૂઢ ! તું ઘણા મિજાસથી મ્હારા મહેલમાં સુખે ગાઢ નિદ્રામાં સૂતો રહ્યો ! અને મ્હારી પાસેથી પોતાના પગનાં તળિયાં પણ મસળાવ્યાં ? હે મરણને કાંઠે આવેલા ! મ્હારૂં કહ્યું વચન હિતકારી છતાં તું માનતો નથી, તો હવે મ્હારા ફળદાયી ક્રોધનાં કેવાં કડવાં ફળ છે ? તે જો."

એમ કહી રાક્ષસ, ગીધપક્ષી જેમ નિર્ભયપણે માંસનો કટકો ઉપાડીને જાય, તેમ કુમારને ઝટ અપહરીને આકાશમાં ઊડી ગયો. પછી ક્રોધથી કોઇને ન ગણે એવા રાક્ષસે પોતાના હોઠ ધ્રુજાવતાં શીઘ્ર પોતાને સંસાર સમુદ્રમાં નાંખવાની પેઠે કુમારને ઘોર સમુદ્રમાં નાંખ્યો. તે વખતે કુમાર, આકાશમાંથી શીઘ્ર અઘોર સમુદ્રમાં જંગમ મૈનાક પર્વતની પેઠે પડ્યો. ત્યારે વજ્રપાત જેવો ભયંકર અવાજ થયો. જાણે કૌતુકથી જ કે શું ! પાતાળમાં જઈ પાછો તે જળ ઉપર આવ્યો. જળનો સ્વભાવ જ એવો છે. પછી "જડમય સમુદ્રમાં અજડ (જાણ) કુમાર શી રીતે રહી શકે ? એમ વિચારીને જ કે શું ? રાક્ષસે પોતાને હાથે કુમારને સમુદ્રમાંથી કાઢ્યો, અને કહ્યું કે, "દુરાગ્રહનું ઘર અને વિવેકશૂન્ય એવા હે કુમાર ! તું કેમ ફોકટ મરી જાય છે ! રાજ્ય લક્ષ્મીને કેમ અંગીકાર નથી કરતો ? અરે નિંદ્ય ! હું દેવતા છતાં મેં ત્હારૂં નિંદ્ય વચન કબૂલ કર્યું, અને તું જે કાંઇ માનવી છતાં મ્હારૂં હિતકારી વચન પણ માનતો નથી ! અરે ! તું મ્હારૂં વચન હજી જલદી કબૂલ કર, નહીં તો ધોબી જેમ વસ્ત્રને પછાડે, તેમ તને પત્થર ઉપર વારંવાર પછાડી પછાડીને યમને ઘેર મોકલી દઈશ, એમાં સંશય લેશમાત્ર રાખીશ નહીં. દેવતાનો કોપ ફોકટ જતો નથી અને તેમાં પણ રાક્ષસનો તો ન જ જાય." એમ કહી ક્રોધી રાક્ષસ કુમારને પગે પકડી અને તેનું મુખ નીચું કરી તેને પછાડવા માટે શિલા પાસે લઈ ગયો. ત્યારે સાહસી કુમારે કહ્યું. "અરે રાક્ષસ ! તું મનમાં વિકલ્પ ન રાખતાં પોતાનું ધાર્યું કર. શું એ વાતમાં વારંવાર તું મને પૂછે છે ? સત્પુરુષોનું વચન તે એક જ હોય છે."

પછી કુમારને પોતાના સત્ત્વનો ઉત્કર્ષ થવાથી આનંદ થયો. તેના શરીર ઉપરની રોમરાજિ વિકસ્વર થઈ, અને તેજ તો કોઇથી ખમાય નહીં એવું દેખાવા લાગ્યું. એટલામાં રાક્ષસે જાદુગરની માફક પોતાનું રાક્ષસનું રૂપ સંહર્યું. તુરતજ દિવ્ય આભૂષણોથી દેદીપ્યમાન એવું પોતાનું વૈમાનિક દેવતાનું સ્વરૂપ પ્રકટ કર્યું, અને મેઘ જેમ જળની વૃષ્ટિ કરે, તેમ તેણે કુમાર ઉપર પુષ્પવૃષ્ટિ કરી. પછી ભાટચારણની માફક કુમારની આગળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊભો રહી તે દેવતા જય જયકાર બોલ્યો, અને આશ્ચર્યથી ચકિત થએલા કુમારને કહેવા લાગ્યો કે, "હે કુમાર! જેમ મનુષ્યમાં શ્રેષ્ઠ ચક્રવર્તી, તેમ તું સત્વશાળી પુરુષોમાં ઉત્તમ છે. તું પુરુષરત્ન અને અપ્રતિમ શૂરવીર હોવાથી પૃથ્વી આજ ત્હારાવડે ખરેખર રત્નગર્ભા ( રત્નવાળી ) અને વીરવતી થઈ. જેનું મન મેરુપર્વતની ચૂલાની માફક નિશ્ચળ, એવા તે ગુરુ પાસે ધર્મ સ્વીકાર્યો એ બહુ જ સારી વાત કરી. ઇંદ્રનો સેનાપતિ હરિણૈગમેષી નામે ઉત્તમ દેવતા બીજા દેવતા પાસે ત્હારી પ્રશંસા કરે છે, તે બરોબર છે."

દેવતાનું એવું વચન સાંભળી રત્નસાર કુમારે આશ્ચર્યથી ચકિત થઇ પૂછ્યું કે, "હરિણૈગમેષી નામે શ્રેષ્ઠ દેવતા જેમાં કાંઈ વખાણવા જેવું નથી એવો હું છું તો મ્હારી કેમ પ્રશંસા કરે છે?" દેવતાએ કહ્યું. સાંભળ, કહું. એક વખતે જેમ ઘરધણીની ઘરની બાબતમાં તકરાર ચાલે છે, તેમ નવા ઉત્પન્ન થએલા હોવાથી સૌધર્મેંદ્ર અને ઈશાનેંદ્ર એ બન્નેમાં વિમાનની બાબતમાં વિવાદ પડયો. સૌધર્મેંદ્રનાં વિમાન બત્રીશ લાખ, અને ઇશાનેંદ્રનાં અઠ્ઠાવીશ લાખ છતાં તેઓ માંહોમાંહે વિવાદ કરવા લાગ્યા. માટે આ સંસારને ધિક્કાર થાઓ! વિમાનની ઋદ્ધિના લોભિયા એવા તે બન્ને જણાના બે રાજાઓની પેઠે બાહુયુદ્ધ તથા બીજા પણ ઘણા સંગ્રામ અનેક વાર થયા. તિર્યંચોમાં કલહ થાય તો મનુષ્યો શીઘ્ર તેમને શાંત પાડે છે; મનુષ્યોમાં કલહ થાય તો રાજાઓ વચ્ચે પડીને સમજાવે છે; રાજાઓમાં કોઈ સ્થળે કલહ થાય તો દેવતા વચ્ચે પડીને સમાધાન કરે છે; દેવતાઓમાં કલહ થાય તો તેમના ઇંદ્ર મટાડે છે; પણ ઇંદ્રો જ જો માંહોમાંહે કલહ કરે તો તેને વજ્રના અગ્નિ માફક શાંત પાડવો અશકય છે. કોણ અને શી રીતે તેમને રોકી શકે? પછી મહત્તર દેવતાઓએ કેટલોક વખત ગએ છતે માણવક સ્તંભ ઉપરની અરિહંત પ્રતિમાનું આધિ, વ્યાધિ, મહાદોષ અને મહાવૈરને મટાડનારૂં ન્હવણજળ તેમના ઉપર છાંટ્યું. એટલે તુરત તે બન્ને જણા શાંત થયા. ન્હવણ જળનો એવો મહિમા છે કે, તેથી શું ન થાય? પછી બન્ને ઇંદ્રોએ માંહોમાંહેનું વૈર મૂકી દીધું. ત્યારે તેમના મંત્રીએ "પૂર્વની વ્યવસ્થા આ રીતે છે" એમ કહ્યું.

ઠીક જ છે, બુદ્ધિશાળી પુરૂષો અવસર જોઈનેજ વાત કરે છે. મંત્રીઓએ વ્યવસ્થા કહી તે આ રીતે:—"દક્ષિણ દિશાએ જેટલાં વિમાન છે, તેટલાં સૌધર્મ ઇંદ્રનાં છે, અને ઉત્તર દિશાએ જેટલાં આવ્યાં તે સર્વે ઉપર ઇશાન ઇંદ્રની સત્તા છે. પૂર્વ દિશાએ તથા પશ્ચિમ દિશાએ સર્વે મળી તેર ગોળ આકારનાં ઇંદ્રક વિમાન છે, તે સૌધર્મ ઇંદ્રનાં છે. તે જ બન્ને દિશાઓમાં ત્રિકોણ અને ચતુષ્કોણ જેટલાં વિમાન છે, તેમાંનાં અર્ધાં સૌધર્મ ઇંદ્રનાં અને અર્ધાં ઇશાન ઇંદ્રનાં છે. સનત્કુમાર તથા માહેંદ્ર દેવલોકમાં પણ એ જ વ્યવસ્થા છે. સર્વે સ્થળે ઇંદ્રક વિમાન તો ગોળ આકારનાં જ હોય છે." મંત્રીઓનાં વચન પ્રમાણે આ રીતે વ્યવસ્થા કરી બન્ને ઇંદ્રો ચિત્તમાં સ્થિરતા રાખી, વૈર મૂકી માંહોમાંહે પ્રીતિ કરવા લાગ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલામાં ચંદ્રશેખર દેવતાએ હરિણેગમેષી દેવતાને સહજ કૌતુકથી પૂછયું કે, "સંપૂર્ણ જગતમાં લોભના સપાટામાં ન આવે એવા કોઇ જીવ છે? અથવા ઇંદ્રાદિક પણ લોભવશ થાય છે, તો પછી બીજાની વાત શી? જેણે ઇંદ્રાદિકને પણ સહજમાં ઘરના દાસ જેવા વશ કરી લીધા, તે લોભનું ત્રણે જગત્માં ખરેખર અદ્ભૂત એકછત્ર સામ્રાજ્ય છે."

પછી નૈગમેષી દેવતાએ કહ્યું. "હે ચંદ્રશેખર! તું કહે છે તે વાત ખરી છે, તો પણ એવી કાંઇ પણ ચીજ નથી, કે જેની પૃથ્વીને વિષે બિલકુલ સત્તા જ ન હોય. હાલમાં શ્રેષ્ઠિવર્ય શ્રીવસુસારનો રત્નસાર નામે પુત્ર પૃથ્વી ઉપર છે, તે કોઇ પણ રીતે લોભને વશ થાય તેમ નથી. એ વાત બિલકુલ નિઃસંશય છે. તે રત્નસાર કુમારે ગુરૂ પાસે પરિગ્રહ પરિમાણ વ્રત ગ્રહણ કર્યું છે. તે પોતાના વ્રતને એટલો દૃઢ વળગી રહ્યો છે કે, જેને સર્વ દેવતા અથવા ઇંદ્ર પણ ચલાવી ન શકે. દૂર સુધી પ્રસરી રહેલા અપાર લોભરૂપ જળના મહાપુરમાં બીજા સર્વ તૃણ માફક વહેતા જાય એવા છે; પરંતુ તે કુમાર માત્ર કાળી ચિત્રવેલિની માફક પલળે નહીં એવો છે." જેમ સિંહ બીજાનો હોકારો સહન કરી શકતો નથી તેમ નૈગમેષી દેવતાનું વચન ન સહન કરનારો ચંદ્રશેખર દેવતા ત્હારી પરીક્ષા કરવા માટે આવ્યો. પાંજરા સહિત પોપટને તે હરી ગયો. નવી એક મેના તેણે તૈયાર કરી. એક શૂન્ય નગર પ્રકટ કર્યું, અને એક ભયંકર રાક્ષસરૂપ ધારણ કર્યું. તેણે જ તને સમુદ્રમાં ફેંકયો, અને બીજી પણ ધાસ્તી ઉપજાવી. પૃથ્વીને વિષે રત્ન સમાન એવા હે કુમાર! તે જ ચંદ્રશેખર દેવતા હું છું માટે હે સત્પુરૂષ! મ્હારા આ સર્વે દુષ્ટ કૃત્યની માફી આપ. અને દેવતાનું દર્શન નિષ્ફળ જતું નથી, માટે મને કાંઇક આદેશ કર." કુમારે દેવતાને કહ્યું. "શ્રીધર્મના સમ્યક્ પ્રસાદથી મ્હારાં સર્વ કાર્યો સિદ્ધ થયાં છે, માટે મ્હારે ત્હારી પાસે માગવા જેવું કાંઇ નથી, પરંતુ હે શ્રેષ્ઠ દેવતા! તું નંદીશ્વર આદિ તીર્થોને વિષે યાત્રાઓ કર એટલે તેથી ત્હારા દેવતાના ભવની સફળતા થશે."

ચંદ્રશેખર દેવતાએ તે વાત કબૂલ કરી, પોપટનું પાંજરૂં કુમારના હાથમાં આપ્યું. અને કુમારને ઉપાડી ઝટ કનકપુરીમાં મૂકયો. પછી રાજા આદિ લોકોની આગળ કુમારનો મહિમા પ્રકટ કહીને ચંદ્રશેખર દેવતા ઝટ પોતાની જગ્યાએ ગયો. પછી રત્નસારે કોઇ પણ રીતે રાજાની પરવાનગી લીધી, અને બન્ને સ્ત્રીઓને સાથે લઇ પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. સામંત, મંત્રી વગેરે રાજાના લોકો કુમારની સાથે તેને પહોંચાડવા આવ્યા. તેથી માર્ગમાં જાણ પુરૂષો પણ રત્નસારને રાજપુત્ર સમજવા લાગ્યા. માર્ગમાં આવેલા રાજાઓએ ઠેકાણે ઠેકાણે રત્નસારનો સત્કાર કર્યો. વખત જતાં કુમાર કેટલેક દિવસે રત્નવિશાળાપુરીમાં આવી પહોંચ્યો. સમરસિંહ રાજા પણ રત્નસારની સારી ઋદ્ધિનો વિસ્તાર જોઇ ઘણા શેઠોની સાથે સામો આવ્યો. પછી રાજાએ તથા વસુસાર આદિ મ્હોટા શેઠીઆઓએ ઘણી ઋદ્ધિની સાથે કુમારનો નગરીમાં પ્રવેશ કરાવ્યો. પૂર્વ પુણ્યની પટુતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવી અદ્ભુત છે ! પરસ્પર આદરસત્કાર આદિ ઉચિત કૃત્યો થઈ રહ્યા પછી ઉચિત કૃત્ય કરવામાં ચતુર એવા પોપટે રત્નસાર કુમારનો સમગ્ર વૃત્તાંત રાજા વગેરે લોકોની આગળ કહ્યો. કુમારનું આશ્ચર્યકારી સત્ત્વ સાંભળી રાજા વગેરે સર્વે લોકો ચકિત થયા, અને કુમારનાં વખાણ કરવા લાગ્યા. એક વખતે વિદ્યાનંદ નામે ગુરૂરાજ ઉદ્યાનમાં સમવસર્યા. રત્નસાર કુમાર, રાજા વગેરે લોકો તેમને વંદના કરવા માટે હર્ષથી ગયા. આચાર્ય મહારાજે ઉચિત દેશના આપી. પછી રાજાએ આશ્ચર્ય પામી રત્નસાર કુમારનો પૂર્વભવ ગુરૂ મહારાજને પૂછયો. ત્યારે ચાર જ્ઞાનના ધણી એવા વિદ્યાનંદ આચાર્ય નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ—

"હે રાજા ! રાજપુર નગરમાં ધનથી સંપૂર્ણ અને સુંદર એવો શ્રીસાર નામે રાજપુત્ર હતો. એક શ્રેષ્ઠિપુત્ર, બીજો મંત્રિપુત્ર અને ત્રીજો ક્ષત્રિયપુત્ર, એવા ત્રણ રાજપુત્રના દોસ્ત હતા. ધર્મ, અર્થ અને કામથી જેમ ઉત્સાહ શોભે છે, તેમ તે ત્રણે મિત્રોથી રાજકુમાર મૂર્તિમંત ઉત્સાહ સરખો શોભતો હતો. ચારમાં ક્ષત્રિયપુત્ર જે હતો, તે પોતાના ત્રણ મિત્રોનું કલાકૌશલ્ય જોઇ જડમૂઢ એવા પોતાની નિંદા કરતો હતો, અને જ્ઞાનને માન આપતો હતો. એક વખતે રાણીના મહેલમાં કોઇ ચોરે ખાતર પાડયું. સુભટોએ તે ચોરને ચોરીના માલ સહિત પકડ્યો. ક્રોધ પામેલા રાજાએ ચોરને શૂળી ઉપર ચઢાવવાનો આદેશ કર્યો. શૂળી ઉપર ચઢાવનારા લોકો તે ચોરને વધ કરવા લઇ જવા લાગ્યા. એટલામાં દયાળુ શ્રીસારકુમારે હરિણીની માફક ભયભીત આંખથી આમતેમ જોતાં તે ચોરને જોયો. "મ્હારી માતાનું દ્રવ્ય હરણ કરનારો એ ચોર છે, માટે હું એનો પોતે વધ કરીશ." એમ કહી તે વધ કરનાર લોકોની પાસેથી ચોરને પોતાના તાબામાં લઇને કુમાર નગર બહાર ગયો. દિલના ઉદાર અને દયાળુ એવા શ્રીસારકુમારે "ફરીથી ચોરી કરીશ નહીં." એમ કહી કોઇ ન જાણે એવી રીતે ચોરને છોડી દીધો. સત્પુરુષોની અપરાધી પુરુષને વિષે પણ અદ્ભુત દયા હોય છે. સર્વે મનુષ્યોને બધા ઠેકાણે પાંચ મિત્ર હોય છે. અને પાંચ શત્રુ પણ હોય છે. તેમ કુમારને પણ હોવાથી કોઇએ ચોરને છોડાવવાની વાત રાજાને કાને નાંખી. "આજ્ઞાભંગ કરવો એ રાજાનો શસ્ત્ર વિનાનો વધ કહેવાય છે." એમ હોવાથી રોષ પામેલા રાજાએ શ્રીસારનો ઘણો તિરસ્કાર કર્યો. તેથી ઘણો દુઃખી થએલો અને રોષ પામેલો શ્રીસાર ઝટ નગરથી બહાર નીકળી ગયો.

માની પુરૂષો પોતાની માનહાનિને મરણ કરતાં વધારે અનિષ્ટ ગણે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર જેમ ભવ્ય જીવને આવી મળે, તેમ હમેશાં મિત્રતા રાખનારા ત્રણે મિત્રો શ્રીસારને આવી મળ્યા. કેમકે-સંદેશો મોકલવો પડે ત્યારે દૂતની, સંકટ આવે બાંધવોની, માથે આપદા આવી પડે ત્યારે મિત્રોની અને ધન જતું રહે ત્યારે સ્ત્રીની પરીક્ષા કરાય છે. માર્ગમાં જંગલ આવ્યું ત્યારે તે ચારે જણા એક સાથેના સાથે ચાલતા હતા; પણ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

કર્મગતિ વિચિત્ર હોવાથી સાર્થથી ભૂલા પડ્યા. ક્ષુધા તૃષાથી પીડાયલા એવા તે ચારે જણા ત્રણ દિવસ સુધી ભમી ભમીને છેવટે એક ગામમાં આવ્યા. અને ભોજનની તૈયારી કરવા લાગ્યા. એટલામાં જેનો ભવ થોડો બાકી રહ્યો છે એવા કોઇ જિનકલ્પી મુનિરાજ તેમની પાસે ભિક્ષા લેવાને તથા તેમને ઉત્કૃષ્ટ વૈભવ આપવાને સારૂ આવ્યા. રાજકુમાર સ્વભાવે ભદ્રક હોવાથી તેણે ચઢતે ભાવે મુનિરાજને ભિક્ષા આપી. અને ભોગફળ કર્મ ઉપાર્જ્યું. મુનિરાજને ભિક્ષા આપવાથી બે મિત્રોને આનંદ થયો. તેમણે મન, વચન કાયાથી દાનને અનુમોદના આપી. અથવા ઠીક જ છે, સરખા મિત્રોએ સરખું પુણ્ય ઉપાર્જન કરવું ઉચિત છે. "સર્વ આપો. એવો યોગ ફરીવાર અમને ક્યાંથી મળવાનો ?" આ પ્રમાણે તે બન્ને મિત્રોએ પોતાની અધિક શ્રદ્ધા જણાવવાને સારૂ કપટ વચન કહ્યું.

ક્ષત્રિયપુત્રનો સ્વભાવ તુચ્છ હતો, તેથી તે દાનને વખતે બોલ્યો કે, "હે કુમાર ! અમને ઘણી ભૂખ લાગી છે, માટે અમારે સારું કાંઈક રાખો." ખોટી બુદ્ધિથી ક્ષત્રિયપુત્રે ફોકટ દાનમાં અંતરાય કરીને ભોગાંતરાય કર્મ બાંધ્યું. પછી રાજાએ બોલાવ્યાથી તે પોતપોતાને સ્થાનકે ગયા, અને ખુશી થયા. મધ્યમ ગુણવાળા તે ચારે જણામાં રાજકુમારને રાજ્ય, શ્રેષ્ઠિપુત્રને શ્રેષ્ઠિપદ, મંત્રીપુત્રને મંત્રીપદ, અને ક્ષત્રિયપુત્રને સુભટોનું અગ્રેસરપણું મળ્યું. અનુક્રમે તેઓ પોતપોતાનું પદ ભોગવી મરણ પામ્યા. સુપાત્રદાનના પ્રભાવથી શ્રીસાર કુમાર રત્નસાર થયો. શ્રેષ્ઠીપુત્ર અને મંત્રીપુત્ર રત્નસારની સ્ત્રીઓ થઇ. કેમકે, કપટ કરવાથી સ્ત્રીભવ પ્રાપ્ત થાય છે. ક્ષત્રિયપુત્ર પોપટ થયો, કારણ કે દાનમાં અંતરાય કરવાથી તિર્યંચપણું મળે છે. પોપટમાં જે ઘણી ચતુરતા દેખાય છે, તે પૂર્વભવે જ્ઞાનને ઘણું માન દીધું હતું તેનું ફળ છે. શ્રીસારે છોડાવેલો ચોર તાપસ વ્રત પાળી રત્નસારને સહાય્ય કરનારો ચંદ્રચૂડ દેવતા થયો."

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

રાજા આદિ લોકો મુનિરાજનાં એવાં વચન સાંભળી પાત્રદાનને વિષે ઘણા આદરવંત થયા અને સમ્યક્ પ્રકારે જૈન ધર્મ પાળવા લાગ્યા. ઠીક જ છે, તત્ત્વનું જ્ઞાન થાય ત્યારે કોણ આલસ્ય કરે ? સત્પુરુષોનો સ્વભાવ સૂર્ય સરખો જગત્માં શોભે છે. કેમકે, સૂર્ય જેમ અંધકાર દૂર કરી લોકોને સન્માર્ગે લગાડે છે, તેમ સત્પુરુષો પણ અંધકાર દૂર કરી લોકોને તે સન્માર્ગે લગાડે છે. ઘણા પુણ્યશાળી રત્નસાર કુમારે પોતાની બે સ્ત્રીઓની સાથે ચિરકાળ સુધી ઉત્કૃષ્ટ ભોગ ભોગવ્યા. પોતાના ભાગ્યથી જ ધન જોઇએ તેટલું મળી ગયાથી શુદ્ધ બુદ્ધિવાળા રત્નસારે ધર્મ અને કામ એ બે પુરુષાર્થને જ માંહોમાંહે બાધા ન આવે તેવી રીતે સમ્યક્ પ્રકારે સાધ્યા. કુમારે રથયાત્રાઓ, તીર્થયાત્રાઓ, અરિહંતની રૂપાની, સોનાની તથા રત્નની પ્રતિમાઓ, તેમની પ્રતિષ્ઠાઓ, જિનમંદિરો, ચતુર્વિધ સંઘનું વાત્સલ્ય, બીજા દીન જનો ઉપર ઉપકાર વગેરે સારાં કૃત્યો ચિરકાળ સુધી કર્યાં. એવાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃત્યો કરવાં એ જ લક્ષ્મીનું ફળ છે. કુમારના સહવાસથી તેની બે સ્ત્રીઓ પણ કુમાર સરખી જ ધર્મનિષ્ઠ થઈ. સત્પુરુષોની સાથે સહવાસ કરવાથી શું ન થાય? પછી રત્નસાર કુમાર આયુષ્ય પૂરૂં થયું ત્યારે બે સ્ત્રીઓની સાથે પંડિત મરણવડે દેહ છોડીને અચ્યુત દેવલોકે ગયો. શ્રાવકને એ ગતિ ઉત્કૃષ્ટ કહી છે. રત્નસારનો જીવ ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં અવતરશે, અને જૈન ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરી શીઘ્ર મોક્ષસુખ પામશે. ભવ્ય જીવોએ આ રીતે કહેલું આશ્ચર્યકારી રત્નસાર કુમારનું ચરિત્ર બરોબર ધ્યાનમાં લેવું, અને પાત્રદાનને વિષે તથા પરિગ્રહપરિમાણવ્રત આદરવાને વિષે ઘણો જ યત્ન કરવો. આ રીતે પાત્રદાન ઉપર અને પરિગ્રહપરિમાણ ઉપર રત્નસાર કુમારની કથા કહી.

## ભોજનાવસરે સુપાત્રદાન વિગેરે.

વિવેકી પુરુષ સાધુ આદિનો યોગ હોય તો ઉપર કહેલી રીતે દરરોજ વિધિ પ્રમાણે અવશ્ય પાત્રદાન કરે. તેમજ ભોજનને વખતે અથવા પહેલાં આવેલા સાધર્મીઓને પણ શક્તિ પ્રમાણે પોતાની સાથે જમાડે કારણ કે, સાધર્મી પણ પાત્ર જ કહેવાય છે. સાધર્મી વાત્સલ્યની વિધિ વગેરે આગળ આવશે. તેમજ બીજા પણ ભીખારી વગેરે લોકોને ઉચિત દાન આપવું. તેમને નિરાશ કરી પાછા કાઢવા નહીં. કર્મબંધ કરાવવો નહીં, ધર્મની હીલના પણ ન કરાવવી, પોતાનું મન નિર્દય ન રાખવું. ભોજનને અવસરે દ્વાર બંધ કરવું વગેરે એ મ્હોટા અથવા દયાળુ પુરુષોનું લક્ષણ નથી. સાંભળવામાં પણ એમ છે કે, ચિત્રકૂટને વિષે ચિત્રાંગદ રાજા હતો. તેના ઉપર ચઢાઈ કરનાર શત્રુની સેનાએ ચિત્રકૂટ ગઢને ઘેરી નાંખ્યો. શત્રુઓની અંદર પેસવાની ઘણી ધાસ્તી હોવાં છતાં પણ ચિત્રાંગદ રાજા દરરોજ ભોજનને વખતે પોળનો દરવાજો ઉઘડાવતો હતો. તે મર્મની વાત ગણિકાએ જાહેર કરવાથી શત્રુઓએ ગઢ તાબામાં લીધો. એવી રીત છે માટે શ્રાવકે અને તેમાં પણ વિશેષે કરી ઋદ્ધિવંત શ્રાવકે ભોજનને વખતે દ્વાર બંધ કરવા નહીં, કેમકે— કોણ પોતાનું ઉદરપોષણ કરતો નથી? પરંતુ ઘણા જીવોને નિર્વાહ ચલાવે તેની જ પુરુષમાં ગણત્રી છે, માટે ભોજન વખતે આવેલા પોતાના બાંધવ આદિને જરૂર જમાડવા. ભોજનને વખતે આવેલા મુનિરાજને ભક્તિથી, યાચકોને શક્તિના અનુસારથી અને દુઃખી જીવોને અનુકંપાથી યથાયોગ્ય સંતુષ્ટ કર્યા પછી જ મ્હોટા પુરુષોને ભોજન કરવું ઉચિત છે.

આગમમાં પણ કહ્યું છે કે—સુશ્રાવક ભોજન કરતાં દ્વાર બંધ કરે નહીં, કેમકે, જિનેંદ્રોએ શ્રાવકોને અનુકંપાદાનની મનાઇ કરી નથી. શ્રાવકે ભયંકર ભવસમુદ્રમાં જીવોનો સમુદાય દુઃખથી હેરાન થએલો જોઇ નાતજાતની અથવા ધર્મની મનમાં તફાવત ન રાખતાં દ્રવ્યથી અન્નાદિક દઇને તથા ભાવથી સન્માર્ગે લગાડીને યથાશક્તિ અનુકંપા કરવી. એવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીભગવતી આદિ સૂત્રોમાં શ્રાવકના વર્ણનને પ્રસંગે "અવંગુઅદુઆરા" એવું વિશેષણ દઇ "શ્રાવકે સાધુ આદિ લોકોને પ્રવેશ કરવા માટે હમેશાં દ્વાર ઉઘાડાં રાખવાં" એમ કહ્યું છે. તીર્થંકરોએ પણ સાંવત્સરિક દાન દઇ દીન લોકોનો ઉદ્ધાર કર્યો. વિક્રમ રાજાએ પણ પોતાના રાજ્યમાંના સર્વે લોકોને ઋણ વિનાના કર્યા, તેથી તેના નામનો સંવત્ ચાલ્યો. દુકાળ આદિ આપદા આવી પડે ત્યારે અનાથ લોકોને સહાય્ય આપવાથી ઘણી ફળપ્રાપ્તિ થાય છે. કેમકે—શિષ્યની વિનય ઉપરથી, સુભટની સંગ્રામનો સમય આવવાથી, મિત્રની આપદાનો પ્રસંગ આવવાથી અને દાનની દુર્ભિક્ષ પડવાથી પરીક્ષા થાય છે. વિ. સંવત્ ૧૩૧૫ મા વર્ષે દુકાળ પડ્યો ત્યારે ભદ્રેશ્વર નગરના રહીશ શ્રીમાલજ્ઞાતિના જગડુશાહે એક સો બાર સદાવ્રતો રાખી દાન આપ્યું. કહ્યું છે કે—દુકાળ પડે છતે હમ્મીરે બાર, વીસળદેવે આઠ, બાદશાહે એકવીસ અને જગડુશાહે હજાર મૂડા ધાન્યના આપ્યા. તેમજ અણહિલપુર પાટણમાં સિંધાક નામે એક મ્હોટો સરાફ થયો તેણે અશ્વ, ગજ, મ્હોટા મહેલ આદિ ઘણી ઋદ્ધિ ઉપાર્જન કરી. સંવત્ ૧૪૨૯ મે વર્ષે તેણે આઠ મંદિરો બંધાવ્યાં અને મહાયાત્રાઓ કરી. એક વખતે તેણે જ્યોતિષીના કહેવા ઉપરથી આવતા કાળમાં દુકાલ પડવાનો હતો તે તેણે જાણ્યું. અને બે લાખ મણ ધાન્ય એકઠું કરી રાખ્યું. તેથી દુર્ભિક્ષ પડે ભાવની તેજીથી તેને ઘણો લાભ થયો, ત્યારે ચોવીશ હજાર મણ ધાન્ય તેણે અનાથ લોકોને આપ્યું. હજાર બંદીવાન છોડાવ્યા. છપ્પન રાજાઓને છોડાવ્યા. જિનમંદિરો ઉઘડાવ્યાં. શ્રીજયાનંદસૂરિ તથા શ્રી દેવસુંદરસૂરિ એમનાં પગલાં સ્થાપન કર્યાં. આ આદિ અનેક તેનાં ધર્મકૃત્યો જાહેર છે, માટે શ્રાવકે વિશેષે કરી ભોજન વખતે અવશ્ય અનુકંપાદાન કરવું. દરિદ્રી ગૃહસ્થે પણ ઘરમાં અન્ન વગેરે એકઠું કરવું કે જેથી કોઇ ગરીબ આવે તો તેની યથાશક્તિ આસનાવાસના કરાય. એમ કરતાં તેને કાંઇ બહુ ખરચમાં ઉતરવું પડતું નથી. કારણ કે, ગરીબ લોકોને થોડામાં પણ સંતોષ થાય છે. કેમકે—કોળિયામાંથી એક દાણો નીચે ખરી પડે તો તેથી હાથીના આહારમાં શું ઓછું પડવાનું હતું? પણ તે એક દાણા ઉપર કીડીનું તો આખું કુટુંબ પોતાનો નિર્વાહ કરી લે છે. બીજું એવો નિરવદ્ય આહાર ઉપર કહેલી રીતે કિંચિત્ અધિક તૈયાર કર્યો હોય તો તેથી સુપાત્રનો યોગ મળી આવે શુદ્ધ દાન પણ અપાય છે.

તેમજ માતા, પિતા, બાંધવ, બ્હેન, પુત્ર, પુત્રીઓ, પુત્રની સ્ત્રીઓ, સેવક, ગ્લાન, બંધનમાં રાખેલા લોકો તથા ગાય જાનવરો આદિને ઉચિત ભોજન આપીને, પંચપરમેષ્ઠીનું ધ્યાન કરીને તથા પચ્ચખાણનો અને નિયમનો બરોબર ઉપયોગ રાખીને પોતાને શદતું હોય તેવું ભોજન કરવું. કહ્યું છે કે—ઉત્તમ પુરૂષોએ પહેલા પિતા, માતા, બાળક, ગર્ભિણી, વૃદ્ધ અને રોગી એમને ભોજન કરાવીને પછી પોતે ભોજન કરવું. ધર્મના જાણ પુરુષે સર્વે જાનવરોની, તથા બંધનમાં રાખેલા લોકોની સારસંભાળ કરીને પછી પોતે ભોજન કરવું, તે વિના ન કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકૃતિને યોગ્ય અને પરિમિત ભોજન કરવું.

હવે જે વસ્તુનું સાત્મ્ય હોય તે વસ્તુ વાપરવી. આહાર, પાણી, વગેરે વસ્તુ સ્વભાવથી વિરૂદ્ધ હોય તો પણ કોઇને તે માફક આવે છે, તેને સાત્મ્ય કહે છે. જન્મથી માંડીને પ્રમાણસર વિષભક્ષણ કરવાની ટેવ પાડી હોય તો તે વિષજ અમૃત સમાન થાય છે. અને ખરેખર અમૃત હોય તો પણ કોઈ વખતે ન વાપરવાથી પ્રકૃતિને માફક ન આવતું હોય તો તે વિષ માફક થાય છે. એવો નિયમ છે, તથાપિ પથ્ય વસ્તુનું સાત્મ્ય હોય તો પણ તેજ ઉપયોગમાં લેવી, અને અપથ્ય વસ્તુનું સાત્મ્ય ન હોય તે ન વાપરવી "બલિષ્ટ પુરૂષને સર્વે વસ્તુ હિતકારી છે." એમ સમજી કાળકૂટ વિષ ભક્ષણ ન કરવું. વિષ શાસ્ત્રનો જાણ પુરૂષ સુશિક્ષિત હોય તો પણ કોઈ વખતે વિષ ખાવાથી મરણ પામે છે. તેમજ કહ્યું છે કે—જે ગળાની નીચે ઉતર્યું તે સર્વ અશન કહેવાય છે, માટે ડાહ્યા લોકો ગળાની નીચે ઉતરે ત્યાં સુધી ક્ષણ માત્ર સુખને અર્થે જિહ્વાની લોલુપતા રાખતા નથી. એવું વચન છે માટે જિહ્વાની લોલુપતા પણ મૂકવી. તથા અભક્ષ્ય, અનંતકાય અને બહુ સાવદ્ય વસ્તુ પણ વર્જવી.

जैन साईट JAINSITE.com

પોતાના અગ્નિબળ માફક પરિમિત ભોજન કરવું. જે પરિમિત ભોજન કરે છે, તે બહુ ભોજન કર્યા જેવું છે. અતિશય ભોજન કરવાથી અજીર્ણ, ઓકારી, જુલાબ તથા મરણ વગેરે પણ થોડી વારમાં થાય છે. કેમ કે—હે જીભ! તું ભક્ષણ કરવાનું અને બોલવાનું માપ રાખ. કારણ કે, અતિશય ભક્ષણ કરવાનું અને અતિશય બોલવાનું પરિણામ ભયંકર નીપજે છે. હે જીભ! જો તું દોષ વિનાનું તથા પરિમિત ભોજન કરે અને જો દોષ વિનાનું તથા પરિમિત બોલે, તો કર્મરૂપ વીરોની સાથે લડતા એવા જીવ થકી તને જ જયપત્રિકા મળશે એમ નક્કી જાણ. હિતકારી, પરિમિત અને પરિપકવાન્ન ભક્ષણ કરનારો, ડાબે પાસે શયન કરનારો, હમેશાં ફરવા હરવાની મહેનત કરનારો, વિલંબ ન લગાડતાં મળમૂત્રનો ત્યાગ કરનારો અને સ્ત્રીઓની બાબતમાં પોતાનું મન વશમાં રાખનારો એવો પુરૂષ રોગોને જીતે છે. હવે ભોજન કરવાનો વિધિ વ્યવહારશાસ્ત્રાદિકના અનુસારે નીચે પ્રમાણે જાણવો:—

## ભોજનની વિધિ.

અતિશય પ્રભાત કાળમાં, તદ્દન સંધ્યાને વખતે અથવા રાત્રિએ તથા ગમન કરતાં ભોજન ન કરવું ભોજન કરતી વખતે અન્નની નિંદા ન કરવી. ડાબા પગ ઉપર હાથ પણ ન રાખવો. તથા એક હાથમાં ખાવાની વસ્તુ લઇ બીજા હાથે ભોજન ન કરવું. ઉઘાડી જગ્યામાં, તડકામાં, અંધકારમાં અથવા વૃક્ષને તળે કોઇ કાળે ભોજન કરવું નહીં; તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજન કરતી વખતે અંગૂઠા પાસેની આંગળી ઊભી ન રાખવી. મોં, કપડાં અને પગ ધોયા વિના, નગ્નપણે, મેલાં કપડાં પહેરીને તથા ડાબો હાથ થાળીને લગાડ્યા વિના ભોજન કરવું નહીં. એક જ વસ્ત્ર પહેરીને, મસ્તકે ભીનું વસ્ત્ર વીંટીને, અપવિત્ર શરીરે તથા અતિશય જીભની લોલુપતા રાખીને વિચક્ષણ પુરૂષે ભોજન કરવું નહીં. પગમાં પગરખાં પહેરીને, ચિત્ત ઠેકાણે રાખ્યા વિના કેવળ જમીન ઉપર જ અથવા પલંગ ઉપર બેસીને, ખૂણાઓમાં અગર દક્ષિણ દિશામાં મુખ કરીને તેમજ પાતળા આસન ઉપર બેસીને ભોજન કરવું નહીં. આસન ઉપર પગ રાખીને, તથા શ્વાન, ચાંડાળ અને પતિત લોકોની નજર પડતી હોય તેવી જગ્યાએ ભોજન કરવું નહીં. તેમજ ભાગેલા અથવા મલિન વાસણમાં ભોજન કરવું નહીં. અપવિત્ર વસ્તુથી ઉત્પન્ન થએલું, ગર્ભહત્યા વગેરે કરનાર લોકોએ જોએલું, રજસ્વળા સ્ત્રીએ સ્પર્શ કરેલું, તથા ગાય, શ્વાન, પક્ષી વગેરે જીવોએ સુંઘેલું એવું અન્ન ખાવું નહીં. જે ભક્ષ્ય વસ્તુ કયાંથી આવી તેની ખબર ન હોય, તથા જે વસ્તુ અજાણી હોય તે ખાવી નહીં. એક વાર રાંધેલું અન્ન ફરી વાર ઉનું કર્યું હોય તો તે પણ ન ખાવું. તથા ભોજન કરતી વેળાએ "બચ બચ" એવો શબ્દ અથવા વાંકુંચૂકું મોં કરવું નહીં.

जैन साईट JAINSITE.com

## કેવું ભોજન કરવું ?

ભોજન કરતી વખતે આસપાસ રહેલા લોકોને ભોજન કરવા બોલાવીને પ્રીતિ ઉપજાવવી. પોતાના ઇષ્ટ દેવનું નામ સ્મરણ કરવું. તથા સરખું, પહોળું અને ઘણું નીચું ઊંચું નહીં એવા સ્થિર આસન ઉપર બેસીને પોતાની માસી, માતા, બ્હેન અથવા સ્ત્રી વગેરે લોકોએ રાંધેલું તથા પવિત્ર અને ભોજન કરેલા લોકોએ આદરથી પીરસેલું અન્ન એકાંતમાં જમણો સ્વર વહેતો હોય ત્યારે ખાવું. ભોજન કરતી વેળાએ મૌન કરવું, તથા શરીર વાંકુંચુંકું ન રાખવું, અને પ્રત્યેક ખાવા યોગ વસ્તુ સૂંઘવી; કેમકે, તેથી દષ્ટિદોષ ટળે છે. ઘણું ખારૂં, ઘણું ખાટું, ઘણું ઉન્હું તથા ઘણું ઠંડું અન્ન ખાવું નહીં. શાક ઘણું ન ખાવું, અતિશય મીઠી વસ્તુ ન ખાવી. તથા રુચિકર વસ્તુ પણ ઘણી ન ખાવી. અતિશય ઉનું અન્ન રસનો નાશ કરે, અતિશય ખાટું અન્ન ઇંદ્રિયોની શક્તિ ઓછી કરે, અતિશય ખારૂં અન્ન નેત્રોને વિકાર કરે; અને અતિશય ચીકણું અન્ન ગ્રહણીને (કોઠામાંની છઠી કોથળીને) બગાડે. કડવા અને તીખા આહારથી કફનો, તૂરા અને મીઠા આહારથી પિત્તનો, સ્નિગ્ધ અને ઉષ્ણ આહારથી વાયુનો તથા ઉપવાસથી બાકીના રોગોનો નાશ કરવો. જે પુરુષ શાકભાજી બહુ ન ખાય, ઘીની સાથે અન્ન ખાય, દૂધ આદિ ચીકણી વસ્તુ સેવે, બહુ પાણી ન પીએ, અજીર્ણ વખતે ભોજન ન કરે, લઘુનીતિ કે વડીનીતિની શંકા ન હોય–ત્યારે, ચાલતાં ખાય નહીં, અને ખાધેલું પચ્યા પછી અવસરે ભોજન કરે, તેને શરીરે રોગ કદાચ થાય તો બહુ જ થોડો થાય.

નીતિના જાણ પુરુષો પ્રથમ મધુર, વચ્ચે તીખું અને છેડે કડવું એવું દુર્જનની મૈત્રી સરખું ભોજન ઇચ્છે છે. ઉતાવળ ન કરતાં પ્રથમ મધુર અને સ્નિગ્ધ રસ ભક્ષણ કરવા; મધ્યે પાતળા, ખાટા અને ખારા રસ ભક્ષણ કરવા તથા અંતે કડવા અને તીખા રસ ભક્ષણ કરવા. પુરુષે પહેલા પાતળા રસ મધ્યે કડવા રસ અને અંતે પાછા પાતળા રસનો આહાર કરવો તેથી બળ અને આરોગ્ય જળવાય છે.

## પાણી કેમ અને કયારે પીવું ?

ભોજનની શરૂઆતમાં જળ પીએ તો અગ્નિ મંદ થાય, મધ્યભાગમાં પીએ તો રસાયન માફક પુષ્ટિ આપે, અને અંતે પીએ તો વિષ માફક નુકશાન કરે. માણસે ભોજન કરી રહ્યા પછી સર્વ રસથી ખરડાયલાં હાથે એક પાણીનો કોગળો હરરોજ પીવો. પાણી પશુની માફક ગમે તેટલું ન પીવું. એઠું રહેલું પણ ન પીવું: તથા ખોબેથી પણ ન પીવું, કેમકે, પાણી પરિમિત પીવું તે જ હિતકારી છે. ભોજન કરી રહ્યા પછી ભીને હાથે બે ગાલને, ડાબા હાથને અથવા નેત્રોને સ્પર્શ ન કરવો. પરંતુ કલ્યાણને માટે બે ઢીંચણને હાથ લગાડવા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ભોજન પછીના કૃત્યાકૃત્ય.

બુદ્ધિશાળી પુરૂષે ભોજન કરી રહ્યા પછી કેટલીક વાર સુધી શરીરનું મર્દન, મળ-મૂત્રનો ત્યાગ, ભાર ઉપાડવો, બેસી રહેવું, ન્હાવું વગેરે કરવું નહીં. ભોજન કર્યા પછી તુરત બેસી રહે તો પેટ મેદથી જાડું થાય, ચતો સૂઇ રહે તો બળની વૃદ્ધિ થાય; ડાબે પાસે સુઇ રહે તો આયુષ્ય વધે, અને દોડે તો મૃત્યુ સામું આવે. ભોજન કરી રહ્યા પછી તુરત બે ઘડી ડાબે પાસે સૂઇ રહેવું; પણ ઉંઘવું નહીં. અથવા સો પગલાં ચાલવું. આ રીતે ભોજનનો લૌકિક વિધિ કહ્યો છે સિદ્ધાંતમાં કહેલો વિધિ નીચે પ્રમાણે છે:—

## સિદ્ધાન્તમાં કહેલી ભોજનવિધિ.

સુશ્રાવકો, નિર્વદ્ય, નિર્જીવ અને પરિમિત એવા આહારવડે આત્માનો નિર્વાહ કરનારા હોય છે. એ આહાર કરતાં સર સર ચબ ચબ શબ્દો ન થાય એવી રીતે તથા નીચે ખાતા ખાતા દાણા કે છાંટા ન પડે તેમ; મન, વચન અને કાયાની ગુપ્તિપૂર્વક સાધુની જેમ ઉપયોગપૂર્વક સાહડીના પ્રતર ખોલે તેમ ધીમે અથવા સિંહની જેમ ઉતાવળથી નહીં. આ પ્રમાણે એકલો અથવા અનેકની સાથે ધૂમ્ર અને અંગાર દોષો ન લાગે તેમ આહાર કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવી ગાડી ખેડવાના કામમાં ઉંજવાથી લેપની યુક્તિ હોય છે. તે પ્રમાણે સંયમરૂપ રથ ચલાવવાને માટે સાધુઓને આહાર કહ્યો છે. અન્ય ગૃહસ્થોએ પોતાને અર્થે કરેલું તીખું, કડવું, તૂરૂં, ખાટું, મીઠું અથવા ખારૂં એવું જેવું અન્ન મળે તેવું સાધુઓએ મીઠા ઘીની માફક ભક્ષણ કરવું. તેમજ રોગ, મોહનો ઉદય, સ્વજનનો ઉપસર્ગ થએ છતે, જીવદયાનું રક્ષણ કરવાને માટે તપસ્યાને માટે તથા આયુષ્યનો અંત આવે શરીરનો ત્યાગ કરવાને અર્થે આહારનો ત્યાગ કરવો.

એ વિધિ સાધુ આશ્રયી કહ્યો. શ્રાવક આશ્રયી વિધિ પણ યથાયોગ્ય જાણવો. બીજે સ્થળે પણ કહ્યું છે કે—વિવેકી પુરૂષે શક્તિ હોય તો દેવ, સાધુ, નગરનો સ્વામી, તથા સ્વજન સંકટમાં પડયા હોય, અથવા સૂર્ય ચંદ્રને ગ્રહણ લાગ્યું હોય ત્યારે ભોજન કરવું નહીં. તેમજ અજીર્ણથી રોગો ઉત્પન્ન થાય છે માટે અજીર્ણ, નેત્રવિકાર વગેરે રોગ થયા હોય તો ભોજન કરવું નહીં કહ્યું છે કે—તાવની શરૂઆતમાં શક્તિ ઓછી ન થાય એટલી લાંઘણ કરવી. પણ વાયુથી, થાકથી, ક્રોધથી, શોકથી, કામવિકારથી અને પ્રહાર થવાથી, ઉત્પન્ન થએલા તાવમાં લાંઘણ કરવી નહીં. તથા દેવ, ગુરૂને વંદનાદિકનો યોગ ન હોય; તીર્થને અથવા ગુરૂને વંદના કરવી હોય, વિશેષ વ્રત પચ્ચખાણ લેવા હોય, મ્હોટું પુણ્યકાર્ય આરંભવું હોય તે દિવસે, તેમજ અષ્ટમી ચતુર્દશી વગેરે મ્હોટા પર્વના દિવસે પણ ભોજન કરવું નહીં. માસખમણ વગેરે તપસ્યાથી આ લોકમાં તથા પરલોકમાં ઘણા ગુણ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે—તપસ્યાથી અસ્થિર કાર્ય હોય તે સ્થિર, વાંકું હોય તે સરળ, દુર્લભ તથા અસાધ્ય હોય તે સુસાધ્ય થાય છે. વાસુદેવ, ચક્રવર્તી વગેરે લોકોનાં તે તે દેવતાને પોતાનો સેવક બનાવવા વગેરે ઇહલોકનાં કાર્યો પણ અઠમ વગેરે તપસ્યાથીજ સિદ્ધ થાય છે; પણ તે વિના સિદ્ધ થતાં નથી. આ રીતે ભોજન વિધિ કહ્યો છે.

સુશ્રાવક ભોજન કરી રહ્યા પછી નવકાર સ્મરણ કરીને ઊઠે અને ચૈત્યવંદન વિધિવડે દેવને તથા ગુરૂને યોગ હોય તે પ્રમાણે વાંદે. ચાલતી ગાથામાં सुपत्तदाणाइ जुत्तीए એ પદમાં આદિ શબ્દનું ગ્રહણ કર્યું છે, તેથી એ સર્વ વિધિ સૂચવ્યો એમ જાણવું.

## સ્વાધ્યાયના ભેદ.

હવે ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા કરીએ છીએ—ભોજન કરી રહ્યા પછી દિવસચરિમ અથવા ગ્રંથિ સહિત પ્રમુખ પચ્ચખાણ ગુરૂ પ્રમુખને બે વાંદણા દઇને અથવા તે વિના ગ્રહણ કરવું. અને ગીતાર્થ મુનિરાજ પાસે અથવા ગીતાર્થ એવા શ્રાવક, સિદ્ધપુત્ર વગેરેની પાસે યોગ હોય તેમ પાંચ પ્રકારની સજ્ઝાય કરવી. ૧ વાચના, ૨ પૃચ્છના, ૩ પરાવર્તના, ૪ ધર્મકથા અને ૫ અનુપ્રેક્ષા એ સજ્ઝાયના પાંચ પ્રકાર છે. તેમાં નિર્જરાને માટે યથાયોગ્ય સૂત્ર વગેરેનું દાન કરવું અથવા ગ્રહણ કરવું તે વાચના કહેવાય છે. વાંચનામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાંઇ સંશય રહ્યા હોય તે ગુરૂને પૂછવા તે પૃચ્છના કહેવાય છે. પૂર્વે ભણેલા સૂત્રાદિકને ભૂલી ન જવાય તે માટે વારંવાર ફેરવવું તે પરાવર્તના કહેવાય છે. જંબૂસ્વામી વગેરે સ્થવિરોની કથા સાંભળવી અથવા કહેવી તે ધર્મકથા કહેવાય છે. મનમાં જ સૂત્રાદિકનું વારંવાર સ્મરણ કરવું તે અનુપ્રેક્ષા કહેવાય છે. અહિં ગુરૂમુખથી સાંભળેલા શાસ્ત્રાર્થના જાણ પુરૂષો પાસે વિચાર કરવા રૂપ સઝ્ઝાય વિશેષ કૃત્ય તરીકે જાણવી. કારણ કે, "તે તે વિષયના જાણ પુરૂષોની સાથે શાસ્ત્રાર્થના રહસ્યની વાતોનો વિચાર કરવો" એવું શ્રી યોગશાસ્ત્રનું વચન છે. એ સઝ્ઝાય ઘણી ગુણકારી છે. કહ્યું છે કે—સઝ્ઝાયથી શ્રેષ્ઠ ધ્યાન થાય છે, સર્વ પરમાર્થનું જ્ઞાન થાય છે, તથા સઝ્ઝાયમાં રહેલો પુરૂષ ક્ષણે ક્ષણે વૈરાગ્ય દશા મેળવે છે. પાંચ પ્રકારની સઝ્ઝાય ઉપર દૃષ્ટાંત વગેરેનું વિવરણ આચારપ્રદીપ ગ્રંથમાં કર્યું છે, તેથી અત્રે તે કહ્યો નથી. આ રીતે આઠમી ગાથાનો અર્થ અત્રે પૂરો થયો. (૮)

**संझाइ जिणं पुणरवि, पूयइ पडिक्कमइ कुणइ तह विहिणा ॥**
**विस्समणं सज्झायं, गिहं गओ तो कहइ धम्मं ॥ ९ ॥**

**ગાથાર્થ:**—સંધ્યા વખતે ફરીથી અનુક્રમે જિનપૂજા, પ્રતિક્રમણ, તેમજ વિધિ માફક મુનિરાજની સેવા ભક્તિ અને સઝ્ઝાય કરવી. પછી ઘેર જઇ સ્વજનોને ધર્મોપદેશ કરવો. (૯)

**ટીકાર્થ:**—શ્રાવકે હમેશાં એકાસણાં કરવાં એવો ઉત્સર્ગ માર્ગ છે. કહ્યું છે કે–શ્રાવક ઉત્સર્ગ માર્ગે સચિત્ત વસ્તુને વર્જનારો, હમેશાં એકાસણુ કરનારો તેમજ બ્રહ્મચર્ય-વ્રત પાળનારો હોય છે. પરંતુ જેનાથી દરરોજ એકાસણું થઇ ન શકે એમ હોય, તેણે દિવસના આઠમા ચોઘડીઆમાં પહેલી બે ઘડીએ અર્થાત્ બે ઘડી દિવસ બાકી રહે છતે ભોજન કરવું. છેલ્લી બે ઘડી દિવસ રહે ત્યારે ભોજન કરે તો રાત્રિભોજનનો મહાદોષ લાગવાનો પ્રસંગ આવે છે. સૂર્ય અસ્ત થયા પછી રાત્રિએ મોડું ભોજન કરે તો ઘણા દોષ લાગે છે. તેનું દૃષ્ટાંત સહિત સ્વરૂપ મેં કરેલી અર્થદીપિકા ઉપરથી જાણવું. ભોજન કરી રહ્યા પછી પાછો સૂર્યનો ઉદય થાય, ત્યાં સુધીનું ચઉવિહાર અથવા દુવિહાર દિવસચરિમ પચ્ચખાણ કરે. એ પચ્ચખાણ મુખ્ય ભાગે દિવસ છતાં જ કરવું જોઇએ, પણ બીજે ભાગે રાત્રિએ કરે તો પણ ચાલે એમ છે.

**શંકા:**—દિવસચરિમ પચ્ચખાણ નિષ્ફળ છે, કારણ કે, એકાશન વગેરે પચ્ચખાણોમાં તે સમાઇ જાય છે. **સમાધાન:**—એમ નહીં. એકાશન વગેરે પચ્ચખાણના આઠ ઇત્યાદિક આગાર છે, અને દિવસચરિમના ચાર આગાર છે, માટે આગારનો સંક્ષેપ એજ દિવસ-ચરિમમાં મુખ્ય છે. તેથી તે સફળ છે. દિવસ બાકી છતાં કરવાનું છે, તથા રાત્રિભોજનના પચ્ચખાણને યાદ કરાવનારૂં છે, રાત્રિભોજનના પચ્ચખાણવાળાને પણ તે ફળદાયી છે. એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવશ્યક લઘુવૃત્તિમાં કહ્યું છે. એ પચ્ચખાણ સુખે કરાય એવું તથા બહુ ફળદાયી છે. એના ઉપર નીચે પ્રમાણે એક દૃષ્ટાંત છે:—

દશાર્ણ નગરમાં એક શ્રાવિકા સાંજે ભોજન કરીને પ્રતિદિન દિવસચરિમ પચ્ચખાણ કરતી હતી. તેનો ભર્તાર મિથ્યાદૃષ્ટિ હતો. તે "સંધ્યાએ જમ્યા પછી રાત્રિએ કોઇ કાંઇ ભક્ષણ કરતું નથી જ, માટે એ ( દિવસચરિમ ) મ્હોટું પચ્ચખાણ કરે છે." એવી રીતે શ્રાવિકાની હમેશાં હાંસી કરતો હતો. એક દિવસ શ્રાવિકાએ "તું ભાગીશ" એમ કહીને ઘણી ના પાડી, તો પણ તેણે દિવસચરિમ પચ્ચખાણ કર્યું. રાત્રિએ સમ્યગ્દૃષ્ટિ દેવી પરીક્ષા કરવા માટે તથા શિખામણ દેવાને માટે તેની બ્હેનનું રૂપ ધારણ કરી તેને ઘેબર વગેરે આપવા લાગી. શ્રાવિકાએ ઘણો વાર્યો, તો પણ જીભની લોલુપતાથી તેણે તે ખાવા માંડ્યું એટલામાં દેવીએ પ્રહાર કર્યો કે જેથી તેના ડોળા બહાર નીકળી ભૂમિ ઉપર પડ્યા, "મ્હારો અપયશ થશે" એમ ધારી શ્રાવિકાએ કાઉસ્સગ્ગ કર્યો. પછી શ્રાવિકાના કહેવાથી દેવીએ તત્કાળ કોઇ એક મરાતા બોકડાનાં નેત્ર લાવી તે પુરુષને લગાડયાં, તેથી તેનું એડકાક્ષ એનું નામ પડયું. પછી પ્રત્યક્ષ ખાત્રી થવાથી તે પુરુષ શ્રાવક થયો. લોકો કોતુકથી તેને જોવા માટે આવવા લાગ્યા તેથી તે નગરનું પણ એડકાક્ષ નામ પડયું. તેને જોવાથી ઘણા લોકો શ્રાવક થયા. આ રીતે દિવસચરિમ ઉપર એડકાક્ષનું દૃષ્ટાંત કહ્યું છે.

जैन साइट
JAINSITE.com
જૈનમ જયતિ શાસનમ

પછી સંધ્યા વખતે એટલે છેલ્લી બે ઘડી દિવસ રહે ત્યારે સૂર્યબિંબનો અર્ધો અસ્ત થતાં પહેલાં ફરીથી ત્રીજી વાર યથાવિધિ જિનપૂજા કરવી.

તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિ-વિરચિત 'શ્રાદ્ધવિધિપ્રકરણ'ની 'શ્રાદ્ધવિધિકૌમુદી' ટીકામાં પ્રથમ દિનકૃત્ય પ્રકાશ સંપૂર્ણ થયો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્વિતીય પ્રકાશ : : રાત્રિકૃત્ય.

દિનકૃત્ય કહ્યા પછી, હવે રાત્રિકૃત્ય કહીએ છીએ. શ્રાવક મુનિરાજની પાસે અથવા પૌષધશાળા વગેરેમાં જઇ યતનાથી પૂંજી સામાયિક કરવા વગેરે વિધિ સહિત ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણ કરે, તેમાં સ્થાપનાચાર્યની સ્થાપના, મુહપત્તિ, ચરવળો ઇત્યાદિ ધર્મોપકરણ ગ્રહણ કરવાં તથા સામાયિક કરવું. આ સંબંધી તથા બીજી કેટલીક વિધિ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર વૃત્તિમાં કાંઇક કહી છે, માટે અહિં કહેવામાં આવી નથી. શ્રાવકે સમ્યકત્વાદિકના સર્વે અતિચારની શુદ્ધિને માટે તથા ભદ્રક પુરુષે અભ્યાસાદિને સારૂ દરરોજ બે વખત જરૂર પ્રતિક્રમણ કરવું. વૈદ્યના ત્રીજા રસાયન ઔષધ સરખું પ્રતિક્રમણ છે, માટે કદાચ અતિચાર લાગ્યા ન હોય, તો પણ શ્રાવકે તે ખાસ કરવું. સિદ્ધાંતમાં કહ્યું છે કે—પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પ્રતિક્રમણ દરરોજ જરૂરનું છે, અને બાકીના વચલા બાવીસ તીર્થંકરના શાસનમાં કારણ હોય તો પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. કારણ હોય તો એટલે મધ્યમ તીર્થંકરના વારામાં અતિચાર લાગ્યો હોય તો, બપોરના પણ પ્રતિક્રમણ કરે છે અને ન લાગ્યો હોય તો પૂર્વ ક્રોડ વર્ષ પર્યન્ત પણ ન કરે. ત્રણ પ્રકારનાં ઔષધ કહ્યાં છે, તે એ કે:—૧ પ્રથમ ઔષધ વ્યાધિ હોય તો મટાડે અને ન હોય તો નવો ઉત્પન્ન કરે, ૨ બીજું ઔષધ વ્યાધિ હોય તો મટાડે અને ન હોય તો નવા ઉત્પન્ન ન કરે. ૩ ત્રીજું ઔષધ રસાયન એટલે પૂર્વે થએલો વ્યાધિ હોય તો તેને મટાડે અને વ્યાધિ ન હોય તો સર્વાંગને પુષ્ટિ આપે, તથા સુખની અને બળની વૃદ્ધિ કરે; તેમજ ભાવિકાળે થનારા દર્દોને બંધ પાડે. પ્રતિક્રમણ કહેલા ત્રણ પ્રકારના ત્રીજા રસાયન ઔષધ સમાન છે. તેથી તે અતિચાર લાગ્યા હોય તો તેની શુદ્ધિ કરે છે અને ન લાગ્યા હોય તો ચારિત્રધર્મની પુષ્ટિ કરે છે.

## સામાયિક અને પ્રતિક્રમણની ભિન્નતા વિષે શંકા અને સમાધાન.

શંકા:—આવશ્યકચૂર્ણિમાં કહેલો સામાયિક વિધિ તેજ શ્રાવકનું પ્રતિક્રમણ છે, કેમકે, પ્રતિક્રમણના છ પ્રકાર તથા બે વખત જરૂર કરવું એ સર્વ એમાં જ ( સામાયિક વિધિમાંજ ) ઘટાવાય તેમ છે. તે એ રીતે કે:—પ્રથમ ૧ સામાયિક કરી પછી એક પછી એક એમ ૨ ઇરિયાવહી, ૩ કાયોત્સર્ગ, ૪ ચોવીસત્થો, ૫ વાંદણાં અને ૬ પચ્ચખાણ કરવાથી છ આવશ્યક પૂરા થાય છે. તેમજ "**सामाइयमुभयसंझं**" એવું વચન છે, તેથી પ્રભાતે અને સંધ્યાએ કરવાનું પણ નક્કી થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમાધાનઃ**—ઉપર કહ્યું તે બરાબર નથી, કેમકે, સામાયિક વિધિમાં છ આવશ્યક અને કાળ નિયમ સિદ્ધ થતા નથી. તે એમ કેઃ—હારા ( શંકાકારના ) અભિપ્રાય મુજબ પણ ચૂર્ણિકારે સામાયિક, ઇરિયાવહી અને વાંદણાં એ ત્રણ જ ખાસ દેખાડયાં છે; બાકીનાં દેખાડયાં નથી. તેમાં પણ ઇરિયાવહી પ્રતિક્રમણ કહ્યું છે તે ગમનાગમન સંબંધી છે, પણ આવશ્યકના ચોથા અધ્યયનરૂપ નથી, કારણ કે, ગમનાગમન તથા વિહાર કરે છતે, રાત્રિએ નિદ્રાના અંતે તથા સ્વપ્ન જોવા પછી, તેમજ નાવમાં બેસવું પડે તો તથા નદી ઉતરવી પડે તો ઇરિયાવહી કરવી, એવું વચન છે. બીજું શ્રાવકને સાધુની માફક ઇરિયાવહીમાં કાઉસ્સગ્ગ અને ચઉવીસત્થો જેમ કહ્યાં છે, તેમ સાધુની માફક પ્રતિક્રમણ પણ કેમ ન કહેવાય? વળી શ્રાવકે સાધુનો જોગ ન હોય તો ચૈત્ય સંબંધી પોષધશાળામાં અથવા પોતાના ઘરમાં સામાયિક તથા પ્રતિક્રમણ કરવું. એ રીતે આવશ્યકચૂર્ણિમાં પણ સામાયિકથી પ્રતિક્રમણ જૂદું કહ્યું છે. તેમજ સામાયિકનો કાળ પણ નિયમિત નથી. કારણ કે, "જ્યાં વિશ્રાંતિ લે, અથવા નિર્વ્યાપાર પણ બેસે, ત્યાં સર્વત્ર સામાયિક કરવું." તેમજ "જ્યારે અવસર મળે ત્યારે સામાયિક કરવું." તેથી કાંઇ પણ ભંગ ન લાગે એવાં ચૂર્ણિનાં પ્રમાણભૂત વચન છે.

जैन साईट JAINSITE

હવે "**समाइयमुभयसंझं**" એવું જે વચન છે તે સામાયિક પ્રતિમાની અપેક્ષાથી કહ્યું છે. કેમકે, ત્યાં જ સામાયિકનો નિયમિત કાળ સંભળાય છે. અનુયોગદ્વાર સૂત્રમાં તો ખાસ શ્રાવકને પ્રતિક્રમણ કહ્યું છે. તે એમ કેઃ—સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા એ સર્વ જણ પોતાના ચિત્ત–મન, લેશ્યા–સામાન્ય અધ્યવસાય, તીવ્ર અધ્યવસાય તથા ઇંદ્રિયો પણ આવશ્યકને વિષે જ તલ્લીન કરી તથા અર્થ ઉપર બરોબર ઉપયોગ રાખી આવશ્યકની જ ભાવના ભાવતાં પ્રભાતકાળે તથા સંધ્યાએ પ્રતિક્રમણ કરે. વળી તે જ સૂત્રમાં કહ્યું છે કે–જે માટે સાધુને અને શ્રાવકને રાત્રિના તથા દિવસના અંતભાગે પ્રતિક્રમણ કરવું પડે છે, માટે પ્રતિક્રમણને આવશ્યક કહે છે. માટે સાધુની પેઠે શ્રાવકે પણ શ્રીસુધર્માસ્વામી આદિ આચાર્યની પરંપરાથી ચાલતું આવેલું પ્રતિક્રમણ મુખ્ય માર્ગે ઉભય કાળ કરવું. કેમકે તેથી દિવસે તથા રાત્રિએ કરેલાં પાપોની શુદ્ધિ થતી હોવાથી ઘણી ફળપ્રાપ્તિ થાય છે. વળી એમ કહ્યું છે કે—પાતકોને જીવ પ્રદેશમાંથી કાઢી નાખનારૂં, કષાયરૂપ ભાવશત્રુને જીતનારું, પુણ્યને ઉત્પન્ન કરનારૂં અને મુક્તિનું કારણ એવું પ્રતિક્રમણ હરરોજ બે વાર કરવું. પ્રતિક્રમણ ઉપર એક દૃષ્ટાંત નીચે પ્રમાણે સંભળાય છે.

દિલ્લીમાં દેવસીરાઇ પ્રતિક્રમણનો અભિગ્રહ પાળનારો એક શ્રાવક રહેતો હતો. રાજવ્યાપારમાં કાંઇ તહોમતમાં આવવાથી બાદશાહે તેને સર્વાંગે બેડીઓ જડીને બંદીખાને નાંખ્યો તે દિવસે લાંઘણ થઇ હતી, તો પણ તેણે સંધ્યા વખતે પ્રતિક્રમણ કરવાને સારૂં રખવાળોને સોનાનો ટાંક આપવાનું કબલ કરી બે ઘડી સુધી હાથ છોડાવ્યા અને પ્રતિક્રમણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યું. એ રીતે એક મહિનામાં સાઠ ટાંક પ્રતિક્રમણને માટે આપ્યા. પોતાનો નિયમ પાળવામાં તેની એવી દૃઢતા જાણીને બાદશાહ સંતુષ્ટ થયો, અને તેણે તેને બંદીખાનાથી છોડી મૂકી પહેરામણી આપી, અને અગાઉની માફક તેનું વધુ સન્માન કર્યું. આ રીતે પ્રતિક્રમણ કરવામાં યતના અને દૃઢતા રાખવી જરૂરની છે.

## પ્રતિક્રમણના ભેદ અને તેને કરવાનો સમય.

પ્રતિક્રમણના ૧ દેવસી, ૨ રાઈ, ૩ પખ્ખી, ૪ ચોમાસી અને ૫ સંવત્સરી એવા પાંચ પ્રકાર છે, એમનો સમય ઉત્સર્ગ માર્ગે કહ્યો છે તે આ પ્રમાણે. ગીતાર્થ પુરૂષો સૂર્યબિંબનો અર્ધભાગ અસ્ત થાય ત્યારે પ્રતિક્રમણ સૂત્ર કહે છે. એ વચન પ્રમાણભૂત છે તેથી દેવસી પ્રતિક્રમણનો સમય સૂર્યનો અર્ધો અસ્ત એ જ જાણવો. પ્રતિક્રમણનો કાળ એવી રીતે કહ્યો છે કે:—આચાર્યો આવશ્યક ( પ્રતિક્રમણ ) કરવાનો વખત થાય છે ત્યારે ઊંઘ તજી દે છે, અને આવશ્યક એ રીતે કરે છે કે, જેથી દશ પડિલેહણા કરતાં વાર જ સૂર્યોદય થાય, અપવાદ માર્ગથી તો દેવસી પ્રતિક્રમણ દિવસના ત્રીજા પહોરથી અર્ધી રાત્રી સુધી કરાય છે. યોગશાસ્ત્રની વૃત્તિમાં તો દેવસી પ્રતિક્રમણ બપોરથી માંડી અર્ધી રાત્રી સુધી કરાય એમ કહ્યું છે. તેમજ રાઈ પ્રતિક્રમણ મધ્ય રાત્રીથી માંડી બપોર સુધી કરાય. વળી કહ્યું છે કે—" રાઈ પ્રતિક્રમણ આવશ્યક ચૂર્ણિના અભિપ્રાય પ્રમાણે ઉગ્ઘાડપોરિસિ સુધી કરાય છે, અને વ્યવહાર સૂત્રના અભિપ્રાય પ્રમાણે બપોર સુધી કરાય. " પાક્ષિક પ્રતિક્રમણ પખવાડિયાના છેડે, ચાતુર્માસિક ચોમાસાને અંતે અને સાંવત્સરિક વર્ષને અંતે કરાય છે.

શંકા:—પખ્ખી પ્રતિક્રમણ ચૌદશે કરાય ? કે અમાસ પૂનમે કરાય ?

ઉત્તર:—ચોદશે જ કરાય એમ અમારું કહેવું છે. જો અમાસે તથા પૂનમે પખ્ખી પ્રતિક્રમણ કરાય, તો ચોદશે તથા પખ્ખીને દિવસે પણ ઉપવાસ કરવાનો કહ્યો છે, તેથી પખ્ખી આલોયણા પણ છઠવડે થાય અને તેમ કરવાથી આગમ વચનને વિરોધ આવે છે. આગમમાં કહ્યું છે કે—[1]**अठम छठ चउत्थं, संवच्छर चाउमास पक्खेसु** બીજું આગમમાં જ્યાં પાક્ષિક શબ્દનું ગ્રહણ કર્યું છે ત્યાં ચતુર્દશી શબ્દ જુદો લીધો નથી. અને જ્યાં ચતુર્દશી શબ્દનું ગ્રહણ કર્યું છે ત્યાં પાક્ષિક શબ્દ જૂદો લીધો નથી. તે આ રીતે:–[2]**अट्ठमि चउद्दसीसु उपवासकरणं** એ વચન પાક્ષિક ચૂર્ણિમાં છે. [3]**सो अट्ठमिचउद्दसीसु उपवासं करेइ** " એ વચન આવશ્યક ચૂર્ણિમાં છે. [4]**चउत्थछट्ठट्ठमकरणे अट्ठ**

---

૧ સંવત્સરીએ અઠ્ઠમ, ચોમાસીએ છઠ્ઠ અને પખ્ખીએ ઉપવાસ કરવો. ૨ આઠમ ચઉદશે ઉપવાસ કરવો. ૩ તે આઠમ ચઉદશે ઉપવાસ કરે. ૪ આઠમે તથા પખ્ખીએ ઉપવાસ, ચોમાસીએ છઠ્ઠ અને સંવત્સરીએ અઠ્ઠમ કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मि पक्खीचउमासवरिसेअत्ति એ વચન વ્યવહારભાષ્ય પીઠિકામાં છે. अट्ठमिचउद्दसीनाण-पंचमीचउमास–વગેરે વચન મહાનિશીથમાં છે. વ્યવહાર સૂત્રના છઠ્ઠા ઉદ્દેશમાં पक्खस्स अट्ठमी खलु, मासस्स य पक्खिअं मुणेअव्वं એ વચનની વ્યાખ્યા કરતાં ચૂર્ણિકારે અને વૃત્તિકારે પાક્ષિક શબ્દનો અર્થ ચતુર્દશી એમજ કર્યો છે. જો પખ્ખી અને ચતુર્દશી જૂદાં હોય તો આગમમાં એ શબ્દ જૂદા આવત, પણ તેમ નથી. તેથી અમે એવા નિશ્ચય ઉપર આવીએ છીએ કે, પખ્ખી ચતુર્દશીને દિવસેજ થાય.

અગાઉ ચોમાસી પૂનમે અને સંવત્સરી પાંચમે કરતા હતા, પણ હાલના વખતમાં શ્રી કાલિકાચાર્યની આચરણાથી ચોમાસી ચૌદશે અને સંવત્સરી ચોથે કરાય છે. એ વાત સર્વસંમત હોવાથી પ્રામાણિક છે. શ્રી કલ્પભાષ્ય આદિ ગ્રંથોમાં કહ્યું છે કે–કોઇ પણ આચાર્યે કોઈ પણ વખતે મનમાં શઠતા ન રાખતાં જે કાંઈ નિરવદ્ય આચરણ કર્યું હોય, અને અન્ય આચાર્યોએ તેનો જો પ્રતિષેધ ન કર્યો હોય તો તે બહુમત આચરિત જ સમજવું. તીર્થોદ્ધાર નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે—શાલિવાહન રાજાએ સંઘના આદેશથી શ્રીકાલિકાચાર્ય પાસે ચૌદસને દિવસે ચોમાસી અને ચોથને દિવસે સંવત્સરી કરવી. વીરનિર્વાણ સંવત નવસો ત્રાણુંમા વર્ષે ચતુર્વિધ શ્રીસંઘે ચૌદશને દિવસે ચોમાસી પ્રતિક્રમણ કર્યું. તે આચરણ પ્રમાણભૂત છે. આ વિષયમાં અધિક ચર્ચા જોવી હોય તો પૂજ્ય શ્રી કુલમંડનસૂરિએ કરેલો વિચારામૃતસંગ્રહ નામનો ગ્રંથ જોવો.

## દેવસીયપ્રતિક્રમણની વિધિ.

પ્રતિક્રમણ કરવાની વિધિ યોગશાસ્ત્રની વૃત્તિમાં ચિરંતનાચાર્યકૃત ગાથાઓ કહેલી છે, તે ઉપરથી ધારવી, તે નીચે પ્રમાણે છે:—

આ મનુષ્યભવમાં સાધુએ તથા શ્રાવકે પણ પંચવિધ આચારની શુદ્ધિ કરનારૂં પ્રતિક્રમણ ગુરૂની સાથે, અથવા ગુરૂનો યોગ ન હોય તો એકલાએ અવશ્ય કરવું. (૧) ચૈત્યવંદન કરી ચાર ભગવાનહં પ્રમુખ ખમાસમણાં દઈ ભૂમિને વિષે મસ્તક રાખી સર્વે અતિચારનો मिच्छामिदुक्कडं દેવો. (૨)

પ્રથમ સામાયિક લઈ इच्छामि ठामि काउस्सग्गं ઇત્યાદિ સૂત્ર બોલવું. અને પછી ભુજાઓ તથા કોણી લાંબી કરી રજોહરણ અથવા ચરવળો તથા મુહપત્તિ હાથમાં રાખી ઘોડગ વગેરે દોષ ટાળી કાઉસગ્ગ કરે. તે વખતે પહેરેલો ચોળપટ્ટો નાભિથી નીચે અને ઢીંચણથી ચાર આંગળ ઊંચો હોવો જોઇએ. (૩–૪) કાઉસગ્ગ કરતાં મનમાં દિવસે કરેલા અતિચાર અનુક્રમે ચિંતવવા. પછી નવકારવડે કાઉસગ્ગ પારી લોગસ્સ કહેવો. (૫) સંડાસક પૂંજી નીચે બેસી પરસ્પર ન લાગે તેમ લાંબી બે ભુજાઓ કરી મુહપત્તિની તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયાની પચ્ચીશ પચ્ચીશ પડિલેહણા કરવી. ઊઠી, ઊભા રહી વિનયથી વિધિપૂર્વક ગુરૂને વંદના કરવી. તેમાં બત્રીશ દોષ ટાળવા અને પચીશ આવશ્યકની વિશુદ્ધિ સાચવવી. પછી સમ્યક્ પ્રકારે શરીર નમાવી બે હાથમાં યથાવિધિ મુહપત્તિ અને રજોહરણ અથવા ચરવળો લઈ ગુરૂ આગળ અનુક્રમે પ્રકટપણે અતિચાર ચિંતવવા. (૮) પછી નીચે બેસી સામાયિક વગેરે સૂત્ર યતનાથી કહે. તે પછી ઉઠીને "**अब्भुट्ठिओम्हि**" વગેરે પાઠ વિધિપૂર્વક કહે. (૯) પછી વાંદણાં દઈ પાંચ આદિ યતિઓ હોય તો ત્રણ વાર ખમાવે. પછી વાંદણા દઈ **आयरिअ** ઇત્યાદિ ત્રણ ગાથાનો પાઠ કહે. (૧૦) આ રીતે સામાયિકસૂત્ર તથા કાયોત્સર્ગ સૂત્રનો પાઠ કહી, પછી ચારિત્રાચાર શુદ્ધિને અર્થે કાઉસગ્ગ કરી બે લોગસ્સ ચિંતવવા. (૧૧) પછી યથાવિધિ કાઉસ્સગ્ગ પારીને સમ્યકત્વ શુદ્ધિને અર્થે પ્રગટ લોગસ્સ કહે. તેમજ સર્વ લોકને વિષે રહેલા અરિહંત ચૈત્યોની આરાધનાને માટે કાઉસ્સગ્ગ કરી તેમાં એક લોગસ્સ ચિંતવે, અને તેથી શુદ્ધ સમ્યકત્વધારી થઈને કાઉસ્સગ્ગ પારે. તે પછી શ્રુતશુદ્ધિને માટે પુખ્ખરવરદી કહે. (૧૨-૧૩) પછી પચીશ ઉચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે અને યથાવિધિ પારે. તે પછી સકળ શુભ ક્રિયાનાં ફળ પામેલા એવા સિદ્ધ પરમાત્માનો સ્તવ કહે. (૧૪) પછી શ્રુતસમૃદ્ધિને અર્થે શ્રુતદેવીનો કાઉસ્સગ્ગ કરે, અને તેમાં નવકાર ચિંતવે. તે પછી શ્રુતદેવીની થુઇ સાંભળે અથવા પોતે કહે. (૧૫) એ જ રીતે ક્ષેત્રદેવતાનો કાઉસ્સગ્ગ કરી તેની થુઇ સાંભળે અથવા પોતે કરે. પછી પંચ મંગળ કહી સંડાસા પ્રમાર્જીને નીચે બેસે. (૧૬) પછી પૂર્વોક્ત વિધિએ જ મુહપત્તિ પડિલેહી ગુરૂને વાંદણાં દેવાં. તે પછી "**इच्छामो अणुसट्ठिं**" કહી ઢીંચણ ઉપર બેસવું. (૧૭) ગુરૂ સ્તુતિ કહી "**नमोऽस्तु वर्द्धमानाय**" વગેરે ત્રણ થુઈ ઉચ્ચ સ્વરે કહેવી. તે પછી નમોત્થુણં કહી પ્રાયશ્ચિતને માટે કાઉસ્સગ્ગ કરવો. (૧૮)

## રાઇયપ્રતિક્રમણની વિધિ.

આ રીતે દેવસી પ્રતિક્રમણ વિધિ કહ્યો. રાઈ પ્રતિક્રમણ વિધિ પણ એ પ્રમાણે જ છે. તેમાં એટલોજ વિશેષ છે કે-પ્રથમ મિચ્છામિ દુક્કડં દઈને પછી શક્રસ્તવ કહેવું. (૧૯) ઊઠીને યથાવિધિ કાઉસ્સગ્ગ કરે અને તેમાં લોગસ્સ ચિંતવે તથા દર્શનશુદ્ધિને માટે બીજો કાઉસ્સગ્ગ કરી તેમાં પણ લોગસ્સ જ ચિંતવે. (૨૦) ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિએ થએલા અતિચાર અનુક્રમે ચિંતવે અને પછી પારે. તે પછી સિદ્ધસ્તવ કહી સંડાસા પ્રમાર્જી બેસે. (૨૧) પૂર્વની જેમ મુહપત્તિની પડિલેહણા, વંદના તથા લોગસ્સ સૂત્રના પાઠ સુધી કરવું. તે પછી વંદના, ખામણાં, પાછી વંદના કરી થુઈની ત્રણ ગાથા કહી કાઉસ્સગ્ગ કરવો. (૨૨) તે કાઉસ્સગ્ગમાં આ રીતે ચિંતવે કે-"જેથી મ્હારા સંયમયોગની હાનિ ન થાય તે તપસ્યાને હું અંગીકાર કરૂં. પહેલાં છમાસી તપ કરવાની તો મ્હારામાં શક્તિ નથી. (૨૩) છમાસીમાં એક દિવસ ઓછો, બે દિવસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓછા એમ કરતાં ઓગણત્રીશ દિવસ ઓછા કરીએ તોપણ તેટલી તપસ્યા કરવાની મ્હારામાં શક્તિ નથી, તેમજ પંચમાસી, ચોમાસી, ત્રિમાસી, બેમાસી, તથા એક માસખમણ પણ કરવાની મ્હારામાં શક્તિ નથી. ( ૨૪ ) માસખમણમાં તેર ઊણા કરીએ ત્યાં સુધી તથા સોળ ઉપવાસથી માંડી એકેક ઉપવાસ ઓછો કરતાં ઠેઠ ચોથભક્ત ( એક ઉપવાસ ) સુધી તપસ્યા કરવાની પણ મ્હારામાં શક્તિ નથી. એમજ આંબિલ આદિ, પોરિસિ તથા નવકારસી સુધી ચિંતવવું. ( ૨૫ ) ઉપર કહેલી તપસ્યામાં જે તપસ્યા કરવાની શક્તિ હોય તે હૃદયમાં ધારવી, અને કાઉસ્સગ્ગ પારી મુહપત્તિ પડિલેહવી. પછી સરળ ભાવથી વાંદણાં દઈ જે તપસ્યા મનમાં ધારી હોય તેનું યથાવિધિ પચ્ચખ્ખાણ લેવું. ( ૨૬ ) પછી **इच्छामो अणुसट्ठिं** કહી નીચે બેસી ધીમા સ્વરથી ત્રણ થુઈનો પાઠ કહે. તે પછી **नमोत्थुणं** વગેરે કહી ચૈત્યવંદન કરવું. ( ૨૭ )

## પકખી પ્રતિક્રમણની વિધિ.

હવે ચૌદશે કરવાનું પખ્ખી પ્રતિક્રમણ કહીએ છીએ. તેમાં પહેલાં અગાઉ કહ્યા પ્રમાણે દેવસી પ્રતિક્રમણ સૂત્રના પાઠ સુધી વિધિ કહી, પ્રતિક્રમણ કરી, પછી આગળ કહેવાશે તે અનુક્રમ પ્રમાણે સારી પેઠે કરવું. ( ૨૮ ) પ્રથમ મુહપત્તિ પડિલેહવી તથા વંદના કરવી, પછી સંબુદ્ધા ખામણાં તથા અતિચારની આલોચના કરી, પછી વાંદના તથા પ્રત્યેક ખામણાં કરવાં. પછી વાંદણાં પછી પકખીસૂત્ર કહેવું. ( ૨૯ ) પ્રતિક્રમણ સૂત્ર કરી ઊભા થઇ કાઊસ્સગ્ગ કરવો. તે પછી મુહપત્તિ પડિલેહી, વાંદણાં દઇ **પાર્યંતિક** ખામણાં કરે અને ચાર થોભવંદના કરે. ( ૩૦ ) પછી અગાઉ કહેલી વિધિ પ્રમાણે દેવસી વંદનાદિક કરવું. તેમાં ભુવનદેવતાનો કાઉસ્સગ્ગ કરે અને અજિત શાંતિ કહે. ( ૩૧ )

## ચઉમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણની વિધિ.

એ રીતે જ ચોમાસી પ્રતિક્રમણનો તથા સંવત્સરી પ્રતિક્રમણનો વિધિ જાણવો. તેમાં એટલો વિશેષ કે–પખ્ખી પ્રતિક્રમણ હોય તો પખ્ખી ચોમાસી હોય તો ચોમાસી અને સંવત્સરી હોય તો સંવત્સરી એવાં જૂદાં જૂદાં નામ બોલવાં. ( ૩૨ ) તેમજ પખ્ખીના કાઉસ્સગ્ગમાં બાર, ચોમાસીના કાઉસ્સગ્ગમાં વીસ અને સંવત્સરીના કાઉસ્સગ્ગમાં નવકાર સહિત ચાળીશ લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ ચિંતવવો. તથા સંબુદ્ધખામણાં પખ્ખી, ચોમાસી અને સંવત્સરીએ અનુક્રમે ત્રણ, પાંચ તથા સાત સાધુનાં અવશ્ય કરવાં. ( ૩૩ ) આ રીતે ચિરંતનાચાર્યોક્ત પ્રતિક્રમણ ગાથા કહી.

હરિભદ્રસૂરિકૃત આવશ્યક વૃત્તિમાં વંદનકનિર્યુક્તિની અંદર આવેલી **चत्तारि पडिक्कमणे** એ ગાથાની વ્યાખ્યાને અવસરે સંબુદ્ધ ખામણાના વિષયમાં કહ્યું છે કે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવસી પ્રતિક્રમણમાં જઘન્ય ત્રણ, પખ્ખી તથા ચોમાસીમા પાંચ અને સંવત્સરીમાં સાત સાધુઓને જરૂર ખમાવવા. પાક્ષિકસૂત્ર વૃત્તિ અને પ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં આવેલી વૃદ્ધસામાચારીમાં પણ એ પ્રમાણે કહ્યું છે.

હવે પ્રતિક્રમણના અનુક્રમનો વિચાર પૂજ્ય શ્રીજયચંદ્રસૂરિકૃત ગ્રંથમાંથી જાણવો. પ્રતિક્રમણ વિધિ ઉપર કહી તે પ્રમાણે છે.

## ગુરૂની વિશ્રામણા.

તેમજ આશાતના ટાળવા વગેરે વિધિથી મુનિરાજની અથવા ગુણવંત તથા અતિશય ધર્મિષ્ઠ શ્રાવક આદિની સેવા કરે. વિશ્રામણા એક ઉપલક્ષણ છે, માટે સુખસંયમયાત્રાની પૃચ્છા વગેરે પણ કરે. પૂર્વભવે પાંચસો સાધુઓની સેવા કરવાથી ચક્રવર્તી કરતાં અધિક બળવાન થએલા બાહુબળિ વગેરેના દૃષ્ટાંતથી સેવાનું ફળ વિચારવું. ઉત્સર્ગ માર્ગે જોતાં સાધુઓએ કોઈ પાસે પણ સેવા ન કરાવવી, કારણ કે, "**संबाहणदंतपहोअणाय**" એ આગમ વચનમાં નિષેધ કર્યો છે. અપવાદ—સાધુઓએ સેવા કરાવવી હોય તો સાધુ પાસે જ કરાવવી તથા કારણ પડે સાધુને અભાવે લાયક શ્રાવક પાસે કરાવવી. જો કે મ્હોટા મુનિરાજ સેવા કરાવતા નથી, તથાપિ મનના પરિણામ શુદ્ધ રાખી સેવાને બદલે મુનિરાજને ખમાસમણ દેવાથી પણ નિર્જરાનો લાભ થાય છે, અને વિનય પણ સચવાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સ્વાધ્યાય કરવો.

તે પછી પૂર્વે કહેલા દિનકૃત્ય આદિ શ્રાવકનો વિધિ દેખાડનારા ગ્રંથોની અથવા ઉપદેશમાળા, કર્મગ્રંથ વગેરે ગ્રંથોને ફેરવવારૂપ, શીલાંગ વગેરે રથની ગાથા ગણવારૂપ અથવા નવકારની વલયાકાર આવૃત્તિ વગેરે સ્વાધ્યાય પોતાની બુદ્ધિ પ્રમાણે મનની એકાગ્રતાને માટે કરવી.

## ૧૮ હજાર શીલાંગ રથનું સ્વરૂપ.

શીલાંગ રથ આ ગાથા ઉપરથી જાણવો.

**करणे ३ जोए ३ सन्ना ४, इंदिअ ५ भूमाइ १० समणधम्मो अ १० ॥ सिलंग- सहस्साणं, अट्ठारसगस्स निप्फत्ती ॥ १ ॥**

**અર્થ**:—કરણ, કરાવણ, અનુમોદન એ ત્રણ કરણ, એ ત્રણેને મન, વચન અને કાયાના ત્રણ યોગથી ગુણતાં નવ થયા. તે નવને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી ગુણતાં ૩૬ છત્રીશ થયા. તેને ચક્ષુ, સ્પર્શ, શ્રોત્ર, રસ અને ઘ્રાણ એ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પાંચ ઇંદ્રિયોથી ગુણતાં ૧૮૦ એકસો એંશી થયા. તેને પૃથિવીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય અને અજીવકાય એ દસ ભેદની સાથે ગુણતાં ૧૮૦૦ અઢારસો થયા. તેને ૧ ક્ષાંતિ, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ મુક્તિ ( નિર્લોભતા ), ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ ( પવિત્રતા ), ૯ અકિંચનતા ( પરિગ્રહત્યાગ ) અને ૧૦ બ્રહ્મચર્ય એ દસ પ્રકારના સાધુધર્મ ગુણતાં ૧૮૦૦૦ અઢાર હજાર થાય. એ રીતે શીલાંગ રથના અઢાર હજાર અંગની ઉત્પત્તિ જાણવી. હવે શીલાંગ રથની ભાવના આઠ આ રીતે છે:—

* जे नो करंति मणसा, निज्जिअ आहार सन्न सोइंदी ॥
पुढविकायारंभं, खंतिजुआ ते मुणी वंदे ॥ १ ॥ વગેરે.

એનું વિશેષ સ્વરૂપ યંત્ર ઉપરથી જાણવું. હવે સાધુધર્મ રથનો પાઠ આ રીતે છે:

† न हणेइ सयं साहू मणसा आहार सन्न संवुडओ ॥
सोइंदिअ संवरणो, पुढविजिए खंति संपन्नो ॥ १ ॥

વગેરે સામાચારી રથ, ક્ષમણા રથ, નિયમ રથ, આલોચના તપો રથ, સંસાર રથ, ધર્મ રથ, સંયમ રથ, વગેરેના પાઠ પણ આ રીતેજ જાણવા. વધુ લંબાણ થવાની બીકથી તે અત્રે દાખલ કર્યા નથી.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## નવકાર આદિની અનાનુપૂર્વી અને તેનું ફલ.

નવકારની વલક ગણનામાં તો પાંચ પદ આશ્રયી એક પૂર્વાનુપૂર્વી, એક પશ્ચાનુપૂર્વી અને બાકી એકસો ને અઢાર ( ૧૧૮ ) અનાનુપૂર્વીઓ આવે છે. નવપદ આશ્રયી અનાનુપૂર્વી ( ૩૬૨૮૭૮ ) ત્રણ લાખ બાસઠ હજાર આઠસો અઠોતેર થાય છે. અનાનુપૂર્વી વગેરે ગણવાનો વિચાર તથા તેનું સ્વરૂપ પૂજ્યથી જિનકીર્તિસૂરિકૃત સટીક પરમેષ્ઠિ સ્તવથી જાણવું. આ રીતે નવકાર ગણવાથી દુષ્ટ એવા શાકિની, વ્યંતર, વૈરી, ગ્રહ, મહા રોગ વગેરેનો શીઘ્ર નાશ થાય છે. એ એનું આ લોકમાં પણ પ્રત્યક્ષ ફળ છે. પરલોક આશ્રયી એનું ફળ તો અનંત કર્મક્ષય પ્રમુખ છે. કેમકે—જે પાપ કર્મની નિર્જરા છ

* આહાર આદિ સંજ્ઞા અને શ્રોત્ર વગેરે ઇંદ્રિયોને જિતનાર જે મુનિઓ પૃથ્વીકાય વગેરેનો આરંભ મનથી પણ નથી કરતા, તે ક્ષાંતિ વગેરે દશવિધ ધર્મના પાળનાર મુનિઓને હું વંદન કરું છું.

† આહાર વગેરે સંજ્ઞાઓનો, શ્રોત્ર આદિ ઇંદ્રિયોનો સંવર કરનાર, પૃથ્વીકાય વગેરે આરંભને વર્જનાર તથા ક્ષાંતિ આદિ દશવિધ ધર્મને પાળનાર એવા સાધુ પોતે મનવડે પણ હિંસા ન કરે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માસની અથવા એક વર્ષની તીવ્ર તપસ્યાથી થાય છે, તેજ પાપની નિર્જરા નવકારની અનાનુપૂર્વી ગુણવાથી અર્ધ ક્ષણમાં થાય છે. શીલાંગ રથ વગેરેના ગણવાથી પણ મન વચન કાયાની એકાગ્રતા થાય છે, અને તેથી ત્રિવિધ ધ્યાન થાય છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે-ભંગિક શ્રુત ગણનારો પુરૂષ ત્રિવિધ ધ્યાનમાં વર્તે છે.

આ રીતે સ્વાધ્યાય કરવાથી ધર્મદાસની માફક પોતાને કર્મક્ષયાદિ તથા બીજાને પ્રતિબોધાદિક ઘણો ગુણ થાય છે. ધર્મદાસનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:-

## ધર્મદાસનું દૃષ્ટાંત.

ધર્મદાસ હરરોજ સંધ્યા વખતે દેવસી પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય કરતો હતો. તેનો પિતા સુશ્રાવક હોવા છતાં સ્વભાવથી જ ઘણો ક્રોધી હતો. એક સમયે ધર્મદાસે પોતાના પિતાને ક્રોધનો ત્યાગ કરવાને માટે ઉપદેશ કર્યો તેથી તે ઘણો ગુસ્સે થયો, અને હાથમાં લાકડી લઇ દોડતાં રાત્રિનો વખત હોવાથી થાંભલા સાથે અથડાઈને મરણ પામ્યો અને દુષ્ટ સર્પની યોનિમાં ગયો. એક વખતે તે દુષ્ટ સર્પ અંધકારમાં ધર્મદાસને કરડવાને સારૂ આવતો હતો. એટલામાં સ્વાધ્યાય કરવા બેઠેલા ધર્મદાસના મુખમાંથી એક ગાથા તેણે સાંભળી. તે એ કે:—

*तिव्वं पि पुव्वकोडीकयंपि सुकयं मुहुत्तमित्तेण।
कोहग्गहिओ हणिउं, ह हा हवइ भवदुगे वि दुही ॥ १ ॥

વગેરે સ્વાધ્યાય ધર્મદાસના મુખથી સાંભળતાં જ તે સર્પને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પછી તે અનશન કરી સૌધર્મ દેવલોકે દેવતા થયો, અને પુત્રને (ધર્મદાસને) સર્વે કામોમાં મદદ આપવા લાગ્યો. એક વખતે સ્વાધ્યાયમાં તલ્લીન ધર્મદાસને ત્યાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, અને તેટલા જ માટે જરૂર સ્વાધ્યાય કરવો.

## સ્વજનો આદિને ધર્મોપદેશ.

પછી શ્રાવકે સામાયિક પારીને પોતાને ઘેર જવું, અને પોતાની સ્ત્રી, પુત્ર, મિત્ર, ભાઇ, સેવક, બ્હેન, પુત્રની વહુ, પુત્રી, પૌત્રો, પૌત્રી, કાકો, ભત્રીજો અને વાણોતર તેમજ બીજા સ્વજનોને પણ જેની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે ધર્મનો ઉપદેશ કરવો. ઉપદેશમાં સમ્યકત્વ મૂળ બાર વ્રત સ્વીકારવાં. સર્વે ધર્મકૃત્યોમાં પોતાની સર્વ શક્તિવડે યતના વગેરે કરવી. જ્યાં જિનમંદિર તથા સાધર્મિક ન હોય એવા સ્થાનકમાં ન રહી કુસંગતિ તજવી, નવકાર ગણવા, ત્રિકાળ ચૈત્યવંદન તથા જિનપૂજા કરવી અને પચ્ચખ્ખાણ વગેરે અભિગ્રહ લેવા. શક્તિ પ્રમાણે ધર્મનાં સાતે ક્ષેત્રોને વિષે ધન વાપરવું વગેરે વિષય

* ક્રોધી બનેલો પ્રાણી, પૂર્વ ક્રોડ વર્ષ સુધી કરેલા ઘણા પણ સુકૃતને હણીને બન્ને ભવોમાં દુઃખી થાય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવા. દિનકૃત્યમાં કહ્યું છે કે—જો ગૃહસ્થ પોતાની સ્ત્રી, પુત્ર વગેરેને સર્વજ્ઞપ્રણીત ધર્મને વિષે ન લગાડે, તો તે ગૃહસ્થ આ લોકમાં તથા પરલોકમાં તેમના કરેલાં કુકર્મોથી લેપાય. કારણ કે, એવો લોકમાં રિવાજ છે. જેમ ચોરને અન્ન પાન વગેરે સહાય આપનાર માણસ પણ ચોરીના અપરાધમાં સપડાય છે, તેમ ધર્મની બાબતમાં પણ જાણવું, માટે તત્ત્વના જાણ શ્રાવકે હરરોજ સ્ત્રી પુત્ર વગેરેને દ્રવ્યથી યથાયોગ્ય વસ્ત્ર વગેરે આપીને તથા ભાવથી ધર્મોપદેશ કરીને તેમની સારી અથવા માઠી સ્થિતિની ખબર લેવી. '**पोष्य पोषकः**' એવું વચન છે, માટે શ્રાવકે સ્ત્રી પુત્રાદિકને વસ્ત્રાદિ દાન અવશ્ય કરવું. અન્ય સ્થળે પણ કહ્યું છે કે—દેશનું કરેલું પાપ રાજાને માથે, રાજાનું કરેલું પાપ પુરોહિતને માથે, સ્ત્રીનું કરેલું પાપ ભર્થારને માથે અને શિષ્યનું કરેલું પાપ ગુરૂને માથે છે. સ્ત્રી પુત્ર વગેરે કુટુંબના લોકો ઘરના કામમાં વળગી રહેલા હોવાથી તથા પ્રમાદી વગેરે હોવાને લીધે તેમનાથી ગુરૂ પાસે જઇ ધર્મ સંભળાતો નથી, માટે ગૃહસ્થ ઉપર કહ્યા પ્રમાણે ધર્મોપદેશ કરવાથી તે ધર્મને વિષે પ્રવર્તે છે. અહિં ધન્યશ્રેષ્ઠિના કુટુંબનું દૃષ્ટાંત નીચે પ્રમાણે જાણવું:—

## ધન્યશેઠનું દૃષ્ટાંત.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

ધન્યપુર નગરમાં રહેનાર ધન્યશેઠ ગુરૂના ઉપદેશથી સુશ્રાવક થયો. તે હરરોજ સંધ્યા વખતે પોતાની સ્ત્રીને અને ચાર પુત્રોને ધર્મોપદેશ કરતો હતો. એક પછી એક એમ સ્ત્રી અને ત્રણે પુત્ર પ્રતિબોધ પામ્યા; પણ ચોથો પુત્ર નાસ્તિકની માફક પુણ્ય પાપનું ફળ ક્યાં છે? એમ કહેતો હોવાથી પ્રતિબોધ ન પામ્યો. તેથી ધન્યશ્રેષ્ઠીના મનમાં ઘણો ખેદ થતો હતો. એક વખતે પડોશમાં રહેનારી એક વૃદ્ધ સુશ્રાવિકાને મરણ વખતે તેણે ધર્મ સંભળાવ્યો અને એવો ઠરાવ કરી રાખ્યો કે, "દેવતા થઇને ત્હારે મ્હારા પુત્રને પ્રતિબોધ પમાડવો." તે વૃદ્ધ સ્ત્રી મરણ પામીને સૌધર્મ દેવલોકે દેવી થઇ. પછી તેણે પોતાની દિવ્ય ઋદ્ધિ વગેરે દેખાડીને ધન્યશ્રેષ્ઠિના પુત્રને પ્રતિબોધ પમાડ્યો. આ રીતે ઘરના સ્વામીએ પોતાના સ્ત્રી પુત્ર વગેરેને પ્રતિબોધ કરવો. એમ કરતાં પણ કદાચ તેઓ પ્રતિબોધ ન પામે, તો પછી ઘરના ધણીને માથે દોષ નથી. કેમકે—સર્વે શ્રોતા જનોને હિતવચન સાંભળવાથી ધર્મ મળે જ છે, એવો નિયમ નથી; પરંતુ ભવ્ય જીવો ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી ધર્મોપદેશ કરનારને તો જરૂર ધર્મપ્રાપ્તિ થાય છે. આ રીતે નવમી ગાથાનો વિસ્તારપૂર્વક અર્થ છે. (૯)

पायं अबंभविरओ, समए अप्पं करेइ तो निद्दं ॥
निद्दोवरमे थीतणु-असुइत्ताई विचिंतिज्जा ॥ १० ॥

તે પછી સુશ્રાવકે ઘણું કરીને સ્ત્રીસંભોગથી છૂટા રહીને થોડો વખત ઊંઘ લેવી. અને ઊંઘ ઊડી જાય, ત્યારે મનમાં સ્ત્રીના શરીરનું અશુચિપણું ચિંતવવું. (૧૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુશ્રાવક સ્વજનોને ધર્મોપદેશ કરી રહ્યા પછી એક પહોર રાત્રિ ગયા પછી અને મધ્યરાત્રિ થયા પહેલાં પોતાની શરીરપ્રકૃતિને અનુકૂળ આવે તે વખતે સૂવાના સ્થળે જઈને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થોડી ઊંઘ લે. ઊંઘવા જતી વખતે શ્રાવકે કેવું રહેવું જોઈએ? તે વિષે કહે છે. **અબ્રહ્મ** તે સ્ત્રીસંભોગ તેથી નીરાળા રહેવું; કારણ કે યાવજ્જીવ ચતુર્થ વ્રત પાળવાને અસમર્થ એવા તરૂણ શ્રાવકે પણ પર્વતિથિ આદિ ઘણા દિવસોને વિષે બ્રહ્મચારીપણેજ રહેવું જોઈએ. કેમકે, બ્રહ્મચર્યનું ફળ બહુ જ મ્હોટું છે. મહાભારતમાં પણ કહ્યું છે કે—હે ધર્મરાજ! એક રાત્રિ સુધી બ્રહ્મચર્ય પાળનાર બ્રહ્મચારીને જે શુભ ગતિ થાય છે, તે શુભ ગતિ હજારો યજ્ઞ કરવાથી પણ થાય કે નહીં? તે માટે શંકા રહે છે.

ચાલતી ગાથામાં **निद्दं** એ વિશેષ્ય છે, અને **अप्पं** એ નિદ્રાનું વિશેષણ છે. તથા એવો ન્યાય છે કે, "કોઈ પણ વિધિ અથવા નિષેધ વિશેષણ સહિતના હોય તો તે વિધિ અથવા નિષેધ પોતાનો સંબંધ વિશેષણની સાથે રાખે છે." તેથી "ઊંઘ લેવી હોય તો થોડી લેવી" એમ અહિં કહેવાનો ઉદ્દેશ છે, પણ ઊંઘ લેવી એવો કહેવાનો ઉદ્દેશ નથી; કારણ કે દર્શનાવરણીય કર્મનો ઉદય થવાથી ઊંઘ એની મેળે આવે છે માટે ઊંઘ લેવાની વિધિ શાસ્ત્ર શું કરવા કહે? જે વસ્તુ બીજે કોઈ પ્રકારે મળતી નથી, તેનો વિધિ શાસ્ત્ર કહે છે, એવો નિયમ છે. એ વાત અગાઉ એક વખત કહેવામાં આવી છે. બહુ નિદ્રા લેનાર માણસ આ ભવથી તથા પરભવથી પણ ભ્રષ્ટ થાય છે. ચોર, વૈરી, ધૂતારા, દુર્જન વગેરે લોકો પણ સહજમાં તેની ઉપર હુમલો કરી શકે છે. થોડી ઊંઘ લેવી એ મહાપુરૂષનું લક્ષણ છે. આગમમાં કહ્યું છે કે—જે પુરૂષ અલ્પાહારી, અલ્પ વચની, અલ્પ નિદ્રા લેનારો તથા ઉપાધિ અને ઉપકરણ પણ અલ્પ રાખનારો હોય છે, તેને દેવતા પણ પ્રણામ કરે છે. નીતિશાસ્ત્રાદિકમાં કહેલો નિદ્રાવિધિ નીચે પ્રમાણે છે:—

## નિદ્રાની વિધિ.

જીવોથી ભરેલો, ટૂંકો, ભાંગેલો, મેલો, પડપાયાવાળો, તથા બાળવાના લાકડાથી બનાવેલો એવો ખાટલો સૂવાના કામમાં વાપરવો નહીં. સૂવાના તથા બેસવાના કામમાં ચાર સુધી જોડેલાં લાકડાં હોય તે સારાં; પાંચ આદિ લાકડાનો યોગ સુનાર ધણીનો તથા તેના કુળનો નાશ કરે છે. પોતાના પૂજનિક પુરૂષથી ઊંચે સ્થાનકે ન સૂવું, તથા પગ ભીના રાખીને, ઉત્તર પશ્ચિમ દિશાએ મસ્તક કરીને. વાસની પેઠે લાંબો થઈને, પગ મૂકવાને ઠેકાણે મસ્તક કરીને ન સૂવું; પરંતુ હસ્તિના દંતની માફક સૂવું. દેવમંદિરમાં, રાફડા ઉપર, વૃક્ષની નીચે, સ્મશાનમાં તથા વિદિશાએ ( ખૂણાની દિશાએ ) મસ્તક કરીને ન સૂવું. કલ્યાણની ઇચ્છા કરનાર પુરુષે સૂવાને વખતે મળમૂત્રની શંકા હોય તો તે દૂર કરવી. મળ મૂત્ર કરવાનું સ્થાનક ક્યાં છે તે બરોબર જાણવું. પાણી પાસે છે કે નહીં તે જોવું અને બારણું બરોબર બંધ કરવું. ઇષ્ટદેવને નમસ્કાર કરીને અપમૃત્યુનો ભય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટાળવો, પવિત્ર થવું, પછી વસ્ત્ર બરોબર પહેરીને રક્ષામંત્રથી પવિત્ર કરેલી પહોળી પથારીને વિષે સર્વ આહારનો પરિત્યાગ કરીને ડાબે પડખે સૂઈ રહેવું. ક્રોધથી, ભયથી, શોકથી, મદ્યપાનથી, સ્ત્રીસંભોગથી, ભાર ઉપાડવાથી, વાહનમાં બેસવાથી તથા માર્ગે ચાલવાથી ગ્લાનિ પામેલા, અતિસાર, શ્વાસ, હેડકી, શૂળ, ક્ષત ( ઘા ), અજીર્ણ વગેરે રોગથી પીડાયલા, વૃદ્ધ, બાળ, દુર્બળ, ક્ષીણ થએલા અને તૃષાતુર થએલા એટલા પુરુષોએ કોઈ વખતે દિવસે સૂઈ રહેવું. ગ્રીષ્મ ઋતુમાં વાયુનો સંચય, હવામાં રૂક્ષતા તથા ટૂંકી રાત્રિ હોય છે, માટે તે ઋતુમાં દિવસે ઊંઘ લેવી લાભકારી છે; પણ બીજી ઋતુમાં દિવસે નિદ્રા લે તો તેથી કફ પિત્ત થાય. ઘણી આસક્તિથી અથવા અવસર વિના ઊંઘ લેવી સારી નથી, કેમકે તેવી ઊંઘનો વખત રાત્રિની માફક સુખનો તથા આયુષ્યનો નાશ કરે છે. સૂતી વખતે પૂર્વે દિશાએ મસ્તક કરે તો વિદ્યાનો, અને દક્ષિણ દિશાએ કરે તો ધનનો લાભ થાય. પશ્ચિમ દિશાએ મસ્તક કરે તો ચિંતા ઉપજે, તથા ઉત્તર દિશાએ કરે તો મૃત્યુ અથવા નુકશાન થાય..આ રીતે નીતિશાસ્ત્રાદિકમાં કહેલો શયનવિધિ કહ્યો છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આગમમાં કહેલો વિધિ આ પ્રમાણે છેઃ—સૂતી વખતે ચૈત્યવંદન વગેરે કરીને દેવને તથા ગુરૂને વંદના કરવી. ચઉવિહાર વગેરે પચ્ચખાણ ગ્રંથિ સહિત ઉચ્ચરવું, તથા પૂર્વે ગ્રહણ કરેલા વ્રતમાં રાખેલા પરિણામનો સંક્ષેપ કરવારૂપ દેશાવકાશક વ્રત સ્વીકારવું. દિનકૃત્યમાં કહ્યું છે કે—

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને દિનલાભ ( પ્રભાતસમયે વિદ્યમાન પરિગ્રહ ), એ સર્વે પૂર્વે નિયમિત નથી તેનો નિયમ કરૂં છું. તે એ કેઃ—એકેંદ્રિયને તથા મશક, જૂ વગેરે ત્રસ જીવોને મૂકીને બાકીનો આરંભ જ અને સાપરાધ ત્રસ જીવ સંબંધી તથા બીજો સર્વ પ્રાણાતિપાત, મનને રોકવું અશક્ય છે, માટે વચનથી તથા કાયાથી ગાંઠ ન છોડું ત્યાંસુધી ન કરૂં અને ન કરાવું. એ રીતેજ મૃષાવાદ, અદત્તાદાન અને મૈથુનનો પણ નિયમ જાણવો. તથા દિનલાભ પણ નિયમિત નહીં હતો, તેનો હમણાં નિયમ કરૂં છું. તેમજ અનર્થદંડનો પણ નિયમ કરૂં છું. શયન, આચ્છાદન વગેરે મૂકીને બાકીના સર્વ ઉપભોગ પરિભોગને, ઘરનો મધ્ય ભાગ મૂકી બાકી સર્વ દિશિગમનને ગાંઠ ન છોડું ત્યાં સુધી વચનથી તથા કાયાથી ન કરૂં અને ન કરાવું. આ રીતે દેશાવકાશિક સ્વીકારવાથી મ્હોટું ફળ મળે છે, અને એથી મુનિરાજની માફક નિઃસંગપણું પેદા થાય છે. આ વ્રત વૈદ્યના જીવ વાનરે જેમ પ્રાણાંત સુધી પાળ્યું, અને તેથી તે જેમ આવતે ભવે સર્વોત્કૃષ્ટ ફળ પામ્યો, તેમ બીજા વિશેષ ફળના અર્થી મનુષ્યે પણ મુખ્ય માર્ગે પાળવું. પરંતુ તેમ પાળવાની શક્તિ ન હોય તો અનાભોગાદિ ચાર આગારોમાં ચોથા આગારવડે અગ્નિ સળગવા વગેરે કારણથી તે ( દેશાવકાશિક ) વ્રત મૂકે, તો પણ વ્રતભંગ ન થાય. વૈદ્યના જીવ વાનરનું દૃષ્ટાંત અમે રચેલા આચારપ્રદીપ ગ્રંથમાં જોઈ લેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમજ ચાર શરણાં અંગીકાર કરવાં. સર્વે જીવરાશિને ખમાવવા અઢારે પાપ-સ્થાનકનો ત્યાગ કરવો. પાપની નિંદા કરવી. પુણ્યની અનુમોદના કરવી. પહેલા નવકાર ગણિ–

*जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ।
आहारमुवहि देहं, सव्वं तिविहेण वोसिरिअं ॥ १ ॥

આ ગાથાવડે ત્રણ વાર સાગારી અનશન કરવું અને સૂતી વખતે નવકાર ચિંતવવો. એકાંત શય્યાને વિષેજ સૂવું, પણ જ્યાં સ્ત્રી વગેરેનો સંસર્ગ હોય ત્યાં ન સૂવું. કેમકે, વિષયસેવનનો અભ્યાસ અનાદિ કાળનો છે, અને વેદનો ઉદય ખમવો બહુ મુશ્કેલ છે, તેથી કદાચ કામવાસનાથી જીવ પીડાય; કેમ કે—જેમ લાખની વસ્તુ અગ્નિની પાસે મૂકતાં તુરત પીગળી જાય છે, તેમ ધીર અને દુર્બળ શરીરવાળા પુરૂષ હોય તો પણ તે સ્ત્રી પાસે હોય તો પિગળી જાય છે. પુરૂષ મનમાં જે વાસના રાખીને સૂઈ જાય છે, તેજ વાસનામાં તે પાછો જાગૃત થાય ત્યાં સુધી રહે છે એવું ડાહ્યા પુરૂષોનું કહેવું છે, માટે મોહનો સર્વથા ત્યાગ કરીને વૈરાગ્ય વગેરેની ભાવના ભાવતાં ઊંઘ લેવી. તેમ કરવાથી ખોટું સ્વપ્ન અથવા દુસ્વપ્ન આવતું નથી. ધર્મની બાબતનાંજ સારાં સ્વપ્ન આવે છે. બીજું, સૂતી વખતે શુભ ભાવના ભાવે તો, સૂતો માણસ પરાધીન હોવાથી, આપદા ઘણી હોવાથી, આયુષ્ય સોપક્રમ હોવાથી તથા કર્મગતિ વિચિત્ર હોવાથી કદાચ મરણ પામે તો પણ તેની શુભ ગતિજ થાય. કેમકે, "છેવટે જેવી મતિ, તેવી ગતિ થાય" એવું શાસ્ત્રવચન છે. અહિં કપટી સાધુએ હણેલા પોસાતી ઉદાયી રાજાનું દૃષ્ટાંત જાણવું.

JAINSITE जैन साईट जयतु जिन शासनम्

## કામરાગનો વિજય કેવી રીતે કરવો ?

હવે ચાલતી ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા કરીએ છીએ. પછી પાછલી રાત્રિએ ઊંઘ ઊડી જાય, ત્યારે અનાદિ કાળના ભવના અભ્યાસના રસથી ઉદય પામતા એવા દુર્જય કામરાગને જીતવાને માટે સ્ત્રીના શરીરનું અશુચિપણું વગેરે મનમાં ચિંતવવું. "અશુચિપણું વગેરે" એમાં વગેરે શબ્દ કહ્યો છે, માટે જંબૂસ્વામી, સ્થૂળભદ્ર સ્વામી આદિ મ્હોટા ઋષિઓએ તથા સુદર્શન વગેરે સુશ્રાવકોએ દુઃખથી પળાય એવું શીળ પાળવાને માટે જે મનની એકાગ્રતા કરી તે, કષાય વગેરેનો જય કરવાને માટે જે ઉપાય કર્યા તે, સંસારની અતિશય વિષમ સ્થિતિ, અને ધર્મના મનોરથ મનમાં ચિંતવવા. તેમાં સ્ત્રીના શરીરનું અપવિત્રપણું, નિંદ્યપણું વગેરે સર્વ પ્રસિદ્ધ છે. પૂજ્ય શ્રી મુનિસુંદરસૂરિજી મ.એ અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે—અરે જીવ ! ચામડી, હાડકાં, મજ્જા, આંતરડાં, ચરબી, લોહી, માંસ, વિષ્ટા વગેરે અશુચિ અને અસ્થિર એવા પુદ્ગળોના સ્કંધ સ્ત્રીના શરીરના આકારે પરિણમ્યા છે,

* જો આ રાત્રીમાં આ દેહથી હું જુદો થાઊં, તો આ દેહ, આહાર અને ઉપધિ એ સર્વને ત્રિવિધે કરી વોસિરાવું છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં તને રમણીય શું લાગે છે ? અરે જીવ ! વિષ્ટા વગેરે અપવિત્ર વસ્તુ દૂર થોડી પડેલી જોવામાં આવે, તો તું થુ થુ કરે છે, અને નાક મરડે છે, એમ છતાં હે મૂર્ખ ! તે જ અશુચિ વસ્તુથી ભરેલા સ્ત્રીના શરીરની શા સારૂ અભિલાષા કરે છે ? વિષ્ટાની જાણે કોથળીજ ન હોય ! એવી, શરીરના છિદ્રમાંથી નીકળતા ઘણા મળથી મલિન થએલી ઉત્પન્ન થએલાં કૃમિના જાળાથી ભરેલી, તથા ચપળતાથી, કપટથી અને અસત્યથી પુરુષને ઠગનારી એવી સ્ત્રીને તેની બહારની સફાઈથી મોહમાં પડી જે ભોગવે છે, તેથી તેને નરક મળે છે. કામવિકાર ત્રણે લોકને વિટંબના કરનારો છે, તથાપિ મનમાં વિષય સંકલ્પ કરવાનું વર્જે તો કામવિકારને સહજમાં જીતાય. કહ્યું છે કે—હે કામદેવ ! હું ત્હારૂં મૂળ જાણું છું તું વિષય સંકલ્પથી ઉત્પન્ન થાય છે, માટે હું વિષય સંકલ્પ જ ન કરૂં કે, જેથી તું મ્હારા ચિત્તમાં ઉત્પન્ન થાય. આ રીતે વિષય ઉપર પોતે નવી પરણેલી આઠ શ્રેષ્ઠિકન્યાઓને પ્રતિબોધ પમાડનાર અને નવાણું ક્રોડ સોનૈયા જેટલા ધનનો ત્યાગ કરનાર શ્રી જંબૂસ્વામીનું, કોશા વેશ્યાને વિષે આસક્ત થઈ, સાડી બાર ક્રોડ સોનૈયા ખરચી કામવિલાસ કરનાર તત્કાળ દીક્ષા લઈ કોશ્યાના મહેલમાં જ ચોમાસું રહેનાર શ્રી સ્થૂલભદ્રસ્વામીનું, તથા અભયા રાણીએ કરેલા નાનાવિધ અનુકૂળ તથા પ્રતિકૂળ ઉપસર્ગથી મનમાં કિંચિત્ માત્ર પણ વિકાર ન પામનાર સુદર્શન શેઠ વગેરેનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે, માટે અહિં તે સવિસ્તર કહેવાની કાંઈ જરૂરત જણાતી નથી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## કષાયાદિને જીતવાની પદ્ધતિ.

હવે કષાય વગેરે દોષનો જય, તે તે દોષની મનમાં વિરૂદ્ધ ભાવના વગેરે કરવાથી થાય છે. જેમ ક્રોધનો જય ક્ષમાથી, માનનો નિરાભિમાનપણાથી, માયાનો સરળતાથી, લોભનો સંતોષથી, રાગનો વૈરાગથી, દ્વેષનો મૈત્રીથી, મોહનો વિવેકથી, કામનો સ્ત્રીના શરીર ઉપરની અશુચિ ભાવના ભાવવાથી, મત્સરનો બીજાની વધી ગએલી સંપદા જોવામાં આવે તો પણ મનમાં અદેખાઈ ન રાખવાથી, વિષયનો ઇંદ્રિયદમનથી, મન વચન કાયાના અશુભ યોગનો ત્રણ ગુપ્તિથી, પ્રમાદનો સાવધાન રહેવાથી અને અવિરતિનો જય વિરતિથી સુખે થાય છે. તક્ષક નાગના માથે રહેલો મણિ મેળવવો, અથવા અમૃતપાન કરવું, એવા ઉપદેશ માફક આ વાત બનવી મુશ્કેલ છે; એવી પણ મનમાં કલ્પના ન કરવી. સાધુ મુનિરાજ વગેરે તે તે દોષનો ત્યાગ કરીને સદ્‌ગુણી થએલા ચોખી રીતે દેખાય છે. તથા દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર, રોહિણેય ચોર વગેરે પુરૂષોના દાખલા પણ આ વિષય ઉપર જાહેર છે. કહ્યું છે કે—હે લોકો ! જે જગત્‌માં પૂજ્ય થયા તે પહેલા આપણા જેવા જ સાધારણ માણસ હતા, એમ સમજી તમે દોષનો ત્યાગ કરવામાં ઘણા ઉત્સાહવંત થાઓ. કાંઈ કોઈ એવું ખેતર નથી કે, જેમાં સત્પુરૂષો ઉત્પન્ન થાય છે, અને શરીર, ઇંદ્રિયો વગેરે વસ્તુ જેમ માણસને સ્વાભાવિક હોય છે, તેમ સાધુપણું સ્વાભાવિક નથી મળતું; પરંતુ જે પુરૂષ ગુણોને ધારણ કરે છે તે જ સાધુ કહેવાય છે, માટે ગુણોનું ઉપાર્જન કરો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહો ! હે પ્રિયમિત્ર વિવેક ! તું ઘણા પુણ્યથી મને મળ્યો. ત્હારે ક્યારે પણ અમારી પાસેથી ક્યાંય પણ ન જવું. હું ત્હારી સહાય્યથી ઉતાવળથી જન્મનો તથા મરણનો ઉચ્છેદ કરૂં છું. કોણ જાણે ફરીથી ત્હારો અને મ્હારો મેળાપ થાય કે ન થાય. ઉદ્યમ કરવાથી ગુણોની પ્રાપ્તિ થાય છે, અને પ્રયત્ન કરવો આપણા હાથમાં છે, એમ છતાં "ફલાણો મ્હોટો ગુણી છે." એ વાત કોણ જીવતો પુરૂષ સહન કરી શકે ? ગુણથી જ સન્માન મળે છે. જ્ઞાતિ જાતિના આડંબરથી કાંઇ ન થાય. વનમાં ઉત્પન્ન થએલું પુષ્પ લેવાય છે, અને પ્રત્યક્ષ પોતાના શરીરથી ઉત્પન્ન થએલો મળ નાંખી દેવાય છે. ગુણથી જ જગતમાં મહિમા વધે છે; પણ મ્હોટા શરીરથી અથવા પાકટ-મોટી વયથી વધતો નથી. જુઓ, કેવડાનાં મ્હોટાં અને જૂનાં પાંદડાં કોરે રહે છે, અને વચ્ચે આવેલાં ન્હાનાં અને નવાં પાંદડાં સુગંધી હોવાથી તેને સર્વે સ્વીકારે છે. તેમજ, જેથી કષાયાદિકની ઉત્પત્તિ થતી હોય તે વસ્તુનો અથવા પ્રદેશનો ત્યાગ કરવાથી તે તે દોષનો નાશ થાય છે. કેમકે જે વસ્તુથી કષાયરૂપ અગ્નિની ઉત્પત્તિ થાય તે વસ્તુ મૂકવી, અને જે વસ્તુથી કષાયનો ઉપશમ થાય તે વસ્તુ અવશ્ય લેવી. એમ સંભળાય છે કે, સ્વભાવે ક્રોધી એવા ચંડરૂદ્ર આચાર્ય ક્રોધની ઉત્પત્તિ ન થવાને માટે શિષ્યોથી જૂદા રહ્યા હતા.

## નારકી આદિની વેદનાઓ.

હવે, સંસારની અતિશય વિષમ સ્થિતિ, પ્રાયે ચારે ગતિમાં દુઃખ ઘણું ભોગવાય છે તે ઉપરથી વિચારવી. તેમાં નારકી અને તિર્યંચ એ બન્નેમાં બહુ દુઃખ છે. તે તો પ્રસિદ્ધજ છે. કેમકે—સાતે નરકભૂમિમાં ક્ષેત્રવેદના અને શસ્ત્ર વિના એક બીજાને ઉપજાવેલી વેદના પણ છે. પાંચ નરકભૂમિમાં શસ્ત્રજન્ય વેદના છે અને ત્રણમાં પરમાધર્મી દેવતાની કરેલી વેદના પણ છે. નરકમાં અહોનિશ પચી રહેલા નારકી જીવોને આંખ મિંચાય એટલા કાળ સુધી પણ સુખ નથી. એક સરખું દુઃખ જ છે. હે ગોતમ ! નારકી જીવો નરકમાં જે તીવ્ર દુઃખ પામે છે, તેના કરતાં અનંતગણું દુઃખ નિગોદમાં જાણવું. તિર્યંચ પણ ચાબુક, અંકુશ, પરોણા આદિનો માર સહે છે વગેરે. મનુષ્ય ભવમાં પણ ગર્ભવાસ, જન્મ, જરા, મરણ, નાનાવિધ પીડા, વ્યાધિ, દરિદ્રતા વગેરે ઉપદ્રવ હોવાથી દુઃખ જ છે. કહ્યું છે કે—હે ગોતમ ! અગ્નિમાં તપાવી લાલ ચોળ કરેલી સોયો એક સરખી શરીરમાં ઘોંચવાથી જેટલી વેદના થાય છે, તે કરતાં આઠગણી વેદના ગર્ભવાસમાં છે. જીવ ગર્ભમાંથી બહાર નીકળતાં યોનિયંત્રમાં પીલાય છે. ત્યારે તેને ઉપર કહેલી વેદનાથી લક્ષગણી અથવા ક્રોડાક્રોડગણી વેદના થાય છે. બંદીખાનામાં અટકાવ, વધ, બંધન, રોગ, ધનનો નાશ, મરણ, આપદા, મનમાં તાપ, અપયશ, નિંદા એવાં દુઃખ મનુષ્ય ભવમાં છે. કેટલાક જીવો મનુષ્ય ભવ પામીને પણ માઠી ચિંતા, સંતાપ, દારિદ્ર અને રોગ એથી ઘણો ઉદ્વેગ પામીને મરી જાય છે. દેવ ભવમાં પણ ચ્યવન, પરાભવ, અદેખાઈ વગેરે છેજ. વળી કહ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે—અદેખાઇ, ખેદ, મદ, અહંકાર, ક્રોધ, માયા, લોભ વગેરે દોષથી દેવતાએ પણ લપટાણા છે; તેથી તેમને સુખ કયાંથી હોય? વગેરે.

## ધર્મના મનોરથો.

ધર્મના મનોરથ આ રીતે ભાવવા:—શ્રાવકના ઘરમાં જ્ઞાન દર્શનધારી દાસ થવું સારૂં; પણ મિથ્યાત્વથી ભરેલી બુદ્ધિવાળા ચક્રવર્તી પણ થવું ઠીક નથી. હું સ્વજનાદિકનો સંગ મૂકીને કયારે ગીતાર્થ અને સંવેગી એવા ગુરૂ મહારાજના ચરણકમળ પાસે દીક્ષા લઇશ? હું તપસ્યાથી દુર્બળ શરીરવાળો થઇ કયારે ભયથી અથવા ઘોર ઉપસર્ગથી ન ડરતાં સ્મશાન વગેરેને વિષે કાઉસ્સગ્ગ કરી ઉત્તમ પુરૂષોની કરણી કરીશ? વગેરે અત્રે દશમી ગાથાનો વિસ્તારાર્થ સંપૂર્ણ થયો.

जैन साईट JAINSITE .com

**તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિવિરચિત 'શ્રાદ્ધવિધિપ્રકરણ' ની**
**શ્રાદ્ધવિધિ 'કૌમુદિ' ટીકામાં દ્વિતીય રાત્રિકૃત્ય પ્રકાશ**
**સંપૂર્ણ થયો.**

જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# તૃતીય પ્રકાશ: પર્વકૃત્ય

રાત્રિકૃત્ય કહ્યું, હવે પર્વકૃત્ય કહીએ છીએ.

पव्वेसु पोसहाई बंभअणारंभतवविसेसाइ ॥
आसोअचित्तअट्ठाहिअपमुहेसुं विसेसेणं ॥ ११ ॥

સુશ્રાવકે પર્વોને વિષે તથા ઘણું કરી આસો મહિનાની તથા ચૈત્ર મહિનાની અટ્ઠાઈ—( ઓળી )–ને વિષે પૌષધ વગેરે કરવું, બ્રહ્મચર્ય પાળવું, આરંભ વર્જવો અને ઘણી તપસ્યા વગેરે કરવી. ( ૧૧ )

પોષને ( ધર્મની પુષ્ટિને ) ધ એટલે ધારણ કરે તે પૌષધ કહેવાય છે. શ્રાવકે સિદ્ધાંતમાં કહેલા આઠમ, ચૌદશ વગેરે પર્વોને વિષે પૌષધ આદિ વ્રત જરૂર કરવું. આગમમાં કહ્યું છે કે—જિનમતમાં સર્વે કાળ પર્વોને વિષે પ્રશસ્ત યોગ છે જ. તેમાં પણ શ્રાવકે આઠમ તથા ચૌદશને વિષે અવશ્ય પૌષધ કરવો. ઉપર પૌષધ વગેરે કહ્યું છે માટે વગેરે શબ્દવડે શરીરે આરોગ્ય ન હોવાથી અથવા બીજા એવાજ કાંઇ યોગ્ય કારણથી પૌષધ ન કરી શકાય, તો બે વાર પ્રતિક્રમણ, ઘણાં સામાયિક, દિશા વગેરેના અતિશય સંક્ષેપવાળું દેશાવકાશિક વ્રત વગેરે જરૂર કરવાં. તેમજ પર્વોને વિષે બ્રહ્મચર્ય પાળવું, આરંભ વર્જવો, ઉપવાસ વગેરે તપસ્યા શક્તિ માફક પહેલા કરતાં વધારે કરવી. ગાથામાં આદિ શબ્દ છે તેથી સ્નાત્ર, ચૈત્યપરિપાટી, સર્વ સાધુઓને વંદના, સુપાત્રદાન વગેરે કરીને, હમેશાં જેટલું દેવગુરુપૂજન, દાન વગેરે કરાય છે તે કરતાં પર્વને દિવસે વિશેષ કરવું. કેમ કે—જો દરરોજ ધર્મની ક્રિયા સમ્યક્ પ્રકારે પાળો. તો તો ઘણો લાભ છે; પણ જો તેમ કરી શકાતું ન હોય, તો પર્વને દિવસે તો અવશ્ય પાળો. દસેરા, દીવાળી, અખાત્રીજ વગેરે લૌકિક પર્વોને વિષે જેમ મિષ્ટાન્ન ભક્ષણની તથા વસ્ત્ર, આભૂષણ પહેરવાની વિશેષ યતના રખાય છે, તેમ ધર્મના પર્વ આવે ધર્મને વિષે પણ વિશેષ યતના રાખવી.

## પર્વ દિવસો અને તેનું ફલ.

અન્યદર્શની લોકો પણ અગીઆરશ, અમાસ વગેરે પર્વોને વિષે કેટલોક આરંભ વર્જે છે, અને ઉપવાસ વગેરે કરે છે; તથા સંક્રાંતિ, ગ્રહણ વગેરે પર્વોને વિષે પણ પોતાની સર્વ શક્તિથી દાનાદિક આપે છે; માટે શ્રાવકે તો સર્વે પર્વદિવસો અવશ્ય પાળવા જોઇએ. પર્વ દિન કહ્યા છે, તે આ રીતેઃ—આઠમ ૨, ચૌદશ ૨, પૂનમ ૧ અને અમાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ એ છ પર્વ દરેક માસમાં આવે છે, અને દરેક પખવાડિયામાં ત્રણ ( આઠમ ૧, ચોદશ ૧ અને પૂનમ ૧ અથવા અમાસ ૧ ) પર્વ આવે છે. તેમજ "ગણધર શ્રી ગૌતમસ્વામીએ બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ અને ચોદશ" એ પાંચ પર્વતિથિયો કહી છે. બીજ બે પ્રકારનો ધર્મ આરાધવાને અર્થે, પાંચમ પાંચ જ્ઞાન આરાધવાને અર્થે, આઠમ આઠે કર્મ ખપાવવાને અર્થે, અગીઆરશ અગીઆર અંગની સેવાને અર્થે તથા ચોદશ ચોદ પૂર્વોની આરાધનાને માટે જાણવી. આ પાંચ પર્વમાં અમાસ પૂનમ ઉમેરીએ તો પ્રત્યેક પખવાડિયામાં ઉત્કૃષ્ટ છ પર્વ થાય છે. આખા વર્ષમાં તો અઠ્ઠાઇ, ચોમાસી વગેરે ઘણાં પર્વો છે.

## આરંભ અને સચિત્તાહારનો ત્યાગ.

પર્વને દિવસે આરંભ સર્વથા વર્જી ન શકાય તો પણ થોડામાં થોડો વર્જવો અથવા થોડા આરંભમાં રહેવું. સચિત્ત આહાર જીવહિંસામય હોવાથી, તે કરવામાં ઘણો આરંભ થાય છે. ચાલતી ગાથામાં આરંભ વર્જવાનું કહ્યું છે, તેથી પર્વને દિવસે સર્વ સચિત્ત આહાર અવશ્ય વર્જવો એમ સમજવું. માછલાઓ સચિત્ત આહારના નિમિત્તથી સાતમી નરકભૂમિએ જાય છે, માટે સચિત્ત આહાર મનથી પણ ઇચ્છવો યોગ્ય નથી એવું વચન છે. માટે મુખ્ય માર્ગે તો શ્રાવકે હમેશાં સચિત્ત આહાર વર્જવો જ જોઇએ, પણ કદાચ તેમ ન કરી શકે તો પર્વને દિવસે તો જરૂર વર્જવો જ જોઇએ. તેમજ પર્વને દિવસે સ્નાન, માથાના વાળ વગેરે સમારવા, માથું ગુંથવું, વસ્ત્ર વગેરે ધોવાં અથવા રંગવાં, ગાડાં, હળ વગેરે ખેડવાં, ધાન્ય વગેરેના મૂડા બાંધવા, ચરખા વગેરે યંત્ર ચલાવવા, દળવું, ખાંડવું, પીસવું, પાન ફૂલ ફળ વગેરે તોડવાં, સચિત્ત ખડી, રમચી આદિ વાટવી, ધાન્ય આદિ લણવાં, લીંપવું, માટી વગેરે ખણવી, ઘર વગેરે બનાવવું ઇત્યાદિ સર્વ આરંભ યથાશક્તિ વર્જવા. પોતાના કુટુંબનો નિર્વાહ આરંભ વિના કરી ન શકે તો કેટલોક આરંભ તો ગૃહસ્થે કરવો પડે, પણ સચિત્ત આહારનો ત્યાગ કરવો પોતાના હાથમાં હોવાથી અને સહજમાં કરી શકાય તેમ હોવાથી તે અવશ્ય કરવો. ઘણી માંદગી વગેરે કારણથી સર્વ સચિત્ત આહારનો ત્યાગ કરી ન શકાય, તો એક બે આદિ સચિત્ત વસ્તુ નામ લઇને મોકળી રાખી બાકીની સર્વ સચિત્ત વસ્તુનો નિયમ કરવો.

## અઠ્ઠાઇઓની વિચારણા.

તેમજ આસોની તથા ચૈત્રની અઠ્ઠાઇ, તથા ગાથામાં પ્રમુખ શબ્દ છે તેથી, ચોમાસાની તથા સંવત્સરીની અઠ્ઠાઈ, ( આષાઢ, કાર્તિક અને ફાગણ એ ) ત્રણ ચોમાસી અને સંવત્સરી વગેરે પર્વોને વિષે ઉપર કહેલા વિધિ મુજબ વિશેષ ધર્માનુષ્ઠાન કરવું. કહ્યું છે કે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુશ્રાવકે સંવત્સરીની, ચોમાસીની તથા અઠ્ઠાઈની તિથિયોને વિષે પરમ આદરથી જિનરાજની પૂજા, તપસ્યા તથા બ્રહ્મચર્યાદિક ગુણોને વિષે તત્પર રહેવું. સર્વે અઠ્ઠાઈઓમાં ચૈત્રની અને આસોની અઠ્ઠાઈઓ શાશ્વતી છે; કારણ કે, તે બન્ને અઠ્ઠાઈઓને વિષે વૈમાનિક દેવતા પણ નંદીશ્વર દ્વીપ આદિ તીર્થોને વિષે તીર્થયાત્રા આદિ ઉત્સવ કરે છે. કેમકે એ યાત્રાઓ શાશ્વતી છે. તેમાં એક ચૈત્ર માસને વિષે અને બીજી આસો માસને વિષે અઠ્ઠાઈ મહિમારૂપ થાય છે. એ બન્ને યાત્રાઓ શાશ્વતી છે. તેને સર્વે દેવતાઓ તથા વિદ્યાધરો નંદીશ્વરદ્વીપને વિષે કરે છે, તથા મનુષ્યો પોતપોતાના સ્થાનકોને વિષે કરે છે. તેમજ ત્રણ ચોમાસી, સંવત્સરી, છ પર્વતિથિઓ, તથા તીર્થંકરના જન્માદિ કલ્યાણક વગેરેને વિષે યાત્રાઓ કરે છે, તે અશાશ્વતી જાણવી. જીવાભિગમ સૂત્રમાં તો આ રીતે કહ્યું છે કે—ઘણા ભવનપતિ, વાણમંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓ તે નંદીશ્વર દ્વીપને વિષે ત્રણ ચોમાસીએ તથા સંવત્સરીએ ઘણા મહિમાથી અઠ્ઠાઈ મહોત્સવ કરે છે.

## ઉદયતિથિનું પ્રામાણ્ય.

जैन साईट JAINSITE .com जयतु शासनम्

પ્રભાત વખતે પચ્ચખ્ખાણ કરવાની વેળાએ જે તિથિ આવે તે પ્રમાણભૂત ગણાય છે. સૂર્યોદયને અનુસરીનેજ લોકમાં પણ દિવસ વગેરે સર્વ વ્યવહાર ચાલે છે. કહ્યું છે કે—

चाउम्मासिअ वरिसे, पक्खिअ अ पंचट्ठमीसु नायव्वा ॥
ताओ तिहीओ जासिं, उदेई सूरो न अण्णाओ ॥ १ ॥

पूआ पच्चक्खाणं, पडिक्कमणं तहय नियमगहणं च ॥
जीए उदेइ सुरो, तीइ तिहीए उ कायव्वं ॥ २ ॥

उदयंमि जा तिही सा, पमाणमियरीइ कीरमाणीए ॥
आणाभंगमणवत्था, मिच्छत्त विराहणं पावे ॥ ३ ॥

પારાશરસ્મૃતિ નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે—જે તિથિ સૂર્યોદયની વેળાએ થોડી પણ હોય, તેજ તિથિ સંપૂર્ણ જાણવી, પરંતુ ઉદય વેળાએ નહિ છતાં તે પછી ઘણો કાળ સુધી હોય તો પણ તે સંપૂર્ણ ન જાણવી. શ્રીઉમાસ્વાતિ વાચકનું વચન પણ એમ સંભળાય છે કે–તિથિનો ક્ષય થાય તો તેની પૂર્વની તિથિ કરવી, તથા વૃદ્ધિ થાય તો બીજી કરવી, અને શ્રીવીર ભગવાન્‌નાં જ્ઞાન તથા નિર્વાણ કલ્યાણક લોકોને અનુસરીને કરવાં, અરિહંતનાં જન્માદિ પાંચ કલ્યાણક પણ પર્વતિથિરૂપ જ જાણવાં. એ ત્રણ કલ્યાણક જે દિવસે હોય તે તો વિશેષ પર્વતિથિ જાણવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જિનકલ્યાણકાદિ પર્વોની આરાધના.

સંભળાય છે કે—સર્વે પર્વતિથિઓની આરાધના કરવાને અસમર્થ એવા કૃષ્ણ મહારાજે શ્રી નેમિનાથ ભગવાનને પૂછયું કે, "હે સ્વામિન્ ! આખા વર્ષમાં આરાધવા યોગ્ય ઉત્કૃષ્ટ પર્વ કયું ?" ભગવાને કહ્યું. "હે મહાભાગ ! જિનરાજનાં પાંચ કલ્યાણકોથી પવિત્ર થએલી માગશર શુદિ અગીઆરશ (મૌન અગીઆરશ) આરાધવા યોગ્ય છે. આ તિથિને વિષે પાંચ ભરત અને પાંચ ઐરવત મળી દશ ક્ષેત્રમાં એકેકમાં પાંચ પાંચ પ્રમાણે સર્વ મળી પચાસ કલ્યાણક થયા." પછી કૃષ્ણે મૌન, પોષધોપવાસ વગેરે કરીને તે દિવસની આરાધના કરી. તે પછી "જેવો રાજા તેવી પ્રજા" એવો ન્યાય હોવાથી સર્વ લોકોમાં "એ એકાદશી આરાધવા યોગ્ય છે" એવી પ્રસિદ્ધિ થઈ. પર્વતિથિએ વ્રત પચ્ચખ્ખાણ વગેરે કરવાથી મોટું ફળ મળે છે, કેમકે, તેથી શુભ ગતિનું આયુષ્ય બંધાય છે. આગમમાં કહ્યું છે કે—પ્રશ્નઃ—હે ભગવાન્ ! બીજ વગેરે તિથિઓને વિષે કરેલું ધર્માનુષ્ઠાન શું ફળ આપે છે ? ઉત્તરઃ—હે ગૌતમ ! બહુ ફળ થાય છે. કેમકે, પ્રાયે આ પર્વતિથિઓને વિષે પરભવનું આયુષ્ય બંધાય છે, માટે એને વિષે જાતજાતની તપસ્યા તથા ધર્માનુષ્ઠાન કરવાં, કે જેથી શુભ આયુષ્ય ઉપાર્જન કરાય. પ્રથમથીજ આયુષ્ય બંધાએલું હોય તો પાછળથી ઘણુંએ ધર્માનુષ્ઠાન કરવાથી પણ તે ટળતું નથી. જેમ પૂર્વે શ્રેણિક રાજાએ ગર્ભવતી હરણીને હણી, તેનો ગર્ભ જૂદો પાડી પોતાના ખભા તરફ દૃષ્ટિ કરતાં નરક ગતિનું આયુષ્ય ઉપાર્જ્યું. પાછળથી તેને ક્ષાયિક સમ્યક્ત્વ થયું, તો પણ તે આયુષ્ય ટળ્યું નહીં. અન્યદર્શનમાં પણ પર્વતિથિએ તેલ ચોપડીને ન્હાવું, મૈથુન વગેરે કરવાની ના કહી છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે–હે રાજેંદ્ર ! ચૌદશ, આઠમ, અમાસ, પુનમ અને સૂર્યની સંક્રાંતિ એટલાં પર્વ કહેવાય છે. જે પુરુષ આ પર્વોને વિષે અભ્યંગ ન કરે, સ્ત્રી ભોગવે અને માંસ ખાય, તે પુરુષ મરણ પામીને વિણ્મુત્રભોજન નામે નરકે જાય. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે–ઋતુને વિષેજ સ્ત્રીસંભોગ કરનારો અને અમાવાસ્યા, અષ્ટમી, પૂર્ણિમા અને ચતુર્દશી એ તિથિયોને વિષે સંભોગ ન કરનારો બ્રાહ્મણ હમેશાં બ્રહ્મચારી કહેવાય છે; માટે પર્વ આવે તે વખતે પોતાની સર્વ શક્તિવડે ધર્માચરણને સારૂ યત્ન કરવો. અવસરે થોડું પણ પાન ભોજન કરવાથી જેમ વિશેષ ગુણ થાય છે, તેમ અવસરે થોડું પણ ધર્માનુષ્ઠાન કરવાથી ઘણું ફળ મળે છે. વૈદ્યકશાસ્ત્રમાં કહ્યું છે કે–શરદ્‌ઋતુમાં જે કાંઇ જળ પીધું હોય, પોષ માસમાં તથા મહા માસમાં જે કાંઇ ભક્ષણ કર્યું હોય, અને જ્યેષ્ઠ માસમાં તથા આષાઢ માસમાં જે કાંઇ ઊંઘ લીધી હોય, તે ઉપર માણસો જીવે છે. વર્ષાઋતુમાં મીઠું, શરદ્‌ઋતુમાં પાણી, હેમંત (માગશર પોષ) ઋતુમાં ગાયનું દૂધ, શિશિર (મહા તથા ફાગણ) ઋતુમાં આમળાનો રસ, વસંત (ચૈત્ર તથા વૈશાખ) ઋતુમાં ઘી અને ગ્રીષ્મ (જ્યેષ્ઠ તથા અષાડ) ઋતુમાં ગોળ અમૃત સમાન છે. પર્વનો મહિમા એવો છે કે–તેથી પ્રાયે અધર્મીને ધર્મ કરવાની, નિર્દયને દયા કરવાની, અવિરતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકોને વિરતિને અંગીકાર કરવાની, કૃપણ લોકોને ધન વાપરવાની, કુશીલ પુરુષોને શીળ પાળવાની અને કોઇ કાળે તપસ્યા ન કરનારને પણ કરવાની બુદ્ધિ થાય છે. આ વાત હાલમાં સર્વ દર્શનોને વિષે દેખાય છે. કેમકે–જે પર્વોના પ્રભાવથી નિર્દય અને અધર્મી પુરુષોને પણ ધર્મ કરવાની બુદ્ધિ થાય છે, એવા સંવત્સરી અને ચોમાસી પર્વો જેણે યથાવિધિ આરાધ્યા, તે પુરુષ જયવંતો રહો; માટે પર્વને વિષે પોષધ વગેરે ધર્માનુષ્ઠાન જરૂર કરવું. તેમાં પોષધના ચાર પ્રકાર વગેરે વિષય અર્થદીપિકામાં કહ્યા છે તેને વિસ્તારના લીધે અત્રે કહ્યા નથી.

## પૌષધવ્રતના ભેદો અને તેની વિધિ.

૧ અહોરાત્રી પોષધ, ૨ દિવસ પોષધ અને ૩ રાત્રિ પોષધ એવા ત્રણ પ્રકારના પોષધ છે. તેમાં અહોરાત્રી પોષધનો વિધિ એ છે કેઃ–શ્રાવકે જે દિવસે પોષધ લેવો હોય, તે દિવસે સર્વ ગૃહ વ્યાપાર તજવા, અને પોષધનાં સર્વ ઉપકરણ લઇ પોષધશાળાએ અથવા સાધુની પાસે જવું. પછી અંગનું પડિલેહણ કરીને વડીનીતિની તથા લઘુનીતિની ભૂમિ પડિલેહવી. તે પછી ગુરુની પાસે અથવા નવકાર ગણી સ્થાપનાચાર્યની સ્થાપના કરી ઇરિયાવહી પડિક્કમે. પછી એક ખમાસમણ વંદના કરી પોષધ મુહપત્તિ પડિલેહે. પાછું એક ખમાસમણ દઇ ઊભો રહીને કહે કે, **इच्छाकारेण संदिसह भगवन् । पोसहं संदेसावेमि** ફરી વાર એક ખમાસમણ દઈ કહે કે, **पोसहं ठावेमि** એમ કહી નવકાર ગણી આ મુજબ પોષધ પાઠ ગુરૂ પાસે ઉચ્ચરાવે. **करेमि भंते ! पोसहं आहारपोसहं सव्वओ देसओ वा, सरीरसक्कारपोसहं सव्वओ, बंभचेरपोसहं सव्वओ, अव्वावारपोसहं सव्वओ, चउव्विहे पोसहे ठामि, जाव अहोरत्तं पज्जुवासामि, दुविहं तिविहेणं मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि, अप्पाणं वोसिरामि** [ એવી રીતે ગુરૂ ન હોય તો પોતે ઉચ્ચરી ] મુહપત્તિ પડિલેહી બે ખમાસમણાં દઇ સામાયિક કરે. ફરી બે ખમાસમણ દઇ જો ચોમાસુ હોય તો કાષ્ઠાસનનો અને બાકીના આઠ માસ હોય તો પાઉંછણગનો **बेसणे संदिसावेमि** એમ કહી આદેશ માગવો તે પછી ખમાસમણ દઇ સજ્ઝાય કરે. પછી પડિક્કમણ કરી બે ખમાસમણ દઇ **बहुवेलं संदिसावेमि** એમ કહે. તે પછી એક ખમાસમણ દઇ **पडिलेहणं करेमि** એમ કહે, તથા મુહપત્તિ, પુંછણું અને પહેરવાનું વસ્ત્ર પડિલેહે. શ્રાવિકા હોય તો મુહપત્તિ, પુંછણું, ઓઢેલું કપડું, કાંચળી અને ચણિયો પડિલેહે. પછી એક ખમાસમણ દઇ **इच्छकारि भगवन् पडिलेहणा पडिलेहावो** એમ કહે. તે પછી **इच्छं** કહી સ્થાપનાચાર્યને પડિલેહી સ્થાપીને એક ખમાસમણ દેવું. ઉપધિ મુહપત્તિની પડિલેહણા કરી **उपधि संदिसावो** એમ કહે. પછી વસ્ત્ર, કંબળ વગેરે પડિલેહી, પોષધશાળા પ્રમાર્જી, કાજો ઉપાડીને પરઠવે. તે પછી **इरियावही पडिक्कमी गमणागमण आलोइ** એક ખમાસમણ દઇ માંડળામાં બેસે, અને સાધુની માફક સજ્ઝાય કરે. પછી પોણી પોરિસી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય ત્યાં સુધી ભણે, ગણે અથવા પુસ્તક વાંચે. એક ખમાસમણ દઇ મુહપત્તિ પડિલેહી કાળ વેળા થાય, ત્યાં સુધી પૂર્વની માફક સઝાય કરે. જો દેવ વાંદવા હોય તો **आवस्सह** કહી જિનમંદિર જઇ દેવ વાંદે. જો આહાર કરવો હોય તો પચ્ચખાણ પૂર્ણ થયે એક ખમાસમણ દઇ મુહપત્તિ પડિલેહી, પાછું એક ખમાસમણ દઇ કહે કે, **पारावह पोरिसी पुरिमड्ढो वा चउव्हार कओ तिविहार कओ वा आसि, निव्विएणं आयंबिलेणं एगासणेणं पाणाहारेणं वा जा काइ वेला तीए** આ રીતે કહી, દેવ વાંદી, સઝાય કરી, ઘેર જઇ, જો ઘર સો હાથ કરતાં વધારે દૂર હોય તો **इरियावही पडिक्कमी आगमण** આલોઇ સંભવ હોય તે પ્રમાણે અતિથિસંવિભાગ વ્રત સાચવે. પછી સ્થિર આસને બેસી, હાથ, પગ તથા મુખ પડિલેહી એક નવકાર ગણી પ્રાસુક અન્ન રાગદ્વેષ ન રાખતાં જમે. અથવા પૂર્વે કહી રાખેલા સ્વજને પૌષધશાલામાં લાવેલું અન્ન ખાય; પરંતુ ભિક્ષા ન માગે. પછી પોષધશાળાએ જઇ ઇરિયાવહી પડિક્કમી દેવ વાંદી વાંદણાં દઇ તિવિહારનું અથવા ચઉવિહારનું પચ્ચખાણ કરે. જો શરીરચિંતા કરવી હોય તો **आवस्सइ** કહી સાધુની માફક ઉપયોગ રાખવો. જીવ રહિત શુદ્ધ ભૂમીએ જઇ વિધિ માફક મળસૂત્રનો ત્યાગ કરી, શુદ્ધતા કરી પોષધશાળાએ આવે. પછી ઇરિયાવહી પડિક્કમી એક ખમાસમણ દઇ કહે કે, "**इच्छाकारेण संदिसह भगवन् गमणागमणं आलोउं**" પછી "**इच्छं**" કહી "**आवस्सइ**" કરી વસતિ થકી પશ્ચિમ તથા દક્ષિણ દિશાએ જઇ દિશાઓ જોઇને **अणुजाणह जस्सुग्गहो** એમ કહી સંડાસગ અને સ્થંડિલ પ્રમાર્જીને વડીનીતિ તથા લઘુનીતિ વોસિરાવે. તે પછી **निसिही** કહીને પોષધશાળામાં જાય અને **आवंत जंतेहिं जं खंडिअं जं विराहिअं तस्स मिच्छामि दुक्कडं** એમ કહે. પછી પાછલો પહોર થાય ત્યાં સુધી સઝાય કરે. તે પછી એક ખમાસમણ દઇ પડિલેહણનો આદેશ માગે. બીજું ખમાસમણ દઇ પોષધશાળા પ્રમાર્જવાનો આદેશ માગે. પછી શ્રાવકે મુહપત્તિ, પુંછણું, પહેરવાનું વસ્ત્ર પડિલેહવું અને શ્રાવિકાએ મુહપત્તી, પુંછણું, ચણિયો, કાંચળી અને ઓઢેલું વસ્ત્ર પડિલેહવું. પછી સ્થાપનાચાર્યની પડિલેહણા કરી પોષધશાળા પ્રમાર્જીને એક ખમાસમણ દઇ ઉપધિ મુહપત્તિનું પડિલેહણ કરી એક ખમાસમણ દઇ મંડળીમાં ઢીંચણ ઉપર બેસી સજ્ઝાય કરે. પછી વાંદણાં દઇને પચ્ચખાણ કરે. બે ખમાસમણ દઇ ઉપધિ પડિલેહવા આદેશ માગે. પછી વસ્ત્ર કાંબળી વગેરે પડિલેહીને જો ઉપવાસ કર્યો હોય તો સર્વ ઉપધિને છેડે પહેરવાનું વસ્ત્ર પડિલેહે. શ્રાવિકા તો પ્રભાતની માફક ઉપધિનું પડિલેહણ કરે. સાંજનો સમય થાય, ત્યારે પથારીને વિષે અંદર તથા બાહિર બાર બાર માત્રાની તથા થંડિલની ભૂમિ પડિલેહે. પછી દેવસી પડિક્કમણ કરીને યોગ હોય તો સાધુની સેવા કરી એક ખમાસમણ દઇ પોરસી થાય ત્યાં સુધી સજ્ઝાય કરે. પોરસી પૂરી થાય ત્યારે એક ખમાસમણ દઇ **इच्छाकारेण संदिसह भगवन् बहु पडिपुन्ना पोरिसि राई संथारए ठामि** એમ કહે પછી દેવ વાંદી શરીરે મળમૂત્રની શંકા હોય તો તપાસી સર્વે બહારની ઉપધિ પડિલેહે, ઢીંચણ ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંથારાનો ઉત્તરપટ મૂકીને જ્યાં પગ મૂકવા હોય ત્યાં ભૂમિ પ્રમાર્જીને ધીરે ધીરે પાથરે ત્યાર બાદ ડાબા પગવડે સંથારાને સ્પર્શીને મુહુપત્તિ પડિલેહી, "**निसीहि**" એ પદ ત્રણવાર બોલી **नमो खमासमणाणं अणुजाणह जिट्ठिज्जा** એમ કહેતો સંથારા ઉપર બેસી નવકારને આંતરે ત્રણ વાર **करेमि भंते सामाइअं** કહે પછી આ ચાર ગાથા કહે.

**अणुजाणह परमगुरु, गुरुगणरयणेहिं भूसिअसरीरा ॥**
**बहु पडिपुन्ना पोरिसि, राईं संथारए ठामि ॥ १ ॥**

**अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेण ॥**
**कुक्कुडिपायपसारण-अंतरं तु पमजए भूमिं ॥ २ ॥**

**संकोइय संडासं, उवट्टंते अ कायपडिलेहा ॥**
**दव्वाईउवओगं, ऊसासनिरुंभणा लोए ॥ ३ ॥**

**जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ॥**
**आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥ ४ ॥**

JAINSITE जैनम् जयति शासनम्

એ ચાર ગાથા કહી "**चत्तारि मंगलं**" વગેરે ભાવના ભાવીને નવકારનું સ્મરણ કરતો ચરવળા વગેરેથી શરીરને સંથારા ઉપર પ્રમાર્જીને ડાબે પાસે બાહુ ઓશિકે લઇને સુવે. જો શરીર ચિંતાએ જવું પડે તો સંથારો બીજાને સંઘટ્ટાવીને **आवस्सइ** કરી પહેલા પડિલેહી કાયચિંતા કરે. પછી ઇરિયાવહિયા કરી ગમણાગમણ આલોઇ જઘન્યથી પણ ત્રણ ગાથાઓની સજ્ઝાય કરીને નવકારનું સ્મરણ કરતો પૂર્વની માફક સુઇ રહે. રાત્રિને પાછલે પહોરે જાગૃત થાય, ત્યારે ઇરિયાવહી પડિક્કમીને કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કરે; પછી ચૈત્યવંદન કરી આચાર્ય વગેરેને વાંદી પ્રતિક્રમણની વેળા થાય ત્યાં સુધી સજ્ઝાય કરે. તે પછી પૂર્વની માફક પ્રતિક્રમણથી માંડી મંડળીમાં સજ્ઝાય કરે. તે પછી પૂર્વની માફક પ્રતિક્રમણથી માંડી મંડળીમાં સજ્ઝાય કરવા સુધી કરે, જો પોસહ કરવાની ઇચ્છા હોય તો એક ખમાસમણ દઇ **इच्छाकारेण संदिसह भगवन् मुहपत्तिअं पडिलेहेमि** એમ કહે ગુરુ કહે **पडिलेहह** પછી મુહુપત્તિ પડિલેહી એક ખમાસમણ દઇ **इच्छाकारेण संदिसह भगवन् पोसहं पारूं?** ગુરુ કહે **पुणो वि कायव्वं** પછી કહેવું કે, **पोसहं पारिअं** ગુરુ કહે **आयारो न मुत्तव्वो** પછી ઉભા રહી નવકાર ગણી ઢીંચણે બેસી તથા ભૂમિએ મસ્તક લગાડી આ ગાથાઓ કહેવી:—

**सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ॥**
**जेसिं पोसह पडिमा, अखंडिआ जीविअंते वि ॥ १ ॥**

धन्ना सलाहणिज्जा, सुलसा आणंदकामदेवा अ ॥
जेसिं पसंसइ भयवं, दढव्वयत्तं महावीरो ॥ २ ॥

પછી પોસહ વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કાંઈ અવિધિ, ખંડના તથા વિરાધના મન વચન કાયાએ થઈ હોય તો "તસ્સ મિચ્છામિ દુક્કડં" એમ કહેવું.

સામાયિકનો વિધિ પણ આ રીતે જ જાણવો, તેમાં એટલો જ વિશેષ કે–સાગરચંદ્રોને બદલે આ ગાથાઓ કહેવી:—

सामइअवयजुत्तो, जावमणे होइ निअमसंजुत्तो ॥
छिन्नइ असुहं कम्मं, सामाइअ जत्तिआवारा ॥ १ ॥

छउमत्थो मूढमणो, कित्तिअमित्तं च संभरइ जीवो ॥
जं च न सुमरामि अहं, मिच्छा मे दुक्कडं तस्स ॥ २ ॥

सामाइअ पोसहसं–ठिअस्स जीवस्स जाइ जो कालो ॥
सो सफलो बोधव्वो, सेसो संसारफलहेउ ॥ ३ ॥

जैन साईट JAINSITE.com

પછી સામાયિક વિધિએ લીધું ઇત્યાદિ કહે. દિવસ પોસહ પણ આ રીતે જ જાણવો. વિશેષ એટલો જ કે, પોષધ દંડમાં "जाव दिवसं पज्जुवासामि" એમ કહેવું. દેવસી પ્રતિક્રમણ કરી રહ્યા પછી દિવસ પોસો પારી શકાય છે. રાત્રિ પોસો પણ આ રીતે જ જાણવો. તેમાં એટલો જ ફેર છે કે–પોસહ દંડકમાં जाव दिवससेसं रत्तिं पज्जुवासामि એમ કહેવું. બપોર પછી બે ઘડી દિવસ રહે ત્યાં સુધી રાત્રિ પોસો લેવાય છે. પોસહના પારણાને દિવસે સાધુનો જોગ હોય તો જરૂર અતિથિસંવિભાગ વ્રત કરીને પારણું કરવું. આ રીતે પૌષધ વિધિ કહ્યો છે.

આ રીતે પોષધ આદિ કરીને પર્વ દિનની આરાધના કરવી. એની ઉપર નીચે પ્રમાણે દૃષ્ટાંત છે:—

## પૌષધ વ્રત ઉપર ધનેશ્વર શેઠનું દૃષ્ટાંત.

ધન્યપુરમાં ધનેશ્વર નામે શેઠ ધનશ્રી નામે તેની સ્ત્રી અને ધનસાર નામે તેનો પુત્ર એવું એક કુટુંબ રહેતું હતું. ધનેશ્વર શેઠ પરમ શ્રાવક હતો. તે કુટુંબ સહિત દર પખવાડિયે વિશેષ આરંભ વર્જવા વગેરે નિયમ પાળતો હતો, અને "ચતુર્દશી, અષ્ટમી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમાવાસ્યા તથા પૂર્ણિમા એ તિથિઓને વિષે પરિપૂર્ણ પૌષધ કરનારો હતો." આ રીતે ભગવતી સૂત્રમાં તુંગિકા નગરીના શ્રાવકના વર્ણનને પ્રસંગે કહ્યું છે, તે પ્રમાણે દર માસે છ પર્વતિથિઓને વિષે તે પૌષધ વગેરે યથાવિધિ કરતો હતો. એક વખતે ધનેશ્વરશ્રેષ્ઠી અષ્ટમીના પૌષધ કરેલો હોવાથી રાત્રિએ શૂન્ય ઘરમાં પ્રતિમા અંગીકાર કરીને રહ્યો ત્યારે સૌધર્મેન્દ્રે તેની ધર્મની દૃઢતાની ઘણી પ્રશંસા કરી. તે સાંભળી કોઇ મિથ્યાદૃષ્ટિ દેવતા તેની પરીક્ષા કરવા આવ્યો. પહેલાં તેણે શેઠના દોસ્તનું રૂપ પ્રકટ કરી "ક્રોડો સોનૈયાનો નિધિ છે. તમે આજ્ઞા કરો તો તે હું લઉં." એમ ઘણી વાર શેઠને વિનંતી કરી, પછી તે દેવતાએ શેઠની સ્ત્રીનું રૂપ પ્રકટ કર્યું અને આલિંગન વગેરે કરીને તેની (શેઠની) ઘણી કદર્થના કરી. તે પછી મધ્ય રાત્રી હોવા છતાં પ્રભાત કાળનો સૂર્યનો ઉદય તથા સૂર્યનાં કિરણ વિકુર્વીને તે દેવતાએ શેઠનાં સ્ત્રી પુત્ર વગેરેનાં રૂપ પ્રકટ કરી શેઠને પૌષધનું પારણું કરવાને માટે ઘણી વાર પ્રાર્થના કરી. એવા ઘણા અનુકૂળ ઉપસર્ગ કર્યો, તો પણ સઝાય ગણવાને અનુસારે મધ્યરાત્રી છે એમ શેઠ જાણતો હતો, તેથી તિલમાત્ર પણ ભ્રમમાં પડયો નહીં. તે જોઇ દેવતાએ પિશાચનું રૂપ લીધું, અને ચામડી ઉખેડવી, તાડના કરવી, ઉછાળવું, શિલા ઉપર પછાડવું, સમુદ્રમાં ફેંકી દેવું, વગેરે પ્રાણાંતિક પ્રતિકૂળ ઉપસર્ગ કર્યા, તો પણ શેઠ ધર્મધ્યાનથી ચલિત થયો નહીં. કહ્યું છે કે—આ પૃથ્વીને દિશાઓના હસ્તી, કાચબો, કુલપર્વત અને શેષનાગ એમણે પકડી રાખી છે, તો પણ ચલે છે; પરંતુ શુદ્ધ અંતઃકરણવાળા સત્પુરૂષોનું અંગીકાર કરેલું વ્રત પ્રલય થાય તો પણ ચલે નહીં.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

પછી દેવતાએ પ્રસન્ન થઇ ધનેશ્વર શેઠને કહ્યું "હું સંતોષ પામ્યો છું, તું વાંછિત વર માગ." એમ કહ્યું તો પણ શેઠે પોતાનું ધર્મધ્યાન છોડયું નહીં. તથા અતિશય પ્રસન્ન થએલા દેવતાએ શેઠના ઘરમાં ક્રોડો સોનૈયાની અને રત્નોની વૃષ્ટિ કરી. તે મહિમા જોઇ ઘણા લોકો પર્વ પાળવાને વિષે આદરવંત થયા. તેમાં પણ રાજાનો ધોબી, ઘાંચી, અને એક કૌટુંબિક (ખેડૂત નોકર) એ ત્રણે જણા જો કે રાજાની પ્રસન્નતા મેળવવા ઉપર એમણે ઘણું ધ્યાન આપવું પડતું હતું, તો પણ છએ પર્વોને વિષે પોતપોતાનો ધંધો તેઓ બંધ રાખતા હતા. ધનેશ્વર શેઠ પણ નવા સાધર્મી જાણી તેમને પારણાને દિવસે સાથે જમાડી, પહેરામણી આપી જોઇએ તેટલું ધન વગેરે આપી તેમનો ઘણો આદરસત્કાર કરતો હતો. કહ્યું છે કે—સુશ્રાવક સાધર્મીનું જેવું વાત્સલ્ય કરે છે, [illegible] વાત્સલ્ય માતા, પિતા અથવા બાંધવ જનો પણ કોઇ કાળે કરી ન શકે. આ રીતે શેઠનો ઘણો સહવાસ થવાથી તે ત્રણે જણા સમ્યક્ત્વધારી થયા. કહ્યું છે કે—જેમ મેરૂપર્વતે વળગી રહેલું તૃણ પણ સુવર્ણ બની જાય છે, તેમ સત્પુરૂષોનો સમાગમ કુશીલિયાને પણ સુશીલ કરે છે. એક દિવસે કૌમુદી મહોત્સવ થવાનો હતો, તેથી રાજાના લોકોએ "આજે ધોઇને લાવ" એમ કહી ચતુર્દશીને દિવસે રાજાનાં અને રાણીનાં વસ્ત્ર તે ધોબીને ધોવા આપ્યાં. ધોબીએ કહ્યું, "મને તથા મારા કુટુંબને બાધા હોવાથી અમે પર્વને દિવસે વસ્ત્ર ધોવા

આદિ આરંભ કરતા નથી." રાજાના લોકોએ કહ્યું કે, "રાજાની આગળ ત્હારી બાધા તે શી ? રાજાની આજ્ઞાનો ભંગ થાય તો પ્રાણાંતિક દંડ થશે."

પછી ધોબીના સાથીઓએ તથા બીજા લોકોએ પણ વસ્ત્ર ધોવાને માટે તેને ઘણું કહ્યું. ધનેશ્વર શેઠે પણ "રાજદંડ થવાથી ધર્મની હીલના વગેરે ન થાય," એમ વિચારી **रायाभिओगेणं** એવો આગાર છે, ઇત્યાદિ યુક્તિ દેખાડી, તો પણ ધોબીએ "દૃઢતા વિનાનો ધર્મ શા કામનો ? એમ કહી પોતાના નિયમની દૃઢતા ન મૂકી. એણે એવા દુઃખના વખતમાં પણ કોઇનું કહ્યું ન માન્યું. પોતાના માણસોના કહેવાથી રાજા પણ રૂષ્ટ થયો, અને મ્હારી "આજ્ઞા તોડશે તો સવાર થતા તને તથા તારા કુટુંબને શિક્ષા કરીશ" એમ કહેવા લાગ્યો. એટલામાં રાત્રિએ કર્મયોગથી રાજાના પેટમાં એવો શૂળરોગ થયો, કે જેથી આખા નગરમાં હાહાકાર વર્તી રહ્યો. એમ કરતાં ત્રણ દિવસ ચાલ્યા ગયા. ધર્મના પ્રભાવથી ધોબીએ પોતાનો નિયમ બરોબર પાળ્યો. પછી પડવાને દિવસે રાજાનાં તથા રાણીનાં વસ્ત્ર ધોયાં. બીજને દિવસે રાજાનાં માણસોએ માગ્યાં ત્યારે તે તેણે તુરત આપ્યાં. એમજ કાંઇ ખાસ કામને સારૂ બહુ તેલનો ખપ પડવાથી રાજાએ શ્રાવક ઘાંચીને ચતુર્દશીને દિવસે ઘાણી ચલાવવાનો હૂકમ આપ્યો. ઘાંચીએ પોતાના નિયમની દૃઢતા જણાવી, તેથી રાજા ગુસ્સે થયો. એટલામાં પરચક્ર આવ્યું. રાજાને પોતાની સેના સાથે લઇ શત્રુની સામે જઇ સંગ્રામમાં ઉતરવું પડયું. પછી રાજાનો જય થયો. પણ એ કામમાં રાજા વ્યગ્ર થઇ જવાથી તેલનો ખપ પડયો નહીં અને ઘાંચીનો નિયમ સચવાયો.

હવે રાજાએ એક વખતે અષ્ટમીને શુભ મુહૂર્તે તે શ્રાવક કણબીને હળ ખેડવાની આજ્ઞા કરી. ત્યારે તેણે પોતાનો નિયમ કહ્યો. તેથી રાજાને ક્રોધ ચડયો, પણ એટલામાં ધારાબંધ એક સરખો વર્ષાદ પડવાથી તેનો નિયમ સુખેથી સચવાયો. આ રીતે પર્વનો નિયમ અખંડ પાળવાના પુણ્યથી તે ત્રણે જણા અનુક્રમે મરણ પામી છઠ્ઠા લાંતક દેવલોકે ચૌદ સાગરોપમ આયુષ્યવાળા દેવતા થયા. ધનેશ્વર શેઠ સમાધિએ મરણ પામી બારમા અચ્યુત દેવલોકે ગયો. પછી તે ચારે દેવતાઓની ઘણી મૈત્રી થઇ. શેઠનો જીવ જે દેવતા થયો હતો, તેની પાસે બીજા ત્રણે દેવતાઓએ પોતાના ચ્યવનને અવસરે કબૂલ કરાવ્યું કે "ત્હારે પૂર્વભવની માફક આવતે ભવે પણ અમને પ્રતિબોધ કરવો." પછી તે ત્રણે જણા દેવલોકથી જૂદા જૂદા રાજકુળને વિષે અવતર્યા. અનુક્રમે જવાન અવસ્થા પામી મ્હોટા દેશના અધિપતિ થઇ, ધીર, વીર અને હીર એવે નામે જગતમાં પ્રસિદ્ધ થયા. તેમાં ધીર રાજાના નગરમાં એક શેઠને પર્વને દિવસે સદા કાળ પરિપૂર્ણ લાભ થતો હતો, પરંતુ અન્ય દિવસોએ હાનિ પણ બહુ થતી હતી. તેણે એક વખતે જ્ઞાનીને આ વાત પૂછી. જ્ઞાનીએ કહ્યું. "તેં પૂર્વભવને વિષે દરિદ્રાવસ્થામાં સ્વીકારેલા નિયમને દૃઢપણે વળગી રહી યથાશક્તિ પર્વ દિવસો સમ્યક્ પ્રકારે પાળ્યા; પરંતુ એક વખતે ધર્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામગ્રીનો જોગ છતાં પણ તું ધર્માનુષ્ઠાન કરવામાં આલસ્ય વગેરે દોષથી પ્રમાદી થયો. તેથી આ ભવને વિષે તને આ રીતે લાભહાનિ થાય છે. વળી કહ્યું છે કે–ધર્મને વિષે પ્રમાદ કરનારો માણસ જે કાંઇ પોતાનું નુકશાન કરી લે છે, તે ચોરના લૂંટવાથી, અગ્નિના બાળવાથી, અથવા જૂગટામાં હાર ખાવાથી પણ થતું નથી.

જ્ઞાનીનું એવું વચન સાંભળી તે શેઠ પોતાના કુટુંબ સહિત હમેશાં ધર્મકૃત્યોને વિષે સાવધાન રહ્યો, અને પોતાની સર્વ શક્તિથી સર્વે પર્વોની આરાધના કરવા લાગ્યો, અને ઘણો જ થોડો અથવા થોડો આરંભ કરી તથા વ્યવહારશુદ્ધિ બરોબર સાચવીને વ્યાપાર વગેરે બીજ આદિ પર્વને દિવસે જ કરતો હતો, પરંતુ બીજે વખતે નહીં. તેથી સર્વે ગ્રાહકોને વિશ્વાસ પડી ગયો. સર્વે તેની સાથે જ વ્યવહાર કરવા લાગ્યા, પણ બીજાઓની સાથે કોઇ વ્યવહાર કરે નહીં. થોડા દિવસમાં તે ક્રોડો સોનૈયાનો ધણી થયો. કાગડા, કાયસ્થ અને કૂકડા એ ત્રણ જણા પોતાના કુળનું પોષણ કરે છે, અને વણિક, શ્વાન, ગજ તથા બ્રાહ્મણ એ ચારે જણ પોતાના કુળનો નાશ કરે છે. એવી કહેવત છે, તે પ્રમાણે બીજા વણિક લોકોએ અદેખાઇથી રાજાની પાસે ચાડી ખાધી કે, " એને ક્રોડો સોનૈયાનું નિધાન મળ્યું." તેથી રાજાએ શેઠને ધનની વાત પૂછી. શેઠે કહ્યું. " મેં સ્થૂળ મૃષાવાદ, સ્થૂળ અદત્તાદાન વગેરેનો ગુરુ પાસે નિયમ લીધો છે." પછી બીજા વાણિયાઓના કહેવાથી રાજાએ " એ ધર્મ ઠગ છે." એમ વિચારી તેનું સર્વ ધન પોતાના કબજામાં લઇ તેને તથા તેના પરિવારને પોતાના મહેલમાં કબજે રાખ્યો. શેઠે મનમાં વિચાર્યું કે, " આજે પંચમી પર્વ છે, તેથી આજ મને કોઇ પણ રીતે અવશ્ય લાભ થવો જ જોઇએ."

---

પ્રભાતવખતે રાજા પોતાના સર્વ ભંડાર ખાલી થએલા અને શેઠનું ઘર સોનામ્હોરોથી તથા ઝવેરાતથી સંપૂર્ણ ભરાઇ ગએલું જોઇ ઘણું આશ્ચર્ય અને ખેદ પામ્યો. પછી તેણે શેઠને ખમાવીને પૂછ્યું કે, " હે શેઠજી ! આ ધન શી રીતે ત્હારે ઘેર ગયું ? " શેઠે કહ્યું. " હે ધણી ! હું કાંઇ જાણતો નથી, પરંતુ પર્વને દિવસે પુણ્યના મહિમાથી મને લાભ જ થાય છે." આ રીતે સર્વ વાત શેઠે કહી, ત્યારે પર્વનો મહિમા સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામેલા રાજાએ પણ છએ પર્વો પાળવાનો યાવજ્જીવ નિયમ લીધો. તે જ વખતે ભંડારીએ આવી રાજાને વધામણી આપી કે, " વર્ષાકાળના વરસાદથી જેમ સરોવર ભરાય છે, તેમ આપણા સર્વ ભંડાર ધનથી હમણાં જ પરિપૂર્ણ થયા છે." તે સાંભળી રાજા ઘણું અજાયબ થયો અને હર્ષ પામ્યો. એટલામાં ચંચળ એવા કુંડળ આદિ આભૂષણોથી દેદીપ્યમાન એવો એક દેવતા પ્રકટ થઇ કહેવા લાગ્યો કે, " હે રાજન્ ! ત્હારો પૂર્વ ભવનો મિત્ર જે શેઠનો પુત્ર કે, જે હમણાં દેવતાનો ભવ ભોગવે છે, તેને તું ઓળખે છે ? મેં પૂર્વ ભવે વચન આપ્યું હતું તેથી તને પ્રતિબોધ કરવાને અર્થે તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્વ દિવસની આરાધના કરનાર લોકોમાં અગ્રેસર એવા એ શેઠને સહાય્ય કરવાને સારુ આ કામ કર્યું; માટે તું ધર્મકૃત્યમાં પ્રમાદ ન કર. હવે હું ઘાંચીના અને કૌટુંબિકના જીવ જે રાજાઓ થયા છે, તેમને પ્રતિબોધ કરવા જઉં છું."

એમ કહી દેવતા ગયો. પછી તે બન્ને રાજાઓને સમકાળે સ્વપ્નમાં પૂર્વ ભવ દેખાડ્યો, તેથી તેમને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી શ્રાવક ધર્મની અને વિશેષે કરી પર્વદિવસોની સમ્યક્ પ્રકારે આરાધના કરવા લાગ્યા. પછી તે ત્રણે રાજાઓએ દેવતાના કહેવાથી પોતપોતાના દેશને વિષે અમારિની પ્રવૃત્તિ, સાતે વ્યસનોની નિવૃત્તિ, ઠેકાણે ઠેકાણે નવ નવા જિનમંદિરો, પૂજા, યાત્રા, સાધર્મિક વાત્સલ્ય, પર્વને પહેલે દિવસે પટહની ઉદ્‌ઘોષણા તથા સર્વે પર્વોને વિષે સર્વે લોકોને ધર્મકૃત્યને વિષે લગાડવા વગેરે ધર્મની ઉન્નતિ એવી રીતે કરી કે, જેથી એક છત્ર સામ્રાજ્ય જેવો જૈનધર્મ પ્રવર્તી રહ્યો, અને તેના પ્રભાવથી તથા શેઠના જીવ દેવતાની મદદથી તે ત્રણે રાજાઓના દેશોમાં તીર્થંકરની વિહારભૂમિની માફક અતિવૃષ્ટિના, અનાવૃષ્ટિના, દુર્ભિક્ષના, સ્વચક્ર-પરચક્રના, વ્યાધિના, મરકીના તથા દારિદ્ર વગેરેના ઉપદ્રવ સ્વપ્નમાં પણ રહ્યા નહીં. એવી દુઃસાધ્ય વસ્તુ શી છે કે, જે ધર્મના પ્રભાવથી સુસાધ્ય ન થાય? આ રીતે સુખમય અને ધર્મમય રાજ્યલક્ષ્મીને ચિરકાળ ભોગવી તે ત્રણે રાજાઓએ સાથે દીક્ષા લઈ ઘણી તપસ્યાથી શીઘ્ર કેવળજ્ઞાન ઉપાર્જ્યું. શેઠનો જીવ દેવતા, તેમનો મહિમા ઠેકાણે ઠેકાણે ઘણો જ વધારવા લાગ્યો. પછી પ્રાયે પોતાનું જ દૃષ્ટાંત કહી ઉપદેશ કરી પૃથ્વીને વિષે સર્વ પર્વરૂપ સમ્યક્ ધર્મનું સામ્રાજ્ય અતિશય વિસ્તાર્યું, અને ઘણા ભવ્ય જીવોનો ઉદ્ધાર કરી પોતે મોક્ષે ગયા. શેઠનો જીવ દેવતા પણ અચ્યુત દેવલોકથી ચ્યવી મ્હોટો રાજા થઈ ફરી વાર પર્વનો મહિમા સાંભળવાથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, અને દીક્ષા લઈ મોક્ષે ગયો. આ રીતે પર્વની આરાધના ઉપર કથા કહી. અગીઆરમી ગાથાનો અર્થ ઉપર પ્રમાણે છે. ( ૧૧ )

**તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિવિરચિત 'શ્રાદ્ધવિધિપ્રકરણ' ની 'શ્રાદ્ધવિધિકૌમુદિ' ટીકામાં તૃતીય 'પર્વકૃત્યપ્રકાશ' સંપૂર્ણ થયો.**



JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચતુર્થ પ્રકાશ : : ચાતુર્માસિકકૃત્ય.

પર્વકૃત્ય કહ્યું. હવે અડધી ગાથામાં ચાતુર્માસિક કૃત્ય કહેવામાં આવે છે

**पइचउमासं समुचिअ—नियमगहो पाउसे विसेसेण ॥**

**વિસ્તારાર્થ:**—જે શ્રાવકે પરિગ્રહ પરિમાણ વ્રત લીધું હોય, તેણે દરેક ચોમાસાને વિષે પૂર્વે લીધેલા નિયમમાં કાંઈક ઓછું કરવું. જેણે પરિગ્રહ પરિમાણ વ્રત પૂર્વે લીધું હોય, તેણે પણ દરેક ચોમાસામાં યોગ્ય એવા નિયમ અંગીકાર કરવા. વર્ષાકાળના ચોમાસામાં તો ઘણું કરી ઉચિત નિયમ ગ્રહણ કરવા જ. તેમાં જે નિયમ જે સમયે લીધાથી બહુ ફળ થાય, તથા જે નિયમ ન લીધાથી ઘણી વિરાધના અથવા ધર્મની નિંદા વિગેરે દોષ થાય તે નિયમ તે વખતે ઉચિત કહેવાય છે. જેમ વર્ષાકાળમાં ગાડાં ગાડી ચલાવવાની બાધા વગેરે લેવી તથા વાદળ, વર્ષાદિ થવાથી ઇયળો વગેરે પડવાને લીધે રાયણ તથા આંબા વગેરેનાં ફળનો ત્યાગ કરવો તે ઉચિત નિયમ જાણવા. અથવા દેશ, પુર, ગામ, જાતિ, કુળ, વય, અવસ્થા વગેરેની અપેક્ષાએ નિયમોમાં ઔચિત્ય જાણવું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## બે પ્રકારના નિયમ.

તે નિયમ બે પ્રકારના છે. એક દુઃખે પળાય એવા, તથા બીજા સુખે પળાય એવા. ધનવંત વ્યાપારી અને અવિરતિ લોકોને સચિત્ત રસનો તથા શાકનો ત્યાગ અને સામાયિકનો સ્વીકાર વગેરે નિયમ દુઃખે પળાય એવા છે, પરંતુ પૂજા, દાન વગેરે નિયમો તેમનાથી સુખે પળાય તેમ છે.

દરિદ્રી પુરૂષોની વાત એથી ઊલટી છે. એમ છે, તો પણ ચિત્તની એકાગ્રતા હોય તો ચક્રવર્તીએ તથા શાલિભદ્ર વગેરે લોકોએ જેમ દીક્ષાદિ કષ્ટ સહન કર્યાં, તેમ સર્વે નિયમ સર્વથી સુખે પળાય તેવા છે. કહ્યું છે કે—જ્યાં સુધી ધીર પુરૂષો દીક્ષા લેતા નથી, ત્યાં સુધી મેરૂપર્વત ઉંચો છે, સમુદ્ર દુસ્તર છે, અને કામની ગતિ વિષમ છે. એમ છતાં પાળી ન શકાય એવા નિયમ લેવાની શક્તિ ન હોય, તો પણ સુખે પળાય એવા નિયમ તો શ્રાવકે જરૂર લેવા જ. જેમ વર્ષાકાળમાં કૃષ્ણની માફક તથા કુમારપાળ વગેરેની માફક સર્વ દિશાએ જવાનો ત્યાગ કરવો ઉચિત છે. તેમ કરવાની શક્તિ ન હોય તો જે વખતે તે દિશાઓને વિષે ગયા વિના પણ નિર્વાહ થઇ શકે એમ હોય, તે વખતે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરફ જવું નહીં. એમજ સર્વ સચિત્ત વસ્તુનો ત્યાગ કરી ન શકે તો, જે વખતે જે વસ્તુ વિના નિર્વાહ થઇ શકે એમ હોય, તે વખતે તે વસ્તુનો નિયમ લેવો. જે માણસને જે ઠેકાણે, જે વખતે જે વસ્તુ મળવાનો સંભવ ન હોય, જેમ કે, દરિદ્રી પુરુષને હાથી વગેરે, મરુદેશમાં નાગરવેલનાં પાન વગેરે, તથા આંબા વગેરે ફળની ઋતુ ન હોય તો, તે તે ફળો દુર્લભ છે, માટે તે પુરૂષે તે ઠેકાણે તે વખતે તે વસ્તુનો તો નિયમ ગ્રહણ કરવો. આ રીતે અછતી વસ્તુનો નિયમ કરવાથી પણ વિરતિ વગેરે મ્હોટું ફળ થાય છે.

## અછતી વસ્તુના ત્યાગ વિષે દ્રમકમુનિનું દૃષ્ટાન્ત.

એમ સંભળાય છે કે—રાજગૃહી નગરીમાં એક ભીખારીએ દીક્ષા લીધી, તે જોઇ લોકો "એણે ઘણું ધન છોડીને દીક્ષા લીધી!" એ રીતે તેની હાંસી કરવા લાગ્યા. તેથી ગુરૂ મહારાજે વિહાર કરવાની વાત કરી. ત્યારે અભયકુમારે ચૌટામાં ત્રણ ક્રોડ સોનૈયાનો એક મ્હોટો ઢગલો કરી સર્વ લોકોને બોલાવીને કહ્યું કે, "જે પુરૂષ કૂવા વગેરેનું પાણી, દેવતા, અને સ્ત્રીનો સ્પર્શ, એ ત્રણ વાનાં યાવજ્જીવ મૂકી દે, તેણે આ ધનનો ઢગલો ગ્રહણ કરવો." લોકોએ વિચાર કરીને કહ્યું કે, "ત્રણ ક્રોડ ધન છોડી શકાય, પરંતુ પાણી વગેરે ત્રણ વસ્તુ ન છોડાય." પછી મંત્રીએ કહ્યું કે, "અરે મૂઢ લોકો! તો તમે આ દ્રમક મુનિની હાંસી કેમ કરો છો? એણે તો જળાદિ ત્રણ વસ્તુનો ત્યાગ કરેલો હોવાથી ત્રણ ક્રોડ કરતાં પણ વધુ ધનનો ત્યાગ કર્યો છે." પછી પ્રતિબોધ પામેલા લોકોએ દ્રમક મુનિને ખમાવ્યા. આ રીતે અછતી વસ્તુનો ત્યાગ કરવા ઉપર દાખલો કહ્યો છે.

માટે અછતી વસ્તુનાં પણ નિયમ ગ્રહણ કરવા જોઇએ, તેમ ન કરે તો તે તે વસ્તુ ગ્રહણ કરવામાં પશુની માફક અવિરતિપણું રહે છે, તે નિયમ ગ્રહણ કરવાથી દૂર થાય છે. ભર્તૃહરિએ કહ્યું છે કે—અમે ક્ષમા આપી પણ અપમાન સહન ન કર્યું. સંતોષથી ઘરમાં ભોગવવા યોગ્ય સુખોનો ત્યાગ કર્યો નહીં, દુઃસહ ટાઢ, વાયુ અને તાપ સહન કર્યા પણ ક્લેશ વેઠીને તપ કર્યું નહીં. રાત દિવસ ધનનું ધ્યાન કર્યા કર્યું, પણ નિયમિત પ્રાણાયામ કરીને મુક્તિનું ધ્યાન ધર્યું નહીં. આ રીતે મુનિઓએ કરેલાં તે તે કર્મો તો અમે કર્યાં પણ તે તે કર્મોનાં ફલ તો અમને પ્રાપ્ત ન જ થયાં. અહોરાત્રમાં દિવસે એક વાર ભોજન કરે, તો પણ પચ્ચખ્ખાણ કર્યા વિના એકાશણનું ફળ મળતું નથી. લોકમાં પણ એવી જ રીતિ છે કે, કોઇ માણસ કોઇનું ઘણું ધન ઘણા કાળ સુધી વાપરે, તો પણ કહ્યા વિના તે ધનનું થોડું વ્યાજ પણ મળતું નથી. અછતી વસ્તુનો નિયમ ગ્રહણ કર્યો હોય તો, કદાચ કોઇ રીતે તે વસ્તુનો યોગ આવી જાય તોપણ નિયમ લેનાર માણસ તે વસ્તુ લઇ ન શકે, અને નિયમ ન લીધો હોય તો લઇ શકે. આ રીતે અછતી વસ્તુનો

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિયમ ગ્રહણ કરવામાં પણ પ્રકટ ફળ દેખાય છે. જેમ પલ્લીપતિ વંકચૂલને ગુરૂમહારાજે "અજાણ્યાં ફળ ભક્ષણ ન કરવાં" એવો નિયમ આપ્યો હતો, તેથી તેણે ભૂખ ઘણી લાગી હતી, અને લોકોએ ઘણું કહ્યું, તોપણ અટવીમાં કિંપાકફળ અજાણ્યાં હોવાથી ભક્ષણ કર્યાં નહીં. તેની સાથેના લોકોએ ખાધા, અને તેથી તે લોક મરણ પામ્યા.

દરેક ચોમાસામાં નિયમ લેવાનું કહ્યું, તેમાં ચોમાસું એ ઉપલક્ષણ જાણવું. તેથી પખવાડિયાના અથવા એક, બે ત્રણ માસના તથા એક, બે અથવા તેથી વધુ વર્ષના પણ નિયમ શક્તિ માફક ગ્રહણ કરવાં. જે નિયમ જ્યાંસુધી અને જે રીતે આપણાથી પળાય, તે નિયમ ત્યાંસુધી અને તે રીતે લેવો. નિયમ એવી રીતે ગ્રહણ કરવા કે, જેથી નિયમ વિના એક ઘડી રહી ન શકે. કેમકે, વિરતિ કરવામાં મ્હોટા ફળનો લાભ છે, અને અવિરતિપણામાં ઘણા કર્મ બંધનાદિક હોય છે, એ વાત પૂર્વે કહેવામાં આવી છે. પૂર્વે જે નિત્ય નિયમ કહેવામાં આવ્યા છે, તે જ નિયમ વર્ષાકાળના ચોમાસામાં વિશેષે કરી લેવા. તેમાં દિવસમાં બે વાર અથવા ત્રણ વાર પૂજા, અષ્ટપ્રકારી પૂજા, સંપૂર્ણ દેવવંદન, જિનમંદિરે સર્વે જિનબિંબની પૂજા અથવા વંદના, સ્નાત્ર મહોત્સવ, મહાપૂજા, પ્રભાવના વગેરે અભિગ્રહ લેવા. તથા ગુરુને મ્હોટી વંદના, દરેક સાધુને વંદના, ચોવીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ, નવા જ્ઞાનનો પાઠ, ગુરુની સેવા, બ્રહ્મચર્ય, અચિત્ત પાણી પીવું, સચિત્ત વસ્તુનો ત્યાગ ઇત્યાદિ અભિગ્રહ લેવા. તથા વાસી, વિદળ, પૂરી, પાપડ, વડી, સૂકું શાક, તાંદલજા વગેરે પાંદડાંની ભાજી, ખારેક, ખજૂર, દ્રાક્ષ, ખાંડ, સૂંઠ, વગેરે વસ્તુનો વર્ષાકાળના ચોમાસામાં ત્યાગ કરવો. કેમકે, એ વસ્તુમાં લીલફૂલ, કુંથુઆ, અને ઇયળો વગેરે ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. ઔષધ વગેરે કામમાં ઉપર કહેલી વસ્તુ લેવી હોય તો સારી પેઠે તપાસીને ઘણી જ સંભાળથી લેવી. તેમજ વર્ષાકાળના ચોમાસામાં ખાટલો, ન્હાવું, માથામાં ફૂલ વગેરે ગુંથાવવાં, લીલું દાતણ, પગરખાં વગેરે વસ્તુનો યથાશક્તિ ત્યાગ કરવો. ભૂમિ ખોદવી, વસ્ત્ર વગેરે રંગવાં, ગાડી વગેરે ખેડવાં, બીજે ગામે જવું વગેરેની પણ બાધા લેવી.

ઘર, હાટ, ભીંત, થાંભલો, કપાટ, પાટ, પાટિયું, પાટી, શીંકું, ઘીનાં, તેલનાં તથા પાણી વગેરેનાં પાણી વગેરેનાં તથા બીજાં વાસણ, ઇંધણાં, ધાન્ય વગેરે સર્વે વસ્તુઓને નીલફૂલ વગેરે જીવની સંસક્તિ ન થાય, તે માટે જેને જે યોગ્ય હોય તે પ્રમાણે કોઇને ચૂનો લગાડવો, કોઇમાં રાખ ભેળવવી, તથા મેલ કાઢી નાંખવો, તડકામાં મૂકવું, શરદી અથવા ભેજ ન હોય તેવા સ્થાનમાં રાખવું વગેરે સંભાળ લેવી. પાણીને પણ બે ત્રણ વાર ગાળવા વગેરેથી સંભાળવું. ચીકણી વસ્તુ, ગોળ, છાશ, પાણી વગેરેની પણ સારી પેઠે ઢાંકણું વગેરે મૂકીને સંભાળ કરવી. ઓસામણનું તથા સ્નાનનું પાણી વગેરે લીલફૂલ વળેલી ન હોય એવી ધૂળવાળી શુદ્ધ ભૂમિને વિષે છૂટું છૂટું અને થોડું થોડું નાંખવું. ચૂલાને અને દીવાને ઉઘાડો ન મૂકવો અને તે માટે ખાસ સંભાળ લેવી. ખાંડવું, દળવું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાંધવું, વસ્ત્ર પાત્ર વગેરે ધોવું ઇત્યાદિ કામમાં પણ સમ્યક્ પ્રકારે જોઈ કરીને સંભાળ રાખવો. જિનમંદિરની તથા પૌષધશાળા વગેરેની પણ જોઈએ તેવી રીતે સમારવાવડે ઉચિત યતના રાખવી. તેમજ ઉપધાન, માસાદિ પ્રતિમા, કષાયજય, ઇંદ્રિયજય, યોગવિશુદ્ધિ, વીશ સ્થાનક, અમૃત આઠમ, અગીયાર અંગ, ચૌદ પૂર્વ વગેરે તપસ્યા તથા નમસ્કાર ફળતપ, ચતુર્વિંશતિકા તપ, અક્ષયનિધિ તપ, દમયંતી તપ, ભદ્રશ્રેણી તપ, મહાભદ્રશ્રેણી તપ, સંસારતારણ તપ, અઠાઇ, પક્ષખમણ, માસખમણ વગેરે વિશેષ તપસ્યા પણ યથાશક્તિ કરવી. રાત્રિએ ચઉવિહાર અથવા તિવિહારનું પચ્ચખ્ખાણ કરવું. પર્વને વિષે વિગઇનો ત્યાગ તથા પૌષધ ઉપવાસ વગેરે કરવું. દરરોજ અથવા પારણાને દિવસે અતિથિસંવિભાગનો અવશ્ય લાભ લેવો. વગેરે.

## પૂર્વાચાર્યોએ કહેલાં ચાતુર્માસિક અભિગ્રહો.

પૂર્વાચાર્યોએ ચોમાસાના અભિગ્રહ કહ્યા છે, તે આ પ્રમાણે:—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર. એના દ્રવ્યાદિ ભેદથી અનેક પ્રકારના ચાતુર્માસિક અભિગ્રહ હોય છે.

JAINSITE

તેનો અનુક્રમ આ પ્રમાણે:—તત્ર જ્ઞાનાચારને વિષે મૂળસૂત્ર વાંચવારૂપ સજ્ઝાય કરવી, વ્યાખ્યાન સાંભળવું, સાંભળેલા ધર્મનું ચિંતવન કરવું, અને શક્તિ પ્રમાણે અજવાળી પાંચમને દિવસ જ્ઞાનની પૂજા કરવી. (૧) દર્શનાચારને વિષે જિનમંદિરમાં કાજો કાઢવો, લીંપવું, ગુંહલી માંડવી વગેરે જિનપૂજા, ચૈત્યવંદન અને જિનબિંબને ઓપ કરીને નિર્મળ કરવા આદિ કાર્યો કરવાં (૨) ચારિત્રાચારને વિષે જળો મૂકાવવી નહિં, જૂ તથા શરીરમાં રહેલા ગંડોળ પાડવા નહિં, કીડાવાળી વનસ્પતિને ખાર ન દેવો, લાકડામાં, અગ્નિમાં તથા ધાન્યમાં, ત્રસ જીવની રક્ષા કરવી. કોઈને આળ ન દેવું, આક્રોશ ન કરવો, કઠોર વચન ન બોલવું, દેવ ગુરૂના સોગન ન ખાવા, ચાડી ન કરવી તથા પારકો અવર્ણવાદ ન બોલવો. પિતાની તથા માતાની દૃષ્ટિ ચૂકવીને કામ ન કરવું, નિધાન, દાન અને પડેલી વસ્તુને વિષે યતના કરવી. દિવસે બ્રહ્મચર્ય પાળવું, રાત્રિને વિષે પુરૂષે પરસ્ત્રીની તથા સ્ત્રીએ પરપુરૂષની સેવા ન કરવી, ધન ધાન્ય વગેરે નવવિધ પરિગ્રહનું પરિમાણ જેટલું રાખ્યું હોય તેમાં પણ ઘટાડો કરવો. દિશાપરિમાણ વ્રતમાં પણ કોઈને મોકલવું, સંદેશો કહેવરાવવો, અધોભૂમીએ જવું વગેરે તજવું. સ્નાન, અંગરાગ, ધૂપ, વિલેપન, આભૂષણ, ફૂલ, તાંબૂલ, બરાસ, અગર, કેસર, અંબર અને કસ્તૂરી એ વસ્તુનું પરિમાણ કરવું, તથા રત્ન, હીરા, મણિ, સોનું, રૂપું, મોતી વગેરેનું પરિમાણ કરવું. ખજૂર, દ્રાક્ષ, દાડમ, ઉત્તતિય, નાળિએર, કેળાં, મીઠાં લિંબુ, જામફળ, જાંબુ, રાયણ, નારંગી, બીજોરાં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાકડી, અખરોટ, વાયમફલ, કોઠ, ટિંબરૂ, બિલીફળ, આમલી, બોર, બિલ્લુક ફળ, ચીભડાં, ચીભડી, કેરાં, કરમદાં, ભોરડ, લિંબૂ, આમ્લવેતસ એમનું અથાણું, અંકુરા, જાતજાતનાં ફૂલ તથા પત્ર, સચિત્ત, બહુબીજ, અનંતકાય પણ એક પછી એક વર્જવા. તથા વિગઇનું અને વિગઇની અંદર આવનારી વસ્તુનું પરિમાણ કરવું. વસ્ત્ર ધોવાં, લિંપવું, ખેત્ર ખણવું, ન્હવરાવવું, બીજાની જૂ કાઢવી, ક્ષેત્ર સંબંધી જાતજાતનાં કામો, ખાંડવું, દળવું, પાણીમાં ઝીલવું, અન્ન રાંધવું, ઉવટપણું લગાડવું વગેરેનો ઘટાડો કરવો. તથા ખોટી સાક્ષી પૂરવી નહીં. દેશાવકાશિક વ્રતને વિષે ભૂમિ ખોદવાનું, પાણી લાવવાનું, કપડાં ધોવાનું, ન્હાવાનું, પીવાનું, અગ્નિ સળગાવવાનું, દીવો કરવાનું, પવન નાખવાનું, લીલોત્રી કાપવાનું, મ્હોટા વડિલોની સાથે છૂટથી બોલવાનું, અદત્તાદાનનું, તથા સ્ત્રીએ પુરૂષની સાથે તથા પુરૂષે સ્ત્રીની સાથે બેસવું, સૂવું, બોલવું, જોવું વગેરેનું વ્યવહારના સંબંધમાં પરિમાણ રાખવું, દિશિનું માન રાખવું, તથા ભોગોપભોગનું પણ પરિમાણ રાખવું. તેમજ સર્વે અનર્થદંડનો સંક્ષેપ કરવો, સામાયિક પૌષધ તથા અતિથિસંવિભાગમાં પણ જે છૂટ રાખી હોય, તેમાં દરરોજ કાંઇ કમી કરવું. ખાંડવું, દળવું, રાંધવું, જમવું, ખણવું, વસ્ત્રાદિ રંગવું, કાંતવું, પીંજવું, લોઢવું, ઘર વગેરે ધોળાવવું, લીંપવું, ઝાટકવું, વાહન ઉપર ચઢવું, લીખ વગેરે જોવી, પગરખાં પહેરવાં, ખેતર નીંદવું, લણવું, ઓછણ કરવું, વગેરે કાર્યોને વિષે દરરોજ બનતા સુધી સંવર રાખવો. ભણવું, જિનમંદિરે દર્શન કરવું, વ્યાખ્યાન સાંભળવું, ગણવું, એટલાં કામોને વિષે તથા જિનમંદિરનાં સર્વે કામોને વિષે ઉદ્યમ કરવો. આઠમ, ચૌદશ, કલ્યાણક તિથિઓમાં તપ વિશેષ કરેલા હોય તેનો લોકોને ધર્મ પમાડવા વર્ષ દિવસમાં ઉદ્યાપન-મહોત્સવ કરવો. ધર્મને અર્થે મુહપત્તિ, પાણીનાં ગળણાં, તથા ઓષધ વગેરે આપવાં, યથાશક્તિ સાધર્મીક વાત્સલ્ય કરવું, અને ગુરૂનો વિનય સાચવવો. દર મહિને સામાયિક તથા દર વર્ષે પૌષધ તથા અતિથિસંવિભાગ યથાશક્તિ કરવો." આ રીતે શ્રાવક શ્રાવિકાના ચોમાસા સંબંધી નિયમ કહ્યા છે.

## રાજકુમારનું કથાનક.

હવે આ વિષય સંબંધી આ પ્રમાણે કથા છે.

વિજયપુરમાં વિજયસેન નામે રાજા હતો. તેને ઘણા પુત્રો હતા. તેમાં વિજયશ્રી રાણીનો પુત્ર રાજ્ય ચલાવવા લાયક થયો, એમ જાણી રાજાએ તેને આદરસન્માન દેવાનું મૂકી દીધું. એમ કરવામાં રાજાનો એવો અભિપ્રાય હતો કે, "બીજા પુત્રો અદેખાઇથી એને મારી નાંખે નહીં." તેથી રાજકુમારને ઘણું દુઃખ થયું. તે મનમાં વિચારવા લાગ્યો કે, "પગથી હણાયલી ધૂળ પણ હણનારને માથે ચઢે છે, માટે મૂગે મોઢે અપમાન સહન કરનાર માણુસ કરતાં ધૂળ ઉત્તમ છે, એવું નીતિશાસ્ત્રનું વચન છે, માટે મ્હારે અહિં રહીને શું કરવું છે? હું હવે પરદેશ જઇશ. કેમકે—જે પુરૂષ ઘરમાંથી બહાર નીકળીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેંકડો આશ્ચર્યથી ભરેલા સંપૂર્ણ પૃથ્વીમંડળને જોતા નથી, તે કૂવાના દેડકા જેવો છે. પૃથ્વીમંડળને વિષે ભ્રમણ કરનાર પુરૂષો દેશદેશની ભાષાઓ જાણે છે, દેશદેશના વિચિત્ર રિવાજ જાણે છે, અને વિવિધ પ્રકારના આશ્ચર્યકારી ચમત્કાર જુએ છે." રાજકુમાર એમ વિચારી રાત્રિયે કોઈ ન જાણે તેવી રીતે હાથમાં તરવાર લઇ બહાર નીકળ્યો, અને પૃથ્વીને વિષે પોતાની ઇચ્છા પ્રમાણે ફરવા લાગ્યો. કોઇ વખતે અટવીમાં ફરતાં બપોરના વખતે ભૂખ-તરસથી બહુ હેરાન થયો. એટલામાં સર્વાંગે દિવ્ય આભૂષણ પહેરેલો એક દિવ્ય પુરૂષ આવ્યો. તેણે સ્નેહપૂર્વક તેની સાથે કેટલી વાર્ત્તા કરી અને કુમારને એક સર્વે પ્રકારના ઉપદ્રવને દુર કરનારૂં અને બીજું સર્વ ઉત્તમ વસ્તુને આપનારૂં એવાં બે રત્ન આપ્યાં. કુમારે "તું કોણ છે?" એમ તેને પૂછયું, ત્યારે તેણે કહ્યું કે, "જ્યારે તું તારા શહેરમાં જઇશ ત્યારે મુનિરાજના વચનથી મ્હારૂં ચરિત્ર જાણીશ."

પછી રાજકુમાર તે રત્નોના મહિમાથી સર્વ ઠેકાણે યથેચ્છ વિલાસ કરતો રહ્યો. એક વખતે પડહનો ઉદ્‌ઘોષ સાંભળવાથી તેના જાણવામાં આવ્યું કે, "કુસુમપુરનો દેવશર્મા નામે રાજા આંખના દરદથી ઘણીજ વેદના ભોગવે છે." પછી રાજકુમારે તુરતજ ત્યાં જઇ રત્નના પ્રભાવથી આંખની પીડા દૂર કરી. રાજાએ પ્રસન્ન થઇ રાજકુમારને પોતાનું રાજ્ય તથા પુણ્યશ્રી નામે પુત્રી આપી પોતે દીક્ષા લીધી. પછી કુમારના પિતાએ પણ કુમારને રાજ્ય ઉપર બેસારી પોતે દીક્ષા લીધી. આ રીતે રાજકુમાર બે રાજ્યો ચલાવવા લાગ્યો. એક વખતે ત્રણ જ્ઞાનના ધણી થએલા દેવશર્મા રાજર્ષિએ કુમારનો પૂર્વભવ આ પ્રમાણે કહ્યો કે:—"ક્ષેમાપુરીને વિષે સુવ્રત નામે શેઠ હતો, તેણે ગુરૂની પાસે પોતાની શક્તિ પ્રમાણે ચોમાસા સંબંધી નિયમ લીધા હતા. તેનો એક ચાકર હતો, તે પણ દરેક વર્ષાકાળના ચોમાસામાં રાત્રિભોજનનો તથા મદ્ય, મધ, માંસસેવનનો નિયમ કરતો હતો. પછી તે ચાકર મરણ પામ્યો અને તેનો જીવ તું રાજકુમાર થયો, અને સુવ્રત શેઠનો જીવ મ્હોટો ઋદ્ધિવંત દેવતા થયો. તેણે પૂર્વભવની પ્રીતિથી તને બે રત્નો આપ્યાં" આ રીતે પૂર્વભવ સાંભળી કુમાર જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, અને ઘણા પ્રકારના નિયમ પાળીને સ્વર્ગે ગયો. ત્યાંથી ચવીને મહાવિદેહમાં સિદ્ધ થશે. આ રીતે ચોમાસાના નિયમ ઉપર કથા કહી છે.

## ચાતુર્માસિક કૃત્યો અંગે લૌકિક શાસ્ત્રોનું સમર્થન.

લૌકિક ગ્રંથમાં પણ આ વાત કહી છે. વસિષ્ઠ ઋષિએ પૂછયું કે, "હે બ્રહ્મદેવ! વિષ્ણુ ક્ષીરસમુદ્રમાં શી રીતે નિદ્રા કરે છે? અને તે નિદ્રા કરે ત્યારે શી શી વસ્તુ વર્જવી? અને તે વસ્તુ વર્જવાથી શું શું ફળ થાય?" બ્રહ્મદેવે કહ્યું. "હે વસિષ્ઠ! વિષ્ણુ ખરેખર નિદ્રા કરતો નથી અને જાગૃત પણ થતો નથી, પરંતુ વર્ષાકાળ આવે ત્યારે ભક્તિથી વિષ્ણુનો એ સર્વ ઉપચાર કરાય છે. હવે વિષ્ણુ યોગનિદ્રામાં રહે, ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શું શું વર્જવું ? તે સાંભળ. જે પુરૂષ ચોમાસામાં મુસાફરી ન કરે, માટી ન ખણે, તથા રિંગણાં, ચોળા, વાલ, કલથી, તુવેર, કાલિંગડાં, મૂળા અને તાંદળજો એટલી વસ્તુનો ત્યાગ કરે. તથા હે વસિષ્ઠ ! જે પુરૂષ ચોમાસામાં એક અન્ન ખાય, જે પુરૂષ હમેશાં તથા ઘણું કરી ચોમાસામાં રાત્રિભોજન ન કરે, તે આ લોકમાં તથા પરલોકમાં સર્વ અભિષ્ટ વસ્તુ પામે. જે પુરૂષ ચોમાસામાં મદ્ય માંસ વર્જે છે, તે દરેક માસમાં સો વર્ષ સુધી કરેલા અશ્વમેધ યજ્ઞનું પુણ્ય પામે છે. વગેરે.

માર્કંડેયઋષિએ પણ કહ્યું છે કેઃ—હે રાજન્ ! જે પુરૂષ ચોમાસામાં તૈલમર્દન કરતો નથી, તે ઘણા પુત્ર તથા ધન પામે છે અને નિરોગી રહે છે. જે પુરૂષ પુષ્પાદિકના ભોગ છોડી દે છે, તે સ્વર્ગલોકને વિષે પૂજાય છે. જે પુરૂષ કડવો, ખાટો, તીખો, તૂરો, મીઠો અને ખારો એ રસોથી ઉત્પન્ન થતા રસોને વર્જે, તે પુરૂષ કુરૂપતા તથા દૌર્ભાગ્ય કોઇ ઠેકાણે પણ પામતો નથી. તાંબૂલ ભક્ષણ કરવાનું વર્જે તો ભોગી થાય અને શરીરે લાવણ્ય પામે. જે ફળ, શાક અને પાંદડાંનું શાક વર્જે તે ધન તથા પુત્ર પામે. હે રાજન્ ! ચોમાસામાં ગોળ ન ખાય તો મધુર સ્વરવાળો થાય. તાવડી ઉપર પાકેલું અન્ન ભક્ષણ કરવાનું તજે તો, બહુ સંતતિ પામે. ભૂમિને વિષે સંથારે સૂઇ રહે તો વિષ્ણુનો સેવક થાય. દહીં તથા દૂધ વર્જે તો ગોલોક નામે દેવલોકે જાય. બપોર સુધી પાણી પીવાનું તજે તો રોગોપદ્રવ ન થાય. જે પુરૂષ ચોમાસામાં એકાંતર ઉપવાસ કરે તે બ્રહ્મલોકમાં પૂજાય. જે પુરૂષ ચોમાસામાં નખ અને કેશ ન ઉતારે તે દરરોજ ગંગાસ્નાનનું ફળ પામે. જે પારકું અન્ન તજે તે અનંત પુણ્ય પામે. ચોમાસામાં ભોજન કરતી વેળાએ જે મૌન ન રહે, તે કેવળ પાપજ ભોગવે એમ જાણવું. મૌનપણે ભોજન કરવું ઉપવાસ સમાન છે, માટે ચોમાસામાં જરૂર મૌન ભોજન તથા બીજા નિયમ રાખવા. ઇત્યાદિ ભવિષ્યોત્તર પુરાણમાં કહ્યું છે.

**તપાગચ્છીય શ્રી રત્નશેખર સૂરિવિરચિત 'શ્રાદ્ધવિધિપ્રકરણ'ની શ્રાદ્ધવિધિકૌમુદીટીકામાં ચતુર્થ ચાતુર્માસિકકૃત્ય પ્રકાશ સંપૂર્ણ થયો.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પંચમ પ્રકાશ : : વર્ષકૃત્ય.

ચોમાસા સંબંધી કૃત્ય કહ્યું. હવે રહેલી અર્ધ ગાથા તથા તેરમી ગાથા મળી દોઢ ગાથાના અગીઆર દ્વારવડે વર્ષકૃત્ય કહે છે.

( मूळगाथा )

पइवरिसं संघच्चण–साहम्मिअ भत्तिजत्ततिगं ॥ १२ ॥
जिणगिहि ण्हवणं जिणधण–वुड्ढी महपूअधम्मजागरिआ ॥
सुअपूआ उज्जवणं, तह तित्थपभावणा सोही ॥ १३ ॥

શ્રાવકે દરવર્ષે જઘન્યથી એક વાર પણ ૧ ચતુર્વિધ શ્રી સંઘની પૂજા, ૨ સાધર્મીક વાત્સલ્ય, ૩ તીર્થયાત્રા, રથયાત્રા અને અઠ્ઠાહી યાત્રા એ ત્રણ યાત્રાઓ, ૪ જિનમંદિરને વિષે સ્નાત્રમહોત્સવ, ૫ માળા પહેરવી, ઈંદ્રમાળા વગેરે પહેરવી, પહેરામણી કરવી, ધોતિયાં વગેરે આપવાં તથા દ્રવ્યની ઉછામણીપૂર્વક આરતી ઉતારવી વગેરે ધર્મકૃત્યો કરીને દેવદ્રવ્યની વૃદ્ધિ, ૬ મહાપૂજા, ૭ રાત્રિને વિષે ધર્મજાગરિકા, ૮ શ્રુતજ્ઞાનની વિશેષ પૂજા, ૯ અનેક પ્રકારનાં ઉજમણાં, ૧૦ જિનશાસનની પ્રભાવના, અને ૧૧ આલોયણા શ્રી સંઘની પૂજા. એટલાં ધર્મકૃત્યો યથાશકિત કરવાં જોઈએ.

તેમાં શ્રીસંઘની પૂજામાં પોતાના કુળને તથા ધન વગેરેને અનુસરીને ઘણા આદરથી અને બહુમાનથી સાધુ સાધ્વીના ખપમાં આવે એવી આધાકર્મકૃત આદિ દોષ રહિત વસ્તુ ગુરૂમહારાજને આપવી. તે વસ્તુ એ કે:—વસ્ત્ર, કંબળ, પ્રોંછનક, સૂત્ર, ઉન, પાત્રાં, પાણીનાં તુંબડાં વગેરે પાત્ર, દાંડો, દાંડી, સોય, કાંટાને ખેંચી કાઢનારો ચીપીયો, કાગળ, ખડીયા, લેખણીનો સંગ્રહ પુસ્તક વગેરે. દિનકૃત્યમાં કહ્યું છે કે–વસ્ત્ર, પાત્ર આપવાદિક પાંચે પ્રકારનું પુસ્તક, કંબળ, પાદપ્રોંછનક, દાંડો, સંથારો, સિજ્જા તથા બીજું પણ ઔઘિક તથા ઔપગ્રહિક મુહપત્તિ પુંછણા વગેરે જે કાંઇ શુદ્ધ સંયમને ઉપકારી હોય આપવું. પ્રવચનસારોદ્ધાર વૃત્તિમાં વળી કહ્યું છે કે–" જે વસ્તુ સંયમને ઉપકારી હોય, તે વસ્તુ ઉપકાર કરનારી હોવાથી ઉપકરણ કહેવાય છે. તેથી અધિક વસ્તુ રાખવી તે અધિકરણ કહેવાય છે. અસંયતપણે વસ્તુનો પરિહાર એટલે પરિભોગ ( સેવન ) કરનારો અસંયત કહેવાય છે. " અહિં પરિહાર શબ્દનો અર્થ પરિભોગ કરનારો એવો કર્યો તેનું કારણ કે **परिहारोपरिभोगो** એવું વચન છે તેથી અસંયતપણે જે પરિભોગ કરવો એવો અર્થ થાય છે, એમ પ્રવચનસારોદ્ધાર વૃત્તિમાં કહ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમજ પ્રાતિહારિક, પીઠ, ફલક, પાટો વગેરે સંયમોપકારી સર્વે વસ્તુઓ સાધુ મુનિરાજને શ્રદ્ધાથી આપવી. સોય વગેરે વસ્તુઓ પણ સંયમનાં ઉપકરણ છે એમ શ્રી કલ્પમાં કહ્યું છે. તે એવી રીતે કે—**असणाई वत्थाइ सुआइ चउक्कगा तिन्नि अर्थः—** અનશનાદિક, વસ્ત્રાદિક અને સોયાદિક એ ત્રણ ચતુષ્ક મળીને બાર; જેમ કે ૧ અશન, ૨ પાન, ૩ ખાદિમ અને ૪ સ્વાદિમ એ અશનાદિક ચાર, ૫ વસ્ત્ર, ૬ પાત્ર, ૭ કંબલ અને ૮ પાદપ્રોંછનક એ વસ્ત્રાદિક ચાર; તથા ૯ સોય, ૧૦ અસ્ત્રો, ૧૧ નરણી અને ૧૨ કાન ખોતરવાની શળી એ સોયાદિક ચાર; આ રીતે ત્રણ ચતુષ્ક મળીને બાર વસ્તુ સંયમનાં ઉપકરણ છે.

એમજ શ્રાવક શ્રાવિકારૂપ સંઘનો પણ શક્તિ માફક ભક્તિથી પહેરામણી વગેરે આપીને સત્કાર કરે. દેવગુરુ વગેરેના ગુણ ગાનારા યાચકાદિકોને પણ ઉચિત લાગે તેમ તૃપ્ત કરે.

સંઘપૂજા ત્રણ પ્રકારની છે. એક ઉત્કૃષ્ટ, બીજી મધ્યમ અને ત્રીજી જઘન્ય. જિનમતધારી સર્વ સંઘને પહેરામણી આપે તો ઉત્કૃષ્ટ સંઘપૂજા થાય. સર્વ સંઘને માત્ર સૂત્ર વગેરે આપે તો જઘન્ય સંઘપૂજા થાય. બાકી રહેલી સર્વે મધ્યમ સંઘપૂજા જાણવી. તેમાં જેને વધારે ધન ખરચવાની શક્તિ ન હોય, તેણે પણ ગુરુ મહારાજને સૂત્ર, મુહપત્તિ વગેરે તથા બે ત્રણ શ્રાવક શ્રાવિકાઓને સોપારી વગેરે આપીને દરવર્ષે સંઘપૂજા ભક્તિથી સાચવવી. દરિદ્રી પુરુષ એટલું કરે, તો પણ તેને ઘણો લાભ કેમકે—લક્ષ્મી ઘણી છતાં નિયમ આદરવો, શકિત છતાં ખમવું, યૌવન અવસ્થામાં વ્રત લેવું, અને દરિદ્રી અવસ્થામાં થોડું પણ દાન આપવું એ ચારે વસ્તુથી બહુ ફળ મળે છે. વસ્તુપાળ મંત્રી વગેરે લોકો તો દરેક ચોમાસામાં સંઘપૂજા વગેરે કરતા હતા અને ઘણા ધનનો વ્યય કરતા હતા, એમ સંભળાય છે. દિલ્લીમાં જગસી શેઠનો પુત્ર મહણસિંહ શ્રીતપાગચ્છાધિપ પૂજ્ય શ્રીદેવચંદ્રસૂરિજીનો ભકત હતો. તેણે એકજ સંઘપૂજામાં જિનમતધારી સર્વ સંઘને પહેરામણી વગેરે આપીને ચોરાશી હજાર ટંકનો વ્યય કર્યો. બીજે જ દિવસે પંડિત દેવમંગળગણિ ત્યાં પધાર્યા. પૂર્વે મહણસિંહે બોલાવેલા શ્રીગુરૂ મહારાજે તે ગણિજીને મોકલ્યા હતા. તેમના પ્રવેશને વખતે મહણસિંહે ટુકમાં સંઘપૂજા કરી, તેમાં છપ્પન હજાર ટંકનો વ્યય કર્યો. આવી વાર્ત્તાઓ સાંભળવામાં આવે છે. એ પ્રકારે સંઘપૂજા વિધિ કહી છે.

## સાધર્મિક વાત્સલ્ય.

સાધર્મિક વાત્સલ્ય પણ સર્વે સાધર્મીક ભાઇઓનું અથવા કેટલાકનું શકિત પ્રમાણે કરવું. સાધર્મી ભાઇનો યોગ મળવો જો કે દુર્લભ છે. કેમકે—સર્વે જીવો સર્વે પ્રકારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધ માંહેમાંહે પૂર્વે પામેલા છે, પરંતુ સાધર્મિક આદિ સંબંધને પામનારા જીવો તો કોઇક ઠેકાણે વિરલાજ હોય છે. સાધર્મી ભાઇનો મેલાપ પણ ઘણો પુણ્યકારી છે, તો પછી સાધર્મીનો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આદરસત્કાર કરે તો ઘણો પુણ્યબંધ થાય એમાં શું કહેવું ? કહ્યું છે કે—એક તરફ સર્વે ધર્મ અને બીજી તરફ સાધર્મિક વાત્સલ્ય રાખી બુદ્ધિરૂપી ત્રાજવાએ તોળિયે તો બન્ને સરખા ઉતરે છે એમ કહ્યું છે. સાધર્મિકનો આદર સત્કાર નીચે પ્રમાણે કરવો:—

પોતાના પુત્ર વગેરેનો જન્મોત્સવ, વિવાહ વગેરે હોય તો સાધર્મીક ભાઇઓને નિમંત્રણ કરવું અને ઉત્તમ ભોજન, તાંબૂલ, વસ્ત્ર આભરણ વગેરે આપવું. કદાચ તેઓ કોઇ વખતે બહુ મુશ્કેલીમાં આવી પડે તો પોતાનું ધન ખરચીને તેમને આફતમાંથી ઉગારવા. પૂર્વ કર્મના અંતરાયના દોષથી કોઇનું ધન જતું રહે તો તેને પાછો પૂર્વની અવસ્થામાં લાવવો. જે પોતાના સાધર્મિક ભાઇઓને પૈસેટકે સુખી ન કરે, તે પુરૂષની મ્હોટાઇ શા કામની ? કેમકે—જેમણે દીન જીવોનો ઉદ્ધાર ન કર્યો, સાધર્મિકોનું વાત્સલ્ય ન કર્યું અને હૃદયને વિષે વીતરાગનું ધ્યાન ન કર્યું. તેમણે પોતાનો જન્મ વૃથા ગુમાવ્યો. પોતાના સાધર્મીક ભાઇઓ જો ધર્મથી ભ્રષ્ટ થતા હોય તો, ગમે તે રીતે તેમને ધર્મને વિષે દૃઢ કરવા. જો તેઓ ધર્મકૃત્ય કરવામાં પ્રમાદ કરતા હોય તો, તેમને યાદ કરાવવું, અને અનાચારથી નિવારવા પ્રયત્ન કરવો. કેમકે:—પ્રમાદ કરે તો યાદ કરાવી, અનાચારને વિષે પ્રવૃત્ત થાય તો નિવારવા, ભૂલે તો પ્રેરણા કરવી, અને વારંવાર ચૂકે તો વખતોવખત પ્રેરણા કરવી. તેમજ પોતાના સાધર્મિકોને વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા વગેરેને વિષે જોગ મળે તેમ જોડવા, અને શ્રેષ્ઠ ધર્માનુષ્ઠાનને વિષે સાધારણ પૌષધશાળા વગેરે કરાવવી. વગેરે.

## શ્રાવિકાઓનું સાધર્મિક વાત્સલ્ય અને સ્ત્રીઓની ઊંચનીચતા.

શ્રાવિકાઓનું વાત્સલ્ય પણ શ્રાવકની માફક કરવું. કાંઇ પણ ઓછું વધતું ન કરવું. કેમકે, જ્ઞાન, દર્શન અને ચારિત્રને ધારણ કરનારી, ઉત્કૃષ્ટ શીલને પાળનારી તથા સંતોષવાળી એવી શ્રાવિકાઓ જૈનધર્મને વિષે મનમાં અનુરાગવાળી હોય છે, માટે તેમને સાધર્મિકપણે માનવી.

શંકા:—લોકમાં તથા શાસ્ત્રમાં સ્ત્રીઓ ઘણી પાપી કહેવાય છે, એઓ તો ભૂમિ વિનાની ઝેરી કેળનું ઝાડ, મેઘ વિનાની વિજળી, જેના ઉપર ઓષધ ચાલતું નથી એવી, કારણ વિનાનું મૃત્યુ, નિમિત્ત વિનાનો ઉત્પાત, ફણા વિનાની સર્પિણી અને ગુફા વિનાની વાઘણ સરખી છે. એમને તો પ્રત્યક્ષ રાક્ષસી સમાનજ ગણવી. ગુરૂ ઉપરનો તથા ભાઇ ઉપરનો સ્નેહ તૂટવાનું કારણ એઓજ છે. કેમકે—અસત્ય વચન, સાહસિકપણું, કપટ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂર્ખતા, અતિલોભ, અશુચિપણું અને નિર્દયપણું એટલા સ્ત્રીઓના દોષ સ્વાભાવિક છે. કેમકે—હે ગૌતમ ! જ્યારે અનંતી પાપની રાશીઓ ઉદય આવે ત્યારે સ્ત્રીપણું પમાય છે, એમ તું સમ્યક્ પ્રકારે જાણ. આ રીતે સર્વે શાસ્ત્રોમાં સ્ત્રીઓની નિંદા પગલે પગલે જોવામાં આવે છે, માટે તેઓથી દૂર રહેવું એમ છતાં તેમનું દાન સન્માનરૂપ વાત્સલ્ય કરવું શી રીતે ઘટે ?

**સમાધાનઃ**—"સ્ત્રીઓ જ પાપી હોય છે" એવો એકાંત પક્ષ નથી. જેમ સ્ત્રીઓમાં તેમ પુરુષોમાં પણ પાપીપણું સરખું જ છે. કેમકે, પુરુષો પણ ક્રૂર મનવાળા, ઘણા દુષ્ટ, નાસ્તિક, કૃતઘ્ન, પોતાના શેઠની સાથે દુશ્મનાવટ કરનારા, વિશ્વાસઘાતી, જૂઠું બોલનારા, પારકું ધન તથા પારકી સ્ત્રી હરણ કરનારા, નિર્દય તથા ગુરૂને પણ ઠગનારા એવા ઘણા જોવામાં આવે છે. પુરુષ જાતિમાં કેટલાક એવા લોકો છે, તેથી સત્પુરુષોની અવજ્ઞા કરવી જેમ ઘટિત નથી, તેમજ સ્ત્રીજાતિમાં પણ કેટલીક પાપી સ્ત્રીઓ છે, તેથી સારી સ્ત્રીઓની અવજ્ઞા કરવી એ પણ ઘટિત નથી. જેમ ઘણી પાપી તેમ ઘણી ગુણવંતી સ્ત્રીઓ પણ છે. જેમ તીર્થંકરની માતાઓ ઉત્તમ ગુણવડે યુક્ત હોય છે, માટે તેમની દેવતાના ઇંદ્રો પણ પૂજા કરે છે, અને મુનિયો પણ સ્તુતિ કરે છે. લૌકિક શાસ્ત્રના જાણ પણ કહે છે કે—સ્ત્રીઓ એવો કોઈ અદ્ભુત ગર્ભ ધારણ કરે છે કે, જે ત્રણે જગતનો ગુરૂ થાય છે, માટે જ પંડિત લોકો સ્ત્રીઓની ઘણી મ્હોટાઈ કબૂલ કરે છે. કેટલીક સ્ત્રીઓ પોતાના શીળના પ્રભાવથી અગ્નિને જળ સમાન, જળને સ્થળ સમાન, ગજને શિયાળિયા સમાન, સર્પને દોરડી સમાન અને ઝેરને અમૃત સમાન કરે છે, તેમજ ચતુર્વિધ શ્રીસંઘનું ચોથું અંગ શ્રાવિકાઓ છે. શાસ્ત્રમાં જે તેમની ઘણી નિંદા સંભળાય છે, તે પુરુષોએ તેમને વિષે આસક્તિ ન કરવી એવા ઉપદેશ માટે જ છે. સુલસા વગેરે શ્રાવિકાઓના ગુણોની તો તીર્થંકરોએ પણ ઘણી પ્રશંસા કરી છે. તેમની ધર્મને વિષે રહેલી દૃઢતા ઇંદ્રોએ પણ સ્વર્ગોને વિષે વખાણી છે, અને જબરા મિથ્યાત્વીઓ પણ એમને સમકિતથી ચલાવી શકયા નહિ. તેમજ કેટલીક શ્રાવિકાઓ ચરમ દેહવાળી તથા કેટલીક બે ત્રણ ભવ કરીને મોક્ષે જનારી શાસ્ત્રમાં સંભળાય છે, માટે માતાની માફક, બ્હેનની માફક તથા પુત્રીની માફક એમનું વાત્સલ્ય કરવું ઘટિત જ છે. આ વિષય ઉપર અત્રે વધુ વિસ્તારની જરૂર જણાતી નથી.

## દંડવીર્ય રાજાનું દૃષ્ટાંત.

સાધર્મિકવાત્સલ્ય કરીને જ રાજાઓ પોતાનું અતિથિસંવિભાગ વ્રત સાચવે છે. કેમકે, મુનિયોને રાજપિંડ કલ્પતો નથી, આ વિષય ઉપર ભરતના વંશમાં થએલા ત્રણે ખંડના અધિપતિ દંડવીર્ય રાજાનું દૃષ્ટાંત કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દંડવીર્ય રાજા હમેશાં સાધર્મીક ભાઇને જમાડી પછી જ પોતે ભોજન કરતો હતો. એક વખતે ઇંદ્રે મનમાં તેની પરીક્ષા કરવાનું ધાર્યું. તેણે જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ ત્રણ રત્નોનું સૂચક સુવર્ણની જનોઇ અને બાર વ્રતોના સૂચક બાર તિલકને ધારણ કરનારા તથા ભરતે રચેલા ચાર વેદનો મુખે પાઠ કરનારા એવા તીર્થયાત્રા કરતા આવેલા ક્રોડો શ્રાવક જણાયા. દંડવીર્ય તેમને ભક્તિથી નિમંત્રણ કરી જમાડી રહે છે, એટલામાં સૂર્ય આથમ્યો. એ રીતે લાગટ આઠ દિવસ શ્રાવક પ્રકટ કર્યા, તેથી રાજાને આઠ ઉપવાસ થયા. પણ તેની સાધર્મિક ભક્તિ તો તરુણ પુરુષની શક્તિની માફક દિવસે દિવસે વધતી જ રહી. તેથી ઇંદ્ર પ્રસન્ન થયો, અને તેણે તેને દિવ્ય ધનુષ્ય, બાણ, રથ, હાર તથા બે કુંડળ આપી શત્રુંજયની યાત્રા કરવા તથા તીર્થોદ્ધાર માટે પ્રેરણા કરી. દંડવીર્યે પણ તે પ્રમાણે કર્યું.

## સંભવનાથ ભગવાન આદિના દૃષ્ટાંતો.

શ્રી સંભવનાથ ભગવાન્ પણ પૂર્વના ત્રીજા ભવમાં ધાતકીખંડની અંદર આવેલા ઐરવત ક્ષેત્રની ક્ષેમાપુરી નગરીમાં વિમળવાહન નામે રાજા હતા ત્યારે તેમણે મ્હોટા દુકાળમાં સર્વે સાધર્મીક ભાઇઓને ભોજનાદિક આપીને જિનનામ કર્મ બાંધ્યું. પછી દીક્ષા લઇ દેહપાત થયે આનત દેવલોકમાં દેવતાપણું ભોગવી શ્રી સંભવનાથ તીર્થંકર થયા. તેઓ ફાગણ સુદિ આઠમને દિવસે અવતર્યા, ત્યારે મ્હોટો દુકાળ છતાં તે જ દિવસે ચારે તરફથી સર્વ જાતનું ધાન્ય આવી પહોંચ્યું, તેથી તેમનું સંભવ એવું નામ પડયું. બૃહદ્ભાષ્યમાં કહ્યું છે કે-શં શબ્દનો અર્થ સુખ કહેવાય છે. ભગવાનના દર્શનથી સર્વે ભવ્ય જીવોને સુખ થાય છે, માટે તેમને સંભવ કહે છે. આ વ્યાખ્યાનને અનુસરીને સર્વે તીર્થંકરો શંભવ નામથી ઓળખાય છે. સંભવનાથજીને સંભવ નામથી ઓળખવાનું બીજું પણ એક કારણ છે. કોઇ વખતે શ્રાવસ્તી નગરીમાં કાળ દોષથી દુકાળ પડ્યો ત્યારે સર્વે માણસો દુઃખી થયા. એટલે સેનાદેવીની કુક્ષિમાં સંભવનાથજી અવતર્યા. ત્યારે ઇંદ્રે પોતે આવીને સેનાદેવીની પૂજા કરી, અને જગત્‌ને વિષે એક સૂર્ય સમાન એવા પુત્રની પ્રાપ્તિ થયાની તેને ( સેનાદેવીને ) વધામણી આપી. તે જ દિવસે ધાન્યથી પરિપૂર્ણ ભરેલા ઘણા સાર્થો ચારે તરફથી આવ્યા, અને તેથી ત્યાં સારૂં સુભિક્ષ થયું. જે માટે તે ભગવાનના સંભવથી ( જન્મથી ) સર્વે ધાન્યોનો સંભવ થયો, તે માટે માતાપિતાએ તે ભગવાનનું સંભવ નામ આપ્યું.

દેવગિરિ( વર્તમાન દોલતાબાદ )માં જગસિંહ નામે શેઠે પોતાના જેવા સુખી કરેલા ત્રણસોસાઠ વાણોતર પાસે હમેંશાં બહોંતેર હજાર ટંકનો વ્યય કરી પ્રતિદિવસ એકેક સાધર્મિક વાત્સલ્ય કરાવતો હતો. આ રીતે દર વર્ષે તે શેઠનાં ત્રણસો સાઠ સાધર્મિક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત્સલ્ય થતાં હતાં. થરાદમાં શ્રીમાળ આભૂનામા સંઘપતિએ ત્રણુસો સાઠ સાધર્મી ભાઈ-ઓને પોતાના સરખા કર્યા. કહ્યું છે કે—તે સુવર્ણ પર્વતનો[1] તથા રૂપાના પર્વતનો[2] શું ઉપયોગ ? કારણ કે, જેનો આશ્રય કરી રહેલાં વૃક્ષો કાષ્ઠમયનાં કાષ્ઠમય રહે છે, પણ સોના રૂપનાં થતાં નથી. એક મલય પર્વતને જ અમે ઘણું માન આપીએ છીએ; કેમકે, તેનો આશ્રય કરી રહેલાં આંબા, લિંબડા અને કુટજ નામનાં વૃક્ષો પણ ચંદનમય થાય છે. સારંગ નામા શ્રેષ્ઠિએ પંચપરમેષ્ઠિ મંત્રનો પાઠ કરનારા લોકોને પ્રવાહવડે દરેકને સુવર્ણના ટંક આપ્યા. એક ચારણને, બોલ એમ ફરી ફરી કહેવાથી નવ વાર નવકાર બોલ્યો, ત્યારે તેણે તેને નવ સોનૈયા આપ્યા. આ રીતે સાધર્મિક વાત્સલ્યનો વિધિ કહ્યો છે.

## યાત્રાઓ.

આમજ દરવર્ષે જઘન્યથી એક પણ યાત્રા કરવી. યાત્રાઓ ત્રણ પ્રકારની છે. તે એ કેઃ—૧ અઠ્ઠાઈ યાત્રા ૨ રથયાત્રા અને ૩ તીર્થયાત્રા. આ રીતે ત્રણ પ્રકારની યાત્રા પંડિત જનો કહે છે. તેમાં ૧ અઠ્ઠાઈ યાત્રાનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે. તેમાં સવિસ્તર સર્વ ચૈત્યપરિપાટી કરવા વગેરે જે અઠ્ઠાઈ યાત્રા તે ચૈત્યયાત્રા પણ કહેવાય છે.

## ૨ સંપ્રતિરાજાની રથયાત્રા.

રથયાત્રા તો હેમચંદ્રસૂરિવિરચિત પરિશિષ્ટપર્વમાં કહી છે, તે એ રીતે કેઃ—પૂજ્ય શ્રીસુહસ્તિ આચાર્ય અવંતી નગરીમાં વસતા હતા, ત્યારે એક વર્ષે સંઘે ચૈત્યયાત્રા ઉત્સવ કર્યો. ભગવાન્ સુહસ્તી આચાર્ય પણ દરરોજ સંઘની સાથે ચૈત્યયાત્રામાં આવી મંડપને શોભાવતા હતા. ત્યારે સંપ્રતિ રાજા ન્હાનામાં ન્હાના શિષ્યની પેઠે હાથ જોડી સુહસ્તિ-સ્વામીની આગળ બેસતો હતો. ચૈત્યયાત્રાઉત્સવ થઈ રહ્યા પછી સંઘે રથયાત્રા શરૂ કરી. કેમકે, યાત્રાનો ઉત્સવ રથયાત્રા કરવાથી સંપૂર્ણ થાય છે. સુવર્ણની તથા માણિક્ય રત્નોની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરનાર એવો સૂર્યના રથ સરખો રથ રથશાળામાંથી નીકળ્યો. વિધિના જાણ અને ધનવાન શ્રાવકોએ રથમાં પધરાવેલી જિનપ્રતિમા સ્નાત્રપૂજા વગેરે કર્યું. અરિહંતનું સ્નાત્ર કર્યું, ત્યારે જન્મ કલ્યાણકને અવસરે જેમ મેરૂના શિખર ઉપરથી, તેમ રથમાંથી સ્નાત્ર જળ નીચે પડવા લાગ્યું, જાણે ભગવાનને કાંઈ વિનંતિ જ ન કરતા હોય ? એવા મુખે મુખકોશ બાંધેલા શ્રાવકોએ સુગંધી ચંદનાદિ વસ્તુથી ભગવાનને વિલેપન કર્યું. માલતી, કમળ વગેરે ફૂલોની માળાઓથી ભગવાનની પ્રતિમા પૂજાઈ, ત્યારે તે શરત્કાળના મેઘોથી વીંટાયેલી ચંદ્રકળાની માફક શોભવા લાગી. બળતા મલયાગરના ધૂપથી ઉત્પન્ન થએલી ધૂમાડાની રેખાઓથી વિંટાયલી ભગવાનની પ્રતિમા નીલ

૧. મેરૂપર્વત. ૨. વૈતાઢ્ય પર્વત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્ત્રોથી પૂજાયલી ન હોય ! એવી રીતે શોભવા લાગી. જેની અંદર દીપતી દીપશિખાઓ છે એવી ભગવાનની આરતી શ્રાવકોએ કરી. તે દીપતી ઔષધીવાળા પર્વતની ટૂંક માફક શોભતી હતી. અરિહંતના પરમભક્ત એવા તે શ્રાવકોએ ભગવાનને વંદના કરી અશ્વની માફક આગળ થઇ પોતે રથ ખેંચ્યો. તે વખતે નગરવાસી જનોની સ્ત્રીઓએ હલ્લીસક રાસ શરૂ કર્યો. શ્રાવિકાઓ ચારે તરફ ઘણાં મંગળ ગીતો ગાવા લાગી, પાર વિનાનું કેશરનું જળ રથમાંથી નીચે પડતું હોવાથી આગળના રસ્તામાં છંટકાવ થવા માંડયો. આ રીતે પ્રત્યેક ઘરની પૂજા ગ્રહણ કરતો રથ, દરરોજ સંપ્રતિ રાજાના દ્વારમાં હળવે હળવે આવતો હતો. તે જોઇ સંપ્રતિ રાજા પણ રથની પૂજા કરવાને તૈયાર થાય અને ફણસ ફળની માફક સર્વાંગે વિકસ્વર રોમરાજીવાળો થઇ ત્યાં આવે. પછી નવા આનંદરૂપ સરોવરમાં હંસની માફક ક્રીડા કરતો સંપ્રતિ રાજા, રથમાં વિરાજમાન થએલી પ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરે.

## કુમારપાલે કરેલી રથયાત્રા.

जैन साईट JAINSITE

મહાપદ્મ ચક્રીએ પણ પોતાની માતાના મનોરથ પૂર્ણ કરવાને સારૂ ઘણા આડંબરથી રથયાત્રા કરી. કુમારપાળે કરેલી રથયાત્રા આ રીતે કહી છે:—ચૈત્ર માસની આઠમને દિવસે ચોથે પહોરે જાણે ચાલતો મેરૂ પર્વત જ ન હો ! એવો અને સુવર્ણમય મ્હોટા દંડ ઉપર રહેલી ધ્વજા, છત્ર, ચામર વગેરે વસ્તુથી દીપતો એવો સુવર્ણમય રથ ઘણી ઋદ્ધિની સાથે નીકળે છે, તે વખતે હર્ષથી નગરવાસી લોકો એકઠા મળીને મંગળકારી જય શબ્દ કરે છે. શ્રાવકો સ્નાત્ર તથા ચંદનનું વિલેપન કરી સુગંધી પુષ્પોથી પૂજાયલી શ્રી પાર્શ્વજિનની પ્રતિમાને કુમારપાળના બંધાવેલા મંદિર આગળ ઊભા રહેલા રથમાં ઘણી ઋદ્ધિથી સ્થાપન કરે છે. વાજિંત્રના શબ્દથી જગતને પૂર્ણ કરનાર અને હર્ષથી મંગળ ગીતો ગાનારી સુંદર સ્ત્રીઓની તથા સામંતના અને મંત્રીઓના મંડળની સાથે તે રથ કુમારપાળના રાજમહેલ આગળ જાય. પછી રાજા રથની અંદર પધરાવેલી પ્રતિમાની પટ્ટવસ્ત્ર, સુવર્ણમય આભૂષણ વગેરે વસ્તુઓથી પોતે પૂજા કરે, અને વિવિધ પ્રકારનાં ગાયન, નાટક વગેરે કરાવે. પછી તે રથ ત્યાં એક રાત રહી સિંહદ્વારની બહાર નીકળે, અને ફરકતી ધ્વજાઓથી જાણે નૃત્ય જ કરી રહેલો ન હોય ! એવા પટમંડપમાં આવીને રહે. પ્રભાતકાલે રાજા ત્યાં આવી રથમાં શોભતી જિનપ્રતિમાની પૂજા વગેરે કરે અને ચતુર્વિધ સંઘ સમક્ષ પોતે આરતી ઉતારે. પછી હાથી જોતરેલો રથ સ્થાનકે સ્થાનકે બંધાવેલા ઘણા પટ્ટમંડપમાં રહેતો નગરમાં ફરે વગેરે.

## તીર્થયાત્રા અને તેની વિધિ.

હવે ૩ તીર્થયાત્રાનું સ્વરૂપ કહું છું. તેમાં શ્રી શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થો

સમજવાં. તેમજ તીર્થંકરોની જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ અને વિહારની ભૂમિઓ પણ ઘણા ભવ્ય જીવોને શુભ ભાવ ઉત્પન્ન કરે છે અને ભવસમુદ્રમાંથી તારે છે, માટે તે ભૂમિઓ પણ તીર્થ જ કહેવાય છે. આ તીર્થોને વિષે સમ્યકત્વ શુદ્ધિને સારૂ ગમન કરવું, તે તીર્થયાત્રા કહેવાય છે. તેનો વિધિ એ છે કે:—એક આહાર, સચિત્ત પરિહાર, ભૂમિ-શયન, બ્રહ્મચર્ય વ્રત વગેરે કઠણ અભિગ્રહો યાત્રા કરાય ત્યાં સુધી પળાય એવા પ્રથમ ગ્રહણ કરવા. પાલખી, સારા ઘોડા, પલંગ વગેરે સમગ્ર ઋદ્ધિ હોય, તો પણ યાત્રા કરવા નીકળેલા ધનાઢ્ય શ્રાવકને પણ શકિત હોય તો પગે ચાલવુંજ ઉચિત છે. કેમકે-યાત્રા કરનાર શ્રાવકે ૧ એકાહારી, ૨ સમકિતધારી, ૩ ભૂમિશયનકારી, ૪ સચિત્તપરિહારી, ૫ પાદચારી અને ૬ બ્રહ્મચારી રહેવું. લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-યાત્રા કરતાં વાહનમાં બેસે તો યાત્રાનું અર્ધું ફળ જાય, પગરખાં પહેરે તો ફળનો ચોથો ભાગ જાય, મુંડન ન કરે તો ત્રીજો ભાગ જાય, અને તીર્થે જઈને દાન લે તો યાત્રાનું સર્વ ફળ જતું રહે. માટે તીર્થયાત્રા કરનાર પુરુષે એક ટંક ભોજન કરવું, ભૂમિ ઉપર સૂવું અને સ્ત્રી ઋતુવંતી છતાં પણ બ્રહ્મચારી રહેવું.

ઉપર કહ્યા પ્રમાણે અભિગ્રહ લીધા પછી શકિત પ્રમાણે રાજાને ભેટણું વગેરે આપી પ્રસન્ન કરી તેની આજ્ઞા લેવી. યાત્રામાં સાથે લેવા માટે શકિત પ્રમાણે ઉત્તમ મંદિર તૈયાર કરવાં. સ્વજનના તથા સાધર્મિ ભાઈઓના સમુદાયને યાત્રાએ આવવા માટે નિમંત્રણ કરવું. પરમ ભકિતથી સદ્ગુરુને પણ નિમંત્રણ કરવું. અમારી પ્રવર્તાવવી. જિનમંદિરોમાં મહાપૂજાદિ મહોત્સવ કરાવવા. જેની પાસે ભાતું ન હોય તેને ભાતું તથા જેને વાહન ન હોય તેને વાહન આપવું. નિરાધાર માણસોને પૈસાનો તથા સારા વચનનો આધાર આપવો. **યોગ્ય મદદ આપીશ** એવી ઉદ્ઘોષણા કરી ઉત્સાહ વિનાના યાત્રાળુ લોકોને પણ સાર્થવાહની પેઠે હિમ્મત આપવી. આડંબરથી મ્હોટા અને અંદરના ભાગમાં ઘણા સમાસવાળી કોઠીઓ, શરાવલાં, કનાતો, તંબૂઓ, મ્હોટી કઢાઇનું તથા બીજાં પણ પાણીનાં મ્હોટાં વાસણો વગેરે કરાવવાં. ગાડાં, પડદાવાળા રથ, પાલખી, પોઠિયા, ઉંટ, અશ્વ વગેરે વાહનો સજ્જ કરાવવાં. શ્રીસંઘની રક્ષાને સારૂ ઘણા શૂર અનેક સુભટોને સાથે લેવા, અને કવચ શિરસ્ત્રાણ વગેરે ઉપકરણ આપીને તેમનો સત્કાર કરવો. ગીત, નૃત્ય, વાજિંત્ર વગેરે સામગ્રી તૈયાર કરાવવી. પછી સારા શકુન, નિમિત્ત વગેરે જોઈને ઘણા ઉત્સાહવાળા થઇ સારા મુહૂર્ત ઉપર જવું.

માર્ગમાં યાત્રાળુના સર્વ સમુદાયને એકઠો કરવો. સારાં પકવાન્નો જમાડી તેમને તાંબૂલ વગેરે આપવું. તેમને અંગે આભૂષણ તથા વસ્ત્રો પહેરાવવાં. સારા પ્રતિષ્ઠિત, ધર્મિષ્ઠ, પૂજ્ય અને ઘણા ભાગ્યશાળી પુરુષો પાસે સંઘવીપણાનું તિલક કરાવવું. સંઘપૂજા વગેરે મ્હોટો ઉત્સવ કરવો. બીજાઓ પાસે પણ યોગ્યતા પ્રમાણે સંઘવીપણા વગેરેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિલક કરવાનો ઉત્સવ કરાવવો. સંઘનું જોખમ માથે લેનારા, આગળ ચાલનારા, પાછળ રહી રક્ષણ કરનારા તથા મુખ્યપણે સંઘનું કામ કરનારા વગેરે લોકોને યોગ્ય સ્થાનકે રાખવા. શ્રી સંઘના ચાલવાના તથા મુકામ વગેરેના જે ઠરાવ થયા હોય, તે સર્વ પ્રસિદ્ધ કરવા. માર્ગમાં સર્વે સાધર્મીઓની સારી પેઠે સારસંભાળ કરવી. કોઈનું ગાડાનું પૈડું ભાંગે, અથવા બીજી કાંઈ હરકત આવે તો પોતે તેમને સર્વ શક્તિએ યોગ્ય મદદ કરવી. દરેક ગામમાં તથા નગરમાં જિનમંદિરને વિષે સ્નાત્ર, મ્હોટી ધ્વજા ચઢાવવી. ચૈત્યપરિપાટી વગેરે મ્હોટો ઉત્સવ કરવો. જીર્ણોદ્ધાર વગેરેનો પણ વિચાર કરવો. તીર્થનાં દર્શન થયે સોનું, રત્ન, મોતી આદિ વસ્તુવડે વધામણી કરવી. લાપશી, લાડુ આદિ વસ્તુ મુનિરાજોને વહોરાવવી. સાધર્મિકવાત્સલ્ય કરવું. ઉચિતપણે દાન વગેરે આપવું તથા મ્હોટો પ્રવેશોત્સવ કરવો. તીર્થે દાખલ થયા પછી પહેલા હર્ષથી પૂજા, ઢોકન વગેરે આદરથી કરવું. અષ્ટપ્રકારી પૂજા કરવી તથા સ્નાત્ર વિધિથી કરવું. માળ પહેરાવવી વગેરે કરવું. ઘીની ધારાવડી દેવી. પહેરામણી મૂકવી. જિનેશ્વર ભગવાનની નવાંગે પૂજા કરવી. તથા ફૂલઘર, કેલિઘર વગેરે મહાપૂજા, રેશમી વસ્ત્રમય ધ્વજાનું દાન કોઈને હરકત ન પડે એવું દાન ( સદાવર્ત ), રાત્રિજાગરણ, ગીત, નૃત્ય વગેરે નાનાવિધ ઉત્સવ, તીર્થપ્રાપ્તિનિમિત્ત ઉપવાસ, છઠ્ઠ વગેરે તપસ્યા કરવી. ક્રોડ, લાખ ચોખા વગેરે વિવિધ વસ્તુ વિવિધ ઉજમણામાં મૂકવી.

જાતજાતના ચોવીશ, બાવન, બોંતેર અથવા એકસો આઠ ફળો અથવા બીજી જાતજાતની એટલી જ વસ્તુઓ તથા સર્વ ભક્ષ્ય અને ભોજ્ય વસ્તુથી ભરેલી થાળી ભગવાન આગળ ધરવી. તેમજ રેશમી વગેરે ઉત્તમ વસ્ત્રના ચંદ્રુઆ, પહેરામણી, અંગલૂછણાં, દીવાને સારું તેલ, ધોતિયા, ચંદન, કેસર, ભોગની વસ્તુ, પુષ્પ લાવવાની છાબડી, પિંગાનિકા, કળશ, ધૂપધાણું, આરતિ, આભૂષણ, દીવીઓ, ચામર, નાળીવાળા કળશ, થાલીઓ કચોળા, ઘંટાઓ, ઝલરી, પટહ વગેરે વાજિંત્રો આપવાં. સૂતાર વગેરેનો સત્કાર કરવો. તીર્થની સેવા, વિણસતા તીર્થનો ઉદ્ધાર તથા તીર્થના રક્ષક લોકોનો સત્કાર કરવો. તીર્થને ગરાસ આપવો. સાધર્મિક વાત્સલ્ય, ગુરુની ભક્તિ તથા સંઘની પહેરામણી વગેરે કરવું. યાચક વગેરેને ઉચિત દાન આપવું. જિનમંદિર વગેરે ધર્મકૃત્યો કરવાં. યાચકોને દાન આપવાથી કીર્તિમાત્ર થાય છે, એમ સમજી તે નિષ્ફળ છે એમ ન માનવું; કેમકે યાચકો પણ દેવના, ગુરુના તથા સંઘના ગુણો ગાય છે માટે તેમને આપેલું દાન બહુ ફળદાયી છે. ચક્રવર્તી વગેરે લોકો જિનેશ્વર ભગવાનના આગમનની વધામણી આપનારને પણ સાડાબાર ક્રોડ સોનૈયા વગેરે દાન આપતા હતા. સિદ્ધાંતમાં કહ્યું છે કે—સાડાબાર ક્રોડ સોનૈયા જેટલું, ચક્રવર્તીનું પ્રતિદાન જાણવું. આ રીતે યાત્રા કરી પાછો વળતો સંઘવી ઘણા ઉત્સવથી પોતાના ઘરમાં પ્રવેશ કરે. પછી દેવાહ્વાનાદિ ઉત્સવથી કરે, અને એક વર્ષ સુધી તીર્થોપવાસ વગેરે કરે. આ રીતે તીર્થયાત્રાનો વિધિ કહ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિક્રમરાજા આદિના સંઘનું વૃત્તાંત.

શ્રીસિદ્ધસેન દિવાકરે પ્રતિબોધ પમાડેલો વિક્રમાદિત્ય રાજા શત્રુંજયની યાત્રાએ ગયા ત્યારે તેના સંઘમાં એકસો અગનોતેર ( ૧૬૯ ) સુવર્ણમય અને પાંચસો ( ૫૦૦ ) દાંત, ચંદનાદિમય જિનમંદિર હતાં. શ્રી સિદ્ધસેન દિવાકર વગેરે પાંચ હજાર (૫૦૦૦) આચાર્ય હતા. ચોદ ( ૧૪ ) મુકુટધારી રાજાઓ હતા. તથા સીત્તેર લાખ ( ૭૦૦૦૦૦૦ ) શ્રાવકનાં કુટુંબ, એક ક્રોડ દસ લાખ નવ હજાર (૧૧૦૦૯૦૦૦) ગાડાં, અઢાર લાખ (૧૮૦૦૦૦૦) ઘોડા, છોતેરસો ( ૭૬૦૦ ) હાથીઓ અને આ રીતે જ ઊંટ, બળદ વગેરે હતા. કુમારપાળે કાઢેલા સંઘમાં સુવર્ણરત્નાદિમય અઢારસે ચુમ્મોતેર ( ૧૮૭૪ ) જિનમંદિર હતાં. થરાદમાં પશ્ચિમ મંડળિક નામે પ્રસિદ્ધ એવા આભુ સંઘવીની યાત્રામાં સાતસો ( ૭૦૦ ) જિનમંદિર હતાં, અને તેણે યાત્રામાં બાર ક્રોડ સોનૈયાનો વ્યય કર્યો. પેથડ નામા શ્રેષ્ઠીએ તીર્થના દર્શન કર્યાં ત્યારે અગીઆર લાખ રૂપામય ટંકનો વ્યય કર્યો, અને તેના સંઘમાં બાવન દેરાસર અને સાત લાખ માણસ હતાં. વસ્તુપાળ મંત્રીએ કરેલી સાડીબાર યાત્રાઓ પ્રસિદ્ધ છે. આ રીતે ત્રિવિધ યાત્રાઓનું સ્વરૂપ કહ્યું છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## સ્નાત્ર મહોત્સવ.

તેમજ જિનમંદિરમાં દરરોજ ઘણા આડંબરથી સ્નાત્રોત્સવ કરવો, તેમ કરવાની શક્તિ ન હોય તો દરેક પર્વને વિષે કરવો, તેમ પણ ન કરી શકાય તો વર્ષમાં એક વાર તો અવશ્ય સ્નાત્રોત્સવ કરવો. તેમાં મેરૂની રચના કરવી. અષ્ટ મંગળિકની સ્થાપના કરવી. નૈવેદ્ય ધરવું તથા ઘણા બાવનાચંદન, કેશર, સુગંધી પુષ્પો અને ભોગ વગેરે સકળ વસ્તુનો સમુદાય એકઠો કરવો. સંગીત આદિની સામગ્રી સારી રીતે તૈયાર કરવી. રેશમી વસ્ત્રમય મહાધ્વજા આપવી, અને પ્રભાવના વગેરે કરવી. સ્નાત્રોત્સવમાં પોતાની સંપત્તિ, કુળ, પ્રતિષ્ઠા વગેરેને અનુસરી સર્વ શક્તિ વડે ધનનો વ્યય વગેરે કરી સર્વ આડંબરથી જિનમતની ઘણી પ્રભાવના કરવાને સારૂ પ્રયત્ન કરવો. સંભળાય છે કે—પેથડ શેઠે શ્રી ગિરનારજી ઉપર સ્નાત્રમહોત્સવને અવસરે છપ્પન ઘડી પ્રમાણ સુવર્ણ આપી ઇંદ્રમાળા પહેરી. અને તેણે શ્રી શત્રુંજય ઉપર તથા ગિરનારજી ઉપર એક જ સુવર્ણમય ધ્વજા આપી. તેના પુત્ર ઝાંઝણ શેઠે તો રેશમી વસ્ત્રમય ધ્વજા આપી. આ રીતે સ્નાત્રોત્સવનું સ્વરૂપ કહ્યું છે.

## દેવદ્રવ્યની વૃદ્ધિ.

વળી દેવદ્રવ્યની વૃદ્ધિને સારૂ દરેક વર્ષે માળોદ્ઘટ્ટન કરવું. તેમાં [redacted] અથવા બીજી માળા દરવર્ષે શક્તિ પ્રમાણે ગ્રહણ કરવી. શ્રી કુમારપાળના સંઘમાં માળોદ્ઘટ્ટન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયું ત્યારે વાગ્ભટ્ટ મંત્રી વગેરે સમર્થ લોકો ચાર લાખ, આઠ લાખ ઇત્યાદિ સંખ્યા બોલવા લાગ્યા. તે સમયે સોરઠ દેશનો મહુઆનો રહીશ પ્રાગ્વાટ હંસરાજ ધીરૂનો પુત્ર જગડુ, મલિન શરીરે મલિન વસ્ત્ર પહેરી ઓઢીને ત્યાં ઊભો હતો. તેણે એકદમ સવા ક્રોડની રકમ કહી. આશ્ચર્યથી કુમારપાળ રાજાએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે–મ્હારા પિતાએ નૌકામાં બેસી દેશદેશાંતર વ્યાપાર કરી ઉપાર્જન કરેલા દ્રવ્યથી સવા ક્રોડ સોનૈયાની કિંમતનાં પાંચ માણિક્ય રત્ન ખરીદ્યાં, અને અંત વખતે મને કહ્યું કે– "શ્રી શત્રુંજય, ગિરનાર અને પાળપટ્ટન એમાં નિવાસ કરનારા ભગવાનને એકેક રત્ન ત્હારે આપવું, અને બે રત્ન પોતાને સારૂ રાખવાં." પછી જગડુશાએ તે ત્રણે રત્નો સુવર્ણજડિત કરી શત્રુંજયનિવાસી ઋષભ ભગવાનને, ગિરનારવાસી શ્રી નેમિનાથજીને તથા પટ્ટણવાસી શ્રી ચંદ્રપ્રભુજીને કંઠાભરણ તરીકે આપ્યાં.

એક વખતે શ્રી ગિરનારજી ઉપર દિગંબર તથા શ્વેતાંબર એ બન્નેના સંઘ સમકાળે આવી પહોંચ્યા અને બન્ને જણા અમારું તીર્થ કહી ઝગડો કરવા માંડ્યો. ત્યારે 'જે ઇંદ્રમાળા પહેરે તેનું આ તીર્થ છે' એવા વૃદ્ધ જનોના વચનથી પેથડ શેઠે છપ્પન ઘડી પ્રમાણ સુવર્ણ આપી ઇંદ્રમાળા પહેરી, અને યાચકોને ચાર ઘડી પ્રમાણ સુવર્ણ આપી તીર્થ પોતાનું છે એમ સિદ્ધ કર્યું. આ રીતે જ પહેરામણી, નવી ધોતીઓ, જાતજાતના ચંદરવા, અંગલૂંછણાં, દીપક, તેલ, ઊંચું ચંદન, કેસર, ભોગ વગેરે જિનમંદિરે ખપમાં આવતી વસ્તુઓ દરવર્ષે શક્તિ પ્રમાણે આપવી. તેમજ ઉત્તમ આંગી, વેલબુટ્ટિની રચના, સર્વાંગનાં આભુષણ, ફૂલઘર, કેલિઘર, પૂતળીના હાથમાંના ફૂવારા વગેરે રચના તથા વિવિધ પ્રકારનાં ગાયન, નૃત્ય વિગેરે ઉત્સવવડે મહાપૂજા તથા રાત્રિજાગરણ કરવાં. જેમ એક શેઠ સમુદ્રમાં મુસાફરી કરવા જતાં એક લાખ દ્રવ્ય ખરચીને મહાપૂજા ભણાવીને મનગમતો લાભ થવાથી બાર વર્ષે પાછો આવ્યો ત્યારે હર્ષથી એક ક્રોડ રૂપિયા ખરચી જિનમંદિરે મહાપૂજા વગેરે ઉત્સવ કર્યો.

## શ્રુતજ્ઞાનની આરાધના.

તેમજ પુસ્તક વગેરેમાં રહેલા શ્રુતજ્ઞાનની કપૂર આદિ વસ્તુવડે, સામાન્ય પૂજા તો ગમે ત્યારે બની શકે તેમ છે. મૂલ્યવાન વસ્ત્ર વગેરે વસ્તુવડે વિશેષ પૂજા તો દર માસે અજવાળી પાંચમને દિવસે શ્રાવકને કરવી યોગ્ય છે. તેમ કરવાની શક્તિ ન હોય તો જઘન્યથી વર્ષમાં એક વાર તો અવશ્ય કરવી જ. આ વાત જન્મકૃત્યની અંદર આવેલા જ્ઞાનભકિતદ્વારમાં વિસ્તારથી કહીશું.

## ઉદ્યાપન મહોત્સવ.

તેમજ નવકાર, આવશ્યક સૂત્ર, ઉપદેશમાળા, ઉત્તરાધ્યયન વગેરે જ્ઞાન, દર્શન અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જુદા જુદા પ્રકારના તપ સંબંધી ઉજમણામાં જઘન્યથી એક ઉજમણું તો દરવર્ષે યથાવિધિ જરૂર કરવું. કેમકે માણસોની ઉજમણું કરવાથી લક્ષ્મી સારે સ્થાનકે જોડાય, તપસ્યા પણ સફળ થાય, અને નિરંતર શુભ ધ્યાન, ભવ્ય જીવોને સમકિતનો લાભ, જિનેશ્વર મહારાજની ભક્તિ તથા જિનશાસનની શોભા થાય, એટલા ગુણ થાય છે. તપસ્યા પૂરી થયા પછી ઉજમણું કરવું તે નવા બનાવેલા જિનમંદિરે કળશ ચઢાવવા સમાન, ચોખાથી ભરેલા પાત્ર ઉપર ફળ મૂકવા સમાન અથવા ભોજન કરી રહ્યા પછી તાંબૂલ દેવા સમાન છે. શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે નવકાર લાખ અથવા ક્રોડ વાર ગણી જિનમંદિરે સ્નાત્રોત્સવ, સાધર્મિક વાત્સલ્ય. સંઘપૂજા વગેરે ઘણા આડંબરથી કર્યું. લાખ અથવા ક્રોડ ચોખા, અડસઠ સોનાની અથવા રૂપાની વાડકિયો પાટિયો, લેખણો તથા રત્નો, મોતી, પરવાળાં, નાણું, તેમજ નાળિએર વગેરે અનેક ફળો, જાતજાતનાં પકવાનો, ધાન્યો તથા ખાદ્ય અને સ્વાદ્ય એવી અનેક વસ્તુઓ, કપડાં વગેરે વસ્તુઓ મૂકી નવકારનું ઉજમણું કરનાર, ઉપધાન વહેવા આદિ વિધિ સહિત માળા પહેરી આવશ્યક સૂત્રનું ઉજમણું કરનાર, ગાથાની સંખ્યા માફક એટલે પાંચસો ચુંમાલીશ પ્રમુખ મોદક, નાળિએર વાટકિયો વગેરે વિવિધ વસ્તુ મૂકીને ઉપદેશમાળાદિકનાં ઉજમણાં કરનાર, સોનૈયા વગેરે વસ્તુ રાખી લાડવા આદિ વસ્તુની પ્રભાવના કરી દર્શનાદિકનાં ઉજમણાં કરનારા ભવ્ય જીવો પણ હાલના કાળમાં દેખાય છે.

જૈન સાઈટ JAINSITE .com

માળા પહેરવી એ મ્હોટું ધર્મકૃત્ય છે, કેમ કે—નવકાર, ઈરિયાવહી ઇત્યાદિ સૂત્રો શક્તિ પ્રમાણે તથા વિધિ સહિત ઉપધાન વહ્યા વિના ભણવાંગણવાં એ અશુદ્ધ ક્રિયા ગણાય છે. શ્રુતની આરાધના માટે જેમ સાધુઓને યોગ વહેવા, તેમજ શ્રાવકોને ઉપધાન તપ જરૂર કરવું જોઇએ. માળા પહેરવી એજ ઉપધાન તપનું ઉજમણું છે; કેમકે—કોઇ શેઠ જીવ ઉપધાન તપ યથાવિધિ કરી, પોતાના કંઠમાં નવકાર આદી સૂત્રની માળા તથા ગુરૂએ પહેરાવેલી સૂતરની માળા ધારણ કરે છે, તે બે પ્રકારની શિવશ્રી ( નિરુપદ્રવપણું અને મોક્ષલક્ષ્મી ) ઉપાર્જે છે. મુક્તિરૂપ કન્યાની વરમાળા જ ન હોય ! સુકૃતરૂપ જળ ખેંચી કાઢવાની ઘડાની માળા ન હોય ! તથા પ્રત્યક્ષ ગુણોની ગુંથેલી માળા જ ન હોય ! એવી માળા પુણ્યવાનથી જ પહેરાય છે. આ રીતે અજવાળી પાંચમ વગેરે વિવિધ તપસ્યાઓ, ઉજમણાં પણ તે તે તપસ્યાના ઉપવાસ વગેરેની સંખ્યા પ્રમાણે નાણું, વાટકિયો, નાળિએર, લાડુ વગેરે જુદી જુદી વસ્તુ મૂકી યથાશ્રુત સંપ્રદાયને અવલંબીને કરવાં.

## શાસનની પ્રભાવના.

તેમજ તીર્થની પ્રભાવનાને માટે શ્રી ગુરુ મહારાજ પધારવાનાં હોય ત્યારે તેમનું સામૈયું, પ્રભાવના વગેરે દર વર્ષે જઘન્યથી એકવાર તો શક્તિ પ્રમાણે જરૂર કરવી જ.

તેમાં શ્રીગુરુ મહારાજનો પ્રવેશોત્સવ બધી રીતે ઘણા આડંબરથી ચતુર્વિધ સંઘ સહિત સામા જઈ તથા શ્રીગુરુ મહારાજનો તથા સંઘનો સત્કાર વગેરે કરીને શક્તિ પ્રમાણે કરવો; કેમકે-શ્રીગુરુ મહારાજને સન્મુખ ગમન, વંદન, નમસ્કાર અને સુખશાતાની પૃચ્છા કરવાથી ચિરકાળથી સંચિત કરેલું પાપ એક ઘડી વારમાં શિથિલ બંધવાળું થાય છે. પેથડ શેઠે તપા૦ શ્રી ધર્મઘોષસૂરિજીના પ્રવેશોત્સવમાં બહોંતેર હજાર ટંકનો વ્યય કર્યો. 'સંવેગી સાધુઓનો પ્રવેશોત્સવ કરવો એ વાત અનુચિત છે' એવી ખોટી કલ્પના કરવી નહી, કેમકે સિદ્ધાંતમાં સામું જઈ તેમનો સત્કાર કર્યાનું પ્રતિપાદન કરે છે. એ જ વાત સાધુની પ્રતિમાને અધિકારે શ્રી વ્યવહાર ભાષ્યમાં કહી છે. તે એ કેઃ—

પ્રતિમા પૂરી થાય ત્યારે પ્રતિમાવાહક સાધુ, જ્યાં સાધુઓનો સંચાર હોય એવા ગામમાં પોતાને પ્રકટ કરે, અને સાધુને અથવા શ્રાવકને સંદેશો કહેવરાવે.

પછી ગામનો રાજા, અધિકારી અથવા તે ન હોય તો શ્રાવક, શ્રાવિકાઓનો અને સાધુ સાધ્વીઓનો સમુદાય તે પ્રતિમાવાહક સાધુનો આદરસત્કાર કરે. આ ગાથાનો ભાવાર્થ એવો છે કે-"પ્રતિમા પૂરી થાય ત્યારે જે નજીકના ગામમાં ઘણા ભિક્ષાચરો તથા સાધુઓ વિચરતા હોય ત્યાં આવી પોતાને પ્રકટ કરે, અને તેમ કરતાં જે સાધુ અથવા શ્રાવક જોવામાં આવે, તેની પાસે સંદેશો કહેવરાવે કે, "મેં પ્રતિમા પૂરી કરી અને તેથી હું આવ્યો છું." પછી ત્યાં આચાર્ય હોય તે રાજાને આ વાત જાહેર કરે. "અમુક મોટા તપસ્વી સાધુએ પોતાની તપસ્યા યથાવિધિ પૂરી કરી છે, તેથી તેનો ઘણા સત્કારથી ગચ્છમાં પ્રવેશ કરવો છે." પછી રાજા, તે ન હોય તો ગામનો અધિકારી, તે ન હોય તો સાધ્વી આદિ ચતુર્વિધ શ્રીસંઘ પ્રતિમાવાહક સાધુનો યથાશક્તિ સત્કાર કરે. ઉપર ચંદરવો બાંધવો, મંગળ વાજીંત્રો વગાડવાં, સુગંધી વાસક્ષેપ કરવો વગેરે સત્કાર કહેવાય છે. એવો સત્કાર કરવામાં ગુણ છે, તે એવો કેઃ—

પ્રવેશને વખતે સત્કાર કરવાથી જૈનશાસન ઘણું શોભે છે. બીજા સાધુઓને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, કે 'જેથી એવી શાસનની ઉન્નતિ થાય છે, તે સત્કૃત્ય અમે પણ એવી રીતે કરીશું. તેમજ શ્રાવક શ્રાવિકાઓની તથા બીજાઓની પણ જિનશાસન ઉપર બહુમાન બુદ્ધિ ઉત્પન્ન થાય છે, "જેમાં એવા મ્હોટા તપસ્વીઓ થાય છે, તે જિનશાસન મહા-પ્રતાપી છે." તેમજ ખોટા તિર્થિંયોની હીલના થાય છે, કેમકે, તેમનામાં એવા મહા-સત્વવંત પુરુષો નથી. તેમજ પ્રતિમા પૂરી કરનાર સાધુનો સત્કાર કરવો એ આચાર છે. તેમજ તીર્થની વૃદ્ધિ થાય છે, એટલે પ્રવચનનો અતિશય જોઈને ઘણા ભવ્ય જીવો સંસાર ઉપર વૈરાગ્ય પામી દીક્ષા લે છે. આ રીતે વ્યવહારભાષ્યની વૃત્તિમાં કહ્યું છે. તેમજ શક્તિ પ્રમાણે શ્રીસંઘની પ્રભાવના કરવી, એટલે બહુમાનથી શ્રીસંઘને આમંત્રણ કરવું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિલક કરવું, ચંદન, જવાદિ, કપૂર, કસ્તૂરી વગેરે સુગંધી વસ્તુનો લેપ કરવો, સુગંધી ફૂલ અર્પણ કરવાં, નાળિએર આદિ વિવિધ ફળ આપવાં તથા તાંબૂલ અર્પણ કરવું. વગેરે પ્રભાવના કરવાથી તીર્થંકરપણું વગેરે શુભ ફળ મળે છે. કહ્યું છે કે—અપૂર્વજ્ઞાન ગ્રહણ, શ્રુતની ભક્તિ, અને પ્રવચનની પ્રભાવના આ ત્રણ કારણોવડે જીવને તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે.ભાવના શબ્દ કરતાં પ્રભાવના શબ્દમાં 'प्र' એ અક્ષર વધારે છે, તે યુક્તજ છે. કેમકે ભાવના તો તેનાં કરનારનેજ મોક્ષ આપે છે, અને પ્રભાવના તો તેના કરનારને તથા બીજાને પણ મોક્ષ આપે છે.

## આલોયણા.

વળી ગુરૂનો યોગ હોય તો દરવર્ષે જઘન્યથી એક વાર તો ગુરૂ પાસે જરૂર આલોયણા લેવી. કારણ કે પોતાના આત્માની શુદ્ધિ કરવાથી તે દર્પણની માફક નિર્મળ થાય છે. આગમમાં શ્રી આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે:—ચોમાસી તથા સંવત્સરીને વિષે આલોયણા તથા નિયમ ગ્રહણ કરવા. તેમજ અગાઉ ગ્રહણ કરેલા અભિગ્રહ કહીને નવા અભિગ્રહ લેવા. શ્રાદ્ધજીતકલ્પ આદિ ગ્રંથોમાં આલોયણા વિધિ કહ્યો છે, તે નીચે પ્રમાણે:—

પખ્ખી, ચોમાસી અથવા સંવત્સરીને દિવસે તેમ ન બને તો, ઘણામાં ઘણા બાર વરસ જેટલા કાળે તો અવશ્ય ગીતાર્થ ગુરૂ પાસે આલોયણા લેવી.

આલોયણા લેવાને સારૂ ક્ષેત્રથી સાતસો યોજન પ્રમાણ ક્ષેત્રમાં તથા કાળથી બાર વરસ સુધી ગીતાર્થ ગુરૂની ગવેષણા કરવી.

## આલોયણા અર્પનાર ગુરૂનું લક્ષણ.

હવે આલોયણા આપનાર આચાર્યનું લક્ષણ કહે છે.

આલોયણા આપનાર આચાર્ય ગીતાર્થ એટલે નિશીથ વગેરે સૂત્રના અર્થના જાણ, કૃતયોગી એટલે મન વચન કાયાના શુભ યોગ રાખનારા અથવા વિવિધ તપસ્યા કરનારા, અર્થાત્ વિવિધ પ્રકારના શુભ ધ્યાનથી તથા વિશેષ તપસ્યાથી પોતાના જીવને તથા શરીરને સંસ્કાર કરનારા, નિરતિચાર ચારિત્ર પાળનારા, આલોયણા લેનાર પાસે બહુ યુક્તિથી જુદા જુદા પ્રકારનાં પ્રાયશ્ચિત્ત તથા તપ આદિ કબૂલ કરાવવામાં કુશળ, આલોયણા તરીકે આપેલી તપસ્યા વગેરે કરવામાં કેટલો શ્રમ પડે છે? તેના જાણ, આલોયણા લેનારનો મ્હોટો દોષ સાંભળવામાં આવે, તોપણ વિષાદ ન કરનારા, આલોયણા લેનારને જૂદાં જૂદાં દૃષ્ટાંત કહી વૈરાગ્યના વચનથી ઉત્સાહ આપનારા એવા શાસ્ત્રમાં કહ્યા છે.

જ્ઞાનાદિ પાંચ આચારને પાલન કરનારા, ૨ આલોએલા દોષનું બરોબર મનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્મરણ રાખનારા, ૩ વ્યવહારવાન્ એટલે પાંચ પ્રકારનો વ્યવહાર જાણી પ્રાયશ્ચિત્ત આપવામાં સમ્યક્ પ્રકારે વર્તન કરનારા, પાંચ પ્રકારનો વ્યવહાર છે, તે એ કેઃ—(૧) પહેલો આગમ વ્યવહાર તે કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચતુર્દશપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વીનો જાણવો. (૨) બીજો શ્રુત વ્યવહાર તે આઠથી અર્ધપૂર્વ સુધીના પૂર્વધર, અગીઆર અંગના ધારક તથા નિશીથાદિક સૂત્રના જાણ વગેરે સર્વે શ્રુતજ્ઞાનીઓનો જાણવો. (૩) ત્રીજો આજ્ઞા વ્યવહાર તે ગીતાર્થ બે આચાર્યો દૂર દેશમાં રહેલા હોવાથી એક બીજાને મળી ન શકે તો તેનું કોઇ જાણી ન શકે એવી રીતે જે માંહોમાંહે આલોયણા–પ્રાયશ્ચિત આપે છે તે પ્રમાણે જાણવો. (૪) ચોથો ધારણા વ્યવહાર તે પોતાના ગુરૂએ જે દોષનું જે પ્રાયશ્ચિત આપ્યું હોય, તે ધ્યાનમાં રાખી તે મુજબ બીજાને આપવું તે રૂપ જાણવો. (૫) પાંચમો જીતવ્યવહાર તે સિદ્ધાંતમાં જે દોષનું જેટલું પ્રાયશ્ચિત્ત કહ્યું હોય, તે કરતાં ઓછું અથવા અધિક પ્રાયશ્ચિત્ત પરંપરાને અનુસરીને આપવું એ રૂપ જાણવો. હાલમાં આ જીતવ્યવહાર મુખ્ય છે. ૪ આલોયણા લેનાર શરમથી બરાબર ન કહેતો હોય તો તેને વૈરાગ્ય ઉત્પન્ન કરનારી કથાઓ એવી રીતથી કહે કે, તે સાંભળતાં જ આલોયણા લેનાર શરમ છોડીને સારી રીતે આલોવે. ૫ આલોયણા લેનારની સમ્યક્ પ્રકારે શુદ્ધિ કરે એવા. ૬ આલોયણા આપી હોય તે બીજાને ન કહેનારા. ૭ જે જેટલું પ્રાયશ્ચિત્ત લઇ શકે તેને તેટલું જ આપનારા. ૮ સમ્યક્ આલોયણા અને પ્રાયશ્ચિત્ત ન કરનારને આ ભવમાં તથા પરભવમાં કેટલું દુઃખ થાય છે તે જાણનારા; એવા આઠ ગુણવાળા ગુરુ આલોયણા આપવાને સમર્થ છે એમ કહ્યું છે.

## આલોયણા કોની પાસે લેવી ?

આલોયણા લેવાના શુભ પરિણામથી ગુરુની પાસે જવા નીકળેલો ભવ્ય જીવ, જો કદાચ આલોયણા લીધા વિના વચ્ચે જ કાળ કરી જાય, તો પણ તે આરાધક થાય છે.

સાધુએ અથવા શ્રાવકે પહેલાં તો પોતાના ગચ્છના જ જે આચાર્ય હોય, તેમની પાસે જરૂર આલોયણા લેવી. તેમનો જોગ ન હોય તો પોતાના જ ગચ્છના ઉપાધ્યાય, તે ન હોય તો પોતાના ગચ્છના જ પ્રવર્તક, સ્થવિર અથવા ગણાવચ્છેદી એમની પાસે આલોયણા લેવી. પોતાના ગચ્છમાં ઉપર કહેલા પાંચેનો જોગ ન હોય તો સંભોગિક પોતાની સામાચારીને મળતા એવા બીજા ગચ્છમાં આચાર્ય આદિ પાંચેમાં જેનો જોગ મળે તેની પાસે આલોયણા લેવી. સામાચારીને મળતા પરગચ્છમાં આચાર્યાદિ પાંચેનો યોગ ન હોય તો, ભિન્ન સામાચારીવાળાં, પરગચ્છમાં પણ સંવેગી આચાર્યાદિકમાં જેનો યોગ હોય, તેની પાસે આલોયણા લેવી. તેમ ન બને તો ગીતાર્થ પાસત્થાની પાસે આલોયણા લેવી, તેમ ન બને તો ગીતાર્થ એવા સારૂપિક પાસે આલોયણા લેવી. તેનો પણ જોગ ન મળે તો ગીતાર્થ પશ્ચાત્કૃત પાસે આલોવવું, સફેદ કપડાં પહેરનારો, મુંડી, કચ્છ વિનાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રજોહરણ વગેરે ન રાખનારો, બ્રહ્મચર્ય પાળનારો, ભાર્યા રહિત અને ભિક્ષાવૃત્તિએ નિર્વાહ કરનારો એવો હોય તે સારૂપિક કહેવાય છે. સિદ્ધપુત્ર તો શિખા અને ભાર્યા સહિત હોય છે. ચારિત્ર તથા સાધુનો વેષ મૂકી ગૃહસ્થ થએલો તે પશ્ચાત્કૃત કહેવાય છે. ઉપર કહેલા પાસત્થાદિકને પણ ગુરુની માફક વંદન વગેરે યથાવિધિ કરવું કારણ કે ધર્મનું મૂળ વિનય છે. જો પાસત્થાદિક પોતાને ગુણ રહિત માને અને તેથી જ તે વંદના ન કરાવે, તો તેને આસન ઉપર બેસારી પ્રણામ માત્ર કરવો, અને આલોયણા લેવી. પશ્ચાત્કૃતને તો બે ઘડીનું સામાયિક તથા સાધુનો વેષ આપી વિધિ સહિત આલોયણા લેવી. ઉપર કહેલા પાસત્થાદિકનો યોગ ન મળે તો રાજગૃહી નગરીમાં ગુણશીલાદિક ચૈત્યને વિષે જ્યાં ઘણી વાર જે દેવતાએ અરિહંત, ગણધર વગેરે મહાપુરુષોને આલોયણા આપતાં દીઠા હોય, ત્યાં તે સમ્યગ્દૃષ્ટિ દેવતાને અઠ્ઠમ વગેરે તપસ્યાથી તેને પ્રસન્ન કરી તેની પાસે આલોયણા લેવી, કદાચ તે સમયનો દેવતા ચવ્યો હોય, અને બીજો ઉત્પન્ન થયો હોય તો તે મહાવિદેહક્ષેત્રમાં જઈ અરિહંત ભગવાનને પૂછી પ્રાયશ્ચિત્ત આપે છે. તેમ ન બને તો અરિહંતની પ્રતિમા આગળ આલોઇ પોતે જ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરે. અરિહંતની પ્રતિમાનો પણ જોગ ન હોય તો પૂર્વ અથવા ઉત્તર દિશાએ મ્હોડું રાખીને અરિહંતોની તથા સિદ્ધોની સમક્ષ આલોવે. પણ આલોયા વગેરે ન રહે. કેમકે, શલ્ય સહિત જીવ આરાધક કહેવાતો નથી.

जैन साईट JAINSITE .com

પોતે ગીતાર્થ નહીં હોવાથી ચરણશુદ્ધિ તથા આલોયણા આપવાથી થતું હિત ન જાણે, તો તે પુરુષ પોતાને અને આલોયણા લેનારને પણ સંસારમાં પાડે છે.

## આલોચના સમયની શુદ્ધિ.

જેમ બાળક બોલતું હોય ત્યારે તે કાર્ય અથવા અકાર્ય જે હોય તે સરળતાથી કહે છે, તેમ આલોયણા લેનારે માયા અથવા મદ ન રાખતાં આલોવવું. માયા, મદ વગેરે દોષ ન રાખતાં વખતે વખતે સંવેગભાવનાની વૃદ્ધિ કરી જે અકાર્યની આલોયણા કરે, તે અકાર્ય જરૂર ફરીથી ન કરે. જે પુરુષ શરમ વગેરેથી, રસાદિ ગારવમાં લપટાઈ રહ્યાથી એટલે તપસ્યા ન કરવાની ઈચ્છાથી અથવા હું બહુશ્રુત છું એવા અહંકારથી, અપમાનની બીકથી અથવા આલોયણા ઘણી આવશે એવા ડરથી ગુરુની પાસે પોતાના દોષ કહીને ન આલોવે. તે જરૂર આરાધક કહેવાતો નથી. તે તે સંવેગ ઉત્પન્ન કરનાર આગમ વચનોનો વિચાર કરી તથા શલ્યનો ઉદ્ધાર ન કરવાનાં ખોટાં પરિણામ ઉપર નજર દઈ પોતાનું ચિત્ત સંવેગવાળું કરવું અને આલોયણા લેવી.

## આલોયણ લેનારના દશ દોષ.

હવે આલોયણા લેનારના દશ દોષ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ ગુરુ થોડી આલોયણા આપશે, એમ ધારી તેમને વૈયાવચ્ચ વગેરેથી પ્રસન્ન કરી પછી આલોયણા લેવી. ૨ તેમજ આ ગુરુ થોડી તથા સહેલી આલોયણા આપનારા છે એવી કલ્પના કરી આલોવવું. ૩ જે પોતાના દોષ બીજા કોઇએ જોયા હોય, તે જ આલોવે, પણ બીજા છાના ન આલોવે. ૪ સૂક્ષ્મ ( ન્હાના ) દોષ ગણત્રીમાં ન ગણવા, અને બાદર ( મ્હોટા ) દોષની જ માત્ર આલોયણા લેવી. ૫ સૂક્ષ્મની આલોયણા લેનાર બાદર દોષ મૂકે નહિ, એમ જણાવવાને સારૂ તૃણગ્રહણાદિ નાના દોષની માત્ર આલોયણા લેવી અને બાદરની ન લેવી. ૬ છન્ન એટલે પ્રકટ શબ્દથી ન આલોવવું. ૭ તેમજ શબ્દાકુળ એટલે ગુરુ સારી પેઠે ન જાણે એવા શબ્દના આડંબરથી અથવા આસપાસના લોકો સાંભળે તેવી રીતે આલોવવું. ૮ આલોવવું હોય તે ઘણા લોકોને સંભળાવે, અથવા આલોયણા લઇ ઘણા લોકોને સંભળાવે. અવ્યક્ત એટલે છેદ ગ્રંથના જાણ નહિ એવા ગુરુ પાસે આલોવવું. ૧૦ લોકમાં નિંદા વગેરે થશે એવા ભયથી પોતાના જેવા જ દોષને સેવન કરનાર ગુરુની પાસે આલોવવું. આ દસ દોષ આલોયણા લેનારે ત્યજવા.

## આલોયણા લેવાના ફાયદા.

હવે સમ્યક્ પ્રકારે આલોવે તો તેના ગુણ કહે છે—

૧ જેમ ભાર ઉપાડનારને ભાર ઉતારવાથી શરીર હલકું લાગે છે, તેમ આલોયણા લેનારને પણ શલ્ય કાઢી નાંખ્યાથી પોતાનો જીવ હલકો લાગે છે. ૨ આનંદ થાય છે. ૩ પોતાના તથા બીજાઓના પણ દોષ ટળે છે, એટલે પોતે આલોયણા લઇ દોષમાંથી છૂટો થાય છે એ જાહેર જ છે, તથા તેને જોઇને બીજાઓ પણ આલોયણ લેવા તૈયાર થાય છે તેથી તેમના દોષ પણ દૂર થાય છે. સારી રીતે આલોયણા કરવાથી સરળતા પ્રકટ થાય છે. ૫ અતિચારરૂપ મળ ધોવાઇ ગયાથી આત્માની શુદ્ધિ થાય છે. ૬ તેમજ આલોયણા લેવાથી દુષ્કર કામ કર્યું એમ થાય છે. કેમકે, દોષનું સેવન કરવું તે કાંઇ દુષ્કર નથી, અનાદિ કાળથી દોષસેવનનો અભ્યાસ પડી ગયો છે, પણ દોષ કર્યા પછી, તે આલોવવા એ દુષ્કર છે. કારણ કે મોક્ષ સુધી પહોંચે એવા પ્રબળ આત્મવીર્યના વિશેષ ઉલ્લાસથી જ એ કામ બને છે. નિશીથચૂર્ણીમાં પણ કહ્યું છે કે–જીવ જે દોષનું સેવન કરે છે તે દુષ્કર નથી; પણ સમ્યક્ પ્રકારે આલોવે તેજ દુષ્કર છે; માટેજ સમ્યક્ આલોયણાની ગણતરી પણ અભ્યંતર તપમાં ગણી છે, અને તેથી જ તે માસક્ષમણ વગેરેથી પણ દુષ્કર છે. લક્ષ્મણા સાધ્વી વગેરેની તેવી વાત સંભળાય છે, તે નીચે આપી છે:—

## લક્ષ્મણા આર્યાનું દૃષ્ટાંત.

આ ચોવીશીથી અતીત કાળની એંશીમી ચોવીશીમાં એક બહુ પુત્રવાન રાજાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેંકડો માનતાથી એક બહુમાન્ય પુત્રી થઈ. તે સ્વયંવર મંડપમાં પરણી, પણ દુર્દૈવથી ચોરીની અંદર જ પતિના મરણથી વિધવા થઈ. પછી તે સમ્યક્ પ્રકારે શીલ પાળી સતી સ્ત્રીઓમાં પ્રતિષ્ઠા પામી, અને જૈન ધર્મને વિષે ઘણીજ તત્પર રહી. એક વખતે તે ચોવીશીના છેલ્લા અરિહંતે તેને દીક્ષા આપી. પછી તે લક્ષ્મણા એવા નામથી જાણીતી થઈ. એક વખતે ચકલા ચકલીનો વિષયસંભોગ જોઈને તે મનમાં વિચારવા લાગી કે, "અરિહંત મહારાજે ચારિત્રિયાને વિષયભોગની કેમ અનુમતિ ન આપી? અથવા તે (અરિહંત) પોતે વેદ રહિત હોવાથી વેદનું દુઃખ જાણતા નથી." વગેરે મનમાં ચિંતવીને ક્ષણવારમાં લક્ષ્મણા સાધ્વી ઠેકાણે આવી અને પસ્તાવો કરવા લાગી. 'હવે હું આલોયણા શી રીતે કરીશ?' એવી તેને લજ્જા ઉત્પન્ન થઈ. તથાપિ શલ્ય રાખવાથી કોઈપણ રીતે શુદ્ધિ નથી, એ વાત ધ્યાનમાં લઈ તેણે આલોયણા કરવા પોતાને ધીરજ આપી, અને તે ત્યાંથી નીકળી. એટલામાં ઓચિંતો એક કાંટો પગમાં ભાંગ્યો. તે અપશુકન થયા એમ સમજી લક્ષ્મણા મનમાં ખીજવાઈ, અને "જે એવું માઠું ચિંતવે, તેને શું પ્રાયશ્ચિત્ત?" એમ બીજા કોઈ અપરાધીને બ્હાને પૂછી આલોયણા લીધી, પણ શરમને અંગે અને મ્હોટાઈનો ભંગ થશે એવી બીકથી લક્ષ્મણાએ પોતાનું નામ જાહેર કર્યું નહિ પછી તે દોષના પ્રાયશ્ચિત્ત તરીકે તેણે પચાસ વર્ષ સુધી ઉગ્ર તપસ્યા કરી. કહ્યું છે કે–વિગય રહિતપણે છઠ્ઠ, અઠ્ઠમ, દશમ (ચાર ઉપવાસ) અને દુવાલસ (પાંચ ઉપવાસ) એ તપસ્યા દસ વર્ષ, તેમ ઉપવાસ સહિત બે વર્ષ, ભોજનવડે બે વર્ષ, માસખમણ તપસ્યા સોળ વર્ષ, અને આંબિલ તપસ્યા વીસ વર્ષ. આ રીતે લક્ષ્મણા સાધ્વીએ પચાસ વર્ષ સુધી તપસ્યા કરી. આ તપસ્યા કરતાં તે સાધ્વીએ પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયા આદિ મૂકી નહિ. તથા મનમાં દીનપણું કિંચિત પણ આણ્યું નહિ. આ રીતે દુષ્કર તપસ્યા કરી તો પણ લક્ષ્મણા સાધ્વી શુદ્ધ થઈ નહિ. છેવટ આર્ત્તધ્યાનમાં તેણે કાળ કર્યો. દાસી વગેરે અસંખ્યાત ભવોમાં ઘણાં આકરાં દુઃખ ભોગવી અંતે શ્રી પદ્મનાભ તીર્થંકરના તીર્થમાં તે સિદ્ધિ પામશે. કહ્યું કે–શલ્યવાળો જીવ ગમે તો દિવ્ય હજાર વર્ષ સુધી ઘણી ઉગ્ર તપસ્યા કરે, તો પણ શલ્ય હોવાથી તેની તે તપસ્યા તદ્દન નકામી છે, જેમ ઘણો કુશળ એવો પણ વૈદ્ય પોતાનો રોગ બીજા વૈદ્યને કહીને જ સાજો થાય, તેમ જ્ઞાની પુરુષના પણ શલ્યનો ઉદ્ધાર બીજા જ્ઞાની પાસેથી જ થાય.

૭ તેમજ આલોયણા કરવાથી તીર્થંકરોની આજ્ઞા આરાધિત થાય છે. ૮ નિઃશલ્યપણું જાહેર થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં કહ્યું છે કે–હે ભગવંત! જીવ આલોયણા લેવાવડે શું ઉત્પન્ન કરે છે? (જવાબ) ઋજુભાવને પામેલો જીવ અનંત સંસારને વધારનાર એવા માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય એ ત્રણ પ્રકારના શલ્યથી રહિત નિષ્કપટ થઈ સ્ત્રીવેદને તથા નપુંસકવેદને બાંધતો નથી, તે પૂર્વે બાંધ્યો હોય તો તેની નિર્જરા કરે છે. આલોયણાના આઠ ગુણ છે. આ રીતે શ્રાદ્ધ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીતકલ્પમાંથી તથા તેની વૃત્તિમાંથી લેશમાત્ર ઉદ્ધાર કરી કાઢેલો આલોયણા વિધિ પૂર્ણ થયો છે.

અતિશય તીવ્ર પરિણામથી કરેલા મ્હોટા તથા નિકાચિત થએલા પણ બાળહત્યા, સ્ત્રીહત્યા, યતિહત્યા, દેવ, જ્ઞાન વગેરેના દ્રવ્યનું ભક્ષણ, રાજાની સ્ત્રી સાથે ગમન વગેરેના મહાપાપની સમ્યક્ પ્રકારે આલોયણા કરી ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત યથાવિધિ કરે તો તે જીવ તે જ ભવમાં શુદ્ધ થાય છે. એમ ન હોત તો દૃઢપ્રહારી વગેરેને તે જ ભવે મુક્તિ શી રીતે થાત ? માટે આલોયણા દરેક ચોમાસે અથવા દરવર્ષે જરૂર લેવી. આ રીતે વર્ષકૃત્ય ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કહ્યો છે.

**તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિવિરચિત 'શ્રાદ્ધવિધિપ્રકરણ' ની 'શ્રાદ્ધવિધિ-કૌમુદી' ટીકામાં પંચમ વર્ષકૃત્ય-પ્રકાશ સંપૂર્ણ થયો.**

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# છઠ્ઠો પ્રકાશ :: જન્મકૃત્ય.

વાર્ષિક કૃત્ય કહ્યું હવે જન્મકૃત્ય ત્રણ ગાથા તથા અઢાર દ્વારવડે કહે છે.

जम्मंमि वासठाणं, तिवग्गसिद्धीइ कारणं उचिअं ॥
उचिअं विज्जागहणं, पाणिग्गहणं च मित्ताई ॥ १२ ॥

## નિવાસસ્થાન કેવું અને કયાં રાખવું ?

૧ જન્મરૂપ બંદીખાનામાં પહેલા નિવાસસ્થાન ઉચિત લેવું. નિવાસસ્થાન કેવું ઉચિત ? તે વિશેષણવડે કહે છે. જેથી ત્રિવર્ગના એટલે ધર્માર્થકામની સિદ્ધિ એટલે ઉત્પત્તિ થાય એવું તાત્પર્ય કે, જ્યાં રહેવાથી ધર્મ, અર્થ અને કામ સધાય ત્યાં શ્રાવકે રહેવું, બીજે ન રહેવું; કેમકે, તેમ કરવાથી આ ભવથી તથા પરભવથી ભ્રષ્ટ થવાનો સંભવ રહે છે. વળી કહ્યું છે કે-ભિલ્લ લોકોની પલ્લીમાં, ચોરના રહેઠાણમાં, જ્યાં પહાડી લોકો રહેતા હોય તેવી જગામાં અને હિંસક તથા પાપી લોકોનો આશ્રય કરનારા પાપી લોકોની પાસે સારા માણસે ન રહેવું. કેમકે, કુસંગત સજ્જનને એબ લગાડનારી છે. જે સ્થાનકે રહેવાથી મુનિરાજો પોતાને ત્યાં પધારે, તથા જે સ્થાનકની પાસે જિનમંદિર હોય, તેમજ જેની આસપાસ શ્રાવકોની વસ્તી હોય, એવા સ્થાનકમાં ગૃહસ્થે રહેવું. જ્યાં ઘણાખરા વિદ્વાન લોકો રહેતા હોય, જ્યાં શીલ, જીવતર કરતાં પણ વધારે વહાલું ગણાતું હોય અને જ્યાંના લોકો હમેશાં સારા ધર્મિષ્ઠ હોય ત્યાં સારા માણસે રહેવું. કેમકે સત્પુરુષોની સોબત કલ્યાણને સારૂ છે. જે નગરમાં જિનમંદિર, સિદ્ધાંતના જાણ સાધુ અને શ્રાવકો હોય તથા જળ અને બળતણ પણ ઘણાં હોય, ત્યાં હમેશાં રહેવું.

ત્રણસો જિનમંદિર તથા ધર્મિષ્ઠ, સુશીલ અને જાણ એવા શ્રાવક વગેરેથી શોભતું એવું અજમેરની નજીક હર્ષપુર નામનું એક સારૂં નગર હતું. ત્યાં રહેનાર અઢાર હજાર બ્રાહ્મણો અને તેમના શિષ્યો છત્રીશ હજાર મ્હોટા શેઠીઆઓ જ્યારે શ્રી પ્રિયગ્રંથસૂરિ તે નગરમાં પધાર્યા ત્યારે પ્રતિબોધ પામ્યા. સારા સ્થળમાં રહેવાથી પૈસાવાળા ગુણી અને ધર્મિષ્ઠ લોકોનો સમાગમ થાય છે. વળી તેથી ધન, વિવેક, વિનય, વિચાર, આચાર, ઉદારતા, ગંભીરપણું, ધૈર્ય, પ્રતિષ્ઠા વગેરે ગુણો તથા સર્વ રીતે ધર્મકૃત્ય કરવામાં કુશળતા પ્રાયે વિના પ્રયત્ને મળે છે. એ વાત હમણાં પણ સાક્ષાત્ નજરે જણાય છે, માટે અંત પ્રાંત ગામડા વગેરેમાં ધનપ્રાપ્તિ વગેરેથી સુખે નિર્વાહ થતો હોય, તો પણ ન રહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેમકે જ્યાં જિન, જિનમંદિર અને સંઘનું મુખકમળ એ ત્રણ વસ્તુ દેખાતી નથી, તેમજ જિનવચન સંભળાતું નથી ત્યાં ઘણી સંપદા હોય તે શા કામની ? જો ત્હારે મૂર્ખતા જોઈતી હોય, તો તું ગામડામાં ત્રણ દિવસ રહે, કારણ કે ત્યાં નવું અધ્યયન થાય નહિ, અને પૂર્વે ભણેલું હોય તે પણ ભૂલી જવાય.

એવી વાત સંભળાય છે કે–કોઇ નગરનો રહીશ વણિક થોડા વણિકની વસતિવાળા એક ગામડામાં જઈ દ્રવ્યલાભને માટે રહ્યો. ખેતી તથા બીજા ઘણા વ્યાપાર કરી તેણે ધન મેળવ્યું. એટલામાં તેનું રહેવાનું ઘાસનું ઝુંપડું હતું તે બળી ગયું. આ રીતે ફરી ફરી ધન મેળવ્યા છતાં કોઇ વખતે ચોરની ધાડ, તો કોઇ વખતે દુકાળ, રાજદંડ વગેરેથી તેનું ધન જતું રહ્યું. એક વખતે તે ગામડાના રહીશ ચોરોએ કોઈ નગરમાં ધાડ પાડી, તેથી રાજાએ ગુસ્સે થઇ તેમનું ( ચોરોનું ) ગામડું બાળી નાંખ્યું, અને શેઠના પુત્રાદિકને સુભટોએ પકડ્યા. ત્યારે શેઠ સુભટોની સાથે લડતાં માર્યો ગયો. આ રીતે કુગ્રામવાસ ઉપર દાખલો છે. રહેવાનું સ્થાનક ઉચિત હોય, તો પણ ત્યાં સ્વચક્ર, પરચક્ર, વિરોધ, દુષ્કાળ, મરકી, અતિવૃષ્ટિ વગેરે. પ્રજાની સાથે કલહ, નગર આદિનો નાશ ઈત્યાદિ ઉપદ્રવથી અસ્વસ્થતા ઉત્પન્ન થઇ હોય તો, તે સ્થાન શીઘ્ર છોડી દેવું. તેમ ન કરે તો ધર્માર્થ કામની કદાચ હાનિ થાય. જેમ યવન લોકોએ દિલ્લી શહેર ભાંગી નાંખ્યું, ત્યારે ભય ઉત્પન્ન થવાથી જેમણે દિલ્લી છોડી, અને ગુજરાત વગેરે દેશમાં નિવાસ કર્યો. તેમણે પોતાના ધર્મ, અર્થ. કામની પુષ્ટિ કરીને આભવ તથા પરભવને સફળ કર્યા, અને જેમણે દિલ્લી છોડી નહિ, તે લોકોએ બંદીખાનામાં પડવા આદિના ઉપદ્રવ પામી પોતાના બન્ને ભવ પાણીમાં ગુમાવ્યા. નગર ક્ષય થએ સ્થાન ત્યાગ ઉપર ક્ષિતપ્રતિષ્ઠિતપુર, વણકપુર, ઋષભપુર વગેરેના દાખલા જાણવા. સિદ્ધાંતમાં કહ્યું છે કે—ક્ષિતિપ્રતિષ્ઠિત, વણકપુર, ઋષભપુર, કુશાગ્રપુર, રાજગૃહ, ચંપા, પાટલીપુત્ર વગેરે. અહિં સુધી રહેવાનું સ્થાનક એટલે નગર, ગામ વગેરેનો વિચાર કર્યો.

## સારા નરસા પાડોશની લાભ હાનિ.

હવે ઘર પણ રહેવાનું સ્થાનક કહેવાય છે, માટે તેનો વિચાર કરીએ છીએ. સારા માણસે પોતાનું ઘર જ્યાં સારા પાડોશી હોય ત્યાં કરવું તથા બહુ ખૂણામાં ગુપ્ત ન કરવું. શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે પરિમિત બારણાં આદિ ગુણ જે ઘરમાં હોય, તે ઘર ધર્માર્થ કામને સાધનારૂં હોવાથી રહેવાને ઉચિત છે. ખરાબ પાડોશી શાસ્ત્રમાં નિષિદ્ધ કર્યા છે તે એટલા સારૂં કેઃ—તિર્યંચયોનિના પ્રાણી, તલાર, બૌદ્ધ વગેરેના સાધુ, બ્રાહ્મણ, સ્મશાન, વાઘરી, વ્યાધ, ગુપ્તિપાળ, ધાડપાડું, ભિલ્લ, મચ્છીમાર, જુગારી, ચોર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નટ, નાચનાર, ભટ્ટ, ભવૈયા અને કુકર્મ કરનારા એટલા લોકોનો પાડોશ પોતાના ઘર આગળ અથવા, દુકાન આગળ પણ સારા માણસે તજવો. તથા એમની સાથે દોસ્તી પણ કરવી નહીં. તેમજ દેવમંદિર પાસે ઘર હોય તો દુઃખ થાય, ચૌટામાં હોય તો હાનિ થાય, અને ઠગ તથા પ્રધાન એમના ઘર પાસે આપણું ઘર હોય તો પુત્રનો તથા ધનનો નાશ થાય. પોતાનું હિત ઇચ્છનારો બુદ્ધિશાળી પુરૂષ મૂર્ખ, અધર્મી, પાખંડી, પતિત, ચોર, રોગી, ક્રોધી, ચંડાળ, અહંકારી, ગુરૂની સ્ત્રીને ભોગવનાર, વૈરી, પોતાના સ્વામિને ઠગનાર, લોભી અને મુનિહત્યા, સ્ત્રીહત્યા અથવા બાળહત્યા કરનારા એમનો પાડોશ તજે. કુશીલિયા વગેરે પાડોશી હોય તો તેમનાં વચન સાંભળવાથી તથા એમની ચેષ્ટા જોવાથી માણસ પોતે સદ્‌ગુણી હોય, તોપણ તેના ગુણની હાનિ થાય. પાડોશણે જેને ખીર સંપાદન કરી આપી, તે સંગમ નામા શાલિભદ્રનો જીવ સારા પાડોશીના દાખલા તરીકે, તથા પર્વદિવસે મુનિને વહોરાવનાર પાડોશણના સાસુ સસરાને ખોટું સમજાવનારી સોમભટ્ટની ભાર્યા ખરાબ પાડોશણના દાખલા તરીકે જાણવી.

અતિશય જાહેર સ્થળમાં ઘર કરવું સારૂં નથી. કેમકે, આસપાસ બીજું ઘર ન હોવાથી તથા ચારે તરફ ખુલ્લો ભાગ હોવાથી ચોર વગેરે ઉપદ્રવ કરે છે. અતિશય ગીચ વસ્તિવાળા ગુપ્ત સ્થળમાં પણ ઘર હોય તે પણ સારૂં નહિ કેમકે, ચારે તરફ બીજાં ઘરો આવેલાં હોવાથી તે ઘરની પોતાની શોભા જતી રહે છે. તેમજ આગ વગેરે ઉપદ્રવ થએ ઝટ અંદર જવું. અથવા બહાર આવવું કઠણ થઇ પડે છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## ભૂમિની પરીક્ષા.

ઘરને માટે સારી જગ્યા તે શલ્ય, ભસ્મ, ખાત્ર વગેરે દોષથી તથા નિષિદ્ધ આયથી રહિત હોવું જોઇએ. તેમજ દૂર્વાઓ, કૂપલાં, દર્ભના ગુચ્છ વગેરે જ્યાં ઘણા હોય, એવું તથા સારા વર્ણની અને સારા ગંધની માટી, મધુર જળ તથા નિધાન વગેરે જેમાં હોય એવું હોવું જોઇએ. કહ્યું છે કે—ઉનાળામાં ઠંડા સ્પર્શવાળી અને શિયાળામાં ઉન્હા સ્પર્શવાળી, તથા વર્ષાઋતુમાં ઠંડા તથા ઉન્હા સ્પર્શવાળી જે ભૂમિ હોય, તે સર્વ શુભકારી જાણવી. એક હાથ ઊંડી ભૂમિ ખોદીને પાછી તેજ માટીથી તે ભૂમિ પૂરી નાંખવી. જો માટી વધે તો શ્રેષ્ઠ. બરાબર થાય તો મધ્યમ અને ઓછી થાય તો અધમ ભૂમિ જાણવી. જે ભૂમિમાં ખાડો કરીને જળ ભર્યું હોય તો તે જળ સો પગલાં જઈએ ત્યાં સુધીમાં જ જેટલું હતું તેટલુંજ રહે તો તે ભૂમિ સારી. આંગળ જેટલું ઓછું થાય તો મધ્યમ અને તે કરતાં વધારે ઓછી થાય તો અધમ જાણવી. અથવા જે ભૂમિના ખાડામાં રાખેલાં પુષ્પ બીજે દિવસે તેવાં ને તેવાં જ રહે તો તે ઉત્તમ ભૂમિ, અર્ધાં સૂકાઇ જાય તો મધ્યમ અને સર્વે સૂકાઇ જાય તો અધમ જાણવી. જે ભૂમિમાં વાવેલું ડાંગર વગેરે ધાન્ય ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવસમાં ઊગે તે શ્રેષ્ઠ, પાંચ દિવસમાં ઊગે તે મધ્યમ અને સાત દિવસમાં ઉગે તે અધમ ભૂમિ જાણવી. ભૂમિ રાફડાવાળી હોય તો વ્યાધિ. પોલી હોય તો દારિદ્ર, ફાટવાળી હોય તો મરણ અને શલ્યવાળી હોય તો દુઃખ આપે છે, માટે શલ્ય ઘણાજ પ્રયત્નથી તપાસવું, માણસનું હાડકું વગેરે શલ્ય નીકળે તો તેથીજ માણસની જ હાનિ થાય, ગધેડાનું શલ્ય નીકળે તો રાજાદિકથી ભય ઉત્પન્ન થાય, શ્વાનનું શલ્ય નીકળે તો બાળકને નાશ થાય, બાળકનું શલ્ય નીકળે તો ઘરધણી મુસાફરીએ જાય, ગાયનું અથવા બળદનું શલ્ય નીકળે તો ગાય બળદોનો નાશ થાય અને માણસના કેશ, કપાળ, ભસ્મ વિગેરે નીકળે તો તેથી મરણ થાય. વિગેરે.

## ધ્યાનમાં લેવા યોગ્ય કેટલીક વાતો.

પહેલો અને ચોથો પહોર મૂકી બીજા અથવા ત્રીજા પહોરે ઘર ઉપર આવનારી ઝાડની અગર ધ્વજા વગેરેની છાંયા સદા કાળ દુઃખ આપનારી છે. અરિહંતની પૂંઠ, બ્રહ્મા અને વિષ્ણુનું પડખું, ચંડિકા અને સર્પ એમની નજર તથા મહાદેવનું ઉપર કહેલું સર્વ ( પૂંઠ, પડખું અને નજર ) વર્જવું. વાસુદેવનું ડાબું અંગ, બ્રહ્માનું જમણું અંગ, નિર્માલ્ય, ન્હવણ જળ, ધ્વજની છાયા, વિલેપન, શિખરની છાયા અને અરિહંતની દૃષ્ટિ એટલા વાનાં ઉત્તમ છે. તેમજ કહ્યું છે કે—અરિહંતની પૂંઠ, સૂર્ય અને મહાદેવ એમની દૃષ્ટિ, વાસુદેવના ડાબો ભાગ એ વર્જવા. ચંડી સર્વ ઠેકાણે અશુભ છે, માટે તેને સર્વથા વર્જવી. ઘરના જમણે પાસે અરિહંતની દૃષ્ટિ પડતી હોય અને મહાદેવની પૂંઠ ડાબે પાસે પડતી હોય તો તે કલ્યાણકારી છે, પણ એથી વિપરીત હોય તો બહુ દુઃખ થાય. તેમાં પણ વચ્ચે માર્ગ હોય તો કાંઇ દોષ નથી. શહેરમાં અથવા ગામમાં ઇશાનાદિક કોણ દિશામાં ઘર ન કરવું. તે ઉત્તમ જાતના લોકને અશુભકારી છે; પણ ચંડાળ વગેરે નીચ જાતિને ઋદ્ધિકારી છે. રહેવાના સ્થાનકના ગુણ તથા દોષ, શકુન, સ્વપ્ન, શબ્દ વગેરે નિમિત્તોના બળથી જાણવાં.

સારૂં સ્થાન પણ ઉચિત મૂલ્ય આપી તથા પાડોશીની સમ્મતિ વગેરે લઇ ન્યાયથી જ ગ્રહણ કરવું, પણ કોઇને પરાભવ આદિ કરીને લેવું નહીં. તેમ કરવાથી ધર્માર્થ—કામને નાશ થવાનો સંભવ છે. આ રીતે જ ઈંટો, લાકડાં, પત્થર વગેરે વસ્તુ પણ દોષ વિનાની મજબૂત એવી હોય તે જ ઉચિત મૂલ્ય આપીને વેચાતી લેવી અને મંગાવવી. તે વસ્તુ પણ વેચનારે એની મેળે તૈયાર કરેલી લેવી; પણ પોતાને માટે તેની પાસે તૈયાર કરાવીને ન લેવી, કેમકે તેથી મહા આરંભ વગેરે દોષ લાગવાનો સંભવ છે.

## જિનમંદિરની વસ્તુઓના ઉપયોગથી થતી હાનિ અને તે અંગે દૃષ્ટાંત.

ઉપર કહેલી વસ્તુ જિનમંદિર વગેરેની હોય તો લેવી નહીં. કેમકે તેથી ઘણી હાનિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે થાય છે. એવી વાત સંભળાય છે કે–કોઈ બે વણિક પાડોશી હતા. તેમાં એક પૈસાદાર હતો, તે બીજાનો પગલે પગલે પરાભવ કરતો હતો. બીજો દરિદ્રી હોવાથી પહેલાનું નુકશાન કોઇ બીજી રીતે કાંઇ કરી શકયો નહીં. ત્યારે તેણે પહેલાંનું ઘર નવું બંધાતું હતું, તેની ભીંતમાં કોઇ ન જાણે તેવી રીતે જિનમંદિરનો પડેલો એક ઇંટનો કટકો નાંખ્યો. ઘર બંધાઇને તૈયાર થયું ત્યારે દરિદ્રી પાડોશીએ શ્રીમંત પાડોશીને જે વાત બની હતી તે પ્રમાણે કહી દીધી. ત્યારે શ્રીમંત પાડોશીએ કહ્યું કે, "એટલામાં શું દોષ છે ?" એવી અવજ્ઞા કરવાથી વિદ્યુત્પાત વગેરે થઇ શ્રીમંત પાડોશીનો સર્વ પ્રકારે નાશ થયો. કહ્યું છે કે—જિનમંદિર, કૂવા, વાવ, સ્મશાન, મઠ અને રાજમંદિરનો સરસવ જેટલો પણ પત્થર, ઇંટ કે કાષ્ઠ તજવાં,

## ઘરનું માપ વિગેરે.

પાષાણમય સ્તંભ, પીઠ, પાટિયાં, બારસાખ વગેરે વસ્તુઓ ગૃહસ્થને વિરૂદ્ધકારક છે, પરંતુ તે ધર્મ સ્થાનકે શુભ જાણવી. પાષાણમય વસ્તુ ઉપર કાષ્ઠ અને કાષ્ઠમય વસ્તુ પાષાણના સ્તંભ વગેરે વસ્તુઓ ઘરમાં અથવા જિનમંદિરમાં પ્રયત્નથી વર્જવી. હળનું કાષ્ઠ, ઘાણી, શકટ વગેરે વસ્તુ તથા રહેંટ આદિ યંત્રો, એ સર્વ કાંટાવાળા વૃક્ષના વડ આદિ પાંચ ઉંબરના તથા જેમાંથી દૂધ નીકળતું હોય એવાં આકડા વગેરે ઝાડના લાકડાનાં વર્જવા. વળી ઉપર કહેલી વસ્તુઓ બીજોરી, કેળ, દાડમ, મીઠાં લિંબુને આપનાર લિંબોળી, બે જાતની હળદર, આમલી, બાવળ, બોરડી તથા ધંતુરા એમનાં લાકડાની પણ વર્જવી. જો ઉપર કહેલા વૃક્ષોનાં મૂળો પાડોશથી ઘરની ભૂમિમાં પેસે, અથવા એ ઝાડોની છાયા ઉપર આવે તો, તે ઘરધણીના કુળનો નાશ થાય છે. ઘર પૂર્વ ભાગમાં ઊંચું હોય તો ધન જતું રહે છે, દક્ષિણ ભાગમાં ઊંચું હોય તો ધનની સમૃદ્ધિ થાય છે, પશ્ચિમ ભાગમાં ઊંચું હોય તો વૃદ્ધિ થાય છે, અને ઉત્તર દિશામાં ઊંચું હોય તો શૂન્ય થાય છે. વલયાકારવાળું, ઘણા ખૂણાવાળું, અથવા એક, બે કે ત્રણ ખૂણાવાળું, જમણી તથા ડાબી બાજુએ લાંબું એવા ઘરમાં રહેવું નહિં. જે કમાડ પોતાની મેળે બંધ થાય અથવા ઉઘડે તે સારાં નહિં.

## શુભ અને અશુભ ચિત્રો.

ઘરના મૂળ બારણામાં ચિત્રમય કળશાદિકની વધુ શોભા સારી કહેવાય છે. જે ચિત્રમાં યોગિનીના નૃત્યનો આરંભ, ભારત રામાયણનો અથવા બીજા રાજાઓનો સંગ્રામ, ઋષિનાં અથવા દેવનાં ચરિત્ર હોય, તે ચિત્ર ઘરને વિષે સારાં ન જાણવાં. ફળેલાં ઝાડ, ફૂલની વેલડીઓ, સરસ્વતી નવનિધાનયુક્ત લક્ષ્મી, કળશ, વધામણાં, ચૌદ સ્વપ્નની શ્રેણી વગેરે ચિત્રો શુભ જાણવાં.

JAINSITE जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વૃક્ષોથી થતી લાભહાનિ.

જે ઘરમાં ખજૂરી, દાડમી, કેળ, બોરડી અથવા બિજોરી એમનાં ઝાડ ઊગે છે, તે ઘરનો સમૂળ નાશ થાય છે. ઘરમાં જેમાંથી દૂધ નીકળે એવા ઝાડ હોય તો તે લક્ષ્મીનો નાશ કરે છે, કાંટાવાળા હોય તો શત્રુથી ભય આપે છે, ફળવાળા હોય તો સંતતિનો નાશ કરે છે, માટે એમનાં લાકડાં પણ ઘર બનાવવામાં વાપરવા નહી, કોઇ ગ્રંથકાર કહે છે કે—ઘરના પૂર્વ ભાગમાં વડનું ઝાડ, દક્ષિણ ભાગમાં ઉંબર અને પશ્ચિમ ભાગમાં પિંપળો અને ઉત્તર ભાગમાં ખાખરાનું ઝાડ શુભકારી છે.

## ઘરની બાંધણી.

ઘરના પૂર્વ ભાગમાં લક્ષ્મીનું ઘર ( ભંડાર ), અગ્નિ ખૂણામાં રસોડું, દક્ષિણ ભાગમાં સૂવાનું સ્થાન, નૈરૃત્ય ખૂણામાં આયુધ વગેરેનું સ્થાન, પશ્ચિમ દિશામાં ભોજન કરવાનું સ્થાનક, વાયવ્ય ખૂણામાં ધાન્યનો સંગ્રહ કરવાનું સ્થાન, ઉત્તર દિશામાં પાણિયારૂં અને ઇશાન ખૂણામાં દેવમંદિર કરવું. ઘરના દક્ષિણ ભાગમાં અગ્નિ, જળ, ગાય, વાયુ અને દીપક એમનાં સ્થાન કરવાં. અને ઉત્તર તથા પશ્ચિમ ભાગમાં ભોજન, ધાન્ય, દ્રવ્ય અને દેવ એમનાં સ્થાન કરવાં. ઘરના દ્વારની અપેક્ષાએ એટલે જે દિશામાં ઘરનું બારણું હોય તે પૂર્વ દિશા અને તેને અનુસરતી બીજી દિશાએ જાણવી. જેમ છીંકમાં તેમ અહિં પણ જેમાં સૂર્યનો ઉદય થાય છે, તે પૂર્વ દિશા ન જાણવી. તેમજ ઘર બનાવનાર સૂતાર તથા બીજા મજૂર વગેરેને જે ઠરાવ કર્યો હોય, તે કરતાં વધુ પણ ઉચિત આપી તેમને રાજી રાખવાં, પરંતુ કોઇ ઠેકાણે પણ તેમને ઠગવા નહિ. જેટલામાં પોતાના કુટુંબાદિકનો સુખે નિર્વાહ થાય, અને લોકમાં પણ શોભા વિગેરે દેખાય, તેટલોજ વિસ્તાર ( લાંબાં પહોળાં ) ઘર બંધાવવામાં કરવો. સંતોષ ન રાખતાં વધારે ને વધારેજ વિસ્તાર કરવાથી નાહક ધનનો વ્યય અને આરંભ વિગેરે થાય છે. ઉપર કહ્યા પ્રમાણે કરેલું ઘર પણ પરિમિત ( પ્રમાણવાળા ) દ્વારવાળુંજ જોઇએ. કેમકે, ઘણાં બારણાં હોય તો દુષ્ટ લોકની આવ જાવ ઉપર નજર ન રહે, અને તેથી સ્ત્રી, ધન વગેરેનો નાશ થવાનો સંભવ રહે છે. પરિમિત ( પ્રમાણવાળા ) બારણાનાં પણ પાટિયાં, ઉલાળો, સાંકળ, ભૂંગળ વગેરે ઘણાં મજબૂત કરવાં, તેથી ઘર સુરક્ષિત રહે છે; નહિ તો ઉપર કહ્યા પ્રમાણે સ્ત્રી વગેરેનો નાશ થવાનો સંભવ રહે છે. કમાડ પણ સુખે વસાય અને ઉઘાડાય એવાં જોઇએ અને તેવી સ્થિતિમાં હોય તો સારાં; નહિ તો અધિક અધિક જીવ વિરાધના થાય અને જવું આવવું વગેરે કાર્ય જેટલું તરતજ થવું જોઇએ તેટલું શીઘ્ર ન થાય. ભીતમાં રહેનારી ભૂંગળ કોઇ પણ રીતે સારી નહિ; કારણ કે, તેથી પંચેંદ્રિય વગેરે જીવની પણ વિરાધના થવાનો સંભવ છે. એવાં કમાડ પણ વાસવાં હોય તો જીવજંતુ વગેરે બરાબર જોઇને વાંસવાં.

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતેજ પાણીની પરનાળ, ખાળ વગેરેની પણ યથાશક્તિ યતના રાખવી. ઘરનાં પરિમિત બારણાં રાખવાં વગેરે સંબંધી શાસ્ત્રમાં પણ કહ્યું છે.

જે ઘરમાં વેધ આદિ દોષ ન હોય, આખું દળ ( પાષાણ, ઈંટ અને લાકડાં ) નવું હોય, ઘણાં બારણાં ન હોય, ધાન્યનો સંગ્રહ હોય, દેવપૂજા થતી હોય, આદરથી જળ વગેરેનો છંટકાવ થતો હોય, લાલ પડદો હોય, વાળવું વગેરે સંસ્કાર હમેશાં થતા હોય, ન્હાના મ્હોટાની મર્યાદા સારી રીતે પળાતી હોય, સૂર્યના કિરણ અંદર આવતાં ન હોય, દીપક પ્રકાશિત રહેતો હોય, રોગીયોની ચાકરી ઘણી સારી રીતે થતી હોય, અને થાકી ગએલા માણસનો થાક દૂર કરાતો હોય, તે ઘરમાં લક્ષ્મી વાસો કરે છે. આ રીતે દેશ, કાળ, પોતાનું ધન તથા જાતિ વગેરેને ઉચિત દેખાય એવું બંધાવેલું ઘર યથાવિધિ સ્નાત્ર, સાધર્મિક વાત્સલ્ય, સંઘપૂજા વગેરે કરીને શ્રાવકે વાપરવું. સારાં મુહૂર્ત તથા શકુન વગેરેનું બળ પણ ઘર બંધાવવાના તથા તેમાં પ્રવેશ કરવાના વખતે જરૂર જોવું. આ રીતે યથાવિધિ બનાવેલાં ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ વગેરે થવું દુર્લભ નથી.

## વિધિપૂર્વક બંધાએલા ઘરના લાભ અંગે દૃષ્ટાંત.

એમ સંભળાય છે કે, ઉજ્જયિની નગરીમાં દાંતાક નામા શેઠે અઢાર ક્રોડ સોનૈયા ખરચી વાસ્તુશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે એક સાત માળવાળો મહેલ તૈયાર કરાવ્યો. તેને તૈયાર થતાં બાર વર્ષ લાગ્યાં હતાં. તે મહેલમાં દાંતાક રહેવા ગયો, ત્યારે રાત્રીએ પડું કે ? પડું કે ? એવો શબ્દ તેના સાંભળવામાં આવ્યો. તેથી ભય પામી શેઠે મૂલ્ય તરીકે ધન લઇ તે મહેલ વિક્રમરાજાને આપ્યો. વિક્રમરાજા તે મહેલમાં ગયો અને પડું કે ? પડું કે ? એવો શબ્દ સાંભળતાં જ રાજાએ કહ્યું—પડ. કે તુરતજ સુવર્ણ પૂરૂષ પડ્યો. વગેરે તેમજ વિધિ પ્રમાણે બનાવેલા અને વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરેલા શ્રીમુનિસુવ્રત સ્વામિના સ્તૂપના મહિમાથી કોણિક રાજા પ્રબળ સેનાનો ધણી હતો, તથાપિ તે વિશાળા નગરીને બાર વર્ષમાં પણ લઇ શક્યો નહિ. ભ્રષ્ટ થએલા કૂલવાલકના કહેવાથી જ્યારે તેણે સ્તૂપ પાડી નંખાવ્યો ત્યારે તે જ વખતે નગરી તાબામાં લીધી. આ રીતેજ એટલે જેમ ઘરની યુક્તિ કહી, તે પ્રમાણે દુકાન પણ સારો પાડોશ જોઇ ઘણું જાહેર નહિ, તથા ઘણું ગુપ્ત નહિ એવી જગ્યાએ પરિમિત બારણાવાળી પૂર્વે કહેલ વિધિ પ્રમાણે બનાવવી એજ સારૂં છે. કેમ કે તેથીજ ધર્મ, અર્થ અને કામ એમની સિદ્ધ થાય છે. ઇતિ પ્રથમ દ્વાર સંપૂર્ણ. ( ૧ )

## ઉચિત વિદ્યાનું ગ્રહણ.

ત્રિવર્ગ સિદ્ધિનું કારણ એ પદોનો સંબંધ બીજા દ્વારમાં પણ લેવાય છે, તેથી એવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થ થાય છે કે,–ધર્મ, અર્થ અને કામ એ ત્રણુની સિદ્ધિ જેથી થતી હોય, તે વિદ્યાઓનું એટલે લખવું, ભણુવું, વ્યાપાર વગેરે કળાઓનું ગ્રહણુ એટલે અધ્યયન સારી રીતે કરવું. કેમ કે, જેને કળાઓનું શિક્ષણુ ન મળ્યું હોય તથા તેમનો અભ્યાસ જેણે ન કર્યો હોય, તેને પોતાની મૂર્ખતાથી તથા હાંસી કરવા યોગ્ય હાલતથી પગલે પગલે તિરસ્કાર ખમવો પડે છે. જેમ કે, કાલિદાસ કવિ પહેલા તો ગાયો ચારવાનો ધંધો કરતો હતો. એક વખત રાજાની સભામાં તેણે સ્વસ્તિક એમ કહેવાને બદલે ઉશરટ એમ કહ્યું. તેથી તે ઘણો ધિક્કારાયો. પછી દેવતાને પ્રસન્ન કરી મ્હોટો પંડિત તથા કવિ થયો. ગ્રંથ સુધારવામાં, ચિત્રસભા દર્શનાદિક કામોમાં જે કળાવાન્ હોય, તે જો કે, પરદેશી હોય તો પણુ વાસુદેવાદિકની માફક સત્કાર પામે છે. કેમ કે પંડિતાઇ અને રાજાપણું એ બે સરખાં નથી; કારણુ કે રાજા પોતાના દેશમાંજ પૂજાય છે, અને પંડિત સર્વ ઠેકાણે પૂજાય છે.

સર્વે કળાઓ શીખવી. કેમકે દેશ, કાળ વગેરેને અનુસરી સર્વે કળાઓનો વિશેષ ઉપયોગ થવાનો સંભવ છે. તેમ ન કરે તો કદાચ માણુસ પડતી દશામાં આવે છે. કહ્યું છે કે—अट्टमट्ट પણુ શીખવું, કારણુ કે શીખેલું નકામું જતું નથી. अट्टमट्टना પ્રસાદથી ગોળ અને તુંબડું ખવાય છે. સર્વે કળાઓ આવડતી હોય તો પહેલા કહેલા આજીવિકાના સાત ઉપયોગમાંના એકાદ ઉપાયથી સુખે નિર્વાહ થાય, તથા વખતે સમૃદ્ધિ આદિ પણુ મળે. સર્વે કળાઓનો અભ્યાસ કરવાની શક્તિ ન હોય તો, શ્રાવક પુત્રે જેથી આલોકમાં સુખે નિર્વાહ અને પરલોકમાં શુભ ગતિ થાય, એવી એક કળાનો પણુ સમ્યક્ પ્રકારે અભ્યાસ જરૂર કરવો. વળી કહ્યું છે કે—શ્રુતરૂપ સમુદ્ર અપાર છે, આયુષ્ય થોડું છે, હાલના જીવ ઓછી બુદ્ધિના છે માટે એવું કાંઇક શીખવું કે જે થોડું અને જે સારૂં કાર્ય સાધી શકે એટલું હોય. આ લોકમાં ઉત્પન્ન થએલ મનુષ્યને બે વાત જરૂર શીખવી જોઇએ. એક તો જેથી પોતાનો સુખે નિર્વાહ થાય તે, અને બીજી મરણુ પછી જેથી સદ્ગતિ પામે તે. નિંદ્ય અને પાપમય વ્યાપારવડે નિર્વાહ કરવો અનુચિત છે. મૂળ ગાથામાં " ઉચિત " પદ છે, માટે નિંદ્ય તથા પાપમય વ્યાપારનો નિષેધ થયો એમ જાણુવું. ઇતિ બીજું દ્વાર સંપૂર્ણુ. ૨

## પાણિગ્રહણુ.

પાણિગ્રહણુ એટલે વિવાહ. તે પણુ ત્રિવર્ગની એટલે ધર્મ, અર્થ અને કામની સિદ્ધિનું કારણુ છે, માટે ઉચિતપણુાથી કરવો જોઇએ. તે (વિવાહ) પોતાથી જુદા ગોત્રમાં થએલા તથા કુલ, સારો આચાર, શીલ, રૂપ, વય, વિદ્યા, સંપત્તિ, વેષ, ભાષા, પ્રતિષ્ઠા વગેરેથી પોતાની બરાબરીના હોય તેમની સાથેજ કરવો. બન્નેનાં કુળ, શીલ વગેરે સરખાં ન હોય તો માંહોમાંહે હીલના, કુટુંબમાં કલહ, કલંક વગેરેની પ્રાપ્તિ થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. જેમ પોતનપુર નગરમાં શ્રીમતી નામે એક શ્રાવક કન્યા આદર સહિત કોઇ અન્યધર્મીની સાથે પરણી હતી. તે ધર્મને વિષે ઘણી દૃઢ હતી, પણ તેનો પતિ પરધર્મી હોવાથી તેના ઉપર રાગ રહિત થયો. એક વખતે પતિએ ઘરની અંદર ઘડામાં સર્પ રાખી શ્રીમતીને કહ્યું કે, "ફલાણા ઘડામાં પુષ્પની માળા છે તે લાવ." નવકાર સ્મરણના મહિમાથી સર્પની પુષ્પમાળા થઇ. પછી શ્રીમતીના પતિ વગેરે લોકો શ્રાવક થયા. બન્નેનાં કુલ, શીલ વગેરે સરખાં હોય તો ઉત્તમ સુખ, ધર્મ તથા મ્હોટાઇ આદિ મળે છે, એ ઉપર પેથડશેઠ તથા પ્રથમિણિ સ્ત્રી વગેરેનાં દૃષ્ટાંત સમજવાં.

## વર અને કન્યાના ગુણદોષ.

સામુદ્રિકાદિક શાસ્ત્રોમાં કહેલા શરીરનાં લક્ષણ તથા જન્મપત્રિકાની તપાસ વગેરે કન્યાની તથા વરની પરીક્ષા કરવી. કહ્યું છે કે—૧ કુલ, ૨ શીલ, ૩ સગાંવહાલાં, ૪ વિદ્યા, ૫ ધન, ૬ શરીર અને ૭ વય એ સાત ગુણ વરને વિષે કન્યાદાન કરનારે જોવા. એ ઉપરાંત કન્યા પોતાના ભાગ્યના આધાર ઉપર રહે છે. મૂર્ખ, નિર્ધન, દૂર દેશાંતરમાં રહેનારો, શૂર, મોક્ષની ઇચ્છા કરનારો અને કન્યાથી ત્રણ ગુણી કરતાં પણ વધુ ઉમ્મરવાળો એવા વરને ડાહ્યા માણસે કન્યા ન આપવી. ઘણું આશ્ચર્ય લાગે એટલી સંપત્તિવાળો, ઘણો જ ઠંડો અથવા ઘણો જ ક્રોધી, હાથે, પગે અથવા કોઇ પણ અંગે અપંગ તથા રોગી એવા વરને પણ કન્યા ન આપવી. કુળ તથા જાતિવડે હીન, પોતાના માતાપિતાથી છૂટા રહેનારા અને જેને પૂર્વે પરણેલી સ્ત્રી તથા પુત્ર હોય એવા વરને કન્યા ન આપવી. ઘણું વૈર તથા અપવાદવાળા, હંમેશાં જેટલું ધન મળે તે સર્વનું ખરચ કરનારા, આળસથી શૂન્ય મનવાળા એવા વરને કન્યા ન આપવી. પોતાના ગોત્રમાં થએલા, જુગાર, ચોરી વગેરે વ્યસનવાળા તથા પરદેશી એવા વરને કન્યા ન આપવી. પોતાના પતિ વગેરે લોકોની સાથે નિષ્કપટપણે વર્તનારી, સાસુ વગેરે ઉપર ભક્તિ કરનારી, સ્વજન ઉપર પ્રીતિ રાખનારી, બંધુવર્ગ ઉપર સ્નેહવાળી અને હમેશાં પ્રસન્ન મુખવાળી એવી કુલ સ્ત્રી હોય છે, જે પુરુષના પુત્ર આજ્ઞામાં રહેનારા તથા પિતા ઉપર ભક્તિ કરનારા હોય, સ્ત્રી મન માફક વર્તનારી હોય, અને મન ધરાય એટલી સંપત્તિ હોય; તે પુરુષને આ મર્ત્યલોક સ્વર્ગ સમાન છે.

## વિવાહના આઠ ભેદ.

અગ્નિ તથા દેવ વગેરેની રૂબરૂ હસ્તમેળાપ કરવો, તે વિવાહ કહેવાય છે. તે લોકમાં આઠ પ્રકારનો છે. ૧ આભૂષણ પહેરાવી તે સહિત કન્યાદાન આપવું તે બ્રાહ્મ વિવાહ કહેવાય છે. ૨ ધન ખરચીને કન્યાદાન કરવું તે પ્રાજાપત્ય વિવાહ કહેવાય છે. ૩ ગાય બળદનું જોડું આપીને કન્યાદાન કરવું તે આર્ષ વિવાહ કહેવાય છે. ૪ યજમાન બ્રાહ્મણને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યજ્ઞની દક્ષિણા તરીકે કન્યા આપે તે દૈવ વિવાહ કહેવાય છે. આ ચાર પ્રકારના વિવાહ ધર્મને અનુસરતા છે. ૫ માતા, પિતા અથવા બંધુવર્ગ એમને ન ગણતાં માંહોમાંહે પ્રેમ બંધાયાથી કન્યા મનગમતા વરને વરે તે ગાંધર્વ વિવાહ કહેવાય છે. ૬ કાંઈ પણ ઠરાવ કરીને કન્યાદાન કરે, તે આસુરી વિવાહ કહેવાય છે. ૭ જબરાઈથી કન્યા હરણ કરવી તે રાક્ષસ વિવાહ કહેવાય છે. ૮ સૂતેલી અથવા પ્રમાદમાં રહેલી કન્યાનું ગ્રહણ કરવું તે પૈશાચ વિવાહ કહેવાય છે. આ ચારે વિવાહ ધર્મને અનુસરતા નથી. જો વહુની તથા વરની માંહોમાંહે પ્રીતિ હોય તો છેલ્લા ચાર વિવાહ પણ ધર્મને અનુસરતા જ કહેવાય છે. પવિત્ર સ્ત્રીનો લાભ એ જ વિવાહનું ફળ છે. પવિત્ર સ્ત્રીનો લાભ થાય અને પુરુષ તેનું જો બરાબર રક્ષણ કરે તો તેથી સંતતિ સારી થાય છે, મનમાં હમેશાં સમાધાન રહે છે, ગૃહકૃત્ય વ્યવસ્થાથી ચાલે છે, કુલીનપણું જળવાઈ રહે છે, આચારવિચાર પવિત્ર રહે છે, દેવ, અતિથિ તથા બાંધવ જનના સત્કારનું પુણ્ય થાય છે.

## સ્ત્રીનું રક્ષણ.

હવે સ્ત્રીનું રક્ષણ કરવાના ઉપાય કહીએ છીએ. તેને ઘરકામમાં જોડવી, તેના હાથમાં ખરચ માટે માફકસર રકમ રાખવી, તેને સ્વતંત્રતા આપવી નહિ હમેશાં માતા સમાન સ્ત્રીઓના સહવાસમાં તેને રાખવી. આ વગેરે સ્ત્રીના સંબંધમાં પૂર્વે જે યોગ્ય આચરણ કહ્યું છે, તેમાં આ વાતનો વિચાર ખુલ્લી રીતે કહી ગયા છીએ. વિવાહ વગેરેમાં જે ખરચ તથા ઉત્સવ વગેરે કરવો, તે આપણું કુળ, ધન, લોક વગેરેના ઉચિતપણા ઉપર ધ્યાન દઈ જેટલું કરવું જોઈએ તેટલું જ કરે, પણ વધારે ન કરે; કારણ કે, વધુ ખરચ આદિ કરવું તે ધર્મકૃત્યમાં જ ઉચિત છે. આ રીતે જ બીજે ઠેકાણે પણ જાણવું. વિવાહ વગેરેને વિષે જેટલું ખરચ થયું હોય, તે અનુસારે સ્નાત્ર, મહાપૂજા, મહાનૈવેદ્ય, ચતુર્વિધ સંઘનો સત્કાર વગેરે ધર્મકૃત્ય પણ આદરથી કરવું. સંસારને વધારનાર વિવાહ વગેરે પણ આ રીતે પુણ્ય કરવાથી સફળ થાય છે. ઇતિ ત્રીજું દ્વાર સંપૂર્ણ. ( ૩ )

## યોગ્ય મિત્રો.

વળી મિત્ર સર્વ કામમાં વિશ્વાસ રાખવા યોગ્ય હોવાથી અવસરે મદદ આદિ કરે છે. ગાથામાં આદિ શબ્દ છે, તેથી વણિક પુત્ર, મદદ કરનાર નોકર વગેરે પણ ધર્મ, અર્થ તથા કામનાં કારણ હોવાથી-ઉચિતપણાથી જ કરવા. તેમનામાં ઉત્તમ પ્રકૃતિ, સાધર્મિકપણું, ધૈર્ય, ગંભીરતા, ચાતુર્ય, સારી બુદ્ધિ આદિ ગુણ અવશ્ય હોવા જોઈએ. આ વાત ઉપરનાં દૃષ્ટાંતો પૂર્વે વ્યવહારશુદ્ધિ પ્રકરણમાં કહી ગયા છીએ. ( ૪ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**चेइअपडिमपइट्ठा सुआइपव्वावणा य पयठवणा ।**
**पुत्थयलेहणवायण–पोसहसालाइ कारवणं ॥ १५ ॥**

## જિનમન્દિર.

તેમજ ( ૫ ) ઊંચાં તોરણ, શિખર, મંડપ વગેરેથી શોભતું, ભરત ચક્રવર્તી વગેરેએ જેમ કરાવ્યું તેમ રત્નખચિત, સોનામય, રૂપામય, વગેરે અથવા શ્રેષ્ઠ પાષાણાદિમય મ્હોટો જિનપ્રાસાદ કરાવવો. તેટલી શકિત ન હોય તો ઉત્તમ કાષ્ઠ, ઈંટો વગેરેથી જિનમંદિર કરાવવું. તેમ કરવાની પણ શકિત ન હોય તો જિનપ્રતિમાને અર્થે ઘાસની ઝુંપડી પણ ન્યાયથી કમાએલા ધનવડે વિધિપૂર્વક બંધાવવી. કેમ કે—ન્યાયથી ઉપાર્જન કરેલા ધનનો ધણી, બુદ્ધિમાન, શુભ પરિણામી અને સદાચારી એવો શ્રાવક ગુરૂની આજ્ઞાથી જિનમંદિર કરાવવાને અધિકારી થાય છે. દરેક જીવે પ્રાયે અનાદિ ભવમાં અનંતા જિનમંદિર અને અનંતી જિનપ્રતિમાઓ કરાવી; પણ તે કૃત્યમાં શુભ પરિણામ ન હોવાને લીધે તેથી ભક્તિનો લવલેશ પણ તેને મળ્યો નહિ. જેમણે જિનમંદિર તથા જિનપ્રતિમા કરાવી નહિ, સાધુઓને પૂજ્યા નહિ, અને દુર્ધર વ્રત પણ અંગીકાર કર્યું નહિ, તેમણે પોતાનો મનુષ્યભવ નકામો ગુમાવ્યો. જે પુરુષ જિનપ્રતિમાને સારુ એક ઘાસની ઝુંપડી પણ કરાવે, તથા ભક્તિથી પરમ ગુરુને એક ફૂલ પણ અર્પણ કરે, તો તેના પુણ્યની ગણત્રી ક્યાંથી થાય ? વળી જે પુણ્યશાળી મનુષ્યો શુભ પરિણામથી મ્હોટું, મજબૂત અને નક્કર પત્થરનું જિનમંદિર કરાવે છે, તેમની તો વાત જ શી ? તે અતિ ધન્ય પુરુષો તો પરલોકે સારી મતિવાલા વિમાનવાસી દેવતા થાય છે. જિનમંદિર કરાવવાનો વિધિ તો પવિત્ર ભૂમિ તથા પવિત્ર દળ ( પત્થર, લાકડાં વગેરે ), મજૂર વગેરેને ન ઠગવું, મુખ્ય કારીગરનું સન્માન કરવું વગેરે પૂર્વે કહેલ ઘરના વિધિ પ્રમાણે સર્વ ઊચિત વિધિ અહિં વિશેષે કરી જાણવો. કહ્યું છે કે—ધર્મ કરવાને સારૂ ઉદ્યમવાન થએલા પુરૂષે કોઇને પણ અપ્રીતિ થાય એમ કરવું નહીં. આ રીતેજ સંયમ ગ્રહણ કરવો તે શ્રેયસ્કર છે.

આ વાતમાં ભગવાન્ મહાવીરસ્વામીનું દૃષ્ટાંત છે. તે ભગવાને “ મ્હારા રહેવાથી આ તાપસોને અપ્રીતિ થાય છે, અને તે અપ્રીતિ અબોધિનું બીજ છે ” એમ જાણી ચોમાસાના કાળમાં પણ તાપસનો આશ્રમ તજી દઇ વિહાર કર્યો. જિનમંદિર બનાવવાને અર્થે કાષ્ઠ વગેરે દળ પણ શુદ્ધ જોઇએ. કોઇ અધિષ્ઠાયક દેવતાને રોષ પમાડી અવિધિથી લાવેલું અથવા પોતાને સારૂ આરંભ સમારંભ લાગે એવી રીતે બનાવેલું પણ જે ન હોય, તેજ કામ આવે. રાંક એવા મજૂર લોકો વધુ મજૂરી આપવાથી ઘણો સંતોષ પામે છે, અને સંતોષવાળા થઇ પહેલા કરતાં વધારે કામ કરે છે. જિનમંદિર અથવા જિનપ્રતિમા કરાવે ત્યારે ભાવશુદ્ધિને સારૂં ગુરૂ તથા સંઘ રૂબરૂ એમ કહેવું કે, “ આ કામમાં અવિધિથી જે કાંઇ પારકું ધન આવ્યું હોય, તેનું પુણ્ય તે માણસને થાઓ. ” ષોડશકમાં કહ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે—જે જેની માલીકીનું દ્રવ્ય આ કામમાં અનુચિતપણે આવ્યું હોય તેનું પુણ્ય તે ધણીને થાઓ. આ રીતે શુભ પરિણામથી કરે તો તે ધર્મકૃત્ય ભાવશુદ્ધ થાય. પાયો ખોદવો, પૂરવો, કાષ્ટનાં દળ પાડવાં, પત્થર ઘડાવવા, ચણાવવા વગેરે મહારંભ સમારંભ જિનમંદિર કરાવવામાં કરવો પડે છે, એવી શંકા ન કરવી. કારણ કે, કરાવનારની યતનાપૂર્વક પ્રવૃત્તિ હોવાથી તેમાં દોષ નથી. તથા જિનમંદિર કરાવવાથી નાનાવિધ પ્રતિમાસ્થાપન, પૂજન, સંઘનો સમાગમ, ધર્મદેશના કરણ, સમકિત વ્રત વગેરેનો અંગીકાર, શાસનની પ્રભાવના, અનુમોદના વગેરે અનંત પુણ્યની પ્રાપ્તિ હોવાથી તેનાં સારાં પરિણામ નીપજે છે. કહ્યું છે કે—સૂત્રોક્ત વિધિનો જાણ પુરૂષ યતનાપૂર્વક કોઇ કામમાં પ્રવર્તે, અને જો કદાચ તેમાં કાંઇ વિરાધના થાય, તો પણ અધ્યવસાયની શુદ્ધિ હોવાને લીધે તે વિરાધનાથી નિર્જરાજ થાય છે. દ્રવ્યસ્તવ ઉપર કૂવાનું દૃષ્ટાંત વગેરે અગાઉ કહી ગયા છીએ.

## જીર્ણોદ્ધાર.

જીર્ણોદ્ધાર કરવાના કામમાં પણ ઘણો જ પ્રયત્ન કરવો. કેમકે—જેટલું પુણ્ય નવું જિનમંદિર કરાવવામાં છે, તે કરતાં આઠગણું પુણ્ય જીર્ણોદ્ધાર કરાવવામાં છે. જીર્ણ જિનમંદિર સમરાવવામાં જેટલું પુણ્ય છે તેટલું નવું કરાવવામાં નથી, કારણ કે નવું મંદિર કરાવવામાં ઘણા જીવોની વિરાધના તથા મ્હારૂં મંદિર એવી પ્રખ્યાતિ પણ ખરી. માટે તેમાં જીર્ણોદ્ધારના જેટલું પુણ્ય નથી. તેમજ કહ્યું છે કે—જિનકલ્પી સાધુ પણ રાજા, પ્રધાન, શેઠ તથા કૌટુંબિક એમને ઉપદેશ કરી જીર્ણ જિનમંદિર સમરાવે, જે પુરૂષો જીર્ણ થયેલાં, પડેલાં જિનમંદિરોનો ભક્તિથી ઉદ્ધાર કરે છે, તેઓ ભયંકર સંસાર સમુદ્રમાં પડેલા પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે. આ વાત ઉપર નીચે પ્રમાણે દૃષ્ટાંત છે:—

શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરવાનું પિતાએ અભિગ્રહ સહિત ધાર્યું હતું, તેથી મંત્રી વાગ્ભટ્ટે તે કામ શરૂ કરાવ્યું, ત્યારે મ્હોટા શેઠીઆ લોકોએ પોતાની ગાંઠનું નાણું પણ તે કામમાં આપ્યું. છ દ્રમ્મની મૂડી રાખનાર ભીમ નામે એક ઘી વેચનાર હતો, તેની પાસે ફરતી ટીપ આવી, ત્યારે તેણે ઘી વેચી મૂડી સહિત દ્રવ્ય આપી દીધું. તેથી તેનું નામ સર્વની ઉપર લખાયું અને તેને સુવર્ણનિધિનો લાભ થયો વગેરે વાર્તા જાહેર છે. પછી કાષ્ટમય ચૈત્યને સ્થાનકે શિલામય મંદિર તૈયાર થવાની વધામણી દેનારને મંત્રીએ બત્રીશ સુવર્ણની જીભો આપી. તે ઉપરાંત જિનમંદિર વીજળી પડવાથી તૂટી પડયું, એવી વાત કહેનારને તો મંત્રીએ ચોસઠ સુવર્ણની જીભો આપી. તેનું કારણ કે, મંત્રીએ મનમાં એમ વિચાર્યું કે—“ હું જીવતાં છતાં બીજો ઉદ્ધાર કરવા સમર્થ થયો છું. ” બીજા જીર્ણોદ્ધારમાં બે ક્રોડ સત્તાણું હજાર એટલું દ્રવ્ય લાગ્યું. પૂજાને સારૂ ચોવીશ ગામ અને ચોવીશ બગીચાઓ આપ્યા. વાગ્ભટ્ટ મંત્રીના ભાઇ આંબડ મંત્રીએ ભરૂચમાં દુષ્ટ વ્યંતરીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપદ્રવને ટાળનાર શ્રીહેમચંદ્રસૂરિની મદદથી અઢાર હાથ ઊંચા શકુનિકાવિહાર નામે પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો. મલ્લિકાર્જુન રાજાના ભંડાર સંબંધી બત્રીશ ઘડી સુવર્ણનો બનાવેલો કલશ શકુનિકાવિહાર ઉપર ચઢાવ્યો. તથા સુવર્ણમય દંડ, ધ્વજા વગેરે આપ્યાં અને મંગળિક દીપને અવસરે બત્રીશ લાખ દ્રમ્મ યાચક જનોને આપ્યા. પહેલા જીર્ણોદ્ધાર કરી પછી જ નવું જિનમંદિર કરાવવું ઉચિત છે. માટે જ સંપ્રતિ રાજાએ પણ પહેલા નેવ્યાશી હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા, અને નવાં જિનમંદિર તો છત્રીશ હજાર કરાવ્યાં. આ રીતે કુમારપાળ, વસ્તુપાળ, વગેરે ધર્મિષ્ઠ લોકોએ પણ નવાં જિનમંદિર કરતાં જીર્ણોદ્ધાર જ ઘણા કરાવ્યા. તેની સંખ્યા વગેરે પણ પૂર્વે કહી ગયા છીએ.

જિનમંદિર તૈયાર થયા પછી વિલંબ ન કરતાં પ્રતિમા સ્થાપન કરવી. શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે–બુદ્ધિશાળી પુરૂષે જિનમંદિરમાં જિનબિંબની શીઘ્ર પ્રતિષ્ઠા કરાવવી, કેમકે એમ કરવાથી અધિષ્ઠાયક દેવતા તુરત ત્યાં આવી વસે છે, અને તે મંદિરની આગળ જતાં વૃદ્ધિજ થતી જાય છે. મંદિરમાં તાંબાની કુંડીઓ, કળશ, ઓરસીઓ, દીવા વગેરે સર્વે પ્રકારની સામગ્રી પણ આપવી, તથા શક્તિ પ્રમાણે મંદિરનો ભંડાર કરી તેમાં રોકડ નાણું તથા વાડી, બગીચા વગેરે આપવા. રાજા વગેરે જો મંદિર કરાવનાર હોય તો, તેણે ભંડારમાં ઘણું નાણું તથા ગામ, ગોકુળ વગેરે આપવું જોઇએ. જેમ કે, માલવ દેશના જાકુડી પ્રધાને પૂર્વે ગિરનાર ઉપર કાષ્ઠમય ચૈત્યને સ્થાનકે પાષાણમય જિનમંદિર બંધાવવું શરૂ કરાવ્યું, પણ તે દુર્દૈવથી મરી ગયો. તે પછી એકસો પાંત્રીસ વર્ષ પસાર થયા ત્યારે સિદ્ધરાજ જયસિંહના દંડાધિપતિ સજ્જને ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર દેશની ઉપજ સત્તાવીસ લાખ દ્રમ્મ આવી હતી, તે ખરચી જિનપ્રાસાદ પૂરૂં કરાવ્યું. સિદ્ધરાજ જયસિંહે ત્રણ વર્ષનું પેદા કરેલું દ્રવ્ય સજ્જન પાસે માગ્યું, ત્યારે તેણે કહ્યું કે, “ મહારાજ ! ગિરનાર પર્વત ઉપર તે દ્રવ્યનો સંગ્રહ કરી રાખ્યો છે ” પછી સિદ્ધરાજ ત્યાં આવ્યો અને નવું સુંદર જિનમંદિર જોઇ હર્ષ પામી બોલ્યો કે, “ આ મંદિર કોણે બનાવ્યું ? ” સજ્જને કહ્યું. “ મહારાજા સાહેબે કરાવ્યું. ” આ વચન સાંભળી સિદ્ધરાજ બહુ જ અજબ થયો. પછી સજ્જને જેમ બની તેમ સર્વ વાત કહીને અરજ કરી કે, “ આ સર્વે મહાજનો આપ સાહેબનું દ્રવ્ય આપે છે તે લ્યો; અથવા જિનમંદિર કરાવ્યાનું પુણ્યજ લ્યો. આપની મરજી હોય તે મુજબ કરો. ” પછી વિવેકી સિદ્ધરાજે પુણ્યજ ગ્રહણ કર્યું, અને તેને નેમિનાથજીના મંદિરને ખાતે પૂજાને સારૂ બાર ગામ આપ્યાં.

તેમજ જીવતસ્વામિની પ્રતિમાનું મંદિર પ્રભાવતી રાણીએ કરાવ્યું હતું. પછી અનુક્રમે ચંડપ્રદ્યોત રાજાએ તે પ્રતિમાની પૂજાને સારૂ બાર હજાર ગામ આપ્યાં. તે વાત નીચે પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉદાયન રાજા તથા જીવતસ્વામીની પ્રતિમાનું વૃત્તાન્ત.

ચંપા નગરીમાં સ્ત્રીલંપટ એવો એક કુમારનંદી નામનો સોની રહેતો હતો. તે પાંચસો સોનૈયા આપીને સુંદર કન્યા પરણતો હતો. આ રીતે પરણેલી પાંચસો સ્ત્રીઓની સાથે ઇર્ષ્યાવાળો તે કુમારનંદી એક થંભવાળા પ્રાસાદમાં ક્રીડા કરતો હતો. એક વખતે પંચશૈલ દ્વીપની અંદર રહેનારી હાસા તથા પ્રહાસા નામની બે વ્યંતરીઓએ પોતાનો પતિ વિદ્યુન્માળી ચવ્યો ત્યારે ત્યાં આવી પોતાનું રૂપ દેખાડીને કુમારનંદીને વ્યામોહ પમાડ્યો. કુમારનંદી ભોગની પ્રાર્થના કરવા લાગ્યો, ત્યારે "પંચશૈલ દ્વીપમાં આવ" એમ કહી તે બન્ને જણીઓ નાશી ગઇ. પછી કુમારનંદીએ રાજાને સુવર્ણ આપી પડહ વજડાવ્યો કે, "જે પુરુષ મને પંચશૈલ દ્વીપે લઇ જાય, તેને હું ક્રોડ દ્રવ્ય આપું" પછી એક વૃદ્ધ ખલાસી હતો, તે કોટિ દ્રવ્ય લઇ, તે પોતાના પુત્રોને આપી, કુમારનંદીને વહાણમાં બેસારી સમુદ્રમાં બહુ દૂર ગયો, અને પછી કહેવા લાગ્યો કે, "આ વડવૃક્ષ દેખાય છે, તે સમુદ્રને કિનારે આવેલી ડુંગરની તલાટીએ થએલ છે. એની નીચે આપણું વહાણ જાય, ત્યારે તું વડની શાખાને વળગી રહેજે. ત્રણ પગવાળા ભારંડપક્ષી પંચશૈલ દ્વીપથી આ વડ ઉપર આવીને સૂઇ રહે છે. તેમના વચલે પગે તું પોતાના શરીરને વસ્ત્રવડે મજબૂત બાંધી રાખજે, પ્રભાત થતાં ઉડી જતાં ભારંડપક્ષીની સાથે તું પણ પંચશૈલ દ્વીપે પહોંચી જઇશ. આ વહાણ તો હવે મ્હોટા ભમરમાં સપડાઇ જશે." પછી નિર્યામકના કહેવા પ્રમાણે કરી કુમારનંદી પંચશૈલ દ્વીપે ગયો. ત્યારે હાસા પ્રહાસાએ તેને કહ્યું કે, "ત્હારાથી આ શરીરવડે અમારી સાથે ભોગ કરાય નહીં માટે અગ્નિ પ્રવેશ વિગેરે કર." એમ કહી તે સ્ત્રીઓએ કુમારનંદીને હસ્તસંપુટમાં બેસારી ચંપા નગરીના ઉદ્યાનમાં મૂક્યો. પછી તેના મિત્ર નાગિલ શ્રાવકે ઘણો વાર્યો, તો પણ તે નિયાણું કરી અગ્નિમાં પડ્યો, અને મરણ પામી પંચશૈલ દ્વીપનો અધિપતિ વ્યંતર દેવતા થયો. નાગિલને તેથી વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને તે દીક્ષા લઇ કાળ કરી બારમા અચ્યુત દેવલોકે દેવતા થયો.

એક વખતે નંદીશ્વર દ્વીપે જનારા દેવતાઓની આજ્ઞાથી હાસા પ્રહાસાએ કુમારનંદીના જીવ વ્યંતરને કહ્યું કે, "તું પડહ ગ્રહણ કર." તે અહંકારથી હુંકાર કરવા લાગ્યો; એટલામાં પડહ તેને ગળે આવીને વળગ્યો. કોઇ પણ ઉપાયે તે પડહ છૂટો પડે નહિ. તે વખતે અવધિજ્ઞાનથી જાણીને નાગિલ દેવતા ત્યાં આવ્યો, જેમ ઘુઅડ સૂર્યના તેજથી નાસીપાસ થાય તેમ તે દેવતાના તેજથી કુમારનંદી વ્યંતર નાસવા લાગ્યો, ત્યારે નાગિલ દેવતાએ પોતાનું તેજ સંહરીને કહ્યું કે, "તું મને ઓળખે છે?" વ્યંતરે કહ્યું "ઇંદ્ર આદિ દેવતાઓને કોણ ઓળખે નહીં?" પછી નાગિલ દેવતાએ પૂર્વભવના શ્રાવકના રૂપે પૂર્વભવ કહી વ્યંતરને પ્રતિબોધ પમાડ્યો. ત્યારે વ્યંતરે કહ્યું, "હવે મારે

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

કરવું શું ? ” દેવતાએ કહ્યું, “ હવે તું ગૃહસ્થપણામાં કાયોત્સર્ગ કરી રહેલા ભાવયતિ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા કરાવ. એમ કરવાથી તને આવતે ભવે બોધિલાભ થશે.” દેવતાનું આ વચન સાંભળી વ્યંતરે શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા જોઈ, નમસ્કાર કરી મહા હિમવંત પર્વતથી આવેલા ગોશીર્ષ ચંદનવડે તેવી જ બીજી પ્રતિમા તૈયાર કરી. પછી પ્રતિષ્ઠા કરી સર્વાંગે આભૂષણો પહેરાવી તેની પુષ્પાદિક વસ્તુવડે પૂજા કરી, અને જાતિવંત ચંદનના ડાબડામાં રાખી.

પછી એક વખતે વ્યંતરે સમુદ્રમાં એક વહાણના છ મહિનાના ઉપદ્રવ તે પ્રતિમાના પ્રભાવથી દૂર કર્યા; અને તે વહાણના ખલાસીને કહ્યું કે, “ તું આ પ્રતિમાનો ડાબડો સિંધુસૌવીર દેશમાંના વીતભયપત્તનમાં લઇ જા, અને ત્યાંના ચોટામાં “ દેવાધિદેવની પ્રતિમા હ્યો. ” એવી ઉદ્ઘોષણા કર. ” ખલાસીએ તે પ્રમાણે કર્યું ત્યારે તાપસનો ભક્ત ઉદાયન રાજા તથા બીજા પણ ઘણા દર્શનીઓ પોતપોતાના દેવનું સ્મરણ કરી તે ડાબડા ઉપર કુહાડાવડે પ્રહાર કરવા લાગ્યા, અને કુહાડા ભાંગી ગયા પણ ડાબડો ઉઘડ્યો નહિ. તેથી સર્વે લોકો ઉદ્વિગ્ન થયા. બપોરનો અવસર પણ થઇ ગયો. એટલામાં પ્રભાવતી રાણીએ રાજાને ભોજન કરવા બોલાવવા માટે એક દાસી મોકલી. તે જ દાસીને હાથે સંદેશો મોકલી રાજાએ પ્રભાવતીને કૌતુક જોવાને સારૂ તેડાવી. પ્રભાવતી રાણીએ આવતાં જ કહ્યું કે, “ આ ડાબડામાં દેવાધિદેવ શ્રી અરિહંત છે, પણ બીજા કોઈ નથી. હમણાં કૌતુક જુવો. ” એમ કહી રાણીએ યક્ષ કર્દમવડે ડાબડા ઉપર અભિષેક કર્યો અને પુષ્પની એક અંજલી મૂકીને કહ્યું કે, “ દેવાધિદેવ મને દર્શન આપો. ” એમ કહેતાં જ પ્રભાતસમયમાં જેમ કમળકલિકા પોતાની મેળે ખીલે છે તેમ ડાબડો પોતાની મેળે ઉઘડી ગયો! નહિ સુકાઇ ગએલાં ફૂલની માળાવાળી પ્રતિમા અંદરથી બ્હાર દેખાઇ, અને જૈનધર્મની ઘણી ઉન્નતિ થઈ. પછી વહાણવટીનો સત્કાર કરી પ્રભાવતી રાણી તે પ્રતિમાને પોતાના અંતઃપુરમાં લઇ ગઇ, અને પોતે નવા બંધાવેલા ચૈત્યમાં સ્થાપન કરી દરરોજ ત્રણ ટંક પૂજા કરવા લાગી.

એક વખતે રાણીના આગ્રહથી રાજા વીણા વગાડતો હતો, અને રાણી ભગવાન્ આગળ નૃત્ય કરતી હતી. એટલામાં રાજાને રાણીનું શરીર માથા વિનાનું જોવામાં આવ્યું તેથી રાજા ગભરાઇ ગયો, અને વીણા વગાડવાની કંબિકા તેના હાથમાંથી નીચે પડી ગઇ. નૃત્યમાં રસભંગ થવાથી રાણી કોપાયમાન થઈ, ત્યારે રાજાએ યથાર્થ જે હતું તે કહ્યું. એક વખતે દાસીએ લાવેલું વસ્ત્ર સફેદ છતાં પ્રભાવતીએ રાતા રંગનું જોયું, અને ક્રોધથી દર્પણવડે દાસીને પ્રહાર કર્યો, તેથી તે ( દાસી ) મરણને શરણ થઇ. પછી તે વસ્ત્ર પ્રભાવતીએ જોયું તો સફેદ જ દેખાયું, તે દુર્નિમિત્તથી તથા નૃત્ય કરતાં રાજાને માથા વિનાનું શરીર દેખાયું, તેથી પોતાનું આયુષ્ય થોડું રહ્યું એવો રાણીએ નિશ્ચય કર્યો, અને સ્ત્રીહત્યાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલા પ્રાણાતિપાત વિરમણ વ્રતનો ભંગ થયો, તેથી વૈરાગ્ય પામી દીક્ષા લેવાની રજા લેવા સારૂ રાજા સમીપ ગઇ. રાજાએ "દેવતાના ભવમાં તું મને સમ્યક્ પ્રકારે ધર્મને વિષે પ્રવર્તાવજે" એમ કહી આજ્ઞા આપી. પછી પ્રભાવતીએ તે પ્રતિમાની પૂજાને સારૂ દેવદત્તા નામની કુબ્જાને રાખીને પોતે ઘણા ઉત્સવ સહિત દીક્ષા લીધી, અને તે અનશન-વડે કાળ કરી સૌધર્મ દેવલોકે દેવતા થઇ. પછી પ્રભાવતીના જીવ દેવતાએ ઘણો બોધ કર્યો, તો પણ ઉદાયન રાજા તાપસની ભક્તિ ન મૂકે. દૃષ્ટિરાગ તોડવો એ કેટલો મુશ્કેલ છે! હશે, પછી દેવતાએ તાપસના રૂપે રાજાને દિવ્ય અમૃત ફળ આપ્યું. તેનો રસ ચાખતાં જ લુબ્ધ થએલા રાજાને તાપસરૂપી દેવતા પોતે વિકુર્વેલા આશ્રમમાં લઇ ગયો. ત્યાં વેષધારી તાપસોએ ઘણી તાડના કરવાથી તે ( રાજા ) નાઠો, તે જૈનસાધુઓના ઉપા-શ્રયે આવ્યો. સાધુઓએ અભયદાન આપ્યું, તેથી રાજાએ જૈનધર્મ અંગીકાર કર્યો. પછી દેવતા પોતાની ઋદ્ધિ દેખાડી, રાજાને જૈનધર્મને વિષે દૃઢ કરી "આપદા આવે મને યાદ કરજે" એમ કહી અદૃશ્ય થયો.

હવે ગાંધાર નામનો કોઇ શ્રાવક સર્વ ઠેકાણે ચૈત્યવંદન કરવા નીકળ્યો હતો. ઘણા ઉપવાસ કરવાથી તુષ્ટ થએલી દેવીએ તેને વૈતાઢ્ય પર્વતે લઇ જઇ ત્યાંની પ્રતિમાઓને વંદાવી, અને પોતાની ઇચ્છા પાર પડે તેવી એકસો આઠ ગોળીઓ આપી. તેણે તેમાંની એક ગોળી મોંમાં નાંખીને ચિંતવ્યું કે, "હું વીતભય પાટણ જઉં છું." ગુટિકાના પ્રભા-વથી તે ત્યાં આવ્યો. કુબ્જા દાસીએ તેને તે પ્રતિમાને વંદાવી. પછી તે ગાંધાર શ્રાવક ત્યાં માંદો પડયો. કુબ્જા દાસીએ તેની સારવાર કરી. પોતાનું આયુષ્ય થોડું રહ્યું એમ જાણી તે શ્રાવકે સર્વ ગુટિકાઓ કુબ્જા દાસીને આપી દીક્ષા લીધી. કુબ્જા દાસી એક ગુટિકા ભક્ષણ કરવાથી ઘણી સુંદર થઇ તેથી જ તેનું સુવર્ણગુલિકા એવું નામ પ્રસિદ્ધ થયું. બીજી ગોળી ભક્ષણ કરીને તે દાસીએ ચિંતવ્યું કે, "ચૌદ મુકુટધારી રાજાઓએ સેવિત એવો ચંડપ્રદ્યોત રાજા મ્હારો પતિ થાઓ, એટલે ઉદાયન રાજા પિતા સમાન થશે. અને બીજા રાજાઓ તો ઉદાયનના સેવક છે."

પછી દેવતાના વચનથી ચંડપ્રદ્યોત રાજાએ સુવર્ણગુલિકાને ત્યાં દૂત મોકલ્યો; પણ સુવર્ણગુલિકાએ ચંડપ્રદ્યોતને બોલાવ્યાથી તે અનિલવેગ હાથી ઉપર બેસી સુવર્ણગુલિકાને તેડવા માટે ત્યાં આવ્યો. સુવર્ણગુલિકાએ કહ્યું કે, "આ પ્રતિમા લીધા વિના હું ત્યાં ન આવું. માટે આ પ્રતિમા સરખી બીજી પ્રતિમા કરાવીને અહિં સ્થાપન કર, એટલે આ પ્રતિમા સાથે લઇ જવાશે પછી ચંડપ્રદ્યોતે ઉજ્જયિનીએ જઇ બીજી પ્રતિમા કરાવી, અને કપિલ નામના કેવળીને હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. તે પ્રતિમા સહિત પાછો વીતભય પાટણ આવ્યો. નવી પ્રતિમા ત્યાં સ્થાપન કરી જૂની પ્રતિમાને તથા સુવર્ણગુલિકા દાસીને લઇ ચંડપ્રદ્યોત કોઇ ન જાણે, તેવી રીતે રાત્રિએ પાછો ઘેર આવ્યો. પછી સુવર્ણગુલિકા અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંડપ્રદ્યોત બન્ને વિષયાસક્ત થયાં, તેથી તેમણે વિદિશાપુરીના રહીશ ભાયલસ્વામી શ્રાવકને તે પ્રતિમા પૂજા કરવાને સારૂ આપી.

એક વખતે કંબલ શંબલ નાગકુમાર તે પ્રતિમાની પૂજા કરવા આવ્યા. પાતાળમાંની જિનપ્રતિમાઓને વાંદવાની ઇચ્છા કરનાર ભાયલને તે નાગકુમારો દ્રહને માર્ગે પાતાળે લઇ ગયા, તે વખતે ભાયલ પ્રતિમાની પૂજા કરતો હતો, પણ જવાની ઉતાવળથી અર્ધી જ પૂજા થઇ. પાતાળમાં જિનભક્તિથી પ્રસન્ન થએલ ભાયલે કહ્યું કે, "જેમ મ્હારા નામની પ્રસિદ્ધિ થાય તેમ કરો." નાગેંદ્રે કહ્યું. 'તેમજ થશે.' ચંડપ્રદ્યોત રાજા વિદિશાપુરીનું ત્હારા નામને અનુસરી દેવકીયપુર એવું નામ રાખશે, પણ તું અર્ધી પૂજા કરી અહિં આવ્યો તેથી આવતા કાળમાં તે પ્રતિમા પોતાનું સ્વરૂપ ગુપ્ત જ રાખશે, અને મિથ્યાદૃષ્ટિઓ તેની પૂજા કરશે. "આ આદિત્ય ભાયલસ્વામી છે." એમ કહી અન્યદર્શનીઓ તે પ્રતિમાની બહાર સ્થાપના કરશે. વિષાદ ન કરીશ. દુષમકાળના પ્રભાવથી એમ થશે." ભાયલ, નાગેંદ્રનું આ વચન સાંભળી જેવો આવ્યો હતો તેવો પાછો ગયો.

जैन साईट JAINSITE.com

હવે વીતભયપાટણમાં પ્રાતઃકાળે પ્રતિમાની માળા સૂકાઇ ગએલી, દાસી જતી રહેલી અને હાથીના મદનો સ્રાવ થએલો જોઇ લોકોએ નિર્ણય કર્યો કે, ચંડપ્રદ્યોત રાજા આવ્યો હશે અને તેણે તે પ્રમાણે કર્યું હશે. પછી સોળ દેશના અને ત્રણસો ત્રેસઠ પુરના સ્વામી ઉદાયન રાજાએ મહાસેનાદિક દસ મુકુટધારી રાજાઓને સાથે લઇ ચઢાઇ કરી. માર્ગમાં ઉન્હાળાની ઋતુને લીધે પાણીની અડચણને લીધે રાજાએ પ્રભાવતીનો જીવ જે દેવતા, તેનું સ્મરણ કર્યું તેણે તુરત આવી પાણીથી પરિપૂર્ણ એવાં ત્રણ તળાવો ભરી નાંખ્યાં. અનુક્રમે યુદ્ધ કરવાનો અવસર આવ્યો ત્યારે રથમાં બેસીને યુદ્ધ લડવાનો ઠરાવ છતાં ચંડપ્રદ્યોત રાજા અનિલવેગ હાથી ઉપર બેસીને આવ્યો, તેથી પ્રતિજ્ઞા ભંગ કરવાનો દોષ ચંડપ્રદ્યોતને માથે પડ્યો. પછી હાથીના પગ શસ્ત્રવડે વિંધાયાથી તે પડ્યો, ત્યારે ઉદાયને ચંડપ્રદ્યોતને બાંધી તેના કપાળે મ્હારી દાસીનો પતિ એવી છાપ ચોડી. પછી ઉદાયન રાજા ચંડપ્રદ્યોતને સાથે લઇ પ્રતિમા લેવાને સારૂ વિદિશા નગરીએ ગયો. પ્રતિમાનો ઉદ્ધાર કરવાને ઘણો પ્રયત્ન કર્યો તથાપિ તે કિંચિત માત્ર પણ સ્થાનકથી ખસી નહિ. પછી પ્રતિમાએ કહ્યું કે, "હું જઇશ તો વીતભય પાટણમાં ધૂળની વૃષ્ટિ થશે, માટે હું આવતી નથી." તે સાંભળી ઉદાયન રાજા પાછો વળ્યો. રસ્તામાં ચોમાસું આવ્યું ત્યારે એક ઠેકાણે પડાવ કરી સેનાની સાથે રહ્યો. સંવત્સરી પર્વને દિવસે ઉદાયન રાજાએ ઉપવાસ કર્યો. રસોઇયાએ ચંડપ્રદ્યોતને પૂછ્યું કે,—'આજે રસોઇ શી કરવાની?' ચંડપ્રદ્યોતના મનમાં 'એ મને કદાચ અન્નમાં વિષ આપશે' એવો ભય ઉત્પન્ન થયો, તેથી તેણે કહ્યું કે, "તેં ઠીક યાદ કરાવ્યું મ્હારે પણ ઉપવાસ છે. મ્હારા માતા પિતા શ્રાવક હતા." તે જાણી ઉદાયને કહ્યું કે, "એનું શ્રાવકપણું જાણ્યું!, તથાપિ તે એમ [illegible], તો

તે નામ માત્રથી પણ મ્હારો સાધર્મી થયો, માટે તે બંધનમાં હોય ત્યાં સુધી મ્હારૂં સંવત્સરી પ્રતિક્રમણ કેવી રીતે શુદ્ધ થાય ?" એમ કહી ઉદાયને ચંડપ્રદ્યોતને બંધનમાંથી મુક્ત કર્યો, ખમાવ્યો, અને કપાળે લેખવાળો પટ્ટ બાંધી તેને અવંતી દેશ આપ્યો. ઉદાયન રાજાના ધર્મિષ્ટપણાની તથા સંતોષ વગેરેની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. ચોમાસું પુરૂં થયા પછી ઉદાયન રાજા વીતભય પાટણે ગયો. સેનાને સ્થાનકે આવેલા વણિક લોકોના રહેઠાણથી દશપુર નામે એક નવું નગર વસ્યું. તે નગર ઉદાયન રાજાએ જીવતસ્વામીની પૂજાને માટે અર્પણ કર્યું. તેમજ વિદિશા પુરીને ભાયલસ્વામીનું નામ દઇ તે તથા બીજાં બાર હજાર ગામ જીવંતસ્વામીની સેવામાં આપ્યાં.

હવે ઉદાયન રાજા, પ્રભાવતીનો જીવ જે દેવતા, તેના વચનથી કપિલ કેવળીએ પ્રતિષ્ઠા કરેલી પ્રતિમાનું નિત્ય પૂજન કરતો હતો. એક વખતે પખ્ખી પૌષધ હોવાથી તેણે રાત્રિજાગરણ કર્યું. ત્યારે તેને એકદમ ચારિત્ર લેવાના દૃઢ પરિણામ ઉત્પન્ન થયા. પછી પ્રાત:કાળે તેણે કપિલ કેવળીએ પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજાને સારૂ ઘણાં ગામ, આકર, પુર વગેરે આપ્યાં. "રાજ્ય અંતે નરક આપનારૂં છે, માટે તે પ્રભાવતીના પુત્ર અભીચિને શી રીતે આપું ?" મનમાં એવો વિચાર આવ્યાથી રાજાએ કેશિ નામના પોતાના ભાણેજને રાજ્ય આપ્યું, અને પોતે શ્રીવીર ભગવાન પાસે ચારિત્ર લીધું. તે વખતે કેશિ રાજાએ દીક્ષા ઉત્સવ કર્યો.

જૈન સાઈટ JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

એક વખતે અકાળે અપથ્ય આહારના સેવનથી ઉદાયન રાજર્ષિના શરીરે મહાવ્યાધિ ઉત્પન્ન થયો. "શરીર એ ધર્મનું મુખ્ય સાધન છે." એમ વિચારી વૈદ્યે ભક્ષણ કરવા કહેલા દહીનો જોગ મળે, તે માટે ગોવાળોના ગામોમાં મુકામ કરતા તે વીતભય પાટણે ગયા. કેશી રાજા ઉદાયન મુનિનો રાગી હતો, તો પણ તેના પ્રધાન વર્ગે તેને સમજાવ્યો કે, "ઉદાયન રાજ્ય લેવા માટે અહિં આવ્યો છે." પ્રધાનોની વાત ખરી માનીને કેશી રાજાએ ઉદાયન મુનિને વિષમિશ્ર દહી અપાવ્યું. પ્રભાવતી દેવતાએ વિષ અપહારી ફરીથી દહી લેવાની મના કરી. દહીનો ખોરાક બંધ થવાથી પાછો મહાવ્યાધિ આવ્યો. દહીનું સેવન કરતાં ત્રણ વાર દેવતાએ વિષ અપહર્યું. એક વખતે પ્રભાવતી દેવતા પ્રમાદમાં હતો, ત્યારે વિષમિશ્ર દહી ઉદાયન મુનિના આહારમાં આવી ગયું. પછી એક માસનું અનશન કરીને કેવળજ્ઞાન થએ ઉદાયન રાજર્ષિ સિદ્ધ થયા. પછી પ્રભાવતી દેવતાએ રોષથી વીતભય પાટણ ઉપર ધૂળની વૃષ્ટિ કરી, અને ઉદાયન રાજાનો શય્યાતર એક કુંભાર હતો, તેને સિનપલ્લીમાં લઇ જઈ તે પલ્લીનું નામ કુંભારકૃત પલ્લી એવું રાખ્યું.

ઉદાયન રાજાનો પુત્ર અભીચિ, પિતાએ યોગ્યતા છતાં રાજ્ય આપ્યું નહિ તેથી દુ:ખી થયો, અને તેની માસીના પુત્ર કોણિક રાજાની પાસે જઈ સુખે રહ્યો. ત્યાં સમ્યગ્-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારે શ્રાવક ધર્મની આરાધના કરતો હતો, તો પણ "પિતાએ રાજ્ય ન આપી મારું અપમાન કર્યું" એમ વિચારી પિતાની સાથે બાંધેલા વૈરની આલોચના કરી નહિ, તેથી પંદર દિવસ અનશનવડે મરણ પામી એક પલ્યોપમ આયુષ્યવાળો શ્રેષ્ઠ ભવનપતિ દેવતા થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. પ્રભાવતી દેવતાએ ધૂળની વૃષ્ટિ કરી, ત્યારે ભૂમિમાં દટાઈ ગએલી કપિલ કેવળી પ્રતિષ્ઠિત પ્રતિમા કુમારપાળ રાજાએ ગુરુના વચનથી જાણી. પછી તેણે પ્રતિમા જ્યાં દટાઇ હતી તે જગ્યા ખોદાવી, ત્યારે અંદરથી પ્રતિમા જાહેર થઇ, અને ઉદાયને આપેલો તામ્રપટ્ટ પણ નીકળ્યો. યથાવિધિ પૂજા કરી કુમારપાળ તે પ્રતિમાને ઘણા ઉત્સવથી અણહિલપુર પાટણે લઇ આવ્યો. નવા કરાવેલા સ્ફટિકમય જિનમંદિરમાં તે પ્રતિમાની તેણે સ્થાપના કરી, અને ઉદાયન રાજાએ તામ્રપટ્ટમાં જેટલાં ગામ, પુર વગેરે આપ્યાં હતાં, તે સર્વ કબૂલ રાખી ઘણા વખત સુધી તે પ્રતિમાની પૂજા કરી. તેથી તેની સર્વ પ્રકારે વૃદ્ધિ થઇ. આ રીતે દેવાધિદેવની પ્રતિમાનો તથા ઉદાયન રાજા વગેરેનો સંબંધ કહ્યો છે.

આવી રીતે દેવને ગરાસ આપવાથી નિરંતર ઉત્તમ પૂજા વગેરે, તથા જિનમંદિરની જોઇએ તેવી સાર સંભાળ, રક્ષણ આદિ પણ સારી યુક્તિથી થાય છે. કેમકે જે પુરુષ પોતાની યથાશક્તિ પ્રમાણે ઐશ્વર્યવાળું જિનમંદિર કરાવે, તે પુરુષ દેવલોકમાં દેવતાઓએ વખણાયો છતો ઘણા કાળ સુધી પરમ સુખ પામે છે. એમ પાંચમું દ્વાર સમાપ્ત થયું.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## જિનબિંબ.

૬. તેમજ રત્નની, ધાતુની, ચંદનાદિક કાષ્ઠની, હસ્તિદંતની, શિલાની અથવા માટી વગેરેની જિનપ્રતિમા યથાશક્તિ કરાવવી. તેનું પરિમાણ જઘન્ય અંગુઠા પ્રમાણ જેટલું અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્ય જાણવું. કહ્યું છે કે—જે લોકો સારી મૃત્તિકાનું, નિર્મળ શિલાનું, હસ્તિદંતનું, રૂપાનું, સુવર્ણનું, રત્નનું, માણેકનું, અથવા ચંદનનું સુંદર જિનબિંબ શક્તિ માફક આ લોકમાં કરાવે છે, તે લોકો મનુષ્યલોકમાં તથા દેવલોકમાં પરમ સુખ પામે છે, જિનબિંબ કરાવનાર લોકોને દારિદ્ર, દુર્ભાગ્ય, નિંદ્યજાતિ, નિંદ્ય શરીર, માઠી ગતિ, દુર્ગતિ, અપમાન, રોગ અને શોક આટલાં વાનાં ભોગવવાં પડતાં નથી. વાસ્તુ શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે તૈયાર કરેલી શુભ લક્ષણવાળી પ્રતિમાઓ આ લોકમાં પણ ઉદય વગેરે ગુણ પ્રકટ કરે છે. કહ્યું છે કે—અન્યાયથી ઉપાર્જન કરેલા ધનથી કરાવેલી, પારકી વસ્તુના દળથી કરાવેલી તથા ઓછા અથવા અધિક અંગવાળી પ્રતિમા પોતાની તથા પરની ઉન્નતિનો વિનાશ કરે છે.

જે મૂળનાયકજીનાં મુખ, નાક, નયન, નાભિ અથવા કેડ એટલામાંથી કોઇ પણ અવયવનો ભંગ થયો હોય, તે મૂળનાયકજીનો ત્યાગ કરવો. પણ જેનાં આભૂષણ, વસ્ત્ર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિવાર, લંછન અથવા આયુધ એમનો ભંગ થયો હોય, તે પ્રતિમાને પૂજવાને કાંઇ પણ હરકત નથી. જે જિનબિંબ સો વર્ષ કરતાં વધારે જૂનું હોય તથા ઉત્તમ પુરુષે પ્રતિષ્ઠા કરેલું હોય, તે બિંબ કદાચ અંગહીણુ થાય, તો પણ તેની પૂજા કરવી. કારણ કે, તે બિંબ લક્ષણહીણુ થતું નથી. પ્રતિમાના પરિવારમાં અનેક જાતની શિલાઓનું વર્ણની વિવિધતા હોય તે શુભ નહિ. તેમજ બે, ચાર, છ આદિ સરખા આંગળવાળી પ્રતિમા કોઈ કાળે પણ શુભકારી ન થાય. એક આંગળથી માંડી અગીઆર આંગળ પ્રમાણની પ્રતિમા ઘરમાં પૂજવા યોગ્ય છે. અગીઆર આંગળ કરતાં વધારે પ્રમાણની પ્રતિમા જિનમંદિરે પૂજવી, એમ પૂર્વાચાર્યો કહી ગયા છે. નિરયાવલિ સૂત્રમાં કહ્યું છે કે—લેપની, પાષાણની, કાષ્ઠની, દંતની તથા લોઢાની અને પરિવાર વિનાની અથવા પ્રમાણ વિનાની પ્રતિમા ઘરમાં પૂજવા યોગ્ય નથી. ઘરદેરાસરમાંની પ્રતિમા આગળ બળિનો વિસ્તાર ( નૈવેદ્ય વિસ્તાર ) ન કરવો, પણ દરરોજ ભાવથી ન્હવણ અને ત્રણ ટંક પૂજા તો જરૂર કરવી.

સર્વે પ્રતિમાઓ મુખ્યમાર્ગે તો પરિવાર સહિત અને તિલકાદિ આભૂષણ સહિત કરવી. મૂળનાયકજીની પ્રતિમા તો પરિવાર અને આભૂષણ સહિત હોવી જોઇએ, તેમ કરવાથી વિશેષ શોભા દેખાય છે, અને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ વગેરે થાય છે. કહ્યું છે કે—જિનપ્રાસાદમાં વિરાજતી પ્રતિમા સર્વ લક્ષણ સહિત તથા આભૂષણ સહિત હોય તો, મનને જેમ જેમ આહ્લાદ ઉપજાવે છે, તેમ તેમ કર્મનિર્જરા થાય છે. જિનમંદિર, જિનબિંબ વગેરેની પ્રતિષ્ઠા કરાવવામાં બહુ પુણ્ય છે. કારણ કે, તે મંદિર અથવા પ્રતિમા વગેરે જ્યાં સુધી રહે, તેટલો અસંખ્યાત કાળ સુધી તેનું પુણ્ય ભોગવાય છે. જેમ કે, ભરતચક્રીએ ભરાવેલી અષ્ટાપદજી ઉપરના દેરાસરની પ્રતિમા, ગિરનાર ઉપર બ્રહ્મેંદ્રે કરેલ કાંચન બલાનકાદિ દેરાસરની પ્રતિમા, ભરતચક્રવર્તીની મુદ્રિકામાંની કુલપાક તીર્થે વિરાજતી માણિક્યસ્વામીની પ્રતિમા તથા સ્તંભનપાર્શ્વનાથ વગેરેની પ્રતિમાઓ હજી સુધી પૂજાય છે. કહ્યું છે કે—જળ, ઠંડું અન્ન, ભોજન, માસિક આજીવિકા, વસ્ત્ર, વર્ષની આજીવિકા, જાવજ્જીવની આજીવિકા એ વસ્તુઓના દાનથી અથવા સામાયિક, પોરસી, એકાસણું, આયંબિલ, ઉપવાસ, અભિગ્રહ અને વ્રતથી અનુક્રમે ક્ષણવાર, એક પહોર, એક દિવસ, એક માસ, છ માસ, એક વર્ષ અને જાવજ્જીવ સુધી ભોગવાય એટલું પુણ્ય થાય છે; પરંતુ જિનમંદિર, જિનપ્રતિમા વગેરે કરાવવાથી તો તેના દર્શન વગેરેથી થએલું પુણ્ય અસંખ્યાત કાળ સુધી ભોગવાય છે. માટે જ આ ચોવીશીમાં પૂર્વકાળે ભરતચક્રવર્તિએ શત્રુંજય પર્વત ઉપર રત્નમય ચતુર્મુખથી વિરાજમાન ચોરાશી મંડપોથી શોભતું, એક ગાઉ ઊંચું, ત્રણ ગાઉ લાંબું એવું જિનમંદિર પાંચ ક્રોડ મુનિ સહિત જ્યાં શ્રીપુંડરીકસ્વામી જ્ઞાન અને નિર્વાણ પામ્યા હતા, ત્યાં કરાવ્યું.

તેમજ બાહુબલિની તથા મરૂદેવી વગેરેની ટંકોને વિષે, ગિરનાર ઉપર, આબૂ ઉપર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈભાર પર્વતે, સમ્મેત શિખરે તથા અષ્ટાપદ વગેરેને વિષે પણ ભરતચક્રવર્તીએ ઘણા જિનપ્રાસાદ, અને પાંચસો ધનુષ્ય વગેરે પ્રમાણુની તથા સુવર્ણ વગેરેની પ્રતિમાઓ પણ કરાવી. દંડવીર્ય, સગર ચક્રવર્ત્તી આદિ રાજાઓએ તે મંદિરોના તથા પ્રતિમાઓના ઉદ્ધાર પણ કરાવ્યા, હરિષેણ ચક્રવર્તીએ જિનમંદિરથી પૃથ્વીને સુશોભિત કરી. સંપ્રતિ રાજાએ પણ સો વર્ષ આયુષ્યના સર્વ દિવસની શુદ્ધિના સારૂ છત્રીશ હજાર નવાં તથા બાકીનાં જીર્ણોદ્ધાર મળી સવા લાખ જિનદેરાસર બનાવ્યાં. સુવર્ણ વગેરેની સવાક્રોડ પ્રતિમાઓ ભરાવી. આમ રાજાએ ગોવર્દ્ધન પર્વત ઉપર સાડા ત્રણક્રોડ સોના મ્હોર ખરચી સાત હાથ પ્રમાણ સુવર્ણની પ્રતિમા યુકત મહાવીરસ્વામીનું દેરાસર કરાવ્યું. તેમાં મૂળ મંડપમાં સવા લાખ સુવર્ણ તથા રંગમંડપમાં એકવીસ લાખ સુવર્ણ લાગ્યું કુમારપાળે તો ચાૈદસો ચુંવાલીશ નવાં જિનમંદિર તથા સોળસો જીર્ણોદ્ધાર કરાવ્યા. છન્નું ક્રોડ દ્રવ્ય ખરચીને પિતાના નામથી બનાવેલા ત્રિભુવનવિહારમાં એકસો પચીસ આંગળ ઊંચી મૂળનાયકજીની પ્રતિમા અરિષ્ટરત્નમયી હતી. ફરતી બહોત્તેર દેરીઓમાં ચાૈદ ભાર પ્રમાણની ચોવીશ રત્નમયી, ચોવીશ સુવર્ણમયી અને ચોવીશ રૂપામયી પ્રતિમાઓ હતી.

વસ્તુપાળ મંત્રીએ તેરસો તેર નવાં જિનમંદિર, અને બાવીસેં જીર્ણોદ્ધાર કરાવ્યા. તથા સવા લાખ જિનબિંબ ભરાવ્યા. પેથડશાહે ચોરાશી જિનપ્રાસાદ કરાવ્યા. તેમાં સુરગિરિને વિષે ચૈત્ય નહિ હતું, તે બનાવવાનો વિચાર કરી વીરમદ રાજાના પ્રધાન વિપ્ર હેમાદેના નામથી તેની પ્રસન્નતાને સારૂ પેથડ શાહે, માંધાતાપુરમાં તથા ઓંકારપુરમાં ત્રણ વર્ષ સુધી દાનશાળા મંડાવી. હેમાદે તુષ્ટમાન થયો અને સાત રાજમહેલ જેટલી ભૂમિ પેથડને આપી પાયો ખોદ્યો અને મીઠું પાણી નીકળ્યું ત્યારે કોઈએ રાજા પાસે જઇ ચાડી ખાધી કે, "મહારાજ ! મીઠું પાણી નીકળ્યું છે માટે વાવ બંધાવો." તે વાત જાણતાં જ રાતોરાત પેથડ શાહે બાર હજાર ટંકનું મીઠું પાણીમાં નંખાવ્યું, આ ચૈત્ય બનાવવા સારુ સોનૈયાથી ભરેલી બત્રીશ ઊંટડીઓ મોકલી. પાયામાં ચોરાશી હજાર ટંકનું ખરચ થયું. ચૈત્ય તૈયાર થયું ત્યારે વધામણી આપનારને ત્રણ લાખ ટંક આપ્યા. આ રીતે પેથડ વિહાર બન્યો. વળી તે પેથડે જ શત્રુંજયપર્વત ઉપર શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્ય એકવીશ ઘડી પ્રમાણ સુવર્ણથી ચારે તરફ મઢાવીને મેરુ પર્વતની માફક સુવર્ણમય કર્યું. ગિરનાર પર્વતના સુવર્ણમય બલાનકનો સંબંધ નીચે પ્રમાણે છેઃ—

ગઇ ચોવીશીમાં ઉજ્જયિની નગરીને વિષે ત્રીજા શ્રી સગર તીર્થંકરને કેવળીની પર્ષદા જોઇ નરવાહન રાજાએ પૂછયું કે, "હું કયારે કેવળી થઇશ ?" ભગવાને કહ્યું "આવતી ચોવીશીમાં બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના તીર્થમાં તું કેવળી થઇશ." નરવાહન રાજાએ દીક્ષા લીધી, અને આયુષ્યને અંતે બ્રહ્મેન્દ્ર થઇ શ્રી નેમિનાથ ભગવાનની વજ્રમૂર્ત્તિકામય પ્રતિમા કરી દશ સાગરોપમ સુધી તેની પૂજા કરી. પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આયુષ્યનો અંત આવ્યો, ત્યારે ગિરનાર પર્વત ઉપર સુવર્ણ રત્નમય પ્રતિમાવાળા ત્રણ ગભારા કરી તેની આગળ એક સુવર્ણમય બલાનક કર્યું; અને તેમાં તે વજ્રમૂર્ત્તિકામય પ્રતિમાની સ્થાપના કરી. અનુક્રમે સંઘને શ્રી રત્નશ્રેષ્ઠી મ્હોટા સંઘ સહિત ગિરનાર ઉપર યાત્રા કરવા આવ્યો. ઘણા હર્ષથી સ્નાત્ર કરવાથી મૂર્ત્તિકામય ( લેપ્યમય ) પ્રતિમા ગળી ગઇ. તેથી રત્નશ્રેષ્ઠી ઘણો ખેદ પામ્યો. સાઠ ઉપવાસ કરવાથી પ્રસન્ન થયેલ અંબાદેવીના વચનથી સુવર્ણમય બલાનકમાંની પ્રતિમા કે, જે કાચા સૂત્રથી વીંટાયલી તે લાવ્યો. ચૈત્યના દ્વારમાં આવતાં પાછળ જોયું તેથી તે પ્રતિમા ત્યાં જ સ્થિર થઇ. પછી ચૈત્યનું દ્વાર ફેરવી નાખ્યું. તે હજુ સુધી તેમ જ છે. કેટલાક એમ કહે છે કે—સુવર્ણમય બલાનકમાં બહોંત્તેર મ્હોટી પ્રતિમાઓ હતી. તેમાં અઢાર સુવર્ણમયી, અઢાર રત્નમયી, અઢાર રૂપામયી અને પાષાણમયી હતી. આ રીતે શ્રી ગિરનાર ઉપરના શ્રી નેમિનાથ ભગવાનનો પ્રબંધ છે, અત્રે છઠ્ઠું દ્વાર સમાપ્ત થયું.

## પ્રતિમાની અંજનશલાકા અને પ્રતિષ્ઠા.

૭. તેમજ પ્રતિમાની પ્રતિષ્ઠા અંજનશલાકા શીઘ્ર કરાવવી, કેમકે ષોડશકમાં કહ્યું છે કે:-પૂર્વે કહેલ વિધિ પ્રમાણે બનાવેલી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા તત્કાળ દશ દિવસની અંદર કરવી. પ્રતિષ્ઠા સંક્ષેપથી ત્રણ પ્રકારની છે. એક વ્યક્તિ પ્રતિષ્ઠા, બીજી ક્ષેત્રપ્રતિષ્ઠા અને ત્રીજી મહાનામની, સિદ્ધાંતના જાણ લોકો એમ કહે છે કે—જે સમયમાં જે તીર્થંકરનો વારો ચાલતો હોય, તે સમયમાં તે તીર્થંકરની જ એકલી પ્રતિમા હોય તે વ્યક્તિ પ્રતિષ્ઠા કહેવાય છે. ઋષભદેવ આદિ ચોવીશેની ક્ષેત્રપ્રતિષ્ઠા કહેવાય છે, અને એકસો સીત્તેર ભગવાનની મહાપ્રતિષ્ઠા કહેવાય છે. બૃહદ્ભાષ્યમાં કહ્યું છે કે-એક વ્યક્તિપ્રતિષ્ઠા, બીજી ક્ષેત્રપ્રતિષ્ઠા અને ત્રીજી મહાપ્રતિષ્ઠા. તે અનુક્રમે એક, ચોવીશ અને એકસો સિત્તેર ભગવાનની જાણવી. સર્વે પ્રકારની પ્રતિમાની સામગ્રી સંપાદન કરવી, શ્રી સંઘને તથા શ્રી ગુરુ મહારાજને બોલાવવા. તેમનો પ્રવેશ વગેરે ઘણા ઉત્સવથી કરી સમ્યક્ પ્રકારે તેમનું સ્વાગત કરવું. ભોજન વસ્ત્ર વગેરે આપી તેમનો સર્વ પ્રકારે સત્કાર કરવો. બંદીવાનોને છોડાવવા, અમારી પ્રવર્ત્તાવવી. કોઈને પણ હરકત ન પડે એવી દાનશાળા ચલાવવી. સૂતાર વગેરેનો સત્કાર કરવો. ઘણા ઠાઠથી સંગીત આદિ અદ્ભુત ઉત્સવ કરવો. વગેરે પ્રતિષ્ઠા વિધિ પ્રતિષ્ઠાકલ્પ આદિ ગ્રંથોથી જાણવો.

પ્રતિષ્ઠામાં સ્નાત્રને અવસરે જન્માવસ્થા ચિંતવવી. તથા ફળ, નૈવેદ્ય, પુષ્પ, વિલેપન, સંગીત વગેરે ઉપચારને વખતે કુમાર આદિ ચઢતી અવસ્થા ચિંતવવી. છદ્મસ્થપણાના સૂચક વસ્ત્રાદિકવડે શરીરનું ઢાંકવું કરવું વગેરે ઉપચારવડે ભગવાનની શુદ્ધ ચારિત્રાવસ્થા ચિંતવવી. અંજનશલાકાવડે નેત્રનું ઉઘાડવું કરતાં ભગવાનની કેવળી અવસ્થા ચિંતવવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા પૂજામાં સર્વ પ્રકારના મ્હોટા ઉપચાર કરવાને અવસરે સમવસરણમાં રહેલી ભગવાનની અવસ્થા ચિંતવવી એમ શ્રાદ્ધસમાચારીવૃત્તિમાં કહ્યું છે. પ્રતિષ્ઠા કર્યા પછી બાર માસ સુધી મહિને મહિને તે દિવસે ઉત્તમ પ્રકારે સ્નાત્ર વગેરે કરવું. વર્ષ પૂરું થાય ત્યારે અઠ્ઠાઇ ઉત્સવ કરવો, અને આઉખાંની ગાંઠ બાંધવી. તથા ઉત્તરોત્તર વિશેષ પૂજા કરવી. વર્ષ-ગાંઠને દિવસે સાધર્મિવાત્સલ્ય તથા સંઘપૂજા વગેરે શક્તિ પ્રમાણે કરવું. પ્રતિષ્ઠા ષોડશકમાં તો વળી કહ્યું છે કેઃ ભગવાનની આઠ દિવસ સુધી એક સરખી પૂજા કરવી. તથા સર્વ પ્રાણીઓને યથાશક્તિ દાન આપવું. આ રીતે સાતમું દ્વાર સમાપ્ત થયું.

## પુત્રાદિકનો દીક્ષા મહોત્સવ.

તેમજ પુત્ર, પુત્રી, ભાઈ, ભત્રીજો, પોતાનો મિત્ર, સેવક આદિનો દીક્ષાનો તથા વડી દીક્ષાનો ઉત્સવ ઘણા આડંબરથી કરવો. કેમકે—ભરત ચક્રવર્તીના પાંચસો પુત્ર અને સાતસો પૌત્ર એટલા કુમારોએ તે સમવસરણમાં સાથે દીક્ષા લીધી. શ્રીકૃષ્ણે તથા ચેટક રાજાએ પોતાની સંતતિને નહિ પરણાવવાનો નિયમ કર્યો હતો, તથા પોતાની પુત્રી આદિને તથા બીજા થાવચ્ચા પુત્ર વગેરેને ઘણા ઉત્સવથી દીક્ષા અપાવી તે વાત પ્રસિદ્ધ છે. દીક્ષા અપા-વવી એમાં ઘણું પુણ્ય છે. કેમકે—જેમના કુળમાં ચારિત્રધારી ઉત્તમ પુત્ર થાય છે, તે માતા, પિતા અને સ્વજનવર્ગ ઘણા પુણ્યશાળી અને ધન્યવાદને યોગ્ય છે. લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—જ્યાં સુધી કુળમાં કોઈ પુત્ર પવિત્ર સંન્યાસી થતો નથી, ત્યાં સુધી પિંડની ઇચ્છા કરનારા પિતરાઈઓ સંસારમાં ભમે છે. આમ આઠમું દ્વાર સમાપ્ત થયું.

## પદસ્થાપના.

૯ તેમજ પદસ્થાપના એટલે ગણિ, વાચનાચાર્ય, વાચક, આચાર્ય દીક્ષા લીધેલા પોતાના પુત્ર આદિ તથા બીજા પણ જે યોગ્ય હોય, તેમની પદ સ્થાપના શાસનની ઉન્નતિ વગે-રેને સારૂ ઘણા ઉત્સવથી કરાવવી. સંભળાય છે કે અરિહંતના પ્રથમ સમવસરણને વિષે ઇંદ્ર પોતે ગણધરપદની સ્થાપના કરાવે છે. વસ્તુપાળ મંત્રીએ પણ એકવીશ આચાર્યોની પદસ્થાપના કરાવી હતી. નવમું દ્વાર સમાપ્ત.

## શ્રુતજ્ઞાનની ભક્તિ.

૧૦ તેમજ શ્રીકલ્પ આદિ આગમ, જિનેશ્વર ભગવાનનાં ચરિત્ર વગેરે પુસ્તકો ન્યા-યથી સંપાદન કરેલા દ્રવ્યવડે શુદ્ધ અક્ષર તથા સારાં પાનાં વગેરે યુક્તિથી લખાવવાં. તેમજ વાચન એટલે સંવેગી ગીતાર્થ એવા મુનિરાજ પાસે ગ્રંથનો આરંભ થાય, તે દિવસે ઘણો ઉત્સવ વગેરે કરી અને દરરોજ બહુમાનથી પૂજા કરી વ્યાખ્યાન કરાવવું. તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા ભવ્ય જીવો પ્રતિબોધ પામે છે. તેમજ વ્યાખ્યાન વાંચનાર તથા ભણનાર મુનિરાજોને કપડાં વગેરે વહોરાવી તેમને સહાય્ય કરવી. કહ્યું છે કે—જે લોકો જિનશાસનનાં પુસ્તકો લખાવે, વ્યાખ્યાન કરાવે, ભણે, ભણાવે, સાંભળે અને પુસ્તકોની ઘણી યતનાથી રક્ષા કરે, તે લોકો મનુષ્ય લોકનાં, દેવલોકનાં તથા નિર્વાણનાં સુખ પામે છે જે પુરૂષ કેવળીભાષિત સિદ્ધાંતને પોતે ભણે, ભણાવે અથવા ભણનારને વસ્ત્ર, ભોજન, પુસ્તક વગેરે આપી સહાય્ય કરે, તે પુરૂષ આ લોકમાં સર્વજ્ઞ જ થાય છે. જિનભાષિત આગમની કેવળજ્ઞાન કરતાં પણ શ્રેષ્ઠતા દેખાય છે. કહ્યું છે કે—અહો શ્રુતોપયોગ રાખનાર શ્રુતજ્ઞાની સાધુ જો કદાચ અશુદ્ધ વસ્તુ વહોરી લાવે તો તે વસ્તુને કેવળી ભગવાન પણ ભક્ષણ કરે છે. કારણ કે, એમ ન કરે તો શ્રુતજ્ઞાન અપ્રમાણ થાય. સાંભળવામાં છે કે—"અગાઉ દુષમ કાળના વશથી બાર વર્ષ સુધી દુકાળ પડયો. તેથી તથા બીજા અનેક કારણોથી સિદ્ધાંત ઉચ્છિન્ન પ્રાય થએલાં જોઈ ભગવાન્ નાગાર્જુન, સ્કંદિલાચાર્ય વગેરે આચાર્યોએ તેને પુસ્તકારૂઢ કર્યો." માટે સિદ્ધાંતને માન આપનાર માણસે તે પુસ્તકને વિષે લખાવવું, તથા રેશમી વસ્ત્ર આદિ વસ્તુવડે તેની પૂજા કરવી. સંભળાય છે કે, પેથડ શાહે સાત ક્રોડ તથા વસ્તુપાળ મંત્રીએ અઢાર ક્રોડ દ્રવ્ય ખરચીને ત્રણ જ્ઞાનભંડાર લખાવ્યા. થરાદના સંઘવી આભૂએ ત્રણ ક્રોડ ટંક ખરચીને સર્વ આગમની એકેક પ્રત સુવર્ણમય અક્ષરથી અને બીજી સર્વ ગ્રંથની એકેક પ્રત શાહીથી લખાવી. દસમું દ્વાર સમાપ્ત.

JAINSITE.com जैन साइट जयति शासनम्

## પૌષધશાલા.

૧૧ તેમજ પૌષધશાળા એટલે શ્રાવક વગેરેને પૌષધ લેવાને સારૂ ખપમાં આવતી સાધરણ જગ્યા પણ પૂર્વે કહેલ ઘર બનાવવાની વિધિ માફક કરાવવી. સાધર્મિઓને સારૂ કરાવેલી તે પૌષધશાળા સારી સગવડવાળી અને નિરવદ્ય યોગ્ય સ્થાનક હોવાથી અવસર ઉપર સાધુઓને પણ ઉપાશ્રય તરીકે આપવી કારણ કે તેમ કરવામાં ઘણું પુન્ય છે કહ્યું છે કે—જે પુરૂષ તપસ્યા તથા બીજા ઘણા નિયમ પાળનાર એવા સાધુ મુનિરાજોને ઉપાશ્રય આપે, તે પુરૂષે વસ્ત્ર, અન્ન, પાન, શયન આસન વગેરે સર્વ વસ્તુઓ મુનિરાજને આપી એમ સમજવું. વસ્તુપાળ મંત્રીએ નવસો ચોરાશી પૌષધશાળાઓ કરાવી. સિદ્ધરાજ જયસિંહનો મુખ્ય મંત્રી આન્તુએ પોતાનો નવો મહેલ વાદિ દેવસૂરિને દેખાડીને કહ્યું કે "એ કેવો છે ?" ત્યારે શિષ્ય માણિકયે કહ્યું કે, "જો એની પૌષધશાળા કરો તો અમે એને વખાણીએ." મંત્રીએ કહ્યું. "એ પૌષધશાળા થાઓ." તે શાળામાંની બહારની પરશાળમાં શ્રાવકોને ધર્મધ્યાન કરી રહ્યા પછી મુખ જોવાને સારૂ એક પુરુષ પ્રમાણ ઊંચા એવા બે આરિસા બે બાજૂએ રાખ્યા હતા. અગ્યારમું દ્વાર તથા પંદરમી ગાથાનો અર્થ સમાપ્ત થયો.

**आजम्मं समंत्तं, जहसत्ति वयाइं दिरकगहणं वा ।**
**आरंभ चाउ बंभं पडिमाई अंतिआरहणा ॥ १६ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સમ્યક્ત્વ અને અણુવ્રતો.

**વિસ્તાર્થ:**—૧૨-૧૩ આજન્મ એટલે બાલ્યાવસ્થાથી માંડીને જાવજ્જીવ સુધી સમકિત અને અણુવ્રત આદિ યથાશક્તિ પાળવાં. આનું સ્વરૂપ અર્થદીપિકામાં કહ્યું છે, માટે અત્રે કહ્યું નથી.

## દીક્ષાનો સ્વીકાર.

૧૪. તેમજ દીક્ષા ગ્રહણ એટલે અવસર આવે ચારિત્ર સ્વીકારવું. એનો ભાવાર્થ એ છે કે-શ્રાવક બાલ્યાવસ્થામાં દીક્ષા ન લેવાય તો પોતાને ઠગેલાની પેઠે સમજે. કેમકે-જેમણે સર્વ લોકને દુઃખદાયી કામદેવને જીતીને કુમાર અવસ્થામાં જ દીક્ષા લીધી, તે બાળ મુનિરાજોને ધન્ય છે. પોતાના કર્મના વશથી મળેલું ગૃહસ્થપણું, સર્વવિરતિના પરિણામ એકાગ્ર ચિત્તથી અહર્નિશ રાખીને પાણીનું બેડું માથે ધારણ કરનારી હલકી સ્ત્રીની માફક પાળવું. કહ્યું છે કે-એકાગ્ર ચિત્તવાળો યોગી અનેક કર્મ કરે, તો પણ પાણી લાવનારી સ્ત્રીની માફક તેના દોષથી લેપાય નહિ, જેમ પર પુરુષને વિષે આસક્ત થયેલી સ્ત્રી ઉપરથી પતિની મરજી રાખે છે, તેમ તત્ત્વજ્ઞાનમાં રાચી રહેલા યોગી સંસારને અનુસરે છે. જેમ શુદ્ધ વેશ્યા મનમાં પ્રીતિ ન રાખતાં 'આજે અથવા કાલે એને છોડી દઈશ' એવો ભાવ રાખી જાર પુરુષને સેવે છે, અથવા જેનો પતિ મુસાફરી આદિ કરવા ગયો છે, એવી કુલીન સ્ત્રી પ્રેમ રંગમાં રહી પતિના ગુણોનું સ્મરણ કરતી છતી ભોજન પાન વગેરેથી શરીરનો નિર્વાહ કરે છે, તેમ સુશ્રાવક સર્વવિરતિના પરિણામ નિત્ય મનમાં રાખી પોતાને અધન્ય માનતો છતો ગૃહસ્થપણું પાલે. જે લોકોએ પ્રસરતા મોહને રોકીને જૈની દીક્ષા લીધી, તે સત્પુરુષોને ધન્ય છે અને તેમનાવડે આ પૃથ્વીમંડળ પવિત્ર થએલું છે.

## ભાવ શ્રાવકો કેવા હોય ?

ભાવ શ્રાવકનાં લક્ષણ પણ એ રીતે કહ્યાં છે. કે:-૧ સ્ત્રીને વશ ન થવું, ૨ ઇંદ્રિયો વશ રાખવી, ૩ ધન અનર્થનો હેતુ છે એમ માનવું, ૪ સંસાર અસાર જાણવો, ૫ વિષયનો અભિલાષ રાખવો નહીં, ૬ આરંભ તજવો, ૭ ગૃહવાસ બંધન સમાન ગણવો, ૮ આજન્મ સમકિત પાળવું, ૯ સાધારણ માણસો જેમ ગાડરિયા પ્રવાહે ચાલે છે, એમ વિચારવું. ૧૦ આગમના અનુસારે સર્વ ઠેકાણે જવું, ૧૧ દાનાદિ ચતુર્વિધ ધર્મ યથાશક્તિ આચરવો, ૧૨ ધર્મ કરતાં કોઇ અજ્ઞ જન હાંસી કરે તો તેની શરમ ન રાખવી, ૧૩ ગૃહકૃત્યો રાગ દ્વેષ ન રાખતાં કરવાં, ૧૪ મધ્યસ્થપણું રાખવું, ૧૫ ધનાદિક હોય તો પણ તેમાં જ લપટાઇ ન રહેવું, ૧૬ પરાણે કામોપભોગ સેવવા, ૧૭ વેશ્યા સમાન ગૃહ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com